

દુખિયાનો વિસામો
ચિત્રકાર : સી. નરેન

તદ્દન નવાં પ્રગટ થયેલાં 'ભારતી' પ્રકાશનો

મહાભારતની કથાઓ	ધૂમકેતુ	૩/૫૦
ઉપનિષદકથાઓ (સંવર્ધિત નવી આ.)	,,	૩/—
પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
પંચામૃત	ઈશ્વર પેટલીકર	૧/૮૫
આજના ટેકા	,,	૧/—
આંખ વિના અજવાળાં	,,	૧/૭૫
સુવાય એ શે કદી?	,,	૧/૨૫
સુવર્ણ-પ્રતિમા	ચુનીલાલ વ. શાહ	૫/—
ત્રણ દીકરાની મા	,,	૧/૭૫
કડદો	પન્નાલાલ પટેલ	૧/૫૦
છકો અને મકો (આઠ ભાગ)	જીવરામ જોશી	૧૩/૫૦
અજંપો	ગૌપાદમ આજુવાલા	-/૭૫
ઠોકર	'ઉમાકાન્ત'	૬/૭૫
મંગળ કપોત		૬/૭૫
અંકુર	ડાહ્યાભાઈ પટેલ	૩/૫૦
પુનર્મિલન	,,	૫/—
નવા કલેવર ધરો હંસલા		૫/—
આત્મરચના	'વિશ્વમિત્ર'	૫/૫૦
અમર દીપ	ભૂપત વડોદરિયા	૫/—
સાથ વિનાના સંગાથી		૫/—
મૂંગા પડછાયા	બળવંત નાયક	૭/૫૦
અજળાપાણી	'સત્યમ્'	૫/૭૫
બળતી વાટ	,,	૫/૭૫
ધરતીનું હીર	દેવશંકર મહેતા	૬/—
ધરતીની આરતી	,,	૮/૭૫
પ્રેરણામૂર્તિઓ	ઈશ્વરભાઈ પટેલ	૧/૫૦
જનતા કાજે જીવનારા		૧/૩૦
ગામડાની કેડીએ	પીતાંબર પટેલ	૧/૮૫
ધરમ તારો સંભાળ રે	,,	૧/૫૦
નૂતન ભારતના નીરશ (પાંચ ભાગ)	,,	૨/—
સાહસની શોધમાં	નવનીત સેવક	૨/૫૦
ધરતીના અમી	મણિભાઈ પટેલ	૭/૭૫
સાહિત્યનિકષ	અનંતરાય મ. રાવળ	૪/૨૫
સાહિત્યવિહાર (નવી આવૃત્તિ)	,,	૪/૫૦
સમારે	ઝવેરચંદ મેઘાણી	૧/૭૫
રેલગાડીની સૃષ્ટિ	,,	૧/૭૫
પાનખર અને વસંત	સાને ગુરુજી	૫/૭૫
સખા (નવી આવૃત્તિ)	,,	૬/—
કરુણાદેવી	,,	૧/૨૫
શ્યામની મા		૬/—
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
તીર અને તુક્કા	રમાબહેન ગાંધી	
જીવન-ઝંઝાવાત	,,	૨/—
ગર્ભમાં જલે છે અંગારા	રમણિક પટેલ	૩/૫૦
સાધના અને સિદ્ધિ	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	૭/૫૦
સાચા જીવતર	શનાભાઈ પટેલ	૩/૫૦
છેલ્લી રાત	દી. પી. સૂચક	૩/૫૦
હૈયાઉકલત	મનુભાઈ જોધાણી	૧/૨૫
કુળ હત્યા	,,	૧/૨૫
શૌર્ય કથાઓ	,,	૧/૨૫
સૂની પડી રે સીતાર	ઘનશ્યામ ઠાકર	૨/૫૦
દૂરના ડુંગરા	ચંદુલાલ સેલારકા	૪/૫૦
અમૃત પાત્ર	,,	૪/૫૦
દિલદરિયાવનાં મોતી	વિનોદિની નીલકંઠ	૪/૫૦
ખરતા તારા	જિતુભાઈ પ્ર. મહેતા	૪/૫૦
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
ચીંથરે વીંટ્યા રતન	,,	૧/૭૫
અંતિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ભારતયાત્રા	રામનારાયણ ના. પાઠક	૬/—
મનની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
છેલ્લા આંસુ	,,	૪/—

— ઉપરનાં નવા પ્રકાશનો ઉપરાંત અમારાં બધાં પ્રકાશનોનું નવું સૂચિપત્ર મંગાવો '—

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ ૧૪, ગાંધીરોડ ફર્નાન્ડીઝ બ્રિજ અમદાવાદ, ૧

મેગેઝીનોનાં લવાજમ ભરી ખાસ લાભ મેળવો

અમારે ત્યાં હિંદભરના તથા પરદેશના શિષ્ટ અને સરકારી, કોઈપણ વિષયના તેમ જ ભાષાનાં મેગેઝીનોનાં લવાજમ પ્રકાશકના દરે જ સ્વીકારાય છે. નીચેના ભાવો પ્રકાશકોના ફેરફારને આધીન છે.

અમારે ત્યાં સીધું લવાજમ ભરવાથી ખાસ લાભ મેળવી શકાશે.

(૧) એકી સાથે બે લવાજમ મોકલનારને મનીઓર્ડર ખર્ચ મજરે અપાશે.

(૨) ત્રણ લવાજમ મોકલનારને, હિન્દના જવાહર, ગાંધીજીની આત્મકથા-હિંદી, નિત્યમનન એ ત્રણમાંથી પસંદગીનું એક પુસ્તક ભેટમાં મળશે.

(૩) પાંચ લવાજમ મોકલનારને નેહરુચાચાની આર્ટ પેપર પર છપાયેલી ૯૦ તસવીરોની પુસ્તિકા તથા આરોગ્યની ચાવી (ગાંધીજીકૃત) પુસ્તિકા એમ બે પુસ્તિકા ભેટમાં મળશે.

....તો આજે જ લવાજમો મોકલી આપી ખાસ લાભ મેળવો.

ઊર્મિ-નવરચના	૭-૫૦	વિશ્વવિજ્ઞાન	૭-૨૫	સોવિયેત દેશ	૫-૦૦
તંદુરસ્તી	૫-૫૦	વિશ્વમંગલ	૬-૨૫	ગુજરાતી નાટ્ય	૬-૦૦
જીવનમાધુરી	૭-૫૦	વિશ્વમાનવ	૭-૦૦	મંગલમંદિર	૬-૨૫
નવચેતન	૭-૫૦	વિજ્ઞાન છદ	૬-૦૦	વ્યાયામ	૩-૫૦
મિલાપ	૯-૦૦	ચિત્રલેખા	૧૫-૦૦	શારીરિક શિક્ષણ	૩-૦૦
કુમાર	૯-૦૦	જી	૮-૦૦	નવજીવન	૪-૦૦
સંસાર	૫-૦૦	રસરંજન	૮-૫૦		
શ્રીરંગ	૮-૦૦	બાલસંદેશ	૮-૫૦	**હિંદી**	
યુવક	૫-૦૦	ઝગમગ	૮-૫૦	નવનીત	૧૦-૦૦
ક્ષિતિજ	૧૦-૦૦	બાલજીવન	૪-૦૦	ધર્મયુગ	૨૮-૦૦
પ્રજ્ઞા	૧૦-૦૦	બાલમિત્ર	૫-૦૦	કહાની	૬-૦૦
આરસી	૬-૦૦	ચાંદામામા	૬-૦૦	બાલક	૪-૫૦
ગાંડીવ	૭-૨૫	રમકડું	૯-૦૦	ચુન્નુમુન્નુ	૪-૫૦
ગીતગંગા	૬-૦૦	બાલવાડી	૨-૦૦	યુવક કોંગ્રેસ	૩-૦૦
ચાંદની	૬-૦૦	નૂતન શિક્ષણ	૫-૦૦	વિજ્ઞાનલોક	૯-૦૦
બીજ	૬-૦૦	કોંગ્રેસ પત્રિકા	૫-૦૦	હિંદી સંદેશ	૪-૮૦
નીરોગી	૫-૦૦	અખંડઆનંદ	૮-૫૦	વિજ્ઞાન પ્રગતિ	૫-૦૦
સવિતા	૬-૦૦	ભાગ્યરેખા	૬-૦૦	બાલભારતી	૪-૦૦
આરામ	૬-૦૦	સ્ત્રીજીવન	૭-૦૦	સરિતા	૧૨-૦૦
રંગદા	૬-૦૦	સમર્પણ	૭-૦૦	આરોગ્ય	૫-૦૦
દક્ષિણા	૫-૦૦	સંસ્કૃતિ	૭-૦૦	હિંદી નવશિક્ષક	૫-૦૦

[પાછળને પાને ચાલુ]

[પાછળના પાનાથી ચાલુ]

જીવન સાહિત્ય	૪–૦૦	કેરવાન	૭–૫૦	આરગોસી	૨૪–૦૦
આર્થિક સમીક્ષા	૭–૦૦	સ્પોર્ટ્સ એન્ડ પાસ્ટાઇમ	૧૯–૭૬	કોરોનેટ	૧૪–૪૦
ભારતના પ્રગતિ પથપર	૩–૦૦	ડીઝાઇન	૮–૦૦	લુક	૪૦–૮૦
સોવિયેત સંઘ	૧–૭૫	સોવિયેત લેન્ડ	૭ ૦૦	એસ્ક્વાયર	૫૭–૬૦
ભારતીય સમાચાર	૭–૦૦	પાર્લામેન્ટ સ્ટડીઝ	૪–૦૦	ગ્રામોફોન	૨૦–૧૨
આજકાલ	૬–૦૦	કોમીટન	૬૪–૦૦	ઓવર્ઝ લાઇફ	૧૮–૨૦
નવચિત્રપટ	૬–૦૦	બીઝનેસ ડાયજેસ્ટ	૨૪–૦૦	ચાઇલ્ડ લાઇફ	૨૪–૦૦
સોવિયેત નારી	૪–૨૫	દીપિકા	૫–૦૦	સાયકોલોજી	૧૨–૦૦
આરોગ્ય સ્વાસ્થ્ય	૧–૦૦	ઈકોનોમિક વીકલી	૨૪–૦૦	ચિલ્ડ્રન્સ ડાયજેસ્ટ	૧૮–૨૦
સ્વાસ્થ્ય ઔર જીવન	૭ ૫૦	ફિલ્મફેર	૨૦–૩૦	હાઉસ બ્યુટીફુલ	૧૫–૬૦
		આર્યન પાથ	૬–૦૦	હાઉસ એન્ડ ગાર્ડન	૩૨–૧૫
— અંગ્રેજી —		નેશનલ રિવ્યુ	૧૦–૦૦	ગુડ હાઉસ કીપીંગ	૩૬–૨૦
મોડર્ન રીવ્યુ	૧૧–૦૦	બોમ્બે માર્કેટ	૪૮–૦૦	બ્યુટી ફેશન	૨૪–૦૦
સનશાઇન	૫–૦૦	સિવિક અફેર્સ	૧૫–૦૦	લેડીઝ હોમ જર્નલ	૩૩–૬૦
કેરિઅર એન્ડ કોર્સિસ	૯–૦૦	ગાંધીમાર્ગ	૫–૦૦	વુમન એન્ડ હોમ	૧૮–૨૫
સાયન્સ એન્ડ કલ્ચર	૧૦–૦૦	કરન્ટ સાયન્સ	૧૨–૦૦	વાઇફ એન્ડ હોમ	૧૫–૨૫
ટ્રેઝર ચેસ્ટ	૨–૫૦	પ્રોગ્રેસ ઓફ એજ્યુકેશન	૬–૬૦	મોડર્ન વુમન	૧૫–૬૦
રીડર્સ મેગેઝીન	૬–૦૦	એજ્યુકેશનલ રિવ્યુ	૫–૦૦	હોમ્સ એન્ડ ગાર્ડન્સ	૨૨–૧૫
રીડર્સ ડાયજેસ્ટ	૧૮–૦૦	લાઇફ (૩૯ અંક)	૨૪–૫૦	આઇડીયલ હોમ	૨૬–૧
બ્લીટ્સ	૧૪–૫૦	લાઇફ (૧૮ અંક	૧૨ ૦૦	લીલીપુટ	૧૮–૦૦
ફેમિના	૧૪–૫૦	ટાઇમ	૪૮–૦૦	જી ડી આર રિવ્યુ	૫ ૦૦
કરન્ટ	૧૨–૦૦	સાયન્સ ડાયજેસ્ટ	૨૧–૬૦	વર્લ્ડ ડાયજેસ્ટ	૧૬–૨૧
લીંક	૨૫–૦૦	સાયન્સ-મિકેનિક્સ	૧૬–૮૦	વર્લ્ડ સ્પોર્ટસ	૧૮–૬૫
કોમર્સ	૬૫–૦૦	પોપ્યુલર સાયન્સ	૨૮–૮૦	ડીઝાઇન (બ્રિટીશ)	૩૦–૪૬
શંકર્સ વીકલી	૨૫–૦૦	પોપ્યુલર મિકેનિક્સ	૨૧–૬૦	પેરેન્ટ્સ મેગેઝીન	૧૯–૨૦
ઈકોનોમિક રિવ્યુ	૮–૦૦	નેશનલ જ્યો. મેગેઝીન	૪૫–૭૦	મોડર્ન ફોટોગ્રાફી	૩૮–૪૦
ઈલસ્ટ્રેટેડ વીકલી	૪૧–૦૦	જ્યોગ્રાફીકલ મેગેઝીન	૨૪–૫૦	ન્યૂઝ વીક	૪૮–૦૦

અમારે ત્યાં બાલસાહિત્યના તથા ખ્યાતનામ લેખકોના તથા પ્રકાશકોનાં પુસ્તકો ઓર્ડર મળ્યે યોગ્ય કમિશનથી મોકલી આપવામાં આવશે.

* વિશેષ માહિતી અને સૂચિપત્ર માટે આજે જ મળો યા લખો

મહાગુજરાતની સદ્ધર સુવ્યવસ્થિત અને ખ્યાતનામ અગ્રગણ્ય મેગેઝીન લવાજમ એજન્સી

સૌરભ પુસ્તક ભંડાર
સંચાલક જયમન્ત ઠાકર

આ પાના કાપીને સાચવી રાખો

પાદશાહની પોળ સામે,
૬૧૫, રિલીફ રોડ-અમદાવાદ


દેવમંદિરો તથા પવિત્ર સ્થળોએ વાપરવા
કોહીનૂર
અગરબત્તી અને દશાંગ ધૂપ
વાપરો
ટે.નં.૫૧૮૦૨ ગ્રામ 'લોસા'
એમ.એમ.ખંભાતવાળા
અમદાવાદ-૧

શ્રી રામતીર્થ યોગાશ્રમ, મુંબઈ નં. ૧૪માં દર શનિવારે સાંજે અને દર રવિવારે સવારે યોગ, વેદાંત ભક્તિ, શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ માટે શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી તથા અન્ય સુપ્રસિદ્ધ વિદ્વાનોનાં વ્યાખ્યાનો થાય છે.

ઉમેશ યોગદર્શન

[પ્રથમ ખંડ]

લેખક શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

શ્રી ઉમેશચંદ્રજી યોગીરાજ

આ ગ્રંથમાં રોગી તથા નીરોગી સ્ત્રી-પુરુષોની તંદુરસ્તી સારી રાખવા માટે છ પ્રકારના મલ શોધન કર્મ આસનો, માનસિક ઇલાજ, જલોપચાર, સૂર્યકિરણ ચિકિત્સા, આહાર ચિકિત્સા વગેરે અનેક શક્તિવર્ધક તથા રોગનિવારક ઘરમાં થઈ શકે તેવા સુલભ સાધ્ય ઇલાજો બતાવેલા છે આ ગ્રંથમાં ૧૦૦ થી વધુ ગ્લેઝ-આર્ટ પેપર ઉપર આકર્ષક અને અત્યંત ઉપયોગી મલશોધન કર્મ તથા આસનોના ફોટાઓ છે યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ છે દરેક ઘરમાં, વાચનાલયમાં, સ્કૂલ, કૉલેજોમાં રાખવા યોગ્ય છે ફોટાઓ જોતા તથા લેખો વાંચતા સુખ અને શાંતિનો અનુભવ થતો જશે.

કિંમત રૂ ૧૫) પોસ્ટેજ રૂ ૨ છે * વિદેશ માટે ૧ પૌંડ અને ૮ શિલિંગ છે

ગુજરાતી, હિંદી, મરાઠી તથા અંગ્રેજી ભાષામાં છે

યોગાસન ચિત્રપટ

ગ્લેઝ આર્ટ બોર્ડ ઉપર અનેક મુખ્ય આસનો બે રંગોમાં છાપીને તૈયાર કરેલ છે આસનો કરતી વખતે દીવાલમાં ટાંગીને રાખવામાં ખાસ ઉપયોગી છે આસનોના નામ તથા ફાયદા લખેલ છે. દરેક ઘર લાયબ્રેરી વગેરેમાં ખાસ રાખવાથી શોભા વધી જશે

કિંમત પોસ્ટેજ સાથે રૂ ૧-૫૦ નયા પૈસા છે

રામતીર્થ બ્રાહ્મી તેલ. (સ્પેશ્યલ નં. ૧.)

(રજિસ્ટર્ડ).

શ્રી રામતીર્થ યોગાશ્રમ ૨૫ વર્ષથી આમજનતાની સેવા કરી રહ્યા છે તેના ખર્ચને પહોંચી વળવા માટે રામતીર્થ બ્રાહ્મી તેલ તૈયાર કરવામાં આવે છે પર કિંમતી આયુર્વેદ ઔષધિમાંથી શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરેલ છે આ તેલ ખાસ કરીને માથાના વાળ ખરતા અટકાવવા, લાંબા કરવા, યાદશક્તિ વધારવી, ગાઢ નિદ્રાને માટે તથા શરીરે માલિસ કરીને સ્ફૂર્તિ વધારવા માટે ઉપયોગી છે

મોટી બાટલી કિં. રૂ ૪) : નાની બાટલી કિં. રૂ ૨) ટપાલ ખર્ચ અલગ : બધે મળે છે

શ્રી રામતીર્થ યોગાશ્રમ, દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઈ-૧૪

Coly OGY

મફત! પુસ્તકો! મફત!

* નીચેના સૂચિપત્રમાંથી ગમે તે પાંચ મેગેઝીનોનાં લવાજમો એકી સાથે અમને સીધાં મોકલનારને 'જનસત્તા'નાં ખૂબ જ જાણીતા પુસ્તકો દાવાનળ, જંગીઝખાન, ઝાકળ પીછોડી, પથ પર, મજનુની ડાયરી, પ્રેમી, કુમારી ગુ, જતિ અને સતી, વાડી અને વગડો, કાયર તથા નવજીવનનું હિન્દના જવાહર અને નેહરુ ચિત્રાવલીમાથી ગમે તે એક પુસ્તક ભેટ મળશે.

* ત્રણ જ લવાજમ એક સાથે મોકલનારને ૧૯૨ પાનની ગાંધીજીની આત્મકથા (હિન્દી) મફત મળશે.
* એકી સાથે બે લવાજમો મ. ઓ. થી અમને મોકલનારને મ. ઓ. ખર્ચ મજરે અપાશે.

તો આજે જ લવાજમો મોકલો અને પુસ્તકો મફત મેળવો—

ઊર્મિ-નવરચના	૭-૫૦	ક્ષિતીજ	૧૦-૦૦	કહાની	૬-૦૦
તંદુરસ્તી	૫-૫૦	સમર્પણ	૭-૦૦	બાલક	૪-૫૦
જીવન માધુરી	૭-૫૦	ચેતમછંદર	૧૩-૦૦	ચુન્નુમુન્નુ	૪-૫૦
મિલાપ	૯-૦૦	ચિત્રલેખા	૧૫-૦૦	આરોગ્ય	૫-૦૦
અખંડ આનંદ	૮-૫૦	દાદાગુરુ	૫-૦૦	ભારતી	૫-૦૦
નવચેતન	૭-૫૦	પ્યારાબાપુ	૬-૦૦	—અંગ્રેજી—	
પ્રતા	૧૦-૦૦	ચિત્રલોક	૮-૫૦	રીડર્સ ડાયજેસ્ટ	૧૮-૦૦
કુમાર	૯-૦૦	ચિત્રજ્યોત	૮-૫૦	રાડર્સ મેગેઝીન	૫-૦૦
વિશ્વમાનવ	૭-૦૦	ચિત્રપટ	૧૨-૦૦	ભવન્સ જર્નલ	૬-૫૦
સંસાર	૫-૦૦	જી	૮-૦૦	કેરીઅર એન્ડ કોર્સીસ	૯-૦૦
શ્રીરંગ	૮-૦૦	વિશ્વમંગલ	૬-૨૫	કરન્ટ ઈવેન્ટ	૧૦-૦૦
બીજ	૬-૦૦	વિશ્વવિજ્ઞાન	૭-૨૫	બ્લીટ્સ	૧૪-૫૦
આરામ	૬-૦૦	વિજ્ઞાનછંદ	૬-૦૦	લીન્ક	૨૫-૦૦
ચાંદની	૬-૦૦	ગુજરાતી નાટ્ય	૬-૦૦	શંકર્સ વીકલી	૨૫-૦૦
ઓલ્કન	૭-૦૦	સવિતા	૬-૦૦	*મોડર્ન રીવ્યુ	૧૫-૦૦
આરસી	૬-૦૦	—હિન્દી—		સ્પોર્ટસ એન્ડ પાસ્ટ ટાઈમ	૧૯-૭૬
બાલમિત્ર	૫-૦૦	વિજ્ઞાનલોક	૯-૦૦	સનશાઈન	૫-૦૦
ચાંદામામા	૬-૦૦	વિજ્ઞાનપ્રગતિ	૫-૦૦	ટ્રેઝર ચેસ્ટ	૨-૫૦
ઝગમગ	૮-૫૦	ભારતીય સમાચાર	-૭૦૦	જી ડી. આર. રીવ્યુ	૫-૦૦
રસરંજન	૮-૫૦	આજકલ	૬-૦૦	સાયન્સ ડાયજેસ્ટ	૨૧-૬૦
બાલસ દેશ	૮-૫૦	બાલભારતી	૪-૦૦	પોપ્યુલર મીકેનીક્સ	૨૧-૬૦
ગાંડીવ	૭-૨૫	નવનીત	૧૦-૦૦	નેશનલ જ્યોગ્રોફીક	૪૫-૭૦
રમકડું	૯-૦૦	જ્ઞાનોદય	૧૦-૦૦		
નૂતનશિક્ષણ	૫-૦૦	સરિતા	૧૬-૦		
વ્યાયામ	૩-૫૦				
સોવિયેટ દેશ	૫-૦૦				

આ ઉપરાંત ભારત તેમજ પરદેશના કોઈ પણ ભાષા કે વિષયનાં મેગેઝીનોનાં લવાજમ સ્વીકારીએ છીએ. ઉપરના ભાવો પ્રકાશકોના ફેરફારને આધીન છે. આપની જરૂરીયાતના કોઈ પણ પુસ્તકો ઓર્ડરથી સપ્લાય કરીશું. વિશેષ માહિતી અને મફત સૂચિપત્ર માટે આજે જ લખો યા મળો—

—: વિ જ ય સ્ટો ર્સ :—

મહાગુજરાતની એક સુવ્યવસ્થિત મેગેઝીન લવાજમ એજન્સી

૬૨, કલ્યાણ ભવન, બીજે માળે, રીલીફ રોડ, અમદાવાદ.	સ્ટેશન રોડ, આણંદ	૪૫-એ પાઠક વાડી, પહેલે માળે, લુહાર ચાલ, મુંબઈ-૨.

આ પાનું કાપીને સાચવી રાખશો ભેટ પુસ્તકોમાંથી જે પુસ્તક સ્ટૉકમાં હશે તે મોકલાશે.

અંક ૧ : એપ્રિલ '૬૦ — 'ઊર્મિ' : વર્ષ ૩૧
સળંગ અંક ૩૬૧ — 'નવરચના' : વર્ષ ૨૫
સમાજમાં સરકાર અને સાહિત્ય પ્રેરતુ સામયિક

ક્રમ

લેખક	લેખ	પાનુ
ક્ષ	દિશા અને દષ્ટિ	૭
'પ્રવાત'	જગચેતના	૮
નાથાલાલ દવાણી	શબનમ	૮
'સાલિક' પાપટિયા	મધુરસનુ નિમંત્રણ	૮
'પતીલ'	પ્રકીર્ણ મુક્તકો	૯
'ઉસનસ્'	પ્રીતિધૃતિ	૯
'રાજહંસ'	સમયના ક્ષીર-નીર	૧૦
સાને ગુરુજી	કુંપળ અને કળી	૧૪
'ધૂમકેતુ'	એકલવ્ય	૧૫
વાડીલાલ મો૦ શાહ	અરવિંદ ઘોષનુ 'નગ્ન સત્ય'	૨૧
મન્નાલાલ પટેલ	અદલ બદલ	૨૪
ઈશ્વર પેટલીકર	લગ્નનું ખર્ચ	૨૮
સરલા જગમોહન	ઘડપણ કેણે મોકલ્યુ રે !	૩૧
—	સાભાર પ્રાપ્તિ-સ્વીકાર	૩૪
ડૉ. સી. એમ. શાહ	બનાવટી ઔષધિઓના અનિષ્ટો	૩૫
ઈશ્વરભાઈ પટેલ	પતિયાનો પિતા [૨]	૩૯
વિજયકુમાર ત્રિવેદી	ઉંબરની બબામણ	૪૮
પીતાંબર પટેલ	મહર્ષિ દધીચિ 'શક્ય ભવન	૫૪
—	સાભાર પ્રાપ્તિ-સ્વીકાર	૫૭
નાનુભાઈ દવે	'ઉપરામ'—એક પરિચયાંજલિ	૫૮
જયન્તિકા પરમાર 'સુમંગલા'	ગૃહમ ગલ	૬૩
	જાતે કરવાનુ કામ	૬૪
	ત્વચા સાચવિયામાં...	૬૫
	પાગલ નસીબ	૬૭
'રાહ'	સર્જનના રાહે	૬૯

☆

સૂચના

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા વિદેશમાં દશ રૂપિયા (શિ. ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે.
* વરસમાં એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે.
* વી. પી. થી લવાજમ વસૂલ કરવામાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે, લવાજમ પૂરું થયાનો નોટિસ મળે ત્યારે ગ્રા. નં. અને પુરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૫ નવા પૈસાની ટિકિટો બીડવી જરૂરી છે. મફત અંક કોઈને મોકલાતો નથી.
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા. નં. લખવો ખાસ જરૂરી છે.
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જોઈતી ટિકિટો બીડવી જરૂરી છે. એ સિવાયનાં અસ્વીકૃત લખાણો પંદર દિવસ પછી રદ કરાય છે.
* જાહેરખબરના દર, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું :—

'ઊર્મિ—નવરચના'

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ.,
૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક : ઈશ્વરલાલ મો. દવે, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ., ૬૪, ગાંધીરોડ, ફર્નાન્ડીઝ બ્રિજ, અમદાવાદ, ૧
મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પરેખ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ.

નવરચના

દિશા અને દૃષ્ટિ

ઠરેલપણું, કાંઈક સ્થિરતા, જીવન વિશે વિચાર કરવાની સાચી અને સીધી દૃષ્ટિ જ્યારે માણસમાં આવી જાય ત્યારે માણસ જે શાંતિ અને નિરાંત અનુભવે છે તે અવર્ણનીય હોય છે. જન્મે ત્યારથી જ માણસ સુખ અને શાંતિની ઝંખના સેવવી શરૂ કરે છે. એ ઝંખના જીવનભર અધૂરી જ રહે છે ત્યારે માણસ હેરાન પરેશાન થઈ જાય છે એ વાત પણ એટલી જ સાચી પણ લગભગ બધી વખત હેરાની પરેશાની માનવ ઉપર કોઈ જ લાદતું નથી હોતું પણ એનાં અંતની માનેલી જ હોય છે. કેટલીકવાર તો એને ખબર પણ નથી હોતી કે પોતે હેરાન પરેશાન છે છતાં એવી સ્થિતિમાં જ એ રહેવા લાગે છે કે કોઈ તેને એમાંથી વાળી શકતું નથી. આપણને આપણી પરિસ્થિતિનો કોઈ ખ્યાલ ન આપે ત્યાં સુધી તો ઠીક, પણ એ પરિસ્થિતિ આપણે કોઠે પડી જાય પછી તો આપણે તેને માટે જરાય ચિંતા ન સેવવી જોઈએ. માણસ જન્મથી જ વિચારશીલ પ્રાણી છે એ વાત જેટલી સાચી છે તેટલી જ એ પરિવર્તનશીલ પ્રાણી છે એ પણ સાચી છે. જીવનમાં ગમે ત્યારે, ગમે તે કાળે માણસ જ પરિવર્તન અનુભવી શકે છે એટલે એ પરિવર્તનમાં કંઈક વિચારપૂર્વકની દૃષ્ટિ આવે એ ખૂબ જરૂરી છે. પ્રયત્નથી માણસ બધું કરી શકે છે. તો પછી વિચારોને વળાંક આપવાનું માણસના હાથમાં કેમ ન હોય? માણસની દૃષ્ટિ, વિચારસરણી અને તેના બધી યોજનાઓ જો નસીબ બદલતું હોય તો એમાં થોડોક પુરુષાર્થ માણસ કેમ ન ભેળવી શકે? સુખ અને શાંતિ અને નિરાંત એ બધું આપોઆપ તો કોઈને સામે ચાલીને મળતું નથી. દરેક વસ્તુ મેળવવા પ્રયત્ન કરવો પડે છે. મોં ખોલીને બેસીએ તો આપણને કોઈ ખવડાવી દેતું નથી પણ આપણા જ હાથથી આપણા મોંમાં કોળિયો મૂકવો પડે છે, એટલે નાનકડાથી માંડીને ભગીરથ પ્રયત્નો માણસે જ કરવાના હોય છે. પુરુષાર્થ અને પ્રયત્નો માણસને સુખ, શાંતિ અને નિરાંત બક્ષે છે; પરિવર્તનની સાચી દિશા દેખાડે છે. જન્મની, જીવ્યાની અને મૃત્યુની ત્રિવિધ સફળતામાં નાચવાનું સૌભાગ્ય ત્યારે જ માણસને મળે છે.

*

'પ્રવાત'

જગચેતના

પથે પ્રગટતા હતા અકળ સાગટાં કિરણો
મહા વિશદતા ભરી અવલ એક પંથે જતાં.
ભરી મહત-વાટમાં પ્રખર સાધનાએ થતાં
પલાયન, રહી, ભરી નવલ ખૂબ શ્રદ્ધા ગણો!

અખૂટ પથનાં ઠરી સુગમ સ્થાન પ્રસ્થાનયે
શમ્યાં, શમનતા બની સતત તત્પર પૂર્ણતા
ઝગ્યાં, ઝગમગાટમાં હજુ ઝગે અપૂર્ણતા
બધી સમસમી રહે—સતત ઝંખના સ્થાનયે!

જગે વિજનતા કશી? કવચિત્ વેડફી નાખવા
અપાર નહિ પાર એ નવલ વિશ્વકીડાંગણો
કરું, પરિભ્રમ્યો, ન-થાક એ કદીય સાંભળ્યો
ગમ્યો અગમ એક એ સતત વાતને ચાખવા
ભમ્યો જગત આંજતાં પ્રબળતાં સહુ પ્રાંગણો
મળે સતત ચેતના જગભરી જગમાં ભળ્યો!

★

નાથાલાલ દત્તાણી

શબનમ

અમથું અમથું હૈયું પુલકી જાય છે,
કે તમારી આગમન-આગાહી મલકી જાય છે?

*

પીવાનીયે તમન્ના, મોસમ વળી શરાબી
ગાવાનો યે ઉમળકો, સરગમ વળી ગુલાબી!

*

નયનનાં તીર છે કેવાં હસીન!
જોને હસીનોયે ઝીલે હરતે વદન!

*

શ્વાસ કેરા શ્યામ મારા છેલ છોગાળા,
'ધડકનો'–કોણે કહ્યું? એ ગોપી મારા કહાનની!

*

હૈયે તો એમના મને સંભળાય છે હકાર,
મોઢે હજાર વાર ભલે આવતો નકાર!

*

યાદ જેવી યાદનોયે વાહ રે, છણકો જુઓ!
શૂન્ય વિરહ-રાનીએ રણકો કરે છે એ ગજબ!

*

રાતભર કેવળ સિતારાઓ અમે ગણતા રહ્યા?
એમનાં નયનો ઇશારાઓ અજબ કરતાં રહ્યાં!

*

'ઇશારા-ઇશારા'—તમે શું કહો છો?
અરે એ બધા છે પ્રણયના સિતારા!

*

રાન અહો શી મેલકી!
રહી ચાંદની છલકી!
વખ ધોળાતા હૈયે જાણે,
અમી-સરવાણી છલકી!

★

'સાલિક' પોપટિયા

મધુરસનું નિમંત્રણ

તજીને અલ્પ જીવનની વૃથા વ્યાખ્યાઓ કરવાનું,
મળ્યું છે જિંદગીમાં જે કંઈ તે આજ માણી લે,
ગ્રહોની ચાલની કરવી ગણતરી છે નકામી, ને
વૃથા છે વાત પણ જે કાલની તું આજ જાણી લે.

જીવન-પોથીનાં પાનાં બધ છે તું બધ રહેવા દે,
ઊઘડવાને સમે પાનું ઊઘડતું જાય છે એકેક,
લખી રાખ્યું છે લખવાનું બધુંયે એમાં લખનારે,
વહેતા કાળ સાથે નિત્ય એ વંચાય છે એકેક.

ઘડી છે સાંપડી આજે મધુરસ-પાન કરવાને,
મૂકીને હોઠ પર મારા તું તારા હોઠ દાબી દે,
મધુરા દ્રાક્ષ-રસથી તું ભરી લે જામને તારા,
બધીયે કાલની વાતો ને ચિંતાઓ ભૂલાવી દે.

કબરમાં એક દિન કાયા ઉભય કેરી ઢળી જાશે,
અને માટી થઈ અંતે એ માટીમાં મળી જાશે.

★

'પતીલ'

પ્રકીર્ણ મુક્તકો

[૧]

દસ્તબસ્તી, સીનાદોઝી એક બાઝી છે બની,
છે મુહબ્બત વારતા ને છે રિવાયત દુશ્મની;
ખોઈ નાખ્યો ક્યારનો મેં તો મહારો રોજગાર—
ના પડો આંખી કદીયે ખિદમતો આ રંકની.

[૨]

પોતાની મેળે ફર્જ બજાવે
પરાયા બોજા હેતે ઊઠાવે
તેઓને ભલે કોઈ ન ચાહે--
શા માટે મિથ્યા આંજો ચઢાવે?

[૩]

બાંદીઓ હસીન નિત્ય પેશકસી લે,
કોઈ વિના આવકારે, કોઈ મસ્ત લે,
આંખમાં શેતાન નશો, ઇશ્ક કલેજે,
લૂંટી લીધું સ્વર્ગ નાયલોન-વસીલે!

[૪]

પિછાણ્યા નહીં સેવાવીરોને,
પૂજ્યા ગોર, માન્યા પીરોને,
ફકીરો કરે જિંદગી હરામ
આપીને દુઆ હોદ્દાગીરોને!

[૫]

શિક્ષિતોના હક મહીં છે ભૂખમરો ને નગ્નતા
જ્યારથી આવી અમલમાં જૂઠી, પોકળ સભ્યતા;
તે જ સાચા માર્ગદર્શક છે બની બેઠા હવે
ગાંઠી ઉઠે છે શકયા જેઓ ન સાચી યોગ્યતા.

[૬]

પોંખાતા જ્યાં ફુરસદ-વેરી
રોપાતા ત્યાં કાંટા ઝેરી;
'આવી જ્યાં ઉલ્લુની સ્વારી
આબાદી છે સંકટ કેરી!

[૭

એક કનીઝા પુંઠે હજાર ગુલામો,
સાંકડા પડે નવાઝનાર મુકામો;
આદતો નપેન પડી મૂછને ગળે,
આછકલો કાફલૂદી, નિંદ્ય સલામો!

[૮]

હસે હજાર મુરવ્વત
વસે જ્યાં ખરી મુહબ્બત;
જાય તૂટી દિલ અગર
છે ન ફરી મરમ્મત!

★

'ઉશનસ્'

પ્રીતિધૃતિ

શુણ્યું: અધરને અડેલ રતિપૂર્ણ જામો ગયા
હરાઈ અથવા ઢળ્યા ધરતીપે, અને તે ક્ષણે
અણી ચુકી ગયેલ તે કમનસીબ થાતાં રહ્યાં
સુદૂરતર, વિદ્ધ ભ્રાન્ત મૃગશાં ભ્રમંતાં વને;

પિછાણું: રતિ ભાગ્યનું અવરનામ, એ તો ફળે
વસંતતરુથી અયત્નકચડીં, ને કહીં સર્વથા
પ્રયત્ન ઋતુબીજવારિતપના જતા સૌ વૃથા,
જિતાય નહીં ભાગ્યજગ પુરુષાર્થ કેરા બળે;

પરંતુ કવિઓ કહે: 'પ્રણયનું ન કો કારણ'
'અકારણ જ સંભવે પ્રણય', એ જ આશ્વાસને
રહ્યા સરવથા અયોગ્યજન હુંય ઝંખી તને;
અપાત્ર જનનેય પાત્ર સમ પ્રીતના તો વણ!
મિથઃ નહિ પિછાણુ કોઈ, નહિ શક્યતા યે જરી
તથાપિ અતલાન્તમાં તણખલે ધૃતિ રૂહે તરી!

✱

'રાજહંસ'

સમયનાં ક્ષીર-નીર

ની ગળતા ઘા સાથેનુ સમાધાન

ચીન સાથે સાથે બેસીને વાટાઘાટો કરી અને સમાધાનનો માર્ગ શોધવો એ અત્યારની સરકાર માટે સહજ છે એવુ ઘડતર જ એ પ્રકારનુ છે કે બીજુ એ કરી પણ શુ શકે? સમાધાન કરવાની તૈયારીમા નીચાજોણુ ખરુ કે નહિ એ સવાલથી કેટલાક મૂઝાય છે એવી તરફેણમા ને તકરારીમાં કેટલુક કહેવાયુ છે ખરુ પણ એક વાત જાહેર છે કે ચીને સમાધાન કરવાનુ કબૂલ કર્યું છે, અને એ ચાઉ-એન-લાઈ આપણે ત્યા આવે છે

ચીન આવે છે તે વિજયની ધજા પાછળ મૂકીને આવે છે કે સાથે લઈને એટલુ જોવાનુ છે એ કોઈની સલાહ સાંભળીને આવે છે પશ્ચાત્તાપની બુદ્ધિથી આવે છે કે પછી ઝીણાસાહેબની માફક ભારતને માથે દોષ ઢોળવા આવે છે? ઘણો સંભવ છે કે 'ભારતને સમાધાન ખપતું નથી' એવો પ્રચાર કરવાની બાજી તૈયાર રાખીને એ આવતુ હશે

અને એની સમાધાનની તૈયારી કેવીક હશે? એ તો એમ જ કહેશે કે જે પ્રદેશ અમારો હતો તે અમે લીધો છે તમે કહેતા હશો તો આગળ નહિ વધીએ તમે કહેતા હશો તો થોડા ડુંગરા તમારી હદમા વાળી લઈશું આમ તમારે એકર કે માઈલોની તૂટ નહિ પડે પણ તિબેટમા અમે જે કરીએ છીએ તેને તમારે વધાવી લેવુ જોઈએ નેપાળમાં તમે જે પ્રભાવ રાખ્યો છે તેવો અમારો પણ રાખવો જોઈએ અને સિક્કિમ-ભૂતાનમા અમને પૂછ્યા સિવાય તમે કશો ફેરફાર નહિ કરી શકો

ચીન તો આપણો ટેકો માગશે કે વિયેટનામ ને કોરીઆમા એ જે કરે તેને આપણે માન્ય રાખવુ જોઈએ એટલુ જ નહિ પણ એના બોર દુનિયામા કોઈ ના લેતુ હોય તો તે ખપાવવા આપણે ધાટા પાડવા જોઈશે પેલા જાવા સુમાત્રાવાળા ચીનાઓથી ચેતીને ચાલે તો એની સરકારને આપણે સમજાવવી જોઈશે ને માને ઊઠીને બ્રહ્મદેશમાં, મેનામમા ને સિયામના પ્રદેશોમા એનો અવાજ બુલંદ રહેવો જોઈશે એશિયાના લોકોની સમૃદ્ધિનુ હિત એકવાર જાપાનના હૈયે વસ્યું હતુ, હવે ચીનની જબાન ખૂલી છે—અનમત્ત લશ્કરી તાકાત વડે સ્તો

આવી ઘણી બધી ચીનની મહત્વાકાંક્ષાઓને પપાળવાનુ કામ ભારત સરકારથી થઈ શકશે? ને તે સિવાય ચીન કબજે કરેલી ભૂમિ છોડવા એના લશ્કરને કહી શકશે? એમને બંને પક્ષ હસી ખુશીની વાતો કરી ફરી મળવાનાં નિમંત્રણો આપી છૂટા પડશે વખત કાઢ્યા સિવાય આ સંજોગોમા કોઈથી કશું વળે એમ નથી દુખ એ છે કે ચીનની ધજા કબૂલ કરાવવા આપણે જ બધે ફર્યાં એને એણે જ પાટુ માર્યું.

ચીન તો રાહ જુવે છે કે અમેરિકા સાથે રશિયા જે વાતો કરે તેમાથી શુ નીકળે છે? મંથનમાંથી અમૃત નીકળે તે કોણ લઈ જાય ને વિષ નીકળે તે કોણ પીએ? રશિયાને પણ ફીકર પેઠી છે કે ચીન તે 'સાથી' ગણાય કે 'બાબરો' ગણાય! એને કેમ પનોટવો ને કેમ મમે વળગાડેલો રાખવો?

ચીન કે રશિયા બળની ભાષા છોડી શકતા નથી એની ખુમારી રાખીને શમભાવથી લાવવી છે તો અમેરિકા પણ એવી જ વેતરણમા છે મ્યુનીકના

કરાર વડે ચેમ્બરલેને એક વરસ ખેંચી આપ્યુ અને જર્મની સાથે લડવા જેવી તૈયારી કરી તેમ અમેરિકા પણ કરે તો એની નવાઈ નથી

પૂજ્યભાવનુ વહેણ વાળતાં શીખીએ

કાશ્મીરની બાબતમા પાકીસ્તાનના પ્રમુખે એક કાગળ વિનોબા ઉપર મોકલ્યો આપણા લશ્કર ને પરદેશ નીતિ સબધી વિનોબાનો વિચાર જાણવો એ આ દેશમા સારો શિષ્ટાચાર મનાય છે ત્યા સુધી આવા ધનીગ ચાલવાના. અયુબખાન એની સમાધાનની યોજનાનું કાગળિયુ કાશીના પૂજારી પાસે યોગ્ય દક્ષિણા સાથે મોકલી આપે તો તેના ઉપર વિશ્વેશ્વરના આશીર્વાદ ઉતારી આપવામા આવે અને રશિયાના નવા શાસ્ત્ર ઉપર ગગાજળ છાટવાનુ હોય તો તેનો બંદોબસ્ત પણ થઈ જાય. યાઉ-એન-લી જો કહે તો તિબેટના શરણાર્થીઓને વતનમા પાછા ફરવાની સલાહ આપવાનુ કામ શાંતિ અર્થે ઉપાડી લેનાર આપણે ત્યા નીકળે એમા શકા શી! જો એ કામ માટે પણ પદયાત્રા થતી હોય તો લોકો એટલી ધૂળને પવિત્ર ગણી માથે ચઢાવે શાંતિ અર્થે વેદમાં કેટલુ બધુ લખાયું છે—એમ સ્તો!

આ એક જ દેશ એવો છે કે હજુ વેદ ઉપનિષદની વાતો ખેતીની કે લશ્કરી બાબતો સાથે રમતા રમતા ભેળવી દેવાય. નહિ તો લાખો માણસો સ્વર્ગ જેવા સુરાજ્યની કલ્પના ખાતર પોતાની જમીનો કાઢી આપે નહિ અને કાઢી-આપે તો-એનુ શુ થયું કે કેમ કરવું એવુ પૂછવા માટે દેવદૂત બનીને ઊતરી આવેલાને હાથ ઝાલીને રોકે. પણ ચાલે છે, આ હિંદુસ્તાન છે

ખેતીનું, ખેતમાલિક કે મજૂરોનું, ગામડાનું—એ બધું તો વેદની ઋચાઓના આધારે ઉકલશે ત્યારે ખરુ. પણ આના તર્ક લશ્કર કે પરદેશનીતિ સાથે ચલા દેવામા 'ઈશ્વરનો હાથ' છે એવું માની લેવાની જરૂર નથી આપણા પૂજ્યભાવનુ વહેણ ફેરવીને વાળવુ જોઈશે એવુ કહેવાની ઘડી આવી છે દરેક એને સ્થાને શોભે છે, પછી એ આત્મવિદ્યા હોય કે નક્ષ ને કેશ હોય.

નવાં નાનાં શહેરોનું સર્જન

ગામડા તરફ ઘણી લાગણી રાખીને એના ઉદ્ધાર કાજે વારંવાર કહેવામા આવ્યું, ત્યારે જાણે શહેરો પાપી અને ગામડા અપરાધી હોય એવી ભ્રમણા થઈ શહેરોના ભૂંડા આકર્ષણના જોરે જાણે ગામડાની ભલી ભોળી પ્રજા વિનાશ તરફ દોટ મૂકી રહી હોય એવુ એક ચિત્ર આપણી સામે રજૂ થયું અને ગામડાની પડતી, એનું શોષણ, એની લાચારી, એની સામે લડી લેવા એ જ ગામડામા દટાઈ જવા યુવકોને હાકલ થઈ, તે પણ આપણે ચકિત થઈને વધાવી લીધુ

જૂના આદર્શને નવા કાળબળના સંદર્ભમા વિશુદ્ધ કર્યા વિના જૂનાની ટેવ હજુ છૂટતી નથી. ને ભૂતકાળનો અવાજ સભળાય ત્યારે ગાંડાતૂર બની પાછળ દોડવાનુ સૂઝે છે. આવા બાલિશ માનસમા આપણે આનદ લઈએ છીએ. ગૌરવ પણ કરીએ છીએ દોરી દોરવાઈ જઈએ એની તો નવાઈ જ શી!

ગામડાઓ પોતાનું નભાવી શકે એ સ્થિતિ તો ક્યારય હતી જ ને હજુયે છે પણ એમ માત્ર નભી રહેતા ગામડામા રહેવા ગમે એવું માનસ રહ્યુ નથી એનુ શુ? એને પોતાને પણ નભી રહેવુ નથી દુનિયાના બીજા લોકોથી વિખૂટા પડી રહેવાનુ ગામડાને ગમે કેમ, એને કહેવાય પણ શી રીતે!

એટલે બહુ ઉદારભાવે આપણે સારો રસ્તો, પાણીનો કૂવો, નિશાળ, ટપાલપેટી વગેરે ગામડામાં લઈ જવા માડ્યા પણ એટલેથી શું વળે? વીજળીનુ શુ? રેડિયોનું શુ? સિનેમાનુ શુ? મોટરનું શુ? આ બધુ શહેરમા ફૂદકે ને ભૂસકે નથી વધતું શુ? અગર એ ખોટુ છે તો એનો પ્રચાર કેમ થાય છે? ઉપયોગ વધે છે કે ઘટે છે?

અને વાત એટલેથી કેમ અટકે? એ બધુ સિનેમાની સામુદાયિક ઢબે આપવાની ગોઠવણ કરવામા આવે તોયે ચાલે એવું નથી એ મેળવવા ધન જોઈએ તે મેળવવાની રીત પણ ગામડાને જોઈએ છે જે ઉદ્યો

ગોના જોરે શહેરો સુખ ને સગવડો ભોગવે છે, તેવા ઉદ્યોગો ગામડામા હોય તો જ ધન ઉભરાય ને એ ઉદ્યોગો ત્યા કેમ નહિ ?

હિંદુસ્તાનને ગામડાં કેમ ખપે છે ? શુ એમને આ ઝાડનાં ઝૂડ અને ચરતાં ઢોર ને હરિયાળી ખેતીમાં વેદના વારાનુ 'દર્શન' કરવુ છે ? ગામડા તે કાઈ સગ્રહસ્થાનમા સાચવવાની વસ્તુ છે ! એનુ સ્વરૂપ કવિઓએ કે ચિત્રકારોએ ગમે તેટલુ વખાણ્યું હોય, પણ એમા આપણે ફેરફાર નથી કરવો શુ ?

આપણુ કૈં ચાલવાનુ નથી શહેરની આડે હાથ દેવાનુ વ્યાજબી નથી એમ ગાધીજીએ પણ કહ્યુ— પણ ગામડાની બાબતમા અપવાદ રાખ્યો વિનોબા જે કાંઈ કહે તેની શી અસર થઈ તે જોવા એ ઊભા રહી શકતા નથી, કારણ કે એમને 'આગળ' વધવુ છે ગામડાને પણ આગળ વધવુ છે—પણ જગતની રીતે એમની આસપાસ વડીલશાહી ચનાવી ને જુદા ગજ રાખવા એ વ્યાજબી નથી

દેશમા ગરીબી હતી ત્યા સુધી તો ગામડાના સસ્કાર અને ત્યા પ્રકૃતિની શોભાના વાતોમા ગામડાનુ ગમતુ હવે સમૃદ્ધિ આવે છે આવવાની શરૂઆત થઈ ગઈ છે. એ સજોગોમા વાહનો ને વીજળી ગામગામા પહોચી જવાના એની સાથે ઉદ્યોગોની માગ પણ થવાની ઉદ્યોગો આવતાં ધન દેખાવાનુ અને ધનથી શુ નથી મળતુ ?

આપણા ગામડા ભાગીને શહેરો થયાં હવે ગામડા પોતે શહેરો થવાના છેક નાના ગામ શોધવા પડે એ સ્થિતિ પણ આવવાની કારણ કે ગામડાન શહેરીકરણ શરૂ થશે એટલે આપોઆપ લોકો એવા મથકોએ જઈ રહેવાના પર્ણકુટિઓમા રહી દહાડા એવી કાઢવાનુ કોને ગમશે ?

ઉદ્યોગો આપણા સસ્કાર હણશે ?

આપણે કલ્પના કરવી હોય તો સમૃદ્ધ ભારતના નવા નાના શહેરોની કરવી જોઈએ એનુ સ્વરૂપ, એનો દિમાગ, એની ગુંજાશ—એ હમણાંથી વિચાર્યું હશે તો એને આકાર આપી શકાશે નહિ તો બીજે થાય છે એવી આપણે ત્યા ધનિકોની નકલ ચાલવાની.

આપણે ઇચ્છીએ કે ચાર-પાંચ હજારની વસ્તી કરતા નવુ નાનુ શહેર મોટું ના હોય આમ કરવું હોય તો અત્યારના મોટા શહેરોનુ પ્રભુત્વ આપણે પ્રયત્નપૂર્વક ઘટાડવુ જોઈએ પણ અમદાવાદ જેવા ઔદ્યોગિક શહેરની નજદીકમાં પાનગર બાધવાની ગિના એથી જુદી જ વાત કહી જાય છે, એ કેમ ભૂલીશું !

એ નવાં શહેરમા સામુદાયિક પદ્ધતિએ રસ્તા, પાણી, વાહન, વીજળી હોય એમ ઉદ્યોગ પણ રાખવો જોઈએ આ ઉદ્યોગના ઉપાગ જેવા નના ઘર-ઉદ્યોગના પ્રબધ પણ કરવા જોઈએ કામ જેમ બને તેમ વધારે માણસોમા વહેચાયનુ રહે તેમ ઉદ્યોગ ઉપદ્રવી મટી ઉપકારક થવા લાગશે

એક રાષ્ટ્ર તરીકે આપણે કેવા મેજરીબ્ પસદ કરીએ છીએ અને કેટલી સપત્તિ ઇષ્ટ ગણીએ છીએ એની સીમાઓ નવેસરથી આંકવી પડશે. નહિ તો ધુરધર સેવાધારીઓના ફરજદો અપાર સમૃદ્ધિમા ગગાદૂત મહાલતા જોઈએ છીએ તેમ ઠેર ઠેર દેખાશે ને ત્યાગનો મહિમા ભૂસાઈ જશે જે જીવન પોતે અપનાવ્યું તે સંતાનો સુધી પણ નહિ પહોચાડે એવા નેતાગીરી આ દેશની અને એની પ્રણાલીઓની મોટી દુશ્મન છે નવા શહેરો એમની ચને ખાલશે તો ! જૂની રીત ઘણી જૂની જીર્ણ છે, ને નવી રીત વિવેકથી આપણે ઉનજાવી શકીશુ એકલા ગામડા માટે જ નહિ પણ સમગ્ર રાષ્ટ્ર માટે તો આપણી સસ્કૃતિનુ પ્રતિબિબ એમા જોવા મળશે. એ સિવાય તો જગત એકાકારનો તરગ ચોમેર ઘૂમી વળશે ને ભારતની લાક્ષણિકતા શુ એમ છિન્ન ભિન્ન થતી રહેશે ?

'ચાલો ચઢીએ ગિરિઓ ગરવા'

જગતનુ સર્વશ્રેષ્ઠ ગિરિશિખર એવરેસ્ટ શોધ્યું હિંદુસ્તાનમાથી, હવે એનુ આરોહણ કરવા હિંદી ટુકડી

ઊપડી છે એ આપણું ગૌરવ છે. આધુનિક વિજ્ઞાને તૈયાર કરેલાં સાધનોથી સજ્જ બનીને આ ટુકડી ગઈ છે. હોમહવન ને મંગલવિધિ કર્યાનું જણાયું નથી, પણ આખા દેશની શુભેચ્છાઓ લઈને ગઈ છે એમાં શક નથી. એમને વિજય મળો.

આ દેશના કરોડો નવજુવાનોને પહાડ કે જંગલ પ્રત્યે પ્રીતિ નથી. આ નદીઓ અહીં છે, ને આવો વિશાળ સાગરકાંઠો અહીં છે. પરંતુ એનો સાદ ઝીલનારા કેટલાક? એની મસ્તી લાગે અને સાહસોની એક પરંપરા આપણે પણ ઊભી કરી શકીએ તો કેવું સારું.

હશે. આપણે ત્યાં એ પહાડોમાં ને જંગલમાં ફરનારા હશે. એ પણ જોખમો ખેડતા હશે. પરંતુ એના આનંદ કરતાં કોઈ જુદી વસ્તુ એમને પ્રેરણા આપે છે. એટલે એમની ખેડ મર્યાદિત રહે છે—યૌવનસુલભ બનતી નથી. આપણે તો ભણેલા વર્ગનું મુખ આ દિશામાં ફેરવવું છે અને એમ કહીને અહીંના જીવનમાં હિમાલયનું અચલ તત્ત્વ કે સાગરનું જીવંત અસીમ તત્ત્વ પલ્લવિત કરવું છે. પહાડો કે જંગલો કે સાગરોમાંથી આપણી સંસ્કારિતાને પુષ્ટ કરવી છે. એ વિના જાણે જે હતું તે થીજી ગયું હોય એવું લાગે છે. નવા પ્રયાસે ભલે હવે એ તેજોમય બને, આનંદમય બને.

ગુજરાતને પણ એ જ લાચારી!

આપણું કહી શકીએ એવું ગુજરાત નીપજ્યું છે ત્યારે ગાંધીજીની પ્રણાલી મુજબ એક દિવસનો ઉપવાસ કરી ઈશ્વરનો ઉપકાર માનવામાં આપણે કાઢવો જોઈએ. ઈશ્વર કરે અને નવા ગુજરાતનું સુકાન જેમના હાથમાં સોંપાયું છે તેઓ જવાબદારી પૂરી કરવામાં સદા સાવધ રહે, વિવેકી રહે, વિચારને સ્વીકાર્યા પછી એને પાર પાડવામાં લાચાર ના બને, વ્યક્તિઓની સમતાનો આદર કરતા રહી એમના ગુણ પારખે અને ખીલવે.

ગુજરાત પહેલું એનું પેટ ભરતાં શીખે. લાખોને મોં સુધી અનાજ પહોંચતું નથી, ત્યાં પોષણની શી વાત. હજારો નહિ ખાવાનું તે જ મોંમાં ઓરે છે, વેચે છે, બનાવે છે, ઉત્તમ તરીકે ખપાવે છે. પથ્ય ને પોષક ખોરાક સહુને મળે, એ બનાવતાં શીખે ને એનો આનંદ લે એવું ગુજરાતનો ખોરાક-પ્રધાન કરી બતાવે ને ઈશ્વર એને જશ આપે.

આપણાં મિત્ર જેવાં પશુ અને ઝાડ—બંનેની મૈત્રી જાળવીને પણ એમને ઉપયોગી બનાવીશું ને ઉત્તમ સેવાઓ લઈશું. આપણી સંતતિમર્યાદા અને કાળજીભર્યો ઉછેર જેમ પશુ અને વનસ્પતિનુંયે જતન કરતાં શીખીશું—માત્ર વધારો નહિ થવા દઈએ.

પછી એટલી જ તાકીદ ને વાત તે કાયદાની અટપટી જંજાળ વડે કર અને એની આકરી વસુલાત વડે નોકરશાહીમાં આવતો તુમાખી, એને વશ જતી જનતા, ને એમાંથી નીપજતાં લાચારસ્ત. નવા જમાનાનો આ ઘોર અત્યાચાર માનવીને બૂઠો કરી મૂકે છે. શું ગુજરાતને પણ એ જ લાચારી વળગેલી રહેશે?

'સૌન્દર્ય ને સ્નેહનાં મૃત્યુ કદી નથી'

આપણા દેશમાં પતિભક્તિનો મહિમા ઘણો છે. પતિ સાથે પોતાનું જીવન એકરૂપ બનાવી દેવું એ અહીંની સ્ત્રીનો સ્વભાવ થઈ ગયો છે. પણ આ સ્વભાવની આપણે જોઈએ તેવી કદર કરી છે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. એ બીજું શું કરે એમ ગણી એનું લેખું ઉતારી પણ પાડીએ છીએ.

શું પતિભક્તિ સ્નેહમાંથી જન્મે છે? કે ગુણપૂજામાંથી ઉદ્‌ભવે છે? કે એ પરંપરાગત ને માથે પડેલી છે? આવો વિચાર પણ આપણને અકળાવે કે ઉશ્કેરી મૂકે છે?

પરદેશની સ્ત્રીઓ પતિભક્ત હશે કે કેમ એની આપણે વારંવાર શંકા કરીએ છીએ, કદીક મજાક પણ કરી લઈએ છીએ. ત્યાં સતીની તો કલ્પના પણ શેની હોય એમ કહી અહીંના પરિસ્થિતિનું ગૌરવ ધરીએ છીએ.

લેડી એડવીના માઉન્ટબેટને મૃત્યુ પહેલાં એક ઇચ્છા કરેલી કે પતિ પહેલાં એનું મૃત્યુ થાય તો એના દેહને જળસમાધિ લેવડાવવી. કારણ કે એના પતિએ જીવ-

લેણુ સાગરયુદ્ધો ખેડ્યાં છે ને એમાં એમનુ વીરત્વ જોઈ એ હરખી છે સાગર એ એના પતિની પુરુષાર્થની ભૂમિ છે અને યશક્ષેત્ર છે એમા જ એ પોઢી જશે

જ્યારે એડવીનાનુ શબ સાગરના જળમા ઉતારવામાં આવ્યુ ત્યારે આ પત્નીનો પતિપ્રેમ આખા જગતે ચકિત થઈને જોયો પતિને આપેલા આ અર્ધ્ય વડે ઘણાને એણે વિચારતા કરી મૂક્યા કે એમનું સખ્ય કેવુ હશે! પતિ જ્યારે પત્નીને ફૂલો વરસાવી વિદાય દેતો હતો ત્યારે પત્ની એના પતિના સાગર સાહસોની ગાથા દિગન્તમા સંભળાવતી હતી—અને છતા બધુ જ શાંતિથી!

*

સાને ગુરુજી

કુંપળ અને કળી

'પાનખર અને વસંત' નામની સાને ગુરુજીની નવી નવલકથા પ્રગટ થઈ છે સાને ગુરુજીના લખાણો દરેકને હોંશે હોંશે વાચવા ગમે આ નવલકથા પણ એટલી જ પ્રિય થઈ પડે તેવી છે તેમાંથી થોડોક ભાગ અહીં મૂક્યો છે આ નવલકથાના અનુવાદક છે **શ્રી જયન્ત પરમાર**

બારણામા મગડો આવશે, ચકલી આવશે અને તને રમાડશે તેમને કાકરા ન મારતો, કાઢી ન મૂકતો એમને દાણા નાખજે, રોટલાનો ટુકડો નાખજે. અને મિનડી તારા દૂધ પાસે આવીને મિયાઉ–મિયાઉ કરશે તો તેને લાકડી લઈ મારતો નહી એને દૂધ પીવડાવજે બા પાસે જઈને તેને પીવડાવવાનુ દૂધ લઈ આવજે અને ગાયનુ વાછરડુ ભાંભરે ત્યારે તું જઈને તેને પંપાળજે તેમના જેવો તું ચપળ થજે અને મોતીઓ કૂતરો તને ચાટવા આવે ત્યારે તેના મોમા રોટલાનો ટુકડો મૂકજે અને આંગણામા મેંદી, મોગરો અને તુલસી ડોલશે તેમને તારી નાનકડી ઝારી લઈને પાણી પાજે પતંગિયાને દૂરથી જોજે એમની પાંખ ન તોડતો પ્રાણીઓ ચતુર હોય છે એમને દોરડાથી બાંધતો નહિ

મન ખૂબ વિશાળ છે જીવનના બધા સ્મરણો તેમા ભરાયેલાં હોય છે એ ક્યારે જોર કરીને બહાર આવે છે અને બીજા સ્મરણોને દાબી દે છે તે નક્કી નથી હોતુ

ધરતીમાતાની પથારી બધાને સંઘરશે એ તો માતાની પણ માતા છે જીવનમા આ સંસારથી કંટાળીને ગયેલા જીવને ધરતીમાતા જ આશરો આપે છે નાનાં મોટા બધાને તે ગોદમા લે છે માનવ માતાને પોતાના મોટા છોકરાને ગોદમા લેતાં સંકોચ થાય છે પણ ધરતીમાતા બધાને, નાના–મોટાને ગરીબ–તવંગરને, સ્ત્રી પુરુષને, આબાલ-વૃદ્ધને, પાપી–પુણ્યશાળીઓને—વગેરે બધાને પાસે લે છે એના અનંત પંખીઓ બધાને માટે છે એની લીલીછમ ઝાડી, એના ફૂલ બધાને ઠંડક આપે છે પંખીઓ ગીત ગાય છે બધાને તે આરામ આપે છે

સ્વપ્નો જ અમર હોય છે સ્વપ્નમાંથી જ દુનિયાને સૌંદર્ય મળ્યુ કવિના, કલાકારોનાં અને મહાત્માઓના સ્વપ્નોને લીધે જ માણસની મહત્તા છે માણસ સ્વપ્ન જોઈ શકે છે અને કલ્પના કરી શકે છે એટલે તે મોટો

કલાકારોના મન પ્રસન્ન ન હોત તો આ શિલ્પકળા એ શી રીતે પ્રગટ કરી શકત! એમના આત્મામા કળા હતી એથી તો એ પથ્થરમાં પ્રગટ કરી શક્યા આત્મા અમર છે અમર આત્માની કળા પણ ઘણું સમય સુધી ટકતા પથ્થરમાં એમણે પ્રગટાવી હિંદુ મંદિરોના કળશ જાણે ગગનને ભેટવા મથે છે મુસલમાન ભાઈઓની મસીદ ઉપર ભવ્ય ઘુમ્મટ હોય છે

*

'ધૂમકેતુ'

એકલવ્ય

મહાભારત એ આપણું મહાકાવ્ય છે તેમાં કેટલીય પ્રેરક કથાઓ છે જે દરેકને સાચા અર્થમાં પ્રેરણા પાય. આ પણ એવો જ એક પ્રસંગ છે જે દરેકને સાંભળવો-વાંચવો ગમે. આ પ્રસંગને દરેક જાણે છે છતાં આપણા જાણીતા કલમનવેશી તેમની આગવી શૈલીમાં બહેલાવી છે જે દરેકને પ્રેરણા પાશે...

એકલવ્ય હમેશાં વિચાર કરે. એને મહાન ધનુર્ધર થવાનાં સ્વપ્નાં આવે. શિકાર અને શિકારી—અને જંગલના હિંસક પશુઓની પાછળ દોટ—એ બધું એ કરે, કારણ કે છેવટે તો ભીલનો છોકરો. અને આ એના ગુજરાનની વાત થઈ, એટલે શિકાર ન કરે તો જીવે શી રીતે ? પણ એનું ધ્યાન રાત અને દિવસ એક જ વાતમાં. હું શી રીતે મહાન ધનુર્ધર બનું ? બાણ તો સૌ ફેંકે. નિશાનબાજી પણ સૌ કરે. પણ ધનુર્વિદ્યા એ ધનુર્વિદ્યા. જો આવડે તો હાથમાં તીરકામઠું રાખ્યું પ્રમાણ !

એણે અર્જુનનું નામ સાંભળ્યું હતું. કર્ણની વિદ્યાનાં વખાણ સાંભળ્યાં હતાં. એણે ગુરુ દ્રોણાચાર્યની વાત સાંભળી હતી. એને રાત દિવસ સ્વપ્નાં આવે, ક્યારે હું હસ્તિનાપુર પહોંચું અને ક્યારે ત્યાંથી ધનુર્વિદ્યા ભણી આવું. ક્યારે હું એમના જેવો બાણાવળી ગણાઉં.

એ હસ્તિનાપુર જવા માટે થનગની રહ્યો હતો. એને ધનુર્વિદ્યા શીખવી હતી. એને બધાનાં માન મૂકાવે એવા બાણાવળી થવું હતું. છેવટે એણે પોતાના પિતા હિરણ્યધનુને કહ્યું : 'પિતાજી ! મારે હસ્તિનાપુર જવું છે !'

પિતા તો એ સાંભળીને નવાઈ પામી ગયા. 'હસ્તિનાપુર જવું છે ? ત્યાં શું છે ?'

'મારે, પિતાજી ! ધનુર્ધર થવું છે. ત્યાં જઈને ધનુર્વિદ્યા શીખવી છે.'

નિષાદરાજ હિરણ્યધનુ તો આ વાત સાંભળીને નવાઈ પામી ગયો. છોકરાના મગજમાં આ ભૂસું કોણે ભરાવ્યું હશે તેની તેને સમજણ પડી નહિ. પોતે નિષાદરાજ હતો—એ ખરું પણ એને હસ્તિનાપુરમાં કોણ રાજા માને ? આંહીં એ શિકારીઓનો રાજા હતો. અફાટ જંગલમાં એ એકલો ચક્રવર્તી હતો. પણ છેવટે તો એ નિષાદ-શિકારી-ભીલ હતો. એને હસ્તિનાપુરમાં કોણ ગણવાનું હતું ? આ છોકરો ત્યાં જશે, તો એની સામે પણ કોણ જોવાનું હતું ?

પણ એકલવ્ય નિરાશ ન થઈ જાય માટે એણે કહ્યું : 'જો ભાઈ ! આપણે આ આપણા થાનકે સારા છીએ. આંહીં આપણા જેવા બીજા કોણ નિશાનબાજ છે ? આપણે હસ્તિનાપુર જઈએ—હસ્તિનાપુર ક્યાં રહ્યું ? ત્યાં આપણને કોણ ઓળખે ? આંહીં તો જંગલનો શિકારી માત્ર આપણને જાણે. હિંસક પશુઓ પણ આપણને ઓળખે આ જંગલનાં વૃક્ષો પણ જાણે કે આ નિષાદરાજનો પુત્ર છે. એવું આપણું પોતાનું થાનક છોડી, અને હાથે કરીને હીણા બનવા માટે ત્યાં જવું ? અને ત્યાં જઈને શું ? આપણે શું શીખવાનું બાકી રહ્યું છે ? આપણે તો બધું જાણીએ છીએ !

'અરે ! હોય કાંઈ પિતાજી ? આપણે તો આ

મૂગાં પ્રાણીઓનો શિકાર કરી શકીએ. પણ એ કાંઈ ધનુર્વિદ્યા છે? ધનુર્વિદ્યા તો જેને આવડે એ શબ્દવેધી બાણ છોડે. આકાશમાં રથ ઉડાડી મૂકે. પળભરમાં ઘોર અંધકાર ફેલાવી દે. એમાં બાણની એવી એવી વાતો આવે છે કે, આપણને તો એનો સ્વપ્નોમાં પણ ખ્યાલ ન આવે!'

'પણ એ આપણને શીખવાડે કોણ?'

'કેમ વળી? કોણ ન શીખવાડે? વિદ્યા શીખવાવાળાને ના પાડે એવો માણસાઈ વિનાનો કોણ હોય? અને ત્યાં તો ગુરુ દ્રોણ જેવા બેઠા છે એ તો વિદ્યા આપવા બેઠા છે. શીખવાવાળો જોઈએ'

'અરે ભાઈ! તને આ બધી વાતો આ જંગલમાં કરવી ફાવે છે પણ હસ્તિનાપુર જુદું છે. ત્યાંની વાત જુદી છે એ વાત જવા દે બેટા! આપણે આહીં મજા છે.'

'પણ મારે એક વખત હસ્તિનાપુર જોવા તો જવું જ છે. કહે છે ત્યાં તો ધનુર્વિદ્યાના પ્રયોગો થાય છે ત્યારે દેવતાઓ પણ જોવા આવે છે!'

'તે હશે બેટા! દેવતાઓ તો આવે આપણે રહ્યા ભીલ. આપણો પડછાયો પણ કોઈ ન ટયે એટલે હું તો કહું છું, રહેવા દે ને જવું!'

'ના. પણ મારે હસ્તિનાપુર જોવું તો છે!'

'તો ભલે, સારાં શુકન જોઈ ને નીકળજે. પણ મારું માન તો જવું રહેવા દે. ત્યાં તારો કોઈ ભાવ નહિ પૂછે.'

પણ જુવાન એકલવ્યના દિલમાં તો હસ્તિનાપુર રમી રહ્યું હતું. એક દિવસ પિતાની રજા લઈને હસ્તિનાપુર જવા માટે એ ચાલી નીકળ્યો એના મનમાં અર્જુન, કર્ણ એ બધાં નામ રમે. પણ ખરું નામ તો રમે, ગુરુ દ્રોણાચાર્યનું. એના મનમાં એની એક મહાન મૂર્તિ ઊભી થઈ ગઈ હતી. ગુરુ દ્રોણ એટલે ગુરુ દ્રોણ ગુરુ દ્રોણાચાર્યની પાસે બેધા પાણી ભરે. એને ગુરુ દ્રોણાચાર્યના જ શિષ્ય થવું હતું. અને આખા ભારતવર્ષમાં નામના મેળવવી હતી. આ એનું સ્વપ્ન હતું એના જુવાન દિલમાં કૈં કૈં વાતો રમતી હતી.

એ હસ્તિનાપુર પહોંચ્યો નગર જોઈને છક્ક થઈ ગયો. પણ નગરની બહાર ધનુર્ધરો માટેનું મેદાન જોયું, ત્યારે તો એનું હૈયું નાચી ઊઠયું!

ઊંચે ઊંચે વૃક્ષોનાં ઘટ્ટ પત્રોમાં નાનાં નાનાં રમ્મતનાં પંખી ટાંગ્યા છે—ને ધનુર્ધરો ત્યાં પ્રયોગો કરે છે એ પંખીની આંખ વીંધવાની! અને તે પણ એવી રીતે કે પંખીને આંચ ન આવે!

એકલવ્ય તો આ બધું જોઈ જ રહ્યો! કેવી કેવી વિદ્યા આંહીં હતી? પણ એણે જોયું કે વિદ્યા માગતી હતી, એક ધ્યાન. એક જ વાત. એક જ લક્ષ્ય એક જ તલ્લીનતા.

એ બે ચાર દિવસ ત્યાં આસપાસ આંટા મારતો રહ્યો શું બાણાવળીઓ આવે છે? એક એક કરતાં ચઢે તેવા પણ બધા અભ્યાસ અભ્યાસ ને અભ્યાસ—અભ્યાસમાં એકાગ્ર છે. ભીલકુમાર એ વાત પકડી લે છે. એકાગ્રતા તલ્લીનતા.

પણ ભીલકુમાર જુએ છે—પોતાના જેવા રંગ-રૂપનો કોઈ ત્યાં દેખાતો નથી. બધા જ રાજકુમારો. એક એકથી ચડે તેવા. એમનાં રૂપ પણ નખશીખ રાજકુમારને શોભે તેવાં. પોતાના જેવા રૂપરંગનો કોઈ મળે નહિ. એકલવ્યનું મન હવે ડગવા માંડ્યું. 'મને આમાં રાખશે ખરા ?' એને શંકા પડી. પણ વળી થાય છે, કેમ નહિ રાખે! હું પણ નિષાદપતિ તો છું!'

એક દિવસ ગુરુ દ્રોણાચાર્ય જેવા એકલા પડયા કે એ તરત ત્યાં એમની પાસે પહોંચી ગયો. જઈને એમને પ્રણામ કર્યા. 'ગુરુદેવ! હું આંહીં ધનુર્વિદ્યા શીખવા આવ્યો છું. મને આપ સ્વીકારો. આપનો શિષ્ય બનાવો!'

ગુરુ દ્રોણાચાર્ય તો એને જોઈ ને નવાઈ પામી ગયા. એમના સામે જોઈ રહ્યા. 'પણ તું ભાઈ! છે કોણ?' તેમણે પૂછ્યું. 'ક્યાંથી આવે છે?'

'હું નિષાદરાજ હિરણ્યધનુનો કુમાર!'

'નિષાદરાજ?' ગુરુને આ શબ્દ સાંભળીને નવાઈ લાગી.

'નિષાદરાજ? એ કોણ?'

'એ જંગલના રાજા છે!'

'પણ જાતે કેવા?'

'નિષાદ. ભીલ....'

'ભીલ?.. ઓ હો! ત્યારે તો તું ભીલકુમાર. હું તો રાજકુમારોને શીખવાડું છું. ભીલકુમારને નહિ. તું બીજે જા!'

'પણ મેં તો તમને જ ગુરુ ધાર્યા છે!'

'પણ મેં તને ક્યાં શિષ્ય કહ્યો છે?' ગુરુ દ્રોણાચાર્યે કહ્યું:

'તું તો ગમે તે ધારે ભીલકુમાર! એમ કાંઈ તારા ધારવાથી હું કોઈને નહિ—ને નિષાદને—ભીલને—આ વિદ્યા આપીશ એમ? આ વિદ્યા તો અમૂલ્ય ચીજ છે. જેને તેને આપવાની એ ન હોય. આપનારો રૌરવ નરકમાં જાય.... અને લેનારો પણ!'

એકલવ્ય તો આ વાત સાંભળીને ઘડીભર દિઙ્‌મૂઢ બની ગયો. એને પિતાના શબ્દો સાંભર્યા. ઘડીભર તો, શું બોલવું એ એને સૂઝ્યું નહિ. એની જીભ જાણે સીવાઈ ગઈ.

પણ અચાનક એના મનમાં એક વાત આવી ગઈ—તેણે બે હાથ જોડીને કાંઈ ન હોય તેમ કહ્યું—'ગુરુદેવ! તમે મને ન શીખવો....પણ મને તમારી પાદુકા તો આપો મેં તમને ગુરુ ધાર્યા છે દિલ આખું આપના નામથી ભરાઈ ગયું છે. એમાં બીજા કોઈને હવે સ્થાન નથી બીજા કોઈ પાસેથી મારે કાંઈ શીખવું નથી. તમારી પાદુકા આપો, ગુરુદેવ!'

'પણ પાદુકા તને શું શીખવશે ભીલકુમાર?'

'શીખવશે, શીખવશે, દેવ! મારામાં કાંઈ સત્ય હશે તો બધું શીખવશે!'

ગુરુ દ્રોણાચાર્યે વિચાર્યું: આને તદ્દન નિરાશ ન કરવો. એણે પોતાની પાદુકા એને આપી ભીલકુમાર એકલવ્યનું દિલ છિન્નભિન્ન થઈ ગયું હતું. એ નિષાદ હતો માટે એને કોઈ વિદ્યા આપવા માગતું ન હતું. એનું મન ખાટું થઈ ગયું. પણ એણે નિશ્ચય કર્યો કે કોઈ વિદ્યા ન આપે તો આપણે આપણી

મેળે શીખવી. એવી એકાગ્રતાથી એની ઉપાસના આદરવી કે વિદ્યા આપણને મળે જ મળે. અભ્યાસમાં રચ્યાપચ્યા રહેનારને શું નથી મળતું ?

તે ઘેર આવ્યો. એનો ચહેરો લેવાઈ ગયો હતો. દિલ ભાંગી ગયું હતું. મન નિરાશ થઈ ગયુ હતું નિષાદરાજે એ જોયુ. એ સમજી ગયો. આને કોઈએ ફેંકુ આપ્યું લાગતું નથી. પણ એના ભાગેલા મનને વધારે ન ભાંગવા માટે નિષાદરાજે એને બહુ પ્રશ્નો પૂછ્યા નહિ.

પણ એટલામાં તો એકલવ્યે પાદુકા કાઢી પોતાના ઘર પાસેના મોટા મેદાનમાં એની સ્થાપના કરી. માટીની એક મૂર્તિ બનાવવા મંડયો.

હિરણ્યધનુએ પૂછ્યું : 'ભાઈ ! આ તું શું કરે છે ? ગુરુ દ્રોણાચાર્યે તને સ્વીકાર્યો ? શિષ્ય તરીકે ?'

'ગુરુને કાંઈક વાંધો છે, આપણી નિષાદ જાતિ સામે પણ મેં એમની પાદુકા મેળવી છે. એમને ગુરુપદે સ્થાપ્યા છે ત્યા પણ બધા એકાગ્રતાથી સિદ્ધિ મેળવે છે. આપણે પણ રાત દિવસ આ એક વાતની પાછળ પડીશું, તો આપણને પણ સિદ્ધિ મળશે !'

પિતાએ વધુ કાંઈ કહ્યું નહિ.

એકલવ્યે તો ગુરુ દ્રોણની પ્રતિમા સરજી. એની આગળ એમની પાદુકા મૂકી. એની પૂજા કરી. ફૂલહાર પહેરાવ્યા. પ્રણામ કર્યા. અને એમને અંતઃકરણથી નમીને, બાણ છોડવાં શરૂ કર્યાં.

પછી તો એ રાત દિવસ એ એક જ કામમાં મંડયો. જુદાં જુદાં નિશાન લે જુદી જુદી રીતે શરીરને કેળવે રાત દિવસ એક જ વાત છે. શિકાર પણ ભૂલી ગયો એક જ વાત આદરી. નિશાન લેવું. નિશાન પાડવું. વધુ મુશ્કેલ નિશાન સિદ્ધ કરવું. બાણના પ્રયોગો કરવા. આકરામાં આકરી રીતે બાણ છોડવું. હળવામાં હળવી રીતે છોડવું એક ફૂલની પાંદડીને પણ નુકસાન ન કરે, અને છતાં નિશાન આબાદ લે, એમ બાણ છોડવું....

ભીલકુમાર તો પોતાની હૈયાઉકલતથી હજાર નવી વાતો હમેશાં શીખે છે, ને સતત અભ્યાસથી એ સિદ્ધ પણ કરે છે.

એમ કરતાં કરતાં એણે તો એવી સિદ્ધિ મેળવી કે ગુરુ દ્રોણાચાર્ય જુએ તો એમને પણ એમ થાય કે આ ભીલકુમારે હદ કરી નાખી છે.

હવે એક વખત એવું બન્યું કે પાંડવ કૌરવ બધા આ જંગલમાં શિકારે નીકળ્યા ભીલકુમાર આ જંગલમાં પોતાનો સતત અભ્યાસ ચલાવી રહ્યો હતો. એને તો કોણ આવે છે, કોણ જાય છે, એ કોઈ વાતની ખબર નથી એ તો પોતાના અભ્યાસમાં જ તલ્લીન છે. પણ થયું એવું કે પાંડવ કૌરવ સાથે જે શિકારી કૂતરો હતો, તે આડો અવળો આમ તેમ રખડપટ્ટીમાં ચડી ગયો. ને રખડતો રખડતો જ્યાં આ ભીલકુમાર અભ્યાસ કરતો હતો, ત્યાં આવી ચડયો

ભીલકુમારને જોઈને એ જોરથી ભસવા માંડયો. પણ એથી તો ભીલકુમારના અભ્યાસમાં ખલેલ

પડવા માંડો. એને એમ કે ભસીને થાકી જશે, એટલે બંધ થઈ જશે. પણ કૂતરાએ તો વધારે જોસથી ભસવા માડયું. ભીલકુમારનાં વિચિત્ર વેવથી એ ભસવે ચડી ગયો.

ભીલકુમારે તરત તેના તરફ નાનાં બાણ છોડવા માંડયાં.

પણ કૂતરાને જરા પણ ઈજા ન થાય તે છતાં એ ભસતો બંધ થઈ જાય, એવું એને કરવું હતું એટલે એણે એવી તો આસ્તેથી, કોમળ હાથે, નાનકડાં બાણોની એક ઝૂડી કરીને છોડી કે એની છેલ્લી બાણોની ઝૂડી જાણે કૂતરાના મોમાં આવીને બેસી જતી હોય તેમ ધીમેથી બેસી ગઈ.

નથી એ એના મોને ઈજા કરતી. નથી એ એના શરીરને સ્પર્શતી. કેવળ એના મોંમાં જાણે ધીમેથી ગોઠવાઈ ને એનું ભસવું બંધ કરી દે છે।

અને એની આ બાણવિદ્યા તો જોનારને છક્ક કરી નાખે તેવી હતી.

કૂતરાનું ભસવું બંધ થયું, એટલે ભીલકુમારે તો પોતાનું કામ આગળ ચલાવ્યું.

હવે આ બાજુ કૂતરો રખડતો રખડતો પાછો પાંડવ કૌરવ પાસે આવ્યો એને આમ આવેલો જોઈ ને બધા નવાઈ પામી ગયા પણ અર્જુન તો બાણવિદ્યાનો પૂરો જાણકાર હતો. એ તો આ જોઈને વિચારમાં જ પડી ગયો.

એને થયું, આ બાણવાળીએ તો હદ કરી નાખી છે.

કૂતરાના મોમાંથી લોહીનું એક ટીપું નીકળતું નથી. ફક્ત એનું મોં જડબેસલાખ થઈ ગયું છે. બાણો એવી રીતે એના મોમાં ગોઠવાઈ ગયાં છે.

આ થયું શી રીતે ?

આ તો બાણ ચલાવનારાએ હદ કરી હતી.

બરાબર આવી રીતે ગોઠવાઈ ને બાણ શી રીતે બેઠાં હશે, એનો વિચાર આવતાં સૌ છક્ક થઈ ગયાં. બાણવાળીની શોધમાં એ જંગલમાં નીકળ્યા, અને ત્યાં એકલવ્યને દીઠો.

પેલાં બાણ મૂકનાર આ માણસ જ એ ખાત્રી થઈ. એટલે રાજકુમારોમાથી એક જણાએ તેને પૂછયું : 'તમે કોણ છો ? ને કોના શિષ્ય છો ?'

એકલવ્યે જવાબ વાળ્યો : 'હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર છું. અને દ્રોણાચાર્યનો શિષ્ય છું !'

આ સાંભળીને તો બધા રાજકુમારોનાં મન ખિન્ન થઈ ગયાં. એમને થયું કે ગુરુએ આપણને અંધારામાં રાખીને આવી વિદ્યા આ ભીલકુમારને આપી દીધી છે. તે વખતે તો એ કાંઈ બોલ્યા નહિ.

એમણે હસ્તિનાપુર જઈ ને ગુરુ દ્રોણાચાર્યને આ વાત કહી.

ગુરુને પણ પહેલાં તો નવાઈ લાગી. પછી પેલો એક ભીલનો છોકરો આવ્યો હતો, એ તો આ ન હોય ? એમ મનમાં વાત ઊગી. એ પોતે જ રાજકુમારો સાથે જંગલમાં ગયા. જ્યાં એકલવ્ય અભ્યાસ કરી રહ્યો હતો ત્યાં પહોંચ્યા.

એમને જોતાં જ એકલવ્ય તો એમના ચરણમાં પડી ગયો.

દ્રોણાચાર્યે એને પૂછ્યું: 'તું આ વિદ્યા-કોની, મારી પાસેથી શીખ્યો છે?'

એકલવ્યે કહ્યું, 'હા ગુરુદેવ! આ આપની પ્રતિમા. એણે જીવંત હોય તેમ મને જવાબો આપ્યા છે હું આપનો શિષ્ય છું!'

'પણ શી રીતે? મેં તો તને શિષ્ય તરીકે કોઈ દિવસ કાંઈ શીખવાડયું નથી!'

એકલવ્યે જવાબમાં પોતાનો બધો જ વૃત્તાંત કહી સંભળાવ્યો.

પણ હવે જ પ્રશ્નનો પ્રશ્ન આવ્યો: આ માણસ તો ધનુર્વિદ્યાનો પારંગત બની ગયો હતો. આ પ્રમાણે ચાલે તો તો એ કોઈક દિવસ અર્જુન જેવાને પણ ભારે પડી જાય

ગુરુ દ્રોણાચાર્ય અર્જુન બધા વિમાસણમાં પડી ગયા. ભીલકુમારે તો હદ કરી નાખી હતી ગુરુદક્ષિણા માગીને જ આ વાતને કાંઈક પણ બંધ આપી શકાય.

ગુરુ દ્રોણાચાર્યે કહ્યું: 'હે ભીલકુમાર! જો તારે મારા સાચા શિષ્ય થવું હોય તો ગુરુદક્ષિણા આપ!'

એકલવ્યે બે હાથ જોડીને કહ્યું: 'ગુરુદેવ! જે માગો તે આપું. ગમે તે દક્ષિણા માગી લ્યો!'

દ્રોણાચાર્યે કહ્યું: 'જો તારે મને ગુરુદક્ષિણા આપવી હોય તો તારા જમણા હાથનો અંગૂઠો આપી દે!'

એક ક્ષણના પણ વિલંબ વિના એકલવ્યે પોતાના જમણા હાથનો અંગૂઠો કાપીને ત્યાં ગુરુચરણે ધરી દીધો!

રાજકુમારો અને દ્રોણાચાર્ય પોતે પણ આભા' બનીને આ જોઈ જ રહ્યા.

પણ એ ત્યાંથી પાછા ફર્યા કે તરત એકલવ્યે અંગૂઠાની મદદ વિના પણ બાણવિદ્યા સિદ્ધ કરવા માટે તરત અભ્યાસ આદરી દીધો.

★

વિખ્યાત અણુ પ્રયોગના શોધક અને વૈજ્ઞાનિક આઈનસ્ટાઇન એક દિવસ ચિંતન માટે સમુદ્રતટ પર જઈ રહ્યા હતા એવામા એમણે જોયુ કે એક નાનો પાચ છ વર્ષનો બાળક રેતીમાં એક નાનો સરખો ખાડો ખોદી એમા છીપથી પાણી લાવી ભરી રહ્યો છે ત્રણ ચાર કલાક બાદ જ્યારે આ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક પાછા ફર્યા ત્યારે એમણે જોયું કે હજુ પણ એ બાળક પહેલાની જેમ કામમા મગ્ન છે એનુ મો લાલ થઈ ગયું હતું. પણ રાજી રાજી થઈ એ પોતાના કામમાં લાગ્યો રહ્યો હતો. એમણે બાળકને પૂછ્યું, 'ભાઈ! આ શું કરી રહ્યો છે?' એણે કહ્યુ કે 'હુ સમુદ્રને આ ખાડામા ભરી દઈશ.' બાળકનો આ જવાબ સાંભળી આઈનસ્ટાઈને કહ્યુ: 'સમુદ્ર તો બહુ મોટો છે. તારા આ નાના ખાડામા કેવી રીતે સમાશે?' બાળકે કહ્યુ: 'તમારૂં હૃદય શુદ્ધ થઈ જાય તો એમાં સ્વયં ભગવાન આવીને બેસી જાય છે એવી પ્રભુ ઈસુની વાત તમે નથી જાણતા? શું આ રીતે આ ખાડામા સમુદ્ર આવીને નહિ સમાય?' બાળકનો આ અટલ વિશ્વાસ જોઈ ભૌતિક વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન નતમસ્તક બની ગયા એમણે બાળકના ચરણ ચૂમ્યા અને કહ્યુ. 'બેટા! તુ મારા માટે ભગવાન ક્રાઈસ્ટ છે તે મને ભગવાનનો સાચો મહિમા બતાવ્યો.' આ પછી ભૌતિકવાદી આઈન્સ્ટાઈન તત્ત્વવેત્તા, આધ્યાત્મવાદી આઈન્સ્ટાઈન બની ગયા.

'ઊર્મિ-નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામાં સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવું ક્યારેય ભૂલશો નહિ.

વાડીલાલ મો. શાહ

અરવિંદ ઘોષનું 'નગ્ન સત્ય'

અરવિંદબાબુના એક લેખનો જાણીતા વિદ્વાન શ્રી વા. મો. શાહે અનુવાદ કરેલો તેને સ્વ. વા. મો. શાહના સાહિત્યના અભ્યાસુ સંપાદકે ખાસ ઊર્મિના વાચકો કરીને વાચનીય બનાવ્યો છે

[ગુજરાતી સાહિત્યના શબ્દભંડોળને સમૃદ્ધ કરનામાં સંગત ચિંતક અને ફિલસૂફ વાડીલાલ મોતીલાલ શાહે પ્રસંગે પારિભાષિક શબ્દોની યોજના કરીને સારો કહી શકાય એવો અમૂલ્ય ફાળો આપેલો છે, તેમાંનો જ એક આ 'નગ્ન સત્ય' રૂપી શબ્દપ્રયોગ છે અલબત્ત, એ અંગ્રેજી શબ્દો 'નેકેડ ટ્રુથ'નું ભાષાન્તર છે, પરન્તુ તે ભાગ્યે જ તરજુમિયો લાગે છે એ શબ્દ પહેલપ્રથમ યોજાયો હતો સને ૧૯૨૫ના સપ્ટેમ્બર માસમાં અને તે પણ મહત્ત્વના તાત્ત્વિક વિચારોને મૂર્ત કરવા માટે 'નગ્ન સત્ય' શીર્ષક નીચે તેમના 'જૈનહિતેચ્છુ'માં રફતે રફતે પ્રગટ થતી લેખમાળા દ્વારા ધ્યાનમાં રહે કે એ લેખમાળા માટે વા. મો. શાહને રૂ ૧૦૦૦નું પહેલી હરોળનું ગવિધારા પારિતોષિક સને ૧૯૨૭માં આપવામાં આવ્યું હતું એ હકીકત નોંધવી ઉચિત છે સદરહુ લેખમાળામાં જે વિચારોની રજૂઆત એ વિચારક વાડીલાલે વર્ષો સુધી અવારનવાર કરી હતી તે જ વિચારોને સહારો આપનારો તેમ જ વા. મો. શાહના તત્ત્વજ્ઞાનને પુષ્ટિ આપે એવો અરવિંદ બાબુનો એક લેખ 'આર્ય' પત્રમાંથી તેમને મળી ગયો એટલે તેમણે તેમની પોતાની લાક્ષણિક શૈલી દ્વારા તેને ગુજરાતીમાં ઊતારી લીધો એ લેખ એટલે જ આ 'અરવિંદ ઘોષનું નગ્ન સત્ય'
પ્રસ્તુત લખાણની સંકલના એવા પ્રકારની છે કે એક યુરોપિયન જિજ્ઞાસુ અરવિંદ બાબુને એક વિચારણીય પ્રશ્ન પૂછે છે, જેનો તેઓ સુંદર ખુલાસો કરી બતાવે છે અલબત્ત, લખાણ ટૂંકું છે, પરન્તુ તેમાં રહેલું ઊંડાણ અને ગાંભીર્ય વધારે છે આમ હોવાથી તેની ઉપયોગિતાનો આંક કેટલી હદ સુધીનો ગણાય તેનો યોગ્ય નિર્ણય તો અધિકારી વાચકવર્ગે કરી લેવાનો રહે એ જ વધુ હિતાવહ ગણાય અને એવા કોઈ નિર્ણય પર આવવા મથનારને ખૂબ જ મોટા પ્રમાણમાં માર્ગદર્શક થાય એવી એક વિચારપ્રેરક ટૂંકી નોંધ સદરહુ લેખને છેડે પાદનોંધમાં આપી છે તે તરફ અભ્યાસી વાચકોનું ધ્યાન ખેંચવું અસ્થાને નહિ ગણાય

—મિ. વી. હેમાણી]

પ્રશ્ન :

વિશ્વદૃષ્ટિવાળા કેટલાક પુરુષોના સહવાસમાં આવતાં મને તેઓમાં દયા, દુખી તરફ સહાનુભૂતિ કે સહાય કરવાની ઇચ્છા—પરોપકારવૃત્તિ ઓછી જણાઈ આથી મને લાગે છે કે વિશ્વદૃષ્ટિવાળું જીવન જીવવા કરતાં વ્યક્તિત્વના જ ભાનવાળું—મર્યાદિત જીવન જીવવું એ વધારે ઇષ્ટ કાં ન ગણાવું જોઈએ? મારા અભિપ્રાય પ્રમાણે વ્યક્તિગત જીવન ('ઇન્ડિવિડ્યુઅલ કોન્શ્યસનેસ') જીવનારને બીજા તરફ દયા, સહાનુભૂતિ, પરોપકારવૃત્તિ વિશેષપણે હોઈ શકે છે કદાચ મારી ભૂલ પણ થતી હોય તો મને સુધારશો

અરવિંદ બાબુનો ઉત્તર

વિશ્વદૃષ્ટિવાળા પુરુષમાંથી દયાનું તત્ત્વ જતું જ રહે છે એવો નિર્ણય બાંધતા પહેલાં ખાત્રી કરો કે
(૧) તમે જે દાખલાઓ ઉપરથી 'સિદ્ધાંત' બાંધવા પ્રેરાયા તે દાખલાઓમાં તે તે મનુષ્યો **ખરેખર** વિશ્વદૃષ્ટિવાળા છે?
(૨) અને તેઓ જો ખરેખર વિશ્વદૃષ્ટિવાળા હોય તો શું તેઓ **ખરેખર** દયા ને પરોપકારવૃત્તિથી શૂન્ય છે?
(૩) દયા અને પરોપકારવૃત્તિના અસ્તિત્વની પરીક્ષા બાહ્ય મદદથી જ થવી જોઈએ?
(૪) **દૃશ્ય** મદદ ને **દૃશ્ય** કોમળતા સિવાય **બીજી** રીતે પણ દયા ને મદદ હયાતી ધરાવી શકે નહિ શું?

જો કોઈ માણસ દુનિયાના બીજા મનુષ્યોનાં સુખદુ ખ તરફ અંધ જ હોય તો તે વિશ્વદૃષ્ટિવાળો હોઈ શકે જ નહિ. એમ જ હોય તો સમજવું કે

(૧) વ્યક્તિગત શાંતિ અને સ્વાર્થી સંતોષની કેદમાં રહેતી તે વ્યક્તિ છે, અગર તો

(૨) કોઈ વિશ્વવ્યાપક સત્યને લગતી **ભાવના** માત્ર— સિદ્ધાંત માત્ર—'યુનિવર્સલ પ્રિન્સિપલ ઇન ઇટ્સ એબ્સ્ટ્રેક્ટ ફોર્મ'મા રમનારો અને 'ભાવના'થી આગળ વધીને 'કાર્ય' સુધી **નહિ** પહોંચેલો એવો તે મનુષ્ય છે. અલબત્ત, આ બધી સ્થિતિઓ પણ તેના આત્માના વિકાસ માટે **જરૂરી** શ્રેણીઓ છે. પણ તે કાંઈ વિશ્વદૃષ્ટિ ન જ કહેવાય

જે મનુષ્ય વિશ્વદૃષ્ટિવાળુ જીવન નિર્વહે છે તે તો નિ શંક આખા વિશ્વના જીવનને પોતાની બાથમા લે છે, અને અહંભાવવાળી સ્થિતિમાંથી આગળ વધવા માંડતી તમામ દુનિયા તેની દયાનો વિષય બને છે. પણ દયાની આ મહાન વૃત્તિ કાંઈ **નિયમ તરીકે** બાહ્ય લાગણીના ઉછાળામા કે સક્રિય ઉદારતામા જ દેખા દેવાને **બંધાયલી** નથી વિશ્વદૃષ્ટિની સઘળી પ્રકૃતિઓ અને સઘળા સ્વરૂપોને, આપણને **પરિચિત** હોય અગર આપણને **પસંદ** હોય અગર આપણને **જરૂરી** લાગતી હોય કે **આકર્ષક** લાગતી હોય **એવી જ** પ્રકૃતિ અને **એવા જ** સ્વરૂપ સાથે જકડી રાખવાની ભૂલ ન થવી જોઈએ સહન કરવાની શક્તિના અભાવે જે 'લાગણી' (ઇમોશન) આપણને થાય છે તે લાગણી એ એક જ દયાનું સ્વરૂપ છે એમ માનવું ન જોઈએ તેમજ અમુક વ્યક્તિને અમુક દુ ખ વખતે **તાત્કાલિક** લાભ જે ચીજથી થાય તે ચીજ કરવાથી કે દેવાથી જ 'પરોપકાર' થાય છે એમ પણ ન માની બેસવું જોઈએ

ખરેખર મનુષ્ય વ્યક્તિગત જીવન ભોગવે છે ત્યારે તેની લાગણી એક પછી એક ભૂમિકામા આગળ વધે છે. પ્રથમ તે પોતાનો જ વિચાર અને પોતા સિવાય તમામના સુખ-દુ ખ તરફ અંધ હોય છે. એ સ્થિતિમાંથી આગળ વધીને તે, જેમને તે પોતાના માનતો હોય છે તેમનાં સુખદુ ખમાં રસ લેતો થાય છે, અને બીજાએ તરફ બેદરકાર અને શત્રુ તરફ દ્વેષમય બને છે એથી આગળ વધે છે ત્યારે તે વિશ્વદૃષ્ટિને લાયક બને છે પરન્તુ ખુદ દયા અને પરોપકાર પણ પ્રથમ તો સ્વાર્થમય જ હોય છે. એવા કામો 'અહં' સાથે સંબંધ ધરાવતા હોય છે.

(૧) દુ ખનુ દૃશ્ય જોવાથી જોનારના જ્ઞાનતંતુઓને પીડા થાય છે, તે પીડાથી 'લાગણી' ઉત્પન્ન થાય છે એટલે 'લાગણી'થી પ્રેરાતી મદદ **સ્વાર્થમાંથી** પ્રગટેલી ગણાય. વ્યક્તિગત દૃષ્ટિમાંથી જ તેનો જન્મ ગણાય—નહિ કે વિશ્વદૃષ્ટિમાંથી.

(૨) બીજાઓ તરફ આપણે ભલાઈ કરીએ તેથી બીજાઓ આપણે માટે સારું બોલે એ આપણને 'પ્રિય' લાગે છે, તેથી પણ દયા કે પરોપકારનું કાર્ય થાય છે અને તે કોઈ વિશ્વદૃષ્ટિનુ સંતાન ન ગણાય

(૩) આપણી ઉદારતા કે ભલાઈ માટે આપણને **પોતાના દિલમાં હર્ષ** થાય છે તેથી પણ એવું કૃત્ય કરાય છે, જેને પણ વિશ્વદૃષ્ટિનું સંતાન ન ગણાય

(૪) **સંજોગવશ** થઈને અગર આપણી **પ્રકૃતિને** વશ વર્તીને કેટલીક વખત ભલાઈ કર્યા વગર **ચાલતુ** જ નથી—ભલાઈ કે દયા કરવી જ પડે છે, એ કાંઈ વિશ્વદૃષ્ટિનુ કાર્ય ન ગણાય કેટલાક એવા પણ છે કે જેમને હમેશાં દુ ખી માણસ તરીકે જોઈએ છીએ. દાન કરે ત્યા સુધી તેમની પ્રકૃતિને સુખ ન જ મળે. એમની 'લાગણી'રૂપ કીડો હમેશા કાંઈ કારણ ન હોય, અને તે છતા જે ભલાઈ થાય તે જ વિશ્વદૃષ્ટિનું પ્રકટીકરણ કહેવાય એમાં ન હોઈ શકે, કોઈ હેતુ કે ન હોઈ શકે ફરજ. સઘળા જીવોમાં પોતાની એકતાના અનુભવથી આપોઆપ જે થાય તે જ દયા કે ભલાઈ છે

પરન્તુ આંહી પણ ભૂલ ન થવી જોઈએ આ પણ કાંઈ ઉચ્ચતમ ભૂમિકા તો નથી જ. એવી સ્થિતિ પછી પણ એક સ્થિતિ એવી આવે છે કે જેમાં બીજાનાં કે પોતાના દુ ખોથી આપણે ગભરાતા કે પરાજીત થતા નથી આપણે દુ ખ જોઈ શકીએ

છીએ અને દુઃખની લાગણી અનુભવ્યા વગર જ સહાય કરી શકીએ છીએ. એથી પણ આગળ એક સ્થિતિ છે કે જેમાં આપણે 'આનંદ'(બ્યુટિટ્યુડ)માં વસતા હોવાથી કોઈના કે પોતાના દુઃખથી અસર પામતા નથી.

એ તો થઈ બીજાનાં દુઃખ પોતાને સ્પર્શવા—ન સ્પર્શવા સંબંધી વાત. હવે બીજાનાં દુઃખ દૂર કરવાના માર્ગ સંબંધી વિચારીએ. અમુક માણસનું અમુક જ દુઃખ દૂર કરવા માટે બાહ્ય ક્રિયા થાય તો જ મદદ કરી કહેવાય કે દયાનું અસ્તિત્વ કહેવાય એમ કાંઈ નથી. દુઃખ રૂપી ઝાડની એક ડાળી કાપી નાખવી એ ઠીક છે, પરન્તુ તેથી ડાળી ફરીને નહિ જ ઊગે એમ કોણ કહી શકશે? એ વૃક્ષનાં મૂળિયાં જ ઉખેડી નાખવાના કામમાં તે મનુષ્યને મદદગાર થવું એ સર્વોત્તમ દયા છે. આનંદ અને શાન્તિ અને સંપૂર્ણતાનું દાન કરવું એ આધ્યાત્મિક અને ઉચ્ચતમ દયા છે અને વિશ્વદૃષ્ટિવાળાને તે સ્વાભાવિક હોય છે.*

---

*'નિશ્ચયનય'(એબ્સોલ્યૂટ સ્ટેન્ડપોઈન્ટ)ના અભ્યાસીઓ તથા તેરાપંથના મૂળ આશયના શોધકો અને 'નગ્ન સત્ય'ના વાચકો તેમજ વેદાન્તના રહસ્યના વિચારકોને આ લેખ ઘણો જ કિંમતી થઈ પડશે. લાગણીરહિતપણામાંથી લાગણીવાળી દશામાં આવવું, અર્થાત્ 'અશુભ'માંથી 'શુભ'માં આવવું એ પ્રાથમિક સ્થિતિ છે (અને એ સ્થિતિમાં સારું-ખોટું, નીતિ-અનીતિ વગેરે દ્વન્દ્વોના વિવેકની આવશ્યકતા છે. ભેદ અથવા વિવેક ત્યાં અવશ્ય જોઈએ. એ ભેદ પોતાના વિકાસ માટે કરાતી મર્યાદાનું બીજું નામ માત્ર છે, નહિ કે 'સત્ય'), અને 'શુભ'માંથી 'શુદ્ધ'માં આવવું એ ઉચ્ચતર સ્થિતિ છે. 'શુદ્ધ' મા લાગણીની ગુલામી હોઈ શકે જ નહિ. લાગણીનો સોબતી તત્ત્વજ્ઞાની બની શકે જ નહિ. તે બહુ તો તત્ત્વજ્ઞાનના હીરચીર પહેરી શકે અથવા તત્ત્વજ્ઞાનની 'ભાવના'ઓનો 'સંગ્રહ' કરી શકે. તેનાથી તત્ત્વજ્ઞાનના પ્રદેશની અલૌકિક હવાનો દમ લઈ શકાય નહિ.

✱

ઈરાનના અખાતમાં રહેતા લોકો પુષ્કળ પ્રમાણમાં ખજૂર ખાય છે; અને છતાં તેમના દાંત સારા હોય છે. પરંતુ તેઓ ચોકલેટ અને ગળ્યા ટોફી જેવા બીજા પદાર્થ એટલા પ્રમાણમાં ખાઓ, તો તરત દાંત સડવા લાગે. કારણ કે, દાંત બગડવાનું મુખ્ય કારણ એ છે કે, દાંત ઉપર ચોંટેલ સ્ટાર્ચ અને શર્કરામાં આથો આવી જે તેજાબ પેદા થાય છે, તે દાંતને સડવી નાખે છે તો પછી ખજૂર ખાનારાના દાંત કેમ બગડતા નથી? એનું કારણ એ છે કે, ખજૂરમાંની શર્કરા તો સજીવ કોશોમાં હોય છે. તેથી ઝાડ ઉપરની ખજૂરમાં સડાથી આથો ચડતા રોકનારા જે દ્રવ્યો હોય છે, તે તેમાં મોજૂદ હોય છે. તે દ્રવ્યો ખજૂરની દાંતે ચોંટેલી શર્કરામાં સડાનો આથો ચડવા દેતાં નથી. એ કોશો નિર્જીવ થવા માટે અને તેથી શર્કરામાં આથો ચડવો શરૂ થાય, ત્યાર પહેલા તો નવા સજીવ કોશો બીજા કોળિયા સાથે આવી જાય છે અને પેલા કોશો દાંત આગળથી ધકેલાઈ પેટમાં ચાલ્યા જાય છે!

•

વિખ્યાત વૈજ્ઞાનિક આલ્વા એડિસનને એકવાર એની કંપનીના એક 'મોટા' શેર હોલ્ડર તરફથી પત્ર મળ્યો. આ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, "તમારી કંપનીના વાઈસ-પ્રેસીડન્ટને એના હોદ્દાના મોભાનું કે તમારા જેવા પુરુષ સાથેના સંબંધના ગૌરવનું બરાબર ભાન નથી. મને માહિતી મળી છે કે કેટલીકવાર એટલા જોરથી હસે છે કે એનો અવાજ બહાર ઑફિસ સુધી સંભળાય છે."

એડિસને આ પત્ર મુખ હાસ્ય વેરતા એક પુરુષની મોટી તસ્વીર સાથે વાઈસ પ્રેસિડેન્ટને મોકલી આપ્યો અને સાથે એવી સૂચના લખી જણાવી કે 'આ તસ્વીર ઑફિસના મધ્ય ઓરડામાં એવી રીતે ટાંગજો કે બધા જોઈ શકે. આ તસ્વીર બધાને સતત યાદ આપતી રહે કે ખુશખુશાલ દિમાગ રાખ્યા વગર સારી રીતે કામકાજ થઈ શકતું નથી.'

પન્નાલાલ પટેલ

અદલ બદલ

કોમ, કક્ષા કે કુળના ભેદભાવ જ્યાં નડતા નથી એવી માણસની સદ્વૃત્તિની, માણસની સહજતાની, માણસની માનવતાની આ એક નિર્દોષ વાત છે. આપણા નામીતા વાર્તાકાર બાળવાર્તાઓ ઉપર પણ ઠીક ઠીક હાથ ચલાવી શકે છે તેની પ્રતીતિ કરાવતી ઊર્મિના વાચકો અગાઉ પણ આવી વાર્તાઓ વાંચી ચૂક્યા છે તેમાં જ આ એક વધુ વાર્તા ..

હોળીની સમી સાંજ હતી. ફળી વચ્ચે એક લીંબડો હતો. લીંબડા નીચે છોકરાં ટોળે વળ્યાં હતાં એક બીજા ઉપર ધૂળ ઉડાડતાં રમતાં હતાં.

ત્યાં અમરત અને ઈસબ આવી પહોંચ્યા. એકમેકના ખભા ઉપર હાથ નાખ્યા છે. નવાં નવા ચડ્ડી ખમીસ પહેર્યા છે. એક જ કાપડના, એક જ ઘાટનાં, એક જ માપનાં ને આજે જ સિવડાવેલાં. આ બેઉ એક જ નિશાળમાં જાય છે ને એક જ ધોરણમાં ભણે છે બેઉનાં ઘર આ ફળીના નાકે છે. સામ સામે આવેલાં છે

અમરત ઈસબનાં માબાપનો ધંધો પણ એક જ —ખેતીના છે. સ્થિતિ પણ સરખી—વાણિયો પાંચ ધક્કા ખવરાવે ત્યારે એક વાર ધીરે!

ટૂંકામાં આ બે ભાઈબંધોને ફેર હોય તો એટલો : અમરતને બા હતી, બાપ હતો ને ત્રણ બીજાં ભાંડુ હતાં. ઈસબને બા નો'તી, ભાંડુ નો'તાં, બાપ એકલો જ હતો.

છોકરાંઓનાં તોફાન જોઈ રહેલા જુવાનોમાંથી એક જણ બોલી ઊઠયો : 'અલ્યા અમરત–ઈસબ, ક્યાંય બદલાઈ ના જાઓ.'

બીજા એકને તુક્કો સૂઝ્યો: 'અલ્યા ભાઈ પૂછો જોઉં, જોરમાં તો જોઈએ ? એ તો બરાબરિયા છે કે વત્તા ઓછા ?'

પછી તો પેલાં છોકરાં પણ બોલી ઊઠયાં : 'હાં હાં અમરત, ખરી વાત ઈસબ. જુઓ' તો ખરા 'લ્યા. કુણ ટપ્પે છે જો!'

પહેલો જુવાન વળી બોલ્યો : 'ને આ કંઈ રીસમાં ઓછું છે? આ તો અમથા અમથા!'

ઈસબે અમરત સામે જોયું. અમરતે પોતાનાં કપડાં સામે જોયું: 'ના ભાઈ ના, મારી મા મારી નાખે!'

અમરતનો ભય સાચો હતો. ઘેરથી નીકળતાં જ માએ એને ચેતવ્યો હતો. 'હઠ કરીને લૂગડાં લેવરાવ્યાં તો છે પણ જો ક્યાંય ફાડયાં કે મેલાં કર્યાં તો આવી બન્યું જાણજે!'

વાત સાચી હતી. ઈસબને ગઈ કાલે ચડ્ડી ખમીસ સીવવા નાખ્યાં હતાં એ જાણીને અમરતે પકી હઠ પકડી હતી: 'ઈસબ જેવાં સીવડાવો તો જ નિશાળે જઉં, નકર નથી જતો'

માએ કહ્યું : 'બેટા, ઈસબ તો વેલા વીં'ટા ગતો'તો ને તારે તો હજુ ચાલે છે!

'ક્યાં ચાલે છે, જો આ?' કહી અમરતે આંગળી ઘાલી ફાટેલાને વધારે ફાડયું.

માએ બીજી વાત કરી: 'પણ ઈસબને એના બાપાએ કાલે અદ્ધર કેવો બાંધ્યો'તો ? એટલે બેટા, એ તો મારેય - એ ખાય ને લૂગડાંય નવાં એ પે'રે!'

પણ અમરત એમ છેતરાય એવો ન હતો : 'ના મારે તો! ભલેય બાંધ અદ્ધર, પણ ઈસબનાં જેવાં લૂગડાં સીવડાવ!'

'તો કે' તારા બાપાને.' માએ જાણે જ વાબદારી માથેથી કાઢી નાખી.

પણ મા ન માની પછી બાપા કેમ માને? તો અમરનેય હઠ ન છોડી: ન નિશાળે ગયો, ન ખાધું કે ન રાતે ઘેર સૂવા આવ્યો.

ને માએ પતિને ઠપકો કરીને નવાં કપડાં સિવડાવવાની સંમતિ મેળવી. અમરતનેય ઈસબના વાડામ થી શોધી લાવી ઘેર સુવરાવ્યો.

પછી આજે ઈસબની જેમ બની ઠની ગામમાં નીકળેલો અમરત, કપડાંને આળ આવે એવું પગલુ ભરી જ કેમ શકે? તેમાંય પાછું ઈસબ જોડે લડવાનું!

પણ ત્યાં તો પેલી ટોળીમાંથી એક તોફાની છોકરો બહાર નીકળ્યો. સીધો જ અમરત પાસે ગયો. જતાંમાં જ એના ગળે હાથ નાખ્યો: 'તો હેંડ, આપણુ બે બાથે પડીએ.' ને ખેંચી લઈ ગયો ખુલ્લામાં.

પણ અમરતને વઢવું હોય તો સામું જોર કરે ને? એ તો છૂટવા માટે જ મથી રહ્યો: 'મેલી દે, હેંડ. મારે નથી બાથે પડવું. જો હાં, કાળિયા? નથી કર હો..'

'એટલામાં તો કાળિયાએ એને ભોંય ભેગો કરી દીધો. આ જોઈ પેલાં છોકરમાં ને જુવાનોમાં આનંદ જાણે ઊછળી પડ્યો: 'હે હે. અમરત હાર્યો. ખરો કાળિયો! જીતી ગ્યો.... જીતી ગ્યો....'

આ સાથે જ ઈસબનો મિજાજ ગયો. ઊભો હતો ત્યાંથી ધસી આવ્યો. ટોળામાં જતા કાળિયાનો હાથ પકડ્યો: 'આવી જા હેંડ, મારી સામે!'

કાળિયો ખચકાયો. પણ પેલા જુવાનોએ એને પાનો ચઢાવ્યો. ને ત્યાં જ આ બે નાનકડા બળિયા, 'બથ' બથા!'

ને એવા બાઝ્યા કે—નીચે પડેલો કાળિયો જોરજોરથી રોવા મંડ્યો.

જુવાનોએ જોયું તો હસવામાંથી ખસવું થઈ ગયું. વહેલા વહેલા, વેર લેવા વળેલા ઈસબને છૂટો પાડ્યો કાળિયાને રડતો મૂક્યો, ને નાના મોટા બધા આડાઅવળા છૂ થઈ ગયા કાળિયાના માબાપ વઢે એવી બીકે સ્તો.

અમરત પણ ઈસબને લઈ છટકી ગયો. થોડેક ગયો ત્યાં એની નજર ઈસબના ફાટેલા ખમીસ ઉપર પડી. ખિસ્સા સહિત દોઢ વેંત લીરો નીચે લટકતો હતો.

જોતાંમાં જ બેઉના પગ જડાઈ ગયા, મોં ફાટી ગયા. અડધી જીભ બહાર-નીકળી પડી ને ભયભરી એ ચારેય આંખો લીરા ઉપર ચોંટી રહી: 'હવે!'

ઓછું હોય તેમ પેલા છોકરાને રડતો સાંભળીને કે કોણ જાણે ઈસબના બાપે ઘેરથી હાંક પાડી: 'ઈસબગ ક્યાં ગ્યો?'

ને બેઉ છોકરાઓની નાડીઓ જાણે બોલી રહી: 'આવી બન્યું! આવી બન્યું!'

ખાતરી હતી કે ખમીસનો લીરો જોતાં જ ઈસબનો પઠાણ બાપ એની ચામડીના લીરલીરા કરી નાખવાનો!

હાસ્તો, કેટકેટલું વાણિયાને કાલે કરગર્યો ત્યારે આટલું લૂગડું નામે માંડ્યું હતું!

બીજો અવાજ આવ્યો: 'અબે કોણ રો'તા હૈ? કિધર ગયા ઈસબ?'

છોકરાઓને વહેમ પડયો : 'કાં તો આ તરફ આવશે.'

એકાએક અમરતના મગજમાં જાણે ચમકારો થયો ઈસબને એ એક બાજુ દોરી ગયો : 'તું આવ તો ખરો !'

ને બે ઘર વચ્ચેના નેળિયામાં દાખલ થતાં જ અમરત પોતાનું ખમીસ કાઢતો ગયો ને કે'તો ગયો : 'કાઢ તારું.. કાઢ ઝટ... લે તું આ મારું પે'રી લે !'

ઈસબનું મગજ જાણે બહેર મારી ગયું : 'ને તું ?'

'હું આ તારું પે'રીશ. અદલ બદલ કરી દઈએ. કાઢ હેંડ, ઝટ, કોક જોઈ જશે'

ઈસબ બટણ કાઢતાં ગૂંચવાઈ રહ્યો : 'અદલ બદલ ? પણ તને પછી તારા બાપા ઓછો માર્યા વગર મેલશે !'

અમરતે ઈસબનું ખમીસ કાઢવા જતાં કહ્યું : 'મારશે, પણ મારે તો મા છે ને ?'

વાત સાચી હતી ઈસબે ઘણી વાર જોયું હતું. બાપના મારમાંથી બચવા અમરત એની મા પાછળ ભરાઈ જતો ને મારમાંથી બચી જતો. હા, માના બે ધબ્બા ખાવા પડતા. પણ એ તો, જોઈ રહેલા ઈસબને ગોળ જેવા લાગતા.

તોય ઈસબ હા ના કરત પણ બહાર કંઈક ખખડ્યું. ને એણે ચટ દેતું'ને કાઢી દીધું. બેઉ જણાએ એક બીજાનું પહેરી લીધું. આચામથી પછી બહાર નીકળ્યા ને ડરતા સકોચાતા પોતપોતાના ઘર તરફ વળ્યા

પણ આજ સપરમો દન હતો. એમાં વળી હોળીનો ધમાલિયો તહેવાર એટલે સ્વાભાવિક રીતે જ અમરતનો કસૂર થોડાંક દાંતિયાંમાં પૂરો થઈ ગયો.

આ સાથે જ બેઉ છોકરાઓનો પેલો ડર સકોચ પણ છૂ થઈ ગયો.

ને વળી પાછા બેઉ ભઈબંધ એકમેકના ખભા ઉપર હાથ નાખી હોળી ભેળી કરવા, ગામ પાછળ રવાના થઈ ગયા ને તે પણ આ વખતે તો કોઈ અનેરા ઉલ્લાસથી.

પણ ત્યાં તો એક જાણભેદુ જુવાને એમના ઉલ્લાસને ઓગાળી નાખ્યો. આંખ મિચકારતાં બોલ્યો : 'કેમ અદલ બદલ ?'

અમરત ઈસબ સમજી ગયા : આ ભાઈ જોઈ ગયો છે ! ને બેઉ જણ ત્યાંથી બીજે ઠેકાણે છટકી ગયા.

પણ પાસેના છોકરા જાણી ગયાં : આ બે ચિઢાય છે. એટલે ત્યાં જઈને એમણેય આ બેને ચીઢવવા માંડ્યા : 'કેમ અદલ બદલ ?'

વળી આ બે છટક્યા. પણ હવે શું ? છોકરાં બધાં બૂમ મારતાં હવે તો એમની પાછળ જ પડ્યાં હતાં : 'અદલ બદલ ? એ અદલ બદલ ?'

ને થાકીને વાત ફૂટી જશે એવી બીકે બેઉ જણ હોળી ચકલેથી ઘેર નાસી આવ્યા.

ત્યાં તો આંગણામાં ખાટલો નાખી હોકો પીતા બેઠેલા ઈસબના બાપાએ એમને પાસે બોલાવ્યા, 'કેમ અળગા અળગા ફરો છો ?' એમ પૂછી ખાટલા ઉપર બેસવા કહ્યું : 'બેઠ જાઓ, બેય બેટા !'

ઈસબના બાપનો આવો મીઠો અવાજ જોઈ બેય છોકરા કંપી ઊઠ્યા : 'આવી બન્યું' !

વાત જાણ્યામાં આવી ગઈ છે. એટલે જ આ બનાવટી હેત દેખાડી રહ્યા છે!'

પણ ત્યાં તો આ પઠાણ બાપ ઊભો થઈ ગયો. એટલા મેટા દસ વરસના અમરતને તેડી લીધો. હાંક મારી: 'અરે વ્હાલીભાભી! આ તમારો અમરત આજથી હવે મારો છે હાં!'

વ્હાલીભાભી હસતાં હસતાં બહાર નીકળ્યાં: 'એક તો પલવાતો નથી, હસનભાઈ!'

'પણ આજથી તો હવે—એકવીસ હોય તોય પાલવીશ વ્હાલીભાભી.' પઠાણનો અવાજ ગળગળો થઈ ગયો.

વ્હાલીને પણ નવાઈ લાગી.

પઠાણે ગળું સાફ કરતાં આ બે છોકરાઓને પેલા નવેળામાં જતા જોયા હતા એ વાત કરી. કહ્યુ: 'મને થયું ક્યાં હે દેખું તો સહી.—'

પઠાણે વાત માંડેલી જાણીને આજુબાજુની સ્રીઓ પણ આવી ઊભી

પણ આની વાત કંઈ લાંબી ન હતી. ખમીસ કાઢ્યાની ને અદલ બદલ કરવાની વાત સમજાવતાં કહ્યું: ઈસબ કે' છે, 'તારા બાપા તને મારશે એનું શું?'

પણ જવાબમાં તમારો આ અમરત શું કે' છે, ખબર છે? 'મારે તો મા છે ને પણ?'

ને વળી પાછી આંખો ભરી બેસતાં પઠાણે ઉમેર્યું: 'સચ કહું છું. આની આટલી વાતે મારું દિલ ખોલી નાખ્યું છે! દિમાગ ઠેકાણે આણ્યું છે!'

ફળીની સ્રીઓ પણ આ સંભળીને ને આ છોકરાઓનું એકબીજા ઉપરનું હેત જાણીને દિંગ બની રહી...

ત્યાં તો હોળી ઊભી કરી પાછાં ફરેલાં પેલાં છોકરાંએ વળી અહીં અમરત ઈસબનો કેડો પકડ્યો: 'ઈસબ–અમરત અદલ બદલ, અદલ બદલ ભાઈ અદલ બદલ!...'

પણ હવે શું! આ સાંભળીને હવે તો અમરત ઈસબને ઊલટાની મજા પડી...

ઓછું હોય તેમ આ પછી હોળી પ્રગટાવવા ગયા હતા ત્યા ખમીસ બદલ્યાની બધી વાત જાણી મોટેરાંમાંથી ખુદ મુખીએ જ આ નવા નામનો જાણે ઈલકાબ આપતા હોય તેમ જાહેરાત કરી; 'તો એમ કરો: આજથી હવે અમરતનું નામ અદલ ને ઈસબનું નામ બદલ રાખો.'

ને આ સાથે ગામનાં બધાં છોકરાં એવાં તો રાજી રાજી થઈ ઊઠ્યાં કે—ગામને જ નહિ ગગનનેય જાણે ગજવી રહ્યાં: 'અમરત–ઈસબ અદલ બદલ; અદલ બદલ ભાઈ અદલ બદલ.'

★

૧૯૫૮માં દેશમાં કુલ ૩૫,૫૦૦ મોટરગાડીઓ બનશે ૧૯૫૭મા ૨૬,૭૮૮ બની હતી.
૩૧ માર્ચ ૧૯૫૮મા દેશમા કુલ ૪ લાખ ૬૬ હજાર મોટરગાડીઓ હતી
જાન્યુઆરીથી સપ્ટે૦ ૧૯૫૮ સુધીમાં ૬,૯૮૦ મોટરકાર બની ૨,૫૪૨ જીપકાર બની ૧૩,૬૭૨ ટ્રક બન્યાં
'સ્ટેંડર્ડ–૧૦' મોટરોમા ૪૮.૪ ટકા ભાગ દેશમા બનેલો હોય છે, 'હિંદુસ્તાન એમ્બેસેડર'મા ૭૩.૪ ટકા ભાગ દેશમાં બનેલો હોય છે.

ઈશ્વર પેટલીકર

લગ્નનું ખર્ચ

લગ્નોમાં થતા મોટા ખર્ચ નવે સ્વરૂપે પણ માઝા જ મૂકી છે ધનવાનોને આ પોસાય, પણ મધ્યમવર્ગ અને ખોટી મોટાઈમારી હાથ ન કરનાર કેટલાય કુટુંબો હેરાન થાય છે અહી રજૂ થતો આ જાણીતા નવલકથાકારનો લેખ એક પ્રશ્ન છે જે દરેકને વાચવો–વિચારવો ગમે

[હુ મેટ્રિક સુધી ભણેલો મધ્યમ વર્ગનો યુવક છુ મારા માતાપિતા સંસ્કારી છે અને તેમના ગુણો મારામા ઊતરેલા હોવા જોઈએ આજે મધ્યમવર્ગની પરિસ્થિતિનો ખ્યાલ કોને નહી હોય? મારા પિતા પૈસો કેવી રીતે કમાય છે તે હુ જાણુ છુ, અને અનુભવુ છુ હું પણ પૈસો કમાઉ છુ મહિને રૂ ૧૨૦ પગાર છે પણ હુ તેમાથી એક પૈસો બચાવી શકતો નથી પ્રયત્ન ઘણા જ કર્યા મહિનાને અંતે તૂટ જ પડે છે મારે ત્રણ બહેનો છે, બે ભાઈ છે મારા પિતા મારા અને બહેનના લગ્ન કરવા ઉત્સુક છે પણ પૈસાનો સવાલ આવે છે અત્યારે અમારી ન્યાત સુધારા પર નથી આવી જેથી પૈસા વગર લગ્ન કરી શકાય અગર તો બીજી જ્ઞાતિમા લગ્ન કરી શકાય

મારા વિવાહ થયેલો છે મારી ભાવિ પત્ની મેટ્રિકમા અભ્યાસ કરે છે અમારા વચ્ચે, પત્રવ્યવહાર ચાલુ છે અને અતિ નીકટમા કૌટુંબીય નાતે આવી ગયા છીએ છેવટે જ્યારે હુ કન્યાવિદાય પદ્ધતિથી લગ્ન કરવાની ઇચ્છા ધરાવતો થયો અને જ્યારે તે વાત મારા માતાપિતાના જાણવામા આવી ત્યારે તેઓ ગુસ્સે થયા આ વાત જ્યારે મારી પત્નીના પિતાએ જાણી ત્યારે તેઓએ સખ્ત વિરોધ કર્યો મારી પત્ની એમની બીજી પુત્રી છે તે મારી માન્યતામા સાથ આપે તેમ લાગતુ નથી જો અત્યારે હુ તેને છોડી દઉ તો નિરાશા નામે મારગ પત્રવ્યવહાર દ્વારા અમારો સંબંધ એટલો મજબૂત થયો છે કે અમે અંદરખાનેથી પતિ–પત્ની જેવો વ્યવહાર રાખીએ છીએ આજે વિવાહ થયે ચાર વર્ષ થયા એક બાજુ હુ એ ચાર વર્ષ એકલો રહી કંટાળી ગયો છુ બીજી બાજુ માતાપિતા મને જરૂર પણ આપતી શકતા નથી પૈસા પણ બચાવી શકતો નથી આજે પિતાજી મારુ લગ્ન કરવા માટે પૈસા દેવુ કરી લે અને તે દેવુ મારે જ ભોગવવાનુ છે તે જાણવા છતા હુ દેવુ કરાવુ કે પણ? અને ધારો કે પૈસા આવ્યા અને એ પૈસા બચાવી અને મારા ભાઈ બહેનને ભણાવુ તે તેઓ કેટલા આગળ વધશે? તેઓની જિંદગી નહિ સુધરે? મને કેટલીકવાર આશ્ચર્ય થાય છે કે મેટ્રિકમા ભણતી એક છોકરી જેની સાથે પોતાના લગ્ન થવાના છે તેનુ ભલુ પણ ન ઇચ્છી શકે? મારે શુ કરવુ?]

આ ઉપરના પત્રમા યુવકે પોતાની ભાવના, લાગણી, અને નિખાલસતા વ્યક્ત કરી છે આપણા સમાજના દુ:ખદ દૂષણો કેવા છે તે આના ઉપરથી ખ્યાલ આવે છે આ યુવક જે જ્ઞાતિનો છે તેમા નાનપણથી વિવાહ કરી રાખવાનો રિવાજ છે એવા વિવાહિત યુવક–યુવતી ઉમરલાયક થયા પછી જો માબાપ લગ્ન ન કરી આપે તો જાતીય વૃત્તિને રોકી શકતા નથી લગ્ન નથી થયા પણ વિવાહ થયેલો જ એટલે આપસમા કંઈ ખોટુ નથી કર્યુ એવી મનોવૃત્તિ કેળવી શરીરસંબંધ બાંધવાનો શરૂ કરી દે છે યુવકે એનો આમા એકરાર કર્યો છે અને તે પત્ની મળે તેમ કબૂલ પણ કર્યુ છે તે વડીલોના વલણને પરિણામે ઊભો થયો છે તેમાથી આખોય પ્રશ્ન ઊભો થયો છે

વિવાહ કરી મૂકવા પછી ઉમરલાયક થયેલા છોકરીએ લાગી ગયેલા પુત્રોને માબાપે પરણાવી દેવા જોઈએ પરંતુ યુવકે જણાવ્યુ છે તેમ નાતના રિવાજ પ્રમાણે દીકરો પરણાવતા ત્રણ ચાર હજાર રૂપિયા ખર્ચ થાય કન્યાને ઘરે પણ આપવા પડતા હોય એ માટે પૈસા નથી દેવુ કરીને તે ખર્ચ કરવાનુ છે એ રકમ ભરપાઈ કરવી જોઈએ અને ધીમે ધીમે નાણા ન હોય તો પણ એ બચત

ત્યાંથી ફરી એ સવાલ છે કદાચ દેવું કર્યા પછી પૈસા પરાણે બાંધી બચત કરવામાં આવે તો યુવકને પ્રશ્ન થાય છે કે, તેનો સદુપયોગ નાના ભાઈ બહેનોને ભણાવવામાં કરવો જોઈએ કે લગ્નના ખોટા ખરચમાં? માબાપ તો દીકરો વગરપૈસે પરણતો હોય તો પસંદ કરે પણ કન્યાપક્ષ કેમ માન્ય રાખે? દીકરીને જણમો આપવાની હોય તે ન મળે તો સારે માઠે પ્રસંગે એનો સહારો શું? એ જાતે કરી ન્યાતમાં પોતાનું ખોટું શું કામ દેખાડે? જ્ઞાતિ સુધારા પર આવી નથી એનું દુઃખ છે તેમ યુવક માને છે વાત સાચી છે જમાના પ્રમાણે ખરચને પહોંચી વળાય તેવા રિવાજો હોવા જોઈએ મધ્યમ વર્ગમાં કેળવણીનું ખરચ વધ્યું છે યુવકને પોતાના નાના ભાઈ બહેનોને ભણાવવાની ઉત્સુકતા છે, સસરા પણ એની દીકરીને મેટ્રિક સુધી ભણાવે છે આ ખરચ વધ્યું તેના પ્રમાણમાં જેમના આવક નથી કે તેમને તો કંઈ મુશ્કેલી નથી, પરંતુ મધ્યમ વર્ગમાં આ એવડું ખર્ચ પોસાય તેમ નથી દેવું કરીને ખરચ કરવાથી મધ્યમ વર્ગ વધુ દુઃખી થાય છે પરંતુ એ કરુણ સ્થિતિ યુવક ટાળી શકે તેમ નથી સસરાનો સહકાર નથી સાળો સંમત નથી કન્યામાં માબાપની વિરુદ્ધ સાદાઈથી લગ્ન કરવાની તૈયારી નથી યુવકને થાય છે વિવાહ તોડી નાખું? એક નિર્દોષ ભોળી અને ગભરુ છોકરીના જીવન સાથે રમત ખેલ્યા પછી આવો વિચાર આવવો એ કેવું હીણું ગણાય? આ સંજોગોમાં એના પૈસે ચાલી આવી તો એની શી સ્થિતિ થઈ હોત? લગ્ન પહેલાં જેને પત્ની કરી લીધી છે તેને છોડીને માર્ગ લેવાનો વિચાર કરવો એ નિંદ્ય છે યુવક એની સાથે પરણી ચૂક્યો છે ભલે સમજની નજરે લગ્ન ન થયું હોય વળી એના પ્રત્યે લાગણી છે અને અતિ નિકટ પણ આવ્યા છે આમ સ્થિતિ હોવાથી યુવક લગ્ન માટે રિવાજનો ભોગ થવું પડે તે થઈને પણ લગ્નની વિધિ વેળાસર થઈ જાય તેમ પ્રયત્ન કરવો રહ્યો

અને એ વેળાસર કરવા માટે જ યુવકે સાદાઈથી ફૂલહાર પદ્ધતિ કાઢી કે આપણામાં સામાન્ય જ્ઞાન ઘણું ઓછું છે તેનું પ્રતિબિંબ યુવકે ફૂલહારની પદ્ધતિ સૂચવી છે તેમાં જોવા મળે છે ઘણા માને છે કે સાદાઈથી લગ્ન કરવું હોય તો કંઈ કર્યા વિના પતિ પત્નીએ સામસામા ફૂલહાર નાખી દેવા •

એક ભાવનાવાદી યુવક મારી પાસે આવ્યો અને તેણે ગાંધીજી પ્રત્યેની ભક્તિ બતાવતાં કહ્યું કે હું ગાંધી આશ્રમ (અમદાવાદ)માં બાપુની કુટિર હૃદયકુંજ છે ત્યાં આગળ જઈ સૂતરની આંટી સામસામી પહેરાવીને લગ્ન સાદાઈથી પતાવી દેવા માગું છું જે બહેન પરણવા તૈયાર હતા તે પણ સંમત થયા હું તે પ્રસંગે હાજર રહું તેવી એમની ઇચ્છા હતી મેં એમને કહ્યું, કે તમારી ભાવના અને સાદાઈ માટે અભિનંદન આપું છું પરંતુ લગ્નની કાયદેસરતા માટે જે વિધિ કરેલી હોય તે તો કરવી પડે આજે જે હિંદુવિધિ થાય છે તે કાયદેસર લગ્ન માટે જરૂરી જ ગણાય અને તે માન્ય ન હોય તો સિવિલ રજીસ્ટ્રારની ઓફિસમાં તે લગ્ન નોંધાવવું જોઈએ બાકી કોઈ વિધિ વગર કે રજીસ્ટર કરાવ્યા વગર સામસામા ફૂલહાર પહેરાવી દો તેને કાયદેસર રીતે લગ્ન થયું ન ગણી શકાય આ યુવક પણ એવું જ માનતા દેખાય છે ફૂલહાર સામસામા પહેરી લગ્ન પતાવી લેવું મેટ્રિકમાં ભણતી છોકરી સમજતી ના નથી સમજતી તેનું એ યુવકને આશ્ચર્ય થાય છે પરંતુ કે નહીં સમજતી હોય તો પણ એનામાં માબાપની વિરુદ્ધ જવાની એની શક્તિ ન હોય તે પણ સમજવું જોઈએ બળવો કરવાનો સ્વભાવ અને શક્તિ દરેકમાં હોતા નથી અને જો હોત તો મધ્યમવર્ગે ખર્ચાળ રિવાજ સામે બળવો કર્યો હોત પરંતુ મોટી ઉંમરે એના પિતા જો સાદાઈથી લગ્ન કરવા તૈયાર ન હોય, ભાઈ પણ તૈયાર ન હોય, તો કન્યા બિચારીનું શું ગજું? મતલબ કે, છોકરીની બળવો કરવાની હિંમત નથી તે સ્વીકારીને જ યુવકે માર્ગ વિચારવો જોઈએ કારણ કે એનામાં નથી તો હું શું કરું, મારી એ જવાબદારી નથી તેમ એ કહી શકે તેવો એ નિર્દોષ રહ્યો નથી વળી એ રહ્યો હોય તો પણ વિવાહ તોડી નાખવાથી એ જેને માટે ઉત્સુક છે તે લગ્ન એ બીજી રીતે વેળાસર કરી શકે તેવું પણ નથી

નવરચના

જ્ઞાતિ સુધારા ઉપર આવી નથી નહિ તો બીજી જ્ઞાતિમાં લગ્ન કરી શકાય તેમ એણે ઉલ્લેખ કર્યો છે પરંતુ એ ભૂલી જાય છે કે આજે જેનો જે વિવાહ થયો છે તે જ્ઞાતિના રિવાજને લીધે બાકી જ્ઞાતિ સુધારા ઉપર આવી હોય અને બીજી જ્ઞાતિમાં વિવાહ થાય તેને માન્ય રાખે તેવી સ્થિતિ હોત તો આ પ્રશ્ન સહેલો બની જાત તેમ માનવાને કારણ નથી જે જ્ઞાતિમાં નથી માનતો તેવો વર્ગ આજે જે કંઈ થોડો ઘણો જોવા મળે છે તે એને બંને ભણતર સંસ્કાર, આવક જીવનધોરણ એનું માગે છે આ યુવક માત્ર માસિક રૂ ૧૨૦ કમાય છે ત્યાં એ ઘરખર્ચ શી રીતે નભાવે તે ગણતરીએ એનો વિવાહ જ ન થાય

આજે જ્ઞાતિમાંથી જેમને કન્યા નથી મળતી તેવા યુવકો થાકી મનેલખતા હોય છે મળતા હોય છે, અને પોતે જ્ઞાતિ બહારની કન્યા સ્વીકારવા તૈયાર છે તેમ જણાવતા હોય છે એ આશાએ કે તેથી બીજી જ્ઞાતિની કન્યા મેળવવી સુગમ જ રહેશે પરંતુ જે યુવકમાં ભણતર આવક અને અંગત લાયકાતની ખામીને લીધે જ્ઞાતિમાંથી કન્યા ન મળતી હોય તેમને માટે બીજી જ્ઞાતિની કન્યાની પણ એવી જ મુશ્કેલી હોય છે એ જ રીતે મોટી ઉંમરે વિધુર થયેલા પુરુષો જ્ઞાતિમાંથી કુંવારી કન્યા મેળવવામાં નિષ્ફળ જાય છે ત્યારે વિધવા લગ્નની તત્પરતા બતાવે છે પરંતુ કુંવારી કન્યા જેવા જ જેને ગમે છે તેવી નાની ઉંમરની વિધવા ૪૫–૫૦ વરસના પાંચ બાળકોના પિતાને પરણવા તૈયાર હોતી નથી તેનો એમને ખ્યાલ હોતો નથી એ તો એમ જ માને છે કે વિધવાને કોઈ પરણનાર જ નથી એટલે સારું ખોટું કર્યા વિના અમને પરણી જશે। તેમ આ યુવકોને પણ એવો ભ્રમ છે કે બીજી જ્ઞાતિમાં જવાથી કે આ વિવાહ ફોક કરવાથી જાણે એનો લગ્નપ્રશ્ન ઉકલી જશે। પરંતુ એવું નથી આથી એણે પોતાનો પ્રશ્ન આજે જે સ્થિતિમાં એ છે તેમાંથી ઉકેલવો જોઈએ

એ ઉકેલ છે આ લગ્ન અંગે જે ખર્ચ કરવું પડે તેની તેવડ કરીને બાપે એણે ખાત્રી આપવી જોઈએ કે પોતે આ દેવું વાળી આપવા બંધાય છે અને એ બોજો એમના ઉપર ચડવા દેશે નહિ એ જ રીતે એણે પત્નીને પણ એ માટે તૈયાર કરી દેવી જોઈએ એ મેટ્રિકમાં છે એને ભણી રહ્યા પછી પ્રાથમિક શાળામાં કે એવી કોઈ નોકરી મેળવી શકે તેમ છે એને કહેવાનું કે સાદાઈથી લગ્ન કરવામાં તારી સંમતિ નથી અને હિંમત નથી તો, તારે થનાર ખર્ચ માટે પરણીને વળતા તત્પરતા બતાવવી પડશે એક જણના પગારમાં ઘર ખર્ચ ચલાવવું અને બીજાનો પગાર દેવું વાળવામાં વાપરવો આમેય આ યુવક કહે છે કે મધ્યમવર્ગ ક્યાંય ઊંચો નહિ આવે શું ? તો એનો જવાબ એ જ છે કે આજની મોંઘવારી અને વધતી જતી જીવનજરૂરિયાતને પહોંચી વળવા મધ્યમવર્ગમાં પુરુષ એકનો કમાય તે નહિ પોસાય સ્ત્રીએ પણ આવક વધારવાના કામો આપવો પડશે છોકરીઓને કેળવણી એ રીતે આપવી જોઈશે કુટુંબમાં બાળકોની સંખ્યા પણ મર્યાદિત કરવી પડશે અને બાળકોએ પણ અભ્યાસની સાથે કિશોર-યુવક થતા જાય છે તેમ પોતાનાથી થાય તે ફરજ અદા કરવી પડશે કિશોરાવસ્થામાં પુત્રપુત્રી ઘરકામમાં સારા પ્રમાણમાં મદદરૂપ થઈ શકે અને કોલેજકાળમાં નાનું મોટું કામ મેળવીને પોતાની ફી જેટલું ખર્ચ કાઢી શકે તે ભાવના કેળવવી જોઈએ તે માટે અમુક જ કામ મળે તેવો આગ્રહ ન રાખતા શ્રમનું નાનું મોટું કામ હોય તે ઉપાડી લેવા તત્પર રહેવું જોઈએ

મધ્યમવર્ગ આખો આ કરશે ત્યારે કરશે પણ આ યુવક એ માટે તત્પર થવું અને તેમાં પત્નીને પણ તૈયાર કરવી લગ્નખર્ચને પહોંચી વળવાના ચાલુ રિવાજને પોષીને એને માટે આ એક માર્ગ છે બાકી છોકરી ભગાવી કરી માબાપથી છૂપી જેની સાથે માબાપે વિવાહ કર્યો છે તેની સાથે ચૂપચાપ પરણી જઈ ખર્ચમાંથી ઊગરી જાય તો એ સારું છે તેમાં શંકા નથી

*

સરલા જગમોહન

ઘડપણ કેણે મોકલ્યું રે !

જુવાનીનો ગે ઘડપણની કેવી ઠેકડી ઉડાડે છે એને આબાદ રીતે રજૂ કરતી આ વાર્તા બે પેઢીને જે રીતે સાંકળી લે છે તે રીત, રજૂઆત અને શૈલી અતિ રોચક છે, અને તેને રજૂ કરતી એક ઘડાયેલી કલમ પણ છે

વાત કઈ મોટી નહોતી મુબઈની સબર્બન ટ્રેનનો પહેલા વર્ગનો ડબ્બો હતો સ્ત્રીઓનો ડબ્બો પણ, સાજનો સમય હતો તે, ખીચોખીચ હતો પણ આમા એ કઈ નોયુ નહોતુ એ તો રોજની રામાયણ હતી જેટલા પેસેન્જર સીટ પર બેઠા હતા તે કરતાય વધારે પેસેન્જર તો જેમ તેમ કરીને, એક બીજા પર પડતા ને આખડતા, ઊભા હતા અધૂરામા પૂરુ ફાસ્ટ ટ્રેન હતી એટલે ગ્રાન્ટ રોડ સ્ટેશને એ ચિક્કાર ભરેલી ટ્રેનમા ચડવા માટે પેસેન્જર પડાપડી કરી રહ્યા હતા ટોળાની એ ધક્કામુક્કીની વચ્ચે તણખલુ હવામા આપોઆપ ઊડતુ આવે તેમ એક ડોશીમા ધકેલાતા ધકેલાતા ડબ્બામા આવી ગયા ઊભા રહેવામા, કે બેસવામાયે, સિવાય બહુ જગા રોકે તેમ નહોતુ નાનુ કદ ઉમરને લીધે વધારે નાનુ બની ગયુ હતુ વજનમા પાસા સિત્તેર પાઉન્ડથી વધારે હોય જ નહિ એ ઘરડા માજી ટ્રેનના આચકા ખમી ઊભા રહી શકે તેમ નહોતુ ને આચકા ન હોય તોયે એમની ઉમરે પહોચેલો લાગતો એ વૃદ્ધ દેહ કેટલીક વાર ઊભો રહી શકે ? તેમાયે વળી બારણા પાસે દરવાજાના હેન્ડલને વળગીને ઊભેલી સ્ત્રીઓના ધક્કા આવતા હતા અધૂરામા પૂરુ ડોશીમાના હાથમા ફ્લોક્સ ભરેલી લાકડાના હેન્ડલવાળી મોટી થેલી હતી એક જોરનો ધક્કો આવ્યો ને ડોશીમા સમતોલ રહી શક્યા નહિ જે સીટની પાસ્ત્રો ટેકો લઈને એ ઊભા હતા તેના પર છેડે એક યુવાન સ્ત્રી બેઠેલી હતી એ યુવાન સ્ત્રી બહુ રૂપાળી હતી ગોરો, ત્રિકોણ ચહેરો, ચમકદાર કાળી આખો, વાકડિયા, ચ ચકતા સોનેરી વાળનો માથે જથ્થો હોઠે લિપ્સ્ટીક ને ગાલે લાલી અને ઘાટીલો દેહ—એ સ્ત્રી ખરે જ સુદરતાની મૂર્તિ સમી હતી એણે પહેરેલા બાટની રગના ઝીણા ફ્રોક પર જમાનાની હવાના પ્રતીક જેવી પીડ અને ઝેબરની છાપ હતી ગળામા સફેદ પ્લાસ્ટિકના મણકાની માળા ગાઠ મારીને પહેરેલી હતી ખોળામા પ્લાસ્ટિકની લાલ શોપિંગ બેગ હતી અનેક વસ્તુઓની ખરીદી કરીને એ આવી લાગતી હતી એની શોપિંગ બેગમા એક ફેશન મેગેઝીન પણ આગળ તરી આવતુ હતુ ઘરના કોઈક ટેબલને શણગારવા બનાવી રગના એક ટેબલક્લોથ પર એ ખરેખર આબેહૂબ ભરતકામ કરી રહી હતી ડોશીમા એ યુવતી પર પડી જાત પણ પડ્યા નહિ પરતુ યુવતીના કામમા વિક્ષેપ તો પડ્યો એક પળ એના ચહેરાની સુન્દરતા જાણે અદૃશ્ય થઈ ગઈ એનો સખત અણગમો બગભગ ક્રૂર સ્વરૂપે વ્યક્ત થયો ભવા સકોચાઈ ગયા, અને કપાળે ત્રિપુડ કોતરાઈ ગયુ પરતુ બીજી જ પળે સ મે વાળેલા ભવાવાળી મૂળ સ્થિતિમા આવી ગયા અને એનો તગ બની ગયેલો ચહેરો પાછો ભાવવાળી અને નમણો બની ગયો અને વળી પાછી એ પોતાનુ ભરતકામ કરવા મડી ગઈ

ટ્રેન ઝડપભર દોડી જતી હતી ડોશીમા આચકા ખાતા ખાતા થોડી વાર તો જેમ તેમ પોતાની જાતને સભાળી લ્યા પરતુ એમના પગમા ધીમે ધીમે જાણે સીસુ ભરાતુ હોય તેવો ભાર લાગવા માડ્યો ન છૂટકે એમણે પેલી યુવતીને કહ્યુ

‘ જરા જેટલી જગા આપ ને, દીકરા ! ’

બસ—એ યુવતીનુ પહેલા વર્ગના પેસેન્જર તરીકેનુ અધિકારભાન જાગી ઊઠ્યુ અક્કડ થઈને એ બોલી ઊઠી

‘ સીટ પર ત્રણ જણા બેઠા છે ! ’

‘ ઠીક, મા ! ’ ડોશીમા આટલુ જ બોલ્યા, અને દોડ્યે જતી ટ્રેનના આચકા સાથે ડોલવા માડ્યા બાજુમા ઊભેલી એક આધેડ સ્ત્રીને દયા આવી એણે નહિ લેવા કે દેવા તોયે, પેલી યુવતીને કહ્યુ

‘ ઘરડા છે—બેસવા દો ને બિચારાને ! કેટલીક જગાયે

શેના હતા એ?

'તમને શું છે એનું બધું?' વગર બોલ્યે જાણે આંખોના ભાવથી જ એ યુવતીએ પરખાવી દીધું અને છતાં એણે ડોશીમા પર મહેરબાની કરી પોતે સીટના છેડા પર ખસી આવી ને માજીને અંદરની બાજુ ચાર આંગળની જગા કરી આપી મૂકી. રાંકડા એ નાનકડા દેહને માટે આટલી જગા તો બહુ નાની હતી. અંદર બેઠેલી સ્ત્રીઓ જરા સંકોચાઈ અને એ ડોશીમાની દૂબળી કાયા માંડ માંડ તેમાં ગોઠવાઈ શકે તેટલી એ જગા મોટી થઈ પરંતુ અંદર જવા સારુ એમણે સીટની પીઠનો આધાર છોડ્યો અને જેવો અંદર જવા પગ આગળ કર્યો કે હાથમાંની ભારે થેલી સાથે એ સામેની સીટ પર બેઠેલી એ સ્ત્રી પર ધકેલાઈ ગયાં. ડોશીમાનાં મેનની ફ્રેમનાં ચશ્માં નીચે પડી ગયાં. એક સ્ત્રીના હાથનો ટેકો મળતાં માંડ માંડ માજી પેલી સુંદર યુવતીની બાજુમાં ગોઠવાયાં. યૌવનની એ ગર્વિષ્ઠ પ્રતિમાને ક્યાંય કંઈ આંચ ન આવે તેની ગરીમાએ સંભાળ તો ઘણી રાખી, પણ ત્યારે ટ્રેનની ગતિથી શરીરે આંચકા આવતા હતા તેને રોકવાનું તો એમના વશનું કામ નહોતું. ઘણું કરવા છતાં એક વાર તો એમની કોણી એ યુવતીના પડખામાં જરા વાગી જ ગઈ.

બસ—થઈ રહ્યું.

'સરખા બેસી રહોને પાછાં!' સખત અણગમો બતાવતા યુવતીએ કહ્યું અને એનો સુંદર ચહેરો તિરસ્કારથી કદરૂપો બની ગયો. એના તિરસ્કારનું કારણ તો કંઈ જ હતું નહિ. એમ તો એ બાજુમાં બધાં એકમેક પર અથડાતાં હતાં પણ આવું કોઈ કરતું નહોતું. પરંતુ આ તો યુવાની જ કદાચ ઘડપણને તિરસ્કારી રહી હોય!

'પણ દીકરા આ ટ્રેનના આંચકા આવે છે તે શું કરું?'

'એમાં શું કોઈના શરીર પર આવી પડવાનું?' કહી યુવતી જરા અક્કડ થઈને બેઠી.

'ઘડપણ છે મા, અમારી કાયા કહ્યું કરે નહિ!'

'તો કેમ બેસી રહેતાં નથી ઘરમાં? આવામાં શું કામ બહાર આવવું પડે?'

ડોશીમાએ જવાબ આપ્યો નહિ. માત્ર એમની આંખોને ખૂણે કંઈક ભીનું ભીનું દેખાયું. યુવતીને નહિ પણ બીજી તરફ બેઠેલી સ્ત્રીએ એમને કહ્યું:

'ન નીકળીએ તો શું કરીએ? જુવાન દીકરો હતો તે બે વરસનો સંસાર ભોગવી દસ વર્ષ પર ફાની પડ્યો. ધણીને પાંચ વરસથી લકવા છે. કામ કર્યા વિના કંઈ આરો છે?'

'તે માજી, શું કામ કરો છો?'

'ધણીનો મિજાજ હતો. માણસ રાખીને કામ તો કરીએ તોયે અંગત દેખરેખ તો રાખવી જ પડે.'

'રોજ જાઓ?'

'રોજ તો નહિ પણ અઠવાડિયે ત્રણ ચાર વાર તો ખરું.'

આ વાત ચાલતી હતી તે દરમ્યાન યુવતી તો ભમ્મરની પણછ ચડાવીને ભરતકામ કર્યા કરતી હતી. આસપાસની સ્ત્રીઓ આ વિચિત્ર યુવતીને જોઈ રહી હતી. પહેલા વર્ગમાં મુસાફરી કરતા લોકો ઉમરાવનો દેખાવ કરતા હોય છે. એટલે ઘણી સ્ત્રીઓ તો જોયું ન-જોયું કરીને અને સાંભળ્યું ન-સાંભળ્યું કરીને ચહેરા પર એક પ્રકારની ભાવહીનતા લાવી બેઠી હતી. પરંતુ કરમીર કાલિમારી પહેલા વર્ગની સ્ત્રીઓએ આખું ધ્યાન દીધું યુવતીની બરાબર પડખે ઉમેરો હેઠ લૂમતી કેસરી સાડી અને કાળા બ્લાઉઝમાં સજ્જ થયેલી એક ટેનિસ્ટિ તો વાહ રે! પણ કંઈ અને કરમમાં એક હાસ્યનું મોજું ફરી વળ્યું.

જેમ તેમ કરતાં પાદરા આવ્યું. એ સુંદર યુવતી પોતાનું ભરત સંકેલીને ઊભી થઈ અને ધક્કાની સાથે બહાર ચાલી ગઈ. બાજુની જગ્યા ખાલી પડતાં ડોશીમા જરા ફેલાઈને બેઠાં. વારાથી ચઢતાં પેલો બહારથી કોઈ ડોશીમા પાસે બેસવા આવ્યું નહિ પરંતુ ઘણી સ્ત્રીઓ ધક્કા ખાતી ઊભેલી હતી. વગર માગ્યે ડોશીમાએ એકને જગા આપી. મફતનો આભાર

માની એ સ્ત્રી એમની બાજુમાં બેસી ગઈ. અને ટ્રેન જોશભેર આગળ દોડી રહી...

*

વર્ષો વીતી ગયાં છે. એક વૃદ્ધ સ્ત્રી પોતાના આલેશાન બંગલામાં ઊંડી આરામખુરશીમાં પડેલી છે. એના હાથે પગે સોજો છે. આંખો નીચેનાં થેથડ પર કાળાં ઝામાં બાઝી ગયેલાં છે. ઊભા રહેવાનું એના પગમાં જોર નથી. શક્તિહીન એ દેહ સંપન્ન દશાના પ્રમાણ જેવાં ઝવેરાતથી લદાયેલો છે. અને એ વૃદ્ધ ચહેરા પર યુવાનીના મોહક આકર્ષણની છાયા છે. આજે કોથળા જેવાં લાગતાં અંગો એક વખત માંસલ અને સુડોળ હશે એમ માન્યા વિના રહેવાતું નથી.

'મેરી ! જરા આવ તો ?'

મેરી ખુરશીમાં 'સ્માર્ટ' લાગતાં એ માજીની પૌત્રી થાય. પ્રિય લેખકની એક નવલકથા આજે જ એ કૉલેજની લાયબ્રેરીમાંથી લાવી છે તે વાંચવામાં એ મશગૂલ છે. દાદીમાનો અવાજ એને સંભળાયો જ નહિ. એમણે વળી ધાંટો પાડ્યો.

'અરે ઓ મેરી ! અરે, કોઈ છે ? કોને કહેવા જવું ? આ ઘરમાં તો નોકરોયે દાદ આપતા નથી ! જોસેફ, જરા મેરીને બોલાવ તો !'

પણ જોસેફ હોય તો ને ? એ તો બજારે ગયેલો હતો.

'મેરી ! અરે ક્યાં છે ? ઓ મેરી, સાંભળે છે ?'

દાદીમાનો સાદ લગભગ ફાટી ગયો.

હવે આ વખતે તો નવલકથાના રસની વચ્ચે એ મેરીને દાદીમાનો સાદ સંભળાયો.

'આ ડોસલાં એક બાજુ બેસી રહેતાં કેમ નહિ હોય ?' બબડતી મેરી દાદીમા પાસે આવી.

'શું છે ? શાનાં આટલા ધાંટા પાડો છો ?'

મેરી એવી ગુસ્સામાં આવી હતી કે એનો ગોરો ચહેરો લાલચોળ થઈ ગયો હતો અને નસકોરાં ફૂલી ગયાં હતાં. અંને બે આંખોની વચ્ચે કોરાઈ ગયેલી ઘૃણાની ઊંડી રેખા તો એ રૂપાળા ચહેરા પર જરાયે શોભતી નહોતી. અને આ બધું કંઈ દાદીમાની નજર બહાર રહ્યું નહિ. પણ એમણે ઊભરાતા રોષને બહાર છલકાવા દીધો નહિ. ઠંડે સ્વરે એમણે તો કહ્યું :

'કંઈ નથી, બેટા. એકલું લાગે છે. કંઈ ગમતું નથી. જરા વાર બેસ ને ?'

હવે મેરી એટલે દીપશિખા જ જોઈ લો. બોલી :

'હા, બેસ ને ? એમ તમારી પાસે બેઠાં રહીએ તે અમારે કંઈ કામ નહિ હોય શું ?'

દાદીમાને મનમાં દાઝ તો એવી બળની હતી કે થઈ ગયું કે હમણાં ઊઠી એને ચાર તમાચા ચોડી દે ! ઊભાં થવા એ જરા અક્કડ થયાં પણ ખરાં. પણ પગ હવે ક્યાં એમના હતા ? આવું ઘડપણ તે કોણે મોકલ્યું ? ને આ ઘડપણનું દુઃખ કહેવુંયે કોને ? કોઈનું ખવડાવ્યું ખાવું—ન ખવડાવે-તો ન ખાવું—વહુ-દીકરા રાખે તેમ રહેવું—ને જૂની આંખે નવા તમાશા જોવા ! અત્યારે પોતાનું અંગ ચાલતું હોય તો ? મજાલ હતી આ છોકરીની કે આમ આગઝરતી વાણી પોતાને સંભળાવી જાય ? પણ અંગ એક વખત ચાલતું હતું ને—આજે ક્યાં ચાલે છે ? અને ક્યાં કોઈનુંયે-અંગ હંમેશાં ચાલે છે ? સૌને ઘડપણ વેઠવું પડે છે—હા, સૌને. નહિ તો એક વખત પોતેયે જુવાન નહોતી શું ? અને ત્યારે એ જુવાનીમાં કંઈ મણા હતી ?

અને અચાનક દાદીમાને કંઈક યાદ આવી ગયું. આજે મેરી ઘડપણની ઘૃણા કરી રહી હતી એવું પોતે પણ એક વાર નહોતું કર્યું ? પણ, બળ્યું આ ઘડપણ—કંઈ સરખું યાદ આવતું નથી ! યાદ નહોતું આવતું તેને યાદ કરવા દાદીમાએ આંખ ઝીણી કરી અને ખુરશીની પીઠ પર અઢેલીને બેસી ગયાં. ફાસ્ટ ગાડી—ગરદી—તૂટક તૂટક વસ્તુઓ મનમાં આવતી હતી પણ કોઈ સળંગ ચિત્ર તેમાંથી નીકળતું નહોતું. અવસ્થા થતાં આ મન પણ કોણ જાણે કેવું થઈ ગયું છે ! કેમ કંઈ યાદ નહિ આવતું હોય ? મન એવું તો શીરે બળતું હતું ! પણ તોયે દાદીમા સૂનમૂન થઈને આરામખુરશીની પીઠને અઢેલીને બેઠાં રહ્યાં.

થોડી વારે નોકરે ઘરમાં સાફસૂફી કરવા માંડી. દાદી-

મની આરામખુરશીની બાજુમાં પડેલા ટેબલ પરનો જૂનો ટેબલ-ક્લોથ એણે કાઢી લીધો અને અંદરથી મેરીએ ધોયેલો બીજો ટેબલ ક્લોથ કાઢી આપ્યો તે એણે ત્યાં પાથરવા માંડ્યો એ જ પેલો વર્ષો પહેલાં દાદીમાએ પોતાની જુવાનીમાં ભરેલો બાંધણી ટેબલક્લોથ આટલાં વર્ષોથી જાળવી મૂકેલો એ ટેબલક્લોથ કોઈક પ્રસંગે જ વપરાતો આજે સાંજે મેરીની સગાઈ નિમિત્તે મિજબાની હતી એટલે આ ટેબલક્લોથ બહાર આવ્યો હતો

હવે બરાબર દાદીમાના મનમાં બધું બેસી ગયું એ આખો પ્રસંગ એવો તાદૃશ થઈ ગયો કે જાણે પોતે ખીચોખીચ ભરેલા ફાસ્ટ ટ્રેનના પહેલા વર્ગના ડબ્બામાં બેઠી છે એક ડેમીમાં એના પગ આવી પડે છે ટ્રેનના આંચકા આવે છે અને દોડી રહેલી ટ્રેનનો ઘરઘરાટ પણ જાણે એને સંભળાય છે સામા બેઠેલી સ્ત્રીઓની તાજુબભરી આંખો જાણે પોતા પર મંડાઈ રહી છે કોઈક એના તરફ આશ્ચર્યભર્યું સ્મિત ફેંકી રહ્યું છે ક્યાંકથી, 'અરે વાહ!' પણ સંભળાય છે

'એ ઘરની હતી ને હું અત્યાર ઘરની જ છું!' દાદીમાએ ઊંડો નિશ્વાસ નાખ્યો અને એમના હોઠ પર એક સ્મિત રમી ગયું પણ બીજી જ પળે એમની આંખો ભરાઈ ગઈ એ આંસુ વીતેલી જુવાનીની સાંભરણનાં હતાં કે પોતે એક વાર નિરખેલાં ને આજે વેરી રહેલાં ઘડપણના એકરારનાં હતાં તેની તો એમને પોતાને ખબર પડી નહિ ને ઘરમાં તો સાંજની મિજબાનીની તૈયારીની દોડધામ થઈ રહેલી હતી તેમાં દાદીમાની આંખમાંથી સરેલાં આ ચાર આંસુ તરફ તો કોઈનું ધ્યાન પણ ગયું નહિ!

★

આભાર પ્રાપ્તિ–સ્વીકાર

ગ્રામભજન મંડળી સં. જુગતરામ દવે પાના ૧૨૮ ૦/૭૦ **પ્રેમપન્થ (૮)** દેસાઈ વાલજી ગોવિંદજી પાના ૧૦૮ ૦/૪૦ **વિશ્વશાંતિનો અહિંસક માર્ગ** ગાંધીજી પાના ૫૨ ૦/૩૫ **સામ્યવાદ અને સામ્યવાદીઓ** ગાંધીજી પાના ૨૪ ૦/૨૫ **બાપુના પત્રો—કુ. પ્રેમાબહેન કંટકને** સં. કાકા કાલેલકર પાના ૩૮૮ રૂ ૩/૫૦—પાંચેયના પ્રકાશક નવજીવન કાર્યાલય, અમદાવાદ **માટી દ્વારા તંદુરસ્તી** ભૂપતરાય મો. દવે પાના ૩૨ ૦/૮૦ **વીમો ઉતરાવતા પહેલાં** વિમળચન્દ્ર દેસાઈ પાના ૩૨ ૦/૪૦—બન્નેના પ્રકાશક પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ મુંબઈ **દાંપત્ય સુખનું શાસ્ત્ર** પાના ૧૭૬ રૂ ૩/૫૦ **જાતીય સુરક્ષેવીઓ** પાના ૩૨ ૦/૧૨—બન્નેના લેખક-પ્રકાશક ગો. નવનીતલાલ વી પટેલ અમદાવાદ ૧ **વા. મો. શાહની તત્ત્વકથાઓ** ત્રિભુવન વી ઉપાધ્યાય હેમાણી પાના ૧૬૮ રૂ ૩/- દેવચંદજી પ્રકાશન મંદિર લીંબડી **વિવેચનસંચય :** ભાઈલાલ પ્ર કોઠારી પાના ૨૫૬ રૂ ૨ા ૫/— ચેતન પ્રકાશન ગૃહ વડોદરા **ભારત આજ અને આવતીકાલ** જવાહરલાલ નેહરુ અનુ મનસુખલાલ ઝવેરી પાના ૬૧ ૦/૭૫—ઇન્ફર્મેશન સર્વિસ દિલ્હી ૮ **નિમિત્તાઃ સ પ્રશ્નોત્તર** પાના ૫૬ ૦/૨૦ સોવિયેત દેશ કાર્યાલય મુંબઈ ૮ **મજનૂની ડાયરી** મકી અબ્દુલગફાર અનુ. દત્ત માતરી પાના ૮૭ રૂ ૧/— **પ્રેમી** ગોવિંદ માલ્વી અનુ. જયંત રેવાણી પાના ૧૬૨ ૧/— **જતિ અને સતી** દેવશંકર મહેતા પાના ૧૩૮ ૧/— **કુમારી તુ :** વિન સુતાગ અનુ અશોક હર્ષ પાના ૧૪૫ ૧/— **પથ પર** આનંદ શંકર અનુ મનુ સુબાવકર પાના ૧૭૧ ૧/— **જંગીરખાન** હેરોલ્ડ લેમ્બ અનુ અશોક હર્ષ પાના ૧૩૯ ૧/— **કાકા પિછાડી** વસુસેન પાના ૧૮૦ ૧/— **કાયર** મોહમ્મદ માંડ પાના ૧૧૮ ૧/— **વાડી અને વગડો :** પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ પાના ૧૭૪ ૧/—નવેયના પ્રકાશક જનસત્તા કાર્યાલય અમદાવાદ

(૩) ઔષધિય બનાવટો:-ગેલન નામના વૈજ્ઞાનિકના નામ ઉપરથી આ ઔષધિઓ Galenicals કહેવાય છે. ઉપરના પહેલા બે વર્ગની ઔષધિઓમાંથી Pharmaceutical factories આ ઔષધિઓ તૈયાર કરે છે. ડોક્ટરો અને દરદીઓમાં આ ઔષધિઓ મુખ્યત્વે વપરાય છે. દા. ત. (powders) ચૂર્ણ, (Liquid extracts) પ્રવાહી સત્વ, (solid extracts) ઘનસત્વ, Tinctures, (syrups) શરબતો, (Pills) ગોળીઓ, (Tablets) વડી અથવા ટીકડી, ઇન્જેક્શન, લોઝેન્જેસ વગેરે.

(૪) ખાનગી અથવા માલિકીય ઔષધો-ખાસ formula પ્રમાણે બનાવેલી માલિકી ઔષધિઓ ઔષધીય બનાવટોના બધા પ્રકારમાં બને છે. થોડાક અપવાદ સિવાય આ ઔષધિઓનો લાભ તેની વધારે કિંમતમાં જ રહેલો છે.

ઉપરની ચારે પ્રકારની ઔષધિઓમાં અનેક રીતે ભેળસેળ થઈ શકે છે અને થાય છે. અને પરિણામે બનાવટી હલકી ઔષધિઓ થાય છે. એક ઔષધિને બદલે જુદી જ, ગુણ વિનાની અથવા ઓછા ગુણવાળી ઔષધિ સામાન્ય રીતે (Spurious) બનાવટી ઔષધિ તરીકે ઓળખાય છે જે ઔષધિના active constituentનું પ્રમાણ અને બીજાં પ્રમાણો નિયત કરતા ઓછા હોય છે અથવા સમૂળગાં નથી હોતા તે (Substandard) હલકી ઔષધિ તરીકે ઓળખાય છે

ઔષધિઓમાં ભેળસેળ આપણા ખ્યાલ કરતાં ઘણી જ વ્યાપક છે. ઘણી વખત તે હેતુપૂર્વક હોય છે જ્યારે કેટલીક વખત અજાણતા પણ બને છે. મૂળભૂત ઔષધિઓ અને ઔષધીય રસાયણોમાં નીચે પ્રમાણે ભેળસેળ કરી બનાવટી ઔષધિ બને છે —

(૧) Substitution-એક ઔષધિને બદલે બાહ્યરૂપમાં તેના જેવી જ દેખાતી પણ જુદી જ વસ્તુ મૂકવી. જાયફળને બદલે લાકડાના કકડામાંથી તેના જેવો જ આકાર બનાવી જાયફળ જેવી કોતરણી કરી મૂકવું. મધમાખીના મીણને બદલે બજારમાં સસ્તું મળતું Paraffin wax લઈ તેને પીળો રંગ કરી મૂકવું. Ergotને બદલે માટીમાંથી તેના જેવી આકૃતિ બનાવી વારાફરતી લાવ અને વાદળી શાહીમાં મૂકી તેના જેવો રંગ કરી આપવું. સૂંઠના ભૂકાને બદલે મેંદાઅને મરચાંનો અર્ક, ક્વીનાઇનને બદલે ચોક (ખડી) આવા બનાવો પહેલા એક અથવા બીજી રીતે બન્યા છે.

(૨) Inferior Drugs—બાહ્ય દેખાવમાં થોડે ઘણે અંશે મળતી પણ હલકી ઔષધિઓ મૂકવી. સાંકોનાની છાલમાં ૬ ટકા ક્વીનાઇન હોય છે તેને બદલે ઓછા ટકા ક્વીનાઇનવાળી છાલ અથવા જેમાં ક્વીનાઇન ન હોય તેવી છાલ મૂકવી શુદ્ધ કોડલીવર ઓઇલને બદલે જૂનું ખોરૂ ખરાબ સ્વાદ અને વાસવાળું અને એ ડી. વિટામિનના યોગ્ય પ્રમાણ ન હોય તેવું આપવું મીંઢીઆવળ કે સોનામુખીનાં પાંદડાંને બદલે જંગલી ઓછા ગુણવાળા Dogsenna મૂકવાં તજ, લવીંગ, ઇલાયચી, પીપરીમૂળ જેમાં સુગંધીદાર અર્ક હોય તે ખેંચી સુગંધીદાર તત્વ વિનાની રીજી ઉપરની વસ્તુઓ આપવી. કેટલીક વખત વેપારીઓ ઉપર જણાવેલી તજ વગેરે વસ્તુઓ ઘર આગળ બજાર કરતાં સસ્તે ભાવે વેચે છે અને ઘણી બહેનો ખરીદીને છેતરાય પણ છે.

(૩) દવાની અંદર નકામી બહારની વસ્તુઓનો ઓછાવત્તા પ્રમાણમાં ભેગ.

હિંગની અંદર કેટલીક વખત ગુંદર, પથ્થર અથવા લાકડાના કકડાનો ભેગ થાય છે Ergot જેવી મોંઘી દવામાં સીસું મળી આવે છે. ગોળીઓમાં ઓછુંઘરનો કચરો મળે છે.

(૪) ઔષધિમાં સામાન્ય રીતે મળતી વસ્તુઓનું Pharmacopeaએ નક્કી કર્યા કરતાં વધારે પ્રમાણ હોવું.

લવીંગ જે ફૂલની કળીઓ છે તેની અંદર લવીંગની દાંડીઓ જેમાં સુગંધ તત્વ ઓછું છે તેનું પાંચ ટકા કરતાં વધારે પ્રમાણ હોવું તેવી જ રીતે મીંઢીઆ

વળમાં હાડીનું પાંચ ટકા કરતાં વધારે પ્રમાણ હોવું.

(૫) યોગ્ય ઋતુ, સમય અને સ્થિતિમાં ન કરાયેલ ઔષધિઓ બનાવટી થાય છે.

Ephedra જેમાંથી Ephedrin બને છે તે. Wild Cherry Bark શરદ ઋતુમાં ભેગાં કરવાં જોઈએ. રેવંચી શરદ અથવા વસંત ઋતુમાં, તેવી રીતે બેલાડોના અને ધંતુરાનાં પાન સવારમાં અને સૂકી ઋતુમાં છોડ ફૂલથી ખીલ્યો હોય ત્યારે. Digitalis પાન સાંજના સૂકી ઋતુમાં. Chamomile ફૂલ પૂરેપૂરાં ખીલ્યાં હોય ત્યારે જ અને બપોરે. એમ દરેક ઔષધિ ભેગી કરવાનો નિયમ હોય છે. આ વખતે ઔષધિઓમાં ગુણકારી તત્ત્વ વધારેમાં વધારે હોય છે.

(૬) ઔષધીય બનાવટો અને patent preparationમાં નીચે પ્રમાણે ભેળસેળ કરવામાં આવે છે:—

ઔષધિઓમાં નિયત કરતાં ઓછું પ્રમાણ નાખવું. ક્વીનાઈનના ઈન્જેક્શનમાં ૧૦ને બદલે બે ગ્રેન નાખવું. પેનીસીલીન અથવા વિટામિનની દવાઓમાં નક્કી કરેલા કરતાં ઓછાં યુનીટ આપવાં.

(૭) કેટલાક અસાધ્ય રોગ જેવા કે કેન્સર, મધુપ્રમેહ, દમ, વગેરે સંપૂર્ણપણે મટાડવાનો દાવો કરતી ઔષધિઓ પણ બનાવટી ઔષધિ છે.

(૮) દારૂબંધીના અમલમાં કાયદાની બારીકીઓને લીધે કેટલીક ઔષધિઓ જેવી કે Tr Cardamom co, Tr Zingiberis ઔષધિ તરીકે વપરાવાને બદલે માદક પીણા તરીકે વપરાય છે. અને કેટલાંક કારખાનાંઓ મોટા પ્રમાણમાં આવાં Tinctures બનાવી સમાજવિરોધી પ્રવૃત્તિને મદદ કરે છે. નૈતિક રીતે આવી ઔષધિઓને પણ બનાવટી ઔષધિઓ કહી શકાય.

ઔષધિઓ બધી રીતે યોગ્ય હોય પણ તેની યોગ્ય સાચવણ (Storage) ન હોય તો પણ બનાવટી બને છે. સૂર્યનો પ્રકાશ, હવા, ભેજ અને તાપને લીધે ઘણી ઔષધિઓ બગડી જાય છે. તે ઉપરાંત સૂક્ષ્મ જીવાણુ, ફૂગ અથવા ઊધ, અને જીવજંતુઓ ઔષધિઓને ઘણીવાર નુકસાન પહોંચાડે છે. કેટલીક વખત ઔષધિની શરૂઆતથી ઔષધિમાં ઇંડાં હોય છે. આ ઇંડાંમાથી ઔષધિમાં ઇયળ–કોશેટો અને જંતુ ઉત્પન્ન થાય છે. ઇયળ કેટલીક ઔષધિમાં કાણાં પાડી ભૂકો કરે છે. વળી આ જંતુઓ ઔષધિમાં મળ મૂત્ર વગેરે કરે છે. આ બધાથી ઔષધિમાં સૂક્ષ્મ જંતુ, ફૂગ વગેરે ઉત્પન્ન થાય છે. અને કેટલીક વખત ઔષધિ એટલી હદ સુધી બગડે છે કે તે ઉપયોગમાં આવી શકતી નથી. અને તેનો સંપૂર્ણ નાશ કરવો પડે છે. ઔષધિઓની વખારોમાં ઉંદર ફરે છે. દવાના કોથળાનાં લેબલ હોય તે તોડી નાખી બીજી જગ્યાએ લઈ જાય છે. ઘણી વખત દવા માટલીમાં ભરેલી હોય છે અને ચાકથી તેનું નામ લખેલું હોય છે તે ભુંસાઈ જાય છે. અને દવા બદલાવાની, એકને બદલે બીજી દવા મળવાની શક્યતા એ રોજનો બનાવ છે. વખારમાં કરોળીઆ ઘર કરે છે. દેશી ઔષધિ ભંડારમાં ગાંધીઓ ઢાંકણાવાળી શીશી, રેફ્રીજરેટર, કોલ્ડ સ્ટોરેજ શું છે તે સમજતા નથી અથવા રાખતા નથી. અને એ રીતે ઘણી વખત હલકી દવાઓ વેચાય છે અને વપરાય છે.

(૧) ઔષધિ બરાબર છે કે બનાવટી છે તેની પરીક્ષા આ વિષયના જુદા જુદા નિષ્ણાતો મારફતે પ્રયોગશાળામાં થાય છે. ત્યાં તેનું બાહ્યરૂપ, આકાર, દેખાવ, ગંધ, રંગ, વગેરે જોવાય છે. તે ઉપરાંત માઈક્રોસ્કોપની મદદથી આ ઔષધિઓની સૂક્ષ્મદર્શક રચના નક્કી થાય છે. ઔષધિ ચૂર્ણમાં હોય તો પણ Pharmacognosyથી તેની પરીક્ષા થઈ શકે છે.

(૨) રસાયણશાળામાં દરેક ઔષધિના ગુણકારી તત્ત્વોની પરીક્ષા થાય છે અને તેનું પ્રમાણ નક્કી થાય છે.

(૩) કેટલીક ઔષધિઓ જેવી કે Digitalis પાન, ઇન્સ્યુલીન, ભાંગ, Ergot, હોરમોન્સ, વિટામિન વગેરેની પરીક્ષા જીવતા આખી અથવા જીવતા પ્રાણીના ભાગ ઉપર થાય છે. આ રીતે દેડકાં, સસલું, બિલાડી,

કૂતરા ઉપર પ્રયોગ કરી આ ઔષધિની યોગ્ય પરીક્ષા થાય છે.

(૪) એન્ટી બાયોટીક્સનું પ્રમાણ જાણવા માટે જુદા જુદા સૂક્ષ્મ જંતુ ઉપર પ્રયોગ થાય છે અને તે રીતે તેનું પ્રમાણ નક્કી થાય છે

સાધારણ રીતે ઔષધિની પરીક્ષા ઉપરની ચાર રીતે થઈ શકે પણ કેટલાકમાં અદ્યતન ખાસ રીતો વપરાય છે

ઔષધિઓ ગોડાઉનમાં આવે કે તપાસ પછી સારા બંધ વાસણમાં, નિયમ પ્રમાણે ભેજ, હવા, પ્રકાશ અને તાપથી મુક્ત સ્થળે સૂક્ષ્મ જીવાણુ, ફૂગ જીવજંતુ અને ઉંદર ન બગાડે તેમ કાચના અથવા ધાતુના વાસણમાં સંગ્રહ કરવી જોઈએ આપણા દેશમાં જ બનતી ઔષધિઓ બનાવટી છે તેવું નથી પણ કેટલીક વખત પરદેશથી આયાત કરેલી દવાઓ પણ હલકી હોય છે બનાવટી ઔષધિઓનો વ્યવહાર આપણે માનીએ તે કરતા વધારે વ્યાપક છે. આ પ્રવૃત્તિઓ ચલાવનાર એ પોતાના થોડાક અંગત લાભને માટે સમાજ વિરુદ્ધ કાર્ય કરે છે અને પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરે છે

બનાવટી ઔષધિઓ બનાવવાના અને પકડાવવાના બનાવો અવારનવાર છાપામાં આવે છે બનાવટી ઔષધિઓ લોકોની તંદુરસ્તી દર્દ અને જીવન સાથે ચેડા કરે છે બહારથી નિર્દોષ જણાતા આ ગુના અને તેના પરિણામો તેના સાચા સ્વરૂપમાં જોતાં ઘણા ભયંકર છે બનાવટી ઔષધોને લીધે દર્દીનું દર્દ દૂર થતું નથી. દર્દીના પૈસા નકામા વેડફાઈ જાય છે દવા વેચનાર વેપારીની આબરૂને હાનિ પહોંચે છે ડૉક્ટરની હોશીયારી, આવડત અને પ્રતિષ્ઠાને ધોકો પહોંચે છે. કોઈ વખતે ચેપી અથવા ભયંકર રોગમાં દર્દી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો હોય છે ત્યારે યોગ્ય ઔષધિ પૂરતા પ્રમાણમાં ન મળવાથી દર્દી મરણને શરણ થાય છે આ ઉપરથી આ ગુનાની ભયંકરતાનો આપણને ખ્યાલ આવશે બનાવટી ઔષધ બનાવનારની તરકીબો વિષે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન ડૉ બી સી રોયે એક વખત જણાવેલ 'બનાવટી દવાઓ બનાવનારની વ્યવસ્થિત ટોળી હોય છે તે ટોળીના માણસો જૂની શીશીના વેપારીઓ, અજ્ઞાન ગૃહિણી અને દવાખાનાઓના કમ્પાઉન્ડર પાસેથી અસલ દવાની શીશીઓ, અને ઇન્જેક્શનના ખાલી પેક ખરીદે છે અને તેમાં અસલને બદલે બનાવટી હલકી દવા ભરી અસલને નામે વેચે છે તેઓ બનાવટી દવાઓ એવી સફાઈથી પેક કરે છે કે તે દવા બનાવટી છે તે સહેલાઈથી ખબર પડતી નથી તેઓ આ ધંધામાં રોકાયેલા દલાલોને સારુ કમીશન આપે છે એટલે તેમનો ધંધો ધમધોકાર ચાલે છે આવા માણસો નજરે પડે તો પોલીસને સ્વાધીન કરવા જોઈએ '

બનાવટી ઔષધો અંગે એક ચુકાદો ઘણો જ સૂચક છે વડોદરાની અંદર બનાવટી દવા વેચતા એક વેપારીને વડોદરાના ન્યાયાધીશે વેપારીની ગરીબાઈને ધ્યાનમાં લઈ ૨૦૦ રૂપિયાનો દંડ કરી છોડી મૂક્યો સરકારે આ સજા ઓછી ગણી અપીલ કરી અને મુંબઈ હાઈ કોર્ટે સામાન્ય ગુના કરતા આ ગુનાને વધારે હાનિકર્તા ગણી બનાવટી દવા વેચતા વેપારીને દંડને બદલે કેદની સજા કરી

Drug Act ના છેલ્લા સુધારાઓમાં પણ Drug act નો ભંગ કરતાં વ્યક્તિને કેદની સજામાં વધારો કરવામાં આવ્યો છે

કેટલીક વખત આપણે સાચી ઔષધિને બદલે બનાવટી ઔષધિઓ પરદેશ નિકાસ કરીએ છીએ અને તેથી આપણા દેશની પ્રતિષ્ઠા અને વ્યાપારને ધોકો પહોંચે છે. એક વખત આપણે સારી જાતની ભાંગ પરદેશ મોકલતા અને તેની સારી માગ હતી. પણ પાછળથી હલકી જાતની ભાગ મોકલતા માંડી તેવું જ આપણા દેશમાંથી મોકલાતા વછનાગ માટે પણ થયું એક નીજે દાખલો કડાછાલનો છે કડાછાલ મરડા ઉપર અકસીર દવા છે અને તે પરદેશમા

ઈશ્વરભાઈ પટેલ

પતિયાંનો પિતા [૨]

જે મેવાસાની અને જાનને જોખમમાં મૂકનાર પ્રવૃત્તિ ઉપાડનારાની અજોડ કથા ગયા અંકે શરૂ થયેલી તેનો આ ઉત્તરાર્ધ છે. મૂળ અંગ્રેજી ઉપરથી આચાર્ય શ્રી ઈશ્વરભાઈ પટેલે સરળ ગુજરાતીમાં ઉતારી છે. દરેકને ગમે તેવી આ કથા છે

દુખિયાંની દુનિયાં

દૂરપૂર્વના આ ટાપુઓ પર આ કુષ્ઠરોગથી સાવ અજાણ હતા મધ્યયુગમાં યૂરોપમાં એ રોગે મહાઉગ્ર રૂપ લીધું ને ઠેકાણે લોકો એના ભોગ બન્યા પરિણામે પ્રજા ને સરકાર જાગ્રત થયા ને રોગના ચેપ સામે રક્ષણના ઉપાયો લેવાવા માંડ્યા પણ આ જ અરસામાં યૂરોપના સાહસિક દુનિયાભરમાં ઘૂમી વળ્યા ને નવા નવા દેશ એમણે શોધી કાઢ્યા આ દેશમાં વસાહત યા કબજો સ્થાપવા તેમણે પ્રયત્નો આદર્યા અને ઠેકાણે ઠેકાણે એ સ્થિર થયા જ્યાં જ્યાં એ વસ્યા ત્યાં ત્યાં પોતાની રહેણીકરણી, પોશાક, ખોરાક વગેરેનો જેમ વારસો યા ચેપ આપ્યો તેમ એમના રોગનો ચેપ પણ એમણે મૂક્યો

સને ૧૮૫૩માં હવાઈ ટાપુમાં પતના રોગે સર્વપ્રથમ દર્શન દીધા ને દસ વરસમાં તો એણે એવું વ્યાપક સ્વરૂપ પ્રાપ્ત કર્યું કે સત્તાવાળાઓય ચોંકી ઊઠ્યા આ નવતર રોગ સામે ઈલાજ ધરવાનું સરકાર માટેય મુશ્કેલ હતું તેમાં એ રોગના ભોગ બનેલાનું દૃશ્ય એવું સૂગ પેદા કરનારું ને હબક ઉપજાવનારું હતું કે એ રોગીના સાન્નિધ્યમાં રહેવાનું કે ઊભવાનુંય મુશ્કેલ પડતું હોનોલુલુની સરકારે શહેરમાં એક પતિયા દવાખાનું શરૂ કરવાનું ઠરાવ્યું પણ રોગની ભયંકરતાથી ભડકેલા શહેરીઓએ એવો અવાજ ઉઠાવ્યો કે સરકારે મોલોકાઈ ટાપુના એકાકી કિનારામાં પતિયાની વસાહત ઊભી કરી અને સને ૧૮૬૬માં ૧૪૦ પતિયાને આ ટાપુ પર વસાહતીઓ તરીકે મોકલી આપ્યા

એ સૌને ખેતર અને ખેતીના સાધનો આપ્યા ને એ પોતાને જરૂર પૂરતા ઉત્પાદન કરી લે એમ આશા રાખવામાં આવી પરંતુ સડેલા અવયવો ને ગંધાતા શરીરવાળા આ કુષ્ઠરોગીઓ આમાનું કશું કરી શકે તેમ નહોતા પરિણામે સત્તાવાળાની યોજના અફળ થઈ છતાં એ સસ્તી હતી એટલે થોડી થોડી સામગ્રી સાથે વધુ ને વધુ રોગીઓ ટાપુ પર ઠલવાવા માંડ્યા થોડા સમયમાં સામગ્રી ખૂટવા આવતા જરા સબળા, નબળાનું લૂટી લેવા લાગ્યા મરવા પડેલા સૌ ભૂખ ને દુખથી મૃત્યુ અગાઉ ખૂબ રીબાતા આ નિઃસહાય દશામાં એ લોકોએ, એક પ્રકારના મૂળમાંથી તૈયાર થતા દારૂનો આશરો લીધો પરિણામે વ્યસન મારામારી, ચોરી, વ્યભિચાર એ આ વસાહતના જીવનના સામાન્ય અંગ બની ગયા આ પરિસ્થિતિ અસહ્ય બનતા કેટલાક રોગીઓ નાસી છૂટ્યા ને બહારનાને ટાપુ પરની દુખદ સ્થિતિની જાણ કરી સત્તાવાળાઓના પેટનું પાણી હાલ્યું નહીં ને લફંગખોરોને તાબે કરવા એમણે લશ્કર મોકલ્યું

સારા પ્રમાણમાં નિકાસ થતી પણ તેની માગ વધી જવાથી પૈસા કમાવાની વૃત્તિને લીધે આપણા વેપારીઓ કડાછાલને બદલે બીજી હલકી છાલ પરદેશ મોકલવા માંડ્યા અને કડાછાલના ગુણ વિષે પણ લોકોને સંશય પેદા થયો.

બીજા દેશો પોતાની પ્રતિષ્ઠા અને વ્યાપાર ચાલુ રાખવા પૂરતા પગલા લે છે. નોર્વેમાં કોડલીવર ઓઈલ પૅક થતી વખતે સરકારની દેખરેખ હોય છે તેવી જ રીતે તુર્કીમાં સરકારની દેખરેખ નીચે જ અફીણ પૅક થાય છે અને એકસરખો માલ પરદેશ જાય છે આપણી સરકાર આ બાબત ધ્યાનમાં લે તે જરૂરી છે

★

એના ધુમાડામાં દિવસભરની દુર્ગંધ દૂર થતી એટલું જ નહીં એના ધુમાડામાંથીય એ નીકળી જતી લાગતી!

આ પ્રથમ રાત્રિ આખી શાંતિથી જાય એમ નિર્માયેલ નહોતું. મધ્યરાત્રિનો સમય થવા આવ્યો ત્યાં દુખિયાની આહ જેમ દૂર સુધી સંભળાવા લાગી તેમ તોફાન ધાંધલ ગાળાગાળી ધમાચકડી શોરબકોર વધવા માંડ્યાં. ગંદકીથી હાથ ધોઈ બેઠેલા આ સૌ જેમ શરીરે ને રહેઠાણે દુર્ગંધથી ભરેલા હતા તેમ એમનું વર્તનેય અનીતિ અનાચાર ને વ્યભિચારની દુર્ગંધથી ભરેલ હતું. છોકરાંઓ નગ્ન પાશવતા ચાખતી એમ મુખિયાનો દેશી દારૂ ગળાતો જતો ને આ સૌ ભાન ભૂલતા ને નાગા બની નાચતા.

આ સૌ પાપાચારને ડામવા ડેમિયને કમર કસી. જેમ એમના ઘા ધોવા માંડ્યા, એમના ઘરની સ્વચ્છતાની દેખરેખની સફાઈ આદરી તેમ એમના આચારવિચારની સ્વચ્છતા માટેય એ ઝઝૂમ્યો. આ પ્રયાસમાં એને રોકવા એને બીવડાવવા પિશાચી દાદાઓએ એના પર હિંસક હુમલા કર્યા પણ એની શારીરિક તાકાતના જોરે એણે સૌને જેર કર્યા ને પાપને નિવાર્યું.

અહીંની અસ્વચ્છતાનું કારણ પાણીની તંગી હતી. દૂરદૂરથી પાણી લાવવાનું હોવાથી પીવા ને વાપરવામાં સૌ કોઈ તકલીફ અનુભવતા. એ નિવારવા એણે રોજ રાત્રે પેલા વૃક્ષ નીચે સૂતાં સૂતાં વિચારવા માંડ્યું ને એને ખ્યાલ આવ્યો કે ચારેકોરની દેવાલયના ખડકોની વચ્ચે ક્યાંક કુદરતી પાણી-સંગ્રહ હોવો જોઈએ. આખા વિસ્તારની તપાસે એ નીકળ્યો ને એને એક સુંદર જળાશય જડ્યું. એણે એ સરકારને પાઈપો માટે લખ્યું. સરકારી આરોગ્યખાતું એને દુશ્મન લેખતું ને બે વચ્ચે ખૂબ ચકમક ઝરતી પણ ડેમિયન વળગી રહ્યો. એક દિવસ એ સ્ટીમર પાઈપો લઈ આવી પહોંચી.

ગામના લૂલા લંગડાને ઉત્સાહિત કરી એ બધાંની મદદ લઈ આવ્યો ને સૌની મદદથી એ પાઈપો વગેરે જોડ્યા ને નગર સાથે એ ટેકરીની ઈંટ જળાશયમાંથી શીતળ પાણી સૌને આપ્યું ત્યારે આખી વસ્તી એના પર વારી ગઈ ને એની શારીરિક, માનસિક, આધ્યાત્મિક સૌ તાકાત પ્રતિ આદરથી જોવા લાગી.

પાણીની જોગવાઈએ કંઈક સ્વચ્છતા અર્પી પણ વસાહતની ગંદકી ટાળવાનો એક માત્ર ઉપાય એને નવેસરથી બાંધણી એ હતો. આ વાતમાં કુદરત એની કુમકે આવી.

એક દિવસ વાવાઝોડા સાથે એવો ધોધમાર વરસાદ પડ્યો કે સૌ છાપરાં ધોવાઈ ગયાં ને ઊડી ગયાં. એ છાપરાંના ગંધાતા ખાડા પૂરાઈ ગયા ને આખી વસ્તી ઘરબારવિહીન બની પણ ભૂમિ આખી સ્વચ્છ ને સપાટ થઈ ગઈ.

ડેમિયન દોડ્યો હોનોલુલુ. ત્યાં સરકારે તો દાદ ન દીધી પણ બિશપે અને અખબારે પડખે રહી ડેમિયનના કામની છાપાંઓએ મુક્તકંઠે પ્રશંસા કરી એને એ મદદ મળી ને સરકારનેય નાક આપવું પડ્યું. આમ સમારી ને મિત્રમંડળી મદદથી એણે આખી વસાહત નવેસરથી ઊભી કરી સૌને સ્વચ્છ મંદિર આપી ઘર આગળ બાગ બનાવડાવ્યા ને પોતાની કોટડીય સ્વચ્છ ને નવી કરી સૌની સાથે સૌના જેવો સૌનો બની એ રહેવા લાગ્યો.

નવજીવનનો સંચાર

જીવનથી હતાશ થયેલા ને જેમ તેમ દહાડા વિતાવતા આ પતિતોના જીવનમાં આશા ને ઉમંગનો કંઈ સંચાર કરી શકાય તો એમનું જીવનમાં આનંદ આવે ને જીવન જીવવા જેવું લાગે. એટલે વસાહતના પાણી ને રહેઠાણના પ્રશ્નો પતતાં ડેમિયન સરકાર પાછળ પડ્યો ને એકદમનો પ્રબંધ પણ કરતો ગયો. એ સૌને માટે સારાં કપડાં સારા ખોરાકની નિયમિત જોગવાઈ કરી અને આ લોકોના સ્વભાવમાં પડેલી ગાન ને સંગીત માટેની વૃત્તિઓને વિકસાવવા એણે મિશનની મદદથી એક બેન્ડ વસાવ્યું. એ સૌને સારો ગણવેશ અપાવ્યો અને અઠવાડિયે આગળી વાળા વારે વાજા વગાડતા એમાંથી સૂરની છોળ કરતા ત્યારે સૌ તાકી રહેતા.

એના દેવળ પ્રતિ સૌનું આકર્ષણ રહે ને ત્યાંય પ્રેમ ભક્તિનું વાતાવરણ જામે તે હેતુસર એણે આ લોકોને ગમતા, ભભકભર્યા રંગોથી દેવળને રંગ્યું, તેના પર રંગબેરંગી ધજાપતાકાઓ લહેરાવી, અવારનવાર આવતા ધાર્મિક ને અન્ય ઉત્સવોની ઉજવણીઓ આદરી ને આમ એમના જીવનમાં નવચેતનનો સંચાર કર્યો

આખા દિવસના શ્રમ પછી એ સાંજે જમવા બેસતો ત્યારે એના 'બાળકો'નું ટોળું એની આસપાસ જામતું આ પ્રદેશના લોકોને ટુચકાઓનો ખૂબ શોખ એ બધા એની આસપાસ વીંટળાઈ આવા ટુચકાઓ કરે ત્યારે આખી મંડળી પર હાસ્યમોજું ફરી વળતું. ભોજન પછી, ડેમિયન મોમાં ચૂંગી નાખી, દિવસનો થાક ઉતારતો ત્યારે એના ટુકડામાંથી કોઢિયાઓનેય મન થઈ જતું ડેમિયને પોતાની જાતને એ લોકો સાથે એટલી એકરૂપ બનાવી દીધી હતી કે એમાંથી કોઈકને એ ચૂંગીના કશ રોજ મારવા દેતો પોતાને ચેપ લાગશે એ વાત નિશ્ચિત સમજતો હોવાથી એ એમના શ્રદ્ધા ને દિલ જીતવા એમના ભેગો જમતો, એમના ભેગો રમતો, એમના ઘા ધોતો, એમને ચૂંગી પીવા આપતો ને રાત્રિ ઢળતા, ફાનસ પર ચા મૂકતો ત્યારે સૌ એ ચાનો સ્વાદ ને મજા એકઠા મળી માણતા ને આત્મીયતા અનુભવતા

ડેમિયનના કાર્યની મહેક હવે સર્વત્ર ફેલાઈ ગઈ, દેશ પરદેશના છાપાઓએ પણ એના કાર્યની મુક્તકંઠે પ્રશંસા કરી અને પરિણામે એના 'સંતાનો' માટે દાનનો પ્રવાહ વહેતો રહ્યો

એને ઓર ઉત્સાહિત કરવા માટે બિશપે એના ટાપુની સપ્તાહની મુલાકાત ગોઠવી ત્યારે આખા ટાપુ પર નવોત્સાહની ભરતી આવી દિવસો સુધી આ ભગ્ન માનવોએ પોતાના ધર્મવડાને સત્કારવા માટે અવિરત શ્રમ ઉઠાવ્યો ને આ ભાંગલીતૂટલી મંડળીએ સ્વાગત માટેનું બેન્ડ બજાવ્યું ત્યારે વડા પાદરીનું હૃદય નાચી ઊઠ્યું ને વિના અંગ સૂર પેશ કરવાની એમની શક્તિ પર આફરીન થઈ ગયો

બિશપના સ્વાગત સમયે એક પતિયાએ ઊભા થઈ એના અંતરની વાત કહી જે ડેમિયનની કામગીરીનું સુંદર અને સચોટ વર્ણન રજૂ કરે છે —

'અમારી કાળજી રાખવામાં એ કશી મણા રાખતા નથી, અરે! અમને કદી કદીક મઝાથી નાખે છે અમારાં ઘર એ બાંધે છે અને અમારામાંથી કોઈ બિમાર પડે છે તો એ પોતાનું ખાવાનું એને આપે છે ગરીબને એ કપડાં આપે છે અને કેથોલિક પ્રોટેસ્ટન્ટના ધાર્મિક ભેદ પણ રાખતા નથી '

સપ્તાહના બિશપના વસવાટે ડેમિયનની કામગીરી ને એનામાં પેદા થયેલી પતિયાની શ્રદ્ધાનું સાચું નિરૂપણ કરાવ્યું ને એમની વિદાયે એક નવા યુગનો પ્રારંભ થયો ડેમિયનને વિશેષ મદદ મળી અને એણે એક બાળાશ્રમ અને એક નવું દવાખાનું શરૂ કર્યાં અને આમ એ આખી વસાહતમાં એટલા સુધારા કર્યા કે સૌને જીવન રસમય લાગવા માંડ્યું ને એક નવા પ્રાણનો સંચાર થયો

પરિવર્તન

ડેમિયનના કામની કદર એના પાદરી તો કરી શક્યા, એની પતિયા જમાત કરવા માંડી પણ સરકારી તંત્ર હજુ એના પ્રત્યે ઉગ્ર ને ઉદાસીન હતું એવામાં સને ૧૮૮૨માં રાજા પરદેશપ્રવાસે ઊપડ્યા ત્યારે હવાઈ ટાપુનો કારભાર શાહજાદીના હાથમાં આવ્યો એના કાને ડેમિયનની પતિયાપ્રવૃત્તિની વાતો આવી હતી એટલે એણે ટાપુની મુલાકાત ગોઠવી

ઉત્સાહપૂર્વક પતિયાઓએ એનું સ્વાગત કર્યું એમના ચહેરાની વિકૃત દશા, શરીરના અંગોની ગેરહાજરી અને કદરૂપાપણું અને છતાંય એમના ચહેરા પરનો આનંદ જોઈ શાહજાદીનું હૃદય પીગળી ગયું સભામાં તો એ કશું બોલી શકી નહીં કારણ એને ડૂમો ભરાઈ આવ્યો પણ વસાહતમાં જે રોગીઓની દશા એણે જોઈ તેથી તો એ ધ્રૂજી ઊઠી ને ફરી કશીક અડકવાથી બચવા એને સહારો લેવો પડ્યો

આ બધું જોઈ એ બોલ્યા સિવાય રહી શકી નહીં કે

એના ધુમાડામાં દિવસભરની દુર્ગંધ દૂર થતી એટલું જ નહીં એના કૂપ માંથીય એ નીકળી જતી જણાતી!

આ પ્રથમ રાત્રિ આખી શાંતિથી જાય એમ નિર્માયેલ નહોતું મધ્યરાત્રિનો સમય થવા આવ્યો ત્યાં દુખિયાંની આહ જેમ દૂર સુધી સંભળાવા લાગી, તેમ તોફાન, ધાંધલ, ગાળાગાળી ધમાચકડી ને શોરબકોર વધવા માંડ્યા દિવસથી હાથ ધોઈ એના આ સૌ જેમ શરીરે ને રહેઠાણે દુર્ગંધથી ભરતા હતા તેમ એમનું વર્તન અનીતિ અનાચાર ને વ્યભિચારની દુર્ગંધથી ભર્યું હતું છડેચોક નગ્ન પાશવતા ચાલતી એક મુખિયાનો દેશી દારૂ ગળાતો જે પી એ સૌ ભાન ભૂલતા ને નાગા બની નાચતાં

આ સૌ પાપાચારને ડામવા ઉર્મિયને કમર કસી જેમ એમના ઘા ધોવા માંડ્યા એમના ઘરની સ્વચ્છતાની દેખરેખ સફાઈ આદરી તેમ એમના આચારવિચારની સ્વચ્છતા માટે એ ઝઝૂમ્યો આ પ્રયાસમાં એને રોકવા એને બીવરાવવા પિશાચી દાદાઓએ એના પર હુમલા કર્યા પણ એની શારીરિક તાકાતના જોરે એણે સૌને જેર કર્યા ને પાપો નિવાર્યું

અહીંની અસ્વચ્છતાનું કારણ પાણીની તંગી હતી દૂરદૂરથી પાણી લાવવાનું હોવાથી પીવા ને વાપરવામાં સૌ કોઈ તકલીફ અનુભવતું એ નિવારવા એણે રોજ રાત્રે પેલા વૃક્ષ નીચે સૂતા સૂતા વિચારવા માંડ્યું ને એણે ધ્યાન આવ્યો કે ચારેકોરની ટેકરીઓ ખડકોની વચ્ચે ક્યાંક કુદરતી પાણી-સંગ્રહ હોવો જોઈએ આખા વિસ્તારની તપાસ એ નીકળ્યો ને એને એક સુંદર જળાશય જડ્યું એટલે એણે સરકારને પાઈપો માટે લખ્યું સરકારી આરોગ્યખાતું એને દુશ્મન લેખતું ને બે વચ્ચે ખૂબ ચકમક ઝરતી પણ ઉર્મિયન વળગી રહ્યો ને એક દિવસ એક ટ્રક ભરી પાઈપો લઈ આવી પહોંચી

ગામના જુવાનિયાઓ લગભગ ઉત્સાહથી ઊભા થયા ને પાઈપો લઈ આવ્યા ને સૌની સહાયથી એ પાઈપો વગર યોજના ને નગર સાધી એણે ગોઠવી દઈ જળાશયમાંથી શીતળ પાણી સૌને આપ્યું ત્યારે આખી વસાહત એના પર વારી ગઈ ને એની શારીરિક, માનસિક, આધ્યાત્મિક સૌ તાકાત પ્રતિ આદરથી જોવા લાગી

પાણીની જોગવાઈએ કંઈક સ્વચ્છતા અર્પી પણ વસાહતની ગંદકી ટાળવાનો એક માત્ર ઉપાય એને નવેસરથી બાંધવી એ હતો આ વાતમાં કુદરત એની કુમકે આવી

એક દિવસ વાવાઝોડા સાથે એવો ધોધમાર વરસાદ પડ્યો કે સૌ છાપરા ધોવાઈ ગયાં ને પડી ગયા એ છાપરાના ગંધાતા ખાડા પૂરાઈ ગયા ને આખી વસ્તી રહેઠાણહીન બની પણ ભૂમિ આખી સ્વચ્છ ને સપાટ થઈ ગઈ

ઉર્મિયન ફરી ઘૂમ્યો દોડ્યો ત્યાં સરકારે તો દાદ ન દીધી પણ મિશને અપીલ બહાર પાડી ને ઉર્મિયનના કામની છાપાઓએ મુક્તકંઠે પ્રશંસા કરી એટલે એને સહાય મળી ને સત્કાર્યોને લાયક આવું પગલું આમ સરકારી ને બિનસરકારી મદદથી એણે આખી વસાહત નવેસર ઊભી કરી સૌને સ્વચ્છ ઝૂંપડી આપી, ઘર આગળ બાગ બનાવડાવ્યા ને પોતાની ઝૂંપડીય સ્નાન નજીક ઊભી કરી સૌની સાથે સૌને ભેગો સૌનો બની એ રહેવા લાગ્યો

નવજીવનનો સંચાર

જીવનથી હતાશ થયેલા ને જેમ તેમ દહાડા વિતાવતા આ પતિતોના જીવનમાં આશા ને ઉમંગનો કંઈ સંચાર કરી શકાય તો એમને જીવનમાં આનંદ પ્રાપ્ત થાય અને જીવન જીવવા જેવું લાગે એમને વસવાટના પાણી ને ખોરાકના પ્રશ્નો પતતાં ઉર્મિયન સંસ્કાર પાછળ લાગ્યો ને એણે દારૂનો પ્રબંધ બંધ પડતો રહ્યો એ સૌને માટે સાદો કપ। સારા ખોરાકની નિયમિત ગોઠવણ કરી ને આ લોકોના સ્વભાવમાં પડેલી ગાન ને સંગીત માટેની વૃત્તિઓને વિકસાવવા એણે શિક્ષણની મદદથી એક બેન્ડ વસાવ્યું એ સૌ સારો ગણવેશ અપાયો અને અકેક બબ્બે આગળી વાગતા જ્યારે વાજાં પકડી એમાંથી સૂરની બેરી કાઢતા ત્યારે સૌ તાકી રહેતા

એના દેવળ પ્રતિ સૌનું આકર્ષણ રહે ને ત્યાંય પ્રસન્નતાનું વાતાવરણ મળે તે હેતુસર એણે આ લોકોને ગમતા, ભભકભર્યા રંગોથી દેવળને રંગ્યું, તેના પર રંગબેરંગી ધજાપતાકાઓ લહેરાવી, અવારનવાર આવતા ધાર્મિક ને અન્ય ઉત્સવોની ઉજવણીઓ આદરી ને આમ એમનાં જીવનમાં નવજીવનનો સંચાર કર્યો.

આખા દિવસના શ્રમ પછી એ સાંજે જમવા બેસતો ત્યારે એનાં 'બાળકો'નું ટોળું એની આસપાસ જામતું. આ પ્રદેશના લોકોને ટુચકાઓનો ખૂબ શોખ. એ બધા એની આસપાસ વીંટળાઈ આવા ટુચકાઓ કહે ત્યારે આખી મંડળી પર હાસ્યમોજું ફરી વળતું. ભોજન પછી, ડેમિયન મોંમાં ચૂંગી નાખી, દિવસનો થાક ઉતારતો ત્યારે એના કુટુંબમાંથી કેટલાકનેય મન થઈ જતું. ડેમિયને પોતાની જાતને એ લોકો સાથે એટલી એકરૂપ બનાવી દીધી હતી કે એમાંથી થોડાકને એ ચૂંગીના સડાકા રોજ મારવા દેતો. પોતાને ચેપ લાગશે એ વાત નિશ્ચિત સમજતો હોવાથી એ એમનાં શ્રદ્ધા ને દિલ જીતવા એમના ભેગો જમતો, એમના ભેગો રમતો, એમના ઘા ધોતો, એમને ચૂંગી પીવા આપતો ને રાત્રિ ઢળતાં, ફાનસ પર ચા મૂકતો ત્યારે સૌ એ ચાનો સ્વાદ ને મજા એકઠાં મળી માણતાં ને આત્મીયતા અનુભવતાં.

ડેમિયનના કાર્યની મહેક હવે સર્વત્ર ફેલાતી થઈ, દેશપરદેશનાં છાપાંઓએ પણ એના કાર્યની મુક્તકંઠે પ્રશંસા કરી અને પરિણામે એનાં 'સંતાનો' માટે દાનનો પ્રવાહ વહેતો રહ્યો.

એને ઓર ઉત્સાહિત કરવા માટે બિશપે એના ટાપુની સપ્તાહની મુલાકાત ગોઠવી ત્યારે આખા ટાપુ પર નવોત્સાહની ભરતી આવી. દિવસો સુધી આ ભગ્ન માનવોએ પોતાના ધર્મવડાને સત્કારવા માટે અવિરત શ્રમ ઉઠાવ્યો ને આ ભાંગલીતૂટલી મંડળીએ સ્વાગત માટેનું બેન્ડ બજાવ્યું ત્યારે વડા પાદરીનું હૃદય હાલી ઊઠ્યું ને વિના હાથ પગે પેલા કરવાની એમની શક્તિ પર આફરીન થઈ ગયો.

બિશપના સ્વાગત સમયે એક પતિયાએ ઊભા થઈ એના અંતરની વાત કહી જે ડેમિયનની કામગીરીનું સુંદર અને સચોટ વર્ણન રજૂ કરે છે —

'અમારી કાળજી રાખવામાં એ કદી મણા રાખતા નથી, અરે! અમને કદીક કદીક મૂકવી નાખે છે. અમારા ઘર એ બાંધે છે અને અમારામાંથી કોઈ બિમાર પડે છે તો એ પોતાનું ખાવાનું એને આપે છે. ગરીબને એ કપડાં આપે છે અને કેથોલિક પ્રોટેસ્ટન્ટના ધાર્મિક ભેદ પણ રાખતા નથી.'

સપ્તાહના બિશપના વસવાટે ડેમિયનની કામગીરી ને એનામાં પેદા થયેલી પતિયાંની શ્રદ્ધાનું સાચું નિરૂપણ કરાવ્યું ને એમની વિદાયે એક નવા યુગનો પ્રારંભ થયો. ડેમિયનને વિશેષ સહાય મળી અને એણે એક બાળાશ્રમ અને એક નાનું દવાખાનું શરૂ કર્યાં. અને આમ એ આખી વસાહતમાં એટલા સુધારા કર્યા કે સૌને જીવન રસમય લાગવા માંડ્યું ને એક નવા પ્રાણનો સંચાર થયો.

પરિવર્તન

ડેમિયનના કામની કદર એના પાદરી તો કરી શક્યા, એની પતિયા જમાત કરવા માંડી પણ સરકારી તંત્ર હજુ એના પ્રત્યે ઉગ્ર ને ઉદાસીન હતું. એવામાં સને ૧૮૮૧માં રાજા પરદેશપ્રવાસે ઊપડ્યા ત્યારે હવાઈ ટાપુનો કારભાર શાહજાદીના હાથમાં આવ્યો. એના કાને ડેમિયનની પતિયાંપ્રવૃત્તિની વાતો આવી હતી એટલે એણે ટાપુની મુલાકાત ગોઠવી.

ઉત્સાહપૂર્વક પતિયાંઓએ એનું સ્વાગત કર્યું. એમના ચહેરાની વિકૃત દશા, શરીરનાં અંગોની ગેરહાજરી અને કદરૂપાપણું અને છતાંય એમના ચહેરા પરનો આનંદ જોઈ શાહજાદીનું હૃદય પીગળી ગયું. સભામાં તો એ કશું બોલી શકી નહીં કારણ એને દૂમો ભરાઈ આવ્યો પણ વસાહતમાં જે રોગીઓની દશા એણે જોઈ તેથી તો એ ધ્રૂજી ઊઠી ને કદીક કદીક અડબડિયાથી બચવા એને સહારો લેવો પડ્યો

આ બધું જોઈ એ બોલ્યા સિવાય રહી શકી નહીં કે

અને હું જાણું છું કે આ દશામાં આપણે કોઈ રહે કે નહીં તેયાર થાય તે ગજે કરે તેવું નથી

રાણીજીએ મુલાકાતનો અનુભવ લખાવ્યો ને બધી પ્રકૃતિ પૂરી પાડી. એની વિગત ખૂબ વિગતવાર ... એની મુલાકાતે પતિયાના કામને આપ્યો વેગ મળ્યો.

પ્રસંગે આખી મુલાકાતની ... ભર્યાને મિશનની અપ્રતિમ ..., એનો અનન્ય ..., એની આત્મનિષ્ઠાનો ..., એનું 'એના હતને' એ ... પાવન, એ બધાથી ... જોવાની પત્રના ... ને એના પર ..., સહાનુભૂતિ ને સદ્ભાવની ... થઈ

થોડા જ વખત પછી ... ને ડેમિયનને નાઈટ પર ... રાણી સાહેબની વતી ડેમિયનને 'નાઈટ કમાન્ડર ઓફ કાલાકાઉઆ'ના ખિતાબની ... એ અંગે ... નવાજેશ ... પ્રમાણે હતો માનાર્હ ...

... પ્રવચનનો જ અપ્રતીમ અને ... આત્મા ... ને ... ને મિત્રના ... આ પ્રકારના ... ને ... ધીરજ, ... અને બેહદ ... તેનો ... અંત, ...

હું સમજું છું કે તમારા આ બધા શ્રમ ને લગનો હેતુ આ તમા ... ને ... કરવા ... જ છે અને ... દુનિયાના પ્રભુ ... તમે ... અપેક્ષા રાખતા નથી છતાં ... તમારી એ વખાણની મુલાકાત પ્રસંગે મેં પ્રત્યક્ષ જોઈને એ લોકોના દુઃખ રોગ ને કષ્ટ નિવારવા તમે જે પ્રયત્ન ... તેની પ્રમાણપૂર્વક કદર કરે, હે પૂજ્ય પાદરી, મારા આ ..., હું જે 'નાઈટ કમાન્ડર ઓફ કાલાકાઉઆ'ના માનની નવાજેશ તમારા પર ... છું તે મોલોકાઈ માટે ... અંત કરવાની પ્રાર્થના છે

હું છું
તમારી મિત્ર
રાણીજી

ડેમિયનને માટે આ બધી પ્રસંશા ને નવાજેશ પીડારૂપ હતી ... મિશનની આજ્ઞાને વશ થઈ એની ધર્મપ્રિય ... સદ્દામાં એને ... પહેરવો પડ્યો. 'એને ... લાગશે' એમ ... એ એને ... માન કરતો હતો તેને મિશને ... પણ તે જ રાતે એણે એ ચંદ્રકને એક પેટીમાં મૂકી દીધો તે એના મૃત્યુ પછી એના સામાનમાંથી હાથ આવ્યો ત્યારે જ એ ફરી બહાર આવ્યો! એવો હતો એ ... સેવક!

પતિયાંની જમાતમાં

સને ૧૮૮૫ના જૂન મહિનાના પહેલા રવિવારે એ હંમેશ મુજબ દેવળમાં પ્રાર્થના ... હતો. એની ઉંમર ત્યારે પીસ્તાલીસ વરસની હતી ને આ પતિયા ટાપુ પર આવ્યે એને બાર વરસ વીતી ગયા હતા.

આગને વગેરે એનો પ્રાર્થનાનો ... અપ્રતીમ હતો અને ... ને ... વાણીથી એ પ્રાર્થના ગીત ગાતો હતો, અને એની પતિયાભરી એને ... રહી હતી

... પ્રદેશ, ને ... એણે ... તો ... જ શું! તેમારે ... દેવળમાં ... ને ... તો ... હશે! ત્યાં ... ઉપદેશ શરૂ કર્યો ને એના સંબોધન માટે સૌને સચેત કરી દીધા, ઉચ્ચારી દીધા. ... એના હંમેશના સંબોધન 'પ્યારા ભાઈઓ' ને બદલે એના મુખમાંથી શબ્દ સર્યા, 'આપણે પતિયાઓ' સૌ સમજી ગયા કે પતિયાની જમાતમાં એ ભળી ગયો હતો!

એના આ રોગના સમાચાર ફેલાતા, સૌ પર વીજળી ... એક જણે હિંમત કરી એને કહ્યું, 'ફાધર ડેમિયન, તમે આરામ કેમ કરતા નથી?'

'આરામ?' એણે ટકોર કરતા કહ્યું, 'આરામનો સમય ક્યાં છે? હજુ કરવાનું તો ઘણું બાકી છે ને સમયગાળો તો ઘણો ટૂંકો છે!'

એના આ રોગની પ્રસિદ્ધિ અગાઉ થોડા મહિને એ હજામત કરતો હતો ત્યારે ઊના પાણીની વાટકી એના પગ પર ઢોળાઈ ગઈ ચામડી બળી ગઈ પણ એને દુખ કે બળતરા ન થતા ત્યારથી એ સમજી ગયો હતો કે રોગે એના દેહમા પ્રવેશ કર્યો છે અને થોડા સમયમા એ દેહ પર દેખા દેશે છતાયે એ હમેશની સ્વસ્થતા ને શાતિથી પોતાનુ કામ આટોપતો ને કોઈનેય એના દર્દનો વહેમ સરખો આવવા નહી એમને આ સમાચાર વીજળી પડે તેવા નીવડ્યા ને ચારેકોર ચિંતા પ્રસરી

એની પોતાની હવે શી દશા થશે એ એને શોધવા જવુ પડે તેમ નહોતુ જ્યારે એક જર્મન ડૉક્ટરે એને તપાસી આરામ ને દવા માટે બહાર જવા સૂચવ્યુ ત્યારે એ પટ બોલી ઊઠ્યો, 'મારું કામ ત્યાગવુ પડે ને આ ટાપુ છોડવો પડે એ શરતે મારી તદુરસ્તી પ્રાપ્ત કરવા હુ મુદ્દલે તૈયાર નથી'

જીવતરના દિવસો ગણતરના બાકી રહ્યા કે એ ખ્યાલે પ્રેરાઈ, એની કાર્યશક્તિ અદ્ભુત વધી ગઈ રોગીઓના ઘા ખૂબ કાળજીથી એ ધોવા લાગ્યો ને પાટા બાધવા લાગ્યો રોજિંદી દફનવિધિ, મકાનનુ બાંધકામ કફનની બનાવટ એ સૌ એ ઉત્સાહપૂર્વક ને જોસથી કરવા લાગ્યો શહીદી એને વરવા આવી ત્યારેય એને કોઈ ખાસ અધિકાર જોઈતો નહોતો ઊલટાની એ શહીદી એને ગમી, એ હિસાબે એની ને એના સેવ્યમંડળી વચ્ચે રહીસહી ભેદ દિવાલ ભાંગી ગઈ અને એ સૌના જેવો, સૌનો બની, સૌની સેવામા પરોવાઈ ગયો અને સેવક ને સેવ્ય વચ્ચે એક પ્રકારનો ઉત્કૃષ્ટ અભેદ ભાવ જન્મ્યો

રોગના સ્વભાવમા નરમાશે પ્રવેશ કર્યો ને જે સરકારી અધિકારીઓ સાથે, પોતાના પતિતો માટે એ જીવનભર ઝઘડ્યો હતો, એ સૌ અને એના દિલમા કુમાશ જન્મી વસાહતના બાળકોને એ આજ સુધી ખવડાવતો પ્યાર કરતો હવે તો આજ પછી એ સૌના ભેગો ખેલતોય ખરો એ સૌના નિત્યપાઠમા એ જોડાતો ને પોતાના હથિયારોથી આજ સુધી એ બારી બારણા કે કફન વગેરે ઉપયોગી વસ્તુઓ જ બનાવતો પણ હવે એ આ બાળકો માટે આવડે તેવા રમકડા કંડારવા લાગ્યો હવે પછીના એના આખા જીવન-વ્યવસાયમા એક નવી જ ચેતના ને નવો જ ભાવ જન્મ્યો 'દિવસો ટૂંકા છે એમને શક્ય તેટલુ બધુ સારુ, સારી રીતે કરો —એ એનો જીવનમંત્ર થઈ ગયો

પોતાના આ ટાપુ પર પોતાના 'બાળકો'ની જેમ, સાવ અજાણ્યુ ને અણપ્રસંશિત જીવન જીવવાની એની ખેવના હતી એટલે પોતાને થયેલા રોગની વાત એણે કોઈનેય જણાવેલી નહી પણ મુલાકાતની વસાહતે આવેલા એક જર્મન ડૉક્ટર દ્વારા બિશપને એની જાણ થઈ એમને એને તરત જ હોનોલુલુ આવી એ જાપાનીઝ ડૉક્ટરની સારવાર લેવા સમજાવવા માંડ્યુ

પોતાના વસાહતીઓથી દૂર નહી જવાની ઇચ્છાવાળા ડૅમિયને પોતાના વડાના સૂચનને આ કે તે નિમિત્તે કોઈ ને કોઈ બહાને ટાળવા યત્ન કર્યો પણ બિશપ મક્કમ હતા અને એને હોનોલુલુ જવુ પડ્યુ ડૅમિયનના કામની આશ્ચર્યયુક્ત હવા સર્વત્ર એવી પ્રસરી હતી કે હવાઈ ટાપુઓ પર કેથોલિક સાધ્વીઓને હવે આગમનની અનુકૂળતા થઈ ગઈ હતી ને હોનોલુલુની પતિયા હોસ્પિટલનો ચાર્જ એમણે લીધો હતો

ડૅમિયનનુ આગમન એ સૌ માટે એક ઉત્સવ જેવુ હતુ બધી સિસ્ટર્સ એની ઓરડીઓ વાળી ઝૂડી ઘસી સાફસૂથરી કરી દીધી હતી અને એની સરભરા માટે અતિ ચીવટે યોજના થઈ ગઈ હતી વડાના હુકમને માન આપી ડૅમિયન આવ્યો તો ખરો પણ એનુ ચિત્ત આખોય સમય એની 'પ્રજા'મા હતુ એમને પખવાડિયામા પાછા જવાની એની સતત વિનતિને કોઈ અવગણી શક્યુ નહી ને ડૅમિયને અંતિમ વિદાય લઈ સ્ટીમરમા બેઠો ત્યારે એના શબ્દો હતા 'જલ્દી કરો,

વિજયકુમાર ત્રિવેદી

છેવટની ભલામણ

જીવનમાં આવતા, કપરા વિષમ સંજોગો માનવને કેટલાં બધાં આસ્તિક બનાવે છે તેની પ્રતીતિ કરાવતી સત્યકથા અહીં રજૂ થાય છે. [illegible]

હું [illegible] મેટ્રિક પાસ થયો ત્યારે [illegible] અભિનંદન [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible] ગમેત્યેને [illegible] પણ આપણા [illegible] પણ એમનો એ [illegible] ભગવાનો છે?

[illegible] ગરીબ સ્થિતિના [illegible] મેટ્રિક પાસ થયો ત્યાં સુધી [illegible] શ્રીમંત [illegible] આજે જ [illegible]

રેમિયન અમર થઈ ગયો અને આજે એના અમરત્વની યાદગાર [illegible] એક વિશિષ્ટ સ્મારક [illegible] સૌનું ધ્યાન ખેંચતો [illegible] છે. એ સ્મારક સ્થળ પર રેમિયનના મરણને [illegible] કરતા નીચેના શબ્દો કોતરાયા છે?

'પોતાના મિત્રો અર્થે પ્રાણ સમર્પણ કરવું તેથી વિશેષ પ્રેમની [illegible] કઈ હોઈ શકે?'

આવો પ્રેમમૂર્તિ રેમિયન પાક્યો!

*

છે જેટલો દાદીમાનો પ્રેમ તેટલો જ કડપ સાંજના દીવા બત્તી થયા પછી મારાથી કદી ઘરની બહાર રહેવાય જ નહિ જ્યાં હોઉં ત્યાં દાદીમા શોધવા આવી પહોંચે અને લાગ પડે તો ફટકારી પણ દે તે એટલે સુધી કે મારા મિત્રોએ 'રમેશ દીવો થયો' એવી મારી ખીજ પાડી દીધી હતી અને કદાપી જો હું ઘર બહાર હોઉં અને દીવો થઈ જાય તો બધા જ મને 'રમેશ દીવો થયો, રમેશ દીવો થયો' કહીને ચીડવતા

વાંચવા માટે એટલી જ દાદીમાની કાળજી જાતે ભાગ્યે જ થોડું ભણેલા પણ હું વાંચું છું કે નહિ તેની તેટલી જ કાળજી રાખતા વાંચવા માટે સવારે પણ તેટલી જ ચીવટથી ઉઠાડી આપે

દાદીમાને ઈશ્વર ઉપર પણ ભારે શ્રદ્ધા સમજણો થયો ત્યારથી ન્હાયા પછી સૂર્યની સ્તુતિના એક બે શ્લોકો મારે પૂર્વ દિશા તરફ જોઈને બોલવાના જ દાદીમા કહેતા કે સૂર્યની ઉપાસનાથી બુદ્ધિ વધે છે એ વાત ગમી ન હોય તો પણ મને સૂર્ય-ઉપાસનાથી સારો ફાયદો થયો એ તો મારા અનુભવની વાત છે

દાદીમા હતા માતાજીના ભારે ઉપાસક દર શુક્રવારે છોકરાંને ચણા વહેંચે અને શનિવારે એમાંદ નાળિયેર હનુમાનદાદા પાસે વધેરી છોકરાંને ટોપરું વહેંચે હું પાસ થાઉં એટલે હનુમાનદાદાનો ઓચ્છવ થાય અને દાદાની પણ અમારા ઉપર એટલી કૃપા કે હું દર વર્ષે પાસ થાઉં જ અને તે સારે નંબરે

મેટ્રિકમાં આટલા ઉંચે નંબરે પાસ થયો ત્યારે દાદીમાના હરખનો પાર નહોતો ત્યારે ધામધૂમથી તેમણે હનુમાનદાદાનો ઓચ્છવ કર્યો જો કે થોડા વાસણો તે માટે વેચવા જ પડ્યા પણ ભલે ગમે તેટલો થોડો હોય પણ પ્રસાદ આખા મહોલ્લાના છોકરાઓને વહેંચ્યો

અમારી ખરી મુશીબત તો મેટ્રિક પાસ થયા પછી જ થઈ અત્યાર સુધી તો ઘેર રોટલા ખાઈ ભણતો પણ હવે આગળ ભણવા જવું પડે તો શહેરમાં જવું પડે તેનું શું? કોલેજની ફી દાદીમા ક્યાંથી આપી શકે? એક તરફથી મેટ્રિક પાસ થયાનો આનંદ હતો અને બીજી તરફથી આગળ શું કરવું તેની ચિંતા હતી

દાદીમા રોજ રાતે હનુમાનદાદા સાથે પ્રત્યક્ષ વાતો કરતા હોય તેમ તેને કહેતા 'તારો બાલ છે તું આટલે સુધી લાવ્યો છે તો હવે તારી જવાબદારી છે લાજ જશે તો તારી જવાની છે મારી જવાની નથી. રમેશનું તારે જે કરવું હોય તે કરજે'

મુશીબત-નાની સૂની નહોતી આમ તો અમારે ઘણાય સગાં છે કેટલાક સુખી અને ગાડી-ઘોડાવાળા છે કેટલાક મોટા અમલદારો અને કેટલાક મોટા વેપારીઓ પણ છે કેટલાય એવા છે કે જે મારા દાદાની મદદને લીધે જ જિંદગીમાં આગળ વધ્યા હોય આવા લોકો કેટલીક વાર મારી બાની પાસે આવતા, મગન શેઠની વાહવાહ બોલતા અને મારી ખબરઅંતર પૂછતા દાદી કહેતા કે મારા દાદા જીવતા ત્યારે તો ઘેર રીતસરનો ડાયરો જ રહેતો ડાયરામાં માણસ ભરેલા જ હોય અને ચા પાણી ને નાસ્તા ચાલતા જ હોય ડાયરામાં આવનાર ઘણાને દાદાએ નોકરી ધંધે વળગાડ્યા હતા, ઘણાને પ્રત્યક્ષ પૈસાની મદદ કરી હતી અને આવું આવું તો કેટલુંય કર્યું હતું

જ્યાં સુધી મેટ્રિક પાસ થયો નહોતો ત્યાં સુધી આવા બધા સ્નેહીઓ દાદીમા પાસે આવતા અને કંઈ કામકાજ હોય તો પૂછતા કેટલાક તો 'પૈસા બૈસા જોઈતા હોય તો પણ મંગાવજો, સંકોચ રાખશો નહિ, અમારું જે કંઈ છે તે મગનશેઠના પ્રતાપનું જ છે' આવો વિવેક પણ કરતા પરંતુ મને ચોક્કસ ખ્યાલ છે કે દાદીમાએ આજસુધી કદી કોઈનો પૈસો લીધો નથી કે કોઈ પાસે કદી કોઈ જાતની મદદ માગી નથી

હું મેટ્રિક પાસ થયો ત્યારે દાદીમાએ આવા ઘણા સ્નેહીજનોને કાગળ લખાવ્યા હતા કેટલાકમાં આડકતરું નાણાંની, કોલેજના અભ્યાસ માટે મદદ કરવાનું સૂચન હતું અને એકાદ બે નિકટના સ્વજન પાસે તો ફીના તથા કોલેજના નાણાં આપવા માટેની સીધી માગણી પણ હતી હું જાણતો હતો કે આવા કાગળો લખાવતા દાદીમાનું મન ખાટું ખાટું થઈ જતું પણ ઉપાય નહોતો એમને થાય શું?

આમાના ઘણા સ્વજનો તો કાગળનો જવાબ જ ખાઈ ગયા કેટલાકે જવાબ લખ્યો તો જવાબમા મને અભિનંદન આપ્યા અને આવી કાળઝભરી ઉછેર માટે દાદીમાના ભારોભાર વખાણ કર્યાં એકાદ બે જણે મદદ કરવાની તૈયારી બતવી પણ તે પણ એવુ લખેલુ કે મોઘવારી ઘણી છે, અમારુ પૂરુ થતુ નથી છતા ભગવાન શેઠો અમારા ઉપર એટલો ઉપકાર નથી તો રમેશને અમારે ત્યા મોકલજો. થોડ કામ કરાવશુ અને ઘેર રહી રોટલા ખાઈ ને ભણશે

કેટલાક સગા સારા ધનવાન હતા પણ તેમણે તો નવો જ કિસ્સો શોધ્યો એક બે તો જાતે ચાલીને દાદીમાને સલાહ આપી ગયા, 'હવે રમેશને નોકરીએ જ વળગાડી દો આ જમાનામા ભણનારની કઈ કિંમત નથી અને ભણતરથી છોકરા સારા રહેતા પણ નથી' જો કે આવા બધા સલાહ આપનારના છોકરાઓ તો કોલેજોમા ભણતા હતા પણ આ તો મારે માટે જ એમની સોનેરી સલાહ હતી

દાદીમા કહેતા કે હુ કોઈ રેઢી પેઢી કે બાપડી બઈને રમેશને સોપવાની નથી જરૂર પડશે તો મજૂરી વધારે કરીશ પણ તેને અત્યારથી નોકરીએ નહી વળગાડુ કે ગમે તેને ત્યા નહિ નાખુ

દાદીમા ભલે ગમે તે કહેતા હોય પરતુ જેમ જેમ કોલેજ ઉઘડવાના દિવસો નજીક આવતા હતા તેમ તેમ અમારી મૂઝવણ વધતી હતી દાદીમાની બજરગાની સ્તુતિ ત્યારે પ્રબળ બની હતી હવે તો તે રીતસર તેને ઠપકો આપતા મને પણ ભારે ચિંતા થતી હતી મે કોલેજમાથી ફોર્મ પણ મગાવી રાખ્યુ હતુ અને ભરી પણ રાખ્યુ હતુ પણ કીધુ શુ? હું દાદીમાની પરિસ્થિતિ જાણતો હતો તેથી ફીની વાત દાદીમાને કહેવાની હિંમત ચાલતી નહિ

કોલેજ ઉઘડવાની બે દિવસની વાર હતી અમારી મૂઝવણનો પાર નહોતો મારી તેમજ દાદીમાની ઊંઘ પણ ઊડી ગઈ હતી પરતુ અમે એકબીજાથી આ વાત છુપાવતા હતા રાતના નવેક વાગ્યા હતા અને અમારુ બારણુ કોઈ ખખડાવ્યુ સામાન્ય રીતે અમારે ત્યા કોઈ આ વખતે આવતુ નહિ એટલે મને ખૂબ જ નવાઈ લાગી દાદીમા તો પ્રાર્થનની એવી ધૂન માડતા કે કોણ આવનાર છે તે જોવા પડતા જ એની ઊભા કે જરૂર એ તો બજરગી કે તેનો મોકલેલો કોઈ તારી કોલેજનું નક્કી કરવા આવ્યો છે

બારણુ ઉઘડતા મનોરમાસ્તર નજરે પડ્યા અને અમારા બન્નેના મનમા નિરાશા થઈ કેમકે મનોર માસ્તર પોતાનુ જ પરાણે પૂરુ કરતા હતા ત્યા તે તો મને મદદ કરવાનો ક્યાથી સ્વપ્નામા વિચાર પણ કરી શકે?

મનોર માસ્તરના પિતા મારા દાદાને ત્યા નોકર હતા પહેલા તો કેવળ વાસણ માજવા રહેલા પરંતુ પાછળથી દાદાના અંગત સાથી જેવા થઈ ગયા હતા દાદાની સ્થિતિ નબળી થયા પછી ઘણા જૂના માણસો તેમને છોડી ગયા હતા પરતુ કાકાએ તો મરતા સુધી દાદાની સેવાચાકરી કરી હતી તેથી જ અમે બધા પણ તેમને કાકા જ કહેતા

મનોર માસ્તર કાકાના એકના એક દીકરા તેમને પણ ભણાવેલા દાદાએ જ અને દાદાએ જ નોકરીએ રખાવેલા દાદીમા કહેતા કે કાકાને કોઈ કન્યા આપતુ નહિ તે મારા દાદાની ખટપટથી જ કન્યા મળેલી ને પરણ્યા પછી પણ કેટલુ થતું નહોતુ ત્યારે મારા દાદાએ જ અનાજની બાધા રાખેલી ને તો આ મનોર

મનોર માસ્તર પ્રાથમિક શાળાના શિક્ષક હતા માડ પોતાનુ પૂરુ કરતા બાપની મૂડીમા ઘર સિવાય કઈ જ મળ્યુ નહોતુ અને માસ્તર જાતે ઘણા જ નીતિવાન તે માનતા-કહેતા- રજે તે રોકના જ બાપ આડાઅવળો હાથ પડે તે જ ધનવાન થાય'

મનોર માસ્તરે આવતાવેત દાદીના પગે હાથ મૂકી પાસે રૂપીઆ બસોની નોટોનો ઢગલો કર્યો અને અમે કઈ બોલીએ તે પહેલા જ બોલ્યા 'બા રમેશને મને ને કાને જ કોલેજમા મોકલો, જો કંઈ બોલો તો મારા સમ છે હું દર વર્ષે રૂપિયા બસો આપતો રહીશ'

'અરે પણ તારુ ગજું નથી તું ક્યાથી તારા દૂ...

પગારમાં આવેલા પૈસા કાઢી શકીશ?' દાદીમાએ કહ્યું.
'ગમે તે કરીશ. તેની તમે ચિંતા કરશો નહિ. એટલી ખાતરી રાખશો કે આ મનોરે આખી જિંદગી ખોટું કામ નથી કર્યું ને હવે પાછલી અવસ્થામાં નહિ કરે. અને ભાઈને ભણવા માટે અનીતિનો પૈસો નહિ આપે. મગનશેઠે અમારું એટલું કર્યું છે કે આ ચામડીનાં જોડાં સીવડાવીએ તો પણ ઓછું છે.' માસ્તરનો જવાબ તૈયાર હતો.

'આવું તો ક્યાં તારા એકલાનું કર્યું છે? ઘણાનું કર્યું છે,' આટલું કહેતાં કહેતાં દાદીની આંખો ભીની થઈ ગઈ. તેમની નજર આગળ મારા દાદાની કૃપાથી ધનિક થયેલા જે અનેક લોકો હતા તે દેખાતા હતા.

મનોર માસ્તરે સાચે જ પોતાની ચામડીના મારે માટે જોડા જ સીવડાવ્યા હતા. તેમણે પૈસા ક્યાંથી આપવા માંડ્યા તે તો હજી સુધી એક કોયડો છે પરંતુ મને ખ્યાલ છે તેમણે પોતાની રહીસહી બચત અને વૃદ્ધાવસ્થાની ટેકણલાકડી મારે માટે વાપરી નાખવા માંડી હતી.

તે દિવસની મુલાકાત કોઈ ઓર જ પ્રકારની હતી. ન મનોર માસ્તર કંઈ વધારે બોલ્યા ન દાદીમા કંઈ બોલી શક્યાં. બન્નેની આંખોમાંથી આંસુ ટપકતાં હતાં. હું તો આમાં શું કરવું તે જ સમજતો નહોતો. 'ત્યારે જાઉં છું', આટલું બોલી અને રૂપીઆ મૂકી મનોર માસ્તર ચાલી ગયા. દાદીએ પણ 'કાલે તારે કોલેજ જવાનું છે' એટલું જ કહ્યું અને બજરંગાના ધ્યાનમાં પાછાં લીન થઈ ગયાં.

'હું જ પાપી છું કે તારામાં વિશ્વાસ નહોતી રાખતી. તારે કરવાનું હતું અને તેં કર્યું. પણ હું નકામી ભાર લઈને ફરતી હતી'—અને આવી આવી કેટલીય વાતો દાદી બજરંગા સાથે કરતાં હતાં. મોડી રાત સુધી જાગતાં રહ્યાં. જો કે મને તો તુરત જ ઊંઘ આવી અને ઊંઘતાંવેંત હું તો કોલેજજીવનનાં મીઠા સ્વપ્નામાં. પડી ગયો તે એટલે સુધી કે સવાર ક્યારે પડ્યું તેની પણ ખબર રહી નહીં.

મનોર માસ્તર આદર્શ શિક્ષક હતા. તેમના હાથ નીચે ભણેલા વિદ્યાર્થીઓ આજે પણ તેમને ખૂબ જ માનની લાગણીથી જુએ છે. તેઓ શિક્ષણ સારું આપતા એટલું જ નહીં પણ ચારિત્ર્યઘડતરને ખૂબ જ મહત્ત્વ આપતા. વારે વારે તેમની વાતમાં આ વાક્ય આવવાનું જ: 'રળે તે રોટલા ખાય અને રોટલા ખાય તે જ સુખી થાય.' તેઓ માનતા કે જેઓ સાચા પરસેવાનું કમાય છે તે જ સાચા સુખી છે. ખાલી ધનવાન પાસે પૈસો ભલે હોય પણ સુખ તો નથી જ. અને આખી જિંદગી તેમણે આ સૂત્ર જીવવામાં કાઢી. તેમણે કદી વધારે ધન કમાવાની ઇચ્છા કે પ્રયત્ન કર્યાં નહોતાં.

આમ તો પ્રાથમિક શાળાના શિક્ષકો અનેક ધંધા કરતા. કેટલાક ખેતી કરતા, કેટલાક થોડો વેપાર કરતા અને જેટલાને ટ્યુશન મળે તેટલાં તો ટ્યુશન તો રાખતા જ. મનોર માસ્તરે કદી ટ્યુશન રાખ્યું નથી, જો કે તેમને ત્યાં વિદ્યાર્થીઓની કાયમ ઠઠ જામેલી જ રહેતી. કોઈ આવે તેને તે મફત ભણાવતા.

મનોર માસ્તરનો નીતિનો ખ્યાલ ઘણો જ ઊંચો હતો. જે દિવસે નિશાળમાં બે મિનિટ પણ મોડા પડે તે દિવસે નિશાળમાં રજા મૂકી દેતા પરંતુ આખો દિવસ નિશાળમાં રોકાઈ પોતાનું કામ કરતા. તે નિશાળે જવામાં એટલા નિયમીત હતા કે તેમના પાડોશનાં લોકો કહેતા કે ઘડીઆળ મેળવવી હોય તો મનોર માસ્તર નિશાળે જાય ત્યારે મેળવી લો. ઘણાં માબાપ પોતાના છોકરાને કહેતાં, 'અલ્યા ઝટ કરો હવે, મનોર માસ્તર તો નિશાળે ક્યારનાય ગયા!'

મનોર માસ્તર કાયમ અમારે ત્યાં એકાદ આંટો મારી જતા. ઘરનું શાક વગેરે લાવવું હોય તો મનોર માસ્તર લાવી આપતા. રાંચરચીલું વેચવું હોય તો તે પણ મનોર માસ્તર જ કરી આપતા. અમારા તરફથી કંઈ પણ મળવાની હવે આશા નહોતી છતાં તેઓ વફાદારીથી કામ કરતા અને દાદીમા કંઈ પણ વિવેકના બે શબ્દો કહે તો તેમનો જવાબ એટલો જ

હતો કે મગનશેઠ માટે તો ખાનમાં જોડા સીવડાવીએ તો પણ ઓછું છે

કૉલેજનું ઊઘડવાનું હોય તેના બે દિવસ પહેલાં મનોર માસ્તર અમારે ઘેર આવી બસો રૂપીઆ આપી જતા અને શિષ્યવૃત્તિ મળતી પાછળથી એક સારા છાત્રાલયમાં રહેવાનું પણ મળ્યું એટલે આટલા પૈસા પૂરતા થઈ રહેતા ખુશીની વાત તો એ છે કે મનોર માસ્તરે આટલી મદદ કરી છે તે વાત એમણે એમની ખાનગી રાખી છે કે આજ સુધી હું દાદીમા અને મનોર માસ્તર સિવાય કોઈ જ આ વાત જાણતું નથી

મનોર માસ્તરને મદદ લાંબો વખત કરવાની જરૂર ન પડી ઈન્ટરસાયન્સ પાસ થઈ એન્જીનીઅરીંગના પહેલા જ વર્ષમાં હું એવા ઊંચે નંબરે પાસ થયો કે મને મારું ખર્ચ નભી રહે તેટલી શિષ્યવૃત્તિ મળી રહેતી મારું ગાડું આવું સરાડે ચડ્યું પછી તો દાદીમાના આનંદનું પૂછવું જ શું ? કેટલાક સદ્‌ભાવથી અને કેટલાક કુતૂહલવૃત્તિથી મારું કેવી રીતે ચાલે છે તે દાદીમાને પૂછતા તો દાદીમા એક જ જવાબ આપતા કે એ બધી ચિંતા બજરંગને છે મારે નથી

હું બી ઈ થયો ત્યારે દાદીમા તથા મનોર માસ્તરના આનંદનો પાર નહોતો જો કે અમારા અનેક સગાં વહાલાં અને મિત્રો પણ આ આનંદમાં ભાગ લેવા હાજર હતા અરે જેમણે દાદીમાને મને ન ભણાવવાની સલાહ આપી હતી તે પણ આમાં ભાગ લેવા હાજર હતા અમારા આખા ગામમાં અને આખી કોમમાં હું પહેલો જ બી ઈ થયો એટલે આનંદનો પાર નહોતો અને મગન શેઠના ઘણા સ્નેહીજનો કહેતા કે આ તો મગન શેઠના પુણ્યનો પ્રતાપ છે અને આડકતરી રીતે મારા પાસ થયાનો યશ લેતા

યશ નહોતા લેતા માત્ર દાદીમા ને મનોર માસ્તર દાદીમા તો પહેલેથી બધો બોજો બજરંગને માથે જ નાખીને બેઠા હતા એટલે એ તો એમનું જ કહેતા એમાં મારે શું ? ન ભણ્યો હોત તો બજરંગની લાજ જાત અને ભણ્યો તો પણ તેને જ આભારી છે ' મનોર માસ્તર તો રખે ને પોતાની મદદની વાત બહાર પડી જાય તેથી અંદરથી ભલે ગમે તેટલા હરખાતા હોય પણ બહારથી આનંદ વ્યક્ત કરવામાં પણ બહુ જ સંયમ રાખતા

એક મહત્ત્વની વાત તો કહેવી ભૂલી જ ગયો મેટ્રિક પાસ થયા પછી અમારી નાતના એકબે ધનિકોની દાદીમા પાસે સૂચના આવેલી કે જો દાદીમા મારો વિવાહ તેમની છોકરી સાથે કરે તો તેઓ મારા ભણતરનો બધો જ ખર્ચ ઉપાડી લેવા તૈયાર હતા કેટલાક તો મને ઘરજમાઈ તરીકે જ રાખી લઈને મારી બધી જ જવાબદારી સંભાળી લેવાનું સૂચવતા આમાં એકાદ બે તો મીલ-માલિક અને સારા વકીલ અને ડૉક્ટરો પણ હતા દાદીમાનો બધાને એક જ જવાબ હતો ' કન્યા તો રમેશ ગ્રેજ્યુએટ થશે ત્યારે જાતે શોધી લેશે હું લાકડે માકડું વળગાડવા માગતી નથી ભણાવવાની જવાબદારી તો બજરંગની છે તેને માટે મારાથી આવો સોદો થાય નહિ '

આજે મને દાદીમાની વાત સમજાય છે આવા એકાદ ધનપતિની છોકરી મારી કોટે વળગી હોત તો મારી શું દશા થાત તેનો વિચાર કરતાં પણ મને કંપારી છૂટે છે કારણ કે આવા ધનપતિઓના ઘરજમાઈઓની શું દશા હોય છે તે હું પ્રત્યક્ષ જોઉં છું

હું બી ઈ પાસ થઈ નોકરીમાં હજી સ્થિર થઉં છું ત્યાં તો દાદીમા માંદા પડ્યા પાસ થયા પછી મારી સંમતિ મેળવી દાદીમાએ મારું લગ્ન કરાવી આપ્યું હતું અને હવે દાદીમાને પોતાના જીવનની ધુરા પૂરી થઈ હોય તેમ લાગતું હતું દાદીમા સીધો બહુ ઉપદેશ આપતા નહિ પણ બે ત્રણ વાતો આડકતરી રીતે મારા જીવનમાં ઉતારી ગયા છે તે કદી ભુલાય તેમ નથી

જીવનમાં જે કાંઈ સફળતા મળે છે તે ઈશ્વરની કૃપાથી જ મળે છે 'દાદીમાનું મુખ્ય સૂત્ર હતું ' એમ માનીશ નહિ કે તારી બુદ્ધિના બળે કે ભણતરથી આગળ આગળ વધે છે ' દાદીમાએ મને જ્યારે સારી નોકરી

મળેની ત્યારે કહેતુ 'આ તો બજરંગાનો પ્રતાપ બાકી તારા જેવા તો કેટલાય જોડા ફાડતા ફરે છે' વાત સાચી હતી મારા સાથીદારોમા હુ એક જ માત્ર હતો જેને આસાનીથી આટલી સારી નોકરી મળી ગઈ હોય

ત્રેવડ તે ત્રીજો ભાઈ છે એ વાત દાદીમા રોજ કહેતા અમારે ત્યા રોજ ગધવાતુ સીધુ કાઢે તેમાથી દાદીમા ચપટી ચપટી કાઢી લેતા અને આની રીતે એકઠુ કરેલુ સીધુ દર બારશને દિવસે સ્વાશ્રયી છાત્રાલયના વિદ્યાર્થીને આપતા અમારા ગામમા એક સ્વાશ્રયી છાત્રાલય ચાલતુ જેમા ગરીબોના છોકરાઓ બધુ જ કામ હાથે કરીને સીધુ ઉઘરાવી લાવી પોતાનો ગુજારો કરતા અને હાયસ્કૂલમા ભણતા આ વિદ્યાર્થીઓના દાદીમા મોટા ટેકેદાર હતા પોતે તેમને કાયમ સીધુ આપતા એટલુ જ નહિં પણ મહોલ્લાના ઘણાને તેમણે વિદ્યાર્થીઓને સીધુ આપતા કરી નાખ્યા હતા વિદ્યાદાન માટે તેમનો પ્રેમ અપાર હતો અને કોઈ પણ ગરીબ વિદ્યાર્થીને ભણવામા સહાયભૂત થવામા દાદીમાને ભારે આનંદ આવતો

મને નોકરી મળી અને હુ શહેરમા નોકરી માટે ગયો ત્યારે મે દાદીમાને મારી સાથે આવવાનો ઘણો આગ્રહ કર્યો છતા દાદીમા મારી સાથે ન આવ્યા તે ન જ આવ્યા તેમના જીવનના બે જ ધ્યેય હતા એક બજરંગાની સેવા અને બીજુ મારુ ભણતર તેમા મારુ ભણતર પૂરુ થયુ એટલે હવે બજરંગાની સેવા એ જ એક માત્ર તેમની જિંદગીનુ ધ્યેય બની રહ્યુ હતુ

દાદીમા માંદા પડ્યાનો મને તાર મળ્યો ત્યારે હું મુંબઈ હતો તાર મળ્યા પહેલા બે દિવસ ઉપર કાગળ પણ મળ્યો હતો 'મારુ કામ હવે પૂરુ થયુ છે મને બજરંગો બોલાવે છે મારી ચિઠ્ઠી ફાટી ગઈ છે બીજુ તો કંઈ ખાસ કામ નથી પણ થોડી ભલામણ કરવાની છે માટે જરૂર આવી જજે'

દાદીમાનો તાર મળતા જ હું વતનમા આવ્યો દાદીમા પથારીમા હતા મનોર માસ્તર તેમના પત્ની અને દીકરો સુરેશ તો દાદીમાની ચાકરીમા હોય જ દાદીમાને શ્વાસ શરૂ થઈ ગયો હતો શરીર સાવ જીર્ણ થઈ ગયુ હતુ આ શરીરે દુનિયાની અનેક તડકીછાયડી જોઈ હતી છતા હજી આંખોમા તેજ તેવુ તે જ હતુ બજરંગાની ભક્તિ પણ તેની તે જ હતી અમારો બધાનો ખૂબ જ આગ્રહ હોવા છતા વિલાયતી દવા તો લેવાની સાફ ના જ પાડી હતી

મને વિચાર થતો કે દાદીમાને શુ ભલામણ કરવાની હશે? તે દિવસે રાતના તેમણે મનોર માસ્તરને અને તેમના ઘરનાને પોતપોતાને ઘેર સૂવા મોકલી દીધા

રાતના દાદીમાએ મને બે જ વાતની ભલામણ કરી ભલામણ નહિ પણ માત્ર સૂચના જ કરી કહો ને એક તો કહ્યુ 'જો જિંદગીમા ગમેતેટલો આગળ વધે તો પણ બજરંગાને ભૂલીશ નહિ' અને બીજુ કહ્યુ 'જો મનોર અને તેના છોકરાની બધી જ જવાબદારી તારે માથે છે પછી આજકાલની સુધરેલી બૈરીઓની વાદે એ મનોર કે એના છોકરાને ભૂલીશ નહિ'

મારી પાસે આનો શો જવાબ હોય? મનોર માસ્તરે મારે માટે શુ શુ વેઠ્યુ છે તે હુ સારી રીતે જાણતો હતો 'બા તુ મને એટલો નગુણો ધારે છે?' મારાથી વધુ બોલાયુ નહિ મારા સગુએ બાના પગનો અભિષેક કર્યો અને જાણે જીવનનુ આટલુ જ કામ બાકી હોય તેમ મારા આંસુના અભિષેકની સાથે પોતાની ભલામણનો બરાબર અમલ થશે તેવી ખાતરી ન મળી ગઈ હોય તેમ દાદીમાનો આત્મા બજરંગાની સાનિધ્યમા તેની સેવા કરવા ચાલ્યો ગયો

✱

'યુનો'ની જનરલ એસેમ્બલીના પહેલા પ્રમુખ બેલ્જિયમના પૉલ હેન્રી સ્પાક અમેરિકાના વ્યાખ્યાન પ્રવાસે નીકળેલા ત્યારની આ વાત છે એક સ્થળે વ્યાખ્યાનના અંતે એક મહિલાએ શ્રી સ્પાકની નજીક આવી કહ્યુ 'અરે મી સ્પાક! તમે તો અદ્ભુત છો તમે દેખાવ છો ચર્ચિલ જેવા અને બોલો છો ચાર્લ્સ બોયરની જેમ'

'માદામ' સ્પાકે જવાબ વાળ્યો 'મને દેખાવુ ચાર્લ્સ બોયરની જેમ ગમે છે ને બોલવાનુ ચર્ચિલની જેમ'

પીતાંબર પટેલ

મહર્ષિ દધીચિ શલ્યભવન

ગયા માસના અને આ માસના અંકમાં છપાયેલ એક વીરલ વિદેશી માનવીની કથા 'પતિતોનો પિતા' જેવી જ આપણા દેશના એક સેવાભાવી દાક્તરની સંસ્થાની આ લેખના લેખકે લીધેલી મુલાકાતની આ કથા છે. ...

બધા રોગોમાં રક્તપિત્તનો રોગ મહા ભયંકર ગણાય છે. કોઈને શાપ આપવો હોય, ગાળ દેવી હોય કે રોષ વ્યક્ત કરવો હોય તો હજીયે લોકો કહે છે...'તને કોઢ નીકળજો, તને પીત નીકળજો ..' 'પીત' તે 'રક્તપીત.' એને હવે મહારોગ કે કુષ્ઠરોગ પણ કહે છે. આ રક્તપીતનો રોગ ચેપી છે એવી માન્યતા સમાજમાં પ્રચલિત છે પણ દાક્તરી વિદ્યાએ સંશોધન કરીને સાબિત કર્યું છે કે બધા દર્દીઓ ચેપી-રોગી હોતા નથી. તેમ એ રોગ વધતો અટકાવી શકાય છે. દર્દીને જો સમયસરની સારવાર મળે, તેનો ઇલાજ થાય તો પ્રારંભના કેસ તો સુધરી શકે છે.

પણ આ રોગની ભારે ઉપેક્ષા થઈ છે. તેમાં એ રોગીનાં આગળાં ખરી પડે, અંગ સંકોચાય, શરીર અને ચહેરો કુરૂપ બની જાય...ને દર્દીનો દેખાવ જ જુગુપ્સાપ્રેરક બની જાય છે. એથી લોકો તેનાથી દૂર ભાગે છે. તેની દવા કરનારા પણ મળતા નથી. તો સારવાર કરનાર પરિચારિકાઓ તો મળે જ ક્યાંથી? પરિણામે દર્દી રિબાય છે. રીબાય છે.. ને કણસતો, ઠોકરો ખાતો કાગડા કૂતરાના મોતે મરે છે. એવો દર્દી સમાજમાંથી તરછોડાય છે. રક્તપીત ચેપી રોગ છે એમ ગણી સૌ દર્દીને હડધૂત કરે છે. ને આખરે એ ઘરમાંથી પણ ફેંકાઈ જાય છે. આવા રક્તપીતિયા ભીખ માગતા ફરે છે. કે પછી મંદિરોના ઓટલા પર બેસી દયાયાચના કરતા, વલવલતા રડતા-કકળતા મોતના મુખમાં ધકેલાતા જાય છે. એ રોગ એવો તો વધી જાય છે કે તેનો ચેપ લાગવાનો ભય ઊભો થાય છે. પણ આ મહારોગને બાળવા જે ઇલાજો, જે ઉપચારો લેવાવા જોઈએ અને જે સાવધાની રાખવી જોઈએ તે રખાતી લાગતી નથી. આ કુષ્ઠરોગની ઉપેક્ષા જેમ સમાજે કરી તેમ ડૉક્ટરોએ પણ કરી. પરિણામે એ રોગ વધતો ગયો, રોગ વિશેની ગેરસમજ પણ વધતી ગઈ અને રક્તપીતિયા ભિખારીઓ પણ વધતા ગયા.

આ ઉપેક્ષિત રોગીઓ સામે જો સૌથી પહેલાં કોઈનુંયે લક્ષ ગયું હોય તો તે ખ્રિસ્તી મિશનરીઓનું. વિદેશી ડૉક્ટરો અને નર્સો આવી, આ દેશના રક્તપીતિયાઓની સેવા કરવા લાગ્યા. મિશનરી હૉસ્પિટલો શરૂ થઈ અને હડધૂત થયેલા, ફેંકાઈ ગયેલા મહારોગીઓનો ઇલાજ શરૂ થયો. ખ્રિસ્તી મિશનરીઓનું સેવા પાછળનું ધ્યેય કદાચ ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કરવાનું હશે. કેટલાકે એ સેવાના અંચળા તળે ધર્માંતર કરાવવાનુંયે કામ કર્યું હશે. પણ એક વાતનો તો સ્વીકાર કરવો જ જોઈએ કે ખ્રિસ્તી મિશનરીઓએ માનવતાની સેવા કરી છે. પછાત વર્ગમાં, આદિવાસીઓમાં, દૂર સુદૂર, જ્યાં રેલવે પહોંચી નથી, બસ-માર્ગ નથી, તાર ટેલિફોન નથી એવાં જંગલોમાં અને પહાડોમાં પણ જઈને આ સેવાભાવી ડૉક્ટરોએ રોગીઓની સેવા કરી છે. આ ભૂમિના ડૉક્ટરોએ તે વર્ગની, પેલાં વસુંધરાનાં વહાલાં દવલાંની સામે પણ કદી જોયું નથી. જ્યાં ધનપતિઓનો પણ કૃપાળુ હાથ પહોંચ્યો નથી, અરે સરકારી દવાયે પહોંચી નથી ત્યાં આ પરદેશથી ડૉક્ટરો અને નર્સો પહોંચી ગયાં છે. આ પરભૂમિને માતૃવત્ ગણી રોગી, દુખી અને દુભાયેલાં દીનહીનોની સેવા કરી છે. એ પ્રદેશની ભાષા શીખી, એ પ્રદેશની રહેણીકરણી સમજી એ પ્રદેશનું માનસ સમજી આખાયે પ્રદેશને પોતાની સેવા આપી છે. આવા દરિદ્રનારાયણોની સૌથી પ્રથમ સેવા મિશનરીઓએ જ શરૂ કરી. તેમણે જ નીજની સેવા-પરાયણતાથી, કરુણા અને ભલાઈથી ભારતમાં સેવા-જીવનથી નવી જ પ્રણાલિકા પાડી. નવી કેડી પાડી દેશભરમાં મિશનરીઓનાં દવાખાનાં મોટી સંખ્યામાં

ફેલાયેલાં છે. આજે પણ ચાલુ છે. એક ડૉક્ટર જાય અને બીજો આવે, તો પણ પેલું સેવાનું ઝરણું તો વહેતું જ રહે છે. એ જ ઉત્સાહ, એ જ ધૂન, એ જ કાર્યક્ષમતા અને એ જ સેવાપરાયણતા. ખ્રિસ્તી મિશનરીઓના આ ગુણ ભારતીય ડૉક્ટરોએ લોહીમાં ઉતારવાના હજુ બાકી છે. મિશનરીઓની પેઠે સેવાના દીવા પ્રગટાવવાના હજી બાકી છે મિશનરીઓએ શરૂ કરેલું આ વહેણ નિરાંત વહેતો પ્રવાહ બની રહે, તેમણે પાડેલી કેડી સેવાનો રાજમાર્ગ બની રહે એવી આશા રાખી.

અને આ દેશના દીનહીન કરોડો લોકો હજીયે રોગના ભોગ બન્યા કરે છે. તેમના સુધી હજીયે દવા પહોંચી નથી, દાકતરોનો સેવાભાવી હાથ પહોંચ્યો નથી. આજે રક્તપીતના દર્દીઓની સેવા કરવા સેવાભાવી ડૉક્ટરો શોધ્યા જડતા નથી. પછી એવી હોસ્પિટલ ચલાવનાર તો મળે જ ક્યાંથી? અમદાવાદમાં જ એક હોસ્પિટલ છે. પણ તે ચલાવવા કોઈ આગળ ન આવ્યું. ખ્રિસ્તી મિશનરીઓ જ તેનું સંચાલન કરે છે. ગુજરાતમાં અન્ય સ્થળે પણ સેવાનું કામ ગુજરાતી ડૉક્ટરો કરતા ખ્રિસ્તી મિશનરીઓ, ગોરા ગુજરાતીઓ દ્વારા વિશેષ પ્રમાણમાં ચાલી રહ્યું છે. આણંદમાં ડૉ. કુક સેવાની સુવાસ મૂકી ગયા છે. એ ગોરા ગુજરાતીને કેમ ભુલાય? ગાંધીજીના ગુજરાતમાં તો માનવસેવાની અનેકવિધ સંસ્થાઓ નિસ્વાર્થી સેવકો દ્વારા ચાલે એવી સૌ કોઈ અપેક્ષા રાખી શકે.

પણ રક્તપીતની એક મોટી હોસ્પિટલ અમરાવતી-(વિદર્ભ)માં જોઈ અને પેલો 'મિશનરી સ્પીરીટ' જોઈ, નિ-પ્રયોજ-માનવસેવા જોઈ હૈયું હરખાયું અને શાંત નમ્યું. ડૉ. શિવાજીરાવ પટવર્ધનની આ સેવા-સંસ્થા જોઈ અંતર કરુણાથી ઊભરાઈ રહ્યું. આ સેવાભાવી ડૉક્ટર મહારોગીઓના મા-બાપ બની ગયા છે, તેમનો ઘરબાર બની ગયા છે, તેમના રખેવાળ અને પાલક બની ગયા છે. તેમની આવી નિર્મળ સેવા પ્રવૃત્તિ જોઈ ભારત સરકારે તેમને પદ્મભૂષણનો ઇલ્કાબ પણ આપ્યો છે.

આમ તો ડૉ. શિવાજીરાવ પટવર્ધન ખાનગી પ્રેક્ટીસ કરતા હતા. મહિને પાંચ હજાર રૂપિયા જેવી પ્રેક્ટીસ ચાલતી હતી. પણ અંદરનો જીવ દીજરાયા કરતો હતો. મધ્યપ્રદેશમાં રક્તપીતના રોગનું પ્રમાણ કંઈક વિશેષ છે. તે કુષ્ઠરોગીને જુએ, તેને ભીખ માગતો દેખે, તરછોડાયેલો ભાળે અને હૈયું રડી ઊઠે! આ રોગની કોઈ દવા જ નહિ! એના માટેની કોઈ હોસ્પિટલ જ નહિ? એ બિચારાને આમ ઠેબે ચડવાનું ને કકળતાં, રડતાં દીનહીન દશામાં રિબાતા રિબાતા મરવાનું! ડૉક્ટર પટવર્ધનથી રક્તપીતિયાંઓની હાલાકી જોઈ જતી નથી, તેમની કરુણ દશા દીઠી જતી નથી. તેમનો આતમરામ જાગી ઊઠે છે. 'તું જ આ કામ ઉપાડી લે. તું જ તેમનો બાંધવ બન તું જ તેમનો હાથ પકડ...' ને 'આંતર' પ્રેરણાથી જ ડૉ. શિવાજીરાવ પટવર્ધને અમરાવતીમાં, શહેરથી માઈલ બે માઈલ દૂર રક્તપીતના દર્દીઓ માટે હોસ્પિટલ શરૂ કરી. રક્તપીતની સારવાર શરૂ થઈ.

આ રોગમાં આંગળાં ખરી પડ્યાં હોય, હાથ પગ સંકોચાઈ ગયા હોય, અંગ ખેંચાઈ ગયું હોય, ચામડી જડ બની ગઈ હોય તો તે પાછી આવતી નથી આંગળાં સીધાંયે થતાં નથી, પણ દવાથી, સારવારથી એ રોગ વધતો અટકાવી શકાય છે. દર્દીને ભયમુક્ત કરી શકાય છે. પણ આવાં, કુષ્ઠરોગથી ભયમુક્ત બનેલાં દર્દીઓ જાય ક્યાં? ઘરમાં કે સમાજમાં તેમનું સ્થાન હોતું નથી. વસુંધરાનાં દુભાયેલાં દવલાંને જો, આશરો ન મળે તો તે પાછાં ભીખ માગતાં સમાજમાં ફર્યાં કરે. એટલે ડૉ. પટવર્ધને તેમને માટે વસાહત શરૂ કરી. આ હોસ્પિટલ તો સેવાઆશ્રમમાં ફેરવાઈ ગઈ. કુષ્ઠરોગીઓનું નવું નગર બની રહ્યું. કુષ્ઠરોગીઓને ત્યાં સારવાર મળે, જે સારા થયા હોય તે દર્દીઓ માટે રસોઈ કરે, કોઈ ઉદ્યોગો ચલાવે, થઈ શકે તે કામ કરે. કુષ્ઠરોગી સ્વમાનપૂર્વક જીવી

શો, તે સમાજને ભારરૂપ ન થાય 'તે માટે તેમને અનુકૂળ નાના ઉદ્યોગો અહીં શરૂ કરવામાં આવ્યા છે

આ તો પેલા બાવાના 'લગોટી જેવુ થયુ એક ઉંદર ધ્વાડના બીજી પ્રવૃત્તિ શરૂ કરી એ પ્રવૃત્તિને ટકાવવા વળી ત્રીજુ કામ હાથ ધરવુ પડ્યુ આ રીતે ડૉ પટવર્ધનની સેવાપ્રવૃત્તિ દવાથી માંડીને તે સ્વાશ્રય સુધી વિસ્તરી છે સેવાશ્રમને પગભર કરવા, અને કુષ્ઠરોગીઓને પગભર કરવા તેમનામાં જીવનનો નવો ઉત્સાહ પ્રગટાવવા તેમનામા નવચેતના રેડવા તેમણે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી છે

તેમની સસ્થામા રક્તપીતના દર્દીઓને સારવાર કઈ રીતે મળે છે તે ફરીને દેખાડ્યુ હોસ્પિટલને દાન પણ મળ્યુ છે અને મળે છે. વૈજ્ઞાનિક પદ્ધતિએ દર્દીઓની સારવાર થાય છે તે બતાવી તે વસાહત તરફ ફેરવતા હતા સ્ત્રીઓ અને પુરુષોના નિવાસ સ્થાનો દેખાડ્યાં સમાજે તરછોડેલાં કુટુબથી ત્યજાયેલા દુખિયા અહી જાણે નવુ જીવન શરૂ કરે છે નવા સબધો, નવા પરિચયો નવી ઓથ પ્રાપ્ત કરે છે સહજીવીઓ જ કુટુબીઓ બની જાય છે આખી સસ્થા એક વિશાળ કુટુબ બની જાય છે ત્યા હાથશાળ ચાલે છે, કાતણ વણાટ પાગીનુ કામ કાગળ બનાવવાનુ કામ, સાબુ બનાવવાનુ અને બીજા કારખાનાં ઉપરાંત પ્રેસ પણ ચાલે છે આ બધાં કામ આ રક્તપીતના દર્દીઓ જ કરે છે

ઉપરાંત ત્યાં 'રીમાન્ડ હોમ'ના છોકરાઓને પણ રાખવામાં આવે છે ગુનાહિત વૃત્તિના કે ચોરીની બદીમાં ફસાયેલા કિશોરોને અહી ઉદ્યોગો શીખવવામાં આવે છે ભણાવવામા આવે છે પ્રેમ અને હૂફ મળતા તેઓ સારા સુવાનો બને છે કેટલાક તો ત્યાં જ એ સસ્થામાં સેવાભાવથી કામ કરવા જોડાઈ જાય છે

આ સસ્થામા ફરતા ફરતા ગાધીજીની પ્રતિમા આગળ આવી ડૉક્ટર પટવર્ધન ઉભા રહ્યા ગાધીજીના ચહેરા સામે જોઈ તેમણે કહ્યુ, 'ઐસે કાર્યકો બાપુકા આશીર્વાદ મીલા હૈ ઉન્હોને જો દીખાયા વો રાહ પર મૈં ચલ રહા હૂં ..'

ને એ પ્રતિમા નીચે બાપુનો ઉદ્દગાર અંકાયેલો હતો મહારોગીઓની સેવા કરવાની એમની ઉત્કટ ભાવના તેમાં મહકેલી હતી સેવાગ્રામમા તેમણે કુષ્ઠરોગની સારવાર પણ શરૂ કરાવી હતી પ્રખર સગીતકાર પરચુરે શાસ્ત્રીને કુષ્ઠરોગ થયેલો ખુદ બાપુ તેમની સેવા કરતા માલીસ કરતા ને એમની સેવા કરતા કરતાં જ બાપુએ મહારોગ તરફ આખાયે દેશનુ લક્ષ ખેચેલુ આ સસ્થાને પણ બાપુ આશિષ આપતા જાણે બેઠા છે અને સૌનુ આ અનિવાર્ય આવશ્યક સેવાધર્મ તરફ લક્ષ ખેચી રહ્યા છે જાણે ડૉ બિના બાપુનુ ચીધેલુ, તેમનુ પ્યારુ કામ અહીં કરી રહ્યા છે

કુષ્ઠરોગનો ઈલાજ કેમ કરવો તેને માટેનો તાલીમ વર્ગ પણ ત્યાં ચાલે છે આ વર્ગમા ગુજરાતના ૭ સાત વિદ્યાર્થીઓ ભણે છે પાટણના અ-લેશ્વરના વિદ્યાર્થીઓ અમને મળ્યા સેવાના રગે રગાયેલા આ જુવાનોને મળી સૌ પ્રવાસીઓને આનદ થયો ડૉ શિવાજીરાવે તેમની હોસ્પિટલને સૂચક નામ આપ્યુ છે, 'મહર્ષિ દધીચિ શલ્ય ભવન' અહી ત્રણસો જેટલા દર્દીઓ લાભ લે છે ત્યા બીજા ડાક્ટરો અને પરિચારિકાઓ અને કાર્યકરો ભાઈ બહેનો કામ કરે છે ડૉ સુરેશ ઉદયપુરકર ડૉ કાણે વગેરે અનુભવી ડૉક્ટરો છે તેમાંના કેટલાક તો વિદેશ જઈ આની તાલીમ લીધેલી છે

આ હોસ્પિટલનુ વાતાવરણ જ સેવાશ્રમ જેવુ છે. ડૉક્ટરોના નિવાસસ્થાનો કુટિર જેવા છે ત્યા કાર્યનો પ્રારભ પ્રાર્થનાથી થાય છે દર્દીઓ અને ડૉક્ટરો સૌ પ્રાર્થનામાં જોડાય છે, સાંજના પણ સમૂહપ્રાર્થના થાય છે

અમને લેખકોને મળવા ડૉ શિવાજીરાવે બપોરે સમૂહ પ્રાર્થના યોજી ઘટના સાકેતિક ટકોરાઓ લોકોને જરૂરી સૂચના આપી રહે છે અમુક પ્રકારનો ઘટ વાગવાનો અમુક ટકોરા પ્રાર્થનાના અમુક જમવાના

વગેરે સભાગૃહમાં મહારોગીઓ અને કામ કરનારાઓ આવી ચૂપચાપ લાઈનસર ગોઠવાઈ ગયાં આશ્રમ જેવી જ શાંતિ

પ્રાર્થનાનો આરંભ થયો.

'પ્રભુ તુમ બાર બાર આવો ..'

જાણે આ દર્દીઓ પ્રભુને વિનવતા હતા. તેમના જેવા દીન દુખિયાંની ખબર લેવા કાકલૂદી કરતા હતા પ્રાર્થના તે દિવસથી અંતરમાં ગૂંજી રહી છે. એ કરુણ ગર્ભવાણી, એ હૈયું વલોવી નાખે એવી કાકલૂદી, એ અંતરની આરત જેવી અંતરમાંથી નીકળતી હતી તેવી જ અમારા અંતરમાં સોંસરી ઊતરી જતી હતી

અને પ્રાર્થના પછી, ડૉ. પટવર્ધનનું પ્રવચન પણ એવું જ મર્મસ્પર્શી અને હૃદયવેધક હતું કુષ્ઠરોગીઓની સેવા કરવાનું કામ એકલા મિશનરીઓનું નથી, આપણા સૌનું છે. આ કામ ગાંધીજીના ગુજરાતે ઉપાડી લેવું જોઈએ એવી અપીલ કરી તેમની વાણીમાં નરી કરુણા વહેતી હતી તેમની આંખમાં દયા છલકાતી હતી. તે ખૂબ જ વેદનાભર્યા અવાજે બોલતા હતા જાણે તે સામે બેઠેલા પેલા દુભાયેલા મહારોગીઓની મૂંગી વાણીને વાચા આપી રહ્યા હતા

અમે આ સ્થળે માણસાઈનો દીવડો જલતો જોયો. ન મળે પ્રચાર, ન મળે પરિચય-પુસ્તિકા, ન મળે કશો દેખાવ, ત્યાં તો સેવા બોલતી હતી ત્યાં કરુણા વહેતી હતી ને ત્યાં માનવસેવાનો દીવડો જલી રહ્યો હતો એવી સંસ્થા જોઈ કોને આદર ન થાય? કોનું હૈયું ન પીગળે?

બાપુના ચીંધેલા સેવાના માર્ગે જવાની પ્રેરણા મળે એવી જીવતી સેવાપરાયણતા અને મૂર્તિમંત ત્યાં કરુણા જોઈ, એવી કરુણા કદીયે ન વિસરાય સદ્‌ભાગ્ય રોગીઓના અંતરમાં પણ માણસાઈ પ્રગટી રહી હતી આવી સંસ્થાઓ દેશમાં વધે ડૉ. પટવર્ધન જેવા સેવાભાવી ડૉક્ટરો પણ બહાર આવે એવી આશા સેવતા અમે બસ પકડવા બહાર નીકળ્યા

✶

સાભાર પ્રાપ્તિ-સ્વીકાર

પાનખર અને વસંત : સાને ગુરુજી અનુ જયન્ત પરમાર પાના ૨૯૮ રૂ ૫/૭૫ **જીવન-ઝંઝાવાત** રંભાબેન ગાંધી પાનાં ૧૧૬ રૂ ૨/– **મૂંગા પડઘા :** બળવંત નાયક પાના ૩૮૮. રૂ ૭/૫૦. **ધરતીનાં અમી** મણિભાઈ ર પટેલ પાના ૧૭૬ રૂ ૨/૭૫ **વ્રતકથાઓ :** કૃષ્ણપ્રસાદ ભટ્ટ પાના ૧૪૨. રૂ ૨/૭૫ **સ્મૃતિમની નોંધમાં**, નવનીત સેવક પાના ૧૦૨ રૂ ૨/૫૦ **ખરતા તારા** જિતુભાઈ પ્ર મહેતા પાના ૨૨૩ રૂ ૪/૫૦ **અંતિમ દીપ :** મોહનલાલ પટેલ પાના ૨૧૮. રૂ ૪/૫૦ **પુનર્મિલન :** ડાહ્યાભાઈ પટેલ, પાનાં ૨૪૦ રૂ ૪/૭૫ **કિશોરનું વાર્તામધુ :** (બીજી આ) રામનારાયણ વિ પાઠક. પાના ૮૬ રૂ ૧/૫૦—દરેકના પ્રકાશક ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ **પૂર્ણજીવનનું ઉપનિષદ** અનુ મગનભાઈ પ્ર દેસાઈ પાના ૧૮ ૦/૨૫ **વિવેકાંજલિ** મગનભાઈ પ્ર દેસાઈ. પાનાં ૨૭૧. રૂ ૩/— —બન્નેના પ્રકાશક 'ગૂજરાત વિદ્યાપીઠ', અમદાવાદ, ૧૪

✶

૧૯૭૫ થી ૧૯૮૦ સુધીમાં ભારતની વસતિ ૫૦ કરોડની થવાનો સંભવ છે ચીનની વસતી ૧૯૭૧ સુધીમાં ૯૦ કરોડની થવાનો સંભવ છે ૧૯૮૦ સુધીમાં એશિયા અને દૂરપૂર્વની વસતિ દુનિયાની વસતિના ૫૫ ટકા થશે. ૧૯૫૦માં આ ભાગની વસતી ૧ અબજ ૩૧ કરોડ ૭૦ લાખ હતી તે ૧૯૮૦માં વધીને ૨ અબજ ૨૬ કરોડ ૮૦ લાખની થશે. ૧૯૮૦ માં અગ્નિ એશિયાની વસતિ ૩૪ કરોડ ૮૦ લાખ થવાનો અંદાજ છે. ૧૯૫૦-૮૦ ના આંકડાની દૃષ્ટિએ એશિયા અને દૂરપૂર્વની વર્ષની ગીચતા દર ચોરસ કીલોમીટરે ૭૦ છે, રશિયા, ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં વસ્તીની ગીચતા ૯ ની છે જ્યારે દુનિયાના અન્ય દેશોમાં ૧૫ ની છે.

નાનુભાઈ દવે

'ઉપરામ'—એક પરિચયાંજલિ

રોજની ધમાલ તો ચાલ્યા કરે છે

ઘણાના સંસાર ગબડી જાય છે કોઈ થોભડ થીગડ ચલાવે છે, ગોઠવી સાચવી શકે છે કોઈ એની મજા ચાખે છે પણ એટલું જ હોત તો સંસારની ફિકર આપણે આટલાં વર્ષોથી કરતા આવ્યા છીએ તે ના કરત કેટલાક નર્યું ઝેર ઓકે છે, જીવાનું તેજ હામી ઊભા રહે છે અને બધું ઉદાસ નિરાશાભર્યું કરી મૂકે છે

છતાં સંસારના રૂપ કરમાયાં નથી એનું માધુર્ય સમજી એનું જતન કરનાર પણ નીકળે છે કહે છે કે ગમેતેવા મૂઢ માનવીને પણ ઈશ્વર જેવી સુગ સંભળાય છે એની આસ્થા જાગે છે એ નમ્ર બને છે શરણું શોધે છે ને મદદ માટે વિનવણી કરે છે એ વિના માનવી છૂટી જતો નથી

એનું આધ્યાત્મિક જીવન ટૂંકું અલ્પજીવી હોય તો એમનાની વાગ એ ફૂલ ખીલ્યા વિના ખરી પડે ને નહિ તો એ સભર બને પ્રફુલ્લ પાંખડી કમળ કે પૂર્ણ ધર્મનાં પ્રતીકો ઠેર ઠેર રચીને આપણે જીવન સમૃદ્ધ કરવા તરફ ધ્યાન આપ્યું છે જ ને

કોઈએ એનું સાવ સાદું રૂપ રાખ્યું ને નહિ જેવી ક્રિયા મની પણ હૃદયની આસ્થા તો ભરી ભરીને રાખી એ રીતે કામ તો ચાલત પણ માનવીનું અસ્તાર કાર્ય મોટું સમજાયું એટલે એના ચિંતનોમાંથી એણે ઘણું જોયું, ઘણું ઓળખ્યું, એની સાથે સંબંધ વધાર્યો અને એમાંથી શક્તિ મેળવી જગતમાં ઉતારી

આ કામ જેવુંતેવું તો નથી જ એમ એ અશક્ય પણ નથી એ માર્ગના ધુરંધર પ્રવાસીઓના અનુભવો અદ્ભુત રીતે સરખા ઊતર્યા છે અને એમણે જે સાધનાઓ જણાવી તે પણ સરખી જણાઈ છે એ પછી એ અનુભવો માયા માનવા જોઈએ કોઈએ વિશાળ

આશરે પાનાના ૧૦૮ મુક્તકોના આ પુસ્તકની કોઈ કિંમત નથી પુસ્તક મેળવવા ઇચ્છનાર પોતાને ઠીક લાગે તે રકમ કિંમત તરીકે મોકલી આ સરનામેથી મંગાવી શકે—ગિરધરલાલ, શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરી.

દર્શન કર્યું હોય તો કોઈએ કેન્દ્રિત કર્યું હોય કોઈની ભાષા ગૂઢ હોય તો કોઈની સરળ કોઈની વાણી ઘેરા ને સ્પર્શ કરી જાય તો કોઈ ઘણાને પ્રેરણા આપે

આ દિશામાં વગર થાક્યે જીવનનું અણુયે અણુ એકાગ્ર કરીને સતત મચ્યા રહેનાર વિરલ પુરુષો ભારત દેશમાં છે એથી એ Spiritual છે એમના જેવા થવા કે દેખાવા લાખો પ્રયાસ કરતા હશે, નિષ્ફળ જતા હશે કે રોગ બની ફરતા હશે પણ જેમની નિષ્ઠા સાચી છે તે તીક્ષ્ણ છે, સતત છે, તેમને સિદ્ધિ વરે છે, એમનો માર્ગ અનોખો છે

એ માર્ગ ઉપર બે મિત્રો બનીને મિત્રભાવે આવે એવું એક પુસ્તક હમણાં પ્રગટ થયું છે એનું નામ 'ઉપરામ'. એ ગ્રંથ નથી પુસ્તક પણ નથી એ છે નાનકડો ગુચ્છ એમાં કાવ્યો છે પણ ગદ્યમાં એ દુકાને મળતો નથી અને છતાં મેળવવાની નિષ્ઠા હોય એને મળે એમ છે વિચિત્ર લાગે છે, નહિ? પણ લેખકે જ ખુલાસો કર્યો છે કે એમણે આપ્યાના ધ્યાન વગર આપવાનું છે લીધાના ધ્યાન વગર લેવાનું છે એ કહે છે કે 'આપું લઉં' 'આપું લઉં'ના નાદ સૂચવે છે કે તારા અને મારા વચ્ચે લાખો જોજનનું અંતર છે એ અંતર ભાગવાનું છે'

આમ વાચક સાથે તદાકાર થવા લેખક તત્પર છે પણ વાચકનું શું ?

પુસ્તકનું નામ પણ નવું જ છે ને ? પણ એવું તો પુસ્તકમાં પાનેપાને અને કાવ્યેકાવ્યે જણાશે એમાં ઘણું ગૂઢ છે અને છતાં વાણી મરાળ વેગની સચોટ ને લાક્ષણિક છે એમણે જે પ્રતીકો રચ્યાં છે એ એમના આગવાં છે, વિચારો અનુભવમાંથી ઘડાયેલા છે અને વિધાનોમાં પ્રતીતિનો રણકો બોલે છે

'ઉપરામ'ના લેખક શ્રી ગિરધરલાલ પચીસેક વર્ષથી શ્રી

અરવિંદના આશ્રમે રહેલા છે એમ તો ત્યાં સાધકોની મોટી સંખ્યા છે અને એમાં ગુજરાતીઓ પણ ઝાઝા છે પણ એ કહે છે

'મેં બોલાવ્યો ને એ આવ્યો

'અમેય બોલાવીએ છીએ

'તો મારા બોલાવવામાં અને તમારા બોલાવવામાં ફેર '

આમાં ગુમાન નથી, પણ આત્મશ્રદ્ધાનો સૂર છે એમણેય જોયુ છે કે ઘણા માણસોને આધ્યાત્મિક વિકાસ કરવાના કોડ જાગે છે પરન્તુ,

'કંપો વરસાદની ઝડીઓમાં પડી રહેતા કઈ કાળ જૂના બોદાયના દેવઘરના ખોખાના પાટિયા, કોઈ અણઘડ સુથાર અને ગુજરીમાંથી અધ્ધર ઉપાડી આણેલો કાટમાળ

'એની પેટી ઘડાવી એમાં દરદાગીના મૂકવાનો વિચાર કરે તેને કેવો કહેવો ?

'મૂઢ

'તો વાસના-ઝડીઓથી ચગાઈ ગયેલા શરીર, ભક્તિનું દેવાળું કાઢેલું એવી બુદ્ધિ અને લોઢાના કાટમાળ જેવા જીર્ણ પૂર્વગ્રહોનો આશરો લઈ પ્રભુભક્તિ કરવાના, સ્વદેહને પ્રભુમંદિર બનાવવાના કોડ કરે તેને કેવો કહેવો ?'

કાચી તૈયારીએ અને મોળા વિચારે આ દિશામાં જનારને કંઈ નહિ મળે એમ એ કહે છે સાંભળો

'સાત લોકનો માલિક જગત ધણીભાઈને નોતરે તમારે દ્વાર આવી ઊભો રહે ?

'એ કદી બને નહિ

'એને નોતરું આપી ઘેર તેડી લાવવા વિનમ્રવેશે હવે જાતે સાથે હૃદયની ખાલી પાલખી લઈ જવું જોઈએ '

પણ આમ કરવું કેટલાને સૂઝે છે ?

'ખરા બધા જ લોક ખાધા હશે એ દ્વાર બધા જ લોકે એમ નહિ તો બીજે ક્યાંક જાગૃતિ અનુભવી હશે પણ એ રીતે આવેલી જાગૃતિ ક્ષણ પછી સુપ્ત'

એમનો તો અનુભવ છે કે 'માનો સાદ વિરલ પુરુષ ઝીલે છે મનના સાદે વિરલ પુરુષ જાગે છે પરન્તુ એ સાદે જાગ્યા પછી જાગનારો સૂતો નથી '

આ અનુભવમાં એમનો કૃતજ્ઞભાવ કેવો ભળી જાય છે તે પણ જોઈએ

'અંધારા ઉલેચી થાક્યો હતો તે સમે એ અંધારામાં પૃજો મૂકવા મને કોઈએ દીવાસળી આપી

'એ આપનારને એમના પગમાં પડી પડી મેં મારું સઘળું બધું ઝવેરાત આપ્યું છે છતાં રોજ મને મારું હૃદય કહે છે તું એનો કરજદાર છે

'મેં મોટા નાના ઘણા ઋણ શાહુજોગ ચૂકવી ખાતા રદ કરાવ્યા છે પરન્તુ દીવાસળીનું આ ઋણ મારાથી નથી ચૂકવાયું એ ખાતું હજી રદ નથી કરાવ્યું

'કદાચ એ ઋણ આવતી બે આવતી ભવ નહિ જ ચૂકવાય એ ખાતું રદ નહિ જ થાય '

કેટલાય ભાવિકો શરૂઆત તો કરે છે પણ સાધની અડધે ના પહોંચ્યા હોય ત્યાં ધીરજ ખૂટી જાય કે ને પ્રયત્ન છૂટી જાય છે પણ અહીં એવું નથી

જેમ જેમ ખોદું છું તેમ તેમ ડાગો અને વધારે કાળોમેશ કાદવ જ નીકળે છે કોરા તોડનાર પથ્થર નીકળે કે મારી શાન્તિ ઘટે છે અને અમૂંઝણ વધે છે

'પણ મેં તો ખોદે જ રાખ્યું વિશેષ અને વિશેષ ઊંડું

'અંતે પાણી આવ્યું ને મેં નાળિયેર વધેર્યું

'આજે મારી પત્ની અને પુત્રી એ કૂવે પાણી ભરે છે આજે દૂરદૂરથી પાણિયારીઓ એના અમૃત બેડાંને ઘડે લઈ જાય છે

'આજે મેં કૂવે કોસ જોડ્યા છે એના પાણી પી લીલાછમ મોલ મારે લોકના ખેતરોમાં ઊભા કે મારી કીર્તિ, મારી પૂછ વધી રહી છે

'હું થાક્યો હોત ?'

એ નથી થાક્યા અને 'હું મેં પૂર્વપાપો ભેગા કરું ને આત્મવેદનમાં યત્કિંચિત પ્રગટાવું ને મારી પાપને જ

હોમ્યા કરું છેલ્લા તણખના સુધી ને ફૂંક્યા કરુ મમત્વવિરોધી વાસળીની ' આમ ચાલ્યા કર્યું

' યજ્ઞનારાયણ

' આપના પદે અવચેતનના દારિદ્રયભર્યાં અધ-બોધ હોમુ છુ

' નિ પ્રયોજને ?

' ના મો પર મોતની રેખાઓ છે તે ભૂસવા હોમુ છુ પિંડમા થાક છે તેને દેશરાગે દઈ તેમા અમર પ્રાણ પૂરવાની આશાઓ સાથે હોમુ છુ

' નર મટવા અને નારાયણ, તારા સમો થવા હોમુ છુ '

આવુ યજ્ઞકાર્ય ચાલ્યુ, ત્યારે એમની મહેચ્છાઓ કઈક હતી ? આપણા મનની ઇચ્છાઓ સાથે એને સરખાવી શકાશે ?

' જાણવુ નથી અનુભવવુ છે અનુભવે અટકવુ નથી, અનુભવ જીવવો છે

' જ્ઞાન લોકોને જણાવવુ નથી હવામા ભરી દેવુ છે

' ભજન કરવા લોકોને ભેગા કરવા નથી, જ્યા બેઠા હોય ત્યા જ સૌના દિલમા તબૂરા રણઝણતા કરવા છે

' આ કર, આ ન કર, એમ કહેવુ નથી સૌ કરવાનુ જ કરે, ના કરવાનુ ના જ કરે એવુ કઈક એમની માહી કરી મૂકવુ છે

' ચિદાનદ કેવળ સૂક્ષ્મમા પ્રત્યક્ષ કરવો નથી સ્થૂળમા મૂર્ત કરવો છે, જીરવી જાણવો છે '

એ કાઈ સહેલુ નથી કેવી રીતે એ પ્રાપ્ય બને ? કેમ જાણ્યુ કે શિખર સર કર્યું ?

' પૂર્ણ દૈવી અધ્યાત્મજીવન નીરગિરોમણિ નિત્ય-સત્યસ્ય આત્મવાનને જ પ્રાપ્ત થાય છે ' ' હવે એક એથી ચઢતી સવાર ઊગે છે '

' આજે કોઈ ગેબી મુકામથી મારા પર તાર આવ્યો છે તેમા લખ્યુ છે સુખ પર પ્રીતિ અને દુખ પર નફરત કરવાના તારા દિવસ આજ પૂરા થાય છે

' તાર ઘરમા સૌને મે વચાવ્યો છે અને સૌએ આજે ઉજાણી કરી છે '

વળી આગળ કહે છે

' આજે જે ખેતર મે જોયુ તેની જમીન હતી '

' તેમા લણણી કેવી હશે ? '

એનો હિસાબ ગણી કાઢી એમણે જવાબ આપ્યો છે

' ઈશ્વરની કૃપાનો મને અનુભવ થયો ત્યાર પહેલા જે રળ્યો હતો તે બધનો સરવાળો થાય છે શૂન્ય અને ત્યાર પછી હુ જે કાઈ રળ્યો તેમાથી ખરચ બાદ જતા જે બાકી રહ્યુ છે તે છે અનત '

આ અનુભવ પછી આપણને સહુને પ્રિય એવો વર્ણપૂજાયેનો પ્રશ્ન અહીં જુદી રીતે ઊભો થયો છે

' મારી પાસે એક સર્ટિફિકેટ છે એની ભાષાની કુશળતાઈ અનોખા છે પણ એના લખાણનો સાર આવો છે

' કોઈનીય પાસેથી સર્ટિફિકેટ મેળવવાની ઇચ્છા એવો હવે તુ રહ્યો નથી '

' આની નીચે બે સહી છે   સદાનદ
                                   ચિદાનદ '

આવુ સર્ટિફિકેટ મેળવવા આપણે શુ કર્યું ને ક્યારે મળે એ સવાલ દરેક વાચકને નથી સૂઝતો શું ?

ગદ્યમુક્તકોના આ સગ્રહમાં ઠેરઠેર કાવ્યતત્ત્વ દેખાય છે અહીં કાવ્યાનદ અને બ્રહ્માનદ ભેગા મળી મોટી ઉજાણી થઈ છે.

' મને લાગ લાગી છે કે આગ દેશમા એક ટેકરી છે એની માટી અણમૂલ રત્ન છે

' મને થયુ કે લાવ ખોદુ

' પણ એ કાળમીંઢ પથ્થરની છે, મન-પ્રાણના કોદાળા લગાડુ છુ તો કોદાળા તૂટે છે, પથ્થર નથી તૂટતા-

' મે વિચાર્યુ ' મારે રત્ન તો જોઈએ છે કહુ શુ ? કયુ બળ કામે લગાડુ ? '

' અને મને સૂઝ્યું કે હૃદય વિના એકકેન્દ્રિત બનીશ એની પીડ ભાગશે

'મેં એનું મન્થન કર્યું, એની પીડ ભાગી છે, માંહીથી અણમૂલ રત્ન સરી પડ્યા છે એનો મારો ખોળો ભર્યો છે '

આમ પ્રકૃતિને નાથીને એની અપાર શક્તિને કામે લગાડવાની ગીત એમણે સરળ પણ કાવ્યથી ભરેલી ભાષામાં વર્ણવી છે વળી જુઓ

'મને હજારો દિશામાંથી હજારો દગા થયા છે, તને દગો દીધો છે, ઘને દીધો છે, મને દીધો છે પણ એક એવો છે જે સદા મારી સાથે ઊભો છે જેણે મને કદીય દગો દીધો નથી

'એ કોણ ?

'સૃષ્ટિના મૂળમાં રહેલો આનંદ

આપણા મનનું પાત્ર ભરી દેવા પરમ આનંદ વરસ્યા કરે છે—પાત્ર આડે હાથ ધરી રાખીએ તોયે એની ઝરમર બંધ થઈ જતી નથી એ ધારા તો સતત વરસે છે

શાંતિને મુરબ્બાણુંદીના અર્થમાં આપણે હમણાં ઘણીવાર સંભારીએ છીએ પણ એનો પરિચય અનોખી રીતે 'ઉપરામ'માં મળે છે

'મારા ઘરથી દોઢ ગાઉ દૂર સ્ટેશન પસાર કરતી ઘણીયે રેલગાડીના અવાજ મેં રાત્રે સાંભળ્યા છે દહાડે કદાપિ નહિ અને કોઈ કોઈ ફેરા તો બરાબર મધ્યરાત્રે સ્ટેશન વગાડી જતી કોઈ ગાડી તો જાણે મારી પથારી આગળ થઈને જતી હોય એમ લાગ્યું

'એ સૌ શાંતિના પ્રતાપ

'આગગાડીના અવાજને પથારી સુધી આવવાની છૂટ, તો માનવ, તારા અંતર્યામી અવાજને તારે રોમરોમ વ્યાપી જવાની કેમ છૂટ નહિ ?

'સ્થૂળ શાંતિથી ઉચ્ચતર કોઈ અન્ય શાંતિને વરેલો યોગી દુનિયાના ગમે તે જીવના હૃદયના ધબકારા ગમે તેટલો દૂર બેઠો સાંભળી શકે એમ માનવામાં શો વાંધો ?'

'એ ઉચ્ચતર અને સૌથી ઉચ્ચતમ શાંતિના પ્રતાપ ?'

પ્રવાસો કે જંગલોમાં ભમતાં ક્યાંક sign-posts આવે છે—આ તરફ શું છે ને પેલી તરફ શું છે તે જણાવતા જ્યાંથી આવ્યા તેની યાદ પણ આપી જાય છે 'ઉપરામ'માં આવા ઘણાં sign-posts ખડાં કરે છે ચેતવણીઓ આપી છે, ઉત્સાહ આપ્યો છે, પરિચય આપ્યો છે ને પહોંચ્યાનો આનંદ પણ જણાવી દીધો છે એ ઉપરાંત કૃતજ્ઞભાવ વડે એ બધું સહજ ને સાર્થક બનાવી દીધું છે

'ઉપરામ'ની એક આગવી વિશિષ્ટતા ને ખૂબી છે તે પણ અનોખી માગણીઓ—પ્રાર્થનાઓ—માનવજાતની સંસ્કૃતિને ઊંચે લઈ જાય, અંતરની આરઝૂને મસ્તીના દર્શન કરાવે અને સર્વત્ર ઈશ્વરનું ઐશ્વર્ય વ્યાપી રહે—એવી

'દેહ તેજોમય પ્રાણ શક્તિમય મન આનંદમય થાય એ મારી માગણી છે મરણ પૃથ્વી પર દેવ અવતારવા છે સમતાયુક્ત દિવ્ય વ્યવસ્થા સ્થાપવી છે આનંદની હેલી વરસાવવી છે

'હે નાથ પૃથ્વી પરથી પસાર થતા ભમરી છે, અત્યારથ ટાંગી છે હું પહાડરૂપ દેહના છે સદાને માટે નામ નિશાન જડે નહિ એવી રીતે.

'મારી માગણી ગુણ કર માગું તારો નકશો એ જ મારી માગણી છે તારી પ્રેરણા એ જ મારું જોર છે તારો વિજય એ જ મારા આનંદની અવધિ છે મારા જીવનનું સાર્થક્ય છે

'પૃથ્વી તારી ચીસ મેં સાંભળી છે તારા કરુણ સ્વરે અને તારા શરીર પરના વ્રણોએ મારું ચેતન એકવાર હરી લીધું, એકવાર મને કંપાવ્યો

'પણ મારા અસહ્ય આનંદની સ્મૃતિ તરત તાજી થઈ અને

'જો હું શ્વેત-અશ્વ પર ચઢ્યો છું રણે પડ્યો છું

'પૃથ્વી, હવે । તો તારા નવું રૂપ ને, કાં તો હું નવો નરભય થઈ જઈશ '

'પરમેશ્વર શિખર પર બેઠા સર્વ અધમાધમ ખીણોમાં ભીતર, તારા દાસ્ય ભાવના તારા અમૃત ત્યાં રોગ

તારા ખ્હેર શત્રુઓને હત અને તારા દિલચસ્પ દોસ્ત બનાવ

'સુરેશ અસુરોને—પતિત સુરોને—હવે તારા હાથમા ઊંચક એમને પાછા સ્વસ્થ બનાવ પાછા સુર બનાવ'

હે ભગવાન ! પાતાળમા કરોડ સૂર્યના અજવાળા કરો અમને અન્નમયને અમૃતમય કરો અમારા જીવન ઊર્ધ્વમૂળમાથી અમૃત પીએ પણ અધોમૂળમાથી પણ અમૃત પીએ એમ કરો

ભગવાન ! જેવા અરૂપે છો તેવા જ રૂપે બના જેવા ઊર્ધ્વ લોકે વિચરો છો—નિત્યમા છો તેવા સાતે લોક વિચરો નિત્યમા

કૌનમો અને હીરો તત્ત્વે એક જ છે કૌનમો હીરો બને એ શક્ય છે તો નાથ ! સર્વ અધારાો અજવાળા બનાવી દો હળાહળને આહ્લાદકારી અમૃત બનાવી દો મોતના મૂળિયા ઉખેરી નાખો બસ સર્વત્ર તમે જ વિચરો તમે જ વિરમો

પાતાળ વગોવાય અને સ્વર્ગ વખણાય એવુ ના રાખો સઘળ તમારો બનો સ જ—સુલભ કરો

ગુજરાતી સાહિત્યમા પાશ્ચાત્યથી ભરાભર્યા ગ્રથો આજ પણ છે ખગ ક રોના ઉભગથી છલકાતા ગ્રથો પણ છે વિચારરત્નો પણ કેટલાય ગ્રથોમા સચવાયા છે આધ્યાત્મિક દૃષ્ટિએ લખાયેલા પુસ્તકો પણ છે પરન્તુ ઉદરામ જેવુ સરળ છતા સર્વે મૌલિક અને કાવ્યમય અતરવેદનાને સ્પર્શતુ—જગાડતુ મિત્રભાવે બોધતો બની સાથે રહેતુ તળપદા શબ્દો અને શબ્દના મર્મને પકડી વ્યક્ત કરનારુ—જેમા અનુભવ અને સિદ્ધિના ઘડતરનુ સભગાય છે કલ્પના જાગે ને મહેચ્છાઓ ઊભી થાય છે જે જાત સાન્નિધ્યમા હર્ષપૂર્વક ઊભુ રહી શકે તે એવુ નાનકડુ (૧૦૮ જ મુક્તકોનુ) છતા સમૃદ્ધ પુસ્તક વિરલ છે

★

ભારતમા દર સાલ ૭૦,૦૦૦ ટન કાજૂ ઉત્પન્ન થાય છે તેની ચોથાઈ ત્રીજી યોજનાના અત સુધીમા બે ગણી કરવાની ધારણા છે એક ઝાડમાથી દર વર્ષે ૯૦ રતલ કાજૂ મળે છે

૧૯૫૨–૫૬ સુધીમા દર સાલ ૧૨ કરોડ રૂપિયાના ૩૨,૦૦૦ ટન કાજૂ પરદેશ ચડયા છે ૧૯૫૭મા ૧૪ કરોડ ૭૦ લાખ રૂપિયાના ચડયા હતા.

બ્રાઝિલ પૂર્વ આફ્રિકા અને ભારત એ ત્રણ સ્થળે કાજૂ થાય છે તેનુ મૂળ સ્થાન બ્રાઝિલ છે

કાજૂની છાલમાથી તેલ પણ કઢાય છે દર વર્ષે ૮ થી ૯ હજાર ટન તેલ કાઢવામા આવે છે નાવ જાળ વગેરેની પાણીથી ખરાબી થતી અટકાવવામા તે કામે લેવાય છે, સાફ કર્યા બાદ તે વાર્નિશ, ટાઈપરાઈટરના રેલ, ટાઈલ્સ વગેરેની બનાવટોમા ઉપયોગમા લેવાય છે

*

વિખ્યાત અભિનેત્રી મેરી ડ્રેસલર જ્યારે ગભીર બીમાર હતી ત્યારે એના જીવનના આખરી પાચ માસ દરમ્યાન એને આનદિત રાખવા માટે મેટ્રો ગોલ્ડવિન મેયરના સચાલક લૂઈસ બી મેયર દર અઠવાડિયે અમુક તેવુ કામ હોય તો પણ નવા ચિત્રપટ માટે જુદી જુદી કથા વસ્તુઓ અને યોજનાઓ લઈ ડ્રેસલરને મળવા જાય આ મુલાકાત દરમ્યાન મેયર ક્યાય પણ માદગીનો ઉલ્લેખ ન કરે બલ્કે વખત જુદી જુદી વસ્તુઓ અને તેમા ડ્રેસલરને ભજવવાના ભાગ પર જ ચર્ચા કર્યા કરે જાણે બન્ને જણા સ્ટુડિયોમા જ હોય આમ મી મેયર ડ્રેસલરના જીવનના આખરી અઠવાડિયા સુધી એને આનદી અને સુખી રાખી શક્યા હતા

જયન્તિકા પરમાર 'સુમંગલા'

ગૃહમંગલ

સ્વાતંત્ર્ય, વ્યક્તિ સ્વાતંત્ર્ય. બાળક નાનું હોય છે ત્યારથી જ તેને સ્વતંત્રતા આપવાની જરૂર છે. બાળક પોતાની સ્વતંત્ર પ્રવૃત્તિ કરી શકે એવી તક તેને મળવી જોઈએ. તેથી તે સ્વતંત્ર રીતે વિચાર કરતું થઈ શકે અને ત્યારે જ તેનામાં આગળ જતાં પોતાની નૈતિક જવાબદારીનું ભાન આવશે. બાળકને રોકટોક કરવાથી કે તેના પ્રત્યે બેદરકારી બતાવવાથી તે અસંતોષી બને છે. આ અસંતોષનું પરિણામ વિકૃતિમાં આવે છે.

આમ દરેક વ્યક્તિનું ઘડતર બાળપણથી જ થાય છે. બાળપણમાં તેની પ્રત્યે દાખવવામાં આવેલું વર્તન સાચું સ્વરૂપ પકડે છે અને મોટપણે પોતાની રીતે ઘડવા જતાં સ્વતંત્ર માનસને પોતે જે રીતે સમજે તે રીતે સ્વતંત્રતાના નામ પર ખેંચવા આગ્રહી બને છે. ક્યારેક આવેગોનું સ્વાતંત્ર્ય પ્રધાનપદ ભોગવે છે. દરેક વ્યક્તિ પોતાની જાત માટે સ્વતંત્ર છે પરંતુ તેને ખોટી રીતે વળગી રહેવામાં આપ્તજનોને દુઃખી બનાવવાં પડે છે. સ્વતંત્રતાના નામ પર જક્કીપણું અને હઠ ગમે તે રસ્તે ખેંચી જાય છે. કેટલીકવાર 'ખેંચ પકડ મુઝે જોર આતા હૈ'ની માફક ભવિષ્યનો વિચાર કરતાં નથી, જ્યારે પાછળથી હાથ ઘસતાં રહેવું પડે છે. પસ્તાવો પુષ્કળ થાય છે પરંતુ કોઈ ઈલાજ નથી જડતો.

માટે જ દરેક વ્યક્તિ પોતે કઈ સ્વતંત્રતા ભોગવે છે અને તેનું સ્વરૂપ કયા પ્રકારનું છે તે કોઈપણ અનુભવમાં મૂકાતા પહેલાં વિચારી લેવું જોઈએ. અમુક સંજોગોમાં મૂકાયા પછી દૃષ્ટિ બદલી શકતી નથી. ગમે તે દલીલો કરીને મક્કમ રહેવું પડે છે પરંતુ ભાવિ જીવનને સુધારવું હોય અને આપણા દેશને ઉચ્ચ ધોરણે વાળવો હોય તો સાચે જ સાચી સ્વતંત્રતાનું ભાન નાનપણથી જ કેળવાવું જોઈએ. ભાવિ પ્રજા અને વર્તમાનયુગનું ભલું ઇચ્છવા માટે અને દેશનું પણ ભલું ઇચ્છવા માટેય સ્વતંત્રતાને નામે ખોટી બડાશ કે વાહિયાતપણું ન ઘૂસી જાય તે જ ખાસ અગત્યનું છે.

આજે સ્વતંત્રતાના નામ પર સ્વચ્છંદતા જ વધુ જોવામાં આવે છે અને એટલે જ સ્વતંત્રતાને જુનવાણી, રૂઢિચુસ્તો ગાળો દે છે. સાચી સ્વતંત્રતા આપણું સત્યાનાશ નહિ વાળે પણ સન્માર્ગે જરૂર દોરી જશે. અને સન્માર્ગ એ તો દરેક ધ્યેયને માટે સાચો રાજમાર્ગ છે.

જાગૃત કરવાનું કામ

વિહુ જન્મ્યો ત્યારે તેના પિતાની જાહોજલાલી સારી હતી એકનો એક વિહુ ઠીક ઠીક લાડમાં ઉછરી રહ્યો હતો. પણ કુદરત જ્યારે વિફરે ત્યારે તો કોઈ ને પૂછવા પણ રહેતી નથી. વિહુની મા સાતેક વર્ષનો મૂકીને મૃત્યુને શરણ થઈ. ઘણે વર્ષે ઘરમા બાળક આવ્યું અને સુખેથી ન રહેવા દીધા પિતાને માટે આ આઘાત અસહ્ય હતો પરંતુ હિંમત એકઠી કરી દીકરાના સહારે જીવન વિતાવવાનું નક્કી કર્યું. નોકર ચાકરથી ઘરનો કારભાર ચલાવવા માંડ્યો વિહુના પિતા ક્યારેક ખૂબ દુઃખી થત. ઉમ્મર બહુ મોટી નહોતી થઈ પણ ફરીવાર પરણવાની એમની ઈચ્છા જ નહોતી. સગાં-સંબંધીએ સલાહ આપી ખૂબ આગ્રહ કર્યો પણ 'મારો વિહુ ભણીગણીને તૈયાર થઈને મારી થાપણ સંભાળે એટલે મારે કશાની જરૂર નથી' એમ કહી લગ્નનો વિરોધ કરતા. વિહુ એમનો ખૂબ લાડકાયો હતો.

આઠેક વર્ષ પસાર થઈ ગયાં. વિહુ ભણેલો હતો. તેના જીવનમાં પિતા એ જ તેની માતા હતા. પિતાનું વાત્સલ્ય તેના ઉપર ઉછળતું હતું છતાં પણ મા તે મા, માની ખોટ તો દુનિયાની કોઈ વ્યક્તિ પૂરી શકે તેમ નથી હોતું. વિહુ સ્વભાવે હઠીલો, તોફાની હતો તેને ખબર નહોતી કે આ તેનું સુખ ઘડીના છઠ્ઠા ભાગમાં નાશ પામવાનું છે કાલે શું થવાનું છે તેની કોઈને ખબર નથી હોતી.

વિહુના પિતા અચાનક માંદગીમાં પટકાયા. એવા સખત પટકાયા કે ફરીવાર તેમાંથી ઊઠ્યા જ નહિ. હવે વિહુનું કોઈ રહ્યુ નહિ વિહુના કાકા વિહુને તેમને ઘેર લઈ ગયા. નિશાળે બેસાડ્યો. વિહુને હવે જીવનમાં રસ રહ્યો નહોતો. મા ગઈ, બાપ ગયા કાકા તો સ્વાર્થે રાખવા તૈયાર થયા હતા. વિહુની મિલ્કતના હકદાર તે થયા, અને બરોબર મિલ્કત બધી મળી ગઈ એટલે કાકાની દાનત બગડી વિહુને ખૂબ ત્રાસ આપવા માંડ્યા. ખાવાપીવાનું પણ બરોબર આપે નહિ. ન હોય ત્યાંથી વાંક કાઢી મારે પણ ખરા. જ્યારે વિહુનો ઉછેર જુદા જ પ્રકારનો હતો એટલે એ આ બધું સહી શક્યો નહિ. તે સમજી ગયો કે આ કાકા મારી મિલ્કતના પ્રતાપે મને ક્યાં તો મારી નાખશે અથવા ખૂબ રંજાડશે. ભવિષ્યમાં પોતે ઊંચો નહિ આવી શકે. ત્રાસેલો વિહુ ઘર છોડીને જવાની પેરવી કરી રહ્યો હતો. ત્યાં કાકાએ જ ઘરમાંથી ચાલ્યા જવાનો હુકમ કર્યો.

અને એક દિવસ તે કાકાનું ઘર છોડી ચાલી નીકળ્યો માંડ દશેક રૂપિયા પાસે હતા. થોડા દિવસ તેમાંથી ચાલ્યું. હવે શું....! પૈસા ખૂટી પડ્યા, કમાવાનું કંઈ સાધન નહિ, નોકરી પણ મળે નહિ. કરવું શું? વગઓળખીતા માટે નોકરી કંઈ ઓછી રસ્તામાં પડી છે! ત્રણ દિવસનો ભૂખ્યો વિહુ હવે ધીરજ રાખી શકે તેમ નહોતો રસ્તે ચાલતાં ખીસા કપાતાં જોયાં. તેને પણ ચોરી કરવાનું મન થયું. પેટનો અગ્નિ ભભૂકી રહ્યો હતો. સીફતભરી રીતે તેણે એક ભાઈની ૧૦ રૂપિયાની નોટ તફડાવી. તે ગુંડા સાથીદારોની ટોળકીમાં જોડાયો તેને દુનિયામાં બીજો કોઈ જ રસ રહ્યો નહિ ખાવુંપીવું અને મોજમઝા કરવી, દોસ્તો સાથે આનંદ કરવો,

કોઈની સાથે દાદાગીરી કરવી, લાગ આવે તો મારવો અને તેને હેરાન કરી કામ કઢાવવું એ તેનું મુખ્ય કામ થઈ ગયું. નાનપણની એની શક્તિ ઊંધે રસ્તે દોરાઈ અને વિહુ એક ગુંડો બન્યો. ગુંડા તરીકે પંકાવા લાગ્યો. ગુંડાગીરી કરતાં પકડાઈ ગયો અને એક વખત જેલ પણ ભોગવી આવ્યો

પરંતુ તેની અંદર આત્મા સાથે જકડાયેલ 'ઈન્સાનીયત' હજુ મરી પરવારી નહોતી તેનો ભૂતકાળ યાદ કરી કરીને તે ખૂબ નિરાશ થઈ જતો. એક ખાનદાન કુટુંબમાં જન્મેલો પોતે આજે કયે રસ્તે જઈ રહ્યો છે! કારણ આજે તેનું જીવનમાં કોઈ નથી. એ ઈન્સાન બનવા માગે છે સંજોગોવશાત્ જે કંઈ થઈ ગયું તેને વર્ષો પછી ભૂલવા અને 'સાચો મનુષ્ય' બનવા તેનું અંતરમન ઝંખી રહ્યું છે. એને સહારો જોઈએ છે. સારી સોબત જોઈએ છે.

સંજોગો વ્યક્તિને ઉપર ચઢાવે છે અને નીચે પણ પાડે છે. ગુંડાઓ કેવી રીતે ઉત્પન્ન થયા? તે કંઈ જન્મીને જ અવતર્યા નથી હોતા સંજોગો જ એને પછાડે છે તેમાં મોટી જવાબદારી તો આપણા સમાજની છે સમાજ જ્યારે તેને ધુત્કારે છે ત્યારે તેને આબરૂની પડી નથી હોતી અને વધુ ખરાબ બને છે તેમાંય એક વખત પંકાઈ ગયેલા ગુંડાને સારો થયા પછી પણ અપનાવવા કોણ તૈયાર થાય..!

દરેક વ્યક્તિને સુધરવાની તક આપવી જોઈએ. જો સમાજમાંથી અનિષ્ટ તત્ત્વ દૂર કરવું હોય તો સમાજે મુકરર કરેલી રૂઢિ છોડવી પડશે. આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી દરેક વ્યક્તિને કામ મળે તે જોવું પડશે સમાજ અને સરકારનું આ કામ આપણી પ્રજાને જાગૃત કરવા માટેનું ખૂબ અગત્યનું છે.

કવળાં સાસરિયાંમાં...

ખૂબ લાડકોડમાં ઉછરેલી નયના પરણીને સાસરે જાય છે. કેટલાક રિવાજથી અબુધ નયનાને સાસુજીનો ક્રોધી સ્વભાવ જીરવવો, એને અનુકૂળ થવું દુઃખદ થઈ પડે છે

નયના પરણીને સાસરે આવી ત્યારે ઘરના કેટલાક રિવાજોથી અબુધ હતી. અને તેમાંય તેના બાપાજી પૂરતો કરિયાવર નહોતા- કરી શકયા એટલે બીજા જ દિવસથી તેને માથે આભ તૂટવા માંડયું.

જેઠાણી : નયના, તારી પાસે પેટી ભરેલી થેલી છે તે બાને જોઈએ છે. તારી ચાવી આપ તો હું કાઢી આપું.

નયનાએ કહ્યું, ભાભી, ચાવી જડતી નથી, હમણાં જડે એટલે આપુ છું.

જેઠાણી : બા, નયના તો ના પાડે છે.

સાસુ : ચાવી દેવાની ના પાડી તે શું હું ખાઈ જવાની હતી?

નયનાએ કહ્યું, બા, પણ ચાવી ગોતી તો મળી નહિ એટલે મેં કહ્યું ગોતીને આપું છું.

સાસુ : બસ હવે, મૂક તારી ચાલાકી! મારે તારી થેલી નથી જોઈતી બહુ બધુ લઈને આવી છે તે જાણું છું ને? કંઈ કરિયાવરે નથી લાવી. તારા બાપમાં બળ્યું છે શું? ઘડિયાળનું કહીને દીકરાની ઘડિયાળ પણ ન લવી. જો હું તો કેટલું બધું લાવી છું.

આમ રોજના સાસુનાં મહેણાંટોણાં શરૂ થઈ ગયાં. એક વખત કોઈ ઘેર નહોતું ત્યારે નયના ભજન ગાતી હતી ત્યાં જેઠ અને પતિ આવી પહોંચે છે.

પતિ : તને કંઈ અક્કલ છે કે નહિ ?

'પણ કોઈ હતું નહિ એટલે....

[પતિ લાફો મારે છે.]

સાસુ : હાં ઠીક થયું. મારે તો એમાં રોવાનું શાનું ? કંઈ ભાન તો છે નહિ. કેમ બેસવું, કેમ ઊઠવું—કંઈ શીખીને જ નથી આવી. આવું રોઝડું મારા નસીબે ક્યાંથી ભટકાણું ?

આવું તો રોજ ચાલ્યા કરે. નયના રસોઈ કરે તો પાછળથી દાળમાં મીઠું વધારે નાખી દે. પછી જેઠાણી કહે કે બા, નયનાને, કોઈ કામ સરખું ફાવતું નથી, રાંધતાંય નથી આવડતું. આમ ચઢાવા થાય અને સાસુ પણ તેને મારે.

ખૂબ માર ખાઈ ખાઈને એ તો સાવ ગાંડા જેવી થઈ ગઈ. એના શરીરમાંથી જાણે બધી જ તાકાત હણાઈ ગઈ. બધાં જ એને 'ગાંડી ગાંડી' કહેવા લાગ્યાં. બહાર જવાનું હોય તો કહે કે આ ગાંડીને ક્યાં લઈ જવી ? એ તો બધું જ બગાડશે. ઘરની તો ઠીક પણ એની પોતાની કોઈ વસ્તુ ઉપર પણ એનો હક નહિ. એક સાલ્લો પણ પૂછ્યા વગર પહેરાય નહિ. એક દિવસ એને ખૂબ ગભરામણ થઈ. આકુળ-વ્યાકૂળ થઈ ગઈ એટલે સાસુએ કહ્યું ચોક્કસ આને તો ભૂત જ વળગેલું લાગે છે. લાવો ભૂવો બોલાવીએ. અને એમણે ભૂવો બોલાવ્યો.

સાસુ : આવો ભૂવાજી, આ મારી વહુને કંઈ નડતર બડતર તો નથી ને ?

ભૂવો : એની પાસે મારણગાંઠ છે. ધણીને વશ કરવાનો મંત્ર છે.

સાસુ : બોલ, સાચું બોલ (મારે છે) બોલ ?

'હા છે. પણ મને મારો નહિ મારાથી માર સહન થતો નથી.' નયના બોલી.

ભૂવો : જો બેટી, હું કહું છું તેમ કરજે ને બોલાવું તેમ બોલજે એટલે તારામાં પેઠેલું ભૂત તરત નાસી જશે

'મને નવઘરું છે, જોઈએ છે, સાડલો, પોલકું ઘાઘરો, લાવો મારે ખાવું છે'

ભૂવો : જુઓ આ ભૂત શું બોલે છે ? સાંભળો. આ બધી ચીજ લાવો. બધું સારું થઈ જશે.

આમ ભૂવો બધું લઈ લે છે. પૈસા પણ લીધા અને એ હેરાન થઈ એના માબાપને કાગળ પણ ન લખી શકે. સાસુ અને પતિ એનાં માબાપને ખોટા ખોટા કાગળો લખે 'ક્યાંકથી દોરાધાગા મંત્રીને લાવી છે. ને મૂઢ જેવી બેસી રહે છે. ભૂત આવે છે.' ને એવું બધું વાંચીને એની બાએ માન્યું કે ભૂત આવે છે ને એને કંઈક થઈ ગયું છે. થોડા સમય પછી એ બાને ઘેર ગઈ. પણ સગી બાએ પણ એને ન સાંભળી. કહે કે 'તારું સાંભળું કે આ લોકોનું ? તું તો એકલી છે અને આટલાં બધાં કહે છે તે ખોટું ?' વહેમીલાં લોકોએ ભૂવા બોલાવ્યા અને એની જિંદગી બરબાદ કરી.

સાચું દુઃખ શું છે તે સમજવા પ્રયાસ નથી કરતાં અને ગાંડી ગાંડી કરીને એને ગણકારતાં નથી. એક દિવસ કંટાળીને એ સાસરેથી ચાલી નીકળી. એક સંબંધીએ આપઘાત કરતી બચાવી લીધી.

પાંગરેલું નસીબ

[પાંચેક વર્ષની એક નાની છોકરીને લઈને ત્રેવણ જણુ આવે છે. છોકરીનું માથું સડી ગયેલું છે. કપાળે ઘા છે અને ડામ પણ દીધેલા છે.]

એક ભાઈ: આ નાની છોકરીનું નામ તારા છે. એના માબાપ મરી ગયાં છે. એનું કોઈ સગું નથી.

એક પડોશી બહેન: તેના બાપની કોઈ દૂરની બહેનને ઘેર એ રહેતી હતી. એની માને મરી ગયાંને હજુ બાર મહિનાય પૂરા નથી થયા ત્યાં તો એના આ હાલ જોઈ અમારાથી ન રહેવાયું. આટલી નાની છોકરી ઉપર શું ત્રાસ વરતાવે ? ચીપીઓ હાથમાં આવે તો ગરમ કરીને ચાંપી દે. ખાવા તો શાંતિથી આપે જ નહિ. જે હાથમાં આવ્યું તે છૂટું ફેંકે. નાની તારા બિચારી રડતી રડતી ઘરની બહાર નીકળી જાય. છાનીમાની મારે ઘેર આવી ચડતી. ખૂબ રડતી એ અક્ષર સાંભળીને મણુ એને છોડાવવા દોડતી. મને આ છોકરીની દયા વધુ આવે. આ નરકમાંથી છોડાવવા પ્રયત્ન કરતી હતી. આવાં છોકરાંને આશરો આપતી સંસ્થા શહેરમાં હોય છે એવી ખબર પડતાં ભાઈને લઈને છાનાંમાનાં એને ભગાડી લાવ્યાં.

આ અનાથ દુખીયારી બાળાને તરત જ હોસ્પિટલમાં દાખલ કરી. અને તેની દવા કરાવી. માર ખાઈ ખાઈને એનું મગજ નબળું પડી ગયું હતું. તે સાજી થઈ પણ તેની યાદશક્તિ ઘસાઈ ગઈ.

[એ કહેવાતી ફઈ તારાની તપાસ કરવા સંસ્થામાં પહોંચે છે.]

ફઈ: તમારે ત્યાં તારા નામની છોકરી છે?

'કોણ તારા ? તમે શું થાઓ એના ?'

ફઈ: હું એની બાપની સગી થાઉં. એના ગામની છું.

'ના બહેન, અહિંયાં તો તમે કહો છો તેવી છોકરી નથી.'

[તેનું કોઈ સગું હતું નહિ અને વળી આ નવું કોણુ સગું થતું આવ્યું ? અજાણ્યા બનીને તેને સંસ્થાએ દાદ દીધી નહિ. આમ વર્ષો પછી વર્ષો ચાલ્યાં ગયાં. તારા તો ખાસ્સી અઢાર વર્ષની થઈ ગઈ. અને એને લાયક એક મુરતીઓ ગોતીને પરણાવી પણ દીધી. ત્યાં થોડા સમય પછી વળી નવું જ તૂત જાગ્યું.]

ભાડુઆત : તમારે ત્યાં તારા છે તેની તો તેના ગામમાં ખૂબ મિલકત છે હું એના ઘરમાં જ ભાડવાત તરીકે રહું છું. એ જે ફઈને ત્યાં રહેતી હતી તે તારાના વાલી તરીકે જ છે. આટલાં વર્ષો પછી છોકરીનો કંઈ પત્તો ન મળ્યો એટલે વારસદાર મરી ગઈ છે એમ કહી પોતાને નામે મિલકત કરાવવા તલાટી પાસે તેનાં ફોઈ પહોંચ્યાં અને છેવટે સરપંચ પાસે ગયાં. સરપંચે તો તેમને ચોખ્ખું પરખાવ્યું કે 'બેન, તારા મરી ગઈ છે તેનું સર્ટિફિકેટ લઈ આવો. તે સિવાય મારાથી કશું જ થાય નહિ. અમારે સરપંચને તો કાયદા પ્રમાણે ચાલવું પડે.'

આમ તેમનું કંઈ ચાલ્યું નહિ. મિલ્કતની ખબર પડતાં મને થયું કે લાવ તમને ખબર

આપું, તો છોકરીને મિલ્કત તો આટલે દહાડે મળે.

'મિલ્કતમાં શું શું છે?'

ભાડુઆત : જમીન છે, અને ઘર પણ છે. બીજા પચાવી પાડવા પ્રયત્ન કરે છે. તમે કંઈ કરશો તો પાર પડશે.

તપાસ કરતાં ખબર પડી કે તારાને પંદર વીઘાં જમીન છે અને ઘર પણ છે. તારાને ત્યાં લઈ ગયાં શરૂઆતમાં તો એ લોકો ગમે-તેમ બોલવા લાગ્યા, તારાના નામે ગમે તે છોકરીને ઊભી નહિ કરી હોય તેની શી ખાત્રી? પણ ધીમે ધીમે તેમને સમજાવી વિગત આપી એટલે ગાડું સરાડે ચડયું. વાતવાતમાંથી એ પણ જાણવા મળ્યું કે તારાને એના મોસાળની પણ મિલ્કત છે. તારાની બા એકની એક હતી અને તે મિલ્કત પણ તારાના નામે હતી.

તારાને મોસાળના ગામ લઈ ગયાં. તારાની બાના કાકા અને બીજા થોડાક નજીકનાં સંગ એને વિગને સમજાવીને વાત કરી એટલે તે તો પોતાની તારા પાછી મળી જાણતાં ખુશખુશ થઈ ગયાં. કાકીએ તો કહ્યું કે 'અમને ખબર આપી હોત તો અમારી તારાને અમે ધામધૂમથી પરણાવત. અમને કેટલો આનંદ થાત!'

આમ ખુશ થતાં થતાં મોસાળની બધી મિલ્કત તે લોકોએ આપી દીધી. પેલી કહેવાતી ફઈ તો તારાને જોઈને ડઘાઈ જ ગઈ. તેની પાસેથી મિલ્કત મેળવતાં કોર્ટે જવું પડયું.

તારાને આજે નાની બેની છે, તે જન્મીને થોડાક સમયમાં તારાને મિલ્કત પણ મળી. છોકરીના નસીબનું ધન આવ્યું તેમ સૌ કોઈ કહેવા લાગ્યા.

પણ તારાના આનંદનો પાર નથી. એ તો કહે છે:

'આટલી નસીબદાર હોઈશ તેની તો મને કલ્પનાયે નહોતી. માબાપ વગરની હું હતી-પણ મને તો મારી મા મળી ગઈ. એ માના પ્રતાપે જ આજે હું મિલ્કત પામી. વધારે નસીબદાર તો મારી બેની કે જેના જન્મતાં જ મિલ્કતના સમાચાર મળ્યા. મારા આનંદનો પાર નથી.'

★

વૈદકશાસ્ત્ર વાંચતા એવું વાચવા મળે છે કે સવારના કરતા સાંજ વખતનું ગાયનું દૂધ સુપાચ્ય હોઈ સારુ છે. આ વાચીને મને બહુ આનંદ થયો અને હું વિચારવા લાગ્યો કે આનું શું કારણ હશે? કારણ કે આજકાલના દુગ્ધાલયો અમે ચલાવેલા છે અને એનો અનુભવ તો અમારી પાસે એવો છે કે સવારનું દૂધ તો બધું સપાટાબંધ ખપી જાય છે. પરંતુ સાંજના દૂધ વિષે ફિકર રહે છે એથી વૈદકશાસ્ત્રના આ વાક્યે મને વિચારે ચઢાવ્યો. વૈદકશાસ્ત્ર કહે છે કે આખી રાત ખીલે બંધાઈને બેસી રહેવાથી સ્વચ્છ હવા એને ન મળવાથી સવારનું દૂધ પચવામાં ભારે હોય છે જ્યારે આખો દિવસ સૂર્યપ્રકાશમાં ફરવાથી વ્યાયામ મળવાથી સાંજનું દૂધ પચવામાં સુપાચ્ય હોય છે વિટામીનોથી વધુ પરિપૂર્ણ હોય છે. 'વ્યાયામાનિલરીવનત' વ્યાયામ અને ખુલ્લી હવા તડકો વગેરેના સેવનથી ગાયનું સાંજનું દૂધ વધુ મહત્વનું ગણાય છે

—વિનોબા ભાવે.

સર્જનના રાહે

મનનો માનેલો :

[લે. ધીરુબહેન પટેલ. પ્ર. એન. એમ. ત્રિપાઠી, મુંબઈ. રૂ. ૨/૫૦]

વાર્તાક્ષેત્રે શ્રેષ્ઠ સફળતાને વર્યા બાદ શ્રી. ધીરુબહેન પટેલે રેડિયો–નાટકો લખવાની કળા પણ સારી એવી હસ્તગત કરી છે અને આ સંગ્રહની કૃતિઓ વાંચ્યા પછી એમની આશાસ્પદતા વિષે જરૂર ખાતરી થાય છે.

આકાશવાણી પરથી અનેકવાર પ્રસારિત થઈ ચૂકેલાં અને લોકપ્રિય નીવડેલાં પાંચ એકાંકી અને એક ત્રિઅંકીનો આ સંગ્રહમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે કૃતિ પરથી પુસ્તકનું નામકરણ થયું છે તે ત્રિઅંકી 'મનનો માનેલો' નું તો વળી મરાઠીમાં ભાષાંતર દ્વારા રૂપાંતર થઈને આકાશવાણી પરથી પ્રસારિત થઈ ચૂક્યું છે તે લેખિકાની જેવી તેવી સિદ્ધિ ન ગણાય. મૂળેય ગુજરાતી ભાષામાં એકાંકી ઓછાં લખાય છે, તેમાંય વળી ભજવવામાં સરળતા પડે તેવાં સાવ ઓછાં લખાય છે. આ સંગ્રહની વિશિષ્ટતા એ છે કે એ બધાં રેડિયો પર ભજવવાની દૃષ્ટિએ લખાયાં છે એટલે સંવાદો માર્મિક, અર્થગર્ભિત અને સચોટ હોવા છતાં સંક્ષિપ્ત છે. પાત્રો બને તેટલાં ઓછાં છે એટલે સાંભળતી વખતે શ્રોતાઓને પાત્રો ઓળખવામાં કશી મુશ્કેલી ન પડે.

દરેક એકાંકીનું વસ્તુ એમણે સામાન્ય જીવનમાંથી ઉપાડ્યું છે અને છતાં વસ્તુગૂંથણી એવી કલાત્મક રીતે કરી છે કે વસ્તુ સામાન્ય ન બની રહે. આપણી આજુબાજુ જીવતાં ઘણાં માનવીઓ, રોજીંદા પ્રશ્નો જે રીતે ઉકેલ આણતાં હોય છે તે આપણે જોઈએ છીએ, જાણીએ છીએ અને અનુભવીએ છીએ પણ એ બધાં માનવીઓ પુસ્તકમાં આલેખી શકાય એવાં છે, પાત્રો બની શકે તેવાં છે એવી ઘણીવાર કલ્પનાયે નથી આવતી. લેખિકાની વેધક દૃષ્ટિએ એવાં બધાં પાત્રોને કાળા અક્ષરોમાં સાકાર બનાવ્યાં છે અને મમોળા ને જીવંત સંવાદો દ્વારા સુઘટિત ચરિત્રલેખનને પાત્ર બનાવીને સાંભળનાર કે વાંચનારના મનમાં સમસંવેદના ઉત્પન્ન કરાવી જાય એવાં હાલતાં ચાલતાં ને બોલતાં બનાવ્યાં છે. નાટકો લખાયાં છે સાંભળવા માટે પણ વંચાઈ જાય છે પણ એવી જ રસપ્રદ રીતે.

સંગ્રહનું પ્રથમ નાટક 'પ્રોફેસર સાહેબ' નું વસ્તુ પ્રસ્તાવનામાં શ્રી. જ્યોતીન્દ્ર દવેએ જણાવ્યું છે તે પ્રમાણે અસાધારણ છે. ઘરભંગ થયેલા પ્રોફેસરસાહેબનો રસ જીવનમાંથી લુપ્ત થાય છે ને એમના ઇતિહાસના વિષય પૂરતો મર્યાદિત બની જાય છે. એમની યુવાન પુત્રી ઘરનો બધો વહીવટ સંભાળે છે પણ અઢી વર્ષનું ભાડું ચડી જાય છે. ઘરનો નવો માલિક ઉઘરાણીએ આવે છે પણ એને પ્રોફેસરી માનસનો (ધૂની માનસનો) અનુભવ થાય છે, એના હૃદયમાં પ્રોફેસર માટે સહાનુભૂતિ જાગે છે, એની માનવતાનો ઉદય થાય છે. પ્રોફેસરની મૃત પત્ની શ્રીલેખા એની પરિચિત છે એવી ખબર પડતાં એ ભાડું વસૂલ કર્યા વિના હળવે પગલે પાછો વળે છે.

સંગ્રહનું બીજું નાટક પણ એટલું જ સૂચક છે. 'સ્વપ્નતરંગ'માં લહેરો ખાતા કેટલાય યુવકો પોતાના ભાવિ જીવન વિષે ચોક્કસ નિર્ણય લેતાં ખમચાય છે ત્યારે યુક્તિ–પ્રયુક્તિ વડે જ એમની સાન ઠેકાણે લાવી

શકાય છે એવો એનો સાર છે. આ એકાંકીનું શીર્ષક 'શીશામાં ઉતાર્યો' સહેજ ડખે તેવું છે કારણ કે એમાં કોઈ કોઈને છેતરતું નથી. સંગ્રહનું 'સોનાની કટારી' શીર્ષક નાટક વહેમી પતિનું માનસ કેવી રીતે કામ કરતું હોય છે અને એ વાગ્બાણ દ્વારા પત્નીને કેવી રીતે દુઃખી બનાવતો જાય છે એનો ખ્યાલ આપે છે. કટાક્ષમય સંવાદો ખૂબ તીખા છે. જો કે નાટિકાના અંત સૌના મનમાં વેદના મૂકી જાય તો નવાઈ નહિ, સુખદ અંત હોત તો સારું થાત. 'મામાજીનો કાકાકૌઓ'નું વસ્તુ અતિ સામાન્ય છે છતાંય એ કાકાકૌઆની સભાગ થોડા દિવસ માટે નાયક–નાયિકા ના રાખી શક્યા ને પરિણામે મામાજીનો વાઘ્મો ગુમાવવાનો વખત કેવી રીતે આવ્યો એની કેરુણ કહાણી રજૂ કરી જાય છે 'પીળા પડદા'નું વસ્તુ હળવું છે, વ્યક્તિ–વ્યક્તિની ગૃહશણગારની પસંદગી જુદી જુદી હોય છે, એકને ગમે તે બીજાને ન ગમે એવું હમેશ બનતું આવ્યું છે પણ આ નાટિકાની વસ્તુગૂંથણીની નિર્બળતાને લીધે જોઈએ તેવી રસજમાવટ કરવામાં લેખિકા સફળ નથી નીવડતાં. પાત્રો પણ જરૂરથી વધારે છે એટલે ભજવનારને થોડીક ગૂંચવાડો થવા પણ સંભવ ખરો.

દરેક નાટકના સંવાદો જ એના પ્રાણરૂપ ગણવા જોઈએ ને શ્રી ધીરુબહેનને વાચકો ને શ્રોતાઓની કુતૂહલતા જાગ્રત કરવામાં અને પકડી રાખવામાં સફળ થાય એવી કળા વરેલી છે. સંવાદો ખૂબ સુચિત, ટૂંકા અને સચોટ છે અને વાર્તારસ ઠેઠ સુધી જાળવી રાખે તેવા છે. શ્રી ધીરુબહેન પાસેથી આવા ને આથીયે વધુ વિષયવૈવિધ્યવાળાં સારાં નાટકોની આપણે જરૂર અપેક્ષા રાખીએ.

'સંસારનાં વમળ'

[લે. ઈશ્વર પેટલીકર, પ્ર. આર આર. શેઠની કંપની, મુંબઈ ૨ રૂ ૫/—]

શ્રી ઈશ્વર પેટલીકરનો સામાજિક પ્રશ્નો ચર્ચતો આ સંગ્રહ એક યા બીજા પ્રકારના પ્રશ્નોમાં અટવાયેલા માનવસમુદાયને કોઈક માર્ગદર્શન પૂરું પાડે તે પહેલાં દરેક વાચકને એક વાતની ખાતરી કરાવશે કે પોતાને હોય છે એવા યા એના જેવા પ્રશ્નોનો જીવન જીવતી દરેક વ્યક્તિને જીવનમાં એક પળે અથવા હર પળે સામનો કરવાનો વખત આવે છે. કોઈ પણ માનવીનું જીવન મુશ્કેલી વગરનું, પ્રશ્નોની પરંપરા વગરનું કે ચિંતા વગરનું હોઈ શકે નહિ એ સત્ય પણ લાધવા સંભવ ખરો.

આપણે ત્યાં જૂની સમાજવ્યવસ્થા જેમ જેમ તૂટતી જાય છે અને જૂનાં મૂલ્યાંકનોનું ખંડન થતું જાય છે તેટલી જ ઝડપથી હજુ નવી સમાજવ્યવસ્થા ને નવાં મૂલ્યો સ્થાપિત થયાં નથી એટલે આ સંધિકાળમાં માનવમન શું કરવું, આમ કરવું કે તેમ કરવું એવા પ્રશ્નોમાં અટવાય છે. એને જૂનું માળખું ગમતું નથી પણ ફેંકી દેતાં એનું મન શંકાશીલ બને છે. એ જૂનું ફેંકી દઈને સુધારાવાદી પગલું ભરે તો પણ એને વિશ્વાસ નથી જન્મતો કે એણે સાચું કર્યું છે કારણ કે આપણા સમાજમાં ક્રાંતિકારી પગલું ભરનારને અનુમોદકો તાત્કાલિક મળવા મુશ્કેલ થઈ પડ્યા છે.

વળી પરદેશમાં જેમ કૌટુંબિક સંબંધોને લગતાં ને લગ્નવિષયક માર્ગદર્શન આપે તેવાં કેન્દ્રો હોય છે, જ્યાં વૈજ્ઞાનિક ઢબે વ્યક્તિગત, કૌટુંબિક ને સામાજિક પ્રશ્નોની છણાવટ થાય છે અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે તેવું આપણે ત્યાં નથી એટલે જાહેર કાર્ય કરનારને અનેકવિધ પ્રશ્નોથી ગૂંચવાયેલા બધા જ વર્ગના લોકો પોતાના અંગત કે સામાજિક પ્રશ્નો પૂછીને નિરાકરણ આણવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે.

લેખકે વિધવિધ પ્રશ્નોના આપેલા ઉત્તરો સાથે આપણે બધા હમેશ સંમત થઈ શકીએ એમ નથી જ કારણ કે પ્રમાણિક વિચારભેદને લેખક સ્વીકારીને ચાલે છે. આમ છતાં આ પુસ્તકનું વાચન હિંદુ સમાજની હવા લેતી વ્યક્તિઓને કેવા કેવા માથાફૂટભર્યા પ્રશ્નો સાથે ટક્કર લેવી પડે છે એનો ખ્યાલ તો જરૂર આપે છે. હિંદ જેવા ગરીબ દેશમાં દરેક વ્યક્તિને પોતાની

ગુપ્ત શક્તિઓ ખીલવવાની હંમેશ તક નથી મળતી એ હકીકત દુઃખદ ગણાવી જોઈએ. વળી દરેક વ્યક્તિએ શું થવું છે, એને શું થવામાં રસ છે એની ગણતરી પણ આપણાં વડીલો કરતાં હોય તો કેટલાક સામાન્ય પ્રશ્નો જરૂર હલ થઈ જાય.

સામાન્ય રીતે લગ્ન એ વ્યક્તિનો અંગત પ્રશ્ન ગણાવો જોઈએ, પણ આપણે ત્યાં એમ નથી. સંયુક્ત કુટુંબ-પ્રથાને લીધે દરેક જણ એ પ્રશ્નમાં માથું મારવાનો પોતાનો વણમાગેલો હક્ક માની લે છે અને પરણનાર વ્યક્તિને અનહદ દુઃખ પહોંચાડે છે. શિક્ષણનો જેમ પ્રચાર થતો જાય છે તેમ બીજા સમાજોના વિચારો આપણે કરીએ છીએ, અને અપનાવવા જેવું અપનાવવું જોઈએ એમ માનીને પ્રયત્નરત પણ રહીએ છીએ. યુવાવસ્થાની ખુમારીમાં વ્યવહારિકતાનો થોડો અભાવ હોય એટલે વ્યક્તિ સ્વપ્નદૃષ્ટા વધુ પડતી બની જાય છે. એમાંનાં થોડાં સ્વપ્નાં બર આવતાં હોત તો સારું હતું પણ વાસ્તવિકતા જુદી જ હકીકત રજૂ કરે છે જેથી સમાજમાં નિરાશ ને ભગ્નહૃદયી વ્યક્તિઓની સંખ્યા વધતી જાય છે. આ ' Frustrated element ' તરફ સમાજચિંતકોએ ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

આ પુસ્તકમાં સંગ્રહાયેલા ૪૩ પ્રશ્નાત્મક કિસ્સાઓ ને છેલ્લે પ્રશ્નોત્તરમાં રજૂ થયેલા મુદ્દાઓ વિષે વિચારતાં એમ લાગે છે કે જે ઉંમરમાં યુવક–યુવતીઓએ સ્વપ્નદૃષ્ટા બન્યા પછી કાર્યરત થવાનું હોય એ જ ઉંમરે ઘરના નાના નાના ઝઘડા કે લગ્નના પ્રશ્નમાં પોતાની મરજી મુજબ પગલું ભરવાની કે કાંઈ પણ સુધારાત્મક વલણ અખત્યાર કરવાની વૃત્તિને લીધે આપણી પડતી લડાઈમાં એમની મહત્ત્વાકાંક્ષાઓની અવગણના થાય છે અને એમની શક્તિઓને સર્જનાત્મક ઝોક મળે તે પહેલાં એનું ખૂન થાય છે. આમ રોજિંદા જીવનની ઘરેડ એમને ભરખી જાય છે. જે ધ્યેય એમને પ્રાપ્ત કરવું હોય એને માટે એ ઉંમરે વડીલો તરફથી એમને યોગ્ય પ્રોત્સાહન કે માર્ગદર્શન મળવાં જોઈએ એને બદલે એમને નિરુત્સાહી બનાવવામાં આવે છે. પ્રશ્ન તરીકે આપણે પ્રશંસાત્મક વલણ કેળવતાં શીખ્યાં નથી એટલે પણ આમ બનતુ હોવાનો સંભવ ખરો. જ્ઞાતિવાદની દિવાલો તોડવાનું કામ પ્રમાણમાં સહેલું જરૂર બન્યું છે પણ સાથે સાથે જૂની પેઢી સાથેનો વિચારભેદ એટલો તીવ્ર છે કે એનો ઉકેલ લાવવા માટે સામી વ્યક્તિના અંગત અભિપ્રાયને માન આપવાની વૃત્તિ કેળવવાની ખાસ જરૂર છે.

સંગ્રહમાંના લેખો વાંચતા મન પર એવી છાપ પણ પડે છે કે લેખક દરેક પ્રશ્નમાં ઊંડો રસ લે છે, સમાજ-વ્યવસ્થાનો અને પરિસ્થિતિનો તલસ્પર્શી અભ્યાસ પણ કરે છે, પણ સ્ત્રી પ્રત્યેનો પક્ષપાત વર્તાઈ આવે છે, જે પુરુષ–લેખક માટે કાંઈક અસ્વાભાવિક હોવા છતાં પ્રશંસનીય ગણાવો જોઈએ. હવે પરિસ્થિતિ પલટો લેવા માંડી છે ત્યારે ટાણે સ્ત્રીઓ જ સ્ત્રીઓનો પક્ષ લે એની સાથે સાથે પુરુષો પણ સ્ત્રીઓના હક્કોની વકીલાત કરે એ આદરણીય ગણાવું જોઈએ. લેખક પોતાના વિચારોમાં જેટલી શ્રદ્ધા ધરાવે છે એવી જ રીતે એ પોતાનાથી જુદો મત ધરાવનારાઓ પ્રત્યે ઉદાર વલણ યા સહિષ્ણુતા પણ ધરાવે છે જે સાચે જ અભિનંદનીય ગણાવું જોઈએ. પ્રશ્ન પૂછનાર દરેક વ્યક્તિએ કદાચ એમણે સૂચવેલ રાહ નહીં પણ લીધો હોય આમ છતાં દરેક પ્રશ્નમાં રસ લઈને, છણાવટ કરવી ને યોગ્ય માર્ગદર્શન આપવું એમાં સારો એવો સમય આપવો પડે આ પુસ્તક હિન્દુ સમાજનાં બદલાતાં મૂલ્યાંકનોના અભ્યાસુઓ માટે સારું એવું વાચન પૂરું પાડે તેમ છે. પ્રશ્નોની વિવિધતા, સમાજ-દર્શન અને નિખાલસતા સૌનું ધ્યાન ખેંચશે

માંગલ્યદૃષ્ટા મહાકવિ :

[લે. પ્ર. બાલચંદ્ર પરીખ. પ્રાપ્તિસ્થાન : એન. એમ. ત્રિપાઠી, મુંબઈ અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. રૂ ૧/૨૫]

ગુજરાતના કવિવર તરીકે આજ સુધી જે એક જ નામ ગણાવી શકાય તેમ છે તે મહાકવિ શ્રી ન્હાનાલાલનો હરિસંહિતા નામના મહાકાવ્યનો મહાગ્રંથ ત્રણ ભાગમાં પ્રગટ થયો. તેના પહેલા ખંડનું ઉદ્-

ઘાટન ગુજરાતી પુસ્તક માટે વીરલ એવુ આપણા વડા પ્રધાન પંડિત નેહરુએ ચારેક માસ પહેલા કરેલુ બાકી રહેલા બને ખડ પણ હવે તૈયાર થઈ ગયા છે એટલે કવિશ્રી ન્હાનાલાલના આ મહાગ્રંથના ત્રણેય ખડો હવે મળી શકે છે એ મહાકાવ્યને વિશે- પાજલિ આપતુ આ નાનકડુ છતાય મહત્ત્વનુ પુસ્તક સમયસર પ્રગટ થાય છે એ બદલ તેના ઉત્સાહી અભ્યાસુ કર્તા શ્રી બાલચદ્ર પરીખને અભિનદન ઘટે.

ન્હાનાલાલ વિષેનુ અભ્યાસીઓને ઉપયોગી અને ન્હાનાલાલમા રસ ધરાવનારને જરૂરી સાહિત્ય પુસ્તક રૂપે ખૂબ ઓછુ હતુ તેમા શ્રી બાલચદ્ર પરીખના બે અગ્રેજી અને આ સહિત ત્રણ ગુજરાતી ગ્રથો મહત્ત્વનુ સ્થાન ધરાવે છે હવે તો મહાકવિ શ્રી ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ પ્રકાશનો દ્વારા એ માર્ગને વધુ સરળ બનાવી રહ્યુ છે એ પણ ગુજરાતી સાહિત્ય માટે ગર્વની વાત ગણાય એટલે આ વિશેષાજલિ પણ એક મહત્ત્વનો સાહિત્યિક ઉમેરો કરે છે જે વિષે બે મત છે જ નહિ

'પરમ જ્યોતિનુ અવતરણ' નામના પહેલા પ્રકરણમાં 'હરિસહિતા'નુ ઉદ્‌ઘાટન થયુ તે વખતના ભવ્ય ઉત્સવનો ચિરદાયતા થોડાક શબ્દો છે જેમા ન્હાનાલાલે તેમના પ્રથમશિશુ હરિસહિતાને અને તેના ઉદ્‌ઘાટક શ્રી જવાહરલાલ નેહરુને ભાવાજલિ અર્પી છે 'યુગવિધાયક સાહિત્યસ્વામી' નામનો બીજો લેખ આ પુસ્તકનો મહત્ત્વનો ભાગ બની રહે છે તેમા કાલિદાસ ટાગોર, હોમર દાન્તે, શેક્સપિયર, મિલ્ટન, ગેટે ગોવર્ધનરામ જેવા વિશ્વસાક્ષરો સાથે આપણા કવિવરનુ સમતોલન કર્યુ છે સાથે સાથે વિશ્વસાહિત્યનુ, વિશ્વઇતિહાસનુ અને ન્હાનાલાલની કૃતિઓનુ વિશદ સમાલોચન પણ આવી જાય છે આ પ્રકરણને અતે હરિસહિતાને સારસ્વત જીવનના કીર્તિકળશ તરીકે કર્તાએ ઘટાવ્યો છે તે દરેક અર્થમા સાચુ ઠરે છે

'આર્ષદ્રષ્ટા કવિવર' નામનુ ત્રીજુ પ્રકરણ આપણને એ મહાકવિની અનેક શક્તિઓની પ્રતીતિ કરાવે છે કવિ, નાટ્યકાર, સર્જક, દ્રષ્ટા, પયગમ્બર, સિદ્ધ જ્યોતિર્ધર વગેરે અનેક સ્વરૂપે કવિવરને બિરદાવીને સાચા અર્થમા આર્ષદ્રષ્ટા સાબિત કરવામા કર્તાએ તેમના અભ્યાસનો નીચોડ રજૂ કર્યો છે હરિસહિતાના પ્રથમ ખડનુ ઉદ્‌ઘાટન શ્રી નેહરુએ કર્યુ ત્યારે 'ન્હાનાલાલને મૂલવનાર હુ કોણ?' જેવુ સત્યવચન આપણા એ વિદ્વાન વડા પ્રધાને ઉચ્ચારેલુ તે જ આ પુસ્તકનુ છેલ્લુ અને ચોથુ પ્રકરણ શીર્ષક બન્યુ છે

આમ ૬૭ પાનામા પૂરુ થતુ આ પુસ્તક પાનાની નાની સખ્યા ધરાવતુ હોવા છતાં ન્હાનાલાલના અભ્યાસીઓ તેમના સાહિત્ય ઉપર આશક બનેલા રસિકો માટે એક જરૂરી માર્ગદર્શન આપનારુ સાધન સાથી બની રહેશે એમા શકા નથી

ભગવાન ઈશુની બોધકથાઓ

[લે મુકુલભાઈ કલાર્થી પ્ર ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૪. ૦/૪૦]

દરેક ધર્મના પયગમ્બરોમાં જે જનતામા પ્રિય થવાનુ એક અને અમોઘ સાધન હોય છે તે સીધી સાદી બોધકથાઓથી આમજનતાને પોતાની બનાવવાનુ. એ બોધકથાઓ ટૂકી મુદ્દાસર અને એટલી સચોટ હોય છે કે સાભળનારને સોસરવી ઊતરી જાય તેનુ મહત્ત્વ એટલે જ આગવુ હોય છે ભગવાન ઈશુની આવી જ ૨૮ બોધકથાઓ આ ૪૮ પાનાની પુસ્તિકામાથી મળે છે જે, આબાલવૃદ્ધને એક સરખી જ ગમી જાય તેમાંય શ્રી મુકુલભાઈની સરળ અને સચોટ શૈલી પણ આ બોધકથાઓને લોકભોગ્ય બનાવવામા સારી એવી મદદ કરે છે આપણા બાળકો અને ઓછુ ભણેલાઓ માટે આ પુસ્તિકા સારી એવી સામગ્રી પૂરી પાડે છે

*

'...વંદન જય ગુજરાત'

ચિત્રકાર : શ્રી કનુ દેસાઈ

૭૨૫૮

શ્રી ઈશ્વરલાલ મો. દવે

સંપાદક

ભારતી સંઘનાં નવાં પ્રકાશનો

મહાભારતની કથાઓ	ધૂમકેતુ	૩/૫૦
પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
પચામૃત	ઈશ્વર પેટલીકર	૧/૨૫
આભના ટેકા	,,	૧/—
આખ વિના અજવાળા	,,	૧/૨૫
જુવાય એ શે કહી ?	,,	૧/૨૫
સુવર્ણ-પ્રતિમા	ચુનીલાલ વ શાહ	૫/—
ત્રણ દીકરાની મા	,,	૧/૨૫
અણોજો (નવી આ)	,,	૧/—
કડદો	પન્નાલાલ પટેલ	૧/૫૦
છકો અને મકો (આઠ ભાગ)	જીવરામ જોષી	૧૩/૫૦
અજપો	શેખાદમ આબુવાલા	૨/૨૫
ઠોકર	'ઉમાકાન્ત'	૬/૭૫
સુષુમણા (નવી આ.)	,,	૭/૭૫
મગળ જ્યોત	,,	૬/૭૫
અંકુર	ડાહ્યાભાઈ પટેલ	૩/૫૦
પુનર્મિલન	,,	૫/—
નવા કલેવર ધરો હસના	,,	૫/—
આત્મવચના	'વિશ્વમિત્ર'	૫/૫૦
અમર દીપ	ભૂપત વડોદરિયા	૫/—
સાથ વિનાના સગાથી	,,	૫/—
મૂગા પડછાયા	બળવત નાયક	૭/૫૦
અજળપાણી	'સત્યમ્'	૫/૭૫
ભવની વાટે	,,	૫/૭૫
ધરતીનુ હીર	દેવશકર મહેતા	૬/—
ધરતીની આરતી	,,	૮/૭૫
પ્રેરણામૂર્તિઓ	ઈશ્વરભાઈ પટેલ	૧/૩૦
માનવતાનો સાદ	,,	૯/૫૦
જનતા કાજે જીવનારા	,,	૧/૫૦
ગામડાની કેડીએ	પીતામ્બર પટેલ	૧/૨૫
ધરમ તારો મભાળ રે...	,,	૧/૫૦
નૂતન ભારતના તીર્થ (પાચ ભાગ)	,,	૩/—
પીતામ્બર પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/૫૦
સાહસની શોધમા	નવનીત સેવક	૨/૫૦
ધરતીનાં અમી	મણિભાઈ પટેલ	૪—
સાહિત્યનિકષ	અનતરાય મ રાવળ	૪/૨૫
સાહિત્યવિહાર (નવી આવૃત્તિ)	,,	૪/૫૦
દ્વિરેફનુ વાર્તામધુ (ન આ.)	રા. વિ પાઠક	૧/૫૦
ધર્મકથાઓ ૧થી૫ (,,)	,,	૭/—
સસાર (નવી આ.)	ઝવેરચંદ મેઘાણી	૧/૨૫
રેલગાડીની સૃષ્ટિ (નવી આ)	,,	૧/૨૫
પાનખર અને વસંત	સાને ગુરુજી	૫/૭૫
સખા (નવી આવૃત્તિ)	,,	૬/૨૫
કરુણાદેવી	,,	૧/૭૫
શ્યામની મા	,,	૬/—
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
તીર અને તુક્કા	રભાબેન ગાધી	૩/૫૦
જીવન-ઝ ઝાવાત	,,	૭/—
રાખમા જલે છે અગારા	રમણિક પટેલ	૩/૫૦
સાધના અને સિદ્ધિ	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	૭/૫૦
સાચા જીવતર	રાનાભાઈ પટેલ	૩/૫૦
છેલ્લી રાત	ટી પી સૂચક	૩/૫૦
હૈયાઉકલત	મનુભાઈ જોધાણી	૧/૨૫
કુળ હત્યા	,,	૧/૨૫
શૌર્ય કથાઓ	,,	૧/૨૫
અમૃતપાત્ર	ચદુલાલ સેલારકા	૪/૫૦
ખરતા તારા	જિતુભાઈ પ્ર. મહેતા	૪/૫૦
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
અંતિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ભારતયાત્રા	રામનારાયણ ના પાઠક	૬/—
વ્રતની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
છેલ્લા આસુ	,,	૫/—
વદના	ઓમાભાઈ ભાવસાર	૧/૫૦
ચાદા ચાદા પોળી	વસત જોધાણી	૦/૭૫
સૂની પડી રે સીતાર	ઘનશ્યામ ઠાકર	૦/૫૦

— ઉપરનાં નવાં પ્રકાશનો ઉપરાંત અમારાં બધાં પ્રકાશનોનુ નવું સૂચિપત્ર મંગાવો :—

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ — ૧૪, ગાંધીરોડ ફર્નો-હીઝ બ્રિજ — અમદાવાદ, ૧

મેગેઝીનોનાં લવાજમ ભરી ખાસ લાભ મેળવો

અમારે ત્યાં હિંદભરના તથા પરદેશના શિષ્ટ અને સંસ્કારી, કોઈપણ વિષયના તેમ જ ભાષાનાં મેગેઝીનોનાં લવાજમ પ્રકાશકના દરે જ સ્વીકારાય છે. નીચેના ભાવો પ્રકાશકોના ફેરફારને આધીન છે.

અમારે ત્યાં સીધું લવાજમ ભરવાથી ખાસ લાભ મેળવી શકાશે.

(૧) એકી સાથે બે લવાજમ મોકલનારને મનીઑર્ડર ખર્ચ ગજરે અપાશે.

(૨) ત્રણ લવાજમ મોકલનારને, હિન્દના જવાહર, ગાંધીજીની આત્મકથા-હિંદી, નિત્યમનન એ ત્રણમાંથી પસંદગીનું એક પુસ્તક ભેટમાં મળશે.

(૩) પાંચ લવાજમ મોકલનારને નેહરુચાચાની આર્ટ પેપર પર છપાયેલી ૯૦ તસવીરોની પુસ્તિકા તથા આરોગ્યની ચાવી (ગાંધીજીકૃત) પુસ્તિકા એમ બે પુસ્તિકા ભેટમાં મળશે.

....તો આજે જ લવાજમો મોકલી આપી ખાસ લાભ મેળવો.

ઊર્મિ-નવરચના	૭-૫૦	વિશ્વવિજ્ઞાન	૭-૨૫	સોવિયેત દેશ	૫-૦૦
તંદુરસ્તી	૫-૫૦	વિશ્વમંગલ	૬-૨૫	ગુજરાતી નાટ્ય	૬-૦૦
જીવનમાધુરી	૭-૫૦	વિશ્વમાનવ	૭-૦૦	મંગલમંદિર	૬-૨૫
નવચેતન	૭-૫૦	વિજ્ઞાન ૭૬	૬-૦૦	વ્યાયામ	૩-૫૦
મિલાપ	૯-૦૦	ચિત્રલેખા	૧૫-૦૦	શારીરિક શિક્ષણ	૩-૦૦
કુમાર	૯-૦૦	જી	૮-૦૦	નવજીવન	૪-૦૦
સંસાર	૫-૦૦	રસરંજન	૮-૫૦		
શ્રીરંગ	૮-૦૦	બાલસંદેશ	૮-૫૦	**હિંદી**	
યુવક	૫-૦૦	ઝગમગ	૮-૫૦	નવનીત	૧૦-૦૦
ક્ષિતિજ	૧૦-૦૦	બાલજીવન	૪-૦૦	ધર્મયુગ	૨૮-૦૦
પ્રજ્ઞા	૧૦-૦૦	બાલમિત્ર	૫-૦૦	કહાની	૬-૦૦
આરસી	૬-૦૦	ચાંદામામા	૬-૦૦	બાલક	૪-૫૦
ગાંડીવ	૭-૨૫	રમકડું	૯-૦૦	ચુન્નુમુન્નુ	૪-૫૦
ગીતગંગા	૬-૦૦	બાલવાડી	૨-૦૦	યુવક કોંગ્રેસ	૩-૦૦
ચાંદની	૬-૦૦	નૂતન શિક્ષણ	૫-૦૦	વિજ્ઞાનલોક	૯-૦૦
બીજ	૬-૦૦	કોંગ્રેસ પત્રિકા	૫-૦૦	હિંદી ગાનદૂત	૪-૮૦
નીરોગી	૫-૦૦	અખંડઆનંદ	૮-૫૦	વિજ્ઞાન પ્રગતિ	૫-૦૦
સવિતા	૬-૦૦	ધાગધાપુ	૬-૦૦	બાલભારતી	૪-૦૦
આરામ	૬-૦૦	સ્ત્રીજીવન	૭-૦૦	સરિતા	૧૨-૦૦
રંગદા	૬-૦૦	સમર્પણ	૭-૦૦	આરોગ્ય	૫-૦૦
દક્ષિણા	૫-૦૦	સંસ્કૃતિ	૭-૦૦	હિંદી શિક્ષક	૫-૦૦

સૌરભ પુસ્તક ભંડાર, અમદાવાદ.

[પાછળને પાને ચાલુ]

[પાછળના પાનાથી ચાલુ]

જીવન સાહિત્ય	૪-૦૦	કેરેવાન	૭-૫૦	આરગોસી	૨૪-૦૦
આર્થિક સમીક્ષા	૭-૦૦	સ્પોર્ટ્સ એન્ડ પાસટાઇમ	૧૯-૭૬	કોરોનેટ	૧૪-૪૦
મહિલા પ્રગતિ કે પથપર	૩-૦૦	ડીઝાઇન	૮-૦૦	લુક	૪૦-૮૦
સોવિયેત સંઘ	૬-૭૫	સોવિયેત લેન્ડ	૭-૦૦	એસ્કવાયર	૫૭-૬૦
ભારતીય સમાચાર	૭-૦૦	પાર્લમેન્ટ સ્ટડીઝ	૪-૦૦	ટીટબીટ્સ	૨૦-૧૨
આજકલ	૬-૦૦	કેપીટલ	૬૪-૦૦	બોયઝ લાઇફ	૧૯-૨૦
નવચિત્રપટ	૬-૦૦	બીઝનેસ ડાયજેસ્ટ	૨૪-૦૦	ચાઇલ્ડ લાઇફ	૨૪-૦૦
સોવિયેત નારી	૪-૨૫	દીપિકા	૫-૦૦	સાયકોલોજી	૧૨-૦૦
આપકા સ્વાસ્થ્ય	૬-૦૦	ઇકોનોમિક વીકલી	૨૪-૦૦	ચિલ્ડ્રન્સ ડાયજેસ્ટ	૧૯-૨૦
સ્વાસ્થ્ય ઔર જીવન	૭-૫૦	ફિલ્મફેર	૨૦-૩૦	હાઉસ બ્યુટીફૂલ	૧૫-૬૦
		આર્યન પાથ	૬-૦૦	હાઉસ એન્ડ ગાર્ડન	૩૨-૧૫
— અંગ્રેજી —		નેશનલ રિવ્યુ	૧૦-૦૦	ગુડ હાઉસ કીપીંગ	૩૧-૨૦
મોડર્ન રીવ્યુ	૧૫-૦૦	બોમ્બે માર્કેટ	૪૮-૦૦	બ્યુટી ફેશન	૨૪-૦૦
સનશાઇન	૫-૦૦	સિવિક અફેર્સ	૧૫-૦૦	લેડીઝ હોમ જર્નલ	૩૩-૬૦
કેરિઅર એન્ડ કોર્સીસ	૯-૦૦	ગાંધીમાર્ગ	૫-૦૦	વુમન એન્ડ હોમ	૧૮-૨૫
સાયન્સ એન્ડ કલ્ચર	૧૦-૦૦	કરન્ટ સાયન્સ	૧૨-૦૦	વાઇફ એન્ડ હોમ	૧૫-૨૫
ટ્રેઝર ચેસ્ટ	૨-૫૦	પ્રોગ્રેસ ઓફ એજ્યુકેશન	૬-૬૦	મોડર્ન વુમન	૧૫-૮૦
રીડર્સ મેગેઝીન	૬-૦૦	એજ્યુકેશનલ રિવ્યુ	૫-૦૦	હોમ્સ એન્ડ ગાર્ડન્સ	૨૨-૬૫
રીડર્સ ડાયજેસ્ટ	૧૮-૦૦	લાઇફ (૩૯ અંક)	૨૪-૫૦	આઇડિયલ હોમ	૨૬-૧૦
બ્લીટ્સ	૧૪-૫૦	લાઇફ (૧૯ અંક)	૧૨-૦૦	લીલીપુટ	૧૮-૦૦
ફેમિના	૧૪-૫૦	ટાઇમ	૪૮-૦૦	જી. ડી. આર રિવ્યુ	૫-૦૦
કરન્ટ	૧૨-૦૦	સાયન્સ ડાયજેસ્ટ	૨૧-૬૦	વર્લ્ડ ડાયજેસ્ટ	૧૬-૨૫
લીન્ક	૨૫-૦૦	સાયન્સ-મિકેનિક્સ	૧૬-૮૦	વર્લ્ડ સ્પોર્ટ્સ	૧૮-૬૫
કોમર્સ	૬૫-૦૦	પોપ્યુલર સાયન્સ	૨૮-૮૦	ડીઝાઇન (બ્રિટીશ)	૩૦-૪૦
શંકર્સ વીકલી	૨૫-૦૦	પોપ્યુલર મિકેનિક્સ	૨૧-૬૦	પેરેન્ટ્સ મેગેઝીન	૧૯-૨૦
ઇકોનોમિક રિવ્યુ	૮-૦૦	નેશનલ જ્યો. મેગેઝીન	૪૫-૭૦	મોડર્ન ફોટોગ્રાફી	૩૮-૪૦
ઇલસ્ટ્રેટેડ વીકલી	૪૧-૦૦	જીઓગ્રાફીકલ મેગેઝીન	૨૪-૫૦	ન્યૂઝ વીક	૪૮-૦૦

અમારે ત્યાં બાલસાહિત્યના તથા ખ્યાતનામ લેખકોના તથા પ્રકાશકોનાં પુસ્તકો ઓર્ડર મળ્યે યોગ્ય કમિશનથી મોકલી આપવામાં આવશે

* વિશેષ માહિતી અને સૂચિપત્ર માટે આજે જ મળો યા લખો

મહાગુજરાતની સદ્ધર, સુવ્યવસ્થિત અને ખ્યાતનામ અગ્રગણ્ય મેગેઝીન લવાજમ એજન્સી

સૌરભ પુસ્તક ભંડાર

સંચાલક જયકાન્ત કામદાર

આ પાનાં કાપીને સાચવી રાખશો

પાદશાહની પોળ સામે, ૬૨૫, રિલીફરોડ-અમદાવાદ


દેવમંદિરો તથા પવિત્ર સ્થાનોમાં વાપરવા
ખંભાતવાળાની પરીક્ષાય
કોહીનૂર દશાંગ ધૂપ
કોહીનૂર અગરબત્તી
કોહીનૂર
અગરબત્તી અને દશાંગ ધૂપ
વાપરો
ટે.નં.૫૧૯૮૦૨ ગ્રામ 'લોમા'
એમ.એમ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ-૧

અમારાં પ્રકાશનો ઉપરાંત ગુજરાતી સાહિત્યનાં બધાં નવાં પ્રકાશનો અમારે ત્યાંથી હંમેશા મળી શકે છે ૧૯૬૦નાં નવા પ્રકાશનો (બીજા પ્રકાશકોનાં) નીચે મુજબ છે :—

★

હરિસંહિતા ૧-૨-૩	ન્હાનાલાલ કવિ	૩૦-૦૦
પુષ્યમિત્ર	ધૂમકેતુ	૪-૫૦
કુમારદેવી	,,	૫-૦૦
પ્રેમપંથ ૧-૨	ઈશ્વર પેટલીકર	૧૧-૦૦
દરિયાપાર	ગુણવંતરાય આચાર્ય	૪-૫૦
આચાર્યની શ્રેષ્ઠ નવલિકાઓ	,,	૩-૫૦
ભગવાન તારું શું થશે	,,	૩-૦૦
ભરજોબન	,,	૪-૫૦
ચંપાવતી	,,	૪-૦૦
હું એક મુરતિયો	દામુ સાંગાણી	૩-૦૦
પરણ્યા છતાં કુંવારા	,,	૨-૫૦
શું હતા, શું થઈ ગયા	,,	૩-૫૦
મનના મનોરથ	ગ૦ દી૦ મદામી	૪-૦૦
શરાબનો શોખી	,,	૩-૦૦
વીતી જશે આ રાત?	ભગવતીકુમાર શર્મા	૨-૫૦
રાજયોગી	રમણલાલ ધીરજલાલ શાહ	૩-૦૦
લોખંડી ખાખનાં ફૂલ ૧-૨	'જયભિખ્ખુ'	૧૧-૦૦
અંતરના અજવાળાં	પીતાંબર પટેલ	૬-૦૦
કરલે સિંગાર	,,	૫-૦૦
રૂંધાતું જીવન	શ્રી. ના. પેંડસે	૭-૦૦
આશ્રયાં	અરવિંદ ગોખલે	૬-૦૦
ભ્રમણગાથા	ગો. ની. દાંડેકર	૫-૦૦
ટીપડી	વિ. સિ. ખાંડેકર	૫-૦૦
ખમ્મા અન્નદાતા	યાદવેન્દ્ર શર્મા	૫-૦૦
કાજળરેખા	હરીશ નાયક	૪-૦૦
વિષ અને અમૃત	મંદુલાલ જેઠાલાલ વ્યાસ	૭-૦૦
કુચ દેવયાની	મંજુલાલ સાકરલાલ	૩-૦૦
માંગલ્યદૃષ્ટા મહાકવિ	બાલચંદ્ર પરીખ	૧-૨૫
કુમનાગ	નીરૂપમા દેવી	૩-૦૦
રહસ્યનગરી	શિવકુમાર જોષી	૪-૦૦
સેવાશ્રમ	જશવંત મહેતા	૩-૫૦
મંગલ પ્રભાત	ફાલ્ગુની મુખોપાધ્યાય	૮-૦૦
દેવદુલારી ૧-૨	શયદા	૮-૦૦
મા તે મા ૧-૨	,,	૧૦-૦૦
ચાલો સજોડે સુખી થઈએ	ચિનુભાઈ પટવા	૬-૫૦
આનંદ ભૈરવી	સારંગ બારોટ	૮-૭૫
રાગ વૈરાગ	,,	૪-૦૦
અગનખેલ	,,	૪-૦૦
સુજાતા	કાશીરામ ઠાકુર	૫-૭૫
જળપ્રલય	પ્રભાકર રાવજી	૩-૦૦
પ્રીત પરાઈ ૧-૨	કોવક	૧૨-૦૦
દ્વાર અને દિવાલ	કુન્દનિકા કાપડિયા	૪-૫૦
આત્મચક્ષુ	સુરેશ ગાંધી	૪-૦૦
ગોર્કીની શ્રેષ્ઠ વાર્તા	ગોર્કી	૭-૫૦
ઊભે ઘડે પાણી	જયેન્દ્રરાય દૂરકાળ	૩-૫૦
પ્યાર	ચન્દ્રકાન્ત બક્ષી	૪-૨૫
રોમા	,,	૩-૭૫
અભિશાપ	ખીમચંદ વોરા	૫-૦૦
રૂપરાણી	વજુ કોટક	૬-૨૫
છપકી	પરાગ	૫-૭૫
ગોતી ૧ ૨	કોવક	૧૧-૦૦
ઉરના એકાંત ભડકે બળે	ભદ્રકુમાર યાજ્ઞિક	૬-૦૦
મન મોતી ને કાચ	વિઠ્ઠલ પંડ્યા	૭-૫૦
વૈશાખી વાદળી	નંદકુમાર પાઠક	૫-૦૦
વસંતસેના	ગોરખ	૪-૭૫
અંગુલીમાલ	,,	૪-૦૦
બાલ પત્ત	કૃષ્ણચંદ	૭-૫૦

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ. • ૬૯, ગાંધીરોડ : દુર્નાહોદ બ્રિજ : અમદાવાદ, ૧

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧

(રજીસ્ટર્ડ)

આયુર્વેદિક દવા

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧ કિંમતી વનસ્પતિઓમાંથી તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. **રામતીર્થ બ્રાહ્મી તેલના** નિયમિત ઉપયોગથી મગજના જ્ઞાનતંતુ તથા શરીરના ક્રિયાતંતુ બળવાન બનાવવામાં, માથાનો દુઃખાવો મટાડવામાં, આંખોની ગરમી ઓછી કરવામાં તેમજ દૃષ્ટિ અને યાદશક્તિ વધારવામાં, ગાઢ નિદ્રા લાવવામાં, ખરતા વાળ અટકાવવામાં, વાળ લાંબા કાળા અને તેજસ્વી બનાવવામાં, શરીર પર માલીસ કરવાથી ચામડીને તાઝગી આપવામાં તથા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામાં દરેક રીતે અનુકૂળ છે. દરેક ઋતુમાં દરેકને અનુકૂળ છે.

મોટી બાટલી રૂ. ૪=૦૦ * **નાની બાટલી** રૂ. ૨=૦૦ બધે મળે છે.

ટપાલથી મંગાવનાર માટે દેશ-પરદેશનું પોસ્ટેજ તેમજ પેકીંગ ચાર્જ અલગ છે.

ઉમેશ યોગદર્શન પ્રથમ ખંડ

લેખક :- શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

આ ગ્રંથમાં રોગી તથા નીરોગી સ્ત્રી-પુરુષોની તંદુરસ્તી સારી રાખવા માટે છ પ્રકારના મલ-શોધન કર્મ આસનો, માનસિક ઇલાજ, જલોપચાર, સૂર્યકિરણ ચિકિત્સા, આહાર ચિકિત્સા વગેરે અનેક શક્તિવર્ધક તથા રોગનિવારક ઘરમાં થઈ શકે તેવાં સુલભ સાધ્ય ઇલાજો બતાવેલ છે. આ ગ્રંથમાં ૧૦૦ થી વધુ ગ્લેઝ આર્ટ પેપર ઉપર આકર્ષક અને અત્યંત ઉપયોગી મલશોધન કર્મ તથા આસનોના ફોટાઓ છે. યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ છે. દરેક ઘરમાં, વાંચનાલયમાં, સ્કૂલ, કોલેજો, અને હોસ્પિતાલમાં રાખવાં યોગ્ય છે. ફોટાઓ જોતાં તથા લેખો વાચતાં સુખ અને શાંતિનો અનુભવ થતો જશે. **ગુજરાતી-હિન્દી-મરાઠી-અંગ્રેજી ભાષામાં મળશે પ્રત્યેક નકલની કિંમત રૂ. ૧૫-૦૦ પોસ્ટેજ ખર્ચ રૂ ૨-૦૦** પૈસા મનીઓર્ડરથી મોકલશો. વી. પી. પી. કરતા નથી.

રામતીર્થ (માસિક)

સંપાદક : યોગીરાજ શ્રી ઉમેશચંદ્રજી

શ્રી રામતીર્થ યોગાશ્રમ મુંબઈ ૧૪ તરફથી "રામતીર્થ" (માસિક) હિન્દી ભાષામાં તા. ૧-૪-૧૯૬૦ થી પ્રગટ કરવામાં આવેલ છે. અને દર મહિને નિયમિત પ્રગટ થશે.

આ માસિકમાં તન, મન, આત્મવિકાસ, યોગ, વેદાંત, ભક્તિ, ગીતા, કુદરતી ઇલાજો, યોગચિકિત્સા, માનસિક ચિકિત્સા સારા થયેલા દરદીઓના અનુભવો, બહેનોને જીવનને ખાસ ઉત્કૃષ્ટ અને અનુકૂળ થાય તેવા વિષયો રહે છે. પાનાની સંખ્યા ૧૩૦ થી વધુ હોય છે. વાર્ષિક લવાજમ રૂ. : ૪-૦૦ છૂટક નકલ : ૪૦ નવા પૈસા. વાર્ષિક લવાજમ મોકલી તમે તમારી નકલ નિયમિત મેળવો.

શ્રી રામતીર્થ યોગાશ્રમ દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઈ ૧૪ ભારત

Co'y R Y M

અંક ૨ : મે '૬૦
સળંગ અંક ૩૬૨
સમાજમાં સંસ્કાર અને

'ઊર્મિ' : વર્ષ ૩૧
'નવરચના' : વર્ષ ૨૫
સાહિત્ય પ્રેરતું સામયિક

—— ક્રમ ——

લેખક	લેખ	પાનું
દા	માંગલ્ય	૭
'પ્રવાત'	હો ગૂજરાત	૮
ભૂપેન્દ્ર વકીલ	સ્વ-તંત્ર	૮
'પારાશર્ય'	રસજ્ઞતા	૮
'રાજહંસ'	સમયનાં ક્ષીર-નીર	૯
નાનુભાઈ દવે	ગુજરાતનું મંગલાચરણ	૧૩
'ધૂમકેતુ'	કુંતીનો ત્યાગ	૧૭
ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર	હું પાદરી-ડૉક્ટર શા માટે બન્યો ?	૨૩
ઈશ્વર પેટલીકર	પ્રતિમા	૨૫
બકુલ ત્રિપાઠી	રજાઓ !	૨૯
'સેવકરામ'	આ છે આપણું લોકજીવન	૩૧
બાલચન્દ્ર પરીખ	પ્રકૃતિદર્શન	૩૫
પુષ્કર ચંદરવાકર	શિકારબહાદુર	૩૭
પ્રદ્યુમ્ન કં૦ દેસાઈ	પ્રકૃતિની સુઘરાઈ સમું ગીધ	૪૫
'ભદ્ર'	અપંગાદેવી	૪૮
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	ઈજનેર, પાગલ અને કેદી	૫૬
લીલા ટી. ધારપુરે	તોફાન અને પ્રેમ	૫૮
—	સાભાર પ્રાપ્તિ-સ્વીકાર	૬૨
જયન્તિકા પરમાર 'સુમંગલા'	ગૃહમંગલ	૬૩
	સંતોષ જેવું સુખ નહિ	૬૪
	વીર નારી	૬૫
	ઓરિયાળાંની હિંમત	૬૬
	બાળવિકાસમાં માર્ગદર્શન	૬૭
'શહજ'	સર્જનના રાહે	૬૮

પૂઠા ઉપરનું ત્રિરંગી ચિત્ર
'તુજને વંદન જય ગુજરાત' ચિત્રકાર : શ્રી કનુ દેસાઈ

—— સૂચના ——

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા
  વિદેશમાં દશ રૂપિયા (શિ. ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે.
* વરસમાં એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે.
* વી. પી. થી લવાજમ વસૂલ કરવામાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે, લવાજમ પૂરું થયાની નોટિસ મળે ત્યારે ગ્રા. નં. અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું.
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૫ નવા પૈસાની ટિકિટ બીડવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા. નં. લખવો ખાસ જરૂરી છે.
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જોઈતી ટિકિટો બીડવી જરૂરી છે એ સિવાયનાં અસ્વીકૃત લખાણો પંદર દિવસ પછી રદ કરાય છે.
* જાહેરખબર માટે, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું :-

'ઊર્મિ—નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ.,
૬૪, ગાંધીરોડ : ફ્લેન્નીજ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક : ઈશ્વરલાલ મો. દવે, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ., ૬૪, ગાંધીરોડ, ફ્લેન્નીજ બ્રિજ, અમદાવાદ, ૧
મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, કસ્તૂરભાઈની હવેલી, રતનપોળ, અમદાવાદ.

નવરચના

દ . . . . માંગલ્ય

નવા રાજ્યની, પોતાના રાજ્યની, સ્વરાજ્યની જે ખુમારી આપણામાં હોવી જોઈએ, આવવી જોઈએ તે આજે આ શુભદિને જ નથી એમ કહીને આ મંગળ પ્રસંગને અવમાનવો ન જોઈએ. અંગ્રેજોએ ભારત પર દયા કરીને ભારતને સ્વાતંત્ર્ય બક્ષ્યું એવું નહોતું. ભારતે આઝાદી મેળવવા એક મહાન નેતૃત્વ નીચે સામુદાયિક પ્રયોગ કર્યો. વિશ્વને આંજી નાખતી એ મહાન ક્રાંતિ કહેવાય છે. ગુજરાતનું અલગ રાજ્ય હોય તો બધી રીતે સંપૂર્ણ વિકાસ થાય એમાં બે મત છે જ નહિ. પણ એ રાજ્ય પ્રજાના પૂરા સહકારથી ચાલવું જોઈએ—વરિષ્ઠ નેતાઓની આપખુદીથી નહિ. આજથી શરૂ થતું ગુજરાત રાજ્ય મેળવેલું નહિ પણ લદાયેલું છે એ હકીકત છે. માનવ માનવ વચ્ચે ભાઈચારાની વાતોનો માનવતાભર્યો આદર્શ ભારતની નસેનસમાં છે તેમાં પાકિસ્તાનના ભાગલાએ જે મોંઘું બલિદાન લીધું એથીય વધુ મોંઘું બલિદાન આજે બે પડોશી પ્રાંતોને વહેંચીને એક નવી આડખીલી ઊભી કરી છે. માનવતાભર્યો મીઠો પડોશ-સંબંધ આજે તિરસ્કાર અને હડધૂત થતો જાણે આપણે નિહાળી રહ્યા છીએ. મહાગુજરાત અને મુંબઈ માટેના તોફાનોને યાદ ન કરીએ તોય એની કળકળતી આંતરડી હજુય આપણાં સુખી માનસને ઢંઢોળી રહી છે. એ આંતરડી ઠારવાનું ગજું કોઈનુંય નથી? માનવ માનવ વચ્ચેનાં વેરઝેર વધારવાને બદલે ઘટાડવાને આજે કોઈ ઈશુ, બુદ્ધ કે ગાંધી નથી? નવા રાજ્યની ખુમારી, તેની મંગલમયી આનંદની અવધિ કે ઉત્સાહનો અતિરેક સરકારી વટહુકમો કરતાંય પ્રજાનો અંતરાત્મા વધુ સારાં પ્રતિબિંબ પાડી શકે. એ જ આજે જાણે ક્યાંય શોધ્યો જડતો નથી. મહાગુજરાત મેળવવા, ગુજરાતનું આગવું રાજ્ય ઇચ્છનાર પ્રજાનો જુસ્સો આજે મહાગુજરાતને બદલે મળતું એકલું ગુજરાત ગુમાવી બેઠું ન હોય! અને છતાંય ગુજરાતીઓ સર્જકો છે. જગતમાં મંગળ કરી શકનાર છે ગુજરાત જંગલ નથી, મંગળભૂમિ છે. મંગળમાંથી તો મંગલ્ય જ પ્રગટશે ને?

તંત્રી: ઈશ્વરલાલ ભા. દવે
સંપાદક: જયંતિલાલ પરમાર

*

તેમાંય નર્યું અભિમાન જનાય છે 'પુણ્ય' કરે તેમાંય આડંબર ભળાય છે બદલાની આશા વડે સકામ રહીને સારો વર્તાવ રાખે તો યે જુદી વાત રૂઢિને વશ થઈ કે આદત મુજબ એવું કરે તો ય સમજ્યા પણ મનમાં જુદીજ ગણતરીઓ રાખી બીજા રોજીંદા વ્યવહારમાં ભાવનાનું ટીપું પણ ના ટપકવા દે, ત્યારે પેલા ભજન પૂજન માત્ર શોભાના પરપોટા આવે છે, જીવનમાંથી ઊગેલી સ્વાભાવિક ભાવના તરીકે ઓળખી શકાતા નથી

કોઈ કહે છે ધર્મ તો અબુધ માણસોને સન્માર્ગે વાળવાનું કામ કરે છે એમને તત્ત્વજ્ઞાનની શી પડી છે? વળી બીજા ચેતવે છે કે તત્ત્વજ્ઞાન એ તો શુષ્ક ભૂમિ છે વિવાદો જગાડે ને શંકાઓ ઉપજાવે એમાંથી કોઈ ભાવના ઊગે નહિ નમ્રતા આવે નહિ આ રીતે માણસોની 'શ્રદ્ધા' ટકાવવા ચાંથી યત્ન થાય છે એ યત્નો વખોડાયા નથી કારણ કે એ રીતે કોઈ કોઈ સરળ હૃદયના માનવીને જીવનનો મર્મ લાધે છે ને એનો રાહ બદલાય છે પણ એવું તો બીજી રીતેય ક્યાં નથી થતું? શું તત્ત્વજ્ઞાન કે શું ધર્મ—જ્યારે જીવનને દોરે ત્યારે સાર્થક થાય મનની વાણી કે વિચાર ઉપર એનું રાજ્ય બેસે, અંગેઅંગ એનો હુકમ માની અમલ કરતા થાય ત્યારે એમને ઓળખ્યા કામના બળી એમની સેમત જે બેસે તેનેય ઠગે ને બીજા ઘણાને ભ્રમમાં નાખે

ગુજરાતીઓનું જીવન શુષ્ક નથી, ભક્તિભીનું છે પણ એના અધિનાયક ધર્મ કે તત્ત્વજ્ઞાન નથી, અર્થ છે બીજાની સરખામણીમાં વધારે સુખી દેખાવા, સરસ દેખાવા કોણ વલખાં નથી મારતું? કપટથી કે ચોરીથી 'એ તો એમ જ ચાલે' કહી કેટલું મન મરતું નથી? જીવન આમ રગશિયું બન્યું છે

સુખો—પ્રાકૃત અને સંસ્કારી

શાથી આવું બન્યું છે? ગુજરાતની સાત્વિક મૂડી કોણ લૂટાવી દે છે? કોણ એના ઉપર મોજશોખના ચામર પટ્ટા લગાડે છે? કેવું જીવનના — દાખલા એમ ડી ભરમાવે —

એ છે, ને નિચોડ ભોગ છે સહુ જુએ છે ને જાણે છે એક લૂંટ ચાલી રહી છે—લોકકલ્યાણના નામે. જે લૂંટમાં સામેલ નથી તેય બચ્યા નથી, કારણ કે 'હું રહી ગયો'ના હિસાબે એ ભાડનારા પક્ષમાં છે એનું ચાલે તો એ બેવડી લૂંટ કરે એમનું કંઈ નામ પાડી શકે એમ નથી. ઈશુ ખ્રિસ્તે ૧૯૬૦ વર્ષ પહેલાં છૂટ આપી હતી કે એનું નામ દો ને પથ્થર મારો—પણ એમ કરવા એ રીતથી બચ્યા હો તે આગળ આવો કોણ આગળ આવે, કોઈ બચ્યું નથી! ને જરી શરમ એવી તાકતવાળુ દેખતું યે નથી!

અને તો યે નવા ધનિકોની ગણતરીમાં ઝડપથી દાખલ થવા સહુને અધીરાઈ આવી છે ધનના નહિ પણ ધનથી મળતી બધી ચીજોના પ્રદર્શનો કરી મનમાં હુંકાર ભરવા છે આવા પ્રદર્શનો ઉપર આકરા કરવેરા કેમ નહિ હનવાય?

એ વાત ઠીક છે કે માણસને મહેનત કરવી છે, સહુને એવું છે અને એ વડે મળતા સુખ ભોગવવા છે એવી છૂટ બધે કરી લે તો સામ્યવાદ આવી ગયો ગણાય. બીજાની નજરે જે સુખ હોય તે સાકમના! એ તો પોતાને ભાવે તે જ ખરા એથી સુખ ઉપર અંકુશો ના હોવા ઘટે ખોટા સુખથી એ જાતનું નુકશાન કરે કે સમાજનું સ્વાસ્થ્ય પણ બગાડે આવું ના થાય એ માટે કોઈ ધોરી માર્ગ નથી લોકરુચિ સમય અનુસાર કેળવાતી રહે તો જ પ્રાકૃત સુખોને બદલે સંસ્કારી સુખો તરફ પ્રવાહ રહે ને લોકરુચિની પાંખ ઊંચે નાખવા કાવ્યો, ચિત્રો, ગીતો નૃત્યો, નિબંધો, શિલ્પો વગેરે સતત પ્રયત્ન કરે છે એમના જ માર્ગમાં અવરોધ કરતા, એવું જ ગહુ તત્ત્વ હળવાશથી ઊતરે છે તેને આપણે કેવી રીતે પહોંચી વળીશું? શું વ્યક્તિના કે શું સમાજના—સંસ્કારો ઊંચી કક્ષાના રાખવા એ મથે છે ધર્મની ભાવનાઓને પાત્ર કે પ્રસંગોમાં ઉતારી વિવિધ માધ્યમો દ્વારા રજૂ કરી પ્રેરણા આપે છે સંસ્કારોને માર્ગ ઉપર રાખનારું ધર્મમાર્ગ છે



... પટેલ.

સંસ્કારમાર્ગમાં અવરોધ ક્યાંથી?

પણ એમનો જ અવરોધ કરનારું એવું જ ગંદું તત્ત્વ ઢગનાગધ ઊતરે છે તેને આપણે કેમ રોકતા નથી? હલકું સાહિત્ય થેકબંધ છપાય છે ને ખપે છે જીવન માંથી ભાગેડુ થવાની બિનજવાબદાર વૃત્તિને ફિલ્મો કેવી બિરદાવે છે! ત્યાં આપણે લાચારીજ બની જોઈ રહીએ છીએ એ તરફ સૂગ કેળવવા જેટલું કામ પણ આપણાથી થતું નથી

કોઈ માને નહિ પણ ફિલ્મી નટ–નટીઓ આપણી નવી પ્રજાના દેવદેવી થઈ પડ્યાં છે એમની ગતવીઓ સાંભળી સાંભળીવી હરખની તાળીઓ લેવાય છે એમના ઐશ્વર્યની ઝાકમઝોળથી મુગ્ધ બની લોક પ્રશંસાનાં ફૂલ વેરે છે કોંગ્રેસનાં નાર્વિક જલસાઓમાં એમને હાજર રાખી શો સાર નીકળે છે? એમની મહેફીલોમાં ને તાયફાઓમાં હાજરી આપી કોંગ્રેસી પ્રધાનો કોને પાઠિઓ આપે છે?

ટોળાં બેકાબૂ બને, હળાહળ અંધાધુંધી મચાવી મૂકે, લોકસભ્યતા કચરાઈ જાય—એ વાત જાણીતી હોવા છતાં આ ફિલ્મી 'કલાકારો'ની દેવપૂજાઓ છડેચોક થયા કરે છે લાખોના કરવેરાની ઉઘાડેછોગ ઉચાપત ગીરી કરી જનારાઓને આપણે માનચાંદ આપી છાપરે ચડાવીએ છીએ

પ્રજાના સંસ્કારને છૂંદી નાખનારું અધમ કાર્ય ત્રીજી રીતે પણ થઈ રહ્યું છે દેશસેવાનું કામ કરતા જે વ્રતનિયમો પોતે પાળે છે તે એમનાથી આગળ વધીને કુટુંબ સુધી પહોંચતા નથી, એમનાં સુપુત્રો તો નફ્ફટાઈથી એની અવગણના કરે છે આપણા પીઢ રાજપુરુષો એમના સંસારમાં દેશભક્તિ ને ચામડી ઉપરના વસ્ત્ર સુધી જાળવે છે, અંદરના ભાગમાં જાતજાતની છૂટ છે એમનાં સંતાનોને એમણે મુક્તિ આપી દીધી છે, ભવિષ્યની ફિકરમાંથી ઉગારી લીધાં છે

ઊતરતા ઢાળનું એક ચોથું પગથિયું પણ છે સંત સાધુઓ ધાર્મીસમુદાયમાંથી સાધનસંપન્નની તરફ અમી નજર ફેરવે છે એમની નજરે આધ્યાત્મિક મૂલ્યો ક્યાં તો વસતાં નથી અગર તો એની અવગણના કરવાથી બ્યવહારુ થવાય એમ માનતા જણાય છે

લોક તો આ સંસ્કારો જુએ છે ને પામે છે, ને આના વ્યાધિ એમને જોતજોતામાં લાગે છે એ રોકવાનું કામ શાસનનું નથી, પણ સજ્જનોનું છે અને સજ્જન આ નવા જમાનામાં સક્રિય રહ્યો નથી એની ઉદાસીનતા અને નિર્માલ્યતા એ જ મૂળમાં લાગેલો રોગ છે

હજારમું એન્જિન થયું, લાખમું થશે

ચિત્તરંજનના કારખાનામાંથી હજારમું એંજિન તૈયાર થઈ મેદાને પડ્યું અને હવે વધુ એન્જિનો ઝડપથી તૈયાર થતાં જશે અહીંનાં હવાઈ જહાજ ઝડપથી બનવા લાગ્યાં પરદેશમાં ખપતાં પણ થયાં ઉત્પાદનમાં પરદેશી નિષ્ણાતો ઘટતા જાય છે, પરદેશી સામગ્રી ઉપર આધાર રાખવાનું પણ ઓછું—થાય છે એથી આશા ઉપજે છે કે જોતજોતામાં આપણો દેશ બીજાં ક્ષેત્રોમાં—નહેરો વીજળી લોખંડ અનાજ વગેરેના લક્ષ્યાંકોને પહોંચી વળવા સમર્થ થશે

ઉત્પાદનના ક્ષેત્રે ઘણો બગાડ થયો, ઢીલ થઈ, ખરચ વધ્યાં આ દોષ અજાણ્યા નથી એ દોષ ડંખે છે પણ એ દોષ કોઈ ત્રાહિતને ભળાવીને આપણે શો સાર કાઢીશું? એના અપરાધી આપણા જ ભાઈઓ છે એમને સજા થાય—જેમ પાકિસ્તાને દંડ ઉગામ્યો છે—તો આપણને શાતા વળશે? ના એવા બદલાની રાહ જોવી ઠીક નથી એથી તો નવી જ આપદાની દેશમાં શરૂઆત થવાની બદલો તો ઈશ્વર લેશે—એવો ભરોસો સારો છે આપણી નજરે તો 'હજારમું એન્જિન' જેવી બીજી સિદ્ધિઓ શોધતી રહે તે જ ઠીક

કોઈ કોઈને આ યંત્રો ગમતાં નથી, એની ધાક લાગે છે રખે એ માનવીના વશમાંથી છટકી જાય ને હાહાકાર મચાવે રખે એ માનવીને પરવશ કરી મૂકે પાંગળો બનાવે એ ભય ખોટો નથી તેમ એથી ડરીને ખસી જવું પણ વાજબી નથી આપણે તો ઇચ્છીએ કે યંત્રોનું ઉત્પાદન વધે એની સાથે માનવીની છાતી પણ ગજબની થાય એનાં હૈયાં હિમાલય જેવાં બને તો ભલે ને લાખમું એન્જિન ધમધમ કરતું આપણા આંગણેથી પૂરપાટ દોડવા માંડે

નવરચના

જાગો અમ ગુર્જર દેશ

ટાગોરની તિથિ હજુ લોક સંભારે છે, ઉજવે છે એમની યાદગીરીમાં રવીન્દ્રસંગીત ગવડાવાના જે અનુષ્ઠાન થાય છે તે આનંદની વાત છે કે આ દેશ હજુ ટાગોરની અમર તાજી રહેવા ઇચ્છે છે ઉપર આ દોનનો વચ્ચેય પ્રતિભા ટકે અને વ્યક્તિત્વ સચવાય એ શિરસ્તો ટાગોરે સરસ રીતે પાડ્યો છે બંગાળમાં તો રવીન્દ્ર સંગીતની સુરાવલિ જામી છે એની સુગંધ દેશભરમાં જરૂર ફેલાવાની એક એક કાવ્યમાંથી નિત્ય નવું માધુર્ય ઓપીને મળવાનું, ઉપનિષદના મંત્રોની જેમ નૂતન ગુજરાતના જન્મ ટાણે એમના જ એક કાવ્યનું રૂપાંતર રજૂ કરી આપણી કલ્પનાઓને જગાવીશું, ભાવનાઓને વિશુદ્ધ કરીશું

'મન સદા ભયમુક્ત રહો,
ગરદન ઝૂકેલી કદી ના હો,
ને જ્ઞાનનું ઝરણું નિર્બંધ વહેતું રહો
ચોપાસ પથરાયેલું જગત
છિન્નભિન્ન ના રહો,
એમનો સુવિચાર સહુને સ્પર્શો
એકની અનુકંપા સહુને હો
સત્યનો રણકો
અને અનુભવનું ઊંડાણ
અમ વાણીમાં પ્રગટ થાય
સતત્ પ્રયાસે, વિના થાકે
પૂર્ણત્વને પહોંચવા મથતા રહો
ના ટકો જડ આદતની ગુલામી
બુદ્ધિ ને વિવેક એની પાર જાય
ને પ્રભુનું પ્રેર્યું મન
વિકાસની ક્ષિતિજોની પાર
ઊંડા ચિંતને મચી રહો
શુભ કર્મે પ્રવૃત્ત બનો
એવા પુનિત સ્વર્ગે
જાગો, અમ ગુર્જર દેશ '

*

માતા જ્યારે બાળકોને ખવડાવે છે ત્યારે નાના બાળકને દૂધ આપે છે એથી જે મોટું હોય છે એને ઓછું દૂધ આપે છે અને સૌથી મોટા બાળકને ફક્ત રોટલો ખવડાવે છે. એ ગણિત હિસાબમાંથી બધાને સમાન દૂધ અને સમાન રોટલો નથી આપતી આવી જ સમતા વિવેકયુક્ત છે માતાની જેમ સમાજમાં પણ જેટલી વ્યક્તિઓ છે એમને પણ આપણે એમની ભૂખ અને પાચનશક્તિ અનુસાર જ ભોજન આપીએ. જેને દૂધની જરૂર છે એને દૂધ અને જેને રોટલાની જરૂર છે એને રોટલો આપીએ આવો વિવેક રાખ્યા વગર જો સમાનતા લાવવામાં આવશે તો એ નકામી બની જશે

—વિનોબા ભાવે

•

બોઅર યુદ્ધ પૂરું થયા બાદ ઉગમાડ પાછા ફરતા સૈનિકો પાસેથી 'હૃદયસ્પર્શી' વાતો મેળવવા માટે બ્રિટિશ વર્તમાનપત્રોમાં જબરી હરીફાઈ જામેલી એક છાપાએ પોતાના હરીફોને હાર આપવા માટે પોતાના એક રિપોર્ટરને ખૂબ ગુપ્ત રીતે દ. આફ્રિકાથી સૈનિકોને લઈને ઉપડતા જહાજમાં બેસાડી દીધેલો સૈનિક જહાજમાં બેસાડવા પાછળનો આશય એ હતો કે જહાજ બ્રિટનના કાંઠે આવે એ દરમ્યાન આખો અહેવાલ તૈયાર થઈ જાય ગોઠવણ એવી કરવામાં આવેલી કે જહાજ કાંઠે આવીને લાંગરે એ પહેલા એક મછવો દરિયામાં દૂર જહાજને સામો મળે અને મછવામાંથી નિશાની થાય કે તરત જ જહાજના ડેક પરથી રિપોર્ટર પોતાનો અહેવાલ એક બાટલીમાં મૂકીને દરિયામાં ફેંકી દે અને ફેંકી નહીં થયેલી આ યોજના મુજબ બરાબર ચારેક જહાજ નજીક આવ્યું આખરે નિશાની થઈ અને રિપોર્ટરે બાટલી દરિયામાં ફેંકી પણ આ સાથે ડેક ઉપર ઊભા રહેલા તમામ ફોજીએ બાટલીઓ દરિયામાં ફેંકવા માંડી નીચે દરિયામાં સંખ્યાબંધ બાટલીઓ તરવા લાગી અને ઠેઠ જહાજમાં ભારે હાસ્ય મચી ગઈ રિપોર્ટરે ગાંડ નાની પણ ખરે વિનાશક ભૂલ કરી નાખેલી એણે પોતાની આ યોજનાની વાત જહાજ પરના તમામ સૈનિકોને અગાઉ કહી દીધી!

નાનુભાઈ દવે

ગુજરાતનું મંગલાચરણ

ગુજરાતના આગવા રાજ્યનું મંડાણ થાય છે ત્યારે સરકાર જેટલો પ્રજામા બહુ ઉત્સાહ જ નથી એ રાજ્યને માટે કંઈ તટસ્થ રીતે પક્ષાપક્ષીથી પર રહીને સૂચનો, વિચારો દર્શાવે તેવો એક વિચાર રજૂ કરતો આ શુભટંકણ ઉપરનો લેખ દરેકને માટે વાચનીય બનશે.

ગુજરાત રાજ્યનુ વહાણ આખરે નાગર્યું છે એ ઉત્કટ કથાથી આવ્યુ એને જેણે રોકી રાખ્યુ હતુ, એની પ્રસન્નતા કોના ભાગે થઈ—એ તપાસવાની આ ઘડી નથી ઇતિહાસમા એની નોંધ લેવાશે ખરી, ને ત્યારે લેખા વર્જિત પણ થશે અત્યારે તો મુગલથી નિરાશ્રિતોની જેમ એ શરૂઆત કરે છે એમા નથી સિદ્ધિનો ગર્વ કે નથી આત્મવિશ્વાસનો ઉમંગ

હશે, વિજયના ડંકા સાથે ગુજરાતનો પ્રારંભ ભલે ના થાય કોઈ ગ્લાનિ કે કોઈ ક્લેશ સાથે પણ એ ન થવો ઘટે જે ભાગે છે તે ક્ષિતિજો ઉપરના પડદા હટાવી શકે તેવુ વ્યાપક ને સમગ્ર ચિંતન અને ઉજ્જ્વળ ભાવિમા પૂર્ણ શ્રદ્ધા સાથે હિંમતની ઉગાવેના કદમ એ માટે આપણી પાસે કંઈક ઉચિત છે?

કોંગ્રેસના હાથે ૧૯૧૫ પછી ગુજરાતનુ ઘડતર થયુ તે પહેલા શરૂઆત થઈ પણ બીજારૂપે, આંદોલનો તો પછીથી ચાલ્યા અને એ ચાલ્યા ત્યારે એમનો પ્રભાવ એવો પડ્યો કે એમાથી દરેક આપણે હિંમત અને પ્રેરણા મેળવ્યા જીવનના ઘણા ક્ષેત્રોમા આપણે સ્વતંત્ર વિચારો ને નૈતિક હિંમત વડે આગળ ધપ્યા

અને પ્રવૃત્તિઓના એ વ્યાપકપણાથી એક ભાગ ઊભુ થયુ સ્વતંત્રતા મેળવવાની મોટી ધગશમા રાજકીય નેતાગીરીએ બધે ભાગ ભજવ્યો અને બીજી પ્રવૃત્તિઓને એમના તરફ પરાણે વાળી કોઈક ભાગને ટેકો આપી એમણે બદલામા શરણાગતિ માગી જ્યારે નવા આદર્શોનુ ભારે આકર્ષણ હતુ, નવી પદ્ધતિઓનો ભારે વેગ હતો ત્યારે સહુ કોઈ રાષ્ટ્રીય નેતાઓને વશ થઈ રહે એમા નવાઈ નથી!

એમાથી એક પડકાર ગાજ્યો—'ગુજરાત મારુ છે' ને સહુ સાભળી રહ્યા જેમણે પક્ષનુ શરણુ કે શિસ્ત સ્વીકાર્યા હતા તે હરખાયા જેમને દેખાયુ કે હવે ગુજરાતની નેતાગીરી કુંઠિત થવાની અને એનુ જાહેર જીવન રુંધાવાનુ તેમણે મૌન સેવ્યુ એ પડકારનો ત્યારે જવાબ નહોતો, હજુયે નથી

નવા રાજ્યની શરૂઆત કોંગ્રેસ કરે છે એ હક ખરી જાય તે પહેલા વાપરવાની એની કુનેહની આપણે કદર કરીએ આ નવા સુકાન ઉપર હાથ ભલે તેનો હોય લાંબો હાથ તો મોરારજીનો છે સરદાર પછીની ભગવાળી એમણે લીધી છે સરદારી લેવાની ભલે, આપવાથી નહિ એ એમણે બરાબર શીખ્યુ ને શીખવ્યુ કે બીજા ભલે ઉત્સવ દીપાવે કે ખાણુ ખાય —ગુજરાત અત્યાર તો મોરારજીનુ છે

એમણે સત્તા વાપરી જાણી છે, પચાવી દીધી છે સત્તા ઉપર ચડ્યા પછી ઊતરી જાય એ કાચા મોરારજી નહિ એમનાથી ગોળ, ખાંડ ચા, દોરી, બધુ છૂટી જાય પણ સત્તા ક્યારેય વિછૂટી પડવાની નથી એમની ભવ્યરેખા એવી પ્રબળ હશે, શકાય પછી નથી ને એમની ઇચ્છાશક્તિ પણ એવી પ્રબળ હોવી જોઈએ નહિ તો સત્તા દ્વારા જ દેશનુ બધુ કામ થઈ શકે એવુ સૂત્ર એમને સાંપડત નહિ

એમ તો એમની પાસે વાણી મુદ્દી છે નિષ્ઠા છે, પરિશ્રમ છે, કોઈ ને ભલે જુદો અનુભવ થયો હોય પણ નમ્રતાયે છે કોઈનાથી અંજાવાની કે દબાવાની ઘડી એમને માટે ક્યારનીયે વીતી ગઈ છે ખૂબ નીડર છે, ધાર્યું પાર પાડવાની ધગશ છે અને એથી એ દૃઢ છે, ભૂલો કરતા અચકાય એમ નથી પોતાની વાત કઈ રીતે ખોટી હોઈ શકે એ એમને શાથી સમજાય?

જે એમનામા નથી તે લોકપ્રિયતા લોકોની પ્રીતિ મેળવવામા એમને જાણે નાનમ આવે છે, કેમ જાણે નેતાની ખુલ્લી મેળવવા એમને ગુણુ નીચે ઊતારવો પડતો હોય ને! લોકહૃદય સિદ્ધ કર્યા વિના અને

ભૂખ્યાંની પરંપરા ચાલતી હતી. એમની ગરીબી અને દુઃખ એ નજરે ગુજરાતે પામવાં જોઈએ.

દેખીતું છે કે નવગુજરાતનું ઘડતર મોટી રીતે થશે. ચાલી એમાં ભલે હજુ વાર હોય અને આપણે તો ભવિષ્યમાં જોઈએ, વર્તમાનમાં તો ગામડાં જ્યાં હતાં ત્યાં જ છે. ગુજરાત પણ પ્રગતિની જ દિશામાં જ નથી ગયું. બીજી નેતાગીરી નથી, નથી કોંગ્રેસ પાસે કે નથી બીજા કોઈ પક્ષ પાસે. એ જન્મ પામતું સાચું ગુજરાતીને મન જ નથી.

નવી ચૂંટણીઓ જન જનામાં આવી પહોંચતાની ને ત્યારે રાજકીય પક્ષો ફરી વ્યવસ્થાથી ગામડાંઓમાં પ્રચાર કરવાના, પણ જનની જાણ નથી, તેની પ્રગતિ કેવી થવાની?

નવી આવવાના માત્ર પ્રસંગો તો થાય છે. આશા પણ બંધાય છે, પણ જે લોકો એમને ઓળખવાથી દૂર રાખે છે તેમને નવાં આવકાર આપવાનું તો સૂઝે કેવું? જે બદલાવ કરે છે તેમને વડીલ સમજીએ છે, લોકશાહીનો ખ્યાલ તો અનુભવથી જ આવતો નથી ને મેવાના ખુલ્લા ખ્યાલથી ભરાયા છે.

આવ્યા છે—નવા તંત્રધારીઓ. ગુજરાતને મળ્યા છે પણ એમણે જે આદર્શો કે પદ્ધતિઓ પસંદ કર્યા છે એ પ્રજાને મન દેવમંદિરના દર જેવાં છે. એ સામે જુએ છે અને એના દેવ ગગગગ થઈ જાય છે, ભક્તિના ફૂલ ચડાવે છે પણ મંદિરમાં દેવ એમ પ્રસન્ન થતા નથી અને ભક્તિ નિષ્ફળ જાય છે.

આધુનિક જમાનાને વિજ્ઞાને જુદી રીતે ઘડ્યો છે, અને આવતા દસ વીસ વર્ષોમાં વળી નવી ઉત્પન્ન થતો થવાની માનવીનું જીવન આમ ક્રાંતિ લઈ રહ્યું છે ત્યારે સંત આવનના ગૂઢ અધ્યાત્મને પોકારનારા બે ધારીઓ મનોમન જુદી ક્રાંતિની આગાહી કરી રહ્યા છે એ બંનેની વચમાં મોં વકાસી ઊભી રહ્યાં હોય તો આપણાં ગામ!

ઘણીવાર આપણે સાંભળ્યું કે ગુજરાતના ગામડામાં એનું હાર્દ વસેલું છે. એના વડે આપણે ગુજરાતીઓ છીએ ખરું, ના કેમ કહીએ? પણ એ ગામડાંઓ ને એના અસલી રૂપમાં ઉછેરે, એનું કેમ ભૂલી શકાય? આમ ગામડાંઓ ખરાં તો પણ એમાં સમગ્ર જીવન તો નહિ રખાય ને! એમને ય આશા છે, ઊંચે ઊંચે ચડી જવાની ઇચ્છા હોય તો એ સ્વાભાવિક છે. ગુજરાતે એના ગામડાં અને શહેર વચ્ચેની પરિસ્થિતિમાં જે ફેર રહ્યો છે એ ભરવો જોઈએ. એ કઈ રીતે ભરી શકાય તે વિચારવું જોઈશે. એમ કરતાં ચોક્ખો રહે કે જાય એ ગૌણ બાબત છે. પહેલાં શક્ય નહિ હોય પણ ગામડાંમાં નાના ઉદ્યોગો ના થઈ શક્યા. દૂરના સાચા જેવા કોઈક થયા તો ગેરસમજમાં તે બંધ કરાયા. આ પવિત્ર ગામડાં રખાયા મૂંગાં. બીજી દિશાએ પંચવર્ષીય યોજનાઓ આગળ મૂકી ઉદ્યોગ મેળવવાનો લાભ લીધો કે એમની ભેગાં મજૂર દેવને પણ રજાના રાખી પાક ખરાબ કરવા દીધા. એવી એ ખેતીની જેને દરકાર હતી તેને ખરેખર ફરી એના હાથમાં ધરતી સોંપી દેવા આપણે ધમસાણ મચાવ્યું. એમાં ન તો ખેતીની સુધારણા ન તો ઢોરની આબાદી કે ગોરસ સુધરી, ન તો ગામડું પગભર થયું કે ન તો 'નૂતન ભૂમિપુત્રો' ખેતીમાં પગભર થયા.

સાફ દેખાય છે કે રેલ્વે ગઈ ત્યાં ત્યાં ગુજરાત તરતું થયું, મોટી લાઈન આવી ત્યાં વધારે ફાલ્યું, જ્યાં ઉદ્યોગ ચાલુ થયા ત્યાં તાકાત દેખાઈ. પશ્ચિમ ગુજરાત અને પૂર્વ ગુજરાત વચ્ચેનો તફાવત ક્યાં છૂપો છે? ખેતીનો કે ઉદ્યોગનો—રાજ્ય આપનો ધંધો ચાલે ને જે માલ ઉત્પન્ન થાય તેનો ઉપાડ કરવા સમ્યા વાહનો જોઈએ રેલ્વે જોઈએ, રોડ ને સ્ટીમરો પણ જોઈએ. જ્યાં એ સાધનો પહોંચ્યા ત્યાં આબાદી દેખાઈ. મગના ગાડાં વડે જ ચાલ્યા કરશે એમ હવે નહિ માની શકાય.

બધું વગર વડે નવી કેળવણીના પ્રયોગ શરૂ થતાં ગામમાં ચાલ્યા. જ્યાં વિદ્યાર્થીઓ હીર હતું તે તો એ ખાડાની ફુગાવણી પછી બહાર નીકળી આવ્યા. ફાજલ થયેલાં ઓની આંખે પાણી બંધાયાં. સ્વરાજ મેળવવાની ધારણામાં ઘણી ધૂનો નવી તે હવે ફરી ભૂલવી પડશે.

અને પરદેશ રહી ભણી આવેલા વિદ્યાર્થીઓમાથી કોઈકને પૂછીગાછી અભ્યાસ કરવાની પદ્ધતિ જાણવી જોઈશે

ઠીક છે, આદર્શોની ધૂન આપણામા હોવી જોઈએ પણ એના પાના કોઈ કોઈવાર બદલવાની જરૂર પડે છે

બહુ વર્ષો સુધી ગુજરાતે ભક્તિની ધારા ઝીલી દેશના બધા જ સંત ભક્ત ને જોગીજતિ ગુજરાતે સત્કાર્યા, સ્ત્રીઓએ એમના પતિઓને રસોડાનિદાન કરીનેય ધર્મિકતા માગવી ઘણા સાધુ પુરુષોએ વિદ્વાનોની જેમ ધર્મને લગતા પ્રવચનો કર્યા એમ છતા હવે ક્રિયાકર્મ ને ભક્તિના આવેગો પાતળા પડતા જાય છે એમની જગ્યાએ જ્ઞાનની જિજ્ઞાસા આવતી જણાય છે શુ એવી ખોજ પ્રબળ થઈ શકશે ?

ગુજરાતમા ગરીબો પ્રત્યે અનુકંપા જાગી છે એમાથી થોડી સહાનુભૂતિ પણ આવી છે કેટલાક પછાત કોમોને સામાજિક ન્યાય આપવા ગજડીઓ દાવ અજમાવે છે ને બીજી છાપ મેળવી થોડા પછાતો ઘણા બીજાનો ચોકો અલગ રાખવા મથે છે અંદરની વૃત્તિઓ કે શક્તિઓ જોર પકડવાને બદલે લાચાર બની સસ્તો સંતોષ મેળવે છે કોમની લાયકાત કે ગુણ નીચેની સપાટીએ પણ ઉતારે છે

સમાન કક્ષાએ ઘણી બાબતો લાવવાની આ જમાનાની ધૂન છે સારી લાગણીઓ કેળવાય અને સહુને સરખો ન્યાય થાય એવા હેતુઓ પહેલા હતા હવે તો જવાબદારીના ભાનવિનાના અધિકાર મેળવવા ધસારો દેખા દે છે એથી ઘણો સમય બરબાદ જાય, ઉત્પાદન ઝખરી પડે, અગવડો વેઠવી પડે, અગત્યતા કેળવાય તો યે સમાન કક્ષાની ખૂબ તરજ દેખાતી નથી, ધીરી પણ પાડી શકાતી નથી સામ્યવાદીઓ કે સામ્યયોગીઓ પછાતજનોની બેરુબંધીના ઉત્સાહમા જે ઉહાપોહ મચાવે છે, મંત્રો રચે છે કે આંદોલનો ચલાવે છે એથી તો જવાબદારીનુ ભાન ઘટે છે, સંસ્કાર ઝંખવાય છે, ગુણ ઢંકાય છે, સાહસો ને પ્રતિભા સુકાય છે બધી બધી અને ટીપીટીપી જીવનને ઘડતા જવાની ક્રિયાની ઉપરવટ જઈ, ટૂંકા માર્ગે પછાતને ઊંચે લઈ જવાની ક્રિયા બીજાનેય પછાત કરે અને આગળ ખેંચાતા હોય તેમના જીવનનો મર્મ પણ ફીકો બને

ગુજરાત આવી આધુનિક ધૂનોમાથી કેમ ઊગરે ! એને કાળબળથી તણાવાનુ, ઘસડાવાનુ ખમી લેવાનુ નહેશે ?

નવાઈ છે કે આપણી આંખે ચાની હોટલ ખૂંચે છે, બીડીનો ધુમાડો નાક રૂંધે છે, સિનેમાની ફિલ્મ મનમા કડે છે થોડા વરસ પહેલા સ્ત્રીઓ પાવડર લગાડે તેથી અજંપો થતો તેનો હવે લીપસ્ટીકથી થાય છે અને પાછુ રફતે રફતે બધુ કોઠે પડે છે પણ પ્રજાનુ હીર ક્યારે ચપાય છે ને એનો સ્વભાવ ક્યારે બગડે છે તેની પરવા ઓછી રહે છે નાની બાબતોની આળપંપાળ સહેવી છે, એવેએનુ સૂઝે છે, ને ગમે છે આપણી ભાવનાઓ પણ નાની અને ગરીબ બની જાય છે, કાર્યક્રમો પણ ધૂળદેશના થાય છે દોરનારા માણસો જોઈએ તો એમનામા મહેચ્છા નથી, જોખમો ગુજરાતીઓ કળ વાપરી સમય પારખી હસીવાળીને ગાડુ ગબડાવે છે

હજી, આપણા અસંતોષો મનમા વાળી લઈએ તો ય વિચારવા જેવુ રહે છે—હવે પછી શુ ?

ગુજરાતે એની ભાષા પૂરેપૂરી ખીલવવી જોઈએ એ ભાષા શીખી લેવાય એવી જોગવાઈ દૂરના ભાગમા થવી જોઈએ ગુજરાતી સાહિત્ય પડોશી પ્રાંતોમા પહોચવુ જોઈએ—આબુ, ડુંગરપુર, માળવા, ખાનદેશ તો ખરા જ, એથી આગળ પણ કેમ નહિ ? જોઈએ તો નાગરી લિપિમા પ્રગટ કરી એનો ફેલાવો થવો જોઈએ સાહિત્યનુ બળ અનોખુ છે અને આપણા સાહિત્યને પોષવા સંસ્કૃત તેમ જ અંગ્રેજી બન્ને ભાષાઓનો અભ્યાસ વધારવો જોઈએ, એ બંને ભાષાઓ પારકી શીદ ગણવી ?

શાળા અને કોલેજમા ગુજરાતી લખાય વંચાય તે કરતા વધારે બોલાવુ જોઈએ એ બોલવામા મધુરતા ને ખુમારી બંને આવવા જોઈએ અભ્યાસકાળ દર

નવરચના

મ્માન પ્રાચીન ગુજરાતી કાવ્યો કંઠસ્થ થાય ને ગાઈ પણ શકાય તો કેવું સરુ ? ગુજરાતના જૂના સુન્દર કાવ્યો ઉપર વિવેચનો આપે, એના રાગ આપે, અને લોકપ્રિય બનાવે તો કેવું સારુ ?

ગુજરાતે એની ખેતી વહેલા સુધારવી જોઈએ. બાર દાના જાગા પાથર્યા વિના ખેડૂતને વિશ્રામ બેસે અને ઉમંગ વધે એ રીતે ખેતીનો વિકાસ કરી શકાશે. રોકડ પાક મગફળી કે તમાકુ બને ત્યાં નથી, એના ઉપર અંકુશ મૂકવાથી અનાજના ઉત્પાદનમાં વધારો થતો હોય તો પણ એવા આડખીલીઓ ઉભી કરવા જેવી નથી. એ ખાતર ને પાણી—એ ખેડૂતને તારે, ગુજરાતને પણ તારે. એમાં પાણીનું ખાતર અગત્યનું છે. ગુજરાતમાં મોટી નદીઓ નથી, જે છે તે સાચવીશું ને વધારીશું ને એમને આર્થિક મદદરૂપ થતા કરીશું તો એ ઢોર ઢાંખરને પોષશે ને માણસને જીવાડશે પાણી—ગુજરાતમાં આવી નદીઓ હોય ને એની અછત કેમ ચલાવી લેવાય ?

આ મહેનતને એના ગામડામાં એકાદ ઉદ્યોગ આપવો જોઈશે. ગુજરાતના સાત હજાર ગામડાં એમાંથી હજાર ગામો ગામનો પોતાનો સહકારી ઉદ્યોગ આપીએ તો એમનું દળદર ફીટે. કુટુંબની એકાદ વ્યક્તિ પણ કામે જતી હશે તો એના નિયમ વડે બીજા નભી જશે. આનંદ પામશે. નવા કયા ઉદ્યોગો નાખવા, કેવું ઉત્પાદન કરવું, કયા સંજોગો પાધરા છે—એ તપાસ સરકાર કરે કે વેપારી મહાજન કરે. પહેલા વાવ કૂવા તળાવ ધર્મશાળા ને મંદિરો બંધાતા ત્યારે પુણ્ય મેળવવાનો ઉમંગ હતો. હવે ગામેગામ નવા ઉદ્યોગો ચાલુ કરી લોકોના જીવનમાં આશા ઉમેરવાનો ઉમંગ થવો જોઈએ. પછી ભલે એની ભાગીદારીમાં નફો વહેંચી લેવાય.

ઘણા વખત ગુજરાતમાં ઊંચી ભાવનાવાળા પણ તાલીમ વિનાના કાર્યકરો ગામડે જઈ વસ્યા. એમનાથી બને એટલું એમણે કર્યું. હવે આર્થિક વેતન આપી દસ વર્ષની ખાતેધારીથી ગ્રામવ્યવસ્થા માટે ખાસ તાલીમ પામેલા ગ્રેજ્યુએટો રોકવા જોઈએ. પ્રજા અને સરકાર બન્ને, પક્ષના બંધન વિના એવા આપનાર નવયુવાનો મૂકીએ તો એમની આવડત પાંગરી શકે. કામનું પીઠબળ પણ હો. આવા હજાર બે હજાર કાર્યકરો પાંચે વર્ષમાં તૈયાર કરવા ગુજરાત માટે મુશ્કેલ નથી.

વેપારીઓ કનેથી વેચાણવેરો ઉઘરાવવાનું કામ ગુજરાત પહેલી તકે ખસેડી લે તો કેવું સારું ! એમનું કામ દુકાન ચલાવવાનું છે, ઉઘરાણું કરવાનું નથી. સાથે એમની રકમ સીધી રીતે વસૂલ કરવા બીજા રસ્તા મળશે. હમણાં અંગ્રેજી માલ ઉપર જકાત લેવાય છે તે બીજી ચીજોની આયાત કે ઉત્પાદન ઉપર લઈ શકાય એ રીતે આવક વધશે અને જકાતી ધોરણે એવો સંભવ વધારે છે.

આપણે શિક્ષણને ધંધાદારીઓના હાથમાંથી છોડાવવું જોઈએ. ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં બે વર્ગના શિક્ષકો છે—વ્યવસ્થાપકોનો અને સામાન્ય શિક્ષકોની. પ્રજાની આમ પૂરી નહિ તો થોડી પેઠું જણાય છે. કેળવણી અને દક્ષિણા—એ બે પવિત્ર કામ સમજી એમાંથી અનુકૂળ બંધ થવી જોઈએ. એવી અંકુશ સરકારી આગમાંથી થાય ત્યારે એ અમલ એમને કે દાદને પાત્ર હોવી જોઈએ.

પણ અહીં આપણે રાજ્ય શું કરે ને લોક શું કરે એની યાદી નહિ મૂકી શકીએ. હમણાં તો લોક બધું રાજ્ય તરફ જોતું થયું છે એમાં લોકનો નથી, રાજ્ય તો ઠરાવો તેમજ કરશે—મોટા કારખાનાં ઘણાં કાપડ, શહેરો, નિશાળો ને વિસ્તાર રસાયણિક ખાતર અને વનસ્પતિ ઘી આમ આવા, મેટા નફો વધારે કર એવું ચાલે છે, ને રખડે.

ગુજરાતની પ્રજાને હમણાં એ ગમે કે ના ગમે તે તપાસવાની ફુરસદ નથી. જેમાંથી કેમ રસ્તો ઓળંગવો એ જ એની તાકાત છે ને થોડા સમય પછી તો એની પસંદગી જતી રહેશે, ચળવળ એકની જ રહેશે.

[અનુસંધાન ૬૦મે પાને]

'ધૂમકેતુ'

કુંતીનો ત્યાગ

ભૂતકાળમાં આપણા દેશે જેમ મહાપુરુષો આપ્યા તેમ મહાન સ્ત્રીઓ પણ આપણા જ દેશમાં થઈ ગઈ. બહુ જાણીતી સ્ત્રીઓ વિષે તો બધાં જાણે પણ એવી કેટલીય સ્ત્રીઓ છે જેને વિષે, જેના જ્ઞાન વિષે આપણે તદ્દન અજાણ છીએ. એવી એક મહાન સ્ત્રીનું સાચું જ્ઞાન અહીં રજૂ થાય છે......

'યુધિષ્ઠિર! આપણે યુદ્ધ શા માટે કર્યું છે તે તને ખબર છે?'

'કેમ, શા માટે? રાજ મેળવવા.'

'ના, આપણે યુદ્ધ કર્યું છે ક્ષત્રિયધર્મ જાળવવા, રાજ મેળવવા નહિ. પણ તેં આપેલા જવાબમાં જ મારા હવેના પ્રયાણનું રહસ્ય પણ મળી રહે છે હું હવે હસ્તિનાપુરમાં એક દિવસ પણ રહું, એ અધર્મ છે. વિલાસ છે. મોહ છે. માયા છે. મમતા છે. અને વધુ તો એ જીવનની અશુદ્ધિ છે!' કુંતીમાતાએ એક પછી એક વધુ બળવાન શબ્દ મૂકીને વનવાસમાં જવાનું રહસ્ય સમજાવ્યું.

મહારાજ યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં રાજપદે આવી ગયા હતા. મહાભારત યુદ્ધ ક્યારનુંય ખેલાઈ ગયું હતું. પાંડવો વિજયી નીવડ્યા હતા. કૌરવો હાર્યા હતા. બધે બોલાતું હતું કે, ધર્મનો વિજય થયો હતો. પાંડવો હવે સુખેથી પ્રજાપાલન કરવાના હતા.

પણ રાજા ધૃતરાષ્ટ્રને ક્યાંય નિરાંત ન હતી. તેમ ગાંધારીને પણ ક્યાંય ચેન ન હતું. એમને રાતદિવસ એક વાત મનમાં સતાવતી હતી. કૌરવો હાર્યા. હાર્યા એ તો ઠીક, પણ હવે પોતે પાંડવોને આધારે, સુખચેનમાં જીવન ગાળે, એમાં નથી મહત્તા, નથી ગૌરવ, નથી જીવન. નથી પોતાનું છેલ્લું શ્રેય. એ જાણતા છતાં તેઓ મહાલયમાં રહેતા હતા. પણ મહાલયના જીવનમાં હવે હતું શું? ગત જીવનની સ્મૃતિનાં ખંડેરો સિવાય બીજું હતું શું?

'એ વખતે આમ થયું હોત' એવા પશ્ચાત્તાપના શબ્દો સિવાય બીજું એમના જીવનનું આશ્વાસનબળ પણ કયું હતું? જાણે નિરાધાર, નિરાશ્રિત માણસ, ગમે તેમ વખત કાઢે એવી વખત કાઢવાની આ જિંદગી હતી.

એમને ઘણી વખત લાગતું કે, માણસ છેક છેલ્લી પળ સુધી જીવન જીવે એમાં જ જીવન રહ્યું છે. પણ જ્યારે જ્યારે પોતે વનમાં જવાનો આગ્રહ કરતા, ત્યારે ત્યારે મહારાજ યુધિષ્ઠિરની આંખમાંથી અંસુ નીકળી પડતાં: 'મહારાજ! તમને ઓછું આવે એવું મેં શું કર્યું છે કે તમે વનમાં જવાની વાત કરો છો! તમારે પર્ણકુટિમાં જ રહેવું હોય તો અહીં પાસે જ ક્યાંક પર્ણકુટિ બાંધીએ. આપણે સૌ હવે થોડાં વર્ષ સાથે ગાળીએ. તમારી વાતો સાંભળતાં સાંભળતાં અમે ઘડાતા જઈશું. મહાભારત–યુદ્ધ સંભારીને કાંઈ ને કાંઈ આનંદવિનોદ મેળવતા રહીશું મહારાજ! આપણા કુટુંબજીવનના તમે સ્તંભ છો. તમે કેવળ અહીં હાજર છો, એ વસ્તુનું પણ જેવું તેવું મહત્ત્વ નથી!'

મહારાજ ધૃતરાષ્ટ્રને વનમાં જવું હતું. પણ યુધિષ્ઠિરની આવી વાતો સાંભળીને એમને રોકાઈ જવું પડતું. ગાંધારી તો એમની સાથે જ હોય. માતા કુંતી પણ એમની સાથે

રહેવામાં કુળધર્મ સમજતાં હતાં. એટલે વનની વાત ઊડી જતી.

એમ ને એમ દિવસો પસાર થતા હતા. પણ એક દિવસ તો ભીમનાં આકરાં અને આખા વેણે મહારાજના મનમાં નિશ્ચય જ કરાવી દીધો. જ્યારે જુઓ ત્યારે ભીમ વાતો કરતો જ હોય મેં દુર્યોધનને આમ મારી દીધો, ને દુઃશાસનને આમ પીખી નાખ્યો. પાછો વાતો કરે, મહારાજ ધૃતરાષ્ટ્ર સાભળે તેમ એટલે મહારાજે સકલ્પ કર્યો હવે ગમે તેમ થાય, હસ્તિનાપુરમા રહેવુ નથી રાજવૈભવમાં રહેવું નથી મહેલમા વસવું નથી એમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો. આખો મહાલય આ સાભળીને ખળભળી ઊઠ્યો આખી નગરી ખળભળી ઊઠી. ધૃતરાષ્ટ્ર મહારાજ ગમે તેમ પણ, હસ્તિનાપુરના લોકદિલમા, વૃદ્ધ, જૂના જમાનાના છેલ્લા અવશેષ સમા, એક પ્રકારનું ગૌરવ ધરી રહેલા નૃપતિ હતા. એમની પાસેથી યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, કુંતીમાતા, પ્રજાજનો બધાને કાંઈક જાણવા મળતું. કાંઈક સાભળવા મળતું. બધા જેમને માન આપે એવા એ એક જ બાકી રહ્યા હતા. પણ છેવટે એમણે મક્કમ દૃઢતાથી કહ્યુ · 'હવે અહીં જીવન જીવવું મને આકરુ લાગે છે ભીમના કે કોઈના શબ્દઆઘાતથી નહિ, મારા પોતાના મનની મનોવેદનાથી મારે હવે વનમા જવું જ છે'

પણ યુધિષ્ઠિર મહારાજ એકલા એમની પાસે પહોંચી ગયા ભીમના આકરા શબ્દોએ મહારાજને આઘાત આપ્યો હતો, એ એ જાણતા હતા ભીમે દુર્યોધનને કેમ હણ્યો એનું વર્ણન સાંભળીને મહારાજના દિલમા ભારે પશ્ચાત્તાપ થયો હતો એમને મનમાં થયું : 'આખા યુદ્ધની વાત જવા દઈએ. એ મારા પુત્રમોહથી થયું. નાના નાના બીજા પ્રસગો પણ જવા દઈએ. પણ દુર્યોધનને ભીમે અધર્મથી હણ્યો,- એ જાણવા છતાં, આજે પંદરપંદર વર્ષથી, હું આ મહાલયમા પડ્યો છું, એ આળસુ સુખી જિંદગી ગાળવા માટે ન હોય, તો બીજા શા માટે હોય ? મને મહાલય છોડવો ગમતો નથી. રાજવૈભવ જાય એ રુચતું નથી સેવકો દોડાદોડ કરતા હોય, એ વસ્તુઓથી જ હું ટેવાયેલો છું નવું જીવન શરૂ કરીને, બાકીની જિંદગી જીવી જવાની મારામાં શક્તિ નથી એટલે જ હું વનમાં જતો નથી.'

આવા મનોમંથનને પરિણામે મહારાજ ધૃતરાષ્ટ્ર હવે દૃઢનિર્ણયી બન્યા હતા. એમણે યુધિષ્ઠિરને કહ્યું : 'વત્સ ! હવે બસ, હુ જીવું છું તે જીવન નથી. આજથી હું અહીં રહુ છું. મારે વનમા જવુ જ જોઈએ. શરીર અને મનને ઘડવા માટે વનધર્મનું નિર્માણ કરાયું છે. હવે તું મને જતાં ન રોક !'

પણ મહારાજ યુધિષ્ઠિર કોઈ રીતે એમની વાતમા સંમત થાય નહિ ત્યારે વેદવ્યાસે આવીને એમને કહ્યું : 'યુધિષ્ઠિર ! જે જીવન કોઈ દિવસ જાગતું જ નથી, તે જીવન જ નથી. આજે વર્ષો પછી મહારાજ ધૃતરાષ્ટ્રનું જીવન જાગ્યું છે પુત્રનો મોહ તેઓ છોડી શકતા ન હતા તેમજ મહાલયનો મોહ પણ

છોડી શકતા ન હતા. અર્પગતાએ એમનામાં આળસ પેદા કરી હતી. આધાર વિના જીવી જ ન શકે, એવા અનાથ એ બની ગયા હતા. આજે એમના અંતરમાં એક વાત જાગી છે. જીવન થોડું જીવાય, પણ હૃદયના ઊંડાણથી જીવાય એટલુ જ સાચી રીતે જીવાય છે. ભલે તેઓ વાનપ્રસ્થ થાય. ત્યાં દેહકષ્ટથી જીવે, એ એમને માટે સાચું જીવન હશે કારણ કે દેહકષ્ટ છેવટે છે શું? આત્માનો શરીર ઉપરનો વિજય, એનું નામ દેહકષ્ટ. છેવટની ઘડીએ મહારાજ એ કરીને પોતાને ઘડવા નીકળ્યા છે, તો એમણે મેળવેલી આ આત્મ જાગૃતિ એમને ભલે દોરી રહે! એમની એ જીવનશુદ્ધિ છે!'

વેદવ્યાસના શબ્દોએ યુધિષ્ઠિરને જીવનશુદ્ધિનું રહસ્ય સમજાવ્યું ને છેવટે મહારાજના વન પ્રયાણમાં એ સંમત થયા પણ જ્યારે માતા કુંતીએ કહ્યુ કે મારે પણ સાથે જવું છે, ત્યારે યુધિષ્ઠિર શાંત રહી શક્યા નહિ. તેમના દિલમાં વેદના જાગી ગઈ.

આટલું આટલું સહન કર્યા પછી, માતા આ રાજવૈભવ ભોગવવાના વખતે, એ બધું છોડીને ચાલી નીકળે તો પછી પોતે જે ભોગવે, એ પ્રમાદની, માયાની, સ્વાર્થની અને આળસની પરાકાષ્ટા સિવાય બીજું શું કહેવાય?

પોતે એકલા આ ભોગવવા બેસે, ને માતા એ તજીને ચાલ્યા જાય? એ તો કદી જ ન બને. એ વખતે એમણે માતા કુંતીને પોતાની વ્યથા જણાવી. પોતે પણ ભીમ-અર્જુનને રાજ સોંપીને ચાલી નીકળશે એમ કહ્યુ.

કુંતીમાતાને લાગ્યું કે આ વ્યામોહ બધાને ધર્મથી ચલિત કરી દેશે. એટલે એમણે પૂછ્યું:, 'યુધિષ્ઠિર, આપણે યુદ્ધ શા માટે કર્યું તે તું જાણે છે?'

'કેમ શા માટે? રાજ મેળવવા. આપણું હતું તે મેળવવા'

'ના, આપણે ક્ષત્રિયધર્મ પાળવા યુદ્ધ કર્યું હતું. એ ધર્મ પળાયો. તો દુનિયાને હંમેશને માટે એક પ્રકાશકિરણ મળ્યું. તે પ્રકાશકિરણ આ—અન્યાય થતો હોય ને પોતે વખતે ફના થઈ જશે એ ડરથી જે અન્યાયને સાંખી લે, તે ક્ષત્રિય નથી, રાજા નથી, કદાચ માણસ પણ નથી. એ માણસાઈનો તંતુ નિત્યને માટે ઇતિહાસમાં વણાઈ જાય, માટે મે તેમને કહેવરાવ્યું:

ભીખ્યા, ભટક્યા, વિષ્ટિ વિનવણી, કર્યાં સુજનના કર્મ,
આર્ય સુજનતા દૈન્ય ગણી તો, યુદ્ધ એ જ યુગધર્મ,
પાર્થને કહો ઉપાડે બાણ.

'મેં તમને યુદ્ધમાં પ્રેર્યા આટલા માટે. ન પ્રેર્યા હોત ને તમે યુદ્ધ કર્યું ન હોત, તો ક્ષત્રિયધર્મ જ લોપ થઈ જાત. સૌ એમ સમજત કે બળવાન સામે નમતું જોખનારો ડાહ્યો છે, સજ્જન છે, વ્યવહારુ છે, વિવેકી છે ને સમયને જાણનારો છે.

'આ છાપ તમે મૂકતા જાત માનવજાત એમાથી ધડો લેત. એને અનુસરત. એને દષ્ટાંત ગણત. એની કથા ચાલત ક્ષત્રિયનો વિશિષ્ટ ધર્મ લોપ થાત ક્ષત્રિયધર્મ જો કોઈ પાળે જ નહિ, તો કોઈ કોઈની મદદે દોડે શી રીતે? કોઈ અન્યાયને ન સાંખે, એવી હવા પ્રગટે શી રીતે?

'યુધિષ્ઠિર ! એટલા માટે મેં તમને યુદ્ધમાં પ્રેર્યા. એ વખતે મારા માતૃદિલમાં શું થતું હતું, તે હું એક જ જાણું છું. બળવાન પ્રતિસ્પર્ધી હતા. બળવાન સૈન્ય હતું. બળવાન વ્યૂહ કરનારા હતા. છતાં મેં તમને પાંચેને આ સંદેશો આપ્યો : યુદ્ધ કરો, ભલે સર્વનાશ થાય. સર્વનાશ, એ સર્વોદય કરતાં ક્યારેક વધારે મહાન ગણાય છે. એ જે સમજતો નથી, તે યુદ્ધવીર તો નથી, રાજનીતિજ્ઞ પણ નથી, પણ એથી વધુ એ માણસ પણ નથી. એને એટલી ખબર નથી કે ક્યારેક તો માણસ મરે છે, ત્યારે જ તે જીવે છે.'

કુંતીની સમર્થ વાણી સાંભળતાં યુધિષ્ઠિર ડોલી ગયા. એમને લાગ્યું કે માતાની વાણીમાં પ્રેરણાદાયી તેજસ્વિતા હતી.

'પણ માતા! ત્યારે હવે હું તમને પૂછું છું, તેનો જવાબ આપો. તમે અમને પ્રેર્યા. અમે ક્ષત્રિયધર્મ પાળ્યો. જીત્યા. રાજવૈભવ આવ્યો. હવે જ્યારે તમારે માટે આ વૈભવ અમે મેળવ્યો છે, ત્યારે એનો ત્યાગ શા માટે કરો છો? શા માટે તમે વનમાં જાઓ છો? જીવન વનમાં ગાળવાનો સમય હજી ક્યાં થયો છે? તમારા વિના અમને આ મહાલયો ખાવા દોડશે. અમારી ખાતર પણ તમે રહી જાઓ.'

'પુત્રોથી જિતાયેલા રાજનો વૈભવ ભોગવવા માટે હવે હું થોભું યુધિષ્ઠિર? તો એ ભોગ કે વિલાસ પણ નહિ હોય. એ તો હશે–કેવળ વાસના. એ ભોગવાશે, તેમ વધશે. છેવટે એ જીવનને જ નષ્ટ કરશે. મારું સ્થાન હવે અહીં ન હો. વૃદ્ધાવસ્થા, પોતાના ગત જીવનના અનુભવોમાંથી, જીવનશુદ્ધિનો પ્રયોગ કરવાનો સમય ગણાય.

'આ સમયે જે પુત્રોના વૈભવ માણવા માટે બેસી જાય છે, તે માત્ર દૃષ્ટિવિહીન નથી, જીવનવિહીન પણ છે. હું હવે તમારા રાજવૈભવને જોતી બેસી રહું, એ જીવન, જીવન નહિ હોય, ને તેમાં તમને દૃષ્ટિ આપનારું બળ પણ નહિ હોય. એ તો હશે નિર્બળતા, મહારાજ પાંડુની રાજમહિષી અહીં હવે થોડાક ભોગના ટુકડા ભોગવવા બેસે, એ તો એનો આપઘાત કહેવાય, યુધિષ્ઠિર! હવે મારી જીવનશુદ્ધિ, બધું છોડવામાં જ રહી છે. અને તમારી જીવનશુદ્ધિ, બધાને રક્ષવામાં સમાયેલી છે. પ્રજાને રાજ અને સ્વસ્થતા ફરીને આપવામાં.

'મેં તમને ભલે ક્ષત્રિયધર્મમાં પ્રેર્યા. મહારાજ જીવતા નહિ હોવાથી મેં એમનું કર્તવ્ય બજાવ્યું. મારો એ ધર્મ હતો. પણ હું માતા હતી, નારી હતી. વાત્સલ્ય ને શાંતિ એ મારો જીવનધર્મ હતો.

'એટલે હું તમને યુદ્ધમાં પ્રેરું, એ અકુદરતી ગણાય. છતાં એ મેં કર્યું. બીજો કોઈ ઉપાય જ ન હતો. ક્ષત્રિયધર્મ માટે, મારે એ કરવું પડ્યું.

'તો ભયંકર મહાભારત ઊભું થયું. એ મહાભારત કોઈ દિવસ ઊભું ન થાય એ માટે મારે મારો વિકાસ સાધવો રહ્યો. વધારે ઉચ્ચતર જીવન મેળવવાનો પ્રયત્ન એનું નામ

વાનપ્રસ્થ ધર્મ. મારે વાનપ્રસ્થ થવું જ રહ્યું. મારે મહારાજ ધૃતરાષ્ટ્ર સાથે જવું જ રહ્યું. મારે મારા નવા જીવનને એકડે એકથી ઘડવું રહ્યું.'

માતા કુંતીને ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને અનુસરતાં જોઈને હસ્તિનાપુર નગરી પણ સ્તબ્ધ થઈ ગઈ. ઠેર ઠેર નગરીમાં માણસો ઊભરાયાં હતાં. છજાં, જાળિયાં, ગોખ, અગાશી, પગથી ને વૃક્ષ બધે માણસ જ માણસ દેખાતા હતાં.

નગરવાસીઓથી ખીચોખીચ ભરાયેલા માર્ગે મહારાજ ધૃતરાષ્ટ્ર વહેલા નીકળ્યા. એમના બન્ને પડખે ગાંધારી અને માતા કુંતા હતાં. બન્નેના ખભા ઉપર હાથ મૂકીને, મહારાજ ધૃતરાષ્ટ્ર ચાલતા હતા. બધાં તેમની પાછળ હતાં.

દ્યૂત રમ્યા પછી હારીને પાંડવો વનમાં જવાને તૈયાર થયાં ત્યારે નગરીમાં જેવો શોક છવાઈ ગયો હતો, એવો જ શોક આજે પણ છવાઈ ગયો હતો. છતાં એ બન્ને શોકમાં આકાશ-પાતાળનું અંતર હતું. જોનારા એ જોતા હતા. અને જ્ઞાનીઓ એના ઉપર વિચાર કરતાં, મહાકાલની અદ્ભુત ન્યાયશક્તિનો પરિચય મેળવતા હતા.

પાંડવો નીકળ્યા ત્યારે શોક હતો ને બધાના દિલમાં 'અરેરે!' ના શોકજનક ઉદ્ગાર સરી પડતા હતા. પણ આજે જ્યારે મહારાજ ધૃતરાષ્ટ્ર વનમાં જતા હતા, ને નગરવાસીઓના દિલમાં શોક છવાયો હતો—ત્યારે મુખ્ય શબ્દ હતો : 'અહાહા!'

વર્ષો સુધી મહાકાલ સુપ્ત રહે છે. તે એક દિવસ જાગે છે, ત્યારે બધાને જગાડે છે, એનું સૂચન એટલે 'અહાહા!'

આજે એણે મહારાજ ધૃતરાષ્ટ્રને જગાડ્યા હતા. ઉપદેશોથી જે બન્યું ન હતું—મોહ તજવાનું—તે સમયે કર્યું. પણ આ પ્રમાણે સમય પસાર થતાં, જેનું જીવન જાગે છે, તે જીવન-શુદ્ધિને પંથે વળે છે મહારાજ ધૃતરાષ્ટ્રે અપનાવેલો માર્ગ જીવનશુદ્ધિનો હતો. જીવનને એ જ રીતે ઘડી શકાય, અન્યથા નહિ.

છેવટે બધા હસ્તિનાપુર નગરની બહાર આવ્યા. મોટો રાજમાર્ગ આવતાં ધૃતરાષ્ટ્ર મહારાજ ઊભા રહી ગયા. નગરજનોને બે હાથ જોડીને કહ્યું : 'નગરજનો! તમારો પ્રેમ અમને હંમેશાં સાંભરશે. આપણે સૌ સાથે રહ્યાં. આનંદ કર્યો દુઃખ ભોગવ્યાં, વિપત્તિઓ સહી, યુદ્ધો કર્યાં. નાશ આવ્યો અને પાછો ઉદય આવ્યો. જીવનના આ વિવિધ રંગમાંથી આજે મને જે સત્ય મળ્યું છે, તે આ છે : જીવન ગમે તેટલું કલુષિત હોય પણ શુદ્ધિના માર્ગે જવા માગે છે, ને એક દિવસ જાગે છે, તે જ જીવન છે. પછી એ જાગ્યા પછી, ભલે માત્ર પાંચ વર્ષ જ જીવે. દસ વર્ષ જ રહે. એક-બે વર્ષ જ રહે. અરે! બે દિવસ રહે—પણ જાગ્યો, તેનું જીવન સાચું જીવન છે. હવે તમે પાછા ફરો, નગરજનો! અમને હવે જીવનમાં રહેલો આનંદ દેખાય છે. તમને પણ એક દિવસ એ મળો!'

નગરજનો મહારાજને પ્રણામ કરતાં ભીની આંખે પાછા ફર્યા.

ધર્મરાજને પાછા જવા માટે માતા કુંતીએ ફરીફરીને કહ્યું, પણ તેમનું મન કોઈ

રીતે માતાના વનવાસને હજી પણ અનુમોદન આપી શકતું ન હતું.

એમની વાત એક જ હતી: 'તમે અમને યુદ્ધમાં પ્રેર્યા જ શા માટે? અને હવે આ ત્યાગ શા માટે? પરાક્રમથી મેળવેલું જે ભોગવે નહિ, તેનું પરાક્રમ મિથ્યા છે. તેનું જીવન સ્વપ્ન છે. તેની બુદ્ધિ-ભ્રમણા છે.'

ભીમસેન પણ માતા કુંતાને એ જ કહેવા લાગ્યો. ને તે પણ આકરા શબ્દોમાં: 'તમારે મા! આમ કરવું હતુ તો શા માટે આટલા બધાનો સંહાર કરાવ્યો? તે વખતે જ આપણે બધા સાધુડા થઈ જાત. સાધુધર્મ મહાન હોય, તો તમે અમને યુદ્ધમાં પ્રેર્યાં શા માટે? શું આ યુદ્ધ તમે દ્વેષથી કરાવ્યું? તો તો અમારે પણ પ્રાયશ્ચિત કરવું પડશે!'

'દીકરા ભીમ!' માતા કુંતાએ કહ્યુ: 'યુદ્ધ નાશને જ નોતરે છે. યુદ્ધ ન્યાય અને સત્યથી પ્રેરિત હોય, ત્યારે સાચું યુદ્ધ કહેવાય એવું યુદ્ધ તો, પૃથ્વીને ધરમૂળથી ઉખેડી નાખે તો પણ કરવું જ રહ્યું' પાચાલીનાં ચીર ખેચાય ને યુદ્ધ ન થાય તો ધિક્કાર હજો એ વિવેકને, એ ક્ષમાને, એ સહનશીલતાને, એ વ્યવહારુ ડહાપણને. એવી વાતો કરનારો ભીરુમા ભીરુ છે. જે યુદ્ધ વખતે યુદ્ધ નથી કરતો, તે માણસ જ નથી. તમે માણસ રહો, ક્ષત્રિય રહો, મહારાજના વંશજ રહો, એટલા માટે આ યુદ્ધ મે પ્રેર્યું. પણ આજે મારો એ જ પ્રમાણે આ ધર્મ છે—ધૃતરાષ્ટ્રમહારાજને જાળવવાનો. ગાંધારીની પડખે રહેવાનો. તમારા ધન અને રાજવૈભવમાં, લેશ પણ આસક્તિ નહિ રાખવાનો.

'હું જો હવે રાજવૈભવ ભોગવવા બેસું તો, મે યુદ્ધ નોતર્યું હતું, મારા અંગત સ્વાર્થ માટે, સુખ ભોગવવા માટે, એમ કહેવાશે એટલે મને મારા જીવનશુદ્ધિને પથે જવા દો. તમે તમારે પંથે પાછા ફરો.

'એક દિવસ એવો આવશે વત્સો! જ્યારે તમારુ જીવન તમારી પાસે જવાબ માગતુ ઊભું હશે: 'આટલા વર્ષો તેં શું કર્યું? કેટલી તકો આવી, કેટલી ગુમાવી? સોનેરી રજકણો જેવી પળો કયાં ગુમાવી?' એમ એક દિવસ જીવન જવાબ માગે, ત્યારે એ તમારે માટે જીવનશુદ્ધિનો મહાન પંથ તૈયાર કરે છે, એમ સમજજો.

'ઘણાના જીવનમાં જીવનશુદ્ધિનો પંથ કયારેય આવતો જ નથી. ખાટલામાં પડયાં પડય હાંકવાનો પંથ જ આવે છે. એ જીવન નથી, એટલું સમજવું, એ જ મહાન જીવનશુદ્ધિ છે. હવે પુત્રો! દ્રૌપદી! તમે સૌ નગરજનો સાથે પાછાં ફરો. અમારો પથ અમને ખેડવા દો!'

યુધિષ્ઠિર ને સૌ માતા કુંતીને પ્રણામ કરી, એમના આશીર્વાદ લઈ પાછા ફર્યા. પણ એમને વનમા જતાં જોઈને નગર-સ્ત્રીઓ ઉચ્ચ સ્વરથી રુદન કરવા લાગી. મહારાજ ધૃતરાષ્ટ્રને કહેવા લાગી. 'માતા કુતી જો પાછાં નહિ ફરે તો અમે પણ વનમાં આવીશું' માતા કુંતાએ કહ્યું: 'બહેનો! તમે બતાવેલો પ્રેમ અનન્ય છે પણ આ કોઈ, કોઈની પાછળ કરી શકે એવો ધર્મ નથી આ તો

ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝર

હું પાદરી-દાક્તર શા માટે બન્યો?

નોબેલ ઈનામના વિજેતા અને મશહૂર દાક્તર શ્વાઈટ્ઝર આ લેખમાં પોતાની વ્યથા અને વિશ્વના દાક્તરોને ટહેલ નાખે છે. માનવતાની સાચી સેવા માટે શહેરોનો મોહ રાખ્યા વિના આવા જંગલોમા રોગીઓની સેવા કરનાર કેટલાક ?... ..

સને ૧૯૦૪ની વસંતનું એ ખુશનુમા પ્રભાત હતું. કૉલેજના મારા ટેબલ ઉપર લીલા પૂંઠાવાળું એક સામયિક મને દેખાયું. પૅરિસની મિશનરી સોસાયટી દર મહિને તેની પ્રવૃત્તિઓ તેમાં રજૂ કરતી.

તે સાંજે એ સામયિક બાજુ પર મૂકીને મેં મારા બીજા કામમાં ધ્યાન પરોવ્યું હોત. પણ મેં યંત્રવત્ એનાં પાનાં ફેરવ્યાં. મારી ગેરહાજરીમા મારા ટેબલ ઉપર એ સામયિક કોઈ મૂકી ગયું હતું. પાના ફેરવતા ફેરવતાં મારી નજરે એક લેખનું મથાળું ચડ્યું : 'કોંગોના મિશનની જરૂરિયાતો.'

પૅરિસની મિશનરી સોસાયટીના વડા આલ્ફ્રેડ બોગનરે તે લેખ લખેલો હતો. મિશનને ઉત્તર કોંગોમાં આવેલા ગેબુન માટે જોઈતા કાર્યકરો નથી મળતા એવી એમાં ફરિયાદ હતી. આ અપીલ માટે લેખકે આશા વ્યક્ત કરી હતી કે ભગવાન ઈશુની આંખ જેમના ઉપર ઠરેલી છે એવી વ્યક્તિઓ આવા જરૂરી કામ માટે તૈયાર થશે જ.

લેખનો અંત આવો હતો : 'ભગવાન ઈશુના હુકમને માન આપી જે સ્ત્રી-પુરુષો આવવાનો જવાબ આપશે તેવી વ્યક્તિઓની દેવળને જરૂર છે.' લેખ પૂરો વાંચીને શાંતિથી મારા કામે લાગ્યો. મારું સંશોધન પૂરું થયું.

બોલ્યા વિના કામ કરવા માટે હું દાક્તર થવા માગતો હતો. કેટલાય વરસોથી મેં બોલવાનું ઓછું કરી નાખ્યું હતું. મારા એક શિક્ષકના કહેવાથી મેં સ્વેચ્છાથી એ કર્યું હતું. પણ આ નવી પ્રવૃત્તિમાં મેં એક જાતની એવી તક નિહાળી કે જેનાથી પ્રેમનો ધર્મ હું આચરી શકું—જેની ઝંખના મને ક્યારનીય હતી.

સેવાનો કોઈપણ પંથ મને જ્યાં દોરી જાય ત્યાં દરેક રીતે અનુકૂળ થઈ પડે તેવી દાક્તરી વિદ્યા મેં મેળવી હતી. ફ્રેન્ચ ઈક્વેટોરિયલ આફ્રિકામાં અને આટલાંટિકને કિનારે આવેલા ગાબુન પ્રદેશમાં એવો દાક્તર હોવો જોઈએ કે જે ઓછામાં ઓછી જરૂરતોથી ચલાવી લે.

ત્યાંનાં વતનીઓ વેદનાથી પીડાતાં હોય તો ય દાક્તરને કોઈ યાદ પણ કરતું નથી એવું એ લેખમાં હતું. એ તો અર્થ વિનાનું જ કહેવાય. એટલે મેં દાક્તર થવાનું નક્કી કર્યું. મને લાગતું કે મારે ઠીક ઠીક વરસોનો ભોગ આપવો પડશે. રોમ તરફ કૂચ કરતી વખતે હેમિલકાર અને હાનીબાલે સ્પેન ઉપરનો ધીમો વિજય ધ્યાનમાં રાખેલો એ મને યાદ આવ્યું.

ઈક્વેટોરિયલ આફ્રિકામાં દાક્તર બનીને જવા માટે મેં સ્ટ્રાસબર્ગ યુનિવર્સિટીના પ્રોફેસરનો હોદ્દો, મારું સાહિત્યકાર્ય અને વાજિંત્રોનો શોખ છોડી દીધો. એ શી રીતે બન્યું ?

છે જીવનધર્મ. એમાં પાછા ફરવાપણું હોય જ નહિ. એમાં હવે હું પાછી ફરું એ જીવન જ નહિ હોય. એ મૃત્યુ કરતાં પણ વધારે જડ અવસ્થા હશે. મને જીવવા માટે જવા દો, એટલું જ હું તમને કહું છું!'

ઘણીઘણી સમજાવટે હસ્તિનાપુર નગરીની સ્રીઓ પાછી ફરી પણ તે દિવસની રાત્રે આખી નગરીમાં ક્યાંય દીવો પ્રગટ્યો ન હતો. ક્યાંય ગીત ન હતું—ક્યાંય અવાજ ન હતો! મૌનનો એક મહા-શોકસાગર ત્યાં છવાઈ ગયો હતો. જાણે કે જીવનશુદ્ધિનું એ પણ એક પ્રતીક હોય!

★

ના મહાજનના સ્વજનોની શારીરિક યાતનાઓ વિશે મેં ખૂબ વાંચ્યું. એ યાતનાઓ જેવા સહવા માટે દૈવ મુક્તિ નથી. હું માનું છું આમાંથી આપણે કે કેમ એ નાપમો શરૂ કરવી. દાક્તરી વિજ્ઞાનની પ્રગતિ થશે. આપણે અને વિજ્ઞાનની દિશામાં કોઈ કરીને થવા પામ્યા કરવા ક્યાં જાતે જ જઈએ

એમ કહેવી વગેરેના જેવા છે. તેમની જે માત્ર જીવન જીવવા પીવાના આપણ સમજણીએ તેવા વિકાસ થાય તે માટે તેમની કથા વાંચવી જાગૃત થવું

હું એ સંજોગ જ જેવો હતા ત્યારે આ નિર્ણય માટે નવો પણ નો કરતો. જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે મારું જીવન એ માટે જ નક્કી કરી દીધું અને તીન વરસની ઉંમર થતા જુદીમા મ પાદી થવામા વિદ્યા આ તીન ગાળવામાં વખત આપ્યો. એ વખતે જ મારું જીવન એક વિરલ સંગીતમાં સરી નાખતા મેળવી જ કંઇ જીવન જીવનમા દાક્તરી મ કરવાનો મારો નિર્ણય અવિરત નથી. મારા મગજમા બીજા અનેક વિચારો પણ આવી ગયા અને એ બધા ઓછા થયા ત્યારે એમ લાગી રહેતા ગતિ અને જીવનની સાથે મને આનંદના જગતમા માપિત અને બાકી માત્રથી જીવતા પેલા પામે મો એની અર્જી

દેનીમા લગભગ દરરોજ મારું એ આખા શરીર ઉપર લાગીઓ કરે તેનો એક ખૂનેનો માણસ મેં જોયો. એના આંખો એને બહુ વાર સુધી સાથ રાખી શકે તેમ નહોતા. એક બહાર રોગથી એ પીડાતો હતો. એણે તેને ત્યાં જોગીને તેઓ ચાલ્યા ગયા હતા. એના માટે બધી આશાઓ છોડી દીધી હતી પણ એ હજુ જીવતો હતો. હું એની પાસે ગયો ત્યારે સૂકવીના બારણામાંથી આવી દરિયાકિનારાના લીલા ઘાસ અને ખીલેલો સાગર મને દેખાયો—જે દૈવી સૌંદર્યનું દૃશ્ય હતું. આથમતા સૂરજનો સોનેરી તેજ એ પણ ઉપર વહેતું હતું. આવું સ્વર્ગીય દૃશ્ય અને આવી અસહાયતા એની સાથે જોતા મને પણ આશ્ચર્ય થતું એ પ્રભાવ હતું

આ રીતે મારા તો નજરે ધીરે રાખવા હમેશા કહેતા 'કુદરતી ખોરાક વગર એ યાતનાઓ કદાપિ આપણે જેમ ભાગ્ય પડતા નથી અને આપણા જેટલા પણ ભોગવતા નથી' પણ ખરી રીતે તો અહીં રોગ ખૂબ જ ભયંકર દેખાતા અને કુદરતનું એ બળ એવી વેદનાથી પીડાતું કે જેને તે વખતે ભગવાનનો કોપ માનતા

શારીરિક યાતનાઓ અતિ બધી ખૂબ મોટી છે. એ તરફ આપણી આંખમીંચામણા કરવાથી કે એ વિરોધી છાપો જોવાથી કશું જ હોવા ન મળવાથી આપણને સંતોષ થાય છે? મારી રોગના સરકારી લોકો તદ્દન ખરાબ થઈ ગયા છીએ. આપણામાંથી કોઈ માંદું થાય કે તરત દાક્તર આવે છે. શસ્ત્રક્રિયાની જરૂર હોય તો કંઈપણ દવાખાનાનું બારણું આપણા માટે હમેશ ખુલ્લું હોય છે. પણ લાખો લોકો એવી કોઈપણ મદદ વિના અહીં મરે છે એ પણ હકીકત જાણવું જરૂરી છે

દાક્તરી વિજ્ઞાનની સહાય લેવા જ્યાં હજારો લોકો રોજ અમુક રોગની યાતનાઓથી પીડાય છે છે. દુઃખના સ્વરૂપમાં રોજ દેખાતા આ દર્દને ટાળી શકાતું નથી. આ લેખના વાચકમાંથી મને કહેશે ખરું કે જેને ત્રણ વર્ષ સુધી તેમના કુટુંબમાં ક્યારેય કોઈપણ જાતની દાક્તરી મદદ ન મળી શકી હોત તો તેમનું શું થાત? –

જો આજે હું ૨૯ વર્ષનો છું એ હમણાં માનવા જેવો નથી. એની પાછળ અનુભવની નક્કરતા છે. મને ખાતરી છે કે આ વર્ષોમાં દાક્તરી મદદ ઉભું કરવાની કોઈએ વાત કરી હોત તો તેને અવરોધી અને ધીમો આકાર મળવાને બદલે ઉભું જ થયું હોત.

મારા પોતાના જીવનમાં મુશ્કેલીઓ, ઉલઝનો અને યાતનાઓ એટલી વાર આવેલ છે કે જેથી મારું શરીર જલદી ઘસાઈ ગયું છે. મારું વજન ઘટી ગયું છે

ઈશ્વર પેટલીકર

પ્રતિમા

પુરુષની આદર્શ સ્ત્રીની ઓજસ્વિતા, તેનો પ્રભાવ તેની સાચી શક્તિ ઢંકાઈ જાય છે, તેનો વિકાસ પણ રૂંધાઈ જાય છે પણ આ બધું સ્ત્રી પોતે જાણી શકે છે ત્યારે તેના વિકાસના સાચું સોપાન શરૂ થાય છે એ સોપાન ઉપર ડગ માંડીને સ્ત્રી સાચા અર્થમાં સ્ત્રી થાય છે એ આ પ્રસંગ વાર્તાને સમજાય છે

પ્રતિમાનુ પિયરનુ નામ પાર્વતી પણ સાસરિયાએ અને તેમા મુંબઈમા રહેતા પતિએ પ્રતિમા નામ પસંદ કર્યું હતુ પ્રતિમા ગામડા ગામમા ભણવાની સગવડ હોય તેવુ સાત ગુજરાતી સુધી ભણી હતી આજથી પંદર વર્ષ ઉપર આ ભણતર સાવ ઓછું પણ ગણાતુ નહિ ચૌદ વર્ષ પૂરા થતા એનુ લગ્ન થયુ હતુ અને સોળમા વર્ષમા એ પતિ સાથે મુંબઈ રહેવા ગઈ હતી

પતિ વિનાયક આમ તો વધારે ભણ્યો નહોતો મૅટ્રિક નાપાસ થઈને બેસી ગયેલો પરંતુ એના માબાપ અમદાવાદમા રહેતા એટલે શુદ્ધ ભાષા, શહેરી વિવેક અને દરેકની સાથે ભળી જવાની આવડત એને સહજ હતા વળી મોટાભાઈ મોટા વેપારમા કામ કરતા હતા એટલે નોકરી કરનારમા જાણ્યેઅજાણ્યે કંઈક ને કંઈક લાઘવગ્રંથિ જન્મે છે તે પરિસ્થિતિમા એને મૂકાવુ ન હતુ પિતા પણ અમદાવાદમા પૈસાદાર હતા એટલે દીકરાને ધંધાનો અનુભવ થાય તો મુંબઈમા એને વેપાર કરાવવાની ગણતરી હતી પોતાની સ્વતંત્રતા ગૃહજીવનમા પણ જળવાઈ રહે તે માટે પ્રતિમા મુંબઈ આવવાની થઈ તે પહેલા એણે જુદુ મકાન—ફ્લૅટ પણ લઈ લીધો હતો

પ્રતિમા આમ તો હોશિયાર હતી ગામડામા એના પિતાનુ ઘર સુખી ગણાય તેવુ હતુ પરંતુ શહેરના વૈભવ અને સ્વતંત્રતા એને માટે નવા હતા વિનાયક દરેક બાબતમા ઓછેવત્તે એને ટોકતો પ્રતિમાને માટે વાતવાતમા 'તદ્દન દેશી છે' એમ અભિપ્રાય ઉચ્ચારતો દેશી શબ્દ પ્રતિમાએ પહેલવહેલો પતિ પાસેથી સાંભળ્યો હતો એનો અર્થ પણ જે જે પ્રસંગો વખતે એ સાંભળવો પડતો તેમાંથી એને આપોઆપ સમજાયો હતો મૂરખ બેવકૂફ, ગમાર, ગધેડો, અક્કલનો બારદાન વગેરે વગેરે!

હિંદુ સ્ત્રી, અરે સમસ્ત સ્ત્રીજાતિ પુરુષ સાથે, પતિ સાથે પોતાના તરફથી નમતુ મૂકીને નભાવી લેતી હોય છે પ્રતિમા પણ પતિ તરફથી આવા અપમાન થતા તે ગળી જઈને વિનાયકને જીતવા પ્રયત્ન કરતી હતી ભાષાશુદ્ધિ તરફ એ ધ્યાન આપતી મુંબઈગરી સ્ત્રીઓ જે જાતની ટાપટીપ અને સફાઈથી કપડા પહેરતી તે ધ્યાનમા લેતી પરંતુ એની મુશ્કેલી એ હતી કે વિનાયકે ધારી હતી એવી એ દેશી નહોતી સ્વભાવની સ્વમાની હતી અને બીજી બાજુ એ ગામડામાથી આવતી હતી એટલે લઘુગ્રંથિથી પિડાતી હતી પતિ ઉંમરમા પાંચ સાત વર્ષ મોટો હતો એટલે એ એને ઉતારી પાડતો ત્યારે એ અબુધ હોય તેમ ચડીચુપ થઈ જતી પરંતુ એની ગેરહાજરીમા એનો સ્વમાની સ્વભાવ ઊછળી આવતો અને હોશિયારી વડારે ધાની એ સ્થિતિમા જ્યારે એ પતિનો વિચાર કરતી ત્યારે તેને

કેટલાય વરસોની સતત જવાબદારીઓ અને થાકથી હું સાવ નખાઈ ગયો છુ

પણ મને એના ફાયદા ઘણા છે ... દયાના કામમા આવી શક્યો છુ મારુ કામ સફળ થયુ છે બદલામા મને એ લોકોનુ સન્માન અને હૂંફ મળ્યા છે મારી પ્રવૃત્તિઓથી એ લોકો ઓળખાય છે કામ કરી શકવાની આટલી ઉંમરેય મારામા શક્તિ રહી છે મારા સ્વભાવની સમતુલા હમેશા જળવાઈ રહી છે ઉત્સાહ પણ આપોઆપ અંદરથી પ્રગટે છે મારા અગણ્ય સ્વજનોનુ સુખ એ જ મારુ સુખ બન્યુ છે એ માટે કેટલાક મારો આભાર પણ માને છે"

●અંગ્રેજી પરથી ટૂંકાવીને અનુવાદક જયન્ત પરમાર

✶

પતિ જંગલી લાગતો. એને તે વખતે થઈ પણ જતું કે જો હવે મને એ સ્ટુપિડ કહે તો મારે જંગલી શબ્દ સંભળાવી દેવો, પરંતુ એ તો એની ગેરહાજરીમાં! હાજરીમાં તો પ્રતિમા એ જ રીતે ચૂપચુપ થઈ જતી.

પ્રતિમાએ એક વરસ આમ વિતાવ્યું એ વરસમાં એણે પોતે ઘેરથી આવી હતી તે કરતાં અનેક રીતે ઘણો વિકાસ કર્યો હતો પરંતુ પતિને એમાનું કંઈ દેખાતું ન હતું. અને પહેલાની માફક જ એ વર્તતો હતો. પ્રતિમાને ઓસહજ એ પણ વિચાર આવ્યો હતો કે પોતે એને નહિ ગમતી હોય? પરંતુ પોતે ન ગમવાનું પણ કંઈ કારણ ન હતું વિનાયકમા એવી કોઈ વિદ્વત્તા ન હતી, કલાનો શોખ ન હતો કે ત્યાગવૃત્તિ ન હતી કે એ પ્રતિમામા ન હોય એટલે બંનેનો બૌદ્ધિક કે સ્વભાવગત મેળ ન બેસે છેવટ રહી સુંદરતા. પ્રતિમાને સૌંદર્યમૂર્તિ ન કહેવાય છતાં દેખાવડી તો જરૂર કહી શકાય. ગોરો વાન, એકવડિયો પાતળો દેહ અને સ્ત્રીને યોગ્ય પૂરતી ઊંચાઈ,—આમ પ્રતિમા દેખાવમા ન ગમે તેવી કોઈ રીતે ન હતી.

પ્રતિમાને થયું કે પોતાને સુખી થવું હોય તો પોતાનું મન બીજે વાળવું જોઈએ એને ભણવાનો ભારે ઉમંગ હતો. માળામાથી એકબે છોકરીઓ કવેનો કોર્સ કરતી હતી. એમાં એ સગવડ હતી કે ઘેર બેસી એ અભ્યાસ કરી શકાતો હતો. પ્રતિમાએ પેલી બે છોકરીઓ પાસેથી અભ્યાસક્રમ મેળવી કર્વે પરીક્ષાનો અભ્યાસ કરવાની મનથી ગાંઠ વાળી.

આમ પ્રતિમાએ બીજે વર્ષે પતિ તરફના અસંતોષમાંથી અભ્યાસ તરફ મન વાળ્યું. અને મનના વિસામા માટે પાડોશમાં એક બહેનપણી પણ મળી આવી. વિનાયકના મિત્રની જ એ પત્ની હતી. વિનાયક જ્યારે હાયસ્કૂલમા ભણતો હતો ત્યારે ગામડાના એક વિદ્યાર્થી સાથે એને મૈત્રી થયેલી. એ હોશિયાર હતો, એટલે ગ્રેજ્યુએટ થયો હતો, પરંતુ નોકરી મેળવવી મુશ્કેલ હતી. વિનાયકને એણે લખ્યું. વિનાયકે કાકાને કહી એક વેપારીની ઓફિસમા એને નોકરી અપાવી હતી.

એ મિત્ર પોતાની સાથે રહે તેવા આગ્રહથી પોતાની બાજુનો ત્રણ રૂમનો ફ્લેટ એને ભાડે રખાવ્યો હતો. ચંદુએ તે વખતે પોતાને બે રૂમની ઓરડી પૂરતી છે, પંદર રૂપિયા ઓછું ભાડું એવું હોય તો ઘરખર્ચમાં રાહત રહે, પગારના પ્રમાણમાં પોતાની સ્થિતિ આટલું ભાડું ભરવા જેવી ન કહેવાય, એમ આનાકાની કરેલી. પરંતુ એ ન ગણકારતાં વિનાયકે આગ્રહ જારી રાખેલો અને કહેલું કે, કાકાની લાગવગથી જેમ નોકરી અપાવી તેમ પગાર ઓછો પડે છે તેમ કહી બીજે વર્ષે પગાર વધારવાનું થઈ રહેશે. અને પોતે સ્વતંત્ર ધંધો શરૂ કરશે એટલે બીજે નોકરી કરવાનું રહેશે નહિ પોતાના વેપારમા જ એને આવી જવાનું.

આ કારણે, પગારના પ્રમાણમાં ભાડું ન પોસાય છતાં ચંદુ વિનાયકની નજીક રહેતો હતો. ચંદુ સમજુ હતો એમ પ્રતિમાને એના છ માસના પરિચયથી લાગ્યું હતું. એના અંગત પોતે ફરિયાદ કરે તો પતિને ઠપકો આપે એમ પણ એને લાગતું હતું. પરંતુ એ પોતે એટલી બધી સ્વમાની હતી કે પોતાની વાત એ બહાર કરી શકે તેમ ન હતી. એ પોતે દુખી છે તેમ એણે કોઈને કહ્યું ન હતું. માબાપ પણ દીકરી મુંબઈમા સુખી છે એમ માનતાં હતાં. પ્રતિમા પતિથી આમ દબાઈ ગઈ હતી. જ્યાં એ કહેવાનું ચૂકતી નહિ કે ખાનગીમા મને જે કહેવું હોય તે કહેજો. પણ બહારનું કોઈ જાણે તેમ બખાળો કરશો નહિ. આ સ્વભાવને લીધે ચંદુ આગળ એ મનનું દુઃખ વ્યક્ત કરી શકી નહિ. પરંતુ એની પત્ની રાધા આવતા એની બહેનપણી બની ગઈ.

ચંદુ નોકરી મળતાં પત્નીને તેડવા તૈયાર થયો ત્યારે પ્રતિમાને વિચાર તો આવ્યો હતો કે આટલા ટૂંકા પગારમાં થોડો વખત એકલા રહ્યા હોત તો? પરંતુ રાધા આવી ત્યારે એનું સૌંદર્ય જોઈ પ્રતિમાને થયું કે ચંદુભાઈ આના રૂપમાં પાગલ બન્યા હશે માટે જ વિયોગ વેઠી શકાય નહિ. પરંતુ રાધા સાથે બહેનપણાં થયા ત્યારે પ્રતિમાને સાચું કારણ માલૂમ પડ્યું. ચંદુ

તો સારો પગાર ન થાય ત્યાં સુધી એકલો રહેવા તૈયાર હતો. પરંતુ અરસ્પરસ સાત વર્ષ થઈ ગયાં હતાં. અને રાધા ઘર લઈને બેસવા એટલી અધીરી થઈ હતી કે ચંદુને એને ધમકી આપી કે નોકરી મળ્યા પછી જો મને નહિ તેડાવો તો હું તમને શોધતી આવી પહોંચીશ, તે ઘડીએ ભાઈબંધો આગળ તમારી ફજેતી થાય તો હું ના જાણું !

રાધા જાણે ચંદુ આગળ કહેતી હોય તેમ આ વાત એવા સરળભાવે કહેતી કે પ્રતિમા એને પ્રેમે વળગી જતાં બોલી : 'રાધાબહેન ! તમે એટલાં સુંદર છો કે મને ગમી ગયાં છો, તો ચંદુભાઈ બિચારા પુરુષ ! એમને તમારે ધમકી આપવાની જ ક્યાં જરૂર હતી ? એ તમારામાં એટલા લટ્ટુ થઈ ગયા હશે કે તરત તેડાવ્યા વગર ન રહે.'

રાધા બોલી : 'તમને દૂરથી એ ભલા દેખાય એટલું જ, બાકી કેટલા મીંઢા છે તે તો હું જાણું છું. ભણતા હતા ત્યાં સુધી જાણે બાયડી સાથે બોલવામાંય ભણતર ઘસાઈ જવાનું હોય તેમ રજાઓમાં હું સાસરે આવું ત્યારે એ બહાર ફરવા જતા રહે ! મોટાં થઈએ, માબાપે પરણાવ્યાં હોય, એટલે ધણી જોડે રહેવાનું કોને મન ન થાય ? પણ જાણે હું ગમતી ન હોઉં તેમ મારાથી આઘા ને આઘા રહે !'

પ્રતિમા રાધાના પરિચયથી જોઈ શકી કે એ ભલીભોળી અને પ્રહેરી ઓઢીને સુખ મહાલવાના સ્વભાવની હતી. વળી બીજાનું જોઈને ગજા ઉપરાંતનો ખર્ચ કરી નકામી એ નકલ પણ કરતી હતી. પ્રતિમા એને સાદાઈથી રહેવા, અને વખત છે તો પોતાની સાથે અભ્યાસ કરવા સલાહ આપતી ત્યારે એ કહેતી : 'મુંબાઈ હું કંઈ ભણવા નથી આવી. ઘર લઈને બેસવા આવી છું. અત્યારે આપણા પહેરવા ઓઢવાનો વખત કહેવાય ત્યારે, થોડાં મહાલી લઈએ નહિ, તો ક્યારે, ઘરડાં થઈશું ત્યારે લહાવો લેવાનો હતો ?'

આમ બંને વચ્ચે બહેનપણાં હતાં, પરંતુ રુચિભેદનો સામસામો ધ્રુવ હતો. છતાં રાધા સ્વભાવની એટલી ભોળી હતી કે પોતાના મનની રજેરજ વાત પ્રતિમાને કહેતી. પ્રતિમા પોતે તો સહેજ પણ ભાવ બહાર નીકળવા દેતી ન હતી, એટલે રાધાની વાતો સાંભળી એ જરા હળવી થતી.

પ્રતિમા અભ્યાસથી અને રાધાનાં બહેનપણાંથી ગઈ સાલ કરતાં આ વરસે મનથી સારા પ્રમાણમાં હલકી થઈ હતી, પરંતુ એક પ્રસંગે એના એ સાંત્વનને પણ હચમચાવી મૂક્યું. એક દિવસ એ પતિ સાથે સિનેમા જોવા ગઈ. સિનેમામાં ઘોડાની રેસનો પ્રસંગ આવ્યો. પૂનાની રેસનો સીન એમાં લેવાયો હતો. અને જોગાનુજોગ એમાં વિનાયક પોતાની જગા ઉપર બેસવા જાય છે તે દૃશ્ય ઝડપાઈ ગયેલું ! પ્રતિમા એ જોતાં જ સડક થઈ ગઈ. વિનાયક જ એ છે એ વિષે એને શંકા ન રહી. વિનાયક પણ ડઘાઈ ગયો. પરંતુ અંધારાને લીધે એનો ભાવ પ્રતિમા આગળ ખુલ્લો ન પડ્યો. વળી ઇન્ટરવલ પ્રસંગે પણ પ્રતિમાએ એ અંગે પૂછ્યું નહિ એટલે એને થયું કે પોતે પકડાઈ ગયો નથી.

ઘેર આવતાં પ્રતિમાએ કહ્યું : 'વેપારને અંગે પૂના જાઉં છું. એમ કહીને તમે મને છેતરતા હતા એ હવે હું સમજી ગઈ.'

જીવનમાં પહેલે વખતે જ વિનાયક પ્રતિમાથી દબાયો હોય તેમ અનુભવ્યું. એ જાણી ગઈ તેની ચિંતા કરતાં માબાપને એ જણાવશે તો શું થશે એ બીકથી એ નરમ થઈ ગયો. પોતે નહોતો ગયો, પોતાના જેવો બીજો કોઈનો ફોટો હતો એમ બચાવ કરવાનો વિચાર આવ્યો પણ બોલી શકાયું નહિ. કહ્યું : 'હું તો એક જ વખત રેસ જોવાની દૃષ્ટિએ ગયો હતો.'

'જૂઠું શું કામ બોલો છો ? નરી રેસની વાત ક્યાં છે ? બાજુની છોકરીને ખભે હાથ મૂકીને તમે બેસતા હતા એ શું બતાવે છે ?'

પ્રતિમા પતિના જંગલી સ્વભાવને સહી રહી હતી. પણ પોતાને પતિ વફાદાર નથી એ સહી શકી નહિ. પોતે આ બધા છંદ છોડી દેશે એવું વચન પ્રતિમાએ -

માગ્યું તેમા વિનાયકને પોતના ધણીપણાનુ અપમાન લાગ્યુ એનો જગની સ્વભાવ જાગી આવ્યો 'તુ મને પૂછનાર કોણ ?'

બને વચ્ચે કોઈ ન જાણે તેમ અણબનાવ શરૂ થયા પ્રતિમાની માનસિક સ્થિતિ તંગ રહેવા લાગી બીજી બાજુ સ્ત્રીનો આધાર પતિ છે, એ ગુમાવ્યા પછી એનુ જગતમા શુ ? અણબનાવ તો પોતાની વિરુદ્ધ જશે માની પ્રતિમાએ બોલવાની પટેલ કરી હિંદુ સ્ત્રીઓ પરાધીન સંસ્કારથી પતિને રીઝવવા કાલાવાલા કરે તેમ એણે કરવા માડ્યા વિનાયક પણ જાણે પસ્તાતો હોય તેમ એને કહેવા લાગ્યો 'મારી ભૂલ થઈ ગઈ છે તેનુ મને ઓછુ દુખ નથી જાણે એના પ્રાયશ્ચિત તરીકે સન્યાસી થઈ જાઉં તેમ થયા કરે છે' પ્રતિમાને માટે તો એ રસ્તો પણ પતિને ગુમાવવાનો હતો એટલે એ પતિભક્તિ બતાવતા લાચારીની માફક વિનતિ કરવા લાગી

આમ બન્ને વચ્ચે જે ખૂનો ભડકો થયો હતો તે શાન્ત પડ્યો, પણ અંતરથી એ પ્રજળ્યા કરતો હતો વિનાયકે પૂતાના આગ બધ કર્યાં હતા, પણ વેર આવવાનું વહેનુ ગોડુ કરવા માડ્યુ પ્રતિમા કારણ તો પૂછતી, પણ એ જે જવાબ આપે તે સ્વીકારી લઈને વધુ પૂછપરછ કરતી નહિ એને બીક રહેતી કે કદાચ ચોખ્ખુ સભળાવી દે તો પોતે શુ કરી શકવાની હતી ? આજે થોડી ઘણી બીક રહે તેય પણ જતી રહે, તો પોતાને કાયમના હાથ ધોઈ નાખવા પડે

બીજુ તો ઠીક પણ પોતની બહેનપણી રાધા જ આ ફંદામા ફસાશે તેની તો પ્રતિમાને કલ્પના પણ આવેલી નહિ પરંતુ નણદની પ્રસૂતિ વખતે બે મહિના એ નણદી ઘેર ગઈ તે અરસામા રાધા-વિનાયકનો સબધ આગળ વધી ગયો પ્રતિમા પાછી આવી ત્યારે તો રાધાનો ભપકો ઓર વધી ગયેલો ! એણે ખરીદેલા કીમતી કપડા જોઈને પ્રતિમાને ખ્યાલ પણ ન આવ્યો કે એ બધી ભેટ વિનાયકની હતી

પરંતુ પગ નીચે જ સળગતુ હોય તે કેટલો વખત છૂપુ રહે ? બનેની ભૂખાળવી નજર ઉપરથી એ પમી ગઈ કોઈના ઉપર ખોટો આક્ષેપ ન મુકાઈ જાય તે દૃષ્ટિએ મન મારીને એણે પાકી ખાતરી થતા સુધી ચુપકીદી સેવી છેવટ રાધાને મોઢે કહેતા સકોચ લાગ્યો એને એક કાગળ લખી મિત્ર બેવફા નીવડી એને માણસ ઠપકો આપે તેવો પ્રતિમાએ ઠપકો આપ્યો એ પત્ર મળતા રાધાને પ્રતિમા આડખીલી લાગી બીજે દિવસે જે વસ્તુ ભીતર હતી તે બહાર જાહેર થઈ વિનાયક-રાધા નાસી ગયાની હકીકત માળામા ચર્ચાનો વિષય બની ગઈ

સમાચાર જાણતા વિનાયકના માબાપ અમદાવાદથી મુબઈ આવ્યા આટલી હદે વાત વધી રહી હતી છતા પોતાને ખબર કેમ ન આપી તેનો પ્રતિમાને ઠપકો આપ્યો દીકરો શક્તિશાળી છે પણ એને કોઈનો દાબ ન રહ્યો માટે આડે રસ્તે દોરવાઈ ગયો માની માબાપે મુબઈ રહેવાનુ વિચાર્યું મોટો દીકરો અમદાવાદનો વેપાર સભાળે એવો હતો એટલે મુબઈની દુકાન કાઢી બધો બોજો વિનાયક ઉપર નાખવાથી કામ આડે બધા છંદ ભૂલી જશે એવી યોજના પિતાએ વિચારી હતી રાધાના માબાપ અને સાસરિયા પણ નાક કપાયુ માની એને શોધી લાવી કપાયેલુ નાક પાછુ બેસાડી દેવા માગતા હતા દસમે દિવસે એ પકડાઈ ગયા રાધાને સીધી પિયર લઈ જવામા આવી અને ભાઈ સ્વગૃહે પાછા ફર્યાં

સાસુએ બધો દોષ પ્રતિમાનો કાઢ્યો દીકરો સ્વભાવે મોજીલો છે અને વહુમા ઘરણીને મોજ કરાવવાની આવડત નથી બેજ જણને સાથે રહેવાનુ બીજી કોઈ વહુ હોત તો મોજમજા કરે એને બને આ વહુ ભણેલા બેઠી ! પછી ધણી બીજે રસ્તે જ ચડે ને ? પ્રતિમાના ભણતરનો વિરોધ કર્યો પ્રતિમાએ કહ્યુ 'ભણતર જ મારો દુખિયાનો વિસામો છે હુ એ બધ કરી શકુ તેમ નથી' વિનાયકને જેમ જેમ ઠોકર વાગતી હતી તેમ તેમ એ સુધરવાને બદલે બગડતો હતો એ સ્થિતિમા શિક્ષણ વિના બીજો ઉદ્ધાર નથી માની

અતુલ ત્રિપાઠી

રજાઓ !

કામ વખતે કામ અને આરામ વખતે આરામનું આપણું માનસ જ થઈ શકતું નથી કામનો ઢગલો હોય તો ય આપણી ફરજ આપણે બજાવી શકતા નથી આપણું માનસ જ આળસુ છે આ લેખમાં આપણા જાણીતા નિબંધકાર રજાઓ વિશે આબાદ રીતે આપણું માનસ રજૂ કરે છે

થોડા સમય પહેલાં સરકારે બુદ્ધપૂર્ણિમાની રજા આપેલી આ અંગે એક પત્રમાં નીચે મુજબ ચર્ચાપત્ર આવેલું

'સરકારી ખાતાઓની રજાઓની લાંબી યાદી ખૂબ લાંબી છે આજે તો રવિવાર સિવાયની રજાઓ વરસમાં લગભગ એક મહિના જેટલા દિવસો થઈ જાય છે આટલી બધી રજાઓ હોવી તે જરૂરી છે? પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્ય દિન, ગાંધી જયંતી અને દિવાળી જેવા દિવસો પુરતી ૪–૫ રજાઓ રાખી હોય તો તે પૂરતી ન થાય? આજના ધાર્મિક તહેવારોની રજાઓ બંધ થાય તો એથી કામના કલાકોની ઘણી બચત થશે ઉપરાંત વારંવાર આવતી રજાઓને પરિણામે લોકોને તાર–ટપાલની ઑફિસોએ કે સરકારી કચેરીઓમાં જે અગવડો વેઠવી પડે છે તેનો અંત આવશે

તમારી હક્ક રજાઓ ભોગવતા બાબુ'

ચર્ચાપત્રી

આ વાંચીને એક વાત યાદ આવે છે અમદાવાદના એક ગૃહસ્થનો ગુમાસ્તો પેઢીના કામ માટે મુંબઈ ગયેલો એના ગયા પછી રેલ્વે લાઈન તૂટી ગઈ એટલે એણે શેઠને તાર કર્યો 'વરસાદથી રેલ્વે લાઈન તૂટી છે એટલે પાંચ દિવસ સુધી અમદાવાદ પાછા નહિ ફરાય જવાબમાં શેઠે તાર કર્યો 'વાંધો નહીં, આજથી પાંચ દિવસ તમારી હક્ક રજાઓ ભોગવવા માંડો'

રજાઓ આપવામાં ખૂબ અનુદાર એવી કોઈ વ્યક્તિ આ ચર્ચાપત્રની લેખક હશે એમ લાગે છે બાકી હશે નહીં અને બિચારા સરકારી નોકરોની રજા ઉપર એણે કુદૃષ્ટિ શા માટે કરી?

ઊલટું સરકારી નોકરોની રજાઓ કાપવાનો નહીં પણ વધારવાનો સમય પાકી ચૂક્યો છે આપણા રાષ્ટ્રના અન્ય ક્ષેત્રોમાં, દા ત મિલ ઉદ્યોગમાં આઝાદી આવ્યા પછી મજૂરોને મળતી રજાઓની સંખ્યા વધી છે યુનિવર્સિટીની સંસ્થાઓમાં પણ વધુ રજાઓ સરકાર નિભાવી લે છે તો પછી સરકારી નોકરોનો શો વાંક? એ તો 'ઘરના છોકરા ઘંટી ચાટે, અને ઉપાધ્યાયને આટો' એવું થયું કહેવાય સરકારી નોકરોને તો સરકારે માનીતા ગણી બીજાઓ કરતાં પાંચ–પચ્ચીસ રજાઓ વધુ આપવી જોઈએ

સાચું પૂછો તો અત્યારે સરકાર જે છૂટથી આપી શકે એવી કોઈ વસ્તુ હોય તો તે એક જ છે રજાઓ! આપણા દેશમાં બીજા બધાની તંગી છે અનાજની તંગી છે, ચીજવસ્તુઓની અછત છે આ સંજોગોમાં કોઈ કદાચ સરકારી નોકરોના પગારો વધારવાનું કહે તો એ ન બને એ સંભવિત છે પણ રજાઓ?

સાસુનો રોષ વહોરીને એણે અભ્યાસ ચાલુ રાખ્યો પ્રતિમા મેટ્રિકની પરીક્ષાનો છેલ્લો પ્રશ્નપત્ર આપીને ઘેર આવી ત્યારે એને સમાચાર મળ્યા કે વિનાયક પૂના જઈ કોઈ એંગ્લો ઇન્ડિયન ખ્રિસ્તી છોકરી સાથે લગ્ન કર્યું છે!

પ્રતિમાને થયું કે સાસરે હવે ઓશિયાળું જીવન ગાળવાનો કોઈ અર્થ નથી ગામડામાં વિધવા માતા જ હતી પિતા બે વરસ ઉપર ગુજરી ગયા હતા ભાઈ હતો નહિ એમની એક દીકરીને દુઃખ આવ્યું તેનો માતાને આઘાત લાગ્યો, પરંતુ પ્રતિમાએ એને સાંત્વન આપ્યું બાપાના થોડા પૈસા હતા તે ભણવામાં વાપરવાનો નિશ્ચય કર્યો પ્રતિમા કૉલેજમાં દાખલ થઈ બી એ થઈ બી ટી થઈ!

આજે એ શિક્ષિકા છે

✻

એ ભાઈ ઉશ્કેરાયા હતા

ને થયુ હતું પણ ઉશ્કેરાય એવુ જ પૂછેનાં ખાનગી બસો ફરતી હતી તે આ ગામ થઈને જતી હતી તે સ્વાભાવિક રસ્તો પણ હતે પણ એસ ટી શરૂ થતા ગામથી માઈલ, દોઢ માઈલ દૂર થઈ ને બસ લેવરાવી ત્યાંથી સામેના ગામ જાય ને પછી ખોટી રીતે વળાક લઈ આ ગામથી જે ગામ રસ્તા સાથે સધાયુ છે ત્યા જાય જે ગામ રસ્તા પર આવે છે તેને ટાળે છે પોતા ગામ જવા માટે બિનજરૂરી લબાણ થાય છે અને ભાડુ પણ વધે છે આ ગામ મોટુ છે ત્યાં રોજ ઘણા બધા તાલુકે જતા આવતા હોય છે એ બધાને એક માઈલ દૂર આવીને બસની રાહ જોતા ઊભા રહેવાનુ તે કેવળ તત્રની વહીવટી ભૂલને કારણે!

આ લોકોનુ કહેવુ છે કે જે રસ્તો છે ત્યાથી પેતુ ગામ પણ નજીક છે અને રસ્તાથી સધાય છે તે રસ્તો છોડી તમે ખોટા વળાકમા બસ કેમ લ્યો છો? અરજી કરી ડેપ્યુટેશન મોકલ્યા, અમલદાર આવ્યા ત્યારે મારા જેવાને પણ વચ્ચે રાખ્યો ખુલાસાબધ વાત થઈ છતા હતા ત્યા ને ત્યા જ ગામની હાડમારી દૂર ન થઈ તે ન જ થઈ

ને તપાસ કરતાં માલુમ પડ્યુ કે વળાક લઈને બસ જાય છે એ ગામના એક ભાઈ એસ ટી ની કમિટિમા સલાહકાર તરીકે છે એમને રાજી રાખવા માટે આ ગામ હેરાનગતિ ભોગવી રહ્યું છે

આ બધી વાત કરી એ ભાઈએ કહ્યું

'સેવકરામ! હવે તો સત્યાગ્રહ સિવાય એકે ઉપાય નથી મે તો નક્કી કર્યું છે કે ગામના માણસો સાથે અમે તો રસ્તા વચ્ચે બેસી જવા માગીએ છીએ અમને ન્યાય આપો કે પછી અમારી પર થઈને એસ ટી દોડાવી જાઓ આ બાબતમા તમારુ માર્ગદર્શન લેવા આવ્યો છુ'

વહીવટી તત્ર સામે સત્યાગ્રહ કરવા વખત આવે એ આપણી સરકારની કેવી મોટી નાલેશી કહેવાય!

તત્ર ખટપટથી પર થાય અને ન્યાયી બને ઝડપી બને અને સગ્નાઈભર્યું બને એમ ઈચ્છીએ

*

બાજુના તાલુકામા એક શિબિર હતી ગ્રામસફાઈ શિબિર. નાના જ પ્રકારની શિબિર ગામડામા ગઈ છે ગામડામા પેશાબ માટે લોકો ગમે ત્યા બેસે છે છોકરાને પણ ગમે ત્યા હાજતે બેસાડે છે પછી પણ રોગચાળો ફેલાય થાય કોણ પૂછે છે! ઘરોમા નાવણિયા ન હોય બાથરૂમ ન હોય અરે ઘરમા સૂર્યનો પ્રકાશ ન આવતો હોય! ઢોર ને માણસ બધા ભેગા રહેતા હોય ચૂલાનો ધુમાડો ઘરમા ઘૂમ્યા કરતો હોય ઘર કાળુ થઈ ગયુ હોય ધુમાડો બહાર કેમ કાઢવો એની સૂઝ પડે ત્યારે ને!

ગામડાની રહેણીકરણી જુઓ ઘેરની બાંધણી જુઓ સ્વચ્છતા વિશેનો ખ્યાલ જુઓ ગામડા હતા ત્યા ને ત્યા દેખાશે ગામડાની કાયાપલટ કરવી હોય તો એની આ જૂની પુરાણી સગવડભરી રહેણીકરણી બદલવી જોઈએ જરૂરી સવલતો ઊભી કરવી જોઈએ ગામડાને સ્વચ્છતા માટે જાગૃત કરવા જોઈએ આ દષ્ટિબિંદુ લક્ષમા રાખી આ ગ્રામસફાઈ શિબિર યોજાઈ હતી

ગામડામા સફાઈની જરૂર છે એ વાત પર તો સૌ ભાર મૂકે છે પણ એ સફાઈને વૈજ્ઞાનિક દષ્ટિ અપાઈ નથી આ શિબિરમા એ વૈજ્ઞાનિક દષ્ટિ જોઈ ઘરમા નાવણિયુ કરે કે બાથરૂમ કરે તેનુ પાણી ક્યા જાય! એ માટે શોષખાડા કરે છે બાથરૂમનુ પાણી શોષખાડામાં જાય પાચ વર્ષ સુધી તો જોવુ ન પડે ભરાઈ જાય તો ખોલીને પછો ઠીક કરી શકાય કશુ જ ખર્ચ નહિ ત્રણ ફૂટ પહોળો અને એટલો જ ઊંડો ખાડો ખોદવાનો અદર ઝીણા ઢેફા કે નળિયાના ટુકડા નાખવાના તેના પર ખડાનુ કે કથીરનુ સળી ન જાય એવુ જાળુ નાખી કોથળો ઢાકવાનો પાછુ જાળુ મૂકી કોથળો ઢાકી મટી લદી દેવાથી પાણી અદર શોષાઈ જશે ગામડામા તો ઘેર ઘેર આવા શોષખાડા કરવા જોઈએ એ જ રીતે મૂતરડીઓ બનાવી શકાય કૂવાકાઠે પણ નીક કરી મોટા શોષખાડા કરી શકાય બાજરા, બાજ

કોને હાજતે જવાના ખાડા...આવું તો ઘણું બધું તૈયાર કરી શકાય.

તેમ નિર્ધુમ ચૂલા બનાવવાની રીત તો ઘેર ઘેર શીખવા જેવી છે. ચૂલાનો ચૂલો અને ઘરમાં ધુમાડો ન થાય. માટીનાં નળિયાંની લંગાર કરી ધુમાડો બહાર કાઢવાનો. સ્ત્રીઓને તો આશીર્વાદરૂપ બની રહે. બિચારી સ્ત્રીઓ ધુમાડાના ત્રાસમાંથી છૂટે. ધુમાડાથી તો કેટલાયની આંખો બગડી હશે. આ નિર્ધુમ ચૂલાનો પ્રચાર તો ખૂબ વ્યાપક રીતે કરવા જેવો છે.

જે ઘરોમા અંધારું રહેતું હતું ત્યાં છાપરા પર નળિયા ખસેડી કાચ મૂકી દીધા. અજવાળું આપે અને વરસાદના પાણીનો ભય નહિ. ગામડાનું પરિવર્તન કરવું હોય તો આ પ્રકારની સમજ, આવી વૈજ્ઞાનિક દૃષ્ટિ ગામડાને આપ્યા સિવાય ચાલવાનું નથી.

શિબિરમાં ગ્રામસેવકો આવ્યા હતા. સરકારે 'ગ્રામસેવક' નામ તો સૂચક અને રૂપાળું આપ્યું છે. પણ એ સેવકોને વળી સાહેબ થવું છે. એમને એમ થાય છે કે એમની પાસે તો તલાટી જેટલીયે સત્તા નથી. આ દેશમાં સત્તાનું સૌને ઘેલું લાગ્યું છે. સત્તાની ખુરશી સલામત રહે અને સેવકનો બિલ્લો મળતો હોય તો ઠીક છે. બાકી ખાલી સેવક કે ગ્રામસેવક શું થવું હતું! નાના માણસો આ અવગુણ મોટા પાસેથી જ શીખ્યાં છે.

પણ ગ્રામસેવકોએ આ લઘુતાગ્રંથિ કાઢી નાખવી જોઈએ. તેમણે તો એમ સમજવું જોઈએ કે સરકાર ઘર ચાલે એટલું વેતન આપે છે. એને યોગક્ષેમની ચિંતા કરવાની નથી. એને તો ગામડાની સેવા કરવાની છે. સેવા કરવાની તક મળી છે એ જ મોટી વાત છે. જો ગામડાંને સાચો ગ્રામસેવક મળે તો એ ગામડાંની કાયાપલટ કરી શકે. એ ઉત્સાહી હોય તો ગામડામાં સ્વચ્છતા આવે, આરોગ્ય વધે છે. નિર્ધુમ ચૂલા થાય, જાજરૂ થાય, મૂતરડીઓ થાય. તે થતાં ગામડામાં અજવાળું થઈ રહે. વર્ષો સુધી ગામડાં અજ્ઞાનતાના, ગંદકીના, વહેમના, અંધકારમાં રહ્યાં. હવે ગામડામાં અજવાળું કરવું જોઈએ...જ્ઞાનનું અને સંસ્કારનું આ કામ સૌએ, સૌ ગામના શિક્ષિતોએ અને ખાસ કરીને ગ્રામસેવકોએ તો કરવા જેવું છે. આ વાત મેં શિબિરમાં ભારપૂર્વક કહી. પણ સેવા ઊગે ત્યારે ને!

આ ગામડાંના લોકો એક રીતે ભલાંભોળાં છે તો પાછાં લુચ્ચા અને સ્વાર્થી પણ છે. ભોળાં એવાં કે એમના ઘરનીયે વાત આવી કરી જાય. ભોળા માણસોને પહોંચાય. સમજાવો તો એ વાતને સમજે અને એ પ્રમાણે કરે પણ ખરાં. પણ લુચ્ચાં લોકોથી તો હાથ જોડ્યા. એ લોક તો સ્વાર્થ ખાતર ગળું કાપતાં અચકાય જ નહિ.

ગામડામાં વર્ષોથી રહું છું અને ગામલોકોનું જ કામ કરું છું એટલે ભાતભાતના લોકોનો પરિચય થાય છે. પરિચય પણ વધતો જાય છે. એથી તો ભલાભોળાં માણસો મને પોતાનો ગણી તેમની મૂંઝવણ પણ કહી જાય છે. કેટલાક હૈયુ હળવું કરી જાય છે. તો કોઈક વ્યવહારિક કે સાંસારિક કામ માટે સલાહ લેવાયે આવે છે. લોકો મને તેમનો ગણે છે એ જ મોટી વાત છે. એથી તો કંટાળો ચાલ્યો જાય છે. થાક ઊતરી જાય છે. અલબત્ત, એ લોકો મારી બધી વાતો સ્વીકારે છે એવું પણ નથી. ક્યારેક તો હું કહું એથી ઊલટું વર્તન કરે છે. છતાંયે મને આ ભલાંભોળાં લોકો ગમે છે. કારણ કે એમને મેં 'મારાં' ગણ્યાં છે. ગામડાંને મારાં ગણ્યાં છે ને તેમણે મને તેમનો ગણ્યો છે.

એક સાંજના લીંબડાની છાયા નીચે શેતરંજી પાથરી હું કાંતતો હતો. ત્યાં એક ડોસા આવ્યા. થોડીવાર બેસી તેમણે મનમાં ઘોળાઈ રહી હતી તે વાત કાઢી.

'સેવકરામ! તમે મારા રામાને ના સમજાવો?'

'કેમ શું છે?'

'તમે તે દા'ડે ગામને ભેગું કરી વાત નહોતા કરતા કે ખેડૂતની સ્પેશીઅલ ઊપડે છે એમાં જવું જોઈએ. મનેયે થયું કે આવી સગવડ છે, સસ્તા દરે જાત્રા થાય છે તો જઈ આવું, ... તો એકસ્ટ્રોકલ ગ્યાં નીકળાય છે. પણ ગામ ... જાય છે. પાછી આ તો

આપણા જિલ્લાના ખેડૂતોની ગાડી એટલે ઠીક રહે જાત્રાયે થય અને દેશી જોવાય મી રામાને વાત કરી

'ભઈ! ગામમાથી પાચસાત જણા જાત્રા જવા તૈયાર થયા છે તું રજા આપે તો હું યે જઈ આવું જીવતે જીવ દેવદર્શન કરું અને મનખો જોતો આવું

પણ એ માનતો નથી એની વહુ રે દાતિયા કાઢે છે ઘડપણમા ઘરનો વહીવટ રામાને સોંપી દીધો ત્યારે મારે આવી ઓશિયાળ વેઠવા દાડો આવ્યો ને!

આ તો આખુ ગામ જાણે છે કે જમીન ભેગી કરી છે તો મી માગી મજૂરી કરીને કરી છે રામાને કાઈ જોર પડ્યુ નથી મારુ રળેલુ છે તોયે હું છું હવે જાત્રા ને જાત્રા છે ને છાનામાના માળા ફેરવો!'

'તમારા મરી ગયા પછી એ બારમુ કરશે ને!'

'બારમુ તો કરે જ ને! ના કરે તો તો સગાવહાલા ચૂંટી જ ખાય ને!'

'મરી ગયા પછી તમને તો એ પહોંચવાનુ નથી ને!'

ના આપણે ક્યા આપવા આવવાના છીએ '

'તો પછી રામો બારમુ ન કરે ને એ ખર્ચના પૈસા માથી તમારી જાત્રા કરાવે તો તમે હા પાડો કે નહિ?'

'સેવકરામ! તમારી એ વાત સાચી પણ ભઈશાબ મો જ ગામારાભર લોકોના લુદા ખાધા હોય તો મારે ખવરાવવુ તો પડે ને!'

'પણ મર્યા પછી તમને કોણ કહેવા આવવાનુ છે!'

'તેયે વગોવણી તો થાય ને!

'રામો શીરો કરવાને બદલે પરમાદુ કરે તો તો વગોવણી ન થય ને!'

'લોક તો ના બોલે પણ મારા જેવા ડોશિયાને તો એ ના ગમે ને! એમને તો એમ કે ડોહો મર્યો તોયે પાછળ છે કરાયે ના પામ્યો '

ડોસા જૂના જમાનાને પકડીને બેઠા હતા નવો વિચાર તેમના મનમા ઊતરતો નહોતો ખૂબ ખૂબ સમજાવ્યા પછી એમને ગળે એ વાત ઉતારી શક્યો કે મરણ પાછળ બારમુ કરવુ તે કરિવાજ છે જેની પહોંચ હોય તે લોકભલાઈના કામમા કે ધર્માદામા બે પૈસા ખર્ચે

ડોસા સમત થયા એટલે તેમના દીકરા રામજીને બોલાવી ડોસાને જાત્રામા મોકલવા હા પડાવી ડોસા પાછળ ગામના કામમા જે આપવુ હોય તે આપે પણ બારમુ ન કરે ખુ ડોસા જ ગામમાં કહેતા થયા કે 'મરણ પાછળનુ બારમુ કરવુ એના કરતાં જીવતે જીવ દેવદર્શન ના કરું ?'

ને ડોસા અને ગામના બીજા જાત્રાળુ જાત્રા નીકળ્યાં ત્યારે ગામે વાજતેગાજતે વિદાય આપી ત્યારે ડોસાના આનંદનો પાર નહોતો તેમનામા નવી સ્ફૂર્તિ આવી હોય તેમ તે ડગ પણ જોરથી ભરતા હતા

★

મોટા વિદ્વાન અને શાણા પુરુષો પણ શુકન અપશુકનમાં માનતા હોય છે અને હાથે કરીને ઉપાધિઓ વહોરી લે છે સિઝર જેવો મહાન સેનાપતિ અને સિસીરો જેવો મહાન વિદ્વાન પણ શુકન અપશુકનને આધીન રહીને વર્તતા સિસીરોને તો કાગડાઓના ડહાપણમા વિશ્વાસ મૂકીને જાન ગુમાવવો પડેલો જ્યારે એ એન્ટોની અને સિઝરના આગમનથી બચવા જહાજમા બેસીને નાસી છૂટ્યો ત્યારે એ જો શુકન અપશુકનમાં ન માનતો હોત તો બચી જાત પણ કેટલાક કાગડા એના જહાજની ઉપર થઈને ચક્કર ઊડવા લાગ્યા એણે આ બાબત અપશુકનભરી માની લીધી અને એ જહાજને પાછુ વાળી કિનારે પહોંચ્યો ત્યાં એ કોઈ આવ્યો કે તરત જ એનુ ખૂન થયુ કાગડાના ડહાપણમાં વિશ્વાસ મૂક્યા વગર જહાજમા આગળ ગયો હોત તો ઉગરી જાત

'ઊર્મિ-નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામા સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો અને ગ્રાહક નંબર અને આપનું પૂરું સરનામુ લખવુ ક્યારેય ભૂલશો નહિ

ભાલચંદ્ર પરીખ

પ્રકૃતિદર્શન

સીરોનની વસંતઋતુનું પ્રકૃતિવર્ણન કરતો આપણા જાણીતા પ્રાધ્યાપકનો આ પત્રાત્મક લેખ તેમની શબ્દસંકોજના, કવિત્વશક્તિ અને વિચાર દૃષ્ટિનો ખ્યાલ આપે છે. ટાગોર, ન્હાનાલાલ અને શેક્સ્પિયરના અચ્છા અભ્યાસુ હોવા ઉપરાંત લેખક પ્રકૃતિની ગોદમાં કેવી સરસ રીતે ખીલે છે તે તો આ લેખ વાચનારને જ સમજાય...

સમુદ્રની સપાટીથી છ હજાર ફીટની ઊંચાઈએ આવેલા નૈસર્ગિક સૌન્દર્યના ધામ ન્યુવરેલિયાથી રાત્રે સાત વાગે કડકડતી ઠંડીમા બેસી આ પત્ર લખી રહ્યો છુ.

ગઈ કાલે સવારે અમે કોલમ્બોથી કેન્ડી આવ્યા. સ્ટેશનની બહાર નીકળતાં જ જે દૃશ્ય અમારી સન્મુખ ઉપસ્થિત થયુ તેણે મને એટલો મુગ્ધ બનાવ્યો કે અહીં આવીને જ રહેવુ એવો હર્ષથી ઊભરાતા મારા હૃદયે નિશ્ચય કરી લીધો. પરંતુ તે સમયે તો તે જીવનની જરૂરિયાતોથી અલિપ્ત હતુ, મનાના તત્વજ્ઞાનથી અસ્પર્શ્ય હતુ; માત્ર પ્રકૃતિના આનન્દસ્રોતમા તે નિમગ્ન બન્યું હતુ.

હુ શું વર્ણન કરુ ? મારી પાસે શબ્દો નથી. આવા અદ્‌ભુત દૃશ્યનુ વર્ણન શબ્દથી વ્યક્ત કરવું શકય હશે કે કેમ તેય મને તો શંકાસ્પદ લાગે છે. શકય હશે તો ય આવા મહા ભવ્ય દર્શનની સુંદરતા એક આછા ચિત્રમા ઉતારી શકાય તે કરતાં વધુ જીવન્ત પ્રતિબિમ્બિત કરવી—મને તો અસંભવિત ભાસે છે. છતાં મારા હૃદયભાવોને વ્યક્ત કરવા એક આછું શબ્દ-ચિત્ર આલેખવા હું યથાશક્તિ પ્રયત્ન કરીશ

અત્યારે તો ન્યુવરેલિયાને આગળ ઉપર રાખી કેન્ડીની જ વાત કરીએ. યુરોપિયનો કેન્ડીને નન્દનવનની ઉપમા આપે છે, છતાં ન્યુવરેલિયાના ગિરિપ્રદેશ સમીપ તેનું સૌન્દર્ય ઊતરતુ લાગે છે. પરંતુ આ તુલના મૂકી દઈ, કેન્ડીનો સ્વપર્યાપ્ત વિચાર કરીએ તો ઉપર્નાન યથાર્થ જ લાગે છે પ્રકૃતિસામ્રાજ્યના એક સાહજિક વિકાસદર્શનથી તમને તેનો ખ્યાલ આવી શકશે. કેન્ડી જાણે હજી હમણા જ ખીલેલું ખાવગુલાબ: ન્યુવરેલિયા પૂરબહારમા વિકસતુ પૂર્ણવિકસિત ગુલાબ.

કેન્ડીના સમસ્ત પ્રદેશમા ગમે ત્યાં ઊભા રહી, એક જ વાર ચોપાસ દૃષ્ટિ ફેંકી આંખો બંધ કરો અને તમારા મન પ્રદેશમા ઉદ્‌ભવતી સૌન્દર્યસૃષ્ટિમા નિમગ્ન થતાં તમને લાગશે કે તમે પ્રકૃતિમાતાના કોઈ મોહામણા તરુમન્દિરમાં ઊભાં છો. ચારે તરફ દૃષ્ટિ પહોંચી શકે ત્યાં સુધી નિત્યવર્ષાની ભીનારો ચમકતા, હજાર–દોઢ હજાર ફીટની ઊંચાઈ સુધી પ્રસરતાં ગોળાકારમાં વીંટળાયેલાં, ગાઢ લીલુડાં, વસન્તના પ્રફુલ્લ વનો–ઉપવનો, અદ્રિશૃંગોને ભેટતાં, દૂર દૂર વાદળાંને સ્પર્શતાં પથરાઈ રહ્યા છે એ વનોની વિશાળતા અપ્રમેય છે; ગીચતા નિ શેષ અખંડિત છે. ક્યાં હશે એ અગણિત તરુઓના મૂળ ? ને શા સારુ ઉદ્‌ભવી હશે આ ભવ્ય વનરાજિ ?

ગામની ચારે બાજુએ અખંડ ગિરિમાલા વીંટાઈ રહી છે તેનો સમગ્ર વિસ્તાર વિધવિધ પ્રકારનાં ગીચ વૃક્ષોથી પૂર્ણપણે આચ્છાદિત છે. પરંતુ આશ્ચર્ય ! પહાડનો એક ટુકડો પણ આખા ગિરિપ્રદેશ પર ક્યાંય દૃષ્ટિગોચર થતો નથી, એટલી બધી ગીચ અને વિરાટ છે વૃક્ષરાજિ. દોઢેક હજાર ફીટની અભેદ્ય દિવાલ રચતો આ વર્તુલાકાર વનપટ એટલો નિબિડ, એટલો વિરાટ અને વિસ્તૃત છે કે માનવીની કલ્પનય તેને ગ્રહણ કરી શકે કે કેમ તે આ વાસ્તવદર્શન પૂર્વે મને અસંભવિત ભાસ્યુ હોત. નિજઋતુના નાટ્યપ્રયોગ માટે વસન્તે અનન્તકાળના શ્રમ પછી રચેલી ભવ્યતમ ઉપવનરાજિરૂપી રંગભૂમિની તે જાણે સૌંદર્ય-ગૅલેરી જ ન હોય શુ ! અને નિસર્ગલાવણ્યથી નીતરતુ કેન્ડી એ રંગભૂમિની મધ્યમાં રહેલી પ્રેક્ષકભૂમિ ન હોય જાણે !

આવા ગિરિવનોમાં થોડીક થોડીક ઊંચાઈએ નાના નાના રસ્તાઓ બનાવેલા છે રસ્તાઓ કૃત્રિમ નમૂનાના છતા તેમના વિધાતાની સૌંદર્યભાવનાએ પરિપૂર્ણ રચાયા હોઈ, સમસ્ત પ્રકૃતિની સાથે મળી

ગયેના જ લાગે છે અથવા તો પછી પ્રકૃતિની સાગર વિરાટ ભવ્યતામા આ બિન્દુસમ કૃત્રિમતા નિમજ્જ થઈ જતી હશે. ગમે તેમ હો પણ નૈસર્ગિકતા જરાય ખંડિત થતી હોય તેમ લાગતુ નથી રસ્તાઓ પર અંતરે અંતરે નની નાની કુટિરો પથરાયેલી છે, ને ત્યા નિસર્ગસૌન્દર્ય તેમ જ માનવીની કલાભાવનાનો મનોહર સંગમ સંપૂર્ણ થતો દૃષ્ટિગોચર થાય છે

આ વનપ્રદેશમા નાળિયેરી, ખજૂરી, તાડ, ફર, પાઈન, રબર પ્રમુખ વૃક્ષો અત્યંત વિપુલતા ધરાવે છે અર્ધો જેટલા પ્રદેશ પર નીના મખમલની જીવન્ત પ્રતિકૃતિશા ચાના બગીચાઓ પથરાયેલા છે ચા, રબર અને નાળિયેરી સીલોનની પ્રધાન સંપત્તિ છે

કેન્ડીના મકાનો મુંબઈના જેવા સાત સાત માળના અને ગીચોગીચ નથી સામાન્યત એક જ માળના હોય છે અને બે માળથી વધારે તો ભાગ્યે જ કોઈ ઘરનો આકાર કુટિર જેવો હોય છે દરેક ઘરની આસપાસ ઘર કરતાય વિશાળ બગીચો આવેલો હોય છે બગીચામાના ફૂલછોડ લતાઓ, તેમજ નાળિયેરી તાડ ખજૂરી આદિ વૃક્ષો એટલા બધા ગીચ પથરાયા હોય છે કે અંદરનુ ઘર તો તેમા વિલીન થઈ જતું ભાસે ટોચના પ્રદેશમા નાળિયેરી જેવા ઊંચા વૃક્ષોના વિશાળ પર્ણો લાંબા લાંબા ફેલાઈ ઘર પર લીલુડા ચંદરવા રચે છે સર્વતોમુખી ગીચતાને લઈ સૂર્યનો પ્રકાશ બહુ ઓછો પ્રવેશ કરી શકે છે અને ઉપર તેમ જ નીચેની પર્ણરાજિના અખૂટ જૂથોમા ગૃહકુટિરો તો છેક સંતાઈ જ જાય છે

સર્વત્ર પથરાયેલી આવી ઉદ્યાનરાજિ એક સળંગ ઉપવનનુ દૃશ્ય રજૂ કરે છે, જ્યા વૃક્ષરાજિ ગૃહો કરતા પ્રધાન સ્થાન ભોગવે છે મારી સમક્ષ તો તેના દર્શને શકુન્તલાના પ્રથમ અને ચતુર્થ અંકોમા આલેખાયેલ તપોવનનુ પ્રકૃતિદર્શન તાદૃશ્ય થય છે

પૃથ્વી પર પથરાયેલી આ તરુરાજિ ગિરિમાળા પર વિસ્તરતા વૈભવ કરતા કાંઈક ઓછી વિપુલ હશે છતા બન્ને વચ્ચે કશી ત્રુટિ નથી. આખુ દૃશ્ય એક અને અવિભાજ્ય રહે છે આરસ જેવા સ્વચ્છ અને વિશાળ રસ્તાઓ સિવાયની અખિલ પૃથ્વી હરિયાળી વનસ્પતિથી છવાયેલી છે છૂટી છૂટી ગૃહકુટિરો અને રસ્તાઓ હરિયાળી અને બગીચાઓની લીલાશમા લીન બને છે વનસ્પતિ, ઘરો, બગીચાઓ, રસ્તાઓ—પૃથ્વી પરનુ સમગ્ર પર્વતમાળા પર પથરાયેલા વનોની સામ્રાજ્ઞી લીલાશમા એકરૂપ બને છે

કેન્ડીથી પાચ માઈલ દૂર એક મહાઉદ્યાન આવેલુ છે અહા! શુ તેનુ સૌન્દર્ય! એનુ બાહ્યસ્વરૂપ અનિવાર્ય અલ્પ કૃત્રિમતા ધરતુ છતા કલાભાવનાએ સ્પર્શ ટોઈ નિસર્ગની અંતરંગ ભાવના સાથે તે અદ્ભુત તાદાત્મ્ય સાધે છે અલૌકિક છે એની તરુવિપુલતા અમાપ છે એનો ભવ્ય વિસ્તાર! વસુધરાના નન્દનવન સમા આ ઉપવનમા ઠેર ઠેર ઊડતા ફુવારાઓ, શીતળ છાયા પ્રસારતા લતામંડપો, મનોરમ્ય પુષ્પગૃહો, ગાઢ કુંજ નિકુંજો ઊંચે માથા પર શ્રીવિતાન રચતા તરુમંડપ પંથો, પર્ણકુટિરો અને અદ્રિદર ઉપર ઊંડા તા કલકલ વહેતા ઝરણા અનેરી શોભા અર્પે, કેન્ડીના વસન્તવનમા સામ્રાજ્ઞીશી વિલસતી પ્રકૃતિદેવીની આ સિંહાસનવાટિકાને સંપૂર્ણતાની પરિસીમાએ અધિષ્ઠિત કરે છે આ ઉપવનને ત્રણે બાજુએ વીંટતી સરિતા સામ્રાજ્ઞી મહાવેલી તેની અધિષ્ઠાત્રી દેવીશી, ઉદ્યાન દ્વીપરૂપ રચતી આ પરમ મગન પ્રકૃતિ મંદિરે સૌંદર્યનો અંતિમ ઓપ આપતી સુહાગી રહે છે

કેન્ડીના બજાર ની એક બાજુએ, એક ગિરિખીણ ની તળેટીમા અખંડ વૃક્ષાવલિથી વીંટાયેલુ એક બાંધેલુ સરોવર આવેલુ છે તેના નીલ સલીલપટ પર કિનારાની તરુરાજિનુ જીવન્ત ચિત્ર વાયુલહરીએ બનાવેલુ પ્રકાશ અને છાયામા રમતુ છતા પૂર્ણ એકતા સાધતુ, પ્રતિબિમ્બિત થઈ સદાય વિરાજી રહે છે પાસે આવેલી એક ટેકરી પર વેરાપાર્ક નામક એક નાની છતા સુંદર વાટિકા આવેલી છે વાટિકાનુ પોતાનુ સૌંદર્ય વસ્તુત બહુ નથી પરતુ ત્યાથી નીચે પથરાયેલુ સરોવર અને તેને તીર ઝૂકી રહેલી સઘન વૃક્ષાવલિ

પુષ્કર ચંદરવાકર

શિકારબહાદુર

રહસ્યકથા, કૌતુકકથા કે ભ્રતકથા કોઈ પણ નામ આપી શકાય એવી આ એક અદ્ભુત વાર્તા છે. તેનાં ભણનાર પણ વસ્તુને આબાદ રીતે બહેલાવે એવા આપણા ખ્યાતનામ પ્રાધ્યાપક-સાહિત્યકાર છે. દરેકને વાંચવી ગમે તેવી નિતાંતસુંદર આ વાર્તા છે એ તો વાચીને જ જણાય ને !......

આ વિસ્તારમાં પહેલી જ વાર મારી બદલી થઈ. અલબેલા અરવલ્લીના અને નિરંતર લીલા કુંજાર સાતપુડાનાં જંગલોમાં મેં મારી નોકરીનાં વીસ વર્ષ વીતાવ્યાં હતાં. પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતના એકીકરણ પછી મને આ જંગલોમાં જંગલખાતાના અધિકારી તરીકે (Forest officer) રાષ્ટ્રિય સરકારે બદલ્યો.

મારા માટે આ ભોમ નવી હતી, માનવી નવા હતા, જંગલ પણ સાવ અજાણ્યું હતું. તેથી અજાણ્યાં હતાં જંગલનાં વૃક્ષો. આ ભોમકાના માણસોથી સાવ અજ્ઞાત હતો, તેથી મિત્રોએ મારી બદલી થઈ ત્યારે, મને ચેતતા રહેવા માટે સલાહ આપી 'ભાઈ, આ તો પાઘડીવાળાઓનો મુલક. પાઘડીમાં આંટા તેટલા...'

'પણ કદીયે માનવી ક્યાં સીધો દેખ્યો છે! સર્વ સ્થળે તો સ્વાર્થસાધુઓ એક જ સરખા!' મેં સામે ઉત્તર આપ્યો, 'સરખા ઢાળના જ!'

'પણ ત્યારે એક વાત માનશો ?'

'શી ?'

'હમણાં મહિનોમાસ તમે એકલા જ...'

મેં માથું ડોલાવ્યું અને આ વાત ગળે ઉતારવા જેવી લાગી. સાવ પારકી ભોમ, ભલે, સંસ્કારતંતુએ સંધાયેલા હોઈએ. પણ પારકા પરદેશમાં કુટુંબ લઈને જતાં, અજાણ્યા સ્થળે વસતાં કબૂતરોનાં ટોળાં જેમ વસાય તો નહીં જ.

મેં મનશું વિચાર્યું . 'ગોનગઢ વ્યારાનાં જંગલો... જાણે જાણીતા બની ગયા, પાવનાં પાણી...મચ્છરનો ઉપદ્રવ ..પણ આ જંગલ...બાળકોના અભ્યાસનો પ્રશ્ન પણ નાનોસૂનો નથી ..હાયસ્કૂલમાં એકાદ વર્ષ પછી મોટું બાળક...તેથી હમણાં તો એકલા જ રહેવું.' આથી 'ચાર્જ' લેવા માટે હું એકલો જ ગયો. સ્ટેશનથી

તથા ચોપાસ પ્રસરતો ગિરિવનપ્રદેશ જે ઓર અલૌકિક સૌંદર્યમાં વિલસતાં દષ્ટિમાન થાય છે, તેને લઈ તે વાટિકાએ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે...

સુરમ્ય પ્રભાત હતું. નિશાને પુષ્ટિ આપતી ગાઢ ધુમસ હજુ હમણાં જ ઓછી થઈ હતી. નિસ્યંદનોના જલબિન્દુએ ઉષાના સામ્રાજ્યમાં પ્રાણ પૂર્યો હતો. ચારે બાજુ ગિરિમાળા પર વિસ્તરતાં વનો—ઉપવનો મારી ચોમેર વીંટળાયેલી પર્ણરાજિ, સરોવરતીરે ઝૂકી રહેલી વૃક્ષાવલિ, પૃથ્વી પર વેરાયેલી ગૃહકુટિરો, તેમને આચ્છાદતા બગીચાઓ—સર્વ કાંઈ વર્ષાની ભીનાશે ચમકતાં હતાં. રસનીતર્યું વાતાવરણ આનંદે વિલસતું હતું. ઊંચે માથા પર જલધર વ્યોમપ્રવાસ કરી રહ્યાં હતાં. અખિલ સૃષ્ટિ નવચેતન અને ઉલ્લાસે ઊભરાતી. એકએક વાદળાંના તિમિરાવરણને ભેદીને ભાસ્કરદેવ પ્રગટ્યા. તેમના તેજવર્તુલમાંથી ફૂટતાં દિવ્ય ભર્ગ પૃથ્વીને અજવાળી રહ્યાં. તરુરાજિની ભીની તેજસ્વિની લીલાશ સુવર્ણપ્રકાશે ઝળહળી રહી. પર્ણઘટામાં બાલકિરણોએ નૃત્ય આદર્યું. ભૂમિનો કણેકણ તેજસ્વરૂપ બની ચમકી રહ્યો. અદ્રિશૃંગોને ભેટતાં પયોધર એ સોનેરી પ્રકાશના વિદ્યુતસ્પર્શે, અગ્નિશાં, ભભૂકી ઊઠ્યા. વિશ્વ સમસ્ત શબવત્ વાતાવરણમાં ઉષ્મા પ્રેરતા સ્નેહરશ્મિના જીવન્ત તેજે ઝળકી રહ્યું.

અને નિસ્તબ્ધ વાતાવરણમાં, ઉપર વ્યોમવિહાર કરતાં વર્ષાજલદનીચે, અને ગગનચુંબી ગિરિશિખરો પર્યંત વિસ્તરતા અખંડ તરુપટે રચ્યા વર્તુલખંડની મધ્યમાં, ગાઢ વૃક્ષાવલિથી વીંટાયેલા, નીલમમાળાની મધ્યમાં લટકતા શનિશા મોહામણા, સરોવરના નીલવારી પર તે સમયે એક નૌકા જલવિહાર કરી રહી હતી.

*

નવરચના

ઊતરીને ઘોડા પર એસીને લાંબો પંથ કાપવાનો હતો. સ્ટેશન પર મને લેવા માટે ઘોડુ લઈને જંગલ-ચોકિયાત આવ્યો હતો. તે માણસ ચપળ, આવડતવાળો ને ચતુર. તેથી તે દોડતાં ઘોડાંની લગોલગ રહ્યા કરે. ને એમ કરતાં અમે જંગલની કિનારની સરહદમાં આવી ગયા.

ખાખરો ખીલ્યો હતો. તેણે કર્ણફૂલશાં શણગાર સજ્યાં હતા. અને જાણે પગે ઝાંઝર બાંધીને જંગલને તેના વર્તને મુગ્ધ કરવા મથતો હોય તેમ તેના સૂકાં પાંદડા રણકના, ત્યારે ભ્રમ પેદા થતો.

મારો ઘોડો કેડી પર હતો તેની ચાલ પણ નિશ્ચિત હતી અને જંગલ-ચોકિયાત તે ચાલનો જાણકાર હોય તેવું લાગ્યુ. કેમકે તેને પણ ઘોડા જોડે ચાલવામા કોઈ વિશેષ શ્રમ પડતો હોય તેવુ ન દેખાયું. મેં અત્યાર સુધી મૌન સેવ્યું હતુ કેમકે હું તલ્લીન હતો વનશ્રીનુ પાન કરવામા મેં વનશ્રી જોઈને તૃપ્તિ અનુભવી. પછી તેને પૂછ્યુ 'તમે કેટલાં વર્ષથી આ ખાતામા . ?'

'સાહેબ, બડા નવાબસાહેબના દિનથી જંગલખાતામાં જ. શિકારના રસિયા નવાબસાહેબ ભારે. આ ફે'ટો ઈમણે આલેલો.' બોલી તેણે મને લીરા ઊતરેલ જરિયાની ફે ટો બતાવ્યો 'અમે સૌ શિકારે નીકળ્યા 'તા ચિત્તાના. ને મે અડધી રાતે હાંકતાં ચિત્તાને વતાડ્યો, મને જાનવરોની ઓળખ ભારે! આખી રાત તેને બખમાંથી સળીવા ખસવા નો દીધો, ને ત્યારે ગોરા સાહેબે મને શાબાસી આપી ને બડા નવાબસાહેબે આ ફે'ટો !'

'બરાબર. ત્યારે તમે કેવડા હશો ?'

'સા'બ મૂછનો દોરો ફૂટું ફૂટું થતો હતો.'

'ત્યા...રે જૂની તાલીમ લાગે છે.'

'ઈસિબખાં પાસેથી. તેના જેવો શિકારી આ જંગલમાં હતો પણ નહીં. ને બડો ગોરો હાકેમ શિકારે આવે, ત્યારે નવાબસાહેબ તેને જ...ન્યાલ કરી નાખે! સાવજ લઈ આવે, ચિત્તો ઝડપી આપે ..જાનવરના પગલે...પગલે ફરી વળે!'

'તમારા ઉસ્તાદ એ, એમ કે ?'

'હા, સાહેબ! ત્યારનો આ જ જંગલમાં.'

'સમજ્યો. હવે તો તમે રિટાયર થાવ એમ છો'

'ના સાહેબ, બધા જ સાહેબને હું ખપનો છું નવાબસાહેબને...પછી નાના બાપુ ..! ત્યાર કે તમારા રાજ તપવા માંડ્યા છે. ચાકરને શું? બધાને સલામ ભરે!'

'ઠીક છે.'

'તારે જે સા'બ. રોટલાનો કટકો મળી રે' ને !', મને મનમા થયું કે ખરો હોશિયાર માનવી છે!

'સા'બ, શિકારબંગલો પણ...'

'પણ હવે શિકારબંગલામા..'

'શિકાર બંગલામાં સાહેબ, હવે ..હવે . જંગલખાતાની ઓફિસ અને અમલદારુ ને રહેવાનું હોય!'

'એટલે અમલદારો જંગલમાં જ રહે છે.'

'હા, સાહેબ, રહેવું હોય ઈ. બાકી રહેવામાં શું. તમારી મહેરબાનીએ મારા ઘરવાળાં, છૈયા છોકરાં! સધાય નાના બાપુના બંગલામાં જ... ! ઓરડીઓ ઉતારી છે ઈમાં !'

'નાના બાપુ કોણ ?' ખળખળ વહેતાં એક ઝરણાએ મારી કર્ણેન્દ્રિયને વધુ સતેજ બનાવી. ચોકિયાતે ઘોડાની રેણ પકડીને જરાક વધુ કાળજી લેતો ઘોડાને ટપાવતો હાંકતાં હાંકતાં કહ્યું. 'સાહેબબહાદુર, નવાબ સલામતના દીલાત વીસ એકવીસના. પણ ભારે ગુલાબી ખરું લોહી એમના બદનમાં તે કોઈ મોડી રાતે ઝનાનાને લઈ ને અહીં આવી ચડે. આ શિકારનગેલાની વપરાશ તેમણે જ વધારી દીધી'

'સમજ્યો.'

'ના સાહેબ, બેઅદબી માફ કરજે.'

આ વાક્ય સાંભળી હું ચમક્યો

'બેઅદબી એ છે કે હજુર, કે હજુ બંગલાની કથા જ મે માંડી નથી. મોરનાં પીછાંનાં જેવી લીલા રંગની નાનકડી વાદળી કાચવાળી ગાડી ઘણી વખતે નાના

બાપુ વાપરતા. એના કાચ ચડાવેલા હોય, તેથી અમે માની જ લેતા કે કોઈક ઝનાનાનું...'

'નાના બાપુની શાદી ..'

'જી હજુર, તેમને જોટે બીબીઓ મળી હતી. રાજની આવક દૂઝતાં આ ઝરણાં જેવી...તે તેમને શી ખોટ હોય? હજુર, તમે બંગલો જોશો, ત્યારે તેમના ઠાઠનો ખ્યાલ ..એકેકો મિલોરી આરસ બંગલામાં...બીજો માળ...ત્યાંની બેઠક...અગાસીમાં ઠેઠ હેઠેથી વેલો ચડાવી છે ફળિયામાં વેલોના મંડપો ..અને આ બધું ઝનાનાની મરજાદા જાળવવા...'

'પણ જંગલમાં ઝનાનાની મરજાદા...સમજાતુ નથી.'

'સાહેબ, એ જ ખૂબી છે ને!'

'ભાઈ, તું પણ તારા બંગલા જેટલો, નાના બાપુ જેટલો રહસ્યમયી લાગે છે.'

'અને હજુર, એક સાંજે લીલી ગાડી આવીને ઊભી બંગલાના ફળિયામાં. નાના બાપુ જરાક થાકેલા અને ચિંતાતુર લાગ્યા. અને આવેલા પણ વગર વાવડે. તેથી બંગલામાં ખાસ કોઈ તૈયારી પણ ન હતી.'

'સાથમાં બીબીજીઓ.....?'

'બીજી કોક!' તેણે સાવ ડંડે કલેજે કહ્યું.

'એટલે?'

'ચાર કરવા સુધીની છૂટ ને! તેથી આવી બીજી એની ગોત્યમાં રહેવાની તેમને આદત પડી ગઈ હતી.'

'તો બંગલામાં સાથે લઈને આવતા તે...'

'અમે તો તેમના ખાસ માણસો હતા, તેથી તેમની વાત પેટના સાતમા પાતાળમાં દાટી દઈએ...'

'વફાદારી.'

'હં.'

જંગલની ગીચતા શરૂ થઈ. નિબીડતા પણ ખરી સૂર્યના તેજ અને તેજ-કિરણો માર્ગમાં ઘટવા લાગ્યા હતાં. ચોકિયાતે ઘોડાની રેણુ હાથમાં જ રાખી, તે ઝડપે ચાલતો, તે જ ગતિએ ઘોડો પણ ચાલવા લાગ્યો આમ ઝાઝો પંથ ન હતો, પણ જંગલની કરાળતા વધી હતી. ચોકિયાતની કથા જેમ જમતી પણ વિશેષ અને વિશેષ ઘેરું અને કરાળ બનતા પામ્યું. રાની પશુઓમાંથી માર્ગમાં વરુઓ બે ત્રણ વખત અમને આંતરીને ગયા. અમારો ઘોડો થોડો ભડક્યો. મારા ખભા પરના પટ્ટામાં રિવોલ્વર હતી હું જરા ટટ્ટાર બન્યો. ચોકિયાતે ખોંખારો ખાધો અને તેણે વાતને આગળ ખેંચવા માંડી. 'આ જંગલમાં તો આ જ પગના પાણી ઊતર્યા છે. નાના બાપુના કાજે શિકારે ખૂબ આવેલા. ઓળખ મને જનાવરોની ભારે!'

'હોય જ ને!'

'ને તારે જ નાના બાપુના જમણા હાથ જેવો થઈ ગયો હતો ને!' ત્યાં કરાળ ત્રાડ સંભળાણી. 'સાહેબ બહાદુર, ન ધડકતો. એય આપણો ઓળખીતો હશે કાં તો આ ત્રાડ જોગિયાની.'

'જોગિયો?' મેં પ્રશ્ન કર્યો

'જોગિયો સાવજ. મેં ઈને ધરવ્યો છે! સાહેબ, તમે નહીં માનો! માનવી...'

'માનવી?'

'હા, માનવી હવે તો શું થાય. પુરાવા નથી રહ્યા. સાક્ષીઓ પણ નથી, પણ તે સાંજે નાના બાપુ મોટરમાં પૂનમની રાતના આભની પરી લાવ્યા 'તા. રૂપાળી બદન, કમળનાં પોયણાં જેવું મોં...મરઘાનેણી નાર! ઢાકાના રેશમનો ગળામાં દુપટ્ટો. પંજાબી પોશાક અને...અને...આંખના બાણે ભલભલાને વીંધી નાખે.'

'તારા નાના બાપુ વીંધાઈ ને...'

'પહેલા તેઓ વીંધાણા અને પછી તે છૂરી નાના બાપુની ઓળીએ...'

'શું કહ્યું?'

'સાહેબબહાદુર, જૂઠું બોલવાની આદત નથી કેળવી.'

'ખરેખર?'

'નામદાર, એક ભવમાં બે ભવ કરવા હોય એ જૂઠું બોલે!'

‘પણ તને ક્યાથી ખબર પડી કે એ બાઈ ગોળીથી ’
‘અમે સૌ રસોડામા રસોઈ પકવાના કામમાં નાના બાપુને ભરેલો મત્યો વદાનો તે હુ મરઘાને માફ કરજો આપની લાગણી દુભશે પણ હજૂર, હુ આ ખજાનાનો ત્યારે માત્ર ચોકિયાત ન હતો, ખીર કોન્સ્ટેબલ જ ન હતો, પણ નાના બાપુનો બબરચી અને સારા ખોરાક કામનો સ ચીન પણ ખરો જનમથી જ શિકારી તો છુ જ
મને મનમા થયુ કે આ ચોકિયાત ઓનકલ્લો વધુ પડતો લાગે છે તેથી વાતને મનાવી મનાવીને મૂકી રહ્યો લાગે છે બાકી આ ઘરનીના માનવીઓને વાત કહેવાની પણ ફાવટ વધુ સારી તેથી તેમ તો નહી હોય’
‘ સમજ્યો
‘ને સાહેબબહાદુર, આની કોર ફેગફગતા ગરમ પાણીમા મરઘાને બોળ્યો તેણે ચીસ દીધી ને બીજા માળ માથેથી પિસ્તોલ ફૂટ્યાનો ધડાકો થયો ’
‘ ખરેખર ?
‘ સાહેબ, વાતને લાબી કરે મને શો લાભ ? અને તેય વળી તમારી પાસે ? પછી તો અમે સૌ ચૂપચાપ અમારુ કામ મે રસોઈ માડી, નીચે! પણ ત્યા બીજા મજલાની બારી ઊઘડી, મારા નામની બૂમ પડી અને હુ રસોડાની ઓરડીમાથી બહાર આવ્યો, તો નાના બાપુએ તાળી પાડી ઇશારો કરી મને ઉપર બોલાવ્યો ’
‘ શા માટે ?’
‘ સાહેબબહાદુર વાતમા ભલે રસ પડ્યો ? કહુ જ છુ ને! હુ ઉપર ગયો, ત્યા દાદરના જ ખડમા નાના બાપુ ઊભા હતા તેમણે મને કહ્યું ‘શિકારબહાદુર!’ નાનાસાહેબ મને પ્રેમમા કે દુખમા તે જ નામે બોલાવતા મે નાનાસાહેબને સલામ કરી, ઝૂકી ઝૂકીને કહ્યુ ‘હજુર, ફરમાવો નાચીઝ ગુલામ આપની ખીદમતમા હાજર છે ’ તેમણે મારા ખભા પર હાથ મૂક્યો ને કહ્યુ ‘શિકારબહાદુર, તુ મારો ભાઈ છે જો બાજુના ઓરડામા જા ત્યા શુ છે, તે દેખી લે!
હુ બાજુના ઓરડામા ગયો તો પલગ પર ડેરા ચેન, ચગદાયેલ, છૂટા વાળે ફાટી આખે પેલી નમણી નાર એનો રહ ખૂન પાકના દરબારમા! મારી છાતીથી હાયકારો અને પડ્યો કરુ છુ ત્યા નાના બાપુએ આવી મને ધીરા સાદે કહ્યુ ‘પેલા સાપ અને જોગિયાને શિકારનો શિકાર થવા એ સરજાઈ હતી તેને તુ મારી લીલી મોટર તારી ખિદમતમા!
‘મે માથુ ધુણાવ્યુ મારી વફાદારી એવી છે! પણ ત્યા જનમની નજરે મારી સામે નજર નાખીને નાના બાપુએ કહ્યુ ‘શિકારબહાદુર, આપણે બે જ જાણીએ કે જોગિયાને શિકાર ધર્યો છે તારે કોઈને ના નહી જ! લે આ ’ બોલી નાના બાપુએ મને આ કોટ ’ બોની તેણે મને તેણે પહેરેલો ગરમ કોટ આપ્યો અત્યારે તેની અવસ્થા જર્જરિત હતી
‘સાહેબ બહાદુર, હવે આપણો બગલો છે આ આવ્યો, પેલી ડુંગરી વટાવીએ કે બગલો!’
‘હ પછી તુ ’
‘મારી વફાદારીને ન કોઈ પહોચે એક પેલી ઢોળી મખમલની ગાદી પથરી તેમા તે નાગને તેના ગાદલા સાથે નાના બાપુ અને મે જઈ પેલી નદી દેખાય ત્યા જોગિયાનો વસ છે ત્યા જ ’
‘ પણ કોઈને તેની ખબર
‘ જોગિયો તેનુ લશ્કર લઈ ને તૂટી પડ્યો નક્કી થઈ ગઈ!’
‘અને પછી ?’
‘બગલામા આવ્યા નાના બાપુએ મરઘે સાપ પો સાથે બાટલાઓ અને નીચના ખડમાં સઈ રહ્યા અને સાહેબ, તે દિવસથી નાના બાપુ ઉપના માળ પર ખાવાનુ, રહેવાનુ છાડી ગયા!’
‘કેમ ?’
‘પેલી હુરી ખુન્નસભરી હતી ડાકણ થઈને નાના બાપુનુ ખૂન પી જાય.’
‘ પણ તુ તેમા માને છે?’
‘સાહેબ, ન માનુ તો શુ કરુ ? પેલ વળગ્યુ છે,

નહી તો બગલાની નોકરી છોડી દઉ સાહેબ, હવે નાના બાપુ નથી તે તમને વાત તમે મારા સાહેબ નથી, બાપ જેવા છો ત્યારે જ !' અને ત્યા ઘોડાની ચાલ ઝડપી બની તરત જ શિકારબહાદુર બોલ્યો 'દેખી ફેરી તેઓ બગલા આ ગયા ! કોઈ વાર છુરી મારી છાતી પર બેસે છે સાહેબ, પણ હુ શિકારબહાદુર છુ '

તે મારી આગળ ગયો બગલાને તેણે ખબર આપી મૌ નોકરો બગલાના વિશાળ મધ્ય ખંડમા ભેગા થયા મને શિકારબહાદુરે જ બાથરૂમ બતાવ્યો હુ બગનાના ખંડો ઊંચાઈ, વિશાળતા, આરસની કોતરણી જોઈને પ્રભાવિત થઈ ગયો તેનુ સ્થાપત્ય મધ્યકાલીન રાજપૂત બાંધણીનુ તો ખરુ પણ થોડુ ગોથીક મિશ્રણ તેમાય

હુ તૈયાર થઈને મધ્યમા પાછો આવ્યો મારે મિ બાગબાન પાસેથી ચાર્જ લેવાનો હતો તેઓ આજે જ ઘોડા પર અહીથી નીકળી જવાના હતા અહી અત્યારે એકના જ હતા તેમણે મને જોઈને કાગળો હાથમા ધરતા કહ્યુ 'મિ ગોર, સહી કરો કૃપા કરીને ત્રણ ને નીમે નીકળવુ જ જોઈએ તો જ હુ રાતની ગાડીમા જઈ શકીશ '

'સમજ્યો !' ત્યા શિકારબહાદુર મરમઘતીચ લઈ આવ્યો તેની સાથે ખારી બિસ્કીટ

મે હાથમા કાગળો લીધા વાચતો ગયો અને સહીઓ કરી ત્યારે ઈશારો કરી બાગબાને ચાનો પ્યાલો હાથમા લઈને કહ્યુ 'તમારે એકલા રહેવુ પડશે કુદરત કવિતા વેરતી અહી પડી છે, પણ મુશ્કેલીઓ અનેક છે પ્રભુ તમારા માર્ગમાથી તે સર્વને દૂર કરો '

'આભાર, તમારી મારા પ્રત્યેની સદ્‌વૃત્તિઓ માટે ' મે આભારના ભારે જરા માથુ નીચુ નમાવ્યુ બાગબાને ચા પીવી શરૂ કરી અને નેતરની ખુરશીમા જરાક ઝૂલતા મને કહ્યુ 'આ જગા મુશ્કેલીઓને સરજનારી છે મિ ગોર !'

'મુશ્કેલીઓ ?'

'હા, સૂવાનુ નીચે ગખશો રાત્રે ઉપર ન જતા ' એટલી તેમણે ચાનો પ્યાલો પતાવ્યો ગજવામાથી સિગારેટનુ પાકીટ કાઢી મારી સામે ધર્યુ મે હસીને ઉત્તર આપ્યો 'થેંક યુ માફ કરજો હુ નથી ટેવાયેલો !'

'તો હુ આપની રજા લઈશ આપનુ જમવાનુ તૈયાર કરાવ્યુ છે નોકરો મીઠા, કામગરા આજ્ઞાંકિત અને ભોળા છે તમને ફાવી જશે પણ કદી બને ન લાવતા આ ભવ્ય મહેલ જેવો બંગલો મુશ્કેલીઓ જન્માવે છે તેનાથી ચેતતા રહેજો આવજો ફરીને પ્રભુને પ્રાર્થના કરુ છુ કે તમારા માર્ગમા એમાનુ કોઈ ન આવજો '

તમે સુખરૂપ સ્ટેશન પહોચજો, એવી મારી પ્રભુ પ્રાર્થના ' શિકારબહાદુરે બીજો ઘોડો તૈયાર રાખ્યો હતો, તેના પર મિ બાગબાન સ્વાર થયા અને તેમણે આ જગલની વિદાય લીધી આ મહેલશા બગલાની વિદાય લીધી મે તેમને વિદાય આપી, અને બહાર આવીને ક્યા સુધી હુ તેમને નિરખતો ઊભો રહ્યો ત્યારે શિકારબહાદુરે આવીને મને વિવેકપૂર્વક કહ્યુ 'હજુર, આપનુ ખાણુ તૈયાર છે ડાઈનીંગ રૂમમા ટેબલ પર '

'ચાલો !' શિકારબહાદુર પાછળ હુ મધ્યખંડ વટાવીને ડાઈનીંગ હોલમા ગયો આખુ ટેબલ આરસનુ હતુ વિક્ટોરિયન યુગનુ ફરનિચર, સોનેરી ફ્રેમમા મઢેલ ચાર ચિત્રો દિવાલ પર ટિંગાતા હતા મારા માટે સ્વાદિષ્ટ શાકાહારી વાનગીઓ હતી તે અતિ સ્વચ્છ વાસણમા મને પીરસવામા આવી હુ શિકારબહાદુરની વ્યવસ્થા પર ખુશખુશાલ હતો ને વિવેકથી અદબ બીડીને તેને હુ ન જોઈ શકુ તેમ ઊભો હતો અને જેવી થાળીમા વાનગી પૂરી ન થાય તે પહેલા આવીને પીરસી જતો મને મનમા થયુ, શી આવડત છે ! ક્યા તાલીમ લીધી હશે ? મે જમતા જમતા શિકારબહાદુરને બૂમ પાડી 'શિકાર બહાદુર મારે કાઈ ન જોઈએ ' ખરેખર, સ્વાદિષ્ટ રસોઈ જમાડી

તેણે માથું ઝૂકાવ્યું અને આભારની લાગણી વ્યક્ત કરી.

હું બાથરૂમમાં ગયો, હાથ ધોઈને પાછો આવ્યો, ત્યારે તેણે તરત જ મારી સામે મુખવાસનો તાસક ધર્યો અને તેમાંથી થોડો લેતાં મેં કહ્યું: 'શિકાર બહાદુર આખો બંગલો જોયો છે!'

'જી હજૂર!'

તેણે તેના હાથમાં ચાવીનો ઝૂડો લીધો. તે આગળ ચાલ્યો, હું પાછળ.

નીચે એણે મને બધા ખંડો બતાવ્યા. પછી અમે ઉપર ગયા અને ખૂણાનો ખંડ બતાવીને કહ્યું: 'હજૂર! અહીં જ પેલી હુરી...' તેણે વાતને અધૂરી છોડી દીધી. હું આખી વાત સમજી ગયો તેથી કહ્યું: 'આ જ પલંગ?'

'જી હજૂર! તે માટે જ બાગવાનસાહેબે જતાં જતાં આપને બીજે રહેવા માટે કહ્યું. કદી કદી તે આવી મને પજવી જાય છે. મારી છાતી પર કોઈ રાતે જાણે સામેના ડુંગરની બધી જ શિલાઓ લાવીને ખડકી હોય તેવું વજન લાગે છે. તે ભીંસે મારી છાતી ભીંસાય. મોંમાંથી પણ કદીક ચીસ પાડી દેવાય છે એમ બાગવાનસાહેબ મને આજે તે ખૂન સમજાવે છે.'

સમજ્યો.

'અને કોઈવાર આ ખંડમાં આવીને તે ઝઝૂમવા લાગે છે.'

'ખરેખર?'

ત્યારે જ બાગવાનસાહેબે તેમના કુટુંબને તેમની ત્રણ વર્ષની નોકરીમાં અહીં કદીય ન બોલાવ્યું ને! અને તેઓ કદીય રાતે ઉપર આવતા પણ નહીં!'

'ખરે જ કપરી છે આ જગા!' મોંમાંથી બોલાઈ જવાયું. ત્યારે શિકારબહાદુરે નીચી નજર નાખી. અમે બંને નીચે આવ્યા.

પછી તો હું મારા કામમાં દટાઈ ગયો. જૂની ફાઈલો જોવા માંડી. આ જંગલોનાં ક્યાં ક્યાં રક્ષિત વૃક્ષો છે તેની નામાવલિ, પ્રાણીઓ અને પંખીઓ વિશે પણ માહિતી એકઠી કરવા માંડી. શિકારીઓ અહીં આવે છે, તેનો શિકાર કરી જાય છે. પશુઓ ક્યાં હકો વગર પરવાનાએ કાપી જાય છે અને તેમને રોકવામાં આવે છે ત્યારે તેઓ કેવા ઝનૂની બની શકે છે તે બધું ફાઈલોમાંથી જ વાંચવા લાગ્યો. પણ હું થાકીને હેઠો ત્યારે મારા બંગલાની પાછળના બાગના વરંડામાં ટેકચેર મુકાવીને બેસી રહું. નીલ ઘેરા ગગનની સામે નજર રાખીને તેને પૂછ્યા કરું: 'અનુ ગમ્ય ગગન પર શી ઈશ્વરી ગતિ છે! સોનાની થાળીમાં લોહીનાં રેખા! શું પૂર્ણ નહીં?'

અને ... વિશાળ ચોગાનથી આંગણા પર દૃષ્ટિ કરતો ... બનાવેલ એકો—આ તો શિકાર ... છે, મધુમાલતીના મંડપો ટગરની ક્યારીઓ બધુંય નિરખ્યા કરતો અને મનમાં કાયમ આ જ પ્રશ્ન પૂછતો ... ત્યાં જ અશાંતિ! શા કારણ ... આ બંગલાના ચણાવનારે તેને ખાતર ... હશે? અહીંની એક વ્યક્તિની લોહીતરસે આ આખી ઈમારતને શાપિત બનાવી? એક નમણી નારીના આત્માએ અહીં વાસ કર્યો. મને આ ઈમારતના પ્રત્યે હવે તો મમત્વ પણ પ્રગટ્યું હતું.

અને આંતરે આંતરે શિકારબહાદુર મને અતિ નમ્ર બનીને વિવેકથી તે જ પુરાણી વાત કરતો. શિકારબહાદુરે નીચેના જ ખંડમાં મારો પલંગ બિછાવવો શરૂ કર્યો હતો. તેની સામે મેં કશીય સૂગ ન બતાવી. અમારું ... સારી રીતે ગોઠવાયું હતું. પણ આ ભવ્ય ઈમારત આખી સારી હોય તેવું લાગ્યું. શા ઉપાય? મને મારા નાનપણના કિસ્સા યાદ આવ્યા. મારા દાદીએ મને ગામડીનો મન મોહે ... કરેલો. તેનામાં અનેક શક્તિઓ છે એમ સમજાવ્યું હતું. અને મોસાળમાં ગયો ત્યારે મામાએ ગામ ... તેડી તેમાં બેસાડીને મને હનુમાનના સાગરની જાત્રા કરાવેલી. ત્યાંના મહારાજે ભૂતપ્રેતને મંત્રબળે નસાડી દેતા તે પણ મને આજે યાદ આવ્યું. માથે સાથે ત્યારે જ મને લત લાગેલી કે ભૂતપ્રેતની સામે

થવા માટે હનુમાન-ચાળીશાનો મંત્ર પણ ખપમાં લાગે તેથી તે મંત્ર પણ ભણીશ કરેલો

હમણાં હમણાં ગાયત્રી મંત્રો અને હનુમાનચાળીશાનો જાપ શરૂ કર્યો હતો. આ બને મંત્રોની કસોટીની તક હજુ સુધીમાં મને એક પણ મળી ન હતી. મને આથી મનમાં થયું કે આ બધા મંત્રોમાં પણ શી તાકાત છે તે પારખવાની પણ આખરી તક મળી છે! જો હુરીના પ્રેતાત્માની મુક્તિ થશે તો તેમાં ત્રિવિધ મુક્તિ છે ભવ્ય આલીશાન આ ઈમારતની મુક્તિ, મારા કુટુંબની અને મારી પણ..

અને આથી મે મંત્રના જાપને શરૂ કર્યા પછી પંદરેક દિવસે શિકારબહાદુરને કહ્યું 'શિકારબહાદુર, ગુગળ મંગાવજે અને ઉપરના બધા ખંડો સાફસૂફ. કદાચ હું ઉપર સૂવાનું.'

'જી હજૂર, જેવી આપની મરજી!' તે માત્ર આટલું જ બોલ્યો, અને આખા દિવસમાં બે ત્રણ વખત લાંબો વાંસડો લઈ તેના છેડે સાવરણો બાંધીને ઉપર જઈ જાળા પાડવા લાગ્યો. તેમાં ક્યારેક ક્યારેક તે મધુર કંઠે ગીતપંક્તિઓ લલકારતો, અને વચ્ચે વચ્ચે દોહરા

બાઈ! અમને બાની વઢી, નદીએ ભરતાં નીર,
એક વચનને કારણે, રોપાણાં શરીર.

શો કહું? કરુણરસનો પટ દીધેલ હું નીચે બેઠો બેઠો આગળની વાતનું સ્મરણ કરવા લાગ્યો, ત્યાં તેણે બીજો દોહો ઉપાડ્યો

ધર પર અરિયલ ક્યો ગગનાંબર બાધવ ગળે,
પવને નવ પેખેન, માકલ જળ માલેવ નહિ.

મને તો શિકારબહાદુરના આ સર્વ દોહાઓ પણ અતિ રહસ્યમય, મર્માળા અને ભેદભરવાળા ભાસ્યા

તેણે કામ પૂરું કર્યું. તે રાત રમ્ય, મનોહર અને જ્યોત્સ્નાથીપી હતી. હું હાથમાં રુદ્રાક્ષની માળા લઈને બંગલાના પોર્ચ-પ્રવેશદ્વાર આગળના ભાગમાં આરામખુરશી નાખીને બેઠો. મે શિકારબહાદુરને બૂમ પાડી. તે તેજ અદાએ માથું ઝૂકાવી મારી સામે આવી ઊભો 'જો શિકારબહાદુર, નીચેના બધા ખંડો વગેરે બધું બંધ..'

'બરાબર, હજુર!'

'તો તું તારી ઓરડીએ.'

'જી હજુર, આપ તો નીચે.'

'આજે જ. આવતી કાલથી ઉપર'

'બરાબર હજુર પણ જોખમ!'

'શિકારબહાદુર, શિકારમાં કાંઈ ઓછું જોખમ છે?'

'બરાબર હજુર, પણ એ તો મનની મોજ માટે ને!'

'તો ઉપર હું સૂવા જાઉં છું તે પણ મનની મોજ માટે જાતની પરીક્ષા કરવા માટે'

'બરાબર હજુર!' તેણે શિર ઝૂકાવ્યું અને નમીને તે ચાલ્યો ગયો

હું ચંદ્રની સામે મીટ માંડીને બેઠો હતો. સમય સારો થયો અને ચાંદનીનીતરતી રાત મીઠી લાગી. તેની હળવી હળી કવિતા પ્રગટાવી જતી. વૃક્ષોનું ચાંદનીસ્નાનનું દૃશ્ય અતિ કાવ્યમય ભાસતું, ત્યાં શિકારબહાદુર બંગલામાં ઘૂમતો હોય તેવું મને લાગ્યું ને તેથી મે ખોંખારીને બૂમ પાડી 'કોણ?'

જવાબ ન મળ્યો. આથી મે મારા હાથમાંની ચાર સેલની બૅટરીનો પ્રકાશ ફેંક્યો. ત્યાં શિકારબહાદુર પ્રકાશમાં થયેલી શિર ઝૂકાવી અદબ વાળી મારી સામે ઊભો.

'શિકારબહાદુર, કેમ મોડી રાતે?'

'હજુર, તમે અમારી મૂડી છો. તમારી ભાળ રાખવા!'

'શું નિમકહલાલ માનવી છો!' બોલી હું ખુરશી માંથી ઊભો થઈ શયનખંડમાં જઈને પલંગ પર આડો પડ્યો. મારી જીભ પર ત્યારે હનુમાન ચાળીશાના મંત્રો હતા. મારું મન પેલા મૃતાત્મામાં ભરાયું. એની શા કાજે આવી દશા આ બંગલાના નબીરાએ કરી હશે? અતૃપ્ત આત્મા, કોનો?

હું આ બધું વિચારતો મારી પથારીમાં પાસાં ઘસી રહ્યો હતો. નીંદર ચાલી ગઈ હતી. મારા ચિત્તમાંથી

સુહામણી નારીની અવદશા થઈ તેનું દુખ જરાય ઓસર્તું ન હતું ઉલટાનું તે વધુ ને વધુ ઘેરો રંગ પકડતું હતું ત્યાં મારા કાન પર કોઈના નૂપુરની ઝણઝણનો નાદ આવ્યો હું જરાક વધુ સ્વસ્થ બન્યો સુહામણી નારીની સ્મૃતિઓ આપોઆપ અદૃશ્ય થઈ હું મારા પલંગમાંથી બેઠો થયો પેલો અવાજ ક્યાંથી આવે છે તે પામવા, તેની સાથે અનુસંધાન મેળવવા મેં જાગૃત પ્રયત્ન કર્યો, તો મને સમજાયું કે ઉપરના માળ પરથી જ અવાજ આવે છે મેં હનુમાન ચાલીસાના મંત્રો શરૂ કર્યા થોડો થડકાર હૈયે શરૂ થયો, વધ્યો અને મનમાં થયું 'શું પેલી મોટીની નગ્ન નાર તો શું? પણ તેનો પ્રેતાત્મા!' એવું બોલતાં જરાક પરસેવો શરીરે બાઝી ગયો પણ ગાયત્રીનો મંત્ર બોલી હું અડવા પગે હાથમાં બેટરી લઈને દાદર ચડવા ગયો ત્યાં તો તે અવાજે પરિવર્તન લીધું અને જાણે કોઈ નચવા ન મળ્યું હોય! સાથે જાણે ઢોલનો નાદ ન આવતો હોય!

મેં મનને મજબૂત બનાવ્યું મિનીપગે હું દાદર ચડ્યો, બારી વાટે મેં આ કમાના રમખાણ ચાલતે જોયો તેનું તેજ બારીવાટે બગલાના અંદરના ભાગમાં ડોકિયાં કરી રહ્યું હતું મેં મારી જાતને તે ચક્રના તેજમાં મોઢેજ સરખી રે ઝગમગ ન દીધી અને હું ઉપર પહોંચ્યો પેલો ધ્વનિ અવિરતપણે ચાલુ જ હતો

હું ઉપર ગયો તો દાદરના છેડે મેં જોડા જોયા તે જોડા જ છે તેની ખાત્રી કરવા મેં નમીને હાથથી સ્પર્શ કર્યો અને હથિયાર તરીકે કદાચ ખપમાં લાગે તેમ માની મેં હાથમાં લીધા ત્યાં અવાજ કાન માંડ્યા તો મારા શયનખંડ ઉપરના ખંડમાંથી અવાજ આવતો લાગ્યો તે ખંડના બારણા આગળ હું ચૂપકીથી ગયો ચંદ્ર એ ખંડને ચાંદનીએ લીંપતો હતો અને એ ચંદ્રમાં મેં શું જોયું? નૃત્ય નમણી સોહામણી કોઈની કોઈ નારતુ નહીં, ને તેથી મેં મારી ટોર્ચનો પ્રકાશ તેના ઉપર ફેંક્યો ને તેને પકડાર ફેંક્યો

'કોણ? શિકારબહાદુર? પગે ઝાંઝર બાંધી તું નાચે છે? થભી જા નહીં તો મારા મંત્રના પ્રતાપે તને ત્યાં ને ત્યાં જડી દઉં છું'

નાચનાર થભી ગયો મેં ડોળા ફાડીને થોડીવાર તેની સામે ફરી નજરે જોયા કર્યું પછી પ્રશ્ન કર્યો 'શિકારબહાદુર, તું નાચે છે કે પેલી ડુંગી? શાના માટે આ બધો નાગરભ? જૂઠું બોલ્યો તો મારા મંત્રના પ્રતાપે તને અહીં જ પથ્થરની મૂર્તિ બનાવી જડી દઈશ તારાથી એક તસુ પણ નહીં ચસાય!' બોલી મેં જોરથી શિકારબહાદુર સાંભળે તેમ હનુમાન ચાલીસા પઢવા માંડ્યા તે સાંભળી શિકારબહાદુર કરગરી પડ્યો 'જી હજુર, તમે બચાવો ઉગારો! તમે જ તારણહાર છો! આપના એ મંત્રો બંધ કરો હું સાચું જ કહી દઈશ!'

'નીચે ચાલ!'

પાણેનું ગતુડિયું પૂંછડી પગપગાવતું ચાલે તેમ શિકારબહાદુર મારી આગળ થયો અને મારા શયનખંડમાં આવી ઊભો હું શિકારબહાદુરના પરાક્રમનો ઈશારો પામી ગયો હતો હું પલંગ પર બેઠો શિકારબહાદુર ધ્રૂજતો હતો, જાણે તેના શરીરમાં કોઈ પ્રેતે પ્રવેશ ન કર્યો હોય! તેણે હાથ જોડ્યા, નજર ભોંય પર નાખી અને બોલ્યો 'સાહેબબહાદુર, જે કુછ મેં આપને કહ્યું, તે બધું જ જૂઠું છે!'

'જૂઠું!'

'હા, હજુર! અમલદારોના કુટુંબની ચાકરી ન કરવી પડે માટે આ વાર્તા મેં જ સરજી હતી જી હજુર નાચીજ ચાકરને કાં તો તમે મારો કાં તો ઉગારો આપ રહમદીલ છો'

હું ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો 'શિકારબહાદુર મિ. બાગમાનની પ્રાર્થનાઓ પ્રભુએ સાંભળી તારી મુક્તિ કરાવી!'

તે નતમસ્તકે હાથ જોડી આંખો મીંચીને મારી સામે લાચાર બનીને ઊભો રહ્યો

★

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ

પ્રકૃતિની સુધરાઈ સમું ગીધ

કુદરતમાં દરેકનો કંઈક ને કંઈક ઉપયોગ હોય છે. પ્રકૃતિની સુધરાઈ તરીકે ગીધ કુટુંબનો પરિચય આપણને જાણીતા પક્ષીવિશારદ અહીં તેમની અભ્યાસુ કલમથી આપે છે......

કુદરતે પ્રકૃતિમાં જે સૃષ્ટિ રચી છે તેનો કાંઈ ને કાંઈ ઉપયોગ છે. અને પંખીસૃષ્ટિમાં ગીધ કુટુંબને માનવસેવા માટે ખાસ પેદા કર્યું હોય એમ જણાય છે. સામાન્ય રીતે ગીધ કુટુંબનો આહાર મરેલાં ઢોરનું માંસ અને ગામડાં આસપાસ થતી ગંદકીને ખાવાનું છે. એ રીતે જંગલ અને સીમ ઉપરાંત ગામડાંની હવા ચોખ્ખી રાખવા માટે તેઓ સદા તત્પર રહે છે.

ગીધ કુટુંબ સવારના બહુ વહેલું પોતાનો રાતનો બશીરો છોડી ઊડતું નથી. એ તો સૂર્યનારાયણ બરાબર તપવા લાગે પછી જ પોતાના ઊંચા અડ્ડા ઉપરથી પડતું મૂકી હવામાં પોતાની પાંખો ધમીને સરવા લાગે છે. અને સામે પવને ઊડી ગોળ મંડળમાં અથવા તો વળવાળા ગેડા મારી ગગનમાં ઘૂમવા લાગે છે. ગીધ કુટુંબ હવાના પ્રવાહનો પોતાને ઊંચે લઈ જવા માટે ઘણો ઉપયોગ કરે છે. તેમાં નીચેના ગરમ પ્રવાહ પકડીને તે ઊંચે જાય છે તેમાં કોઈ વખત ઉપરના પ્રવાહમાં સપડાઈ જાય તો નીચે આવી જાય છે. અમુક ઊંચાઈએ ચડ્યા પછી તેઓને પોતાની પાંખો વારે વારે ધમવી પડતી નથી. પણ સુંદર રીતે ગગનમાં ગેડા મારે છે. કેટલીક વખત તો ગીધ એટલી બધી ઊંચાઈએ ચડે છે કે નરી આંખે માત્ર કાળાં તલકાં દેખાય. આટલી ઊંચાઈએથી તેઓ પૃથ્વી ઉપર ફેંકેલાં ઢોરના મુડદાને બરાબર જોઈ એટલી ઊંચાઈએથી સડેડાટ કરતાં નીચે આવવા લાગે છે અને જોતજોતામાં તો જે ઠેકાણે એક પંખી દેખાતું ન હતું ત્યાં ગીધડાંની મોટી જમાત ભેગી થઈ જાય છે. અને મરેલું ઢોર કોહવાય તે પહેલાં તેનાં માંસને પોતાની મજબૂત અને છેડે જરા વળેલી ચાંચથી તોડી તોડીને પેટમાં નાખવા લાગે છે. ગીધ અકરાંતીયું છે એ તો સૌ જાણે છે. એટલે દરેક ગીધ વધારે ને વધારે કેમ ખાઈ લેવું તેની જ તજવીજમાં રહે છે. આ મંડળમાં જે ગીધ પેટમાંથી આંતરડાંવાળો મોટો કટકો લઈ બહાર મોં કાઢે કે બીજે તેની પાસેથી પડાવી લેવા ખેંચતાણ કરે છે. અને તે વખતે ખીખીઆટા કરે છે. આ રીતે બહુ જ થોડા વખતમાં મોટા ઢોરને તેના હાડપીંજર સિવાયની તમામ વસ્તુઓ ખાઈ જઈ ને હવા બગડતી અટકાવે છે. આમાં તેઓ હડ્ડીનો પણ સમાવેશ કરે છે. પછી પોતાનું પેટ ભરીને જ્યારે તેઓ ઊડવા માટે તજવીજ કરે છે ત્યારે તે જ્યાં બેઠું હોય ત્યાંથી સીધું ઊડી શકતું નથી પણ પાંખો ધમીને થોડું દોડવું પડે છે. આ રીતે દોડી પાંખમાં હવા ભરાય એટલે તેઓ જમીનથી અદ્ધર ઊંચકાઈ જાય છે. જો ગીધે ખૂબ ખાઈ લીધું હોય તે તો લાંબા વખત સુધી તે જગ્યાએથી ઊડી પણ શકતું નથી અને કદાચ રાતવાસો પણ તે જ સ્થળે કરતાં જોવામાં આવ્યાં છે અને બીજાં પણ નજીકના વૃક્ષ કે ઊંચી જગ્યાએ જ જઈને બેસે છે. ગીધ કુટુંબ માંસાહારી ખરું પણ પોતાની મેળે શિકાર કરી તે માંસ ભક્ષણ કરતું નથી પણ મુડદાલ ઢોરનું માંસ ખાઈ મોટી માનવસેવા કરે છે. કારણ કે કેટલાંક રોગીષ્ટ ઢોરને માણસો ઉપયોગમાં લેતા નથી અથવા તો તેનું ચામડું પણ ઉપયોગમાં આવતું નથી. એવાં ઢોરને હવાનો બગાડ થાય તે પહેલાં ગીધ વગેસગે કરી નાખે છે. જે કામ તેઓ મનુષ્ય કરતાં પણ વધારે ઝડપથી કરતાં હોય તો નવાઈ નહિ. આ ગીધ કુટુંબના કેટલાં સભ્યો આપણે ત્યાં જણાય છે અને તેનો આહાર કેવો છે, તે ક્યાંથી આવે છે વગેરે જોઈએ.

રાજગીધ

રાજગીધનું કદ અને પીછાન ઘણા થોડાને નહિ હોય. એનું કદ પુંછડીવિહોણા મોરને મળતું આવે છે. તેનો રંગ કાળો અને ધોળો હોય છે પણ માથું અને પગ રાતા રંગના હોય છે. આ પાકેલા ટમેટા જેવા માથા

અને આ મહિનાના દસ દિવસનો બાકી છે...આવશે. ક્યાં જવાનો હશે?...પણ ક્યારે?'

બારણું ખખડ્યું. દેવીબહેનની વિચારમાળા અટકી. ''રામો જ આવ્યો હશે, છો આવતો. હું એને બોલાવવાની જ નથી' એ ખુરશી પરથી ઊભાં ન થયાં.

ટપાલી ટપાલ નાખીને ચાલતો થયો.

દેવીબહેને ઊભાં થઈ ટપાલ લીધી રામાનો કાગળ હતો. 'હું મારા ગામ જાઉં છું. હમણાં પાછો આવીશ નહિ. તમે બીજો માણસ રાખી લેજો અને મારો પગાર મનીઓર્ડરથી મોકલી આપજો.'

રામાના પાછા આવવાની દેવીબહેનના મનમાંની રહી-સહી આશા પણ ઓસરી ગઈ. એમની પાંપણે પાણી આવ્યાં.

બાબો ઊઠ્યો આજે એને નિશાળે મોકલવા માટે તૈયાર કરવાનું કામ પણ દેવીબહેનના માથે જ આવી પડ્યું હતું. સવારે એની દૂધની બાટલી તો એના પપ્પાએ ધોઈ આપી હતી એટલે બાટલી તૈયાર હતી. દેવીબહેને બાબાને ધોડિયાની બહાર કાઢ્યો એણે કપડું બગાડ્યું હતું. એમણે એ કપડું વગર ધોયે બહાર ફેંકી દીધું અને બાબાને સાફ કર્યો. બધું જ એમને એકલે હાથે કરવું પડ્યું.

બપોરની ચા પણ એમને જ બનાવવી પડી

સાંજની રસોઈ શામાં કરવી એના વિચારમાં એમણે ઘરમાં ચારે બાજુ નજર ફેરવી. કોઈ ચોખ્ખાં વાસણ દેખાયાં નહિ.'

કોઈએ બારણું ખખડાવ્યું. આ વખતે તો દેવીબહેન ઊઠ્યાં અને બહાર ગયાં. બહાર એક નોકર જેવો માણસ ઊભો હતો.

'બહેન તમારે નોકર જોઈએ છે?' એણે પૂછ્યું.

દેવીબહેનના મોઢા પર આનંદ છવાયો. એમણે હર્ષભેર હા પાડી

'શું પગાર આપશો?'

'કોણ રહેવાનું છે? તું?'

'હા શું પગાર આપશો?'

'તું હાલ કોઈ ઠેકાણે કામ કરે છે?'

આવનારે નકારમાં ડોકું ધુણાવ્યું.

'ત્યાં શું પગાર આપે છે?'

'વીસ રૂપિયા.'

'અને લૂગડાં અને ખાવાનું?'

'હા.'

'પણ મારે ત્યાં તો બે જ જણનું કામ છે'

'વીસ હોય તો આવું'

'ત્યાંથી કેમ નીકળવું છે?'

'એમનો જૂનો માણસ આવી ગયો છે એટલે મને છૂટો કરે છે.'

'તારું નામ શું?'

'છોટુ.'

'કામ બધું આવડે છે?'

'હા.'

'જો, બધી વાતની ચોખવટ સારી. બધું કામ કરવું પડશે પાછળથી એમ નહિ કહેવાનું કે આ મારું કામ નહિ. જે કામ બતાવીએ તે કરવાનું.'

'સારું.'

'અત્યારે જ છૂટો છું?'

'ના. કાલ સવારથી આવીશ.'

'અત્યારે જ આવી જા ને? મારે ત્યાં ગઈકાલનું કામ પડી રહ્યું છે. આજના પૈસા જુદા આપીશ.'

'આજે તો નહિ અવાય કાલ સવારે વહેલો આવીશ ત્યારે રહેલું બધું જ કામ પૂરું કરી નાખીશ.'

દેવીબહેન કબૂલ થયાં. નોકર આવવાનો છે એ જાણતાં એમનામાં ચેતન આવ્યું. એમણે બધાં વાસણ ધોઈ નાખ્યાં

પણ આજે રસોઈ શેમાં બનાવવી? 'ચાલો આજ સાંજની છુટ્ટી છે ને?' એમ વિચાર કરી એમણે બહાર જવાનાં કપડાં પહેર્યાં. બાબાનાં પણ બદલાવ્યાં, પતિદેવને પડોશમાંથી ટેલિફોનથી અમુક રેસ્ટોરાંમાં બરોબર આવવાનું કહી એક બેનપણીને ત્યાં એ ગયાં...

દેવીબહેનનું આખું નામ અભંગાદેવી હતું. એ એના પિયરમાં સૌથી નાનું બાળક હતું. એનાથી મોટા એને ત્રણ ભાઈ હતા. સૌથી નાના ભાઈ અને દેવી વચ્ચે ત્રણ-ચાર વર્ષનું અન્તર હતું. એ જન્મી ત્યારે એના બાપ ગુજરી ગયા હતા એટલે એનાં માન બહુ હતાં. ઘરમાં બીજું નાનું બાળક નહોતું, બાપ નહોતા અને એકની એક જ દીકરી હતી. એટલે સૌ કોઈ, એને લાડકોડમાં રાખતાં. અને મોટી થઈ એટલે એને ખોટું ન લાગે એમ વર્તતાં.

માને મન એ એનું મોંઘું રતન હતું. દેવીને બધી વાતની સગવડ મળે. એને માટે સારું સારું ખાવાનું અને કપડાં આવે. ભણવાનું એને માથે ફરજિયાત નહોતું. પરીક્ષા માથે આવી હોય તો પણ એ ન વાંચે તો એને કોઈ ટોકનાર નહોતું અને ભણવાનું છોડી દે તો એને કોઈ વરનાર નહોતું. રાત્રે વહેલી સૂઈ સવારે મોડી ઊઠનાર છોકરીને કોઈ કશું કહેતું નહિ. ઘરકામ કરવાનો કોઈ એને આગ્રહ કરતું નહિ, અને એ પોતાની મેળે કાંઈ કરવા જાય તો મા તુરત કહે 'તું રહેવા દે. હું કરી નાખીશ '

દેવીને જ્યાં સુધી કોઈ ભાભી આવી નહોતી ત્યાંસુધી તો ઠીક ચાલ્યું, પરંતુ ભાભી આવ્યા પછી પરિસ્થિતિ બદલાઈ. ભાભી વસ્તારી કુટુમ્બમાં ઉછરેલી હતી દેવીને એનાં માબાપને ઘેર લડાવવામાં આવતાં હતાં એવાં લાડ ભાભીને પિયરમાં મળ્યાં નહોતાં. ઘરમાં રહીએ તો સૌએ પોતાથી બને એ બધું જ કામ કરવું જોઈએ અને ઘરનું કામ બધું પોતાનું જ કહેવાય એમ એનાં માબાપે એને શીખવ્યું હતું અને એ મુજબ એને ઉછેરી હતી. એટલે ભાભીથી દેવીનું ઘરકામ તરફનું વલણ સમજાયું નહિ અને કોઈ કોઈ વખત ભાભી-નણંદ ટકરાતાં પણ ખરાં.

આવા પ્રસંગે દેવીની મા હમેશ દેવીનો પક્ષ લે.

'બા, હું તો કામ કરવા ટેવાયેલી છું. કામ કરવાથી હું કાંઈ ઘસાઈ જવાની નથી. પણ બહેન જો કાંઈ નહિ શીખે અને કરે તો એમને પાછળથી વસમું પડશે.' ભાભીએ એક દિવસ ધીરે રહીને સાસુને કહ્યું:

'કરશે એ તો માથે પડશે-એટલે!'

'હા. પણ શીખ્યાં હશે તો કરશે ને? આખો દિવસ ચોપડીઓ વાંચે કે ફરવા જાય કે સિનેમામાં જાય તેથી કાંઈ શીખાશે નહિ.'

'ઘણાય દહાડા કરવાના છે, અત્યારથી શું ઉતાવળ છે?'

'એ પારકા ઘેર જશે.' ત્યાં એમને નહિ આવડે તો વાંક આપણો નીકળશે. કહેશે કે એનાં પિયરિયાંએ કાંઈ શીખવ્યું જ નથી?']

માએ કાંઈ જવાબ દીધો નહિ. પણ વાત દેવીના કાને પહોંચી. નણંદને, ભાભી, દુશ્મન જેવી લાગી.

દેવી માટે વરની તપાસ ચાલતી હતી. એક પછી એક મુરતિયા એને બતાવવામાં આવતા પણ દેવીને મન એકે વસતો નહિ. એ પોતે બહુ ભણેલી નહોતી, પણ એને ભણેલો જોઈએ: પણ એનાં કરતાયે એને ત્યાં મોટર-ગાડી, બંગલો અને નોકર છે કે નહિ એની એ પહેલાં પૂછપરછ કરતી. જેને ત્યા એ ન હોય તેને ત્યાં 'મને નહિ ફાવે ' એમ સીધે સીધું એ ન કહે પણ બીજાં અનેક બહાના કાઢે.

છેવટે એક ઘર એને પસંદ પડ્યું. ત્યાં પૈસો હતો, છોકરો ભણેલો હતો, દેખાવડો હતો અને તંદુરસ્ત હતો. એ મનીયો છે, ધાર્યું કરનાર અને કરાવનાર છે, તરંગી છે, એવું કહેનારને દેવી સામો જવાબ આપતી નહિ પણ 'એ તો હું ઠેકાણે લાવીશ' એમ મનમાં ગાંઠ વાળતી.

લગ્ન થયાં. દેવીના વરને બહારગામ નોકરીએ જવાનું થયું. ઘર પૈસે ટકે સુખી હતું છતા દેવીના વરે પોતાને મળતા પગાર પર જ આધર રાખી ઘર ચલાવવાનું નક્કી કર્યું. દેવીને આ કઠ્યું; પગાર એટલો નહોતો કે પોતાનું સ્વતંત્ર મકાન હોઈ શકે અગર મોટા મકાનનું ભાડું ભરી શકાય. વરે તો નોકર રાખવાની પણ ના પડી.

'પણ તો પછી કામ કોણ કરશે?' દેવી અકળાઈને બોલી.

'કોણ તે વળી તું અને હું—બન્ને કરીશું '

'પણ મેં તો કોઈ દિવસ કામ કર્યું નથી, મારાથી આ કચરા ન કઢાય અને વાસણ ન મંજાય અને કપડાં ન ધોવાય '

'ખરી એ તો બધું તું જો તો ખરી જો, આપણે ભાગ પાડીએ એક ખંડ તારે વાળવો, બીજો હું વાળીશ મારા કપડા હું ધોઈશ, તારા તું ધોજે મારા વાસણ હું માંજીશ, તારાં તું માંજજે '

' પણ આ તપેલીઓ કોણ માંજશે ? '

'હું તો તેરે મંજાવું પણ પછી મારે નોકરીએ જવાનું મોડું થાય. અને મોડું થાય તો પછી નોકરીએ કોણ રાખે ?'

દેવીના માથે દુ ખનો ડુંગર તૂટી પડ્યો વરને દયા આવી

'સારું વાસણ માંજનાર છૂટક માણસ રાખી લઈશું '

દેવીને થોડી રાહત લાગી પણ સસરાનો પૈસો છે, છતાં એ ન વાપરવો અને બધું કામ જાતે કરવું એમાં એને પૈસાનું અને પોતાનું અપમાન થતું લાગતું અને પતિનું ચિંગૂસપણું દેખાયું

એણે કામ કરનારી એક બાઈ રાખી લીધી એને વાસણ માંજવાનું જ કામ કરવાનું હતું પણ દેવીએ એની પાસે ધીમે ધીમે બધું કામ કરાવવા માંડ્યું પતિથી આ છાનું ન રહ્યું

' તું આ ખોટું કરે છે બધું જ કામ એ કરશે તો પછી તું શું કરીશ ? '

' મારે તો ઘણુંય કામ છે કામ કરવા કરતાં કામ કરાવવું એમાં જ મારો તો વધુ વખત જાય છે અને ખરી હોશિયારી એમાં જ છે વળી એને બિચારીને વધુ કામ મળે તો વધુ પગાર મળે અને એનું ઘર નભે એની તો કમાણી જ એ છે આપણે હાથે કામ કરીએ તો એટલું એને ઓછું મળે '

' તને દયા આવતી હોય તો એમ ને એમ પાંચ રૂપિયા આપ ને ! '

' તો તો પછી એ લોકો આળસુ જ થઈ જાય અને તમે જ તે દિવસે નહોતા કહેતા કે કામ કરાવ્યા વિના કાંઈ આપીએ તો એમની આળસ પોષવા જેવું થાય ! એમનાં હાડકાં હરામનાં થઈ જાય '

' એ નિયમ તો બધાને લાગુ પડે તને પણ લાગુ પડે, અને મને પણ લાગુ પડે '

' હું શું નથી કરતી તે તમે આમ બોલો છો ? હું શું કરું છું એની તમને શું ખબર ? '

' કરતી હોય તો સારી વાત છે પણ મને કાંઈ દેખાતું નથી કામ નહિ કરે તો તારું શરીર કેવી રીતે સારું રહેશે ? બેઠા બેઠાં એ બગડશે '

' બગડ્યું જ છે તો ? તમારે ક્યાં જાણવાની પડી છે ? '

' શું થયું છે ? '

' પડશે ખબર છ મહિના પછી '

પતિ સમજી ગયા એમણે નમતું મૂક્યું આખા દિવસનો નોકર મળે તો રાખી લેવા સંમતિ આપી.

એમને એક સરસ નોકર મળી ગયો કામનો જાણકાર, નીતિવાળો અને નરમ સ્વભાવનો દેવીને જાણે આખા વર્ષની મહેનત ફળી એમ લાગ્યું

દેવી સુવાવડે ગઈ અને ત્યાંથી આવી ત્યાં સુધી આ નોકરે એમનું ઘર સંભાળ્યું રસોઈ પણ એ જ કરતો અને રોઠ નોકર થઈ ઘર ચલાવતા

દેવી બાબાને લઈને આવી પછી એનો ઠાઠ વધી ગયો. પહેલાં જે થોડું પણ કામ કરતી એ હવે તદ્દન બંધ કરી દીધું એ એના બાબામાંથી ઊંચી જ ન આવે પતિને લાગ્યું, દેવી હવે પત્ની મટીને મા જ બની ગઈ છે

રામાના માથે પણ કામનો બોજો વધ્યો બાબાને રમાડવો, એને કપડાં પહેરાવવાં એમાં તો એને વાંધો નહોતો પણ એને નવડાવવો અને એનાં બાળોતિયાં અને ગોદડી ધોવાં એ બધાં કામ પણ રામાનાં ગણાવા લાગ્યાં

પતિની જાણમાં આવતાં એક દિવસ એમણે દેવીને આવું કામ ન કરાવવા કહ્યું

' નોકર છે તે નહિ કરે તો કોણ કરશે ! એ હોય પછી હું શા કરવા કરું ? '

'નોકર પણ માણસ છે એ ભૂલવું ન જોઈએ.'

'તે શું હું એને ખાવા નથી આપતી? પહેરવા નથી આપતી?'

'એ તો ઢોરને પણ આપીએ. પણ એ જ્યારે નહિ હોય ત્યારે તારી હેરાનગતીનો પાર નહિ રહે. તું બધું જ એની પાસે કરાવે એમાં તું પોતે જ અપંગ બની જાય છે.'

'હું શું નથી કરતી?'

'બસ, બસ. તું શું કરે છે એ ગણાવવાની જરૂર નથી. કારણ કે એક વખત તું ગણાવવા બેસીશ પછી પાર નહિ આવે. પણ મારું તો એ કહેવું છે કે નોકર, મદદ માટે છે; આપણો અવેજી નથી. આપણાથી બને એટલું વધુ કામ કરવું અને છતાં એ પૂરું ન થાય તો મદદ માટે નોકરનો ઉપયોગ કરવો જોઈએ.'

'તે હું એમ જ કરું છું ને? હું શું બેસી રહેતી હોઈશ?' દેવીની આંખોમાં ડપકા અને પાણી બન્ને આવ્યાં.

પતિએ બોલવું બંધ કર્યું.

રામો લૂગડાં ધોતો હતો. દેવી ઓટલા ઉપર ઊભી ઊભી એને સૂચનાઓ આપતી હતી.

'જો હવે પાણી નાખ. આમ, પાણી ન હોય ને ધોકા મારે તો કપડાં ફાટી જાય...હં. હવે ફેરવી નાખ. પાછળ ધોકા માર...જો પેલા છેડા મસળ. બહુ મેલા થઈ ગયા છે...હાં હાં એમ નહિ, મારી સાડી ચીરાઈ જશે...જરા ધ્યાન રાખ. જો ડોલમાં ભરાયું. હમણાં ફાટત..આટલી બધી રાણી કરાતી હશે? જરા ઓછી નાખતો હોય તો?...ગળી કાંઈ મફત આવે છે?'

આ છેલ્લા શબ્દો સાંભળતાં, રામો ધોતાં ધોતાં અટકી ગયો અને એણે દેવીના સામું જોયું. એના મોઢા પર દુ:ખની છાયા હતી. એની આંખ લાલ હતી.

'એમ જુએ છે શું મારી સામું? કામ બરાબર ન કરે તો કહેવું તો પડેસ્તો?' દેવી તડૂકી.

રામાએ નીચું જોયું. કપડાં ધોવાઈ રહ્યાં. કપડાં સૂકવી એ ખાવા બેઠો, પણ આજ એને ખાવું ભાવ્યું નહિ. પરવારી 'મારા ભાઈને ત્યાં જઉં છું' એમ કહી એ ગયો.

*

રેસ્ટોરામાં, દેવીના પતિએ જ્યારે દેવી પાસેથી જાણ્યું કે રામો હજી સુધી પાછો આવ્યો નથી, ઘરનું બધું જ કામ એમ ને એમ પડ્યું છે, વાસણ પણ એઠાં પડી રહ્યાં છે, અને રસોઈ માટે એક પણ વાસણ ઘરમાં નથી અને તેથી જ રેસ્ટોરામાં જમવાનું રાખ્યું છે ત્યારે એમને બહુ દુ:ખ થયું. રેસ્ટોરામાં જમવાનો એમને વાંધો નહોતો. કોઈ કોઈ વખત એ જમવા આવતા. દેવી સાથે પણ આવતા. ત્યારે કાંઈક નવીનતા અનુભવવા એ આવતા. પરંતુ આજે અહીં આવવાનું કારણ જુદું હતું. એમનું મોઢું પડી ગયું. દેવી આટલી હદ સુધી આળસુ હશે એવી એમને ખબર નહોતી.

'એમ મોઢું ચઢાવીને બેસવાની જરૂર નથી. બીજાઓ જોશે તો શું ધારશે?'

'શું ધારશે? મારા માટે એમ ધારશે કે હું થાકેલો છું અને તારા માટે એમ ધારશે કે તું ઘેરથી બની-ઠનીને આવી છું. અને તારા સામું જોયાં કરશે.'

'છો ને જોતા. મારે શું? હું ઓછી એમને દેખાડવા આવી છું?'

'ત્યારે શું મને?'

'ત્યારે?'

'ઠીક. પણ હવે આમ કેટલા દિવસ નભવાનું છે?'

'કાલે એક નોકર આવવાનો છે. પછી અહીં નહિ આવવું પડે.'

'મને લાગે છે તું લાંબો વિચાર કરતી નથી, અને ભવિષ્યમાં પસ્તાઈશ. નોકરની બાબતમાં આટલા બધા પરતંત્ર થઈએ એ આપણી નબળાઈ છે.'

'પણ હું શું નથી કરતી? બધું તો મારાથી ન જ થાય. હું બધું કરવા જાઉં તો થાકી જ જાઉં અને માંદી પડી જાઉં. પછી આ, રસોઇનું કામ કરું છું એ પણ અટકી જાય. અને એમાં વળી આ બાબો આવ્યો.'

'હશે હવે જમી લે, પછી વાત, આવી વાતો કરવાની આ જગ્યા નથી '

'વાત તો તમે કાઢી અને દોષ મારો કાઢો છો હું ક્યાં કશું બોલી હતી ?'

પતિએ કાંઈ જવાબ આપ્યો નહિ જમીને એ લોકો ઘેરે આવ્યાં કાંઈ પણ બોલ્યા વિના પતિએ પથારીઓની ચાદરો ખખેરવા માંડી

'શું ઉતાવળ છે ? જરા મને કપડા તો બદલવા દો ? હું આવું છું પછી સાથે નહિ થાય ?'

'તે બદલને તું તારે થાય એવું કરું છું'

પથારીઓ થઈ ગઈ નળેથી પાણીની ડોલ ભરી પતિ ચોકડીમા પડેલા વાસણ માજવા બેઠા

'તમે શું કરો છો આ ? શું જરૂર છે ? કાલે પેલો આવીને નહિ માજે ?'

'આવે ત્યારે ભલે માજે પણ ધારો કે ન આવ્યો તો પછી સવારે શું કરીશ ?'

'પણ એ આવવાનો છે '

'હા હા, પણ ધારો કે ન આવ્યો તો ?'

'પણ કેમ ન આવે ? આવશે જરૂર આવશે મને ખાતરી છે બીજું કોણ એને બે માણસના કામના વીસ રૂપિયા આપવાનું હતું ? ઊભા થાવ આ કાંઈ સારું દેખાતું નથી '

'અને આ બે ટકના વાસણ એઠા પડી રહ્યા છે, એ પડી રહ્યા તોયે તું નોકર શોધવા નીકળી અને એમા સફળતા ન મળી એટલે બજારમાં જમવાનું રાખ્યું. એ સારૂ દેખાયું ખરૂ ?'

'તમારે લડવું છે મારી સાથે ?'

'આમાં લડવાની ક્યાં વાત છે ? તું કામની આળસુ હોઈશ એ તો મે આજે જ જાણ્યુ '

'પણ હું શું નથી કરતી ? હું આટ આટલું કરું તોયે તમે આવું બોલશો ?

'વળી તને કચકચ કરવાની કેટલી ટેવ છે ?'

'તે હું શું કચકચ કરું છુ ? નોકર છે તે બરાબર ન કરે તો કહેવુય પડે એનો વાંક હોય તો કેમ ન કહે ?'

'વાંક હોય તો કહે પણ તું તો ખાલી કચકચ જ કરે છે એ તારી કચકચથી જ જતો રહ્યો છે હું રોજ સાભળું છું કાન ધરાવે મૂક્યા નથી એ પણ અંતે માણસ છે એને પણ સ્વાભિમાન હોય સારો નોકર ગયો બીજો કોણ જાણે કેવો આવશે ? બધા કાંઈ સારા હોતા નથી બધાની સાથે આમ વર્તીશ તો કોઈ દિવસ પસ્તાવાની છે'

'કાંઈ થવાનું નથી તમે નકામા આવી બાબતમા માથુ મારો છો નોકરની બાબતમા તમારે પંચાત કરવી નહિ. ઊઠો હવે ભાઈસાહેબ ?'

બીજે દિવસે છોટુ આવ્યો ધાર્યા કરતા વહેલો આવ્યો બે કલાકમા ઘર બધું વ્યવસ્થિત થઈ ગયું દેવીના હર્ષનો પાર નહોતો દેવીના પતિને આ ઝડપ એને આ ઝડપ અકળામણકારક થઈ પડી થોડીવારમા છોટુ તો નવરો થઈ ગયો

થોડા દિવસ ગયા છોટુ બહુ કામગરો નીકળ્યો દેવીની ધારણા કરતા વધુ હોશિયાર નીકળ્યો વાસણ સરસ સાફ કરે, કપડા સરસ ધુએ સરસ વાળે અને અસ્ત્રી પણ કરે પથારી એવી કરે કે ચાદરમા એક પણ કરચલી ન રહે ચારે છેડા અને ચારે કોરો ગાદલ નીચે બરાબર દબાવે બાબાને ફૂલની માફક રાખે ઘરમા મહેમાન આવે તો એની બરાબર આગતા સ્વાગતા કરે કોઈ આવે જાય એનું બરાબર ધ્યાન રાખે દેવી બહુ સુખી હતી.

એક સાંજે દેવી રસોઈ કરતી હતી છોટુ બાબાને બહાર ફરવા લઈ ગયો હતો થોડીવારમા એ પાછો આવ્યો અને બાબાને ઘોડિયામા સુવાડ્યો.

'કેમ એટલીવારમા પાછો આવ્યો ?' દેવીએ પૂછ્યું

'બાબાભાઈ તો ઊંઘી ગયા છે '

હજી હમણા તો ઊઠ્યો છે !'

'કોણ જાણે !'

'બહેન સાહેબના કપડા લઈ આવું ધોબીને ત્યાંથી ?' થોડીવાર પછી છોટુ બોલ્યો

'હા ઠીક યાદ કર્યું, એ લઈ આવ અને જો પેલી

મારી સાડી છે ને, એ પણ આપતો આવ.' કહેજે કે એને ડ્રાયક્લીન કરવાની છે.'
છોટુ જવા નીકળ્યો.
'અને જો, જલદી પાછો આવજે. બાબો કંઈ બહુ ઊંઘશે નહિ.'
'સાહેબની સાયકલ લઈને જઉં ?'
'આજે સાયકલ ઘેર જ છે-નહિ ?'
'હા, સાહેબ તો મોટા સાહેબની મોટરમાં ગયા છે ને ?'

છોટુ સાયકલ લઈને ગયો. રસોઈ થઈ જવા આવી ત્યાર સુધીમાં એ પાછો આવ્યો નહિ. પણ બાબો ઊંઘતો હતો એટલે દેવીને નિરાંત હતી
અંધારું થવા આવ્યું. છોટુ સાયકલનો દીવો લઈ ગયો નહોતો. 'કાંઈક અકસ્માત તો નહિ થયો હોય ?' દેવીને વિચાર આવ્યો. એ રસોડામાંથી બહાર આવી, બાબાના ઘોડિયા પાસે ગઈ. જરા વારમાં બાબો ઊઠ્યો. દેવી એને બહાર કાઢવા ગઈ ત્યાં બાબાએ ચીસ પાડી રડવા માંડ્યું. દેવી જેમ એને છાતીસરસો ચાંપે તેમ એ વધુ અને વધુ ચીસ પાડે કેમેય કરતાં છાનો રહે નહિ.
એના પતિ આવ્યા. એમણે બાબાને લીધો પણ એ રડતો બંધ થાય નહિ. તેડે કે તુરત ચીસો પાડે.
પતિએ ઝભલું ઊંચું કર્યું, સાથળ નીચે ફોલ્લા જેવું હતું.

'કાંઈ દાઝ્યા જેવું લાગે છે ?' એ બોલ્યા.
'દાઝ્યા જેવું ?'
'તું જા, મંજુબહેનને બોલાવી લાવ.'
મંજુબહેન આવ્યા. એમણે દાઝેલી જગ્યા જોઈ.
'કોઈએ ડામ દીધો લાગે છે.'
'ડામ ?' દેવી અને એના પતિ એકી સાથે બોલી ઊઠ્યાં.
મંજુબહેને બાબાની કેડે હાથ ફેરવ્યો.
'તમે એને ગળીનો દોરો બાંધ્યો હતો ને ?'
'હા.'
'એ પણ નથી. અને આ જુઓ, ઝભલામાંથી કકડો કાપી લીધો છે. કોઈએ ટૂચકો કર્યો લાગે છે.'
દેવી બેબાકળી બની ગઈ. મંજુબહેન એમના ઘેરથી પાન ખાવાનો ચૂનો મંગાવ્યો અને એ તેલ ભેગો મલમ જેવું બનાવી ડામની જગ્યાએ ચોપડ્યું. બાબો શાન્ત પડ્યો. દેવીએ ઝભલું બદલ્યું. ગળીનો બીજો દોરો બાંધ્યો અને એને ઘોડિયામાં નાખ્યો.
'પણ ડામ દીધો ત્યારે રડ્યો નહિ હોય ? અત્યાર સુધી એ ઊંઘી કેવી રીતે ગયો ?'
'કાંઈક ઘેનની દવા-બવા પાઈ હશે.'
'પણ, આ કરે કોણ !'
'છોટુ ક્યાં ગયો ?' પતિએ પૂછ્યું.
'એ ધોબીને ત્યાં ગયો છે. બહુ વાર થઈ. તમારી સાયકલ લઈને ગયો છે.'
'બત્તી લઈ ગયો છે ?'
'ના, તમારા કપડાં લાવવાનાં હતાં અને મારી સાડી આપવાની હતી. મને કહે હમણાં આવું છું.'
મંજુબેનના પતિ આવી પહોંચ્યા. ત્રણે જણાએ બનેલી વાત કહી સંભળાવી.
'એ તો મને સ્ટેશન ઉપર મળ્યો ! કહે કે મારા ઘેરથી તાર આવ્યો છે એટલે જઉં છું.'
'મને તો કાંઈ કહ્યું નથી.' દેવી બોલી.
'બધું બરાબર ગોઠવ્યું લાગે છે, ડામ દેનાર પાસેથી પૈસા મેળવ્યા હશે. 'મારી સાયકલ' વેચી મારી હશે. મારાં કપડાં લઈ ગયો હશે અને તારી સાડીયે ગઈ સમજ.'
'મારી પાસેથી ચાળીસ રૂપિયા ઉછીના લઈ ગયો છે, કહે કે મારો ભાઈ માંદો છે એને મોકલવા છે.'
'આજે ?'
'હા.'
'થયું ત્યારે, એ પણ ગયા.'
'બાબા વિષે કાંઈ ચિન્તા કરવા જેવું નથી' કહી મંજુબહેન અને એમના પતિ ગયા.
પતિ ગુસ્સે થશે અને કાંઈક સંભળાવશે એવો ડર દેવીને હતો પણ એ કાંઈ બોલ્યા નહિ.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઈજનેર, પાગલ અને કેદી

કોઈપણ શોધખોળ પાછળ ફના થઈ જવાની તૈયારી, તેની પાછળ બધો સમય ખરચી નાખવાની વાલારેલી હોય તો જ કોઈપણ કાર્યમાં સાચી સફળતા મેળવી શકાય તે જણાવતો એ લેખ છે

વૈદ્યકીય સંશોધનોમા બે બાબતોનો સમાવેશ થાય છે દવાઓની શોધખોળ અને રોગ થવાના કારણોની તપાસ આ સંશોધનો માટે પ્રયોગશાળાના પ્રાણીઓ જેવા કે ઉંદર ગીની પીગ સસલા કૂતરા ને વાંદરા ઉપર અખતરા અને પ્રયોગો થાય છે પણ કોઈ સંશોધનો એવા તબક્કા ઉપર આવી પહોંચે છે કે જ્યારે માનવની પણ જરૂર પડે છે આ સમયે યાતના અને જાતના પણ ભોગે તત્પર થતા સ્વયંસેવકોની કથની પ્રેરણાભરી હોય છે તે સત્ય હકીકત હોવા છતાંય નવલકથા જેટલી રસદર્શી પણ હોય છે

આપણે એટલુ જાણીએ છીએ કે મેલેરિયાના રોગ જંતુઓ (Parasites) આપણા શરીરમા લોહીના લાલ કણોમા રહે છે પણ આ તો મેલેરિયાના જીવાણુઓના જીવનની કક્ષાઓનો એક જ તબક્કો છે મેલેરિયાના જીવાણુઓ જુદી જુદી કક્ષાએ શરીરના જુદા જુદા અવયવોમા રહે છે સૌ પ્રથમ આ શોધ પક્ષીઓના દેહ વિશે થઈ ઈ સ ૧૯૩૯મા શોર્ટ અને ગિન્ટને વાંદરા ઉપર આ નીરીક્ષણ આરંભ્યુ પણ બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થતા આ બંને વિજ્ઞાનીઓ લંડન છોડી દરિયાપાર ચાલી ગયા ઈ સ ૧૯૪૫મા લંડન સ્કૂલ ઓફ ટ્રોપિકલ મેડિસિનમા શોર્ટે પાછા ફરીને પાછુ પોતાનુ કામ હાથ ઉપર લીધુ પણ આ અરસામા ઓસ્ટ્રેલિયાના ફેરલીએ આવુ સૂચિત કર્યું હતુ કે માણસને મચ્છર કરડતા એમ લાગતી મેલેરિયાના જીવાણુઓ અડધો કલાક લોહીમા ફરતા રહે છે અને પછી તદ્દન અદૃશ્ય થઈ જાય છે આ પછી ૭ દિવસ સુધી લોહીમા દેખાતા નથી આ ઉપરથી જીવાણુઓને શરીરમા રહેવાના બીજા સ્થાન વિશે ધારણા કરવામાં આવી

આ બાબત સાબિત કરવા શોર્ટ (Shortt) અને સાથીઓએ વિચાર્યું સખ્યાબંધ મચ્છરો એકઠા કરવા માણસોને ઈંગ્લેંડના પૂર્વીય કિનારે મોકલ્યા મચ્છરો એકઠા કરવાના કામ દરમિયાન મચ્છરોની પેટી સહિત એક માણસ કાદવમા ખૂંપવા લાગ્યો જેમતેમ કરીને તેને બચાવી લેવામા આવ્યો

ઈ સ ૧૯૮૭મા અંતમા પ્રયોગ શરૂ થયો સિમ્બાયન મેલેરિયાના ચેપવાળા ૫૦૦ મચ્છરો વાંદરાને કરડાવવામા આવ્યા અને ૫૬૯ મચ્છરો રક્તાજ્ય અને નીકના પાણીમા પીસી નાખી એ દ્રાવણના વાંદરાને બે ઈન્જેક્શન પણ આપવામા આવ્યા સાત દિવસ પછી વાંદરાને મારી નાખી એનુ શબછેદન કરવામા આવ્યુ સવારે દશ વાગે શરૂ કરેલુ આ કામ પાંચ કલાક સુધી ચાલ્યુ વાંદરાના શરીરના અવયવોના છેદ લેવામા આવ્યા તે દરેક એક પછી એક સૂક્ષ્મદર્શક યંત્ર નીચે મૂકી બારી-

'તમે કહેતા હતા એ સાચુ છે' પતિની પાસે આવી ગોદમા માથુ નાખી ગળગળા અવાજે એ બોલી

'શુ ?'

'કે હુ અપંગ થઈ ગઈ છુ સાચી વાત છે કે હુ અપંગ થઈ ગઈ છુ માટે જ આવુ બની શક્યુ પણ હવે આજથી હુ બધુ બદલી નાખીશ મારાથી બનશે એટલુ બધુ જ કામ હુ જાતે કરીશ અને એટલુ જ નહિ, પણ બને એટલુ વધુ કરીશ નોકર રાખવો પડશે એ ભોગ બે કામ માટે છૂટક જ રાખીશ અને એના વિના પણ ચલાવાય તો ચલાવીશ'

'તો તો પછી હુ તને તારા ખરા નામથી જ બોલાવીશ અપંગાદેવી નહિ પણ અભંગાદેવી જ કહીશ'

'અપંગા કે અભંગા જે કહેવુ હોય તે કહેજો, પણ દેવી તો ખરી ને?'

કાઈથી તપાસવામાં આવ્યા. એકવીસમા દિવસે કલેજાનો છેદ તપાસતાં તેમાં મેલેરિયાનાં જીવાણુઓ જણાઈ આવ્યા।

વાંદરામાં મેલેરિયાના જીવાણુઓની આ બાબત નોંધાઈ તો પછી માનવમાં પણ તે તપાસવી રહી. આ માટે માનવ-સ્વયંસેવકની જરૂર હતી.

ગાંડાની હોસ્પિટલમાંથી એક માણસ સ્વયંસેવક તરીકે તૈયાર થયો. તેને પ્રયોગની બધી વિગતો જણાવવામા આવી. તેના જવાબમાં તેણે કહ્યું 'જો કોઈને પણ લાભ થતો હોય તો હું મારી જાતને પ્રયોગ માટે અર્પણ કરવા તૈયાર છું.'

શોર્ટ અને શુટેએ (Shute) પ્રયોગ શરૂ કર્યો. ૩૬૦૦ મચ્છરો ચેપી બનાવ્યા હતા. આસાનાં બે હજાર મચ્છર સ્વયંસેવકને કરડાવ્યા. બે હજાર મચ્છરોને ચેપી બનાવી સ્વયંસેવકને કરડાવવા માટે તૈયાર બનાવવામા કેટલી યોજનાઓ ઘડી પાર પાડવામાં આવતી હશે એની આપણે કલ્પના જ કરવાની રહે છે.

મચ્છર કરડયાનાં સાત દિવસ પછી સ્વયંસેવકના પેટ ઉપર શસ્ત્રક્રિયા કરી તેના કલેજાનો છેદ લેવામાં આવ્યો. પ્રો. શોર્ટ પ્રયોગાત્મક નિરીક્ષણ કરવા એટલા આતુર અને ઉતાવળીઆ હતા કે છેદને બાગ ફ્રિક્સેટીવમા મૂકી ટ્રેન દ્વારા તે લંડન ભણી રવાના થયા. ટ્રેનમાં છેદને ધોવાની ક્રિયા કરવા વિચારેલું પણ ભીડ હોવાથી તે ના બની શક્યું. લંડનથી હર્ટ પોતાના મુકામે જઈ પ્રયોગશાળામા કામે ચડી ગયા અને આમ વીસ કલાકની એકધારી અને અવિશ્રાંત કામગીરી બાદ તેમણે માનવીમાં પણ મેલેરિયાના જીવાણુઓ કલેજામાં રહેલા જોયા.

મલેરિયાના જીવાણુઓ ત્રણ પ્રકારના હોય છે. ઉપરનો પ્રયોગ પ્લાઝમોડિયમ બાયવેક્સ જીવાણુઓ માટે હતો. હવે પછી ફાલ્સીપારમ જીવાણુઓની તપાસ આદરવાની હતી. આ તપાસ આદરવામાં થોડીક મુશ્કેલીઓ હતી. આમા શરૂઆતથી માનવસ્વયંસેવકની જરૂર હતી અને એમાં જાનનું વધારે જોખમ સમાયેલુ હતું. વળી મેલેરિયાના જીવાણુઓની પસંદગીનો પણ પ્રશ્ન હતો. પશ્ચિમ આફ્રિકાનાં જીવાણુઓને ઇંગ્લેંડના મચ્છરો બરાબર સ્વીકારી શકતા ન હતા. ઈટલીનાં જીવાણુઓનો વપરાશ ઘણો જોખમી હતો. ગ્રીસમાથી જીવાણુઓ મળવા મુશ્કેલ હતા. તેમને ગામડામાથી એકઠાં કરવામાં એક માણસ લુટારૂઓના હાથમાં સપડાઈ ગયો। છેવટે મર ગોર્ડન કોવેલે રૂમાનિયામાંથી જીવાણુઓ મેળવ્યાં

હવે સ્વયંસેવક મેળવવાનો હતો. લંડનની એર મિનિસ્ટ્રીમાં કામ કરતા એક વાયરલેસ ઇજનેરે સ્વયંસેવક તરીકે બે વર્ષ અગાઉ નામ નોંધાવ્યુ હતું.

પ્રો. શોર્ટે તેને પૂછાવ્યુ 'વૈદકીય પ્રયોગમા મેં કડો મચ્છરો કરડાવવાના છે પછી પેટ ઉપર શસ્ત્રક્રિયા કરી કલેજાનો છેદ લેવાનો છે તૈયાર છો ?' ઇજનેરે હા પાડી પ્રો. શોર્ટે તેને બીજી વાર પૂછાવ્યુ. 'મહેતાણાની શી આશા રાખી છે ?' ઇજનેરે જવાબ વાળ્યો. 'એક પાઈ પણ નહી માત્ર પ્રયોગ દરમિયાનના દિવસોની રજા મારા ખાતામાથી મેળવી આપવાની છે.'

ખાતાવાળાએ રજા આપવાની સંમતિ દર્શાવી પણ પગાર કરતા તિજોરીખાતાએ વાંધો ઊઠાવ્યો. વગદાર માણસો દ્વારા તિજોરીખાતાને લાગવગ લગાડી પણ નિષ્ફળતા મળી. મચ્છરો તૈયાર થઈ ગયા હતા. તેમને સ્વયંસેવકોને કરડાવવાની પળ આવી ચૂકી હતી. જો આમ ના થાય તો તે મરી જવાના હતાં મચ્છરોના ગળામા મેલેરિયાના જીવાણુઓ ઊભરાતાં હતા. પ્રયોગ માટે કલાકોની ગણના થતી હતી. સવારથી તે બપોરના ત્રણ સુધી પ્રો. શોર્ટ ટેલિફોન ઉપર બેસી તિજોરીમાથી મંજૂરી મેળવવા મથી રહ્યા હતા. છેવટે સાડા ત્રણ વાગે તિજોરીએ મચક આપી. રજા તો આપી પણ ગેરહાજરી સમયનો પગાર આપવાની ધસીને ના પાડી।

ઇજનેરને હૉસ્પિટલમા લઈ ગયા. ત્રણ દિવસના ગાળામાં તેને ૭૭૦ વખત મચ્છર કરડાવ્યા. આ પછી છઠ્ઠા દિવસે શસ્ત્રક્રિયા કરી તેના કલેજાનો છેદ લેવાનો હતો. લોહી ચેપાળ બન્યાની ખાતરી કરવા

લીલા ટી. ધારપુરે

તોફાન અને પ્રેમ

પ્રેમથી ગમે તેવું તોફાની તત્વ દાબાવી શકાય છે, તેને કાબૂમાં લાવી શકાય છે. નાનાં બાળકોનાં તોફાનો પણ આપણે પ્રેમથી કાબૂમાં લઈએ તો ! એ તોફાનો સારે અને સાચે રસ્તે દોરાય અને બાળક ઉપર સંસ્કારનો જે અમર વારસો ઊતરે એ તો અમૂલ્ય જ ગણાય......

આગગાડી પૂરવેગે દોડતી હતી. સામેની બારી પર બેઠેલા કેટલાક જુવાનીયાઓ ગાતા હતા. એકના હાથમા વાજું હતુ તેણે વાજું મોએ લગાડ્યું. ને જુદા જુદા ગાયન તે પર બેસાડવા મંડી પડ્યા. બધા તેને સાંભળતા હતા, સાથે ગાતાયે હતા. અનિલ પણ તેને સાંભળવામા તલ્લીન થઈ ગયો.

બારીમાંથી પવનના ઠંડા સપાટા શરીર પર અથડાતા હતા ને મો પર ઘસાઈને જતા હતા હાથ–પગના આંગળા ઠરી જતા હતા પણ બંડીના ગજવામાં હાથ નાખતા ગરમાવો મળતો હતો, આરામ મળતો તોફાની પવનની કાતીલ ઠંડક સુખદ બનતી હતી

ગાડીનો વેગ ધીમો પડ્યો બારીમાંથી દૂરદૂર ટમટમતા દીવા દેખાયા તે આઘાપાછા થતા હતા જાણે ક્ષિતિજ પર તરતા પૃથ્વીના તારલા ! ને અનિલ બોલી ઊઠ્યો, 'બાપુ, ભરુચ આવ્યું !' કેટલા ઉત્સાહથી તે નાચી ઊઠ્યો હતો ! પણ મે તો તેને નીચે બેસાડતા કહ્યુ, 'હા ભાઈ, બેસ ને, પડી જવાશે કેટલી કૂદાકૂદ ! કેટલુ તોફાન !' આ સાંભળી અનિલના ઉત્સાહ પર ફટકો પડ્યો ધીમે મોએ તે બેસી ગયો. તેનો ઉત્સાહ ઓસરી ગયો છતા સ્ટેશન આવ્યુ

ત્યારે તે બોલ્યો......'હવે તો ઊભા થાવ બાપુ.' તેના અવાજમાંથી રણકો ઊઠતો હતો......જાણે તે મારી અવગણના કરીને કહેતો ન હોય...બાપુ હવે તો દીવે ગામ આવ્યુ તોય તમને જરાયે ઉત્સાહ નથી થતો ! આવા કેવા તમે ? શાંતિથી બેસી શું રહ્યા છો ! આનંદથી નાચો–કૂદો. ઊઠો !... .....પણ અંતરમાં સભળાતા અવાજના રણકાને મે દાબી દીધો ને અનિલનોય હાથ પકડીને દાબીને બેસાડ્યો અને કહ્યુ

'હવે બેસ ને મારા ભાઈ. ... ગાડીને ઊભી તો રે'વા દે.'

ગાડીની ગતિ ધીમી પડતી હતી. અનિલની કૂદાકૂદ પણ ધીમી પડી હતી—મારા દબાણને લીધે—મારી અવગણનાને લીધે પ...ણ તેની આંખ મારી પ્રત્યે એવી રીતે જોતી હતી કે જાણે તેનામા રહેલી સમગ્ર શક્તિ એકઠી કરી મારી વિરુદ્ધ તે બળવો પોકારતો હોય, મારો તિરસ્કાર કરતો હોય, અને મારી અવગણના કરી જાણે મને કહેતો હોય, 'તમે વર્તો છો તે બરાબર નથી—' એવુ મને લાગ્યુ પણ આ બધું સમજવા છતાં મેં બળપૂર્વક મારી લાગણીઓને દાબી દીધી

---

૧૩૫ કલાક પછી તેની નસમાંથી લોહી લઈ બીજા સ્વયંસેવકની નસમાં દાખલ્યું. બીજા સ્વયંસેવકને અગિયારદિયા પછી મેલેરિયા લાગુ પડ્યો. ૧૪૦ કલાક પહેલા સ્વયંસેવક ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી કલેજામાંથી છેદ લીધો

છેદને સૂક્ષ્મદર્શકયંત્ર નીચે તપાસ કરવામા આવી. પ્રો. 'શોર્ટ' રાતના અઢી વાગ્યા સુધી પ્રયોગશાળામાં કામ કર્યું. બીજા દિવસે સવારે જીવાણુઓનાં દર્શન થતાં આ મેલેરિયાના જીવાણુઓના જીવનનો એક્સો-એરિથ્રોસાયટ તબક્કો સાબિત થયો.

આ શસ્ત્રક્રિયામાંથી ફ્રજનેરને સંપૂર્ણ આરામ તો થયો પણ પછી તેની હોજરીનું ચાંદું ફાટ્યું. આના માટે એના ઉપર શસ્ત્રક્રિયા કરનાર સરજને કહ્યું કે 'અગાઉ કરેલા ઓપરેશનથી હોજરી તો અમુક ભાગ કલેજા સાથે ગંઠાઈ જતાં આ અકસ્માતની ગંભીરતા ઘણી ઘટવાથી જાન ઉપરનું જોખમ ઓછુ થયુ છે ' આમ જનહિત ખાતર જાન હોમ તૈયાર થનારને કુદરતે પ્રાણઘાતક માંદગીમાંથી ઉગારી લીધો.

★

બરોબર બાર કલાક ને ત્રણ મિનિટે અમે ભરૂચ સ્ટેશને ઊતર્યા અમે હાથમા થેલીઓ લઈ ઝટપટ પૂલ ચડ્યા દિવસની જેમ અત્યારે માણસોનો ધસારો ન હતો ધક્કા ખાધા વગર હુ અને અનિન ટિકિટ બતાવી સ્ટેશન બહાર નીકળ્યા હતા ત્યા તો દરવાજા પાસે જ કેટલાયે ગાડીવાન આવીને ઊભેલા જોયા ઢગલાબંધ ગાડીવાળા હાથ ઊંચા કરી બૂમો પાડતા હતા ગાડી સાહેબ' ક્ષણભર તો 'કોને કહુ ?' એ જ મૂંઝવણમા હુ પડ્યો બધા જ મારા હુકમની રાહ જોતા હતા આખરે મે એક ઓળખીતા ગાડીવાળાને કહ્યુ 'હા, ચાલ'—ને તેણે તરત જ મારા હાથમાથી થેલી લઈ લીધી ને આગળ ચાલ્યો તેની ગાડી પાસે જતા તે બોલ્યો 'આ મ આમ આવો સાહેબ' ને અમે તે તરફ ગયા ગાડીમા ચડતા જ પૂર્વાનુભવ પરથી મે ગાડીવાનને પ્રશ્ન કર્યો—'કેમ ઘોડો બરાબર છે ને ?' ગાડીવાન તરત જ બોલી ઊઠ્યો 'હા સાહેબ' પણ અનિન બોલી ઊઠ્યો, 'બાપુજી આ તો ટટ્ટુ જેવો ઘોડો લાગે છે સાવ નાનો' 'પણ તેજ હશે ને !' મે તેનુ સમાધાન કરવાના ઈરાદાથી કહ્યુ તે સાભળી ગાડીવાળો ગાડી દોડાવવા મડ્યો ને તે સાથે 'ખડખડાટ' કરતો અવાજેય જાણે ગાડીની બરોબરી કરી દોડતો હોય તેવુ લાગ્યુ અનિન બોલ્યો 'બાપુ પેલી ૭ નબરની ગાડી સરસ છે 'નબર ૭' એમ કેમ ના કહ્યુ તમે ?' આ પરથી અમારી ગાડીનો વેગ અનિનને પસદ ન હતો તે જણાઈ આવતુ હતુ 'હ ભાઈ ૭ નબરની ગાડી પણ હમારી જ છે ના તે અનીની ગાડી અલી ને હશે બધા એક—' ગાડીવાને કહ્યુ આ સાભળી અનિને કહ્યુ 'ત્યારે તું જ કેમ નથી ચલાવતો તે ગાડી ?' ને વળી મારી આગળ તેનું જ્ઞાન ઠાલવવા માડ્યુ તેનો અવાજ દૂરથી ને ભૂસન મારી મને કહેવા માડ્યો, 'ને બાપુજી, અનીની ગાડી સરસ, ને ઘોડો તો એવો ચાલે ! મોટાભાઈ સાથે ઘણી વાર તેમા હુ બેઠેલો ઘોડો તો દોડે આમ પૂરપાટ' કહેતા તેણે હાથના ચાળા કર્યા ને 'પૂરપાટ' શબ્દનો 'પા'ને એવી રીતે લબાવ્યો 'પા ટ' કરીને ? તે સાભળી અનીની ગાડી પૂરવેગે દોડી ઘડીમા કઈની કઈ દૂર મારી નજર આગળ નીકળી જતી હુ જોઈ રહ્યો ને અનિનનો બબડાટ આગળ ચાલુ રહ્યો 'ને બાપુજી એક ઘોડો તો અનીનો એવો સરસ હતો એવો સરસ ! પણ તે મરી ગયો !' આ સાભળી હુ તો અનિનની ઘોડાગાડીની એકઠી કરેલી માહિતી વિષે જરા આશ્ચર્ય પામી પૂછવા જતો હતો કે 'ભાઈ આ બધી તને ક્યાથી ખબર ?' ત્યા તો અનિને ગાડીવાનને પૂછ્યુ 'કેમ ને ? અનીનો પેલો ઘોડો મરી ગયો ને ?' ને આમ કહેતા અનિનના અવાજના પાછળ છૂપાયેલો અવાજ જાણે કહેતો હતો 'બાપુજી તમે મારી વાત નહિ માનો હુ તો ઘણુ બધુ જાણુ છુ, પણ તમને મારી વાતમા વિશ્વાસ નથી બેસતો તમે ક્યારેય તે તરફ ધ્યાન નથી આપતા પણ હવે આ ગાડીવાળો ખુદ જ તમને કહેશે તે તમારા બેટનો જ મોટો છે—તેથી તમે મારી વાત જરૂર માનવાના'

આ નિ શબ્દ પડઘા હુ સાભળી રહ્યો હતો અનિન આગળ બોલ્યે જતો હતો 'બહુ જ સરસ હતો ! આહ ! શુ ઘોડો ! આપણને થાય બાપુજી, જાણે આપણે ઊડીએ જ છીએ '

એટલામા ગાડીવાન બોલ્યો 'સાહેબ તે ઘોડાની તો વાત જ ઓર હતી આ જ જગા પર તે ઘોડો પડી ગયો ને ખલાસ થઈ ગયો ભરે એ સીડન્ટ !' કહેતા તેણે ચાબુક રસ્તા પર ધરી મને તે જગા ચીંધી બતાવી

'એ સીડન્ટ ! શી રીતે થયો ?' મે આતુરતાથી પૂછ્યુ

'સાહેબ, મોટરવાળાની ભૂલ ગાડી પર સીધી મોટર આવીને અથડાઈ અનીની ગાડી ભાગી ગઈ ઘોડો પણ ખલાસ થઈ ગયો—ત્યાને ત્યા જ તમે તેને જોયો હોય તો મોટો પહેલવાન જેવો ઊંચો, ને ભરાવદાર શરીર ચળકતો કાળો સુદર રૂપ નજર

લાગે તેવો ઘોડો પા પડ્યા પછી ગાડું વારેય ઉભો નથી તરત જ ખલાસ થઈ ગયા' 'ખલાસ થઈ ગયો' શબ્દ સાથે ગાડીવાનના ઉદ્દમાં દગાને દુઃખનું મોજું ગાડી ઉપર આવ્યું ને તે બન્દાસ્થાગમાંથી બહાર પણ આવે' મે મહ્યું ને દુઃખનું મોજું આગ પરથી પસાર થઈ ગયું અનિલ વચ્ચે જ બોલી પડ્યો 'ઘન નુકશાન! ઘોડો બહુ મોંઘો હોય ને! ને આવો નગરસ ઘોડો તો બહુ મોંઘો હશ ને!' તે ઘોડો તો ફક્ત પચાસ રૂપિયામાં જ લીધો હતો' ગાડીવાને જવાબ આપ્યો તે સાભળી અનિલ બોલ્યો 'બસ પચાસ જ રૂપિયા? કેમ? ઘોડા તો બહુ મોંઘા હોય' હું વિચારતો હતો કે ઘોડામાં કંઈ ખોડ હશ ત્યાં તો પેલો ગાડીવાન બોલ્યો— એ ઘોડો તો અહીં લાવ્યો તો એક માણસ પાયગો રૂપિયામાં પણ ઘોડો બહુ તોફાની પોતાને ગાડે જ નહિ તેથી પેલા માણસે ત્રણસો રૂપિયામાં તેને વેચી નાખ્યો આ બીજા માણસેય તે ઘોડા ગાડે નહિ તેથી તેણે વેચવા માંડ્યો પણ આવા તોફાની ઘોડાને કોણ લે? તેથી તેની કિંમત ઘટાડી ઘટાડીને આખરે પચાસ રૂપિયા પર લાવ્યો ને મેં જ અનીને તે ઘોડો લઈ લેવાનું મહ્યું બકરી અની તો ના જ મહેતો હતો ઘડો તો અમે લીધે, પણ મહુ જબરા કોઈની ગાડી સાથે જોડાય જ નહિ ગાડી જોગ એને ચાને તેનુ તોફાન લતો મારી મારીને ખાતો તોફાન કરીને ગાડી જ તોડી પાડે અમ તોફાન કરીને બેત્રણ તો તેણે ગાડી ભાગી નાખી ના તેના પર બેસાય કે ના તેને ગાડીએ જોડાય' આ સાભળતા સાભળતા જ પેલો તોફાની ઘોડો ઉન્નત થઈ મારી આગળ તોફાન કરવા માંડ્યો બે પગે ઊભો થઈ ગયો નાસાનસ કરવા માંડ્યો હું બી ગયો અરે કોઈ બિચારું આની હડફેટમાં આવી જશે! ને મેં આતુરતાથી પૂછ્યું પછી?

'પછી તો— ગાડીવાન બોલ્યો મે, એક વાર તેના પર હાથ ફેરવ્યો તેને પપવ્યો ને ગાડીએ જોડ્યો અમે બે ત્રણ જણ ગાડીમાં બેઠા

ત્યાં તો પાછલે પગે ઘોડાએ લાતો લગાવી તોફાન કરવા માંડ્યા ને અની ગાડી બોલ્યો ને હાથમાં ચાબૂક લઈ ઊગામ્યો પણ મેં તો વાર્યો ને મહ્યું 'નહિ એમ નહિ ગાડી પરથી ઊતરી જા ને અમે બને ગાડીમાંથી નીચે ઊતરી ગયા હું ઘોડા પાસે ગયો તેને પપાળ્યો હાથ તેના પર ફેરવ્યો ને પછી ચલાવ્યો પણ ફરી પાછું તોફાન કર્યું પણ નહિ અમે તો જ્યારે મારો નહિ મે કોઈને મારવા દીધો નહિ ને ધીરજ રાખવાનું કહ્યું થોડા વખત સુધી આમ કર્યા કર્યું ને થોડા દિવસોમાં તો ઘોડો સમજી ગયો મૂંગુ પ્રાણી રે સાહેબ કેવું સમજે છે! તે તોફાની ઘોડો પછી એવું તો કામ આપતો કે બસ એકવાર સાહેબ તમે ગાડીમાં બેસો તો પાછું તમને બેસવાનું મન થાય ને તેની ગાડી માટેય લોકો પડાપડી કરે! શું ઘોડો હતો સાહેબ! એવો તો કોઈ બીજો ઘોડો હજુ મારી આગલી જિંદગીમાં મેં જોયો નથી તમારી મોટર શું ચાલે? અરે મોટરવાળાને તે ઘોડાની ગાડીમાં બેસવાની મજા લૂંટે! ગાડીવાન આમ કહેતો હતો ત્યાં તો અનિલ બોલી પડ્યો 'બાપુ તે ઘોડો તો એક દોડે એક દોડે,' ને હું એવું દોડે' શબ્દના રણકામાં છન છન છન ઘૂઘરીઓનો અવાજ સાભળી રહ્યો ને ટોક ટોક કરતો મજો ચગમતો મહાવર ઘોડો મારી સમક્ષ દોડી રહ્યો—જાણે ઊડી રહ્યો હોય એમ પેલો દોડ્યો જા

ય પૂરપ ટ ને ગાડીય જાણે ઊડતી લાગી

સુધરી ગયો એટલે તેના બળનો ઉપયોગ સારે રસ્તે થયો તમને ઘોડાને સમજાવના આવડતું હશે' મ મહ્યું ના એવું કંઈ નહિ સાહેબ પણ એમ હતું કે તેનો પહેલાનો માલિક તેના પર ખૂબ ભાર મૂકતો ને પછી તો ખૂબ મારતો ઘોડા જરા હઠીલો ખરો ને મૂંગુ પ્રાણીય કેટલું સહન કરે? તેથી તે તોફાને ચડ્યો તેનામાં મારની બીક ભરાઈ ગઈ હતી તેથી ગાડી સાથે જોડતા જ તેને મનમાં થતું હશે કે હવે મારશે તેથી તે પહેલેથી જ તોફાન કરતો ને બધાને ગભરાવી મૂકતો અમે તેને માર્યો નહિ ને

પપ ત્યો. તેથી તે જાગી ગયો કે આપણને બધી આ કામ કરવાનું છે ને માર પડવાનો નથી પછી તો તે સીધો સગ ચેલા તો કોઈની પાસે જવાની હિંમત જ ન આવે મેં બગાબર જોયું કે મૂગુ પ્રાણિ— ગમે તેવું તોફાની પ્રેમથી વશ થાય છે આ બધુ આભળતા હું તો વિચાર વધ્યો 'રે જગતીમા જગની બની ગયેલો, વિફરેલો ઘોડોયે વહાલને વશ થઈ શકે છે તો માણસ પ્રેમથી કેમ ના સમજે? કેમ ન સુધરે? જ્યા સુધી માનવોમા પ્રેમયોગીઓ પેદા થતા રહેશે ત્યા સુધી માનવતાને બો નથી પ્રેમ માનવતાની હાન છે આમ વિચારુ છુ ત્યા તો ઘોડાગાડી ચોની ગાડીવાને બાગળુ બોલ્યુ ને પગ દઈને અનિલ ઊતર્યો. ઘરના બાગળા પાસે જઈને બૂમાબૂમ કરી મૂકી 'બા ઓ બા ઊઘાડ' મને કહેવાનુ મન થયુ નાગી બા જાગતી જ હશે શુ કામ ઘાંઘા પાડે છે? પણ મેં તેમ કહ્યુ નહિ ઘરમા ગયા પછીયે અનિલ મોટેથી તેની બાને કહેતો હતો

'મા મારે વાજુ વાપવુ છે પેલા છોકરાઓ— ગાડીમા કેવુ સરસ વગાડતા હતા ' મને કહેવાનુ મન થયુ કે 'અત્યા, આપણને એ ના પરવડે જોયો મોટો વાજાવાળો હ પછી તો તુ ગાયા જ કરે આખો દિવસ! ને ભણે નહિ—પણ આનુ શુ જ મેં કહ્યુ નહિ ને હુ બોલી પડ્યો 'બેટા તારે માટે વાજુ લાવવાનુ હો ' 'હે બાપ! કયારે?' અનિલે કહ્યુ 'તુ અભ્યાસ સારો કરે તો' 'અભ્યાસ તો સારો કરુ છુ ' અનિલે કહ્યુ 'પણ ત્રણ નબરની અંદર નબર લાવવો જોઈએ તો તને ઈનામ આપીશ ને સગીત શીખવા વર્ગમાંયે મોકલીશ અનિલે ઉત્સાહભેર કહ્યુ હા બાપુ હા ' ને તે મારી પાસે બેસી ગયો ત્યા તો બેસી ઊઠી એ, એ એ' એમને અનિલની બાજુમા બોલી 'મૂઈ ઊઠી પછી ટોકીને નહિ કરવા દે ' કેમના ઉકળાટથી તે આ ગમ્યો બોલી હતી! પણ શાંતિથી મેં કહ્યુ 'કઈ નહિ ના તેને જો હુ ગોદી ઉતારુ છુ ''જવા દો હજી હમણા તો તમે આવ્યા થાક્યા પાક્યા ' રમા બોલી પણ હુ તો મારા મગજમા ઊઠતા વમળો સાભળી રહ્યો હતો 'તેમા શુ સેમીનેય ન જોઈએ છે તે જોવુ જોઈએ હુ થાક્યો હઈશ તેથી કઈ બેસી રહેવે ઢુનક ન થાય— ' મે ગોદી કપમા રેડી મે ને અનિલે પાણી ત્યા તો રમા ઉમાને (બેમીને) તેડીને લાવી મે કહ્યુ 'લાવ તુ ગોદી પીને હડી થશે. બેસી તારે થોડુ દૂધ પીવુ છે?' રમા મારી સામે જોઈ રહી તેની આંખો જાણે પૂછતી હતી કેમ મહાશય આજે અમારી આટલી બધી દરકાર કરો છો? આજ કઈ બહુ વહાલ ઊભરાય છે?' પણ મોઢેથી તે કઈ જ ના બોલી મેં બેમીને ખોળામા લીધી ને બૂનાયેલા ખોળાની ઊંડી લીટી મને યાદ આવી—धन्यास्तदङ्गरजसा मलिनी भवन्ति।

બેમી કાલા કાલા શબ્દે મને પૂછતી હતી 'બાપુજી તમે મને મારશો?' 'ના બેટા મારુ શુ?' વહાલથી તેને માથે હાથ ફેરવતા મે કહ્યુ બેબી બોલી 'બા કહેતી હતી કે તારા બાપુજી તને ટીપી નાખશે ' મે પૂછ્યુ 'કેમ?' 'છે ને બાપુજી મે કેવુ સરસ જાજમ માથી લઈને મા ત્યુ ને કોનમા ઘોયુ પાણી બધુ ગંદુ થયુ છે મારશો બાપુ?' ના નહિ મારુ હો! બેસી મારી ઢીંગી ને!' કહીને તેની પીઠ પર હાથ ફેરવ્યો ત્યારે તેણે બંને હાથ મારા ગળામા પરોવી દીધા ને તેની બા સામે જોઈ રહી—જાણે કહેતી ન હોય 'જો બા મેની જા બાપુ તો કેવા સારા છે મને માર ખવડાવવાની હતી ને? જુઓ ' ને હુ જોઈ રહ્યો હતો—પેલો તોફાની ઘોડો—પેલો પ્યારભર્યો ગાડીવાન—તેનો ઘોડા પર ફરતો હાથ—પેલો પૂરપાટ દોડતો ઘોડો—ને તેની ઘૂઘરમાળ છન છન, છન છન, અવાજ કરતી મને સંભળાઈ—જાણે તોફાન-મસ્તી પ્રેમને તાલે વશ વર્તી નાચતા ન હોય!

✱

જર્મનીમા પ્લાસ્ટીકનો વિધવિધ રીતે ઉપયોગ કરવામા આવે છે દ્રાક્ષના બગીચાઓમાં વેલોને પાતળા પ્લાસ્ટીકથી આચ્છાદિત રાખવામા આવે છે કરા, હીમ અને હવામાનની માઠી અસરોથી આ પ્લાસ્ટીક આચ્છાદન દ્રાક્ષને બચાવે છે આમ પ્લાસ્ટીકરક્ષિત દ્રાક્ષ લાંબા સમય સુધી પરિપક્વ થઈ શકે છે અને તેથી તેનો પાક પણ સારો ઊતરે છે આમ વધુ પરિપક્વ થયેલી દ્રાક્ષની મીઠાશ પણ વધારે રહે છે

[૧૬મા પાનાથી ચાલુ]

એવી રાહ ને પગલીન પ્રજા, નવી નેતાગીરી વિનાની પ્રજા, જીવનનો સાત્વિક આનંદ ગુમાવી ધનના પ્રદર્શન વડે રીઝનારી પ્રજા, આરોગ્યવિહોણી અને જુસ્સા વિનાની—કોને એવું ગમશે? ને તોયે શું એ જ સ્થિતિ—!

ગાજો એ ગિરનાર ને ગેરો એ પવાગઢ માતા મહી ને નર્મદા—ગુંજો તમારા ગાન દ્વારિકાધીશના ચરણ પખાળતા સાગર ઊજળો ને ગાઓ ઘેરા ગીત વનવનના તરુઓ ડોલી ઊઠો—જગાવો અમારા પ્રાણ, જગાડો અમારી મહેચ્છાઓ, પ્રેરો અમને પરાક્રમ. નવ ચિંતન ખળભળી ઊઠો અમારી શક્તિઓ જાગી ઊઠે, સહ્યું છે આજનું તો હજુ એથી વધુ ભલે સહી પડો—પણ સુખની લાલચ આડે ગુજરાતના હૃદયની ના જશો, એની બુદ્ધિ ચલિત ના થશો, એની વૃત્તિ સસ્તા ના થશો એની વધુ ધીરજ તી ના ચળ—ના ડરથી, ના ક્ષોભથી ના ગર્જાથી કે ના નિરાશાથી.

ગરવી ગુજરાતની ધજા—ગરવા આદર્શોથી અભિનવ ફરકતી રહો—સદા અણનમ, સદા પ્રતિભાવાન, સદા પરાક્રમી, સદા આગે ધપત!

★

સાભાર પ્રાપ્તિ-સ્વીકાર

હરિસંહિતા (ગ્રંથ ૨ ૩) ન્હાનાલાલ દલપતરામ કવિ પાના ૮૦+૪૧૧ રૂ ૧૦+૧૦ મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિ ૪૬ પરિમલ સોસાયટી, અમદાવાદ, ૬ **મોરનાં આંસુ**: સારંગ બારોટ પાના ૨૬૪ રૂ ૪/— **અગનખેલ**: સારંગ બારોટ પાના ૨૫૨ રૂ ૪/— **રૂંધાતાં જીવન**: શ્રી ના પેરુમે અનુ૦ ગોપાળરાવ વિદ્યાસ પાના ૪૫૬ રૂ ૭/— **ભ્રમણગાથા**: ગો ની દાંડેકર અનુ૦ ગોપાળરાવ વિદ્વાસ પાના ૩૮૬ રૂ ૬/— **ચંપાવતી**: ગુણવંતરાય આચાર્ય પાના ૨૮૭ રૂ ૪/૫૦ આભાર અરવિંદ ગોખલે અનુ૦ ગોપાળરાવ વિદ્વાસ પાના ૩૧૬ રૂ ૫/— —એના પ્રકાશક આર આર શેઠની કંપની મુંબઈ, ૨, **ભારતીય કાવ્ય સિદ્ધાંત**. જયંત કોઠારી-નગીનભાઈ રાજપરા પાના ૨૦૮ રૂ ૩/૨૫ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ **પેલે પાર**: રમણ પટેલ પાના ૯૨ રૂ ૨/૨૫ હરિ પુસ્તકાલય, સુરત **ગાના જેવા ગરમા**: હીરાબહેન પાઠક પાના ૩૨ ૦/૪૦ **જ્ઞાતિઓ ક્યાંથી આવી?** અજયકુમાર દેસાઈ પાના ૩૨ —/૪૦ —બન્નેના પ્રકાશક પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ, ૧ **બતીસ મુશ્કેલીઓ**: (ભાગ ૨) ડૉ૦ નવનીતલાલ ની પટેલ પાના ૩૨ —/૬૨ **શિશુના સંભાળ**: 'સહજ' પાના ૩૨ —/૬૨ —બન્નેના પ્રકાશક ડૉ. નવનીતલાલ ની પટેલ અમદાવાદ, ૧ **એ પણ માણસ હોય શકે છે** જ્યોત્સ્નાબહેન શુક્લ પાના ૨૦ —/૨૦ **સોનાની ઈંટ અને બીજી વાતો** જ કે કાનુગા પાના ૪૪ —/૪૫ **સતનો મારગ** 'સુંદરી' પાના ૪૭ —/૪૦ **શિકારી** જ્યોત્સ્ના બેન શુક્લ પાના ૩૨ —/૨૫ **જાગીને જોઉં તો (૧-૨)** રવિશંકર અધ્વર્યુ પાના ૪૧+૩૮ —/૬૬ **પાકે ઘડે**, મનુભાઈ પંડિત પાના ૮૭ —/૪૦ **સમાજશિક્ષણ પોથી** નિર્મળાબેન દેસાઈ પાના ૧૧૨ —/૮૦ **પથ્થર તરશે રામ નામના** મગનલાલ હ વૈદ્ય પાના ૪૮ —/૩૫ **સમાજ શિક્ષણ સાહિત્ય પત્રિકાશ્રેણી ૧ થી ૧૦** રૂ ૧/૪૦, **નવશિક્ષિત સાહિત્ય નિર્માણ શ્રેણી મણકા ૧ થી ૧૦** —/૬૦ —અગિયારેયના પ્રકાશક ગુજરાત સમાજ શિક્ષણ સમિતિ, સુરત

★

જયન્તિકા પરમાર 'સુમંગલા'

ગૃહમંગલ

માનવીનું મન કુદરતે શા કારણે ઘડ્યું છે? મન તો પશુ–પંખીને પણ છે. પરંતુ માનવી બધાંથી કંઈક જુદો તરી આવે છે. તેની પાસે વાચા છે, ભાષા છે, બીજી વ્યક્તિને સમજવાની શક્તિ છે, ખુદમાં વિચાર કરવાની તાકાત છે; એ વિચાર દ્વારા સારું પારખવાની દૃષ્ટિ છે. કોઈક એવી અગમ્ય શક્તિ છે જે મનુષ્ય પાસે જીવનની તમામ હલચલ, તમામ જરુરિયાતને યેનકેન પ્રકારે ફળિભૂત કરાવે છે. દરેક વ્યક્તિમાં જુદી જુદી શક્તિ રહેલી હોય છે. દરેક વ્યક્તિ બધી વસ્તુઓમાં પારંગત નથી હોતી. તેમ બની પણ શકે નહિ. કોઈપણ એક વિષયના નિષ્ણાત બનવા માટે વર્ષો સુધી તેની પાછળ તપશ્ચર્યા, મહેનત કરવી પડે છે અને ત્યારે જ તેમાં તે પારંગત થાય છે. આજે તો વિજ્ઞાનની શોધોને પરિણામે આખી દુનિયા ઉથલપાથલ થઈ શકે તેવી તાકાત માનવીમાં રહેલી છે પણ એ તાકાતનો સદુપયોગ કરવો કે દુરુપયોગ તેય તેને આધીન છે.

ઈર્ષા અને સ્વાર્થ હમેશાં માનવીને પાડે છે. એક વ્યક્તિ કરતાં ચઢિયાતા થવા માટે અથવા તો સામાની કીર્તિને ઝાંખપ લગાડવા ન કરવાનું કરતાં માણસ અચકાતો નથી. મોટામાં મોટું વેર પૈસો—સંપત્તિ છે. 'હું પણ એનાથી વધુ મોટો થાઉં અને કીર્તિ વધારું', તેમ કરવા જતાં બીજાને નુકશાન થાય તો તેની, મને શું પડી હોય!' ભાવનાથી રંગાયેલો મનુષ્ય સ્વાર્થની આડે બીજું કંઈ જોવા તત્પર થતો નથી.

આ તો થઈ બુદ્ધિશાળી વર્ગની વાત. જેનામાં ઓછી બુદ્ધિ છે, વિચારવાની શક્તિ કુંઠિત થયેલી છે તે બીજો વર્ગ. નાનપણથી તેમના સંયોગો વિપરીત દિશામાં ફરતા હોય છે, પુરુષાર્થ કરી આગળ વધવાની તેમને કલ્પનાયે નથી હોતી. પરંતુ બુદ્ધિશાળી વર્ગની દેખાદેખી કરીને સમજે કે ના સમજે તોપણ તેનું અનુકરણ કરવા પ્રેરાય છે. એ અનુકરણ કરતાં ઊંધે રસ્તે દોરાઈ જાય છે અને પોતાનું જીવન વેડફી મારે છે. બીજાની સલાહ લેવી તેમને ગમતી નથી. કોઈ સામે ચડીને સલાહ આપવા જાય છે તો તેમના મગજમાં તે ઊતરતી નથી. અને નાપાક માણસો એવી વ્યક્તિઓનો લાભ ઊઠાવી તેમને કૂવામાં ધકેલે છે. જ્યારે આંખ ઊઘડે છે ત્યારે પતન થઈ ચૂકેલું હોય છે. એટલે જીવનમાં નિરાશા વ્યાપી જાય છે. જીવન ઝેર જેવું લાગે છે.

સંતોષ જેવું સુખ નહિ

અધકચરી બુદ્ધિ અને ભણતરનું તો નામ 'નહિ એવી કૈલાસનો જીવનદીપ ઓલવાવાની તૈયારીમાં હતો. છતાં તેની મુસ્તાકીમાંથી ઊંચી નહોતી આવતી

એ જમાનામાં દીકરીને ચાર પાંચ ચોપડી ભણાવી એટલે બહુ થઈ ગયુ. કંઈક વાંચતા લખતાં–સહી કરતાં આવડ્યું એટલે બસ થયું. કૈલાસ પાચેક ચોપડી ભણી, એકાદ બે વર્ષ ઘરકામ શીખી, ત્યાં તો એના લગ્નની તૈયારી થવા લાગી. કૈલાસની બા તો બિલકુલ ભણેલાં નહિ એટલે દીકરી આટલું ભણી એ તો ખૂબ કહેવાય. અને હવે વધુ ભણાવીએ તો વંઠી જાય કંઈક એવી છાપ જ મનમાં રમ્યા કરે કે ભણેલાંઓ તો વંઠેલાં હોય. પણ એ માને ક્યાંથી ખબર કે અભણ તો ભણેલાંઓને પણ ટપી જાય તેવાં હોય છે? અહીંતહીથી વાતો સાંભળી સાંભળીને, દેખાદેખીની અસર કૈલાસમાં ઠીક ઠીક આવી હતી. પરણીને સાસરે ગઈ પછી તો પૂછવું જ શું? પિયરનો અંકુશ છૂટયો. રોજ નવું નવું શહેરમાં તો દેખાવા લાગ્યું શોખ વધ્યા. સિનેમા, નાટક, હળવું મળવું, કુથલી કરવી બધુ જ ધીમે ધીમે પ્રવેશવા માંડ્યુ. કોઈપણ બે વ્યક્તિની ગ્રહણશક્તિ એકસરખી નથી હોતી એકની દૃષ્ટિએ સારું કહેવાતું હોય તે બીજાની દૃષ્ટિએ ન પણ હોય. કૈલાસ આવું બધુ જાતજાતનું જોઈ, સાંભળીને દલીલો કરતી અને મોજશોખને પોષવા માટે પ્રયત્ન કરતી.

તેને બીજા કશામાં રસ નહોતો. જેમાં રસ હતો તે પોતાની આર્થિક પરિસ્થિતિને કારણે પોષી શકતી નહિ. એટલે ઘરમાં કંકાસનુ મૂળ ઉત્પન્ન થયું અડેશી પડેશી સૌએ બીજાએ શું ખરાબ કર્યું તે નીરખી નીરખીને કુથલીમા સમય પસાર કરતી આખો દિવસ બીજું કંઈ કામ જ ન હોય., બે ટંક રસોઈ બનાવવી એ જ કામ પતિ નોકરીએ જાય એટલે એકલાં પડવાની જ રાહ જોવાય આજુબાજુમાં બેસી ગપાટા હાંકે. કોઈકનું નવું જુએ કે ક્યારે લઈ આવે! આર્થિક રીતે પોષાય નહિ એટલે પતિ ગુસ્સે થઈ જાય આમ ઓછું પડે એટલે નિરાશા વ્યાપી જાય. લોકોની પાસે ઓશિયાળા થવા પણ ખૂબ સ સ આવડે

ધીમે ધીમે કૈલાસ કુમાર્ગે ચડી ગઈ તેનુ જીવન એટલે મોજશોખ જીવનની કોઈ બીજી બાજુ છે, કે જીવનનું સાચું સુખ શેમાં છે એ વિચારવાનું તેને હતું જ, નહિ એની એક પડોશી બહેન સમજુ હતા, બુદ્ધિશાળી હતાં તેની સાથે કૈલાસને શરૂના બહુ મેળ નહોતો. પરંતુ જેમ જેમ કૈલાસની વાતો વહેતી મુકાઈ, ઝઘડો વધ્યો ત્યારે તેઓએ તેને બોલાવી તેની સાથે નિરાંતે વાતો કરી, દલીલો કરી. જો કે કૈલાસની દલીલો પાસે તેમની દલીલો નકામી થઈ પડે એટલી બોલકણી, તુચ્છકારી શકે એવી એ હતી. પરંતુ થોડા દિવસના પ્રયત્ન પછી એ પડોશી બહેન એને કંઈક સુધારી શક્યાં એના પતિને પણ સમજાવ્યો અને જીવનનો ખ્યાલ આપ્યો. જીવન માત્ર મશીન નથી માણસ નવરું બેસે તો નખ્ખોદ વાળે એ

કહેવત સાચી છે. જેટલું આપણી પાસે હોય તેટલામાં સુખ માનીને જીવવું સહેલું નથી પરંતુ એ રીતે જીવવા પ્રયત્ન કરવો એ પણ મોટામાં મોટું સુખ છે. દરેક વ્યક્તિનું સુખ, નસીબ તેની પોતાની પાસે જ છે. તેને કોઈ છીનવી શકતું નથી.

વીર નારી

વીરમતી નામ પ્રમાણે નાનપણથી જ બહાદર અને નીડર હતી. પિતાને ઘેર પૈસો પણ સારો હતો. અને કુટુંબમાં પણ સૌથી નાની. હમેશાં માબાપને પોતાનું સૌથી પહેલું અને છેલ્લું બાળક વધુ વહાલું હોય છે. છેલ્લા બાળક પછી તેનું જીવન સંતોષી બને છે એ નાનું હોય છે એટલે વધુ સમય બીજાં બાળકો જેટલું તે પોતાની પાસે રહી શકવાનું નથી એ પણ તેને ખ્યાલ હોય છે.

પિતાના ખ્યાલમાં વીરમતીને ખૂબ ભણાવવી અને નામ પ્રમાણે ગુણ પૂરા કરાવવા તેવું હતું પરંતુ દીકરીના કમનસીબ કે પિતા વધુ સમય પોતાની વહાલી દીકરીનું ભવિષ્ય જોવા ન રહ્યા. હૃદયરોગના હુમલાને કારણે આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા. ત્યારે વીરુ તો માંડ મૅટ્રિક સુધી પહોંચી હતી.

વીરુના કુટુંબ માટે આ સજ્જડ આઘાત હતો. ભાઈઓ મોટા હતા એટલે વેપારમાં તો કોઈ મુશ્કેલી આવી નહિ, પણ ઘરમાં માતા હોવા છતાં ભાભીઓનું રાજ્ય વધુ પ્રજ્વલિત બન્યું. બા બિચારી લાચાર બની ગઈ. એનું તો જાણે સર્વસ્વ હણાઈ ગયું.

વીરુના હવાઈ કિલ્લા કડડડ ભૂસ કરતાં તૂટી ગયા. માંડ માંડ તેણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. ખૂબ સારા ગુણ મેળવી પસાર થયેલી એટલે એને આશા હતી કે સમજાવટથી ભાઈઓ ભણવાની રજા આપશે પરંતુ એનું કે બાનું કંઈ જ ચાલ્યું નહિ. અને તરત જ એમની દૃષ્ટિએ સારો ગણાતો મુરતીયો શોધી પરણાવી દીધી

વીરમતી ભાઈઓ પાસે નરમ થઈ ગઈ. મનમાં ખૂબ જ દુઃખ હોવા છતાં, વિરોધ ઉઠાવવાની એટલી તીવ્ર ઇચ્છા હોવા છતાં એક બાને ખાતર પોતાની જિંદગી હોડમાં મૂકી દીધી પરણીને સારા પ્રમાણમાં આણું લઈને સાસરે ગઈ પતિની હિલચાલ જોતાં તેને સમજાયું કે તે પોતાને નહિ પણ સસરાના પૈસાને પરણ્યો છે. કોઈ કામધંધો કરે નહિ, આજે નોકરી હોય તો કાલે કરતા રામની માફક ફરતો હોય. ઘરમાં પણ નિયમિત આવે નહિ. બસ, રખડવુ અને બહાર ફરીને મોજ ઉડાવવી એ જ એનું લક્ષ્ય વીરુ તો પતિની આ વર્તણુક જોઈને છક જ થઈ ગઈ. પત્નીની તો તેને કંઈ પડી નહોતી પણ તેની દાનત તો પૈસા ઉપર હતી. એટલે તેની પાસેથી પૈસા કેમ કઢાવવા તે જ પેરવીમાં રહેતો. એક તો રખડેલ અને પાછો વિષયાન્ધ વીરુ તો આ બધું સહી શકે તેમ હતી જ નહિ. પરાણે પરણાવેલી અને તેમાંય ન ગમતાંને કારણ મળ્યું. વીરુને તો એવી નફરત આવી ગઈ કે સમજાવટથી કામ લેવાનું દિલ જ ન થયું. ત્રણેક મહિના પછી તો તે પિયર આવી, અને બાને સંભળાવી દીધું કે ફરી

તે સાસરે પગ મૂકવાની નથી. આગળ ભણવાનું શરૂ કરવાની છે. બાને ખૂબ દુઃખ થયું. બધાં છોકરાઓ સો સૌને ઘેર સુખી હતાં અને આ નાની છોકરી કે જેના લગ્ન કરવામાં ઉતાવળ કરી મોટાએ તેની જિંદગી બરબાદ કરી, બાએ વીરુને સાંત્વન આપ્યું અને ભણવાનું શરૂ કરાવ્યું. ઘરમાં ભાઈ-ભાભીઓને આ ન ગમ્યું. દીકરી તો સાસરે જ શોભે. એમ રોજ ટકોરતાં જાય અને વીરુને મહેણાં મારતાં જાય.

સમય પસાર થયો તેમ સાસરેથી પણ તેડાં આવવા લાગ્યાં. ના પણ ક્યાં સુધી પડાય? ભણવાનું બહાનું મોટું હતું. પણ ભાઈઓ તો પરાણે મોકલવા તૈયાર થયા. એટલે વીરુ સામે થઈ, 'મારે માટે બાપુજી જે મૂકી ગયા છે તે મને સોંપી દો. હું મારુ ફોડી લઈશ.'

આપવાની તો વાત દૂર રહી. માત્ર તેમની પાસે તો બહેનને સાસરે મોકલવાની જ વાત હતી. એક દિવસ વીરુ ઘરમાંથી બહાર નીકળી ગઈ. હોસ્ટેલમાં રહી. અને દરેક મહિને જે ખર્ચ થાય તે પ્રમાણે બીલ બારોબાર મંગાવવા લાગી તેના નામની જુદી મિલકત હતી એટલે તેમને આપ્યા વગર છૂટકો જ નહોતો નહિતર મામલો વધી જાય.

વીરુએ ડૉકટરની ડીગ્રી સંપાદન કરી. નાનકડો ફ્લૅટ રાખી બાને લઈને રહેવા લાગી નાનકડી હોસ્પિટલ શરૂ કરી. અને સ્ત્રીઓનાં દર્દોની પણ જાણકાર બની સેવામાં લીન થઈ ગઈ. અને આ રીતે પરાણે લદાયેલા જીવનને ઠોકર મારી પોતે આબરૂભેર જીવી શકે છે તે ભાઈઓને બતાવ્યું.

તેને પૈસાની પડી નથી. એકલીને માટે જોઈએ તેટલું રાખી ગરીબોની સેવામાં મગ્ન બનીને સુંદર દવાખાનું આજે તે ચલાવે છે.

ઓશિયાળાંની હિંમત

કાન્તાને માથે જાણે દુઃખના ડુંગરા ઊતરી આવ્યા હોય તેવું તેનું વર્ણન હતું. સુખ અને દુઃખ વારાફરતી જીવનમાં આવ્યા જ કરે છે. ક્યારે તે આવશે કે કયા સંજોગોમા આવશે તે ખબર નથી હોતી. દરેક વ્યક્તિની આવડત કે સંજોગો પણ સરખા નથી હોતા. કેટલાંક પોતાના દુઃખને હળવા સ્વરૂપે લે છે, કેટલાંક તેને મોટું કરે છે. માને તો દુઃખ નહિતર જેવે સમયે જે ઊતરી આવે તેમાં જ આનંદ માની લેવો એના જેવું સુખ દુનિયામાં બીજું એકેય નથી.

પણ કાંતાબેન તો ઓશિયાળું જીવન જીવવામાં જ જાણે રચ્યાપચ્યાં રહેતાં હતાં. એક તો આવડત ઓછી અને બુદ્ધિ તો બિલકુલ ચાલે જ નહિ. બે ટંક રોજની રસોઈ કરી જાણે બીજી કોઈ પ્રવૃત્તિમાં રસ નહિ—સિવાય કે કુથલી, બીજાની વાતોમાં તે એક્કાં

ખાસ ભણ્યાં ગણ્યાં નહિ. ગામડામાં રહેતાં એટલે ત્યાંની રીતરસમ મુજબ વહેલા પરણાવી દીધાં. સાસરે સાધારણ ઠીક કમાઈને લાવે. એટલું ખર્ચાઈ જાય. પરણીને ત્રણેક વર્ષ માંડ પૂરાં થવા આવ્યાં ત્યાં તેમના પતિનું અવસાન થયું. કાન્તાબેન તો નિરાધાર થઈ ગયાં પિયરમાં પિતાની આવક ઝાઝી નહિ પણ

દીકરીને પોતાના ઘરમાં સમાવી. પિતા જીવે છે ત્યાંસુધી તો તેમના ભરણપોષણની ચિંતા નહિ પણ પછી શું ? પોતાને તો કંઈ જ આવડતું નથી. આખી જિંદગી કેમ કાઢવી ? પિતાએ તેને ખૂબ સમજાવી અને ભણવા બેસાડી થોડું ઘણું ભણી શકે તો ગામડામાં શિક્ષિકાની નોકરી ઝટ મળી જાય.

કેટલાંય વર્ષનું બેઠાડુ જીવન થઈ ગયેલું. અભ્યાસ જેવું જીવનમાં કંઈ હતું જ નહિ. બીજી બધી ઘણી વાતો યાદ રાખવાની હોય ત્યાં ભણવાની વાતો ક્યાંથી યાદ રહે ? મન વગર પાકા ઘડે કાંઠા ચડાવવા પ્રયત્ન કરીએ તો પણ કેવી રીતે ચડે ? તેની પાછળ તો કેટલી મહેનત જોઈએ ? તન અને મન સાથે ભણતર વણાઈ જવું જોઈએ. કાન્તાને તો વાંચતાં કે લખતાં હમેશાં તેનું દુઃખ જ યાદ આવે. અરે તો આટલી દુઃખી એટલે આ ઉંમરે ભણવા આવવુ પડયું એમ રોદણાં રડીને બેસી રહે. કોઈનું સારું જોઈ શકાય નહિ. એકબીજાની વાતો કરવા જોઈએ અને તેમાંય જો કોઈએ કંઈ કહ્યુ હોય તો તો લેખી જોખીને સંભળાવે. આટલી શક્તિ અભ્યાસમાં ખર્ચે તો જરૂર પાસ થઈ શકે.

ઓશિયાળું જીવન જીવવાને ટેવાયેલાં કાન્તાબેન એમ કહે ખરાં કે 'મારે તો પગભર થવું છે હવે તો નોકરી જ કરવી છે.' પણ પરાણે છૂટકો નથી એટલે શું થાય ? આવડત હોય કે ન હોય પણ નોકરી કરીને પૈસા જોઈએ છે. હું દુઃખી છું તો મારા ઉપર દયા કરો. એ જ ભાવના, તૃષ્ણા આખાય ધ્યેયની પાછળ છૂપાયેલી હોય. આમ દુઃખી દુઃખી કરીને રડવાથી, આમ જ બેસી રહેવાથી શ્રેય ન થાય.

ભારતમાં આવી દુઃખી નારીઓ ઘણી છે. તેમના જીવનને નવેસરથી ઘડવા તેમનામાં હિંમત, આત્મવિશ્વાસ જોઈશે. જ્યારે ભારતની નારી એ હિંમત કેળવશે ત્યારે ભારતનો જયજયકાર હશે.

બાળવિકાસમાં માર્ગદર્શન

કુદરતે નાનપણથી જ બાળકમાં પણ અમુક અમુક રસ ઉત્પન્ન કર્યા છે. દરેક વ્યક્તિ સંપૂર્ણ નથી હોતી. બધા વિષયમાં તે પાવરધી ન પણ હોય. વાતાવરણ અને જન્મસંસ્કારની રૂએ તેનામાં અમુક રસ જાગૃત થયેલા હોય છે. ક્યારેક તે સુષુપ્ત અવસ્થામાં પણ હોય છે.

બાળકની આ વૃત્તિ કોઈપણ પ્રકારે બહાર આવે છે ખરી. જેને આપણે તોફાની વૃત્તિ કહીને ક્યારેક ગણકારતાં નથી. પરંતુ એ તોફાન દ્વારા તેનો ઊંડો ઊંડો વિકાસ સધાય છે એ આપણે ભૂલી જઈએ છીએ.

ઘરમાં પોતાનાં મોટાં ભાંડુઓને અભ્યાસમાં લીન જોઈને નીલુને પણ પાટી-પેન લઈને દોરવું, લખવું ખૂબ ગમતું. ઘરના કામકાજમાં પણ ડબકું મારી આવતા નાનકડા ચાર વર્ષના નીલુનો ઉત્સાહ જોઈને તેને શીખવવા માંડયું, નાની નાની ચોપડીઓ પણ વસાવી અને નીલુ તો જાણે એમાં મસ્ત બની ગયો. એટલો હોંશે હોંશે એ શબ્દો તૈયાર કરવા લાગ્યો કે એની યાદશક્તિ ઉપર ફીદા થઈ જવાય

ગ્રંથ

સર્જનના રાહે

પંચાયત રાજ, સંતતિ નિયમન-સાચો માર્ગ, ગ્રામદાનનો નૈતિક આધાર, ગીતાનો આદેશ:

[ચારના લેખક : ગં. મ. સરૈયા, આર. કે. પ્રભુ. પ્રકાશક : નવજીવન મંદિર અમદાવાદ. મૂલ્ય ન. પૈ. ૩૦, ૪૦, ૨૫, ૨૫]

વિવિધ વિષય ઉપર ગાંધીજીના વિચારોને સંક્ષિપ્તમાં પણ સ્પષ્ટપણે રજૂ કરતી આર. કે. પ્રભુ સંપાદિત આ પુસ્તિકાઓ સમયસરની છે. ગાંધીજી ગયા પરંતુ અમલ... મા જાગરવાની ને એમના અર... માનેને અ... આપવાની નૈતિક ફરજ દિવના દરેક નાગરિકની છે. ગાંધીજીની વિશિષ્ટતા એ છે કે જીવનને સ્પર્શતા તમામ પ્રશ્નો વિષે ઊંડું ચિંતન કરી જીવન ઘડવાની સાચી કળા એમણે શિખવી છે. સમાજની સૂરત એમણે પકડી એ સમજ કેવો હોવો જોઈએ એનું સુરેખ ચિત્ર પણ એમણે દોર્યું છે. રાજકારણના અટપટા પ્રશ્નોમાં પણ સાધ્ય વિશે જાગ્રત રહીને શુદ્ધ સાધનોનો ઉપયોગ કઈ રીતે કરવો એ એમણે અનેક પ્રયોગો વડે બતાવ્યું છે.

આ ચાર પુસ્તિકાઓ ૩૦-૪૦ પાનામાં ઘણી ચિંતનાત્મક સામગ્રી પીરસે છે. **પંચાયત રાજ** આજ... ગામની ગાંધીજીની ભાવના રજૂ કરે છે. દેશના નવનિર્માણમાં ગાંધીજીના ગ્રામ સ્વાવલંબનના સિદ્ધાંતને સ્વીકારવામાં આવ્યો છે પરંતુ સ્વાવલંબન સ્થાપવાની

આવો સુંદર નીતુ સ્વભાવે ચીડિયો અને જીદ્દી હતો. તે ધારે તે વખતે જ્યાં હોય ત્યાં માગે તે વસ્તુ તેને જોઈએ. કારણ શરૂઆતમાં જે વસ્તુઓ પોષી હોય તેને માટે જીદ થઈ જાય. એ વખતે ન મળે તો બાળક તો ગુસ્સો કરે. નીતુ તેનો ગુસ્સો ...ડીને અથવા રીસાઈને વ્યક્ત કરતો હતો. તે એવો તો જોરથી કે જાણે કોઈએ માર્યો હોય.

નીતુના દાદી તેનું ઉપરાણું લે અને તે રડે એટલે એની માને ધમકાવે. છોકરાને તમને સાચવતા જ નથી આવડતે. એક જણ ઉપરાણું લે, એક જણ ધમકાવે. જ્યાં મનને સાંત્વન મળતું હોય, ધાર્યું પાર પડતું હોય ત્યાં જ બાળક શું, મોટાય દેડશે. આમ નીતુ વાત વાતમાં ચીડિયો, જીદ્દી અને રીસાળ થઈ ગયો.

બાળક બે વર્ષનું થાય અને તેને જે કંઈ લાવી આપીએ, અગર માગે તે શોખ પૂરા કરવા હોય તો ભાવિનો વિચાર પહેલો કરવો જોઈએ. કારણ, પડી ટેવ તે ટળી કેમ જાય! સહેજ મોટું થાય એટલે તેના ઉપર નિયંત્રણ આવી જાય ત્યારે હકીકતમાં એ જ સમયમાં એને બધું નવું નવું શીખવાનું, જાણવાનું મન થાય. એકની એક વસ્તુ તેને નથી ગમતી તેનું એ જ કારણ છે.

એના શોખને, પ્રવૃત્તિને એવી રીતે જોઈએ જે એના વિકાસમાં માર્ગદર્શનરૂપ થઈ રહે.

★

પદ્ધતિ વિશે ગજબનો ગૂંચવાડો છે શિક્ષિત સમાજ આ વિચારોને વાગોળશે ને પંચાયત રાજને મજબૂત બનાવવામાં પોતાની શક્તિ ખર્ચશે તો ગાંધીજીની કલ્પનાનું હિંદ ઓછેવત્તે અંશે પણ ઊભું કર્યાનો સંતોષ હિંદ માણી શકશે 'પશ્ચિમના મરણ પામતા સુધારાની હલકી' આવૃત્તિ હિંદ ન બને એ વિશે ગાંધીજી ખૂબ ચિંતાતુર હતા જો કે પશ્ચિમનો સુધારો મરણ પામવા ભણી છે એ વિચારમાં કોઈને ગાંધીજી પૂર્વગ્રહી ભાસવા સંભવ છે ગાંધીજીએ આ વિચારો વ્યક્ત કર્યા (૧૯૩૮માં) ત્યારે પશ્ચિમ ભણી જોઈને જ દેશનું કલેવર બદલવાના હિમાયતીઓ હિંદમાં ઘણા હતા એ કારણે પણ ગાંધીજીએ આવા આકરા શબ્દો વાપર્યા હોય તો નવાઈ નહીં પુસ્તિકાને અંતે ગામડાના પ્રશ્નો ઉપરની પુસ્તકસૂચિ ઘણી ઉપયોગી નીવડશે

સંતતિનિયમન વિશે ગાંધીજીના વિચારો જાણીતા છે કૃત્રિમ ઉપાયો વડે પ્રજોત્પત્તિ અટકાવવાની પ્રથા પ્રત્યે ગાંધીજીને ખૂબ સૂગ હતી એ સૂગ ગાંધીવાદીઓને વારસામાં મળી છે પરિણામે સરકાર આજે કુટુંબનિયોજનનો પ્રચાર જોરશોરથી કરે છે ને ગાંધીવાદીઓ આત્મસંયમ વડે કુટુંબની સંખ્યા મર્યાદિત કરવાની હિમાયત કરે છે ગાંધીજીનો માર્ગ કઠણ છે અવ્યવહારુ છે ને પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ આણવામાં વિઘ્નરૂપ છે એમ ઘણાને લાગે છે રતિસુખ અને કામવાસના વચ્ચે મોટો તફાવત છે એમ માનસશાસ્ત્રીઓ કહે છે આથી ગાંધીજીના સંતતિનિયમન વિશેના વિચારો બહુજનસમાજ અપનાવી શકશે કે નહીં એ સવાલ છે કૃત્રિમ સાધનોનો દુરુપયોગ ન થાય એ જોવાની સમાજની ફરજ છે, પરંતુ દુરુપયોગ થશે જ એવી ગ્રંથિ બાંધીને એનો વિરોધ કરવો ને વસ્તી સમસ્યાને જટિલ બનવા દેવી એમાં દેશને લાભ શો નુકસાન છે

શાકાહારનો નૈતિક આધાર સરળ ભાષામાં પણ સચોટ રીતે ગાંધીજીના એ વિષય પરત્વેના વિચારો રજૂ કરે છે 'માંસાહાર ત્યાગની નૈતિક ભૂમિકા' નામનો લેખ સુંદર છે ગાંધીજી શાકાહારને જ સાર સર્વસ્વ નથી ગણતા શાકાહાર પાછળની મૂળ ભાવના તો સંયમી જીવન જીવવાની તાલીમ પામવી એ છે એ માટે ગાંધીજી મિષ્ટાન્નનો પણ ત્યાગ સૂચવે છે

ગીતાનો સંદેશ સાવ અભણ માનવી પણ સમજી શકે એવી સુંદર રીતે ગીતાની ફિલસૂફી સમજાવે છે માનવીના હૃદયમાં સતત ચાલતા દ્વંદ્વ યુદ્ધને શાંત પાડવામાં ને આધ્યાત્મિક ઉત્થાનમાં ગીતા કેટલી ઉપયોગી નીવડી શકે એ અંગત અનુભવો ટાંકીને દર્શાવ્યું છે કર્મ અને અનાસક્તિ ઉપર ગાંધીજી ખૂબ ભાર મૂકે છે ગીતામાં શ્રદ્ધા હોય તો જ માનવી એનો મહિમા સમજી શકે ને એનો આત્મા સંતોષ પામી શકે રાષ્ટ્રીય શિક્ષણમાં ગીતાનો અભ્યાસ ફરજિયાત ન બનાવી શકાય એમ સ્પષ્ટ જણાવીને ગાંધીજીએ એક મહદ્ સેવા કરી છે નહીં તો ધર્મ-ઝનૂનીઓ ભવિષ્યમાં ગીતાનું શિક્ષણ આખા રાષ્ટ્ર ઉપર ફરજિયાતપણે લાદતા સંકોચાય એવા નથી, અને તે પણ ગાંધીજીના ગીતાપ્રેમના નામે

ચારેય પુસ્તિકાઓ ગાંધીવિચારનો પ્રચાર કરવામાં ખૂબ સહાયભૂત નીવડશે ગાંધીજીના વિચારોના પ્રચારની સાથે સાથે એમની ફિલસૂફીનું તલસ્પર્શી વિવેચન કરનાર ચિંતકોની પણ દેશને આજે ખૂબ જરૂર છે બદલાતી પરિસ્થિતિ સાથે ગાંધીવાદ કૂચ નહીં કરે તો આ મહાન અને બુનિયાદી વિચારસરણી સંકુચિત ઉપાસકોના હાથમાં જ સપડાઈ રહેશે ને પરિણામે ઝનૂની સંપ્રદાય બની બેસશે

પ્રેમઘટા ઝૂક આઈ

[લેખિકા સરોજ પાઠક, પ્ર ચેતન પ્રકાશન ગૃહ, વડોદરા રૂ ૪/—]

શ્રી સરોજ પાઠકનો ગુજરાતી વાર્તાક્ષેત્રે પ્રવેશ એ એક મહત્ત્વની અને આનંદદાયી ઘટના ગણાવી જોઈએ. આ વાર્તા-લેખિકાઓ આમેય સંખ્યામાં ઓછી છે એ દૃષ્ટિએ પણ સરોજબેનને ઉમંગના સ્વાગતમાં પામવા,

ઐતિહાસિક મહત્તાવાળી નવલિકાઓ લઈને આવે છે એ તેની વિશિષ્ટતા ગણાય. કાલ્પનિક, પ્રસંગોચિત કે સાંભળેલી વાર્તા વાંચીને ઘડીભર મનને આનંદ મળે. પણ ઐતિહાસિક વસ્તુને રજૂ કરતી નવલિકા તો તેની આગવી સિદ્ધિ લઈને જ આવતી હોય છે એટલે તેની વાચકો ઉપર અસર પણ ધારી પડે જ છે.

આ સંગ્રહની તેત્રીસે નવલિકાઓ ઐતિહાસિક કથા-વસ્તુવાળી અને મહદ અંશે ગુજરાતના ઇતિહાસમાંથી જ રચાયેલી છે એટલે ગુજરાતી વાચકોને તેમાં રસ પડે જ. ગુજરાત બહારના ઇતિહાસને પણ ઇતિહાસ તરીકે વાંચવા આપણે ન પ્રેરાઈએ, પણ ઇતિહાસને ગૂંથી લેતી, ઇતિહાસ સાથે તદ્રુપ બનાવતી આવી નવલિકાઓથી એનું મહત્વ આગવું જ રહે અને તેમાંય આપણા એક અને અદ્વિતીય નવલિકાકાર એ પ્રસંગોને નવલિકામાં ગૂંથે પછી તો એની વાંચવાની મઝા જ કોઈ નવો રંગ ધારણ કરે. ઇતિહાસના કેટલાય પ્રસંગો આવી વાર્તાઓથી વધુ ને વધુ પ્રકાશમાં આવે એવી આપણે આ કુશળ વાર્તાકાર પાસે અપેક્ષા રાખીએ.

દેવનર્તકી :

[લે. ચુનીલાલ વ. શાહ પ્ર. ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત રૂ. ૧/૫૦].

સોલંકી વંશના ગુર્જરેશ્વર મૂળરાજદેવ પછી તેનો પુત્ર ચામુંડદેવ ગુર્જરેશ્વર થયો. તેના ઉત્તર જીવનનું આ ત્રિઅંકી નાટક છે. કર્તાની પ્રસિદ્ધ નવલકથા 'નીલકંઠનું બાણ' ઉપરથી વસ્તુ લઈને આ નાટક રચાયેલું છે.

ત્રણ અંકનું આ સળંગ નાટક હોવા છતાં જૂની રંગભૂમિ પ્રણાલીને લેખક વળગી રહ્યા છે એવું લાગે છે તેનું કારણ તો દરેક અંકના પ્રવેશો એકથી વધુ દશ્ય યોજનાવાળા છે. સંવાદોમાં પણ જોશીલાપણું નથી. પૃ ૨૩ ઉપર તેજસિંહ જે હુકમ છોડે છે અને એ કહ્યું એટલી વારમાં તૈયાર થઈ આવી જાય છે એ અસંભવિત દોષ અને પૃ. ૨૫ ઉપર એક જ પ્રવેશમાં રાતમાંથી સવાર તરત દેખાય એ પણ નાટકમાં ખૂંચે છે.

નાટકનું ઐતિહાસિક તત્ત્વ જ નાટકને નાટક બનાવે છે એવું નથી. ત્રિઅંકી સળંગ નાટક માટે તો એ માટેની હથોટી પણ જોઈએ. નવી રંગભૂમિને અનુસાર અત્યારના જમાના પ્રમાણેનું નાટક કરવાનો લેખકનો પ્રયત્ન મહદ અંશે તો સફળ થયો જ છે કહેવું જોઈએ. ઊડીને આંખે વળગે એવી કોઈક જ ક્ષતિ દેખાઈ તે ઉપર રજૂ કરી એ સિવાય તો ભજવનાર જ આ નાટકની સફળતા-અસફળતા વિષે સાચો અભિપ્રાય આપી શકે. આપણા વયોવૃદ્ધ સાક્ષર પાસેથી તો આવી સજાગતાની અપેક્ષા તો રાખવી જ રહી. તેમના દરેક પુસ્તકમાં વરતાતી જાગરૂકતા આ ક્ષેત્રે આ નવા અને પોતે જ તૈયાર કરેલા નાટકના પુસ્તકરૂપે પ્રથમ જ પ્રગટ થતા આ નાટકમાં દેખાય છે.

★

મુંબઈ સરકારે ગયા વર્ષનાં પ્રકાશનોમાં વિવેચન-સાહિત્ય માટે જે પુસ્તકને ઇનામપાત્ર ગણ્યું છે તે ગુજરાતના વિદ્વાન વિવેચક શ્રી અનંતરાય રાવળનું,

સાહિત્યનિકષ મૂલ્ય : રૂ. ૪/૨૫ [રજિ. પો રૂ ૧/–]

આપની નકલ મેળવવાનું મુખ્ય સ્થળ :

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ

૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ : અમદાવાદ, ૧

ઊર્મિ નવરચના

અંક ૩૬૩ : જૂન '૯૦

તંત્રી: [illegible] દવે
સંપાદક: [illegible] પરમાર

ભારતનારાયણ [illegible]

[illegible]

[illegible] કથાઓ	[illegible]	-/૫૦
પંચ[illegible] અર વાર્તાઓ		૪/—
[illegible]	[illegible]	૧/૨૧
નાનના ?ેમ		૧/—
આમ [illegible]		૧/ ૫
[illegible]		૧/૨૫
ગ?ન-પ્રતિમા	[illegible]	૫/—
[illegible]		૧/૨૫
[illegible] (નવી આ)		૧/—
કડદો	પન્નાલાલ પટેલ	૧/૫૦
છો અને મેરો (આઠ ભાગ)	ઉછરંગરાય જોષી	૧૩/૫૦
અજંપો	ગમ્બાદમ ભાગુરાના	૭/૨૫
?ીકરો	?િમાકાન્ત	/ ૫
સુરમગ્ગા (નવી આ)		૭ ૭૫
મગન ક?ીત		૧/૭૫
અંકુર	[illegible] પટેલ	૮/૫૦
પુનર્મિલન		૫/—
નવા કોવર ધરો હમના		૫/—
આત્મકથના	વિશ્વમિત્ર	૫/૫૦
અમર દીપ	ભૂપત ?ગેહરિયા	૫/—
માથ [illegible]		૫/—
મગા પડછાયા	[illegible] નાયક	૭/૫૦
અન[illegible]પાણી	સત્યમ્	૫/૨૫
જનની નારે		૫/૭૫
ધરતીનાં ?ીર	?ેશકર મહેતા	૬/—
ધરતી[illegible]		૮/૭૫
પ્રગ્નામૂર્તિ [illegible]	[illegible] પટેલ	૧/૩૦
માનવતાના ?ાદ		૪/૫૦
જનતા કાજ [illegible]		૧/૫૦
ગામડાની કેડીએ	પીતામ?ર પટેલ	૧/૨૫
ધન્ય તારો ગનાજ રે		૧/૫૦
વતન ભાગનના નીરથ (૫ ગ ભાગ)		૩/—
[illegible]		[illegible]
મા [illegible]	[illegible]	[illegible]
ધ[illegible]	[illegible]	૪—
સાહિત્યનિકર	અનનરાય [illegible]	[illegible]
સાહિત્યવિહાર (નવી આવૃત્તિ)		[illegible]
દિરેફનું વાર્તામધુ (ન આ.)	[illegible]	[illegible]
ધમ્મવાણી ધમ્મદીપ ( )		[illegible]
સમાજ (નવી આ)	[illegible]	[illegible]
રેલગાડીની સૃષ્ટિ (નવી આ)		૧/ ૪
પાનખર અને વસંત	સાને ગુરુજી	[illegible]
સંધ્યા (નવી આવૃત્તિ)		[illegible]
કરુણાદેવી		[illegible]
શ્યામની મા		૬/—
મ[illegible]ની ૩૮ વાર્તાઓ		૪/—
તીર અને તુક્કા	રમાબેન ગાંધી	[illegible]
[illegible]ન-ઝંઝાવાત		-/—
રાખમાં જ્યો છે અમારા	રમણિક પટેલ	[illegible]
સાધના અને સિદ્ધિ	[illegible]	[illegible]
માના જીવતર	[illegible] પટેલ	૭/૫૦
છે [illegible]	[illegible]	[illegible]
હૈયાઉકલત	મનુભાઈ જોધાણી	૧/ ૫
કુમ હરવા		[illegible]
સૌથ કથાઓ		૧/૨૫
અમૃતપાત્ર	[illegible]	૪/ •
ખન્ના તારા	જિતુભાઈ [illegible] મહેતા	૪/ •
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
અન્તિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ભારતયાત્રા	[illegible]	૧/—
મનની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૨૫
છે [illegible]		૫/—
[illegible]	[illegible]	૨/૫૦
સાદા ચાદા પેળી	વસંત જોધાણી	-/૧૫
સુની પડી રે સીતા	ધનશ્યામ ઠાકર	-/૨૦

— ઉપરના નવા પ્રકાશનો ઉપરાંત અમારાં બધાં પ્રકાશનોનું નવું સૂચિપત્ર મંગાવો —

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ ૧૪ ગાંધી રોડ [illegible] અમદાવાદ ૧

આ માસથી અગિયારમા વર્ષમાં પ્રવેશતું

નિસર્ગોપચારની દષ્ટિએ ચાલતું પ્રથમ ગુજરાતી માસિક

તંદુરસ્તી

તંત્રીઓ :

ડૉ. ભૂપતરાય મો. દવે ★ ડૉ. શંકરલાલ મો. દવે

આપને ગમે ત્યાંથી વાંચવા મળતું તો હશે જ. પણ આપને નથી લાગતું કે એ વાંચીને પાછું આપવું સારું નથી? કાયમી વાચન માટેનું સંઘરવાયોગ્ય આ એક જ માસિક છે.

વરસમાં જૂન, સપ્ટેંબર, ડિસેમ્બર અને માર્ચ એ ચારમાંથી કોઈપણ માસથી રૂપિયા સાડાપાંચ–[વિદેશમાં શિ. બાર] માં વાર્ષિક ગ્રાહક નોંધાય છે.

વાર્ષિક ગ્રાહક થનારને દિવાળી અંક ભેટ મળે છે.

આપનું લવાજમ નીચેના કોઈપણ ઠેકાણે આજે જ મોકલો

તંદુરસ્તી કાર્યાલય

આરોગ્ય ધામ, અચુબ મેન્શન, વિન્સેન્ટ રોડ, મુંબઈ, ૧૯

અથવા

ભારતી સાહિત્ય સંઘ (પ્રા.) લિમિટેડ
૬૪, ગાંધીરોડ, ફર્નાન્ડીઝ બ્રિજ, અમદાવાદ, ૧

અમારાં પ્રકાશનો ઉપરાંત ગુજરાતી સાહિત્યનાં બધાં નવાં પ્રકાશનો અમારે ત્યાંથી હમેશાં મળી શકે છે. ૧૯૬૯નાં નવાં પ્રકાશનો ('બીજા પ્રકાશકોનાં) નીચે મુજબ છે :—

★

હરિસંહિતા ૧–૨–૩	ન્હાનાલાલ કવિ,	૩૦–૦૦
પુણ્યમિત્ર	ધૂમકેતુ	૪–૫૦
કુમારદેવી	"	૫–૦૦
પ્રેમપંથ ૧–૨	ઈશ્વર પેટલીકર	૧૧–૦૦
દરિયાપાર	ગુણવંતરાય આચાર્ય	૪–૫૦
આચાર્યની શ્રેષ્ઠ નવલિકાઓ	"	૩–૫૦
ભગવાન તારું શું થશે	"	૩–૦૦
ભરજોબન	"	૪–૫૦
ચંપાવતી	"	૪–૦૦
હું એક મુરખિયો	દામુ સાંગાણી	૩–૦૦
પરણ્યા છતાં કુંવારા	"	૨–૫૦
શું હતા, શું થઈ ગયા	"	૩–૫૦
મનનાં મનોરથ	ગ૦ હી૦ બદામી	૪–૦૦
ગરીબનો બેલી	"	૩–૦૦
વીતી જશે આ રાત?	ભગવતીકુમાર શર્મા	૩–૫૦
રાજયોગી	રમણલાલ ધીરજલાલ શાહ	૩–૦૦
લોખંડી ખાખનાં ફૂલ ૧–૨	'જયભિખ્ખુ'	૧૧–૦૦
અંતરના અજવાળાં	પીતાંબર પટેલ	૬–૦૦
હરસે સિંગાર	"	૫–૦૦
રૂંધાતાં જીવન	શ્રી. ના. પેંડસે	૭–૦૦
આભલા	અરવિંદ ગોખલે	૬–૦૦
શ્રમસુગાથા	ગો. ની. દાંડેકર	૫–૦૦
ટીનડી	વિ. સિ. ખાંડેકર	૫–૦૦
ખમ્મા અન્નદાતા	યાદવેન્દ્ર શર્મા	૫–૦૦
કાવ્યરેખા	હરીશ નાયક	૪–૦૦
વિષ અને અમૃત	ચંદુલાલ જેઠાલાલ વ્યાસ	૭–૦૦
કચ દેવયાની	મંજુલાલ સાકરલાલ	૩–૦૦
માંગલ્યદૃષ્ટા મહાકવિ	બાલચંદ્ર પરીખ	૧–૨૫
ફુલનારી	નીરુપમા દેવી	૩–૦૦
રહસ્યનગરી	શિવકુમાર જોષી	૪–૦૦
સેવાશ્રમ	જસવંત મહેતા	૩–૫૦
મંગલ પ્રભાત	ફાલ્ગુની મુખોપાધ્યાય	૮–૦૦
દેવદુલારી ૧–૨	શયદા	૮–૦૦
મા તે મા ૧–૨	"	૧૦–૦૦
ચાલો સજોડે સુખી થઈએ	ચિનુભાઈ પટવા	૬–૫૦
આનંદ ભૈરવી	સારંગ બારોટ	૮–૭૫
રાગ વૈરાગ	"	૪–૦૦
અગનખેલ	"	૪–૦૦
સુજાતા	કાશીરામ ઠાકુર	૫–૭૫
જળપ્રલય	પ્રભાકર રાવળ	૩–૦૦
પ્રીત પરાઈ ૧–૨	કૌશિક	૧૨–૦૦
દ્વાર અને દિવાલ	કુન્દનિકા કાપડિયા	૪–૫૦
આત્મચક્ષુ	સુરેશ ગાંધી	૪–૦૦
ગોર્કીની શ્રેષ્ઠ વાર્તા	ગોર્કી	૭–૫૦
ઊંધે ઘડે પાણી	જયેન્દ્રરાય દૂરકાળ	૩–૫૦
પ્યાર	ચન્દ્રકાન્ત બક્ષી	૪–૨૫
રોમા	"	૩–૭૫
અભિશાપ	ખીમચંદ વોરા	૫–૦૦
રૂપરાણી	વજુ કોટક	૬–૨૫
છ ચડી	પરાગ	૫–૭૫
ગૌરી ૧–૨	કૌનક	૧૧–૦૦
ઉરના એકાંત ભડકે બળે	ભદ્રકુમાર યાજ્ઞિક	૬–૦૦
મન મોતી ને કાચ	વિઠ્ઠલ પંડ્યા	૭–૫૦
વૈશાખી વાદળ	નંદકુમાર પાઠક	૫–૦૦
વસંતસેના	ગોરખ	૪–૭૫
અંગુલીમાલ	"	૪–૦૦
બાવન પત્તે	કૃષ્ણચંદ્ર	૭–૫૦

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ. : ૬૬, ગાંધીરોડ : ફેર્નાન્ડીઝ બ્રિજ : અમદાવાદ, ૧

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧ (૨૭૯૨૮૯)

આયુર્વેદિક દવા

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧ કિંમતી અનેક વનસ્પતિઓમાંથી તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. રામતીર્થ બ્રાહ્મી તેલના નિયમિત ઉપયોગથી મગજના જ્ઞાનતંતુ તથા શરીરના ક્રિયાતંતુ બળવાન બનાવવામાં, માથાનો દુઃખાવો મટાડવામાં, આંખોની ગરમી ઓછી કરવામા તેમજ દૃષ્ટિ અને યાદશક્તિ વધારવામાં, ગાઢ નિદ્રા લાવવામાં, ખરતા વાળ અટકાવવામાં, વાળ લાંબા કાળા અને તેજસ્વી બનાવવામાં, શરીર પર માલીસ કરવાથી ચામડીને તાઝગી આપવામાં તથા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામાં દરેક રીતે અનુકૂળ છે. દરેક ઋતુમાં દરેકને અનુકૂળ છે.

મોટી બાટલી રૂ. ૪=૦૦ * નાની બાટલી રૂ. ૨=૦૦ બધે મળે છે.

ટપાલથી મંગાવનાર માટે દેશ-પરદેશનું પોસ્ટેજ તેમજ પેકીંગ ચાર્જ અલગ છે.

ઉમેશ યોગદર્શન પ્રથમ ખંડ

લેખક :- શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

આ ગ્રંથમાં રોગી તથા નીરોગી સ્ત્રી-પુરુષોની તંદુરસ્તી સારી રાખવા માટે ૭ પ્રકારના મલ-શોધન કર્મ આસનો, માનસિક ઈલાજ, જલોપચાર, સૂર્યકિરણ ચિકિત્સા, આહાર ચિકિત્સા વગેરે અનેક શક્તિવર્ધક તથા રોગનિવારક ઘરમાં થઈ શકે તેવાં સુગમ સાધ્ય ઈલાજો બતાવેલ છે. આ ગ્રંથમાં ૧૦૦ થી વધુ પેજ આર્ટ પેપર ઉપર આકર્ષક અને અત્યંત ઉપયોગી મલશોધન કર્મ તથા આસનોના ફોટાઓ છે. યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ છે. દરેક ઘરમા, વાંચનાલયમાં, સ્કૂલ, કોલેજો, અને હોસ્પિતાલમા રાખવાં યોગ્ય છે. ફોટાઓ જોતાં તથા લેખો વાચતા સુખ અને શાંતિનો અનુભવ થનો જશે. ગુજરાતી-હિન્દી-મરાઠી-અંગ્રેજી ભાષામાં મળશે. પ્રત્યેક નકલની કિંમત રૂ. ૧૫-૦૦ પોસ્ટેજ ખર્ચ રૂ. ૨-૦૦ પૈસા મનીઓર્ડરથી મોકલશો. વી. પી. પી કરતા નથી.

રામતીર્થ હિન્દી માસિક

સંપાદક : શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

શ્રી રામતીર્થ યોગાશ્રમ મુંબઈ ૧૪ તરફથી "રામતીર્થ" (માસિક) હિન્દી ભાષામાં દર મહિનાના પહેલા અઠવાડિયામાં પ્રગટ થાય છે.

આ માસિકમાં તન, મન, આત્મવિકાસ, યોગ, વેદાંત, ભક્તિ, ગીતા, કુદરતી ઈલાજો, યોગચિકિત્સા, માનસિક ચિકિત્સા સારા થયેલા દરદીઓના અનુભવો, બહેનોને જીવનને ખાસ ઉપયોગી અને અનુકૂળ થાય તેવા વિષયો રહે છે. પાનાની સંખ્યા ૧૩૦ થી વધુ હોય છે વાર્ષિક લવાજમ રૂ. : ૪-૦૦ * છૂટક નકલ : ૪૦ નવા પૈસા. વાર્ષિક લવાજમ મોકલી તમે તમારા નકલ નિયમિત મેળવો.

શ્રી રામતીર્થ યોગાશ્રમ દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઈ ૧૪ (ભારત)

ટેલીફોન : ૬૨૨૯૯૧ ★ ટેલીગ્રામ : 'PRANAYAM'—BOMBAY-14. Copy RY'1

માનવ મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા ઝંખતું સ્વતંત્ર વિચાર ધરાવતું માસિક

વિશ્વમાનવ

(શરૂઆત ૧૯૫૮ જાન્યુઆરી)

સંપાદક . ભોગીલાલ ગાંધી

બહુ ટૂંકા સમયમાં ગુજરાતી વિદ્વાનો, વિવેચકો તથા પત્રકારોની પ્રીતિ પ્રાપ્ત કરનાર

વિશ્વમાનવ

૨ વરસે એક અધ્યયનપૂર્ણ વિશેષાંક ઉપરાંત

'શું પાનું' (ચિંતનકણિકા) મૂલ્ય વિચાર (સમસ્યા .ખ), હમ બેચૈન હૈ (અજંપાનું પ્રેરક આલેખન), વ્યક્તિવિશેષ-ઘરદીવડા (પ્રતિભાનો પરિચય) દેશવિદેશ (મુખ્ય બનાવોની નોંધ), ભારત-ગુર્જર સંસ્કારધારા, આર્થિક વૈજ્ઞાનિક લેખ, આલોચન-નવું વાચન વગેરે.

(કવિતાનો આસ્વાદ -સુરેશ જોષી
કલાનો આસ્વાદઃ-ગુલામ મહમદ શેખ)

વિશ્વમાનવ

વાર્ષિક.-રૂ. ૭-૦૦ છૂટક ૦-૬૨

ચેતન પ્રકાશન ગૃહ લિ૦

રામજી મંદિર પોળ, વડોદરા.

વિશ્વમાનવ સ્વાધ્યાય શ્રેણી

ગુજરાત દર્શન

ગુજરાતી પ્રજા, ભાષા, સંસ્કાર શિલ્પકળા, નાટ્ય, સાહિત્ય, ઇતિહાસ, સંસાર, ઉદ્યોગ, વિજ્ઞાન, આદિ ક્ષેત્રોના નિષ્ણાતોના આધારતભૂત ૨૫ લેખોનો સંપુટ.

પૃ. ૬૪૨ (૩૨ આર્ટ પ્લેટ) રૂ. ૯-૦૦

નેહરુ : અણુયુગનો, સમન્વયક

લે. ભોગીલાલ ગાંધી

નેહરુના મસ્ત વિકાસ અને ચિંતનનું મૂલ્યાંકન કરતો માહિતી ગ્રંથ. પંડિત સુખલાલજીના પ્રવેશક સાથે

પાન ૨૦૦ રૂ. ૩-૦૦

માનવ અને પરમાણુ

સંપાદકો:-ડૉ. મધુકર શાહ .. સુભદ્રા ગાંધી

પરમાણુનું સ્વરૂપ વિનાશક અને મહાયુદ્ધોની ભીષણતા, ભાવિ યુદ્ધની વિનાશકતા; ભવ્ય-સર્જક શક્તિની ભરપૂર માહિતી સાથે.

પા. ૪૬૦ રૂ. ૫-૫૦

સર્વોદય વિજ્ઞાન

સર્વોદયના વિવિધ પાસાઓ, માહિતીઓ અને દૃષ્ટિ રજૂ કરતો એકમાત્ર વિવેચન ગ્રંથ.

પા. ૩૩૬ રૂ. ૩-૫૦

રૂા. ૧૫માં ૪ ગ્રંથ-પોસ્ટેજ ફ્રી.

—: પ્રાપ્તિસ્થાન :—

ચેતન પ્રકાશન ગૃહ (પ્રા.) લિ૦

રામજી મંદિર પોળ, વડોદરા



દેવમંદિરો તથા પવિત્ર સ્થળોએ વપરાતી
અંબાલાલવાળાની
કોહીનુર
અગરબત્તી અને દશાંગ ધૂપ
વાપરો
ટે.નં. ૫૫૮૦૨ ગ્રામ 'લોમા'
એસ. એસ. અંબાલાલવાળા
રાયપુર, અમદાવાદ ૧

અંક ૩ : જૂન '૬૦
'સળંગ અંક ૩૬૩

'ઊર્મિ' : વર્ષ ૩૧
'નવરચના' : વર્ષ ૨૫

સમાજમાં સંસ્કાર, અને સાહિત્ય પ્રેરતું સામયિક

ક્રમ

લેખક	લેખ	પાનું
ઘ	હરિશ્ચંદ્ર	૭
વિજયશંકર કામદાર	આમ્રમંજરી	૮
મહેબુબ એમ. પઠાણ	સંકેત અને સ્મૃતિ	૮
જેઠાલાલ ત્રિવેદી	કલંક	૮
દેવજી રા૦ મોઢા	બારીમાંથી આકાશ	૮
'ઉશનસ્'	મધુવન	૯
દલિત બૂચ	મુસાફર	૯
પ્રબોધ	માળીને	૯
'રાજહંસ'	સમયના ક્ષીર-નીર	૧૦
'ધૂમકેતુ'	મહારથી કર્ણ	૧૪
ઈશ્વર પેટલીકર	મનના રાધા	૨૧
રવિશંકર મહારાજ	નવપ્રયાણ	૨૬
પન્નાલાલ પટેલ	ભાઈ મળો તો આવા મળજો	૨૯
નાનુભાઈ દવે	વિદ્યાર્થીઓના તોફાનો	૩૧
'સિદ્ધાર્થ'	દિલનો દરવેશ	૩૯
મધુમન ક૦ દેસાઈ	પ્રકૃતિ-સુધર ઈર્વા બીજ સરણી	૪૪
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	સ્ત્રીની શારીરિક કરુણતા	૪૮
ઈશ્વરભાઈ પટેલ	માન્યામાં નહીં આવે	૫૧
પીતાંબર પટેલ	ગ્રામસફાઈમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ	૫૬
હરીશ વ્યાસ	આ જીવતું નાટક જોતા જાવ	૬૦
છોટાલાલ મા૦ કામદાર	લાલા લજપતરાયનો જીવનપ્રસંગ	૬૪
—	સાભાર પ્રાપ્તિ-સ્વીકાર	૬૫
જયન્તિકા પરમાર 'સુમંગલા'	રૂકુમંગલ	૬૬
	રાષ્ટ્રિનું પ્રતીક	૬૭
	માનસ-વિચાર	૬૮
'સહજ'	સર્જનના રાહે	૭૦

★

સૂચના

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા વિદેશમાં દશ રૂપિયા (શિ. ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે.
* વરસમાં એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે
* વી. પી. થી લવાજમ વસૂલ કરવામાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે, લવાજમ પૂરું થયાની નોટિસ મળે ત્યારે ગ્રા. નં. અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું.
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૫ નયા પૈસાની ટિકિટો બીડવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી.
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા નં. લખવો ખાસ જરૂરી છે.
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જોઈતી ટિકિટો બીડવી જરૂરી છે એ સિવાયનાં અસ્વીકૃત લખાણો પંદર દિવસ પછી રદ કરાય છે.
* જાહેરખબર માટે, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું :-

'ઊર્મિ-નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ.,
૧૪, ગાંધીરોડ : ફ્રેન્ડીઝ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક : ઈશ્વરલાલ મો. દવે, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ., ૧૪, ગાંધીરોડ, ફ્રેન્ડીઝ બ્રિજ, અમદાવાદ, ૧
મુદ્રક : કાંતિલાલ છગનભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ.

ટૂંકી નવલકથા

લેખક: ઈશ્વરલાલ મો. દવે
સંપાદક: જયન્ત પરમાર

દૃષ્ટિભેદ

અભિપ્રાયો, નિર્ણયો અને મંતવ્યો બાંધવામાં વિચારશીલ માણસો પણ જ્યારે અધકચરા અને વિચારહીન બની બેસે છે ત્યારે આપણને થાય છે કે કુદરતે માણસને આપેલું મગજ આ એક જ ઉપયોગ માટે છે? માણસનું ચિત્તત્ર, તેનું મગજ કાંઈક એવી શુભ દૃષ્ટિવાળું નીવડે એ માટે તેને સંમાર્જવા, સંસ્કારવા, પોષવા, તોષવા આપણે ઘણું ઘણું કરીએ છીએ અને એ બધાંથી એ સંસ્કારી શકાય છે પણ ખરું. પણ એ જ માનવમન ક્યારેક જે ઊંધો પલટો લે છે એ જ ખતરનાક નીવડે છે. બધી ખતરનાકી કરતા માનવમનમાં જ્યારે devil—દુર્વૃત્તિ પ્રવેશે છે ત્યારે માણસની હેરાનગતિનો પાર નથી રહેતો. એ પોતે તો હેરાન થાય છે જ, બીજાને પણ હેરાન-પરેશાન, હાલ-બેહાલ કરી મૂકે છે. માણસ ઇચ્છે તો દુર્વૃત્તિને જીવનમાં આણનાર બીજાં પણ એવાં કેટલાંય હલકાં તત્ત્વો એ જ માનવમનમાં પ્રવેશી ચૂક્યાં હોય છે કે જેથી એનામાં વાંકદેખાપણું, વક્રતા, કટુતા પ્રવેશતી રોકી શકે. તે બુદ્ધિને શૂન્ય બનાવી દે છે એટલે જ ન્યાયાન્યાયનો વિચાર જ થઈ શકતો નથી. વિચારશીલ માનસ વિચારહીન કે કુવિચારને પંથે ગમન કરનારું બને છે ત્યારે કંઈક ઇચ્છા-આશા-આકાંક્ષા ધૂળમાં મળી જાય છે. એકાદ માણસના વિચિત્ર માનસપરિવર્તને કેટલાંયને હેરાન-પરેશાન થવું પડે છે. જીવનમાં સરળતાથી વહો જતો પ્રવાહ અને જીવવાની દૃષ્ટિમાં જે મોટી રુકાવટ આવી જાય છે, તે જ બધા દુરાશયોને જીવનમાં રેડી દે છે. દુરાશયો કે સદાશયો ભલે આપણે માનવાનાં હોય, ભલે આપણે દેવના દીકરા હોવાનો દાવો ન કરીએ, પણ સૂઝ અને સમજથી થયેલું દરેક કામ, દરેક વિચાર પણ આડો અધૂરો નથી હોતો. એટલે જ ઉતાવળિયા અભિપ્રાયો, વગરવિચાર્યા નિર્ણયો કે અધકચરાં મંતવ્યો દુર્વૃત્તિના પોષક બનીને માનવમનનો હ્રાસ કરી નાખે છે. એ હ્રાસમાંથી ક્યારેક કાંઈક નવું સૂઝી આવે તો તો આ બધું કાંઈક શુભ માટે જ થયું હતું એમ કહેવાય. પણ જેટલી સરળતાથી દુર્વૃત્તિ માણસમાં પ્રવેશી જાય છે તેટલી સરળતાથી તેને કાઢી શકાતી નથી કે નથી એટલી સરળતાથી એની જગ્યા સદ્‌વૃત્તિ લઈ શકતી.

*

વિજયશંકર કામદાર

આત્મમંજરી

શું હું કહું આ સખી! કાવ્યફૂલડાં?
ને શું કહું આ સહુ ગીત મંજરી?
મ્હોરી ઊઠે ના ન સ્વયંભૂ, અંતરે
આત્માતણી જો રસમંજરી રૂડી

✱

મહેબુબ એમ પઠાણ

સંકેત અને સ્મૃતિ

'ક્ષિતિજ પર ડૂબતા મિલન જોઈ મને કંઈ યાદ આવે છે,
પરંતુ યાદ નવ આવે મને શું યાદ આવે છે?

હતી પળ નવ કેરી કે શુભ મિલનની
કે નૂરમાં કો' ભીના નયનની,
કે પડી કો સોનાના રંગના નગનની,
યા આખરી પંક્તિ ગીતના કે સ્વપ્નની

મિલન સંગાથ સ્મરતી વિદાયની મૂક બોલી છું
પરંતુ યાદ નવ આવે મને શું યાદ આવે છે?

સ્મૃતિ હોય એ મુખ નદની સપનાં સાખી
ભાગ્યની ગાદ હશે એ કહને કો દેખવા હતી
દૃષ્ટિ અમર માગીને રહ્યા એ ચીન થઈ હતી,
મિલાપનું રીતની બની અને કંઈ કંઈ વ્યથા થાતી

અનુરાગનું ઉના ક્ષિતિજ પૂરી અનુભવ આવે છે,
પરંતુ યાદ નવ આવે મને શું યાદ આવે છે?

અને બધા ધરી રીતી ક્ષિતિજના દ્વાર ખીલ્યા
સુહાગી રાતની ઉપર ચિતાના કેશ વિખરાયા
ચમનમાં ગુનગુનતો ભેટ્યાં સૂનો થાળી સ્મરમાં
મરણના રંગમાં ચિતુ મિલનના ગીત ગૂંથાયા

અનિમેષની આગમાં પડી ગઈ હતી આંખ
અમર થઈ તેના ખુશબો, બંનેને પૂર થઈ મધ

દફીનમાં દફનનીએ પાડ્યા એક દફન;
અને બસ યાદ ત્યાં આવ્યું, મને શું યાદ આવે છે

★

જેઠાલાલ ત્રિવેદી

કલંક

પેખી પૂર્ણેન્દુને આજે, પ્રિયાનું મુખ માનીને
તન્ત હો કામીએ ચૂમ્યો, લાગ્યું ચન્દ્રે કલંક તે

★

દેવજી રા. મોઢા

બારીમાંથી આકાશ

બારી થકી નિરખું એટલું માત્ર આભ!
આકાશમાં દીસતી બાર જ તારલા શું!
સૂતો છું જેની પર તે શું છે ધરા શું!
દીવાલ ચાર મહીં શું દુનિયા સમાઈ!

ઘેરાં કુટુંબીજન, મિત્ર, પરિચિતોની
પૃથ્વી તણી વસતિ કેટલી શું બનેલી!
ખીણ મહીં, પશુ, પંખી વનસ્પતિની
આ પૃથ્વીની વસતિમાં ગણનાય ના શું?

હું ખાઈ પી ઉપર ફેરવું હસ્ત જ્યારે,
ત્યારે ન પૂછે જગતની મહીં કોઈ ભૂખ્યું!
'ને ઇસ્ત્રીબંધ કરાં સજ્જ થાતું ગેહે,
ત્યારે ન શું જગમાં મહીં કો ઉઘાડું!

ગાવો તમેય બધું હીર જમાવી માજો!
ઓ બાવરા દૃગ, તમે ઘણું ઓછું ભાળો!

★

'ઉશનસ્'

મધુવન

ઉજ્જવલ મધુના તડકા, નીચે ઘનછાયાળાં વન.
એ સઘળાંની વચ્ચે મારું મન અમથુંય પ્રસન્ન.

લાગે ગિરિવન પવન નદી ને ગગન શું કંઈ સંબંધ
સગોત્ર સૌ લાગે પશુ-પંખી ફૂલફળ કયાય ગંધ
ચાર ચાર ઉજ્જડ માસોનું તૂટે રસ અનશન.
ઉજ્જવલ૦

નહિ રે કોઈનું શાસન, શોષણ અહીં આ ઉદારકાલે,
નિગૂઢ રતિભરતીએ જળમાં પંખી મળે ક્ષિતિમાળે,
અસલ ભાંડુજનોનું કેવળ ઉત્સવ મિષે મિલન,
ઉજ્જવલ૦

જનવ્યવહાર વદન ને સુંદર નિસર્ગનો પરિવેશ
કણ્વાશ્રમની શકુંતલાની વનવિણ પ્રીછ ન લેશ.
એકમેકથી પૂરણ, એકલ પરિચિતના દરશન!
ઉજ્જવલ૦

★

હસિત બૂચ

મુસાફર

મને શી ખબર કે મુસાફર થયો હું;
છતાં દૂરનો દૂર કાયમ રહ્યો છું!
મને છે ખબર, એ કહું છું હજી પણ:
ન અટક્યો કદીયે, સતત હું વહ્યો છું!
નથી એક પણ તીર્થ એવું જગતમાં,
જઈ જ્યાં થયું કે નકામો ગયો હું!
ફરીથી કહું છું, સુણો તો મુબારક:
સફરનો જ દિલબર મુસાફર રહ્યો છું!
મુકામે કદમ પ્હોંચશે ત્યાં સુધી ના;
મને ચેન, ફરહાદ એવો બન્યો હું!

★

પ્રબોધ

માળીને

તોડ મા, અલ્યા તોડ મા, માળી,
ફૂલ વ્હેલેરાં તોડ મા.
ફૂટતી એની આવતી હજી
આશ મધુરી મ્હોડ / મા. તોડ મા,—૦

પારિજાતક ઊંઘતો હજી
હોય જાણે પરી-ભોમમાં.
જૂઈ, ચમેલીની કળીઓ હજી
સૂતી માની સ્હોડમાં. તોડ મા,—૦

ગુચ્છ હજી કરેણના ઊંઘડે
લાલ ગુલાબી છોડમાં
પવને એનું પારણું ઝૂલે,
પારણેથી વછોડ મા. તોડ મા—૦

કેસૂડાંના લાલ બિંબાધર
ભમતો અલિ ખોજમાં.
સમણાંની હજી સ્હેલ માણે છે
મોગરાનાં ફૂલ મોજમાં. તોડ મા—૦

ફૂટતા આવે રંગ હજી કંઈ
ચંપાના અંતરંગમાં.
રાતની હજી રીસ ન છાંડી
ફૂલ ગુલાબે તોરમાં. તોડ મા—૦

તોડવાં હોય તો તોડજે ટાણે
(ને) બાંધજે એક જ દોરમાં.
સાથ ખીલ્યાં ને સાથ ખેલ્યાં એને
રાખજે જોડાજોડમાં. તોડ મા—૦

★

'રાજહંસ'

સમયનાં ઓટ-જોર

કટોકટીનો પુરુષાર્થ

શિખર પરિષદ પડી ભાગી એથી ઘણાએ દુ:ખ કર્યું છે, નિરાશા વ્યાપી છે, ભય પણ વધ્યો છે આની વ્યથા સાવ અનુચિત છે એ તૂટી છે તે સારું જ થયું છે લશ્કરી તાકાતના ધમક હેઠળ ચર્ચાઓ થઈ હોત તોયે એમાંથી શા સારા પરિણામ નીપજત? 'શાંતિ'ના ઉચ્ચાર પણ સત્તાના દાવ તરીકે થતા હોય ત્યાં મંત્રણાઓ તૂટે એ અનિવાર્ય છે ને આવકારપાત્ર પણ છે

વ્યક્તિના કે રાષ્ટ્રના આયુષ્યમાં એવી કટોકટીની પળ આવે જ છે અને ત્યારે અડગ હિંમત દાખવી પોતાના હેતુઓને દૃઢતાથી વળગી રહેવાનો પુરુષાર્થ જે કરી શકે તેને જ વિજય મળે છે સમય આગળ ઝૂકી પડી ઘર્ષણો ટાળવાની વાત મિથ્યા છે અને અમેરિકાએ આવો પુરુષાર્થ દાખવ્યો છે સ્થિરબુદ્ધિથી રશિયાની ધમકીઓ ગળે ઉતારી છે, ભૂલો કરીને પણ અડગતા જાળવી છે

ચીને હિંદની લશ્કરી મજાક ઉડાવી, એ પછી ચર્ચા કે સમાધાન કરવા દિલ્હી પણ પહોંચ્યા પરંતુ એનાથી લશ્કરી તાકાત ભૂંસી શકાતી નથી એ તાકાત વડે એશિયાભરમાં એને પ્રભાવ પાડવો છે રશિયાને આવું જ બાકીની દુનિયામાં કરવું છે એ બંને દેશોમાં ભસ્માસુરો પેદા થયા છે, સમાધાનની વાતો કરી પોતાની લશ્કરી તાકાત આગળ વધારવી છે, સામાની ઘટાડવી છે રશિયાએ અમેરિકાની તાકાત એક ઝાટકે ઘટાડી નાખી તેનું ભાન હજી દુનિયાને થતા થશે જુદા જુદાં દેશોમાં હવાઈ મથકો સ્થાપી રશિયાની ચોતરફ સંરક્ષણનો મોરચો કર્યો હતો ત્યાંથી ભાગ કાઢવા માટે હવે અમેરિકાના વિમાનો રૂસી પ્રદેશમાં નહિ ઊડી શકે

કહે છે કે ફરી છ આઠ મહિને શિખર પરિષદ મળે પણ ખરી ત્યાં સુધીમાં કાળનું બળ શું કામ કરી જાય છે એ જોવાનું રહ્યું સંભવ છે કે અમેરિકાની તાકાત વધે એ માટે જ આ ગાળો કુદરતે કાઢી આપ્યો હોય ગયા યુદ્ધમાં હિટલરે ક્યાં નહોતો કાઢી આપ્યો અત્યારે તો રશિયામાં ખ્રુશ્ચેવ કરતાં ત્યાંના લશ્કરના વડાઓનું જોર વધ્યું હોય એમ જણાય છે ચીનની અને રશિયાની પ્રજાઓનું નામ લઈ ત્યાંની સરકારો તેમનો પ્યાદા તરીકે, ગઢના દરવાજા તોડવામાં હાથીને વચ્ચે રાખવા જેવું કરે છે એ કાંઈ શાંતિની રીત નથી

તિબેટ કે હંગેરી જેવા પ્રશ્નો, બર્લિન કે અલ્જીરિયા જેવા પ્રશ્નો ખુલ્લા દિલથી ચર્ચવાની અને ન્યાયી વ્યવસ્થા શોધવાની વૃત્તિ નહિ જાગે ત્યાં સુધી એ સત્તાના લોહીથી ખરડાયેલાં સમાધાનો થાય તોયે શું, ને ના થાય તોયે શું!

પેલું આસુરી તત્ત્વ જતન કરીને ખડકાયું છે—લશ્કરી તાકાત—એનો નિકાલ શી રીતે કરવો? એ રહસ્યનો ઉકેલ ભારતે તો ક્યારનો ચીંધ્યો છે પણ એમ કરવામાં એકલી નિષ્ઠા કામ નથી લાગતી શ્રીકૃષ્ણના પદ્મની સાથે એનું ચક્ર પણ જોઈએ એ ચક્ર ના વાપરવું પણ એની જરૂર તો ખરી જ

એવાં અમોઘ શસ્ત્રની હરીફાઈ ચાલે છે અને વચ્ચે વચ્ચે શાંતિનો વાયરો પણ નીકળે છે ક્યારે બંને સંયુક્ત થઈ રહેશે એ કોણ કહી શકશે? ખરું જણાય છે કે ચીન રશિયાની વૃત્તિ જ સમાધાનની નથી, 'શાંતિ'ની તો શું વાત છે

આવે વખતે આપણા રાષ્ટ્રપતિ રશિયાની મુલાકાતે જાય છે? ભલા માણસ, ઘણાવણા મુહૂર્તો જોયા ને આ વખતે જ કેમ ભૂલ્યા? તમે નથી વિષ્ટિ માટે જતા—એટની ચાણક્ય નીતિ કે એવી મહત્ત્વાકાંક્ષા અત્યારે ભારતમા છે જ નહિ—તો પછી ગેરસમજ વધારવા શીદ મથો છો? તમારી ચિરસંગિની માંદગીયે આ વખતે મદદરૂપ થઈ હોત ને રશિયાની મુલાકાત રોકાઈ હોત તો કેવુ સારૂ!

ઇતિહાસની અણમોલ ઘડી

ચીને પરચો બતાવ્યો તે પછી એક એશિયાઈ જૂથ જમાવવાની જરૂર ઊભી થઈ છે પરસ્પરના સંરક્ષણમા સંકળાયેલુ, વિચારોની આપલે કરતુ, ન્યાયી વલણની તરફદારી કરતુ આવુ જૂથ ઊભુ કરવામા શી મુશ્કેલી નડે? લશ્કરી કરારો નથી ખપના એમ કહી આપણે બહુ ઊંચે બેસણે બેઠા છીએ એ દરજ્જો આપણને કેટલો લાભકારક એ તો ઇતિહાસ કહેશે, પણ બીજા દેશોને એ ગજા બહારની વાત લાગી છે એમને જ જ્યારે કોઈ હૂંફ જોઈએ ત્યારે એમની સામે આપણે બારણા બંધ કરવા બેઠીએ એ કેવુ!

ગુરુમહારાજો શાસ્ત્રની મોટી મોટી વાતો વિસ્તારથી કહે છે ત્યારે સાથે સાથે અભયવચન પણ આપે છે કે આમ કરીશ તો ઉગારનારો હુ છુ, મારે શરણે આવજે આપણે બીજુ ચરણ ઉઠાવી દઈને બીજાઓ પાસે કેટલી અપેક્ષા રાખી શકીએ? આ દેશને મોટા થવુ હોય તો એણે મોટાભાઈ જેવુ વર્તન રાખવુ જોઈએ, દોરવણી પણ આપવી જોઈએ અને હૂંફ પણ

હમણા ઘણા દેશો સાથે આપણે દોસ્તી છે ઘણા દેશો આપણી સલાહ પૂછે છે અગર તો આપણા પગલા તરફ મીટ માંડે છે એ શરૂઆતની સ્થિતિ સારી છે તો એને દૃઢ બનાવવી જોઈએ, શિરસ્તાની પણ બનાવવી જોઈએ અને હવે જ્યારે આખો આફ્રિકા ખંડ જાગવા માંડ્યો છે, સફેદ રંગના પ્રભુત્વ ઉપર છેલ્લા ઘા પડવા લાગ્યા છે ત્યારેય આપણે વિચારોમા ડૂબ્યા રહીશુ, છાશ ફૂંકી ફૂંકીને પીશુ?

એ પણ યાદ રાખવા જેવુ છે કે ઇતિહાસની અણમોલ ઘડી આવે છે ત્યારે આવે છે, બારણે ટકોરા દે છે, અને કોઈ ના સાંભળે ત્યારે એ ચાલી જાય છે અને એને ઉપાડી લેનાર બીજા કોકના સપાટે ચડી જાય છે

નેપાળમાંથી પ્રભાવ ઓસરે છે?

થોડા મહિનાઓ પહેલા દિલ્હીથી એવી જાહેરાત થઈ હતી કે નેપાળ-ભૂતાન ઉપરનો હુમલો એ હિંદી સરહદ ઉપરના હુમલા તરીકે ગણવામા આવશે એ વખતે નેપાળે તરત વાંધો લીધો હતો અને ભારતને આવો કોઈ હક નથી એમ જણાવ્યુ હતુ જવાબમા આપણી સરકારે સંધિનો ઉલ્લેખ કર્યો હતો અને પોતાની જાહેરાત વાજબી ઠરાવી હતી

તે પછી નેપાળના વડાપ્રધાન ભારત આવી ગયા ત્યારે એવી હવા ફેલાઈ કે લશ્કરી કે પરદેશ નીતિમા નેપાળ ભારતની દોરવણી માન્ય રાખશે ઉત્તર પ્રદેશ સાથે નેપાળને જોડતો ત્રિભુવન રાજપથ બાંધી એ ખ્યાલ દૃઢ પણ કર્યો

એ પછી નેપાળના વડા પ્રધાન ચીન ગયા, ત્યારે ચીન ભારતના સંબંધો ડહોળાયેલા હતા છતા એમણે ચીન સાથે મૈત્રીની વાતો કરી, સહાય પણ કબૂલી અને એ વખતે ભારતના રાજદૂતને પૂછ્યુ ગાછ્યુ હોય એવુ જણાયુ નહિ સ્વતંત્ર રાજ્યની હેસિયતથી નેપાળે કામ લેવા માંડ્યુ આટલી તક ચીન માટે પૂરતી હતી એ તક એણે ઝડપી લીધી ભારતને બાજુ પર રાખી એણે નેપાળ સાથે સીધા સંબંધ વધારી દીધા

અને ચીનમાથી નેપાળના વડાપ્રધાનની પીઠ ફરી કે તરત જ વિખ્યાત એવરેસ્ટ ઉપર ચીનના હક્કની જાહેરાત છૂટી ભારત હવે શુ બોલે!

નેપાળમા રાજા હોત તો એને દબડાવી જવાબ લેવામા આવત પણ લોકશાહી—એટલે કે પ્રજાનુ રાજ્ય હોય ત્યા આપણાથી કેમ કહેવાય, જબાન કયાથી ખૂલે? જે ભૂલ થઈ હતી તેને વધારે ભૂલના ચીનનુ મગજ દિલ્હીથી સીધુ કાઠમંડુ પહોચ્યુ ને એવરેસ્ટના શિખરના બે ભાગ કરવા સુધીની વાત કરી ભારત ત્યાંયે શુ બોલે! એનો દાવ જ રહ્યો નહોતો

ધરીએ ગણાય એટલામાં ભારત વિરુદ્ધ નેપાળમાંય અવાજ ઊઠશે ખસીને ચૂપ રહ્યા છતાં ડખલગીરીના આક્ષેપ થશે આપણે શાહીવાદી કે ભૂમિભૂખ્યા છીએ એમ કહેવાશે જે આક્ષેપ ટાળવા હતા તે જ લમણામાં ઝીકાશે અને આપણે અપરાધીની જેમ બચાવ કરવા લાગીશુ

રાજલાચારીમાંથી લોકલાચારી થવાની

ચીને તિબેટ સબંધમા એની કોઈ તક રહેવા ના દીધી એની ભક્ષણ પ્રવૃત્તિમા એણે આપણને પ્યાદુ બનાવી સાક્ષી ઠરાવ્યા તિબેટમા લાચાર બનેલા તોયે ચીનને નેપાળમા આગળ વધતા ના રોકી શક્યા આવા બનાવો બને છે ત્યારે લોકો સરકારને સભારે છે હૈદ્રાબાદના નઝર ઉતારી લીધા એ રાજનીતિ યાદ આવે છે પૂર્વ બગાળનુયે એમ જ પતાવ્યુ હોત હવે શાતિની ઢીલી અને દીર્ઘદૃષ્ટિ વિનાની નીતિ આગળ લોકો પણ લાચારી અનુભવે છે

સીલોન પોતાનુ ગાડુયે ગબડાવી શકતુ નથી એના અને ભારતના ભૌગોલિક કે સાસ્કૃતિક સબધો કોઈથી અજાણ્યા નથી અને ભારત લકા પરત્વે શાતિ વિના કાઈ બોલી શક્તુ નથી ચીનને ફોર્મોસા મળવુ જોઈએ એની વણમાગી હિમાયત આપણે કરી શકીએ અને લકા સુધી આપણાથી જોવાય પણ નહિ એવી કરુણ પરિસ્થિતિ ઊભી થઈ તેથીય ભારતના લોકો લાચારી અનુભવે છે

ગોઆની સમસ્યા હમણા ઉકલશે એવા ભણકારા વાગ્યા રાજપુરુષો આશાના વચન બોલે ત્યારે લોકોએ ઉમગ કર્યો પણ એ ના ટકી શક્યો ત્યારેય લોકો સરદારને સભારે એમા શી નવાઈ?

આપણી પરદેશનીતિ સત્ય અને શાતિના પાયા ઉપર રહી છે એ વિચારથી આપણે ઘણા મલક્યા આપણે આશા રાખી કે એથી આફ્રિકામા વસતા દેશબધુઓને રાહત થશે પણ એવુ જણાતુ નથી ચીનમાથી ને *બ્રહ્મદેશમાથી એમને પાછા ફરવુ પડ્યુ, આથી એ શા કોણ ગયા? પાકિસ્તાને તો કેર વર્તાવ્યા પછી જોયુ કે ભારતને સાંખી લેતા આવડે છે એટલે નવી માગણીઓ શરૂ થઈ, નહેરોના પાણી માગ્યા, એના ખરચ માગ્યા ને હવે પૂર્વ-પશ્ચિમ પાકિસ્તાન વચ્ચેનો વાહન વ્યવહાર માગ્યો એમાથી વળી નવી બીજી માગણીઓ નીકળવાની

આપણી પરદેશનીતિએ ઘણા મિત્રો કર્યા એમ કહેવાય છે દેશ-દેશના રાજપુરુષો તાજમહાલ જોવા આવે છે ત્યારે એ જાહેર પણ થાય છે ભીડ વખતે એ મૈત્રી કેટલી ટકે તે તો ભાવિ કહી શકે

એ દેશોમાથી જે શક્તિશાળી છે તેઓ આપણા વિકાસમા મદદ આપવા તત્પર બન્યા છે એ શુભ ચિહ્ન છે પરતુ એ વિના બીજા વળાણને આભારી છે—પક્ષાતીત થઈને રહેવાની, સત્તાજુથોની ખેંચમા હજુ આપણે ટકી શક્યા છીએ એ કારણે મદદ મળે છે આવી ખેંચમાથી તટસ્થ રહીને આપણે પડોશી રાજ્યો ઉપર પ્રભાવ રાખી શકત એમા શક નથી પણ એવી મહેચ્છા ક્યા છે?

રાજનીતિ શાતિની હોય તેવી એ ઢીલી ને પોલી શા માટે હોવી જોઈએ? એનો પ્રભાવ આપણી સીમા સુધી પણ કેમ ના ફેલાવો જોઈએ જે આસામના પહાડી પ્રદેશોમા થઈ રહ્યુ છે તેનુ પુનરાવર્તન બીજે પણ કેમ નહિ થાય? આપણે શાત રહીએ અને બીજાને ના રાખી શકીએ તો એ નીતિ શાતિની ના ગણાય

ચ ત્રમજૂર પ્રજાનો સેવક બને—દાદો નહિ

આવુ જ ઢીલાપણુ આતરિક વહીવટમા પણ પેઠુ છે આઝાદીના બાર વર્ષ દરમ્યાન દેશમા કેટલી હડતાલો પડી અને એમા સરકારની લાગવગવાળી કેટલી સંસ્થાઓ હતી એના આકડા કોઈ બહાર પાડે તો એમાંથી ઘણી ઉપયોગી માહિતી મળે આવી હડતાળો પાછળ કેવી ધાકધમકીઓ અપાય છે, પછી કેવી દાદાગીરી ચાલે છે અને અતે કેવી શરણાગતિ કબૂલવી પડે છે એ કોઈથી અજાણ્યુ નથી લગભગ દરેક હડતાલ વખતે પ્રજા વેઠે છે, અને નુકશાન કરી જનારા મનફાવતી શરતો ઓકાવીને ઠરાવે છે ત્યારે જ જપે છે

હડતાળોની જેમ ઔદ્યોગિક અદાલતો પણ એવો જ ભાગ ભજવે છે એમાય પ્રજાને ભોગે ઉધમાત

મચાવનારા ખાટી જાય છે અને ફરીથી ટૂંકે ગાળે ઉધમાત મચાવવાનું ઉત્તેજન પણ આપે છે આવી ગેરવ્યવસ્થા લાવવાની અને તે જ નિભાવવાની જાણે આપણી વ્યવસ્થા થઈ પડી છે!

આપણી મજૂરનીતિ સમાજવાદનો મહોર લઈ ચલાય છે એમ હવે આપણે માનવું જોઈએ એમાં મજૂરોનો પક્ષ કરવામાં આવે છે એ જાહેર છે પણ આ ગરીબ દેશમાં ઔદ્યોગિક અને શહેરી મજૂરવર્ગને આ રીતે પંપાળી પ્રજાના બીજા ભાગ ઉપર અપાર બોજો ચડાવી દેવો જરાય લાજીમ નથી

અને છતાં આપણું તંત્ર એમ જ કરે છે કારણ કે એની પાસે મક્કમતા નથી, મહેચ્છા નથી

સાધ્યમાં અનુકૂળ ફેરફારો

આ કમજોરીનું વળી એક વધુ પાસું પ્રાંતોની રચનામાં નજરે પડ્યું જ્યાંજ્યાં ઉગ્ર આંદોલનો થયાં ત્યાં ત્યાં ખૂબ વિનય કરી નમતું જોખવામાં આવ્યું એવું આપણે ઘણા કિસ્સામાં જોયું છે સભર છે કે પ્રાંતોની હદ વધશે ત્યારે એ જ ઢીલાપણું કહો કે અગમચેતીનો અભાવ કહો—તેનું પોત વધારે પ્રકાશશે

સિદ્ધાંતો જડ નથી હોતા, એમાં સમયાનુસાર હેરફેરની જરૂર પડે છે પણ એમને અનુકૂળ ઘાટ દેવાના હોય તો પછી સમયસર કેમ સૂઝતું નહિ હોય? એ સૂચવે છે કે ચાણક્ય પુરુષોનો અભાવ છે અને રાજનીતિ પાછળ જે મક્કમતા જોઈએ તે આવતી નથી

કેટલાક ચાણક્યની નીતિને કુટિલ ગણાવે તો તે ભૂલ છે આપણા હેતુઓ મલિન ના હોય તો શામદામભેદ દંડનો વ્યવહાર એ અનીતિ નથી એ સાધનો અશુદ્ધ નથી કરતા ને વિનાશક પણ નથી ફેલાવતા શ્રી કૃષ્ણે ઘણીવાર દુશ્મનોને ઠાર્યા છે, માર્યા છે, છિન્નભિન્ન કર્યા છે, અને વિજયો મેળવવા જાતે ઝૂઝ્યા છે

પણ આપણે તો જાણે કોઈ દુશ્મન નથી કે વિજયની જરૂર નથી મહેચ્છાઓ બધી મરી પરવારી છે અને ગુણવત્તા વિનાની કે દૈવી ભાવરહિત એવી કૃત્રિમ સમતા સ્થાપવી છે લાયકાતના ભોગે બિનઆવડત કે પામરતાને પોષવી છે આવું સૂઝે છે કારણ કે આપણે કેવા મહાન છીએ તે જોતું જાણતું નથી, કેવા મહાન થવું છે તેની કલ્પના પણ ખૂંચે છે!

ગ્રામોદ્યોગ અને ભૂદાન એ સેળભેળ છે

સર્વોદયના વિચારમાં ઉદ્યોગે પગપેસારો કર્યો છે એ ઉદ્યોગ છે ગાંધીજીએ શીખવેલો હાથઉદ્યોગ નહિ પણ શહેરમાં છે તેવો—ઉત્પાદન વધારી ગામડાના લોકોને રોજી મેળવી આપે એવો કુટુંબદીઠ એકાદ વ્યક્તિને પણ વધારાનું કામ મળી રહે તો ગામડામાં ગુજારો કરવો સહેલ બને

ઉદ્યોગને નિમંત્રીએ એટલે યંત્ર તો હોય જ અને યંત્રે લોકોના સ્વભાવ ઘડ્યા છે એવા ગામડાની પ્રજાના પણ થવાના ત્યાં જવાની છૂટ હોવાથી એકાંત અને શાંતિ મળશે અથવા શહેરમાં પ્રલોભનો ઓછાં હશે ત્યારે સંતોષ પણ મળશે પણ એ સંયુક્ત કુટુંબપ્રથા ટકી શકશે? વ્રતનિયમો કે તિતિક્ષાના પાયા ઉપર રહેલો ધર્મ ટકી શકશે? આ શંકાઓ છે, ને એનો પડકાર આપણે ઝીલવાનો છે

ઉદ્યોગ જેટલા નાના કરીએ એટલું એનું વિષ ઘટે એનો સામ્યવાદ છૂટે જાય સામ્યવાદી પાખંડને રોકવાનો આ જમાનામાં વિકેન્દ્રીકરણ એ સીધો માર્ગ છે અને એ માટે હાલના શહેરોનો બોજો હળવો થતો હોય તો તે પણ કરવા જેવો છે ઔદ્યોગિક વસાહતમાં પાંચ હજારથી વધારે મજૂરો શા માટે જોઈએ?

પણ ગામડામાં ઉદ્યોગોને આવકારવા હોય તો ભૂમિદાનની વાત તજવી જોઈએ બંને વચ્ચે મેળ જામવાનો નથી દાન માગવાની માગણી ઈષ્ટ નથી, એનો પ્રચાર કે આંદોલન ના હોય દાન વડે રાહત થઈ શકે, નવી સમાજવ્યવસ્થા નહિ લાવી શકાય. અને એક તરફ વધુ ઉત્પાદનવાળું યંત્ર કબૂલ કરીએ ત્યારે ઓછું ઉત્પાદન કરે એવી ખેતીની વ્યવસ્થા કેમ કબૂલ થઈ શકે? એટલે હવે ભૂદાન સંકેલી લેવાય તો સર્વોદયનું આયુષ્ય વધી શકે? ભેળસેળ શા ખપની?

*

– 'ધૂમકેતુ'

મહારથી કર્ણ

મહાભારતના અનેક પાત્રોમાં કર્ણનું પાત્ર ખૂબ મહત્ત્વનું છે એ કદાચ બધા ન પણ માને. છતાં એ હકીકત છે. એ મહારથી કર્ણ, દાનેશ્વરી કર્ણ, સૂતપુત્ર કર્ણ એક મહાન માનવ હતો અને આજેય એની મહત્તા એટલી જ અણનમ રહી છે તે આ લેખ વાંચવાથી વધુ સારું સમજાશે . . .

મહાભારતનું તેજસ્વીમાં તેજસ્વી પાત્ર કયું? એવો પ્રશ્ન જો કોઈ પૂછે, તો ઘણાખરા જવાબ વાળશે, મહારથી કર્ણ!

એમ શા માટે?

અભિમન્યુએ સાત કોઠાના યુદ્ધમાં જે રંગ રાખ્યો હતો એ વાત તો આજે પણ લોકનાં હૈયાંને અસર કરે છે. ને કૈંક માતાઓને રડાવે છે. અર્જુન તો મહાવીર હતો જ. અને ઘટોત્કચ પણ જેવો તેવો નહિ. અને અશ્વત્થામા? એણે છેવટની ઘડી સુધી એક કે બીજે પ્રકારે યુદ્ધ કર્યા કર્યું—એ બધા શું ઓછા તેજસ્વી હતા? ગુરુ દ્રોણ, ભીમ પોતે, વૃદ્ધ ભીષ્મપિતામહ, એક કરતાં એક ચડે એવા યોદ્ધાઓ મહાભારતના યુદ્ધમાં આવે છે, પણ મહારથી કર્ણ એ તો મહારથી કર્ણ! એની વાત જ ન્યારી. એ પોતે પોતાને હરાવવાનો રસ્તો બીજાને બતાવે. અને છતાં યુદ્ધમાંથી પાછી પાની ન કરે. એ આપવા બેસે, ત્યારે માગનારો ભૂલે. એનો વિશ્વાસ, અચળ હિમાલય સમો. એનું દિલ કુમળામાં કુમળું. એની એક એક વાત ન્યારી.

પહેલાં તો કોઈક દિવસ—કોઈક દિવસ—એકાદ સંધ્યાટાણે ગંગા નદીને કિનારે ફરતાં ફરતાં એના મનમાં એક કુમળી લાગણી જન્મી હશે, મારી મા કોણ હશે? ક્યાં હશે?

શા માટે એ લાગણી જન્મી હશે?

મહારથી કર્ણની આખી વાત સમજવા જેવી છે. મહારથી કર્ણ ન હોત તો કદાચ મહાભારતનું ભયંકર યુદ્ધ પણ ન હોત.

એ મહારથી કર્ણ હતો રાજપુત્ર છતાં ઊછર્યો સારથીપુત્ર તરીકે. એ હતો સાચેસાચો વિદ્યાર્થી. છતાં વિદ્યા ન પામ્યો. એણે જે વિદ્યા મેળવી એ વિદ્યાએ એને દગો દીધો, છતાં એ હિંમત ન હાર્યો. એણે સામે લાખોની લક્ષ્મી ને રાજમુગટ પણ જોયાં. હસ્તિનાપુરનું રાજ જોયું. છતાં એણે પોતાનું સારથીપુત્રનું પદ ન છોડ્યું તે ન જ છોડ્યું. પહેલેથી એની વાત માંડીએ.

કર્ણ એ કુંતીનો જ ખરી રીતે પુત્ર હતો. પણ એ વાતની હસ્તિનાપુરમાં કોઈને ખબર ન હતી. એ વાતની ખબર કેવળ કુંતીને પોતાને એકને જ છે પણ એણે એ વાત કોઈને કોઈ દિવસ કરી જ નથી. યુધિષ્ઠિર અર્જુન કોઈ એ વાત જાણતા નથી. નાનપણમાં પોતે એને જન્મતાં જ તજી દીધો હતો, એની એ વાત છાની રહી ગઈ છે. એ વાત એ એક જ જાણે. હસ્તિનાપુરમાં સારથી અધિરથને એ મળી આવ્યો. અને એની સ્ત્રી રાધાએ એને ઉછેરીને મોટો કર્યો. અધિરથને સંતાન મળે નહિ. એણે તો એને એટલા પ્રેમથી જાળવીને મોટો કર્યો કે કોઈને ખબર પણ ન પડે કે, આ એનો પુત્ર નહિ હોય.

એ રાધાનો પુત્ર ગણાય, એટલે રાધેય પણ કહેવાતો. બાકી એનું નામ તો વસુષેણ હતું.

કર્ણ નામ પાછળથી પડ્યું. આમ રાધેય કર્ણ અધિરથને ત્યાં મોટો થયો.

પણ એનું અંદરનું તેજ હતું તે ક્યાં જાય? અને એ તેજ પણ જેવું તેવું નહિ. એમ કહેવાતું કે એ તો સૂર્યના મંત્રથી જાણે કે જન્મ્યો હતો. એ જે હોય તે પણ એ મોટો થયો, એટલે રાજકુમારો સાથે—એને થોડી ઘણી મૈત્રી થઈ કૌરવો—દુર્યોધન દુઃશાસન એ બધા ગુરુ દ્રોણ પાસે ભણે. પાંડવો—અર્જુન વગેરે પણ ગુરુ દ્રોણ પાસે ભણે. પણ બને એવું કે જે વિદ્યા અર્જુનને હૈયે ચડી જાય—એવી બાણવિદ્યા કૌરવોમાંથી કોઈને હૈયે ન રહે. એમાં કોઈનો વાંક ન હતો. પણ એમાંથી ભણનારાઓમાં દ્વેષ જન્મ્યો. સૌ અર્જુનનાં વખાણ કરે પ્રજામાં પણ એની નામના ચાલે. કોઈ વખત રાજકુમારો બાણવિદ્યાના ખેલ બતાવે ત્યારે પણ અર્જુનની બોલબોલા થાય. એટલે દુર્યોધનને અને એના બધા ભાઈઓને ઓછું લાગે. પાંડવો પાંચ રહ્યા કૌરવો સો રહ્યા. પણ થાય એવું કે સો કરતાં પાંચ ચડી જાય!

એવામાં આ અધિરથ સારથીનો પુત્ર રાધેય કર્ણ—એ પણ બાણવિદ્યા શીખવા મંડ્યો. સારથીનું એ જમાનામાં ઘણું માનભર્યું સ્થાન હતું. એટલે ગુરુ દ્રોણ કર્ણને શીખવે. એમાંથી વખત જતાં બધાને ખાત્રી થઈ ગઈ કે અર્જુનની તોલે જો કોઈ આવે એવો હોય તો એ આ કર્ણ!

એટલે તો દુર્યોધને કર્ણને માન આપવા માંડ્યું. એમાંથી મૈત્રી થઈ. એમાંથી કર્ણ પોતાને ઘણો મદદગાર બને તેમ છે, એ વાત કૌરવોને સમજાઈ ગઈ. એમણે કર્ણને પોતાનો બનાવી લીધો.

એક વખત મોટો ઉત્સવ થયો. રાજકુમારો શું શીખ્યા છે એ જાણવા માટે, મોટો સમારંભ યોજ્યો. એમાં આખું નગર જોવા આવ્યું. રાજકુમારોની બાણવિદ્યા જોઈને સૌ છક્ક થઈ ગયા. અને એમાં પણ જ્યારે અર્જુને બાણવિદ્યાના ખેલ કરી બતાવ્યા ત્યારે તો બધાના મોંમાં આંગળાં રહી ગયાં. ગુરુ દ્રોણાચાર્યે પોતાના પ્રિય શિષ્યનાં વખાણ કર્યાં હતાં. પણ અર્જુનની વિદ્યા જોઈને તો બધાને લાગ્યું કે એ વખાણ પણ ઓછાં હતાં. અર્જુને તો બાણવિદ્યાના પ્રયોગો બતાવવામાં હદ કરી નાખી, કોઈ માની પણ ન શકે—એવી એવી વાત એણે ત્યાં પ્રત્યક્ષ કરી બતાવી. એક બાણ છોડે—ને ચારે તરફ જાણે અગ્નિ પ્રગટે. બીજું બાણ છોડે—ને મેઘની ધાર આવે. પ્રચંડ વાયુ વહે એવું બાણ છોડે. ને બાણની પરંપરા જાણે વહેતી હોય એમ બાણનો સતત વરસાદ વરસાવે. એક પછી બીજું બાણ ચાલ્યું જ આવે! જાણે એક બીજાની હાર લાગી ગઈ હોય!

જોનારા તો આ જોઈને છક્ક થઈ ગયા. સૌના મોંમાંથી એક જ વાત નીકળી, અર્જુન એ અર્જુન! એની તોલે કોઈ ન આવે.

પણ એવામાં દુર્યોધને આગળથી ગોઠવણ કરી હશે એ પ્રમાણે જ્યાં ઉત્સવ બંધ થવાની તૈયારી થાય છે એવામાં કર્ણ ત્યાં દેખાયો. એને પણ દુર્યોધને રાજકુમારનો શણગાર

સજાવ્યો છે ને એ પણ રાજવંશી જેવો દેખાય છે.

એને ત્યાં આવેલો જોઈ ને સૌ વિચારમાં પડી ગયા કે આ કોણ હશે? કર્ણે તો ત્યાં આવીને બધાને પ્રણામ કરીને ઊભો રહ્યો. પછી તેણે દૃઢ અવાજે અર્જુનને જ કહ્યું : 'હે રાજકુમાર! તમે જે બાણવિદ્યા બતાવી તે બધાએ જોઈ. હવે હું જે બાણવિદ્યા બતાવું છું તે તમે બધા જુઓ. મારી બાણવિદ્યા તમારી વિદ્યા કરતાં પણ ચાર ચંદરવા ચડે તેવી છે કે નહિ—તે તમે સૌ જુઓ!'

પણ કર્ણના આ વાક્યથી તો બધા આવેશમાં આવી ગયા. રાજકુમારો સાથે વાતો કરનારો આ કોણ? એવા સવાલો થવા મંડ્યા. અને અર્જુને પણ પોતાની પ્રતિષ્ઠા જળવાય માટે ધનુષબાણ સજ્જ કરીને, કર્ણ સાથે યુદ્ધ લેવાની જ તૈયારી બતાવી. આ તો રંગમાં ભંગ જેવું થઈ ગયું. પણ હવે વાત હઠે ચડી ગઈ. દુર્યોધન વગેરે સૌ કર્ણની પીઠ થાબડવા મંડ્યા. એ વખતે કૃપાચાર્યે પ્રશ્ન કર્યો : 'પણ હે જુવાન માણસ! અર્જુન તારી સાથે યુદ્ધ તો કરે. પણ એ તો રાજકુમાર છે. રાજા પાંડુનો પુત્ર છે. માતા કુંતાનો પુત્ર છે. તું કોણ છે? કોનો પુત્ર છે? એ તો કહે!'

એ સાંભળતાં જ કર્ણના અંતરમાં જેમ લોઢાની છીણીનો ઘા થઈ ગયો હોય તેવો ઘા થઈ ગયો. એને થઈ ગયું અરે રે! હું કોણ છું—મારી મા કોણ છે, એ જ વાત અંધારામાં છે. તે શરમથી નીચે ધરતી ઉપર નજર કરી ગયો. માબાપ કોણ છે એ ખબર ન હોય, ત્યારે ગમે તેવો તેજસ્વી પણ શરમ અનુભવે છે. કર્ણનું એવું થયું; પણ દુર્યોધને હવે વાત હાથમાં લઈ લીધી. એણે કહ્યું એ છે અંગદેશનો રાજા. હું એને અત્યારે જ અંગદેશ આપી દઉં છું. હમણાં જ એનો અભિષેક થાય છે.'

એમ બોલીને એણે તો તરત એને અભિષેક પણ કર્યો. ચકસા ચકસી કોને કહે?

પણ એટલામાં વૃદ્ધ સારથી અધિરથ રહી શક્યો નહિ. એને થયું મારો પુત્ર અર્જુનને હાથે હણાઈ જશે એટલે એ પિતાના પ્રેમથી ત્યાં દોડ્યો આવ્યો!

અને આંહીં તો કર્ણ—મહારથી કર્ણ ઊભો હતો. જે કેવળ પોતાના પરાક્રમ ઉપર જ મુસ્તાક રહેનારો હતો. એ તો અધિરથને જોતાં જ લોકો હમશે કે શું કરશે એની પણ પરવા કર્યા વિના, એના ચરણમાં ઢળી પડ્યો. લોકમાં મશ્કરીનું મોટું મોજું ફેલાઈ ગયું. ભીમ જેવા તો 'હે સુતપુત્ર!' એમ મોટેથી બોલીને અપમાન પણ કરવા માંડ્યા. પણ એ અપમાન કર્ણના મનમાં શલ્ય જેમ પેસી ગયું. આગળ જતાં મહાભારતનું યુદ્ધ થયું, ત્યારે દુર્યોધને મોટામાં મોટી ઓથ આ કર્ણની માની હતી, તે આટલા માટે. એ અર્જુન સમો બળવાન હશે, એ વાત તો ઠીક. પણ એનું જે અપમાન થયું તે અપમાને એને જીવનભર પાંડવો સામે મૂકી દીધો. મહાભારતનું યુદ્ધ એ આવી રીતે એક બીજા પ્રત્યેના ખોટા રાગદ્વેષમાંથી ઊભું થયું હતું. આજ પણ સુધી એમ જ થાય છે!

હવે આ વસુષેણે—કર્ણે વિચાર કર્યો કે ગુરુ દ્રોણ કરતાં પણ વધારે ધનુર્વિદ્યા જાણે છે ભગવાન પરશુરામ.

એટલે એણે ભગવાન પરશુરામ પાસે જવાનો નિર્ણય કર્યો.

પણ ત્યાં એક મોટું વિઘ્ન નડે ભગવાન પરશુરામ બ્રાહ્મણ સિવાય બીજા કોઈને ધનુર્વિદ્યા શીખવાડે નહિ. બાકી એની પાસે ધનુર્વિદ્યા એવી કે એનો શિષ્ય થયો તે અજીત થઈ ગયો.

એટલે કર્ણ ત્યાં ગયો. અને પોતે બ્રાહ્મણ છે એમ કહીને એની પાસેથી વિદ્યા શીખવા મંડયો.

પણ ત્યાં એનું નસીબ આગળનું આગળ આવ્યું.

એક દિવસ પરશુરામ સૂતેલા. એનું માથું કર્ણના ખોળામાં છે. પોતે ગાઢ નિદ્રામાં છે. એ જમાનામાં તો વિદ્યાગુરુનો મહિમા એવો અને વિદ્યાગુરુ પણ એવા—કે શિષ્યો એમ જ માને કે ગુરુની સેવાથી બીજી બધી વાત હેઠ

હવે આમ ગુરુ ગાઢ નિદ્રામાં હતા, ત્યાં એક ભમરો આવીને કર્ણના સાથળ ઉપર બેઠો. એને ઉડાડવા જાય તો અવાજ થાય એટલે એણે એને બેસવા દીધો.

પણ ભમરો તો મંડયો લાકડું કોતરે તેમ એનો સાથળ કોતરવા! જો પોતે ચીત્કાર કરે છે તો ગુરુ જાગી જાય છે. ચીત્કાર નથી કરતો તો ભમરો વધારે ને વધારે ઊંડો ઘણ કરતો જાય છે. કર્ણને દુઃખ તો એવું થાય છે કે ન પૂછો વાત પણ એ ધીરજથી—આ ભારે વેદના સહન કરી રહ્યો! સાથળમાંથી લોહી નીકળ્યું—પણ એક ઉંહકારો એના મોંમાથી ન નીકળ્યો!

છેવટે તો ગુરુ એના મેળે જ જાગ્યા—ને લોહી વહેતું જોઈને આભા બની ગયા.

જુએ છે તો કર્ણ ત્યાં હતો તેમ જ બેઠો છે. આ લોહી એના સાથળમાંથી ચાલ્યું જાય છે ભમરો, લોહી, કર્ણ, એનો ચહેરો બધું જોઈને પરશુરામ તો આશ્ચર્યચકિત થઈ ગયા. એમને મનમાં થઈ આવ્યું આ તરુણે સહનશીલતાની હદ બતાવી દીધી છે!

પણ તરત જ એમના મનમાં બીજો વિચાર આવ્યો જેણે એક સીત્કાર કર્યો નથી કે એક ઉંહકારો પણ જેની પાસેથી આવ્યો નથી—એ આ તરુણ, આટલો સહનશીલ છે—પણ તો શું એ ખરેખર બ્રાહ્મણ હશે?

બ્રાહ્મણનો દીકરો આટલું—આટલી ધીરજથી સહી શકે ખરો?

એટલે એણે કર્ણને ધન્યવાદ તો આપ્યા પણ તરત જ કહ્યું, તું બ્રાહ્મણ નથી. તું કોણ છે એ સાચું બોલ.

કર્ણે પોતાની જાત બતાવી. એટલે પરશુરામે એની વાત જાણીને એને ક્ષમા તો આપી—પણ એટલું જ કહ્યું કે આ તારી વિદ્યા તું ખરે ટાણે ભૂલી જઈશ એટલું જ હું કહું છું ....જા!

કર્ણ આ પ્રમાણે વિદ્યા તો અમૂલ્ય લઈ આવ્યો પણ એ વિદ્યાનો ઉપયોગ ખરે ટાણે ભૂલી જાય, એવો શાપ પણ લઈ આવ્યો!

છતા પરાક્રમ કરતાં પાછા હઠે તે બીજા એ ..

ન્યાયે કર્ણ વિદ્યાપ્રાપ્તિમાં આગળ વધતો જ રહ્યો.

હવે એવું બન્યું કે પાંડવ કૌરવ તો ધીમે ધીમે એક બીજા પ્રત્યે દ્વેષ કરતા જ રહ્યા. કૌરવો પાંડવોને કાઢવા ઘણા પ્રયત્ન કરે. છેવટે એ દ્યુત રમ્યા. પાંડવો હાર્યા. વનમાં બાર વરસ રહ્યા. તેરમે વરસે એમને ગુપ્ત રહેવાનું હતું. એમાં કળાઈ જાય તો બીજાં બાર વર્ષ વનમાં જાય—એવી વાત હતી. એટલે તેરમું વર્ષ ગુપ્ત વેષે પણ રહ્યા.

આ બધું છતાં કાંઈ ને કાંઈ વાંધો કાઢીને એમના આ ગુપ્તવાસને એક દિવસ આડો ...નો ત્યાં એ કળાઈ ગયા છે માટે, બીજાં બાર ... વનમાં જાય એવી હઠ દુર્યોધને પકડી. વાત એમ બની ગઈ હતી કે પાંડવો વિરાટ રાજાને ત્યાં હતા. એ ગુપ્ત રહ્યા હતા. કોઈને ખબર પડી નહિ ને વરસ પૂરું થવા આવ્યું. કૌરવોને કાંઈક માહિતી મળેલી કે પાંડવો વિરાટ રાજાને ત્યાં ગુપ્ત રહ્યા છે. એટલે એમણે ત્યાં સવારી કરી. એ વખતે અર્જુન પોતાની યુદ્ધકુશળતાને લીધે પ્રગટ થઈ ગયો, અને હજી બાર વર્ષ પૂરાં થયાં નથી, એક દિવસ બાકી છે, એવી વાહિયાત વાત ઉપર પાંડવ કૌરવ વચ્ચે યુદ્ધનું કારણ ઊભું થયું!

મહારથી કર્ણ આ મહાભારતના યુદ્ધમાં કૌરવોના પડખે રહેવાનો એ ચોક્કસ હતું. પાંડવ કૌરવ વચ્ચે સંધિ કરાવવા અને યુદ્ધને ટાળવા માટે શ્રીકૃષ્ણ પોતે દ્વારિકાથી આવ્યા હતા.

ઘણી ઘણી રીતે એમણે દુર્યોધનને સંધિ કરવા માટે સમજાવ્યું. પાંડવોને અર્ધું રાજ આપવાનું કહ્યું પણ દુર્યોધને એ માન્યું જ નહિ એટલે એ ભયંકર યુદ્ધ થવાનું. એ વાત ચોક્કસ જેવી જણાઈ. પોતે કહેવાનું બધું કહ્યું હતું. કોઈ માને તેમ ન હતું. એટલે હવે એ દ્વારિકા જવા માટે બહાર નીકળ્યા.

એ વખતે શ્રીકૃષ્ણ ભગવાને મહારથી કર્ણને બોલાવ્યો. અને પોતાની સાથે જ રથમાં લીધો.

મહારથી કર્ણ ઉપર દુર્યોધનનો અચળ વિશ્વાસ હતો. વળી એને એ અર્જુન કરતાં પણ શ્રેષ્ઠ માનતો હતો. એની ધનુર્વિદ્યા અદ્ભુત હતી. એની સહાયથી પોતે વિજય મેળવશે જ—એ વાત દુર્યોધનના મનમાં ઘર કરી ગઈ હતી.

એટલે શ્રીકૃષ્ણ ભગવાને આ છેલ્લો પાસો નાખ્યો.

જો કર્ણ, કૌરવોનો પક્ષ છોડી દે તો કૌરવો કદાચ યુદ્ધ ન કરે.

પોતે એટલા માટે કર્ણને મનાવવા માગતા હતા.

એને સાથે લીધો. નગર બહાર જઈ ને એને કહ્યું: 'હે કર્ણ! તું કોણ છે એ તું જાણતો નથી માટે આ યુદ્ધ થાય છે. હું તને તારા જન્મની સાચી વાત કહું છું. તું જાણે છે, તારી માતા કોણ છે?'

કર્ણ તો માતાની વાત સાંભળીને ગદ્‌ગદ્ કંઠ થઈ ગયો. આ વચ્ચે પણ એને પોતાની સાચી માતાનું નામ જાણવાની તાલાવેલી હતી.

તેણે કહ્યું: 'હું જાણતો નથી અને છતાં ઘણી વખત મને થાય છે કે જાણે હું જાણું છું!'

'પણ ત્યારે હું તને સાચી વાત કહું. તું

માતા કુંતાનો પુત્ર છે!'

'હેં? કુંતાજી મારાં માતા છે? મને 'પણ ઘણી વખત એમ લાગ્યા કરતું હતું. કોણ જાણે કેમ મને મનમાં થતું તો હતું કે હું કુંતાજીનો પુત્ર હોઉં તો હોઉં!'

'હોઉં તો હોઉં નહિ; આ તો સાચી વાત છે. તું કુંતાજીનો પુત્ર છે. યુધિષ્ઠિરનો મોટો ભાઈ છે. તું જ રાજા થવાનો. તું અમારી સાથે આવી જા—બધા જ પાંડવ તને મોટો ભાઈ ગણીને માન આપશે. તું હસ્તિનાપુરનો રાજા થશે!'

વાત અચાનક આવી હતી. પોતાને માટે તો ભારે લાભદાયક હતી. સામે હસ્તિનાપુર જેવડું મોટું રાજ હતું. પોતાનાં માતા પાછાં મળતાં હતાં. પોતે રાજવંશી બની જતો હતો. પોતાની નામના હસ્તિનાપુરના નૃપતિ તરીકે થવાની શક્યતા હતી. મહારથી કર્ણ મનોમંથનમાં પડી ગયો.

શ્રીકૃષ્ણે એને વધારે સુંદર રીતે વાત સમજાવી કારણ કે એ તો ગમે તે રીતે યુદ્ધ ન થાય એમ ઇચ્છી રહ્યા હતા. યુદ્ધમાં સર્વનાશ હતો અને છતાં યુદ્ધ એ એક જ રસ્તો હતો.

'કર્ણ! જો તું કૌરવોનો પક્ષ તજી દેશે, તો એક વખત યુદ્ધ અટકી જશે. આ જેવીતેવી વાત નથી. તું રાજા થશે એ વધારામાં. પાંડવો તને જ સ્થાપશે. માતા કુન્તાજીને તો તું મળીશ, એટલે સ્વર્ગ મળ્યા જેવું લાગશે!'

આ બધી વાત માત્ર તારા હિતની નથી. સૌના કલ્યાણની છે.'

ગમેતેવા ધીરવીરને પણ લોભાવે એવી આ વાત હતી. પણ મહારથી કર્ણ એ તો મહારથી હતો. મનના યુદ્ધમાં પણ એ વિજયી નીવડ્યો.

થોડીવારમાં જ આ બધી લાલચોને એણે મનમાંથી ખંખેરી કાઢી. નર-સિંહની માફક એ બોલી ઊઠ્યો:

'શ્રીકૃષ્ણ! ભગવાન્! તમારી વાત સાચી છે. પણ મને તો મારી માતા રાધા હોય, પિતા અધિરથ હોય, અને મિત્ર દુર્યોધન હોય—એ વાત જ હવે શોભે. લાલચથી લોભથી કે મોટું સ્થાન મેળવવાના મોહથી, જેમણે આજ દિવસ સુધી મને પાળ્યો, રક્ષણ આપ્યું, એમને હું છેક છેલ્લી ઘડીએ દ્રોહ આપું તો મારા જેવો કૃતઘ્ની કોણ? હું આવો વિશ્વાસઘાત કરું—પછી રાજા હોઉં કે રાજવંશી હોઉં કે ગમે તે હોઉં, પણ તમામ માણસો જેમને હૃદય હોય—એ તો જાણે કે હું ભલે રાજા રહ્યો—યોદ્ધો રહ્યો—રાજવંશી રહ્યો પણ હું માણસ તો રહ્યો નથી. જે માણસ નથી એને માટે આ અધિકાર કે તે અધિકારબધું જ મિથ્યા છે. અધિકાર તો ત્યારે શોભે, જ્યારે પહેલાં, માણસ, માણસ હોય ત્યારે. તે વિના તો અધિકાર આળ પંપાળ.

'હું તો જે કાંઈ કહું એમાં મને મારો પુરુષાર્થ જ દોરે. કોઈ લોભ લાલચને વશ થઈ હું ધર્મમાર્ગ ન તજું—મારે માટે સૌથી મહત્ત્વની એ વાત છે. હું હવે પક્ષ તજું નહિ. વિશ્વાસઘાત કરું નહિ. માતાપિતાનો દ્રોહ કરું નહિ. તમે મને આશીર્વાદ આપો તો એ આપો, કે હું મારો ધર્મમાર્ગ ન ભૂલું!'

'પણ કર્ણ! ત્યારે હું તને છેલ્લી ચેતવણી આપી લઉં. આ યુદ્ધમાં મને લાગે છે વિજય પાંડવોનો થશે!'

'વિજય પાંડવોનો થશે તેમ તમને ફક્ત લાગે છે? મને તો દીવા જેવું ચોખ્ખું દેખાય છે. વિજય પાંડવોનો જ છે!'

'ત્યારે તું મારી સાથે ચાલ હું તને તારું સાચું સ્થાન અપાવું દ્રૌપદી તારી સેવા કરશે પાંડવો તને મોટો માનશે. રાજ તને મળશે!'

'ના, એ કદાપિ ન બને કૃષ્ણ! હું તો રાધેય. હું તો રાધાનો પુત્ર. મને મોટો એણે કર્યો. આપણી આ વાત હવે તમે ગુપ્ત રાખજો. યુદ્ધ થતું હોય તો થવા દો. મને મારો ધર્મ પાળવા દો.'

કર્ણ ન ડગ્યો તે ન જ ડગ્યો.

આ પછીનો એક પ્રસંગ છે જ્યારે માતા કુંતા પોતે એને રાત્રે મળવા જાય છે અને એ પોતાનો પુત્ર છે એમ નિશ્ચયપૂર્વક કહે છે.

કર્ણનો જવાબ એ જ છે. હુ તો રાધેય! હુ તો સુતપુત્ર કર્ણ. મારો અધિકાર પરાક્રમ કરવાનો. હવે ખોટી રીતે રાજવંશી થઈ બેસવાનું મારે કામ નથી.

એ વખતે કુંતીએ માગ્યું ને કર્ણે મોટા મનથી વચન આપ્યું કે અર્જુન સિવાય બીજા કોઈ પાંડવને હું હણીશ નહિ.

પણ આ બધા પ્રસંગ ફિક્કા પડી જાય એવો એક બીજો પ્રસંગ પણ છે.

એક વખત સ્વપ્નમાં સૂર્યદેવ પોતે કર્ણને દેખાયા. ઝળાંઝળાં થતો દેહ છે. કાને કુંડળ શોભી રહ્યાં છે. દેહમાંથી તેજના ફુવારા ફૂટી રહ્યા છે.

એને સ્વપ્નમાં કહ્યું: 'હે વત્સ! હે કર્ણ! હું સૂર્ય તને કહું છું, તુ મારો પુત્ર છે. તું જન્મ્યો ને તારી સાથે બે ચીજ જન્મી છે. એક તારાં કાનનાં કુંડળ. બીજું તારું કવચ. તારી પાસે જ્યાં સુધી એ છે ત્યાં સુધી તું અભય છે, અજીત છે, તારો પરાજય નથી. તું એ કોઈને આપતો નહિ!'

કર્ણે કહ્યું: 'હે દેવ! તમે ન આપવાનું કહ્યુ પણ મારી પાસે તો માગતો ભૂલે—એવી મેં મારી, આ પૃથ્વીમાં કીર્તિધજા ઊભી કરી છે. એ કીર્તિધજા કદી પણ ન નમે. માગનારો બ્રાહ્મણ હોય પછી તો થઈ રહ્યું એને આપ્યું!'

'અરે પણ વત્સ! તું સાંભળ તો ખરો. તું અજીત છે. ને તને જીતવા માટે આ યુક્તિ ગોઠવાય છે. ઇંદ્ર પોતે બ્રાહ્મણને વેષે તારી પાસે આવશે. તારાં કવચ કુંડળ માગી જશે. પછી તું અજીત નહિ રહે!'

કર્ણે કહ્યું: 'એમ કહો દેવ! ખરો અજીત હું ત્યારે થઈશ—જ્યારે આ, કવચ કુંડળ આપી દઈને પણ મારું પરાક્રમ દાખવીશ. માગનારો માગે અને હું કર્ણ—જેના નામ ઉપર દાનેશ્વરીની ધજા ફરફરે છે—હું ન આપુ—એ કદાપિ બને? એ નહિ બને— ચાહે તો જય મળે, પરાજય મળે, મૃત્યુ આવે કે સર્વનાશ આવે. જે પ્રતિજ્ઞા છે એ ફોક નહિ થાય....'

અને કર્ણે ખરેખર પોતાની હાર પોતે નોતરે છે એ જાણતા છતાં, બીજે જ દિવસે, બ્રાહ્મણવેષે આવેલા ઇંદ્રને કવચ કુંડળ આપી

દીધાં ! દાનેશ્વરી કર્ણ—એ નામ આજે પણ પ્રસિદ્ધ થઈ ગયું છે, તે આટલા માટે.

કર્ણ છેક છેલ્લે યુદ્ધમાં દેખા દે છે. એ વખતે શલ્ય રાજા એનો સારથી બન્યો છે. પણ એણે કર્ણને ઘણાં મેણાં ટોણાં મારીને એનો ઉત્સાહ મંદ પાડવાનું કામ કર્યું હતું. મહાભારતના યુદ્ધનો એ સોળમો દિવસ હતો. ભીષ્મ દ્રોણ બધા પરાજીત થયા હતા. કર્ણે એ વખતે અદ્ભુત યુદ્ધ કરી બતાવ્યું. પણ છેક છેલ્લી ઘડીએ અર્જુન સામે એ યુદ્ધ લેતો હતો ત્યારે ધરતીમાં એનું રથનું પૈડું ખૂંચવા મંડયું.

કોઈ બ્રાહ્મણના શાપથી એમ થયું હતું. પણ તે છતાં કર્ણે યુદ્ધ ચાલુ રાખ્યું ને છેવટે એ યુદ્ધમાં પડયો.

આ યુદ્ધમાં એણે, યુધિષ્ઠિરને હણી નખાય એવી સ્થિતિ એક વખત મેળવી હતી, પણ માતા કુંતાને આપેલું વચન યાદ કરી એને જવા દીધા હતા. પુરુષાર્થની પ્રતિમા સમા આ મહારથી કર્ણની એક અમરવાણી તો આજે પણ યાદ રાખવા જેવી છે. એણે કહ્યું છે—

> सूतो वा सूतपुत्रो वा यो वा को वा भवाम्यहं ।
> दैवायत्त कुले जन्म मदायत्त तु पौरुषम् ॥

ભલે જન્મથી માણસ ગમે તે હો—પરાક્રમથી મેળવે એ એનો વર્ણ. એ એની જાતિ. એ એનું કુળ. રામાયણ લખનાર વાલ્મિકીને જે ભીલ ગણે, એ પોતે જ ભીલ નહિ ?

★

મહાન માનવતાવાદી ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝરે ૧૯૪૯માં જ્યારે અમેરિકાની મુલાકાત લીધી ત્યારે જર્મનીમાં એમની પાસે ભણી ગયેલી એમની એક શિષ્યાએ એમના માનમાં એક નાની સરખી પાર્ટી યોજેલી. પાર્ટી હતી એક નાના રેસ્ટોરામાં. પણ આ શિષ્યા પોતાના ગુરુ માટે ઘેરથી એક ખાસ 'કોરી કેઈક' બનાવીને સાથે લઈ ગયેલી. પાર્ટીમાં જ્યારે કેઈક કાપવાનો વખત આવ્યો ત્યારે આ શિષ્યાએ ડૉ. સ્વાઈટ્ઝરને છરી આપી ડોકટર ઊભા થયા. કેઈક પર છરી મૂકી અને ટેબલ આસપાસ બેઠેલા માણસોની ગણતરી કરી. કુલ નવ માણસો ત્યાં હતા. છતાં ડોકટરે ૧૦ કકડા કર્યા. શિષ્યાને આશ્ચર્ય થયું. પણ આ મહાપુરુષે 'એક કકડો આપણી અત્યારે સરસ સેવા બજાવી રહેલી આ ચાકરડીને' એમ ખુલાસો કરીને ટેબલ આગળ ઊભી રહેલી યુવાન ચાકરડીને વધારાનો કકડો પ્રેમપૂર્વક આપી દીધો.

\#

ઇંગ્લાંડના બે શહેરો લીડઝ અને બ્રેડફોર્ડ વચ્ચે પરાપૂર્વથી દુશ્મનાવટભરી હરીફાઈ ચાલી આવે છે. આ બન્ને શહેરનાં છાપાં હમેશાં એક બીજા શહેરના લોકો તેમજ પ્રવૃત્તિઓને ઉતારી પાડવામાં કાંઈ બાકી રાખતાં નહિ. થોડા વર્ષો પહેલાં આ બન્ને શહેરના છાપાંઓના તંત્રીઓ એકત્ર મળ્યા હતા અને તેમણે આ 'મૂર્ખાઈ'નો અંત લાવીને બન્ને શહેરો વચ્ચેની મૈત્રી અને શુભેચ્છાનો નવો યુગ શરૂ કરવાનો નિર્ણય શરૂ કર્યો હતો. આ સમાધાની થયા બાદ થોડા દિવસો પછી બ્રેડફોર્ડના એક માણસે પોતાની પત્નીને કાપી નાખી, પોતાના બે પુત્રોને ઠાર કર્યા, પોતાની સાસુને બારી બહાર નીચે ફેંકી દીધી અને પોતે બળી મરીને આપઘાત કરવાની કોશીશ કરી. બીજે દિવસે લીડઝનાં વર્તમાનપત્રોએ 'બ્રેડફોર્ડના એક શખ્સનું વિચિત્ર વર્તન' એ શિર્ષક તળે સમાચાર પ્રગટ કર્યા !

ઈશ્વર પેટલીકર

મનના સાંધા

મન, મોતી અને કાચ—આ ત્રણે ભાંગ્યા પછી સંધાય નહિ પણ એ કહેવતનેય જાણે અપવાદ હોય તેમ અટી તો બે મનનો એવો સચોટ સાંધો થઈ જાય છે કે એ સાંધો છે કે કેમ, એને સાંધો કહેવાય કે કેમ એ પણ એક પ્રશ્ન જ થઈ પડે બધે આવું થાય તો કેટલાં બધા મનમેળ થઈ જાય.

એક આધેડ ઉંમરના ભાઈ મળવા આવ્યા હતા તેમણે દુઃખ જણાવતાં કહ્યું

'દીકરીને પરણાવ્યા પાંચ વરસ થયાં પણ જમાઈ દીકરીને તેડતો નથી પરણાવી ત્યારે જતી આવતી, પણ બે વરસમાં એવા ઝઘડા કર્યા, અને છેલ્લાં ત્રણ વરસથી તો બિલકુલ તેડી નથી '

મેં પૂછ્યું 'જમાઈ કેટલું ભણેલા છે?'

ભાઈ 'ગ્રેજ્યુએટ છે, વીમા કંપનીની ઓફિસમાં બસો રૂપિયાના પગારે નોકરી કરે છે '

હું 'લગ્ન એની રાજીખુશીથી કરેલાં કે માબાપે દબાણ કરીને કરાવેલાં?'

ભાઈ 'માબાપ નથી બે ભાઈઓ છે ગ્રેજ્યુએટ થયા પછી, છોકરીને પસંદ કરીને, એક બે વખત બંને મળ્યાં તે પછી પરણેલા છે

હું 'તો પછી ઝઘડો શાનો છે?'

ભાઈ કહેતાં જરા અચકાયા મેં એમનો ભાવ જાણી જતાં પૂછ્યું 'ખાનગી છે?' એમણે ડોકું હલાવ્યું એટલે ઓફિસમાંથી ઊઠીને હું એમને બાજુના ખંડમાં લઈ ગયો

ખુરશીમાં બેસતાં એ ભાઈએ કહ્યું 'જેઠાણી છે તેનું દુઃખ છે '

મેં પૂછ્યું 'સાસુપણું દાખવે છે?'

'એ તો ખરું જ મારી દીકરી જાણે એની નોકર હોય તેમ બધું કામ એની પાસે કરાવે અને એ બેસી રહે છે, પરંતુ એટલું હોત તોયે દીકરી ટકી હોત પરંતુ દિયર-ભોજાઈ વચ્ચે આડા સંબંધનો વહેમ જાય છે '

હું વિચારમાં પડી ગયો આ જાતના મોટે ભાગે અનુમાનો હોય છે, અને અમુક અમુક કારણોસર માણસ એ અનુમાનો ઉપર જાય છે જો એવો કંઈ સંબંધ હોય અને યુવક પત્ની સાથે સંસાર માંડવા ન માગતો હોય તો પરણે જ શું કામ? માબાપ હતાં નહિ, સ્વેચ્છાએ પરણ્યો હતો, એટલે આ વસ્તુ કેટલી સાચી એ શું કહેવાય?

મેં પૂછ્યું 'એવું માનવાનું કંઈ કારણ મળ્યું છે?'

ભાઈ 'દીકરી કહે છે કે મારી સાથે હસીગોરીને વાત કરતો નથી, અને ભોજાઈ સાથે ગમ્મત કરે છે, મશ્કરી કરે છે જાણે ઘરમાં હું નોકર હોઉં તેમ, હું એકલી જુદી અને જેઠ, જેઠાણી અને એ ત્રણેય જમતી વખતે સાથે જમે. હસીગોરીને વાતો કરે એમના છોકરાંને રમાડે એ વખતે મઝાના માણસ લાગે અને મારી જોડે પ્રસંગ આવે ત્યારે મોં ચડાવે!'

મેં પૂછ્યું 'બંને ભાઈઓ વચ્ચે કેટલું અંતર છે?'

એ ભાઈ 'બે વરસનો જ ફેર છે સરખા જ લાગે '

હું 'પરંતુ એવું હોય તો મોટા ભાઈ કેમ સાંખી લે?'

એ ભાઈ 'એને ટૂંકો પગાર છે, છાપખાનામાં નોકરી કરે છે, પણ સ્વભાવ એવો છે કે ક્યાંય ટકીને રહી શકતો નથી વરસમાં અર્ધો મહિના ઘેર બેસી રહે છે આ સ્થિતિમાં નાના ભાઈ જોડે ટંટો કરે તો છૈયાં છોકરાંને ખવડાવે શું?'

મેં પૂછ્યું 'જમાઈ બીજી રીતે સારો છે?'

એ ભાઈ 'જેઠાણીનું સાન ન હોય તો કશું દુઃખ નથી વચ્ચે એક બે વખત જેઠાણી પિયર ગયેલી ત્યારે દીકરી સાથે સારું વર્તન રાખેલું પરંતુ એ આવે કે જાણે એનાથી દબાઈ ગયો તેમ એનું એ '

હું 'એનો અર્થ એ કે એ જુદો રહે તો તમારી મુશ્કેલીનો અંત આવે એમ ને?'

એ ભાઈ 'તમે એવુ કરી આપો માટે જ તમારી પાસે આવ્યો છુ તમારા જેવાનુ એ સાભળશે પણ ખરા '

હુ 'એવો કોઈ પ્રયત્ન તમે કર્યો ?'

એ ભાઈ 'એ ત્રણ વાર ગયો એ કહે કે હુ જુદો રહેવા બધાઉ નહિ મારી સાથે એ આવીને રહે એટલે હુ મારી મેળે જુદો રહેવા પ્રયત્ન કરીશ એમ કરતાય કઈ દીકરીનુ ઘર મંડાય છે એમ માની દીકરીને મોકલી જોઈ, પણ દર વખત એનુ એ દુ ખ ! ગરીબુ અને એક ખડ, એવા ઘરમા બે કુટુબ છૂટથી રહી પણ શી રીતે શકે કે દીકરી પોતાની આવડતથી જમાઈને રાજી કરી શકે ? જેઠાણી શોકયની માફક ચોકી રાખતી જ હોય, ના હોય તેવી ભૂલો કાઢીને એને બધા આગળ હલકી પાડે, એટલે થાકીને દીકરી પિયારી આવતી રહે '

મે કહ્યુ 'એ ખરુ પણ તમારી દીકરીમા કોઈ સ્વભાવદોષ હશે તેમ તમને લાગે છે ?'

એ ભાઈ કઈ સમજ્યા ન હોય તેમ મારી સામે તાકી રહ્યા

મે કહ્યુ 'સામાન્ય રીતે તકરાર કે અણબનાવ થાય છે ત્યારે કેવળ એક પક્ષનો જ દોષ હોય છે એવુ ભાગ્યે બને છે દોઢડાહ્યા વગર તકરાર ન થાય એવી આપણામા કહેવત છે જમાઈ પારકો એટલે આપણને એના દોષ વસે, પણ જો એને ઘર ભાડુ ન હોય તો પરણે શુ કામ ? મતલબ કે દીકરીનો કોઈ સ્વભાવ એવો હોય કે એનો મેળ ન બેસે હોય, એમ તમને કઈ લાગે છે ?'

'સમજ્યો ' એ ભાઈએ કહ્યુ 'દીકરી કામગરી છે, બધા સાથે ભળી જાય એવી છે પારકાનો છેડો ઝાલી છૂટે તેવી છે કોઈની સાથે એને ના બનતુ આવે એવુ અમારે ઘેર બન્યુ નથી ફળિયામા એ સૌને ભાવતી છે '

હુ 'જમાઈ કઈ દોષ કાઢતો હશે ને ?'

એ ભાઈ 'આડુ બોલવુ હોય તો હજાર ખોડો કાઢે પરતુ એક વખત એને લઈને જુદા રહે અને છ બાર મહિના પછી જો કઈ ફરિયાદ કરે તો સાચુ માનુ '

હુ 'સારુ તમારા જમાઈને સાભળી લીધા પછી આનો કોઈ રસ્તો કાઢી શકાય '

તે પછી હુ એ ભાઈના જમાઈને મળ્યો જમાઈ ગ્રેજ્યુએટ હતો એટલુ નહિ, પણ સસ્કારી પણ લાગ્યો સમજુ પણ હતો એણે પોતાનુ દુ ખ રડતા કહ્યુ 'ધધે વળગ્યા વિના ન પરણવુ એમ નક્કી કર્યુ હતુ અને મોટી ઉમરે ગ્રેજ્યુએટ થયા પછી સાહિત્યના એક વિદ્યાર્થી તરીકે રસશાસ્ત્ર ભણ્યા પછી લગ્નજીવનની મારી કલ્પનાઓ કેવી કેવી હશે ? અમારી નાતમા અગ્રેજી ભણેલી છોકરીઓ મળવી મુશ્કેલ છે એટલે ગુજરાતી સાત ચોપડીઓ ભણેલી એ છોકરીને મે પસદ કરેલી, ત્યારે એવી ગણતરી હતી કે હુ એને ઘેર અભ્યાસ કરાવીશ અને સાહિત્યમા રસ લેતી કરીશ એ કારણે મે એનો વિવાહ કરતા પહેલા મુલાકાત વખતે પૂછ્યુ હતુ કે તુ આગળ ભણીશ ખરી ? એણે પોતે પણ હા પાડી હતી આ બધા કોડ સાથે હુ પરણેલો તે જો મારે એને સઘરવી ન હોય તો પરણુ શુ જખ મારવા ?'

હુ તો પછી વાધો ક્યા છે ?

'સસ્કારમા '

'એટલે ?'

જમાઈ 'છોકરી આમ મઝાની છે, શક્તિશાળી પણ છે ભણવાની વૃત્તિ નથી એમ નહિ પરતુ ઘરમા જે સસ્કાર મળવા જોઈએ તે મળ્યા નથી પરિણામે એ પરણીને આવી કે ભાભી સાથે એનુ મન ઊચુ થયુ ભાભી કઈ ગઈ પેઢીની જુનવાણી નથી કે અકારણ ટકટકારા કરે સામાન્ય રીતે આગળી પાણીમા બોળાય તેમ પાણીનો પ્યાલો પકડ્યો હોય એને એ ટોકે ને પ્યાલો કેમ પકડવો તે સમજાવે, એટલે એને લાગે કે, મારી જાણીને ખોડો કાઢે છે ! કપડા સુકવ્યા હોય તેમા સમજ પાડે કે અદર પાણી

નવરચના

રવિશંકર મહારાજ

નવ-પ્રયાણ

સાતસો વર્ષ પછી ગુજરાતનું આગવું રાજ્ય બને છે ગુજરાત ઉર્ફે સાર ગુજરાત પૃથ્વીને ઘડો લવા યોગ્ય ગુજરાતના નવા રાજ્યનું ઉદ્ઘાટન એક એવા સાત્ત્વિક પુરુષે કર્યું છે કે જેમની વાણીમા નક્કર સત્ય તરવરે છે આ ઉદ્ઘાટન વખતના પૂ મહારાજશ્રીના પ્રવચનને ટૂંકાવીને અહીં મૂક્યું છે જે પ્રધાનથી માંડીને સામાન્ય પ્રજાજનને માર્ગદર્શક બને

રાષ્ટ્રપિતા ગાંધીજીની નજર સમક્ષ હરેક ક્ષણે ભારતનું ગામડું અને ગામડાની પ્રજા રહેતી એમના વિકાસમા એ ભારતનો વિકાસ જોતા આપણા ગુજરાતના ગામડાઓમા કુશળ અને ખંતીલા ખેડૂતો છે, ભણેલા ન હોવા છતા ધધારોજગાર ચલાવવામા કુશળ કારીગરો છે, વહાણવટું કરવામા કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડૂઓ છે, અને ગુજરાતની પ્રજા પાસે અર્થવ્યવહારમા કુશળ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો છે

આ બધાની શક્તિને ગુજરાતના હિતમા વાપરવા માગે તો ગુજરાત ભલે નાનું રાજ્ય હોય, ભલે અત્યારે ખાધવાળો પ્રદેશ ગણાતો હોય, તોપણ થોડા વખતમા સમૃદ્ધ બની શકે એ વિષે મારા મનમા શકા નથી સ્વરાજ્ય મળ્યા પછી દેશભરમા ઘણાં વિકાસકાર્યો થયા છે રાષ્ટ્રની સપત્તિ તેમ જ પેદાશ પણ વધી હશે, પણ એની યોગ્ય વહેચણી થાય તે જ આપણે સમતા અને શાતિની દિશામા પ્રયાણ કર્યું કહેવાય યોગ્ય વહેચણી કરવાનો રસ્તો ધનદોલતની લહાણી કરવી એ નથી, પણ આપણે ત્યાની એકેએક સશક્ત વ્યક્તિને એને લાયકનું કામ મળી રહે અને એને હોશે હોશે એ કામ કરવાનો એના દિલમા ઉત્સાહ પ્રગટે એ કરવાની જરૂર છે

એટલે તૃષ્ણા મોતી ભલે નહિ સધાતા હોય પણ મન તા સધાય માની જયનો બાનુ જ રાખે વીમા કપનીના મોટા ઓફિસરો મળ્યા બધી હકીકત કહી ડાયરેક્ટર વ્યવહારિક એમને કોઈની અગત વાતમા માથુ ન મારવા જેવા વિવેકને માન્ય ન રાખે આવી રીતે પોતાના તાબા નીચેનો અધિકારી પત્નીને ત્યજી દે એ કેમ ચાલે? તેમણે બાપુ નારણ માણ્યુ અને ધમકી પણ આપી—જો તમે પત્નીને નહિ તેડો તો અમે તમને નોકરી પરથી છૂટા કરીશું તમે નવી પાયરીને લાયક નથી તમ ડાયરેક્ટર બોર્ડમા મળી નાલાયક ઠરાવી દીધા પુરુષ આ જગ્યા ઉપર કાયમ થવાનો બાકી હતો

હવે સમક્ષ પોતાની પ્રતિષ્ઠા અને પત્ની બંને આવીને ઊભા રહ્યા પગારનો લાભ જાય તો જાય પણ પોતાના ક્ષેત્રમા બદનામી મળે કે ભાઈ મેનેજર બન્યા તો ખરા પણ એને નભાવી શક્યા નહિ! પોતે એ રીતે વીમા ક્ષેત્રની દુનિયામા અને પોતાના સબધી વર્તુળમા હાંસીપાત્ર થાય શુ પસદ કરવુ? હાંસી કે સમાધાન? છેવટ એ ભાઈએ સમાધાન પસંદ કર્યું અને પત્નીને પોતાની સાથે એ નારી લીધી

છેલ્લા ત્રણ વરસથી એ પતિપત્ની સાથે રહે છે ગુજરાતથી દૂર દૂરના પ્રાંતમા રહે છે એમને તે પછી મળવાનુ બન્યુ નથી પરતુ દીકરીના પિતા મજે છે દીકરીના ખુશીમઝાના પત્રો એમના ઉપર આવતા હોય છે કોઈ વખત દીકરીની સાથે જમાઈ પણ એમને પત્ર લખે છે!

સ્વરાજ્ય મળ્યા પછી અતિ પવિત્ર ઉત્પાદક શ્રમશક્તિ ઘટતી જાય છે અને પ્રજાનું મો વધારે ભોગ તરફ જઈ રહ્યુ છે એ ભોગપ્રાપ્તિ માટે એને અન્ન અને ઘી-દૂધ કરતા સિક્કાની અગત્ય વધુ સમજાવા લાગી છે, તેથી ખેતી જેવો પવિત્ર ધધો કરનાર ખેડૂતો પણ સિક્કા પાછળ પડ્યા છે પણ આ બધાનું ખરુ કારણ છે સુધરેલા ગણાતા ભદ્ર સમાજનો આચાર આપણા આ વર્ગે સ્વરાજ્ય મળ્યા પછી ત્યાગને બદલે ભોગ તરફની રુખ બનાવી છે એટલે એ દિશાએ સામાન્ય જન પણ વળ્યા છે આ કારણે જીવનના બધા ક્ષેત્રોમા લાલચુ અને અસતોષનુ ભાન થવા લાગ્યુ છે

પ્રજા વધારે પૈસા પાછળ દોટ કેમ કાઢે છે? એને જેટલુ મળે છે એટલુ ઓછુ જ કેમ પડે છે? એનુ મો સંગ્રહ તરફ અને વધુ સુખોપભોગ તરફ કેમ વળે છે? આ વૃત્તિ રોકવા માટે ચીનની જેમ આટલા કપડા પહેરો, આમ જ વર્તો, એવા વટહુકમો ભલે બહાર ન પાડીએ, પરતુ આપણા પ્રધાનો, આપણા આગેવાનો અને આપણા અમલદારો તથા કાર્યકરો પોતાના જીવનમા સાદાઈ અને કરકસરનુ તત્ત્વ અપનાવી, પ્રજાને ઉત્તમ પ્રકારનુ માર્ગદર્શન આપી શકશે

બગલાઓ, મોટરો, ફર્નિચર, મોટાઈ દેખાડવાની રીતભાતો, હોટલો, મિજબાનીઓ, એ સૌમા સાદાઈ અને કરકસરની છાપ પડવી જોઈએ રાજ્યના કામોમા તો ઠીક, પણ અંગત જીવનમાય એ તત્ત્વ દેખાવા લાગશે તો પ્રજા પર એ જાદુઈ અસર પાડશે

આજે લાંચરુશવત અને કાળાબજારની બદીઓ ઠેર ઠેર જોવા મળે છે એ માટે રાજ્યે અને પ્રજાજનોએ સહકાર સાધીને એ દૂર કરવાનો દૃઢ નિર્ધાર કરવો પડશે

તુમારનો ઝટ ઝટ નિકાલ થવા લાગશે તો ઘણો બગાડ અટકી જશે રૂબરૂ પતી જતુ હોય એવુ કામ તુમારે ન ચડાવવુ જોઈએ મત્રીઓ પણ શક્ય હોય ત્યા કલેક્ટર વગેરેને મળીને વ્યવહારુ ઉકેલ કાઢશે તો બહુ મોટી રાહત અનુભવશે

વિક્રમ રાજાની માફક આપણા મત્રીઓ કે અધિકારીઓ ભલે વેશપલટો કરીને નગરચર્યા જોવા ન નીકળે, પણ કોઈ પણ ખાતાની ઓફિસ ઉપર કે ચાલુ કામ ઉપર કોઈ પણ જાતની હોહા કે જાહેરાત કર્યા વિના કોઈ કોઈ વખતે જઈ પહોચવાનો શિરસ્તો પાડશે તો એમને ઘણુ જાણવાનુ મળશે અને કર્મચારીઓને એમનુ કામ ઝડપથી અને સુદર રીતે પાર પાડવાની ચાનક ચડશે

ભણેલા તેમ જ અભણને કામધધો આપવો એ આજની મુખ્ય સમસ્યા છે એ માટે ખાદી અને ગ્રામોદ્યોગ જેવા યોગ્ય ધધારોજગાર શરૂ કરવા જે ધધાને રક્ષણ આપવાની જરૂર હોય તેને રક્ષણ આપવુ અને વધુ બેકાર બનતા અટકે એવી શિક્ષણપ્રણાલી ઊભી કરવી એમા આપણી સફળતાની ચાવી પડેલી છે

નોકરી અને શિક્ષણની ડિગ્રી વચ્ચેનો સંબંધ છૂટો કરી દેવામાં આવે અને જે ધંધામાં જવા માટે જે આવડતની જરૂર હોય તે અંગેની પ્રવેશપરીક્ષા લઈને જ ઉમેદવારને દાખલ કરવાની પ્રથા અપનાવવામાં આવે તો શિક્ષણમાં જે ગંદકીઓ પેસે છે, તેમાંથી આપણે સહેજે બચી જઈ શકીએ.

નાનાં નાનાં છોકરાંઓને હું જોઉં છું, એમની સમજણ અને એમનું પાણી જોઉં છું, ત્યારે હું ખુશ થઈ જાઉં છું. પણ માબાપોએ કુટુંબો મારફત અને પોતાના જીવન મારફત જે સુસંસ્કારો સીંચવા જોઈએ એમાંથી એ પાછાં પડયાં છે. એ કેવળ પૈસા અને મોટાઈ કમાવામાં પડયાં છે. શિક્ષકો પણ એમના હાથમાં જે અમોલી મૂડી મૂકવામાં આવી છે એની કેટલી જવાબદારી છે, એનું ભાન વિસર્યા લાગે છે. સરકાર તથા રાજકીય પક્ષો પણ કેળવણી તથા કેળવણીમાં કામ કરનારાઓ પ્રત્યે જેવું ધ્યાન આપવું જોઈએ તેવું નથી આપી શકયા. આ ત્રણેય જો પોતાનું કર્તવ્ય બરાબર બજાવવા લાગી જાય તો આજે જુવાનોની શક્તિનો પૂરો ઉપયોગ પ્રજાના હિતમાં વપરાતો થઈ જાય.

આપણે ગાંધીજીના અને સરદારશ્રીના વારસદારો છીએ. એટલે એમણે આપેલા વારસાને શોભાવીએ. પ્રભુ આપણને ગાંધીમાર્ગે રાજ્ય ચલાવવાની, ધનથી ગરીબ છતાં સંસ્કારથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની, શક્તિ અને સદ્‌બુદ્ધિ આપે અને સુપંથે ચાલવાનું બળ આપે એવી શુભ પ્રાર્થના કરીને આપણે નવું પ્રયાણ કરીએ.

★

મહાન ઉદ્યોગપતિ હેનરી ફોર્ડે ઉપદેશભરી ચિન્તનાત્મક ટીકાઓ ઘણી કરી છે. પરંતુ રમુજી વાતો એના મુખમાંથી ઓછી નીકળી છે ઓછી નીકળી છે છતાં છે બહુ રમુજી. એકવાર હેનરી ફોર્ડ પ્રેસિડન્ટ કાલ્વિન કુલિજને મળવા 'વ્હાઈટ હાઉસ'માં ગયેલા. કુલિજ પણ ફોર્ડ જેવા જ ગભીર. સામાજિક મેળાવડાઓમાં ભાગ લેવો ગમે નહિ. એકાંતપ્રિય સ્વભાવ પણ પ્રમુખ તરીકે મોટા મોટા સમારંભોમાં ભાગ લીધા સિવાય છૂટકો નહિ કુલિજે પોતાનો આ કંટાળો હેનરી ફોર્ડ સમક્ષ ઠાલવતા કહ્યું : 'હું તો એટલે સુધી કહીશ કે હસ્તધુનન માટે આ દેશના પા ભાગના લોકોના હાથ મારે 'દબાવવા' પડયા હશે ' ફોર્ડ મોટરના ઉત્પાદક હેનરી ફોર્ડની આંખમાં રમુજ ચમકી ઊઠી એણે કહ્યું : 'સાહેબ, તમે પા ભાગના લોકોના હાથ દબાવ્યા છે તો મેં બાકીના પોણા ભાગના લોકોના હાથમાં 'ફોર્ડ' નાખ્યા છે '

*

વિખ્યાત વૈજ્ઞાનિક અને જનરલ મોટર્સના શોધક ચાર્લ્સ કેટરિંગ એકવાર પોતાના કેટલાક મિત્રોને પોતાનું આલીશાન મકાન બતાવી રહ્યા હતા આ મિત્રો એક ટેકરીની નીચેથી એક ખાસ દાદરા દ્વારા મકાનના ભોયતળિયામાં ગયા અહિયાં એણે પોતાનું વર્કશોપ પ્રયોગશાળા, વૈજ્ઞાનિક સાધનો અને ઓજારો વગેરે બતાવ્યું બધા મિત્રોએ એકી અવાજે આ આશ્ચર્યકારક ભોયતળિયાના વખાણ કર્યાં અને પૂછ્યું : 'આ તો બધું સરસ છે પણ ઉપલા માળમાં ઓરડા કેટલા ?'
'ઓહ, ઉપલા માળે ?' ડૉ કેટરિંગે ખભા હલાવતા કહ્યું : 'એની તો મને ખબર નથી.'

પન્નાલાલ પટેલ

ભાઈ મળો તો આવા મળજો

ભાઈ અને બહેન કેટલીય વાર એટલા બધા નજીકના મિત્રો હોય છે કે પરસ્પરને માટે એ પ્રેરક અને સલાહકાર બની રહે એવા જ ભાઈબહેનની સાચી નિખાલસ મૈત્રીની કહાણી અહીં લલિતા નવલનવેરા કહે છે

સાં જે જમ્યા પછી કાલે જેમ બા આવી બેઠા હતા એમ આજે મોટી બેન કિશોર પાસે આવી બેઠી

કિશોર એના આવવાથી એક રીતે ખુશ થયો હતો કારણ પોતાને જો કોઈ સમજી શકે એમ હોય તો—બાપુજી તો જાણે સન્યાસી જેવા હતા એટલે—દરિયાપાર જઈ આવેલી એક આ મોટી બહેન જ હતી એમ એને લાગતુ હતુ ને તો તો પછી બાને પણ એ સમજાવી શકે

પણ બીજી રીતે એ આ મોટી બહેનથી—'એ જ સગાઈનો આગ્રહ રાખીને આ બધા વાના કરાવે છે !' આવા વિચારે થોડોક નારાજ પણ હતો

ગમે તેમ પણ મોટી બહેનને હતુ કે હું બાપુને સમજાવવાનો છેલ્લો પ્રયત્ન કરી જોઉં તો કિશોરને હતુ કે મારી વાત સમજાવવાનો હું મોટી બહેન મારફત છેલ્લો એક પ્રયત્ન કરુ

પણ ત્યા તો બહેને કોઈ બીજી જ બાબત હોય એ રીતે વાતની શરૂઆત કરી 'જો બાપુ નથી તો મારે તારી પાસે પેલું પ્રમાણપત્ર જોઈતુ કે નથી હું બા પાસેય આ સગાઈ માટે હવે આગ્રહ રાખવાની, પણ મારે ભાઈની આગળ બહેનની થોડીક દુ:ખની વાત કે'વી છે પણ તેય તુ જો હા કહે તો કહુ ને ના કહે તો ન કહુ.'

'કાં' ને પણ મોટી બહેન, વાત કે'વામા શો વાંધો છે ?'

'વાત કે'વામા વાંધો તો છે બાપુ, પણ તને કે'વામા મને કશો વાંધો નથી ' હસવાનો પ્રયત્ન કરતા ઉમેર્યું, 'એટલુ જ નહિ મને તો આશા પણ છે કે તારે હૈયે ભગવાન વસે ને મારી તુ લાજ કાં તો રાખીય આપે !'

કિશોરને આ ન ગમ્યુ અકળાતો હોય તેમ બોલ્યો

'એ તો હવે વાત જાણ્યા વગર કેમ કે'વાય મોટી બહેન ?'

'પણ જો બાપુ, અમારી મુસીબતની આ વાત બા-બાપુજીય નથી જાણતા, એટલે તારાથી જો મોટી બહેનની લાજ રાખી શકાય તો ઠીક છે, બાકી ન રાખી શકાય તો પણ આ વાત તો તારે જમીનમા જ દાટી દેવાની '

એક બાજુ પર કિશોરને સપડાઈ જવા સરખો ભય લાગતા ના કહેવાનુ મન થઈ આવ્યુ 'ત્યારે મરના જ દોને એ વાત મોટી બહેન !' તો બીજી બાજુ, 'એવી તે મોટી બહેનને શી મુસીબત હશે ?' આવી ઇંતેજારી પણ થવા લાગી ને કહ્યુ 'વાત ફૂટવાની બાબતમા તો તમારે જરાય ચિંતા ન રાખવી '

બહેન સીધી વાત કરતા હૃદય ખચકાતી હતી 'બીજુ તો ઠીક છે બાપુ, પણ મને એમ કે મારા પતિની મુસીબત—એટલે મારી જ સમજે ને !—એ જો મારો જ ભાઈ ભાગી આપે તો મારુ ને મારા પિયરનુ બધાયનુ સારુ દેખાય ' ક્ષણેક થંભી બોલી 'ને એમાય આ તો એવી વાત છે કે લાખનો ઘોડો ટોમ્ર ખાઈ એમતા કોડીમા મળે છે પણ આમ તો પાછો લાખનો જ છે એમને મે ગણ્યુ કે'

અકળાયો હોય તેમ હસવાનો પ્રયત્ન કરતા કિશોરે કહ્યુ 'એના કરતા સીધી વાત કરો તો કંઈ કેય સમજાય મોટી બહેન '

બહેને પલગ પાસે મૂડા ખભેડના દાદર તરફ નજર નાખી લઈ કહ્યુ 'તો જો ત્યારે બાપુ—પણ એ પે'લા હુ તને કહી દઉ કે તુ આમા તારી ધૂન પ્રમાણે વાત પૂરી સાભળ્યા-સમજ્યા વગર ના પાડતોક ને ઊભો રહે એ નહિ બને આ તો એક માનવતાની વાત છે, એટલે તારે ના પાડવી હોય તો ના પણ તે વગર વિચારે નહિ, બોલ છે કબૂલ ?'

કિશોરને વિચારમા પડેલો જોઈ ઉમેર્યુ, 'તો કહુ,

નહિ તો ઊડીને ચાલતી થાઉં !'

કિશોરને વળી થયું 'કહું કે, મરવા જ દો નથી સાંભળવી' પણ બીજી બાજુ આમાં એને પોતાની નામર્દાઈ પણ લાગવા માંડી ને વળી બોલ્યો 'પણ આ તો તમે'—ને ફિક્કું એવું હસી પડ્યો, 'કે'તા નથી ને કહ્યા વગર રે'તાય નથી એવું કરો છો મોટી બહેન !'

'એવું જ છે બાપુ ! કારણ આ કંઈ પશ્ચિમનો સમાજ નથી આ તો આપણો ઓર્થોડોક્સ સમાજ રહ્યો ! એમાં વાત કરતાં સો વાર વિચારવું પડે છે એટલે જ તો મેં બાનેય આ વાત નથી કરી ને કરી શકાય પણ નહિ હા બાપુજીને કહીએ તો વાંધો નહિ પણ આમાં એમની સહાનુભૂતિ મળે એટલું જ '

'તો ત્યારે મારી પાસેથી તમે શી આશા રાખો છો ?'

'ઘણી બધી, તમે જો ધારો તો એક માણસને જીવતદાન દઈ શકો છો

કિશોરને નો'તું પૂછવું તોય એનાથી પૂછાઈ ગયું

'કેવી રીતે ?'

'કેવી રીતે તે'—બહેને અહીં આંખમિંચામણાં કરીને કહી જ નાખ્યું 'લગ્ન કરીને બાપુ '

કિશોરના મોં ઉપર કાળી વાદળી ઊતરી આવી થોડોક ગુસ્સો પણ ખરો, 'કેવી તમે વાત કરો છો મોટી બેન ! એ બની શકે એમ હોત તો બા જેવી બાને હું ના પાડત ! હું કંઈ એ નથી સમજતો કે મા-બાપને હું એકનો એક દીકરો છું ને બહાર પરણું તો એ લોક એકલા પડી જાય ને બાને તો વળી મરવા સરખો આઘાત '

'તમે ત્યારે આ મુદ્દો જ નથી સમજ્યા બાપુ આમાં તમારે પરણવા ન પરણવાનો સવાલ જ નથી '

'ત્યારે ?'

'સવાલ છે બહેનના કુળની આબરૂ સાચવવાનો ને એથીય મોટો સવાલ તો છે કોઈક ઠોકર ખાઈ બેઠેલી આશાભરી છોકરીનો જીવ બચાવવાનો ને એ તે વખતે આખો ભાઈ સામે માંડના શીરો જ સવાલ કર્યો

'ઓહો, છે તમારામાં આટલી ઉદારતા ને માનવતા ?

પળભર તો કિશોરને થઈ આવ્યું 'હા છે ' પણ બીજી જ પળે એ ઢીલો પડી ગયો કંઈક લાચાર બનતા જાણે બહાનું શોધવા માગતો હોય તેમ બોલ્યો 'એ તો હવે તમે વિગતથી વાત કરો તો સમજાય !'

તો સાંભળો ત્યારે જેનો તમને સંસારમાં ચઢતે ફોટો આપ્યો છે એની આ કરુણ વાત છે ' બહેનની આંખો અહીં ભીની થઈ આવી હતી પણ એવું એને પોતાને ભાન હોય તેમ નો'તું લાગતું બોલી 'કરુણતા એટલા માટે બાપુ કે આમ તો એ જેટલી રૂપાળી છે એટલી જ—અરે એના કરતાંય વધારે એ ગુણિયલ છોકરી છે ! પણ ભગવાન જાણે શું થયું ને કેવી રીતે બન્યું કે—અરે આ અનિચ્છિત પ્રસંગ તો એને મન પણ કોયડો થઈ પડ્યો છે બાપુ ! તમને તે ખબર નહિ હોય પણ મને આ વાત નણદ બાઈએ કહી છે ને એ મારી સાથે સખીની જેમ હળી ગઈ છે એને મારી આગળ જૂઠી વાત કરે જ નહિ તો બીજી પણ એની વાત માન્યામાં પણ નથી આવતી ' અહીં એણે જોરથી એક શ્વાસ લીધો પછી સ્વગતની જેમ બોલવા લાગી 'પણ મને લાગે છે કે એ વખતે મારો મોટો નણદોઈ અમારે ત્યાં મહેમાન હતો ને એમાં પણ બેઉ બહેનોના ઓરડા પણ પાસે છે ને કાં તો પેલો મણુસ દારૂના ઘેનમાં—કે પછી પણ મને તો લાગે છે કે એણે કંઈક આ છોકરીને—ને કે આવા સંબંધી સામે પડો તો અમે પાળીએ છીએ પણ બહુ કડક નહિ એટલે ના તો આ છોકરીને કોઈની મારફત કંઈ ઘેન જેવું ખવરાવી દીધું હોય કે પછી રાતે સુંઘાડીય દીધું હોય ! ને આંખો કોરી કરતાં બોલી 'ગમે તેમ બાપુ પણ મારી આ નણંદને હવે મરવા વખત આવી છે ! મને બીજું કંઈ નથી થતું પણ આવી સુંદર સંસ્કારી છોકરીને વિના કસૂરે—અરેરે આજે મરવું પડે છે !'

તેમાં પાછી હોશિયાર પણ એવી જ છે બા !

આજે ઘેર બેઠે ને જાણું તો આપમેળે કરેના અભ્યા સથી એ અંગ્રેજી નવલકથાઓ ધડાધડ વાંચે છે ને બોલે છે પણ એનું જ સરસ એના ભાઈ જોડે તો એ અંગ્રેજી સિવાય વાત જ નથી કરતી એને લીધે તો હું પણ થોડું અંગ્રેજી શીખી ગઈ છું ' ને અહીં એણે એક ભારે એવો નિશ્વાસ નાખ્યો બોલી ' પણ બાપુ! આ દોઢ બે મહિનાથી અમારી હવે લીનો એ પ્રોગ્રામ જાણે બોલતો બંધ થઈ ગયો છે! પંદર દિવસ સુધી તો એણે ખાધું પણ નહિ ને આજેય જે જરા ખાય છે તે અમારી લાગણી ન દુભાય એટલા માટે અરે એ તો આ આખી દુનિયા છોડીને ક્યારનીય ચાલી થઈ હોત પણ મેં એને આવું કંઈ કરવાના સમ ખવડાવ્યા છે '

કિશોરથી સહસા એક નિશ્વાસ નખાઈ ગયો ' પણ તે કંઈ દવાદારૂ કરીને '—

બહેન વચ્ચે બોલી પડી ' અરે! દવા કરવા દીધી હોત તો વળી દુ:ખેય શાનું હતું પણ કહે છે કે મરું તો હું મરું બાકી આ નિર્દોષ છોકરો તો હું કોઈ કાળે વાત નહિ કરું! બોલો હવે રહ્યો છે બીજો કોઈ ઉપાય? '

' પણ તો કોઈની જોડે પરણાવી દો પછી બીજું શું થાય? '

ને કિશોરના જ મોઢેથી આ ઉપાય સાંભળીને બંનેને જાણે અંતરોય વેરો આનંદ થયો બોલી ' અહીં જ તો અમારે મુશ્કેલી છે બાપુ જો છાનેછપને કોઈને રગગાડી દઈએ તો પાછળથી એનો મસાર બગડી જાય છે વળી આ બેની વાત કરીને કોઈને પૈસેથી રીઝવી પણ શકાય પણ સામો માણસ જો તો ન માને તો વાત અમારી બહાર પડી જાય છે પણ આ બધું જોખમ વહોરતાય રૂપકુંવર આવી કોઈને પરણે કે કેમ એ મોટો સવાલ છે '

ને કિશોરથી સહસા અડી પૂછી જવાયું ' તો કેમ જાણ્યું મારી સાથેય હા પાડે? '

' હું જાણું છું એટલે જ તો તમને અત્યારે વિનવી રહી છું બાપુ મને અહીંના સમાચાર પૂછતા આડ-કતરી રીતે ને ઘણી વાર તો ગીતેમાંથી એ તમારામાં રસ લેતી હોય છે મને તો ઘણીવાર એમ પણ લાગે કે મારા ઉપરનો એનો પ્રેમ તમારા લીધે તો નહિ હોય! એવું જ નહિ—તમને થશે કે મોટી બહેન બનાવટ કરે છે પણ તારા સોગન બાપુ એને તો સપના પણ તમારા જ આવતા લાગે છે એ તો એ-દાખલો આપું પેલો ગોઝારો પ્રસંગ બની ગયા પછી વહેલી સવારે એ એની બધી ગભરાયેલી ને આખોય એની બદારરી લાગી કે મને એની તબિયત ખરાબ હોવાનો વહેમ પડ્યો એટલે સાધારણ રીતે મેં એને તબિયત માટે સવાલ કર્યો ત્યાં તો એ ચોધાર આંસુએ રડી પડી રડવાનું કારણ પૂછવા જતા સામું એ મને પૂછવા લાગી સાચું 'મા' ભાભી! તમારા ભાઈ રાતના અહીં આવ્યા છે? ગાંડા માણસના જેવો એનો આ સવાલ સાંભળીને મને નવાઈ લાગી મેં કહ્યું ' ના ભાઈ! એવું વળી કોણે કહ્યું તમને? ' પણ એ તો મારી વાત કરતાય એની સ્મૃતિ જાણે વધારે સાચી હોય એ રીતે બોલવા લાગી ' પણ મેં એમને જોયા છે ને? '

પછી તો મનેય થયું કે મોડી રાતે આવ્યા હો ને તમારા બનેવી તથા પેલા નણદોઈ દારૂમાં ચકચૂર હતા ને કાં તો તમને ત્યાં હોડી ઉપર સુવાડ્યા હોય પણ મને ખબર આપવી ભૂલી ગયા હોય! એટલે હોડી ઉપર તપાસ કરાવી પણ તમારા બનેવીએ તો મારી પાસે આવીને ઊલટી મને જ બનાવવા માંડી કે છે, ' મારા સાળા નથી આવ્યા પણ બનેવી એટલે કે મારા પેલા નણદોઈ—આળાને ઘેરથી રીસાઈને વહેલી સવારે મોટર લઈને જતા રહ્યા છે! '

ને તમે માનશો બાપુ! બાજુના ઓરડામાંથી સાંભળી રહેલી રૂપકુંવર એ જ ઘડીએ ચીસ પાડી ઊઠી જઈને જોઈએ છીએ તો એ બેભાન બની ગઈ હતી ને આંસુભરી આંખે કિશોર સામે તાકતા પૂછ્યું ' બોલો આમાં હવે શું સમજવું? '

આપણાથી આમ કોઈને મારવા તો ન જ દેવાય. પછી ભલેને સાટે આપણી જિંદગી રોળાઈ જાય !'

અલબત્ત આ નિર્ણય કર્યા પછી કિશોરને એક સવાલ આવી નડ્યો: 'અરે પણ તું એની જોડે સંસારિક સંબંધ તો રાખવાનો નથી પછી આવી જુવાન છોકરી જીવી તોય શું ને મરી ગઈ તોય શું ? અરે ઊલટાની એ જુવાન હૈયામાં કામનાની સગડી સતત જલ્યા કરવાની ત્યારે એના કરતા તો—'

પણ આ વિરોધનેય કિશોરે લૂલો પાડી નાખ્યો. 'એવું કંઈ નથી જીવનમા કંઈ શારીરિક સુખ એટલું જ ઓછું છે ! બાલવિધવાઓ ને આ જમાનામા નાસીપાસ થયેલાં પ્રેમીઓ આવા સુખથી વંચિત જ રહે છે ને ? તારી જ વાત કર ને ! કે ઉમાના બાનો તમે ધારો છો તેમ હૃદયપલટો ન થયો ને બાપ અહીં ન જ માન્યા તો તમને કે ઉમાને સંસારનું સુખ નથી જ મળવાનું ને !......ને તો પછી આને (રૂપકુંવરને) માત્ર એક માણસના સુખ સિવાય બાકીના આખાય જગતથી હળવુંમળવું ને જોવું બોલવું, ખાવુંપીવું ને કામ કરવું વગેરે બધું જીવન જ નહિ એમ ? અરે એમ હોય તો તો, કોઈ રંડેલાં તો કોઈ રીસાયલા-દુભાયલા, તો યુરોપ જેવામાં વર વગર કુંવારાં રહેલા આવા આવાંની તો નહિ નહિ તોય ચોથા ભાગની દુનિયા હશે પણ એ બધા, પેલાં સંસાર ભોગવનારની જેમ જ મોજથી જીવી રહ્યા છે ને ? તેમાય આને તો એનું બાળક હશે પછી શું છે કે જિંદગી એ નહિ ખેંચી કાઢે ? તેમાંય આપણામાં તો બબ્બે ચચ્ચાર શોક્યો ઉપર આ રીતે જીવવા ઘણાં 'બધાં ટેવાયેલાં હોય છે !'.

ને વળી લાખ વાતની એક વાત કરી નાખી, 'માટે—આવું બધું ગણીને આપણાથી કોઈને મોતના મોંમા જવા દેવાય જ નહિ'

કિશોર અહીં ફરતો ફરતો ઓરડામાં ગયો ટેબલ ઉપર પડેલો પેનો ફેંગ લીધો ને નીરખીને જોતો હોય તેમ જોઈ રહ્યો ને વળી એ એકનું એક બબડી પડ્યો.

'ના ના ના ! આને એમ તો ન જ થવું જોઈએ કે દુનિયામાં એની આ ભૂલને બેદરદિલીથી જોનાર કોઈ ન નીકળ્યું !'

ને આ સાથે જ રૂપકુંવરને મદદરૂપ થવાનો મક્કમ એવો નિર્ધાર કરી, ફાનસ લાવી સ્ટૂલ ઉપર મૂકી એ એને કાગળ લખવા બેઠો. 'ચોખવટ તો કરી જ દેવી કે જેથી ભવિષ્યમાં એ આપણને દોષ ન દે.'

'શ્રી રૂપકુમારી.'

આટલું લખી શું લખવું, એ વિષે એ મનની અટ ગોઠવવા લાગ્યો. એક વિચાર આમ પણ આવી ગયો. કંઈ નથી લખવું બહેન એને બધુ કહી સમજાવશે.

પણ એના કરતાં પોતાની જાતે એને મોઢામોઢ નહિ તો છેવટ કાગળ મારફતેય કહી દેવું એ વધારે ઠીક લાગ્યું—લખવા લાગ્યો :

'મારા મોટી બહેન તમને વિગતે બધી વાત તો કરશે જ છતાંય હું તમને લખી જણાવું કે મને તમારા માટે ખૂબ જ દુઃખ છે ને એટલે તમને હું એક માનવી તરીકે મદદરૂપ થવા માગુ છું આમાં સ્વાર્થનોય સવાલ નથી, કારણ કે દયા જ જો ખાવી હોય તો તમારે મારી ખાવાની છે કે હું તમને કોઈ પણ સંજોગોમા ક્યારેય પત્નીના હક્કો આપી શકું એમ નથી કારણ કે મારું દિલ'—અહીં એણે બે પંચ પાંખડીમા જાણે ડૂબકી લગાવી પછી લખ્યું. 'મારા જગની માછલી બનીને કોક સરોવરમાં જાણે ખોવાઈ ગયું છે માટે દુનિયાની નજર સામે ભલે આપણે પતિ-પત્ની ગણા બાકી આપણું જીવન તો ભાઈ-બહેનની રીતે જ વીતવાનું છે એ જ—'

છેવે ઉમેરી દીધું : 'કંઈ અઘટતું લખાયું હોય તો માફ કરશો.

લિ૰ કિશોરસિંહના જયહિંદ'

ને પછી કવરમા કાગળ નાખી મોટી બહેનને વાંચવા માટે ઊઘાડો રાખી પલંગમાં પડ્યો.

ને સાચે જ જીવનમા કોઈ સત્કાર્ય- કર્યાનો આનંદ અનુભવતો હોય તેમ ઘસઘસાટ ઊંઘી ગયો..

'પડઘા અને પડછાયા'—પ્રગટ થનારી એ નવી નવલકથામાંથી

નાનુભાઈ દવે

વિદ્યાર્થીઓનાં તોફાનો

વિદ્યાર્થીઅવસ્થા કેટલી બધી મુક્ત, કેટલી બધી નચીકરી હોય છે ! અત્યારે તો વિદ્યાર્થીઓનાં તોફાનોને તોફાનો કહી પણ ન શકાય. અગાઉનાં એવાં તોફાનો સાથે સરખાવી શકાય એવા આ પ્રસંગો છે.

મોટી વયે જૂના મિત્રો જ્યારે મળે છે ત્યારે હોંશે હોંશે શાળા-કૉલેજનાં તોફાનો પણ યાદ કરે છે. એ વખતે એમને જે દુઃખ થાય છે તે એટલું કે એવાં 'સરસ' તોફાનો આ જમાનામાં હવે થતાં નથી. નવા વિદ્યાર્થીઓ એ કામ માટે જાણે નાના દેખાય છે ! એમની હારના વિદ્યાર્થીઓમાં જે રમુજ હતી, જુસ્સો હતો કે એકતા હતી તેવું પછીથી જણાયું નથી. આ બળાપો કેટલે અંશે સાચો છે એ કોઈ નક્કી કરી નહિ શકે. ઘણાખરાં તોફાનો એનો જાતઅનુભવ હોવાથી સ્મૃતિમાં સ્થાન મેળવે છે. પછીનાં તોફાનો જાણવાની તક મળતી નથી ને કદર પણ રહેતી નથી.

દરેકની પાસે પહેલાનાં થોડાં તોફાની સંસ્મરણો હોવાનાં તો ખરાં. એ શા માટે જાળવી રાખ્યાં હશે એની એને પોતાનેય ખબર નહિ હોય કદાચ એ વય અને એ ઉલ્લાસ જ એવાં હશે કે એની ખુમારી જીવનભર ટકી જાય.

હમણાં હમણાં વિદ્યાર્થીઓનાં તોફાનોની વાત ઠેર ઠેરથી સંભળાય છે, ને વગોવાય છે પણ ખરી. દેશને માટે એ ચિંતાનો વિષય ગણાય છે. તેવે વખતે થોડાં જૂનાં તોફાનો અહીં રજૂ કર્યાં છે. બીજાઓની પાસે પણ આવો ભંડાર પડ્યો હશે ને તે તરફ સહેજ નજર વળશે તો દુનિયાની ઘણી મૂંઝવની આફતોમાં જરા ઠંડક લાગશે.

*

કાંતિલાલ આમ તો શાંત સ્વભાવનો હતો. એના મિત્રોનું ટોળું પણ મોટું નહોતું. એ ઝાઝા તડાકા પણ નહોતો મારતો કે બડાશો પણ નહોતો હાંકતો. પણ કોઈ કોઈ વાર એ એવી રમુજ કરતો કે બીજા છક થઈ જાય થોડું હસે ને ખીજાય પણ ખરા. પણ છેવટે બધું માફ.

રોજ સાત વાગ્યા પછી ઊઠનાર કાંતિલાલ એકવાર વહેલો સાડા પાંચ વાગે ઊઠ્યો. થોડા વિદ્યાર્થીઓને વહેલા ઊઠી વાંચવા બેસવાની ટેવ હોય છે એની એને ખબર. એમના તરફ એ જોતો ત્યારે એને જરા નાનમ લાગતી સરખામણીમાં પોતાની કર્તવ્યબુદ્ધિ મંદ લાગતી. એમના તેજ આગળ એ આપોઆપ મનમાં ઝંખવાતો, બળતોય ખરો. એમનો એ અપરાધ એનાથી સહ્યો ના જતો હોય એમ એક વાર બદલો લેવાની એને ઇચ્છા થઈ. અને તરત જ એનું તુક્કાબાજ મગજ કામે લાગ્યું.

એણે જાડી લાંબી મીણબત્તીઓનાં ચારેક બંડલ લાવી રાખેલાં, પણ કોઈને એ વાતની ગંધ આવવા દીધેલી નહિ. મીણબત્તીઓ અને દીવાસળીની પેટી લઈ એણે થેલીમાં મૂક્યાં. હાથમાં જાજરૂ જવાનું ટંબલર લીધું ને એ જ નળેથી પાણી ભરી એ ઉપડ્યો.. કૉલેજના છાત્રાલયને એક છેડે સંડાસની બે હાર હતી, દસ જાજરૂની આગળ અને બીજા દસ જાજરૂની પાછળ. વચ્ચેનો માર્ગ ભંગીને બંને હાર સાફ કરવાનો અને મેલું પાણી નીકમાં થઈ ટાંકીમાં એકઠું થવા માટે હતો. ત્યારે ગટર નહોતી, રોજ સાફ કરવાનાં જાજરૂ હતાં.

કાંતિલાલે એક વખત સંડાસમાં પ્રવેશ કર્યો અને પતરાનું બારણું હળવેથી બંધ કરી અંદરથી સાંકળ દીધી. પછી એણે એક મીણબત્તી પેટાવીને ટંબલર પડતું મૂકી એણે ઊંચા થઈ બાજુના જાજરૂમા નજર નાખવા યત્ન કર્યો. એમાં ના ફાવ્યો એટલે એણે બંધ કરેલી કડી ઉપર ધીરેથી પગ ટેક્યો ને ડોકિયું કર્યું. એ જાજરૂ ખાલી હતું.

એણે છાપરા ઉપરના પતરા માટે લોખંડનો એંગલ ઝડપીને શરીર ઊંચક્યું. ને રેલગાડીના પાટીયામાં

શરીર પેસે એ રીતે ઉપરથી બીજા જાજરૂમાં પ્રવેશ કર્યો. હળવેથી ત્યાંય અંદરથી બારણું બંધ કરી બીડી-મીણબત્તી ચેતાવી. એનો રસ જમીન ઉપર ટપકાવી એને સ્થિર કરી એ ઊતર્યો ત્રીજામાં. એમ ત્રીસે ત્રીસ જાજરૂને અંદરથી બંધ કરી મીણબત્તીઓ સળગતી રાખી એ બહાર નીકળી ગયો ને ડાહ્યો થઈને પથારીમાં સૂઈ ગયો.

થોડીવાર થઈ અને બહાર ધમધમ અવાજ આવ્યો. ટમ્બલર પણ ખખડ્યું. પગીના નગારા જોસભેર ખૂંચ્યા. તે સંભળાયું. પછી કશો અવાજ આવ્યો નહિ.

બીજો એક વિદ્યાર્થી નીકળ્યો. એ પણ પહેલાની પાછળ ટમ્બલરમાં પાણી ભરી ચૂપચાપ ઊભો. બધા જાજરૂમાં દીવા બળે. બધા જાજરૂના બારણાં બંધ. એના મનમાં રમણાં કોઈ નીકળે—કેટલીક વાર લાગવાની હતી!

ત્રેના પાંચ થયા. પાંચના દસ થયા. જાજરૂમાં જનારા તો આવતા જાય છે. પણ અંદરથી કોઈ બહાર નીકળે તો ને? પંદર થયા. વીસ થયા. ગેદ્રમલ મતિનાન ઊઠ્યો. એણે પાછળની બારીએથી વિદ્યાર્થીઓની આ સાસ લીલા જોઈ. એમનો કચવાટ સમજાતાં એમના ઊંચા નીચા થતા પગ જોતાં. અને એણે જરા મોટા અવાજે પ્રભાતિયું ગાયું. જે ગમે જગદ્ગુરુ દેવ જગદીશને.'

'અરે આ બધા ઊભા કેમ રહ્યા છે? કોઈનું કશું ખોવાયું તો નથી ને!' એમ કહી એણે પાંચ પચીસને ભેગા કર્યા. કેટલાક ફાનસ લઈને આવેલા તે આઘા પાછા થતા ત્યારે કંઈક ખોળતા હતા એમ એણે ઠસાવી દીધું.

અધીરાઈથી કોઈએ જાજરૂના બારણાને ટકોરો માર્યો. જરા જોરથી દરવાજો ખખડાવ્યો. કોઈએ બૂમ પણ પાડી. એક જણે ચિડાઈને ટમ્બલરનું પાણી અંદર રેડ્યું. 'નીકળ ને બહાર—કેટલી વાર?'

પણ અંદર કોણ હોય તે નીકળે? માત્ર મીણબત્તીઓ પણ અંદર રોગીની ચાલથી બળી રહી હતી ને મતિનાન એની રૂમમાં નિરાંતે ગરમ ગરમ ચા પીતો હતો.

*

ઘણું કરીને એનું નામ ગેદ્રમલ જાનો. સિંધી કપડાં સરસ પહેરે. મોટો નવાબજાદો હોય એમ રહે. દોસ્તદારોમાં પાંચ પૈસા ખરચ કરવાની તક મળે તો એ રાજી થાય. એના ઓળખાણ પિછાણનો પાર નહિ. શહેરની ઘણી સંસ્થાઓ સાથે એને ઓળખાણ ને એમના પ્રસંગોએ એ આંટાફેરા કરી સંબંધ વધારતો. આમ એ લોકપ્રિય વિદ્યાર્થી હતો.

એક દિવસ એ શહેરના જાણીતા થિયેટર પર ગયો. એના માલિકને ઓળખતો જ હતો. મળીને એણે નક્કી કર્યું કે એક ચેરિટી શો માટે થિયેટર મફત આપવું. થિયેટરના બીજા પ્રોગ્રામ સાથે ઘર્ષણ ન થાય એ રીતે એણે બપોરના સાડાચાર વાગે પોતાનો કાર્યક્રમ રાખ્યો.

એણે સોનેરી ધાગાવાળાં આકર્ષક નિમંત્રણો છપાવ્યાં. ચીની જાદુગર બેનોનો શરમો, શેક્સપિયરના રોમિયો જુલિયટમાંથી એક અંક એવો કાર્યક્રમ છપાવ્યો અને શહેરની પાંજરાપોળના લાભાર્થે બધી રકમ ભેટ કરવાનું જાહેર કર્યું. એક આગેવાન સન્નારીને એ પ્રમુખસ્થાન માટે નક્કી કરી આવ્યો.

શહેરના કેટલાય જાણે એને એ ઓળખે એમને ઘરે જઈ જઈને એણે નિમંત્રણો આપ્યાં ને ફાળો લઈ પાંજરાપોળની રસીદ ફાડી આપી. એ વખતે એણે કાર્યક્રમના અને તેમાંય ચીની જાદુગરના ખાસ વખાણ કર્યાં. સારી રકમ ભરનારને એ આગલી સીટોમાંથી માગે એટલી ટિકિટો મફત આપી. 'તમને જ નહિ આપું તો કોને આપીશ? મારે તો પ્રસંગ દીપાવવો છે અને અનસૂયાબેને ખાસ કહેવરાવ્યું છે કે તમારે—

આમ કુતૂહલ આગ્રહ અને જેમાં 'સોસાયટી' આવવાની છે એમાં હાજર રહેવાની હોંશ—એ બધાથી પ્રેરાઈ થિયેટર ઉપર સમય પહેલાં સારી મેદની હાજર થઈ. બે ચાર મિત્રોને સાથે લઈ ગેદ્રમલ મૅનેજરને ખભે જમાવી બેઠો હતો. વચમાં એ આવીને કેટલાકને માન જરા બેસાડી જતો ને વળી પછો મમમાં ગુમ થઈ જતો.

'શું આ રકમ સારી એકઠી થઈ' નેકો ધમાદો કર

વામાં પાછા પડતા નથી એમ કહેવું પડશે.' એણે પ્રશંસાનાં ફૂલ વેર્યાં.

સાડાબાર થતાં પહેલાં હૉલ ચિક્કાર ભરાઈ ગયો. એકવાર ડોકિયું કરી ઉતાવળે ગેંદુમલ બહાર નીકળી ગયો. થિયેટરવાળાને બાજુએ બોલાવી એણે ખૂબ જ ચિંતાજનક સ્વરે કહ્યું

'શેઠ, એક વાત તો સાવ ભૂલી ગયો. પાંજરાપોળવાળાને ચેક સ્વીકારવા અહીં હાજર રાખવા જોઈએ પણ નિમંત્રણ આપવાનું રહી ગયું. જરા એક ગાડી મંગાવો ને એને તેડી લાવું.'

શેઠે પોતાની જ ગાડી આપી. ડ્રાયવરને ઝડપથી પાંજરાપોળ લઈ જવા તાકીદ પણ કરી. અને ગેંદુમલ ગયો.

થિયેટર ઉપર સાડાબાર થયા એટલે અંદરથી સીસોટી વાગી. લોકો પડદા ઉપર એકાગ્ર બન્યા. હૉલમા શાંતિ છવાઈ ગઈ. દસેક મિનિટે બીજી સીસોટી સંભળાઈ. એટલે વળી ઊંચાનીચા થતા લોકો સ્વસ્થ થયા.

પણ પછી તો પાંચ મિનિટ થઈ કે લોકો અધીરા થવા લાગ્યા. એટલે થિયેટરના માલિકને લાગ્યુ કે એમણે આગળ આવવું જોઈએ. એમણે પ્રમુખબેનને કાનમાં વાત કરી કે છેલ્લી ઘડીએ એમની ગાડી લઈ ગેંદુમલ કેવા અગત્યના કામે ગયો છે. રોષ, અધીરાઈ અને ચીની જાદુગર જોવાની તાલાવેલી વચ્ચે સહુ બેસી રહ્યા. ચૈત્ર મહિનો હતો. તાપ પુષ્કળ પડતો હતો. બપોરનો એક થવા આવ્યો હતો. થિયેટર પતરાનું હતું તે તપી ગયું હતું. કેટલાય લોકો ઉતાવળમાં નારતાબેર જ આવ્યા હતા. 'ચીની જાદુગર જોઈ ચાલ્યા આવીશું' એવી એમની ગણતરી હતી.

પણ ગેંદુમલ ના દેખાયો. આખરે ત્રીજી સીસોટી થઈ અને ધીરે રહીને પડદો ઊંચકાયો. તખ્તા ઉપર કોઈ નહોતું. માત્ર નિશાળમાં ભૂમિતિ શીખવવા ખપ લાગે એવું મોટું કાળું પાટીયું હતું. એના ઉપર મોટા અક્ષરે ચાકથી લખ્યું હતું, 'આજની તારીખ : ૧લી એપ્રિલ. પધારજો.'

કહેવું પડશે કે ગેંદુમલે ઉઘરાવેલી બધી રકમ પાંજરાપોળમાં અચૂક પહોંચી ગઈ હતી. એક પૈસો પણ એણે ખર્ચ માટે કાપી લીધો નહોતો.

અલબત્ત આઠેક દિવસ સુધી એ ક્યાં ચાલ્યો ગયો હતો તે કોઈએ જાણ્યું નથી.

*

ઑક્સફર્ડ હોય કે કેમ્બ્રીજ—બરોબર યાદ નથી. પણ એવી નામાંકિત યુનિવર્સિટીની જ આ વાત છે. એનો દમામદાર વાર્ષિક ઉત્સવ—કૉન્વૅકેશન ડે—ઊજવવાનો હતો અને એના વાઈસ ચાન્સેલર લૉર્ડ બર્કનહેડ મુખ્ય અતિથિ તરીકે ત્યાં આવવાના હતા.

બર્કનહેડ બહુ કડક માણસ રીઢા હિંદી વઝીર તરીકે એણે ખ્યાતિ પણ મેળવેલી હતી. એ બહુ વટમાં રહે અને રુઆબ છાંટે. પૂરા ટાઈમે એણે ગાડી તૈયાર કરાવી ને ધીરે ચલાવવા ડ્રાયવરને સૂચના આપી

બીજી તરફ પ્રિન્સિપાલો વિદ્યાર્થીઓ અને બીજા રાહ જુએ સહુ ટાપટીપ કરીને સજ્જ થયેલા—ગાઉન કૅપ હુડ બધું અસ્ત્રીબંધ. કૉલેજના દરવાજા આગળ સ્વાગત કરનારા આંખો ખેંચીને રસ્તા ઉપર જુએ, હૉલની અંદર વિદ્યાર્થીઓ લળી લળીને પાછા બારણા તરફ જુએ.

કોઈ વાર આમ મોડું નહિ થયેલું. કૉલેજની શિસ્ત એવી જળવાય ને એવી વખણાય કે એને આંચ આવે તે કોઈને ના ગમે. એવામાં બર્કનહેડની ગાડી દેખાઈ. પરન્તુ દરવાજાની આગળ ઊભી ના રહેતાં એમની સૂચનાથી ગાડી અંદર ગઈ. મોડું થયું હતું ને!'

ગાડીની પાછળ પાછળ સ્વાગત કરનારાઓ ઉતાવળે ચાલ્યા—દોડયા જ કહો ને. એમને નવાઈ લાગી કે આ દરવાજાની અંદર ગાડી લાવવાની મનાઈ છે તે બર્કનહેડ જાણે છે તોયે કેમ અંદર લીધી? બહાર પાટીઉં મારેલું છે તે તો ઠીક પણ અગાઉ એમણે ત્યાં જ ગાડી રોકી છે. 'આ નિયમ નવો નથી. એમને અજાણ્યો પણ નથી. પછી આમ કેમ?'

ગાડીમાંથી ઊતરી બર્કનહેડ બોલ્યા. બીજા આગળ મોડું થયા બદલ શિષ્ટાચારમાં દિલગીરી જણાવી અને સીધા

નવરચના

મંચ ઉપર જઈ આસન લીધું ગાડી હતી ત્યાં જ ઊભી રહી

હૉલમાંથી વિદ્યાર્થીઓએ આ જોયું પ્રોફેસરો કે પ્રિન્સિપાલોના મોં ઉપર રહેલો અણગમો દીઠો અને એક વિદ્યાર્થી આસ્તેથી બહાર નીકળી ગયો એણે બીજાને આવવા ઈશારત કરી તે વળી દૂર બેઠેલો વિદ્યાર્થી જોઈ ગયો ને બહાર નીકળ્યો એમ દરેક વિદ્યાર્થીઓ બહાર આવ્યા

હૉલની અંદર ભાષણ શરૂ થયું હતું એનો અવાજ બહાર પણ સંભળાતો હતો એમાં શિસ્તની ને ચારિત્ર્યની જ વાત હશે એમ ઘણાને ખબર હતી

બહાર આવેલા દશ જણે ગાડીના ડ્રાઇવરને પૂછ્યું

'ગાડી અંદર કેમ લાવ્યો ?'

'જેવો સાહેબનો હુકમ '

'પહેલાં શું કર્યું હતું ? ગાડી બહાર ચોકમાં રાખી હતી ને ?'

'હા '

'ત્યાં પાટીઉં મારેલું છે તે જોયું છે ને ?'

'ખબર છે, પણ જેવો લૉર્ડનો હુકમ '

બસ થઈ રહ્યું એને દશે જણે પકડ્યો, ખેંચીને નગ આગળ લીધો ટોપી ઉતારી ને નગ સાથે બાંધી પાણી છોડી મૂક્યું 'ફરી કરજે આવું ! અહીં શિસ્ત બધાને માટે છે, એ ના વિદ્યાર્થીઓ માટે જ છે એવું રખે કોઈ માની લે !'

પછી એ ટોળું ગાડી તરફ વળ્યું એના ટાયર-માંથી હવા કાઢી નાખી, એના હાથ તોડી નાખ્યા, એની સીટ બહાર ખેંચી ફેંકી દીધી અને કામ પતાવી પાછા શાન્તચિત્તે સાહેબનું ભાષણ સાંભળવા પોતાની જગ્યાએ આવી બેસી ગયા

કહે છે કે સંસ્થાના અધિકારીઓએ એમને કશી સજા નહોતી કરી તેમ લૉર્ડસાહેબે પણ કશો ઉહાપોહ બહાર જણાવા દીધો નથી કોઈક બીજે પ્રસંગે એમણે કહેલું યાદ આવે છે 'આવું જો ના બન્યું હોત તો જ મને નવાઈ લાગત—મનમાં એમ થાત કે તો પછી આ વળી વિદ્યાર્થી શાના ?'

★

મને લોયનના નિરીક્ષણથી ખૂબ જ આનંદ થયો મોહન જો ડેરોના અવશેષ મેં જાતે જોયા છે ઉપરાંત તે સંબંધી મેં ખૂબ જ સાહિત્ય વાંચ્યું છે મોહન જો ડેરોની સંસ્કૃતિને સાંકળતી તે જ સંસ્કૃતિના અવશેષ ભારતમાં માત્ર આવ્યા તેથી મને ખૂબ જ સંતોષ અને આનંદ થયેલો તે અવશેષોને જાતે જોવાથી મને અનેરી પ્રસન્નતા થઈ છે

અહીંઆ આવીને ગુજરાતના ઘડતરમાં કામે લાગી ગયેલ ઘણી વ્યક્તિઓને મળીને ખૂબ જ પ્રસન્નતા અનુભવી તેમનો પાસે ભાવના છે પણ ચોક્કસ યોજના—અગર તો તેથી આગળ વધીને કહું તો Comperative Study નથી—તેમને દોરવણી અને ઉત્સાહ આપે તેવું કેન્દ્રિત કોઈ force નથી આપણી તળપદી સંસ્કૃતિ–રીતરીવાજો–આપણો વારસો વગેરેને ધ્યાનમાં રાખીને—દરેક પ્રશ્નના હાર્દમાં પહોંચે તેવો ઉકેલ શોધવામાં ગાંધીજી તરફથી દરેકને જે પ્રેરણા મળતી તેની ઉણપ ચોખ્ખી દેખાઈ આવે છે છતાં હિન્દના ભાવી માટે હું બહુ જ આશાવાદી છું પ્રયત્નોમાં જોઈએ તેટલો વેગ નથી. તેથી ઘણી વખત દુ:ખ થાય છે. આપણો દેશ ઘણો જ મોટો છે તેના પ્રશ્નો પણ તેટલા જ વિશાળ છે અને તેને પહોંચી વળવા તેટલા જ મહાન શક્તિને કામમાં પ્રેર્યા સિવાય પ્રશ્નો જલદી ઉકલશે નહિ

મનુષ્ય તેના દરેક કાર્યમાં આધ્યાત્મિકતાને ના ભૂલે—અને નૈતિક ધોરણે દરેક પ્રશ્નનો ઉકેલ શોધવા મહેનત કરે અને પોતાના કાર્યથી બીજા કોઈને હાની અગર દુ:ખ પહોંચતું નથી તે તરફ સતત જાગૃત રહે તો દુનિયામાં ઘણાં દુ:ખોનો અંત આવે જીવનમાં દરરોજના કાર્યોમાં અને જીવન-વ્યવહારમાં આ જાતની દૃષ્ટિ રાખીને આપણે આગળ વધીએ તો જીવનમાં ખૂબ જ સંતોષ મળી રહે

મગનભાઈ પટેલ (એક પત્રમાં)

'સિદ્ધાર્થ'

દિલનો દરવેશ

ઉપરથી દેખાતા ખરાબ માણસો અંદરથી કેવા માણસાઈવાળા હોય છે, ઉપરથી સુખી જણાતા માણસનું જીવન કેવું કરુણ હોય છે તેનો સુંદર ચીતાર આપતી આ વાર્તા એક એવા માણસની છે જે માણસ દરેકનું માન મેળવી જાય, દરેકમાં માનવતાની લાગણી જન્માવી જાય......

માણસની તૃષ્ણા, તેની દૃષ્ટિ અને તેની ઝંખના એક એવી પળે બદલાય છે કે જ્યારે જીવનમાંથી કોઈક ઊંડું સત્ત્વ એકાએક ઊડી જાય છે. એ સત્ત્વનો કોઈ સાથે મેળ ન જ જામે ત્યારે એ હમેશાં હેરાન પરેશાન થવા લાગે છે. ક્યારેક કોઈક આવીને જ્યારે પેલા ધનની છોળમાં રાચતા દિનકરરાયની વાત કરતું ત્યારે એ વાતનો જે ધ્વનિ નીકળતો તે ઉપરના વાક્ય સાથે બરોબર ભળી જતો.

અચાનક્ દિનકરરાય સાથે એક વાર ભેટો થઈ ગયો. એક તો લાંબી સફર અને ઉતારુઓમાં અમે બે જ. એમાંય હુ તો દિનકરરાયને જોયે ઓળખું પણ નહિ ન બોલવું હોય તો ય બોલવું પડે એવું દહેરાદૂન જતી એ 'ડીલક્સ' આગગાડીના પહેલા વર્ગના ડબ્બાનું વાતાવરણ હતું. બહાર લૂ વરસાવતી કુદરત આ એરકન્ડીશન્ડ ગાડીથી જાણે સો જોજન દૂર હતી. એટલે વાતાવરણમાં શીતળતા ધોમધખતા તાપમાંય લાગતી. ઓળખાણની શરૂઆત કરતા જ દિનકરરાયે પ્રશ્ન કર્યો : 'આપણે ક્યાંય મળેલા તો નથી ?'

'મને યાદ નથી આવતું.' યાદદાસ્તને મેં ચકાસવા પ્રયત્ન કરી જોયો. પણ મારી યાદશક્તિ જાણે મને દગો દેતી દેખાઈ

'તમે આટલા સમર્થ વિદ્વાન હોવા છતાં એટલું યાદ પણ નથી રહ્યું ?' આ સાંભળતાં મને સ્વમાન ઘવાયું હોય તેવું લાગ્યું.

'ખરેખર આપણે ક્યાંય મળેલા છીએ ?' મેં સામો પ્રશ્ન કર્યો.

'જરૂર. દિવસ, સમય, સ્થળ બધું કહીશ ત્યારે તો માનશો ને ?' કહેતાં જાણે એ હારેલ માણસની આંખમાં યૌવનનો નશો તરવરી ઊઠ્યો : 'ત્રીસ વરસ પહેલાં તમારા લગ્ન વખતે આપણે સાથે હતા. તમારા જે ત્રણ મિત્રો હતા તેમાંનો એક હું દિનુ પણ હતો એ યાદ આવે છે ?'

જાણે મારો ત્રીસ વરસ પહેલાંનો તાળો મળી ગયો હોય તેમ હર્ષાવેશમાં હું જલદી બોલી ઊઠ્યો : 'ત્રીસ વરસથી આપણે મળ્યા જ નથી એટલે જલદી ખ્યાલ ન આવ્યો. પણ તું ત્રીસ વરસ પહેલાનો દિનુ છે, એવું હું તો શું, કોઈ જ નહિ કહી શકે.'

'હા, બધા મને દિનકરરાય તરીકે ઓળખે છે.'

'દિનકરરાય વિષે તો મારા કાનેય ઘણું સાંભળ્યું છે. એ જ તમે—તું ?' કહેતાં ખુશીમાં આવી જઈ મેં તેમનો હાથ પકડીને જોરથી દબાવી દીધો.

'મને તેં આટલાં વરસેય ઓળખી લીધો ?' મારો એક પ્રશ્ન વધ્યો.

'તું તો ક્યાં બદલાયેલો જ લાગે છે ? પરદેશ ખેડીને મોટી વિદ્યા મેળવી આવ્યો, પણ શરીરમાં કે તારી શીકલમાં તો તસુનોય ફરક નથી પડ્યો.' જાણે મારા વિદેશી લેબાસ તરફ એણે સૂગ અને નફરત દાખવ્યાં.

'હા, પણ તું આટલો બધો બદલાઈ શી રીતે ગયો ? તેં તો વધારે ભણ્યા વિના જ અભ્યાસ છોડી દીધેલો એવો મને ખ્યાલ છે.'

દિનુ અને હું શરૂથી જ સાથે ભણતા. એની કંગાળ હાલતમાં દિનુનું બચપણ વીતેલું કે ભણવાની પણ એની પરિસ્થિતિ નહોતી. ત્રણેક વરસનો એ હતો ત્યારે જ એના પિતા ગુજરી ગયેલા. ઘરમાં એનું કોઈ રાચરચીલું નહોતું કે નહોતી કોઈ જાતની રોકડ મિલ્કત. ગરીબીએ એ ઘરને જાણે ચાર હાથે વધાવી લીધું. હોય તેવી દરિદ્રી એ ઝૂંપડી હતી. તેમાંય દિનુના પિતાની

આડ્ગી એ વરસ જેટની લખાઈ એટલે નાની, મોટી બધી રકમ એમા ખરચાઈ ગઈ તેમના અવસાન પછી એ જીવલેણ રોગના મહેના વારસામા હિનુની બા પણ ધીમે ધીમે ઝડપાઈ હિનુ પાન્મી ચોપડીમા આવ્યો ત્યારે એ ઘરની ફગાનિયતમા જાણે વધારો થયો હેય તેમ એ પણ મોટે ગામતરે ગઈ હિનુનુ ભણતર અગાઉ પડ્યુ આમેય ઘરમા કોઈ જાતનુ ખાનાપીનાનુ સાધન નહોતુ એટલે હિનુને ભણતા ભણતા પાચમી ચોપડી માથી જ સવાર સાંજ કામ કરવુ પડતુ અને નાખી દેવા જેવી ટૂંકી આમદાનીથી હિનુના જીવનની જાણે શરૂઆત થઈ

હિનુની બાના અવસાન પછી જ કરુણતાની અવધિ જાણે આવી ગઈ ગરીબીએ હિનુને રખડતો, રઝળતો, ભમતો ગુંડો બનાવી દીધો જુગાર અને તફડંચીનો એનો ધંધો થઈ પડ્યો એ બધુ એણે શીખ્યુ હોય તેમ એના માથે દેવુ તો ઝઝૂમતુ જ હતુ રેસુલનો એની પાસે આવીને તકાદો કરે એવુ ઘરમા કશુ નહોતુ કે નહોતી એની એવી આમદાની ખોટે રસ્તે એ જે ધન કમાતો એ ધન ક્યારેય એની પાસે નહોતો રાખતો એ ધનમાથી રોજ ગરીબોના ઝૂંપડાના બાળકોને નાસ્તો મળતો કોઈવાર નવા કપડા મળતા તો કોઈવાર બાળ કોને સંડેલગાદની મેજ પણ મળતી

હિનુની આ પરોપકારવૃત્તિ બધાને ગમતી એને તો એની એ ગુંડાગીરી બધા ચલાવી લેતા બધાને ખાતરી હતી કે ગમેતેમ તોય હિનુ કોઈ હલકી કક્ષાનો મવાલી તો નહિ જ બની શકે તેના માબાપનુ ખાનદાન ચોમેર વખણાતુ અને બધા એ જ રીતે વિચારતા કે સંજોગોએ પરિસ્થિતિએ હિનુને મજબૂર કરી દીધો લાગે છે હિનુની રજાડ, એની લોહીમા વ્યાપેલી બેઆબરૂ વધતી જ ગઈ એ ચોરી–છીનાળીમા નહોતો સંડોવાતો છતા ગામની બહેન-દીકરી એના રસ્તામાં ક્યારેય સામે ન ચડતી એ એના ગવાઈ ગયેલા નામને કારણે હિનુની મહત્તાની તો એ મોટી વાત હતી એના યશોગાન કોઈ ગાતુ નહોતુ છતા જ્યારે નીતિના ખેરખાઓ કંઈક વાત કરવા બેસતા ત્યારે હિનુને માટે અચૂકેય ઉચ્ચારી નહોતા શકતા

પણ એક દિવસ અચાનક હિનુ અદૃશ્ય થઈ ગયો એનુ તાકાત–ભરપૂર શરીર સશક્ત તો હતુ જ એને કોઈ રોગ તો શુ, કોઈ માંદગીય મટાવી શકે તેમ નહોતી એટલે એના મૃત્યુની—કમોતના મૃત્યુની તો કોઈ કલ્પના જ નહોતુ કરી શકતુ પણ એના અદૃશ્ય થવા સાથે ગામ આખાને નિરાંત હતી કોઈને એની પડી નહોતી એવો દેખાવ બધા કરતા, પણ એ માણસ એની માણસાઈથી આખા ગામના દિલમા પ્રવેશી ચૂક્યો હતો એક વરસ બે વરસ, પાચ વરસ—પણ હિનુનુ નામનિશાન ન મળ્યુ એ નહોતો છતા જાણે એના વિના કોઈનેય ચાલતુ નહોતુ અને એટલે જ એની ગેરહાજરી બધાને સાલતી એ પાચમા પૂછાતો કે પૂજાતો માણસેય નહોતો છતા એક એવો માણસ હતો કે જાહેરમા નહિ તોય ખાનગીમા લોકજીભે એના નામનુ મહત્ત્વ હતુ

મારે એ વખતે જ વિદેશ જવુ પડ્યુ એટલે ત્યાર પછીની વાતો આગળ લખાવતા મે હિનુને કહ્યુ ઉત્તમ ટ્રેઈન એની ખુમારીથી વેગે દોડતી હતી દહેરા દૂન હજુ ખૂબ દૂર હતુ અમારે વાતેય હજુ તો ઘણી બાકી હતી

'એ પછીની વાત બહુ લાંબી નથી'

'ટૂંકી હોય તોય એ જ મહત્ત્વની હશે' કહીને મે હિનુને વાત કરવા જાણે વિનંતિ જ કરી

'હુ એક દિવસ અચાનક એવા માણસ સાથે થઈ ગયો કે એની પાસે મારુ કશુ વ્યક્તિત્વ જ ન રહ્યુ હુ હિનુ જ મટી ગયો' કહેતાં એનુ મો એકદમ ફીકુ થઈ ગયુ

અમારા જીવનની શરૂઆતની સોબતને મે ભૂતકાળમા પ્રવેશીને નિહાળી લીધી ત્યારે દિનકરરાયને બદલે ત્રીસ-પાંત્રીસ વરસ પહેલાંનો ખખડધજ અને અણનમ ઘડી પહેલાનો જે હિનુ જોયેલો એ જાણે અલોપ થઈ ગયો એની કહાણી એ જ દીવાદાંડી આગળ વધી

'એ માણસે મારા પર જાણે ભૂરકી જ નાખી દીધી

હું જાણે હું જ ન રહ્યો. મારી શક્તિ બધી હણાઈ ગઈ. અને એ મને ક્યાં લઈ ગયો, કેવી રીતે લઈ ગયો એય મને યાદ નથી આવતું. પણ દરિયાની મુસાફરી કર્યાનો આછો ખ્યાલ આવે છે. હું વતનથી દૂર દૂર ધકેલાઈ ગયો. ત્યાં જઈને તો હું સાવ નવા મુલકમા અટવાઈ ગયો.

'દેશ જુદો, વેશ જુદો, માણસ જુદા, ભાષા જુદી, હવા જુદી—બધુંય જુદું. અને એમાં મારા જેવો એક જુદો માણસ જઈ ચડ્યો. જે માણસ સાથે હું ગયો હતો તે માણસની શક્તિ, દૃષ્ટિ, સમૃદ્ધિ, શોકસ બધું વિશિષ્ટ હતું. અને મારી ઇચ્છા નહોતી તોય મારે વતનથી દૂર દૂર જવું પડ્યું.

'જેની સાથે હું ગયો હતો તે માણસ નહોતો, માણસમાં છુપાયેલો દેવ હતો એ તો મને ત્યાં ગયા પછી ખબર પડી. મને સાવ બદલી નાખનાર એ માણસને મેં હજુ સુધી ઉચ્ચસ્થાને એટલા માટે જ બેસાડ્યો છે. મારામાં ધરમૂળથી મોટું પરિવર્તન થયું એને માટે એ માણસ આભારી છે. મારું તન મન અને ધન બદલાઈ ગયું. કોણ જાણે એ માણસે મારામાં શું જોયું તે મને એણે દરેક દરેક વાતથી વાકેફ કર્યો. એના ધંધાની દરેક દરેક છૂપી ચાવી બતાવી દીધી. હું એક રાતમાં જ શાહ સોદાગર બની ગયો.'

દિનુના મુખ ઉપર લોકજીભે રમી રહેલા દિનકરરાયનું તેજ તરવરી ઊઠ્યું.

'પણ આમાં તો તારું જીવન-સત્ત્વ જ જાણે ઊડી ગયું કહેવાય, નહિ?' એની વાત પૂરી થઈ હોય તેમ મને લાગ્યું એટલે મેં પૂછ્યું.

'સત્ત્વ ઊડેલું હતું એમ કહે. સાવ ભૂખડીબારસ જિંદગીમાં મારે બીજું હતુંય શું? મારે કોઈનો મેળ પણ ક્યાં હતો? અને સત્ત્વનો મેળ કોઈ સાથે ન ખાય ત્યારે કેવા હેરાન પરેશાન થઈ જવાય છે એ સત્ય તારા ગળે જલદી નહિ ઊતરે. પણ એ હકીકત છે. સત્ત્વને સીંચવા, સત્ત્વને સંસ્કારવા, સત્ત્વને શણગારવા મારે વતનથી દૂર વસવું પડ્યું હતું એમ હવે મને લાગે છે.'

'તું ધનને જ જીવનનું સત્ત્વ ગણે છે?'

'ના, ધન તો એ વખતેય હું મેળવી શકતો—બધાને વહેંચી શકાય તેટલું. અને આજે તો વહેંચી વહેંચીને જ હું દિનકરરાય બન્યો છું.'

'પૈસો જ એકલો માણસને મહાન બનાવે છે?'

'પૈસો એકલો નહિ, માણસની મહત્તા એની માનવતામાં છે, એ માનવતા તેનામાં હોય, અને પૈસો આવે કે પૈસો વધે તો એની મહત્તા અનેરી જ હોય છે. એ મહત્તા આડે કોઈ ઊભું રહી શકતું નથી.'

'પણ તારો આ બધો પૈસો હકનો તો ન જ કહેવાય ને?'

'એટલે જ હું મારી જાતને ધનવાન કહેવડાવતો નથી. મારું ધન મેં મારું ગણ્યું જ નથી. હું ગરીબમાં ગરીબ માણસ તરીકે રહું છું એની ખાતરી કરવા મારે ઘેર આવજે. હું કહીને તારી જિજ્ઞાસા પૂરી નહિ કરી શકું.'

અને અમારી ઘેરાતી આંખો હવે વાતો આગળ લંબાવી શકે એમ નહોતી એટલે અમે બન્નેએ અઠવાડિયા પછી દિનુને ઘેર મળવાનું નક્કી કર્યું.

*

'ગરીબાઈમાં માને છે તો ડીલક્સની પહેલા વર્ગની મુસાફરી, આ શ્રીમંતાઈના પ્રતીક જેવો બહારનો પહેરવેશ વગેરે શા માટે?' અઠવાડિયા પછી હું દિનુનો મહેમાન બન્યો ત્યારે મેં પહેલો જ પ્રશ્ન એને પૂછી લીધો.

દિનુય જાણે આ જ પ્રશ્નની રાહ જોઈ રહ્યો હોય તેમ તાત્કાલિક એણે જવાબ આપી દીધો: 'માણસ જે કરે છે, જે બતાવે છે તે એને ગમે છે, એવું તે ઇચ્છે છે એવું હોતું નથી.'

'તો તો એ દંભ જ કહેવાય.'

'આપણે બધાં દંભ સિવાય જીવનમા બીજું આચરી પણ શું શકીએ છીએ?'

'પણ તારા જેવાનો દંભેય સ્વાર્થી કહેવાય.'

નવરચના

'એ કઈ રીતે ?' હિતુએ આશ્ચર્યચકિત થઈને પૂછી લીધુ

'દભ તુ તારા માટે કરે છે તેથી '

'તો તો એ દભ ન જ કહેવાય ને ? બીજાને બતાવવા માણસે પ્રયત્નો કરવા પડે તેને આપણે દભ કહીએ છીએ જ્યારે હુ તો મારુ મૂળ સ્વરૂપ જ બીજાને બતાવુ છુ બહારનુ સ્વરૂપ જ મારુ સાચુ સ્વરૂપ છે—લોકોની નજરે મારી નજરે તો મારુ અગત જીવન જ સાચુ સ્વરૂપ છે '

'આવા બાહ્યાન્તર જુદા અલગ રાખવાની જરૂર કેમ પડી ?'

'દુનિયામા રહેવા માટે લોકોને ગમે છે તે રીતે હુ લોકોમા રહુ છુ મને ગમે છે તે રીતે મારામા રહુ છુ '

'તુ તો યોગવાણી ઉચ્ચારે છે !'

'આપણો યોગ એ જ હોઈ શકે ને ? આપણે ક્યા દેવ છીએ ?'

'દેવો યોગ નથી જાણતા તપસ્વીઓ જાણે છે '

'દરેક માણસ તપસ્વી બની શકે તપસ્વી બનવા માટે વનનો વાસ કે સર્વસ્વનો ત્યાગ જરૂરી નથી '

'માણસને વાતાવરણને અનુકૂળ થવુ પડે છે એ તો ન આવડે એની ખામી એના તપની એના યોગની અને એટલે જ યોગને તારા જીવનમા તુ વણી શક્યો છે માણસના કર્મો એના કૃત્યો એને દેવ ભલે ન બનાવી શકે, પણ સાચો યોગી, સાચો તપસ્વી તો બનાવી જ શકે '

'પહેલી જ વાર મારે ત્યા મહેમાન બન્યો છે એટલે મારા હાથની રસોઈ તને ખવડાવવાની ઇચ્છા છે બોલ ભાવશે ને ?' હિતુના એ નિમત્રણમા મિત્રપ્રેમનો સાચો રણકો હતો

'તારા હાથનુ જ હુ તો ખાવાનો છુ '

'મારુ સાદુ ભોજન તને માફક આવશે ને ? ખૂબ ઓછી જરૂરિયાતોમા હુ જીવુ છુ એટલે મારા ભોજનમા હુ કશો ફેરફાર કરતો નથી અને મારે અગત મહેમાન કોઈ હોતુ નથી એટલે બધાને મારે રસોડે જ મોકલી આપુ છુ ત્યા જોઈએ તે દરેક જાતનુ ભોજન મળી રહે છે '

'મને તો તારા હાથનો બાજરી-જુવારનો રોટલો ને ભાજી ખૂબ ભાવશે ' વરસો પહેલા એના ઘેર કેટલીય વાર અમે સાથે બેસીને જે ખાધેલુ તે યાદ આવ્યુ

જમીને અમે થોડીવાર આડા પડ્યા ત્યારે એક વધુ વાત પૂછવાનુ મન હુ ન રોકી શક્યો 'હિતુ આખી જુવાની ચાલી ગઈ એનો અફસોસ તને ક્યારેય નથી થતો ? ક્યારેય કોઈ કુમળા ખૂણાની—કુમળી હૂંફની જરૂર જ નથી લાગી ?'

'તે ન પૂછ્યુ હોત તોય આ વાત મારે કરવી પડત ' એમ કહેતા મને ઊભો થવા ઇશારો કર્યો

વિશાળ ઇમારતના બગીચાના ખૂણાની એ ઝૂંપડી જેવી જ ઓરડી હતી ગરીબમા ગરીબ માણસને હોય તેટલી એ નાની ઓરડીમા જરૂરિયાતો હતી અને જ્યારે રાજમહેલ જેવી ઇમારતનો માલિક હિતુ હતો મહેમાનો, ધંધાદારી સબધીઓ અને કોઈ દીનદુખિયાના વિસામા માટે એ આખી ઇમારતનો ઉપયોગ થતો એની વ્યવસ્થા સભાળનાર અનેક માણસો રોકવામા આવેલા નિઃકરરાયનુ નામ એ ઇમારતની નાનકડી દુનિયાને લીધે એટલુ બધુ જાણીતુ થયેલુ કે બધે એ નામનો ડકો વાગતો

હિતુ સાથે તેની પાછળ હુ ગયો એટલા બધા માણસોની અવરજવરવાળી એ ઇમારતનો એક ભાગ સાવ એકાન્તમા હતો ઘટાભરી વિશાળ ઝાડીમા આવેલો એ ભાગ જાણે કુદરતનો રમ્ય પ્રદેશ હતો એ ઘટામા એક સરસ મજાનુ મદિર હતુ ભક્તિરસમાં લીન થવાય એવુ રમ્ય વાતાવરણ હતુ એ મદિર પાસે કોઈ માણસ ન દેખાયુ છતા ત્યા જે સ્વચ્છતા હતી તે મન હરે તેવી હતી

મદિરના બારણા પાસે પ્રવેશતા જ હિતુનુ અત્યાર સુધીનુ મૌન એકાએક તૂટ્યુ 'આ મારો કુમળો ખૂણો—કુમળી હૂંફ '

આખુ નિધન્તા સામે દેખાયેલી પ્રતિમાને પ્રતિમા તરીકે માની શકાય તેવુ નહોતુ એટલે હુ તો મૂઢ જ બની ગયો જીવતી જાગતી નારી ઊભી રહીને આવકારતી હોય, કોઈ પ્રિય સ્વજન પાસે ઊભી હોય એવા મુખ ભાવવાળી એ પ્રતિમા પ્રતિમા હતીય ખરી અને નહોતી પણ

આરસ કે પથ્થરમાથી એ કડારવામા આવી નહોતી એટલે એને પ્રતિમા ન કહી શકાય નારીના કુદરતી દેહને જ મૃત્યુ પછી સાચવી રાખવામા આવ્યો હતો કાચની પારદર્શક પેટીમા પૂરવામા આવ્યો હતો એ શરીરનો એક અંશ પણ ન કરમાય એ માટે તેને બધી જાતની ઔષધિ અને મસાલાઓથી રક્ષવામા આવ્યો હતો બહારની હવાની લગીરેય અસર ન થાય એવી કાચની પેટીમા એને કંડારવામા આવ્યો હતો

એની વાત બહુ મોટી નહોતી હિનુ સ્ત્રી તરફ પ્રથમથી જ વૈરાગી હતો સ્ત્રી પુરુષના શારીરિક પ્રેમાકર્ષણોથી દુનિયામા કોઈ અલિપ્ત નથી રહી શકતુ હિનુ જેવો ગુંડાની કોટિનો માણસ એનાથી કેવી રીતે અલિપ્ત રહ્યો એ સમજાતુ નહિ નાનપણમા એની ગુંડાગીરી સ્ત્રી તરફ ક્યારેય નહોતી રહી અને એટલે જ એ જમાનામા પણ નીતિના ખેરખાઓએ એને એમની સુગાનમા નહોતો ઝડપ્યો !

એની આ એક જ જીવનસગિનીની વાત તો વળી કોઈ ઓર નીકળી પ્રેમના અનેક રંગ બદલતા મ્હેરાતા પ્રેમીઓ એના પ્રેમ, એની વફાદારી, એની ભક્તિ અને પુરુષ હોવા છતાય પુરુષથી અસાધ્ય એવી સાધનાને વરેતુ તેનુ પુરુષત્વ કદાચ ન પણ આવકારે

'વતન છોડીને મે બધુ મેળવ્યુ તેમાનુ જે હુ મૂલ્યવાન ગણુ છુ તે આ ' હિનુ ભક્તિભાવથી બોલ્યો

'પણ આ તો મૃત નારીનો દેહ છે '

'એટલે જ એ મારો કોમળ ખૂણો, કુમળી હુંફ બધુય છે બહારની દુનિયાનો મહાન હિનકરરાય આ નારી પાસે આવીને હિનુ બની રહે છે '

મો તો એમ જ કે આ ખોરમાય પુરુષ સ્ત્રીની કોમળતાની કલ્પના પણ ન કરી શકે અને મૃતદેહ જોતા એવુ પણ મારા મનમા થયુ કે હિનુની બરછટતાએ તો આ નારીને નહિ મારી નાખી હોય ? પણ તેનુ છેલ્લુ વાક્ય બોલાયુ ત્યારે એની પાછળ ગયાના હૃદયમા કુમળુ ફૂલ ખીલેલુ મે જોયુ અને એને સમર્થન આપતા તેના શબ્દોય સર્યા

'પ્રેમ, ત્યાગ, ન્યોછાવરી, બલિદાન, સાધના, મિલન, વિરહ બધુ જીવતા પ્રેમીની જેમ હુ અહી, આ મદિરમા અનુભવુ છુ એ જ મારી જવાબદારીની મુખ્ય ચાવી છે '

હિનુએ એના આ કોમળ ખૂણા (Soft corner)ની વાત કરી એય જાણે એક અદ્ભુત પ્રેમકથા હતી વર્ષોથી હિનુને ઝંખતી, જીવનભર એની રાહ જોઈ બેઠેલી એ નારી જ્યારે હિનુ પાસે પ્રેમની યાચના કરવા આવી ત્યારે હિનુએ બીજુ કશુ પૂછ્યાગાછ્યા સિવાય એને સ્વીકારી લેવાની વાત કરી એ ખરી જ એ નારીને ખતરનાક નીવડી એક રાત તો ઠીક, એકાદ કલાકનુય એ લગ્નજીવન ન કહેવાય લગ્ન કરીને બન્ને ઘેર આવ્યા ત્યા જ એ નારીનો જીવન-મનોરથ, પોતે ધાર્યો પુરુષ મેળવી લીધો એનો અપાર આનદ, માણસની સાધના પછીની સિદ્ધિ એ બધુ એ નારી જીરવી શકી નહિ કે કોણ જાણે પણ ઘરમા પ્રવેશ કરાવીને જેવો હિનુ એ નારીને હાથ પકડીને બેસાડવા જાય છે ત્યા જ એના ખોળામા એ ઢળી પડી—હમેશાને માટે હિનુએ ખૂબ પ્રયત્નો કર્યાં પણ ન તો એ બોલી કે ન એના દેહમા પ્રાણસચાર થયો

હિનુ માટે એ આઘાત નાનેસૂનો ન કહેવાય જાણે આખુ જીવન ધનની અઢળક ઢગલીમા હોવા છતા દીનહીન બની ગયુ તેના જીવનનુ ઊંડામા ઊંડુ સત્ત્વ જ જાણે ઊડી ગયુ એ સત્ત્વનો બીજા કોની સાથે મેળ જામી શકે ? હિનુની બધી હેરાની-પરેશાની એ એક જ વાતે કેન્દ્રિત બની બેઠી

એ નારીના દેહનો જ પૂજારી બની ગયો એનો પ્રેમ શણગાર કરતા તો ઘણો આગળ વધ્યો હતો એનુ રૂપ,

પ્રદ્યુમ્ન ક ચનરાય દેસાઈ

પ્રકૃતિ-સુધરાઈનાં બીજાં સભ્યો

પ્રકૃતિની સુધરાઈના સભ્યો જેવા કેટલાક પંખીઓની ગયા અંકમાં વાત કર્યા પછી એવાં જ બીજાં વધુ પંખીઓ વિષે આ લેખમાં જાણીતા પંખી વિશારદ માહિતી આપે છે તે દરેકને રોચક થઈ પડશે

ભૂખરો ગીધ

ભૂખરો ગીધ પણ કદમા બદામી ગીધ જેવડો જ માલૂમ પડે છે અને બધી રીતે તે બદામી ગીધને મળતો જ લાગે છે એટને તેનાથી તેને જુદો તારવવો મુશ્કેલ થાય એ સ્વાભાવિક છે ભૂખરા ગીધની પીઠનો રગ આછો રેતીઓ પીળો કે ધોળો પીળો અને નાગી ગરદન તથા રતાશપડતા પીળાનો ગુચ્છો હોવાથી અને વળી કેટલાકનો રગ પેગડામા આછો પીળો અને કદમા થોડો નાનો જણાય છે જે ભૂખરા રગના ગીધની ઉમર નાની હોય તેનો રગ ઘેરો અને અંદર પીળાશપડતી લીટીઓવાળો હોય છે જે લીટીઓ પીઠ અને પેગડા બન્ને જગ્યાએ હોય છે આવા રગથી નાની ઉમરના ભૂખરા ગીધ પુખ્ત વયના ભૂખરા ગીધ કરતા જુદા દેખાય છે તેની પાખ અને કેડ ઉપર તથા નીચે કેટલાક ધોળા પીછા રહે છે તેમા ખાસ તો તેની પીઠ ઉપર ધોળો પટ્ટો પડતો નથી એ તેને ઓળખવાની ખાસ નિશાની છે આ બધી વસ્તુઓ આ ગીધ જ્યારે ઊડતુ હોય છે ત્યારે જણાય છે તેમા કેટલાક ઘેરા બદામીયા સ્થળેથી મારી રાખોડી પીળાશ પડતા જણાય છે

જ્યારે તે ઊડતુ હોય ત્યારે આછા રગવાળા પેટાળના ભાગો, પાખની નીચેના આછા રગ સાથે ભળી જાય છે આ રગથી તે સામાન્ય ગીધથી જુદો પડે છે આપણે ત્યા સૌરાષ્ટ્રમા બદામી ગીધ ઓછા જોવા મળે છે પણ વધારે પ્રમાણમા આ ભૂખરા ગીધ જ વર્તાય છે

તેઓ પોતાના બચ્ચા નવેમ્બરથી એપ્રિલ માસ સુધીમા ઉછેરતા માલૂમ પડ્યા છે, તેના માળા આપણે ગીરનાર ચડતા દેખાતી ડુગરની સીધી ભીતમા જોવા મળે છે એવી જ રીતે શેત્રુંજા અને બરડાની ભીતોમા પણ તેઓ પોતાના બચ્ચાંનો ઉછેર કરતા દેખાયા છે ડુગરની સીધી ભીતમા જ્યા પોલાણ હોય કે અભરાઈ જેવા પાણા હોય ત્યાં આ ગીધ પોતાના માળા મોટા સાંઠીકડા ચામડા–હાડકા, ઊન અને ચીંથરા જેવી વસ્તુઓ વાપરી બનાવે છે જે જગ્યાએ ગીધ માળા બાંધી બચ્ચા ઉછેરે છે ત્યા તેઓની ચરક પડવાથી ધોળો પટ્ટો ચીતર્યો હોય એવો દેખાવ થઈ જાય છે આમ ધોળાઈ જવાથી આપણી નજર તેના ઉપર ઘણે લાંબેથી પડે છે આવા માળામા તેઓ માત્ર એક જ ધોળા રગનુ ઈંડુ મૂકે છે તેની બચ્ચા ઉછેરવાની મોસમમા ગીરનાર ચડતા હોઈએ તો બચ્ચાનો કેહ કેહ કેહ જેવો અવાજ સાભળવામા આવે છે આ બચ્ચા ઊડતા થયા પછી તેનો રગ પેટાળ ઉપર પીળાશપડતો રાખોડી હોય છે

આ ભૂખરા ગીધનો આહાર પણ બધા સફાઈ કરવા માટેનો છે એટને મુડદાલ ઢોરનો છે

ભૂખરા ગીધને અંગ્રેજીમા The long-billed vulture કહેવાય છે અને Gyps indicus

---

એનુ શરીર એવુ ને એવુ જળવાઈ રહે એ જોવા માટે એ, મૃતદેહોને જાળવનારા કેટલાય કીમિયાગરો પાસેથી એ શરીર સાચવવાની—એની એકની એક જીવનસગિનીને જીવત જેવી જ સાચવી રાખવા લખલૂટ ખર્ચ કરી, આભ-જમીન એક કર્યાં એ આજેય નથી માનતો કે આ નારી મૃત છે રાજાની વિદ્યા જાણે એ સાચી રીતે જાણી ચૂક્યો છે હિંદુની સમાધિનો મારે ભગ નહોતો કરવો એટને એની પુનર્વિધિનો પ્રેરક બનવા ને મહિને બાગની ઝાડીમા ઘૂમવા નીકળી પડ્યો

★

(Scopoli)એ તેનું વિજ્ઞાનિક નામ છે.

ગીધ

ગીધના કદમાં આપણે અગાઉ જોઈ ગયાં તે ગીધો કરતાં કદમાં મોટો તફાવત હોતો નથી. વળી એ પણ છે કે આ ગીધ આપણું સામાન્ય પંખી છે. જેનું માથું અને ગરદન પીછાંવિહોણાં રહે છે. પણ તેની ઉપર સફેદ બાલ જેવાં પીછાં છૂટાં છૂટાં આવેલાં જણાય છે. અને ગરદન નીચે અને ઉપર ધોળો ગલપટ્ટો આવે છે. તેની પીઠ ઘેરા કથ્થાઈથી માંડીને લગભગ કાળા રંગની હોય છે. કેડ અને પીઠ ધોળા રંગની અને પાંખનાં પીછાં કાળા રંગનાં તથા ચાંચ અને પગ સલેટીયા રાખોડી અને પૂંછડી તદ્દન ટૂંકી હોય છે. નાની ઉંમરનાં ગીધને સફેદ ગલપટ્ટો હોતો નથી. ઉપરાન્ત એટલો કાળો રંગ પણ રહેતો નથી. એનો ખાસ રંગ મટોડીઓ કથ્થાઈ અને પેટાળ ઉપર સફેદ લકીરોવાળો દેખાય છે. અને પીઠ ઉપર પીછાંનો જે ગુચ્છ રહે છે તે રતાશપડતો માલૂમ પડે છે. જ્યારે આપણે આ ગીધને ઊંચો ઊડતાં નીચેથી જોઈએ ત્યારે આ ગીધ બીજાં તેનાં કુટુંબીથી એ રીતે જુદાં તારવી શકાય છે કે તેના દેહનો ઘેરો રંગ પાંખના રંગ સાથે ભળતો આવતો નથી. અને તદ્દન ઊડતીનાં બચ્ચાં એટલે નાનાં માળો છોડી ઊડવા લાગે તેવાં બચ્ચાં ભૂખરા ગીધની સાથે ઘણી રીતે મળતાં આવે છે. જ્યાં ઢોર મરતાં હોય ત્યાં આ ગીધનો અડ્ડો જરૂર દેખાય છે. જેમકે મુંબઈ જતાં વાંદરાના કતલખાના ઉપર ગીધની સંખ્યા અવશ્ય બેઠેલી નજરે ચડે છે. અને હરિજનો મરેલાં ઢોરનું ચામડું પાડતાં હોય તે જગ્યા ઉપર પણ તેની વસાહત બનતાં સુધી હોય છે જ. રાતના બશીરને સમયે તેઓ જુદાં જુદાં વસવાનું પસંદ કરતાં નથી. કાં તો એક જ વૃક્ષ ઉપર અથવા તો નજીકનાં વૃક્ષ ઉપર બેસી રાત વીતાવે છે. પણ તેઓની ખાસીયત બીજા પંખી માફક એક જ બશીરા ઉપર ભેળાં થવાની નથી, એ તો જ્યાં પેટપુરણુ ખાજ મળી ગયું હોય ત્યાં જ નજીક જ રાત પસાર કરી નાખે છે. જે વખતે ઊંચાં ઘરનાં છાપરાં અને વૃક્ષો કે ડુંગર ઉપર આવેલા ઊંચાં પથ્થર તેની બેઠકનાં ખાસ સ્થાન છે. તડકો તપે ત્યારે તેઓ ગગનમાં ગેડા મારી પોતાના ખાજ માટે પોતાની તીવ્ર નજર રાખતાં રહે છે. એ ઉપરાંત પેટ ભરેલું હોય ત્યારે પોતાની પાંખ અને પીંછાને તપારો આપવા પણ ગેડા મારે છે કે જેથી કરીને મરેલા જનાવર ઉપર ચોટેલી જીવાત પોતાની ઉપર ચડી ગઈ હોય તે તપવાથી ઊખડી જઈ ખરી જાય છે. આ ગીધની ખાસીયત એવી કે એક ગીધની નજર ખાજ ઉપર પડી જાય એટલે આસપાસનાં બીજાં ગીધોને તેની ઉપર ગેડા મારીને ખબર આપવાની છે.

આ માફક ગેડા મારતા એક ગીધને આસપાસ ફરતા બીજાં ગીધો જોઈ જાય એટલે તેઓ પણ એક વાર ઊડી પેલા ગીધનું જ્યાં ઉતરાણ થયું હોય ત્યાં આવવા લાગી જાય છે અને જોતજોતામાં તો અવકાશમાં એક ગીધ નહોતું જોવામાં આવતું ત્યાં તેની જમાત આવી લાગે છે અને ઢોર મરીને કોહવાય તે પહેલાં તો ન ધારીએ એટલા થોડા સમયમાં તે મરેલા ઢોરનું ખોખું જ અને ન ગણી શકાય એવાં હાડકાં જ બાકી પડેલાં માલૂમ પડે છે. આમ જ્યારે ગીધો આવતાં હોય ત્યારે તેની પાંખનો સુસવાટો કરતાં ધબોધબ ખાજ ઉપર કાં તો સીધાં કે એકાદ ગેડો મારી ઊતરી પડે છે. જ્યારે ખાવામાં મશગૂલ થઈ જાય છે ત્યારે તેઓ આપણાથી ડરતાં પણ નથી. ઘણી વખત ગામ પાસેનાં કૂતરાં પોતાનું ખાજ આ ગીધ ખાઈ જાય છે તેમ માની તેઓને ઉડાડે છે પણ પછી તો તે કૂતરાને પણ ગાંઠતા નથી અને વળી પાછાં થોડે દૂર ઊડીને બેઠાં એટલે પાંખો પહોળી કરી ખાજને ફાડવા મંડી પડે છે. વરસાદમાં ભીંજાયા પછી તેઓ પોતાનાં પીંછાં સૂકવવા માટે પાંખો પહોળી કરીને બેઠેલાં જોવામાં આવે છે. એવી જ રીતે સખત ગરમીમાં બહોળા પાણીમાં નહાઈને પણ પીંછાં સૂકવે છે.

ગીધની વસ્તી ભારતભરમાં છે. અને તે પણ એક સામાન્ય પંખીની ગણતરીમાં આવે તેટલી છે.

ઓક્ટોબરથી માર્ચ માસમાં આ ગીધ પોતાના બચ્ચા ઉછેરે છે પણ ખાસ કરીને ગિરનારના ગહ્વરોમાં તેના બચ્ચા જોવામાં આવે છે તેઓ વસંતમાં માળા બાંધે છે આવી વસાહત માટે ભેગા વડલો કે પીપળના ઝાડ ઉપર પસંદગી ઉતારે છે અને કેટલીક વખત પાંચ પચીસ ફીટની ઊંચાઈ ઉપર પણ તેનો એકેક માળો હોય છે પોતાના દેહના વજન પ્રમાણે માળો બાંધવા માટે નાની ડાળનું તેનાખુ જોઈને માળો બનાવે છે તેના માળામાં સાંઠીકા, લીલાં પાંદડાવાળી ડાળખાં, ચીથરાં, ઊન, વાળ વગેરે વસ્તુઓ વાપરે છે અને વચ્ચે ઈંડા મૂકવાની જગ્યા ગોળાકાર ઊંડી રાખે છે જેથી બેઠેલું ઉપર બેઠેલ પક્ષી ખાસ વરતાય નહિ માત્ર તેનું માથું અને પૂંછડી જ જોવામાં આવે છે અને ફરીને તે પણ ખૂબ જ અંદર લઈ લે છે તેના ઈંડાની સંખ્યા એક અથવા બે જ હોય અને રંગમાં સફેદ હોય છે માંસાહારી પક્ષી જાતની પીંછાં નહિ ચૂના જેવી ધોળી અને પછી જરા ડાઘવાળા હોય તેનાથી ખરાઈ જાય છે અને તેમાં પણ તેની પીઠ બગાડે છે આમ પીંખાયેલા ખાના એનાં જેવું આયુષ્ય લાંબુ હોતું નથી.
ગીધનો આહાર તો ખૂબ જાણીતો છે તેનો આહાર મુડદાલ માંસ જ છે — પછી તે જનાવરનું હોય કે માણસનું હોય આવા મરેલા ઢોરને તેઓ નરમ જગ્યા જોઈ પાંખો ત્યાંથી પોતાની મજબૂત ચાંચથી ફાડવાનું શરૂ કરે છે અને જોતજોતામાં તો તેઓની સંખ્યા આખા ઢોરને થોડા સમયમાં માત્ર હાડપિંજર સિવાયનો તમામ ભાગ ખાઈ જાય છે આવા મરેલા જનાવર આગળ લગભગ આપણે જોઈ ગયા તે તમામ જાતના ગીધનો સમૂહ જોવામાં આવે છે પણ તેમાં સૌથી વધારે પ્રમાણમાં તો આ ગીધની સંખ્યા જોવામાં આવે છે આ ગીધની ખાસીયત સમુદાયની છે ખા વધારે ખાવાનું મળે તે જગ્યા અને બીજા ગીધ પાસેથી આહાર ખુંચવી લેવા ખોખીયાટા અને તકરાર જેવું થયા કરે છે જે વખતે એકબીજાને ડરાવવા પાંખો પહોળી કરે છે અથવા તો એક ગીધ ખાવાનું લેતું હોય તો બીજાને દૂર રાખવા લાત પણ મારતા દેખાય છે ગીધ ચિચિત ગળા ભરી ખાવે પણ ખરા અને ફૂદના ફૂદના પણ ખાજ પામે આવે છે તે સમયે તે પાંખો પસારી રાખે છે તેનો સ્વભાવ અકરાંતીઓ એવો છે કે એટલું બધું પેટ ભરી લે કે પછી ઊડવાના હોશ રહે નહિ જેથી કેટલીક વાર તે જ કેમકે જમીન ઉપર ગબડતાં રહી જાય છે આ ગીધના મરેલા દેહને તેની જાતના ગીધ પણ ખાતા નથી. એ ઉપરાંત બીજા કોઈ તો ખાતા નથી એવું થાય છે
આ ગીધને અંગ્રેજીમાં The White-backed vulture અથવા The Common vulture કહેવાય છે જ્યારે Gyps benghalensis (Gmelin) એ એનું વિજ્ઞાનિક નામ છે

સફેદ ગીધ

કદમાં સફેદ ગીધ આપણી સમળી જેવડું જ ની શાખ તેનો રંગ તેના નામ ઉપરથી નહિ કે ખબર પડી જાય એવો છે પણ પાંખમાં કાળા પીંછાં હોય છે ચહેરો અને ચાંચ નારંગી રંગના, તેમાં ચાંચ વાળી પાતળી અને છેડે વળેલી હોય છે પગનો રંગ મેલો પીળો હોય છે તેનું તનકું પીંછાંવિહોણું અને ઓડ ઉપરથી પીંછાં રહિત હોય છે નાની ઉમરના સફેદ ગીધનો રંગ સફેદ હોતો નથી. એનો રંગ ભૂખરો કથ્થાઈ એટલે લગભગ સમળી જેવો તે ઉપરાંત માથા ઉપર વધારે ભાગમાં પીંછાં રહે છે જ્યારે ચહેરાનો રંગ સફેદ પીળો માલૂમ પડે છે બીજે વરસે આ પક્ષી પોતાનો રંગ બદલે છે તેમાં તે અડધા ધોળા અને અડધા કથ્થાઈ રંગવાળા જણાય છે પણ તેમાં થોડું કાળા રંગનું મિશ્રણ રહે છે જેથી તે અનોખા રંગના વરતાય છે સામાન્ય ખાસીયતમાં આ ગીધ લગભગ જોડીમાં ફરવાનું પસંદ કરે છે પણ બીજી ખાસીયતમાં તે બીજા ગીધને મળતા આવે છે ઉડાન પણ બીજા ગીધ જેવી પણ તેની પાંખો વધારે અણીદાર હોય છે પૂંછડીમાં ખાંચો રહે છે બીજા ગીધ માફક તેના માળામાં તફાવત જણાતો નથી
સફેદ ગીધનો દેહ હલકો હોવાથી તે પોતાની જાતને હવામાં તરત ઊંચકી લઈ શકે છે અને બહુ યોગ

સમયમા અદર ચડી ઊડા માગવા લાગે કે પણ તે બીજા ગીધ જેટની ઊચાઈએ ચગ્ના જોવામા આવ્યુ નથી પથરાગ કરાડો ઉપર વસવાનુ તેને ખૂબ ગમે છે એ જ માફક વગડામા અને કાદમા પણ આનદથી વસે છે સૂકા રણ અને ભાલપ્રદેશમા પણ તે ખુશીથી વસે છે તેના આહારમા બધા પ્રકારની ગદકી તે પેટમા પધરાવી દે છે અને ગામડાની આસપાસ થતી ગદકી તે બરાબર ઓછી કરી ખરેખર મનુષ્યની સુ દર સેવા બજાવે છે

ઈરાનથી ભારત અને સૌરાષ્ટ્ર ગુજરાત અને કચ્છમા તે વસે છે અને જ્યા જોવામા આવે કે ત્યા તે સામાન્ય પખી ગણાય છે આવુ જ એક મોટુ સફેદ ગીધ શિયાળો પસાર કરવા આવે છે એટલે પ્રવાસી છે તેનુ કદ આપણે ત્યા થતા સફેદ ગીધના કદ કરતા મોટુ હોય છે અને તેની ચાચ શીંગડીઆ રગની અને છેડો કાળા રગનો હોય છે

આપણે ત્યા વસતા સફેદ ગીધનો માળો શોધવાનો સમય ઓક્ટોમ્બરથી જુનાઈ માસ છે પણ ઘણે ભાગે તેના વધારે માળા તો શિયાળામા જોવામા આવે છે તેની માળા બાધવા માટની પસદગી ઘણી જગ્યા ઉપર ઊતરે છે તેમા ઇમા, સીધી કરાડની ભીંતમા અવેની બખોલ અને વૃક્ષનો સમાવેશ થાય છે ટાવમા નાના ખાનળ ઉપર પણ માળો બાધી લે છે કદમા આ માળા બહુ મોટા હોય છે આ માળા બનાવવામા સાધન, ચીંથરા, ઊન અને એવી વિચિત્ર વસ્તુઓનો સમાવેશ થાય છે તેમા તે જોડી રતાશપડતા કથ્થાઈ રગના બે ઈંડા મૂકે છે અને કેટલાક ઈંડા સફેદ રગના પણ મળી આવે છે સફેદ ગીધની જોડી જ્યા માળો બાધે ત્યા બીજી જોડીને વસવા નથી દેતા અને તો પોતાની જગ્યામા બીજા સફેદ ગીધ ન જોઈએ તેનો આહાર લગભગ તમામ વસ્તુનો છે ગીધ બાળી રહેલા હાડપીંજરમાથી પણ પોતાનુ પેટ ભરી લે છે હાડકાના ઢગલામાથી પણ પેટ ભરતા જોવામા આવે છે અને ખુધરાઈનુ ખાતર નાખવામા આવતુ હોય ત્યા તો તે અચૂક દેખાય છે

મે વાચે કે કોઈ જણાવ્યુ છે કે દક્ષિણમા જે પક્ષીઓ પક્ષીતીર્થમા આવે છે તે આ સફેદ ગીધ છે

સફેદ ગીધને ફ્રેનાહ પેગ્રિ ક રોનડ પણ નામ આપે છે અગ્રેજીમા તેને The Neophrone અથવા The white scavanger vulture કહે છે જ્યારે તેને વિજ્ઞાનિક રીતે ઓળખવા માટે Nephrone percnopterus Ginginianus (Latham) કહેવુ જોઈએ જ્યારે પેલા મોટા સફેદ ગીધને The large scavanger vulture અને Neophrone percnopterus percnopterus એ એનુ વિજ્ઞાનિક નામ છે

★

હવે મોંઘા યત્નો કલાત્મક વસ્તુઓ, બરડ-ભાગી જાય તેવી સાધનસામગ્રી ચીની માટીના વાસણો અને કાચની કિંમતી ચીજો વસ્તુઓને સહેજ પણ આચ ન આવે એમ સપૂર્ણ સલામત રીતે પેકીંગ કરવાની નવી રીત શોધાઈ છે આ પેકીંગ હવાથી કરવામા આવે છે પ્લાસ્ટીકના પારદર્શક વાસણમા જે વસ્તુને પેક કરવાની હોય તેને મૂકવામાં આવે છે આ વસ્તુને બે પડ હોય છે અને એની વચ્ચે પપથી હવા ભરવામા આવે છે આ પછીથી તેને સીલ કરી દેવામા આવે છે, ખાસ તો જે ચીજ વસ્તુઓને જાળવીને પરદેશ પહોચાડવાની હોય એના માટે આવુ પેકીંગ કરવામા આવે છે આ પેકીંગ પારદર્શક હોવાથી બીજો એક ફાયદો એ થાય છે કે વિદેશમા જકાત માટે જ્યારે બધી વસ્તુઓ તપાસવામાં આવે છે ત્યારે આ પેકીંગ ખોલવાની જરૂર રહેતી નથી

‘ ઊર્મિ-નવરચના ’ અગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામા સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા નં. અને આપનું પૂરુ સરનામુ લખવુ ક્યારેય ભૂલશો નહિ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સ્ત્રીની શારીરિક કરુણતા

નારીના દેહને જેટલું આ દુનિયામાં મહત્વ અપાય છે, તેને સાચવવા, સંરક્ષવા જેટલું કરાય છે એના પ્રમાણમાં શારીરિક પોષણ નિશ્ચિતતા મળતા હોય તો? જાણીતા દાક્તર-લેખક આ લેખના સ્ત્રીના શરીરની રચનાનો ઠીક ખ્યાલ આપે છે

જીવન અને જનનના મર્યાદારણની પરંપરા પાછળ જાતીય ભાવો રહેલા છે સ્ત્રી પુરુષનું પરસ્પર આકર્ષણ એ માનવજીવનનું મહાસત્ય છે આ આકર્ષણ ઉપર માનવ પ્રજનનનો આધાર છે માનવ એકનો નહીં પણ સકલ જીવસૃષ્ટિ એ આકર્ષણ વડે જ જીવંત રહે છે સૃષ્ટિનો ઉદ્ભવ એ જ પુરુષ અને પ્રકૃતિના આકર્ષણનું પરિણામ છે માનવીના સમસ્ત જીવન ઉપર જાતીય (Sexual) કામગીરી પથરાયેલી દશ્યમાન થાય છે આપણી સઘળી કૃતિઓ, ચિંતનમનન અને વર્તનમાં આ કામગીરી વ્યાપેલી હોવાનું ફ્રોઈડ માને છે

આ કામગીરીના પ્રતાપે સ્ત્રી અને પુરુષનો નિકટતમ સંસર્ગ અનિવાર્ય બને છે આ સંસર્ગમાં અનિર્વચનીય આનંદ પ્રાપ્ત થાય છે એ આનંદમાં દેહસુખ પરાકાષ્ઠાએ પહોંચે છે અને, દેહસુખ કરતાય અધિક મન, હૃદય અને ઊર્મિઓની સમગ્રતાને આવરી લેતું આત્મરત સુખ પ્રાપ્ત થાય છે

આ સુખના સાધનરૂપ આપણા પ્રજનન અંગો છે સમગ્ર જીવ સૃષ્ટિમાં, માનવીમાં અને તેમાંય સ્ત્રીઓમાં આ અંગો વિકાસની ઉચ્ચ કક્ષાને પામેલા છે માનવીનો બૌદ્ધિક વિકાસ થવા સાથે વિચાર કરવાની શક્તિ જાગ્રત બનતી ગઈ તેમ વંશવેલો ચાલુ રાખવાની તેની સહજવૃત્તિને પોષણ આપવા માટે પ્રજનન અંગો ને ઉપાંગોને અતિ સંપૂર્ણ બનાવવાની આવશ્યકતા કુદરતે સ્વીકારી છે

સ્ત્રી અને પુરુષની જાતીયગ્રંથિઓની નોખી કામગીરી છે સ્ત્રીઓમાં બે બીજગ્રંથિઓ છે તો પુરુષમાં બે શુક્રગ્રંથિઓ છે બીજગ્રંથિઓમાં બીજકોષો પેદા થાય છે તો શુક્રગ્રંથિઓમાં શુક્રકોષો ઉપરાંત આ બન્ને ગ્રંથિઓમાંથી હોરમોન્સ નામના રાસાયણિક દ્રવ્યો સ્રવે છે જે લોહીમાં ભળી શરીરના દરેક દરેક ભાગમાં પહોંચી વળે છે અને શરીરની કામગીરીઓ ઉપર નોંધપાત્ર અસરો ઉપજાવે છે તેમનું શારીરિક મહત્ત્વ અતિઘણું છે, કારણ કે એમના વિના આરોગ્ય સંભવી ના શકે

માનવીમાં જાતીયગ્રંથિઓ મોટી છે તેમાંથી પ્રજનનક્રિયા થવા ઉપરાંત હોરમોન્સ (આંતરસ્રાવી રસો) પણ સ્રવે છે પુરુષ કરતા સ્ત્રીમાં આની અધિકતા છે લોહી દ્વારા જાતીય આંતરસ્રાવી રસો શરીરમાં સર્વત્ર ફરી વળે છે મગજમાં જઈ આધિપત્ય જમાવે છે આથી જ્ઞાનતંત્ર જાતીય વલણ ધરાવતું બને છે સ્ત્રી અને પુરુષના આંતરસ્રાવી રસો જુદા અને વિશિષ્ટ હોય છે આ સ્રાવોના આધારે જ સ્ત્રી અને પુરુષ આવી જાતિઓ અસ્તિત્વમાં આવી છે પુરુષના આંતરસ્રાવી રસો શરીરના દરેક કોષો અને કામગીરીઓને પૌરુષ આપે છે ચાલવાની છટાથી માંડી શરીરની સમગ્રતામાં તે દશ્યમાન થાય છે વ્યક્તિત્વ, મોટું ઘડપણ અને દીર્ઘાયુત્વનો તે પુરસ્કર્તા છે પુરુષમાં આ સ્રાવો ઓછા હોય ત્યારે આછા દાઢીમૂછો, પોચા હાડકા અને શિથિલ માંસપેશીઓ હોય છે જ્યારે સ્ત્રીઓના આંતરસ્રાવી રસો સ્ત્રીઓને પુરુષોને મુખ્ય આકર્ષણરૂપ થઈ પડતું મનોહર સ્ત્રીત્વ અર્પે છે સ્ત્રીઓમાં સ્રાવોની કમીનાને લીધે સાંકડો બસ્તિપ્રદેશ, નાના ને ઢીલા સ્તન, અનાકર્ષક બેડોળ શરીર અને દૂબળું સ્ત્રીત્વ પ્રાપ્ત થાય છે

માતાના ઉદરમાં બાળકની જાતિ નક્કી થયા અગાઉ આંતરસ્રાવી રસોનું બળ વરતાવું શરૂ થાય છે જન્મ બાદ તે પ્રબળ બને છે અને જાતીય પુખ્તતાની ઉંમરે તે પૂર્ણ પ્રભાવશાળી બને છે અને જીવનના દરેક ક્ષેત્રમાં તે અસરકર્તા નીવડે છે જાતીય ગ્રંથિઓનો

સ્રાવ એ શક્તિનો ઝરો છે એના બળના પ્રતાપે યુવાન શરીરનો થનગનાટ ને માસપેશીઓની તાકાત પ્રાપ્ત થાય છે વ્યક્તિમાત્રના જીવનનો સર્જનાત્મક અને સક્રિય ગાળો આ સ્રાવોના પ્રભાવ નીચે પસાર થાય છે એટલુ તો ચોક્કસ કે કામના પ્રભાવમાથી કોઈ મુક્ત રહી ના શકે કારણકે તે વિના નથી આરોગ્ય કે નથી જીવન

પ્રૌઢાવસ્થા ઊતરતા આ બળ ઘટવા માડે છે જાતીય ગ્રથિઓમાથી થોડો સ્રાવ લોહીમા ભળે છે પરિણામે બધા જાતીય અગો કરમાવા માડે છે યુવાનીની ચપળતા અદૃશ્ય થાય છે માસપેશીઓ સુકાય છે ચામડીને કરચલીઓ પડે છે આત્મા નિર્બળ બને છે શરીરના અગો ઉપર જાતીય ગ્રથિઓના સ્રાવોની અસર કમી થવા માડે છે અને તે બીજા બળની અસર નીચે આવે છે આ વિઘાતક બળ મૃત્યુનુ છે

સજીવસૃષ્ટિમા નર અને માદાના જોડા છે તેમ માનવકુળમા પણ છે પણ માનવીઓમા જ જાતીયતાનો તફાવત ઉચ્ચતાને પામે છે સ્ત્રી અને પુરુષમા જાતિકોષો વહેચી આપી જાણે કે પ્રજનનનો ભાર બન્નેમા સરખા હિસ્સે વહેચી આપ્યો હોય એમ સમજાય છે પુરુષના શુક્રકોષો સ્ત્રીના બીજકોષને મળે તે માટે ઝઝુમનાર તેના માનસિક અને શારીરિક બળો એકઠા મળે છે પણ ગર્ભાધાન બાદ પુરુષના હિસ્સે આવેલુ પ્રજનનનુ કામ પતી જાય છે જ્યારે સ્ત્રીના દેહ વિષે અતિગણી લાબી અને શરીરની બધી કામગીરીઓને સ્પર્શતી ક્રિયાઓની શરૂઆત થાય છે નવા જીવને પોષવાનુ અને તેને ઉછેરવાનુ કામ એના દેહ વિષે આવી પડે છે આ માટે એના શરીર વિષે સાનુકૂળ સ્થિતિઓ પેદા થાય છે એના સમસ્ત દેહની પુનર્રચના થાય છે નવા નાનકડા દેહના રક્ષણ કાજે માતાના દેહના બધા બળો કેન્દ્રિત થાય છે શરીરના બધા અવયવો અને પેશીઓ ઉપર ભાર આવી પડે છે

આ બધુ ગર્ભસ્થ બાળકના હિતમા છે માતા માટે તો માત્ર ઊબકા, દાતનો દુખાવો અને બધા પ્રકારની શારીરિક બેચેની જ છે નવ માસના ગર્ભાધાન બાદ પ્રસૂતિ આવે છે પ્રસૂતિ કુદરતી ક્રિયા માનવામા આવે છે પણ આ ક્રિયાનો સહેજ ધ્યાન કરવામા આવે તો આ ઉક્તિની અયથાર્થતા સમજાયા વિના ના રહે ખરી રીતે તો તે મરણઘાતી છે પ્રસૂતિ બાદ ગર્ભાશય મોટો ખુલ્લો ઘા બને છે સાજી સમી સુવાવડ હોય તો પણ એ આખા શરીરને હચમચાવી નાખતી શારીરિક આફત તો છે જ પુનર્વત સ્થિતિ પ્રાપ્ત થતા ઘણા અઠવાડિયા વીતે છે પણ આ દરમિયાન સ્ત્રીની શારીરિક અવસ્થા તો અસામાન્ય જ રહે છે

પ્રસૂતિ બાદ બાળકને ધાવણ આપવાનો લાબો ગાળો આવે છે જો કે આ કુદરતી ક્રિયા છે છતાય માતા કાજે તો તે બલિદાન આપે છે આમા માતાની પુષ્કળ શક્તિનો વ્યય થાય છે અને તે પોતા માટે નહીં (પણ પોતાનાના માટે હોવાથી) હોવા છતાય એનુ આખુ શરીર ક્રમે ચડે છે

ધાવણની ક્રિયા પૂરી થયે સ્ત્રીનુ શારીરિક બલિદાન પૂરુ થાય છે પણ આ લાબો વખત નભતુ નથી વળી પાછી તે જણતરની જાળમા સપડાય છે જાતીય પુખ્તતાના ગાળામા કુદરતે સ્ત્રીને વશવેલો ચાલુ રાખવાના કામ માટે નિયુક્ત કરી છે તે આ કામ રાજીખુશીથી સ્વીકારતી હોવાથી તેના માટે આ બધી ક્રિયાઓ સહજ અને સ્વાભાવિક છે

આ બધી સ્ત્રીના દેહ વિષેની જૈવિક (Biological શારીરિક) આફતો છે જે તેની પિસ્તાળીસથી પચાસની ઉમરે દૂર થાય છે આ ઉમરે ઋતુનિવૃત્તિ આવી પડે છે શરીરના બધા બળોનો ભોગ માગતી પ્રજનનની ઉગ્ર કામગીરી બાદ સ્ત્રી જાતીય બળની પકડમાથી મુક્તિ મેળવે છે હવે તે વ્યક્તિગત જીવન જીવવાનુ શરૂ કરે છે પણ જાતીય જીવન પૂરુ થવાની સાથે તેનુ આખુ શરીર કરમાવા માડે છે શારીરિક અને માનસિક બળોની ઓટ આવે છે ઋતુસમાપ્તિ પછીનુ જીવન જાણે કે માદગીની પરપરા જેવુ થઈ પડે છે આથી જ પશ્ચિમી વૈદકના પિતા હિપોક્રેટિસે કહ્યુ છે કે 'સ્ત્રીનુ સમસ્ત જીવન અખડિત અત વિનાની માદગી જેવુ

છે.' આ બાબત ઋતુસ્રાવથી શરૂ થતા માંડી ઋતુ-સમાપ્તિ સુધી ચાલુ ગ્હે છે. ઋતુસ્રાવ વખતે સ્ત્રીનું શરીર અસ્થિર સમતુલામાં આવી પડતાં માંદગી અને સુખાકારી વચ્ચે ઝોલાં ખાય છે. પુરુષોમાં પણ ઘડપણને લીધે જાતીય કામગીરી બંધ પડતાં શારીરિક શક્તિઓ ઘટવા માંડે છે આને આપણે પુરુષોના જીવન-પરિવર્તનનો (Change of life) કાળ કહી શકીએ પણ મોટા ભાગે તે ધ્યાન દોર્યા વિના પસાર થઈ જાય છે.

વંશવેલો ચાલુ રાખવાનો ભાર-બોજ તો સ્ત્રી સહન કરે છે. આ છે સ્ત્રીજીવનની શારીરિક (જૈવિક Biological) કરુણતા. આની સરખામણીમા પુરુષ-જીવનની શારીરિક કરુણતા નહીવત્ છે સ્ત્રીજીવનની શારીરિક ઘટનાઓના આધારે એનુ માનસ ઘડાય છે. આ માનસના કારણે પતિ-પત્ની વચ્ચે ગેરસમજ, ઘર્ષણ અને ઝઘડા ઉત્પન્ન થાય છે આ હકીકત જો કે વાર્તાકારો ને નાટ્યકારોને લેખન માટે સામગ્રી પૂરી પાડે છે અને તેને સામાજિક સ્થિતિના આલેખનરૂપ સ્વીકારાય છે પણ આના મૂળમા પતિ પત્ની વચ્ચે શારીરિક અસામાનતા રહેલી છે પુરુષ એ સ્ત્રીના કરતાં અણુ અણુએ જુદો પડે છે.

આ શારીરિક અસમાનતા ફક્ત જાતિ (Sex) અને તેના અસમાન જોખમ પરત્વે છે આનો અર્થ એમ નથી તારવવાનો કે એક જાતિ બીજી કરતાં ઉચ્ચ કે મહાન છે. સ્ત્રી ને પુરુષ સમાન અને સરખા છે

યૌવનારંભ પહેલાં બન્નેમાં વિકાસ માટેની સરખી શક્યતાઓ રહેલી છે પણ ત્યારબાદ સ્થિતિની અસમાનતા અન અસરખાપણું આવી પડે છે. પુરુષ કરતાં સ્ત્રીનું જીવન એના બીજકોષોના ભાગ્ય સાથે ઘનિષ્ઠ સંબંધમાં છે. પુરુષે એના શુક્રકોષો સ્ત્રીના શરીરમા દાખલ કર્યાં એટલે શુક્રકોષોની ગતિ સાથે એને નિસ્બત નથી. જે કંઈ એમને થાય તેની એના શરીર ઉપર કશી અસર પડવાની નથી પુરુષ માટે પિતા બનવું એ શારીરિક કરતાં સામાજિક પ્રત્યક્ષીકરણ છે. જ્યારે સ્ત્રીનું જીવન એના બીજકોષોના ભાગ્ય સાથે અતૂટ સંબંધમાં રહેલું છે. જો બીજકોષ શુક્રકોષથી ફલિત થાય તો સ્ત્રીનું આખું શરીર બલ્કે આખી જિંદગી એના કાજે જનરાય છે.

ગર્ભાધાનના મૂળમાં ઋતુસ્રાવની ક્રિયા રહેલી છે. સ્ત્રી-જીવનમાં પ્રથમ ઋતુસ્રાવ એ અતિ મહત્ત્વનો પ્રસંગ છે. અહીં એના સુખી બાળપણનો અંત આવે છે. જીવનના બીજા તબક્કાની શરૂઆત થાય છે. પ્રથમ ઋતુસ્રાવ એ જાતીય પુખ્તતાનું નિદર્શન કરે છે. આ સમયે શરીરની અંદર આવી પડતી જટિલ ક્રિયાઓ આપણી જાણમાં તો નથી જ આવતી પણ કન્યાના શરીર ઉપર દૃશ્યમાન થતા બાહ્ય ફેરફારોમા છતી થાય છે. ચામડી નીચે ચરબી જમા થવાથી શરીર ભરાવદાર બનવા સાથે સ્ત્રીત્વનું લાવણ્ય ખડું થાય છે

જાતીય પુખ્તતાના આરંભથી સ્ત્રીના જીવનમાં નિયમિત અંતરે ઋતુસ્રાવ આવે છે. ઋતુસ્રાવ એ કંઈ ખાલી લોહીનો સ્રાવ નથી પણ એ સ્ત્રીનાં બધાં અવયવોને વધારે ઓછે અંશે અસર પાડતા માસિક તરંગનું પ્રત્યક્ષ લક્ષણ છે.-ઋતુસ્રાવના આ તરંગો ધીમેથી પણ નિયમિતપણે તેના શરીરમાં ઉદ્‌ભવે છે અને શરીરના વ્યાપારધર્મો ઉપર ગાઢી અસર ઉપજાવે છે ઋતુસ્રાવ દરમિયાન સ્ત્રીના શરીરમાં નીચેના ફેરફારો યોજાય છે (૧) શરીરનું ઘટેલું ઉષ્મામાન (૨) ધીમી નાડી (૩) લોહીનું ઓછું દબાણ (૪) મંદ પાચન (૫) સ્તનોમાં ફેરફાર (૬) એકાગ્રતા અને ચપળતાનું કમીપણું (૭) કોક સ્ત્રીઓ ચીડિયણ અને ભૂખાળવી બને છે. એમનાથી સાદાં અને ટેવાયેલાં કામકાજો પણ ઢીલથી થાય છે ઋતુસ્રાવી સ્ત્રી ધીમેથી અને અચકાતી મોટર હાંકે છે, ફંટાતા રસ્તાઓ આગળ ગુંચવાડામાં પડે છે ટાઈપ કરતી સ્ત્રી ધીમેથી અને સભાન હોવા છતા ખોટું ટાઈપ કરતી હોય છે. મહત્ત્વના ફેરફાર જ્ઞાનતંત્ર અને આંતરસ્રાવી ગ્રંથિઓમાં થાય છે. આ જ અવયવો દ્વારા માનવીએ અસ્તિત્વના સગ્રહમાં શ્રેષ્ઠત્વ અને ઉત્ક્રાન્તિકાળમાં સર્વોપરિપણું પ્રાપ્ત કર્યું છે વળી આ જ અવયવો શરીરની બધી કામગીરીઓ ઉપર મોટો

ઈશ્વરભાઈ પટેલ

માન્યામાં નહીં આવે

દક્ષિણ ધ્રુવની સફરે નીકળેલા સાગર સાહસિકોની ટુકડીની ખતરનાકતાને છતી કરતી આ એક એવી સાહસકથા છે જે કિશોર-યુવાનોને તો વાંચવી ગમશે જ, મોટેરાંઓને પણ ગમે તેવી સરળ રીતે અંગ્રેજી ઉપરથી ઉતરી છે......

સને ૧૯૧૫ના ઑક્ટોબરની સત્તાવીસમી તારીખે સાંજના પાંચ વાગવા આવ્યા હતા. ધ્રુવ ખંડને આરપાર આંબવા મથતી એક સાહસિક ટુકડીના સત્તાવીસ સભ્યો, દિવસોથી બરફમાં ભીડાઈ ગયેલા પોતાના વહાણને બચાવવા રાતદિવસ અથાગ પરિશ્રમ કરતા હતા. એ સહુ એવા થાકી ગયા હતા કે યંત્રવત્ એમના હાથપગ ઊપડતા હતા. વહાણને ઉગારવાની હવે કોઈ જ આશા નહોતી એટલે નિરુપાયે મંડળીના નેતાએ વહાણને દૈવના ભરોસે છોડવાના હુકમ આપ્યા. આ હુકમથી કોઈ ને જરા સરખોય અચંબો ન થયો. કારણ નવ નવ માસથી આ વહાણ બરફના પેટાળમાં ફસાઈ ગયું હતું અને એ બરફ ચારેકોર નાખી નજર પહોંચે ત્યાં સુધી વિસ્તરેલો હતો. આવા આ બરફ-જમાવમાં બિચારું વહાણ, ચોકલેટમાં બદામ ભરાઈ જાય તેમ ફસડાઈ ગયું હતું.

શરૂઆતમાં એમ આશા હતી કે ધ્રુવીય શિયાળા પછી વસંતનું આગમન થશે એટલે બરફ કંઈક ઓગળશે. અને 'કેદ' થયેલું વહાણ 'મુક્તિ' મેળવશે. વસંત ઋતુ આવી ને ગઈ છતાં કશું વળ્યું નહીં. ઊલટાના બરફના વધુ ડુંગરા વહાણ ભણી ધસી આવ્યા અને એને ઓર ભીંસી નાખ્યું.

દક્ષિણે ધ્રુવ ખંડના બરફમાં આમ ફસડાયેલ વહાણ હતું 'એન્ડ્યુરન્સ' નામે ને કર્મે એ 'સહનશીલ' જ હતું. એના કરતાંય હજારગણી ધીરજ અને સહનશીલતા દાખવનાર હતો આ દક્ષિણધ્રુવખંડીય સફર મંડળનો નેતા સર અર્નેસ્ટ શેકલટન, અને એની મંડળીના સત્તાવીસ સભ્યો.

ધ્રુવીય બરફથી પરિચિત એ લોકોએ વહાણના બાંધકામમાં જ અતિશય કાળજી રાખેલી હતી. દુનિયાનું કદાચ મજબૂતમાં મજબૂત વહાણ એવું બન્યું હશે. એનું લાકડું કેટલેક સ્થળે અઢી ફૂટ જાડું હતું અને બરફથી એને રક્ષવા એના પર એક એવા બીજા લાકડાનું પડ મઢ્યું હતુ જે લોખંડથી વધુ વજનદાર હતું અને એટલું તો ચવડ હતું કે સામાન્ય હથિયારનો તો એમાં ગજ જ વાગે નહીં. પરિણામે મહિનાઓ સુધી પીસતા ને પકડમા લેતા બરફ સામે 'સહનશીલે' ટક્કર ઝીલી. આખરે એના પરતું દબાણ અપ્રતિકારી બની ગયું, એનું જબરદસ્ત લાકડું કડડ કડડ કરતું ચીરાવા લાગ્યું અને છેવટે જ્યારે એ ભાંગ્યું ત્યારે મોટા તોપખાના જેવો એનો અવાજ થયો. તૂતક બેવડ વળી ગયું, આગલો ભાગ વીસેક ફૂટ ઊંચકાઈ ગયો અને એનાં સૂકાન વગેરે દૂર ફેંકાઈ ગયાં.

વહાણ ખાલી કરવાનો શેકલટનનો હુકમ મળતાં જ

અંકુશ ધરાવે છે.

આ અવયવોની સામાન્ય કામગીરી ઉપર શરીરની તંદુરસ્તીનો બધો આધાર છે. નિરીક્ષણથી માલૂમ પડે છે કે માનસિક ક્રિયાઓ સ્ત્રીની માનસિક સમતુલા ઉપર પ્રબળ અસર ઉપજાવે છે. આંતરિક ઉત્તેજના મુજબ સ્ત્રીના સ્વભાવનું જાણે કે નિર્માણ થાય છે. એમાં ભરતી અને ઓટના ક્રમ યોજાય છે. આ મુજબ સ્ત્રીના સ્વભાવમાં નિર્બળતા, નિરાશા, આવેગશીલતા અને રુદનના ગાળા બાદ પ્રફુલ્લતા, વિનોદ, ઉલ્લાસ અને સુખના દિવસો આવે છે. સ્ત્રીમાત્રના સ્વભાવમાં આવી પડતો આ પ્રકૃતિનો માસિક ફેરફાર તિથિઓની જેમ નિયમિતતાથી આવી પડે છે.

જાતીય પુખ્તતા પામેલી સ્ત્રીની આ જૈવિક કરુણતા નથી તો બીજું છે શુ?

★

બધો જરૂરી સામાન ખગેડવા ખલાસીઓ લાગી ગયા અને બે કલાકમા તો ત્રણ લાઈફબોટ ને ૪૯ કૂતરા સહિત બધી આવશ્યક ચીજો બરફ પર ખડકાઈ ગઈ થોડી વારમા તો પાસેની એક મસ મોટી બરફ શિલા પર એમની છાવણી નખાઈ ગઈ

મહિનાઓ સુધી ચાનેલી વહાણની રોજિંદી ડ્રાફ્ટમાથી ઉગરવા બદલ મડળીના સભ્યો જ્યારે રાહત અનુભવતા હતા ત્યારે એના નેતા શૅકલ્ટનના મગજ પર ચિંતાનો બોજો સવાર થયેલો હતો, કારણ એમની સ્થિતિમા ઉગારનો કોઈ ઈલાજ એને દેખાતો નહોતો દક્ષિણ ધ્રુવીય સમુદ્રના હરેના બરફ પર એ કેદ જેવી પરિસ્થિતિમા હતા એમને જ્યાંથી જેટલો દૂર દક્ષિણ ધ્રુવ હતો, તેટલો જ દૂર એટલે લગભગ ૧૨૦૦ માઈલ ઉત્તરે માનવ વસવાટ હતો પાસેમા પાસેનુ સ્થળ નિર્જન એવો 'પામર' દ્વીપકલ્પ હતો એય ૨૧૦ માઈલ દૂર હતો એમની પાસે સદેશો મોકલવા રેડિયો ટ્રાન્સમીટરેય નહોતુ ને નહોતુ કોઈ માનવ દુનિયામા જરા સરખુય જાણતુ કે આ લોકો મુશ્કેલીમા મુકાઈ ગયા છે ૧૯૧૫ની એ સાલમા નહોતા આજે ઉપલબ્ધ એવા 'સ્નોમેટ' (બરફ બિલાડી) ના નામથી જાણીતા ટ્રેક્ટર કે નહોતા હેલીકોપ્ટર કે અન્ય કોઈ વિમાન પરિણામે કોઈ જાણતુ હોય તોય એમને બચાવી શકત કે કેમ એ શકાસ્પદ હતુ

આમ સયોગોને એમના મૂળ કે નગ્ન સ્વરૂપે નીરખીએ તો એ પોતે પ્રયત્ન કરીને નીકળે તો ઠીક બાકી બચવાની કોઈ જ આશા નહોતી

એક માત્ર મુક્તિમાર્ગ તરીકે એણે નક્કી કરી દીધુ કે થીજેના સમુદ્ર પર કૂચકદમ કરી ૩૪૬ માઈલ દૂર આવેના પોલેડ ટાપુ પર પહોચી જવુ ત્યા ખોરાકની સભાવના હતી અને ત્યાથી જળસમુદ્રને સ્પર્શવાની તક પણ ખરી એટલે ત્રણેય લાઈફ બોટ—ડૂબક કિશ્તી સાથે લેવાનુ ઠરાવ્યુ

આ ભગીરથ કામ જેમને શિરે આવી પડ્યુ હતુ તે મડળી તરેહ તરેહના આદમીઓની બનેલી હતી એમા કેમ્બ્રીજ વિદ્યાપીઠના સ્નાતકથી માડી યોર્કશાયરના માછીમાર સુધીના સૌ કોઈ હતા આખી ધ્રુવીય રાત્રિ સૌને સાથે એક જ વહાણમા ગાળવી પડી તેથી આ આખી મડળી અતિ આનદી અને એકરાગી બની હતી એ સૌ જાણતા હતા કે ૧૨૦૦૦ ફૂટ ઊડા સમુદ્ર જળની સપાટીએ છવાયેલ ૭ ફૂટના બરફસ્તર પર પોતે પડ્યા હતા છતા નિરાશા એમને સ્પર્શી નહોતી એમને મન સવાલ હતો માત્ર જીવતા રહેવાનો

શેકલટન પણ આનદી ને મક્કમ ભાસતો એક આદર્શ સફરીનો એ ઉત્તમ નમૂનો હતો સાવ આત્મવિશ્વાસુ ને છતાં લાગણી સમજનારો ચાળીસમા વરસમા એ પ્રવેશતો હતો એના બાપદાદાનુ ધ્યાનસૂત્ર સહનશીનતા વિજયની ચાવી છે—એની રગેરગમા ઊતરેલુ હતુ આ એની ત્રીજી દક્ષિણધ્રુવીય સફર હતી સૌ પ્રથમ વખતે ૧૯૦૧મા એ વિખ્યાત પ્રવાસી કેપ્ટન સ્કોટની મડળીમા સામેલ થયેલો ૧૯૦૭મા એ પોતાનુ શોધ મંડળ લઈ નીકળેલો ને દક્ષિણ ધ્રુવથી માત્ર ૧૧૩ માઈલ જ દૂર રહેલો એની આ સિદ્ધિ બદલ આખી દુનિયાએ એને સન્માનેલો, બ્રિટિશ સરકારે 'સર'ના ઈલ્કાબથી નવાજેલો, અને બીજા કેટલાય રાષ્ટ્રોએ એના પર માનચાંદની વર્ષા કરેલી

છત્રીસ કલાક એ બરફ પર સૌએ આરામ લીધો એટલે એણે બધાને બોલાવ્યા ને નવી મુસાફરીની વાત વિગતે કરી આ મુસાફરી માટે જેમ બને તેમ ઓછુ વજન સાથે રાખવાની અનિવાર્યતા એણે સમજાવી અને ઉમેર્યું કે દરેક જણ પોતાના કપડા ઉપરાંત બે જોડ જાકીટ, ૭ જોડ મોજા, બે જોડી બૂટ, એક ઊંઘ-કોથળી, એક રતલ તમાકુ ને બે રતલ અન્ય વ્યક્તિગત સામાન લઈ શકશે

આમ બોલી રહી એણે પોતાનો હાથ કપડામા નાખ્યો ને સીગારેટનુ સોનાનુ એક કેસ, અને થોડા સોનના સિક્કા બહાર કાઢી, પગ આગળ બરફ પર પટક્યા તે પણ રાણી મેરીએ એને ભેટ આપેલુ બાયબલ હાથમા લઈ, એમાથી એની મડળી માટે શુભેચ્છાનો રાણીનો સદેશો ધરાવતુ ઊઘડતું પાન અને ત્રેવીસમો

પ્રાર્થના કરી લીધાં. બાકીનું બાયબલ ત્યાં મૂકી એ ચાલ્યો ગયો.

આ નાટકીય ઇશારો પાકો ગણત્રીયુક્ત હતો. નમતો પહોર થતાં તો સમજાઈ ગયું કે શેકલ્ટનનો દાખલો એળે ગયો નહોતો. ધીરેધીરે બિનજરૂરી ચીજોનો ઢગલો વધતો જ ગયો. ચોપડીઓ ને ચિત્રોથી માંડી, કરવતી અને ફરસી સુધીની કંઈ અવનવી ચીજો ત્યાં ખડકાઈ ગઈ અને સૌ હળવા બન્યા.

પછી એણે ચાર કુરકુરિયાંને મારી નાખવાનો હુકમ છોડ્યો. કારણ બોજો ખેંચી શકે તે સિવાય અન્ય કોઈ માટે ખોરાક આપવો પરવડે તેમ નહોતું. પોલેટ ટાપુ તરફની મુસાફરીની આગલી સંધ્યાએ એણે નોંધપોથીમાં ટપકાવ્યું, 'આખી ટુકડીને સહીસલામત સંસ્કૃત દુનિયામાં પહોંચાડવાની પ્રભુ શક્તિ અર્પે એમ એને પ્રાર્થું છું.'

વળતી સવારે એટલે કે ઓક્ટોબરની ત્રીસમી તારીખે એમણે પ્રયાણ આદર્યું. સપાટ રસ્તો શોધવા શેકલ્ટન ને એક અરુણ ટુકડી આગળ ચાલતી, મધ્યે આવતી સ્લેજ ખેંચતી કૂતરાટુકડીઓ, અને છેક પાછળ ઢસડાતી વહાણના કપ્તાન વુર્સ્લીની આગેવાની હેઠળ, એવી ત્રણ હૂબક-કિસ્તી ખેંચતી ખલાસીમંડળી.

આ કિસ્તી ખેંચવાનું કામ જીવ લે તેવું હતું. એક એક ટનની આ કિસ્તીને ખેંચવા પંદર પંદર માણસની મંડળી વારાફરતી લગાડવી પડતી. આવી વજનદાર આ હોડીઓ પોચા બરફમાં ખૂંપી જતી ને એને ખેંચવા જતાં, પંદરેય જણને, વાંકા વળી જવું પડતું. દરેક સો બસો વારને અંતરે એમને બરફની જામેલી ઓકળીઓ ખોદી સરખી કરવી પડતી અને કદીક કદીક આવી ઓકળી જરા વધુ ઊંચી હોય તો બન્ને બાજુ ઢોળાવ કરવો પડતો.

પ્રથમ દિવસે એમણે એક માઈલ કાપ્યો. પણ તે રાત્રિએ ભારે બરફવર્ષા થઈ ને ગતિ ઘટી ગઈ. શેકલ્ટનને સમજાયું કે આ મહેનત લેવા જેવી નથી એટલે દસ ફૂટ જાડા ને ½ માઈલ વ્યાસવાળા એક મજબૂત બરફ-ચોસલા પર એણે છાવણી જમાવી, અને જાહેર કર્યું કે બરફ ખસતો ખસતો જમીન નજદીક પહોંચે ત્યાંસુધી સૌએ આ બરફ-શિલા પર રહેવાનું થશે.

વળતે દિવસે કૂતરાટુકડીઓને, પેલી ત્યજી દીધેલી છાવણીએ પોણા બે માઈલ પાછી મોકલી અને અનિશ્ચિત મુદત સુધી રહેવાની ગણત્રીએ ત્યાં પડેલી સૌ સામગ્રી અહીં લાવવા જણાવ્યું. એ જ હિસાબે પેલા વહાણમાંથીય હાથ લાગે તે લઈ આવવા છ જણ રવાના કર્યા. વહાણની દશા બદતર બની ગઈ હતી અને કેટલાક ભાગ વધુ નીચા ઊતર્યા હતા. બાજુમાં એક કાણું પાડી, શક્ય તે લેવા, દિવસો સુધી એમણે પ્રયત્ન કર્યા કર્યો.

નવેમ્બરની ૨૧ તારીખે વહાણ આખરે ડૂબ્યું. તે દિવસે સાંજના સાડા ચાર વાગે શેકલ્ટને એની અસાધારણ હિલચાલ નીહાળી અને એ બોલી ઊઠ્યો, 'એ ડૂબે છે.' પળવારમાં જ સૌ એકઠા થઈ ગયા અને એમની નજરોનજર વહાણને હવામાં ઊંચું ઊંચકાઈ થોડી વારમાં જ પાણીમાં અદૃશ્ય થતું જોયું. ક્ષણવાર એને સમાવી દેતાં કાળાં પાણી દેખાયાં ન દેખાયાં ત્યાં તો બરફના સ્તર નજદીક આવી ગયા ને 'સહનશીલ' કાયમ માટે બરફના પેટાળ નીચે ગાયબ થઈ ગયું.

હવે તો સઘળો આધાર બરફના ખસવા પર હતો. લાગ પડે તો બરફ ઉત્તર બાજુ પોલેટ ટાપુ ભણીય ખસે ને કશીક રુકાવટ આવી લાગે તો જ્યાં ને ત્યાં અટકીય જાય. કદાચ એવુંય બને કે એ ઊલટી જ દિશામાં વહે તો એમને જમીનથી ઓર દૂર પણ વહી જાય.

બે માસ આ છાવણીમાં એ લોકો રહ્યા. સંકડાશ તો એટલી ભારે કે બે તંબૂ વચ્ચે જગા જ ન મળે. ઠંડી ને ભીનાશ—બન્નેનો સ્વાદ સૌએ ખૂબ ચાખ્યો. ભોજન સમયે સઘળી વાનીઓ એકી સાથે એક કટોરીમાં પીરસી દેવામાં આવતી ને એમાંથી આંગળી કે છરીથી એ ખાતા. થોડાં જ વખતમાં વહાણ ઉપરની એમની નિયમિત જિંદગી એમને માટે ભૂતકાળનો

વિષમ બની ગઈ

દિવસ પછી દિવસ વીતવા લાગ્યા ને બરફ ખુલ્લો થવાની એમની આશા ઓછી થવા લાગી. પણ એમને આશ્વાસન એટલી વાતનું રહ્યું કે આખી શિલા રોજના બે માઈલની ગતિએ ઉત્તર તરફ ખસતી હતી ડિસેમ્બર અધવારતા શિલાની ગતિ બદલાઈ ઉત્તર દિશાને બદલે એ સીધી ચાલી પૂર્વ તરફ જમીનથી દૂર, દૂર, અતિ દૂર વધારામાં માણસોને હવે કશુંય કામ હાથ પર ન રહ્યું ખોરાકને પુન પૅક કરવાનું ડૂબક-કિશ્તીઓને સમારવાનું—બધું પતી ગયું અને નવરા પડેલા સૌના મન પર એક પ્રકારની ખેંચ ને ચિંતા સવાર થઈ ગઈ એમની ધીરજ ખૂટવા લાગી શેકલ્ટનનું મન વ્યગ્ર બની ગયું ઠંડી બરફ ને સમુદ્ર એ સૌ દુશ્મનો કરતા અતિ ભયંકર શત્રુ હતો મનનો નિરુત્સાહ એની નિરાશા ઓસરતા આ જુસ્સાને ઉત્તેજિત કરવાનો એક માત્ર કીમિયો હતો કામરતના

ડિસેમ્બરની એકવીસ તારીખે એણે સૌને એકઠા કરી જણાવ્યું કે બે દિવસ પછી ચાલવા માંડવાનું છે બરફની સપાટી કઠણ હોય ને ઉષ્ણતામાન શિશિર નીચું હોય ત્યારે એટલે રાત્રે જ ચાલવાનું રહેશે નાતાલ નજદીક હતી એટલે ઊપડતા અગાઉ નાતાલની ઉજવણી રહેશે અને સૌ ઠીક લાગે તે ખાઈ શકશે તરત જ નાતાલનું ગાંડપણ શરૂ થઈ ગયું જે વળતો આખો દિવસ ચાલ્યું

બીજી સવારે સાડા પાંચ વાગ્યે બરફ પર એમણે પ્રયાણ આદર્યું આખો દિવસ ગતિ ધીમી રહી દિવસ નમતા શેકલ્ટને કુરસીનિ ખોના પૈ અને છાવણીમા એક શીશી મૂકી આવવા જણાવ્યું એ શીશીમા એણે નોંધ મૂકી હતી કે શાહી દક્ષિણ ધ્રુવીય મંડળી' વહાણને છોડી પશ્ચિમ દિશામા જમીન પર પહોંચવાની આશાએ ઊપડી ગઈ છે સાથેસાથ તો પોતાની શી ગતિ થઈ, તેની જાણ ભાવિ પેઢીને કરવાના હેતુથી એણે આ ગોઠવ્યું હતું પણ સૌ જાણી જાય તો નિરુત્સાહ થાય એટલે એકાંતમા પાછળથી એ આરોપ્યું હતું

એમની આ આખી મુસાફરી અતિ વિચિત્ર હતી બરફશિલાઓ પાણીથી તરબોળ થઈ ગયેલી હતી જ્યાં ઉપર થીજેલા બરફના પડથી એવી મજબૂત લાગતી કે સૌ એમના પર ડગ દેતા પણ માણસનું વજન આવતા જ પડ ભાગ દેતું ને મુસાફર ફસડાઈને ઠારી નાખે તેવા પાણીમા ડૂબી પડતો

બિચારા કિશ્તી ખેંચનારની દશા તો સાવ કરુણાજનક હતી એકી વખતે એ આઠ બમો વાર કાપી શકતા પાંચ દિવસમા એમણે નવ માઈલ કાપ્યા પણ એ દરમિયાન તો એવા થાકીને આવી ગયા કે શેકલ્ટનને સમજાયું કે આગળ વધવું અશક્યવત છે

એમની સ્થિતિ તો હવે ઓનામાથી ચૂનામા પડ્યા જેવી થઈ આ પ્રયાણને કારણે એમને ઘણો ખોરાક ઊંચકી જવાની અશક્તિને કારણે છોડી દેવો પડ્યો હતો ને જે હિમશિલા પર એમનો પડાવ હતો તે ખાબોચિયાવાળી અને આધાર ન રખાય તેવી હતી તમામ પૂરતું તો એમને કશું કરવાપણું રહેતું નહોતું બરફની મરજી થાય તો એ છૂટે નહીં તો માત્ર જીવતા રહેવું એટલું જ એમનું લક્ષ્ય હતું

આ શિલા પર એમને સાડા ત્રણ મહિના ગાળવા પડ્યા તે ભૂખમરાની અણી પર એ આવી પહોંચ્યા જેમ જેમ દિવસ વીતવા લાગ્યા તેમ તેમ માંસ ખૂટવા લાગ્યું અને શેકલ્ટનને દિવસમા એક જ વખત રાંધવાની આજ્ઞા આપવી પડી.

એટલું સારું થયું કે કુદરત એમના પર સાવ રૂઠી નહીં ને આંતરે આંતરે એમને સીલ માછલી હાથમા આવતી રહી. એટલે એ પોતાના હાડચામ સાચવી શક્યા નસીમનું કરવું તે ફેબ્રુઆરીની ઓગણીસ તારીખે હજારોની સંખ્યામા પેંગ્વીન પક્ષીના ટોળાં ત્યાં ઊતરી આવ્યા અને ખાબોચિયામા ગેલ કરવા લાગ્યા આ ભૂખી ટાસ મંડળી એમના પર જે તૂટી પડી ને ત્રણ દિવસમા ઘણો જેટલા એ પક્ષીઓને એમણે પાડ્યા ને રસોડાના કોઠાર ભેગા કરી દીધા

ખોરાક માટેની આ શોધ ક્યારેક કદીક ખૂબ ભારે પડી જતી એક દિવસ કોઠારી ઓર્ડલી સીલના શિકારેથી

પાછો ફરતાં, બરફ પર સરકતો હતો, ત્યાં એકાએક, એની આગળ પાણીમાંથી એક ભયંકર માથું ઊંચકાયું. એ તરત જ પાછો ફર્યો અને સ્કીપોલ હાથમાં લઈ નાઠો. નાસતાં નાસતાં પોતાની રાયફલ જલદી લઈ આવવા એ પોતાના સાથીદારને બૂમો પાડતો રહ્યો.

એ મહાકાય પ્રાણી દરિયાઈ ચિત્તો હતો. પાણીમાંથી બહાર સરકી કૂદકા ભરતો એ એની પાછળ પડયો. છએક કૂદકામાં તો ઓર્ડલીની બિલકુલ નજદીક આવી લાગ્યો. પણ એને શુંય થયું તે ચકાવો લઈ, પાણીમાં ડૂબકી મારી ગયો.

આટલી વારમાં ઓર્ડલી બરફશિલાને સામે કિનારે પહોંચી, નક્કર બરફ પર કૂદી પડવાની તૈયારી કરતો હતો ત્યાં પેલા જાનવરનું માથું બરાબર એની સામે પાણીમાંથી ઊંચકાયું! બરફમાં પડતા ઓર્ડલીના પડછાયાનો એણે પીછો પકડયો હતો!

એકદમ એ ઊંચકાઈને એના પર કૂદી પડયો. ઓર્ડલી સહાય માટે ચીસો પાડવા લાગ્યો. એનો સાથીદાર વાઈલ્ડ રાયફલ લઈ આવી પહોંચ્યો એટલે એને જોઈ પેલા માણસે હુમલો એના તરફ વાળ્યો. વાઈલ્ડ ઘૂંટણીએ પડી રાયફલનો ઘોડો દબાવતો જ રહ્યો! અને આમ ઉપરા ઉપરી ગોળીઓનું નિશાન બનતાં એ ચિત્તો ચત્તોપાટ થઈ ગયો!

બે કૂતરા-ટુકડીઓ આવી ત્યારે એનું શબ છાવણીમાં લઈ જઈ શકાયું. એ બાર ફૂટ લાંબો અને ૧૦૦૦ રતલ વજનનો હતો.

જાન્યુઆરીના પાછલા ભાગમાં એક ઝંઝાવાત ફૂંકાયો. એ એવો ભયંકર હતો કે સૌ છાવણી બહાર ફેંકાઈ ગયા છતાં આનંદપૂર્વક એ ઝંઝાવાતની તકલીફો એમણે સહન કરી કારણ એને કારણે આખી શિલા ઉપર તરફ એટલે જમીન પ્રતિ વેગથી ખસવા લાગી. છ દિવસમાં ૮૪ માઈલની પૌલેટ ટાપુ તરફની મુસાફરી એ ઝંઝાવાતે કરાવી અને સૌના મનમાં આશાનો સંચાર થયો.

નવમી માર્ચે તો એમની આખી શિલા ઊંચીનીચી થવા લાગી. એનો અર્થ એટલો જ થયો કે ખુલ્લો દરિયો ને તેનાં પાણી હવે નજીક આવ્યાં! સૌ ખાસા ઉશ્કેરાટમાં ગણતરી કરવા મંડયા કે હવે સમુદ્ર જળ કેટલાં દૂર. અને એમની ગણતરીએ એમને બતાવ્યું કે હવે માત્ર ત્રીસ માઈલ કાપીએ એટલે સમુદ્રજળની પીઠ પર સવાર થઈ જવાશે.

પાણીના આ ઉછાળામાં શેકલટન એકલાને જ ભયનાં દર્શન થયાં. વાત એમ હતી કે આ ઉછાળામાં બરફ-શિલા ઊંચીનીચી થઈ તૂટી જવાનો સંભવ હતો અને એમ થાય ને એનાં ટુકડે ટુકડા થઈ ગયા તો એમને ડૂબક-કિસ્તીઓનો આશરો લેવો પડે. એ કિસ્તીઓ પણ આ શિલાઓ સાથે અથડાઈ ફેદાઈ ભાંગી જવાનો પૂરો સંભવ.

દુ:ખમાં દુ:ખ ઉમેરાયું ખોરાકની તંગીનું. મોટા ભાગના કૂતરાને એ કારણે ગોળીએ દઈ દીધા હતા. એ સપ્તાહથી કોઈ શિકાર હાથ આવતો નહોતો. પેલાં પેંગ્વીનનું માંસ ખૂટી જવા આવ્યું હતું ને માર્ચની સોળમી તારીખે એમની પામેનો લોટનો જથ્થોય ખલાસ થઈ ગયો!

આમ ભૂખમરાના ખપ્પરમાં હોમાવાની એમને દહેશત લાગતી હતી ત્યાં માર્ચની ત્રેવીસ તારીખે સવારે શેકલટને દૂર ક્ષિતિજમાં એક કાળો પદાર્થ જોયો અને એ બૂમ પાડી ઊઠયો, 'જમીન જમીન!'

એના અવાજે કેટલાક ઊઠીને દોડયા પણ કેટલાક તો એવા હરી ગયા હતા ને એવા હતાશ બની ગયા હતા કે એ તો ઊંઘકોથળામાંથી બહાર ડોકાયા જ નહીં.

શેકલટનની બૂમ કોઈ નજર-ભ્રમણામાંથી જન્મી નહોતી કે નહોતું એ મૃગજળ દૃશ્ય. પામર દ્વીપકલ્પ પાસેનો એ એક ટાપુ હતો ને ગણત્રી કરતા પશ્ચિમ દિશામાં બેંતાલીસ માઈલની દૂરી પર હતો.

મંડળીના છબિકારે તે દિવસે નોંધપોથીમાં ટપકાવ્યું કે 'બરફ માગ દે તો એક દિવસમાં જમીન પર પગ પડે.'

[વધુ આવતે અંકે]

★

પીતાંબર પટેલ

ગ્રામસફાઈમાં વૈજ્ઞાનિક દષ્ટિ

ગામડાઓમાં શહેરી સુધારા ન પેસવા જોઈએ એવું ઘણા માને છે. વિજ્ઞાને આજે માનવજીવનને ઉપયોગી એવી મહાન પ્રગતિ સાધી છે. એ પ્રગતિથી ગામડાને વંચિત રાખી શકાય ? અહીં એક ગામડાની કાયાપલટની છે

આ દી પાછી ગામમાં પનરો આવ્યો છે ખરો ?—એક શહેરી મિત્રે વાતવાતમાં સવાલ કર્યો

'હા, ગામડાઓ પલટાઈ રહ્યા છે '

'શહેરી સંસ્કૃતિની અસર થઈ છે ખરી ?'

'અસર તો થવાની જ જે રીતે આપણાં શહેરો પર પશ્ચિમની અસર થઈ રહી છે તે રીતે ગામડાં પર પણ શહેરોની અસર થઈ રહી છે

'તમને નથી લાગતું કે એથી ગામડાની નૈસર્ગિકતા ભૂંસાઈ જશે ? તમે લોકો ગામડાની નવરચનાની બૂમો પાડો છો ત્યારે મને એ ભય રહ્યા કરે છે કે તમે લોકો ગામડાની અસલિયત ભૂંસી નાખશો '

'તમારું કહેવું એમ છે કે ગામડાં જેવાં છે એવાં જ રહેવા દેવાં !'

'ગ્રામસુધારણા થય એ ઠીક છે પણ મને લાગે છે કે ગામડું ગામડું તો રહેવું જ જોઈએ '

'એટલે કેવું રહેવું જોઈએ ?'

'તેની સાદાઈ, તેની સાદી રહેણી કરણી તેના પર પરાની પદ્ધતિએ બંધાતા ઘર તેનો પહેરવેશ આ બધું જો બદલાઈ જશે તો પછી ગામડું ગામડું નહિ રહે

'એટલે તમારે ગામડાંને એક પ્રદર્શનની ચીજ બનાવી રાખવી છે ખરી ! તમારે એમ કહેવું છે કે અહીં આવો ને જુઓ આ અમારું ગામડું દેશમાં યંત્રો આવ્યાં છે વીજળી આવી છે શિક્ષણ આવ્યું છે તોયે અમારાં ઘર એવાં ને એવાં ઝૂંપડાં જેવાં છે, છોકરાં એવાં ને એવાં નાગાં-પૂગાં રહે છે, સ્ત્રીઓ એ જ રીતે ઘૂમટો તાણીને ફરે છે અને ચૂલો ફૂંક્યા કરે છે ખેડૂત એની એ જ પદ્ધતિએ ખેતી કરે છે અને કાળી મજૂરી કરતો પગ ઘસ્યા કરે છે '

'ના ના હું એમ નથી કહેતો કે ગામડાં ગરીબ રહે મારું તો એ જ કહેવું છે કે ગામડાની અસલિયત જળવાઈ રહે '

'અસલિયત જળવાઈ રહે એટલે શું જળવાઈ રહે ?' મારાથી ન રહેવાયું ને આવેશમાં આવી અધવચ્ચે કૂદી પડ્યો 'એની ગંદકી જળવાઈ રહે એનાં અંધારિયાં ઝૂંપડાં જળવાઈ રહે એની અજ્ઞાનતા અને જડતા જળવાઈ રહે તમારે શું જાળવી રાખવું છે ?' તેમની સામે જોઈ મીઠો સવાલ કર્યો

'તમારે સુખ સગવડો જોઈએ છે શહેરમાં ડામરની સડકો જોઈએ વીજળીના દીવા જોઈએ સ્વચ્છતા જોઈએ સુંદર ઘર જોઈએ રેડિયો પંખો અને બીજી સુ-સગવડો જોઈએ તમારે પગાર-વધારો જોઈએ, મોંઘવારી જોઈએ સારાં કપડાં જોઈએ હરવા-ફરવાનું જોઈએ બધું જ તમારે જોઈએ ગામડાંને તો બસ એની એ જૂની પદ્ધતિએ જ કંગાલિયતમાં, અજ્ઞાનતામાં અને અંધકારમાં જ સબડવાનું આ તે કંઈ ચાલી શકે ?'

'હું એમ કહેતો નથી '

તમે એમ સ્પષ્ટ કહેતા નથી પણ તમે કહો છો તેનો અર્થ આ જ થાય કૃપા કરી ગામડાંને પ્રદર્શનની ચીજ ન સમજો. ત્યાં પણ આપણા જેવા જ માણસો વસે છે જો આપણને અમુક વસ્તુ વગર ચાલતું નથી કે અમુક સુખ સગવડો જોઈએ છે તો ગ્રામવાસીઓને કેમ ન જોઈએ ? ખોટું ન લગાડશો, પણ આજ સુધી ગામડાંના ભોગે શહેરો સમૃદ્ધ થયાં છે ગામડાંના વિકાસ પાછળ અંગ્રેજી શાસન વખતે તો જરાયે લક્ષ અપાયું નથી ને દેશની એંસી ટકા વસ્તી ગરીબાઈમાં અજ્ઞાનતામાં અને અંધકારમાં સબડતી હોય ત્યારે તમે કઈ રીતે કહી શકો કે આપણો દેશ પ્રગતિ કરી રહ્યો છે ! એના માટે જ ગામડાંની નવરચના

કરવાની જરૂર છે એ કાર્ય પર ખાસ ભાર મૂકવાની જરૂર છે.'

તે પછી તો એ મિત્રે બીજી દલીલ ન કરી. અમારી ચર્ચા પણ ત્યાં જ અટકી. પણ આવો ખ્યાલ એક માત્ર એ મિત્રનો છે એમ નથી. બીજા પણ ઘણા બધા ગામડાં વિશે ભારે અજ્ઞાન સેવે છે. ગામડાં ગરીબ છે, ગામડાં પછાત છે. ગામડાં વહેમી અને જડ છે એમ કહે તે સામે આપણે ભાગ્યે જ વાંધો લઈ શકીએ. પણ ગામડાંને એના એ સ્વરૂપમાં સાચવી પ્રદર્શન તરીકે દેખાડવાની ચીજ જે ગણે છે ત્યારે તો બોલ્યા સિવાય નથી રહેવાતું.

અને આ વિજ્ઞાનયુગમાં ગામડાંની કાયાપલટ કર્યા સિવાય ચાલે જ કેમ? હવે તો ગામડાંમાં પણ વીજળી પહોંચી રહી છે. વિકાસ યોજનાઓ દ્વારા ગ્રામવિકાસનાં કામ પણ થઈ રહ્યાં છે તેમ એક સામૂહિક જાગૃતિનું મોજુ પણ આવી રહ્યું છે. આ બધી સાનુકૂળતાનો લાભ લઈ ગામડાંની નવરચનાનું કાર્ય જોરશોરથી હાથ ધરવું જોઈએ.

ખુદ ગામડાંમાં રહેનારને પણ ભાગ્યે જ ખ્યાલ આવશે કે ગામડાંને ગોકુળિયું ગામ બનાવવા શું કરવું જોઈએ? ગામડાંમાં ગંદકી છે, તેના રસ્તા ગંદા છે, તેની કેડ ગંદી છે. ઘરમાં ધોળા દા'ડે પણ અંધકાર રહે છે. ઘરમાં નાવણિયું નથી. ગામમાં જાજરૂ નથી. છોકરા ગમે ત્યાં વાસમાં હાજતે બેસે છે અને લોકો ગમે ત્યાં પેશાબ કરવા બેસે છે. ઘરનું પાણી રસ્તા પર ઢોળાય છે અને કાદવ થઈ સડે છે તે મચ્છર થાય છે. કૂવાકાંઠે તો કીચડ બારે માસ રહે છે. એથી કૂવાનું પાણી પણ બગડે છે. રસોડાનો ચૂલો એવો તો ધુમાડો ફેલાવે છે તે આખા ઘરને કાળું કરી દે છે અને રસોઈ કરનારની તો ધુમાડાથી આંખો બળી જાય છે. પાણીયારીનાં ઠેકાણાં નથી. ઘરનો કચરો ગમે ત્યાં નંખાય છે. ખાતરનો દુરુપયોગ થાય છે. કાં તો ખાતર બાળી નાખે છે કે ગમે ત્યાં વેડફાઈ જાય છે. આ બધી વસ્તુઓ સુધારણા માગે છે. તેને વૈજ્ઞાનિક દૃષ્ટિનો લાભ મળવો જોઈએ. ગામડાંની જનતાને તો પહેલાં સ્વચ્છતાનો સાચો ખ્યાલ આપી, એ ગંદકી કેમ દૂર કરવી તેનું માર્ગદર્શન કરાવવાની જરૂર છે. તે માટેની નવી રીતો પણ વિચારવી જરૂરી છે.

આ કાર્ય શ્રી કૃષ્ણદાસ શાહે ઉપાડી લીધું છે. તેમણે ગ્રામસફાઈનું નવું શાસ્ત્ર રચ્યું છે. ગામડાંમાં લભ્ય હોય એવી સાધન સામગ્રીથી, તદ્દન ઓછા ખર્ચે સફાઈ થાય અને જરૂરી સવલતો ઊભી કરી શકાય એવું વૈજ્ઞાનિક પદ્ધતિએ તેમણે સંશોધન કર્યું છે. તેઓ હમણાં મુંબઈ સરકારના ગ્રામારોગ્ય અને ગ્રામસફાઈના માનદ્ સલાહકાર તરીકે કામ કરે છે. તે માટેની તેમણે એક પુસ્તિકા પણ લખી છે. તેમની આ નવી પદ્ધતિ જોવા, વૈજ્ઞાનિક ઢબે થતી ગ્રામસફાઈનું નિરીક્ષણ કરવા અને એવી સફળતા મળે તો ગામડાંને કેવો ફાયદો થાય તે નજરોનજર જોવા ઊંટવા (તા. કડી) ગામે ગયો હતો. ઊંટવામાં ભારત સેવક સમાજે તેના કાર્યકરો માટે અને યુવકો માટે ગ્રામસફાઈનો દસ દિવસ માટેનો શિબિર યોજ્યો હતો.

જેઓ ગામડાંમાં જઈ લોકસેવાનું પ્રત્યક્ષ કાર્ય કરે છે તેમને માટેનો આ શિબિર હતો. આ શિબિરની કામગીરી જોઈને તો થયું કે આવો શિબિર તો દરેક વિકાસ ઘટક અધિકારી માટે, ગ્રામસેવકો માટે, પંચાયત મંત્રીઓ માટે ફરજિયાત બનાવવો જોઈએ. ગામડાંની કાયાપલટ કરવી હશે તો આ માર્ગે ગયા સિવાય ચાલવાનું નથી. આ રીતે ગ્રામસુધારણા કર્યા સિવાય સાચો ગ્રામવિકાસ પણ થઈ શકે તેમ નથી.

ગામડાંમાં મોટે ભાગે તો લોકો બહાર આંગણામાં નાહી લે છે. સ્ત્રીઓ આંગણામાં ક્યાં બેસે! એટલે રાતના કે ખાટલો આડે મૂકી ઊભા પગે નાહ્યા કરી શરીર પર ચાર પાંચ લોટા ઢોળી દે છે. સ્નાનગૃહ કે નાવણિયું હોય તો તે બંધ કરી, નિરાંતે સૌ નાહી શકે. આ જરૂરિયાત છે એનો ખ્યાલ ગ્રામજનતાને આપવાની જરૂર છે. આ શિબિર સ્નાનગૃહ તૈયાર કરે છે તે સાથે પાણીના નિકાલ માટે શોષખાડા પણ બનાવે છે.

ગોત્રખાડા પાછળ ખાસ ખર્ચ થતું નથી એમાં બધું પાણી સમાઈ જાય છે પાંચ છ વર્ષે ખાડો ભરાઈ જાય તો તે ખાની કરી ફરીથી પાકો તૈયાર કરી શકાય

હું ઊંટવા ગામમાં ફરવા નીકળ્યો કેટલાંયે ઘરોમાં આવા શોષખાડા તૈયાર થયેલા હતા કેટલાક શિબિરાર્થીઓ એવા ખાડા તૈયાર કરતા હતા શિબિરાર્થીઓને તો તાલીમ મળે એ માટે દૃષ્ટાંત માટે પણ આવા ખાડા તૈયાર કરવા જ પડે કરે એમાં કંઈ ખોટું પણ નથી પણ ઘણા માણસોએ પણ હાથ દેવો જોઈએ કે નહિ? મહેનત મળશે તો એ ઘરધણીને મળશે ને? પણ ગામડાના લોકોનું વર્તન ઘણીવાર ખૂબ વિચિત્ર માલૂમ પડે છે તમારે ખાડો કરવો હોય તો કરો અમારે તો ચાલે છે તેમ ચાલ્યે જશે અને આ ગ્રામ સેવકો કામ કરે ને એ જોયા કરે ગામજનોનું આ માનસ જે ન જાણતા હોય એ તો તેમની આવી ઉદાસીનતા જોઈ ભાગી જ જાય પણ એક બે દિવસ પછી એ લોકો હાથ દેવા આવે છે સામે પગને પૂછતા આવે 'મેં ખાડો કર્યો છે જરા આવી જોઈ જાઓ તો '

અહીં પણ એમ જ બન્યું ઘઉં લેવાતા હતા એથી ખેડૂતો કામમાં હતા એ કારણે સાથ મળતો નહોતો પણ હવે તો સામે પગને માગણી કરતા આવે છે તેમને સમજાયું છે કે આ કામ કરવા જેવું છે

આવા શોષખાડા શૌચનાળીઓનો ઉપયોગ ગામડાએ સ્વીકારવો જોઈએ વિકાસ ઘટક તરીકે આવેલા ગામમાં તો આ રીતનું કામ થવું જ જોઈએ એવો આગ્રહ સેવાવો જોઈએ

ગામની શાળામાં, વાસમાં નિર્ગંધ મુતરડીઓ બનાવવી જોઈએ એ બનાવવાની રીત પણ સહેલી છે એથી લોકો જ્યાં ત્યાં પેશાબ માટે ન બેસતા મુતરડીનો ઉપયોગ કરવા પ્રેરાશે

તે સાથે ખાળ શૌચ ખાડા પણ તૈયાર કરવા જોઈએ મેલું નાખવાનો ખાડો કરવો જોઈએ તેના પર માટી નાખી દેવાય એટલે સડીને સુંદર ખાતર થાય છે ગામનો કચરો વાળીને કોમ્પોસ્ટ ઉકરડામાં નાખી શકાય એ કચરો સડીને ખાતર રૂપે તૈયાર થાય, મહારાષ્ટ્રમાં આ વાત જલદી અમની બને છે લોકો જાજરૂ શૌચવરો, મુતરડીઓ, શોષખાડાઓ પાકી ગમાણો, નાવણિયાં વગેરે તૈયાર કરી દે છે, ગામનો કચરો એક ઉકરડામાં નાખે છે એના ખાતરની હરાજી થાય છે એમાંથી પંચાયતને સારી રકમ મળે છે ગામે ગામ આ પદ્ધતિ અપનાવવા જેવી છે

પણ મને ઊડીને આંખે વળગ્યું તે કામ તો નિર્ધૂમ ચૂલાનું હતું આજે ગામની સ્ત્રીઓ અંધારા ખૂણામાં ગોઠવેલા ચૂલા પર રસોઈ કરે છે સાંઠીઓ અને લાકડાં બાળે એટલે ધુમાડો તો ભારે થાય એનો ત્રાસ તો જેણે વેઠ્યો હોય તેને ખબર પડે કોઈએ આ ધુમાડો દૂર કરવાનો ઉપાય ન શોધ્યો નિર્ધૂમ ચૂલાથી લાકડાં પણ ઓછાં બળે છે ધુમાડો ભૂંગળા વાટે ઉપર ચાલ્યો જાય છે અમે ફરતા ફરતા હરિજનવાસમાં ગયા આખા ગામમાં ચોખ્ખામાં ચોખ્ખો વાસ તે હરિજન વાસ ચાની જેવું આગણું જોવા મળે પણ વાસમાં જતા નવું જ કામ જોયું ઘેરઘેર આંગણામાં માટી ખુદાતી હતી ચીકણી માટીમાં ગધેડાની લાદ અને રાખ ખુદાતી હતી એ માટી ખુદીને તૈયાર કરવાની તેની એટલી બનાવે રાતના ટરીને કાઠી થાય પછી તેમાં માપસરના ચૂલાની જગ્યા કોરી લેવાની ધુમાડા માટેની પણ જગ્યા રાખવાની બને તો શિબિરાર્થીઓ માટી ખુદીને તૈયાર કરતા હતા અહીં હરિજનવાસમાં તો સૌ સાથ આપતા હતા એક બે ઘરમાં તો ચૂલા પણ તૈયાર થઈ ગયા હતા એટલે સૌને ચાનક લાગી હતી કે આ લોકો છે ત્યાં સુધીમાં ચૂલા તૈયાર કરી લેવા અમે એક ઘરમાં નિર્ધૂમ ચૂલો જોતા હતા મેં સહજ પૂછ્યું 'હવે તો, ઘરમાં ધુમાડો થતો નથી?'

'ના રે ભાઈ! સારું થયું આ ભાઈઓનું કે ધુમાડાથી બચાવ્યા આજ લગણ તો આંખો ચોળી ચોળીને મરી ગયા'

બહેનો માટે તો આ નિર્ધૂમ ચૂલો આશીર્વાદરૂપ છે એથી તો આખા વાસની સ્ત્રીઓ આવીને જોઈ ગઈ

અને ઊપરી માટી ઉપાડવા તગારામા શિબિર પૂરી થશે ત્યા સુધીમા તો ઘણા બધા ઘરોમા આ નવા ચૂના ચાલુ થશે

આમા ખર્ચનો સવાલ નથી સવાલ છે દૃષ્ટિનો આ વૈજ્ઞાનિક દૃષ્ટિનો લાભ દરેક ગામડા સુધી પહોચવો જોઈએ એ રીતે પાણી ગમાણ જોઈ ઢોરનુ મૂતર એક જગ્યાએ ભરાય છાણ તુરત ખેચી લેવાય ને નિરાતે ખાણ કે ચાર ખાઈ શકે એવી પાકી સીમેન્ટની ગમાણો હવે ગામડામા વધતી જવી જોઈએ તો જ ઘર પણ સ્વચ્છ રહે, ઘરમા પણ માખીઓ અને મચ્છર ઓછા થાય

ઘણા ઘરોમા દિવસે પણ ન દેખાય એવા હાલ હોય છે ઘરમા બારી જ ન મળે એક વણકરના ઘેર ગયા ઘરના પાછલા ભાગમા શાળ હતી ચોમાસામા નળિયા ધોવાય અને જોઈ જ ન શકાય સાજના પણ વહેલુ કામ આટોપી દેવુ પડે એને ખાણ સૂઝ આપે કે નળિયા આઘા કરી વચ્ચે કાચ નાખ્યો હોય તો પ્રકાશ આવે આ શિબિરવાળા ભાઈઓએ કેટલાક ઘરોમા કાચ નાખીને અજવાળિયા કરી આપ્યા હતા કે એકવાર એ ટેવાશે, તેનો લાભ સમજાશે એટલે પ્લાસ્ટીકનો કકડો લાવીને નાખશે કદી તૂટે નહી ને ચોમાસામા પણ વાંધો ન આવે આવા કામ દેખાવમા ક્ષુલ્લક લાગે છે, પણ એ વણકર ભાઈના ઉદ્ગાર સાભળીએ ત્યારે ખબર પડે કે તેને કેવી સવલત મળી છે એ કહે 'સાચુ કહુ છુ, આજ સુધી અંધારામા ગોઠાઈ મર્યા ના દેખાય એટલે હાથ જોડીને બેસી રહુ ચોમાસામા તો કશુ જ કામ થતુ નહોતુ હવે તો બારે ને બારે માસ વણાટ કરી શકીશ'

આ નાની વાત નથી એની આમદાની વધશે એની આખનુ નૂર સચવાઈ રહેશે ઘરના માણસો પ્રકાશમા રહેતા થશે ઘણા ઘરોના રસોડામા ઘોર અંધકાર હોય ત્યા પણ આવા અજવાળિયા મૂકવા જોઈએ

વૈજ્ઞાનિક પદ્ધતિએ ગ્રામસફાઈ થાય એની વાત હજુ ઘણા બધા કાર્યકરો સુધી પણ પહોચી નથી ઇચ્છીએ કે ભારત સેવક સમાજ દ્વારા યોજાની શિબિરોમા વિદ્યાર્થીઓને ગ્રામસફાઈના આ નવા દૃષ્ટિકોણનો ખ્યાલ આપવામા આવે

બીજુ ગામડાની શાળાઓમા તો ને તેમાય છાત્રાલયોમા તો વિદ્યાર્થીઓ પાસે નિર્ગંધ મુતરડીઓ ગોબરખાડાઓ તૈયાર કરાવવા જોઈએ તેનો જ વપરાશ વધારવો જોઈએ તેમ તેમને આ બનાવવાનુ પ્રત્યક્ષ જ્ઞાન આપવુ જોઈએ તો તેઓ પોતાના વતનમા જઈ આ સગવડો ઊભી કરી શકે ગામડાની નવરચના કરવી હશે તો આવા કાર્યો કર્યા સિવાય ચાલશે જ નહિ

★

રેડિયમના શોધક માદામ ક્યુરીને કોઈને પણ પોતાના હસ્તાક્ષરો આપવાની વાત એકદમ રૂચતી નહિ એના આખરી દિવસોમા એ પોતે કોઈને પણ હસ્તાક્ષરો આપવાની સાફ ના પાડતી એક હસ્તાક્ષર-સગ્રાહક આ વાત જાણતો હતો એટલે એક યુક્તિ અજમાવી એણે માદામ ક્યુરીને ૨૫ ડોલરનો પોતાનો અંગત ચેક મોકલાવ્યો અને વિનતી કરી કે આ નાણા પોતાને ઠીક લાગે એ સખાવતમા આપી શકે છે અલબત્ત આમ કરતા એણે એવી આશા રાખેલી કે મદામ ક્યુરી કોઈપણ પ્રકારની શંકા લાવ્યા વગર ચેક એન્ડોર્સ કરશે અને એની સહી સહિત ચેક પોતાની પાસે પરત આવશે થોડા દિવસ બાદ આ માણસને માદામના અંગત મંત્રી તરફથી જવાબ મળ્યો 'તમારા ચેક માટે તમારો આભાર માનવાનુ માદામ ક્યુરીએ મને જણાવ્યુ છે તેઓ એ ચેક વટાવવા માગતા નથી કારણકે માદામ ક્યુરી પોતે હસ્તાક્ષર સંગ્રાહક હોઈ તેઓ પોતાના સંગ્રહમા તમારી સહીનો ઉમેરો કરવા ઇચ્છે છે.

હરીશ વ્યાસ

આ જીવતું નાટક જોતા જાવ

વિશ્વકૃષિમેળો જોવાની દિનમા આ ઇચ્છા જાગી હતી મનમા થયુ ચાલને ભલા, જરા દિલ્હીનાથે તાન જોતા આવીએ હમણા છેલ્લા બેચાર માસથી દુનિયાના અનેક મહાનુભાવો પ્રકાશની ગતિએ આવે છે ને અવાજની ગતિએ જાય છે જોઈએ તો ખરા શી રગત જામી છે !

હરખભેર ઊતરીને અમારા મિત્રે સ્ટેશન પાસેથી ઘોડાગાડી કરી સામાન મૂક્યા પછી ટાગાવાળો કહે, 'એક રૂપિયો નહિ ચાલે દોઢ લઈશ ' 'કેમ અલ્યા, ઘડીકમા જ ફરી ગયો ? ' અમારા મિત્રે આશ્ચર્યથી પૂછ્યુ ટાગાવાળો પણ સિગારેટનો દમ ફૂકતા કહે ' સાહેબ અહીં તો ઘડી ઘડીના રગ છે ! જુઓ ને પેલો એ રૂપિયા ભાવ કરીને જાય છે પછી હુ તમને એક રૂપિયામા શી રીતે લઈ જાઉ ? '

ટાગાના અર્થશાસ્ત્ર વિશે અમારા વકીલ મિત્ર ચિન્તનમા પડ્યા ' છેવટ ખેચાખેચી ન કરતા એની ઇચ્છાને માની લીધી અને પેલાએ પણ તથાસ્તુ ' કહીને ઘોડાગાડીને ધમધમાવી મૂકી રસ્તામા વકીલ સાહેબને યાદ દેવડાવી કે Mass psychology—સમૂહ માનસ શાસ્ત્રનુ તમે વાચ્યુ હશે પણ હવે તો જમાનો આવે છે Mass economics અને Mass politcisનો ! એ તો આ બધુ સાભળીને સડક જ થઈ ગયા !

બપોરે ફરવા નીકળ્યા તો શુ જોયુ ? વેપારી એવી ઝડપથી ચીજો બતાવતો હતો કે પેલો ઘરાક તો મૂઢવત્ બની ગયો હતો વેપારીની ઇસ્તેહારબાજીથી સડક થઈને પેલો તો ઊભો હતો અને વેપારીએ કહ્યુ ' લ્યો આ સાડી ઉત્તમ છે લઈ જાઓ ' પેલો બિચારો બોલ્યા ચાલ્યા વગર ચુપચાપ પૈસા ચૂકવીને રવાના થઈ ગયો

રસ્તામા આગળ ચાલતા પેલી સ્ત્રી કહે, ' ચાલો ને ભારતના પાટનગર દિલ્હીમા ભારતના સાચા લોકમાનસનુ પ્રતિબિબ પાડતો આ લેખ ખુલ્લી આખ રાખીને ફરનારે લખેલો છે એમ તો આપણે બધા ઉઘાડી આખે ફરીએ જ છીએ ને ? પણ છબી પાડતા બધાને ક્યા આવડે છે !

આ કાપડની દુકાન જરા જોતા આવીએ !' મોઢુ કટાણુ કરીને પેલો કહે ' ના ભાઈ ના, મારે તો નથી આવવુ માળા, ફટ દઈને ચીજો વળગાડી દે છે ! અને આપણાથી કોણ જાણે નાપે પાડી શકાતી નથી !'

વ્યાપારમા આ નવુ મેસમેરિઝમ જોઈને અમે આગળ વધ્યા વકીલસાહેબ કહે ' અત્યાર સુધી તો યોગીઓ પાસે આ વિદ્યા હતી, પણ હવે તો વ્યાપાર રોજગાર રાજકારણ અને સેવાના ક્ષેત્ર સુધી મેસ્મેરિઝમ આવી પહોચ્યુ છે ! વીસમી સદીની આ ભારે સિદ્ધિ કહેવાય ! '

ત્રીજુ દૃશ્ય જોયુ કૃષિમેળામા રસના પ્રવેશદ્વાર પાસે લોકોની ખૂબ ભીડ જામી હતી. લાબી હારમા ક્યારે વારો આવશે એ સવાલ સામે હતો વકીલની ચતુર બુદ્ધિએ ઉકેલ કાઢ્યો ચાલો ને લાઇનમા ઘૂસી જઈએ આમ છે ને ઊભા રહો ક્યારે વારો આવશે ! '

હુ એમની ચતુર મુખાકૃતિને ઘડીક ટીકી રહ્યો ' આપ પુને આ ના શોભે વકીલસાહેબ ! ગાધી અને અહિસાનુ નામ છોડીને વિચાર કરવો હોય તો કરો ! ખાદી પહેરીને આ બધુ ના શોભે !' અને એ તો બોલ્યા ચાલ્યા વગર મૌન થઈ ગયા અને મિ નીપગે ધીરેથી લાઇનમા જઈને છે ને ઊભા રહ્યા

સારા ભણેલા ગણેલા એવા આગળ લોકો ઘૂસખોરી કરતા હતા અને દેહાતી લોકો આ બધુ જોતા હતા એમને થતુ હશે કે આ બધુ જોતા ક્યા સુધી ઊભા રહેવુ ! એમને મહાજનો યેન ગત સ પન્થા મહાજનોને પગલે ગ્રામજનો ચાલ્યા

ફરી મડપમા ત્યાની ખેતી વિશે એક સુન્દર પુસ્તક મફત મળતુ હતુ એ લેવા માટે બેબારોની ટોળીઓ લાઇનમા ઘૂસી જઈને તફડાવવા પ્રયત્ન કરતી હતી એવા સિફતથી ઘૂસી જતા હતા કે વાત ન પૂછો !

આપણા રૂસી બિરાદરો આ બધુ જોતા બેઠા હતા, એક બિરાદર કેમેરા લઈને આ તડફડી કરનારા બેકારોના ફોટા પાડી લેતો હતો અને આપણા લોકો પોતાનો ફોટો પડાવવા વાંકા વળીને મો ઊંચુ કરતા જોતા હતા પેલો તો હિન્દુસ્તાનની ઈજ્જત, બેકારી, ઠગબાજી અને ઘૂસણખોરીને ફિલ્મમા અંકિત કરી રહ્યો હતો રૂસમા જઈને એ લોકોને કહેવાનો–'દેખો યહ ગાધીજી ઔર નેહરુકા ભારત !'

રૂસી મંડપમાથી બહાર નીકળતા ઓટોમેટિક છાપણી કરતુ એક ટ્રેમ્પર જોયુ બે છોકરાઓ પત્રિકાની થપ્પી મારીને સૌને આપતા હતા અને બેકારોનુ ધાડુ તૂટી પડ્યુ ભણેલા અભણ સૌ એમા ભળી ગયા લૂટો ભાઈ લૂટો ! અને પેલી રશિયન છોકરીએ કેમેરાની ચાપ દબાવી પટ્ પટ્ ! મારા દિલમા એ જોઈને ક્રોધ પ્રગટ્યો એને તો પત્રિકાઓ કરતાયે આ દૃશ્યની વધારે કિંમત હતી લોકોને થોડુ સમજાવી જોયુ પણ કોણ સાંભળે ? તોયે બેચાર જણા પાછા હટ્યા

હવે ચોથુ દૃશ્ય. વિયેટનામના મંડપ આગળ ભીડ નહોતી બે ગોરા જુવાનો કશુક બતાવતા હતા અને આમતેમ ઈશારા કરતા હતા ખૂણામા ઊભો રહીને હુ એ બધુ જોવા લાગ્યો

તૂટ્યા ફાટ્યા કપડાવાળી વીસપચીસ સ્ત્રીઓની એક ટોળી બેઠી હતી રશી મંડપમાથી જુવાન છોકરા–છોકરીઓ અને વૃદ્ધો વારાફરતી આવી આવીને પત્રિકાઓ જાહેરખબરો, પુસ્તકો વગેરે લાવીને પેલી સ્ત્રીઓને આપી જતા હતા બહાર વેચી દઈને એમાથી સાંજે પાંચસાત રૂપિયા મેળવતા હશે એવુ સાંભળવા મળ્યુ એ ટોળામા જઈને જોયુ તો ઘાઘરા નીચે બધુ દાબીને એક સ્ત્રી બેઠી હતી મે જરા નમસ્કાર કરીને વાતચીત શરૂ કરી 'આ બધુ આપણને શોભે કે ? જુઓ પેલા પરદેશીઓ આપણી બેઈજ્જતીની નિન્દા કરે છે ! ફિલ્મો પાડે છે !'

'આવુ ન કરીએ તો શુ કરવુ ? આજે તો દિલ્હી શહેરમા હજારો બેકારોની ભીડ થઈ ગઈ છે તે કામેય નથી મળતુ આવુ કરવાનુ કોને ગમે ? પણ બીજુ કરીએય શુ ?' આમ કહીને દયામણુ મો કરીને એ મારી સામે જોઈ રહી

'સ્ટેશન ઉપર તો ખૂબ કામ મળે છે, ત્યા જાવ તો !'

'અરે સ્ટેશન પર પણ એની એ જ મોકાણ છે ! માડ માડ આઠ દસ આના સાંજે મળે એનાથી શુ થાય ? છોકરાને શુ ખવડાવવુ ?'

એનો સવાલ મૂંઝવણભર્યો લાગ્યો તોય મે કહ્યુ 'હા, પૂરુ તો ન જ થાય પણ દુનિયામા આપણી ઈજ્જત ગાંધી મહાત્માએ કેટલી વધારી છે ? એ બધુ ધૂળધાણી થશે એનુ શુ ? પછી આપણી આબરૂ શી રહેશે ?'

મારી વાત સાંભળીને પેલી સ્ત્રી સાપની જેમ ફુફાડો મારીને ટટ્ટાર થઈ ગઈ

'હવે મારે મોએથી સાંભળવુ છે ને ? મહાત્મા ગાંધીએ અમારા માટે શુ કર્યુ ? કોઈને અમલદાર બનાવ્યા, પ્રધાન બનાવ્યા અમીર બનાવ્યા પણ અમારા જેવા ગરીબો માટે શુ કર્યુ ?'

તરત મે જવાબ દીધો કેમ, બાપુએ તો ચરખો આપ્યો છે કાંતો તો સાત આઠ આના જરૂર મળે !'

હાથ હલાવતા કહે 'તમારો એ ચરખો અમારે કશા ખપનો નથી અમારે પેટપૂરતુ નથી જોઈતુ પણ કુટુંબપૂરતુ જોઈએ છે ! ચરખામાથી એ થઈ શકે એમ નથી અમારે કોઈ આબરૂ નથી કે ઈજ્જત નથી અમે તો જે કોઈ કામ આપશે તેની પાછળ જઈશુ ! અમારે ગાંધી કે નેહરુની કશી પડી નથી !'

આ સ્ત્રીની છડેચોક વાતો સાંભળીને પેલા ગરીબ ગુરબા ભેગા થઈ ગયા હાથ ઊંચા નીચા કરતી એ કહેતી હતી, 'અમને કામ જોઈએ છે કામ કુટુંબને થઈ રહે એટલુ આપો તો કોને આ છોડી દઈએ ! કોઈને ચોરી કરવી ગમતી હશે ?'

આ એના ક્રોધમા એ વાઘણની જેમ બબડાટ કરતી

હસી અને પેલુ ટોળુ પણ ખડખડ હસતુ મારા તરફ જોવા લાગ્યુ હુ આ ભૂતાવળમાથી છટક્યો ને રિક્ષાને ચકરાવે ચડી ગયો રેડિયાથી અખબાર સુધી આવ્યા પણ એટલાથી ચાલશે કેમ ? વીજળી તેલ અને ગેસનો ઉપયોગ કરીને ગામની માલિકીના ઉદ્યોગો ને યંત્રો કરી દેવા પડશે ગામે ગામ સહકારી મડળી દ્વારા બેકારોની જવાબદારી લોકોએ લેવી પડશે નહી તો આ ભૂતાવળ અહિંસાનેય ભરખી જશે, ગાંધી–નેહરુ–વિનોબાનેય હડપ કરી જશે મનમા થતુ હતુ ખાદી કમીશન બોર્ડ, બેકારી નિવારણ બોર્ડ બની જાય તો સારુ !

પાછળ પેલી ભૂખી ભૂતાવળનુ હાસ્ય કાનના પડદાને હલાવી નાખતુ હતુ ! જાણે અહિંસાનો પડકાર ન થતો હોય !

આ પાચમુ દૃશ્ય પણ જોતા જાવ સાવ ખૂણા પર પેલો જુવાન ગોરો બેઠો હતો એની સામે પેલી બે નમણી છોકરીઓ અપ્સરાની જેમ ચેનચાળા કરતી ગોરાને ભરમાવતી હતી હસતા હસતા ગોરાએ પેલી છોકરીઓની છાતીને વીંધતા હોય તેમ શરસધાન કરીને બેઆની જોરથી ફેકી તડ તડ આખના કામણ દુમણ કરતી બન્નેય પૈસા લઈને દોડી ગઈ અને પેલો ગોરો હસતો હસતો ચાલ્યો ગયો

દિલના તારને સહન કરતો આગળ વધ્યો

ગાંધી આશ્રમમા જોયુ તો છઠ્ઠુ ચિત્ર ખડુ થયુ ગદકી અને કચરાનો તો પાર નહી અતિથિગૃહમાયે નરી ગદકી બેપાચ મિત્રો બેઠા બેઠા ગપાગ મારતા પાના રમતા હતા ખાઈને કચરાનો સારો એવો ઢગલો કર્યો હતો તૂટેલા ખાટલા પર સામાન નાખ્યો તો પેલા કહે 'ખટમલ બહોત હૈ સા'બ આપકા સામાન નીચે રખિયે દિલ્હી તો ગદકી ઔર ખટમલ કે લિયે ખૂબ પ્રસિદ્ધ હૈ' અને બધા 'બહોત કિયા' કહેતા ખડખડાટ હસ્યા

મે સ્વચ્છતાનુ કામ શરૂ કર્યું એટલે પેલા કહે 'હો જાયગા સા'બ ! આપ રહેને દીજિયે ' મે કહ્યુ 'કૌન કરેગા ! દેખો યહ ધૂળ કિતને દિવસોસે પર પડી હૈ ગદકીકા ઢેર લગ ગયા હૈ કોઈ દેખનેવાલા હૈ યા નહી ?'

પેલા કહે, 'હા જી, દેખનેવાલા તો હૈ, મગર બડા આળસી નવજવાન હૈ ' આ સાભળીને સાભળનાર પ્રમાણે પેલાઓના મન પર સારી છાપ પડી ને પૂછવા લાગ્યા–'કૌન હૈ વહ ? કહાંકા હૈ ?'

આશ્રમના એક ભાઈ રાત્રે મળવા આવ્યા વાત કરતા કરતા મે વાચન વિશે પૂછ્યુ તો એ કહે, 'માયા, ચિત્રપટ વગેરે વાચીએ છીએ કોકવાર ડિટેક્ટિવ નવલકથા વાચીએ ' 'પણ તમારે ત્યા તો ગાંધી વિનોબાનુ સરસ સાહિત્ય છે ' પેલા મિત્ર કહે 'ખરુ પૂછો તો એવુ વાચતા મને કટાળો આવે છે!'

'ત્યારે એ સાહિત્ય રાખો છો કોને માટે ?' મે સામો સવાલ કર્યો અને સરળતાથી એમણે જવાબ આપ્યો 'કેમ, જનતા માટે એ બધુ રાખ્યુ છે!'

મે જરા કડક થઈને કહી દીધુ, 'તમે છપા–માયા ને ડિટેક્ટિવ નવલકથા વાચો, પછી જનતા તમારુ ગાંધી વિનોબાનુ સાહિત્ય શુ કામ વાચે ?'

છેવટે મે વાત બદલી 'કાંતો છો ખરા કે ?'

'હા જી, મહિને ચાર આંટી ફરજિયાત આપવી પડે છે! એટલે શુ કરીએ ? કાતવુ જ પડે ને ?' એમણે સુણાવ્યુ

'આવુ કેટલા જણ કાતે છે ?'–'૩૦–૩૫ જણ હશે '

'ધારો કે કાલથી ફરજિયાત બધ થઈ જાય તો કેટલા જણ કાતે ?' જવાબ મળ્યો, 'ભાગ્યે જ બેચાર જણ કાતે '

'અહી ખાસ કરીને કાતનારા લોકો કોણ છે ?' મે વળી નવો સવાલ કર્યો '*નિર્વાસિત સ્ત્રીઓ અને ગરીબ* લોકો કાતે છે શુ કરે બિચારા, સાવ લાચાર દશામા છે!'

'ત્યારે આ ખાદી તો લાચારીની જ થઈ ને ?' મે એમને પૂછ્યુ 'હા જી, લાચારી તો લાચારી ' એમણે જવાબ દીધો

'વારુ, આ શહેરમા ઉજવતી જાગતી ફિલ્મ ચાલે છે, એ જુઓ છો ખરા કે ?' મે પુન સવાલ કર્યો

'એમાં શું જોવાનું છે? ગરીબી બેકારી અને ગંદકી ભારોભાર છે. એમાં અમને કાંઈ રસ નથી પડતો.'

મને મનમા સવાલ થયો—'શું આ ગાંધીનો આશ્રમ અને આ ગાંધીના સેવક!'
'જો રસ ન હોય તો, આ બધું શું કામ કરો છો?'
મેં સીધો સવાલ પૂછી દીધો.
પેલા ભાઈ કહે, 'વખાના માર્યા બધુયે કરવુ પડે'
'તો આ પણ એક ધધો જ છે ને?'
'હા જી, આને ધધો માની લ્યો તોયે ખોટુ નથી!'

આટલેથી જ અટકવું હિતાવહ માનું છું ગાંધીજીના ગયા પછી બાર વર્ષ આપણે ક્યા છીએ, શુ આપણી દૃષ્ટિ છે અને ક્યાં આપણે જવાનું છે એ જોવાનો સમય પાકી ગયો છે. મનમા કદીક થાય છે કે આ ઢોંગ વધુ ન ચાલે તો સારું। આપણી નિષ્ફળતા કરતાં આપણી નિષ્ફળતાની પ્રતિક્રિયા જનતાને તદ્દન નિશાળમાં ધકેલી દેવાની છે
નવેસરથી આજની પરિસ્થિતિને સમજી લેવાનો સમય આવી લાગ્યો છે વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહિષ્કાર કરીને અહિંસાએ એના પર સમૂહની જવાબદારી લઈને પનાણવા તૈયાર થવાનું છે. જૂના ખ્યાલો અને પૂર્વગ્રહોને છોડીને નવી પરિસ્થિતિને યથાતથ સમજીને એના પર સ્વાર થવાનું છે બેકારીનિવારણ, શોષણમુક્તિ અને વર્ગ—જાતિ—સંપ્રદાય નિરાકરણ માટે નવી દિશાઓ ખોળવાની છે

રવિશંકર મહારાજને એકવાર કહેતા સાંભળ્યા હતા કે મહાપુરુષનું તપ વાપર્યા કરીએ તો એનાથી કશો લાભ ન થાય પણ એમના તપમા નાનામોટા સૌનુ તપ ઉમેરાય તો દેશની તાકાત વધે આપણી સામે સામૂહિક સંકટ છે, તો સામૂહિક તપ અને સામૂહિક પુરુષાર્થ પણ કરવો પડશે તો જ સામૂહિક મુક્તિ શક્ય બનશે નાના—મોટા કે ઓછા—વધારેના, સંખ્યા કે આકારના મોહમા પડ્યા સિવાય રાષ્ટ્રનિર્માણ માટે, દેશની દાઝ વાળા તમામ લોકોએ શુદ્ધ બુદ્ધિથી અને નિસ્પૃહ દિલથી કામ કરવું પડશે અને અંતરની ઉત્કટતા હશે તો ઝંઝાવાતોને પાર કરવાની તાકાત પણ જરૂર સાંપડશે.

★

યૂકિલડે જ્યારે રેખા ગણિતની પહેલ વહેલી રચના કરી ત્યારે એણે ઘણા રાજનીતિજ્ઞોને રેખાઓ દોરવાના કામમાં લગાડી દીધેલા. ઘણાને આ વિષય પ્રત્યે આકર્ષિત થતા જોઈને એક રાજાને મનમાં વિચાર આવ્યો : 'ચાલો આપણે પણ જઈને જોઈએ, કાંઈક ફાયદો થશે' એણે યૂકિલડ પાસે એક અઠવાડિયા સુધી રેખા ગણિતનું જ્ઞાન લીધુ અને પછી અંતમાં એણે યૂકિલડને પૂછ્યુ : 'રેખા ગણિત શીખતા મને એક અઠવાડિયું થઈ ગયું પણ મારી સમજમા નથી આવતું કે આથી ફાયદો શો છે?' યૂકિલડે ગંભીરતાપૂર્વક પોતના એક શિષ્યને કહ્યુ : 'સાંભળ ભાઈ આને ચાર આના રોજના હિસાબથી સાત દિવસના પોણા બે રૂપિયા આપી દે.' આ પછી રાજાની તરફ જોઈ એણે કહ્યું : 'તમારું આ અઠવાડિયાનુ કામ પૂરું થઈ ગયુ છે હવેથી બીજે ક્યાંક કામ ગોધી લેજો'

*

અમેરિકાનો મહાન પ્રમુખ લિંકન સત્તાના સર્વોચ્ચ સ્થાને પહોંચ્યા પછી પણ પોતાનું કામ પોતાના હાથે કરી લેવામાં જરા પણ શરમ અનુભવતા નહિ. એકવાર માસાચૂસેટસનો ખૂબ દમામદાર મુત્સદ્દી સેનેટરી ચાર્લ્સ સમર વહેલી સવારમાં પ્રમુખ લિંકનને મળવા 'વ્હાઈટ હાઉસ' ખાતે આવી પહોંચ્યો. જ્યારે આ દમામદાર સેનેટરે પ્રમુખ લિંકનને લોચતળિયે બેસી પોતાના બૂટને પોલીશ કરતા જોયા ત્યારે એના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો
'અરે પ્રમુખ સાહેબ! તમારા બૂટ તમે કેમ પોલીશ કરો છો?' અચંબાભર્યા સ્વરે સેનેટર સમરે પૂછ્યુ.
આ મહાન પુરુષે બૂટને વધુ જોરથી ઘસતાં જવાબ વાળ્યો : 'મારે મારા નહિ તો બીજા કોના બૂટ સાફ કરવા જોઈએ એમ તમે માનો છો?'

છોટાલાલ માનસિંગ કામદાર

લાલા લજપતરાયનો જીવનપ્રસંગ

વિદેશી અમલ દરમિયાન આપણા દેશનેતાઓમાં જે ખમીર વરતાતું તેનો નાનો દાખલો પૂરો પાડતો આ એક મહત્ત્વનો પ્રસંગ છે જે પ્રેરક પણ નીવડશે જ ..

લાલા લજપતરાયે પોતાના દેશપારની જે કથા લખી છે તેમા તેઓ માંડલેના કિલ્લામા પોતાની કેદી સ્થિતિનો એક અનુભવ નીચે મુજબ વર્ણવે છે —

મારા માટે ખોરાક રાંધવા અને સામાન્ય નોકર તરીકે કામ કરવા માટે એક મદ્રાસી છોકરાને પચીસ રૂપિયાના માસિક પગારથી રાખવામા આવ્યો હતો એ ઉપરાંત એક ઝાડુ કાઢનાર અને એક ભિસ્તી પણ રાખવામા આવ્યો હતો તેઓ દિવસમા બે વખત પોતાની ફરજ બજાવવા આવતા હતા કપડા ધોવા માટે એક ધોબી રાખવામા આવ્યો હતો એક દિવસના આંતરે મારી દાઢી બોડવા માટે એક હજામને હુકમ કરવામાં આવ્યો હતો હજામ સિવાય સઘળાનો પગાર સરકાર તરફથી આપવામા આવતો હતો હજામનો પગાર અઢી મહિના મે આપ્યો હતો પહેલો મહિનો પૂરો થયા પછી હજામ પગાર લેવા મારી પાસે આવ્યો મે તેને કહ્યુ કે 'જેલનો સુપ્રીન્ટેન્ડન્ટ તને પગાર આપશે' તેણે જણાવ્યુ કે સુપ્રીન્ટેન્ડન્ટે કહ્યુ છે કે હજામનો પગાર મારી પાસે (લાલાજી પાસેથી)થી લેવો મે તેને કહ્યુ કે 'હુ સાહેબને પૂછી જોઈશ' ૯મી જુલાઈએ સાહેબે મને પૂછ્યુ કે 'હજામનો પગાર તમે હજુ કેમ નથી આપ્યો ?' મે જવાબ દીધો કે 'મે એમ ધાર્યું હતું કે હજામનો પગાર પણ સરકાર તરફથી અપાશે, કારણ કે ૧૮૧૮ના કાયદા મુજબ મારા દરજ્જા મુજબ મારુ પોષણ કરવાને સરકાર બંધાયેલ છે' મે આ જવાબ દીધો કે તરત બોલી ઊઠ્યો કે મને એવા કાયદાની ખબર નથી અને મારો શબ્દ એ જ મારો કાયદો છે ! વળી તેણે જણાવ્યુ કે 'હજામત કરાવવી એ તો એક મોજ (એ-luxury)ની ચીજ છે અને તમારે હજામત કરાવવી જ જોઈએ એમ કાંઈ છે નહિ' વળી આ દેશના રીતરિવાજો વિષે પોતાનુ જ્ઞાન કેટલુ છે તે વિષે મારા મન ઉપર અસર કરવા તેણે કહ્યુ કે 'એક મુસલમાન પોતાનુ માથુ અવારનવાર બોડાવવા માગે એ વાજબી છે, પણ એક હિંદુ થઈને તમારે શા માટે દાઢી બોડાવવી જોઈએ ?' તેણે મને કહ્યુ કે 'તમે તમારા દેશમા દાઢી રાખતા હતા, ખરુ કે ? તમે શુ ઘેર કોઈપણ દિવસે એક હજામ રાખ્યો હતો ?' આવા આવા સવાલનો હુ કંઈપણ જવાબ આપુ તે પહેલા તેણે પૂછ્યા હતા તે જે બોલે તે જ કાયદો છે એમ તેણે મને કહ્યુ તે માટે મે જરા પણ વાંધો ઉઠાવ્યો નહિ પણ એકાંતરા હુ ઘેર હજામત કરાવતો હતો એમ મે જે વિના કહી હતી તેની સચ્ચાઈ વિષે તે શક લઈ ગયો ત્યારે મને ઘણુ માઠુ લાગ્યુ મે તેને સમજાવ્યુ કે મને સરકારે કેદમા પૂર્યો છે તે તકનો લાભ લઈને સરકારના પૈસે હુ હજામત કરાવવા માગતો નથી મારા સવાલથી તેને વધુ ગુસ્સો ઉપજ્યો અને તેણે જણાવ્યુ કે 'જો તમે પગાર નહિ આપો તો હુ હજામને બંધ કરીશ' મે તેને કહ્યુ કે 'હુ હજામને મારા ખાનગી પૈસામાથી પગાર આપવા તૈયાર છુ પણ એ સવાલ પૂછવાનો મારો હેતુ તમારા મનની શુ ઇચ્છા છે તે જાણવાનો હતો' મે વળી ઉમેર્યું કે 'આ બાબતમા તમારે ગુસ્સે થવાનુ કંઈ કારણ નથી' પણ તેને તો એમ જ લાગ્યુ કે મે હજામને પગાર આપવામા ઢીલ કરી અને કાયદો શુ છે તે તેને કહ્યુ એ જ તેને મારા પર ગુસ્સો કરવા અને એક મદદ વગરના કેદીને અપમાન કરવા માટે પૂરતુ હતુ છેવટે તેણે જણાવ્યુ કે 'જો તમારી મરજી હોય તો હજામનો પગાર આપવા સંબંધમાં મારા હુકમની સામે તમે હિંદી સરકારને અપીલ કરી શકો છો હિંદી સરકારનો ચુકાદો આવે ત્યાં સુધી તો

મારા હુકમને તમારે તાબડતોબ તાબે થવું મે જવાબ આપ્યો કે 'આના જેવી નજીવી બાબતના સબંધમાં હું હિંદી સરકારને તસ્દી આપવા માગતો નથી માટે મારા જે પૈસા તમારા કબજામાં છે તેમાથી તમારે હજામને પગાર આપવો ' તેણે તેમ કરવા ના પાડી અને મારા હાથે જ મારે પૈસા આપવા એમ હઠ લીધી અને મે તેના કહેવા મુજબ કર્યું. ૧૨મી ઓગસ્ટ સુધી તે વિશે કશી વાત થઈ નહોતી ત્યારે સુપ્રીન્ટેન્ડન્ટે મને જણાવ્યું કે 'તમે જે પૈસા ખર્ચ્યા હોય તેની યાદી કરી મોકલો કે જેથી તે પૈકી થોડા પૈસા તમને પાછા મળી શકે' મે તે યાદી કરી મોકલી આપી પણ મને એક પૈસો પાછો મળ્યો નહિ—પાછળથી તેણે મને કહ્યું હતું કે 'મારી પાસેથી તે યાદી ખોવાઈ ગઈ છે ' ઓગસ્ટનો પગાર સુપ્રીન્ટેન્ડન્ટે આપ્યો અને તે પછી હજામનો પગાર તે જ આપતા હતા

✱

સાભાર પ્રાપ્તિ–સ્વીકાર

જાત મહેનત ગાંધીજી પાના ૩૬ રૂ —/૨૫ **મારો સમાજવાદ :** ગાંધીજી પાના ૫૬ રૂ —/૩૫ **ઇશુ—મારી નજરે.** ગાંધીજી પાના ૪૮ રૂ —/૩૦ **રચનાત્મક રાજકારણ :** આચાર્ય કૃપાલાની અનુ૦ ચંદ્રશંકર શુક્લ પાના ૧૧૫ રૂ ૧/— **સત્યાગ્રહની અનુભવવાણી :** સં. મુકુલભાઈ કલાર્થી પાના ૧૧૧ રૂ —/૬૦ —પાંચેના પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૪ **ગુલીવરની મુસાફરી :** હંસાબહેન મહેતા હિંદીમા અનુ૦ નિર્મળા પરીકર પાના ૨૦ રૂ —/૨૫ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૪ **પ્રવાસ-પત્રો :** છોટુભાઈ અનડા પાના ૧૩૫ રૂ ૧/૫૦ અનડા બુક ડીપો, અમદાવાદ **એકને ટકોરે :** શિવકુમાર જોષી પાના ૯૧ રૂ ૨/— શાંતિ પ્રકાશન, મુંબઈ, ૩ **ગીત ગુર્જરી :** લે ૫ પ્રભાવતીબહેન પજવાણી પાના ૨૭ વડોદરા **યોગરહસ્ય :** સ્વામી શિવાનંદ અનુ૦ ડો ભાનુશંકર અધ્વર્યુ પાના ૧૫૮ રૂ ૨/— **ગૃહસ્થીઓ માટે સાધના :** સ્વામી શિવાનંદ પાના ૫૬ રૂ —/૫૦ —બન્નેના પ્રકાશક શિવાનંદ સાહિત્ય પ્રચાર સમિતિ, ગુ વિભાગ, અમદાવાદ **સુવાવડ પહેલાંની અને પછીની સંભાળ** ડૉ કનકબહેન અમીન પાના ૩૨ રૂ —/૪૦ **એલચીની કામગીરી** ગગનવિહારી મહેતા પાના ૩૨ રૂ —/૪૦ —બન્નેના પ્રકાશક પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ **આઝાદીના માર્ગે** કેશવલાલ મો વ્યાસ પાના ૧૦૨ રૂ ૧/૭૫ **હિંદુ વેદધર્મ** આનંદશંકર ધ્રુવ પાના ૩૮૪ રૂ ૪/૭૫ —બન્નેના પ્રકાશક મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય વડોદરા **૨૫૦ દિનેશના સ્મરણમાં** સં ચુનીલાલ ન શાહ પાના ૧૨૫ **રોગ અને સિદ્ધિ** ડૉ સુગમ શોભા ડૉ ન મ શાહ પાના ૨૦૮ રૂ ૩/— **ભગ્ન પાદુકા** કનૈયાલાલ મુનશી પાના ૨૧૯ રૂ ૪/— **સોરઠી સંતવાણી** ઝવેરચંદ મેઘાણી પાના ૧૬૦ રૂ ૩/૫૦ **અમૃતનું ઝેર** પાના ૧૧૪ રૂ ૧/૭૫ **સ્વતંત્રતાનો શહીદ** રતિલાલ ગિ શાહ પાના ૧૭૬ રૂ ૩/— **છપ્પરપગા** (૧–૨) વસંત જોધાણી પાના ૮૪+૮૬ રૂ ૨/૫૦ **ગ્રામ સાહિત્યમાળા** પ્રેમચંદજી અનુ૦ મગનલાલ જોશી (પાંચ ભાગ) રૂ ૬/૨૫ — **શ્રી મોરારજીભાઈ દેસાઈ** (પૂર્વાર્ધ–ઉત્તરાર્ધ) અમૃતલાલ મ જોશી પાના ૬૮૦+૪૦૩ રૂ ૩૦/— આઠેયના પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ **માનવમૂત્ર** રાવજીભાઈ મ પટેલ પાના ૨૫૨ રૂ ૩/— ભારત સેવક સમાજ પ્રકાશન, અમદાવાદ

★

જયતિલકા પરમાર 'સુમંગલા'

ગૃહમાંગલ્ય

સ્ત્રીનું સ્થાન ક્યાં, ઘરની ચાર દિવાલ વચ્ચે? આજે વર્ષો પછી પણ જ્યારે એમ મનાઈ રહ્યું છે કે દેશમા અજ્ઞાનના ઘણી ઓછી થઈ છે, સમાજમા સ્ત્રી-જાગૃતિ આવી છે ત્યારે પણ લોકોની જીભે તો એ જ સૂત્ર સાંભળીએ છીએ કે 'સ્ત્રીનું સ્થાન ચાર દિવાલની વચ્ચે જ શોભે. તેને તો તેનું ઘર, વર અને બાળકો.' સ્ત્રી પ્રત્યેની પુરુષની માલિકી-ભાવના એમ નાબૂદ થાય તેમ નથી. અને એટલે જ તે ઇચ્છે તે રીતે તેના ઉપર સ્વામીત્વ ભોગવી શકે છે.

આજે કાળ ઘણો બદલાયો છે—બદલાઈ રહ્યો છે. પરદેશ જઈને ઉચ્ચ શિક્ષણ, નવી સંસ્કૃતિ મેળવવાનો આપણે દાવો કરીએ છીએ. પુરુષ પોતે વ્યક્તિ તરીકેના બધી જ જાતના હક ભોગવવા હકદાર બની શકે છે. જ્યારે સ્ત્રી....આજે પણ આ પ્રશ્ન એટલો બધો મૂંઝવી રહ્યા છે કે સ્ત્રી, વ્યક્તિ હોવાં છતાં, પુરુષ જેટલી જ હકદાર હોવા છતાં તેનું સમાજમાં કોઇ નિશ્ચિત સ્થાન નથી. પતિ એ જ પરમેશ્વર એ ભાવના ભારતની નારી ભૂલી નથી—પછી તે પતિ ગમે તેવો વ્યભિચારી હોય, આવડતહીન હોય, પુરુષત્વહીન હોય

એક સમય એવો હતો જ્યારે સ્ત્રી-પુરુષના ભેદ આટલા વિશાળ નહોતા. જેમ જેમ સંસ્કૃતિ બદલાતી ગઈ તેમ તેમ સમાજમાં પરિવર્તન આવી રહ્યુ વ્યક્તિ સમાજ વગર જીવી શકે નહિ એ પરિસ્થિતિ સર્જાઈ અને પુરુષે સ્ત્રી ઉપર ધણીપણું લાદ્યું. પત્ની એ પતિની જીવનસંગિની છે તેની પત્ની રૂપે-મિત્ર રૂપે સ્ત્રીમાં શક્તિ નથી, હિંમત નથી, માટે તે પરાવલંબી છે એ માન્યતા આજે ભૂસવાની જરૂર છે. હવે તેને ગુલામીની જંજીરોમાં સબડવાની જરૂર નથી એ ગુલામીમાંથી મુક્તિ મેળવવા સ્ત્રીએ જાગૃત થવાની જરૂર છે. માત્ર થોડી સ્ત્રીઓના જાગૃત થવાથી કે બંડ પોકારવાથી—અરે, સરકારના કાયદાઓથી પણ પુરુષની ઘર ઘાલી બેઠેલી માન્યતા તમે દૂર કરી શકવાના નથી એને માટે દરેક સ્ત્રીએ જાગૃત થવું પડશે ઉચ્ચ શિક્ષણ મેળવી, પોતાનું સાચુ સ્થાન સમાજમાં ક્યાં એ જાતે જ નક્કી કરી પુરુષના હૃદયમા વણાઈ ગયેલી સ્વામીત્વની ભાવના દૂર કરશે ત્યારે જ સમાજમાં સ્ત્રીનું ચોક્કસ સ્થાન નક્કી થશે. સમાજમાં સ્વામીત્વને કારણે ઉભરાતાં અનિષ્ટો દૂર થશે. એ દૂર કરવાની આજે જ જરૂર છે.

શક્તિનું પ્રતીક

[મિત્ર મંડળ વચ્ચે વાતમાંથી વાત નીકળતાં 'સ્ત્રીનું સમાજમાં સ્થાન કયાં ?' એ વિષય ઉપર ઠીક ઠીક ચર્ચા થઈ તેનો ટૂંક સાર આ રહ્યો :]

રમેશ : કમલેશને લગ્ન કરવા માટે ખૂબ સમજાવ્યો પણ કહે છે કે મને અનુકૂળ એવી છોકરી શોધી આપો. લીનાબહેન, કોઈ છોકરી જ એને ગમતી નથી. શું કરવું એના માટે ?

લીના : એને જોઈએ છે એવી છોકરી તો મેળવી આપું પણ એ બધું ઇચ્છવા છતાં, મોં માગ્યુ મળવા છતાં તમે પુરુષો તો તમારું ધણીપણું બજાવવાનું ચૂકતા નથી એનું ખરેખર દુ:ખ થાય છે એટલે એવી સ્વમાની કન્યાને એ 'ચૂડ'માં ધકેલવાનું મન નથી થતું.

સુકન્યા : લીનાબહેન, તમે કહો છો એ કારણે એ કન્યા લગ્ન બંધનથી અલિપ્ત રહેશે ખરી ?

લીના : ના, પણ એમ થાય કે એની મેળે પસંદ કરીને લગ્ન કરે તો એવી કન્યાને છેવટે એ દુ:ખ તો ન જ થાય કે બીજાની પસંદગીને કારણે પોતે આ સહી રહી છે ! હું તો, સુકન્યા, આજે એવા કેટલાય દાખલા જોઈ રહી છું. પુરુષો ભણેલી ગણેલી સંસ્કારી પત્ની ઇચ્છે છે, મેળવે છે પરંતુ તેમનું સ્વામીત્વ નાબૂદ થતું નથી. ધીમે ધીમે કરતાં તે વધુ પ્રબળ બનતું જાય છે.

રમેશ : કદાચ હશે. પણ લીનાબહેન, બધા જ પુરુષોને એક જ લાકડે ન જોડાય ને ? અમુક ટકાને કારણે આખી જાતિ ઉપર દોષારોપણ કેરવું તમને વ્યાજબી લાગે છે ?

સુકન્યા : આપણે વિચારણા જ શરૂ કરી છે તો તમને કેટલાક દાખલા આપી ખ્યાલ આપું. નલિનભાઈએ આગ્રહ સેવીને ભણેલી, અને સમાજમાં સારું સ્થાન ધરાવતી સ્ત્રી પસંદ કરી. થોડો સમય ખૂબ સારું ચાલ્યુ. આજે તે બહાર કામ કરે છે. પૈસે ટકે તેઓ સુખી છે એટલે નોકરીની જરૂરિયાત તેમને જણાતી નથી. છતાં નલિનભાઈને ઘેર જઈ ચડું છું ત્યારે તેમના મોઢેથી કંઈ જુદું જ સાંભળવા મળે છે. તેમને આવું જાહેર કાર્ય *ગમતું નથી પોતાનું ઘર સંભાળીને જ માત્ર* બેસી રહે તે તેમને ગમે છે — જો કે અમુક વ્યક્તિની આગળ તેમને વખાણ કરતાં પણ સાંભળું છું. એટલે તેમનું બે બાજુનું વ્યક્તિત્વ (duel personality) ક્યારેક ન સમજાય તેવું હોય છે.

લીના : તેમનો સ્વભાવગત 'દંભ' અને માલિકીભાવના, પત્ની એ પોતાની માલિકીની વસ્તુ છે એ સંસ્કાર તેમનામાં રૂઢ થયેલા છે; ભણ્યા પછી નવા વાતાવરણની અસરે ઉપરનો ઓપ આવવા છતાં જન્મ સંસ્કાર નાબૂદ થયા નથી તે એની સાબિતી છે. સ્વમાની પત્ની એ હક પૂરેપૂરા ભોગવવા નહિ દેતી હોય ત્યારે ઘર્ષણ ઊભું થાય નવા સમાજમાં પોતે ભલા કહેવાય, સમાનતાના બણગા ફૂંકે, ચાર માણસની વચ્ચે પત્નીના કાર્યની પ્રશંસા પણ કરે છતા પણ તેમને થોડી જવાબદારી પણ અસહ્ય થઈ પડતી હોય એ વખતે આવી duel personality પોતાનો ભાગ ભજવે છે.

રમેશ : લીનાબહેન, આ તમારી duel personality ની વાત તો તમારી પાસેથી જ જાણી. મેં એવું પણ જોયું છે કે પતિ આળસુ હોય, નોકરી ધંધો કરવો ગમે નહિ અને આર્થિક સમસ્યાને પહોંચી વળવા પત્નીને નોકરી કરવા મોકલે, પત્નીની કમાણી ઉપર પોતે લહેર કરે છતાં પણ પત્નીને દબાવે પત્ની ઘરકામ કરે, નોકરી કરે, બાળકોને સાચવે છતાં પણ પતિની શીરજોરી ચાલુ હોય નોકરીએથી એક કલાક પણ મોડી કેમ આવે ? પૈસો મળે એ જ તેમને સ્વાર્થ હોય. બાકી પત્નીએ તો પતિનું કહ્યું જ કરવાનું હોય. એને કોઈ મંતવ્ય હોય નહિ. સ્વાર્થ પૂરતી બહાર કામે જાય.

લીના : બાકી તો સ્રીએ ઘરની ચાર દિવાલોમાં ગોંધાઈ રહેવું જોઈએ ઘરની સેવા કરવાની ફ્રીને બહારની સેવા કેવી ! ગમે તેટલો ઢસરડો રે તો પણ પત્નીની દયા ખાનાર કોઈ નથી હોતું. આજે તો સમાજમાં, ભણેલા-ગણેલા સમાજમાં આવા કુટુંબોનો પાર નથી. પછી અજ્ઞાનતાની—જ્યાં અભણ વર્ગ છે તેમની તો હીન દશા કેવી હશે ! પછી સ્રીઓમાં જાગૃતિ આણવાનું આપણે કહીએ તે બધું ક્યાં છે ? માત્ર ભાષણોમાં જ ? વર્તનમાં, અમલમાં કેટલુ મુકાય છે ?

સુકન્યા : ઘરમાં કલેશ થાય ત્યારે સ્રીનો જ વાંક દેખાય છે. એકલા પુરુષવર્ગને જ શા માટે કહીએ ? સ્રીને તિરસ્કારવામાં સ્રી જાતિનો પણ ફાળો છે જ. સાસુ, નણંદને મન તો વહુ જ ખરાબ દેખાય છે. સમાનતાની ભાવના આવતાં શી ખબર હજુ શુંય વેઠવું પડશે !

લીના : જો આપણે કમલેશની વાતમાંથી એક ગહન પ્રશ્ન ચર્ચી નાખ્યો. કમલેશને પણ આ પ્રશ્ન સમજાવવાની જરૂર છે. બાકી આપણામાં હિંમત હશે તો જ સ્વાવલંબી બની શકીશું. સ્રીઓને જાગૃત કરી શકીશું. રડીને બેસી રહેવાના જમાના આજે નથી રહ્યા. સ્રી-શક્તિ જ બળવાન છે. એ છે ત્યારે જ પુરુષમાં પણ તાકાત છે.

માનસ-વિચાર

સાધનસંપન્ન અને સુખી પ્રમીલાબહેન બધી વાતે શોખીન ખૂબ. ખાવા પીવા, પહેરવા ઓઢવામાં પણ 'અપ ટુ ડેટ' પરંતુ શરીરે ડબલ, ઝાઝું ચાલી શકે નહિ આળસ પણ ખરો. કામ ઓછું થાય એટલે હુકમો ઝાઝા કરે. સૌથી મોટી વાત તો બીજા પાસેથી કામ લેતાં સારું આવડે.

ઘરમાં કંઈ પણ નવું કામ હોય, પાપડ બનાવવા, નાસ્તો કરવો એ ઉપરાંત બીજું કંઈ પણ કામ હોય તો તરત અડોશી પડોશીને બોલાવી લાવે. અને કામ પાર પાડી દે. પ્રમીલાબહેન રહ્યાં વસ્તારી. એટલે કામ પણ ઝાઝું હોય. તે ગાબગપાટા હાંકતાં હાંકતાં પાર પડી જાય. તેમની પડોશમાં રહેતાં રમાબહેનને તો તે ખાસ બોલાવવા મોકલે. માણસ અગવડ સગવડે કદાચ ન પણ આવી શકે. પણ રમાબહેન તો ક્યારેય ના પાડી શકે નહિ ના પાડે તો પણ પેલાં થોડીવાર આવવાનો એવા મીઠા શબ્દોથી આગ્રહ કરે કે તેમને જવું જ પડે.

અરસપરસ એકબીજાનું કરી છૂટવાની ભાવનો

ખરેખર સારી છે. પણ પ્રમીલાબહેનમાં એવું નહોતું. દરેક વ્યક્તિમાં પોતાનું કામ પાર પાડવાનો સ્વાર્થ પહેલો હોય છે. એમના પતિને બહુ ન ગમે એટલે એમની હાજરીમાં કોઈને ઘેર કામ કરવા ન જવાય અરે, ખૂદ પોતાને ઘેર નવું કામ આદરે તો ચીડાઈ જાય. કારણ 'સાહેબ'ની સગવડ થોડી ઓછી સચવાય ને!

રમાબહેન, શાન્તાબહેન રોજ વિચારે કે હવે તો પ્રમીલાબહેન બોલાવવા મોકલે ત્યારે ના પાડી દઈશું. પણ એ હિંમત કોનામાં! એનાથી એવા તો જાણે અંજાઈ ગયાં હતાં કે એ કંઈ પ્રત્યુત્તર કે દલીલ કરી શકતાં નહિ અને એમની પાછળ ખેંચાતા જતાં હતાં પ્રમીલાબહેનને ઓશિયાળાં થતાં આવડતું હતું.

ભારેખમ શરીર એટલે કામ બહુ થાય નહિ. રમાબહેનને ઘેર કામ માટે જાય તો સાવ ધીમેથી કામ રમતાં રમતાં કરે. એટલે એમનો બોજો હળવો થાય જ નહિ. જ્યારે રમાબહેન સ્વભાવે પરગજુ ખૂબ. એટલે હશે, બિચારાંથી નથી થતું તો આપણને મદદ કરવામાં શું જોર પડવાનું છે! આમ ધીમે ધીમે સંબંધ વધતો ગયો. એટલે પ્રમીલા બહેન પડોશી હક્ક પણ સારા પ્રમાણમાં બજાવવા માંડયાં.

પૈસે ટકે સુખી પ્રમીલાબહેન મોજ–શોખમાં સારા એવા પૈસા ખર્ચી શકે પણ નાનામાં નાની વસ્તુ ઘરમાં વસાવે નહિ. અને તેની જરૂરિયાત વારંવાર પડે ત્યારે પડોશીને ત્યાંથી લઈ આવે. જલદીથી પાછી મોકલવાની ટેવ નહિ એટલે લેવા જઈએ ત્યારે વસ્તુ પાછી મળે. પડોશમાં છે એ વસ્તુ નવી લાવીને કામ પણ શું છે? જ્યારે જોઈએ ત્યારે મળી રહેવાની છે. રમાબેન, શાન્તાબેન બેઉ ભેગાં મળે ત્યારે પ્રમીલાબહેનની આ ટેવ ઉપર ચર્ચા ચાલે. 'મારુ મશીન તો તેમને ઘેર જઈ જઈને એટલું ઘસાઈ ગયું છે પણ તે તો બિલકુલ સમજતાં જ નથી ના, પણ કેટલીક વાર પાડવી? એક વસ્તુની જાણ થઈ પછી બહાનું પણ કંઈ કહાતુ નથી' રમા-બહેન વરાળ કાઢી રહ્યાં ત્યાં શાન્તાબહેન બોલી ઊઠયાં: 'મારે ઘેરથી પણ કાચનો સામાન, લોટ વગેરે મગાવે પણ આટલા સંબંધ પછી ના પણ કેમ કહેવાય! એક વખત એમને ત્યાં મહેમાન હતાં. મારો કાચનો 'બાઉલ' લઈ ગયેલાં અને તે ફૂટી ગયો. મને કહે કે શન્તાબહેન, રામાના હાથમાંથી લપસી ગયો ને ફૂટી ગયો. પણ બીજો કોઈ વિવેક પણ ન બતાવી શકયાં.'

'હા, આપણે કેટલુ સાચવી સાચવીને વાપરીએ તે તેમના હાથે નાબૂદ કરવા માટે જ ને!'

પારકી વસ્તુ ઉપર તાગડધીન્ના કરવાની આ ટેવ ખરેખર બીજાને માટે ખતરનાક છે એમની આબરુ પણ શું? સુખી ઘરમાં પણ આવી કંજૂસાઈ જોવામાં આવે છે ત્યારે આપણામાં ઘર ઘાલી બેઠેલાં એ દૂષણો પ્રત્યે દુઃખ થાય છે. માત્ર ખાવા પીવા અને પહેરવા ઓઢવા સિવાય જીવનમાં બીજુ કોઈ રહસ્ય જ નથી? સાવ સામાન્ય કોટિનું માનસ કયારે વિચારવંતુ બનશે!

*

નવરચના

સર્જનના રાહે

પથેર પાંચાલી

[લે વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, અનુ. રમણલાલ સોની, પ્ર. વોરા એન્ડ કંપની, મુંબઈ, ર. રૂ. ૧/૭૫]

અપુ–દુર્ગા સામાન્ય સ્થિતિના બંગાળી ગ્રામકુટુંબનાં બાળકો ગરીબાઈમાં રહેસાતા રહેસાતા પણ ભાઈ–બહેન જીવનની નિર્દોષ મધુરતા કેવી માણે છે એનુ સુરેખ દર્શન બંદોપાધ્યાય કરાવે છે. ભાષામાં આડંબર નથી પાત્રોમા ક્યાય કૃત્રિમતા નથી વર્ણનમા કાંઈ ભભક નથી, વાર્તામાં કાઈ ખાસ નવુ નથી છતા એનો ધબકાર ચિરંજીવ છે લેખક એવી તો સરળ રીતે વાતોને વહેવડાવે છે કે વાચકને પુસ્તક અધૂરું છોડી ઊઠવાનુ મન ન થાય

પ્રસ્તાવનામાં નગીનદાસ પારેખ સાચુ જ કહે છે કે 'સામાન્ય ગણાતી સામગ્રીમા પ્રતિભા કેવી અસામાન્ય કૃતિ સર્જી શકે છે તેનુ આ નવલકથા સારું ઉદાહરણ છે' અનુવાદ ખૂબ પ્રવાહી છે ને પ્રાસંગિક ચિત્રો સામાન્ય વાચકના રસને સતોષે ને કથા પૂરી વાચવા પ્રેરે એવા છે **પથેર પંચાલીએ** ચલચિત્ર રૂપે ભારતના ગ્રામ સમાજની વાસ્તવિકતાનાં દર્શન ઘણા સસ્કૃત દેશોને કરાવ્યા છે, અપુ–દુર્ગા માત્ર હિંદમા જ નહીં, દુનિયાના અનેક દેશોનાં લાડીલા ભાઈ–બહેન બન્યાં છે.

મધ્યાહ્‌ન

[લે કરસનદાસ માણેક. પ્ર વોરા એન્ડ કં. પબ્લિશર્સ પ્રા. લિ, મુંબઈ, ર. રૂ ૪/-.]

શ્રી કરસનદાસ માણેકની કવિતા વરસોથી ગુજરાતને જાણીતી છે. એ કવિતાનો આસ્વાદ 'આલબેલ', 'મહોબ્બતને માંડવે' વગેરે સંગ્રહોથી અને તેમની કથાનક શૈલી, આખ્યાનકારની શૈલીથી લખાયેલી વૈશંપાયનની વાણી અને અનેક દૈનિક પત્રોમાં આવતી તેમની કેટલીય પ્રાસ ગિક કૃતિઓ વગેરેમા પ્રતીત થાય છે.

આ સંગ્રહ તેમની પ૭ વર્ષની ઉંમરે પ્રગટ થાય છે છતાં કવિમાં નવયૌવનનું ચેતન ગજબનું ભર્યું છે. એટલે જ તેમની કવિતામાં મર્દાનગી અને ખેલદિલી જ મુખ્યત્વે ભાગ ભજવે છે કવિ પોતે આખ્યાનકાર હોવાથી તેમની કૃતિઓનું ગેયત્વ કંઈક નવીનોખી રીતે ચમકતું રહ્યું છે. આ આખા સંગ્રહની બધી કૃતિઓમાં એટલે જ કવિતાના બધા પ્રકારો એકી સાથે જોવા મળી શકે છે: છદોબદ્ધ, ગીતો, આખ્યાનો, ખંડકાવ્યો, પ્રાસગિક રચનાઓ વગેરે બધું.

કર્તાની અભ્યાસુ પ્રસ્તાવના તો દરેકને ઉપયોગી થાય તેવી છે જ, ઉપરાંત કાવ્યોની ટિપ્પણરૂપે પ્રો જયાનન્દ દવેએ જે મિતાક્ષરી પરિચય, સમજુતી આપી છે તે પણ સંગ્રહની મૂલ્યવત્તા વધારે છે.

શ્રી માણેકની કવિતા જેટલી સાભળવી ગમે છે તેટલી જ વાચવી પણ ગમે તેવી હોય છે. કર્તાએ સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમા પોતાની લેખિની અજમાવી છે એટલે તેમની કવિતાના રસમા વિક્ષેપ પડ્યો નથી કદાચ એ જ કારણે કવિ તરીકેની શ્રી માણેકની ખ્યાતિ વિશેષ છે. 'મધ્યાહ્‌ન'નાં બધાં કાવ્યો એટલે જ એક અભ્યાસુ અને પીઢ વિચારકની વિચાર સમૃદ્ધિના પાકા ફળરૂપે આવકારાશે.

મેંદીનાં પાન

[લે. અવિનાશ વ્યાસ. પ્ર એન એમ. ત્રિપાઠી પ્રા લિ મુંબઈ, ર. રૂ ૪/-.

જેમનાં ગીતોથી, નૃત્યનાટિકાઓથી, સગીત દિગ્દર્શનથી

ગુજરાત ગૌરવ લઈ શકે તેમ છે તેવા ગુજરાતના જાણીતા સ્વરકાર શ્રી અવિનાશ વ્યાસની જાણીતી કૃતિની આ બીજી આવૃત્તિ હોવા છતાં તેનું મહત્ત્વ નવા પુસ્તક કરતાંય વિશેષ છે.

પહેલી આવૃત્તિમાં ફક્ત નવ ગીત–નૃત્ય–નાટિકાઓ હતી તે આમાં વીસની સંખ્યાએ પહોંચી છે. એમાં 'સથવારા'ની પાંચ નાટિકાઓ પણ સમાઈ જાય છે. એટલે એકી સાથે વીસ ગીત નાટિકાઓ એક જ પુસ્તકમાં ગ્રંથબદ્ધ થયેલી આપણને મળે છે એ રીતે પણ આ સંગ્રહની મૂલ્યવત્તા વિશેષ છે.

અવેતન કળાકારો અને શાળા–કૉલેજો–સંસ્થાઓ પણ તેમના વાર્ષિકોત્સવો માટે નાટિકાઓની ખોજમાં હોય છે જ. એ બધાને સારાં નાટકો અંગેનો પ્રશ્ન હમેશાં મૂંઝવતો હોય છે. તેમાંય આ એક એવા સ્વરકારની રચનાઓ છે કે જેની માગ એટલી જ રહેવાની છે. શ્રી અવિનાશ વ્યાસની ગીત રચના, સ્વર રચના દરેકને હોઠે ચડી જાય તેવી, દરેકના કાનને ગમી જાય તેવી હોય છે. એટલે આ આખો સંગ્રહ તેની આગવી મહત્તા જાળવી જાય છે એ વિષે બે મત છે જ નહિ. એકી સાથે એક જ પુસ્તકમાં સમાવેશ થયેલી આ વીસેય ગીત–નૃત્ય–નાટિકાઓ તેના કર્તાએ સફળ રીતે તખ્તા પર ભજવી છે એટલે તે અંગે જોઈતું માર્ગદર્શન પણ કર્તા આપી શકે.

હીરાની ચમક :

[લે. રમણલાલ વ. દેસાઈ પ્ર. આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૨. રૂ. ૩/૭૫]

વાર્તા–નવલકથા સાહિત્યમાં જેમનો યુગ ગણાતો એવા આપણા જાણીતા સાક્ષર શ્રી રમણલાલ વ. દેસાઈનો આ આઠમો વાર્તાસંગ્રહ તેમના અવસાન બાદ તેમના પુત્રે પ્રગટ કર્યો છે. આ બધી વાર્તાઓ છેલ્લી છે એટલે હવે એ જ લેખકની વાર્તાઓ નથી મળી શકવાની એનો અફસોસ રહેશે તો ખરો.

પંદર વાર્તાઓથી સમૃદ્ધ બનેલો આ નવો—અને આપણા યુગમૂર્તિ વાર્તા–નવલનવેશનો તો છેલ્લો—સંગ્રહ તેમનાં પ્રિય વાચકોને સારી રીતે સંતોષી શકશે. આપણા યુવક–જગતમાં જેમનાં પુસ્તકોએ એક એવા યુગનું સર્જન કરેલું કે જે યુગ ગાંધીયુગની સાદગીથી રંગાયેલો હતો. એ 'યુવક'વર્ગ આવી અનેક પુસ્તકે સમૃદ્ધિથી ઘડાયો–રંગાયો હતો.

આ સંગ્રહની પંદરેય વાર્તાઓ ગ્રંથસ્થ પહેલી જ વાર થાય છે છતાં તે વિવિધ સામયિકોમાં પ્રગટ થઈ ગયેલી છે એટલે ઘણાંખરાં વાચકોએ બધી નહિ તોય મોટા ભાગની તો જરૂર વાંચી હશે જ. છતાંય સંગ્રહરૂપે ફરી ફરી વાંચવી ગમે તેવી આ લેખકની લેખિનીની મોહિની દરેકને લાગેલી છે એટલે આ સંગ્રહની બધી વાર્તાઓ નહિ તોય એમાંની મોટા ભાગની દરેક વાચકને ગમશે જ. જે વાર્તા પરથી આ સંગ્રહને નામ આપવામાં આવ્યું છે તે વાર્તા તેની ઐતિહાસિક વાતાવરણ–ગૂંથણીને કારણેય સંગ્રહની શ્રેષ્ઠ વાર્તા નથી બની શકતી. આખી વાર્તા વાંચીનેય વાંચવાનો સંતોષ અનુભવાતો નથી એટલી કચાશ ગણીએ કે લેખકની સર્વપ્રિયતા ગણીએ એટલે વાંચવાનું મન રોકી શકાતું નથી. એટલી પ્રતીતિ ગણીએ. વાર્તાઓના વસ્તુ કરતાંય વધુ જગ્યા રોકી લેતી લેખકની વિચારકણિકાઓ તેમની નવલકથાઓ જેમ વાર્તામાંય હોય છે એ કેટલીક વાર વાર્તાના ટૂંકાપણાની ઘાતક બને છે.

છતાં એકંદરે આ સંગ્રહની બધી વાર્તાઓને પહેલી હરોળમાં ન મૂકતાંય વાચનીય તો ગણવી જોઈએ. લેખકની કલમની એ સિદ્ધહસ્તતાય કહી શકાય. ટૂંકી વાર્તાઓમાં પણ શ્રી રમણલાલે ઠીક ઠીક ખ્યાતિ મેળવેલી એટલે આ સંગ્રહની વાર્તાઓ વાંચીને એકલા નવલકથાકાર તરીકેની આપણા મન પર પડેલી છાપ ભૂંસાય તોય ના નહિ.

પડઘા ડૂબી ગયા :

[લે ચંદ્રકાન્ત બક્ષી. પ્ર૰ સ્વાતિ પ્રકાશન, મુંબઈ, ૩. - રૂ. ૩/-]

'એમની પાસે કોઈ ગુજરાતી લેખકમાં જોવા મળી નથી તેવી અનોખી વાત કહેવાની રીત છે, ટૂંકી અને સચોટ શૈલી છતાં એની પાછળ એમને કહેવાની

નવરચના

વાતો। સઘળુ મહાભારત સતાઈ રહ્યુ હોય તેવી અર્થપૂર્ણ શૈલીના એ પુરસ્કર્તા છે, એમની વિચાર-સરણી કદાચ ગુજરાતને, ગુજરાતી પોથી પ્રજાને અને સરળ સુબોધ અખંડ આનંદી ગુજરાતી સાહિત્ય સમજનારાં વાચકોને પચે એવી ન પણ લાગે

શ્રી શિવકુમાર જોશીએ આ પુસ્તકની વિશિષ્ટ રીતે લખેલી પ્રસ્તાવનામાંથી લેખક વિશેનુ મતવ્ય ઉપર ટાંકેલા ફકરામાંથી સાચુ મળે છે એ લેખકની આ પ્રથમ નવલકથા વાચતા પ્રતીત થાય છે શ્રી ચન્દ્રકાન્ત બક્ષીની ટૂંકી વાર્તાઓથી તેમનુ નામ એટલુ બધુ જાણીતુ છે અને તેમની શૈલી ગુજરાતને માટે કુપથ્ય તો ય ગમી જાય તેવી છે એટલે આ નવલકથાને વાચનાર અને અવલોકનાર ટેટનાયના નાકના ચડેના ટેરના સામેય લેખક ઊભા રહી શકે તેમ છે

વાર્તા કે નવલકથા કોઈ ચોક્કસ ચોકઠામા જકડાઈ રહે, તેની કલાને મુક્ત શ્વાસ લેવાની તક ન મળે ત્યારે જે બધિયારપણુ તેમાં આવી જાય છે એનાથી ખૂબ જ દૂર રહેવો આ નવલકથામા લેખકની ઝીણવટભરી ઊંધાડી આમે ફરવાની દૃષ્ટિની શબ્દે શબ્દે પ્રતીતિ થાય છે અનુભવની ઊંડી આરસી પણ એનુ પ્રતિબિંબ પાડ્યા વિના રહેતી નથી ભાષાની અને શૈલીની જોશીની વેગવાન લેખિનીનો ગુજરાતને ઘણે વખતે શ્રી બક્ષીએ પરિચય કરાવ્યો છે નીતિમત્તાની ગુલબાંગો પોકારનારને આભ ઊંટ લાગે તેવી વર્ણનશક્તિય ઘણાને ખૂચે છતા ગુજરાતી ભાષાને વધુ પડતી જોશીની, નશીની, જીવત કલમ મળે છે એ શુભ ચિહ્ન તો છે જ

આ પ્રથમ નવલકથા જ શ્રી ચન્દ્રકાન્ત બક્ષીને સાહિત્યના જગતમાં એક અચ્છા વાર્તા-નવલકથાકારનુ સ્થાન અપાવે છે તે એક શુભાગમન ગણાવુ જોઈએ શ્રી બક્ષી જેવા જાગૃત વાર્તાકાર ગુજરાતને અને ગુજરાતી સાહિત્યને ઘણુ ઘણુ આપી શકશે એ વાત નિર્વિવાદ છે સવાબસો પાનાની આખી નવલકથા એકી બેઠકે [illegible] વાર્તાપ્રવાહમા પકડ છે, શૈલીની જોશીની સચોટતા છે, પ્રસંગોની હારમાળા છે અને વર્ણન, ભાષા અને દૃષ્ટિમાં સાચી સૂઝ છે

નવનિર્માણ :

[તત્રીઓ સુરિમના મેહ—જયન્તિકા પરમાર પ્ર૦ અખિલ હિંદ મહિલા પરિ૦ અમદાવાદ શાખા, ભોગીનાથ ઇન્સ્ટિટ્યુટ, ખમાસાગેટ, અમદાવાદ વાર્ષિક લવાજમ એક રૂપિયો]

કોઈપણ જાતની રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહીને સામાજિકક્ષેત્રે સુંદર કાર્ય કરતી અખિલ હિંદ મહિલા પરિ૦ સમગ્ર દેશમા પોતાની શાખાઓ ધરાવે છે એ પરિ૦ની અમદાવાદ શાખાએ શરૂ કરેલા 'નવનિર્માણ' નામના ત્રૈમાસિકને આવકારતા આનંદ થાય છે. સામાજિક કાર્યમાં સાહિત્ય પણ કેવુ મહત્ત્વનુ સ્થાન ધરાવે છે તે સુંદર રીતે રજૂ કરતા આ પ્રથમ અંકના લેખો દરેક રીતે મહત્ત્વના છે અને કેટલીક જાણીતી કલમોનો પણ આ અંકમાં મળેલો સહકાર અભિનંદનીય ગણાય શ્રી શારદાબહેન મહેતા, ગુલાબદાસ બ્રોકર, વિનોદિની નીલકંઠ, ડૉ સુમન્ત મહેતા, રંભાબેન ગાંધી, ગટુભાઈ ધ્રુ સરોજિની મહેતા, નાનુભાઈ દવે વગેરે લેખકોના નોંધપાત્ર અને અભ્યાસુ લેખોથી સમૃદ્ધ બનેલા પ્રથમ અંક જેવુ જ દરેક અંકોનુ ધોરણ જાળવી રાખવા આ ત્રૈમાસિકના તંત્રીઓ પ્રયત્નશીલ રહેશે તો આપણા સામયિક-સાહિત્યમા સારી એવી પ્રતિભા 'નવનિર્માણ' ઊભી કરશે એ વિશે શંકા નથી ખાસ કરીને મહિલા પરિષદના સભ્યો માટે જ પ્રગટ થતુ આ ત્રૈમાસિક એની લેખસામગ્રીમા પણ સામાન્ય સમજના વાચકોનેય લક્ષમાં રાખીને સાહિત્ય-સામગ્રી પીરસે તો તેનુ ધ્યેય વધુ સાચા અર્થમા સધારો. ગૃહઉપયોગી માહિતી, ગૃહવ્યવસ્થા અંગેનુ સાહિત્ય તેમજ બાળઉછેર, બાળમાનસ અને ગૃહમાધુર્યને અનુલક્ષીને લખાયેલા લેખો આ ત્રૈમાસિકને વધુ અનુરૂપ રહેશે આગતા સૂચનો કરવા પડે તેમ હોવા છતા આ ઉપયોગી ત્રૈમાસિક આપણા પ્રત્યેક ઘરનુ સાથી બની રહે એ જ અપેક્ષા.

*

ભારતી સંઘનાં નવાં પ્રકાશનો

મહાભારતની કથાઓ	ધૂમકેતુ	૩/૫૦
પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
પંચામૃત	ઈશ્વર પેટલીકર	૧/૨૫
આભના ટેકા	,,	૧/—
આંખ વિના અજવાળાં	,,	૧/૨૫
જુવાય એ શેં કહી !	,,	૧/૨૫
સુવર્ણ-પ્રતિમા	ચુનીલાલ વ. શાહ	૫/—
ત્રણ દીકરાની મા	,,	૧/૨૫
અણોજો (નવી આ.)	,,	૧/—
કંકેરો	પન્નાલાલ પટેલ	૧/૫૦
છો અને મો (આઠ ભાગ)	જીવરામ જોષી	૧૩/૫૦
અજંપો	શેખાદમ આબુવાલા	૦/૨૫
ઠોકર	'ઉમાકાન્ત'	૬/૭૫
સુષુમણા (નવી આ)	,,	૭/૭૫
મંગલ જ્યોત	,	૬/૭૫
અંકુર	ડાહ્યાભાઈ પટેલ	૩/૫૦
પુનર્મિલન	,,	૫/—
નવાં કલેવર ધરો હંસલા	,	૫/—
આત્મવંચના	'વિશ્વમિત્ર'	૫/૫૦
અમર દીપ	ભૂપત વડોદરિયા	૫/—
સાથ વિનાના સંગાથી	,,	૫/—
મૂંગા પડછાયા	બળવંત નાયક	૭/૫૦
અજવાળાં	'સત્યમ્'	૫/૭૫
ભવની વાટે	,,	૫/૭૫
ધરતીનું હીર	રેવાશંકર મહેતા	૬/—
ધરતીની આરતી	,,	૮/૭૫
પ્રેરણામૂર્તિઓ	ઈશ્વરભાઈ પટેલ	૧/૩૦
માનવતાનો સાદ	,,	૪/૫૦
જનતા કાજે જીવનારા	,,	૧/૫૦
ગામડાની કેડીએ	પીતાંબર પટેલ	૧/૭૫
ધરમ તારો સંભાળ રે...	,,	૧/૫૦
નૂતન ભારતના તીરથ (પાંચ ભાગ)	,,	૩/—
પીતાંબર પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/૫૦
સાહસની કેડીએ	નવનીત સેવક	૨/૫૦
ધરતીનાં અમી	મણિભાઈ પટેલ	૪—
સાહિત્યનિકષ	અનંતરાય મ. રાવળ	૪/૨૫
સાહિત્યવિહાર (નવી આવૃત્તિ)	,,	૪/૫૦
દ્વિરેફનું વાર્તામધુ (ન. આ.)	રા. વિ. પાઠક	૧/૫૦
ધર્મકથાઓ ૧થી૫ (,,)	,,	૭/—
સંસાર (નવી આ)	ઝવેરચંદ મેઘાણી	૧/૨૫
રેલગાડીની સૃષ્ટિ (નવી આ)	,,	૧/૨૫
પાનખર અને વસંત	સાને ગુરુજી	૫/૭૫
સંધ્યા (નવી આવૃત્તિ)	,,	૬/૨૫
કરુણાદેવી	,,	૧/૨૫
શ્યામની મા	,,	૧/—
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
તીર અને તુક્કા	રંભાબેન ગાંધી	૩/૫૦
જીવન-ઝંઝાવાત	,,	૨/—
રાખમાં જલે છે અંગારા	રમણિક પટેલ	૩/૫૦
સાધના અને સિદ્ધિ	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	૭/૫૦
સાચાં જીવતર	રતનાભાઈ પટેલ	૩/૫૦
ડરસી રાત	ટી પી સચાર	૩/૫૦
હૈયાઉકલત	મનુભાઈ જોધાણી	૧/૨૫
કુળ હલવા	,,	૧/૨૫
શૌર્ય કથાઓ	,,	૧/૨૫
અમૃતપાત્ર	ચુનીલાલ મડિયા	૪/૫૦
ખરતા તારા	જિતુભાઈ પ્ર. મહેતા	૪/૫૦
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
અંતિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ભારતયાત્રા	નામનારાયણ ના. પાઠક	૧/—
વ્રતની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
ઉકળતાં આંસુ	,,	૫/—
વંદના	મોહનભાઈ ભાવસાર	૧/૫૦
આદા સાદા પોળી	વસંત જોધાણી	૦/૭૫
સૂની પડી રે સીતાર	ઘનશ્યામ ઠાકર	૨/૫૦

— ઉપરનાં નવાં પ્રકાશનો ઉપરાંત અમારાં બધાં પ્રકાશનોનું નવું સૂચિપત્ર મંગાવો :—

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ — ૧૪, ગાંધીરોડ, કીકાભટ્ટની પોળ — અમદાવાદ, ૧

અમારાં પ્રકાશનો ઉપરાંત ગુજરાતી સાહિત્યનાં બધાં નવાં પ્રકાશનો
અમારે ત્યાંથી હમેશાં મળી શકે છે. ૧૯૬૦નાં નવાં પ્રકાશનો
(બીજા પ્રકાશકોનાં) નીચે મુજબ છે :—

★

હરિસંહિતા ૧-૨-૩	ન્હાનાલાલ કવિ	૩૦-૦૦
પુણ્યમિત્ર	ધૂમકેતુ	૪-૫૦
કુમારદેવી	,,	૫-૦૦
પ્રેમપંથ ૧-૨	ઈશ્વર પેટલીકર	૧૧-૦૦
દરિયાપાર	ગુણવંતરાય આચાર્ય	૪-૫૦
આચાર્યની શ્રેષ્ઠ નવલિકાઓ	,,	૩-૫૦
ભગવાન તારું શું થશે	,,	૩-૦૦
ભરજોબન	,,	૪-૫૦
ચંપાવતી	,,	૪-૦૦
હું એક મુરલિયો	દામુ સાંગાણી	૩-૦૦
પરણ્યા છતાં કુંવારા	,,	૨-૫૦
શું હતા, શું થઈ ગયા	,,	૩-૫૦
મનેનાં મનોરથ	ગ૦ હી૦ બદામી	૪-૦૦
ગરીબનો બેલી	,,	૩-૦૦
વીતી જશે આ રાત?	ભગવતીકુમાર શર્મા	૩-૫૦
રાજયોગી	રમણલાલ ધીરજલાલ શાહ	૩-૦૦
લોખંડી ખાખનાં ફૂલ ૧-૨	‘જયભિખ્ખુ’	૧૧-૦૦
અંતરનાં અજવાળાં	પીતાંબર પટેલ	૬-૦૦
કરશે સિંગાર	,,	૫-૦૦
રૂંધાતાં જીવન	શ્રી. ના. પેંડસે	૭-૦૦
આભલાં	અરવિંદ ગોખલે	૬-૦૦
શ્રમણગાથા	ગો. ની. દાંડેકર	૫-૦૦
ટીલડી	વિ. સિ ખાંડેકર	૫-૦૦
ખમ્મા અન્નદાતા	યાદવેન્દ્ર શર્મા	૫-૦૦
કાજળરેખા	હરીશ નાયક	૪-૦૦
વિષ અને અમૃત	ચંદુલાલ જેઠાલાલ વ્યાસ	૭-૦૦
કચ દેવયાની	મંજુલાલ સાકરલાલ	૩-૦૦
માંગલ્યદ્રષ્ટા મહાકવિ	બાલચંદ્ર પરીખ	૧-૨૫
કુલનારી	નીરૂપમા દેવી	૩-૦૦
રહસ્યનગરી	શિવકુમાર જોષી	૪-૦૦
સેવાશ્રમ	જસવંત મહેતા	૩-૫૦
મંગલ પ્રભાત	ફાલ્ગુની મુખોપાધ્યાય	૮-૦૦
દેવદુલારી ૧-૨	શયદા	૮-૦૦
મા તે મા ૧-૨	,,	૧૦-૦૦
ચાલો સજોડે સુખી થઈએ	ચિનુભાઈ પટવા	૬-૫૦
આનંદ ભૈરવી	સારંગ બારોટ	૮-૭૫
રાગ વૈરાગ	,,	૪-૦૦
અગનખેલ	,,	૪-૦૦
સુજાતા	કાશીરામ ઠાકુર	૫-૭૫
જળપ્રલય	પ્રભાકર રાઊત	૩-૦૦
પ્રીત પરાઈ ૧-૨	કોલક	૧૨-૦૦
દ્વાર અને દિવાલ	કુન્દનિકા કાપડિયા	૪-૫૦
આત્મયજ્ઞ	સુરેશ ગાંધી	૪-૦૦
ગોર્કીની શ્રેષ્ઠ વાર્તા	ગોર્કી	૭-૫૦
ઊંધે ઘડે પાણી	જયેન્દ્રરાય દૂરકાળ	૩-૫૦
પ્યાર	ચન્દ્રકાન્ત બક્ષી	૪-૨૫
રોમા	,,	૩-૭૫
અભિશાપ	ખીમચંદ વોરા	૫-૦૦
રૂપરાણી	વજુ કોટક	૬-૨૫
છંપડી	પરાગ	૫-૭૫
ગૌરી ૧ ૨	કોલક	૧૧-૦૦
ઉરના એકાંત ભડકે બળે	ભદ્રકુમાર યાજ્ઞિક	૬-૦૦
મન મોતી ને કાચ	વિઠ્ઠલ પંડ્યા	૭-૫૦
વૈશાખી વાદળી	નંદકુમાર પાઠક	૫-૦૦
વસંતસેના	ગોરખ	૪-૭૫
અંગુલીમાલ	,,	૪-૦૦
બાવન પત્તે	કૃષ્ણચંદ્ર	૭-૫૦

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ. . ૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ : અમદાવાદ, ૧

માનવ મૂલ્યોની પુનઃ પ્રતિષ્ઠા ઝંખતું
સ્વતંત્ર વિચારધારાનું માસિક
ગુજરાતનું વિશિષ્ટ 'મોડર્ન રિવ્યુ.'

વિશ્વમાનવ (શરૂઆત ૧૯૫૮)

સંપાદક : ભોગીલાલ ગાંધી

અઢી વર્ષના ટૂંકા ગાળામાં પોતાનું વિશિષ્ટ સ્થાન
-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર

દર વર્ષે મોટી સાઈઝનાં આશરે ૨૦૦ પૃ.નો
અધ્યયનપૂર્ણ વિશેષાંક

નીચેના ગ્રંથો વિશેષાંક તરીકે પ્રસિદ્ધ
થઈ ચૂકયા છે.

વર્ષ ૧-"સર્વોદય વિજ્ઞાન"; વર્ષ ૨-માનવ અને પરમાણુ; વર્ષ ૩ ગુજરાત દર્શન, (ગુજરાતનો સર્વ સંગ્રહ)

(ઉપરાંત-" નેહરુ : અણુયુગનો સમન્વયક"-ના ૪ લેખો)

× × ×

દર અંકે આગવાં આકર્ષણ

મૂલ્ય વિચાર-(વિવિધ સમસ્યાઓનું વિશ્લેષણ)

કવિતાનો આસ્વાદ-(ગુજરાતના કવિઓની એક એક કૃતિનો વિવેચનાત્મક આસ્વાદ-પ્રા સુરેશ જોષીની કલમે)

કલાનો આસ્વાદ-(ચિત્રકલાનો ઉદ્ભવ અને વિકાસની ચિત્રમય શ્રેણી-ગુલામ મોહમ્મદ શેખ)

સાહિત્યસ્વામીઓ અને આલોચન-(ગુજરાતને ઘડનારા સર્જકો અને ગ્રંથોની અભ્યાસી લેખમાળા-સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ)

વિજ્ઞાન ચિંતન-(વિજ્ઞાનની ઘટના અને સમસ્યાઓનું નવનીત : સં. ડૉ. મધુકર શાહ)

હમ બેચૈન હૈં-(અજંપાથી ભરેલા હૃદયવેધક પ્રસંગો)

પહેલું પાનું-(સદા સંઘરવા રમરવા જેવા વિચારો)

કવિતા-(ગુજરાતની નવી સર્જાતી કવિતાનો ગુચ્છ)

વાર્ષિક આશરે ૭૫૦ પાનાનું વાંચન

લવાજમ રૂ. ૭-૦૦

છૂટક નકલ રૂ. ૦-૧૨ ન. પૈ.

ચેતન પ્રકાશન ગૃહ (પ્રા.) લિ.
રામજી મંદિર પોળ, વડોદરા.

વિશ્વમાનવ સ્વાધ્યાય ગ્રંથ શ્રેણી

(આ સાહિત્ય વિશ્વ માનવ ગ્રાહકોને વિશેષાંક તરીકે પ્રાપ્ત થઈ ચૂકયું છે.)

[૧]

ગુજરાત દર્શન

ગુજરાતી પ્રજા, ભાષા, સંસ્કાર, શિલ્પકળા, નાટ્ય, સાહિત્ય, ઇતિહાસ, સંસાર, ઉદ્યોગ, વિજ્ઞાન, આદિ ક્ષેત્રોના નિષ્ણાતોના આધારભૂત ૨૫ લેખોનો સંપૂટ.

પૃ. ૬૪૨ (૩૨ આર્ટ પ્લેટ) રૂ. ૯-૦૦

[૨]

નેહરુ : અણુયુગનો સમન્વયક

લે. ભોગીલાલ ગાંધી

નેહરુના સમસ્ત વિકાસ અને ચિંતનનું મૂલ્યાંકન કરતો માહિતી ગ્રંથ. પંડિત સુખલાલજીના પ્રવેશક સાથે

પાન ૨૦૦ રૂ. ૩-૦૦

[૩]

માનવ અને પરમાણુ

સંપાદકો :-ડૉ. મધુકર શાહ ... સુભદ્રા ગાંધી

પરમાણુનું સ્વરૂપ વિનાશક અને મહાયુદ્ધોની ભીષણતા, ભાવિ યુદ્ધની વિનાશકતા; ભવ્ય-સર્જક શક્તિની ભરપૂર માહિતી સાથે.

પા. ૪૬૦ રૂ. ૫-૫૦

[૪]

સર્વોદય વિજ્ઞાન

સર્વોદયનાં વિવિધ પાસાંઓ, માહિતીઓ અને દૃષ્ટિ રજૂ કરતો એકમાત્ર વિવેચન-ગ્રંથ.

પા. ૩૩૬ રૂ. ૩-૫૦

રૂ. ૧૫ માં ૪ ગ્રંથ-પોસ્ટેજ ફ્રી
"વિશ્વમાનવ"ના ચાલુ ગ્રાહકોને
આ ગ્રંથો બુક પોસ્ટ ફ્રી
૩૩⅓ ટકા કમિશનથી
(રજી. ખર્ચના ૦-૫૦ ન. પૈ. વધુ મોકલવા)

: પ્રાપ્તિસ્થાન :

ચેતન પ્રકાશન ગૃહ (પ્રા.) લિ૦
રામજી મંદિર પોળ, વડોદરા.

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ (રજીસ્ટર્ડ)

આયુર્વેદિક દવા

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧ કિંમતી અનેક વનસ્પતિઓમાંથી તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. રામતીર્થ બ્રાહ્મી તેલના નિયમિત ઉપયોગથી મગજના જ્ઞાનતંતુ તથા શરીરના ક્રિયાતંતુ બળવાન બનાવવામાં, માથાનો દુઃખાવો મટાડવામાં, આંખોની ગરમી ઓછી કરવામાં તેમજ દૃષ્ટિ અને યાદશક્તિ વધારવામાં, ગાઢ નિદ્રા લાવવામાં, ખરતા વાળ અટકાવવામાં, વાળ લાંબા કાળા અને તેજસ્વી બનાવવામાં, શરીર પર માલીસ કરવાથી ચામડીને તાઝગી આપવામાં તથા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામાં દરેક રીતે અનુકૂળ છે. દરેક ઋતુમાં દરેકને અનુકૂળ છે.

મોટી બાટલી રૂ. ૪=૦૦ * નાની બાટલી રૂ. ૨=૦૦ બધે મળે છે.
ટપાલથી મંગાવનાર માટે દેશ-પરદેશનું પોસ્ટેજ તેમજ પેકીંગ ચાર્જ અલગ છે.

ઉમેશ યોગદર્શન પ્રથમ ખંડ

લેખક :- શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

આ ગ્રંથમાં રોગી તથા નીરોગી સ્ત્રી-પુરુષોની તંદુરસ્તી સારી રાખવા માટે ૭ પ્રકારના મળ-શોધન કર્મ આસનો, માનસિક ઈલાજ, જલોપચાર, સૂર્યકિરણ ચિકિત્સા, આહાર ચિકિત્સા વગેરે અનેક શક્તિવર્ધક તથા રોગનિવારક ઘરમાં થઈ શકે તેવાં સુલભ સાધ્ય ઈલાજો બતાવેલ છે. આ ગ્રંથમાં ૧૦૦ થી વધુ ગ્લેઝ આર્ટ પેપર ઉપર આકર્ષક અને અત્યંત ઉપયોગી મળશોધન કર્મ તથા આસનોના ફોટાઓ છે. યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ છે. દરેક ઘરમાં, વાંચનાલયમાં, સ્કૂલ, કોલેજો, અને હોસ્પિટાલમાં રાખવા યોગ્ય છે. ફોટાઓ જોતાં તથા લેખો વાંચતાં સુખ અને શાંતિનો અનુભવ થતો જશે. ગુજરાતી-હિન્દી-મરાઠી-અંગ્રેજી ભાષામાં મળશે. પ્રત્યેક નકલની કિંમત રૂ. ૧૫-૦૦ પોસ્ટેજ ખર્ચ રૂ. ૨-૦૦ પૈસા મનીઓર્ડરથી મોકલશો. વી. પી. પી. કરતા નથી.

રામતીર્થ હિન્દી માસિક

શ્રી રામતીર્થ યોગાશ્રમ મુંબઈ ૧૪ તરફથી "રામતીર્થ" (માસિક) હિન્દી ભાષામાં દર મહિનાના પહેલા અઠવાડિયામાં પ્રગટ થાય છે.

સંપાદક : શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

આ માસિકમાં તન, મન, આત્મવિકાસ, યોગ, વેદાંત, ભક્તિ, ગીતા, કુદરતી ઈલાજો, યોગચિકિત્સા, માનસિક ચિકિત્સા સારા થયેલા દરદીઓના અનુભવો, બહેનોને જીવનને ખાસ ઉત્કૃષ્ટ અને અનુકૂળ થાય તેવા વિષયો રહે છે. પાનાની સંખ્યા ૧૩૦ થી વધુ હોય છે. વાર્ષિક લવાજમ રૂ. : ૪-૦૦ * છૂટક નકલ : ૪૦ નવા પૈસા. વાર્ષિક લવાજમ મોકલી તમે તમરા નકલ નિયમિત મેળવો.

શ્રી રામતીર્થ યોગાશ્રમ દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઈ ૧૪ (ભારત)

ટેલીફોન : ૬૨૯૯૯ ★ ટેલીગ્રામ : 'PRANAYAM'—BOMBAY-14. Cory RYM

અમારાં વિશિષ્ટ પ્રકાશનો

શિવકુમાર જોષી

● **કંચુકીબંધ** — નવલકથા — રૂ. ૬-૦૦

● **અનંગરાગ** — નવલકથા — રૂ. ૯-૫૦

● **રહસ્યનગરી** — નવલિકાસંગ્રહ — રૂ. ૪-૦૦

● **રજનીગન્ધા** — નવલિકાસંગ્રહ — ૪-૦૦

● **ઘટા ઘીરી ઘીરી આઈ** — ત્રિઅંકી નાટક — રૂ. ૨-૫૦

● **દેવદાસ** — ત્રિઅંકી નાટક — રૂ. ૨-૫૦

● **એકને ટકોરે** — ત્રિઅંકી નાટક — રૂ ૨-૦૦

ચન્દ્રકાન્ત બક્ષી

● **રોમા** — નવલકથા — રૂ. ૩-૭૫

● **પડઘા ડૂબી ગયા.....** — નવલકથા — રૂ. ૪-૦૦

● **પ્યાર** — નવલિકાસંગ્રહ — રૂ. ૪-૦૦

જયંતી પટેલ

● **નેતા અભિનેતા** — ત્રિઅંકી પ્રહસન — રૂ. ૨-૫૦

ધીરેન્દ્ર દેશી

● **નીલા** — નવલકથા — રૂ. ૨-૨૫

● **માનસર** — બરકત વીરાણી-'બેફામ'ના પ્રથમ ગઝલ, મુક્તક, નઝમ સંગ્રહ—દ્વિરંગી મુદ્રણ, અભિનવ રૂપરંગમાં — રૂ. ૬-૦૦

★ **સ્વાતિ પ્રકાશન** ★

૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ

મુંબઈ, ૩


દેવમંદિરો તથા પવિત્ર પ્રસંગોએ વાપરવા
ખંભાતવાળાની પરીછાપ
કોહીનુર
અગરબત્તી અને દશાંગ ધૂપ
વાપરો
ટે.નં.૫૨૮૦૨ ગ્રામ 'લોમા'
એમ.એમ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ-૧

અંક ૪ : જુલાઈ '૬૦ — 'ઊર્મિ' : વર્ષ ૩૧
સળંગ અંક ૩૬૪ — 'નવરચના' : વર્ષ ૨૫
સમાજમાં સંસ્કાર અને સાહિત્ય પ્રેરતું સામયિક

ઊર્મિ-નવરચના

ક્રમ

લેખક	લેખ	પાનું
ઘ	સ્વાર્થ	૭
'સુધાંશુ'	આષાઢ ઘા દુઝતો...	૮
'મીનપિયાસી'	અલગારી	૮
પ્રો. 'મધુરમ્'	ત્રિદળ	૮
મા ડૉ. મહેન્દ્ર ન. પંડ્યા	હું ઊભો'તો કોક નાના સ્ટેશન પર .	૯
'પારાશર્ય'	સરસ્વતીને	૯
'રાજહંસ'	સમયના ક્ષીર-નીર	૧૦
એલેક્ઝાંડર ઓબુખેવ	આસમાનનાં રહસ્યો	૧૪
મુનિપુણ્યવિજયજી	ગુજરાતની જ્ઞાનસંપત્તિ	૧૫
ઈશ્વર પેટલીકર	આ બાજુપર તે કેવું !	૧૬
શિવકુમાર જોષી	'વય તત્ત્વાન્વેષા !!'	૨૧
ઈશ્વરભાઈ પટેલ	માન્યામાં નહીં આવે [૨]	૨૪
મધુરત ક૦ દેસાઈ	બીજા શિકરી પંખીઓ	૩૨
રામુ પંડિત	સલામ અમેરિકા !	૩૫
'સેવકરામ'	પસીનાનો નોરતો	૩૯
એલિઝાબેથ બર્ડ	હું કાળા હૈયા	૪૨
શશિકાન્ત ચી જરદોસ	ઉર્દૂ કવિ પંડિત હરિચંદ 'અખ્તર'	૪૬
રજુકુમાર પટેલ	લોહીના કુંડા	૪૯
રીચાર્ડ બી ગ્રેગ	દંતકથાઓનું મહત્ત્વ	૫૩
જયન્તિકા પરમાર 'સુમંગલા'	ગૃહમંગલ	૫૫
	બાળકમાં જાતીય સભાનતા	૫૬
	ઉતાવળને પ્રતાપે	૫૭
	વિકૃતિનું વિશ્લેષણ	૫૮
પ્રા ઈન્દ્રવદન કા૦ દવે	ત્રણ નવા પુસ્તકો	૬૦

★

સૂચના

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા પરદેશમાં દશ રૂપિયા (શિ ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે
* વરસમાં એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે
* વી પી થી લવાજમ વસૂલ કરવામાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે લવાજમ પૂરું થયાની નોટિસ મળે ત્યારે ગ્રા ન અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૫ નવા પૈસાની ટિકિટો બીડવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા ન લખવો ખાસ જરૂરી છે.
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જોઈતી ટિકિટો બીડવી જરૂરી છે એ સિવાયના અસ્વીકૃત લખાણો પંદર દિવસ પછી રદ કરાય છે
* જાહેરખબર માટે, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું —

'ઊર્મિ—નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ ,
૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક ઈશ્વરલાલ મો દવે, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ , ૬૪, ગાંધીરોડ ફર્નાન્ડીઝ બ્રિજ, અમદાવાદ, ૧
મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ

સ્વાર્થ

માણસમાં સ્વાર્થાંધતા કેટલી ઊંડી ભરી પડી છે એની ક્યારેક પ્રતીતિ થાય છે ત્યારે માણસજાતમાંથી વિશ્વાસ ગુમાવી બેસીએ છીએ. માણસ પર વિશ્વાસ રાખે એ ભલે સાચા આસ્તિક કહેવાતા હોય પણ સ્વાર્થાંધ માણસો પર તો વિશ્વાસ ન રાખવામાં જ આસ્તિકતા સમાયેલી નથી? જ્યાં સુધી સ્વાર્થ માટે સામાને ખુશ રાખવાની બધી જ તરકીબો જારી રખાય અને કામ પત્યું, સ્વાર્થ સર્યો અથવા કોઈ કારણસર એની સાથે કાંઈક વાંકું પડ્યું કે તરત જ બધું વિસારે પાડી દેવાય છે, કેટલુંય મેળવેલું ઘડીના છઠ્ઠા ભાગમાં ગુમાવી દેવાય છે! માણસનું આ તે કયા પ્રકારનું સ્વાર્થી માનસ? સ્વાર્થ સાધવા માટે માણસે આટલી બધી નીચી પાયરીએ ઊતરવું પડતું હોય એ તો એની મોટામાં મોટી કમનસીબી કહેવાય તો પછી સામા પાસેથી કામ કઢાવતાં કે સામી વ્યક્તિનો બધી રીતે કસ કાઢતાં પહેલાં પણ પૂરતો વિચાર કરવો ન જોઈએ? માણસ એ વિચારશીલ પ્રાણી છે, વિચારોને આચારમાં મૂકતું આચારશીલ પ્રાણી છે, આચારને વ્યવહારુ બનાવતું વ્યવહારશીલ પ્રાણી છે અને છતાં વિચાર, આચાર, વ્યવહાર બધું નેવે મૂકીનેય પોતાનો સ્વાર્થ સાધી શકે છે એ કેવી કરુણતા! વ્યક્તિએ વ્યક્તિએ વિચાર અને વહેણ બદલાય એ હજુય સમજી શકાય. પણ સ્વાર્થની સાંકળ તો કેવા આ કોઠાબદ્ધ હોય છે! એ દરેક આંકડો ઈચ્છીએ તોય ઘસાયેલો જોવા નથી મળતો. પોતાનું-પરાયું પણ એ જ સ્વાર્થ પાસે કેટલું જલદી અદૃશ્ય થઈ જાય છે? સ્વાર્થી વૃત્તિ માણસને તદ્દન હીન કે હલકટ ન બનાવી દે એ નજરે દેખાય છે એટલે કે સ્વાર્થી માનસ જલદી માણસમાંથી નીકળી શકતું નથી. પણ સ્વાર્થી માણસનો સ્વાર્થ બીજાની નજરમાં તરત ચડી જાય છે. અને ત્યારથી જ સ્વાર્થી માણસ બીજાની નજરમાંથી ઊતરી જાય છે. ગમે તેટલું માન-ગૌરવ હોય એ બધું એ જ ઘડીએ અદૃશ્ય થઈ જાય છે. માણસનું માનસ ક્યારેક આ બધું કરવા તરફ નફરત કેળવે છે એ ખરું. છતાં સ્વાર્થની ગંધ કોઈ સહન નથી કરી શકતું, સ્વાર્થીની સાથે પનારું પાડવા કોઈ ઈચ્છતું નથી.

★

ચિત્રાંકન: ઈશ્વરલાલ મો. દવે
સંપાદક: જયન્ત પરમાર

'સુધાંશુ'

આષાઢ ધા–દૂઝતો છ

કપૂરધવલ વીજળી લોલ લ્હેરે ને
મેઘ રુવે એના રજનીરુંગાએ રે;
આષાઢ ધા–દૂઝતો છ!
કેવડો કે કેતકી, મુદમદ કૌમુદી
કાળજ–કોરો તેજે એ સતણી રે;
આવી આવીને વીંઝે શ્યામલઘનઘેરા
જાણે વાદળને રહી છે અજાણી રે;
આષાઢ ધા–દૂઝતો છ!
માલતી મૃણાલી શો છેડલો ફરુકે
ઘન–આંધીએ ઓગાળીએ ઊજાળે રે;
નીરભર્યાને જોબન–ખબરૂ નથી ને
એ તો ગાજે ઘેન સાગર પરવાડે રે;
આષાઢ ધા દૂઝતો છ!
મંદ્ર સૂરે ઝરમરું, ગર્જન ગિરનારી કરુ,
બપૈયા ચાવડના તારે સૂણુ રે;
વીજળ! અછડતો પાલવ પલકો એવો કે
તારા પલવટ–સંગાથે સદા સૂણું રે;
આષાઢ ધા–દૂઝતો છ!

★

'મીનપિયાસી'

અલગારી

હું અલમેલો અલગારી,
કદીક લૂગડાં લઘર વઘર ને, કદી કરું શણગારી,
—હું અલમેલો
કદીક નાચું નગરજનોમાં, કદીક રાચું રણમાં.
કદીક હસું છું હજાર વચ્ચે, કદી રડું છું વનમાં,
મને જનતામાં નિર્જનતા લાગે, વગડે વસ્તી મારી
—હું અલમેલો
દુખ મને બહુ દાંત કઢાવે, સુખમાં રડી પડું છું.
દિનભર હું સૂતો સપનામાં, રાત પડે રઝળું છું
શરણાઈઓના સૂર વિનાની, ચડે ગેરીએ સ્વારી
—હું અલમેલો
દિલનાં દોલક ધડૂકનાં તો દુનિયા ડોલે સારી,
ખુદા કહે 'જા, ખુદાબખસ છે, ખલક બધી આ તારી'
દોકા જેવી કિંમત, તોયે અધાની છે યારી–
—હું અલમેલો
મોટા માને મૂરખ મુજને, બધા ગણે છે બાધો
શંખ ગણે છે શાણા, તેથી રહું હમેશાં આઘો,
શબ્દનાદથી વિશ્વ ગજાવે, વિષ્ણુ કરમાં ધારી
—હું અલમેલો

★

'મધુરમ'

ત્રિદળ

કર્મ

છાયા હમેશાં અલગી ન થાતી
નથી જુદી એ જન–ચીજથીયે
યથા જ કર્મો શુભ હોય પાપો
દિસે ન વૃક્ષે ફળ કાળ પહેલાં.

માનવતી તે

દેવો બને જે જન પુણ્ય કાર્યો
કરે, બને તે પશુ પાપ–માર્ગ
પ્રથી રહે, માનવ જિંદગીમાં
ઝરે દયા પ્યાર જ માનવી તે.

ના ધરે

ના ભાવનાએ જન સર્વ વાણી
બની જ સાકાર સ્વરૂપ પામે,
જેવી લહેરો દરિયા તણી તો
બધી ધરે વાદળ રૂપ ના જો.

★

આ. ડૉ. મહેન્દ્ર ન. પંડ્યા

હું ઊભો'તો કો'ક નાના સ્ટેશન પર....

હું ઊભો'તો 'કો'ક નાના સ્ટેશન પર
જ્યારે ઊષાકાળના ઝાંખા ઊભરાના તેજમાં
મેં જોયાં પ્રકાશકિરણો દૂરથી, સુદૂરથી:
જે પલકમાં પૂર્ણ ચન્દ્ર સમા મંડળને
ખેંચી લાવ્યા મારી પાસ ..
અને ઘૂઘરતા પાણીના વેગવાન
પ્રચંડ ધોધસમી મારી દૃષ્ટિમર્યાદામાંથી
પસાર થઈ
ને મહાકાય સ્યામ ગર્જતી સશક્ત રેલગાડી

*

હું ઊભો'તો કો'ક નાના સ્ટેશન પર
અને મેં જોઈ રેલગાડીને વિદ્યુતસમી
શૂન્યમાંથી મૂર્ત થતાં અને શૂન્યમાં ફરી વિલીન થતાં,
સહસ્ર માનવસમુદાયને વરાળવેગે લઈ જતાં,
અને સ્ફુર્યો મને એક વિરાટ વિચાર
કે, માનવ બુદ્ધિ શું અગાધ નથી !
વિજ્ઞાન શું એક અપાર શક્તિ અને અમોઘ
શસ્ત્ર નથી !
પરિવર્તન અને સર્જનની અખંડ સોનમયુ આ
વિજ્ઞાન
આશીર્વાદ અને શાન્તિ, પ્રગતિ ને પ્રેમને પંથે જ
ન વિચરે ? ન વિચરે ?

*

હું ઊભો'તો કો'ક નાના સ્ટેશન પર
પેનિસીલીન, અણુશક્તિ, અવકાશરોકેટ અને
રેડિયો,
ટેલીવિઝન અને વિમાન, ફિલ્મ અને કૅમેરા,
સબમરીન અને પ્રેસ ..
વિજ્ઞાને આ શક્ય બનાવ્યું:
માનવે આ પ્રાપ્ય બનાવ્યું:
અને
જ્યાં આ વિજ્ઞાન અને આ માનવ
આશીર્વાદને બદલી શાપ શા માટે વહોરે છે ?
શા માટે ?
આ વિચારમાળા મારા મન પર વિદ્યુતસમી
ચમકી ગઈ,
હું ઊભો'તો કો'ક નાના સ્ટેશન પર

*

નવું પ્રભાત, નવો પર્વ, નવા મંઝિલો આજે
ઉદય થાય છે ગુજરાતમાં
જ્યાં સૈકાઓથી અસંખ્ય સંતની અનંત
પ્રેરણા જન્મી અને પાંગરી
જ્યાંના સાબરમતી, દાંડી, બારડોલીએ
શીખવ્યા મન્ત્ર જગતને અહિંસા અને સ્વાતંત્ર્યના,
—જેની રજ અને રમણો પણ યુગો માટે
પૂજ્ય છે—
—જ્યાં સ્ત્રીપુરુષોએ બલિદાન અને સહનશીલતાથી
યશપુંજ પ્રાપ્ત કર્યાં છે.
—જ્યાં વિદ્યા–કલા–વ્યાપારમાં–સંસ્કારમાં પગલાં
માંડ્યાં છે
તે યુગપુરુષોમય ગુજરાત ઉપયોગ વિજ્ઞાનનો
સત્–ચિત–આનન્દ માટે કરશે, કરશે જ—
મને એમ શ્રદ્ધા થઈ જ્યારે
હું ઊભો'તો કો'ક નાના સ્ટેશન પર.

★

'પારાશર્ય'

સરસ્વતીને

રો તો રો મુજને સરસ્વતી તમે સંપત્તિ તો આપવી
કે આવે શુભ કાવ્યનો પ્રિય સુધા આગામવીં આંગણે
આપી માન સુખાસને કુળજોં શાલો નવા રોપિયો
પ્રેમી ભાગ્ય પ્રસન્ન ને ઊભરે રોષા કરું ચીન્તો.

★

'રાજહંસ'

સમયના શોર-બકોર

બહુમતી અવાક્ છે

ટોકિયોમા આઈઝનહાવરની મુલાકાત તથા જાપાન અમેરિકા વચ્ચેની સંધિ સામે ઉગ્ર દેખાવો થયા એ બનાવોની વધારે ચર્ચા થતી જોઈએ કેમકે એશિયામા આવા પ્રસંગો વધવાના છે જે ટોકિયોમા થયુ તે જુદા જુદા રૂપમા મુબઈ કલકત્તામા ક્યા નથી થતુ ? હવે એનુ પ્રમાણ વધી જાય એમા શકા નથી

આઈઝનહાવર એક દેશના પ્રમુખ હતા રાજઅતીથિ તરીકે આવતા હતા પરતુ એમની પ્રતિષ્ઠા તોડી પાડવા મોટી ઝૂબેશ ચાલી કહે છે કે એમા લાખો માણસો—સ્ત્રીઓ અને પુરુષોએ ભાગ લીધો એ દેશના ચૂટાયેલા વડા પ્રધાનને મૂઝવી નાખ્યા અને પ્રમુખની મુલાકાત રદ કરાવી ત્યાના રાજકુટુબની આમન્યા પણ તૂટી

એ લાખો માણસોએ એમનો અવાજ બુલદ કર્યો રસ્તાઓ ભરી દીધા, ત્યાની પાર્લામેન્ટ ઘેરી લીધી એવુ વાતાવરણ ઊભુ કર્યુ કે જાણે જાપાનમા એમનો જ મત ખરો છે, સાચો ને ન્યાયી પણ છે

બીજા લાખો આ વાતને પસદ નહોતા કરતા છતા એ ચૂપ રહ્યા કોણ ધર્ષણ વધારે ? એથી તો દેશમા આતરિક કલહ ઘણો વધી જાય ને પ્રજાની તાકાત વેડફાય એમની સમજદારી અને સૌજન્ય હોવાથી ઉત્પાતો નિવારી શકાયા ત્યાની પોલીસે પણ ખૂબ સયમ બતાવ્યો

પણ આવી સમજદારી સૌજન્ય અને સયમ બોલકા નથી બનતા એટલે એ કુઠિત થઈ જાય છે એમની શક્તિ હણાય છે વિના કારણ ક્ષોભ પણ ઊપજે છે અને વિના અપરાધે પોતાને જ સજા થઈ બેસે છે સારી કેળવેલી માન્યતાઓ ઉપર ફટકા પડે છે ત્યારે લાચાર બની જોઈ રહેવુ પડે છે

સસ્કૃતિની આ લાચારી છે વર્ષોના યત્નથી અનેકની પ્રેરણાએ અનુભવે ભાવનાએ જે શિરસ્તાઓ રચ્યા હોય તે ધૂળમા મળે છે તરગી ઉતાવળિયા યુવાનોની ધીંગામસ્તીમા વડીલો બખેડાઓમા ઊતરતા નથી ખમી લે છે

બે પાચ દિવસની ધાંધલ અને પછી બધુ થાળે પડે છે ત્યારે તો પેલા ધીર વડીલો જ બોજ ખેંચવા આગળ આવે છે પણ દરમિયાન એમની ખામોશીને લીધે કેટલુય અસ્તવ્યસ્ત થઈ જાય છે

બહુમતી બોલતી નથી

સજ્જનોની સ્મશાન શાતિ

મુબઈમાં એક લખનવી ટોળકી એવો નીકળ્યો કે હેટ ઉતરાવો ને બાળો ભલા પારસીઓને રોમી નમાવી ટોળા રીઝવ્યા પછી બીજે વર્ષે ટોળી નીકળી ને ધોળી ખાદીની ટોપી ઉતરાવી બાળી ત્યારે ટોળા તો મોટાં હતા પણ એમનાથી ઘણી મોટી સખ્યાને એ કબૂલ નહોતુ એ સજ્જનો હતા ને તેથી નિર્માલ્ય બન્યા હતા

સામ્યવાદીઓ ધાકધમકીઓ ને શોરબકોર અજમાવી દેશના ઉદ્ધારકનો સ્વાગ ઘણીવાર પહેરી લે છે લાખો માણસો એમણે વર્તાવેલી ગેરવ્યવસ્થાના ભોગ બને છે પણ ભગતીના તોફાની ઉકળાટથી એ દૂર રહે છે ટક્કર આપવાનુ મુનાસીબ લાગતુ નથી

દિલ્હીના કોનોટ સર્કસ જેવા જાણીતા વિશાળ લત્તામા તોફાન મચાવનારાઓએ એક જણને ગાડીમાથી બેંચી કાઢી મારી નાખ્યો ત્યારે બસો જેટલા નાગરિકો માત્ર

પ્રેક્ષક તરીકે રહ્યા એમાના ઘણાની આતરડી કકળી ઊઠી, પણ એ અવાજને સક્રિય બનાવી ના શક્યા એમના મગજમા ત્યારે ઘણા વિચારો ઊઠ્યા હશે અને પરિણામે એ હતભાગીનુ ખૂન થયુ એમ એમની ભની લાગણીઓનુ એ સમયે ખૂન જ કરી નાખ્યુ

સજ્જન વર્ગ નિર્વીર્ય છે

ઊતર્યા હડતાળ ભવાની મા

એકની હડતાળના પડઘા શમ્યા ત્યા તો ગોદીની હડતાળ શરૂ થઈ ને વેના 'રાષ્ટ્રીય કામદારો' પણ હડતાળની આરાધના કરી રહ્યા છે સરકારી નોકરો પણ એ વાટે ઉનનસાફલ્ય જોઈ ગ્યા છે એક શરૂ કરશે એટને સહાનુભૂતિમા બીજા પણ તૂટી પડશે દબાણ લાવશે

નિર્દોષ આંદોલનમા ચટિગની પ્રતિષ્ઠા થઈ છે અને દેશભરમા હડતાળ ભવાની ઊતર્યાં છે એના હાજરા હજૂર કે જે ધૂણતા ખેમે એનામા એ ઊતરે છે ને એ પ્રસન્ન થાય છે આપણા તન દેવી પ્રગટ થાય એટને ઘર ઘર પૂજવા માડે છે અને માડી સાથે વાટાઘાટો કરવા ઊતરી પડે છે, ડગમગવા લાગે છે હડતાળો બધી જ ન્યાયી ગણાય એ પણ મનાઈ છે ને! દુનિયા ભરના જાત જાતના હકો આપણો દેશ આપી શકે એ પણ કેવી ખૂબી છે! લડીને એ હકો મેળવનારા બધા 'જનતા' અને એ હકો લાભો, દાવાઓ ચૂકવનારા તે સહુ પારકા પડાવી જનારા ઉઘરાણીરો, રસ્તીનની ભાષામા 'શાહીવાદીઓ'!

છૂટકો જ નથી હડતાળ ભવાની ઊતર્યાં છે ને ટકી ગયા છે એમને થાળ ધરવા જ પડશે કોણ એમનુ વિસર્જન કરે? મુંબઈના શાંતિવાન શાહ કે દિલ્હીના ગુલઝારીલાલ નંદાનુ એ ગજુ નથી લશ્કરી દોર આગળ જ આવી દેવીઓ ચૂડીઓ ફગાવીને નાસવા માડે કોને ખબર આ 'ભવાની' આ જ દેશમા લશ્કરી શક્તિને જગાવી એવી પ્રવૃત્ત નહિ કરે!

વિદ્દી લશ્કર ગાડુ છે, શિસ્તવાળુ છે પણ દેશની ખાનાખરાબી થતી હોય ત્યારેય સજ્જનોની નિર્વીર્યતા 'દાખવી'શાંત રહે એવુ નિશ્ચિત નથી એ શક્તિનેય આવાહન નહિ જ થાય એમ ગણી માની લઈએ!

મત્રદર્શન પાછળ યત્ર ક્યાં છે?

સુરતમા નેહરુએ ૪૦ કરોડને રોજ એક કલાક દેશ કાજે આપવા કહ્યુ એ કલાકની 'સેવા' થાય તો કેટલુ બધુ કામ નીપજે, દેશ કેટનો બધો આગળ વધે! એમને કેમ દેખાયુ નહિ હોય કે લાખો લોકો રીઓ 'સેવા'નુ કામ રોજ રોજ કરી રહ્યા છે એનુ પરિણામ તપાસવા રાષ્ટ્રીય કમીશન તો નહિ નીમવુ પડે ને!

એક ઘણો સરસ વિચાર દેશ—માટે રોજનો એક કલાક! પણ નેહરુના ઘણા ઉમદા વિચારો માફક ત્યા ઊગીને ત્યા જ કરમાઈ જવાનો! એ બાપ! આ ઉજરીવાની ને ફેમીસાની ફિકરમાથી છૂટે ત્યારે ને! એક કલાક શુ પાચ જ મિનિટના હિસાબે દેશવાસીઓ પાસેથી કામ લઈ શકાય તો કેટલુ બધુ કામ નીપજે? પણ કયુ કામ, કેવી રીતે કરવાનુ એનુ નિરાકરણ કોણ કરે? વિનોબાએ તો બાધે ભારે કહી રાખ્યુ જ છે ને કે લોકોને ફાવે તે માર્ગ અપનાવે, એ રીતે લોકશક્તિ ખીલે! આવી વાતો શરૂ કરવી ને પછી ત્યા જ છોડી દેવી એ અક્ષમ્ય છે, પ્રજાને મૂઝવનારી છે

એની સામે બીજો દાખલો જોઈએ ચીનની મુલાકાતે મોન્ટગોમરી જઈ આવ્યા એમણે લોકોને સવારે કસરત કરતા જોયા કારખાને જતા માણસો પણ દોડતા, વચ્ચે મુકરર કરેલા સ્થળે કસરત કરતા જોયા કહે છે કે ત્યાના પ્રમુખે એમને એવો આદેશ આપ્યો છે, એનો અમલ પણ કર્યો છે

આપણે 'મત્ર'ના પ્રભાવમા વધારે રાચીએ છીએ સૂઝ્યુ—દર્શન થયુ—એ જ કેમ જાણે પૂરતુ થાય છે એ મત્રના ઠેર ઠેર યત્ર ચાલે તેવા શિરસ્તાનો આપણે આગ્રહ કરતા નથી મત્રના જાદુને કામિયાબ બનાવવા એને યત્રનુ વહન આપી શકતા નથી, અનુષ્ઠાનો સૂઝતા નથી

ને એમ મોના મત્રો સુષુપ્ત અવસ્થામા સડ્યા કરે છે!

બે પાંખો સમતોલ નથી — રાષ્ટ્રનું શું?

હમણાં એક બીજી જરૂરી વાત નેહરુએ પ્રકાશમાં મૂકી છે એમને દેખાયું છે કે કોન્ગ્રેસની અંદર એક વર્ગ ધારાસભાભિમુખ છે ને બીજો એના સ્વપ્ના સેવનારો છે જે છે તે ધારાસભામાં છે, એના વિના સ્વર્ગ નથી પછી મોક્ષ તો સાંભરે જ કેમ!

કોન્ગ્રેસની બે પાંખો—ધારાસભાની અને લોકસંપર્ક આ બંને વચ્ચે હરીફાઈ છે અદેખાઈ પણ હશે અસલી સત્તા ઉપર બંનેને કાબૂ જોઈએ છે એટલે જે કક્ષામાં ભરાઈ પડાયું હોય એનું સમર્થન થવાનું કોન્ગ્રેસના પ્રમુખો દેશના કે પ્રદેશના એ સહુને વધારે હક મેળવવા છે પણ પ્રધાન થવાની તક મળે તો બીજાની 'સનાદ' ખૂંચે છે, એમાં 'દૂષણ' દેખાય છે રોગની ચિકિત્સા થઈ ઓળખાયો પણ ખરો હવે એના ઈલાજ શા કરવા? કે શું કામ કરવા?

કહે છે કે ચીનના નાયબ પ્રધાનો મહિનો માસ મજૂરી કરવા સ્વેચ્છાએ નીકળી પડે છે એ રીતે તેઓ લોકસંપર્ક જાળવી તો શકે શ્રમની પ્રતિષ્ઠા પણ વધારે શ્રમનું આર્થિક મૂલ્ય વધારીને એનું ગૌરવ કરવું એક વાત છે, અને એનું સામાજિક મૂલ્ય વધારવું એ જુદી વાત છે પહેલી રીત આપણે દેશમાં અજમાવી છે બીજીને સાવ વિસારે પાડી છે કેમ જાણે એનો માળ રજૂ પામ્યો નથી

આપણે સનાદ તો આપીએ રોગ જવાની એમ જાણીને પણ આપીએ એ પણ એક પ્રકારની 'સેવા' જ થઈ ને! આપણા પ્રધાનોની મોટર કે વિમાનની મુસાફરીઓની કોઈ અદેખાઈ કરતું નથી છતાં લોકોને નવાઈ લાગે છે કે ક્યારેય ટ્રામ-બસમાં કે રેલ્વેના થર્ડક્લાસમાં તેઓ કેમ દેખાતા નથી! એ લોકો ધનપતિઓના 'સુપુત્ર' કે 'સુપુત્રી'ના લગ્નસત્કારસમારંભોની શોભામાં જ કેમ અભિવૃદ્ધિ કરતા રહ્યા છે સામાન્ય જનતામાં એમના કોઈ પરિચિતો છે જ નહિ શું? કોઈ વાર જાહેરસમારંભોમાં પાછળ બાંકડે આવીને બેસતાં એમને કોણ રોકે છે—પ્રતિષ્ઠા! તો એ પ્રતિષ્ઠા વીંછીનો આંકડો થઈને બેઠી છે એમ પણ આપણે માનવું રહ્યું

મોરારજીએ મુંબઈમાં ઑપરેશન કરાવેલું ઑપરેશન બહુ જોખમી નહોતું પણ મુંબઈ આખાએ જાણે રાન કરાવ્યું હોય એવું વાતાવરણ બનાવી દીધું હમેશની ટેવ જ 'સ્વેચ્છા એ આવી ઊભી, ચૂંટણીનો છૂટવા કોને ખબર મંદિરોમાં પ્રાર્થનાઓ પણ થઈ હશે અને આ બધું એક નિરભિમાની નિરાડંબરી પ્રાયશ્ચિત કરનાર સ્વધર્મી સાદા પ્રધાન માટે? જ્યારે કૃપાલાનીની એક વખત હરસના ઑપરેશન માટે પરેલની હૉસ્પિતાલમાં દાખલ થયા ત્યારે બીજે કે ત્રીજે દિવસે જ ત્યાંના દાક્તરોને ખબર પડી વિવાદવાળાને સાટે માંદે કે હરવે ફરવે જ્યારે વૃત્તિઓ સ્થાનની શોભા જાળવવા મથતી જ રહે ત્યારે સંસ્થાની બંને પાંખો સમતોલ ક્યાંથી રહે? ને દેશની નજર આગળ ઉમદા દૃષ્ટાંતો પણ કેમ ના ઝંખવાય!

રાષ્ટ્રનું બજેટ તેવું વ્યક્તિનું

અર્થશાસ્ત્રમાં એક નવી શોધ થઈ છે આવક વધે તેમ તે કરતા ખર્ચ વધારે વધે એટલે આવકે એને પહોંચી વળવા હમેશ મથતા રહેવું જોઈએ ને જેમ વ્યક્તિનું તેમ રાષ્ટ્રનું આપણે ત્યાં બજેટો તૈયાર થાય છે તે ખર્ચનું બજેટ હોય છે આવકનું નહિ આવક તો આમથી તેમથી ધમપછાડા કરી ઉમેરી લાવવાનું સરકાર પાસે કાયદાની એવી સત્તા છે એટલે એ ઘસડી લાવે તે નૈતિક ગણાય અને વ્યક્તિઓ પાસે એવી સત્તા નથી એટલે અનૈતિક ગણાય એમાં જે ચાલાક હોય તે ધાર્યું કરી જાય ધન મેળવે બચત પણ બતાવે ને એમાંથી સારો એવો 'ધરમાદો' કરી નામ (કે પુણ્ય?) પણ કમાય

બાકી નવા સિદ્ધાંત પ્રમાણે ખર્ચને પહોંચી વળવા આવકે મથવાનું હોય તો નાની કે મોટી બચતનો સવાલ જ ક્યાંથી સંભવે?

અને બચત કરી કરીનેય શું! જેણે બચતો કરી રાખી હશે તેઓ વિચારતા હશે ને કે ૫૦ના ભાવનું સોનું

હતુ ત્યારે વીમામા બચત કરી કે સરકારી જામીન ગીરીઓમા રોકી પણ હવે તો રૂપીઆનો ભાવ ત્રણ આને પહોચી ગયો એટલે ઘડાના કળશિયા જ થયા ને !

પણ આવક પ્રમાણે ખરચ કરવાનો જમાનો ક્યા જતો રહ્યો ? સરકારે જ એને કાઢી મૂક્યો, એમ ને ? રાજ્ય જેમ જેમ નવી આવકો શોધી 'કલ્યાણ' કામ કરતુ રહે તેમ કુટુબો પણ અવનવી આવકો શોધી ખરચના પાસાને સરખા કરતા મથી રહે લોકો કાજે એ પદ્ધતિ ખોટી છે એમ ઘટાવતુ હોય તો ફેરફાર બજેટથી થવો જોઈશે, 'લીડ' એણે લીધી છે એટલે હવે પણ લેવી જોઈએ એ આશા જો કે નિરર્થક છે અવનવા કરવેરા શોધવા નાખવા ઉઘરાવવા ને ખર્ચવા એ રાજ્યનો એક શોખ ને ફેશન થઈ પડ્યા છે અને બજેટનો ફુગાવો વધતો જ રહેવાનો છે વ્યક્તિઓએ એની પાછળ તણાવાનુ એમા નવાઈ શી ને દુઃખ પણ શાને કરવુ ?

લગ્ન-ઉજવણી પર નવો કર

પાકિસ્તાનમા સિયાલકોટની મ્યુનિસિપાલિટીએ લગ્નવેરો નાખવાની પહેલ કરી તે બદલ એને આપણે અભિનદન આપીએ

લગ્ન એ મોજશોખ નથી પણ એ પ્રસગની ઉજવણી શોખીન રીતે કરવામા આવે છે એમા શક નથી માણસ સ્વાભાવિક આનદ કરે તેને બદલે જ્યારે એ આનદનુ પ્રદર્શન કરી મોટાઈ મેળવવા ઇચ્છે ત્યારે એના ખરચ બિનજરૂરી અને કરવેરાને પાત્ર ઠરે છે બજેટ આ માર્ગે હોય ત્યારે સાદા ને ઓછા ખર્ચાળ લગ્ન ઉજવણી કરનાર પણ દડાઈ જવાના એ દેખીતુ છે લગ્નને કરપાત્ર ઠરાવવા બીજુ પણ એક કારણ છે વસતિ-વધારાની કાળજી કોરનારી સમસ્યાનુ એ પહેલુ પગથિયુ છે ત્યા જ ચેતવણી મળી જાય તો સારુ આપણે ત્યા ગુજરાતમા લગ્નવેરાને સામાન્ય બનાવી શકાય એવી સ્થિતિ નથી ઘણી પછાત અને ગરીબ કોમોના લગ્નને કર નડે કેમ બોજારૂપ બનાવી શકાય ? એટલે લગ્નવેરાને મ્યુનિસિપલ આવક તરીકે ખપાવવો જોઈએ, અને અમુક પછાત કોમોને એમાથી મુક્ત રાખવી જોઈએ એટલુ જ શા માટે, એવી કોમોની સયુક્ત ઉજવણી મ્યુનિસિપાલિટી તરફથી થાય અને રાજ્યની ઊંચી ખુરશીઓ દીપાવતી વ્યક્તિઓ એમા ઊમળકાથી ભાગ લેતી જોવામા આવે તો બહુ સારુ !

જીવનમાં જુગાર ક્યાં નથી ?

પ્રાઈઝબૉન્ડની યોજનામા જુગારનો અશ કેટલો ? આ વિશે ઠીક ચર્ચા થઈ લોકોએ એ યોજનાનો લાભ ધાર્યા કરતા વધારે ઉઠાવ્યો એ જ બતાવે છે કે એમા જુગારી દમનો લાભ મળે એમ છે

જુગારની ભડક રાખવી જોઈએ એનો હરામચસ્કો એક વાર લાગે તો ખેદાનમેદાન કરીને છોડે, કહે છે, હાર્યો જુગારી બમણુ રમે પરન્તુ ખોયેલા લાખ પાછા મેળવવા જતા બીજા લાખ ગરક થઈ જાય એનો જ વધારે સભવ છે એ વાતનો અશ એ જુગારની કાળી બાજુ છે, ચોકનારી બિના છે

પણ જુગારનીયે ઉજળી બાજુ કમ નથી ? એમાય સાહસ છે, ખેલદિલી છે જીવનમા પગેપગે માનવી જે નિર્ણય કરે છે એમા જુગાર નથી શુ ? લાભ કે નુકશાન—એમાથી પરિણામ તો એક આવવાનુ આખો વ્યવહાર જુગાર જેવો છે એ ખેલ્યા વિના પુરુષાર્થ થતો નથી લાભનો અશ વધારે રહે એવો વિશ્વાસ કોઈ આપી શકે નહિ દરીને વાહનાપ કરવાવાની થઈ, પણ દાક્તર ? એ નક્કી કરવામા જુગાર છે જ લેવેચમા તો હરેક સોદામા છે, પતિ કે પત્ની મેળવવામાયે જુગાર ક્યા નથી ? સફળતા મળી તો ઠીક, ને નહિ તો પાસા અવળા પડે !

જ્યા દરેક ક્રિયાનુ ફળ ઈશ્વરાધીન છે, અને એને જ સોપીને કર્મ કરવાના રહે છે ત્યા જુગાર—અચોક્કસ લાભની ક્રિયા—થવાની અને લાભ કોને નથી જોઈતો ? ફળની આશા વિના કરેલા કામ પણ સફળ નીવડે એ રીતે—કુશળતાથી કરવા જોઈએ એમ તો ખરુ જ ને !

ને તોયે પ્રાઈઝબૉન્ડ ના જુગારની ભડક, એ ના વ્યાજ માત્રની !

✱

એલેક્ઝાંડર ઓબુખોવ

આસમાનનાં રહસ્યો

આંતરરાષ્ટ્રીય ભૂ-ભૌતિક વર્ષ પૂરુ થયુ છે એ વર્ષના કાર્યક્રમમા વાતાવરણના ઉપલા થરોના સંશોધન તરફ ખૂબ ધ્યાન આપવામા આવ્યું હતું. આ સબંધમા સોવિયેત વિજ્ઞાન અકાદમીના નિયામકે એના થોડીક વિગતો આપી છે

તમે ગરે રાત્રે નિરભ્ર આકાશ તરફ નજરી નાખો તો તેજસ્વી તારા અને ચંદ્ર સિવાય ભાગ્યે જ બીજુ કશુ તમને દેખાશે પરંતુ ખાસ સાધનોની મદદથી તમે વાતાવરણના ઉપલા થરોનો ચળકાટ પણ જોઈ શકશો આ ચળકાટ અથવા આભના પ્રકાશ વિશ્લેષણ દ્વારા ખૂબ ઊંચાઈએ થતી ભૌતિક પ્રક્રિયાઓનુ સંશોધન થઈ શકે છે એટલુ જ નહિ પરંતુ વાતાવરણની રચનાનો પણ ખ્યાલ મેળવી શકાય છે

વાતાવરણની ઉપલી કિનારના ચળકાટનો અભ્યાસ માટે ખાસ મથકો સ્થાપ્યા છે તેમા અદ્યતન સાધનો છે આ સાધનોમા સ્પેક્ટ્રોગ્રાફ સાધનોએ પૃથ્વીથી ૬૦ થી ૯૦ કિલોમિટર કે એથી વધુ ઊંચાઈએ થતી અત્યંત સ્પષ્ટ પ્રક્રિયાઓની નોંધ ફિલ્મો પર લીધી છે

અમારી સસ્થાનુ ઉત્તરનુ મથક ધ્રુવ પ્રકાશનો અભ્યાસ કરે છે આ પણ વાતાવરણના ઉપલા થરોની એક આભા જ છે પરતુ એ ખૂબ તેજસ્વી હોવાથી તેને નરી આંખે પણ જોઈ શકાય છે

આ મથક સ્પેક્ટ્રોસ્કોપ, ઈલેક્ટ્રોમિટર, અને રડાર સાધનોની મદદથી ઉત્તરધ્રુવ પ્રકાશનુ સંશોધન કરે છે

પવન શુ છે એ સૌ કોઈ જાણે છે પરંતુ પવન અથવા લહરી અત્યંત સૂક્ષ્મ ધબકારા અને તરંગોનું બનેલી છે આ તરંગોની લંબાઈ થોડા મિલિમિટરથી લઈને સેંકડો મિટર સુધીની હોય છે એ વિશે તેમજ જમીન અને હવા વચ્ચે ગરમીનો વિનિમય કેમ થાય છે એ વિષે બધા જાણતા નથી વાતાવરણના સંક્ષોભન અર્થાત ખળભળાટનો અભ્યાસ એ આ સસ્થાની એક સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ છે

પવનનો વેગ કેટલો છે અને તેમા થતા નજીવા ફેરફારો કઈ રીતે નોંધવામા આવે છે? આ માટેના ખાસ સાધનો બનાવવામા આવ્યા છે એનીમોમિટર અને માઈક્રો એનીમોમિટર અત્યંત નાજુક સાધનો છે

થોડા વખત પહેલા વાતાવરણના સંક્ષોભનનો અભ્યાસ કરવા માટે વૈજ્ઞાનિકોને સંખ્યાબંધ નિરીક્ષણો દ્વારા મેળવેલી પુષ્કળ વિગતો તપાસવી પડતી હતી. પરંતુ હવે ખાસ સાધનો શોધવાને લીધે આ કામ ઘણુ ઝડપી બન્યુ છે અને સંક્ષોભનનુ પૃથક્કરણ આપોઆપ થાય છે, અને એ આ પરિભાગના સર્વસામાન્ય નિયમો નક્કી કરવામાં મદદરૂપ બને છે

અને એ જાણવાનુ જરૂરી છે કે અમે હવાના ઉષ્ણતામાન અને પવનની ઉગ્રતાનુ માપ લઈને એના પાયા પર પૃથ્વી અને વાતાવરણ વચ્ચે ઉષ્ણતાવિનિમય કેટલો થયો તથા સંક્ષોભનોનો પ્રકાર કયો હશે એ શોધવાનુ શીખ્યા છીએ

અમારુ વૈજ્ઞાનિક સંશોધન શુદ્ધ સિદ્ધાંતિક દૃષ્ટિએ મહત્ત્વનુ છે એટલુ જ નહિ પરંતુ એની વ્યવહારિક ઉપયોગિતા પણ ઘણી છે આજે જુદા જુદા બાંધકામો ઉપર, ખાસ કરીને ઊંચા બાંધકામો પર પવનનુ દબાણ કેટલુ રહેશે તે અમે ચોક્કસપણે કહી શકીએ છીએ તાજેતરમા મોસ્કો ટેલીવિઝન કેન્દ્ર માટે ઊંચો ટાવર બાંધનારાઓએ અમારી મદદ માગી છે

પાંચસો મિટર અર્થાત ૧૫૦૦ ફૂટથી વધુ ઊંચા ટાવર પર પવનના કેવા ઝાપટા વાતા હશે તેની કલ્પના કરો

હવામાન આગાહીની ચોકસાઈનો આધાર ૨૫ થી ૩૦ કિલોમિટર ઊંચાઈએ હવાના ઉષ્ણતામાનની ચોકસાઈ ભરી નોંધ ઉપર છે આ માપ રેડિયોસોન્ડની મદદથી લેવામા આવે છે પરંતુ કમનસીબે સારામા સારા નમૂનો પણ આ માટે પૂરતા કાર્યક્ષમ નથી કેમકે ખૂબ ઊંચાઈએ વાતાવરણ અતિ પાતળુ હોવાથી તેમા એક પ્રકારનો કિરણોત્સર્ગ હોય છે અને તેને લીધે નોંધમા દશ દશ અંશ કે તેથી વધુ મોટી ભૂલ આવે છે

આ મુશ્કેલીને ઉકેલવા ધ્વનિશાસ્ત્રના સિદ્ધાંત પર કામ કરતુ એક ઉષ્ણતામાનમાપક સાધન બનાવ્યુ છે

★

પુણ્યવિજયજી

ગુજરાતની જ્ઞાનસંપત્તિ

ગુજરાતના જ્ઞાનભંડારોના સાચા રખેવાળ અને પ્રખર અભ્યાસી તરીકે મુનિશ્રી પુણ્યવિજયજીને ગુજરાત તો સારી રીતે ઓળખે જ છે, ગુજરાત બહાર પણ વિદ્વાનો તેમની વિદ્વત્તાને પૂજે છે. આ લેખ તેમની જ્ઞાન-નમ્રતા સૂચવે છે...

દરેક માણસ બધી વસ્તુઓનું અવલોકન કે અધ્યયન કરી શકે નહીં. તેને તેટલો સમય પણ ન મળે. પરંતુ વિદ્વાન વ્યક્તિઓ ભેગી મળે અને તેઓ પરસ્પર ચર્ચા કરે તેમાં તેમને 'ઘણું' નવું નવું જાણવા મળે. અવલોકનો, અધ્યયનો અને જ્ઞાનની એક જ દિશાનું જ્ઞાન પૂરતું નથી. માણસે વિવિધ વિષયોનુ જ્ઞાન મેળવવું જોઈએ. વકીલ માત્ર કાયદાનું જ જ્ઞાન ધરાવી બેસી રહે એટલુ પૂરતુ નથી. તે ઉપરાંત તેને ડોક્ટરી જ્ઞાન પણ થોડું મેળવવું જોઈએ. નહિ તો કોઈ કેસમાં હોશિયાર ડોક્ટર તેને બનાવી પણ જાય. એ જ રીતે માણસે પોતાની દૃષ્ટિ એક જ દિશામાં નહીં રૂંધતા ચોગમ અવલોકવું જોઈએ. અધ્યયન કરનારા પાસેથી પણ એમને શીખવાનું મળે છે. માણસે પ્રાણીશાસ્ત્ર, પશુશાસ્ત્ર, અધ્યાત્મિક શાસ્ત્ર, સમાજશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર વગેરે વિવિધ વસ્તુઓનું અવલોકન ને અધ્યયન કરવું જોઈએ.

આજે ગુજરાતનું નવનિર્માણ થયું છે. આપણા જ્ઞાનભંડારો અને જ્ઞાનસમૃદ્ધિ વિષે જાણવું જોઈએ અને તે જ્ઞાનભંડારોને સુરક્ષિત રાખવા માટે પ્રયત્નો કરી તેમ જ તેનું અવલોકન કરી તેમાથી નવું નવું સંશોધન કરવું જોઈએ. ગુજરાતનું નવનિર્માણ અકાળે કરમાઈ ન જાય તે જોવું જોઈએ. આપણે એટલા બધા પ્રમાદી છીએ કે આપણે પ્રાચીન જ્ઞાનગ્રંથો જોતા નથી કે તેનાં રહસ્ય જાણતાં નથી. આપણને તેવો અવકાશ જ ક્યાં છે?

પરદેશીઓએ આપણા એ જ્ઞાનભંડારો જોયા, જ્ઞાનગ્રંથો તપાસ્યા, અવલોક્યા અને તે ઉપરથી અવનવાં સંશોધનો કર્યાં, જ્યારે આપણે તો ઊંઘતા જ રહ્યા. તેમણે જે ખોળ્યું તે બધું જ આપણા ગ્રંથોમાં છે એમ કહીને માત્ર ગૌરવ લેવામાં જ આપણે રાચીએ છીએ તેથી શું વળે? આપણે તો એ બધા ગ્રંથોને વાંચવા જોઈએ અને તેમાં રહેલી અખૂટ જ્ઞાન-સંપત્તિને પ્રાપ્ત કરવી જોઈએ. મેં આ ખીલવવા પ્રયત્ન કર્યો. એ સંબંધી દિશાસૂચન મને મારા ગુરુઓ તરફથી મળ્યું છે. આપણે ત્યાં જ્ઞાનસંપત્તિ કેટલી? આ ભંડારો કેટલા? અરે! વિપુલ જ્ઞાનસંપત્તિ એ જ્ઞાનભંડારોમાં ભરેલી છે. મારું કહેવું મુખ્ય જૈન જ્ઞાનભંડારો વિષે છે, પણ બીજાની ઉપેક્ષા કરતો નથી. જૈન જ્ઞાનભંડારો વ્યાપક છે. કોઈ એમ ન ધારે કે જૈન જ્ઞાનભંડારોમાં માત્ર જૈનનું જ જ્ઞાન છે. અરે, એ તો ભારતની પ્રજા માટે ગૌરવની વસ્તુ છે. પાટણ, ખંભાત, અમદાવાદ, સુરત, મુંબાઈ, લીંબડી, ભાવનગર અને જેસલમેરના જ્ઞાનભંડારોમાં આજે અનેક અમૂલ્ય ગ્રંથો જળવાયેલા છે, તેમાં વ્યાપક દૃષ્ટિવાળા ગ્રંથો છે. આનું સંરક્ષણ કરવું જોઈએ. આર્ય પ્રજાની સંસ્કૃતિની વસ્તુઓનું અવલોકન કરવું જોઈએ. જે જ્ઞાનભંડારો ગુજરાતમાં છે તેનું સંશોધન થાય એ જરૂરનું છે.

આર્યસંસ્કૃતિ આત્મા ધર્મ કર્મ ને સદાચારને સૌથી વિશેષ મહત્વ આપે છે ચરકના આયુર્વેદના ગ્રંથના પ્રારંભમાં પણ ધર્મ આત્મા પરમાત્મા ને સદાચાર વિષે ઉલ્લેખ કર્યો છે. પ્રભુની કૃપા હોય તો જ ઔષધ પણ અનુકૂળ આવે અને લાભદાયી બને. આ છે આપણી ઉચ્ચ આર્ય સંસ્કૃતિ. આ જ્ઞાનભંડારોમાંથી પ્રાણીઓ પશુઓ વિવિધ માનવીઓ તેમની ભાષાઓ લિપિ ચિત્રકળા વગેરે વિવિધ વસ્તુઓની સુંદર માહિતી મળી શકે તેમ છે. તેનું અધ્યયન ને અવલોકન કરી તેમાથી સંશોધન થવું જોઈએ. દરેક ગ્રંથમાં પૂર્તપુષ્પિકા હોય છે. તેમાં લખનાર અને લખાવનારની માહિતી હોય છે. આ બધામાંથી ઇતિહાસ જાણવા મળે છે. જુદાં જુદાં નગરો, તેનાં સ્થાન, તેની સંજ્ઞાઓ, રાજ્યો,

ઈશ્વર પેટલીકર

આ ભણતર તે કેવું !

શાળા-કૉલેજો ઉઘડે અને વિદ્યાર્થીઓ પ્રવેશ માટે પ્રયત્ન કરે, વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે પણ મફતનું માનસ કેવી કેવી વિચિત્રતાઓ ધરાવતું હોય છે તેની આ લેખના થોડાક પ્રશ્નોથી આબાદ પ્રતીતિ થાય છે...

એક સ્નેહી મને મળવા આવ્યા ખેતીમા વરસ ખરાબ ગયું હતું તેની મુશ્કેલી જણાવી અને દીકરો આ વર્ષે એસ એસ સી મા આવ્યો તેની ફી અને પુસ્તકો અંગે કોઈ જગાએથી મદદ મળે તેમ હોય તો તેની માહિતી પૂછવાનો મને મળવા આવવા પાછળનો હેતુ હતો તેમ કહ્યુ

મે જણાવ્યુ 'સામાન્ય રીતે હાયરસ્કૂલના વિદ્યાર્થીઓને પુસ્તકો-ફીની મદદ આપનાર સસ્થાઓ નથી અને હોય તો તે જાતિ મડળો કે ગામની સ્થાનિક સસ્થા હોય જે વિષે તમે પોતે જાણો અગર ગામમા કોઈને પૂછો તો એ માહિતી આપે ' એ સાથે મને યાદ આવ્યુ કે એમની પાસે પદરેક વીઘા જમીન છે જાતે સારી ખેતી કરે છે બચત ન થાય તો પણ સહેજે ઘરખર્ચ અને કેળવણીનુ આટલુ ખર્ચ તો વેઠી શકે

એ અગે ખુલાસો કરતા એમણે કહ્યુ ' તમારી વાત સાચી છે પરતુ વ્યવહારના ખર્ચ આવે એને લેં બધુ તણાઈ જાય છે મોટી દીકરી પરણાવી ત્યારે ત્રણ હજાર ખર્ચ થયુ હતુ આ સાત માસ બાપ ગુજરી ગયા તે બારમા પાછળ અગિયારસો રૂપિયા થયા અને આવતા માગશર માસમા બીજી દીકરી પરણાવવાની છે તે ખર્ચ તો ઊભુ છે '

હુ ' બાપાનુ બારમુ ન કર્યુ હોત તો ? '

સ્નેહી ' એ કઈ ચાલે ? '

હુ ' કેમ ન ચાલે ! આપણી પાસે થોડા પૈસા હોય તો જરૂરી કામમા ખર્ચવા જોઈએ કે બિનજરૂરી ? દીકરાને ભણાવવાનુ કામ જરૂરી ગણાય હોશિયાર હોય તો, અને આગળ ભણે તેવો હોય તો કૉલેજમા પણ મોકલવો જોઈએ આ સ્થિતિમાં એસ એસ સી નુ ફી અને ચોપડીઓ મળીને વધુમા વધુ ૧૨૫-

---

રાજાઓ, તેમણે કેવા યુધ્ધો કર્યાં, તેના પ્રજાજનોની સ્થિતિ વગેરે માહિતી મળી શકે આ પુસ્તકોમા મૌલિકતા છે ને તેથી જ તે ઉપયોગી છે

એક સમય એવો હતો કે શિલાલેખો ઉપરની લિપિને કોઈ વાચનાર ન મળતા આજે તેને વાચનારા મળી આવે છે લિપિનો વિકાસ કેવી રીતે થયો તે પણ જાણવુ જોઈએ જૈન, બૌધ્ધ કે વૈદિક સસ્કૃતિના ગ્રથોમા ઊંડુ રહસ્ય ભર્યુ છે આપણે ધર્મશાસ્ત્રોએ કહેલી કથાઓનુ રહસ્ય તપાસતા નથી, તેના ઊંડા તળને સ્પર્શવા પ્રયત્ન કરતા નથી તેઓ તે કથાઓને ગપ્પા કહીને તેની ઉપેક્ષા કરે છે, બાકી તે દરેક કથાની પાછળ ઊંડુ તત્વભર્યુ રહસ્ય રહેલુ હોય છે તેને સમજવા પ્રયત્ન કરવો જોઈએ સાહિત્યગ્રથોના સાહિત્યકારોએ લખેલા એક એક શબ્દ પાછળ તેનો ઇતિહાસ પડેલો છે પણ તેનુ શોધન કોણ કરે છે ?

આજે જ્યારે નવગુજરાતનુ નિર્માણ થયુ છે, તેનુ પુનરુત્થાન કરવાનુ છે ત્યારે સાહિત્યકારો, કથાકારો વિવેચકો, ધર્મોપદેશકોએ ખૂબ સાવધાની રાખવી જોઈએ કે આપણા અમૂલ્ય, મહાન જ્ઞાનભડારો બરાબર જળવાઈ રહે અને તેનુ અધ્યયન અને અનેકાનેક વ્યાપક પ્રમાણમા થતુ રહે અને નવુ નવુ સશોધન પણ થયા કરે આપણા પ્રાચીન ઋષિ મુનિઓ અને વિદ્વાન સાહિત્યકારો જે વારસો મૂકી ગયા છે તે વેડફાઈ ન જાય, પરંતુ તે સુરક્ષિત રહે, સમૃદ્ધ થાય અને જનતાને તેનો લાભ મળતો રહે તેવા પ્રયત્નો કરવાની ખાસ આવશ્યકતા છે

કપડવણજ શ્રી પુ હ સ્થાપન વાચનાલયના આશ્રયે આપેલ પ્રવચન

★

૧૫૦ રૂપિયા ખર્ચ થાય તે માટે તમે મદદ આપનાર સંસ્થા શોધો છો અને એ જ વરસમાં બિનજરૂરી બાપના બારમા પાછળ ૧૧૦૦ રૂપિયા ખર્ચી નાખ્યા.'

મારી વાત ગળે ન ઊતરી હોય તેમ એ બોલ્યા : 'રિવાજ હોય એટલે છૂટકો થાય ?'

હું : 'એ રિવાજ જ્યારે લોકોએ પાડ્યો હશે ત્યારે એમને આજની જેમ છોકરા–છોકરીઓ ભણાવવાનાં ન હતાં, અને પૈસા બચતા હશે એટલે એ રિવાજ પાડ્યો. પરંતુ આજે આપણે છોકરા–છોકરીઓ ભણાવવાનો રિવાજ પાડવો હોય તો બારમાનો રિવાજ બંધ કરવો જોઈએ. છોકરા–છોકરીના લગ્ન પાછળ ગજા બહાર ખર્ચ ન કરતાં સાદાઈથી લગ્ન કરવું જોઈએ. આવતી સાલ દીકરીનું લગ્ન કરશો ત્યારે કોઈ સંસ્થા મદદ કરવાની નથી. તે વખતે દેવું કરીને તમે પાછા ત્રણ હજાર ખર્ચી નાખશો. પરિણામે દીકરાને આગળ ભણાવવા દેવું કરવાની પણ તાકાત રહેશે નહિ. એથી દીકરો ભણે એવો છે તે ભણ્યા વગર રહી જશે. જે કરવા જેવું છે તે કામ તમે નહિ કરી શકો અને ન કરવા જેવાં ખોટાં ખર્ચ કરીને દેવાનો ભાર માથે વધારશો. તમારાથી તે નહિ દેવાય તો છેવટ દીકરાને ભાગ તે ઊંચકવાનું આવશે.'

સ્નેહી : 'એ બધુંય ખરું. પણ વ્યવહારમાં એમ એટલે શું થાય ?'

હું : 'વ્યવહાર ઘડ્યો કોણે ? આપણે. અને નવો વ્યવહાર ઘડવો હશે તો પણ આપણે જ ઘડવો પડશે.'

એ ઊઠ્યા ત્યારે હું સ્પષ્ટ જોઈ શક્યો કે મારી વાત એમને ગળે ઊતરી ન હતી.

*

એક સગા એમના સગાને અને તેના દીકરાને લઈને આવ્યા. એમનું ઓળખાણ આપ્યું. જમીન ચાર જ વીઘાં હતી. ઘરમાં પાંચ માણસ ખાનાર હતાં. મોટો દીકરો પ્રાથમિક શાળામાં શિક્ષક હતો. પગાર ૧૦૦ રૂપિયા મળતો પણ એને ત્રણ બાળકો હતાં એટલે એ માંડ પૂરું કરતો હતો. આ દીકરાને, ગામમાં ને ગામમાં હાયરસ્કૂલ એટલે શીશીપમાં ભણાવ્યો. આ વરસે એસ. એસ. સી. માં ૬૫ ટકા માર્કસથી પાસ થયો. એની આગળ ભણવાની ઇચ્છા છે.

મેં એ વિદ્યાર્થીને પૂછ્યું : 'કઈ લાઇન લેવાની ઇચ્છા છે ?'

'એન્જિનિયરીંગ.' એણે તરત જવાબ આપ્યો. દર વર્ષે ભણનારની સંખ્યા વધે જાય છે. અને તે પ્રમાણે કૉલેજમાં જનારની સંખ્યા વધે છે. એવી જ રીતે એન્જિનિયરીંગમાં જનારની સંખ્યા વધે છે. અગાઉનાં વર્ષોમાં ૫૫ થી ૬૦ ટકા માર્કસ મેળવનારા ડિગ્રી કોર્સમાં એડમિશન મેળવી શકતા હતા. પરંતુ આ વરસે તો ૬૫ થી ૭૦ ટકા માર્કસવાળા જ મેળવી શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. હજુ એ સ્થિતિ કેટલી મુશ્કેલ ઉત્તરોત્તર બનશે તે શું કહેવાય ?

આ સંજોગોમાં આવા વિદ્યાર્થી ડિપ્લોમામાં દાખલ થાય તો ભણવામાં બે વરસ બચી જાય, એટલું ખર્ચ બચે અને બે વરસ વહેલો કમાતો થઈ જાય. વળી ડિગ્રીમાં એને જગા મળશે કે કેમ તે ભવિષ્યની વાત હતી, જ્યારે ડિપ્લોમામાં એને પૂરતી તક હતી. આજે ઇન્ટર સાયન્સવાળા ડિગ્રીમાં પત્તો ન ખાતાં છેવટ ડિપ્લોમામાં જવા તૈયાર થાય છે. પરંતુ ડિપ્લોમા એ એસ. એસ. સી. વિદ્યાર્થીઓને તક આપવા માટેનો કોર્સ છે એટલે ૬૦ ટકાથી ઉપરવાળા માર્કસને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. એસ. એસ. સી. ટેકનીકલ વિષય લઈને પાસ કરી હોય તેવા વિદ્યાર્થીને ૪૫ ટકાએ લેવામાં આવે છે. અને તે પછી જગા વધે તો ઇન્ટર સાયન્સવાળાને તક મળે છે.

આ વિદ્યાર્થીના આર્થિક સંજોગો જોતાં ડિપ્લોમામાં દાખલ થવું વધુ હિતાવહ હતું. મેં એ રીતે સલાહ આપી પણ એના બાપને ગળે ન ઊતરી હોય તેમ એ તરત બોલ્યા : 'ગમે તેમ થાય પણ મારે એને ડિગ્રી લેવડાવવી છે.'

હું : 'એ તો સારી વાત છે, પણ તમારે જે આર્થિક સ્થિતિ છે......'

એમના મનનો ભાવ કહેતાં મારા ઓળખીતા સગા

બોલ્યા 'તમારુ કહેવુ સાચુ છે, પરંતુ એમની નબળી સ્થિતિને લીધે એમનુ ઘર કુળવાન હોવા છતા પાછળ પડી ગયુ છે અને પૈસાને લીધે એમના પેગ ડામા પગ ઘાલી ન શકે એ આજે આગેવાન થઈ બેઠા છે એમનો દીકરો ડિગ્રી લઈને એન્જીનિયર થયો છે એટલે આમની પણ ઇચ્છા છે કે કોઈ હિસાબે મારે દીકરાને ડિગ્રીમાં દાખલ કરવો'

હુ શુ કહું ?

હુ મૂગો રહ્યો એટલે મારા પરિચિતે માન્યુ કે મને એમની વાત ગળે ઊતરી છે એટલે આવવાનુ પ્રયોજન જણાવતા કહ્યુ 'તમે જાણીતા માણસ છો કોઈ શેઠ પાસે એને કાયમ ખર્ચ મળે તેટલુ કરી આપો'

હુ ભડક્યો આટલી બુદ્ધિ દોડાવીને આજ સુધી કોઈ મારી પાસે આવ્યુ ન હતુ કે બધાય પાસ વર્ગનુ કોઈ ફંડ પાસે અપાવવાની માગણી કરે

મે કહ્યુ મારે એવા કોઈ શેઠનુ ઓળખાણ નથી કે જે મારા કહેવાથી આખુ ખર્ચ આપવાની તૈયારી બતાવે'

મારા સગા હુ કેમ માનુ ? તમને કોણ નથી ઓળખતુ ?'

હુ 'શી રીતે ?'

સગા છાપામા આવતા તમારા લેખો-પુસ્તકોથી સૌ ઓળખે છે'

હુ 'શ્રીમંતોને તો એ વાચવાની ફુરસદ નથી, અને માની લો કે એમાથી કોઈ વાચતુ હોય તો પણ કોણ વાચે છે તે હુ જાણતો નથી તમે કદાચ શોધી કરીને નામ ખોળી લાવો તો પણ એ શેઠિયાને મારી ભલામણ સ્વીકારવી પડે તેવી એ કંઈ ઓળખાણ કહેવાય ?'

એ વિદાય થયા ત્યારે મે જોયુ તો એમના મો ઉપર ડિપ્લોમામા દાખલ થવાની વાત વસી ન હતી અને ઉપરથી મારા ઉપર એમને શકા રહેલી હોય તેવો ભાવ હતો કે સગાનો સગો થઈને પણ હુ એમને ઇરાદાપૂર્વક મદદ કરતો નથી।

*

એક મારો ઓળખીતો વિદ્યાર્થી આવ્યો તેના કુટુંબને હુ ઓળખતો હતો એસ એસ સીમા એ બેઠો હતો મે એના ઉમગ ઉપરથી જાણી લીધુ કે એ પાસ થયેલો છે છતા વાતચીત કરવાના સ્વપ્ન તરીકે પૂછ્યુ

'પાસ થયો ને ?'

'હા' ઉત્સાહથી એણે કહ્યુ 'કોલેજમા પણ એડમિશન મળી ગયુ'

'કેટલા ટકા માર્કસ આવ્યા ?'

'૪૧ ટકા'

મને રજ થયો આવા સામાન્ય વિદ્યાર્થીઓ કોલેજમા જાય તેનો અર્થ શુ ? ઉચ્ચ શિક્ષણ એ ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ માટે હોવુ જોઈએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એ સર્વ કક્ષાના વિદ્યાર્થીઓ માટે હોવુ જોઈએ સમગ્ર પ્રજામા શિક્ષણનુ એટલુ ધોરણ ઓછામા ઓછુ હોવુ જોઈએ એ પ્રમાણે સામાન્ય વિદ્યાર્થીઓ એસ એસ સી પાસ થય એનો અર્થ એવો નહિ કે એ કોલેજ-કેળવણીને માટે લાયક છે નવી નવી કોલેજો વધતી જાય છે અને સખ્યા પૂરી ન હોય એટલે આવા વિદ્યાર્થીઓને દાખલ કરે એથી માબાપ અને વિદ્યાર્થી માને કે અમે ઉચ્ચ શિક્ષણને લાયક છીએ માણસ પાસે પૈસા હોય અને ગમે તેમ બગાડે છે તેને બદલે આવા સામાન્ય વિદ્યાર્થી પાછળ બગાડે, તો બીજા બગાડ કરતા સારો બગાડ ગણાતી શકાય કોલેજમા જગા ખાલી હોય અને હોશિયાર વિદ્યાર્થી રહી ન જતો હોય તે સજોગોમા એને એડમિશન મળે તે સમજાય તેવુ છે

આ વિદ્યાર્થી એવા સુખી ઘરનો ન હતો કે એના બાપને કોલેજના ખર્ચનો બગાડ પોસાય. આપણો દેશ પણ એવો સુખી નથી કે આવા વિદ્યાર્થીઓને ભણાવવા માટે નવી નવી કોલેજો ખોલે અને પછી ઉચ્ચ શિક્ષણને લાયક વિદ્યાર્થીઓ ન મળે તો એટલે આવા વિદ્યાર્થીઓની ભરતી કરવી પોસાય ખરું

ક્લાસ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણમા જાય સેકન્ડ ક્લાસ વિદ્યાર્થીઓ ડિપ્લોમા કક્ષાની ધંધાકીય તાલીમમા જાય અને થર્ડ ક્લાસ વિદ્યાર્થીઓ નાની મોટી નોકરી, ધંધો કે બાપના વ્યવસાયમા લાગી જાય સરકાર પાસે કેળવણીનુ બજેટ હોય તો એણે થર્ડ ક્લાસ વિદ્યાર્થીઓને જગા મળે તેવી કોલેજો કાઢવા પાછળ ખર્ચ ન કરતા પ્રાથમિક, માધ્યમિક અને ધંધાકીય તાલીમ મળે તેવા ડિપ્લોમાવાળી સંસ્થાઓ પાછળ વધુ ખર્ચ કરવો જોઈએ

પરંતુ એડમિશન લઈ ફી ભરીને આવેલા આ વિદ્યાર્થીને આ વિચાર કહેવાનો કંઈ અર્થ ન હતો એટલે મે પૂછ્યુ 'કેમ આવવુ થયુ ?'

વિદ્યાર્થી 'તમારી પાસે પ્રિન્સિપાલ ઉપર ફ્રીશીપ (માફી) અંગે ભલામણપત્ર લખાવવા '

હુ 'પણ એ કોલેજના પ્રિન્સીપાલને હુ ઓળખતો નથી '

વિદ્યાર્થી 'નામથી તો એ તમને ઓળખે જ તમારો ભલામણપત્ર હોય એટલે એમને એ તો ખાતરી થાય જ કે તમે ખોટી ભલામણ ન જ કરો '

હુ 'તારા ઘરની આર્થિક સ્થિતિ હુ જાણુ છુ એ અંગે ભલામણ કરવામા વાંધો નહિ પરંતુ ફ્રીશીપ કેવળ આર્થિક સ્થિતિ ઉપર નથી અપાતી અભ્યાસની કક્ષા પણ જોવામા આવે છે. એ કક્ષા જોતા તો ઉચ્ચ શિક્ષણ લેવા માટેના એ માર્ક્સ ન કહેવાય. મને અંગત ઓળખ્યા સિવાય પણ મારા અભિપ્રાયમા— તમે કહો છો તેવો જો હોય તો—મારા ભલામણપત્રથી તમને ફ્રીશીપ તો ન મળે, પણ મારી ઉપરનો પ્રિન્સીપાલનો વિશ્વાસ ઊઠી જાય એટલો ફાયદો થાય પોતાના ઓળખીતા આવા સામાન્ય વિદ્યાર્થી માટે જો ભલામણપત્ર લખી આપતા જેટલુ એ તોલન નથી કરતા તો આર્થિક સ્થિતિનુ તોલન પણ એવુ જ કરતા હશે ને ?'

આશાભર્યો આવેલા એ વિદ્યાર્થીને મે ભલામણપત્ર લખી ન આપવાની મર્યાદા સમજાવી તે કબૂલ થયો એટલે તે અંગે વધુ આગ્રહ ન કરી શક્યો પણ એ ઊઠ્યો ત્યારે એના મો ઉપરનો ભાર વરતાતો હતો ફ્રીશીપ ન આપવી હોત તો પ્રિન્સિપાલ ન આપત આમેય હુ જાણુ છુ કે મને મળવી મુશ્કેલ છે પરંતુ અરજી કરવામા શુ જાય ? અને ભલામણપત્ર લખી આપ્યો હોત તો એમનુ શુ જાત ?

*

એક મિત્રનો દીકરો આ વરસે ઇન્ટર સાયન્સમા હતો મળ્યા એટલે મે પૂછ્યુ 'કેટલા ટકા માર્ક્સ આવ્યા ?'

'૫૫ ટકા '

એન્જિનિયરીંગમા દાખલ કરવા એ ઇચ્છા રાખતા હતા એટલે મે કહ્યુ 'ડિગ્રીમા તો આ વરસે નાનો પાછો નહિ પડે ?'

મિત્ર 'પ્રયત્ન તો કરુ છુ '

હુ 'શી રીતે ?'

મિત્ર 'બીરલા અને મડગાંની દસ દસ સીટ રીઝર્વ છે તેમા ૫૦ ટકાથી વધુ માર્ક્સ હોય તો લઈ શકાય છે. બીરલાની ચીઠ્ઠી મળે તેમ છે એમા ચાન્સ ન લાગ્યો તો પછી ચારૂતર મંડળની છે તેમા પ્રયત્ન કરીશુ !'

હુ 'બંનેમા ન ફાવ્યા તો પછી ડિપ્લોમામા દાખલ કરશો ને ?'

મિત્ર 'ડિપ્લોમામા તો દાખલ નથી કરાવવો આથી તો વડોદરા પ્રી એન્જિનિયરીંગની પરીક્ષા પણ અપાવી છે '

હુ 'જગા ન મળે અને છેવટ બી એસસી કરો તે કરતા ડિપ્લોમામા દાખલ કરો તો શુ ખોટુ ?'

મિત્ર 'ડિગ્રીમા પત્તો નહિ ખાય તો છેવટ જર્મની મોકલીશ '

હુ 'ત્યા ડીગ્રીમા એડમિશન મળશે ?'

મિત્ર 'જર્મનીમા તો પ્રિન્ટીંગ, બ્લોક મેકીંગ વગેરે લેવડાવવુ છે તમે તો જાણો છો કે મુંબઈમા એના મામાનુ લીથો પ્રેસ અને પ્રોસેસ સ્ટુડિયો છે એ તો કહ્યા જ કરે છે કે એને જર્મની મોકલી આપો

બહાર નોકરી શોધવાની જ નહિ, અને એને તે પછી ભાગીદારીમા પણ લઈ લે મારા મનથી કે ડિગ્રીમા દાખલ થઈ એન્જિનિયર થનો હોય તો સારુ બાકી ધરના જેવો ધધો છે, એમા શુ કામ દાખલ ન કરી દેવો ?'

મે કહ્યુ 'પરતુ એ બંને લાઈનો જ જુદી એકમા એન્જિનિયરીંગ બ્રેઈન જોઈએ અને બીજામા ફાઈન આર્ટસની સેન્સ જોઈએ આમ લાઈન ફેરવવા જાવ તો મેળ શી રીતે બને ?'

મારી આ વાત સાવ નકામી હોય તેમ એની નોંધ ન લેતા એમણે કહી નાખ્યુ 'એ તો ભણવા માંડે એટલે સહુ ફાવી જશે કમાણી આવે !'

હુ શુ બોલુ ?

*

સવારના પહોરમા હુ નહાવાની તૈયારી કરતો હતો અને મારા જૂના પરિચિત એક શિક્ષક ભાઈ આવ્યા મે કહ્યુ 'કેમ આજના વહેલા કઈ ?'

શિક્ષક 'લોકો એન્જિનિયરીંગ કોલેજમા એડમિશન મેળવવા દોડાદોડ કરે છે અને મારા દીકરાને ત્રણ દિવસથી એડમિશન મળી ગયુ છે ત્યારથી હુ ચિંતામા સણમા પડી ગયો છુ એની ફી અને ખર્ચમા શી રીતે પહોંચી વળુ ?'

હુ 'એના કેટલા ટકા માર્કસ હતા ?'

શિક્ષક '૭૦ ટકા'

હુ 'ત્યારે તો એડમિશન મળી ગયુ એટલુ નહિ જ પણ એકેય વરસ નપાસ થયા વગર સીધો ત્રણ વર્ષમા નીકળી જશે'

શિક્ષક 'નપાસ થવાનુ તો પોસાય શી રીતે ?'

હુ મોટો દીકરો ભણી રહ્યો કે હજુ બાકી છે ?'

શિક્ષક 'ગઈ સાલ એણે નોકરી કરી એટલે તો ચાલ્યુ આ વરસે ખી ટી થવા જાય છે એટલે બંનેનુ ખર્ચ પહોંચાય તેમ નથી'

હુ 'તમે સ્કોલરશીપ માટે અરજી નહોતા કરવા એટલે મે માન્યુ કે તમે ખર્ચને પહોંચી વળો છો'

શિક્ષક 'ટ્યુશન કરીને એક દીકરાનુ ખર્ચ બેચાને પણ પહોંચી વળતો હતો એટલે અરજી કરી ન હતી વળી પરાણે પણ આપણે બોજા ઉપાડ્યો હોય ત્યાં સુધી એવી મદદ ન લઈએ તો આપણા કરતા વધુ ગરીબો એનો લાભ પણ મેળવી શકે' મે કહ્યુ કે ચરોતર મડળ ભણવાની લોન આપે છે ફી ભરવાના પૈસા તો ગમે ત્યાથી લાવીને આપી દઉ, પરતુ ઉછીના આપનારને પણ વાયદાસર આપી શકાય તેની ખાતરી હોવી જોઈએ ને ? તમને એ પૂછવા આવ્યો છુ કે એ લોન મળવાની કેટલી શક્યતા ? તો પછી એને માટે અરજી કરુ અને ઉછીના આપનારને એ આપે આપવાની ગણતરી રાખુ'

હુ ૭૦ ટકા માર્કસ છે એટલે તેને સ્કોલરશીપ પણ અરજી કરો તો મળવા સભવ ગણાય'

શિક્ષક આવતી સાલ તો મોટો દીકરો નોકરીએ લાગી જશે એટલે લોનની જરૂર પણ નહિ રહે. તો આ વરસનો એટલો લોનનો બોજો ઊપડે તેવો છે પછી શુ કામ સ્કોલરશીપ લઈ બીજાની તક ગુમાવવી !

શિક્ષકને આવતી સાલ ૫૫ વર્ષ પૂરા થતા નિવૃત્ત થવાનુ હતુ પરતુ પોતે બીજા પાચેક વર્ષ તો ગમે ત્યા નોકરી મેળવી લેશે તેવી એમને શ્રદ્ધા હતી એમનો ઉમગ કાર્યશક્તિ અને પોતાના પગ ઉપર ઊભા રહેવાની ભાવનાને લીધે અશ્રદ્ધા જન્મે પણ ક્યાથી ?

લોન મેળવવા અંગેની મે માહિતી આપી અને તે અંગેના ફોર્મ વગેરે લેવા એમને ચરોતર એજ્યુકેશન સોસાયટીમા જવા સૂચવ્યુ ત્યારે એમણે જે ખુશ મિજાજમા વિદાય લીધી તેની તાજગી ખાસ શરીરમા પ્રવેશી હોય તેમ મે પણ ઘડીભર પ્રફુલ્લના અનુભવી

શિવકુમાર જોષી

'વયં તત્ત્વાન્વેષા !!'

* આપણા જાણીતા નાટ્યકાર અને વાર્તા-નવલકારની અહીં રજૂ થતી નવી વાર્તા બધી રીતે નવીન છે આધુનિક છે અદ્યતન છે આધુનિકતા એકલી જ વાર્તાનો પ્રાણ હોય એવું તો માની ન લેવાય ને ? અને એટલે જ પ્રાણ પૂરે તેવું બીજું ઘણું ય આ વાર્તામાં છે

પુરુષમાત્રની દૃષ્ટિ એના તરફ એ રીતે જ ખેંચાઈ રહે એવી ખાતરી એની નજરમાં અકાબેની હતી મેં પણ એ સમાજના 'સભ્ય' (?) તરીકે એની સામે એ રીતે જ જોયું

બસ પકડવા ચૌરધીના બસ સ્ટેન્ડ પાસે આવીને ઊભો ત્યાં એણે હાથ પ્રસાર્યો

'લીજીયે બાબુજી, હિમાલય કી અસલી કસ્તુરી—

હરણના ચામડાની નાની સરખી પોટલી એણે બતાવી, પણ મારી નજર એ કસ્તુરી તરફ નહિ પણ એ વેચનારી તરફ મંડાઈ ગઈ એને માત્ર સૌંદર્ય કઈ રીતે કહેવાય ? અથવા ચીલાચાલુ વ્યાખ્યાનુસાર એને સૌંદર્ય કહેવાય પણ ખરું ? ઊજળો વાન ન હતો, બંકિમ પાતળી ભ્રમરો ન હતી, આંખની નાસિકામાં તરતી મેંદી કીકીઓ અને તે ઉપર મંડાયેલી પાર્શ્વક પાંપણો નહોતી, ધારીના એ હોઠનો ગુલાબી વળાંક નહોતો, સુઘડતાનું નામનિશાન ન હતું અને છતાંયે એની પહાડી ખરબચડી નિષ્પાવસતા, અભિવ્યક્તિનું સહજપણું, અને એના સમગ્ર વ્યક્તિત્વને છાઈ ગયેલી લીંબુ કમનીયતા ત્યાં અબાધ પ્રગટ થતી હતી !

એની સંધ્યાકાળે પણ એની આંખોમાં સૂર્યના પ્રકાશમાં ચળકતા પાઈનવૃક્ષોના રેસા જેવા પાંદડાની ચમક વેરાઈ જતી હતી, ઊપસેલા ગાલ અને સહેજ ચપટું નાક છતાં સમાંતર મુખરેખાઓમાંથી કાચી કેરીનું મોહાંગણું ઝૂલતું હતું જેમ તેમ ઓગેલા કોરા વાળની તોફાની ભૂખરી લટ એના મુખ ઉપર દક્ષિણના વાયરામાં અસ્તવ્યસ્ત ફરફરતી હતી

એ ફાટેલતૂટેલ કાપડાને ચોળી કહેવી જ રહી એના આંકોરા, ઉપરથી તૂટી ગયેલું એક બટન બીજા બટનની જગ્યાએ ટીંગાડેલી સેફ્ટી-પીનની મદદમાંથી છટકેલા બે છેડાની ફાટ આ કશાની એને શરમ ન હતી

અને ચાળીયાનો પણ એણે ઢીંચણ સુધી કછોટો માર્યો હતો—એમ કરવા પાછળ પણ જાણે કશું પ્રયોજન હોય તે રીતે

આમ જુઓ તો એ કસ્તુરી વેચનારીના બધા જ હાવભાવ હિમાલયમાં ભટકતી કોઈ નિર્દોષ મૃગની સમા હતા, છતાં એ સાવ મૃગની સમી નહોતી લાગતી

એની નજરમાં અક્કલ હતી, પેલી તૂટેલા બટનવાળી ચોળીના બાકોરામાં એ અવારનવાર આંગળી ફેરવી લેતી તે પાછળ પણ ચોક્કસ ગણતરી હતી પોતાની આજુબાજુની નિર્દોષ હવા પણ એણે યોજનાપૂર્વક ઊભી કરી હતી અને એને જોઈ રહેવા પાછળ આ બધાની મને સમજ પડતી હતી તેની પણ મજા હતી પણ એ રીતે એને જોઈ રહેવા માટે માગ જોવા બદ પુરુષને કઈ બહાનું જોઈતું હતું બસ સ્ટેન્ડ પાસેના યુરોપીયનશાળા યુવાન છોકરાઓના ટોળા પાસે હું ગયો અને એમાંના એકની સામે મારો જમણો પગ એના લાકડાની ટકણ ઉપર ગોઠવીને હું ઊભો રહ્યો ઑફિસેથી નીકળી જતું પામર ઘેર એવી ઊર્મિલાની અજ્ઞા હું ભૂલી ગયો

અશિષ્ટ ન ગણાઉં તે રીતે, કસ્તુરી વેચનારી પહાડી છોકરી બસના ઉતારુઓ પાસે પોતાનો માલ વેચવા જે જાતના પ્રયત્ન કરતી હતી તે તરફ બબ્બે ક્ષણને અંતરે જોઈ લેતો હતો હું એકલો જ નહિ, પેલા યુરોપીયનશાળા દરેક ઉંમરના છોકરાઓ પણ એને જ જોતા હતા જો કે એમની જોવાની રીત સીધી સાદી હતી એમનું અવલોકન બોલકણું બની બેસતું હતું એનું બધું કરવા માટે કોઈ પણ બહાનાનો એ આશ્રય શોધતા ન હતા.

એક છોકરાએ કસ્તુરીનો ભાવ પૂછ્યો, પૂછેલા દૂરથી પછી એના અડોઅડ જઈને જ્યાંગમાં કોણીનો અને

આખનો હમેનો એને મજનો આખુ ટોળુ ખડખડાટ હસી પડ્યુ, એક થોડો લઘુ જુવાન છોકરો એ છોકરીને એકીટશે જોયા જ કરતો હતો તે ન હસ્યો એટલે એની તરફ મારુ ધ્યાન ખેચાયુ

એની નજરમા વ્યાકુળતા હતી લગભગ મારા જેવી જ, એમ મને એક ક્ષણ માટે પ્રતીતિ થઈ પણ એ વિચારને મે ધુત્કારી કાઢ્યો એનો વ્યવહાર મને બેઅદબ લાગવા માડ્યો મારુ ચાલે તો એને હુ સખત ઠપકો આપુ એમ પણ મને ચણચણાટી થઈ આવી પરતુ એક બસ ઉતારુની આજુબાજુ ચક્કર લેતી પેલી છોકરી તરફ મારી જ નજર વળી ચોટી ગઈ એની હલનચલનમા નજરોને પકડી રાખવાનુ જાદુ હતુ એવી મનગમતુ કોઈ સિનેમાનુ ગીત પણ મને તુરત યાદ આવી ગયુ હુ પણ બૂટપોલીશવાળો છોકરો હોત તો ખુલ્લા અવાજે કદાચ એ ક્ષણે એ ગીત હુ લલકારી બેસત એવો રમૂજભર્યો ખ્યાલ મારા મનમા રમી ગયો એ ક્ષણે મારા મુખ ઉપર કદાચ ખુશીનુ સ્મિત ફરકી ગયુ હશે એમ હુ માનુ છુ કારણ કે મારા ઉપર નજર પડતા એ પહાડી છોકરી પણ મીઠુ આત્મગૌરવભર્યુ હસી પણ મે તુરત નજર ખસેડી લીધી એની ખુલ્લી ફૂટપાથ ઉપર અમે હતા ત્યા જઈને એ અટકી પેલા જુવાનની હરીફ ગરની સીગારેટની રાખ જેવો એનો રંગ હતો

'દૂસરા પૈર રખીએ બાબુજી' પેલા જમણા પગની બૂટપોલીશ પૂરી થતા છોકરાએ મારુ ધ્યાન દોર્યુ મારા મુખમાથી નિસાસો નીકળી પડ્યો બૂટપોલીશ કરતો છોકરો સહેજ મરક્યો મને એનુ એવુ સ્મિત અપમાનભર્યુ લાગ્યુ હુ ઝખવાયો ફરીથી એનુ ધ્યાન મારી ફરતી નજર ઉપર ન પડે એ માટે મે મારી દૃષ્ટિ પોલીશ થતા બૂટની સામે વાળી છતા મારી અજાણપણે એ છોકરો કળી ગયો છે એમ મને લાગ્યા જ કર્યું

આજ સવારે જ કૉલેજમા ભણતી મારા પાડોશીની દીકરી ઉર્મિલા પાસે શાકુન્તલનો કોઈ અઘરો શ્લોક સમજવા આવી હતી દુષ્યન્ત જેવો રાજવી આમ આશ્રમકન્યા ઉપર તે શુ મોહ્યો હશે એ સબધી બને ચર્ચા કરતા કવિ કાલિદાસની રસિકતા ઉપર હસતા હતા

'કોરુ તાજુ ફક્કડ તુ રૂપ—' ઉર્મિલાએ તપતિને એ રહસ્યનો ફોડ પાડવા માડ્યો, ત્યારે છાપામથી નજર ખસેડી ચશ્મા બાજુએ મૂકી હુ એમની વાતો સાભળી રહ્યો હતો તપતિ કાઈ ઉર્મિલાને આગળ પૂછવા જતી હતી ત્યા હુ ઊભરાયુ અને વાત આગળ ન વધી

એ પ્રસગ યાદ આવતા બૂટપોલીશવાળાની ચોકીદાર નજરની ચોરી કરતા કરતા આજુબાજુ ફરતુ પેલુ કોરુ ફક્કડતુ રૂપ હુ જોઈ લેતો હતો

બૂટપોલીશ પતી ગઈ પગારની રકમના ભરથી વજનદાર બનેલુ પર્સ કાઢીને દસ નયા પૈસાનો સિક્કો છોકરાના હાથમા મૂક્યો પેલી છોકરીની નજર મારા ઉપરથી ખસીને મારા પર્સ ઉપર પડી

'ઔર દશ પયસા બાબુજી' ઓચિતુ બાઘાપણભર્યુ હાસ્ય વેરતા પેલા છોકરાએ હાથ લબાવ્યો

'ઔર દશ પયસા! ક્યો?' મે ક્રોધની માત્રા સધે આશ્ચર્યચકિત થતા પૂછ્યુ

'તમાશી કી ફી' અને વધુ મોટેથી હસતો હસતો એ પોતાના મિત્રોના અડ્ડામા ઘૂસી ગયો એના એવા હાસ્યની સ્પષ્ટ મશ્કરી હુ તુરત ન સમજ્યો ત્યા એ ટશે પેલી પહાડી છોકરીને નીકળી રહેલા પેલા સાથીદારને એણે બધા સાભળે તે રીતે ટકોર કરી

'લનવા વો બાબુજી તમાશે કી ફી નહિ દેગા—જૈસે કે સબ ચીજ મુફત મિલ જાયેગી'

'ઉનકો સમજના યાર સબ ચીજ કા કુછ ન કુછ દામ લગતા હૈ—' એની લઢણે એના દોસ્ત પાસેથી દીવાસળીની પેટી માગીને બુઝાયેલી સીગરેટ ફરીથી સળગાવી સીગરેટના બે ઊડા દમ લઈને એ પેલી છોકરી તરફ આગળ વધ્યો કસ્તુરી (?)ની ટરણના ચામડાની પોટલી તરફ ચીંધીને એણે પૂછ્યુ

'એક કસ્તુરીકા ક્યા દામ?'

'તુમ ખરીદોગે? કસ્તુરી! ...' છોકરીએ વગર થ

'ક્રાયે આંખનો ઉલાળો માર્યો, એના હોઠ ઉપર મોના લીસાનું પેલું અકળ સ્મિત અંકાઈ ગયું.

'અરે તુમારી નકલી કસ્તુરી હમ છુયેંગે ભી નહિ, મૈં તો યહ કસ્તુરીવાલી કા દામ પૂછ રહા થા' પેલાએ પાછળનું વાક્ય ધીરા અવાજે ઉચ્ચાર્યું તો 'પણ આજુબાજુથી 'વાલી' ઉપરનો ખાસ ભાર પણ સંભળાયા ન રહ્યો એ ભારની કદર જાહેર કરતું હાસ્યનું મોજું ત્યાં ફરી વળ્યું

મારા પગ થંભી ગયા જ હતા, કસ્તુરીવાળીનો જવાબ સાંભળવા મારું હૈયું પણ જાણે થંભી ગયું.

'વહ કસ્તુરી હતની સસ્તી નહિ—' પેલીએ સહજ ભાવે જવાબ આપ્યો, આંખ ઉપર ધસી આવતી ભૂરી લટ કાન ઉપર ગોઠવતા મુખ ઉપરનું મોનાલીસા સ્મિત પણ એણે સંકેલી લીધું. મને લાગ્યું કે અધૂરા મૂકેલા વાક્યના અનુસંધાનમાં ખૂટપોલીસવાળાના મુખ ઉપર હમણાં ધોલ પડશે પણ એ માત્ર મારા મનની જ ગણતરી નીવડી સંકેલી લીધેલા સ્મિતની જગ્યાએ ખળખળતું હાસ્ય વેરાઈ પડ્યું, પાઈન વૃક્ષની પાતળી પાંદડીઓની ચમક જેવી પેલી ચમક એની આંખમાંથી એ ખળખળતાં હાસ્ય સાથે તાલ દેતી રમી પડી.

શીગારેટના ડબ્બામાં હતા એટલા બધા જ સિક્કા લઈને એના હાથમાં દાબી દીધા

'લે, સારા દિનકી કમાઈ તુઝે દે દી કસ્તુરી, બસ?'

વિના આનાકાનીએ એ સિક્કા એણે ખભે લટકતી ઝોળીમાં સેરવી લીધા

કલકત્તાના મેદાન ઉપર અંધારું ઘવાતું હતું. એ ઝોળા ધીરે ધીરે એ મેદાનમાં લીન થતા હું જોઈ રહ્યો મારા મુખમાંથી એ સાંજે ફરીથી નિસાસો નીકળી પડ્યો પેલો છોકરો મને જોઈને વળી કટાક્ષભર્યું હસ્યો, 'બાબુજી અભીતક આપકી બસ નહિ આઈ?'.

તે પછી ભવાનીપુર જતી પહેલી બસ મેં પકડી લીધી.

બસનું ભાડું ચૂકવતાં વળી ખીસ્સામાંથી ભારે પાકીટ કાઢ્યું, એનો ભાર મને અકળાવતો હતો. .

બીજે દિવસે તપતિ વળી ઊર્મિલા પાસે શાકુંતલ વાંચવા આવી ઊર્મિલા એને સમજાવતી હતી તે શ્લોકની એક પંક્તિ હતી

'વયં તત્વાન્વેષા મધુકર હતાસ્ત્વં ખલુ કૃતિ'

શકુંતલાને સતાવતા કૃતકૃત્ય ભ્રમરની અદેખાઈ કરતા રાજા દુષ્યન્તની મનોદશા હું બરાબર સમજી શક્યો મને થયું પણ ખરું કે ઊર્મિલા કરતા તપતિને એ શ્લોકનો ભાવાર્થ હું વધુ સારી રીતે સમજાવી શકીશ પરંતુ ઊર્મિલા ઘણી ચબરાક, એ શબ્દોમાંથી જ મને પકડી પાડે તો? એટલે ચૂપચાપ છાપામાં નજર રાખીને તપતિને એ શ્લોક કઈ રીતે સમજાવે છે તે સાંભળતો હું ચૂપ રહ્યો

'તત્વાન્વેષા એટલે શું ઊર્મિકાકી?' તપતિનો પ્રશ્ન સાંભળી હું સાવધ થયો

ઊર્મિલા વિચારમાં પડી પછી એણે તુરત જવાબ આપ્યો

'એટલે કે. એમ કર ને તપતિ, એનો અર્થ વધારે સારી રીતે તને તારા કિશોરકાકા સમજાવશે, એ લગભગ એવા જ છે'

'એવા એટલે કેવા?' તપતિએ નવો પ્રશ્ન પૂછ્યો.

છાપાના અક્ષરો એકબીજામાં ગૂંચવાવા માંડ્યા, મારો શ્વાસ અદ્ધર રહી ગયો

ઊર્મિ બોલતી હતી, હસીને—,

'એવા એટલે દુષ્યન્ત જેવા, કોરી કાચી કડકડની યુવાન છોકરીઓને જોઈને માત્ર નિસાસા નાખે તેમાંના'

એટલી વહેલી સવાર છતાં તે ક્ષણે ઊર્મિ મને ખૂબ વહાલી લાગી ....

ન લાગે?

★

બ્રિટનની ફિશર એન્ડ લડલો લિ. (બર્મિંગહામ) નામની પેઢીએ જંગી વહાણોમાં નિકાસની ૧,૦૦૦ જેટલી મોટર-ગાડીઓનો સમાવેશ કરી શકાય તે માટે પોલાદના લટકતા ડેકની શોધ કરી છે આ ડેક જરૂર પડે ગોઠવી તેમ જ જરૂર ન હોય ત્યારે તત્કાળ ખસેડી લઈ શકાય છે. હાલમાં વપરાતા ડેકના ભાગોને છૂટા કરતાં ૫ થી ૮ દિવસ નીકળી જાય છે જ્યારે આ નવા 'બનાવટી' ડેક ૨૪ કલાકમાં ખસેડી લઈ શકાય છે. એટલું જ નહિ પરંતુ ઉપરા ઉપર આવા ત્રણચાર ડેક ગોઠવી શકાય છે.

ઈશ્વરભાઈ પટેલ

માન્યામાં નહીં આવે [૨]

દક્ષિણ ધ્રુવની સાહસિક સફરના ગયા અંકમાં આવેલ પ્રથમ હપ્તાનો આ ઉત્તરાર્ધ છે. અંગ્રેજી પરથી સરળ ગુજરાતીમાં ઉતારનાર તરીકે આચાર્ય શ્રી ઈશ્વરભાઈ પટેલ હવે તો દરેક વાચકને જાણીતા છે એટલે તેમની કલમ પ્રસાદી દરેકને પ્રિય થાય છે ..

પણ વિધિએ કંઈ ઓર જ વિચાર્યું હશે તે બરફે માગ દીધો જ નહીં ને હોડીઓ દરિયામાં તરતી મુકાઈ પણ નહીં. એમની વિવશતાનો પૂરો ખ્યાલ કુદરતે એમને આપ્યો.

ચૌદ દિવસોમાં એમનું સ્થાન સાવ બદલાઈ ગયું. એમની શિલા 'પામર' દ્વીપકલ્પની અંતિમ અણી વટાવી ગઈ હતી અને હવે તો જમીન પર પહોંચવાની આશા નહીંવત થઈ ગઈ હતી ને ધ્રુવના દક્ષિણી સમુદ્રની વચ્ચે હવે રહ્યા હતા માત્ર એ જ નાનાશા ટાપુ—કલેરન્સ અને એલીફન્ટ બન્ને ઉત્તર તરફ દશ માઈલ પર. એમની પેલી પાર માત્ર શૂન્યાવકાશ શો બરફનો વિસ્તાર!

હરેક દિવસે, હરેક કલાકે પરિસ્થિતિ વણસતી જતી હતી. એપ્રિલની ત્રીજી તારીખ સુધીમાં તો એમની શિલા જે આરપાર ૬૦૦ વાર લંબાઈમાં હતી તે એનો ત્રીજો ભાગ પણ રહી ન હતી ને આખો દિવસ બીજી શિલાઓ સાથે અથડાઈ કપાઈ ટકરાઈ વામન સ્વરૂપ બની જતી હતી. એલીફન્ટ ટાપુ હજુ સીધા ઉત્તરે ૬૮ માઈલ હતા. ધીરે ધીરે એ એ તરફ ખસતા હતા પણ કદીક કદીક આવી જતું પશ્ચિમી ખેંચાણ ભારે ચિંતા કરાવતું.
સૌ કોઈ જમીન પરના ઉતરાણ માટે પ્રાર્થના કરવા લાગ્યા હતા.
છઠ્ઠી એપ્રિલે સાંજના પોણાસાત વાગે મંડળીના સુથાર હેરીએ પોતાની નોંધપોથીમાં ટપકાવવા માંડ્યું, 'ગઈ કાલથી પાણીના ઉછાળા વધવા લાગ્યા છે. એ ઉછાળા હવે તો બહુ હાનિ નથી કરી શકતા કારણ અમારી શિલા કપાઈ કપાઈ સાવ નાની થઈ ગઈ છે. હરેક ઉછાળા સાથે એ ચડે છે ને પડે છે.'
એનું વાક્ય એ કદી પૂરું કરી શક્યો જ નહીં. મોટા અવાજ સાથે એ શિલા તૂટી ગઈ!

પૂરી નજર રાખતો હતો. એણે એકદમ મદદ માટે બૂમ પાડી. બધા લોક દોડી આવ્યા અને કિસ્સીઓને થોડી સામગ્રી સાથેના ટુકડા પર હતી એને તરાડ વિસ્તરે તે પહેલાં, સૌ જલદી જલદી ખેંચી લાવ્યા.

હવે તો એ બરફશિલાનો ટુકડો ત્રિકોણાકારનો બની ગયો હતો અને એની બાજુઓ હતી ૧૦૦×૧૨૦×૯૦ વાર.
સવાર થતાં તો આખી શિલા પર ઠેકઠેકાણે પાણીનાં ખાબોચિયાં ભરાઈ ગયાં ને તરાડ વધવા લાગી. સાડા દસે શેકલ્ટનનો અવાજ સંભળાયો 'તંબૂ ઉઠાવી લો ને હોડીઓ તૈયાર કરી દો.'
સૌ લોકો એકદમ કામે લાગી ગયા. પણ સાતે તડાક સંભળાયું ને એક ક્ષણ પહેલાં જ્યાં શેકલ્ટનનો તંબૂ ખડો હતો ત્યાં જ તરાડ પડી ને બન્ને ટુકડા ઝડપથી અળગા થવા લાગ્યા. બીજા ટુકડા પર એક હોડી ને થોડો સામાન રહી ગયો હતો. એટલે પહોળી થતી તરાડ કૂદી સૌ ઝડપથી એ બધું ખેંચી લાવ્યા.
પછી એમને પાછી મૂંઝવણ થઈ. એક તરફ એમ થતું કે ટુકડા થતી આ બરફશિલા પર સહીસલામતી ક્યાં? તો બીજી તરફ એમ સ્પષ્ટ દેખાતું કે આના જેટલી મોટી અન્ય કોઈ શિલા નજદીકમાં નથી અને એક વખત આને ત્યજી દઈ હોડીમાં બેઠા ને બીજી આવી શિલા ન મળી તો કદાચ બરફમાં પીસાઈ જવાનું બને. સૌની દૃષ્ટિ આ કોયડાની પળે એમના નેતા શેકલ્ટન તરફ વળી. બરફ ખુલ્લો થયો હતો ને હોડી તરતી મુકાઈ તેવી પરિસ્થિતિ હતી. એમના મુકામવાળી શિલા નાની ને નાની થતી જ જતી હતી. એટલે ૧૨-૪૦ કલાકે શેકલ્ટને હોડીઓ તરતી મૂકવાનો હુકમ આપ્યો. ચારેકોર સળવળાટ વધી ગયો ને હોડવાળાના તો શક્ય

તેટલો સામાન હોડીઓમાં મૂકી, હલેસાં હાથમાં પકડી સૌ ઊપડવાના હુકમની રાહ જોવા લાગ્યા.

શરૂઆતની થોડી મિનિટો તો ભારે કફોડીભરી નીવડી. મહિનાઓથી કોઈએ હલેસું હાથમાં પકડેલું નહીં એટલે એમની જ ગતિ તાલમાં ન આવી શકી ને એઓ સામસામી ગતિ આપવા લાગ્યા. તેમાં વળી બરફના પાસે આવતા ટુકડા મુશ્કેલીમાં વધારો કરતા. કેટલીક વખત તો ભટકાઈ પડવાની ભીતિ સાચી પડે તેવું થતું છતાંય કોઈ અકળ ગતિએ એ સૌએ પ્રગતિ કરી. પંદર મિનિટમાં તો એમની છાવણી દેખાતી બંધ થઈ અને એમનું ધ્યાન આગળના પ્રવાસ પર કેન્દ્રિત થયું. એમણે પ્રગતિ પણ ઠીક સાધી. આંતરે આંતરે પાણી-માંય બરફનાં પડ આવી જતાં પણ એ બધાં એમના રસ્તાને બાધારૂપ નીવડે તેવાં ન નીકળ્યાં. સાંજના સાડાપાંચ થતાં અંધારું જામવા માંડ્યું ને શેકલટને રાત પૂરતો પડાવ પાસેની એક મજબૂત હિમશિલા પર નાખવાનું ઠરાવ્યું.

હોડીઓ ઉપર ખેંચાઈ ગઈ ને રસોઈ શરૂ થઈ. તે દરમિયાન બાકીનાએ તંબૂ તાણ્યા. દિવસ દરમિયાન એમણે પોતાના ધ્યેય ભણી સાત માઈલ કાપ્યાનો સૌને મન સંતોષ હતો એટલે વાળુ પત્યે બધા પથા-રીમાં પડ્યા.

ચોકીદાર એકલો જાગતો હતો પણ શેકલટનને કોણ જાણે કેમ, નિરાંત વળી નહીં. રાતે અગીઆર વાગ્યે એ બહાર નીકળી આવ્યો ને એણે જોયું કે પાણીના ઉછાળા વધી ગયા છે. એને ચિંતા પેઠી પણ એ આગળ વિચારે તે પહેલાં તો 'ધડ' દેતોક ને અવાજ એના પગ નીચે થયો ને એ ઊભો હતો તે શિલા તૂટી ગઈ.

આઠ ખલાસી ઊંઘતા હતા તે તંબૂ-તરાડમાં સરકી ગયો. પ્રભુનું કરવું તે બન્ને ટુકડા, જોતાવારમાં, જુદા પડ્યા અને સાત માણસો સીસકારા ભરતા બહાર નીકળી આવ્યા. એટલામાં બૂમ પડી, 'એક જણ ખોવાયો છે.'

શેકલટન દોડી ગયો. ને તંબૂને ચીરવા લાગ્યો. નીચેથી આવતા સીસકારાના અવાજ અંધારામાં એના કાને પણ પડવા લાગ્યા. આખરે જ્યારે આખો તંબૂ બહાર નીકળી ગયો ત્યારે એણે કશુંક આકારહીન સળવળતું જોયું. એ હતો ઊંઘકોથળીમાં પુરાયેલો એક ખલાસી.

શેકલટન નીચો નમ્યો, કોથળી પકડી, એક ભારે આંચકા સહ એણે કોથળી બહાર ખેંચી કાઢી. એક ક્ષણ પછી પેલા બંને શિલા-ટુકડા જોરથી અફળાયા! પેલો આદમી હતો એમનો અગ્નિરક્ષક. એ બિચારો પાણીથી તરબોળ થઈ ગયો હતો પણ એને બદલવા આપવા, કપડાંની બીજી જોડ હતી નહીં. એ ઠરી ન જાય તે માટે શેકલટને જણાવ્યું કે કપડાં સુકાઈ જાય ત્યાં લગી એણે ચક્કર મારવા જ કરવાં. આખી રાત એને સાથ આપવા વારાફરતી એક એક જણે આંટા માર્યા કર્યા. એ ફરતા ત્યારે એનાં અક્કડ થયેલાં કપડાંનો અવાજ થતો ને એ સુકાતાં તેમ તેમ બરફના કણ નીચે ગરતા.

બીજે દિવસે સવારે આઠ વાગ્યે એમની સવારી આગળ ધપી. ત્રણ કલાક પછી બરફશિલાઓના એક ગાઢા સમૂહની કિનાર નજદીક એ પહોંચ્યા. સદ્‌ભાગ્યે એમનો માર્ગ મોકળો થયો અને એ સમુદ્રનાં જળ પર આવી લાગ્યા.

મહિનાઓથી જેને ઝંખતા હતા એ બરફહીન સમુદ્ર એમની આંખ સામે આવી રહ્યો પણ વિધિની ક્રૂરતા એવી કે એનો આનંદ એ ન માણી શક્યા. બરફની હિફાજત દૂર થતાં જ એમની હોડીઓ પવનના શીથા સપાટામાં આવી ગઈ. ખડકશાં ઊંચાં મોજાં ઊછળતાં હતાં અને એમાં નાની હોડી તળે ઉપર થઈ જતી હતી. મોજાંના ભાંગવા સાથે, ઊડતી શીકરથી સૌ નવાઈ ગયા. ત્રણેય કિસ્તીઓ મજબૂત હતી અને વીસ-બાવીસ ફૂટ લાંબી હતી પણ આવા તોફાની દરિયામાં એમનું ગજું શું?

બે વાગ્યા સુધી તો શેકલટને એમને દરિયામાં અફળાતા

દીધી પણ પછી એકાદ શિનાનુ રક્ષણ શોધવા ફરમાન કર્યું અનિશ્ચમિન એવા માણુમોએ હોડીઓને એક મજબૂત શિના તરફ વાળી અને મહાપરાણે ઉપર પહોચી ગયા

એમને આખ મીચ્યે ૩૬ કલાક થયા હતા પણ શિનાનો ભરોસો પડતો નહોતો

'આટલી રાત આ શિનાને અકબંધ રાખવાની' પ્રાર્થના કરતા કરતા સૌ પોઢ્યા

રાત આખી વિના અકસ્માત વીતી પણ રાત્રિ દરમિયાન જ પવન એવો ફૂકાયો કે ચારે કોર નજર પહોચે ત્યાસુધી હિમશિનાઓ ખડકાઈ ગઈ એમનો રસ્તો પુરાઈ ગયો !

દરિયો પણ એનો જ તોફાની હતો ત્રીસ ત્રીસ ફૂટ ઊચા મોજા એક પછી એક, અર્ધા અર્ધા માઈલને આતરે આવ્યા કરતા હતા ને આ બરફશિનાઓ પર પછડાતા, ફૂટાતા ભાગતા હતા આમ એમની હિમશિના ખડાની હતી

બપોરના બે વાગતા પ્રવાહ બદલાયો ને એમની શિના નજદીક હોડીમાર્ગ થઈ ગયો વીજળીક ત્વરાથી હોડીઓ પાણીમા ઉતારી દીધી અને હલેસાના અવાજ ઊઠવા લાગ્યા આગલી રાતના અનુભવથી ધડાયેલ સૌએ ફરી બીજી રાત્રે શિનાનુ શરણુ શોધ્યુ નહી અને તે પછીના ચારેય દિવસ એ સૌએ હોડીઓમા જ ગાળ્યા

ભીડાઈને હોડીઓમા બેસવાનુ અને ચારેકોરથી ઠડી ગાર સીકરના શિકાર બનવાનુ—આ બધુ મારી નાખે તેવુ હતુ દિવસો તો તોય ઠીક લાગતા પણ રાત્રે આણુક પી બનની પગ લબાવવાની જગા નહી, હલન ચલનની શકયતા નહી ઠડીનો પારો શૂન્યથીય નીચો ! હોડીઓ છૂટી ન પડી જાય તે જોવાનુ પવનના તોફાનમાં ગમે તે દિશાએ ફગોળાઈ જવાનુ !

હરેકને હિમ નડ્યુ ને ઠેર ઠેર ચાંદા પડ્યા ત્રણ જણના પગ તો કાળા જ ગયા ! તેમા પણ મીઠુ પાણી ખૂટી ગયુ તરસ સૌને ઊપડી એને એને છિપવવા તાજુ સીલનુ માસ સૌ ચૂસવા લાગ્યા જેથી લોહીને કારણે તૃષા કઈક હળવી થાય !

પાચમે દિવસે એમને એલીફન્ટ ટાપુના દર્શન થતા સૌના જીવમા જીવ આવ્યો ગણત્રી કરતા એ ત્રીસેક માઈલ દૂર લાગ્યા ગતિ બરાબર સચવાઈ રહે તો રાત્રિ નમતા પહેલા પહોચી જવાય તેવી શકયતા હતી એટલે સૌ હતી તેટલી તાકાત હલેસા પર અજમાવવા લાગ્યા

બે વાગે ૩૫૦૦ ફૂટ ઊચા એ ટાપુ સ્પષ્ટ દેખાવા લાગ્યા ને દસેક માઈલનુ અતર રહ્યુ ! કલાક પછીય એની એ જ સ્થિતિ રહી એ હલેસા મારતા જ રહ્યા ને હોડી ખસતી જણાય અતર કાપતી અટકી ગઈ હતી કિનારા નજદીકના કોઈ ભરતીના પ્રવાહે એની ગતિ ડામી દીધી હતી

પ્રવાહ પલટતો અટક્યો ત્યા પવન ફૂકાવો શરૂ થયો એ આખી રાત ને પછીનો આખો દિવસ પવન ચાલુ રહ્યો અને એ ઠેરના ઠેર રહ્યા એ બધો વખત ભૂખ તરસથી પીડાતા થાક્યા પાક્યા એમણે શી રીતે હલેસા માર્યા ર્યા અને ઠડી તથા સીકરવર્ષા સહન કર્યા તે એક કોયડો જ છે

પણ આખરે પવન પડ્યો તોફાન શમ્યુ અને એલીફન્ટ ટાપુની લુખી સૂકી ધરતી પર એમણે ડગ દીધો ત્યારે આનદ આનદ થઈ ગયો ૪૯૭ દિવસ એને બરાબર દોઢ વરસે એમણે નક્કર, ભાગે નહી તેવી ધરતી પર ડગ દીધા ! ! !

ઉતરાણનો આનદ શમ્યો એટલે વસવાટનુ મથીસના મત સ્થળ એ જોવા નીકળ્યા આખો ટાપુ સાવ સૂકો ને વેરાન. ન મળે વનસ્પતિ કે ન મળે માનવી સુખ માત્ર એટલુ કે ઢગલાબધ સીલ અને પેન્ગ્વીન પક્ષી ટાપુ પર આવતા એટલે ખોરાકની મુશ્કેલી નહોતી

એમના ઉતરાણનુ સ્થાન, ભરતી સમયે ધોવાતુ હતુ એ રહેઠાણ માટે અનુરૂપ નહોતુ સાત માઈલનો કિનારો એ હોડીમા ફરી વળ્યા ને અતે પવન ને ભરતીના પાણીને રોકે તેવા કિનારાના ખડકોની આડમા શેક્લ્ટન સૌને લઈ ગયો અને ત્યા છાવણી નખાઈ

પણ આ સ્થાન આકરાનું હતું અને કોઈ વહાણ એમને જુએ ને જગત ભેગા કરે એવી સંભાવના નહીંવત્ હતી

શેકલટન વિચારમાં પડી ગયો ત્રીજે દિવસે એણે જાહેર કર્યું કે એ પોતે, પાંચ હોશિયાર માણસો સાથે ૮૦૦ માઈલ દૂર આવેલા જ્યોર્જિયા ટાપુ પ્રતિ, હોડી હંકારવા તૈયાર થયો, પ્રયાણ આદરશે એ ટાપુ વહેલ માછલીના શિકારનું કેન્દ્ર હતું અને ત્યાં પહોંચાય તો કુમક મળે અને આ સૌને ઉગારી શકાય એવી શેકલટનની ગણતરી હતી

સુથાર તરત જ કામે લાગી ગયા હોડી પર કેનવાસનું તૂતક લગાવી દીધું, એ ઝાઝી ઊંડી નહીં તે માટે ખડકના ટુકડા ભર્યા બરફ ઓગાળી બે પીપ મીઠું પાણી ભરી લીધું એક મહિનો ચાલે તેટલો ખોરાક ભર્યો હાથ આવ્યા તેટલા કપડા લીધા અને નવમે દિવસે ઊપડવા તૈયાર થઈ ગયા

એપ્રિલની ચોવીસ તારીખે સવારે વિદાય નક્કી થઈ ગોર વાગ્યો દરેક આદમીને બે બિસ્કીટ અને પાશેર સુરબો વહેંચાયો સૌ મજાકમાં મશગૂલ બન્યા ને વાતાવરણને હળવું બનાવવા યત્ન કરવા લાગ્યા પણ સાડા બારે જ્યારે હોડીનું મો ઉત્તર તરફ વળ્યું ને હલેસા હાલ્યા ત્યારે સૌના હૃદય બોલતા હતા કે કદાચ આ આખી મંડળીનું અંતિમ મિલન હશે !

સમુદ્રના જળ પર હોડી સરકવા લાગી ને આખરે એલીફન્ટ ટાપુ ક્ષિતિજમાં ડૂબી ગયો શેકલટનનું મન હાંફી ઊઠ્યું, એ જમીનનો સફરી હતો દરિયા પર એટલી ફાવટ નહોતી અને પેલા ટાપુ પર રહેલા બાવીસ જણના ભાવિની ચિંતા એને કોરી ખાતી હતી છતાં મુક્તિ માટેનો એક માર્ગ આ છસો માઈલના દરિયામાં અપનાવવું એ જ હતો એટલે એણે મન મજબૂત કર્યું

બે દિવસમાં તો આ વિસ્તારના સમુદ્રે એમને થકવી નાખ્યા, ચારેય બાજુ જ્યાં નજર નાખો ત્યાં ઊછળતું પનાગતું, છાંટી નાખતું પાણી જ પાણી રાત દી આ ઝટકાવ ચાલુ રહેતો

ઊંઘમાં પલળી ન જવાય તે હેતુસર વહાણના પાછળના ભાગમાં એ ગોઠવ્યું હતું ત્યાં પહોંચવા પેલા પથ્થરો પર ઘુંટણિયે પડીને એને એથી પાછળ પેટે ચાલી જવું પડતું આમ ઊંઘ-કોથળીમાં પેસી એ નિદ્રાધીન થતા ત્યાં ડુંગરશા મોજાથી હોડી એવી ઉછળતી કે એ આખાના આખા ઊછળી નીચેના પથ્થર સાથે અફળાતા ગમે ત્યાં સૂવે તો ય હોડીના ઉછાળા નડ્યા સિવાય રહેતા જ નહીં

જોરદાર પવનથી ધકેલાતી એમની હોડીએ બે દિવસમાં ૧૨૮ માઈલ કાપી નાંખ્યા એમનું વહાણ 'ડ્રેક પેસેજ'માં પેઠું અહીંનો સમુદ્ર બારેય માસ એવો ભયંકર રહે છે કે મોજાં નેવું ફૂટથીય ઊંચા ઊઠતા જ કરે પૃથ્વીના ગોળાની બધી બાજુઓએ અહીં માત્ર દરિયો છે એટલે કશીય બાધા સિવાયનો પવન ગાંડોતૂર બને છે એની ગતિ કલાકે બસો માઈલ પર પહોંચી જાય છે

આવા તોફાની સમુદ્રના રાક્ષસી મોજાના કિનાર પર શેકલટનની નાની હોડી, દર નેવું સેકન્ડે ઊંચકાતી પચાસેક ફૂટ ધકેલાઈ, મોજું તૂટવાનું થાય ત્યારે એમ લાગતું કે પળવારમાં આ કિશ્તી સેંકડો ટન પાણીમાં ડૂબી જશે પણ કોઈ અકળ ગતિથી એમની હોડી પર ઊંચી ને ઊંચી ધકેલાતી, ફીણથી ઘેરાઈ જતી ને મોજું ભાગતા આગળ હડસેલાઈ જતી દરરોજ હજારો વખત મરણનું આ નાટક ખેલાતું

નવ દિવસ પછી કુદરતની મહેર થઈ પવન પડ્યો ને ધીમી લહરો આવવા લાગી આકાશ સ્વચ્છ થયું ને વાતાવરણમાં ચેતના દેખાઈ તુરનાર્ની ગણતરીએ એમણે ૪૦૩ માઈલ કાપ્યા હતા અર્ધો જંગ જીતાયો હતો ! ઉઘાડ નીકળ્યો એટલે બધા કપડાં ને ચીજ વસ્તુઓ સૂકવવા લાગ્યા સૌએ રાહત અનુભવી ને મંડળીમાં કદીક કદીક હાસ્યમોજું ઉછળવા લાગ્યું

બે દિવસ આમ હુંફાળા હવામાનમાં ગુજર્યા ત્યાં ત્રીજે દિવસે હવામાન સાવ બગડી ગયું વહાણ હંકારવાનું, એને કાબૂમાં રાખવાનું અશક્ય જેવું થઈ ગયું સ્થાન ગણનારો માટે ઘુંટણિયે ઊભો રહી શકે તેમ નહીં બિચારા ઘૂંટણિયે પડી માપ લેતો ને નકશા પલળે નહીં તે માટે

કોઈને આ ૨ ઊભા રાખતો તો ય કાગળો પર ગણી જતા કુતુબનો ગણતરી પર તો એમની બધી આશા હતી મારગ એમાં ચૂક થાય ને દિશા મપાય તો ત્રણ હજાર માઈલ વિસ્તારના અફાટ, એકાકી સમુદ્રમાં એ ઘૂમતા જાય!

દિવસે દિવસે એ લક્ષ્ય નજીક જતા લાગ્યા એક દિવસ તો ગણતરીએ ૯૨ માઈલનું જ અંતર બતાવ્યું એટલે સૌ જમીન કે લાગ્યું કે ક્યાંય વસાહતની નિશાની જોવા માટે ઉત્સુક બની ગયા પણ તે રાત્રિએ કે પછીના દિવસે કોઈ ચિહ્ન નજરે પડ્યું નહી એટલે સૌને મનમા ભીતિ પેઠી મે ૭નો દિવસ આમ જ પસાર થઈ ગયો આખો દિવસ સૌએ ટીકી ટીકીને જોયું પણ ધુમ્મસ ફીણ ને પવનના અવાજને બાદ કરતા કશું હાથ લાગ્યું નહી

આઠમીની સવાર થઈ જ્યાં કશુંય ન દેખાયું! આઠ વાગે શેક્લટનનો નિરીક્ષણનો વારો હતો પણ આજ તો બધા જ ત્યાં બેસી રહ્યા હતા અને ચારેકોર નજર નાખ્યા કરતા હતા

સાડા દસ વાગે વીન્સેન્ટે પાણીમાં તરતું દરિયાઈ વનસ્પતિનું ઝૂમખું જોયું ને ધુમ્મસ વિખેરાતા સાડા બારે મેકાર્થી બૂમ પાડી ઊઠ્યો, 'જમીન, જમીન'

અને સાચે જ દસેક માઈલ દૂર બરફના ધાબાવાળી ટેકરીઓ ખડી હતી આઠ વાગે કિનારાની ને એમની વચ્ચેનું અંતર માત્ર ત્રણ માઈલ રહ્યું ટેકરીઓ પરનું લીલું ઘાસ એમને દેખાયું લગભગ સાડા બારે એમની નજર ઊગતી વધતી વનસ્પતિ પર પડી જેમ જેમ એ નજીક આવતા ગયા તેમ તેમ મોજાંનો ઘૂઘવાટ એમને જોરથી સંભળાવા લાગ્યો વધુ નજીક ગયા ત્યાં કિનારા સાથે પછડાતા ને ખડકોને અથડાઈ ભાંગતા મોજાં એમણે નિહાળ્યાં

વિધાતા વળી પાછી ક્રૂર બની હાથવેંતમાં દેખાતા કિનારે ઊતરવાનું શક્ય નહોતું આ ભયંકર મોજાંમાં એમની હોડી તો દસ મિનિટ ટકે નહી!

ત્રણ ને દસ મિનિટે શેક્લટને હુકમ આપ્યો કે પાછા દરિયા તરફ હંકારો સમુદ્રને ખોળે રાત્રિ ગાળી, સવાર થયે કોઈ સહીસલામત ખાડી આગળ ઊતરાણ કરવાની એની યોજના હતી સૌના મોં સિવાઈ ગયાં ને સૌના દિલમાં શંકાનો ઘર ઘાલ્યું

થોડા જ વખતમાં પરિસ્થિતિ સાવ વણસી ગઈ એક ભયંકર તોફાન શરૂ થયું એંસી માઈલની ગતિએ પવન ફૂંકાવા લાગ્યો એ રાત ને એક આખો દિવસ પવનનો કોપ ચાલુ રહ્યો આવી સ્થિતિમાં ખાવાનુંય કોણ બનાવે? પાણીય ખૂટી ગયું ને સૌનાં મોં સુકાઈ ગયાં હોઠ તરડાઈ ગયા ને એમાંથી લોહીની ટશરો ફૂટવા લાગી

આખરે પવન પડ્યો જ્યોર્જિયા ટાપુ દેખાયો અને ઊતરાણની જગા સૌ શોધવા લાગ્યા હવે પવન એવો અદૃશ્ય થઈ ગયો કે ખડક પાસે પહોંચવા એમને સારા એવા હલેસાં મારવાં પડ્યાં રક્ષણવાળી એક જગા જોઈએ કિનારા તરફ ગયા ૧૦મી મે ૧૯૧૬ના રોજ સાંજના બરાબર પાંચ વાગે એમના હોડીએ જમીનને અડકી અને જ્યોર્જિયા ટાપુના કિનારે ઊતરી સૌ 'વટેર છાવણી'નું સ્થાન જોવા લાગ્યા

કમનસીબે એમનું ઊતરાણ ટાપુની અવળી દિશાએ થયું હતું ચારેય વહેલ છાવણી ને આખો વસવાટ સામે કિનારે હતા દરિયા રસ્તે દોઢસો માઈલનું અંતર હતું ને એમની હોડી એ મુસાફરી બરદાસ્ત કરે તે સ્થિતિમાં નહોતી એટલે વિકલ્પ એક જ રહ્યો જમીન રસ્તે સામે કિનારે પહોંચવું અંતર હતું માત્ર ૨૯ માઈલ પણ એવા સીધા ખડકો ને ખીણો કે ટાપુની આરપાર કોઈ કદી જઈ શક્યું જ નહોતું

પણ શેક્લટને પોતાના મિત્રોને જણાવ્યું કે એ પોતે ક્રીન ને ટોમ આ અશક્ય લાગતો પ્રયત્ન આદરશે

સમુદ્રની મુસાફરીથી થાકેલા ચારેય પૂર્ણિમાના પ્રકાશમાં ને હવામાન સુધર્યું એટલે ત્રણે જણ મે માસની ઓગણીસ તારીખે વહેલી સવારે સાડા ત્રણ વાગે નીકળી પડ્યા

પ્રયત્ન કર્યા ત્યાં આજ સુધી જે કોઈ કરી શક્યા નથી, એવી એ દુર્ગમ મુસાફરી છત્રીસ કલાકમાં પૂરી

કરી એ સામે કિનારે પહોંચ્યા !

એમના પછી ઓગણચાલીસ વરસે, સંપૂર્ણ રીતે સજ્જ એવી ટુકડી લઈ, આનાથી ઘણા સહેલા રસ્તે, જ્યોર્જિયા ઓળંગનાર એક માત્ર સફરી ડંકન લખે છે કે એમણે આ ભગીરથ કાર્ય કેમ પાર પાડ્યું તે હું સમજી શકતો નથી. એમની પાસે સાધનો હતાં માત્ર પચાસ ફૂટ દોરડું ને એક વાંસલો. આટલી બધી મુશ્કેલીઓમાંય એ માર્ગ કરી શક્યા એક જ કારણે —નિશ્ચયબળથી—માર્ગ કરવો હતો એટલે.

આ ટાપુ ઓળંગતાં સૌ પ્રથમ એમને એક લાંબું સીધું થકવી નાખે તેવું ચઢાણ કરવાનું હતું. એ સાથે ચાર પર્વતમાળાઓ ઓળંગવાની હતી. પહેલા શિખરે પહોંચતાં એમને સાત કલાક થયા. મથાળે પહોંચ્યા ત્યારે ખબર પડી કે હવે સીધું ૧૫૦૦ ફૂટ ઊંડું ઉતરાણ કરવાનું છે.

પાંચ કલાક તો આમતેમ રસ્તાની શોધમાં એ પર્વતમાળા પર આથાપાછા થયા. છેલ્લી ટેકરીએ પહોંચ્યા ત્યાંસુધીમાં તો અંધારું ઊતરવા માંડ્યું, ધુમ્મસ ઘેરાવા લાગ્યું. એ ધુમ્મસ એટલું ગાઢ હતું કે કશુંય દેખાય નહીં. સાવ આંધળાભીંત જેવા, અસ્ત્રાની ધાર સરખા પર્વત પર, રાત્રિ શી રીતે ગાળે ? તેમાં વળી, ઝડપથી ચઢાય તે માટે એ નહોતા લાવ્યા તંબૂ કે ઊંઘકોથળી. હવે શું થાય ? અહીં રહે તો રાત્રે ઠરી જ જાય. કારણ ઊંચાઈ ૪૫૦૦ ફૂટ હતી એટલે કોઈ હિસાબે નીચે ઊતર્યા સિવાય ચાલે તેમ નહોતું.

વાંસલો લઈ શેકલટન વળગી પડ્યો—પર્વતની ધાર પર પગથિયાં કંડારવા. પણ અર્ધોએક કલાકમાં એ થાકી ગયો ને આ પ્રયત્નની વ્યર્થતા એને સમજાઈ. એણે બન્ને મિત્રોને નજદીક બોલાવી જણાવ્યું કે કોઈ ઉપાયે નીચે ઊતરવું અનિવાર્ય હતું એટલે લપસવું ઠીક પડશે.

આવા સીધા ખડક પરથી લપસવાની વાત સાંભળી વુર્સ્લી ને ટોમ તો અવાક્ જ થઈ ગયા. શેકલટન ખૂબ-સાવચેત આદમી ગણાતો. તેના મોંમાંથી આવી આંધળિયાં સરખી વાત એ માની ન શક્યા. પણ શેકલટન એવો ગંભીર હતો કે મશ્કરી કે હાસ્યને કશો અવકાશ નહોતો.

ક્રિમન ઓટકી કરી ટોમે પૂછ્યું, 'કોઈ ખડક સાથે અથડાઈશું તો ? અને બીજું આવું સીધું ઉતરાણ આગળ નહીં હોય એમ પણ કોણે કહ્યું ?'

શેકલટનને કશી અસર ન થઈ. એણે તો વળી એટલું જ પૂછ્યું, 'અહીં રહી શકાય તેમ છે ?'

એ તો શક્ય નહોતું એટલે એમણે આખરી નિર્ણય કર્યો ને ત્રણેય જણે એક બીજાને પકડી લપસવું એમ શેકલટને ઠરાવ્યું.

એટલે તરત જ ગોઠવાઈ ગયા. દોરડું છોડી નાખ્યું, અને એને પોતાની નીચેનો વિંઝ્યો વાળી સાદડી જેવી બેઠક બનાવી લીધી. પછી વુર્સ્લીએ પોતાના પગ શેકલટનની પીઠે ને હાથ એના ગળે ભેરવ્યા. ટોમે એ જ પ્રમાણે પોતાના પગ ને હાથ વુર્સ્લી સાથે સાંકળ્યા. આમ જોડી તૈયાર થઈ ગઈ એટલે શેકલટને પગ વડે ખડકને લાત મારી અને એ ત્રિપુટી ગબડી... !

બીજી જ ક્ષણે એમના હૃદયના ધબકારા જાણે બંધ થઈ ગયા ! એક ક્ષણ તો જાણે એમ લાગ્યું કે એ અદ્ધર હવામાં તોળાઈ રહ્યા. એ ઝડપથી સરકવા લાગ્યા ત્યારે બરફની ધાર જાણે એમની સાથેથી દોડી ગઈ એમ ભાસ્યું, પવનની ચીસ એમના કાનમાં સંભળાઈ. અને એ પડ્યા—નીચે—વધુ નીચે—ઝડપથી —વધુ ઝડપથી !!

સો સેકન્ડ પછી એ સપાટ જમીનને સ્પર્શ્યા. એમની ગતિ હળવી થઈ અને એક બરફ કિનારને અથડાતાં એ અચાનક બંધ પડી ગઈ.

ત્રણેયે જણ સહીસલામત ઊતરી ગયા હતા !

ત્રણેય કૂદકાભેર ઊભા થઈ ગયા. તેમનો શ્વાસ માતો નહોતો ને હૃદયના ધબકારા અતિશય વધી ગયા હતા છતાંય એ હસ્યા સિવાય રહી શક્યા નહીં.

કાગળ બે મિનિટ પહેલાં જે આશ્ચર્યજનક લાગતું હતું તે સો ટકા સાચું થઈ ચૂક્યું હતું!

પણ મુસાફરીનો હજી અંત આવતો નહોતો. હજુ તો ગોમલેનું સરોવર અને નરુ જ માઈલ કાપવા હતા. આ ઉતરાણ વખતે, થકી નાખે તેવું ૪૦૦૦ ફૂટનું ચઢાણ આવે ફરી પડ્યું. તે પછી આવી એક ટેકરીમાળા. એ ગોમલાની લાગ ગડ બરફની ટેકરી પરથી નીચે નીચે ઊતરવાનું આવ્યું. એ પણ તો બંધ જેવા હતા. પાણીમાંના એક ખાડામાં, એકબીજાને દોરડાથી પકડી એમને ઝંપલાવવું પડ્યું અને પાણી સાથે ખેંચાઈ નીચે ધકેલાયા.

કોઈ વખતે તેમને ખાવા પીવાની નહીં કે એ ચઢી કે ઊતરી શકતો પણ મિજાજ ભગવાની એક માત્ર અનન્ય ઇચ્છા એમના પગમાં જોર લાવતી.

આખરે ૨૭ કલાકના દડમજલ પછી સવારના સાત વાગે એમણે એક અવાજ સાંભળ્યો. એ હતો વહેલ માછલીઓના સાગરનો અવાજ. પૂના મસાર મહિને, સમાગમમાં પરિચિત એવો અવાજ એમને કાને પડ્યો. તો એક નવું શિખર ચડતાં ચડતાં આવી ગયા. અવાજ પુન સાંભળ્યો ને ખાતરી થઈ એમને. એક બીજાને અભિનંદવા હાથ મિલાવ્યા. સૌના હોઠ પર મીઠું હાસ્ય ફરક્યું.

આજના ચાર વાગે, પેરી સહેન ફેક્ટરીનો ફોરમેન બહાર નજર નાખતો હતો ત્યાં ત્રણ વિચિત્ર વ્યક્તિઓને પોતા તરફ આવતી જોઈ આશ્ચર્યમાં પડી ગયા. એને અચંબો એ વાતનો થયો કે આ લોક નક્કર તાકાથી નહીં પણ પર્વતાળ ભૂમિ તરફથી સરકતા હતા!

એ નજીક આવ્યા તો માલૂમ પડ્યું કે એમની દાઢી વધી ગઈ છે. વાળ લાંબા ને નુગરીના માળા જેવા થઈ ગયા છે. એમના કપડાં ખાસ પ્રકારના હતા, અને તેય ગંદા ને ચીંથરેહાલ.

જેવો એ આ લોકોને મળવા આગળ વધ્યો તેવા જ એમાંના એકે અંગ્રેજીમાં એને પૂછ્યું, 'અમને એન્ડર્સન પાસે લઈ જશો?'

એન્ડર્સનનો બીજી થરે વનમ થઈ ચૂક્યું હતું. એણે એનું ડોક ધુણાવતાં કહ્યું, 'હવે તો મોડી નહીં જ.'

'હું એમનેય ઓળખું છું.'

ત્યાં મેરતાને ત્યાં ગયા ને દ્વાર ખખડાવ્યું. નોકરે પોતે બારણું ખોલ્યું ને આ ત્રણ જણાને જોઈ પ.. પડ્યો. એને આઘાત થયો હોય તેમ લાગ્યું. થોડી વાર પછી એણે પૂછ્યું, 'આપ કોણ?'

'મારું નામ સેન્ડર્સન.'

એ આદ જોઈ ગયો. એની આંખના ખૂણા ભીના થઈ ગયા.

જબ્બર ભોજન પછી એ રાતે આરામ કરી ફરી સવારે એક વ્હેલ પકડવાનું વહાણ લઈ, પોતાના ત્રણ સાથીદારોને લેવા નીકળી પડ્યો. ગોકળગાયને પણ પગ વળ્યો નહીં. આ સૌને, સમજતી એણે એક મોટું વ્હેલ પકડવાનું વહાણ એમના પાસેથી પ્રાપ્ત કર્યું ને ૪૮ કલાક પછી પોતાના બચીએ સાથીઓને લેવા એલીફન્ટ ટાપુ ભણી હંકારી ગયો.

વિધિનું કરવું તે, જેવા નાની હોડી જે સમુદ્રગર્ભિ સમીનાભત પાર કરી શકી, તે આ મોટું વહાણ ન કરી શક્યું. ત્રણ દિવસની મુસાફરી પછી એમને બરફનો સામનો કરવો પડ્યો. એમાંથી એ માર્ગ ન કરી શક્યા ને તેલ ખૂટવાથી એમને ફોકલેન્ડ ટાપુ પર પાછું જવું પડ્યું.

તે પછી જીવનને બે વ્યર્થ પ્રયત્ન કર્યા. પ્રથમ ઉરુગ્વેની સરકાર પાસેથી એક નાનું વહાણ પ્રાપ્ત કરી એ ઊપડ્યો અને તે પછી ચીલીની સરકારનું એક વહાણ મેળવ્યું.

આખરે ઓગસ્ટની પચીસ તારીખે એણે ચીલીની સરકાર પાસેથી એક જૂનું મજબૂત વહાણ મેળવ્યું અને ઊપડ્યો. આ વખતે બરફે વાટ આપી.

ત્રીસમી ઓગસ્ટે ૧૧-૧૦ કલાકે જમીન એની નજરે પડી ને ૧-૧૦ કલાકે એણે છાવણી જોઈ. ૧-૨૦ કલાકે સ્ટીમર ઊભી રાખી એણે હોડી છોડી. કિનારેથી શેકલ્ટનના નામની જયઘોષ કરતી એ પર દસ મિનિટે બાકીના બધા વહાણમાં આવી ગયા ને

આખી મંડળી એકત્રિત થઈ ગઈ!

શેકલ્ટનની વિદાય પછી ચાર માસ ને પાંચ દિવસ એલીફન્ટ ટાપુ પર રહેલા બાવીસેય જણ ધાર્યા કરતાં સારી શારીરિક સ્થિતિમાં હતા. બે હોડીઓ ઊંધી પાડી એમણે ઝૂપડું બનાવ્યું હતું. ખોરાક માટે એ મુખ્યત્વે પેન્ગ્વીન પક્ષી પર આધાર રાખતા. એમની બાકીની બધી ચીજો—તમાકુ સુદ્ધાં—ખલાસ થઈ ગઈ હતી.

એમની હિંમત ટકી રહી હતી અને એમની વચ્ચે તકરાર થઈ નહોતી. એક જણની પાંચ આંગળીએ, હિમડંખને કારણે, કાપી નાખવી પડી એ એક જ નોંધપાત્ર બનાવ બન્યો હતો. એ સૌએ તો શેકલ્ટનના આવવાની બધી આશા ગુમાવી દીધી હતી અને પોતાની મેળે સભ્ય દુનિયાને પહોંચવા પેરવી કરતા હતા.

અતિ દુ:સાહસભરી આફતોને જેર કરી, પોતાની મંડળીના હરેક માણસને બચાવી, શેકલ્ટને જે અદ્ભુત પરાક્રમગાથા રચી છે, તેનો જોટો ધ્રુવીય ઇતિહાસમાંય જડે તેમ નથી. ધ્રુવીય ઇતિહાસકારો એકી અવાજે કબૂલ કરે છે કે દક્ષિણધ્રુવીય ખંડને પગપાળા પાર કરવાનું જે સાહસ શેકલ્ટન લઈ બેઠો હતો, તે કરતાં એણે જે સાચેસાચ કરી બતાવ્યું ને આદરી બતાવ્યું તે અનેકગણું વધુ હિંમતભર્યું ને ઉજ્જવળ છે—માન્યામાં ન આવે એવું છે.

✡



લગભગ ચારેક હજાર વર્ષ પહેલાંનું જૂનું શહેર લોથલના ખોદકામમાં મળી આવ્યું છે. તેમાંથી મળેલી મુદ્રાઓમાંની એક ઉપરના ચિત્રમાં છે. લોથલને બંદર ગણવામાં આવે છે. કહેવાય છે કે ત્યાં વહાણોને લાંગરવા માટેનો ઉપર છાપરાવાળો વિશાળ ધક્કો હતો. લોથલ વિશે વધુ માહિતી એકઠી થઈ રહી છે.

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ

બીજાં શિકારી પંખીઓ

આપણા શિકારી પંખીઓ વિશે આ પહેલાના અંકોમાં આપણે જાણીતા પક્ષીવિશારદે ચર્ચાઈને વાંચ્યો ફરી આ લેખમાં એ સિવાયના બાકી રહેલા અને પણ બીજા શિકારી પંખીઓ વિશે સારો આવરૂ રજૂ થાય છે જે રોચક છે ..

આપણે હવે જે શિકારી પંખી વિશે જાણવા માગીએ છીએ તેનું દૂરથી નિરીક્ષણ કરવું અઘરું મને લાગ્યું છે એટલે હું આ બધા જનાવરોને તરત જ તો ન પણ ઓળખી શકું આથી તેઓમાંના ઘણાખરાઓ માટે મારે અમારા ના. કુમારશ્રી ધર્મકુમારસિંહ સાહેબના 'સૌરાષ્ટ્રના પંખીઓ' એ નામના પુસ્તકનો આધાર લેવો પડ્યો છે

મોસમી ટીસો

સમડી જેવ ના આ મોસમી ટીસાનો રંગ ખાસ એક જ પ્રકારનો નથી આવતો તમા કેટલાકનો રંગ રાખોડીથી માંડી કથ્થાઈ પીઠ ઉપર સફેદ ડાઘાવાળો આવે છે જ્યારે તેનો સામાન્ય રંગ ઘોળાશવાળુ માથુ અને છાતી અને તેની ઉપર ચળકતા કથ્થાઈ રંગના ડાઘા અથવા લીટા આવે છે પગ લાંબા અને પીછાં વગરના પણ કેટલીક વખત તેની નળીઓ ઉપર થોડા પીંછા આવી જાય છે અને પૂંછડીના રંગમાં રતાશપતી કથ્થઈ રંગની લીટીઓવાળો આવે છે પગ અને ચાંચનો રંગ સોનેરી પીળો રહે છે નાની ઉમ્મરના ટીસાની આંખોનો રંગ કથ્થાઈ અને પૂંછડીમાં વધારે લીટીઓ રહે છે અને સફેદ ધાબા ઊડતા હોય ત્યારે વરતાય છે

આ ટીસો આપણે ત્યાં પ્રવાસી પંખી તરીકે શિયાળો ગાળવા યુરોપ અને એશિયા તથા દક્ષિણ હિમાલયમાં અંજ્યા આપી ભારતના ઘણા ઘણા ભાગોમાં આવે છે જેમાં કચ્છ સૌરાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થઈ જાય છે

શિયાળામાં આ મોસમી ટીસો ઠૂંઠના ઓઘા અથવા ખુલ્લા વૃક્ષ ઉપર બેસી પોતાનો ઉંદર, ખીસકોલા જેવા સસ્તનશીન અને ટીડા કાંચિંડા સર્પ જેવા સરીસૃપ વર્ગના પ્રાણીઓ અને કબૂતર તેતર જેવા પંખીની રાહ જોતો જોવામાં આવે છે સૂર્ય સારી રીતે ઊંચે ચડે પછી આ ટીસો તપારો લેવા અને શિકાર માટે નજર રાખવા ગગનમાં ચકરાવા મારે છે છતાં સ્વભાવે તેની ગણત્રી એદી પંખીમાં છે એનું કારણ એ કે તે એક જ જગ્યા ઉપર બહુ લાંબો સમય શિકાર નીકળવાની રાહ જોઈ બેઠો રહે છે જ્યારે ભૂખ લાગી હોય ત્યારે કબૂતરનો શિકાર કરવા શહેરમાં આવી ચડે છે અને કોઈ સમય જગ્યામાં બેઠેલા કબૂતરને ફરતો ફરતો આવી ભડકાવી ઊડે કે તરત પોતાના પંજામાં પકડી ભાગી જાય છે જો સામાન્ય ઉડાન તેજ ન કહી શકાય અને ખાસ બળવાન ન કહેવાય આથી આપણે તેને જોઈને નજીક જઈએ તો બહુ દૂરથી ઊડી જતો નથી કેટલીક વખત તેની સંખ્યા સારા પ્રમાણમાં આવી જાય છે તો કોઈક શિયાળામાં તે જુજ સંખ્યામાં આવેલા માલૂમ પડ્યા છે

મોસમી ટીસાનો આકાર જેના આ પંખી એળીને માય ભારક ગણાય

અંગ્રેજીમાં મોસમી ટીસાને The Long Legged Buzzard કહેવાય છે અને Buteo Rufinus (Cretzschmar) એ એનું વૈજ્ઞાનિક નામ છે

હિમાલયનો ટીસો

હિમાલયના ટીસાનું કદ મોસમી ટીસા જેવું જ કહી શકાય તેનો રંગ મોસમી ટીસા કરતા વધારે ઘેરો રહે છે તેની ચાંચનો રંગ ભૂખરો પડતો અને પૂંછડીમાં આડી લીટીઓ દેખાય છે વળી રંગ પણ એટલો રતાશપડતો નથી આવતો પણ પીઠ ઉપર સફેદ પીછા તો મોસમી ટીસા માફક જ રહે છે આંખેનો રંગ પીળો અને પગનો આછો પીળો અને જાંગમાં લીટીઓને બદલે ટપકાં રહે છે

સ્વભાવે આ ટીસો હિંમતવાળો હોવાથી મોટાં કર્તનશીલ પ્રાણી ઉપર ત્રાટકતાં અચકાતો નથી.

તેઓ ઉત્તર અને મધ્ય એશિયા, હિમાલય તથા તીબેટમાં બચ્ચાંઓ ઉછેર કરીને શિયાળામાં ઉત્તર પશ્ચિમ ભારતની હવા ખાવા આવે છે છતાં એટલી બધી ઓછી સંખ્યા આવે છે કે આપણે ત્યાં તે દુર્લભ પ્રવાસી પંખીની ગણત્રીમાં આવે છે.

હિમાલયનો ટીસો પણ આહારમાં મોસમી ટીસો જે શિકાર મારે છે તે જ શિકાર મારી ઉપયોગ કરે છે.

હિમાલયના ટીસાને અંગ્રેજીમાં The Upland Buzzard કહેવામાં આવે છે અને Buteo hemilasius (Temminck schlegel) એ એનું વિજ્ઞાનિક નામ છે.

રણ ટીસો

કંઈક કદમાં નાનો આ રણ ટીસો તેનાં ચળકતા રતાશ પડતાં રંગના પીંછાંથી ઓળખી શકાય છે. પણ તેને આપણે હિમાલયના ટીસા જેવો કહી શકીએ. પણ કદમાં નાનો અને રતાશપડતો રહેવાથી જુદો પાડી શકાય છે.

રણ ટીસાની સામાન્ય ખાસીયત આગળ જોઈ ગયા તે ટીસા જેવી કે મળતી આવે છે.

પશ્ચિમ એશિયા, દક્ષિણ પૂર્વ યુરોપ, આફ્રિકા અને અરબસ્તાન અને ઉત્તર પશ્ચિમ ભારતમાં વેની વસ્તી શિયાળામાં જોવામાં આવે છે. આપણે ત્યાં ભાગ્યે જ જોવામાં આવે છે.

રણ ટીસાને અંગ્રેજીમાં *The Desert Buzzard* કહેવામાં આવે છે અને વિજ્ઞાનિક રીતે ઓળખવા માટે Buteo vulpinus (Gloger) એમ કહેવું જોઈએ.

ટીસો

જંગલી કાગડાના કદનો આ ટીસો તો આપણે ત્યાં જ વસે છે એટલે તે આપણું સામાન્ય પંખી છે. તેનો રંગ આછાથી ઘેરો કથ્થાઈ અને તેના પીળાશપડતા પગથી બરાબર વરતાય છે. પીઠ ઉપરના કથ્થાઈ રંગમાં સફેદ પીંછાંનું મિશ્રણ અને પેટાળ ઉપર આડી ઊભી લીટીઓ આવેલી હોય છે. અને પેટનો રંગ, રંગ છાંટ્યો હોય એવું જણાય છે. તેની પૂંછડી પ્રમાણમાં લાંબી અને પીઠના રંગ સાથે મળતો આવતો રંગ હોય છે પણ કોઈક પંખીમાં તેના ઉપર કાળો પટ્ટો રહે છે. કપાળ ધોળાશપડતું જે રંગ કેટલાંક પંખીમાં તો ટોપી પહેરી હોય એવો જણાય છે. ચાંચની નીચે અને દાઢીની મધ્યમાં ઘેરો કથ્થાઈ અથવા કાળાશપડતો પહોળો પટ્ટો રહે છે. આંખનો રંગ સફેદ, ચાંચ પીળા રંગની અને છેડો કાળા રંગનો હોય છે. નાની ઉંમરના ટીસાની આંખનો રંગ કાળો રહે છે. ટીસાની ઉડાન નથી ટૂંકી પાંખના બાજને મળતી આવતી કે નથી લાંબી પાંખના બાજને મળતી આવતી. જ્યારે કેટલીક વખત તો તે બને જાતના જનાવરની ઉડાનનો ખ્યાલ આવે એવી હોય છે. થોડા વખત પાંખો ધમી ઊડે, પછી પાંખો પહોળી કરી હવામાં સરે એવી તેની ઊડવાની રીત છે. ટીસો તેના 'ટીહીહીહી ટીહીહીહી' અવાજથી તરત જ વરતાઈ આવે છે. અને સ્વભાવે બીકણ નથી એટલે જ્યાં બેઠો ત્યાં નજીક જવા દે છે. ટીસાની ખાસ બેઠક તારના થાંભલા અને રસ્તાની બાજુનાં વૃક્ષો ઉપર ખુલ્લી જગ્યામાં હોય છે. શિયાળામાં તેની બેઠક ખાસ કરીને ખેતર વચ્ચે પડેલા કાપના ઓઘા ઉપર બેસી પોતાનો ઝીણો શિકાર મારવા સીધી બેઠક લાંબા સમય સુધી બેઠેલો જોવામાં આવશે.

ભારતભરમાં આ ટીસો વસે છે અને આપણે ત્યાં તેની વસ્તી સારા પ્રમાણમાં છે.

ટીસો પોતાનાં બચ્ચાંનો ઉછેર ડિસેમ્બરથી-મે માસ સુધીમાં કરે છે. તેનો માળો એકાંત કાંટાવાળા વૃક્ષ ઉપર કાગડા માફકનો સાંઠીકડાંનો માળો બનાવી તેમાં બેથી ત્રણ ધોળા રંગનાં ઈંડાં મૂકે છે. અને ગરોળાં, કાકીડા, ઉંદરડી, ખીસકોલાં, નાના સાપોલીયા અને એવી જીવાતથી બચ્ચાંનું પેટ ભરે છે. અને પોતાનો આહાર પણ એ જ છે. ક્યારેક તેતરનાં તે જ મોસમમાં થયેલાં બચ્ચાંને મારી લેતાં મારા જોવામાં

આવ્યું છે. શિકાર ઝાળામાં સંતાઈ ગયો હોય તો તે ઝાળા પાસે કલાકો સુધી ઘેરી દૂર બેસી તેની બહાર નીકળવાની રાહ જોયા કરે છે.

અંગ્રેજીમાં ટીસાને The white-eyed buzzard eagle કહેવાય છે અને વિજ્ઞાનિક રીતે ઓળખવા માટે Butastur teesa (Franklin) કહેવું જોઈએ.

મોરબાજ

સમડીથી થોડા નાના કદના મોરબાજનું માથું કથ્થાઈ રંગની લીટીઓવાળું અને કાળી કલગી જેવું તેની ઉપર ચોટી રહે છે. આંખોનો રંગ સોનેરી પીળો પણ આ રંગ ચુડમા કથ્થાઈ રહે છે અને ચોટીના પીછામાં ધોળા ટપકાની ભાત રહે છે. મોરબાજમાં નર કરતા માદા મોટા કદની અને રંગમાં ઘેરી રહે છે. ચાંચ ટૂંકી વળેલી અને છેડે કાળા રંગની હોય છે. પગની આંગળી નળી ઉપર પીછા રહે છે. એટલે મોજા-કસ પગ હોય છે આંગળી પીળા રંગનાં અને નખોનો રંગ કાળો હોય છે. તથા નખ્કોણ ગોળાકાર છે. પીઠના ભાગનો રંગ ઘણી વખત જુદો જુદો જોવા મળે છે તેમાં ખાસ કરી બે પ્રકાર થાય કેટલીક ઘેરા કથ્થાઈ રંગની તો કેટલીક આછા રંગની રહે છે જેની ઉપર સફેદ તલકા તો જરૂર હોય છે છાતીનો રંગ પીળાશ પડતો અને તેમા કથ્થાઈ લીટીઓ આવે છે પુખ્ત વયમાં આ લીટીઓ ઘેરા રંગની થાય છે. દુમ સફેદ પીળા રંગની અને પૂછડી પ્રમાણમાં લાંબી અને પટ્ટાવાળી તેમા તેના મૂળ આગળ જે પટ્ટા આવે છે તે પાસે પાસે રહે છે અને છેલ્લો એટલે છેડાના પટ્ટા વચ્ચે જગ્યા રહે છે. બેઠકમાં મોરબાજ બહુ સીધો બેસે છે. આથી તેના માથા ઉપરની ચોટી ચોખ્ખી દેખી શકાય છે. જ્યારે તે તેની ચોટી ઊભી કરે છે ત્યારે ખરેખર મારકણો દેખાય છે સ્વભાવે તેને વન જંગલ પસંદ છે. જ્યાં આગળ ખુલ્લી જગ્યાના ઝાડની પાંદડાં વગરની ડાળી તેનો ખાસ અડ્ડો છે કે જ્યાંથી તે પોતાના શિકારનું ધ્યાન રાખે છે. વધારે તો એકલો જ દેખાય છે પણ બચ્ચાં ઉછેરવાની મોસમમાં તેની જોડી બંધાય છે જે વખતે નર માદા બન્ને જોડીમાં રહી શિકાર મારી ખાય છે.

મોરબાજ દૂરથી મધીયા જેવો જણાય છે પણ તેની બેઠક વધારે સીધી અને દેખાવ મારકણો લાગે છે તેની ચીસ બહુ તીક્ષ્ણ હોય છે.

ભારતના જંગલોમાં તેની વસ્તી છે. સૌરાષ્ટ્રમાં તો તે ગીરમાં દેખાય છે. જ્યાં તેઓ બચ્ચાં કરે છે કે કેમ તે ખબર નથી. છતાં મનાય છે કે તે બચ્ચાં કરે છે નવેમ્બરથી એપ્રિલ માસમા તે બચ્ચાં ઉછેરે છે જે સમયે તે મોટો સાંઠીકડાનો માળો બનાવી લીલાં પાંદડાંની ગાદી બનાવી તેમાં રતાશપડતા કથ્થાઈ રંગનું ટપકાવાળું એક જ ઈંડું મૂકે છે.

તેનો આહાર બધી જાતનાં પંખી, કર્તનશીલ પ્રાણીઓ, સરીસૃપ વંશના જનાવરો અને એવી તમામ વસ્તુ મારી લે છે તેનામાં હિંમત ઘણી રહે છે એટલે ભૂખ હોય તો મોટા શિકાર ઉપર ત્રાટકતાં અચકાતો નથી જે વખતે પણીકાંઠે પંખી પાણીની રાહ કોઈ સુકાઈ ગયેલી ડાળીને અડ્ડો બનાવી જુવે છે અને ઓચિંતો તેના શિકાર ઉપર ચોટ મારે છે અને પડે કે તરત જ પકડી લઈ ઊડી જાય છે.

અંગ્રેજીમાં મોરબાજ અથવા શાહબાજને The crested Hawk-Eagle કહેવાય છે અને વિજ્ઞાનિક રીતે ઓળખવા માટે Spizaetus Cirrhatus (Gmelin) એમ કહેવું જોઈએ.

*

'ઊર્મિ-નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામાં સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવું ક્યારેય ભૂલશો નહિ.

રામુ પંડિત

સલામ, અમેરિકા!

સાડા છ વર્ષ પછી સ્વદેશ પાછા ફરેલા ઊર્મિનાં વાચકોને જાણીતા આ લેખના લેખક અમેરિકા વિષેનાં અમુક તારણો આ લેખમાં રજૂ કરે છે. ઊર્મિનાં વાચકોને છ વરસ પહેલાં હિંદથી અમેરિકા સુધીનું પ્રવાસવર્ણન પત્રો રૂપે આપેલું એ જ રસપ્રદ વર્ણનાત્મક શૈલીથી અમેરિકાથી યૂરોપના દેશો અને રશિયા વિષેના પ્રવાસના ત્રણ લેખો ઉપરાંત હિંદમાં પાછા ફર્યા પછીની લેખક પર પડેલી છાપ વિષેનો એક એમ બીજા ચાર લેખો ઊર્મિનાં વાચકો માટે લખવા વિચારે છે. એ ચારેય લેખની પૂર્વ-પીઠિકા જેવો આ લેખ દરેક વાચકને રુચશે. તનતોડ મહેનત કરીને કરેલા અભ્યાસને પરિણામે એમણે વાણિજ્ય ને અર્થશાસ્ત્રમાં બે માસ્ટર્સ-ડીગ્રી તથા ડૉક્ટરેટ મેળવી છે. સાથે સાથે અમેરિકન સમાજ સાથે એકરૂપ થઈ વિદ્યાભ્યાસ કરતાં કરતાં ત્યાંની યુનિવર્સિટીમાં અધ્યાપકપદું ને બેંક ઑફ અમેરિકાનું કર્મચારીપદું ભોગવ્યું છે. ત્યાં કરેલી કમાણીનો ઉપયોગ એમણે પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતની રેકર્ડો ને પુસ્તકોનો અમૂલ્ય ભંડાર વસાવવામાં કર્યો છે જે આપણા દેશના પરદેશ જતા અનેક વિદ્યાર્થીઓને માટે અનુકરણરૂપ છે. અમેરિકા જતી વખતે જે શુભેચ્છા આ લેખક માટે વ્યક્ત કરી હતી તેને બેવડી સિદ્ધ કરવા બદલ શ્રી રામુ પંડિતને અમારાં હાર્દિક અભિનંદન.

—સંપાદક.

છ દિવસ અમેરિકામાં ગાળ્યા પછી એ દેશ વિષે લખવું સહેલું છે પરંતુ ત્યાં છ વર્ષ રહ્યા પછી—ત્યાંની ચિત્રવિચિત્રતાઓથી ટેવાયા પછી – કાંઈ લખવું સાચે જ અઘરું છે. સામાન્ય પરદેશી અમેરિકામાં પગ મૂકતાંવેંત એ દેશથી અંજાઈ જાય છે, છ મહિના એ દેશમાં ગાળ્યા પછી એનો પ્રખર ટીકાકાર બની જાય છે, પછી વરસે—બે વરસે એ એનામાં કાંઈક સારું જોતો થાય છે; ચારેક વર્ષ ત્યાં ગાળ્યા પછી ને ત્યાંની આકરી છતાં મુલાયમ જિંદગીથી ટેવાયા પછી એ દેશ ઠીકઠીક છે એમ માનતો થાય છે ને છ–આઠ વર્ષને અંતે ત્યાંના જીવનથી સાવ રીઢો થઈ જઈ, ફરિયાદો કરવાનું બંધ કરી, સંજોગો દોરે એ પ્રમાણે દોરાય છે. આમાં અપવાદો નથી એવું નથી; પરંતુ ઘણીવાર એવું બન્યું છે કે અમેરિકાના શરૂઆતના પ્રખર ટીકાકારો પાછળથી એ સંસ્કૃતિના જબરી હિમાયતી બની ગયા છે.

સામાન્યપણે આપણે સ્વદેશ છોડીને બીજા કોઈ અત્યંત પ્રગતિશીલ દેશમાં જઈએ ત્યારે એ દેશ બિલકુલ ક્ષતિ-રહિત હશે એવું માનીને જઈએ છીએ ને પછી પાણી-માંથી પોરા કાઢવાની પ્રવૃત્તિમાં રાચીએ છીએ. અમેરિકામાં પણ ચોરી થાય છે, ઇંગ્લંડમાં પણ લાંચ લેવાય છે, રશિયામાં પણ ગેરકાયદેસર વેશ્યાગૃહો ચાલે છે વગેરે વગેરે સાચાં ખોટાં અવલોકનો ઉપરથી આપણા દેશમાં આ બધી બદીઓ વિષે આંખ આડા કાન કરવાની વૃત્તિને આપણે પોષીએ છીએ ને પ્રગતિનાં વહેણ થંભાવીએ છીએ. એ સ્પષ્ટ સમજવું જરૂરી છે કે કોઈ દેશ સર્વગુણસંપન્ન નથી, હોઈ શકે જ નહીં. યાંત્રિક શોધખોળોને કારણે હરઘડીએ બદલાતી રહેતી આપણી સમાજવ્યવસ્થામાં સ્થિર મૂલ્યાંકનોવાળી સંસ્કૃતિ સર્જવી ને નભાવવી મુશ્કેલ છે. આથી જ્યાં સુધી બાહ્ય બળો સમાજ ઉપર અસર કરતાં હશે ત્યાં સુધી સમાજ સમસ્યાઓનો સામનો કર્યા જ કરવાનો.

અમેરિકા ભૌતિક દૃષ્ટિએ સમૃદ્ધ દેશ છે; ભૌતિક સુખની ભૂખ એ દેશના લોકોમાં જબરી ઊપડી છે; કોઈ વાર તો ભૂખ કરતાં વધુ ખાવાની વૃત્તિને કારણે અપચો પણ થાય છે; પરંતુ એ દેશની પ્રજા પ્રયોગવીર હોવાથી ભૂલે ત્યાંથી ફરી ગણવામાં નાનમ નથી માનતી. અમેરિકા સમૃદ્ધ છે માટે એ દેશ સર્વગુણસંપન્ન હશે એમ માનવું એ મૂર્ખાઈ છે. અત્યંત અભિનંદનીય ગુણો ને શરમજનક અવગુણોથી સભર એ સમાજ છે. અમેરિકનોમાં નવો સામાજિક વિચાર કે નવી કાર્યપદ્ધતિ અપનાવવાની જે તાકાત છે એ વિશ્વની કોઈ પ્રજામાં ભાગ્યે જ હશે. લોકશાહીને સંવર્ધે એવી સંસ્થાઓ કે પ્રવૃત્તિઓને પૂરતો ટેકો આપવામાં અમેરિકનોને ટપે એવા લોકો શોધવા મુશ્કેલ છે. જે સામાજિક દૂષણો

એક અમેરિકનને ન ગમે એ દૂર કરવા માટે એ યથાશક્તિ પ્રયત્ન કરે છે—આપણા દેશના સુધારક, મ્હેર ડાવના લોકોની માફક માત્ર મોટી મોટી વાતો કરીને જ બેસી નથી રહેતો આથી વિનોબા કે રવિશંકર મહારાજ જેવા ભેખધારી સમાજસેવકોની એ દેશમા ખોટ હોવા છતા સામાજિક દૂષણો દૂર કરવાનો એક જબરો સામુદાયિક પ્રયત્ન ત્યા ચાલે છે વ્યક્તિપૂજાથી એ દેશ પીડાતો નથી આથી ગાધીવાદી ને અન્ય પ્રવૃત્તિમા આપણા દેશમા જે આધળી ભક્તિ જોવામા આવે છે એનો ત્યા અભાવ છે

પરદેશીને સૌથી વધુ પ્રેરણા અમેરિકન વૃદ્ધો પૂરી પાડે છે એક ભયકર મદી ને બે વિશ્વયુદ્ધોના અનુભવમાથી પસાર થયેલો આ વર્ગ અમેરિકામા સૌથી વિશેષ આદર્શવાદી છે પોતાના દેશની આર્થિક સિદ્ધિઓ વિષે એ ગર્વ જરૂર અનુભવે છે પરતુ એને માટે ચૂકવવી પડેલી કિંમત વિષે એ સભાન છે ઊછરતી પ્રજા ભૌતિક છાકમછોળથી દોરવાઈને આદર્શચ્યુત ન થાય એ માટે એ ઠીક ઠીક પ્રયત્ન કરે છે પરતુ આ દિશામા કેટલી સફળતા પ્રાપ્ત થશે એ એક કોયડો છે અમેરિકન વૃદ્ધ પ્રભુપરાયણતાને નામે નિવૃત્ત જીવન નથી ગાળતો કોઈ ને કોઈ સામાજિક ધાર્મિક રાજકીય બૌદ્ધિક કે શૈક્ષણિક પ્રવૃત્તિમા એ ખૂપેલો રહે છે ને જીવનમાથી લૂટાય એટલી મઝા લૂટે છે શાળા છૂટવા ટાણે હજારો બાળકોને વાહનોની અવરજવરવાળા સરિયામ રસ્તા ઓળગવા પડે છે ત્યારે એમની રખેવાળી કરવા 'થોભો' (Stop) લખેલા લાલ પાટિયા લઈ એ નિયત સમયે મુખ્ય રસ્તે પહોચી જઈ વાહનવ્યવહાર થોભાવે છે ને બાળકોને સુરક્ષિત ઘેર પહોચાડી હજારો મા-બાપના આશિષ મેળવવા ઉપરાત વધારાની પોલીસ રોકવાનુ સરકારી ખર્ચ બચાવે છે અમેરિકન વૃદ્ધાઓ પણ પોતાની આગવી ક્લબો ચલાવે છે, ભાષણો માટે જુદા જુદા વક્તાઓને બોલાવે છે, ક્ષય નિવારણ માટે કે અનાથ બાળકો માટે જુદી જુદી રીતે ફાળો ઊભો કરાવે છે ને ઘણીવાર પર્યટનો ડિનર-પાર્ટીઓ ને સમૂહભોજનો ગોઠવી જીવન રસસભર રાખે છે

અમેરિકન સમાજમા ઉમર અને કપડાના ચળકાટને કાઈ લાગતુ વળગતુ નથી ઉમર વધવાની સાથે જ ફિક્કા રંગો પહેરતા ને સૌંદર્ય-પ્રસાધનના સાધનો વાપરતા ભારતીય સ્ત્રી સકોચાય, અમેરિકન સ્ત્રી જરા પણ નથી સકોચાય ઘણીવાર તો અમેરિકન સ્ત્રીઓમા વૃદ્ધાવસ્થાએ પણ જુવાન દેખાવાનો મોહ એટલો હોય છે કે નવયૌવના કરતા પણ અધિક સૌંદર્યપ્રસાધનના સાધનો એ વાપરે છે—સરી જતી જુવાનીને બાહ્યરૂપે ટકાવી રાખવા (લોસ એન્જેલીસમા અમે યોજેલા હિંદી પ્રદર્શનમા એક અમેરિકન વૃદ્ધાએ મને પૂછેલુ કે યોગદ્વારા હમેશા યુવાન રહેવાનો ને ગાલ પરની કરચલીઓ દૂર કરવાનો કીમિયો બતાવો ને?)

મહાવિદ્યાલયોમા પણ વૃદ્ધાવસ્થાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો તોટો નથી પચાવનની ઉમરે ફરી ભણવા માડેલા જ એક અમેરિકન વિદ્યાર્થીને મે પૂછેલુ કે તમને આ ઉમરે ફરી ભણવાના કોડ શા માટે જાગ્યા? વિના સકોચે એણે મને કહ્યુ કે આર્થિક ઉન્નતિ માટે. એ પોતે એક પેઢીમા સેલ્સ મેનેજર હતો પણ એની પેઢી બીજી મોટી પેઢી સાથે ભળી જવાની હતી ને જો પોતાની પાસે યુનિવર્સિટીની વાણિજ્યની ઉપાધિ હોય તો વધારે સારો હોદ્દો મળવાની શક્યતા હતી આથી બાવીસ વરસ સુધી છોડી દીધેલો અભ્યાસ એણે ફરી શરૂ કર્યો રોજ ૮ કલાક નોકરી કરી રેસ્ટોરામા લૂખુસૂકુ ખાઈને એ રાત્રિવર્ગમા આવતો રાત્રે ૧૦ વાગે છૂટીને ઘેર જતો, સૂવાની તૈયારી કરતા પત્ની-બાળકો સાથે થોડી વાતો કરી એ રાત્રે ૧૨ વાગ્યા સુધી અધ્યયન કરતો ને સવારે ૮ વાગે તો પાછો નોકરીએ પહોચતો શનિ-રવિ સિવાય એ પોતાના કુટુબ સાથે ભોજન પણ લઈ શકતો નહી પચાસ-પચાવનની ઉમરે પહોચેલો કેટલો હિંદી જીવનમા આગળ ધપવા માટે આવી તત્પરતા બતાવશે? બહુ તો ગઈ થોડી રહી ની ફિલસૂફીએ આપણે જીવન સામે ઝઝૂમવાની તાકાત હરી નથી લીધી?

સ્વાવલબનની તાલીમ નાનપણથી જ પામેલા અમેરિકન

યુવક-યુવતીઓ ઉપર આવતી કાર્યનું અમેરિકા નમે છે એ યુવક-યુવતીઓમાં જોમ છે, ઉત્સાહ છે ને આકરી મહેનત કરવાની તાકાત છે અમેરિકા જેવા સ્પર્ધા વડે માનવીની ઉચ્ચ શક્તિઓને બહાર આણતા મથતા સમાજમાં શક્તિશાળી યુવક-યુવતીઓ માટે તકો છે ને એ તકોનો લાભ લેવા ને પોતાની શક્તિ ને સામર્થ્ય ખીલવવા યુવક-યુવતીઓ મથ્યા રહે છે સામાજિક સ્વાતંત્ર્ય ખૂબ હોવાથી હાયસ્કૂલમાં પ્રવેશે ત્યારથી જ છોકરા-છોકરીઓ વચ્ચે મૈત્રી બંધાવી શરૂ થાય છે ને કૉલેજમાં તો એ અત્યંત વિકસે છે વહેલાં (૧૭-૧૮ વર્ષની ઉમરે) લગ્ન કરવાનો પ્રચલિત બનતી જતી ફેશને અમેરિકન સમાજચિંતકોમાં ચિંતાની લાગણી જન્માવી છે, પરંતુ સામાન્યપણે કૉલેજના ત્રીજા વર્ષમાં આવતા સુધીમાં તો યૌવનાઓએ મનગમતો વર શોધી કાઢ્યો હોય છે અમેરિકન યુવતી પત્ની ને માતા બનવામાં ગૌરવ લે છે નોકરો રાખવા એ સંસ્કૃતિમાં પોસાતા જ ન હોવાથી દરેક યુવતી ઘરકામ જાતે કરવાની તાલીમ પામેલી હોય છે નોકરી કરતી ને બાળકોવાળી મધ્યમ વર્ગની યુવતીના ઘરમાં ભાગ્યે જ કંઈ ગેરવ્યવસ્થા જોવામાં આવે છે આવા કિસ્સામાં એક દિવસ પતિ-પત્ની સાથે જ વાસીદાં વાળે, ઝાપટઝૂપટ કરે, કપડાં મૂકે, ઇસ્ત્રી કરે ને સીધું આણે બાળકો પોતાની પથારી જાતે જ કરે ને મમ્મીને ભોજનનું ટેબલ ગોઠવવામાં મદદ કરે, આથી કામ વહેંચાઈ જાય ને કોઈને માથે વધુપડતો ભાર ન પડે એ કે અમેરિકામાં ગૃહિણીનું કામ સરળ થાય એ માટે અનેક પ્રકારનાં સાધનો શોધાયાં છે ને તે પોસાય એવી કિંમતે વેચાતાં હોય છે, આમજનતા મધ્યમ વર્ગની સ્ત્રી અમેરિકામાં કામનો જેટલો ભાર ખેંચે છે એટલો એ આપણા દેશમાં નથી ખેંચતી 'થાય છે થવાય છે'ની વૃત્તિ આપણા સમાજની રગેરગમાં ઘર ઘાલી ગઈ છે

અમેરિકન જીવનની ગતિ સાથે કદમ મિલાવવાનું કામ અઘરું છે એમાંય વળી માનવી પોતના જીવનમૂલ્યો (Values of life) વિષે સ્પષ્ટ ન હોય તો અનેક ઉપાધિઓ જન્મે છે ટેલિવિઝન, રેડિયો ને છાપાં જાહેરખબરોનો સતત મારો ચલાવીને જરૂરિયાત ન હોય ત્યાં ઊભી કરે છે, વરસ પહેલાં ખરીદેલી વસ્તુ પાછી વાળીને નવી ખરીદવા લલચાવે છે ને હોય એટલાથી સંતોષ માનવાને બદલે વધુ ને વધુ વસાવવાની વૃત્તિ જન્માવે છે 'આજે ખરીદો કાલે ચૂકવો (Buy now, pay later')ની નીતિને કારણે રોકડાં નાણાં ખિસ્સામાં ન હોય તો પણ લોકો વસ્તુઓ ખરીદવા બજારોમાં ઊમટે છે ને કોઈવાર ગજા ઉપરાંતનું દેવું કરી ઘેર પાછા આવે છે પછી વરસો સુધી હપ્તા ચૂકવ્યા કરીને એ વસ્તુના સાચા માલિક બને છે પાડોશીનું અનુકરણ કરવાની વૃત્તિ (Living like the Joneses)થી ઘણા અમેરિકનો પીડાય છે, પરિણામે કોઈવાર એ માનસિક ભંગાણ (nervous breakdown)ના રોગના ભોગ બને છે

અમેરિકન યુનિવર્સિટી એ જ્ઞાનપ્રાપ્તિનું પરમ ધામ છે પ્રાધ્યાપકનું સ્થાન એ સમાજમાં આપણા સમાજ કરતાં વધુ ઊંચું છે અનેક ઉદ્યોગપતિઓ ને સંસ્થાઓ એમને સલાહ માટે કે સંશોધન માટે આમંત્રે છે ને પ્રાધ્યાપકો પણ નિરહંકારિતાની મૂર્તિ સમા હોય છે વર્ગોનું વાતાવરણ અત્યંત બિનઔપચારિક હોય છે, વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની કે મતભેદ પ્રદર્શિત કરવાની સંપૂર્ણ છૂટ હોય છે પ્રાધ્યાપકે હમેશાં ખૂબ તૈયાર થઈને વર્ગમાં શીખવવા જવું પડે છે ને વિદ્યાર્થીએ પણ પહેલેથી એ દિવસના અભ્યાસનો વિષય વાંચીને આવવું પડે છે પ્રાધ્યાપકના સવાલના સંતોષકારક જવાબ ન આપી શકે તો વિદ્યાર્થીની ગુણવત્તા ઘટે છે કોઈ પ્રશ્ન કે પુસ્તક અંગે પ્રાધ્યાપકને ખબર ન હોય તો એનો એકરાર કરવા એ શરમાતો નથી, આમ-જ્યા બીજે દિવસે એ ચાને માહિતી જરૂર મેળવી લાવે છે. પરંતુ પોતાને જવાબ ખબર ન હોવાને કારણે વિદ્યાર્થીને દબાવીને બેસાડી દેવાની પદ્ધતિનો ત્યાં અભાવ છે યુનિવર્સિટી કારકિર્દીમાં પ્રાધ્યાપક અને

વિદ્યાર્થીઓ સાથે બેસીને જમે કે હોટી પીએ એ ખૂબ સામાન્ય છે ને એમ કરવાથી પોતાનો આમન્યા ઓછી થશે એવો ભય પ્રાધ્યાપકોને સતાવતો નથી

વિદ્યાર્થીઓ સૌમથી શુક્ર થાચીની ઘાણીના બળદ જેવી દશા અનુભવે છે શનિ–રવિ દરમિયાન એ વખત નહી શકે તો પોતાના મિત્ર સાથે પર્યટને કે ચલચિત્ર જોવા જાય છે ઘણા શનિ–રવિ દરમિયાન ૧૮–૨૦ કલાક નોકરી કરી આવતા અઠવાડિયાનુ ખાવાનુ ખર્ચ પણ કાઢે છે અમેરિકન વિદ્યાર્થી નવરો નથી આથી એને ખોટી ચર્ચાઓમા કે ગામગપ્પા હાકવામા બહુ રસ નથી પ્રાધ્યાપકના અંગત જીવનમા (આ દિશામા હિંદના વિદ્યાર્થીઓને ટપી જાય એવા વિદ્યાર્થીઓ બીજા કોઈ દેશમા નથી એમ મનાય છે) એને ખૂબ ઓછો રસ છે કાજમરણ એ સામાન્ય અમેરિકન વિદ્યાર્થી માટે શુષ્ક વિષય છે માત્ર રાજકારણ કે કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓ જ એ ટાણે ઉભાર્નેી કરવામા રસ ધરાવે છે. અમેરિકન યુવક–યુવતીને સૌથી વધુ રસ પોતાનુ શિક્ષણ પૂરુ કરી સારી નોકરીએ જોડાવામા ને કુટુંબની આબાદી કરવામા છે યુનિવર્સિટીના સૌથી બુદ્ધિશાળી સ્નાતકો ખાનગી પેઢીઓમા નોકરી મેળવે છે, જ્યા એમને સરસ પ્રતિષ્ઠા મળે છે સરકારી નોકરીનો સામાજિક દરજ્જો નીચો છે ને પરિણામે સરકારને હોશિયાર કર્મચારીઓ મેળવવા માટે ઠીક ઠીક પ્રયત્ન કરવો પડે છે સામાન્ય અમેરિકન ખાનગી સાહસનો હિમાયતી છે સરકારી સાહસ એટલે તુમાખી, તુમારશાહી ને ગેરવ્યવસ્થા એમ એ પ્રામાણિકપણે માને છે, આમ છતા અમેરિકા જેવા મૂડીવાદી દેશમા સરકારી મૂડીરોકાણ આપણા સમાજવાદી કહેવાતા દેશ કરતા ઘણુ વધારે છે

રાજકારણમા સામાન્ય અમેરિકન બહુ સમજતો નથી અમેરિકાના બે મુખ્ય પક્ષો વચ્ચેનો સૈદ્ધાંતિક તફાવત રાજકારણના અભ્યાસીઓને જ સ્પષ્ટ સમજાય એમ છતા અમેરિકામા એમ કહેવાય છે કે રીપબ્લીકન પક્ષ એ મોટા ઉદ્યોગપતિઓ ને રૂઢિચૂસ્તોનો પક્ષ છે ને ડેમોક્રેટીક પક્ષ મધ્યમ વર્ગનો (એટલે કે નાના વેપારીઓ ને મજૂરો વિગેરેનો) ને મહાન લોકોનો પક્ષ છે સમાજવાદી પક્ષ અમેરિકામા હસ્તી ધરાવે છે ખરો પરંતુ એનુ જોર નહીવત્ છે કમભાગે અમેરિકન છાપા મુખ્યત્વે રીપબ્લીકન પક્ષના હાથમાં છે આથી ઘણીવાર એના મતવ્યો જ પરદેશીઓને જાણવા મળે છે પરદેશીઓ એ મતવ્યોને સમગ્ર અમેરિકન પ્રજાના મતવ્યો માનવાની ભૂલ કરે છે વાસ્તવિક રીતે અમેરિકામા મજબૂત મહાન વિચારસરણી ધરાવતા લોકો છે ને એ પોતાના વિચારોનો પ્રચાર જોરશોરથી કરે છે, એમના મંતવ્યો છાપામા નથી છપાતા એથી કરીને વિચાર મરી જતો નથી. વિચારને પણ પગ છે આથી એ છાપા વગર પણ પ્રચાર પામે છે એવુ મહાન વિચારકો ત્યા માને છે

અમેરિકાના જીવનનુ સર્વાંગી દર્શન એક જ લેખમા કરવુ અશક્ય છે, આમ છતા અમેરિકાને સાચી રીતે સમજવા યત્ન કરવો એ આજના પ્રચાર યુગમા ખૂબ જરૂરી છે કોઈ દેશ ક્ષતિહીન નથી કોકટીના આ કાળમા અમેરિકા સાથે વિશ્વના લોકશાહી દેશોને મજબૂત નેતાગીરી પૂરી પાડવાની જવાબદારી આવી છે આ જવાબદારી પાર પાડવામા એ સફળ નીવડશે કે નહી એ ચર્ચાસ્પદ વિષય છે આમછતા એ પાર પાડવામા મદદરૂપ નીવડે એવી શક્તિશાળી યુવાન નેતાગીરી અમેરિકા પાસે છે એમા શંકા નથી' આવતી પ્રમુખપદ માટેની ચૂંટણીમા અમેરિકન પ્રજા કોને દેશનુ સુકાન સોંપે છે એ ઉપર પણ અમેરિકાની આંતરરાષ્ટ્રીય નેતાગીરીનુ સામર્થ્ય અવલંબે છે

★

નોર્વેના જંગલોમા લાકડાઓનો મોટો જથ્થો મળે છે, ત્યાના લોકોનો તે એક મોટો ધંધો છે. લાકડામથી કાગળ બનાવવાનો માવો બનાવે છે નોર્વેનાં કાગળ જગતભરમા પ્રખ્યાત છે તેઓ લાકડામાંથી કાગળનો માવો અને કાણ લાકડામાંથી સુંદર ફર્નીચર બનાવે છે. ને તેનુ ફર્નીચર પણ ઘણુ જ વખણાય છે

'સેવકરામ'

પસીનાનો રેલો

આપણે આજે હડકાના થઈ ગયા છીએ શ્રમ અને જહેમત પ્રેરણા અને ઉત્સાહ જાણે આપણા જીવનને સલામ કરી ગયા છે, ગામડાઓ પણ આ રોગથી વંચિત નથી એવે ટાકડે ગામડાના એ એવા આદર્શ પાત્રને આ પ્રસંગ વર્ણવવામા આવ્યુ છે—કે જે દરેકને પ્રેરક નીવડે

ગયો હતો તો ગામમા રાગ કરાવવા પણ ધારી સફળતા ન મળી આમ જોવા જઈએ તો વાતમા કંઈ દમ નહોતો આખે ગામમા બે ભાગ તો છે જ લગ્ન વ્યવહારમા તેમનો જુદાપો પણ છે પણ એ અંતર કટુતા અને ઈર્ષાને કારણે વધતુ ગયુ એકની વાત બીજાને ન ગમે અને બીજાની વાત પેલાને ન ગમે એ કારણે ગામનુ કોઈ પણ સાર્વજનિક કામ ન થાય

જે આવે તે કહે 'શુ કરીએ ! સેવકરામ ! ગામમા સંપ જ ન મળે એક ખેંચે ઉગમણી દિશામા તો બીજો ખેંચે કે આથમણી દિશામા '

'તમારા જેવા ડાહ્યા માણસોએ તો સલાહ સંપ કરાવવો જોઈએ ને !'

'કોની સાથે સલાહ કરે ! માણસ હોય એની સાથે વાત થાય ઝાડ સાથે શુ માથા ફૂટે ! આ તો નાચવુ ન હોય તેનુ આગણુ વાંકુ '

આવા જ ઉદ્ગાર સામાવાળા આગેવાનો મારે કાઢે કે 'સેવકરામ ! અમે તો સલાહસંપથી ચાલવા માગીએ છીએ પણ એ લોકોને તો અમને દબાવવા છે એમના ઘર વધારે છે એટલે દરેક વાતમા અમને દબાવ દબાણ કરે છે અમે એમનાથી દબાવા તૈયાર નથી જે ન્યાયથી ચાલતુ હોય તેમ ચાલે અમારાથી એમની હાએ હા નહિ થાય '

આ મનોવૃત્તિ એક ગામમા નહિ, ઘણા બધા ગામોમા જોવા મળે છે ગામડાની દુનિયા નાની છે એટલે આખો વખત એની એ વાત ચર્ચાય છે લાગણીઓ વળ આપી આપીને તીવ્ર બનાવવામા આવે છે તેમ આગેવાનોમા પણ ભારોભાર અહમ્ ભર્યો હોય છે કોઈ સારા માટે નમતુ જોખવા તૈયાર નથી તેમને કામની પડી નથી પડી છે કેવળ તેમનુ અહમ્ પોષાય એની પરિણામે ગામને સહન કરવુ પડે છે

આ ગામનુ પણ એમ જ થયુ હતુ આવા અહમને કારણે ગામમા શાળાનુ મકાન થયુ નહોતુ કૂવાનુ થાળુ થયુ નહોતુ રસ્તા સુધાર્યા નહોતા લોકલબોર્ડ અને વિકાસ ઘટક તરફથી મદદ મળે તેમ હતી પણ ગામ આગળ આવી માગણી કરે ત્યારે ને !

ગામનો રસ્તો સુધરાવવાનુ કામ આવ્યુ હતુ એક નાળુ બાંધવાનું હતું અને ગામના ચોક સુધી રસ્તો પાકો કરવાનો હતો જો ગામલોકો મહેનત કરે તો સીમેન્ટ મફત મળે તેમ હતો રસ્તો કરવો જોઈએ એ વાતમા સૌ સહમત હતા પણ કયો રસ્તો કરવો ! આથમણી દિશાવાળા કહે અમારા ઢોર ગાડી આથમણી ભાગોળથી આવ જા કરે છે એટલે આથમણી દિશાનો રસ્તો લેવો જોઈએ બીજા કહે ગામનો મુખ્ય રસ્તો તો ઉત્તર દિશાનો છે મંદિર પાસેથી રસ્તો પાકો કરવો જોઈએ કોઈ વાતે રાગ આવતો નહોતો વાત વીફરી હતી બન્ને જણ ચડ્યુ ચડ્યુ બોલતા હતા એક પાર્ટીના આગેવાન કહે રસ્તો તો અમે કરીને જ રહીશુ તો બીજા તુરત તાડૂકી ઊઠે 'જોઈએ છીએ રસ્તો કેવો કરો છો માથા ન વધેરાય તો કહેજો બધે પોચુ ભાળી ગયા હશો પણ અમેરે કાંઈ બંગડી પહેરી નથી '

લાકડીઓ ઊડે એવુ થયુ હતુ એટલે એક જણ મને બોલાવવા આવ્યા

'સેવકરામ ! હવે તો તમે આવીને સલાહસંપ કરાવો ત્યારે બાકી આમાથી તો કાયમના વેર બંધાશે અને ગામ પાયમાલ થશે '

હુ ગામમા ગયો બધાને એકઠા કર્યા પણ શાંતિથી વાત સાંભળે તો ને ! એ તો એક એક સામે ઘુરકિયા જ કરવા લાગ્યા

વારા ફરતી બંને પક્ષોના આગેવાનોને સમજાવ્યા. છેવટે એ પ્રશ્ન લવાદ પર છોડવાની ભલામણ કરી. પણ સૌને પોતાનો કક્કો ખરો કરાવવો હતો. અલબત્ત, આમાં આગળના પૂર્વગ્રહો, અવિશ્વાસ અને રોષ પ્રગટ થતો હતો એ જ્યાં સુધી મનમાથી નીકળે નહિ ત્યાં સુધી તેઓ 'ક્યાંથી વાત પર સંમત થાય! બંને જણાને ગઈ ગુજરી ભૂલી જવાની અને ઉદાર બની ગામના હિતની વાત વિચારવાની વિનંતી કરી બંને જણ વાત સાભળી રહ્યા પણ માન્યું તો જરાયે નહિ

એક જણ તો ત્યા બોલી પણ ઊઠ્યો

'રસ્તો નહિ થાય તો શુ કાચુ ખાવાના હતા! આજ સુધી ચાલ્યુ તો હવે નહિ ચાલે! પણ કાંઈ નાક કાપીને ના અપાય!'

ફરી ફરીને એ લોકો ગામના ભલાઈના કાર્યને ધક્કે ચઢાવી તેમના મિથ્યાભિમાનને આગળ લાવતા હતા અમે કંઈક છીએ,-ગામમા અમારુ ઉપજવું જોઈએ ને કંઈ થાય તે અમને પૂછીને થાય અમે કહીએ તે રીતે થાય જો એમ ન થવાનુ હોય તો ભલે કંઈ પણ ન થાય.

આવા ઉગ્ર મતભેદના દર્શન મને ઘણી જગ્યાએ થયા છે એટલે આવી વાત આવે ત્યારે હુ આશ્ચર્ય અનુભવતો નથી તેમ નિરાશ પણ થતો નથી મને થયું કે વાત હજી પાકી નથી એ માટે બંને પક્ષના આગેવાનોને વારાફરતી મળી, તેમનો વિશ્વાસ સંપાદન કરી યથા સમયે વાત કરવાનુ મનમા ગોઠવી હું પરત આવ્યો

પણ ગામમાં દોઢ દિવસ રોકાયો એમા એક જણનો વિશિષ્ટ પરિચય થયો હુ ત્યાંથી સ્ટેશન તરફ ચાલતો જતો હતો એક ગાડાવાળા ડોસા મળ્યા. એ સ્ટેશન પરના જીનમાથી કપાસ ભરવા જતા હતા એમણે ઓળખીને મને કહ્યું: 'આવો સેવકરામ! બેસી જાઓ...'

'સ્ટેશન હવે ક્યાં દૂર છે. મને તો ચાલવાની આદત છે...'

'મારેયે ગાડું ખાલી જ જાય છે. અમને તમારો ભાર નહિ લાગે.' ને ગાડું ઊભું રાખી આગ્રહ કરી તેમણે મને ગાડામાં બેસાડી દીધો.

વાતવાતમાથી જે જાણવા મળ્યું એ જાણીને તો મને ડોસા માટે માન થયું.

એમનું નામ હાલુસિંહ જાતે રાજપૂત. ખેતી કરે અને ઉનાળામાં પછુ ગાડું જોડી ભાડુંયે કરે તેમને જોઈએ તો સાઠ વર્ષના લાગે. પણ એ કહે પૂરાં એંશી વર્ષ થયાં હશે. લાંબો ચહેરો, ઊંડી, પણ ધારદાર તેજ વેરતી આંખો, ભરાવદાર ધોળી મૂછો અને કપાળ પરથી તરી રહેલી કરચલીઓ તેમના ક્ષત્રિય પૌરુષને સારી રીતે પ્રગટ કરે છે તેમણે ખેતીની કમાણીમાંથી એંશી વીઘાં જમીન કરી છે ત્રણ તો કૂવા છે કૂવા પર મશીન મૂક્યું છે વર્ષે ખેતીમાંથી પંદરેક હજારની આવક થતી હશે. ચાર તો ભેંસો છે. કુટુંબેયે જથ્થોયે સારો છે. દીકરાયે મહેનતુ છે પોતે નિરાંતે બેસે, દેખભાળ રાખે તોયે ચાલે તેમ છે. છતાં તે પગ વાળીને બેસતા નથી એ ચોમાસામાં હળ હાંકે શિયાળામાં કોસ હાંકે ને ઉનાળામાં ગાડું ભાડે ફેરવે.

મેં જરા ટકોર કરી.

'ડોસા! પ્રભુકૃપાથી તમારે જમીન છે, દીકરા છે, ભર્યું ભાદર્યું ઘર છે, એ લીલા લહેર છે તો શીદને ધરમધ્યાન કરતા નથી?'

તો હાલુસિંહ મારી સામે જોઈને કહે:

'સેવકરામ! માનશો, હું તો એટલુ જાણું કે પંડનો રોટલો ખાય એ મોટો ધરમ. મારા હાથ પગ ચાલે ત્યા સુધી શું કરવા છોકરાનુ રળેલું ખઉં! પગનો પાણીને ખાવા બેસીએ તો જ અન્ન પચે.'

ને સામે ગાડું આવતું હતું એટલે તેને રસ્તો કરી આપી, ગાડીપાટે ગાડુ ચડાવીને પાછા વાતનો દોર હાથમાં લઈને ડોસા બોલ્યા: 'ઘરનું કંઈ કામ હોય તો ઠીક છે કે ઘેર રોકાઈએ પણ ગામગપાટાં મારવાં કે ખાવી પડ્યા રહેવું એમાં શુ મળ્યું. મનને થયું બેસી રહી ગોદડાં ફાડવાં એના કરતાં તો ભાડે ગાડુ

ફેરનુ સારુ પચાસ મણ કપાસિયા ગાળ્યા છે બે ફેરામા બધાયે કપાસિયા લાઈ જઈશ એક ધક્કા ખાતર શીદને બળદો મારી નાખુ '

'તમને ભાડાનુ કામ રોજ મળે ખરુ કે?'

'મળે ગામમાં ન મળે તો પીરામા જાઉ ભાડે જવુ છે એને શુ! જ્યા ભાડુ મળે ત્યા જવાનુ '

'આ ઉમરે થાક નથી લાગતો?'

'થાક તો બેસી રહે લાગે મરદ માણસને વળી થાક કેવો! એસી વરસ થયા છે પેલુ ચાનચા ભાડુ તો તમારા કરતાયે આગળ નીકળી જાઉ તો એનુ જાણુ કે જે પરસેવો પાડીને ખાય છે એને માંદગી ના થાય.'

'તમને કઈ રોગ કે લાંબી માંદગી કે એવુ કઈ થયેલુ કે?'

'શુ કરવા થાય! સેવકરામ! આય આ અધમનુ ખાનુ છે! મારે તો કદી રોગ તો શુ તાવ તરીઓ આવ્યો નથી જુઓ દાંત એવા ને એવા છે આંખનુ તેજ એવુ ને એવુ છે રાતના વખતેયે ગાડુ હાંકે રાખુ '

રાનુસિંહ ડોસાએ તબિયત જરી સાચવી છે ખોરાક પણ સાદો હમણાંથી વળી તે ચા પીએ છે બીડીયે પીએ છે પણ ખોરાકમા તો સવાર રાબનો અને દૂધનુ 'શિરામણ' કરીને નીકળે બપોરે રોટલો ઘી ગોળ અને અડદની દાળ, ઉપરથી તાસળુ ભરીને વલોવેલી તાજી છાશ રાતના બપોરનો વધેલો રોટલો અને દૂધ એ શાક કે ભાત કે બીજી પરચુરણ ચીજની લપમા પડતા જ નથી જેવો ખોરાક સાદો એવો પહેરવેશ સાદો જૂની ઢબની, કમાળી આંગડી અને જાડુ ગજનુ ધોતિયુ માથે પાઘડી પણ આગવી જુઓ તો બે જણાએ તો તુરંત જેમનો દેદાર જોઈને તો કોઈ ન માને કે આ લાખ બે લાખનો આસામી હશે તેમની કમાણીની વાત નીકળી એટલે મે સહજ પૂછ્યુ

'ડોસા, આટલી બધી કમાણી કરો છો તો પૈસા નાખો છો શેમા?'

'શેમા તે જમીનમા બે ના કીધુ કે એંશી વીઘા ભોંય કરી હશે વાડામા ચાર તો ઘર કર્યા છે ત્રણ દીકરાઓને રંગેચંગે પરણાવ્યા છે એક એકને અડધો શેર જેટલુ તો સોનુ આપ્યુ હશે છે તો આપીએ છીએ છીને ભરામણુ બરાબર, મને ખબર કે એમના નસીબે નહિ કમાતા હોઈએ?'

'પણ ગામના કામમા કઈ આપો છો કે નહિ?'

'ગામને શુ આપે! જોતા નથી બધા નાગોડ ભેગા થયા છે એ! એક આમ ખેંચે છે ને બીજો આમ ખેંચે છે બધાને એકબીજાને વગાવે એવા છે આવુ તો વરસોથી ચાલ્યુ આવે છે એમ ગામમા રાગ થતા નહિ ને કોઈ કામ નીકળે નહિ એટલે મેં તો ગામને જમાડી દીધુ '

'ગામને જમાડી દીધુ '

'હા જ તો, આજ સુધીમા ત્રણવાર આખા ગામને જમાડ્યુ હશે જમણવાર હોય એ દી આખા ગામનો ચૂલો બંધ બધાય પેટ ભરીને ખાય બિચારાઓ છે બિચારા ગરીબ ગરબા ક્યારે શીરા ભાળવાના હતા! સેવકરામ! હવે સમજુ છુ કે સાથે શુ બાંધી જવાના છીએ એટલે જે સૂઝે તે દાન ધરમ કરુ છુ ગરીબ ગરબુ ખાશે એ આશિષ દેશે એ આપણા લાખ રૂપિયા છે બીજુ જોઈએ છે પણ શુ!'

સ્ટેશન આવ્યુ એટલે ઊતરી ગયો એક બાજુ ઊભો રહી આ દોઢ લાખના આસામીને જોઈ રહ્યો મને એમા ગામના જૂના સંસ્કાર સજીવ થતા દેખાયા ન મળે પૈસાનુ અભિમાન કે ન મળે કામનો થાક ઓશિયાળો નહિ પણ પસીનાનો રોટલો ખાવાનો આગ્રહ રાખતા આ ડોસાએ ગ્રામ સંસ્કૃતિનો નવો જ પ્રકાશ પાડ્યો

✶

રાજિયાએ એક દાવેદારને બોધ આપતાં તેના હાથમા મીણબત્તી ને સોય મૂકતાં કહ્યુ: 'મીણબત્તીની જેમ જાતે બળીને બીજાને રોશની પહોંચાડ અને સોયની પેઠે જાતે નગ્ન રહી બીજાને કપડા પહેરાવ.'

એલિઝાબેથ ફર્ડ

હૂંફાળાં હૈયાં

આ જગતમાં પ્રેમ પ્રત્યેક સ્થળે ઊભરાતો જ હોય છે. એનો સાક્ષાત્કાર આપણે કરી શકીએ તો હૂંફાળા હૈયાની મીઠાશ પ્રેમના શીળા હાસ્યે સહેલાઈથી ખુલ્લી કરી દે તેવા આ પ્રસંગને ગુજરાતીમાં અધ્યાપક શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીએ ઉતાર્યો છે.

થોડાંક વર્ષો પહેલાની વાત છે શિયાળાની ઋતુ હતી કડકડતી ઠંડી હતી સાંજનો સમય હતો ઉત્તર સ્કોટલેન્ડના ડુંગરાળ પ્રદેશના રસ્તા ઉપર એક બસ ધીમે ધીમે આગળ વધતી હતી આ બસમાં બે સ્ત્રીઓ પાસે પાસે બેઠી હતી, એમાંની એક પ્રવાસે નીકળેલ અમેરિકન બાઈ હતી એની બાજુમાં બેઠેલી કદાવર બાંધાની, દેખાવમાં અત્યંત સાદીસીધી એવી સ્કોટલેન્ડના ખેડૂતવર્ગની સ્ત્રી હતી

વાતમાં ને વાતમાં પ્રવાસી–સ્ત્રીનો આ ટાણે સ્કોટલેન્ડનો પ્રવાસ ખેડવાનો હેતુ ન સમજાતા સ્કોટ સ્ત્રીએ તેને કહ્યું 'આ ઋતુમાં અહીં સખત ઠંડી પડે છે, પવનના તોફાન સાથે ગમે ત્યારે વરસાદ પડે, બરફ પડે, હેરાન થવાય તમે આ શિયાળામાં અહીં આવવાનું પસંદ કર્યું એ નવાઈ જેવું'

'મને તો આ જાતનું હવામાન પસંદ છે હું હમણાં એક ઐતિહાસિક નવલકથા લખું છું એને માટે મારે વિગતો એકઠી કરવી છે એ માટે ગામડાના લોકો સાથે વાતો કરવી જોઈએ જૂના જમાનાથી પરંપરાગત ચાલી આવતી, ઝાઝા ફેરફાર વગરની દંતકથાઓ તો ગામડામાં જ જડે ને? મારે તો છેલ્લા ચારસોએક વર્ષની માહિતી એ રીતે ભેગી કરવી છે' પ્રવાસી બાઈએ કહ્યું

'એમ! તો તો તમે જરૂર મારે ત્યાં ચાલો બે રાત રોકાવામાં વાંધો તો નથી ને? અમારું ઘર નાનું છે, પણ રૂપાળું મારા પતિ કામ માટે શહેરમાં ગયા હોઈ મને એટલું બધું એકલું એકલું—સૂનું સૂનું લાગે છે! તમે આવો તો મોટો આનંદ થશે' ખેડૂત–સ્ત્રી બોલી

મોટર એક સ્થળે થોભી અને બન્ને સ્ત્રીઓ નીચે ઊતરી ચાલવા લાગી વરસતા વરસાદમાં એ લોકો આગળ વધ્યા છેવટે એક ટેકરીના ઢોળાવ ઉપર એક નાનકડું રૂપાળું પથ્થરનું મકાન દેખાયું મકાનમાં પહોંચતા જ ખેડૂત–સ્ત્રીએ સાદા છતાં અત્યંત સ્વચ્છ એવા આગલા કમરામાં મહેમાનને માટે વ્યવસ્થા કરી તેને બેસાડી

એકાએક વીજળીના દીવા હોલવાઈ ગયા યજમાન સ્ત્રીએ નિસાસો નાખ્યો 'અરેરે! વીજળીનો પ્રવાહ કપાઈ ગયો લાગે છે' કહેતા તેણે મીણબત્તીઓ સળગાવી અજવાળું કર્યું તે બાદ એણે દેવતા સળગાવવાનો આરંભ કર્યો

એટલામાં બારણું ઠોકાયું બારણું ઉઘાડતા એક છોકરો અંદર આવ્યો ખેડૂત–સ્ત્રીએ એના પાણી નીંગળતા કોટ–ટોપી લીધા

ઠંડી ઉડાડવા તે સળગતા દેવતા પાસે ગયો છોકરાની ઉંમર બારેક વર્ષની હશે બિચારો બહુ જ કઢંગી રીતે અપંગ હતો જરા થાક ખાઈને એ બોલ્યો

'બાપુએ તમને ટેલિફોન કરવાનો ઘણો પ્રયત્ન કર્યો ટેલિફોન બગડી ગયો લાગે છે તમે સહીસલામત તો છો ને—એવું જોવાને હું આવ્યો છું'

'બહુ સારું કર્યું, ભાઈ! જો, આ બહેન આપણે ત્યાં મહેમાન છે આજે અહીં જ રહેવાના છે' માએ કહ્યું–

એટલામાં બહાર પવન જોરથી ફૂંકાવા લાગ્યો બારીબારણાં ધમધમી ઊઠ્યાં ક્યાંકથી ખૂણે ખૂણે ઠંડી અફળાવા લાગી બારીબારણાંની તડમાંથી અંદર આવતો પવન ભયંકર સુસવાટા કરવા લાગ્યો

'આવા તોફાન માણવાનું મને તો બહુ જ ગમે છે આ તો આપણે ઘરમાં છીએ પણ ખુલ્લામાં હોઈએ ને ત્યાં જ કોઈક સલામત જગ્યાએ ભડભડ બળતા તાપણા પાસે બેઠા હોઈએ તો કેવી મજા આવે!' પ્રવાસી–સ્ત્રી બોલી

'તમને બીક નથી લાગતી ?' છોકરો એકદમ બોલી ઊઠ્યો.

પ્રવાસી-સ્ત્રી 'ના' કહેવા જતી હતી ત્યાં તો કશાથી ન ડરે એવી પેલી ખેડૂત-સ્ત્રીએ વાતનો તંતુ પકડી ઝડપથી જવાબ દીધો:

'બીક કેમ ન લાગે? બીક તો એમને પણ લાગે ને મને પણ લાગે, પણ અત્યારે તો અમારી પાસે તારા જેવો મરદ છે ને ! પછી કાંઈ બીક હોય ?'

આ જવાબ સાંભળતાં જ છોકરો આનંદમાં આવી ગયો. એનો ચહેરો ખીલી ઊઠ્યો. એનાં અંગોમાં જાણે નવું ચેતન વ્યાપ્યું.

ક્ષણભર શાંતિ છવાઈ; પછી એ ઊઠ્યો.

'બધું બરાબર સલામત છે કે નહીં તે હું જોઈ આવું.' એમ કહેતોકને ખોડંગતો ખોડંગતો ઓરડાની બહાર આવ્યો.

આ પ્રસંગ તો સાદો છે, પણ એમાંથી વિચારવાનું કેટલું બધું મળે છે ? પ્રવાસી-સ્ત્રીનો 'ના'નો સીધો જવાબ અને ખેડૂત-સ્ત્રીનો મીઠાશભર્યો બુદ્ધિપૂર્વકનો જવાબ એ બે વચ્ચે કેટલું બધું અંતર છે ? સામા માણસના માનસને બરાબર સમજી જઈ પોતાના અને પારકાના જીવનને ભર્યું ભર્યું રાખવા માટે વાણીનો આવો સદુપયોગ કેટલો ફલદાયી છે ? સાચે જ શબ્દોમાં અદ્ભુત શક્તિ છે. વ્યક્તિના માનસ અને એના જીવનને પલટાવવામાં ક્વચિત્ એકાદ મમતાભર્યું સંબોધન પણ અજબ કામ કરી જાય છે.

ખેડૂત-સ્ત્રીના શબ્દોએ કેવો જાદુ કર્યો ? એક અપંગ છોકરો પોતાને શક્તિશાળી મરદ ગણીને તે પ્રમાણે વર્તવા મંડી ગયો ! ખેડૂત-સ્ત્રીએ જે શબ્દો ઉચ્ચાર્યા એમાં એના હૈયાની સ્વાભાવિક માયાળુતા કારણભૂત હશે કે પછી એણે હેતુપૂર્વક આમ કર્યું હશે ? એને હૈયે તે ટાણે દયાની લાગણી હશે ? કેવળ બુદ્ધિનો ઉપયોગ જ એણે કર્યો હોય એમ તો ના બને ? કે બન્ને વાત ભેગી હશે ?

જે હો તે. પરિણામ ઉપરથી જો કાર્યની કિંમત અંકાતી હોય તો ખેડૂત-સ્ત્રીનું દૂઝણું હૈયું એના અંતરની અતિવિશાળ ઉદારતા પ્રગટ કરી મહામૂલું નથી કરતું ?

*

સાત વર્ષની ઉમ્મરની એક નાનકડી બાળા હતી.

એને ઘેર આજે ચા-પાણી હતાં અને સગાંવહાલાં તથા ઓળખીતા-પાળખીતાની મોટી સંખ્યા હાજર રહેવા સંભવ હતો.

મા ખૂબ જ કામમાં હતી. નાનકડી દીકરીને પણ માનો બોજો હળવો કરવાનું મન થયું. બહાર જઈને એણે સાવ સામાન્ય ગણાતાં ફૂલો તોડીને તેનો ઝૂમખો તૈયાર કર્યો.

ઉત્સાહથી ઊછળતી તે ઘરમાં દોડી ને પેલો ગુચ્છો માના હાથમાં મૂક્યો.

સામાન્ય મા હોત તો તેણે 'લાવ બેટા' કરીને, ગુચ્છો લઈ, એકાદ ભાંગલી દૂધની શીશીમાં તેને ખોસી રસોડામાં તેને સ્થાન આપ્યું હોત.

પણ ના, અહીં તો જુદી જ વાત હતી. માતાએ આનંદથી પુત્રી પાસેથી ગુચ્છો લીધો. ત્યાં પડેલી સુંદરમાં સુંદર ફૂલદાનીમાં તેને કાળજીથી બરાબર ગોઠવ્યો અને સૌની સ્વાભાવિક રીતે જ નજર પડે એવા મોખરાના સ્થાને તે ફૂલદાની મૂકી.

દીકરીનું અંતર આનંદથી થનગની ઊઠ્યું.

પ્રસંગ નાનો છે છતાં પ્રેરક છે. આટલી એક નાનકડી વાતથી માએ દીકરીના અંતરમાં આનંદ પેદા કર્યો, પણ તે ઉપરાંત તેનામાં આત્મશ્રદ્ધા ઉત્પન્ન કરી. બાળકો નાનાં હોય, એમની અણઆવડતને કારણે કશુંક બરાબર ન કરી શકતાં હોય, તેવે પ્રસંગે એમની આત્મશ્રદ્ધાને જાગૃત કરનાર આવાં કૃત્યો એમના જીવન-ઘડતરમાં કેટલો મોટો ફાળો આપે છે ? સામાની લાગણીઓને સમજીને વર્તવાનું સહેલું નથી. પણ જે વ્યક્તિ આ માતાની માફક વર્તી શકે તે એના સમાગમમાં આવનાર સૌ કોઈ માટે કેવી અદ્ભુત પ્રેરણામૂર્તિ બની જાય ?

*

એક ખાનદાન કુટુંબમાં નાનકડો સમારંભ હતો છોકરાઓ ભેગા થઈને રમતા હતા

એક સાદી શરમાળ છોકરી સૌથી જુદી પડી ભીંત પાસે ઊભી રહી ગઈ હતી રમવાની તેની ઇચ્છા હશે, છતાં તેની હિંમત ચાલતી ન હતી બાળકોનું એની તરફ ધ્યાન પણ ન હતું

એ છોકરીની આ દશા ઘરના છોકરાએ જોઈ તે ધીમેથી એની પાસે ગયો ને મીઠાશથી એને પૂછ્યું, 'તું મારી જોડે ન રમે ?'

છોકરી ખુશ થઈને રમવા લાગી રમતમાં તો તે કુશળ નીકળી એટલે ધીમે ધીમે બધા છોકરામાં થોડા વખતમાં તે હળી ગઈ પણ પોતાને રમવા બોલાવનાર છોકરા માટે એને કાયમનો પક્ષપાત થયો

*

એક સ્નેહાળ દંપતીના જીવનની આ માર્મિક કથા છે પત્નીની ચાળીસમી વર્ષગાંઠનો દિવસ હતો

સ્ત્રીઓને વધતી જતી ઉમ્મરનો વિચાર કેટલો બધો ખેદ ઉપજાવે છે? સુધરેના સમાજમાં હવે યુવતીઓ તરફ જ સૌનો પક્ષપાત હોઈ યુવાવસ્થા વટાવવાને આરે ઊભેલી સુંદરીઓને સ્વાભાવિક રીતે જ વિષાદ થાય અને તેમાંય ચાળીસમી વર્ષગાંઠ? હવે તો મધ્યવય પણ પૂરી થવા આવી હોવાનો ખ્યાલ રૂપગર્વિતા વનિતાને કેવો દિલ કપાવનારો બને !

પોતાની વર્ષગાંઠને દિવસે જ સવારમાં આ વિચારે સ્ત્રીની આંખમાં આંસુ આવ્યાં

સવારના ચા-નાસ્તા વખતે તેણે પતિ સાથે આ અંગે મૌન જ સેવ્યું પણ પતિ બહાર ગયો ને તરત જ તે મોકળે મોંએ રડી પડી એની કલ્પનામાં ધોળા વાળવાળી, ચામડીએ કરચલીઓવાળી, પ્રમાણમાં સ્થૂળ કાય એવી પોતાની ઘડપણની મૂર્તિ ખડી થઈ ગઈ હતી પતિ બહારથી પાછો ફર્યો તે ગાળામાં પત્ની થોડીક શાંતિ મેળવી શકી હતી પણ એના અંતરનો ઉચાટ શમતો ન હતો

ભોજનનો સમય થયો ને બન્નેએ જમી લીધું તે પછી પતિએ વહાલથી કહ્યું, 'ચાર્લ જો તો ખરી હું તારે માટે શી ભેટ લાવ્યો છું !'

પતિ અને પત્ની બન્ને એકબીજાને તેમની વર્ષગાંઠ પ્રસંગે ભેટ આપતાં એ બેઉની પસંદગીની બાબતમાં મોટે ભાગે તો ઉપયોગિતાની દૃષ્ટિ જ મોખરે રહેતી. પત્નીને લાગ્યું કે પોતાને જેની જરૂર છે તે નવી ઢબનો 'કૂકર' તો પતિ નહિ લાવ્યા હોય !

પણ ના, પતિએ આણેલ બોક્સ ઉઘાડતાં જ અંદરથી એક સુંદર સાડી નીકળી એક નાની ડબ્બીમાં એને તરત જ ગમી જાય એવા છેલ્લી ઢબના એરિંગ હતા સાડીના રંગને અનુરૂપ એવા સુંદર ચંપલ પણ જોયા અને એનું હૈયું નાચી ઊઠ્યું પતિ સંતોષથી પત્નીની ચેષ્ટા નિહાળતો બાજુમાં બેઠો હતો

પાછળથી પોતાની બહેનપણીની જોડે વાતો કરતાં જ્યારે આ વાત નીકળી ત્યારે તે સ્ત્રીએ જણાવ્યું, 'મેં એ બધું જોયું ને હું સમજી ગઈ એમણે કશું જ બોલ્યા ન હતા અને છતાં એમની પસંદગીમાં જ એમણે એમના ભાવો નહોતા દર્શાવ્યા શું? જાણે કહેતા હોય કે મારે મન તો તું સુંદર છે, યુવાન છે, રૂપરંગી છે અને મારે મન આથી વધુ શું હોય ! મારા અંતરનો ખેદ તે દિવસથી સાવ દૂર થઈ ગયો છે અને મારો જૂનો ઉત્સાહ કાયમ થયો છે હવે મને જીવનમાં ઉલ્લાસ ઉલ્લાસ ને ઉલ્લાસ જ દેખાય છે !'

પરિણીત જીવનને ઉજાળવા માટે આવા પ્રસંગોનું પુનરાવર્તન કેટલું બધું જરૂરી છે? જે પરસ્પરના પૂરક અને સહાયક છે એવા જીવનભરના આ સાથીઓમાં સામાની લાગણીને સમજી જઈને પ્રસંગને માણવી લેવાની હૈયાઉકલત હોય તો પૃથ્વી પર સ્વર્ગ જ ઊતરે ને પરસ્પરની હૂંફથી પ્રેરણા પામી જીવનની પ્રત્યેક ક્ષણે ચેતન ને ઉલ્લાસ અનુભવનાર દંપતીને સ્વર્ગના સુખની વાંછના નહોતી હશે ખરી ?

*

પાંચેક વર્ષના એક બાળકના ગળાના કાકા કપાર વાના હતા બાળક દસ્પિતાલ ગયો ત્યારે પોતાનો ખૂબ જ વહાલો રમકડાનો ફૂતરો પણ લઈ ગયો

કૂતરો કાંઈ તાજો ખરીદેલો ન હતો, જૂનું હતો એનો ટાંગ પણ ઝાંખો પડી ગયો હતો અને એક આંખ પણ એણે ગુમાવી હતી છતાં બાળકને એ કૂતરા માટે ભારે મમત્વ હતું

ઑપરેશન માટે એને ટેબલ પર સુવાડ્યો ત્યારે પણ એ પેલા કૂતરાને સોડમાં દબાવીને જ સૂતો

ડૉક્ટર આવ્યા, ઑપરેશનની તૈયારી થઈ ગઈ છે એમ જણાતાં નર્સે આગળ આવી બાળક પાસેથી કૂતરો લેવાની તૈયારી કરી ત્યાં જ ડૉક્ટરે એને રોકી, પ્રસંગોચિત ગંભીરતાથી કહ્યું, 'રહેવા દો એ કૂતરાને, એનેય ઑપરેશન કરવાનું જ છે ને?'

ઑપરેશન બાદ ક્લોરોફૉર્મની અસર ઊતરતાં જ્યારે છોકરો ભાનમાં આવ્યો ત્યારે એણે જોયું તો એનો વહાલો કૂતરો પણ ઓશીકા ઉપર માથું રાખી સૂતો છે અને જે ઠેકાણેથી એની આંખ નીકળી ગઈ હતી તે ઠેકાણે એક સ્વચ્છ પાટો અત્યંત સફાઈથી અને કાળજીથી ડૉક્ટરે બાંધ્યો છે!

પોતાના બાળક-દર્દીની લાગણીનો ખ્યાલ રાખનાર ડૉક્ટરે બાળકના ઑપરેશન વખતે એ બાળકના જન્મતના સાથી એના રમકડાના કૂતરાને પણ સાથી તરીકે રાખ્યો! સમસંવેદનની લાગણી હૈયાનો ભાર હળવો કરવામાં કેટલી બધી મદદરૂપ બને છે?

*

બુદ્ધિપૂર્વક પાંગરતી ઉપયોગી થઈ પડવાની અને પ્રોત્સાહિત કરવાની આવી નાનીમોટી કેટલીય તક આપણને અવારનવાર સાંપડતી રહે છે

આ જગતમાં પ્રેમ પ્રત્યેક સ્થળે ઊભરાતો જ હોય છે—માત્ર એનો સાક્ષાત્કાર કરવાની ટેવ જોઈએ! હૂંફાળાં હૈયાંની મીઠાશ પ્રેમના ભારેલા દુઃખને સહેલાઈથી ખુલ્લાં કરી શકે છે

– ['પ્રબુદ્ધ જીવન'ના સૌજન્યથી]

✡

એટવીકતાર ભૂકથી દાહક રસાયણો પી જવાથી માણસોની અન્નનળી સાવ બળી જાય છે આવા દરદી કોઈપણ જાતનો ખોરાક જરાય ખાઈ શકતા નથી

આ દરદીની અન્નનળી સાજી કરવાના બધા પ્રયત્નો નિષ્ફળ જાય, ત્યારે દરદીની સ્થિતિ ઘણી કફોડી થઈ જાય છે પણ એનો એક સચોટ ઉપાય શોધી કાઢ્યો છે.

સોવિયેત ડૉક્ટરો એ દરદીની નકામી અન્નનળી કાઢીને ફેંકી દે છે અને એની જગ્યાએ નવી અન્નનળી ગોઠવે છે એ નવી અન્નનળી માટે જોઈતી નળી, તેઓ એ જ દરદીના નાના આંતરડામાંથી કાપીને કાઢે છે

આ અન્નનળી તદ્દન સંતોષકારક કામ આપે છે

*

પ્રકાશ-વર્ષ! એ વળી શું?

વર્ષ એ સમય માપવાનું ઘટક છે પણ પ્રકાશ-વર્ષ સમય નહિ પણ અંતર માપવાનું ઘટક છે આકાશી તારાઓ લાખો કરોડો અબજો કે ખર્વ માઈલ દૂર હોય ત્યાં લગી તો તમે એમનું અંતર માઈલમાં દર્શાવી શકો પણ ખર્વથીયે ખર્વગણું અંતર હોય ત્યારે એનું અંતર પ્રકાશ-વર્ષમાં માપવામાં આવે છે

દાખલા તરીકે સૂર્ય અહીંથી ૯ કરોડ ૩૦ લાખ માઈલ દૂર છે એના પ્રકાશને પૃથ્વી ઉપર પહોંચતા આઠ મિનિટ લાગે છે જે તારાનો પ્રકાશ પૃથ્વી ઉપર પહોંચતા એક વર્ષ લાગે, એ તારો અહીંથી એક પ્રકાશ વર્ષ દૂર છે એમ ગણાય

આકાશમાં એવા અસંખ્ય તારાઓ છે કે જે પૃથ્વીથી અબજો પ્રકાશવર્ષ દૂર છે કાચના ગમે તેવા શક્તિશાળી દૂરબીનથી એ જોઈ શકાતા નથી એને માટે તો 'રેડિયો'-દૂરબીન જોઈએ

આ પ્રકારનું એક મોટું રેડિયો-દૂરબીન આજે મૉસ્કો નજીક બંધાઈ રહ્યું છે પૃથ્વીથી ૧૦ અબજ માઈલ દૂર, બ્રહ્માંડની બાજોએ આવેલા તારાઓનો અભ્યાસ હવે થઈ શકશે આ દૂરબીન દુનિયાનું સૌથી મોટું દૂરબીન હશે

એ રેડિયો-દૂરબીન ચોકડીના આકારનું હશે અને એની લંબાઈ તથા પહોળાઈ અર્ધા-અર્ધા માઈલ જેટલી હશે

શશિકાન્ત ચીમનલાલ જરદોસ

ઉર્દૂ કવિ પંડિત હરિચંદ 'અખ્તર'

જેમના તાજેતરમાં થયેલા અકાળ અવસ
'ઉર્દૂ સાહિત્યના પુ પોધાનમા હોયદનો ઠ
બંધ પડી ગયા' એવા ઉર્દૂના એક ખ્યાત
કવિના જીવન અને કવનનો પરિચય અહીં

ઉર્દૂ ભાષાનો હાસ્યરસ એની ઉચ્ચ કક્ષા તેમજ વિપુલતાને લીધે ઉર્દૂ સાહિત્યને માટે ગૌરવનું કારણ છે આધુનિક ઉર્દૂ હાસ્યકવિઓની યાદીમા સ્વ પંડિત હરિચંદ અખ્તરનું નામ આગળ પડતું છે તાજેતરમા એમનુ બેએક વરસ પર મરણ થયુ આથી ઉર્દૂ સાહિત્યને ભારે ખોટ ગઈ છે, એમ કહેવામા અતિશયોક્તિ નથી—જાણે બાગમા બુલબુલનો ટહુકાર બંધ પડ્યો—'ખામોશ હો ગયા હૈ ચમન બોલતા હુવા'

વગેરે એમનું બહુમાન કરતા
પાકિસ્તાનના રાજકવિ શ્રી હફીઝ જાલંધરી, પંડિતજીના ખાસ મિત્ર અને સલાહકાર હતા
પંડિતજીના મરણ બાદ શ્રી પ્રેમચંદ ભરદ્વાજ શ્રી ગોપાલમુકુંદ અર્શ મલસિયાનીએ, તેમના પર વિવેચન-લેખો લખ્યા છે
ડૉ ઈકબાલ અને સર અબ્દુલ કાદરને પંડિતજી પોતાના મુરબ્બી માનતા

પંડિત હરિચંદ અખ્તર પંજાબના એક પ્રૌઢ પ્રતિષ્ઠિત કવિ અને સાહિત્યકાર હતા તેમનુ ઉર્દૂ હિંદી અને ફારસી ત્રણે ભાષાઓ પર અને દરેક ભાષાના ગદ્ય અને પદ્ય પર સરખુ પ્રભુત્વ હતુ શ્રી અખ્તરની વિશિષ્ટતા તેમની વિનોદપ્રિયતા છે પોતાનુ દુઃખ ભૂલી, બીજાનુ દુઃખ ભુલાવવાની અનેરી સિદ્ધિ તેમની કવિતામા છે મુશાયરાના સંચાલનની કળા તેમને સિદ્ધ હતી લાહોર અને દિલ્હીની અનેક સાહિત્યસંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા

સ્વ પંડિત કવિ હરિચંદ અખ્તર

પંડિતજીનો જન્મ એક ગ
કુટુંબમા પંજાબના હોશિયા
જિલ્લાના સાહિબા ગામમા થયે
જાલંધર હાયસ્કૂલમા કેળવ
લીધા પછી લાહોરની ઇસ્લામિ
કોલેજમા તેઓ એમ. એ. થ
પંડિતજીએ 'કૂન' અને પાર
ઉર્દૂ પત્રોનુ સંપાદન કર્યું,
લોકચંદના મેળાપી પ્રથમથી
તેઓ સ્પષ્ટવક્તા હતા
તેમની કવિતાઓ ખૂબ વખણા

પોતાના ઉપનામ અને નામ
પોતે જ મશ્કરી કરતા અને કહે
કે સાહિત્યકારો મને માફ કરે

જીવનમા અનેક આઘાતો શ્રી અખ્તરે સહન કર્યાં, છતા, પોતાના આનંદી સ્વભાવમા સહેજ પણ ફરક તેમણે પડવા દીધો નથી ઉર્દૂના વિદ્વાન વિવેચકો શ્રી આલે અહમદ સરૂર, ડૉ० તાસીર, મૌલાના તાજવર, અહમદશાહ બુખારી, પિતરસ, હફીઝ સાદિક, મહેન્દ્રસિંગ બેદી, ખુશતર ગિરામી, જગન્નાથ 'આઝાદ', તિલોકચંદ મેહરૂમ, લભ્ભુરામ જોશ મલસિયાની, શફી ગુલામ મુસ્તુફા તબસ્સુમ, સૈયદ ઇમ્તિયાઝઅલી તાજ

અડધુ સંસ્કૃત અને અડધુ ફારસી એવુ મારુ નામ
એક એવા પ્રકારનુ કામણ ધરાવે છે જેવું કે 'ગુ
તાજ શાહિ'નુ ! પંડિતજીના પાકિસ્તાની મિત્રો કહેત
કે પંડિતજીનુ નામ પાકિસ્તાનની ગૌરવપતાકા છે—
અખ્તર એટલે તારો, ચંદ એટલે ચંદ્ર અને હરિ
એટલે લીલો પાકિસ્તાનનો રાષ્ટ્રધ્વજ—ચાંદતારાવાળો
લીલો વાવટો એટલે જ જાણે હરિચંદ અખ્તર !!
પંડિતજીનો હાસ્યરસ હમેશ ઉચ્ચ કક્ષાનો અને સૂક્ષ્મ

પ્રકારનો રહી શક્યો છે. તેનું કારણ એ છે કે પંડિતજીએ માત્ર લખવાને ખાતર લખ્યું નથી. તેમનાં કાવ્યોમાં પ્રેરણા ઉપરાંત ભારોભાર ચિંતનસામગ્રી છે.

ધાર્મિક માન્યતાઓના તર્કદોષો પંડિતજી કુશળતાથી પકડી પાડે છે. પ્રભુ પોતે પણ તેમની માર્મિક ટકોરમાંથી છટકી શક્યો નથી. આજના યુગના જગતનાં ભીષણ દુઃખો જોઈને પંડિતજી પ્રભુને પૂછે છે કે શું તારું નર્ક આ પૃથ્વી કરતાં પણ વધુ ખરાબ હશે? હોઈ શકશે?

'તેરી દુનિયામેં રહકે શુરૂ સે હમને બસર કર લી
તેરી દુનિયાસે બદતર ભી તેરે દોઝખમેં ક્યા હોગા?'

મનુષ્ય એક પામર પ્રાણી છે. તેં જ તેને એવો બનાવ્યો છે તો હે પ્રભુ! આ તો તારી જ અણ-આવડત થઈ!

'કોઈ મેરી ખતા હૈ યા તેરી સનઅત કી ખામી હૈ
ફરિશ્તે નેક રહતે હૈં—આદમીસે કુછ નહીં હોતા'

હે પ્રભુ! તું પાપીને શિક્ષા કરવાના અને પુણ્યશાળીને ઈનામ આપવાના મામૂલી ગુમાસ્તાના જેવા યાંત્રિક કામમાં તારી શક્તિ શા માટે ગુમાવે છે? એમાં પ્રભુતા ક્યાં આવી?

'તૂ મેરે આમાલકા પાબંદ નિકલા હશ્રમેં
હાય ખુદા! મેરે ખુદા! તુજકો ખુદા સમઝા થા મૈં'

હે પ્રભુ! તું મને પૂર્વ-નિર્ધારિત નસીબ પ્રમાણે વર્તાવે છે ત્યારે એમાં મારું કંઈ જ ચાલતું નથી.
તે જ રીતે હું જ્યારે પાપ કરવાનો નિર્ધાર કરું છું ત્યારે તારું કંઈ ચાલતું નથી—આપણે બન્ને ખરેખર અસહાય છીએ!! –

'તેરે એહકામ કી દુનિયા મેરે આમાલ કા મેહવર
યહાં મેરી, વહાં તેરી, ખુદાસે કુછ નહીં હોતા'

સ્વર્ગમાં જ્યારે આદમને શેતાને ફસાવ્યો ત્યારે પ્રભુ હાજર હતો. પણ શેતાનના મોં આગળ પ્રભુનું શું ચાલ્યું? હું હિંદુ છું તો મારા પરમાત્માનું પણ શું ચાલ્યું? આ તો બાપની હાજરીમાં જ કોઈ દીકરાને મારી જાય તેવું થયું.

'ફંસાયા સ્વર્ગ મેં શૈતાનને જો આદમ કો
ખુદા ઉધર હી ખડા થા, ખુદાસે કુછ ન હુવા
ખુદા તો ઠહરા મુસલમાન, ઉસકા ગિલા ક્યા?
મેરે લિયે મેરે પરમાત્માસે, કુછ ન હુવા'

સ્વર્ગમાં ભયાનક નિરવ શાંતિ, સાત્વિકતાથી નીતરતાં ફીકાં પડી ગયેલાં હૃદયો. અને આજુબાજુ સર્વત્ર ભારેખમ ધર્મગુરુઓનો શેતલ સહવાસ - આ શું સ્વર્ગ કે નર્ક??

"મુઝકો મુસ્તકિલ, દિલ બે તમન્ના, શેખ કી સોહબત,
યે જન્નત હૈ તો ઇસ જન્નતસે દોઝખ ક્યા બુરા હોગા?"

સ્વાર્થી મિત્રોની કૃતઘ્નતા પર પંડિતજી તિરસ્કારયુક્ત નજરે જોઈને કહે છે—હે મિત્રો, મને તમારી મદદની જરૂર પડી છે સ્વાભાવિક રીતે જ, તમારે માટે મારાથી દૂર ભાગવાની ધન્ય ઘડી આવી પહોંચી.

'હમેં ભી આ પડા હૈ દોસ્તોંસે કામ કુછ, યાની,
હમારે દોસ્તોં કે બેવફા હોને કા વક્ત આયા'

એક મુશાયરામાં પંક્તિ હતી—પાન કિતની, રાન કિતની, વગેરે. તેમાં એક કવિએ એક કડીનો પૂર્વાર્ધ કહ્યો—'યે દિલ હૈ, યે કલેજા, યે જિગર હૈ' પરંતુ કવિ બીજી પંક્તિ બોલે તે પહેલાં પંડિતજીએ એની પાદપૂર્તિ કરી દીધી.—

'યે દિલ હૈ, યે કલેજા, યે જિગર હૈ
કસાઈ દે ગયા રોગન કિતની!'

—અને આખો મુશાયરો હાસ્ય-તરબોળ થઈ ગયો.
પ્રભુ સિવાય પણ મને એક પ્રિયતમા છે. આ મારો મૌલિક અદ્વૈતવાદ છે,

'એક બુત, એક હી બુતકા હૂં પુજારી અખ્તર,
હમને ઇસ સિર્કે પે તૌહીદ કા દાવા ન કિયા'

મરણ બાદ કયામતને દિવસે, હે પ્રભુ, તું જ ન્યાયાધીશ, તારા સ્વર્ગીય દૂતો સાક્ષી, તારો જ શેતાન ને તારા જ હિસાબના ચોપડા. તો શું પરીક્ષા મારી છે કે તારી!

'મુન્સિફ ભી, પયમ્બર ભી તેરે, ઇબલીસ ભી તેરા,
ઇન્સાફ હો રોઝે મેહશર ઇમ્તેહાં, તેરા હૈ યા મેરા?'

પ્રેમકમોહિનીનું વર્ણન કરતાં તેઓ કહે છે કે પ્રેમ એ પણ એક મહાન વિપત્તિ છે, એટલે કે,

'નજર જો મિલાયે તો આંખેં ચુરાના,
કભી ચોંક ઉઠના, કભી ડર જાના,
ઉન્હીં કી મુહબ્બત ઉન્હીં સે છુપાના
મુસીબત નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ'

પ્રેમમાં ઢરેલ અનુભવી અને સાલસ માણસ પણ ફસાય છે,

'તુમ્હેં પ્રેમી હદ્દતસે ક્યા કામ અખ્તર
બડે પારસા હો, મગર, પીરો મુરશદ!
યે ચેહરે કી રંગત, યે અંદાજે બેદરદ
મુહબ્બત નહી હૈ તો ફિર ઔર ક્યા હૈ?'

પ્રેમીઓ કલ્પિત જગતમાં રહેતા હશે પણ મારા પ્રેમની દુનિયા નક્કર હકીકતની દુનિયા છે. શું મારી પ્રિયતમાનું યૌવન અને સૌન્દર્ય, બન્ને, વિવાદરહિત, સંદેહમુક્ત, પ્રમાણભૂત, નક્કર હકીકત નથી?—શું મારી દુર્દશા અને પાયમાલી, સ્વયસિદ્ધ નક્કર નથી?

'હસીકી મજાજી કા ચક્કર ચલાકર
હકીકત હકીકત રહે ન રહે હો,
વો ઉનકી જવાની યે મેરી તબાહી,
હકીકત નહી હૈ તો ફિર ઔર ક્યા હૈ?'

જગતનો અંત આવવાનો હશે ત્યારે આવશે પણ દુખી પ્રેમીને તો, રોજ, અકાળ મૃત્યુ આવતુ જ રહે છે!

'કયામત સે હમકો ડરાતે ચલે હો
મગર યે ભી સોચા કભી મેરે ભાઈ!
વો હમે મુજસ્સમ, વો ફિતના સરાપા,
કયામત નહી હૈ તો ફિર ઔર ક્યા હૈ?'

આવી તાર્કિક દલીલોથી પ્રભાવિત થઈને એક કવિએ એજ રીતે વકીલાતની વ્યાખ્યા આપી છે!

'જજો કા સિતમ, મેજીસ્ટ્રેટો કી ધિમકી
અસીલોં કી પૈસે કે બારે મેં સુસ્તી
મગર કેહના, ઉમદા હૈ યે ધંધાદારી,
વકીલાત નહી હૈ તો ફિર ઔર ક્યા હૈ?'

ઈસ્લામી માન્યતા મુજબ દરેક મનુષ્યના જીવનકાળ દરમ્યાન તેના બન્ને ખભા પર એક એક ફરિસ્તો બેસીને તેનાં કાર્યોની નોંધ રાખે છે. હવે જો આ બન્નેની નોંધમાં ફરક પડે તો ભારે આફત બેની નોંધ પૈકી કોની સાચી, તે પુરાવામાં ગ્રાહ્ય ગણાય? આ તો એ જજ અસંમત થાય ને, તેથી આરોપી છૂટી જાય એવું ન થાય?

'રહે દોનો ફરિશ્તે સાથ, અબ ઇન્સાફ ક્યા હોગા!
કિસીને કુછ લિખા હોગા, કિસીને કુછ લિખા હોગા'

પ્રભુને રોજ એકની એક પ્રાર્થના—ઉઘરાણી—કરવી મને ગમતું નથી.

'દાતા હૈ તેરા રજ્જાક બડા, ભરપૂર ખજાને હૈ તેરે
યે સચ હૈ મગર અય દસ્તે દુઆ, હરરોજ તકાઝા કૌન કરે!'

જગતમાં કોઈ સ્વેચ્છાથી સદાચારી નથી. હું લોકોથી ડરું છું અને તારા પવિત્ર કહેવાતા મિત્રો ડરણે કરે છે.

'તર્કે ગુનાહ અય વાએજ, દિલસે નહીં મજબૂરી સે
આપ ખુદાસે ડરતે હૈં, મૈં દુન્યાસે ડરતા હૂં!'

પ્રભુની કૃપા પાપીઓ માટે અનામત છે, તો, પાપી બનવામાં શું નુકસાન?

'જો ઠોકર ટી નહીં ખતે વો સબ કુછ હૈં, મગર વાએઝ,
વો જિનકો દસ્તે રેહમત ખુદ સંભાલે, ઔર હોતે હૈં'

મારું યૌવન એકવાર મને પાછું આપ, અને પછી તેના બદલામાં, મને જે શિક્ષા કરે તે મંજૂર છે

એક બાર જો મિલ જાયે વો બિછડે દુએ લમ્હે
સો બાર મુઝે તલ્ખીએ અયામ ગવારા!'

તમારા આગમનની પ્રતીક્ષામાં મારી આંખો પથરાઈ રહી છે. દૂધ જેવી ચાંદની રેલાઈ રહી છે, નિઃશબ્દ શાન્તિ છે, શીતળ સુગંધિત વાયુ છે, વસંત ઋતુ છે, ઝુણઝુણતું સંગીત છે—બધું છે, તમેજ નથી!

'તુમ્હારી દીદ કી આસ રહી કિસકી બસારત કા
વો ચશ્મે મુન્તઝર પથરા ગઈ, ક્યા તુમ ન આઓગે?
બહારે આ કે ફિરા, ઝુણઝુણ કે નગ્મે, ચાંદની રાતે
હરેક ચીઝ આને વાલી આ ગઈ, ક્યા તુમ ન આઓગે!'

શાયરીમા વિનોદી અને દાર્શનિક બન્ને શૈલીઓમાં સરખા સફળ થનાર શ્રી હરિચંદ અખ્તર, આપણા આજના અને ભવિષ્યના, ઉર્દૂ કવિઓ માટે સદૈવ પ્રેરણાત્મક અને અનુકરણીય છે

ચંદ્રકુમાર પટેલ

લોહીનાં કુંડાં

લોકોની અંધશ્રદ્ધા, સ્વાર્થ સાધવાની પ્રવૃત્તિ અને અજ્ઞાનતા કેવા કેવા વિચિત્ર માણસોને પોષે છે અને લોકોની આવી નબળાઈઓનો લાભ લઈ એવા વિચિત્ર માણસો લોકોને કેવી ભયંકર પાયમાલી ભેગા કરે છે તેનો આબેહૂબ ચિતાર આપતી આ વાર્તા એની ભયાનકતા હોવા છતાંય વાંચવી ગમે તેવી છે લેખકની હથોટી આશાસ્પદ છે

જે દિવસથી ગામમાં શંકરબાવો આવીને બેઠો હતો ત્યારથી ગામની હવા જ બદલાઈ ગઈ હતી

શંકરબાવામાં એવું તે શું હતું કે ભણેલાય ભરમાઈ જતા ? ગામની વસ્તી તો ઠીક પણ આજુબાજુ પાંચ દસ કોસની પ્રજા પણ એની મઢીએ આવ્યા વિના રહેતી નહિ સવાર કે સાંજ સરકારી દવાખાનાની જેમ દર્દીઓની હડ જામી જ હોય

એ દોરાધાગા નહોતો કરતો પણ વૈદની જેમ દવા દેતો દવાથી ન મટે તો એ એની આગવી શસ્ત્રવિદ્યા અજમાવવાનું પણ ચૂકતો નહિ અને હમણાં હમણાં તો નાના બાળકોનો પણ ચિકિત્સક બની ગયો નહોતો ગયો ? આમ તો એનો દેખાવ બહુ બીહામણો હતો —ખાસ્સો સાતેક ફૂટ ઊંચો મજબૂત બાંધાનો એ માનવી જ્યારે ચાલતો હોય ત્યારે એના લાંબા હાથ પગના ઘૂંટણ સુધી વડવાઈઓની જેમ ઝૂલતા હોય અને જ્યારે એ દવાની પડીકીઓ વાળતો હોય ત્યારે મોંગા પંજામાં ફરતી પાતળી, લાંબી આંગળીઓ અને ચપટ જડબામાં જડાએલી ગોળમટોળ ચકરાતી લેની આંખો ભાગ્યે જ સામે બેસનારની નજર ચૂકાવી શકે આ બધામાં ઉમેરો કરતી માથે ચકચકતી તાલ શંકરબાવાના સ્વરૂપને ભયાનક બનાવતી જેવો ભયાનક એનો દેખાવ એવી જ ભયાનક એની ચાલ હતી

કોઈ કહેતું, 'એ વશીકરણ જાણે છે' તો કોઈ કહેતું, 'વૈદકશાસ્ત્રનો એને ઊંડો અભ્યાસ છે' ગામની સ્ત્રીઓ મને કમને પણ એનામાં આસ્થા ધરાવતી છાનુંછપનું સંભળાતું કે શંકરબાવો બૈરાંનો બેલી છે અને એમાંયે તો વાંઝણી અથવા વંઠેલી વિધવાઓની ત્યાં વધારે અવરજવર રહેતી આમ તો એની દવાથી કંઈ બધાંને મટતું નહોતું —વચ્ચે એક બેટૂલની ત્રણ વર્ષની છોકરી એના જ હાથથી મૃત્યુ પામી હતી અને દોઢ બે વર્ષના બાળકો તો કેટલાય માટી ભેગા થયા હતા અરે, પેલી જુવાનજોધ રમારણ એને ત્યાં એક બે વાર ગઈ ન ગઈ ને પરલોક સિધાવી હતી આવી દુઃખદ ઘટનાઓ બાદ સંભળાતું કે 'નસીબની વાત છે ઉપરવાળા આગળ એ બાવોય શું કરે ?'

શંકરબાવો અજ્ઞાન આ નાનકડા ગામની પાદરે ખેતરને એક ખૂણે મઢી બાંધીને રહેતો મઢીની ભીતરમાં એ કંઈ કંઈ જાતના મંતર જપતો ને કંઈ કંઈ જાતની દવાઓ ઘૂંટતો ગામનો એક એવો પણ પુરુષવર્ગ હતો જે એને ધિક્કારતો હતો પણ શી ખબર શાથી આજસુધી કોઈએ એની સામે માથું ઊંચક્યું ન હતું શંકરબાવાનું રુદ્રસ્વરૂપ કે પછી બેદી વ્યક્તિત્વ હોય પણ ભલભલા એને જોઈને નામક્કર થઈ જતા જાનીમાં બહારવટે ચડેલો પેલો ગરાસિયો ! શરૂઆતમાં ખૂમરાણ કરી પણ આખરે તો શંકરબાવા પાસે ઘેટું થઈને જ રહ્યો ને ? ત્યારે ગામ આખું શું નહોતું કહેતું કે મુખીનો વચેટ એ જોગીડાને ગાંજો ભાંડી આવ્યો ત્યારથી ખરવા લાગ્યો હતો અને છેવટે જાનથી ગયો

ગીરજો ગામનો ફક્કડ જુવાન, મુંબઈથી નોકરી છોડી એકાએક ગામમાં પાછો આવ્યો હતો કારણ એને કાને વાત ગઈ હતી કે એની પ્રેમિકા સોના મોંમરું શંકરબાવાની પકડમાં આવતી જાય છે ગીરજો બાવાને બહુ સારી રીતે જાણતો હતો શરૂઆતમાં જ્યારે બાવાએ મઢી બાંધી ત્યારે અજાણ્યો ગીરજો જુગાર છોડીનેય એના ડેરા આગળ ખાતો ને ચલમ ભરી દેતો તો કોઈકવાર બે ઘૂંટડાય પીપી દેતો બાવાની તહેનાતમાં એ રહેતો એટલે બાવાના એના પર ચાર હાથ હતા

એક મધરાતે મઢીમાં કંઈક અવાજ થવાથી

ગીરજો જાગી ગયો અર્ધખુત્રી આખે એણે એક નાની દીવડીમાથી આવતા ઝાખા અજવાળાના આધારે જોયુ તો બાવો માસના લોચાને હાથથી પકડી હાડકાથી જુદો કરી રહ્યો હતો મઢીનો ઉબરો તાજુ બકરુ વધેર્યું હોય એમ લોહીથી ખરડાયેલો હતો ખૂણામા એક સ્ત્રી ઘૂમટો તાણી કઈક બડબડી રહી હતી એની આજુબાજુ ત્રણચાર કુડા હતાં અદર શુ હતુ તે અધારાને લીધે ગીરજો કળી શક્યો નહિ આ દૃશ્ય જોઈ ગીરજો ધ્રૂજી ઊઠયો આખી રાત પેના કુડા આખ આગળ ફરતા દેખાયા અદર શુ હશે ? લોહી તો નહિ હોય ? ના—ના, બાવો એની હદે ન જાય—ત્યારે પેના માસના લોચા તથા હાડકાનુ શુ રહસ્ય ? ખૂન ખૂન કરતો ગીરજો મઢી બહાર નીકળી બૂમો પાડવા લાગ્યો પણ ત્યા તો બાવાએ એનુ બાવડુ પકડી 'પેલી ભેગો તનેય હોમી દઈશ' એમ જ્યારે કહ્યુ ત્યારે ગીરજાની છાતી બેસી ગઈ ને હોઠ પણ સિવાઈ ગયા

બીજે દિવસે ગામમા દોડાદોડ થઈ ગઈ મગુની બે વરસની છોડીનો પત્તો નહોતો

ગીરજાએ જ્યારે આ જાણ્યુ ત્યારે બાવાની ગઈ રાતની ધમકી 'પેલી ભેગો તનેય હોમી દઈશ' યાદ આવી અને વળી પાછી એની હભ સિવાય ગઈ એ ઊપડ્યો સીધો શકરબાવા પાસે એને જોતા જ બાવો બોલ્યો 'ખબરદાર, ગઈ રાત વિષે એક અક્ષર પણ ઉચ્ચાર્યો છે તો તારે જાણવુ છે હુ કોણ છુ ? ચાલ મારી સાથે' મઢીની પછી દૂર વાડની વચ્ચે થોડાક કાટા તથા ઝાખરા દૂર કરી પથ્થર ખસેડી એક ખાડા તરફ આગળી કરી બાવો બોલ્યો 'જો આ' માનવના હાડથી ભરેલો એ ખાડો જોઈ ગીરજો બરાડી ઊઠયો 'બાવા, તુ ખૂની છે' બાવો પોતાના સામર્થ્ય અને શ્રદ્ધા સહિત બોલ્યો 'હુ ખૂની નથી પણ હુ વિદ્યાનો બેલી છુ એક જાનથી બીજા કેટલાયે જાનને હસતા ફરતા કરુ છુ એક બાળકના બલિદાનથી જોડકા પેદા કરુ છુ ગીરજા મારુ માને તો વિદ્યા મારી પાસેથી શીખી લે અને ધોધાટ છોડી દે'

ગીરજાનુ ક્ષત્રિય લોહી ધમી આવ્યુ અને બાવાને એણે પડકાર્યો 'તને ફાસીને માચડે ન લટકાવુ તો મારુ નામ ગીરજો નહિ' બાવો પણ બગડ્યો અને ક્રોધથી ભવા ચડાવી, ચક્ષુને રાતાચોળ કરી બોલ્યો 'ગીરજા મારી સામે માથુ ઊચકનાર હજી સુધી કોઈ ફાવ્યો નથી માટે માની જા નહિ '

'નહિ તો બોલ અટકી કેમ ગયો ?' બાવો વધારે નજીક સરક્યો ને એના લાબા હાથને છેડે વળગેલા પજાને આમતેમ ઝુલાવતો અને એ પજામા રહેલી લાબી પાતળી આગળીઓ દર્શાવતો દાત કચકચાવી એકી શ્વાસે બોલી ગયો 'આ હાથ વડે જ હુ તારુ ધબકતુ હૃદય તારા શરીરની બહાર ખેચી કાઢીશ'

ત્યારપછી ડરનો માર્યો કહો કે સોનાએ વચનપૂર્વક સમજાવ્યો એટલે પણ ગીરજો ગામ છોડી મુબઈ ચાલ્યો ગયો હતો એ વાતને આજ વર્ષેય થયુ નથી ત્યા તો ફરી પાછો એ ગામમા આવ્યો હતો મુબઈના એ એક વર્ષના ગાળામા ગીરજો ઘણો સુધરી ગયો હતો આમેય ત્યા રહ્યે રહ્યે પણ ગામને બાવાની ચૂગાલમાથી છોડાવવા અવનવા તર્કો એ ક્યા નહોતો કરતો ? પણ બેની વિદ્યા ને મેના મનના એ બારણાની હડફેટે ચડી જવા કરતા મુબઈ શુ ખોટુ છે ? અને હવે તો ટૂકા દહાડા છે પછી સોનાય અહીં ક્યા નથી આવવાની ? એમ મનદલીલો પછી ગીરજો બધુ ભૂલી જતો—ભૂલવા પ્રયત્ન કરતો પણ છેવટે છે ને જ્યારે એણે જાણ્યુ કે એ રાક્ષસની આખ એની સોના પર ઠરી છે ત્યારે શેને કહેવાય એ ઊભો ન રહ્યો ને ગામ ભણીની ગાડી પકડી

આખે રસ્તે એ વિચારતો હતો કે કટક શી રીતે દૂર કરુ ? ગામલોકોને શી રીતે સમજાવુ કે આ બધુ ધતીંગ છે અને મુબઈના સુધરેલા માણસોમા આવુ કાઈ નથી ભૂત પલીત અને મતર જેવી જૂની અધ માન્યતાઓ આ ઠેરઠેર દવાખાનાવાળી નવી દુનિયામા

હજીયે ઘમ રહે એ આપણા સુનક માટે શરમજનક નથી શું ? પુરુષોને હું પહોંચી વળીશ પણ સ્ત્રીઓનું શું ? હા, સોનાનું એ કામ અને સોનાની યાદે ગામમાં પેસતા જ ગીરજાએ સોનાના ઘર ભણીનો રસ્તો લીધો હતો.

સોના ઘેર નહોતી એટલે એ સીધો તળાવ પર ગયો હતો. તળાવને આરે ઢળતા સૂરજની સુરખીમાં એકલી સોના કછોટો મારી કપડાંને એક તો ઝીંકી રહી હતી. સફેદ દૂધ જેવી એની ધોનાઈ—ત્યારે એનો વાન પણ એવો જ નહોતો શું ? ગીરજાને એના જૂના દિવસો યાદ આવ્યા, અને સોનાને નિહાળતો ચૂપચૂપ નજીકના ઝાડ નીચે એ ગોઠવાઈ ગયો. એટલામાં તો સોનાની નજર એ તરફ ગઈ અને કપડાંને ત્યાં ને ત્યાં જ તળાવમાં તરતા મૂકી એ એના મનના માનેલ ભણી દોડી ગઈ. આશ્ચર્ય, સવાલ કે જવાબ બધું જ આલિંગનમાં સમાવી લઈ બન્ને ક્યાંય સુધી ખોવાયેલા રહ્યા. છેવટ સોના, તળાવના પાણીને તાકતી આંખમાં પાણી લાવી બોલી

'ગીરજા પાછો કેમ આવ્યો ? વિશ્વાસ ન બેઠો એટલે ?'

'તારામાં તો છે પણ પેલા બાવામાં નથી' નીચું જોઈ ગીરજો બોલ્યો.

'તો આજ તારી સાથે આવડી હું યે મુંબઈ આવું છું'—સોનાના આ શબ્દો પાછળનો એનો અડગ અસીમ પ્રેમ અને બાવાનો ડર એમાં ગીરજો પામી ગયો.

'આ વખતે અજ્ઞાન આ ગામમાં હું જ્ઞાનની એક નવી જ્યોત જગાવીશ અને સોના તારે મને એમાં સાથ દેવાનો છે' ગીરજાએ એનો નિશ્ચય જણાવ્યો.

'કઈ રીતે ? ઠાકરબાવા વિરુદ્ધ ?—ના—ના ગીરજા, પેલા તે જોયેલા લોહીનાં કુંડાં મને હજીયે યાદ છે. આપણે એનાથી ખૂબ આઘે જતા રહીએ' સોનાના શબ્દોમાં ધ્રુજારી હતી.

'ગભરાવાની જરૂર નથી સોના ! હું ઘેર ઘેર જઈ એ બાવાનું પોલ ઉઘાડું પાડીશ અને જે જે વાંઝણી સ્ત્રીઓએ એને ત્યાં આશરો લઈ ગામના કુમળા બાળકોના રુધિરથી પોતાના સ્વાર્થની તરસ છિપાવી છે એમને બજાર વચ્ચે લાવીશ. બાયલા બનેલા પુરુષોમાં સમજ અને શૌર્ય પેદા કરી એક સંગઠન ઊભું કરીશ અને સોના તારે 'આગળ ખોલતા જાય છે ત્યાં વાંકરમાવો સાક્ષાત એ બન્નેની સામે આવીને ઊભો હતો.

સૂરજ આથમી ગયો હતો. સંધ્યા પથરાઈ ચૂકી હતી. તળાવને આરે પક્ષીઓના કલરવ અને ફફડાટ સિવાય બધું નિઃશબ્દ હતું. તળાવમાં તરતા પેલા કપડાં પણ પાણીને હલેસે સામે કિનારે જઈ અથડાતાં હતાં. ત્યારે સોનાને હૈયે તરતા ઘડી પહેલાના ગીરજાના પેલા સ્વપ્નો ભયને હલેસે કોઈ અંધારા, અજાણ્યા કિનારે નહોતા અથડાતા શું ? નીચા નમી બાવાએ ફરીથી એ જ લાંબા હાથના ચાળા વડે, ગીરજાની તરફ એકી આંખે તાકી રહી ખાતરી આપી 'હાથ વડે જ આ હાથ વડે જ હું તારું ધડકતું ' સોનાની ચીસમાં પાછળના એ શબ્દો દબાઈ ગયા. બાવો ત્યાંથી ચાલ્યો ગયો, અને બન્ને જાણે ત્યાં બેસી રહ્યા.

*

'સોના, તું મને મુંબઈ તો લઈ આવી પણ પાછળ રહી ગયેલા ગામનું શું ?' ઝપથી આગળ વધી રહેલી ગાડીનો ખ્યાલ આવતા ગીરજાએ સોનાને કહ્યું.

'ગામ ગયું ખાડામાં, મારે તને નથી ખોવો સમજ્યો ! મુંબઈ જતાંવેંત બધું ભુલાઈ જશે' ગઈ રાત આખી ગીરજાને સમજાવવામાં સોનાએ વિતાવી હતી. પાછું ગામ છોડી જવું એ તો નામર્દાઈ કહેવાય—એ વિચારે ગીરજો મચક નહોતો આપતો પણ જ્યારે સોનાએ બાવાની બીજી વારની ધમકીનો વારંવાર ઉલ્લેખ કર્યો અને ભૂતકાળમાં ગીરજાની આંખદેખી બાવાની દુનિયાનો ચિતાર દર્શાવ્યો ત્યારે ગીરજાના સખત મને આંચકો ખાધો અને મુંબઈ જવા તૈયાર થયો હતો પણ વચ્ચે વચ્ચે ગીરજો રહી પાછો એના ગુંચરેલા

મા ાસમાંથી ગામની ચિંતા વ્યક્ત કરતો ત્યારે સોના સ્રીસહજ સ્નેહને આગળ ધરી, આસુ કે ઊર્મિની દ્દ ફે ગીરજાને બહુ ભૂલાવ્યા મથતી

પણ ગીરજો શુ ખરેખર ભૂલ્યો હતો ? છેલ્લા કેટલાય દિવસોથી એના માનસપટ પર શરૂઆતનુ વિકરાળ ચિત્ર અંકાયેલુ જ રહેતુ ઘી ઘડી પેલી ધમણીના ધક્કા પડતા અને પેલા લાંબા ખૂની હાથ જાણે એને વીંટળાઈ ન વળતા હોય ! સોનાએ ધોબીની નાની દુકાન ખોલી હતી એટલે એ કામમા ગૂંથાયેલી રહેતી અને એટલો વખત ગીરજો એનાથી એકલો થઈ જતો

આજે દસ દિવસ થયા ગીરજો શૂન્યમનસ્ક થઈ ગયો છે કઈ બોલતો નથી માત્ર ઊંઘમા ઝબકીને બેઠો થઈ જાય છે સોનાની સુસ્તી ઊડી ગઈ ગીરજાના જૂના શેઠની ભલાઈ ને લાગવગથી ગીરજાને એક હોસ્પિટલમા દાખલ કરાયો •

એક બે દિવસ પછી ગીરજાને ગાડપણ ઊપડયુ એ કૂમા અતુ જ લવ્યા કરતો 'એ આવ્યો સોના જો મને એના પિશાચી પંજા દેખાય છે' પથારીની પડખે બેઠેલી સોનાએ દબ તે ધ્રૂસકે આશ્વાસન આપ્યુ

અરે એ ભાવનાથી તો આપણે કેટલાય ગાઉ છેટા છીએ આ તો મુબઈ છે પોલીસવાળા દાક્તર ને સરકાર બધુય અહીં છે હાને બેઠો થઈ જઈશ તને નખમાય રોગ નથી એમ હમણા જ પેલી નર્સે મને કહ્યુ

એટલામા ગીરજાના શેઠ દવાખાનામા આવ્યા એમણે પણ એ જ કહ્યુ કે 'ડૉક્ટરે રિપોર્ટ વાચી જણાવ્યુ કે તને ફક્ત આરામની જરૂર છે •

આશ્વાસિ઼ુ થયુ હવે ગીરજાને સારુ થતુ જાય છે એમ માની સોના દુકાને ધ્યાન આપવા લાગી અને બે ટંક જમાડી ગીરજાને બે મીઠા બોલ કહી એ પછી કપડા ધોવા ચાલી જતી

અચાનક એક બપોરે સોનાએ ગીરજાની પથારી ખ[ાલી] જોઈ એની બધી એ ગભરાઈ ગઈ કે તરત જ એણે દવાખાનામાથી શેઠને ફોન કરી બોલાવી લીધા. એને નર્સે કહ્યુ 'હૃદયરોગ હોવાથી ઑપરેશન કરવાની જરૂર જણાતા મુબઈના વિખ્યાત સર્જનને બોલાવી તાત્કાલિક દદીને 'થિયેટર' મા ખસેડવામા આવ્યો છે

'પણ એને તો મગજની બિમારી હતી હૃદય સાથે શુ નિસ્બત ?'—દવાખાના ને દાક્તરોની આ બેદરકારી ને અખતરા પર શેઠ એવા તો ઊકળી ઊઠયા પણ શુ થાય !

છેવટે શેઠ તથા સોના ઑપરેશન થિયેટરની બહાર બાંકડે બેઠા સોના વધારે વ્યાકુળ હતી એક સામટી ઊતરી પડેલી આ આફતોનો અંત કયા હશે એ બોલતી એની અંતર સાથે એક થતી આંખો વારવાર ઑપરેશન ઓરડાના બારણા તરફ તો જમીન સાથે જ ! એની રહેતી ત્યા તો બારણુ ઉઘાડવાનો ધીરો અવાજ થયો ને દાક્તરના વસ્ત્રોમા સજ્જ થયેલી એક વ્યક્તિ બીજા ઓરડામાં ચાલી ગઈ બીજા ઓરડાનુ બારણુ પણ બંધ થયુ, ને સોનાની ફાટી આંખો શુ દેખી રહી ?—એ જ ચાલ એ જ ઘૂટણ સુધી ઝૂલતા લાંબા હાથ અને એ જ ચપટ માથુ ! હૂબહૂ શકરભાયો! 'ખલાસ' નર્મે ધીરા ઉદ્દગાર કાઢ્યા અને સોનાના મોમાથી એક લાંબી ચીસ નીકળી ગઈ!!

★

યુવાવસ્થામા અબ્રાહમ લિંકન જ્યારે વકીલાત કરતા હતા ત્યારની આ વાત છે એકવાર એમને એક જ ન્યાયાધીશ સમક્ષ બે મુકદ્દમાઓની વકીલાત એક જ દિવસે કરવી પડી હતી બન્ને કેસોના આરોપીઓએ એક જ ગુનો કર્યો હતો કાનૂનની એક જ કલમ બન્નેને લાગુ પડવામાં આવી હતી. પણ એક કેસમા લિંકન વાદી તરફથી હતા જ્યારે બીજા કેસમા પ્રતિવાદી તરફથી સવારમા આવેલા કેસમા એમણે જોરદાર દલીલો કરી અને વાદી તરફથી કેસ જીતી ગયા સાંજના ચાલેલા કેસમા પણ તેઓ એવી જ જોરદાર દલીલો કરવા લાગ્યા પરિણામે ન્યાયાધીશે હસતાં હસતા પૂછ્યુ 'તમારા વિચારોમા આટલુ જલ્દી પરિવર્તન કેવી રીતે થઈ ગયુ ?'

રીચાર્ડ બી ગ્રેગ

દંતકથાઓનું મહત્ત્વ

દંતકથાઓનું આગવું મહત્ત્વ છે જ્ઞાન કરતાય ડહાપણ ચડે એ નિર્વિવાદ છે, અને દંતકથાથી તો ડહાપણના ભંડાર ભરાય છે દરેક પ્રજા, દેશ અને રાષ્ટ્રનુ દંતકથા-સાહિત્ય હોય છે તેને આ લેખમા રજૂ થયેલું દેખાય છે જે દરેકને રૂચે

આખા દિવસના કામકાજથી પરવાર્યા પછી ગામડાના લોકો રોજ રાતના ભેગા થાય અને એમાંનો જ એક માણસ બધાને રામાયણ કે મહાભારતમાથી એક કથા અથવા કોઈ કોઈ વખત આ મહાકાવ્યોના મોટા પ્રસંગો કહી સભળાવે એ પ્રથા સૈકાઓથી ભારતના ગામોમા પ્રચલિત હતી, એ સૌ કોઈ જાણે છે આ કથાઓ માત્ર ઇલિયડ કે ઓડીસી જેવી સાહસકથાઓ કે માત્ર વાર્તાઓ નથી હોતી પણ તેમા નીતિ અને આધ્યાત્મિક સત્યો હોય છે—આ સત્યો કેટલીક વખત પ્રતીક કે રૂપક દ્વારા દર્શાવાય છે તો કેટલીકવાર તે ભગવદ્‌ગીતામા બતાવેલા સીધા ઉપદેશ દ્વારા દર્શાવાય છે ભારતમા ચાલી આવેલી આ પ્રથાને કારણે (જે અનેક ઠેકાણે હજુ પણ ચાલે છે) શહેરના લોકો જેને 'અજ્ઞાન અને અભણ' તરીકે ઓળખે છે તેવા ગામડાના નિરક્ષર સ્ત્રી-પુરુષો સાચા અર્થમા કહીએ તો સસ્કારી અને ઘણી વખત ડહેલ બન્યા હોય છે પુરાણકાળની આ દંતકથાઓ અને મહાકાવ્યો આજે પણ માબાપ અને દાદા-દાદી તેમના બાળકોને કહેતા હોય છે મને હમણા જાણવા મળ્યુ છે કે વાર્તા કહેવાની એ પદ્ધતિ હવે પહેલાના જેવી પ્રચલિત નથી હુ માનુ છુ કે આ પ્રથા ફરીથી ચાલુ કરવી એ ડહાપણભરેલુ છે અને આ પ્રથાને ચાલુ રાખવાની હુ વિનતી કરુ છુ

મને લાગે છે કે સુધરેલા અને ખાસ કરીને વિજ્ઞાનના ક્ષેત્રમા આગળ વધેલા અને પશ્ચિમી પદ્ધતિએ કેળવાયેલા લોકો આ દંતકથાને અને આ પ્રથાને નકામી ગણીને હસી કાઢવાના તેમાના કેટલાકને તેમના બાળકો આવી પરીકથાઓ કે દંતકથાઓ સાભળે તે ગમતુ હોતુ નથી તેઓનુ કહેવુ અને માનવુ હોય છે કે આવી વાર્તાઓ સાચી હોતી નથી

બાળકો, પછાત લોકો અને અસસ્કારી લોકોને આવી વાર્તાઓ સાભળવી ખરેખર ગમતી હોય છે પણ વિચિત્ર હકીકત તો એ છે કે આ સુધરેલા ગણાતા લોકો નવલકથાઓ, ઇતિહાસકથાઓ, જીવન-ચરિત્રો, વાચતા હોય છે તેઓ સિનેમા, નાટકો અને રમતગમતો જોતા હોય છે અને ગપ્પા સાભળતા હોય છે આ પરથી કહેવાનુ એટલુ જ છે કે આવા લોકોને સાચી કે કાલ્પનિક કાર્યની વાતો ગમતી હોય છે આપણને સૌને વાર્તા તો ગમતી જ હોય છે આપણા બેભાન મગજના સ્વપ્નો પણ વાર્તા સ્વરૂપે જ હોય છે આવી જ વસ્તુ આપણા દિવાસ્વપ્નો બાબતમા પણ હોય છે જેમા આપણે પોતે જ 'હીરો' હોઈએ છીએ

એટલે વાર્તા સાભળવાની ઇચ્છા એ બાલિશતા કે અસસ્કારીપણાની નિશાની નથી પણ આપણે બધા મનુષ્યો છીએ એની નિશાની છે આપણી ઉમર, ધધો નાતજાત, રાષ્ટ્રીયતા કે સસ્કારના ધોરણને આની સાથે કાંઈ સબધ નથી આપણને સૌને કોઈ પણ પ્રકારની વાર્તાઓનો શોખ હોય છે

આની પાછળ કેટલાક નક્કર કારણો છે આવી વાર્તાઓ દ્વારા જે હકીકતની રજુઆત થાય છે તે રજુઆત, વધારે પ્રભાવશાળી, સપૂર્ણ અને લાબો સમય ટકી રહેનારી હોય છે આ વાર્તાઓ આપણી કલ્પનાશક્તિ ખીલવે છે અને આપણા જીવનમા રસ અને સુવાસ રેલાવે છે લોકોને વિશ્વાસમા લેવા કે સમજાવવા હોય તો તેમની સાથે દલીલબાજીને બદલે તમારે જે કાંઈ કહેવાનુ હોય તેને લગતી વાર્તાઓ કહેવી ભગવાન ઇસુ, રામકૃષ્ણ પરમહસ અને અબ્રાહમ લિંકને પણ આ જ પદ્ધતિ અપનાવી હતી

બાળપણમાં કે સંસ્કૃતિના શરૂઆતના સમયમાં પડતા સંસ્કારોનુ મહત્ત્વ ઘણુ છે આ સત્ય વસ્તુ છે તેની હાસી ઉડાડવી કે તેની ટીકા કરવી એ ભૂલ છે મકાન બાંધવી વખતે તેના પાયાને મહત્ત્વ ના આપવુ એના જેવી આ મૂર્ખામીભરેલી વાત છે અથવા 'મા' પર મહેરબાની કરે છે એ મૂર્ખામી જેવી છે તેના જેવુ છે 'આપણે જેને ગર્વપૂર્વક સંસ્કૃતિ કહીએ તે જ્ઞાનનો સમર છે, ડહાપણનો નહિ સંસ્કૃતિ તરીકે આપણે જે જ્ઞાનને ઓળખીએ છીએ તે જ્ઞાન મુદ્રણકળાની પદ્ધતિને લીધે શક્ય બન્યુ છે પણ ડહાપણ સિવાય સંસ્કૃતિ પડી ભાંગે છે અને આજે તે ઝડપથી પડી રહી છે પુરાણકાળની દંતકથાઓ ડહાપણ વિકસાવવામા અને તેને ટકાવી રાખવામા મદદ કરે છે

મહાન પંડિત આનંદ કે કુમારસ્વામીએ લખ્યુ કે કળાની માફક દંતકથાઓ પણ મનુષ્યની દૃષ્ટિ પ્રાપ્ત કરવાનુ પરંપરાગત સાધન છે જો આ સચુ હોય તો હુ માનુ છુ કે, આપણે આપણી દંતકથાઓ એકઠી કરવી જોઈએ અને તેનો ફેલાવો કરવો જોઈએ

મહાન તત્ત્વજ્ઞાની એ એન વ્હાઈટહેડે કહ્યુ છે કે, અધ્યાત્મવાદની પૂર્વભૂમિકા વગર સંસ્કૃતિ શક્ય નથી બધા ધર્મની કથાઓમા આ અધ્યાત્મવાદી સત્યો વર્ણનાત્મક રીતમાં આવેલા હોય છે અને આ પદ્ધતિ બહુ સહેલાઈથી યાદ રહી જાય તેવી છે

જો આ બધુ સત્ય હોય તો દંતકથાઓ અને તેને કહેવાની પદ્ધતિ જાળવવા અને તેને ફેલાવવા માટે આવશ્યક સાધન છે સંસ્કાર અને સંસ્કૃતિને જગાવવા માટે તેની મૂળ વાતો અને માન્યતાઓ અવની પેઢીને મળે એવુ કાંઈ કરવુ જોઈએ નવી પેઢીના બાળકોના ઘડતર સમય દરમિયાન આ તત્ત્વો તેમનામા સ્થાપવા જોઈએ સાતથી બાર વર્ષની ઉંમર સુધીનો બાળક ઘણુંખરું ગળી શકે છે બાળકો આ વસ્તુ રસપૂર્વક સાંભળે તે માટે તે વાર્તાના રૂપમા કહેવી જોઈએ પહેલી વખત તો તે આખી દંતકથામાથી માત્ર થોડુ જ સત્ય સમજશે પણ મોટુ થતા તેમાથી તે ઘણુ અને મહાન સત્ય સમજશે

દંતકથાઓમા મનુષ્યજીવનની ઊંડી વાતો અને આધ્યાત્મિક સત્યો છુપાયેલા હોય છે એટલે જે લોકો પોતાના સંસ્કાર અને સંસ્કૃતિ જાળવી રાખવા માગતા હોય તેમણે તેમના બાળકોને દંતકથાઓ કહેવી જોઈએ વાર્તાઓ કહેવી એ આનંદનુ અને દેશભક્તિનુ મહાન કાર્ય છે માત-પિતા, દાદા-દાદી અને શિક્ષકો જ આ કાર્ય કરી શકે હુ આશા રાખુ છુ કે, વાર્તાઓ કહેવાની જૂની ગામડાની પ્રથા ફરીથી શરૂ કરવી જોઈએ. રામાયણ અને મહાભારત આને માટે મોટા સાધનો છે જેઓ આવી દંતકથાઓને મહત્ત્વ આપતા નથી અને તેને દૂર કરવા ઇચ્છે છે તેઓ પોતાના સંસ્કારવારસાને નુકશાન કરે છે ઇતિહાસનો અભ્યાસ આપણુ જ્ઞાન વધારે છે, ડહાપણ નહિ. આજે દુનિયાને જ્ઞાનની નહિ પણ ડહાપણની જરૂર છે જે આપણને દંતકથાઓમાથી મળી આવે છે

★

અમેરિકાની એક આગેવાન ડેરીએ દહીં વધુ ખાવાની ઝુંબેશ અમેરિકાભરમાં વ્યાપક કરી છે
ડેરીએ જાહેરાત કરી છે કે દહીં સરેરાશ બે કરોડ કાગળના પ્યાલાઓ ડેરી તૈયાર કરે છે અમેરિકનો હજી દૂધ પીવાનુ
વધુ પસંદ કરે છે પણ આ દહીં દૂધ કરતા વધુ ગુણો ધરાવે છે દા ત કમર પાતળી બને છે અને શરીરની કાંતિ
સુધરે છે સૌથી વધુ ફાયદો તો એ છે કે તેનાથી ખાનારને મદદ હોવાની લાગણી અનુભવાય છે
આ દહીં જે 'યોગર્ટ' નામથી ઓળખાય છે તે હાથ લગાડ્યા વિના બનાવવામા આવે છે તે દૂધ કરતાં બમણુ
મોંઘુ છે અને તે સાદુ તેમ જ પાઈનેપલ, ઓરેન્જ કે કેળાના સ્વાદવાળુ મળે છે

જયન્તિકા પરમાર 'સુમંગલા'

ગૃહમંગલ

સંસ્કારની મોટી વાત છે. બાળકોમાં પ્રવેશતા સારા કે માઠા સંસ્કારની તો એથીય મોટી વાત હોવી જોઈએ સારા સસ્કાર પડે એ માટે આપણે કોશિષ કરીએ છીએ માઠા સસ્કાર ન પડે એ માટે આપણે ચેતતા રહીએ છીએ અને છતાં વાતાવરણ, સમાજ અને સંજોગો પણ સંસ્કાર–સીંચનમા મહત્ત્વનો ફાળો આપે છે

આપણી કેળવણી–પ્રથામા પણ એ માટે જરૂરી ફેરફાર થવા જોઈએ પાશ્ચિમના સસ્કારને નામે આપણા સમાજમા ઘૂસી ગયેલી સ્વચ્છદતા, સિનેમાઓના આછકલા અભિનયો અને એનાં થતા વિકૃત અનુકરણો આપણા બાળકો ઉપર ખૂબ ઘેરી છાપ પાડે છે. એ છાપને લીધે આગળ જતા જાતીય સભાનતા તો ઠીક પણ જાતીય સ્વચ્છદતા સુધી આપણાં કિશોરો–યુવાનો પહોચી જાય છે ત્યારે આપણી નૈતિક અધોગતિ નજરે ચડે છે

રમતાં રમતાં બાળકોમા જાતીય સભાનતા લાવનારુ આપણુ વાતાવરણ અને જાતીય જ્ઞાનની ખોટી રીતે થતી રજૂઆત એ માટે નિમિત્ત બને છે જાતીય અગોની ઉપયોગિતા, તેની સ્વચ્છતા અને તે માટે સાચુ માર્ગદર્શન દરેક બાળકને મળવું જોઈએ એ માટે આપણા બાળકેળવણીકારો, બાળમંદિરોનાં સંચાલકો–શિક્ષકો અને માતા–પિતાઓએ પૂરી જાગરુકતાથી તૈયાર રહેવુ જોઈએ તો જ આપણી નીતિમત્તાને આપણે પુનર્જીવિત કરી શકીશુ. નીતિનાં બણગા ફૂંકવાથી આપણે નીતિમાન બની જતા નથી કે આપણને કોઈ નીતિમાન ગણતું નથી. નીતિની મોટી મોટી વાતો કરીએ અને આપણે જ અનીતિના પૂજારી હોઈએ, આપણા બાળકોમા નૈતિક શિથિલતાનો વારસો ઉતારતા હોઈએ તે કરતાં આપણે એવી મોટી મોટી વાતો બધ કરીને આપણા એકાદ બાળકને નીતિવાન બનવાની કોશિષ કરી શકીએ તો ?

બાળકનુ કુમળુ માનસ એવું તો ગ્રહણશીલ હોય છે કે સરુ નરસું એ ગ્રહણ કરવામાં ક્યારેય પાછું વાળી જોતું નથી. ન્યાયાન્યાય માટે એ ત્યારે કેળવાયેલું નથી હોતું અને એટલે જ બાળપણમા બાળક ઉપર બને તેટલુ વધુમાં વધુ ધ્યાન એના માબાપે આપવું જોઈએ એ કોની સાથે રમે છે, ક્યા ક્યા રમે છે, કેવા વાતાવરણમા રમે છે એ બધાંની પૂરી ચોકસાઈ રાખવી જોઈએ બાળકની એ ચોકી જાગૃત માતા-પિતા રાખી શકે એ જ બાળકની શિક્ષણની સાચી સેવા ગણાય

બાળકમાં જાતીય સભાનતા

નાનકડો નીલુ બોલી ઊઠયો : 'આજે, તો અમે ગંદું ગંદું રમતાં હતાં.'

મારાથી સહેજે પુછાઈ ગયું : 'ગંદું ગંદું કોને કહેવાય એ તને શી રીતે ખબર પડી, નીલુ ?'

'મને નીલાની બાએ કહ્યું કે આવું ન રમાય, આ ગંદું કહેવાય.'

'તે તું નીલા સાથે રમવા ગયો હતો ?'

'અમે તો રોજ દાક્તર-દાક્તર રમીએ છીએ.'

'એમાં ગંદું કેવી રીતે કહેવાય ?'

'હું દાક્તર થયેલો, નીલા દરદી થયેલી. નીલાને મેં સુવડાવી. એની નાડી તપાસી. એની છાતી ઉઘાડી કરી હું નળી મૂકીને ધબકારા સાંભળવા કોશિષ કરતો હતો ત્યાં નીલાની બા આવી ચડયાં ને અમને બન્નેને ધમકાવ્યાં.'

ચાર પાંચ વર્ષનો નીલુ મારી સાથે જે સહજતાથી વાત કરતો હતો તેમાં કયાંય પાપ કે દોષ નહોતો છતાં તેની જ ઉમ્મરની નીલા સાથેની એ નિર્દોષ રમતને નીલાની બાએ જે રીતે ખપારી એથી એ બન્ને બાળકોમાં જે જાતીય સભાનતા આવી ગઈ એની નીલાની બાને કયાંથી ખબર હોય ? થોડા દિવસ પછી એ જ પ્રસંગના અનુસંધાનમાં મેં નીલાની બા સાથે વાત ચલાવી :.

'તમે આટલાં સમજુ થઈને આમ સભાન બનાવતાં પહેલાં કેમ વિચાર ન કર્યો ?'

'તે દિવસથી નીલુ અમારે ઘેર આવતો બંધ થઈ ગયો છે એટલે મારી ભૂલ મને તરત સમજાયેલી. પણ તમારી સાથે એ અંગે વાત કરવાની હિંમત જ ન ચાલી.

'આમાં હિંમત કરવાની જરૂર જ કયાં હતી? બાળકોમાં જાતીય સભાનતા ઘૂસાડવામાં આપણું અજ્ઞાનતાથી ભર્યું વાતાવરણ અને આપણે વડીલો જ મોટો ભાગ ભજવીએ છીએ.'

'એ કઈ રીતે ?'

'તમે જે અપનાવી એ રીત તો ખરી જ. એ ઉપરાંત બાળકોની હાજરીમાં સ્ત્રી-પુરુષની ચેષ્ટાઓ, બાળકોને જુગુપ્સા ઊપજે તેમ તેમનાં જાગતાં જ જે પતિ-પત્ની બારણાં બંધ કરી દે છે તે અને આપણા દેશમાં તો બાળકો માટે જુદા ખંડની સગવડ નથી હોતી એટલે એક જ ,સાથે પથારીઓ હોવાથી બાળકોને ઊંઘતાં સમજીને થતી સ્ત્રી પુરુષની ચેષ્ટાઓ —આ બધું બાળકોમાં જાતીય સભાનતા આણનારું અને કેટલીક વાર તો બાળકના કિશોરકાળનાં જાતીય પતનનું કારણ બને છે.'

'પણ મારી નીલાને તો આવા કોઈ સંસ્કાર જ નથી પડયા.' પોતાની પુત્રીની વાત કરતાં નીલાની બા બોલી ઊઠયાં.

'તમે એમ માનો છો કે નીલુએ પહેલ કરી?'

'પહેલ કરવાની પુરુષવૃત્તિ નીલુમાં પણ કેમ ન માની શકાય ?'

'છતાં તમે એને એ રીતે વાળી શકયાં હોત.'

'કઈ રીતે ?'

'દાક્તર દાક્તર રમતી વખતે ઢીંગલીની નાડી તપાસાય, ધબકારા સાંભળીએ, ઢીંગલીને જ ઇંજેકશન કે ઓપરેશન અપાય-થાય. એમ કહ્યું હોત તો નીલા પણ તરત એની જગ્યાએ

હીંગલીને સૂવડાવત. એ નર્સ તરીકે ડાક્ટર બનેલા નીલુ પાસે ઊભી રહેત.'

'હવે એ પ્રસંગ બન્યાની વાત જ નીલા કે નીલુ પાસે નહિ ઉચ્ચારું' એટલે એમના મનને એ વાત નહિ ખૂંચે.' કહેતાં નીલાની બા મારાથી છૂટાં પડ્યાં. તેમને ભૂલ" સુધારવાનું સમજાયાથી મનેય સંતોષ થયો.

ઉતાવળને પ્રતાપે

રૂપાં તેના નામને સાર્થક કરે તેવી રૂપમાં હતી. ઘરમાં બધાંની માનીતી હતી. અરે, સગાંવહાલાં પણ તેની ઉપર તો અછો અછો થઈ જતાં. અભ્યાસમાં તેની કારકીર્દિ ઉત્તમ નહિ પણ સાધારણ રીતે સારી ગણાતી. તેનો ક્લાસ ન આવે પણ નપાસ થયેલી ક્યારે સાંભળ્યું નથી. રૂપાં સ્વભાવે શાંત, સરળ અને નમ્ર દેખાતી પરંતુ અંદરથી તે મીઢી પણ હતી.

રૂપાં ચૌદ પંદર વર્ષની થઈ ત્યાં અચાનક તેના બાપુજીને અકસ્માત નડયો, ભયંકર અકસ્માત. ઝાઝા દિવસ કાઢ્યા નહિ અને આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા. રૂપાંને એક નાનો ભાઈ હતો તે અને બા એમ ત્રણેય સાથે રહેવા લાગ્યાં. બાને હવે તો બધો જ આધાર રૂપાં ઉપર હતો. રૂપાં મેટ્રિક પાસ થઈ હતી એટલે તેમને કંઈક નિરાંત હતી. નહિતર સાધારણ કુટુંબમાં કમાનાર વ્યક્તિ ચાલી જાય ત્યારે મુશ્કેલીઓનો પાર નથી રહેતો. પેટે પાટા બાંધીને કમ્મર કસવી પડે છે.

સત્તર વર્ષની રૂપાં ઉપર ઘરની જવાબદારી આવી પડી હજુ તો તેની છોકરમત ગઈ નથી ત્યાં એને એકદમ પીઢ બનવું પડયું. આર્થિક મુશ્કેલીઓને પહોંચી વળવા નોકરી કરાવ્યા સિવાય છૂટકો નહોતો. એક બાજુ માને તેના રૂપની ખૂબ બીક લાગે, બીજી બાજુ આર્થિક ભીંસ એવી ખેંચી રહી કે તેમ કર્યા વિના છૂટકો ન હતો. રૂપાં સ્વભાવે (Whimsical) વિચિત્ર અને જિદ્દી ખૂબ. ગમે તેવા સંજોગોમાં પણ પોતાનું ધાર્યું કરે. એક વખત 'ના' થયેલી 'હા' કદી થાય નહિ. રૂપાંને મામાઓ, કાકા વગેરેનો ઠીક ઠીક સહારો હતો. તેણે એસ. એસ. સી. પાસ કરી હતી એટલે પ્રાથમિક શાળામાં શિક્ષિકાની નોકરી માટે અરજી કરી મામાની એ બખાણને કારણે નોકરી મળી ગઈ. સ્કૂલ મામાના ઘરની નજીક હતી એટલે રૂપાં શરૂઆતમાં ઠીક ઠીક સમય મામાને ઘેર રહી.

રૂપાં ભણતી હતી ત્યારની એને ઠીક ઠીક બેનપણીઓ હતી. તેના રૂપને કારણે તે જેના ઘેર જતી તેમને ખૂબ ગમી જતી અને આનંદથી તેની આગતા સ્વાગતા કરતાં. રૂપાંને પોતાના ઘરમાં નાના ભાઈ સિવાય કોઈ નહોતાં ખૂબ અતડું લાગતું એટલે પહેલેથી ઘરમાં બહુ રહેતી નહિ. તેની બાને આવું બધું ઓછું ગમતું પણ ભણવાને બહાને અને નજીકના ઘેર તે જતી ત્યારે તેને સમજાવીને મોકલતાં. હવે તો રૂપાં મોટી થઈ હતી. એ કોઈનું ક્યાં સાંભળે તેમ હતી! તેને ઘેર તો કોઈ આનંદ કરાવે તેમ નહોતું. રૂપાં કલાને ત્યાં ખૂબ જતી. એના આખા કુટુંબને તે

ગમી ગઈ હતી. એના ભાઈને તો એનો સ્વભાવ પણ ગમતો હતો. વધુ તો તેના રૂપ ઉપર તે મોહિત થયો હતો. તેમનો સંબંધ ધીમે ધીમે વિકસવા માંડ્યો. કલાને સાથે લઈને તેઓ ફરવા જતં; ક્યારેક ઉજાણીએ આખો દિવસ જતાં. મામાને ઘેર રહેલી હતી એટલે ત્યાંથી વહેલી નીકળીને પણ કલાને ત્યાં જવાનું એ ચૂકતી નહિ. તેની બાને તો કંઈ ખ્યાલ જ ન આવ્યો.

એક વખત કલાનો ભાઈ અને રૂપાં એક ગાર્ડનના બાંકડા ઉપર બેઠેલા મામાના જોવામાં આવ્યાં. મામા ત્યાં લટાર મારવા નીકળ્યા હતા. તે તો રૂપાને જોઈને થીજી જ ગયા. એ છોકરાની છાપ ગામમાં સારી નહોતી અને એની સાથે એકલી રૂપા....! મામા તરત તેની પાસે ગયા રૂપાં પણ ધ્રૂજી ઊઠી. બીજો કોઈ રસ્તો જ નહોતો. મામાના ગુસ્સાને તે જાણતી હતી. તે કંઈપણ દલીલ કરે તે પહેલા મામાના ગુસ્સાને વશ થઈ તેમની સાથે ચાલી નીકળી. ઘેર લાવીને તેને ખૂબ ધમકાવી મામાએ તેની નોકરી છોડાવી દીધી અને તાત્કાલિક મુરતીઓ શોધવા મંડ્યા. રૂપાંની બા તો ડઘાઈ જ ગઈ. અંતે એક બીજવર સાથે રૂપાની ઇચ્છાને માન આપ્યા વગર પરણાવી દીધી. રૂપાં પરણીને સાસરે ગઈ તો હેબતાઈ જ ગઈ. પહેલી જ રાત્રે તેના પતિ મોડા, ખૂબ, મોડા આવ્યા. એક મહિનો રૂપાં ત્યાં રહી અને તેના વર્તનથી ધરાઈ ગઈ. બાને કાગળ લખ્યો અને બાએ તેને પિયર બોલાવી લીધી વ્યસનોથી ભરપૂર પતિની તેણે બાને વાત કરી ઉંમર મોટી તો હતી તેમાં આવી સુંદર છોકરી સાથે તેને એક દિવસ નિરાંતે બેસીને વાત કરવાની ફુરસદ નહોતી. જુગારના અડ્ડામાં તે પડ્યો રહેતો. ઘેર આવવાની તેને ફુરસદ પણ નહોતી. પણ નિરાંતે બેસીને રૂપાં સાથે તેણે ક્યારેય વાત પણ ન કરી. રૂપાં કંઈ પૂછે તો તે ગુસ્સે થઈ જાય

રૂપાં ઊલમાંથી ચૂલમાં પડી. બા આગળ ખૂબ રડી 'આના કરતાં તો બા, કલાનો ભાઈ હજાર દરજ્જે સારો હતો. બા, એને હું ઘણો સુધારી શકત. પણ મારી તમારી દૃષ્ટિએ થયેલ ભૂલને કારણે તમે આ શું કર્યું ?' બા બિચારી શું બોલે....! 'ઉતાવળનું પરિણામ. એક નાની સરખી ભૂલને કારણે આખી જિંદગીનું જોખમ તારે, મારી એકની એક દીકરીને વેઠવું પડ્યું.'

બાના પશ્ચાત્તાપનો પાર રહ્યો નહિ પણ હવે.... રૂપાંએ પાછી નોકરી શરૂ કરી. સાસરે જવાની તો ઘસીને ના જ પાડે છે.

વિકૃતિનું વિલોપન

તે દિવસે સાંજે અમે કમલા નેહરુ પાર્કમાં લટાર મારી રહ્યાં હતાં ત્યાં મારી એક શાળા-મિત્ર મળી ગઈ. ઘણાં વરસોથી અમે મળ્યા નહોતા અને એનુ શરીર પણ કંઈક ફૂલી ગયેલુ અને ભરાવદાર થઈ જવાથી હું ઓળખી ન શકી. પણ એ મને જ બોલાવે છે એમ મારા નામની બૂમથી સમજાયું એટલે મળતાંની સાથે અમારા શાળાના દિવસો આંખ સામે તરવર્યા.

કુમુદ ને હું બધાંથી જુદાં પડીને બાગની એક બાજુની લોનમાં બેઠાં. ભણતાં ત્યારે

સાવ મૂંગી રહેતી કુમુદ આટલી બધી વાચાળ શી રીતે બની ગઈ એવી વિમાસણમાં હું હતી ત્યાં એ જ વાત જાણે એ રજૂ કરવા માગતી હોય તેમ બોલી ઊઠી :

'હું આટલું બધું બોલતી કેમ થઈ ગઈ એની તને નવાઈ લાગતી હશે. તને ખબર છે કે ભણતાં ભણતાં જ મારાં લગ્ન થઈ ગયાં એટલે મેટ્રિકેય ન થઈ શકી. પણ પરણીને બીજે જ વરસે મારા પતિ સાથે મારે બહારગામ જવું પડ્યું. અમદાવાદની પોળના વાતાવરણ કરતાં જુદી જ જાતનું નવી દિલ્હીનું વાતાવરણ મને શરૂમાં માફક ન આવ્યું. પણ ધીમે ધીમે કેટલાય અમલદારોના સહવાસે મારે ઘડાવું પડ્યું અને પછી તો મારા પતિ સાથે હું પરદેશ ઘૂમી આવી. મારી વાચા ખૂલી. હું કંઈક છું એવી મારી શક્તિઓ એક પછી એક ખીલવા લાગી. પણ આ બધું છતાં મારામાંથી કેટલાક દુર્ગુણો હજુ નથી ગયા.'

'એવા તે કયા દુર્ગુણોનો પશ્ચાત્તાપ તને અત્યારેય હેરાન કરે છે?'

'ઈર્ષા. નાનપણથી મારામાં ઈર્ષા હતી એ તો તું જાણે છે જ. તું મારી બેનપણી હતી છતાં બીજી કોઈ છોકરી સાથે તું આત્મીયતા જેવું બતાવતી એ મારાથી નહોતું સહેવાતું એ તો તને ખબર જ હશે. ઘણીય વાર તારી સાથે વિનાકારણ હું અબોલા લઈ બેસતી એય આ જ કારણે.'

'પણ એનાથી હવે શી રીતે હેરાન થાય છે?'

'તું જાણે છે કે મારા પતિ સરકારી અમલદાર છે. એ કારણે ઘણાંને અમારે ત્યાં નોતરવાં પડે, પાર્ટીઓ આપવી પડે, ઘણાં સાથે નિકટના સંબંધ રાખવા પડે. અને તેમાં પુરુષોની સાથે સાથે સ્ત્રીઓ પણ હોય જ!'

'પણ પુરુષો સાથે જ ને? એકલી સ્ત્રીઓ હોય તો તને ઈર્ષા કરવાની તક મળે.' મેં કુમુદના માનસને ઢાંકવા પ્રયત્ન કરતાં કહ્યું.

'આમ વાત હોત ત્યાં સુધી તો ઠીક. પણ કેટલાય શ્રીમંતો, મોટા ઉદ્યોગપતિઓ અમલદારો પાસેથી કામ કઢાવવા માટે રૂપવતી યુવતીઓને અંગત મંત્રીઓ તરીકે નોકરીમાં રાખે છે. અને આ બધી યુવતીઓ અમલદારો પાસેથી કામ કઢાવવામાં એટલી બધી પાવરધી હોય છે કે ન પૂછો વાત.'

'તે એમાં તો તારા પતિની જ ચારિત્ર્યશિથિલતા ગણાય ને?'

'એમનામાં ચારિત્ર્યશિથિલતા પ્રવેશી નથી એટલે જ મારામાંથી એ દુર્વૃત્તિ ખસતી નથી ને? એમની અડગતાને કારણે કેટલાય ઉદ્યોગપતિઓ–શ્રીમંતોમાં એ વગોવાઈ ચૂક્યા છે!'

'તેમના વિષે તને એટલી બધી ખાતરી છે તો તારી ઈર્ષા કેમ ઘટતી નથી? એ ઈર્ષાને કારણે જ તારામાં આ બધી શારીરિક વિકૃતિઓ, બેડોળતા પ્રવેશી ગઈ હોય એવું તને લાગતું નથી?'

'હા, જર્મનીમાં એક ડાક્તરે મારું માનસ-પૃથક્કરણ કરતી વેળા આ જ મતલબનું કહેલું.'

છતાંય તારી આંખ નથી ઊઘડતી? ઈર્ષાની સાથે સાથે આપણે કેટલાં બધાં દુર્ગુણોને આપણા જીવનમાં ઘુસાડી દઈએ છીએ એની

પ્રો. ઇન્દ્રવદન કા૦ દવે

ત્રણ નવાં પુસ્તકો

ખરતા તારા :

[લે જિતુભાઈ પ્ર મહેતા; પ્ર ભારતી સાહિત્ય સંઘ લિ અમદાવાદ, ૧. મૂલ્ય રૂા. ૪/૫૦]

શ્રી જિતુભાઈ મહેતા આપણા બહુ જૂના અને ખ્યાતનામ વાર્તાકાર છે. છેક ઈ. ૧૯૨૬ થી 'કૌમુદી' આદિ સામયિકો, 'હિંદુસ્તાન,' 'વંદેમાતરમ્' આદિ દૈનિકો અને અનેક દિવાળી અંકોમાં તેઓ વાર્તાઓ લખતા રહ્યા છે. આજ સુધીમાં તેમની લગભગ ચારસોથી વધુ વાર્તાઓ પ્રગટ થએલી હશે. પણ આશ્ચર્યની વાત એ છે કે તેમનો પહેલ વહેલો નવલિકા-સંગ્રહ ઠેઠ આજે આ પુસ્તકમાં આપણને પ્રાપ્ત થાય છે સ્વ. મેઘાણીએ તેમની 'કલમ અને કિતાબ' ની કટારમાં નવલિકાનું પુસ્તક પ્રગટ કરવા સારુ શ્રી જિતુભાઈને ટકોર કરેલી, પ્રો. ઠાકોર આદિ વિવેચકોએ પણ તે માટે એમને ચાનક ચડાવેલી, પણ એમની વાર્તા-શૈલી જેવી જ લેખકની કવિશાઈ પ્રકૃતિએ અને કંઈક અંશે પોતાની વાર્તાઓ પ્રત્યેની વિવેચકશાઈ ઉદાસીનતાએ આજ સુધી એવું પરિણામ જન્માવ્યું નહિ એટલે આજે, વાર્તાના ભરેલાં વહાણોમાંથી એકને મુકામે જવાની પરવાનગી આપવા માટે શ્રી જિતુભાઈ અને એને કાંઠે લઈ આવવા માટે શ્રી ઈશ્વરભાઈ બંને આપણા અભિનંદનને પાત્ર બને છે.

લેખકની ચોત્રીસ વર્ષની કલમસાધનાના ફળ રૂપ આ સંગ્રહમાંની વીસેય વાર્તાઓ વિષય સ્વરૂપ વિધાન તથા લેખકના અવલોકન, અનુભવ અને દૃષ્ટિનું સારું વૈવિધ્ય દેખાડે છે કોડભરી ગૃહિણીની ખંડિતા, દર્દીનું માનસિક કજોડું, ગુનેગારોનું અંતર અને માનસ દુઃખે

આપણને ખબર જ નથી પડતી. અને શારી રિક-માનસિક બન્ને રીતે આપણે હેરાન-પરેશાન થઈએ છીએ એ તો વધારાનાં. તારા પતિમાં તું કહે છે તેવી શિથિલતા નથી કદાચ હોય તો ય તે માટે આ ઈર્ષા તો અગ્નિનું કામ કરે છે. ધીમે ધીમે તું એ દુર્ગુણ દૂર કરી શકે એ જ તારા સુખનું સાચું કારણ બને.'

કુમુદ ને હું તે દિવસે તો છૂટા પડેલાં પણ ચાર પાંચ વરસ પછી અમદાવાદમાં એ હમણાં જ મને મળવા આવી ત્યારે તેનું પરિવર્તન જોતાં મને સંતોષ થયો. એના સંતોષની તો હદ જ નહોતી. તેના પતિ સાથે હતા એટલે અમારી એ 'ખાનગી' વાત આગળ વધે તેમ નહોતું એટલે શરબતનો ગ્લાસ હાથમાં લેતાં વાતની પહેલ મેં કરી :

'કુમુદ, તારામાં શારીરિક સ્ફુર્તિ તો ગજબની દેખાય છે.'

'એ માટે તમને ધન્યવાદ આપવા માટે હું અમદાવાદ આવ્યો છું એની કદાચ તમને ખબર નહિ હોય.' કુમુદના પતિ વચ્ચે બોલી ઊઠયા.

'કોને, મને ?'

'હા જી. તમારી બેનપણીની એ વિકૃતિ હટાવવા દેશ વિદેશ ભલભલા માનસશાસ્ત્રીઓ પાસે ભટકયો. પણ તમારું મુંબઈમાં કમલા નેહરુ પાર્કમાં તે સાંજનું થોડીક ઘડીઓનું મિલન એના જીવનપરિવર્તનનું સુંદર કારણ બન્યું એ માટે તમને મારાં હાર્દિક અભિનંદન.'

મારાથી એ માટે આભાર માનવા જેટલુંય બોલાયું નહિ.

✱

સર્જેલી ચિત્રવિચિત્ર પરિસ્થિતિઓ, મધ્યમ વર્ગના માણસોની વિષમતાઓ અને યાતનાઓ તથા મુફલિસો, ભરાતીઓ, સરકસના પાત્રો, ગવૈયાઓ, વેશ્યા, પ્રાણીઓ, પંખીઓ, ત્યજાયેલા, સમાજના રોગીઓ ઇત્યાદિ શ્વાસ લેતા સૃષ્ટિઅંગોની ભીતરની મથામણોનું દર્શન આ વાર્તાઓમાં થાય છે જંગલ અને શહેર, નિર્જન પ્રકૃતિ અને માનવ વસ્તી, દારૂઓના અડ્ડા, જેલની દીવાલો અને મુંબઈની માનવસર્જિત ગંદકીના તથા કલાકારો, ધૂનીઓ, ઉસ્તાદો અને પ્રેમીઓની ઊર્મિસૃષ્ટ, ભાવનારંગી, કલ્પનારસિક વૃત્તિ–પ્રવૃત્તિઓના વિવિધરંગી વાતાવરણથી સંગ્રહની બધી વાર્તા ભીંજાયેલી છે વિષય અને વાતા વરણ ઉપરાંત સ્વરૂપનું વૈવિધ્ય પણ એમાં છે 'ખરતા તારા અને 'હા, જેવડો સાગરો' માં વિષય એક પણ વાર્તાકથનનું રૂપ જુદું 'શીદને બેચેન?' 'મુફલિસ,' 'એકનો એક ભાઈ,' 'મને મારી મા જડી,' 'મીણની પૂતળી,' 'છેલ્લું બીન' વગેરે વાર્તાઓમાં ભાવનિરૂપણ કે પ્રસંગાલેખનમાં લેખકની નવી નવી સ્વૈરવિહારિણી રીતો આમ નવલિકાલેખનમાં તેમણે ઠીક ઠીક પ્રયોગો કર્યા છે, તેથી વાર્તાઓ વિવિધ પ્રકારની પણ બની છે શૃંગારગી નવલિકાઓ શૌર્યની અને ત્યાગએનાઓની નવલિકાઓ, કરુણ મૂર્તિઓ અને કલાઝંખુ પ્રેમીઓની નવલિકાઓ તથા હૈયાના ઊના આંસુને હસતે મુખે મૂકી દેનાર માનવોની નવલિકાઓ લખતી વેળા શ્રી જિતુભાઈની કલ્પના, વિચાર તરંગોના, ભાવોર્મિઓના અને કલ્પનાઓના રંગીન રૂપો પ્રગટાવે છે, એ એમની વાર્તાઓનું મોટું આકર્ષણ છે એમની વાર્તાઓની વિશિષ્ટતા એમાંના વર્ણનો અને ગદ્યશૈલીમાં છે શ્રી જિતુભાઈનો વાર્તાકારનો આત્મા નથી એટલો ઊર્મિરસિક, કલ્પનાશીલ, ચિંતનશોખીન કવિનો છે પ્રત્યેક વાર્તાના આદિ અને અંત તપાસો, વાર્તામાં આવતા રંગીન, કાવ્યાત્મક વર્ણનો વાંચો, લેખકની ઉપમાઓ, રૂપકો અને મોહક તરંગનાં આસ્વાદો, પ્રકૃતિના વિવિધરંગી વાતાવરણચિત્રો કે માનવીઓના હૃદયના લાગણીવિભાવો અવલોકો આ

વાત સમજાઈ જશે લેખકનું ગદ્ય પણ કવિનું છે રંગભરવાની મોજ માણતા, ઊર્મિની પાંખે બેસી, કલ્પના અને શબ્દોના ચકડોળે ચડી જગતનું અવલોકન કરતા અને જીવનનો અનુભવ ઝીલતા એક અલગારી સ્વભાવના મનમોજી, ગુનાખોરી છતાં વિનોદપ્રિય, સૌન્દર્યરસિક છતાં ચિંતનપ્રિય એવા કવિનું એ ગદ્ય છે અને વાર્તા સર્જન છે એથી વાર્તાઓમાં એમના ભભકદાર, રૂપાળા વર્ણનો વધારે આકર્ષક બને છે

'ખૂચનું ઊંચું ઝાડ એના ડાળીએથી ખૂચનું મહેંદ ફૂલ, ચક્કર લેતું લેતું ખરે છે, ત્યારે એ ઝાડની સનામ રમતિયાળ બને છે પણ શકુનામું આપતા તો આકાશના તારાને જ આવડે છે પાણો થઈને પડતા પટેલા, આકાશઘરમાંથી એનો જનાજો એ પોતે ઊંચક્યો કરીને ખરી પડે છે' એમના ગદ્યમાં ભાવોના આરોહ અવરોહની સાથે શબ્દોનું સંગીત અને કલ્પનાની રંગીનતા મધુર તાન પૂરે છે ખરેખર, શ્રી જિતુભાઈ કલ્પનાના આશક છે, શબ્દોના શિલ્પી છે અને રસિયા છે એમની વાર્તાઓ ઉપર રવિબાબુની અસર હશે કે નહિ, સ્નેહરશ્મિની કલમનું જાદુ હશે કે નહિ એ ખબર નથી પણ એમની જમાતના લેખક તો તેઓ છે જ

પણ ગદ્ય અને લાગણીની વધુ પડતી માવજત કરવામાં એમની વાર્તાનું કલેવર ઘણી વખત શિથિલ પડી ગયું દેખાય છે વાર્તાઓ ઘાટીલી બનતી નથી વાર્તારસને બદલે વર્ણનરસનો ભાગ વધી જવાથી અને વૈવિધ્યના શોખમાં રસક્ષતિનો દોષ આગળ આવી જવાથી વાર્તાનું અંતર્ગત રૂપ કેટલીક વખત ઘવાય છે એથી વાર્તાઓમાં નિરૂપણની એકવિધતાની મર્યાદા રહ્યા કરે છે ઉત્તમ કલાકારે કોઈ એક લક્ષણના દાસ બનવાને બદલે અને વિવિધ કક્ષાના પાત્રોને એક જ પ્રકારના સ્વભાવ કે ધૂનવાળા બીબાઢાળ બનાવવાને બદલે તેમને યથાર્થ રૂપની શૈલીઓનું અને વ્યક્તિત્વોનું સૌન્દર્ય આપવું જોઈએ, જે વડે જીવનના વૈવિધ્ય ગહનતા અને વિશાળતાનું ખરું દર્શન કરાવી શકાય સંગ્રહની છેલ્લી વાર્તાઓ તેમના અંતમાં કહેવાઈ

નવરચના

જાય છે અને વાર્તાકાર વાર્તાને ઉપર ચિત્રણ લઈ કરી લેવા ઈચ્છે તેવું જણાય છે એ દોષ પણ નોંધવો જ રહ્યો. આ ઉપરાંત વાર્તાઓના અંત ઉર્મિલતામાં (Sentimental) સરી પડ્યા છે કેટલીક વાર્તાઓના અંત અસ્વાભાવિક બન્યા છે કેટલીક વાર્તાઓના અંત નાટકી બની ગયા છે 'નીરુનું બાનું' ની વાર્તા માનસશાસ્ત્રની દૃષ્ટિએ અહીં સુધી સુંદર રીતે વિકસે છે, પણ 'કાનજી ભાઈ આગળ લખવું નીરુનું બાળ વા બાનું છું' એમ કહી નાખીને વાર્તાના મધુર વ્યંજના લેખકે ધૂળમાં નાખી છે 'આપણું ઘર' વાર્તાના અંતે મનુ રમા અને નરેનનું મિલન કોઈ ફિલ્મ વાર્તાના જ તાલમેલની યાદ કરાવે છે ઘણી વાર્તાઓને અંતે અપાતો ફિલસૂફી સોનાની થાળીમાં લોઢાની મેખ બની જાય છે પુસ્તકમાં છાપભૂલો પણ છે, જેમકે પૃ ૧૨૭ પર 'નજરની વાત' નહિ પણ 'વાડ' જોઈએ

તો પણ એકંદરે, શ્રી જિતુભાઈ બહારની દુનિયા ઉપર નજર દોડાવતા જતા આશાસ્પદ લેખક છે પ્રકૃતિ સૌન્દર્યના શબ્દચિત્રો વડે, શબ્દની કવિતા વડે, માનવના સૌન્દર્ય અને હૃદયભાવો પ્રત્યેની તેમની નાજુક હમદર્દી વડે, સ્નેહ અને જીવન ઉપાસનાના પુરુષાર્થના સંસ્કાર વડે અને માનવ અને કુદરતના ચિન્તનપૂર્વક ગાયેલા, ભાવની ઉત્કટતાવાળા ગાન વડે આપણા વાર્તાસાહિત્યમાં શ્રી જિતુભાઈ ધ્યાનપાત્ર બની રહેશે અને તેમનો આ પ્રથમ વાર્તાસંગ્રહ એ ધ્યાનની ગોળ વીંટી મણિની માળા બની રહેશે.

મૂગા પડછાયા

[લે. બળવંત નાયક, પ્રગ ઉપર મુદ્રણ. મૂલ્ય રૂ ૭/૫૦]

શ્રી બળવંત નાયકની આ નવલકથા પંદરમી સદીની પશ્ચાદ્ભૂમિકામાં આફ્રિકાની ધરતી ઉપર ગુલામીની અમાનુષી પ્રથા નાબૂદ કરવા એક આરબ જવાંમર્દે ખેલેલાં સાહસો અને આપેલા બલિદાનની ગાથા રજૂ કરે છે આફ્રિકાના ઈતિહાસનું ગુલામીની પ્રથાનું પ્રક

રણ શૌર્ય, અદ્ભુત અને કરુણ રસના વાચક માટે વાર્તાકારોને ઉપયોગી થઈ પડે તેવું છે જ શ્રી ગુણા-નગર આચાર્ય 'હરિયાના' આદિ નવલોથી એની ઉપયોગિતા સિદ્ધ કરી દેખાડી છે એવી દૃષ્ટિએ તેને કથાઓમાં આ પુસ્તક એક ભાગ ઉમેરો કરે છે જહાજનો શાહ સોદાગર હમીદ બીન હાશીમના વેપાર માટે પોતાના કાફલા સાથે આફ્રિકા ખંડ ઘૂમે છે, તેને ત્યાં ઘણા અંતરાયો નડે છે, પણ એ રસ્તામાં કુનેહથી અને પોતાના શસ્ત્ર સરંજામથી તે દુશ્મનોને હાર આપે છે છતાં નવલકથાનો નાયક તે નથી, પણ તેના કાફલાનો એક સાથી જુવાન, મહમ્મદ માથા ફરેલ ને જુવાનજોધ સફદર છે એ ગુલામોને મુક્તિ અપાવવા કમર કસે છે અને હતાશા અને નિરાશાના વાદળો ઘેરાય છે પણ તેની અદની પ્રેમની શક્તિ તેને પગભર લાગે તેટલી હદે સાથ કરવા પ્રેરે છે મહમૂદી—તેના મિત્ર—નું શાણપણ તેને મદદ કરે છે નવલકથાની ભૂમિમાં શૌર્યની સાથે પ્રણય પણ જોશભેર હોવાનો જ સફદર એક નહિ પણ રશિયા, બિન્દા, ફેશુન, લેઝા, એમ ચાર ચાર સ્ત્રીઓ સાથે પ્રણયના વમળમાં ખેંચાય છે મહમૂદી પણ લેઝા પ્રત્યેના પ્રેમમાં ઘસડાઈ કેદી બને છે પણ અંતે નિરાશા મેળવે છે સફદર અને હમીદ બીન પણ મુખીના દુશ્મનોના તીરાથી મૃત્યુ પામે છે

આમ કથાવસ્તુ રોમાંચક અને કરુણાંતવાળું છે પ્રસંગોનો ત્વરિત ક્રમવિકાસ, વાતાવરણની અદ્ભુત રસિકતા, હૃદયસ્પર્શી ઘટનાઓ, મુગ્ધ મનને સારો ઉશ્કેરાટ આપે તેવા પાત્રોનાં કાર્યો, વિવિધ સ્વભાવના જંગલી સ્ત્રી-પુરુષોના વૃત્તિ-વલણો, નારીના વિવિધ કક્ષના લાવણ્યો અને સૌન્દર્યો તથા શૌર્યબોધક વાતાવરણ ચિત્રો અને વર્ણનોથી કથાનો પ્રવાહ અસ્ખલિત રહ્યો છે ઈતિહાસની રોમાંચક વિગતો, લડાઈઓના વ્યૂહો, ગુલામોની કારુણ્યભેદક પરિસ્થિતિ, સીતમગરોના કારમા જુલમો, બળવાઓ અને જંગલી ટોળીઓના સામાજિક, ચિત્રવિચિત્ર રીત રિવાજો, માન્યતાઓ અને આગ, ખૂન, ત્રાસ તથા ઈન્દ્રિયોત્તેજક અન્ય રોમાન્સોથી

સાચો જીવતર

[લે શનાભાઈ પટેલ પ્રકા ઉપર મુજબ મૂલ્ય રૂ ૩/૫૦]

ચરોતરનાં ગામડાં—તેમના માનવીનો ધરતીનો ને વાતાવરણનો તાદશ પરિચય કરાવતો આ વાર્તાસંગ્રહ, તેના લેખકનુ આ પ્રથમ પુસ્તક જોતા આવકારને પાત્ર છે લેખકે ગ્રામજીવનનો સારો અનુભવ ને અવલોકન મેળવ્યા હોવાથી ગામડાની ભાષા, ત્યાંનાં માણસોના સ્વભાવ તેમના મન રૂઢિઓ, વહેમો માન્યતાઓ પુરુષાર્થો અને વિકૃતિઓને પોતાની વાર્તાઓમા યથાર્થપણે ઝબકાવ્યા છે પ્રત્યેક વાર્તા એવા કોઈ વિષયને કેન્દ્રમા રાખી પોતાની આસપાસ ગામડાનાં વિવિધ વર્ગો ને કક્ષાઓમાથી પાત્રો ઊભા કરે છે અને તેમના સુખદુ ખ કે મથામણોનુ ચિત્ર આપે છે 'લોખ ડો ખીનો 'મા સાસુના ત્રાસમાય ગૌરવભર્યું જીવન જીવતી ગ્રામનારીનુ ચિત્ર છે, તો 'વગડાનો સાદ 'માં દોલતને ઠોકરો મારતા ને વગડાના જીવન તરફ પાછા વળતા એક વાઘરીના મનમા ડોકિયુ છે 'સાચા જીવતર 'મા માત્ર વિવાહિતા પણ મનથી મેરા સાથે પરણી ચૂકેલી હીરા મેરાના મૃત્યુ પછી સાસરવાસમા રહી પતિના એકનોકી જીવોની જીવનભર સેવા કરે છે ગામડાંના યથાર્થ વાતાવરણની પશ્ચાદ્ભૂમિકાના ચિત્રમાં લેખકને ગામડાના અબુધ ભોળાં અણઘડ ગંદા નિરક્ષર માણસોનાં પુરુષાર્થપરાયણ આદર્શ જીવનના અક્ષરો ઊકેલી બતાવવા છે આમ સંગ્રહની પ્રત્યેક વાર્તા પ્રેરણાથી છે માંગલ્યનુ દર્શન કરવા મથતી લેખકની દૃષ્ટિ ગામડાની વિકૃતિને પાછળ તેની ઉજ્જ્વળ પ્રકૃતિ અને સંસ્કૃતિનુ ચિત્ર ઊપસાવી આપણી નજરને તે તરફ વાળે છે ગામડામા વસતી પછાત કોમોના જીવનમા જીવતરની શી મીઠાશ છે તુચ્છ ગણાતા માણસોના જીવતરમાય એવા પ્રસગો આવે છે કે જે તેમની અદર સુષુપ્ત રહેલી સંસ્કાર ભાવનાને જાગ્રત કરે છે અને એવા નાનકડા પ્રસગોય તેમની જિંદગીમાં કે ગ્રામજીવનના એ ધારા કેવુ ઉચ્ચગામી પરિવર્તન લાવે છે, તે આ સંગ્રહની વાર્તાઓમા બતાવવાનો લેખકનો હેતુ છે

લેખકની વાર્તાશૈલી સાદી અને સરળ છે એમનુ જીવનનિરીક્ષણ માંગલ્યદૃષ્ટિથી પુનિત છે. વાર્તાઓમા રજૂ થતા પ્રશ્નો, પ્રસંગો મથામણો ને ચિત્રો યથાર્થ છે લેખકની ભાષા પણ ગામડાની ધરતી જેવી બળૂકી અને તળપદી સુગંધથી સમૃદ્ધ છે એમને ગ્રામજીવનના પ્રશ્નો-પ્રસંગો રજૂ કરતાય સરસ આવડે છે પરતુ ઘણીખરી વાર્તાઓ માત્ર પ્રસંગાલેખન કે પાત્રચિત્રણથી વિશેષ કશા સાધી શકી નથી એમાંલેખન આદર્શ નિરૂપણ કે ગ્રામજીવનનુ સંસ્કારદર્શન આપવા જતા વાર્તાકાર અવાસ્તવિક પ્રસંગોના કે પાત્રોના પલટાઓ યોજ્યા છે એમનો હેતુ જેટલો ઊંચો છે તેટલી એ હેતુને સિદ્ધ કરવા જેટલી એમની સર્જનશક્તિ પાકી નથી વાર્તાનો અંત અણધારી રીતે આવતો હોય પાત્ર જીવન કે વસ્તુનો પલટો વાર્તામાથી જ ઊગવાને બદલે અદ્ધરતાને ફૂટી નીકળતો હોય એવુ ઘણી વાર્તાઓમા બને છે સાચા, તેજસ્વી ઝબકદાર ક્ષણકોઈ ફૂટવાને બદલે વાર્તાને અતિ તેના મૂળસૂત્રિયા થતા હોય એવો અનુભવ ઘણીખરી વાર્તાઓમા થાય છે હેતુ વાર્તાઓમાં વણાઈ જવો જોઈએ તેને બદલે વાર્તાથી જુદો પડી બોધના માળખામા કે આલેખનના ઢાંચામા જ પડી રહેતો જણાય છે

જો કે 'લોખંડનો ખીલો', 'ગોદડીનો ગાભો', જેવી વાર્તાઓ લેખકની વાર્તાકલાના ઉજ્જ્વળ ભાવિની ઝાંખી કરાવે છે અને લેખકની ચરોતરની ભાષા, પાત્રદર્શન, વાતાવરણચિત્રણ ગ્રામજીવનનુ નિરૂપણ વગેરે પરની કુશળતા તો પ્રત્યેક વાર્તામા જોવાય છે તો પણ સ્વાનુભવ ઉપરાંત લેખકને નવલિકાનુ સ્વરૂપ, સ્વરૂપનુ કલાવિધાન અને જીવનદર્શનનુ ઊંડાણ સાધવાની કલા હસ્તગત થઈ જાય તો લેખક એક ઉત્તમ વાર્તાકાર નીવડવાની આશા બંધાવે એવી શક્તિ ધરાવે છે

★

ઇંધિરલાલ મો. દવે

સંપાદક : જયન્ત પરમાર

'દંપતીનો દિવ્ય પ્રેમ'

ચિત્રકાર : વ્રજલાલ ત્રિવેદી

૩૧ • અંક ૫

સળંગ અંક ૩૬૫

ઑગસ્ટ ૧૯૬૦

ભારતી સંઘનાં નવાં પ્રકાશન

મહાભારતની કથાઓ	ધૂમકેતુ	૩/૫૦
પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
પચામૃત	ઈશ્વર પેટલીકર	૧/૨૫
આભના ટેકા	,,	૧/—
આંખ વિના અજવાળા	,,	૧/૨૫
ભુલાય એ શે કદી ?	,,	૧/૨૫
સુવર્ણ-પ્રતિમા	ચુનીલાલ વ શાહ	૫/—
ત્રણ દીકરાની મા	,,	૧/૨૫
અજ્ઞાને (નવી આ)	,,	૧/—
કડરો	પન્નાલાલ પટેલ	૧/૫૦
વિશ્રામનું વાવેતર	,,	—/૭૫
છકો અને મકો (આઠ ભાગ)	જીવરામ જોષી	૧૩/૫૦
અજંપો	શેખાદમ આબુવાલા	૨/૨૫
ઠોકર	'ઉમાકાન્ત'	૬/૨૫
સુષુમણા (નવી આ)	,,	૭/૭૫
મંગળ જ્યોત	,,	૬/૭૫
અંકુર	કાશાભાઈ પટેલ	૩/૫૦
પુનર્મિલન	,,	૪/૭૫
નવા કલેવર ધરો હંસલા	,,	૫/—
આત્મરચના	'વિશ્વમિત્ર'	૫/૫૦
અમર દીપ	ભૂપત વડોદરિયા	૫/—
સાથ વિનાના સગાથી	,,	૫/—
મૂગા પડછાયા	બળવંત નાયક	૭/૫૦
અંજળપાણી	'સત્યમ્'	૫/૭૫
ભાગ્યની વાટે	,,	૫/૭૫
ધરતીનું હીર	દેવશંકર મહેતા	૬/—
ધરતીની આરતી	,,	૮/૭૫
પ્રેરણામૂર્તિઓ	ઈશ્વરભાઈ પટેલ	૧/૩૦
માનવતાનો મહ	,,	૩/૭૫
જનતા કાજે જીવનારા	,	૧/૫૦
ગામડાની કેડીએ	પીતાંબર પટેલ	૧/૨૫
ધરમ તારો ગંનાળ રે...	,,	૧/૫૦
નૂતન ભારતના તીરથ (પાંચ ભાગ)	,,	૩/—

પીતાંબર પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/૫૦
સાહસની શોધમાં	નવનીત સેવક	૨/૫૦
ધરતીનાં અમી	મણિભાઈ પટેલ	૪—
સાહિત્યનિકષ	અનંતરાય મ. રાવળ	૪/૨૫
સાહિત્યવિહાર (નવી આવૃત્તિ)	,,	૪/૫૦
દ્વિરેફનું વાર્તામધુ (ન આ)	રા. વિ પાઠક	૧/૫૦
ધર્મકથાઓ ૧થી૫ (,,)	,,	૭/—
સંસાર (નવી આ)	ઝવેરચંદ મેઘાણી	૧/૨૫
રેલગાડીની સૃષ્ટિ (નવી આ)	,	૧/૨૫
પાનખર અને વસંત	સાને ગુરુજી	૫/૭૫
સંધ્યા (નવી આવૃત્તિ)	,,	૧/૨૫
કરુણાદેવી	,	૧/૨૫
શ્યામની મા	,,	૧/—
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
તીર અને તુક્કા	રંભાબેન ગાંધી	૩/૫૦
જીવન-ઝંઝાવાત	,,	૨/—
રાખમાં જલે છે અંગારા	રમણિક પટેલ	૩/૫૦
સાધના અને સિદ્ધિ	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	૭/૫૦
સાચા જીવતર	શનાભાઈ પટેલ	૩/૫૦
છેલ્લી રાત	ડી પી સૂચક	૩/૫૦
કુળ હત્યા	મનુભાઈ જોધાણી	૧/૨૫
શૌર્ય કથાઓ	,,	૧/૨૫
અમૃતપાત્ર	ચંદુલાલ સેલારકા	૪/૫૦
ખરતા તારા	જિતુભાઈ પ્ર મહેતા	૪/૫૦
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
અંતિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ભારતયાત્રા	રામનારાયણ ના પાઠક	૭/—
વ્રતની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
ઢોળાયા આંસુ	,,	૫/—
વદના	મોમાભાઈ બારસાર	૧/૫૦
સાદા ચાદા પોળી	સ વસંત જોધાણી	૦/૭૫
સતી પડી રે સીતાર	ઘનશ્યામ ઠાકર	૨/૫૦

★

— ઉપરનાં નવાં પ્રકાશનો ઉપરાંત અમારાં બધાં પ્રકાશનોનું નવું સૂચિપત્ર મંગાવો :—

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ ૧૪, ગાંધીરોડ રતનપોળ ના નાકે અમદાવાદ, ૧

૧૯૬૦નાં બીજા પ્રકાશકોનાં અમારે ત્યાંથી મળતાં પ્રકાશનો

હરિસંહિતા ૧-૨-૩	ન્હાનાલાલ કવિ	૩૦-૦૦
પુષ્યમિત્ર	ધૂમકેતુ	૪-૫૦
કુમારદેવી	,,	૫-૦૦
પ્રેમપંથ ૧-૨	ઇશ્વર પેટલીકર	૧૧-૦૦
દરિયાપાર	ગુણવંતરાય આચાર્ય	૪-૫૦
આચાર્યની શ્રેષ્ઠ નવલિકાઓ	,,	૩-૫૦
ભગવાન તારું શું થશે	,,	૩-૦૦
ભરજોબન	,,	૪-૫૦
ચંપાવતી	,,	૪-૦૦
હું એક મુરતિયો	દામુ સાંગાણી	૩-૦૦
પરણ્યા છતાં કુંવારા	,,	૨-૫૦
શું હતા, શું થઇ ગયા	,,	૩-૫૦
મનનાં મનોરથ	ગ૦ હી૦ બદામી	૪-૦૦
ગરીબનો બેલી	,,	૩-૦૦
વીતી જશે આ રાત?	ભગવતીકુમાર શર્મા	૩-૫૦
રાજયોગી	રમણલાલ ધીરજલાલ શાહ	૩-૦૦
લોખંડી ખાખનાં ફૂલ ૧-૨	'જયભિખ્ખુ'	૧૧-૦૦
અંતરનાં અજવાળાં	પીતાંબર પટેલ	૬-૦૦
કરસે સિંગાર	,,	૫-૦૦
રૂંધાતાં જીવન	શ્રી. ના. પેંડસે	૭-૦૦
આભલાં	અરવિંદ ગોખલે	૬-૦૦
શ્રમણગાથા	ગો. ની. દાંડેકર	૫-૦૦
ટીવડી	વિ. સિ. ખાંડેકર	૫-૦૦
ખમ્મા અન્નદાતા	યાદવેન્દ્ર શર્મા	૫-૦૦
કાજળરેખા	હરીશ નાયક	૪-૦૦
વિષ અને અમૃત	ચંદુલાલ જેઠાલાલ વ્યાસ	૭-૦૦
કચ્છ દેરથાની	મંજુલાલ સાકરલાલ	૩-૦૦
માંગલ્યદૃષ્ટા મહાકવિ	બાલચંદ્ર પરીખ	૧-૨૫
કુલનારી	નીરૂપમા દેવી	૩-૦૦
રહસ્યનગરી	શિવકુમાર જોષી	૪-૦૦
સેવાશ્રમ	જસવંત મહેતા	૩-૫૦
મંગલ પ્રભાત	ફાલ્ગુની મુખોપાધ્યાય	૮-૦૦
દેવદુલારી ૧-૨	શયદા	૮-૦૦
મા તે મા ૧-૨	,,	૧૦-૦૦
ચાલો સજોડે સુખી થઈએ	ચિનુભાઈ પટવા	૬-૫૦
આનંદ ભૈરવી	સારંગ બારોટ	૮-૭૫
રાગ વૈરાગ	,,	૪-૦૦
અગનખેલ	,,	૪-૦૦
સુજાતા	કાશીરામ ઠાકુર	૫-૭૫
જળપ્રલય	પ્રભાકર [illegible]	૩-૦૦
પ્રીત પરાઈ ૧-૨	કોલક	૧૨-૦૦
દ્વાર અને દિવાલ	કુન્દનિકા કાપડિયા	૪-૫૦
આત્મચક્ષુ	સુરેશ ગાંધી	૪-૦૦
ગોર્કીની શ્રેષ્ઠ વાર્તા	ગોર્કી	૭-૫૦
ઊંધે ઘડે પાણી	જયેન્દ્રરાય દૂરકાળ	૩-૫૦
પ્યાર	ચન્દ્રકાન્ત બક્ષી	૪-૨૫
રોમા	,,	૩-૭૫
અભિશાપ	ખીમચંદ વોરા	૫-૦૦
રૂપરાણી	વજુ કોટક	૬-૨૫
છપ્પરી	પરાગ	૫-૭૫
ગોરી ૧-૨	કોલક	૧૧-૦૦
ઉરના એકાંત ભડકે બળે	ભદ્રકુમાર યાજ્ઞિક	૬-૦૦
મન મોતી ને કાચ	વિઠ્ઠલ પંડ્યા	૭-૫૦
વૈશાખી વાદળી	નંદકુમાર પાઠક	૫-૦૦
વસંતસેના	ગોરખ	૪-૭૫
અગ્નિસ્નાન	,,	૪-૦૦
બાગને પત્તે	કૃષ્ણચંદ્ર	૭-૫૦
ખોજો ખૂંદનાર	ચંદ્રકાન્ત સાગાણી	૬-૨૫
સેંથીના સિંદુર	લાલભાઈ ભટ્ટ	૬-૦૦
અગન પંખી ૧ થી ૪	પ્રાણજીવન દોશી	૬-૦૦
હિમકુમારી	સત્યમ્	૨-૦૦
ખેતરને ખોળે ૧-૨	પીતાંબર પટેલ	૧૦-૦૦
નાટ્યવિવેક	ધનસુખલાલ મહેતા	૩-૫૦
વિવેચન સંચય	ભાઈલાલ મ. કોઠારી	૫-૦૦
મોરનાં આંસુ	સારંગ બારોટ	૪-૦૦
જ્ઞાનવિજ્ઞાનમાળા સેટ	રતિલાલ નીયક	૬-૦૦
વીરાંગનાની કથાઓ સેટ	તા. પો. અડાલજા	૧૨-૮૦
પાદડું સળવળ્યું	જયા ઠાકોર	૩-૫૦
મહાઅમાત્ય માધવ ભા.-૨	ગુણવંતરાય આચાર્ય	૫-૫૦
છેલ્લી રોશની	શયદા	૧૦-૦૦
પૂર્વ આફ્રિકાની બાળ વાર્તા ૧ થી ૪	વસંત નાયક	૭-૦૦
શ્રી મોરારજીભાઈ દેસાઈ ૧-૨	અંબેલાલ જોષી	૩૦-૦૦
ગુજરાતની ટૂંકી વાર્તાઓ	સં. પ્રિ. મનસુખલાલ ઝવેરી	૪-૦૦
ગ્રામ સાહિત્યમાળા ૧ થી ૫	પ્રેમચંદજી	૬-૨૫
અંતરના રૂપ	ભૂપત વડોદરિયા	૩-૫૦
બાળકનું પ્રથમ વર્ષ	મેરી સ્ટોપ્સ	૨-૫૦

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ. : ૬૮, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ : અમદાવાદ, ૧

માનવ મૂલ્યોની પુનઃ પ્રતિષ્ઠા ઝંખતું

સ્વતંત્ર વિચારધારાનું માસિક

ગુજરાતનું વિશિષ્ટ 'મોડર્ન રિવ્યુ'

વિશ્વમાનવ (શરૂઆત ૧૯૫૮)

સંપાદક . ભોગીલાલ ગાંધી

અઢી વર્ષના ટૂંકા ગાળામાં પોતાનું વિશિષ્ટ સ્થાન

–પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર

દર વર્ષે મોટી સાઈઝનાં આશરે ૨૦૦ પૃ.નો અધ્યયનપૂર્ણ વિશેષાંક

નીચેના ગ્રંથો વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

વર્ષ ૧–"સર્વોદય વિજ્ઞાન", વર્ષ ૨–માનવ અને પરમાણુ. વર્ષ ૩ ગુજરાત દર્શન, (ગુજરાતનો સર્વ સંગ્રહ)

(ઉપરાંત–"નેહરુ અણુયુગનો સમન્વયક–ના ૪ લેખો)

× × ×

દર અંકે આગવાં આકર્ષણ

મૂલ્ય વિચાર–(વિવિધ સમસ્યાઓનું વિશ્લેષણ)

કવિતાનો આસ્વાદ–(ગુજરાતના કવિઓની એક એક કૃતિનો વિવેચનાત્મક આસ્વાદ–પ્રા સુરેશ જોષીના કલમે)

કલાનો આસ્વાદ–(ચિત્રકલાનો ઉદ્‌ભવ અને વિકાસની ચિત્રમય શ્રેણી–ગુલામ મોહમ્મદ શેખ)

સાહિત્યસ્વામીઓ અને આલોચન–(ગુજરાતનો ઘડનારા સર્જકો અને ગ્રંથોની અભ્યાસી લેખમાળા–સં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ)

વિજ્ઞાન ચિંતન–(વિજ્ઞાનની ઘટના અને સમસ્યાઓનું નવનીત : સં ડૉ મધુકર શાહ)

હમ બેચેન હૈં–(અજંપાથી ભરેલા હૃદયવેધક પ્રસંગો)

પહેલું પાનું–(સદા સંઘરવા સ્મરવા જેવા વિચારો)

કવિતા–(ગુજરાતની નવી સર્જાતી કવિતાનાં ગુચ્છ)

વાર્ષિક આશરે ૯૫૦ પાનાનું વાંચન

લવાજમ રૂ ૭-૦૦

છૂટક નકલ રૂ ૦-૬૨ ન. પૈ

ચેતન પ્રકાશન ગૃહ (પ્રા.) લિ.

રામજી મંદિર પોળ, વડોદરા.

વિશ્વમાનવ સ્વાધ્યાય ગ્રંથ શ્રેણી

(આ સાહિત્ય વિશ્વ માનવ ગ્રાહકોને વિશેષાંક તરીકે પ્રાપ્ત થઈ ચૂક્યું છે)

[૧]

ગુજરાત દર્શન

ગુજરાતની પ્રજા, ભાષા, સંસ્કાર, શિલ્પકળા, નાટ્ય સાહિત્ય, ઇતિહાસ, સંસાર, ઉદ્યોગ, વિજ્ઞાન આદિ ક્ષેત્રોના નિષ્ણાતોના આધારભૂત ૨૫ લેખોનો સંગ્રહ

પૃ. ૬૪૨ (૩૨ આર્ટ પ્લેટ) રૂ. ૯-૦૦

[૨]

નેહરુ : અણુયુગનો સમન્વયક

લે ભોગીલાલ ગાંધી

નેહરુના સમસ્ત વિકાસ અને ચિંતનનું મૂલ્યાંકન કરતો માહિતી ગ્રંથ. પંડિત સુખલાલજીના પ્રવેશક સાથે

પાન ૨૦૦ રૂ ૩-૦૦

[૩]

માનવ અને પરમાણુ

સંપાદકો :–ડૉ. મધુકર શાહ સુભદ્રા ગાંધી

પરમાણુનું સ્વરૂપ વિનાશક અને મહાયુદ્ધોની ભીષણતા, ભાવિ યુદ્ધની વિનાશકતા, ભવ્ય-સર્જક શક્તિની ભરપૂર માહિતી સાથે

પા. ૪૬૦ રૂ. ૫-૫૦

[૪]

સર્વોદય વિજ્ઞાન

સર્વોદયનાં વિવિધ પાસાઓ, માહિતીઓ અને દૃષ્ટિ રજૂ કરતો એકમાત્ર વિવેચન-ગ્રંથ

પા. ૩૩૬ રૂ. ૩-૫૦

રૂ. ૧૫ માં ૪ ગ્રંથ–પોસ્ટેજ ફ્રી
"વિશ્વમાનવ"ના ચાલુ ગ્રાહકોને
આ ગ્રંથો બુક પોસ્ટ ફ્રી
૩૩⅓% કમિશનથી
(રજી ખર્ચના ૦-૫૦ ન પૈ. વધુ મોકલવા)

—: પ્રાપ્તિસ્થાન :—

ચેતન પ્રકાશન ગૃહ (પ્રા.) લિ૦

રામજી મંદિર પોળ, વડોદરા

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશ્યલ નં. ૧
(૨૯૨૮૯)

આયુર્વેદિક દવા

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧ કિંમતના અનેક વનસ્પતિઓમાંથી તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. રામતીર્થ બ્રાહ્મી તેલના નિયમિત ઉપયોગથી મગજના જ્ઞાનતંતુ તથા શરીરના ક્રિયાતંતુ બળવાન બનાવવામાં, માથાનો દુખાવો મટાડવામાં, આંખોની ગરમી ઓછી કરવામાં તેમજ દૃષ્ટિ અને યાદશક્તિ વધારવામાં, ગાઢ નિદ્રા લાવવામાં, ખરતા વાળ અટકાવવામાં, વાળ લાંબા કાળા અને તેજસ્વી બનાવવામાં, શરીર પર માલિસ કરવાથી ચામડીને તાજગી આપવામાં તથા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામાં દરેક રીતે અજોડ છે. દરેક ઋતુમાં દરેકને અનુકૂળ છે.

મોટી બાટલી રૂ. ૮=૦૦ * **નાની બાટલી** રૂ. ૨=૦૦ બધે મળે છે

ટપાલથી મંગાવનાર માટે દેશ-પરદેશનું પોસ્ટેજ તેમજ પેકીંગ ચાર્જ અલગ છે.

ઉમેશ યોગદર્શન

પ્રથમ ખંડ

લેખક :- **શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી**

આ ગ્રંથમાં રોગી તથા નીરોગી સ્ત્રી-પુરુષોની તંદુરસ્તી સારી રાખવા માટે છ પ્રકારના મન-શોધન કર્મ, આસનો, માનસિક ઇલાજ, જલોપચાર, સૂર્યકિરણ ચિકિત્સા, આહાર ચિકિત્સા વગેરે અનેક શક્તિવર્ધક તથા રોગનિવારક ઘરમાં થઈ શકે તેવા સુગમ સાધન ઈલાજો બતાવેલ છે. આ ગ્રંથમાં ૧૦૦ થી વધુ ગ્લેઝ આર્ટ પેપર ઉપર આકર્ષક અને અત્યંત ઉપયોગી મનશોધન કર્મ તથા આસનોના ફોટાઓ છે. યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ છે. દરેક ઘરમાં, વાચનાલયમાં, સ્કૂલ, કોલેજો, અને હોસ્પિટલમાં રાખવા યોગ્ય છે. ફોટાઓ જોતા તથા લેખો વાંચતા સુખ અને શાંતિનો અનુભવ થતો જશે. ગુજરાતી-હિન્દી-મરાઠી-અંગ્રેજી ભાષામાં મળશે. પ્રત્યેક નકલની કિંમત રૂ. ૧૫-૦૦ પોસ્ટેજ ખર્ચ રૂ. ૨-૦૦ પૈસા મનીઓર્ડરથી મોકલવો. વી. પી. પી. કરતા નથી.

રામતીર્થ

હિન્દી માસિક

સંપાદક **શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી**

શ્રી રામતીર્થ યોગાશ્રમ મુંબઈ ૧૪ તરફથી "રામતીર્થ" (માસિક) હિન્દી ભાષામાં દર મહિનાના પહેલા અઠવાડિયામાં પ્રગટ થાય છે.

આ માસિકમાં તન મન, આત્મવિકાસ, યોગ, વેદાંત, ભક્તિ, ગીતા, કુદરતી ઈલાજો, યોગચિકિત્સા માનસિક ચિકિત્સા સાજા થયેલા દરદીઓના અનુભવો, બહેનોને જીવનને ખાસ ઉપયોગી અને આરોગ્ય થાય તેવા વિષયો રહે છે. પાનાની સંખ્યા ૧૩૦ થી વધુ હોય છે. વાર્ષિક લવાજમ રૂ. ૪-૦૦ * છૂટક નકલ ૪૦ નવા પૈસા. વાર્ષિક લવાજમ મોકલી તમો તમારી નકલ નિયમિત મેળવો.

શ્રી રામતીર્થ યોગાશ્રમ દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઈ ૧૪ (ભારત)

ટેલીફોન ૬૨૮૯૯ ★ ટેલીગ્રામ 'PRANAYAM'—BOMBAY-14 Cony I I M

અમારાં વિશિષ્ટ પ્રકાશનો

શિવકુમાર જોષી

- **કંચુકીબંધ** — નવલકથા — રૂ. ૬-૦૦
- **અનંગરાગ** — નવલકથા — રૂ. ૯-૫૦
- **રહસ્યનગરી** — નવલિકાસંગ્રહ — રૂ. ૪-૦૦
- **રજનીગન્ધા** — નવલિકાસંગ્રહ — ૪-૦૦
- **ઘટા ઘીરી ઘીરી આઈ** — ત્રિઅંકી નાટક — રૂ. ૨-૫૦
- **દેવદાસ** — ત્રિઅંકી નાટક — રૂ. ૨-૫૦
- **એકને ટકોરે** — ત્રિઅંકી નાટક — રૂ ૨-૦૦

ચન્દ્રકાન્ત બક્ષી

- **રોમા** — નવલકથા — રૂ. ૩-૭૫
- **પડઘા ડૂબી ગયા.....** — નવલકથા — રૂ. ૪-૦૦
- **પ્યાર** — નવલિકાસંગ્રહ — રૂ ૪-૦૦

જયંતી પટેલ

- **નેતા અભિનેતા** — ત્રિઅંકી પ્રહસન — રૂ. ૨-૫૦

ધીરેન્દ્ર દોશી

- **નીલા** — નવલકથા — રૂ. ૨-૨૫

- **માનસર** — બરકત વીરાણી-'બેફામ'ના પ્રથમ ગઝલ, મુક્તક, નઝમ સંગ્રહ—દ્વિરંગી મુદ્રણ, અભિનવ રૂપરંગમાં — રૂ. ૬-૦૦

★ સ્વાતિ પ્રકાશન ★

૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ

મુંબઈ, ૩



દેવમંદિરો તથા પવિત્ર પ્રસંગોએ વાપરવા
કોહીનુર
અગરબત્તી અને દશાંગ ધૂપ
વાપરો
ટે.નં.૫૧૮૦૨ ગ્રામ 'લોમા'
ખંભાતવાળા

અંક ૫ : ઑગ૦ '૬૦
સળંગ અંક ૩૬૫
સમાજમાં સંસ્કાર અને

'ઊર્મિ' : વર્ષ
'નવરચના' : વર્ષ
સાહિત્ય પ્રેરતું સા

ક્રમ

લેખક	લેખ	પાનું
દ્વા	વાણીનો સંયમ	૭
દેવજી રા૦ મોઢા	ભુદ્બુદ	૮
'મિત્રા'	આશા	૮
પ્રો૦ 'ઉશનસ્'	તું આવ સન્મુખે	૮
પ્રો ગોવિંદભાઈ પટેલ	ગોકુળ આવો તો	૯
નાથાલાલ દવાણી	ચાહ નહીં એ ફક્ત છે !	૯
રતિલાલ-અનિલ	આવી છે ?	૯
કાન્ત વડોદરીઆ	ભેટ	૯
ડૉ. એસ આર રાવ	સિન્ધુ ખીણ સંસ્કૃતિ	૧૦
'ધૂમકેતુ'	અશ્વત્થામા	૧૪
ઈશ્વર પેટલીકર	વિજયનું સુખ	૨૧
પન્નાલાલ પટેલ	ગાંડી બેસ	૨૫
નાનુભાઈ પટેલ	આનો પણ ફક્ત જ પગલે કેમ ?	૨૯
ધનસુખ ત્રિપાઠી	નવીનતા	૩૨
'સેવકરામ'	બહેરાને કોણ ન્યાય અપાવશે ?	૩૪
ચુનીલાલ મડિયા	સાહિત્ય સાધક શ્રી દલાલ	૩૮
વિજયકુમાર ત્રિવેદી	સારથી	૪૧
પ્રા. ડૉ મહેન્દ્ર ન પંડ્યા		
	અણુવિકસિત સાહિત્યમાં ગ . રોજનીશી	૪૪
	પતિ-પત્ની	૪૭
મેરિલા સેરાઓ		
ડૉ એમ. ડી. દેસાઈ	ઑપરેશન થિએટરના અનુભવો	૫૬
એસ૦ ટી૦ ઠાકર	ઠગ નું પુનરાગમન	૬૯
જયન્તિકા પરમાર 'સુમંગલા'	સૂક્ષ્મ મલ	૬૩
	આનંદની પ્રાપ્તિ	૬૪
	સગાનતા ?	૬૬
	સુખદેવું ઉત્તર	૬૫
	સાભાર પ્રાપ્તિ-સ્વીકાર	૬૭
—	સર્જનના શબ્દે	૬૮
'સાહજ'		

સૂચના

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા પરદેશમાં દશ રૂપિયા (શિ ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે.
* વરસમાં એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે
* વી પી થી લવાજમ વસૂલ કરતાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે લવાજમ પૂરું થવાની નોટિસ મળે ત્યારે ગ્રા. નં. અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૩૧ નવા પૈસાની ટિકિટો મોકલવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા નં લખવો ખાસ જરૂરી છે.
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જોઈતી ટિકિટો મોકલવી જરૂરી છે એ સિવાયનાં અસ્વીકૃત લખાણો ૧૫ દિવસ પછી રદ કરાય છે
* જાહેરખબર માટે, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું -

'ઊર્મિ–નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ.,
૧૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક : હીરાલાલ મો દવે, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ., ૧૪, ગાંધીરોડ, ફર્નાન્ડીઝ બ્રિજ, અમદાવાદ, ૧
મુદ્રક : કાંતિલાલ છગનભાઈ પટેલ, ગ ગ મુદ્રણાલય, ફર્નાન્ડીઝ હવેલી, રતનપોળ, અમદાવાદ

વાણીનો સંયમ

માણસની જીભ જ માણસની મોટામાં મોટી દુશ્મન છે. માણસ એના મનમાં ગમે તેટલી વેરવૃત્તિ, બીજા માટેની હીણી માન્યતા કે કોઈનું કાસળ કાઢવાનાં કાવતરાં રચે તો ય જ્યાં સુધી એ બધું એ બોલી ન કાઢે, લખીને વ્યક્ત ન કરે ત્યાં સુધી એ સાચા અને સારા મિત્રમાં ખપે. પણ આમાંનું કંઈક બોલી બતાવે, લખી ચૂકે એટલે સાંભળનાર કે વાંચનારને મન એ દુશ્મન બની બેસે છે. માણસની જીભ, માણસ ધારે તો ઘણું જ જીવનપ્રદાન કરી શકે છે, અને થોડીક પણ વેરવૃત્તિ, ઈર્ષા, સારું ન જોઈ શકવાની દૃષ્ટિવિહીનતા તેનામાં એવું તો ઝેર રેડી દે છે કે નાની વાતને પણ બોલીને બગાડી મૂકે છે. અને ત્યારે એની જીભ ઉપર થોડોક કાબૂ ન રાખ્યાનો એને વસવસો રહી જાય છે. એકવાર બોલ મોંમાંથી નીકળી ગયા પછી ગમે તેટલી માફી માગવા છતાંય એની જે શૂળ સામાના દિલમાં ભોંકાઈ હોય છે તે નીકળતી નથી. અને ત્યારે આવેશમાં કે વગર વિચાર્યું બોલી નાખવામાં ઉતાવળ, અણસમજ કે આવેશ માટે તો ધરાઈ ધરાઈ ને તેને પસ્તાવાનું જ હોય છે. એવું જ ભયંકર પરિણામ આવે છે કોઈક એવા આવેશમાં ક્રોધમાં કોઈને કાંઈક લખી વાળવાથી લખેલું વંચાય તેમ બોલેલું સંભળાય. એટલે જ બોલતાં પહેલાં, કાગળ પર એક અક્ષર પણ પાડતાં પહેલાં હજાર વિચાર કરવા પડે તો ય કરી લેવા પણ કોઈનું દિલ દુભાય, કોઈનું સ્વપ્ન તૂટી પડે એવું સંભળાવવા કે વંચાવવા આપણે ન ઇચ્છીએ. ન બોલ્યામાં નવ ગુણ જેવું સૂત્ર આપણને આ જ વાણીસંયમ શીખવે છે ને? સુખની વ્યાખ્યા આપણે ન જાણીએ તો ભલે પણ દુઃખની વ્યાખ્યા બીજાને દુઃખી કરીને જાણવાનો લેશ પણ આપણને અધિકાર નથી. આપણે દુઃખી થઈને ય બીજાના સુખને વધારીએ એમાં જ આપણું ભૂષણ છે. બધા સંયમની જેમ વાણીનો સંયમ પણ માણસને ઉચ્ચાસને બેસાડે છે એ વાતની કોઈ ના નહિ પાડી શકે.

★

દેસાઈ શા૦ મીરા

બુદ્બુદ *

ઝરણીને જલ-વહને
નાજુક બુદ્બુદ
તરલ તણાયે :
માયિક ને ક્ષણ-વતી હો યાત્રા
એવી મનીષા
સહજ વ્યક્ત થઈ જાયે !
નમણો એ બુદ્બુદ મુજ નયણે
કાજળ શો વસી જાયે,
દેહથી દૂર થનો ના ઘડી સહાયે...

ક્ષણ ભલો ક્ષણભંગુર એનો દેહ ટકાવે :
સૂરજનાં કિરણો ને રંગો
મેઘધનુના એમાં રમવા આવે,
ભીતર બેઠો ગાયક મારો
અંતરની વીણા પર એના ગીત મધુરાં ગાવે
ને મુજને બહેલાવે ! ...

તહીં અચિંત્યું આ શું માંડ્યું બનવા ?
મંડી શું સઢવળી હોડી
બુદ્બુદની ડગમગવા ?
સૂરજનાં કિરણો ને મેઘધનુના રંગો
નહિ આવે ફરી રમવા ?
એ બુદ્બુદે
દેખાડો દેવો 'તો તે દેવાઈ ગયો ?
સ્વપ્નોના કાપા કરવા 'તા
તે પણ આજ કરાઈ રહ્યા ?
બુદ્બુદનું અસ્તિત્વ આગવું
અરે ! અરે ! લોપાઈ રહ્યું ?
નિશ્ચલના મેં આરોપી 'તી શું ચંચલમાં ?
અંધકાર છવાયો કાં સ્થલસ્થલમાં ?
ગળી ગયો શું પળમાં ?
ભળી ગયું જળ જળમાં !
વ્યાપી રહ્યો સુનકાર સકલમાં !

★

'મિત્ર'

આશા

તડકો આ આકરો
અસહ્ય એ થનો જતો
તો ય તેને સહર્ષ વધાવતાં
વરસાદના આગમનની રાહ એનાં

—એમ જ જીવન મહીં
વિરહ સહેતાં આનંદથી
કે કદીક એક જ વાર હા
મિલન માણશું મધુરું અતિ.

પ્રા. ગોવિંદભાઈ પટેલ

ગોકુળ આવો તો

મારે ખોળે ઝુલાવું કા'ન, ગોકુળ આવો તો.
તને ઓછો ઓછો કરું બાળ, ગોકુળ આવો તો.

તારે કાજે ગોરસના ઘડુલા ભર્યા,
તારે કાજે આરતનાં વલોણાં કર્યાં,
તારે કાજે આદરની માળ, ગોકુળ આવો તો
મારે ખોળે ઝુલાવું કા'ન, ગોકુળ આવો તો.

પેલી પીનાંમરી ઊડી ઊડી જુએ,
પેલી કુંજગલી ભીની આંખ લુએ,
પેલી બંસીનાં ગુંજે ગાન, ગોકુળ આવો તો.
તને ઓછો ઓછો કરું બાળ, ગોકુળ આવો તો.

તને વઢી રૂખડે જરી બાંધી લઉં,
તારા રુદનમાં પ્રણવનાં ગીત લહું,
તારા મુખડામાં જોવાં બ્રહ્માંડ, ગોકુળ આવો તો.
તને હેતે હુલાવું કા'ન, ગોકુળ આવો તો.

*

નાથાલાલ દવાણી

ચાંદ નહીં એ કહાન છે!

કાજળકાળી રાત્રીએ,
કાલિન્દીના આ કાંઠડે,
તેજની બંસી બજાવે
ચંદ નહીં એ કહાન છે!

રાધિકા શી રોહિણી
ને ગોપ-ગોપિકા સમા
તારક અને કંઈ તારિકા,
શા તાનેમાં ગુલતાન છે!

*

રતિલાલ-અનિલ

આંખી છે?

સાંભળું છું, હું માનવી! તારી
પ્રાર્થના ને અઝાન—લાંબી છે!
તારા પોકારના ધ્વનિએ શું
સ્વાર્થની હદ છતાંય, આંબી છે?

*

કાન્તિ વડોદરીઆ

ભેટ

આપી તમે મંગલ ભેટ હીરા
માણેકની, કિન્તુ ન ભેટ માનું—
આભાસ એ માત્ર—ભલે ગણું છું
આભાર તોયે નવ હર્ષ હૈયે;
આશ્ચર્ય છો થાય, છતાંય હું તો
સ્વશક્તિના સર્જનસત્ત્વને જ
માનું ખરી ભેટ સ્વીકારવા સમી—
આવો અહીં: સર્જક કાવ્ય લાવે,
દાણા લઈને કૃષિકાર આવે
ને હોંશથી નાવિક છીપલાં ધરે,
ને ચિત્ર લાવે નિજ ચિત્રકાર કો',
સ્વહસ્ત ગૂંથ્યો ઉરની કણી સમો
રૂમાલ ઉષ્માભર પ્રેમિકા ધરે:
સ્વસત્ત્વાં સર્જન શી ન ભેટ કો'.*

*

*ઈમર્સન ઉપરથી

નવરચના

ડૉ એસ આર રાવ

સિન્ધુ ખીણ સંસ્કૃતિ

સિન્ધ અને પંજાબની બહારની સિન્ધુ-ખીણ સંસ્કૃતિ શોધી કાઢવા માટે કરવામાં આવેલા ખોદકામને પરિણામે મળી આવેલ છે આ અભ્યાસુ લેખમાં એ વિષયના અધિકારી અને ઉત્તર વિભાગના પુરાતત્વ ખાતાના સુપ્રિન્ટેન્ડન્ટે વિગત સભર વર્ણન કર્યું છે...

કેટલાક લોકોને એમ થશે કે ઇતિહાસકારો અને પુરાતત્વવિદો સિન્ધુ-ખીણ સંસ્કૃતિનાં શા માટે ગુણગાન ગાય છે? તેઓ વળી કદાચ એમ પણ પૂછશે કે ગોથન જેવું એકાદ બીજું સ્થળ ભારતના નકશામાં સ્થાન પામે તેથી વિશેષ લાભ શો થવાનો છે? આ સવાલો મહત્વના છે અને તેથી સંશોધન ખાતેની શોધખોળનો મર્મ સમજાવવાની જરૂર છે

છેક ઈ સ પૂર્વે ૨૫૦૦ના સમયમાં પણ સિન્ધુ-ખીણ સંસ્કૃતિના લોકો કાળજીપૂર્વક આયોજન કરવામાં આવેલા નગરોમાં રહેતા હતા મેલા પાણીના અને વરસાદના પાણીના નિકાલ માટે તેઓ રસ્તા ઉપર અને જમીનની અંદર ગટર બાંધતા હતા તડકામાં સૂકવેલી અને ભઠ્ઠીમાં પકવેલી ઇંટ વડે તેઓ આરામદાયક ઘરો બાંધતા પ્રત્યેક ઘરમાં સ્નાનગૃહ હોવા ઉપરાંત એઓ સાર્વજનિક સ્નાનગૃહો પણ બાંધતા તેમ નગરપાલિકા જેવું તંત્ર વિકસાવ્યું હતું જે તંત્ર ગટર અને મેલાની કૂંડીની વખતો વખત સાફસૂફી સંબંધમાં દેખરેખ રાખતું, તેઓ વ્યાપારનું નિયમન કરતા તેમણે ચોક્કસ ધોરણના વજનો બનાવ્યા હતા અને ચિત્રાત્મક લિપિ તૈયાર કરી હતી તેઓ સમૃદ્ધ અને શાન્તિપ્રિય તેમજ શિસ્તબદ્ધ હતા તેમણે કોતરણી, કલા શિલ્પકલા અને માટીના વાસણો ઉપર ચિત્રણ કરવાની કલા વગેરે લલિત કલાઓ વિકસાવી હતી

પરન્તુ આ મહાન સંસ્કૃતિનો કેવી રીતે અને ક્યાં ઉદ્ગમ થયો અને વિકાસ થયો તેમજ ભારતના અન્ય ભાગોમાં એ સંસ્કૃતિ ટકી રહી હોવાની કોઈ પણ નિશાનીઓ પોતાની પાછળ મૂક્યા વિના આ સંસ્કૃતિ સિન્ધુ-ખીણમાં જ શા માટે લુપ્ત થઈ ગઈ તે વિષે આપણે ખાસ કશું જાણતા નથી વળી ભારતમાં પશુપતિ માતા અને લિંગપૂજાની કેટલીક પ્રથાઓ આજે અસ્તિત્વમાં છે તેનો ખુલાસો કેટલીક ખૂટતી કડીઓને કારણે મળી શકતો નથી આ સંસ્કૃતિ જેમની હતી તે લોકો કોણ હતા તે વિષે આજે પણ આપણે કશું જાણતા નથી અને તેમની ચિત્રલિપિનો અર્થ સમજી શકાતો નથી આ ઉપરાંત ઈ સ પૂર્વે છઠ્ઠા સૈકામાં બૌદ્ધકાળની શરૂઆત થઈ તે સમય અને ઈ સ પૂર્વે ૫૦૦ જ્યારે સિન્ધુ-ખીણ સંસ્કૃતિનો લોપ થયેલો મનાય છે તે બે સમય વચ્ચેનો ગાળો પણ ભારતનો સળંગ ઇતિહાસ રચવા માટે પૂરવાનું જરૂરી છે

આવી સબળ સંસ્કૃતિ એકાએક કેવી રીતે નાબૂદ થઈ ગઈ? અને એક મહાન નાગરિક સંસ્કૃતિ નિર્માણ કરવામાં ભારતીય લોકોએ જે પ્રારંભકારક ભાગ ભજવ્યો હતો, તે પ્રવાહો કેમ ચાલુ ન રાખી શક્યા તે જો આપણે જાણીએ તો ઘણો લાભ થાય એમ છે આવી કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે વિદ્વાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે ૧૯૪૭માં દેશના ભાગલા થતા સિન્ધુ-ખીણ સંસ્કૃતિના બે નગરકેન્દ્રો હરપ્પા અને મોહન-જો-ડેરો પાકિસ્તાનના ફાળે ગયા તેથી સિન્ધુ-ખીણ સંસ્કૃતિના સ્થળો ભારતીય પ્રદેશમાં જ શોધી કાઢવાની મોટી જરૂરત ઊભી થઈ

કેન્દ્ર સરકારના પુરાતત્વ ખાતાએ સિન્ધુ ખીણની પૂર્વે અને દક્ષિણે આવેલા પ્રદેશોની આ હેતુસર પદ્ધતિપૂર્વકની મોજણી કરવાની એક યોજના તૈયાર કરી આ યોજનાના એક ભાગ તરીકે શ્રી ઘોષે રાજસ્થાનના ગંગાનગર જિલ્લામાં સરસ્વતી અને દૃષદ્વતીની ખીણોની મોજણી કરી અને ૧૯૫૦-૫૧માં ત્યાં હરપ્પા સંસ્કૃતિના ૩૦ સ્થળો શોધી કાઢ્યા આ સ્થળોમાં તરખાનવાલા બહુ મહત્વનું છે ડૉ શર્માએ પૂર્વ પંજાબના અંબાલા જિલ્લામાં રૂપર ખાતે ખોદકામ કર્યું અને તેમને જણાયું કે એ પણ હરપ્પા સંસ્કૃતિનું સ્થળ

હતુ તાજેતરમા તેમણે મિગન જિલ્લામા આનમગી રંગપુર ખાતે ખોદકામ કર્યું અને ત્યાથી તેમને માટીના વાસણો તેમજ હરપ્પા સસ્કૃતિના બીજા પ્રમાણો મળી આવ્યા

અહી મારે એ જણાવી દેવુ યોગ્ય છે કે હરપ્પા સસ્કૃતિ એ શબ્દો સિન્ધુ–ખીણ સસ્કૃતિના સૌથી વધુ વિકસિત તબક્કા માટે મે વાપર્યાં છે અને હવે પછી આપણે એ અર્થમા તેનો ઉપયોગ કરીશુ

સિન્ધુ–ખીણ સસ્કૃતિની દક્ષિણ સીમા ક્યા સુધી પહોચે છે, તે જાણવા માટે મે ૧૯૫૩–૫૪ મા સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામા ખોદકામ કર્યું હતુ અને ત્યા માટીના વાસણો, ઓજારો આયુધો, ઘરેણા વગેર હરપ્પીય વસાહતના ચોક્કસ પ્રમાણ મળી આવ્યા હતા આ પરિણામથી અમને પ્રોત્સાહન મળ્યુ હતું અને હરપ્પીય લોકોની સિન્ધથી સૌરાષ્ટ્ર તરફની દક્ષિણ દિશામાની યાત્રા દરમ્યાન તેમણે જે માર્ગ સ્થળોએ વસાહતો સ્થાપી હોય તો તે શોધી કાઢવા માટે કચ્છ, કાઠિયાવાડ અને દક્ષિણ ગુજરાતમા પદ્ધતિસરની વિસ્તૃત તપાસ કરવાની એક યોજના તૈયાર કરવામા આવી હતી

આ તપાસ સાર્થ નીવડી હતી અત્યાર સુધીમા હરપ્પીય વસાહતના ૬૦ જેટલા સ્થળો શોધી કાઢવામા આવ્યા છે અને તેમા લોથલ સૌથી મહત્ત્વનુ છે લોથલને લીધે હરપ્પા અને મોહન–જો–ડરોની ખોવાયેલી કડી મળી ગયેલી છે અહી ૧૯૫૫ મા ખોદકામ શરૂ થયુ હતુ જે તાજેતરમા પૂરુ થયુ છે અને એમાથી હરપ્પીય લોકોના દરિયાઈ વ્યાપાર અને દરિયાઈ પ્રવૃત્તિઓ સબધમા મહત્ત્વના પુરાવા સાપડ્યા છે આ ખોદકામનુ એક વિશેષ મહત્ત્વનુ પરિણામ તે ભારતના ઇતિહાસમાના અજ્ઞાત સમય (ડાર્ક એજ) ઉપર પડેલો પ્રકાશ છે આ સશોધનને પરિણામે ઇતિહાસના આ ગાળામા એક નવા પ્રકરણનો ઉમેરો થયો છે સશોધન ઉપરથી એમ જણાયુ છે કે હરપ્પીય સસ્કૃતિ સિન્ધુ–ખીણમાના તેના લોપ પછી પણ ૫૦૦ વર્ષ કરતા વધુ સમય સુધી અવનત દશામા સૌરાષ્ટ્રમા ટકી રહી હતી નર્મદા નદી ઉપર મહેશ્વ મા તેમજ મધ્ય હિન્દમા ઉદેપુર નજીક આહરમા અને પૂર્વ ખાનદેશમા બહાદરપુર અને દાઈમાબાદમા બૌદ્ધ સમય પહેલાની ઉત્તરકાલીન તામ્રઅશ્મયુગીન (ચાલ્કોલિથિક) સસ્કૃતિઓના જે અવશેષો મળી આવ્યા છે તેની સાથે સબધ જોડતા નવા અકોડા આ સશોધનને પરિણામે પ્રાપ્ત થયા છે હવે આપણે ભારતીય સસ્કૃતિમા ટકી રહેલી હરપ્પીય પરપરાઓ વિશે વધારે સારી રીતે ખુલાસો આપી શકીએ એમ છીએ

લોથલ એટલે ‘ મરેલા માણસોનો ટીંબો ’ આ સ્થળ ખભાતના અખાત નજીક અમદાવાદ જિલ્લામા સરગવાળા ગામ નજીક આવેલુ છે હરપ્પીય લોકો આ સ્થળ તરફ આકર્ષાયા તેનુ કારણ એ હતુ કે ત્યા સુરક્ષિત બારુ હતુ પાણી પણ વિપુલ પ્રમાણમા મળી શકે એમ હતુ અને દરિયામાથી ભોગાવો અને સાબરમતી નદીઓ મારફતે કપાસ અને ઘઉથી સમૃદ્ધ એવા પશ્ચાત્ પ્રદેશમા સહેલાઈથી પહોચી જવાય તેમ હતુ પરન્તુ રેલને લીધે નુકસાન થશે એ સમજી જઈને તેમણે આશરે દસ ફૂટ જેટલા ઊચા માટીના ચોતરા બાધ્યા હતા જેથી શહેરને સામાન્યત રેલની સપાટી જેટલે સુધી પહોચે તેના કરતા વધારે ઊચી જમીનની સપાટીનો લાભ મળે આમ છતા આ શહેરનો રેલરડે ચાર વાર નાશ થયો હતો અને બીજી વારની રેલ સૌથી વધુ વિનાશક હતી એના પરિણામે બે સાસ્કૃતિક તબક્કા વિશે જાણ્યુ થઈ છે એમાનો પૂર્વકાલીન તબક્કો આ સસ્કૃતિનો પૂર્ણ વિકસિત તબક્કો છે આ બે તબક્કા લોથલ એ અને લોથલ બી તરીકે ઓળખાય છે

નગરઆયોજનનો વિચાર કરીએ તો જણાશે કે લોથલ પાચ વિભાગોમા વહેચાયેલુ હતુ દક્ષિણ તરફના ભાગમા ધર્મ કે સંપ્રદાયનો વડો રહેતો હતો એનુ ઘર વિશાળ હતુ, અને તેમા ઘણા ઓરડા હતા બજાર કેન્દ્રસ્થ ભાગમા આવેલુ હતુ આ ભાગમા વચ્ચોવચ્ચ એક રસ્તો આવેલો હતો જેની બન્ને બાજુ

દુકાનો બાંધવામા આવી હતી આ દુકાનોમા તાંબાનુ કામ કરનારાની એક દુકાન અને છીપનાની બંગડીઓ બનાવનારની દુકાન પણ હતી વળી, બહારથી માલની આયાત કરનાર એક વ્યાપારી પણ અહી રહેતો હતો એના ઘરમાંથી સ્ટીએટાઈટની ત્રણ મુદ્રાઓ, સોનાના ૯ પેન્ડન્ટ, અને મેસેપોટામિયા ખાતેના સ્થળોમાથી મળી આવેલા માટીના વાસણો જેવા રંગેલા માટીનાં વાસણો તેમજ ચકમકની પતરીઓ અને પથ્થરના વજનો મળી આવ્યા છે ઉત્તરના ભાગમા અગ્નિપૂજા માટે બાંધવામા આવેલા કેટલાક માળખા મળી આવ્યાં છે પશ્ચિમના ભાગમા કારીગરો માટે રહેઠાણો અને મણકાને લગતી કારીગરી માટેનુ એક કારખાનુ આવેલુ હતુ બધા પાયેપાય વિભાગો પહોળા અને સીધા રસ્તાઓ વડે જોડાયેલા હતા શહેરની વાયવ્ય દિશાએ આવેલા સ્મશાનમાથી ૧૪ કબર ખુલ્લી કરવામા આવી છે એમાની ૩ કબરમા બબ્બે શબ દાટવામા આવ્યા હતા વરસાદનુ અને મેલુ પાણી જમીન ઉપરની તેમજ જમીનની અંદરની ગટરો મારફતે યોગ્ય સ્થળે વહાવી દેવામા આવતુ હતુ આ જાહેર ગટરો ખાનગી મકાનોના સ્નાનગૃહો સાથે જોડવામા આવી હતી ઘરો અને ખાનગી ગટરો બરોબર સીધી હારમા હતા એ હકીકત તેમજ ગટરમાથી કચરો ઉલેચવા માટેના બાકોરાની વ્યવસ્થા (જેથી ગટર પુરાઈ જતી અટકે) આ બન્ને બાબતો ઉપરથી એવુ સ્પષ્ટ થાય છે કે આરોગ્યરક્ષાને લગતા નગરપાલિકાના નિયમોનુ બરોબર પાલન કરાવવામા આવતુ હતુ

'લોથલ-બી' વડે સૂચવાતા સંસ્કૃતિની અવનતિના કાળમા બાંધકામો તકલાદી હતા અને રસ્તા પણ હારબંધ બાંધવામા આવેલા ન હતા જાહેર ગટર તો ભાગ્યે જ અસ્તિત્વમા હતી લોકો ગરીબ સ્થિતિમા હતા જિન્દગીની કંઈક સગવડો ભોગવવાની તેમની ગુંજાશ ન હતી

'લોથલ-એ'નુ એક મહત્ત્વનુ બાંધકામ તે એની ગોદી છે હરપ્પીય રાજ્યનુ ભઠ્ઠીમા પકવેલી ઈંટનુ એવુ આ યુગમા મોટુ બાંધકામ છે એનુ એકદર માપ ૭૧૦ ફૂટ (ઉત્તર-દક્ષિણ) અને ૧૨૦ ફૂટ (પૂર્વ-પશ્ચિમ) છે આ બાંધકામ લોથલના રહીશો માટે એટલુ બધુ આવશ્યક હોવુ જોઈએ કે જેથી તેમણે તેના બાંધકામમા ભઠ્ઠીમા પકવેલી ઈંટોનો ઉપયોગ કર્યો કે જે પ્રકારની ઈંટો પોતાના રહેણાક મકાનોમા વાપરવાનુ તો તેમનાથી પોસાતુ ન હતુ ત્યનુ પાણી ઘણુ ખારુ હોવાથી તેમજ પાણીની ચઢઉતર થતી સપાટી સુધી પહોંચવા માટે કોઈ ઢોળાવ કે પગથિયા રાખવામા આવ્યા ન હતા એ ઉપરથી એમ જણાય છે કે આ કોઈ તળાવ ન હતું કારણ કે ઉનાળામા જ્યારે પાણીની સપાટી નીચે જાય ત્યારે પગથિયા કે ઢોળાવ વિના માણસ કે જાનવરથી પાણી સુધી પહોંચી શકાય નહિ વળી, પીવાના પાણી માટે તો અનેક કૂવા પણ ખોદવામા આવ્યા હતા બીજે પક્ષે, કેટલીક સાબિતીઓ ઉપરથી એમ દેખાઈ આવે છે કે આ બાંધકામ ભરતી વખતે વહાણોને દાખલ કરવા માટે અને માલ ચડાવવા માટે અને ઉતારવા માટે કરવામા આવ્યુ હતુ હતુ પૂર્વ તરફ ધોરામા ૨૩ ફૂટ પહોળો ગાળો રાખવામાં આવ્યો છે જેમા ભરતી વખતે વહાણો લગભગ તેટલી જ પહોળાઈની એક ખાડી મારફતે દાખલ થઈ શકે દરિયો તે વખતે વધુ નજીક હતો વહાણો ભરતીના વખતે સાબરમતીના મુખમા થઈને ઉપરવાસ દિશામા માઈલ દોઢ માઈલ જતા જ લોથલ બંદરે પહોંચી જતા હતા અંદર દાખલ થવાના દ્વાર આગળ નીચી દિવાલને લીધે ઓટના સમયે પાણી ગોદીમા ભરાઈ રહેતુ અને દક્ષિણના ધોરામા પાણી જવા માટેની ખાડી રાખવામા આવી હતી તેમા થઈને ભરતીનુ વધારાનુ પાણી વહી જતુ વધારાનુ પાણી વહી જવાની ખાડીના મુખ આગળ લાકડાનો દરવાજો ગોઠવવા માટે પાડેલા ખાંચા જોવામા આવે છે અને ખાડીની બાજુની દિવાલોની અંદરના બાકોરામાથી લાકડાના બળેલા ટુકડા મળી આવ્યા છે નૈઋત્ય દિશામા આગળ ચાલતા આ ખાડી તેની નીચેના ખડકમા અત્યારની સપાટી કરતા ૧૮ ફૂટ જેટલી ઊંડી ખોદેલી છે આ ખાડી મારફતે ભરતી

ખાતનું ગોદીનું વધારાનું પાણી જે નહિ પસાર થતું તું પાણી પણ વહાણી દેવામાં આવતું હતું. આ ભાગ ગોદી તરીકે વપરાતું હતું, તેની એક બીજે ગલો તે ૮૦૦ ફૂટ લાંબો અને ૪૦ ફૂટ પહોળો મેવો એ ધક્કો (લોડીંગ પ્લેટફોર્મ) છે. આ ધક્કો પશ્ચિમ બાજુના ધોરાની લગોલગ બાંધવામાં આવ્યો. અહીં વહાણો લાંગરવાના થાંભલાના હાટના ભાગના બાંધેરા અને શંકુ આકારના કાણાવાળા પથરા (એન્કર સ્ટોન) પણ મળી આવ્યા છે. મળી આવેલી બીજી એક રસપ્રદ વસ્તુ તે ફૂવાસ્થળ માટેની વ્યવસ્થા સહિતના વહાણનો એક તેરાકોટાનો બનાવેલો નમૂનો છે.

પાનિક લોકો જ્યાંથી ડાંગથી ગોદી નજીક વહાણની આતાની પૂજા કરતા આવ્યા છે. એ હકીકત પણ એમ સૂચવે છે કે લોથલ પ્રાચીન કાળમાં એક બંદર હતું. આજે પણ ખંભાતના અખાતમાંથી સાબરમતી નદીના મુખમાં થઈને વહાણો મોટી બારુ સુધી પહોંચે છે. સાબરમતીનું મુખ લોથલથી માત્ર ત્રણ માઈલ દૂર છે. લોથલથી લગભગ ૨ માઈલ છેટે આવેલા મોટા કમાં ભરતી વખતે એક ફૂટ જેટલી ચડે છે. લોથલની ગોદી અત્યારે ભાવનગર નજીક બાંધવામાં આવેલી ગોદી કરતા વધારે મોટી અને વધારે સારી હતી. ધોધામાં આજે પણ ભાતાના ધોરાવડે બાંધી આરબનાવવામાં આવેલી ગોદીમાં ભરતી વખતે હોડીઓ દાખલ થઈ શકે છે. પણ પાણી રોકી રાખવા માટે દીવાલ બાંધેલી ન હોવાથી ઓટ વખતે હોડી કાદવમાં ખૂંપી જાય છે. પણ જો લોથલમાં પ્રોટામાં આવી છે તેવી ખાડી (સ્પિલ ચેનલ) હોય તો વધારાનું પાણી તે ખાડી મારફતે વહી જાય.

લોથલ ભારતના પશ્ચિમ કાંઠા ઉપર એક મુખ્ય બંદર હોવાથી ત્યાંથી એક વખતે મેસોપોટેમિયાના અને સિન્ધુ-ખીણ સંસ્કૃતિના શહેરો સાથે અને બીજે પક્ષે દક્ષિણ ગુજરાતના નાના બંદરો સાથે બહોળો વેપાર ચાલતો હતો. લોથલમાંથી હાથ અથવા બારૂગની સપાટી ઉપર ચોકડી રંગીન ચિતરણવાળા અને 'રિઝર્વ સ્લીપ ટેકનિક' નામની પદ્ધતિ મુજબ ચિતરણવાળા માટીના વાસણના જે ટુકડા મળી આવ્યા છે, તે મેસોપોટેમિયામાંની ઉરુક અથવા ઉરમાંથી મળી આવેલા ટુકડાઓ સાથે મળતા આવે છે. તીણા નાક અને ચોરસ જેવી દાઢીવાળી એક તેરાકોટાની પ્રતિમા સુમેરિયન પ્રવાસીઓનો ખ્યાલ આપે છે. લોથલમાંથી તેરાકોટાની બનાવેલી, અને પશુ જેવી માનવ આકૃતિઓ મળી આવી છે તે ઉર ખાતેની પૂર્વકાલીન તેરાકોટા આકૃતિઓ સાથે મળતી આવે છે. સિન્ધુ-ખીણ સંસ્કૃતિની મુદ્રાઓ ઉર ખાતે પણ મળી આવી છે અને તાજેતરમાં શ્રી જ્યોફ્રે બહેરિન ટાપુઓમાં કરેલા સંશોધન દરમ્યાન પણ આવી મુદ્રાઓ મળી આવી છે. આ બધા પ્રમાણો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે ઈ. સ. પૂર્વેની ત્રીજી અને બીજી સહસ્રાબ્દિમાં મેસોપોટેમિયા સાથે લોથલને વ્યાપારી સંબંધ હતો.

લોથલના સોનીઓ મણકા બનાવનારા તથા કાનીગરી કરનારા નાની આકૃતિઓ ઘડનારા અને મૂર્તિઓ ઘડનારાઓ તેમની કલા માટે અત્યંત પ્રશંસાપાત્ર છે. ચીડીના અને સોનાનો હાર કાચની બનાવેલી કૂતરા અને બળદની મનોહર આકૃતિઓ, સુંદર ચિતરણવાળા માટીના પાત્રો ઘેટાં, બળદ ગાય ઘોડા, વાંદરા અને માનવની આબેહૂબ તેરાકોટા આકૃતિઓ અને

[અનુસંધાન ૬૨મા પાન ઉપર]

'સમયના ક્ષીર–નીર'નું લખાણ ટપાલમાં આવી શકયું નહિ હોવાથી આ અંકમાં મૂકી શકાયું નથી.

—સંપાદક

'ધૂમકેતુ'

અશ્વત્થામા

મહાભારતનાં દરેક પાત્રો એક કથા છે. આ પહેલાં આવેલી એવી કેટલીક કથાઓથી વાચકો પરિચિત છે. એવી જ એક વધુ પાત્રકથા આ વખતે મહાભારતના વિરાટ ભંડારમાંથી અહીં આપણને નવલિકા પીરસે છે, જે દરેકને એકસરખી રુચશે ..

ગુરુ દ્રોણાચાર્યનો ઘરસંસાર અજબ જેવો હતો. પોતાની પાસે વિદ્યાનો પાર નથી, ઘરમાં ગરીબીનો પાર નથી. પોતે ધારે તો એક પળમાં અનેક રાજમુગટો રોળી નાખે. પણ પોતે કોઈ દિવસ ધનુર્વિદ્યાનો એવો ઉપયોગ કર્યો નથી.

પણ એ આખો દિવસ ધનુર્વિદ્યાનું જ શાસ્ત્ર લઈને બેઠા રહે. એમાં અનેક અવનવા પ્રયોગો કરે. અનેક મંત્રો સિદ્ધ કરે. અનેક નવી રીતો શોધી કાઢે. પણ જેવી એ કોઈ સમજણની વાત આવી, કે એમની બુદ્ધિ કંઈ કામ જ કરે નહિ. એમને થાય કે માણસ આ દુનિયામાં શું જોઈને આ સોનારૂપાની પાછળ ઘેલા કાઢતો હશે? એમાં એ શું નવું મેળવે છે? એમાં પરાક્રમ શું? એમાં એને નવું આવડયું શું?

પણ એક વખત તો એનો પુત્ર અશ્વત્થામા બેઠો રડે. દૂધ માટે રડે ઘરમાં દૂધ મળે નહિ. માતા કૃપીએ ચોખાના ઓસામણમાંથી એને દૂધ જેવું તો કરી આપ્યું, પણ ભાઈને એ ભાવે નહિ. એટલે બેઠા બેઠા રડે

ગુરુ દ્રોણના કામમાં ખલેલ પડી ને એ આવ્યા.
'અરે! આ અશ્વત્થામા કેમ રડે છે? શું છે એને?'

'એને દૂધ જોઈએ છે!' કૃપીએ કહ્યું.

'તે આપો ને, દૂધ આપો. એમાં શું?'

'હું એ જ રાહ જોઉં છું...' કૃપી બોલી, 'આપણી એક ગાય ઘણું ચરવા ગઈ છે. આવે એટલે એને દૂધ જ દૂધ આપી દઈશ. ત્યાં સુધી આ મેં તૈયાર કર્યું છે એ પી લે એમ કહું છું, તો માનતો નથી. રડે છે!'

'તમે શાનું દૂધ તૈયાર કર્યું છે?'

'અરે! ચોખાનું ઓસામણ છે ને દૂધ જેવું આ દૂધ જ દૂધ છે. બધા ગરીબોનું એ સાચું દૂધ છે!....'

દ્રોણાચાર્ય આ સાંભળીને ઊંડા વિચારમાં પડી ગયા. બીજું તો ઠીક, પોતાના છોકરાને દૂધ પણ ન મળે? આ સંસાર કેવો? આ રાજ કેવાં? આ વિદ્યા કેવી?

બસ, એ તો બીજે દિવસે જ ઘરમાંથી ચાલી નીકળ્યા.

ચાલતા ચાલતા એ ગયા રાજા દ્રુપદ પાસે. દ્રુપદ ને એ સાથે ભણેલા. એ રાજા થયે. પોતે ધનુર્વિદ્યાના અભ્યાસમાં ખુવાર થઈ ગયા. ધનુર્વિદ્યા તો એવી મહેનત કરી કે જેવી આખા ભારતવર્ષમાં કોઈની પાસે મળે નહિ. પણ વિદ્યા વેચાય નહિ. ને એની મેળે ઘેર બેઠાં વિદ્યા લેવા કોઈ આવે નહિ. એટલે એ વિદ્વાન છતાં ગરીબ રહ્યા. ને ગરીબ છતાં—ભારે સ્વમાની રહ્યા. વિદ્યા તો મફત આપું—બીજી રીતે નહિ

એ દ્રુપદ રાજાના દરબારમાં ગયા. બંને સાથે ભણ્યા હતા. દ્રુપદ રાજાએ એને એ વખતે કહ્યું હતું કે હું રાજા થાઉં, ત્યારે પાંચાલ

દેશમાં તમે આવજો. મારાથી થશે તે કામ કરીશ.

રાજાના આ વચન ઉપર વિશ્વાસ મૂકીને દ્રોણાચાર્ય ત્યાં ગયા.

દ્રોણાચાર્યે જઈને એને વાત કરી. પણ રાજા તો બધું ભૂલી ગયેલો. કોણ તું ને કોણ હું, એવી વાત થઈ દ્રોણાચાર્યે તો આ જોઈને મનમાં એ જ વખતે પ્રતિજ્ઞા લઈ લીધીઃ 'આનો ગર્વ ન્તે ઉતારું નહિ તો હું દ્રોણાચાર્ય નહિ! અને તે પણ મારા શિષ્યો મારફત. મારે આવવાની જરૂર નહિ.'

પણ હવે દ્રોણાચાર્યે હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. ત્યાં એના સંબંધી કૃપાચાર્ય રહેતા હતા. કૃપી આ કૃપાચાર્યની બહેન હતાં.

ત્યાં જઈને એમણે રાજકુમારોને ધનુર્વિદ્યા શીખવવાનો વિચાર કર્યો. કૃપાચાર્ય એની વિદ્યા જાણે. પણ બીજા કોઈને આ ગરીબ બ્રાહ્મણ મહા ધનુર્ધર છે, એ ખબર નહિ. એટલે દ્રોણાચાર્યને આમ તો રાજકુમારોના ગુરુ કોણ બનાવે? પણ એમણે એક વખત એવો અદ્ભુત પ્રયોગ કરી બતાવ્યો કે બધા એ જોઈને છક્ક થઈ ગયા.

વાત એમ બની હતી કે રાજકુમારો રમત કરતા હતા. ત્યાં એમની સોનાની વીંટી કૂવામાં જઈ પડી.

હવે આ વીંટી કાઢવી શી રીતે? કોઈને કાંઈ ગતાગમ પડે નહિ.

દ્રોણાચાર્ય ત્યાંથી અચાનક જ નીકળ્યા. અને ત્યાં બધા રાજકુમારોને ભેગા થયેલા જોઈને તપાસ કરી.

રાજકુમારોએ વાત કરી. ગુરુ દ્રોણાચાર્ય બોલ્યાઃ 'તમને કોઈ સાચો ગુરુ ગજ્યો લાગતો નથી. જુઓ વીંટી તો આમ કઢાય' એમ કહીને એમણે એક દર્ભની સળી મંત્રીને કૂવામાં નાખી. પછી બીજી નાખી, પછી ત્રીજી. કૂવામાંથી પોતે ઊભા હતા ત્યાં સુધી આ સળીઓની એક હાર થઈ ગઈ. ને વીંટી એને ચોંટી ગયેલી, તે એમણે બહાર કાઢી આપી!

રાજકુમારો તો આ શક્તિ જોઈને છક્ક થઈ ગયા. પછી તો એ રાજકુમારોને ધનુર્વિદ્યા શીખવવા માટે રહ્યા.

દ્રોણાચાર્ય હસ્તિનાપુરમાં ધનુર્વિદ્યા શીખવાડે છે, એ વાત દેશવિદેશ ફેલાઈ, ને બીજા પણ અનેક કુમારો ત્યાં આવવા મંડ્યા.

જ્યારે આ રાજકુમારોની શિક્ષા પૂરી થઈ ત્યારે તેમણે ગુરુદક્ષિણા માટે ગુરુ દ્રોણાચાર્યને કહ્યું.

ગુરુ દ્રોણાચાર્યના દિલમાં તો પેલું અપમાન બેઠું હતું. એમણે દ્રુપદરાજાને બંધન કરીને હસ્તિનાપુરમાં લાવવાનું માગ્યું.

ગુરુ જેવા ગુરુ એક વાત ભૂલી ગયા. પોતે જે વાત કરી તે વાતે તો વેરનો એક એવો અગ્નિ પ્રગટાવ્યો કે એ અગ્નિમાં બધું તો ભસ્મ થઈ ગયું...પણ ગુરુનું પોતાનું તો સર્વસ્વ ગયું. દ્રુપદરાજા બંધનમાં મુકાયો. હસ્તિનાપુરમાં આવ્યો. ગુરુની ક્ષમા માગી. અરધું રાજ ખોયું. માનભંગ થયો. રાજ્યમાં પાછો ગયો.

પણ એના મનમાં એણે પણ વેર રાખ્યું. ગુરુને હણે એવો પુત્ર મને મળે. એ માટે ભલે

તપશ્ચર્યા કરવી પડે કે રાજ છોડવું પડે. વેર આગળ ચાલ્યું.

એનો એ પુત્ર થયો—એનું નામ ધૃષ્ટદ્યુમ્ન. હવે આ વેર આગળ વધે છે. મહાભારતનું યુદ્ધ થયું. ગુરુ દ્રોણાચાર્ય એમાં ખરા. એમણે યુદ્ધ પણ જેવું તેવું ન કર્યું. એ યુદ્ધમાં એમણે અભિમન્યુ જેવા વીરને હણ્યો.

પણ અભિમન્યુ તો અર્જુનનો પુત્ર અર્જુન એ વખતે બહારના કોઈ સાથે યુદ્ધમાં રોકા યેલો. એ વખતે દ્રોણાચાર્યે ચક્રવ્યૂહની રચના કરી. કોઈ ચક્રવ્યૂહ ભેદવાનું જાણે નહિ. એક અર્જુન જ એ વાત જાણે. ગુરુ દ્રોણે એને એકને જ એ વિદ્યા આપેલી. એટલે આ સાત કોઠાની સૈન્યરચનામાં જે લડવા જાય તે એવો ફસાય કે એમાંથી નીકળ્યો નીકળે.

અભિમન્યુ અર્જુનનો પુત્ર. એને આ ચક્રવ્યૂહ ભેદતાં આવડે. એ વિષે એ કાંઈક જાણે. એટલે એને આગળ કરીને પાંડવોએ યુદ્ધ આગળ ચલાવ્યું. પણ એમાં અભિમન્યુ હણાયો.

અર્જુન બહારના યુદ્ધથી પરવારીને આવ્યો ખબર પડી કે અભિમન્યુ હણાયો છે. અને હણનાર સિંધુરાજ જયદ્રથ છે અર્જુને પ્રતિજ્ઞા કરી. કાલે સાંજ પહેલાં કાં જયદ્રથ નહિ, કાં હું નહિ. સાંજ પહેલાં જયદ્રથને હણું નહિ, તો હું જીવતો બળી મરું.

આ વાતની કૌરવોને ખબર પડી. એટલે, એમણે તો જયદ્રથને જ એવી રીતે ગેબ કરી દીધો કે એનો પત્તો જ લાગે નહિ

પણ છતાં છેવટે જયદ્રથને હણીને, અર્જુન પોતાની પ્રતિજ્ઞા પાળે છે.

હવે આવા આ મહાભારતના ઘોર યુદ્ધમાં ગુરુ દ્રોણાચાર્યે ભાગ લીધેલો. પણ ગુરુનો એકને એક પુત્ર અશ્વત્થામા ઘોર યુદ્ધમાં અશ્વત્થામા નામનો કોઈનો હાથી હણાયો. પણ સૌએ બૂમરાણ કરી મૂક્યું કે અશ્વત્થામા હણાયો! અશ્વત્થામા હણાયો!

ગુરુ દ્રોણાચાર્ય એ સાંભળીને ઘડીભર સ્તબ્ધ થઈ ગયા.

શું પોતાનો પુત્ર હણાયો છે? એને તો કોઈ હણે નહિ એમનો એકનો એક પુત્ર—એ હણાય તો જીવનમાં પછી રહ્યું શું? પછી આ યુદ્ધ શું? પછી જીવવું શું?

પણ બૂમરાણ કરનારા ખોટું બોલતા હોય તો! સૌથી મોટો અવાજ એમાં ભીમનો સંભળાય ને એ વારંવાર મોટેથી બોલે, 'અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો!'

આમાં સાચું શું?

પાંડવોમાં યુધિષ્ઠિરની કીર્તિ એવી કે સારે ગમે તે થાય, એ કદાપિ એક અસત્ય શબ્દ બોલે નહિ

એટલે ગુરુ એને પૂછવા ગયા

ગુરુએ જઈને યુધિષ્ઠિરને પૂછ્યું કે અશ્વત્થામા હણાયો છે એ સાચું?

હવે આ પળ ખરેખરી કસોટીની આવી. અશ્વત્થામા હણાયો છે એવો આઘાત જો ગુરુને લાગે, તો ગુરુ દ્રોણાચાર્ય પછી હથિયાર જ છોડી દે! ગુરુને પોતાના એકના એક પુત્ર ઉપર એવો પ્રેમ.

યુધિષ્ઠિર આ જાણે. પાંડવો જાણે. બીજા પણ જાણે. ગુરુ દ્રોણાચાર્ય એવું તો ભીષણ યુદ્ધ

કરતા હતા કે જો આમ ને આમ બે દિવસ પણ એ યુદ્ધ લંબાય તો થઈ રહ્યું ! પાંડવો જીતી રહ્યા, એમનું સૈન્ય પણ જીતી રહ્યું !

એક એક એવી વાત ગુરુની પાસે છે કે એ વાતનો તાગ લેતાં આ આંખો ઊંડે જાય. ગુરુ એવાં શસ્ત્ર છોડે છે કે સેંકડો હજારોને હિસાબે યોદ્ધાઓ રણમાં ઢળી પડે છે.

એ વખતે સૌએ યુધિષ્ઠિરને કહ્યું કે, જો ગુરુ હથિયાર નહિ છોડે, તો આ યુદ્ધ પાંડવો નહિ જીતે.

અને ગુરુ જો અશ્વત્થામાના મૃત્યુ સમાચારો સાંભળશે તો જ હથિયાર છોડશે. માટે આજી લપનછપન વિના કહી જ દો કે અશ્વત્થામા હણાયો છે. ને અશ્વત્થામા હણાયો જ છે નાં ?

ભલે અશ્વત્થામા હાથી હણાયો છે, પણ આપણને તો ગુરુ સવાલ, આ પૂછે છે કે અશ્વત્થામા હણાયો છે ? ને આપણે જવાબ આપવો છે કે હા, અશ્વત્થામા હણાયો છે.

આ કપટવાણીના આધાર વિના બીજો કોઈ જ ઉપાય ન હતો.

રાજા યુધિષ્ઠિર એ વખતે એ કસોટીમાંથી પાર ન ઊતરી શકયા.

આપણે ગુરુના સવાલનો જવાબ વાળ્યો : 'હા અશ્વત્થામા હણાયો છે,' ને પછી પોતાનું મન મનાવવા, બહુ જ ધીમેથી પોતે જ સાંભળે તેમ બોલ્યા, 'નરો વા કુંજરો વા' એટલે કે નર કે કુંજર ! કુંજર એટલે હાથી. ગમે તે હોય.

ત્યારથી ભાષામાં કહેવત પડી ગઈ 'નરો વા કુંજરો વા' એટલે જાણતા હોઈએ છતાં ન જાણતા હોય તેમ વર્તવું, એ નરો વા કુંજરો વા ! પણ ગુરુ દ્રોણાચાર્યે એ સાંભળીને તરત શસ્ત્ર છોડી દીધાં. અને પોતે જાણે કાંઈ ન હોય તેમ સમાધિમાં બેસી ગયા. એમને પ્રાણત્યાગ કર્યો હતો..

પણ એ વખતે ધૃષ્ટદ્યુમ્ને એમને હણી નાખ્યા.

પેલા વેરનો અગ્નિ આગળ વધ્યો. મહાભારતનું યુદ્ધ તો પૂરું થયું. પાંડવો જીત્યા. કૌરવો હાર્યા પણ ગુરુ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાના દિલમાં, એ મહાભારત કરતાં પણ મોટું મહાભારત હવે શરૂ થયું.

એને ક્યાંય ચેન નથી. આરામ નથી. મનમાં શાંતિ નથી.

દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને જે રીતે એના પિતાને હણ્યા—એ વાત સાંભળીને એના રોમે રોમમાં વેરનો અગ્નિ પ્રગટયો છે.

એને થાય છે—હવે તો હું ઘોર વેર લઉં કે—જેમાંથી કોઈ દિવસ કોઈ ઊંચે આવી શકે જ નહિ. પછી કોઈ વેરનું નામ જ લઈ શકે નહિ.

મહાભારતનું યુદ્ધ પૂરું થયું, છેલ્લું યુદ્ધ ભીમ અને દુર્યોધને—ગદાયુદ્ધ કર્યું. એમાં દુર્યોધન પડયો. મર્યો નહિ પણ એની જાંઘ ભાંગી ગઈ હતી. તે હવે આજકાલ હતો. ગદાયુદ્ધનો નિયમ કે કમરની નીચે ઘા કરવાનો નહિ પણ ભીમે તો દુર્યોધનને જાંઘ ઉપર ઘા કરીને મૃતપ્રાય કરી નાખ્યો. એ ધર્મયુદ્ધ ન હતું પણ બીજી બાજુ ભીમની પ્રતિજ્ઞા હતી, દુર્યોધનની જાંઘ ભાંગી નાખવી.

એટલે એના મનથી એ વાત બરાબર હતી. પણ અશ્વત્થામાએ એ વાતમાંથી જ પોતાનું વેર વાળવાનું નક્કી કર્યું. તે રણભૂમિમાં રાજા દુર્યોધનની પાસે ગયો. જઈને એને કહ્યું : 'હું બધા જ પંડવોને હણી નાખું. ધૃષ્ટદ્યુમ્ને મારા પિતાને હણ્યા છે. અન્યાયથી હણ્યા છે. એનું વેર મારે લેવાનું છે માટે મને તમે આજ્ઞા આપો.'

દુર્યોધને એ જ વખતે, એને સેનાપતિ તરીકે નીમ્યો એટલે કે યુદ્ધ જાણે આગળ ચાલ્યું. પણ હવે તો ત્યાં લડવાવાળા કોણ હતા ?

અશ્વત્થામા, એના મામા કૃપાચાર્ય, અને કૃતવર્મા દ્વારકાનો મહાન સેનાપતિ, એ ત્રણ જણ. હવે યુદ્ધ આગળ કેમ ચલાવવું એનો વિચાર કરવા એક વૃક્ષ નીચે ગયા.

ત્યાં વિચાર કરતાં કરતા રાત પડી ગઈ. પણ સૈન્ય નહિ. કોઈ મહાન રણયોદ્ધો નહિ. કોઈ વ્યૂહ નહિ. અને યુદ્ધ આગળ ચાલે શી રીતે ? ચલાવે કોણ ? એટલે એમણે જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા દુર્યોધનને આશ્વાસન તો આપ્યું હતું કે, યુદ્ધ આગળ ચાલશે, પણ હવે એમને માટે ઘણું ભારે થઈ પડી સામે જોએ તો એક ઘડી પણ યુદ્ધ ચાલે નહિ સામે અર્જુન હતો. આંહી કોઈ ન હતું. ગુરુ દ્રોણ ગયા. ભીષ્મપિતામહ ઢળી પડયા કર્ણ પડયો. દુર્યોધન જીવન મરણમાં હતો. કોણ હતું ? કોઈજ ન હતું.

યુદ્ધ લડે કોણ ? ચલાવે કોણ ? સૈન્યને દોરે કોણ ? સૈન્ય કોના નામે ઉત્સાહ પામે ? અને સૈન્ય હતું કયાં ?

એટલે એ વિચારમાં ને વિચારમાં સંધ્યા પડી ગઈ. રાત આવી. આકાશમાં તારા નીકળ્યા. બધે અંધકાર થઈ ગયો.

પણ માણસનું મન કેવું અજબ છે ? જ્યારે જે રંગ પકડયો કે એ રંગમાં, એ રંગાઈ જાય. અશ્વત્થામાના મને વેરનો રંગ પકડયો હતો. એને તો વેર લેવું હતું. પાંડવોને હણવા હતા. દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદી, દ્રૌપદીના પુત્રો, એ બધા જ એના અરિ હતા. એમને હણવા હતા. એવામાં આ અંધકારમાં એક ચમત્કાર બન્યો. ચમત્કાર તો કાંઈ નહિ, હમેશાં બને છે એવી વાત જ બની. પણ અશ્વત્થામાના મનને, એ વાતે નવી જ દિશા સૂઝાડી દીધી. જાણે એ ઘટનાએ એને કહી દીધું કે વેર લેવાવાળા, આમ લે છે !

એવું ત્યાં શું બન્યું હતું ?

જે વૃક્ષ નીચે એ ગુપચુપ ઊભો હતો, ને સૈન્ય વિના, સેનાપતિ વિના, યુદ્ધ વિના, યુદ્ધ લીધા વિના, પાંડવો કેમ હણાઈ જાય, એનો વિચાર કરતો હતો. ત્યાં એ વૃક્ષની ઉપર, કાગડાઓનો માળો હતો. કાગડા ત્યાં નિરાંતે રાત ગાળે. અત્યારે પણ એ બધા નિરાંતે સૂતા હતા. બધી સીમ સૂઈ ગઈ હતી. જળ પણ જંપી ગયાં હતાં.

જાગતા હતા, માત્ર આ ત્રણ જણા કારણ કે એમના મનમાં વેરની ધૂન હતી !

વેરના જ વિચાર એમને આવતા હતા. એ વખતે આ નિરાંતે સૂતેલા કાગડાઓ ઉપર એક ઘૂવડ આવી ચડયું.

એણે તો આવીને તરત કાગડાઓને એક પછી

એક પીંખવા જ માંડયા. કૌ કૌ થઈ પડયું. પણ ઘૂવડ તો કાંઈ ન હોય તેમ, એમને અંધારામાં પીંખતું જ રહ્યું એ અંધારામાં જોઈ શકે.' કાગડાઓ માટે તો અંધારુ એ અંધારું. એટલે એ બધા ટપોટપ મરવા માંડયા!

અશ્વત્થામા તો આ જોઈ જ રહ્યો. એના મનમાં કૈંક વિચારો આવી ગયા. તેણે આ વાતમાંથી તરત જ પોતાનો રસ્તો શોધી લીધો. કુદરત પણ માણસને એ જ વાત આપે છે, જે વાત માટે માણસનું મન તૈયાર હોય છે! અશ્વત્થામાને આમાંથી વૈરની પ્રેરણા મળી. વૈર કેમ લેવાય તે સૂઝયું.

તેણે તરત કહ્યું: 'મામા! આપણું કામ પતી ગયું સમજો. આજ રાત્રે પાંડવો નહિ હોય પાંચાલો પણ નહિ હોય. દિવસ ઊગ્યે દુર્યોધન રાજા, આનંદ પામશે. આપણે ચાલો. વાત મળી ગઈ.'

કૃપાચાર્યે કહ્યું: 'પણ શું વાત મળી ગઈ છે અશ્વત્થામા?'

'આ જ. જે આંહીં બની તે!' અશ્વત્થામાએ કહ્યું: 'સૂતા હોય ત્યાં, બધાને હણી કાઢીએ. ચાલો!'

'હેં? અશ્વત્થામા! યુદ્ધ વિના એમને હણી કાઢવા? અને તે પણ ઊંઘતા હોય ત્યારે? એ તો રાક્ષસ પણ ન કરે. તો તો આપણામાં ને ખૂનીમાં ફેર શું?'

'આપણામાં ને ખૂનીમાં ઘણો ફેર મામા! તમે સમજો નહિ. ખૂનીનો મહાન પિતા ન હોય. મહાન પિતા હોય તો એને આમ વિશ્વાસઘાતથી હણનારા કોઈ ન હોય. વિશ્વાસઘાતનો બદલો વિશ્વાસઘાત. ચાલો!'

'અરે! પણ અશ્વત્થામા! આપણે રૌરવ નરકમાં પડીશું!'

'નરક મળશે, મૃત્યુ પછી મામા! અને આપણે તો જીવતાં વૈરનો આનંદ લઈ લેશું. ચાલો, હવે વેદિયાવેડા કરો માં. વખત બહુ ઓછો છે!'

અશ્વત્થામાએ તો તરત જ પ્રયાણ પણ કર્યું. કૃતવર્મા કૃપાચાર્ય પણ એમની પાછળ ચાલ્યા. એ સેનાપતિ હતો.

અશ્વત્થામાએ આડે અવળે માર્ગે પાંડવોની છાવણીમાં પ્રવેશ કર્યો. યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું. પાંડવોનો વિજય થયો હતો. અઢાર અઢાર દિવસનો થાક હતો હવે યુદ્ધ કરવાપણું હતું નહિ. એટલે તમામ જે જ્યાં તે ત્યાં, ગાઢ નિદ્રામાં ગમે તેમ પડયા હતા.

હવે યુદ્ધ છે નહિ—એ નિશ્ચિંતતાથી સૌ ગમે તેમ લોટી ગયા હતા.

અશ્વત્થામા તો ધૃષ્ટદ્યુમ્નના શયનમંદિર પાસે જ આવી પહોંચ્યો. ત્યાં પણ સૌ હવે અ-સાવધ હતા.

અશ્વત્થામાએ અચાનક જ હુમલો કર્યો અને જે આવે તેને હણવા જ મંડયો. દ્રૌપદીના પાંચ નાના પુત્ર આંહીં સૂતેલા. એ દોડતા આવ્યા અશ્વત્થામાએ એમને હણી નાખ્યા.

મોટું રમખાણ મચી ગયું. હાહાકાર થઈ ગયો. જે સામે આવ્યો તે શિકાર જ છે—એવી જ વાત અશ્વત્થામાએ રાખી. પછી સામે આવનાર, ગમે તે હોય!

અશ્વત્થામા આમ ભયંકર સંહાર કરીને છટકી ગયો. કૃતવર્મા કૃપાચાર્યે આગ લગાડી દીધી હતી. એટલે તો કોઈને શું કરવું, કોને પકડવો, કાંઈ સૂઝતું જ ન હતું.

પ્રભાત થતાં થતાંમાં તો ત્રણે જણા, દુર્યોધન પાસે પહોંચી ગયા.

કેવો સંહાર થઈ ગયો હતો. તે વાત કરી. કોઈ પ્રખ્યાત યોદ્ધો જીવતો રહ્યો ન હતો. હવે જીવતા રહ્યા પાંડવો—અને પોતે ત્રણ. ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, પાંડવોના પુત્રો, બીજા અનેક યોદ્ધાઓ બધાને એમણે હણી નાખ્યા હતા.

એ સાંભળીને દુર્યોધને શાંતિથી પ્રાણ છોડ્યા! જાણે એનું વેર પૂરુ થયું હોય! અશ્વત્થામાએ આ મહા સંહાર કર્યો છે એ ખબર પડતાં, તો સવારે પાંડવોના શિબિરમાં હાહાકાર થઈ ગયો!

દ્રૌપદીનું રુદન તો દેખ્યું જાતું નથી. કોઈ મળે નહિ. કોઈ જીવતો રહેતો ન હતો. માત્ર અભિમન્યુની પત્ની ઉત્તરા—એને જો પુત્ર જન્મે, તો પાંડવોનો એ વારસ. બાકી કોઈ વારસ મળે નહિ! વારસ કુમારો સાફ થઈ ગયા હતા.

અશ્વત્થામાને, અર્જુને પાછળ પડીને પકડી તો પાડયો—પણ હવે શું? એને હણવાથી પણ શું? રૂદન કરતાં દ્રૌપદી પાસે એને આણ્યો પણ દ્રૌપદીએ ગદ્ ગદ્ કંઠે કહ્યું: 'એની માને એ એકનો એક છે. વળી ગુરુપુત્ર છે. વળી બ્રાહ્મણ છે. એનાં કર્યાં એ ભોગવશે, એને છોડી દો!' દ્રૌપદી એ વખતે જાણે માતાનું હૈયું ધારી રહી.

અશ્વત્થામાને અર્જુને છોડી મૂકયો. પણ એનું ઘણું ઘણું અપમાન સૌએ કર્યું.

પણ એને પોતાના ઘોર કામનો બદલો વિચિત્ર રીતે મળ્યો છે!

એને મૃત્યુ નથી. એ ભટકયા જ કરે—ભટકયા જ કરે! ઘોર ભયંકર રણમાં—જંગલમાં એ ભટકયા જ ફરે! કૃષ્ણે એને આવો શાપ દીધો હતો.

અને એ કઈ સ્થિતિમાં ભટકે? એને માથે માખીઓ બણબણતી હોય, લોહી વહેતું હોય, એ પળે પળે મૃત્યુ માગતો હોય ને મૃત્યુ કયાંય દેખાતું ન હોય!

એને મરવું હોય. પણ એને માટે મૃત્યુ ન હોય. એનાથી મરાતું નથી.

આ છે, એના ઘોર કર્મનો બદલો. વૈરનો વારસો!

★

કારપીયન સમુદ્રમાં તાજેતરમાં એક નવો ટાપુ દેખાયો છે. આ ટાપુ લગભગ ૨૫૦ થી ૩૦૦ મિટર જેટલો પહોળો છે સમુદ્રના કાંઠાથી એ લગભગ ૧૯૦ કિલોમિટર દૂર છે. કારપીયન સમુદ્રના પેટાળમાં એક એવો જ્વાળામુખી પર્વત છે કે જેમાથી લાવાને બદલે માટી નીકળે છે એ પર્વતના ફાટવાને કારણે આ ટાપુ ઉદ્ભવ્યો છે -
આ ટાપુની બીજી ખૂબી એ છે કે છેલ્લાં સાઠેક વર્ષમા આ ટાપુ વારંવાર દેખાય છે અને પછી પાણીમાં ડૂબી જાય છે સૌથી પ્રથમ તો છેક ૧૯૯૮મા આ ટાપુ દેખાયો હતો પછી સમુદ્રના મોજાંથી ધોવાઈને એ અદ્દશ્ય થઈ ગયો હતો ફરી એ ૧૯૩૦મા દેખાયો હતો અને પાછો અદ્દશ્ય થઈ ગયો હતો. ત્યારબાદ ૧૯૫૨માં એ દેખાયો હતો અને એ જ પ્રમાણે લુપ્ત થઈ ગયો હતો.
ત્યારબાદ ફરી આ વર્ષે એ ટાપુ દેખાયો છે.

ઈશ્વર પેટલીકર

વિજયનું સુખ

જીવન એ કુરુક્ષેત્ર છે. એમાં કેવળ બહાર જ યુદ્ધ આપવાનું હોય છે તેવું નથી. કુટુંબની અંદર તો પોતાની જાત સામે યુદ્ધ આપવાનું હોય છે. જે પોતાની જાત સામે યુદ્ધમાં જીતે છે તે જ વિજયનું સાચું સુખ પામે છે એ સમજાવતો પત્રોત્તરાત્મક આ લેખ છે,...

[હાલ મારી ઉમ્મર ૩૫ વર્ષની છે. પરંતુ જ્યારે મારું લગ્ન થયેલું ત્યારે લગ્નને યોગ્ય સમજનો અભાવ કહી શકાય. લગ્ન પછી તરત જ પત્નીની સાથે અણબનાવના પ્રસંગો ચાલ્યા કર્યા. જેમ જેમ સમજ આવતી ગઈ તેમ તેમ માનસિક અંતર ખૂબ જ વધતું આવ્યું તે ત્યાં સુધી કે આજથી પાંચ વર્ષ પહેલાં એક છોકરી સાથે પ્રેમમાં પડ્યો. અમે બંનેએ બહાર ચાલ્યાં જઈને લગ્ન કરી નાખવાની તૈયારી પણ રાખેલી. પરંતુ એ યોજના પાર પડે તે પહેલાં છોકરીનાં માબાપને ગંધ આવી ગઈ.
બાદ બે વર્ષ સુધી તો કશી સૂઝ જ પડી નહિ. દુઃખનું ઓસડ દહાડા એ ન્યાયે એ અસરો કાંઈક જ ઓછી થઈ. પણ સોબતનો અભાવ કાયમ સાલ્યા કરતો હતો. નવી જગા શહેર નથી કે મારા વતન જેવો કસ્બો પણ નથી, પરંતુ પાંચેક હજારની વસ્તીવાળું મોટું ગામ છે. અહીં એક પાત્ર સાથે પ્રસંગમાં આવ્યો. પરંતુ એ મનોરથ પણ આ માગશર મહિનામાં ભાંગીને ભુક્કો થઈ ગયા. એના વડીલોએ એનાં લગ્ન લીધાં. મને આ ઘાથી કાયમ આપઘાતના વિચારો આવ્યા કરે છે. આપઘાત નથી કરી શકતો ફક્ત એક જ કારણે કે મારી ભૂલના પરિણામે મેં ત્રણ જીવોને આ પૃથ્વી ઉપર ઉતાર્યાં છે. જેમના ઉછેરની અને તેમને સંપૂર્ણપણે ઠેકાણે પાડવાની જવાબદારી મારી છે. જેમાંથી હું છટકી શકું નહિ. મારી પત્ની સાથે મારે ક્યારેય મનમેળ થઈ શક્યો નથી અને મનમેળ થઈ શકશે કે કેમ, એ શંકાની વાત છે.

કોલેજ અને શાળાકાળ દરમિયાન હું જે પ્રવૃત્તિમાં ભાગ લેતો હતો, એ મારો ઉત્સાહ અને ધગશ આજે સાવ લુપ્ત થઈ ગયાં છે. જીવન એક ઘસડમોળો થઈ પડ્યું છે. બીજા પાત્રની ખોજમાં મારો આશય વિષયવાસનાથી બિલકુલ પર રહેવાનો છે.
આપની સલાહ માગું છું કે મારી આ Opposite Sexની ભૂખ વ્યાજબી છે કે કેમ? આપ તો કહેશો કે વ્યાજબી નથી, છતાં આપ જરૂર સમજી શકતા હશો કે તે છતાં પણ એ ભૂખ હમેશાં રહેવાની. તો હવે એને-માટે બે રસ્તા રહ્યા (૧) એ ભૂખ ભાંગવાનો ઉપાય અને (૨) એ ભૂખ ખોટી ભૂખ છે એ સચોટ દલીલથી મને સમજાવવાનો.
માનસિક દર્દ ખૂબ પીડા કરે છે અને હજુય આ લખું છું ત્યારે આપઘાતના વિચારો તો ચાલુ જ છે. આપના 'ધૂપસળી' પુસ્તકના વાચનમાંથી ફક્ત શરીરથી જીવવાની પ્રેરણા મેળવી શક્યો છું.]

કોલેજનું શિક્ષણ લીધેલા યુવકોને પોતાનું રૂઢિથી થયેલું લગ્ન સુખ નથી આપતું ત્યારે એનો દોષ એ કાચી ઉમ્મરે થયેલા લગ્નમાં જુએ છે, પત્નીના ઓછા ભણતરમાં જુએ છે, સ્વભાવદોષ અને મનના અમેળમાં જુએ છે. ઘણા યુવકો કોલેજકાળ દરમિયાન પ્રેમમાં પડી પ્રેમિકા સાથે ,પરણવાની મહેચ્છા પણ સેવતા હોય છે. કોઈ કોઈ એવા પ્રેમથી પરણી શકે છે તો કોઈ કોઈ ઉચ્ચ શિક્ષણ લીધેલી યુવતી જ્ઞાતિમાં હોવાથી તેને પરણી શકે છે. પરંતુ મોટા ભાગને તો વગર પરિચયે પ્રેમ સિવાય, પોતાનાથી ઓછું ભણેલી અગર અભણ છોકરી સાથે પરણવાનું મળે છે. સ્ત્રી વર્ગને સમાજે પછાત રાખ્યો છે અને છોકરાઓ જેટલી છોકરીઓની કેળવણીનું પ્રમાણ નથી ત્યાં સુધી એ સ્થિતિ અનિવાર્ય પણ છે.
ઉપરના ટૂંકાવેલા પત્રમાં પણ યુવકની એ મનોદશા જોવા મળે છે.। એમનું લગ્ન થયું ત્યારે સમજનો

અભાવ હતો તે, પત્ની સાથેનો અણબનાવ અને માનસિક અંતર વધતું ગયું તે કારણ જણાવ્યાં છે. આ અસંતોષમાંથી એમને બીજી સ્ત્રી તરફનું જેને આકર્ષણ કહી શકાય તે શરૂ થયું છે. એકમાં નિષ્ફળતા મળતાં બીજું પાત્ર ગોત્યું અને તેય ચાલ્યું જતાં આજે એ આપઘાત સુધીની નિરાશાએ પહોંચ્યા છે અને સાથે સાથે એ પત્ની સાથેના સંબંધથી ત્રણ બાળકોના પિતા થયેલા છે અને ચોથાના થવાની તૈયારીમાં છે. આ કારણે એમનું મન આપઘાત કરતાં પાછું પડે છે. એ એમની વિચારસરણી જેમ સમજભરી છે, તેમ એથી આગળ વધી એમણે પરસ્ત્રીના આકર્ષણથી અલિપ્ત રહેવા પણ એટલા જ દૃઢ મનોબળથી કોશિશ કરવી જોઈએ.

એક બીજાના નિકટના પરિચયમાં આવી પ્રેમભાવના જાગ્યા પછી પુખ્ત ઉંમરે પરણવાનું પ્રાપ્ત થાય તે સ્થિતિ જરૂર આવકારપાત્ર છે. રૂઢિના આજના લગ્ન કરતાં એ સ્થિતિ સારી નથી તેમ ઉતારી પાડવાની કોઈ જરૂર નથી. પરંતુ એવા પ્રેમલગ્નથી પરણનારના મનમાં કંઈ પ્રશ્ન ઊભા નહિ થાય અને તેમને અસંતોષ નહિ જન્મે તેમ માનવાનું કોઈ કારણ નથી. આ પત્રમાં દુખી લગ્ન અંગે જે કારણો યુવકે જણાવ્યાં છે તે પ્રેમલગ્નમાં પણ બનવા એટલો જ સંભવ રહેવાનો છે. સમજથી પરણેલો યુવક જ્યારે આમ દુખી થાય છે ત્યારે એ પણ કહેતો હોય છે કે આજે જેટલી પૂરી સમજ છે, તેટલી તે વખતે નહોતી. એવા લગ્નમાં અણબનાવ અને માનસિક અંતર પડવાનું એવું જો ન હોત તો પશ્ચિમમાં જ્યાં પ્રેમ થયા પછી લગ્ન થાય છે તે બધાં સુખી લગ્નો હોત અને કોઈને ફરિયાદ કરવા જેવું ન હોત. પરંતુ ત્યાં છૂટાછેડાનું પ્રમાણ આપણા કરતાં વિશેષ છે, તે બતાવે છે કે કેવળ પ્રેમલગ્નથી પ્રશ્ન પતી જતો નથી.

ફિલસૂફ, તત્ત્વચિંતક અને રાજકારી આગેવાન શ્રી સી. રાજગોપાલાચારી 'પ્રેમ અને લગ્ન' એ વિષયની ચર્ચા કરતાં લખે છે કે 'લગ્ન થયું એટલે બધું પતી ગયું એમ માનવું તે મૂર્ખાઈ છે. ખરું કુરુક્ષેત્ર લગ્ન પછી જ આવે છે. એ પ્રેમલગ્ન હોય કે રૂઢિલગ્ન હોય, સાચું યુદ્ધ તો પછી જ ખેલાય છે! એ યુદ્ધમાં તમે જીતો નહિ ત્યાં સુધી સુખી નથી. માનસિક શુદ્ધિ સામેના કેટલાય પડકાર આપણે ઝીલવાના હોય છે. શું મહોલ્લામાં કે શું ગાડીમાં, શું સભામાં કે શું સામાજિક મિલનોમાં, દરેક એવી ઘણી વ્યક્તિઓના પરિચયમાં આવે છે કે જે પ્રેમને યોગ્ય હોય છે. આવા વખતે પોતાની પરિણીત પત્નીને ત્યજવાના વિચારોય મનમાં જન્મશે. આવા સમયે દરેકે કટિબદ્ધ બની આવા સૌ શત્રુઓને ડામવા જોઈશે.'

આ યુવકે પત્ની અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે, તેવું જ્યારે મનમાં આવે ત્યારે પત્નીના સ્વભાવદોષની પાછળની જે ભાવના રહી છે તે જોવાનો પ્રયત્ન કરવામાં આવે તો પુરુષ સ્ત્રીના પ્રત્યેની વફાદારી સમજશે. એ જ વિષયની ચર્ચામાં શ્રી રાજગોપાલાચારીએ જુવાન મિત્રોને સંબોધી કહ્યું છે: 'જુવાન આદમી! એક જુવાન છોકરી માબાપનું ઘર છોડી પત્ની તરીકે તારે ઘેર આવે છે, તેનો તેં કદી વિચાર કર્યો છે ખરો? તદ્દન અજાણ્યા ઘરમાં એ આનંદપૂર્વક પ્રવેશે છે તેમાં એ કેટલી હિંમત દાખવે છે? તારા પર એણે પોતાની શ્રદ્ધા કેટલી છે. પરિણીત જુવાને આ વાતનો ખ્યાલ કરવો ઘટે છે. આટલી હિંમત અને નિર્ભયતા કોઈ પુરુષે દાખવ્યાં છે ખરાં? પુરુષને આ હિંમત ને આત્મસમર્પણનો એક વખત ખ્યાલ આવી જાય તો એ એના પ્રત્યેની પોતાની ફરજ સમજી જશે.'

આ યુવકને પત્ની તરફની ફરજ ઊભી નથી થઈ, પણ બાળકો તરફની ફરજ ઊભી થઈ છે. એ જવાબદારીને લીધે એ આપઘાત ન કરતા હોય તે તે પૂરતું નથી. એણે એવું જીવવું જોઈએ કે જે બાળકોને પણ પ્રેરણારૂપ બને. એ ફરિયાદ કરે છે કે પત્ની પ્રેરણારૂપ બની શકે તેમ નથી, પરંતુ એ પોતે પત્ની માટે પ્રેરણારૂપ બની શકે તેવું જીવન ગાળ્યું નથી તેનું શું? પ્રેરણારૂપ કેવળ પત્નીએ બનવાનું છે અને પતિએ નહિ!

પત્ની તો વિકાસ પામતી નથી એમ માનીએ પણ પતિએ તો વિકાસ સાધ્યો છે. એ સ્થિતિમાં પ્રેરણારૂપ બની શકે તેમ વફાદારીપૂર્વક જીવવાની એની ફરજ નથી શું ? એ સ્ત્રી માટે જ નહિ પણ પોતાના ભાગે માટે પણ એ જરૂરી છે

પતિ અને પત્ની એકબીજાના પ્રેરણારૂપ બની શકે તો સોનામાં સુગંધ ભળી ગણાય પરંતુ એવી આદર્શ સ્થિતિનો પ્રેમ પામવો એ દોહ્યલું છે જેમને લગ્નમાં પ્રેમ લાધે છે અને તેને વશ થઈને એ પરણે છે, તેમાંથી અપવાદરૂપ જ યુગલ એક બીજાને પ્રેરણારૂપ બની રહે છે બાકી બીજાને તો ઓછેવત્તે અંશે એકબીજાના સ્વભાવદોષ નિભાવી લેવાના હોય છે, વફાદારીની ફરજને લીધે એ નિભાવી લેવાની જેમ જેમ ટેવ પડતી જાય તેમ તેમ એ સ્થિતિ એવી સ્વાભાવિક બની જાય કે એ પોતે પણ તેને નભાવી લે છે, સહી લે છે, એ ખ્યાલ જ એના મનમાંથી નીકળી જાય છે અને સાથી અંગે ફરિયાદ રહેતી નથી

સાથી તરફથી પ્રેરણા મળે તો હરખવા જેવું છે તેમ પ્રથમ કહ્યું, પણ જો ન મળે તો માણસની શક્તિ કુંઠિત થઈ જાય છે તેમ માનવું એ અસંતોષની અને નિરાશાની નિશાની છે સોક્રેટીસ જેવાએ આખી જિંદગી પ્રચલિત પોકળ [illegible] તેનું મિશનરી કામ વેઠ્યું અને સત્તાનો ખોફ વહોરીને કર્યા કર્યું અને છેવટે એ સત્કામ બદલ સ્થાપિત સરકારે ઝેરનો પ્યાલો આપીને મૃત્યુદંડની સજા ફરમાવી, તે પણ એણે હસતે મોઢે સ્વીકારી. મૃત્યુદંડની છેલ્લી રાત્રિએ એનો શિષ્ય જેલના દારોગાને ફોડીને એને ભગાડી જવા આવ્યો. એને પોતાના દેશથી દૂર બીજા દેશમાં લઈ જવા વહાણ પણ લંગારેલું તૈયાર હતું. પરંતુ પોતે જે સત્ય માટે જીવ્યો હતો, તે જ સત્ય માટે એણે મોતને પણ એટલું જ [illegible] માન્યું અને ઝેરનો પ્યાલો પીને એ મૃત્યુ પામી અમર થયો આ પ્રેરણા એને કોણે આપી ? એની પત્ની તો ભારે કજિયાળી હતી એ એની સાથે લડવા માગતી, પણ સોક્રેટીસ એવો ઉત્પાત મચાવતો નહિ એટલે એ એને ઉશ્કેરવા એંઠું પાણી એના ઉપર ઢોળતી ! ત્યાં સોક્રેટીસ ફક્ત એટલું હસી કાઢતો—'મને ખાતરી જ હતી કે વાદળાં ગાજતાં ગર્જે છે એટલે વરસ્યા વગર નહિ રહે !'

સોક્રેટીસ તો મહાન વિભૂતિ હતો તેનો દાખલો સામાન્ય માણસને કામ ન આવે તેમ માની લેવામાં આવે, તો આ યુવકનો જ દાખલો છે એણે કહ્યું છે કે શાળા કૉલેજમાં તે અનેક પ્રવૃત્તિઓ કરતો હતો, અને આજે તે નથી કરતો અને પત્ની પ્રેરણારૂપ નથી તેને કારણ માને છે પરંતુ એ પ્રવૃત્તિ વિદ્યાર્થીકાળમાં કરતો ત્યારે પત્નીની પ્રેરણા નહોતી, છતાં એ કેમ બની શક્યું હતું ? એ પ્રેરણા કોણ આપતું હતું— માબાપ, વિદ્યાર્થીમિત્રો કે શિક્ષકો કે અંતરનું બળ ? આજે એ સૌ એક યા બીજા રૂપમાં મોજૂદ છે છતાં કેમ આમ બન્યું ? અંતરનું બળ હણાઈ ગયું. કોણે હણ્યું ? પત્નીએ ? ના, યુવકે પોતે લગ્નની વફાદારીમાંથી જે બળ મેળવવું જોઈતું હતું, તે ન મેળવ્યું. પ્રેરણાના ભ્રમમાં પડી એણે બીજી સ્ત્રી પ્રત્યે જે આકર્ષણ અનુભવવા માંડ્યું, તેનું એ પરિણામ છે પત્નીના સહવાસમાંથી એને જે ન મળ્યું તે એણે જીવનની પ્રવૃત્તિઓમાંથી મેળવી લેવું જોઈતું હતું માણસને જો નિઃસ્વાર્થ પ્રેમમાં જ આનંદ હોય તો આ યુવકે શિક્ષક તરીકેના પોતાના જીવનને લીધે પોતાની શક્તિઓ એમાં ખર્ચી વિદ્યાર્થીઓનો એવો પ્રેમ પ્રાપ્ત કર્યો હોત, પરંતુ એવો કોઈ [illegible] સાધ તેનો રસ્તો લેવાને બદલે યુવકે એ નિષ્ફળ જાય તો બીજી સ્ત્રી સાથેના પ્રેમનો રસ્તો લીધો અને એ વખતે તેમાં નિષ્ફળતા જતાં જતાં ગયું વધુ એને દેખાતી નથી એની પાછળ વાસનાનો હેતુ નથી તેમ એ માને છે પરંતુ એ શી રીતે શક્ય છે ? જેને પોતાની પત્ની પ્રત્યે આદરનો અભાવ અસંતોષ છે તે સંજોગોમાં બીજી સ્ત્રી પ્રત્યેનું આકર્ષણ [illegible] પત્ની પ્રત્યે પ્રેમભાવ હોય તો પણ આવો સંબંધ કોઈ વખત ભયજનક બને છે, તો આમાં શી રીતે એ નિર્ભય

રહી શકે? આપણાં સ્થાયી લગ્નોનો પાયો, જો કોઈ હોય તો વફાદારી છે અપવાદરૂપ પ્રસંગને બાદ કરીએ તો પ્રેમભાવનામાં વધારો થયા વગર નહિ રહેવાની પરંતુ લગ્નને ટકાવી રાખવામાં જરૂરી છે તે વફાદારી યુવકે પોતાના લગ્નમાં તે બતાવી નથી એટલે આજે એ સુખી નથી

લગ્નમાં વફાદારીનું કેટલું મોટું સ્થાન છે તેનો ખ્યાલ આપતાં પશ્ચિમના સમાજશાસ્ત્રી શ્રી અબ્રાહમ સ્ટોન લખે છે કે 'મારા પચ્ચીસ વર્ષના આ વિષયના અભ્યાસ અને લગ્નવિષયક બાબતોના સલાહકાર તરીકેના અનુભવના આધારે કહું છું કે બિનવફાદારીથી લગ્નની ગાંઠ ક્યારેય મજબૂત બનતી નથી વળી આવા જાતીય સંબંધમાંથી સ્ત્રી કે પુરુષ તન કે મનનો સાચો સંતોષ મેળવતાં જ નથી લગ્નના સાથીને આવા સંબંધની જાણ ન હોય તો યે આવો સંબંધ હાનિ જ કરે છે કારણ કે આવા સંબંધને ગુપ્ત રાખવા જૂઠાણાંઓનો આશ્રય લેવો પડે છે તે ખુલ્લો પડી જશે તેવા ભયે એ જીવ્યા કરે છે અને ગુનાની લાગણી એના અંતરમાં રહ્યા કરે છે જેના પરિણામે પતિ અને પત્ની વચ્ચેનું અંતર ઉત્તરોત્તર વધતું જાય છે અને છેવટે બંને વચ્ચે એક અભેદ દિવાલ ઊભી થઈ જાય છે જ્યારે આવો જાતીય સંબંધ છતો થઈ જાય ત્યારે લગ્ન ભાંગી પડે છે

અને કુટુંબના બાળકો પર આની અસરનો વિચાર કરીએ તો જોવા મળશે કે વિસ્મય લજ્જા ખેદ ગ્લાનિ, સનસનાટી અને એવી ચિત્રવિચિત્ર કંઈક લાગણીઓ એ અનુભવતાં હોય છે પોતાની માતા કે પિતાની જાતીય જીવનની એવી વાતોથી બાળકોનાં મન પર ઊંડી અને કાયમી અસર રહી જાય છે એક છોકરી જ્યારે ૧૧ વર્ષની હતી ત્યારે તેણે પોતાની માતાને પરપુરુષની બાથમાં જોઈ હતી એ બનાવ એ છોકરીને સોળ વર્ષ સુધી એવો ડંખતો રહ્યો કે લગ્ન અને કુટુંબ જીવનમાંથી એની શ્રદ્ધા જ ઊડી ગઈ સત્તાવીસ વર્ષની એ યુવતીએ મારી સલાહ માગતી વખતે મને આ વાત કરી હતી '

યુવકે પોતે અનુભવ્યું છે કે બિનવફાદારીથી એ સુખી થઈ શક્યો નથી થઈ શકે તેવી ભ્રમણામાંથી નીકળી જઈને એની સમક્ષ એના સર્જનનું જે ચાર બાળકોનું કુટુંબ છે તેમાં એ રસ લેતો થશે અને એમના પ્રત્યેની ફરજને સ્વીકારી વફાદારીપૂર્વક એ જીવશે તો એ ચેતન ભરી સૃષ્ટિ એને પ્રાપ્ત થશે. પત્નીના સ્વભાવદોષ અને એની મર્યાદા બાદ કરતાં એ બિનવફાદાર હોય તેની ફરિયાદ નથી પત્નીમાં જે સ્વભાવદોષ અને મર્યાદા છે તે પોતાનાં બાળકોમાં ન આવે તેવા ઘડતરમાં યુવક પોતાનો જીવનરસ વાળી દેશે તો એ બાળકો પ્રેમથી નવરાવીને એને તૃપ્ત કરી દેશે શ્રી ગાંધીજીએ કહ્યું તેમ જીવન એ કુરુક્ષેત્ર છે એમાં કેવળ બહાર જ યુદ્ધ આપવાનું હોય છે તેવું નથી કુટુંબની અંદર તો ખુદ પોતાની જાત સામે યુદ્ધ આપવાનું હોય છે જે પોતાની જાત સામે યુદ્ધમાં જીતે છે અને ચંચળ વૃત્તિઓને તાબે ન થતાં સંયમના હાથમાં પોતાની લગામ સોંપે છે તે અંતે વિજય પામે છે યુવક પણ લગ્નની વફાદારીનો સંયમ પાળી પરસ્ત્રીના આકર્ષણથી મુક્ત થશે તો વિજયનું સુખ પ્રાપ્ત કરશે.

★

જે ભાગની ચામડી બળી ગઈ હોય ત્યાં સામાન્ય રીતે જીવતી ચામડી ટાંકી દેવામાં આવે છે આ કામ માટે જોઈતી ચામડી એ દરદીના શરીરના બીજા ભાગમાંથી લેવામાં આવે છે અથવા બીજા કોઈ સાજા માણસના શરીર પરથી લેવામાં આવે છે
પણ સોવિયેત સર્જનોએ એવી ટેકનિક શોધી કાઢી છે કે જેથી મરેલા માણસની ચામડી પણ આ કામમાં લઈ શકાય એ ટેકનિકથી સાચવેલી ચામડી લાંબા સમય લગી બગડયા વિના રહી શકે છે
છેલ્લા દસ વર્ષમાં લેનિનગ્રાદની એક સંસ્થાએ આ રીતે સાચવેલી ૩૦૦૦૦ ચોરસ મિટર ચામડી દાઝેલા દરદીઓ માટે આપી છે

પન્નાલાલ પટેલ

ગાંડી ભેંસ

જગતમાં માણસ ઉપરથી વિશ્વાસ ઘટતો જાય તો દુનિયામાં કોઈ કોઈનું કામ ન કરે. અને એમાં તો આખી માનવજાતને નુકસાન થઈ બેસે એ સમજાવતી આ વાર્તા આપણા એક અચ્છા વાર્તાનવલકારની કલમનો કસબ છે, એટલે મહત્ત્વની છે…

ટેબલ આગળ બેસી કાગળ ઉપર બે-ચાર આંકડા પાડી માથું ખંજવાળતા બેઠેલા સંઘવી સાહેબ પાસે ખચકાતાં ખચકાતાં આવી નોકરે કહ્યું:

'સાહેબ, પિલાજી દૂધવાળો આવ્યો છે.'

'શું છે એને વળી. કે' કે કાલે આવે.'

સાહેબ હમણાં કંઈક ધૂંધવાયેલા છે એ જાણવા છતાંય પિલાજી ઉપરની એમની લાગણી અને મહેરબાનીના હિસાબે નોકરે કહ્યું: 'સાહેબ, કે' છે જરૂરનું કામ છે.'

સંઘવી સાહેબને એવો તો ગુસ્સો આવ્યો! બરાડી ઊઠ્યા: 'અરે પણ મેં તને…' પણ ત્યાં તો જે રીતે અલેક્ઝાન્ડર પેલા તોફાની ઘોડા ઉપર છલંગ મારીને સ્વાર થઈ ગયો હતો એ રીતે સંઘવી સાહેબે ગુસ્સા ઉપર સ્વાર થતાં લગામરૂપી જબાન પકડી ખેંચી. ને ગળાનું વોલ્યુમ મીડિયમ ઉપર મૂકતાં નોકર સામે જોઈને બોલ્યા: 'એને કે' કે સાહેબ હમણાં બહુ કામમાં છે એટલે સાંજે—નહિ તો કે' કે કલાક પછી આવે.'

ને પછી વાવાઝોડાથી છિન્નભિન્ન થઈ ગયેલા ટેલિફોનના તાર સરખા પેલા વિચારોને વ્યવસ્થિત કરવાનો એ પ્રયત્ન કરી રહ્યા. પરંતુ હજુય પિલાજી તરફી દિલ ચણચણતું હતું. તો મન વળી ગુસ્સો કરવા બદલ પસ્તાઈ રહ્યું હતું.—

સંઘવી સાહેબ એક રીટાયર્ડ પ્રાધ્યાપક હતા ને ગાંધીવાદના ઘણા સારા ઉપાસક હતા. એ ભાગ્યે જ કદી ગુસ્સે થતા. પણ આજે કલાક પહેલાં આવેલી ટપાલમાં વડોદરામાં દાક્તરીનો ધંધો કરતા દીકરાનો કાગળ આવ્યો એમાંની વિગત જાણીને એ વ્યગ્ર થઈ ગયા હતા. એમાં વળી દીકરાને શો જવાબ લખવો એ સૂઝતું નો'તું. ને ત્યાં જ આ નોકરે આવીને ડખલ કરી ને પિલાજીએ મળવા માટેની વળી છૂટ પકડી! પછી ગુસ્સો તો આવે જ ને?

દીકરાએ લખ્યું હતું: 'મેં મુંબઈ કાકાને કહી રાખ્યું હતું કે કોઈ સેકન્ડહેન્ડ મોટર સારી હાલતમાં હોય ને સસ્તામાં મળતી હોય તો મને જણાવશો. આ પછી મહિનામાં એમણે મોટર રાખ્યાની મને ખબર આપી. આ ખબર મળ્યાને પંદરેક દિવસ થયા હશે ને પરમ દિવસે મુંબઈ ગયો હતો. પણ મેં જોયું તો એમણે મારા માટે જે મોટર રાખી છે એ—(અહીં હું એ સિમિલી (ઉપમા) વાપરવાનો અવિવેક એટલા માટે કરી રહ્યો છું કે એ સિવાય બીજા શબ્દોમાં તમને આબેહૂબ ખ્યાલ આપી શકાય એમ નથી.) કોઈ ઘરડી સ્ત્રીને સુંદર કપડાં પે'રાવ્યાં હોય એના જેવી છે. ને કિંમત પણ ભાગ્યે જ કહીએ તો દોઢી તો છે જ છે. કાકા કે' છે કે મેં તો મોટરની સાત હજારની કિંમત ચૂકવી પણ દીધી છે. પણ હું આવા ખોટા પૈસા આપીને આ ખટારો લેવા માગતો નથી. એટલે હું એમને ના કહીને વડોદરા પાછો આવતો રહ્યો છું. આ કાગળ તમને હું એટલા માટે લખું છું કે કાકા આ વિષે તમને લખશે જ, એટલે તમારે એમને લખી દેવું કે આ રીતે ખોટી કિંમત આપીને ઉપરથી મૂરખ બનવા એ માગતો નથી.' વગેરે।

આ વાંચીને સંઘવી સાહેબ વિમાસણમાં પડી ગયા હતા. કારણ અઠવાડિયા પહેલાં જ મુંબઈથી કાકાના દીકરા ભાઈનો કાગળ હતો એમાં એમણે સાધારણ સમાચારરૂપે લખ્યું હતું કે તાત્કાલિક પૈસાની ગરજવાળા એક સરોડિયાની સારી હાલતની મોટર મેં દીનુભાઈ (સંઘવી સાહેબનો પુત્ર) માટે સાત હજારમાં રાખી લીધી છે.

એટલે એમ થાય આ ભાઈના હિસાબે પૈસાની ગરજવાળા માણસ પાસેથી મોટર સસ્તામાં મળતી હતી માટે તરત પૈસા આપી ખરીદી લીધી એમ હતું જ્યારે દીકરાના હિસાબે એ ઘણી મોંઘી પડી હતી માટે એ મોટર પોતે સ્વીકારતો નથી એમ છે ને એટલે એ વિમાસણમાં પડી ગયા હતા 'આનું હવે થાય શું?' —

ત્યાં જ નોકરે પિનાકીના આવ્યાની ખબર આપી ને એમાં પડી એને મુલાકાત આપવાની જાણે ટેવ પડી

પિનાકી એમનો દૂધવાળો હતો એટલું જ નહિ પણ કેટલેક અંશે એ એમનો આશ્રિત સરખો હતો કારણ સઘવી સાહેબ એને ઢોર લેવા-દેવામાં જરૂર પડે તો સો-બસોનો ઉછીઉધાર કરતા હતા તેમાંય આ ચોમાસામાં તો એને સાડાચારસો રૂપિયા એકીસાથે આપ્યા હતા આ વાતને હજી વીસ દિવસ તો પૂરા થયાય નથી ત્યાં તો પિનાકી ફરી પાછો આવી ઊભો હતો એટલે પણ એના ઉપર એમને થોડીક ચીડ તો આવી હતી કારણ પિનાકી પૈસા લેવા સિવાય બીજા કોઈ કામે આવ્યો હોય એવું એની સઘેના આ ચારેક વર્ષના સબંધમાં ભાગ્યે જ બન્યું હતું

પણ શું કરે? કોઈ માણસનો એકવાર પક્ષ જો પકડ્યો તો પછી પકડી જાણવો આવું એમના દિલમાં પિનાકી માટે થઈ ગયું હતું —

વળી આ સમાજવાદના જમાનામાં બલ્કે ગાંધીવાદની અસર નીચે સઘવી સાહેબને આમ પણ ખરું આપણી પાસે એવી તો શી મોટી મિલ્કત છે કે ટ્રસ્ટી બની રહીએ ને લોકાર્થે પૈસો વાપરીએ પણ ઠીક આપણી શક્તિ પ્રમાણે આવા એકાદ માણસને ટેકો આપીએ તો સારું છે

અલબત્ત આ પછી ભેંસ લેવા માટે પિનાકીને છેલ્લા સાડીચારસો રૂપિયા આપવાના થયા ત્યારે એ વિચારમાં પડી ગયા હતા ને પોતે આ મદદ કરવામાં કેટલી હદે સાચા છે એ ઉપર વિચાર કરતા આમ પણ લાગવા માંડ્યું હતું 'સંભવ છે કે આવી મદદ માણસને પ્રમાદી ને ખર્ચાળ પણ બનાવતી હોય તો! નહિ તો પિનાકીને ગઈ સાલ દીકરો પરણાવવામાં પંદરસોનો ખર્ચ કરવાની શી જરૂર હતી? કેમ જાણ્યું કે આપણા તરફથી એને મદદ મળી રહેશે એવા હિસાબે એણે બસો-પાંચસો વધારે પડતા નહિ ખર્ચ્યા હોય! કારણ આ વરસે ધંધો ચલાવવા ભેંસ લેવી પડશે એવું તો એની ગણતરીમાં હશે જ ને! એટલે આ મદદનો એને જો સધિયારો ન હોત તો કેમ જાણ્યું કે એણે આટલા પૈસા ભેંસ માટેના ગણીને ઓછા નહિ ખર્ચ્યા હોય?

ગમે-તેમ પણ પુત્રના લગ્નમાં ખર્ચ કરી એ વિવેક લાજુલજ્જા એક ભાગ્યું આપ્યા પછીય સઘવી સાહેબે એને ભેંસ લેવા માટે સાડાચારસો રૂપિયા આપ્યા હતા અલબત્ત અત્યાર સુધીના ઉછીઉધારા પછી સઘવી સાહેબને એના વહેવાર માટે શક લાવવાની તો જાણે જરૂર જ ન હતી પણ આ મદદ પાછળ પિનાકીને જે સુખી કરવાની ઇચ્છા હતી એ આટલા વરસ થવા છતાંય સફળ નો'તી થતી બલ્કે ઊલટાનો એ વધારે ને વધારે કરજ માગતો થતો જતો હતો જો કે આવું કરજ ઊપાડવા જેટલી એની શક્તિય વધી હતી એ વાતની ના પાડી શકાય એમ ન હતું કારણ શરૂ શરૂમાં એ દૂઝતી ત્રણ ભેંસો રાખતો હતો, જ્યારે અત્યારે પાંચ ભેંસો રાખતો થયો હતો ને આ હિસાબે સઘવી સાહેબને પોતાની મદદ નિરર્થક નથી ગઈ એમ તો લાગતું જ હતું ને એક બે વર્ષમાં એ પોતાના પગ ઉપર ધંધો ખેડતો થઈ જશે એવી આશા પણ લાગતી હતી —

ને એટલે જ જ્યારે જ્યારે પિનાકી કામ છે સાહેબ આમ કહેતો આવતો ત્યારે એમને હૈયે થોડીક ફાળ પડવા સરખું થઈ આવતું કંઈ ઊંધુ-ઓંધુ માંદુ પડ્યું કે મરી તો નથી ગયું?

આજે પણ એમને આવો જ વહેમ પડ્યો હતો એટલે જ એમણે સાંજની બપોર કરી ને ભોરનીય

'ઘડી' કરી નાખી ને ? નોકરને પાછો બોલાવી કહ્યુ 'કે' કે ઘડી પછી આવે '

ને આ પછી એમણે પુત્રને જવાબ આપવામા ચિત્તને એકતાર કર્યું

નહિ તો ય ચિત્તને તો એ ત્રણ ત્રણ કલાકથી આ બાબત ઉપર એકતાર કરી રહ્યા હતા પણ દુ ખની વાત એ હતી કે ખોટા પૈસા આપી મૂરખ ન બનવાની પુત્રની વાત સાચી લાગવા છતાય એ દિલને બરાબર જચતી ન હતી બીજી બાજુ લગભગ પોતાની ઉમરનો કાકાનો દીકરો ભાઈ આર્થિક રીતે થોડોક ઘસાયેલો હતો એ બરાબર પણ તેથી ભત્રીજા સાથે આવો દગો રમે એવી કલ્પના કરતા એમને દુ ખ થતુ હતુ

ને પછી કાગળમા એ પોતાની થોડીક ચીડ પણ ઉતારવા લાગ્યા 'જો તને વિશ્વાસ જ નો'તો તો આવુ કામ તે એમને સોંપ્યુ જ શુ કામ ભાઈ ? ને સોંપ્યુ તો હવે સહન કરી લે કારણ એ મોટર—જો સાત હજારની કિંમતના પ્રમાણમા બરાબર હેય તો તો કાકાને જાણે વાંધો જ નથી—બીજાને વેચી દેશે પણ તુ કે' છે એ પ્રમાણે ચાર હજારની નીકળી તો ? હા, જો એમણે તારી સાથે દગો કર્યો હોત તો જુદી વાત છે પણ એ વાતની આપણને કેમ ખબર પડે ? એટલે મોટો સવાલ તો આ છે કે આપણુ કામ કરવા જતા એ પોતે જ જો છેતરાઈ ગયા હોય તો ?'—

ને પછી મહિને હજાર–દોઢ હજારની ડોકટરી પ્રેક્ટીસ કરતા પુત્રને ઝાઝી કંઈ શિખામણ ન લખતા ઉમેર્યું 'એટલે આ બધી બાબતોનો વિચાર કરીને તમને ઠીક લાગે તેમ કરશો મે તમારી સામે વિચારવાના મુદ્દા મૂક્યા છે એ એવી રીતે ને આપણા કામમા બીજાને સોસવુ ન પડે એ ધ્યાનમા રાખશો કાકાનો કાગળ આવશે તો એમને પણ હુ આ જ લખીશ 'તમે જાણો ને દીનુભાઈ જાણે '

ને પછી ઘરના બીજા સમાચાર લખી કાગળ પૂરો કર્યો સાથે જ પિનાકીને બોલાવ્યો 'બોલ, શુ કામ છે ?'

'કામ તો સાહેબ ખાસ કંઈ નથી પણ રૂપિયા દશ જોઈએ છે ' પિનાકીએ કહ્યુ

સઘવી સાહેબને નવાઈ લાગી કારણ આવી છૂટક રકમ લેવા પિનાકી ભાગ્યે જ આવતો પૂછ્યુ, 'કેમ દશનુ એવુ શુ કામ પડ્યુ ?'

'ભેસ ડબામા પડી છે સાહેબ '

આ ખોટુ–નાહકનુ ખર્ચ સાભળીને સઘવી સાહેબને દુ ખ થયુ કહ્યુ 'એમ કયા ભેસને રેઢી મૂકી હતી કે'—

પિનાકી વચ્ચે બોલ્યો 'રેઢી તો નો'તી સાહેબ પણ હમણા આ નવી ભેસ લીધી છે એ ગાડા સરખી છે એને કોઈ વાર બાધવા દે છે ને કોઈ વાર વિફરી હોય તો નથી બાધવા દેતી આજે રાતેય એમ છૂટી હતી પણ ઓચિંતો વરસાદ પડ્યો એવામા હુ ઓરડામા હતો ને કોણ જાણે કંઈ વખતે ઉઠી ને જતી રહી '

'આ વખતે સાડાચારસોમા લીધી એ ભેસની આ વાત છે ?'

'હા એની જ સાહેબ '

'તો પછી તે ખાતરી કર્યા વગર એવી ગાડી ભેસ લીધી શુ કામ ? ને લીધી તો એને પાછી આપી દેવી જોઈએ તે કંઈ ગાડી ભેસનુ મૂલ્ય ઓછુ આપ્યુ છે ?'

'મે જાતે લીધી હોત તો બધુય થાત સાહેબ પણ આ તો બીજાએ વેચાતી રાખીને મોકલાવી છે '

આ સાથે જ સઘવી સાહેબને મોટરની વાત યાદ આવી એય આવુ જ બન્યુ છે ને ને થયુ 'પણ દીનુ જો મોટર રાખી લે તો નડે એવી નથી જ્યારે આને તો બિચારાને છ માસની કમાણી માથે પડી !'

ને કહ્યુ : 'તો પછી એ બીજાને ને જેના પાસેથી લીધી હોય એને કે' કે આ—'

'હા પણ એની તો કિંમતેય ભરાઈ ગઈ સાહેબ '

'પણ ગાડી તે કિંમત ભરી એ પોતાના ભેસની ખાતરી તો કરી હશે ને ?' સઘવી સાહેબ સહેજ ચીડાઈ ઊઠ્યા

'ના સાહેબ, પેના સગાએ મને લખ્યુ કે તમે ભેંસ લેવાની કે'તા'તા ત જો લેવી હોય તો એક ઠેકાણે સાત શેર દૂધની બીજીયાત ભેંસ સાડાચારસોમા મળે છે, જો વિચાર હોય તો પૈસા લઈને આવશો' પણ સાહેબ, મારાથી એ વખતે જઈ શકાય એવુ નો'તુ એટલે મે પૈસા મોકલાવી આપ્યા, પછી ભેંસ અહીં આવી ત્યારે ખબર પડી કે આ તો ગાડી છે!'

'પણ તો એ માણસને તારે લખવુ હતુ ને કે ભેંસ તો—'

'એય હમણા આવ્યો હતો ને નજરે જોઈને ગયો પણ હવે વચ્ચે રહીને એક સગાના સબધથી એણે આપણુ કામ કર્યું પછી એનેય આપણાથી શુ કે'વાય સાહેબ?'

'પણ એ પેના ભેંસવાળાને તો કહી શકે ને?'

પિનાજી હસ્યો, 'પેનાનેય પૈસા હવે ઠેકાણે પડી ગયા સાહેબ! ઊલટુ આ વચ્ચેવાળા સગાને બનવાનુ થાય!

'કેમ?'

'કેમ તે એને કઈ લીધુ ખાધુ હોય નહિ ને લોક કે'શે પેના ડોબુ વેચનારે આને પૈસા ખવરાવ્યા હશે એમને આમ થયુ તો કોઈ કે'શે કે હુ આ ડોબુ પધરાવવા આપવાનુ મ્હીને આ વચમાવાળાની નાહકની ફજેતી લૂટી રહ્યો છુ—ને વાત જાણે પૂરી કરતો હોય તેમ બોલ્યો 'એટને બીજુ તો ઠીક છે સાહેબ પણ કોઈનુ કોઈ કામ કરવુ હોય તો આવુ જાણીને કરે નહિ!'

'અર પણુ ગાડા, આ તારા સબધીએ સાચેસાચ આવુ કઈ—પૈસા કાઢી ખાવાનુ કર્યું હોય તો?'

'તો સાહેબ—એ જાણે ને એનુ પાપ જાણે! બાકી આપણાથી તો હવે બોલાય જ નહિ કારણ કે એણે સાહેબ આપણા કે'વાથી આ ધધો કર્યો છે એટને હવે તો 'તેરી બી ચૂપ ને મેરી બી ચૂપ!' ને હસવા લાગ્યો

પિનાજીની આ બધી વાત સાભળી ચૂપ થઈ ગયેલા સધવી સાહેબ એવા તો વિચારમા પડી ગયા! જાણે હજારો રૂપિયાના ખર્ચે વિકાસ પામેલી દીનુની બુદ્ધિનુ —(અહી એમને—કોણ જાણે કેમ પણ આ બુદ્ધિને 'ગાડી ભેંસ'ની ઉપમા આપવાનુ મન થઈ આવ્યુ હતુ) ને સહજ એવી પિનાજીની સમજદારીનુ આધ્યાત્મિક રીતનુ કોઈ મૂલ્યાકન ન કરી રહ્યા હોય!

*

ને પિનાજીને દશ રૂપિયા આપી રવાના કર્યા પછી સધવી સાહેબે દીનુના કાગળમા પિનાજીની આ ગાડી ભેંસનો દાખલો આપતાં ઉમેર્યુ 'માટે મને પૂછે તો તારે આ 'ગાડી ભેંસ' લઈ લેવી જ જોઈએ કારણ તુ નહિ લે ને બીજાના માથે પડશે તો—પછી ભલેને કાકાએ આમા કઈ કરામત કરી હોય પણ તોય આમા તને, કાકાને કે દુનિયાને કશો જ લાભ થવાનો નથી બલ્કે નુકસાન જ થવાનુ છે કારણ આવુ આવુ જાણીને જગતમા માણસ ઉપરથી વિશ્વાસ ઘટતો જાય ને—પિનાજીના શબ્દોમા કહીએ તો, 'દુનિયામા કોઈ કોઈનુ આવુ કશુ કામ નહિ કરે!'

★

બટન દબાવો કે તરત જ બિસ્કિટના સેકડો પડીકા તૈયાર કલ્પના પણ કામ કરે તેમ નથી. પરતુ બ્રિટનમાં વાસ્તવમા તેમ બની રહ્યુ છે સ્કૉટલૅન્ડ નગરની ફાર બિસ્કિટ કપનીએ બરાબર ઉપર પ્રમાણે બિસ્કિટ બનાવવાનુ શરૂ કર્યું છે

ફાર પેઢી બિસ્કિટનુ સને ૧૮૭૨થી યત્રો વડે ઉત્પાદન કરતી આવી છે સને ૧૯૩૧માં જોનાથન ફાર બિસ્કિટો બીબા પર જાણે કે "ભારતા તેઓ એકી સાથે સખ્યાબધ બિસ્કિટો કાપી શકતા

ફાર હવે સપૂર્ણ સ્વયસચાલિત યત્રો વડે ૯૦ જેટલા વિવિધ પ્રકારના બિસ્કિટો બનાવીને વિશ્વભરમાં વેચાણ માટે મોકલી આપે છે

નાનુભાઈ દવે

આવો પણ કંકુને જ પગલે કેમ?

સ્ત્રીઓની પ્રગતિની, સામાજિક ફરજો વગેરેની વાતો તો આપણે ઘણી કરીએ છીએ પણ વાસ્તવમાં એ કેટલું સિદ્ધ થયું છે એ આ હળવા લેખનું મુખ્ય વસ્તુ છે જે દરેકને જચી જાય

'બીજું બધું બદલાશે, આખા હિંદુસ્તાનની શકલ ફરી જશે, પણ એક જણ તો નહિ જ બદલાય' એમણે ખાતરીમાં ટેબલ ઉપર પંજો અફાળ્યો

'કોણ નહિ બદલાય?' મેં ધીરેથી પૂછ્યું

'કોણ, તે તમારી 'તણુંસ્તો!–ગુજરાતણ વળી!' એમણે નિરાશામાં આકાશ તરફ જોયું 'જુઓ ને કેટલાં વરસથી બેચિયારી સ્ત્રીઓને નભાવતા આવ્યા છીએ પણ એને તો જાણે કશી પડી જ નથી દેવ દેવલાંની પૂજા કરવી, ઉપવાસની લાંઘણો ખેંચી જાત ઉપર જુલમ ગુજારવા, લૂગડાં વસાવીને પેટીમાં ભરી રાખવાં—'

હું ઊઠીને ઊભો થયો 'તમારે નિંદા જ કરવી હોય તો મારે બીજાં કામ ઘણાં છે આ શું લઈ બેઠા!' પણ એ મને એમ શાનો જવા દે? હાથ પકડીને બેસાડ્યો આજે એમને વરાળ કાઢવી જ હશે ક્યાંક મન દુભાયું હશે પણ એથી શું આખા ગુજરાતી નારી સમાજ ઉપર ઝીંકવા બેસી જવાય?

'એમનાં ધાગધૂગ જુઓ છો કશું ઠેકાણું! એની આવડત જુઓ છો ને મોટું મીંડું ભણતી જુઓ તો, અભણ—બધું મગજ ખરેખર, માથે જ પડી છે' અને એમણે હળવેથી કપાળ કૂટ્યું 'એમને શું આવડે છે, એ કહું?' એમણે મારી જિજ્ઞાસામાં જાગ્રત કરવા માંડી

'એની એ દસના દાળભાત કરતાં આવડે છે રસોડે ફેરફાર થતો હોય તો ભગવાન પૂજે એમને ટાયલાં કૂટતાં આવડે છે આ સોફા મૂક્યા છે તેના ઉપર પલાંઠી વાળીને બેસતાં આવડે છે જોવા જોતરાવવા એને ગમે છે ને ચારનો સૂમખો કેડે ખોસી મંદિરોમાં પૈસા ફેંકી આવતાં એને ફાવે છે'

'પણ એમ કહોને કે એ શું કરે તો તમે એને યોગ્ય માનો એકની ટીકા કરો તેથી શું વળે?'

'એમ પૂછો ને, તો બધું કહું' ને એ જરા મજા થતા, જરી આગળ ઝૂક્યા

'તમે જ કહો ને, એણે એનું શરીર પોટલા જેવું રાખ્યું છે તે બરોબર છે? બે બાળકો થાય એટલે એ કાં તો કતાઈ જાય ને કાં તો મોટું 'ઢીમ' થઈ રહે એને એના દેખાવની કશી પડી નથી, એ સુધારવા કશો યત્ન પણ નથી એ હરવા ફરવાનું રાખે, થોડી કસરત કરે, ખોરાકમાં જાળવે તો—'

'હં પછી?'

'એની સજાવટ જુઓ તો તમને જરા સરખું માન નહિ ઊપજે બેડોળ અંગોને છુપાવતી કોથળા જેવી એ ફરે છે માથાના વાળ તાણી બાંધે ને જરા સરખી પણ અંબોડી અચૂક વાળે મને જ તડકો લાગે કે મોં પહોળું કરી એ બધા દાંત બહાર કાઢે હસતાં બેસે તો ખીખી કરીને પેટ ઉછાળે નહિ આવડવાની જરા, નહિ બોલવાની ગમ'

મને કંટાળો આવવા માંડ્યો, બગાસું પણ ખાઈ લીધું પણ એ શેના થાકે?

'તમે એમ માનો છો કે એ છોકરાં ઉછેરે છે? એની કશી સમજ જ એને નથી પડી માસ્તર શું ભણાવે છે એ તપાસે પણ શું? ને એ માંદું પડે ત્યારે કાળજી પણ શું લે—આવડે ત્યારે ને વરને તો એ કમાણી કરનાર પૈસા તરીકે ઓળખે છે ઘરમાં પૈસા લાવી આપે, એટલે હાઉ એ પૈસા ક્યાંથી આવે છે નીતિના છે કે લાંચરુશ્વતના કે કાળા બજારના કે દગાફટકાના એ જોવાની એને ઇચ્છા જ નથી, નથી એ પૈસાના હિસાબ રાખવાની ગતાગમ, નથી ભવિષ્યની ખબર નોકર સાથે કામ લેતાં એને નથી ફાવતું વાતવાતમાં

એ નોકરને કહ્યા કરે છે, 'એ તુ જાણે ને શેઠ જાણે તારે શું કરવું' તમે જ કહો, આવું કેમ ચાલે?'

મને થયુ કે એમનુ ચિત્ર ધીરે ધીરે પકડાતુ જાય છે ને હવે પૂરુ થઈ જશે એને જરા ધીરજ રાખી મારી નજર સામે કંઈક ગુજરાતણો ઝડપથી આવી ગઈ ને એમનો મોટો ભાગ એમણે વર્ણવ્યો હતો એવો જણાયો પોતાની મોટાઈની વાતો હાંકતી સ્ત્રીઓ, મહારાજોની કથામાં ફોગટ દોડાદોડી કરતી સ્ત્રીઓ, પતિને જરાયે મદદરૂપ નહિ થતી અને છતા પરપુરુષ સાથે તોછડાઈથી વર્તનારી—એ રીતે પતિની 'વફાદારી કે સેવા' જાળવનારી સ્ત્રીઓ, પાડોશના પણ જેમ તેમ અતો લેનારી સ્ત્રીઓ મને થયુ કે પચાસ વર્ષ વહી ગયા છે એનુ આ સ્ત્રીઓને હજુ ભાન જ નથી

ને નહિ તો ગુજરાતણો આવી પછાત રહે? નવુ જોવા જાણવાની એમને ઇચ્છા ના થાય? પરતુ પુરુ કેમ બન્યુ એવી ફિકર જેમને ઘેરી વળી છે એ વર્ગની તો વાત કરવી, પણ જે બે પાંદડે થયા છે તેમની સ્ત્રીઓ કેવી છે? અને મે વળી ફરી નજર દોડાવી મારી જાણમા આવેલી બાહોશ સ્ત્રી કઈ? ને શાથી એ લાયક ઠરી? સમાજમા એ શુ જુદી પડી જાય છે, અનેરી લાગે છે? એ શુ અભિમાની આડબર કરનારી કે તરંગી છે?

કોઈક જગાએ મહેમાન બની હુ ગયો હોઉ ને ભાઈ બપોરે બાર વાગ્યે પહોચતા જ ઘેર સદેશો મોકલ્યો હોય પણ ત્યા પહોચ્યા ત્યારે મને નવાઈ ઉપજી છે એવી સરસ ઘરની સજાવટ, કોઈક હમણા જ ગોઠવ્યુ લાગે છે જમવા બેઠા ને એ વાની ખાસ તૈયાર થયેલી જોઈ બાળકો સુઘડ ને મળતાવડા જોયા આ બધુ શી રીતે બને, એની સ્ત્રીએ જ કર્યું હતુ ત્યારે ને અને જમવા ટાણે એ કેવી હસીખુશીથી વાતો કરતી હતી, વાત કરતા જમાડતી હતી, છોકરાઓનુ ધ્યાન પણ રાખતી હતી! શુ એ પણ ગુજરાતણ જ હતી ને!

એ એક ઉપરથી બીજી સ્ત્રીઓ યાદ આવી ઘરની દરેક ચીજ કેવી જાળવતી, એની ટેવો કેમ સમજીને ચાલતી, એના કામકાજમા કેવો રસ લેતી ને ઉત્સાહ આપતી મને ખબર હતી કે સામાનના ભીનો એમની પાસે રહેતા, હિસાબકિતાબ એ રાખતી ને પૈસા ચૂકવતી કોઈની કલા કે સાહિત્ય તરફ સારી સમજ હતી તો કોઈની એવી આવડત પણ હતી વિગમિન કે કેનગીનુ જ્ઞાન હતુ એટલુ જ નહિ પણ એનો અમલ પણ થતો હતો એમને પર્યટણો ગમતા એટલુ જ નહિ પરન્તુ યોજના પણ કરી આપતી શહેરના મડળોમા હાજરી આપતી ને એમા હિસ્સો લેતી જોઈ હતી ને એની આવડત કામે લગાડી ઉપયોગી સસ્થાઓમા સેવા આપતી પણ દીઠી હતી એવી હતી તો ખરી, પણ કેટલી જૂજ!

આ વિચારો આવ્યા તેવામા પેલા મિત્ર તો જતા રહ્યા એમણે આગળ શુ શુ કહ્યુ તે યાદ નથી, ને મને શૂન્યમનસ્ક બેઠેલો જોઈ શુ શુ ધાર્યું તેની ખબર નથી મારી આખ આગળ સુનદીની મજરી ને તનમન આવ્યા ગોવર્ધનરામની ગુણસુદરી ને કુમુદ આવ્યા કુમારના સ્ત્રીરત્નો આવ્યા નવલકથાના પ્રદેશમાથી ક્યારે હુ વાસ્તવમા સરી પડ્યો તે ના જણાયુ, પણ વિદ્યાબેન, સરલાદેવી શારદાબેન વગેરે આવ્યા ગુજરાતની આવી સન્નારીઓ હોય, પછી વગોણુ કેમ કરી શકાય? એ વિચારે લાગણી ઉછાળની ભરતી આવી

પણ એ જુવાળ ટક્યો નહિ મને થયુ કે મોતેથી મઢી રાખવા જેવુ આપણા સસારમા છે, પણ કેટલુ થોડુ! હકીકતમા જે હીરા મેળવીએ મઢીએ છીએ તે તો જુદુ છે જમાનાના પૂરમા તણુઈ આવતો નાગિ ચેર છે પેલા ભાઈ ખરુ જ કહેતા હતા કે આપણે ફરજ તરીકે નભાવીએ છીએ, બાકી આ સ્ત્રીઓ બોજ નથી તો બીજુ શુ છે? ખાવાનુ કરે, ઠાકઠુબા કરે, તાળા પૂરીને ચાવીઓ કેડે ખોસે છોકરા જણે ને દેવોથી ડરીને કે લાલચથી ખુશામત કરે—એ કઈ રીતે નવા ગુજરાતના ઘડતરનુ બીજુ ચક્ર થઈ શકવાની હતી! ને મનમા ઓછુ આવ્યુ

જ્યારે દુઃખ વેઠવાનું હતું ત્યારે ગુજરાતણે ભલે જેમ દાખવ્યું હોય. ઘણાં વરસ સેવા કરી ગાડું ગબડાવ્યું. બહુ સમય સુધી શંકાશીલ પુરુષો આગળ વફાદારીની ધજા કાયમ ઊંચી કરી રાખી, ઓઝલે રહ્યાં. પણ અંધાધુંધી અને હતાશાના જમાનામાં જે ગુણો હતા તે શું હજુયે સાચવી શકાશે?

ને નહિ તો નવી ગુજરાતણ કેવીક થશે? સિંધ કે પંજાબની સ્ત્રીઓ જેવી શોખ કરનારી તો એ નહિ હોય. તેમ અલગ ચોકો રાખનારી સોગિયણ પણ નહિ હોય- આ જ્ઞાનને અસત્ય કહી દેવદેવીઓથી કે દોરા ધાગાથી મોહિત થનાર ને ભાવુકી પૂજાપાઠની શોખીન પણ એ નહિ હોય. એ હશે જીવનનું જાણનારી જિજ્ઞાસુ ને પ્રયોગ કરનારી. એ એનાં જ્ઞાન અને શ્રદ્ધાને વ્યવહારમાં અમલી બનાવનારી હશે. એના ઘરની વ્યવસ્થા અને શોભામાં નવીનતાને સમાવનારી હશે. એની મર્યાદાવાળા કુટુંબને સ્વચ્છ પથ્ય અને પોષક ખોરાક સમયસર અને સમજદારીથી આપનારી હશે. એના ઘરને સહુમાં સારો (ઘર) બનાવવાની મહેચ્છાથી એને સખ્ય અને પ્રોત્સાહન આપનારી હશે. જીવનનો આનંદ જ્યાંથી મળે ત્યાંથી હર પળે ઘરમાં સીંચનારી હશે. એનેય જાહેર જીવનના કોડ હશે ને આવડત તેમજ કુનેહથી નવો સમાજ રચવામાં આગળ ધપતી રહેશે. માત્ર 'કંકુને પગલે' શોભાની પૂતળી જેવી કે દેરાસરની મૂર્તિ જેવી એ શું કામ રહે? પચાસ વર્ષ પહેલાંના નારી આદર્શોમાંથી હવે ખપે એટલું જ સંઘરી એ નવા જીવનને અનુકૂળ થવા સજાગ રહેશે ને દુનિયાભરમાંથી નવી પ્રણાલીઓ જોઈ વિચારીને અપનાવનારી રહેશે. આપણને રુચે કે ના રુચે પણ ચાંદલેથી, સુડીથી, કપાળચાંદલાથી, દેવપૂજા કે ઉપવાસોથી, પતિનો બોલ સદા કબૂલ રાખ્યાથી, વેતરું કૂટવાથી, કે પૈણાવવા-પસ્તાવાની રીતરસમો જાળવ્યાથી જે ગુજરાતણ આપણે ઓળખી ને વખાણી તે હવે રજા લેશે.

અને નવા સ્વરૂપે આવવા એ તૈયાર થઈ છે ત્યારે રખે આપણે એના માર્ગમાં કાંટા વેરી બેસીએ. ના, એને પૂરો સાથ દેવો જોઈશે.

*

દક્ષિણ ભારતની સૌથી વધુ પ્રચલિત ગ્રામદેવતા મરિઅમ્મા છે. આ દેવતાની ઉત્પત્તિ સંબંધમાં ઘણીક આખ્યાયિકાઓ પ્રચલિત છે. એવી એક આખ્યાયિકામાં આવ્યું છે કે જમદગ્નિની પત્ની (પરશુરામની માતા) એવી સતી હતી કે તે કોઈ પણ પાત્ર લીધા વિના પાણીનો 'જથો' લાવી શકતી હતી અને તેનું ભીનું કપડું આપોઆપ આકાશમાં ઊડી જતું અને સૂકાતાં સુધી આકાશમાં જ રહેતું. પણ એક દિવસ તેનાથી અજાણ્યે ચૂક થઈ ગઈ અને તેણે પોતાની આ શક્તિ ગુમાવી દીધી. એનો પતિ જમદગ્નિ ક્રોધે ભરાયો અને પરશુરામને આજ્ઞા કરી કે તારી માતાને જંગલમાં લઈ જઈને તેનો શિરચ્છેદ કર. આથી પરશુરામ તેને જંગલમાં લઈ ગયો પણ તે વધ કરવા માટે નક્કી કરેલા સ્થાને પહોંચ્યો એવામાં એક સ્ત્રી આવીને જમદગ્નિની પત્નીને બચાવવા માટે વળગી પડી આથી પરશુરામ ખૂબ મુંઝાઈ ગયો પણ પિતાની આજ્ઞાનું પાલન કરનાર એવા તે પુત્રે એ બંને સ્ત્રીઓનો શિરચ્છેદ કર્યો અને આનંદ હુમિત અને પિતા પાસે આવ્યો. પિતાએ પ્રસન્ન થઈને પરશુરામને વરદાન માગવા કહ્યું. આથી પરશુરામે એવું માગ્યું કે પોતાની માતા પાછી જીવતી થાય. જમદગ્નિએ એ વરદાન કબૂલ રાખ્યું અને પરશુરામને એક પાત્રમાં પાણી ભરી આપ્યું અને એક નેતરની સોટી આપી અને જણાવ્યું કે તારી માતાના ધડ ઉપર તેનું ડોકું મૂકીને તેની ઉપર આ પાણી છાંટીને ડોકા ઉપર આ નેતર વડે ફટકા મારજે. પણ પરશુરામે ઉતાવળમાં માતાનું ડોકું પેલી બીજી સ્ત્રીના ધડ ઉપર અને પેલી સ્ત્રીનું ડોકું માતાના ધડ ઉપર મૂક્યું અને બંનેને જીવતી કરી. પાછળથી પરશુરામની માતાના ડોકાવાળી બાઈ મરિઅમ્મા તરીકે અને પેલી બીજી સ્ત્રીના ડોકાવાળી પરશુરામની માતા યેલમ્મા તરીકે પૂજાતી થઈ.

આર. એન. કાંટેકર

બકુલ ત્રિપાઠી

નવીનતા

નવીનતાના આશકો દરેક હોય છે પણ જૂનું એટલું નકામું-સડેલું એમ માની લેવાની જરૂર છે ખરી ! નવીનતાને વધાવવાનો આપણો એક માત્ર આશય હોઈ શકે-તો તેને આપણે વધાવશું કે કેમ એ આપણને આ લલિત નિબંધિકા અહીં સમજાવે છે જે દરેકને દરેક રીતે ગળે ઉતરે

સંસાર પરિવર્તનશીલ છે, 'Change is the law of nature,' 'જે જાયુ તે જાય' વગેરે સુવાક્યો દ્વારા જીવનની અને સંસારની પરિવર્તનશીલતા પર અનેક ચિંતકોએ આપણું ધ્યાન દોર્યું છે કુદરતનો નિયમ જ છે કે બધું બદલાયા કરે, કુદરતના ઘણા નિયમો આપણને ગમતા નથી, હવામાં ફેરફાર થાય અને શરદી થાય એ આપણને ગમતું નથી તડકો એકદમ અદૃશ્ય થઈ જાય, વરસાદ તૂટી પડે અને આપણને ભીંજવી નાખે એ આપણને નથી ગમતું અને એવી જ રીતે ઘેરાયેલાં વાદળાં જોઈને છત્રી લઈને નીકળ્યા હોઈએ ત્યારે બેચાર છાંટાયે ન પડે અને તડકો નીકળી આવે એ આપણને નથી ગમતું

કુદરતમાં જ નહીં બીજાં ક્ષેત્રોમાંય દેખીતી રીતે આપણને સ્થિરતા ગમે છે પરંતુ જરા ઊંડો વિચાર કરીશું તો તરત જણાશે કે જ્યાં સ્થિરતા નથી એ જ આપણને સૌથી વધુ ગમે છે ! ફેરફાર એટલે જ ગતિ અને ગતિ એટલે જ ચેતન આથી ફેરફાર દેખીતો અણગમો છતાં હકીકતમાં આપણને ઘણુંખરું પ્રિય હોય છે

જવાહરલાલ નેહરુ આ વાત સમજે છે એટલે તો મેં હમણાં જ સમાચાર વાંચ્યા તેમ મધ્યસ્થ સરકારના પ્રધાનમંડળમાં પાછી પુનર્રચના થવાના ભણકારા વાગી રહ્યા છે પાર્લામેંટની લગભગ દરેક બેઠકની સમાપ્તિ વખતે મધ્યસ્થ પ્રધાનમંડળમાં ફેરફાર થવાની આગાહીઓ થાય છે

ઇંગ્લેંડમાં પ્રધાનમંડળમાં આટલા ઝડપી ફેરફારો નથી થતા જ્યારે ફ્રાન્સમાં દર છાશવારે પ્રધાનમંડળ બદલાય છે એનું કારણ એ જ છે કે ઇંગ્લેંડના લોકો અરસિક છે ! જીવનની ખરી મજા શેમાં છે એ તેઓ જાણતા જ નથી ! અને એથી લાંબા વખત સુધી એકના એક માણસોથી એમને ચાલે છે જ્યારે ફ્રેંચોની વાત જુદી છે 'પેરીસ'નું નામ સાંભળતાં જ આપણા મનમાં રંગીલાપણાની યાદ ઉભરાય છે એવા રસિક દેશમાં મહિનાઓ કે વર્ષો સુધી એકનું એક પ્રધાનમંડળ હોય એ કેમ ચાલે ? એટલે એ લોકો ખૂબ પત્તાં ચીપ્યા કરે છે, પ્રધાનો બદલ્યા કરે છે

આપણે ભારતવાસીઓ સુવર્ણ મધ્યવાદીઓ છીએ ફ્રાન્સની રસિકતા, રંગીલાપણું, નવીનતાનો શોખ અને ઇંગ્લેંડની જડતા એ બંનેનો સમન્વય આપણા રાજકારણમાં આપણે પ્રગટાવ્યો છે જવાહરલાલ સ્થિર, મોરારજીભાઈ સ્થિર, ને બીજા બેચાર હશે ત્યાં ના ત્યાં પરંતુ બાકીના સભ્યો બદલાયા કરે—અલબત્ત ફ્રાન્સ જેટલી ચમત્કારિક રીતે નહીં—પણ તોય ધીરે ધીરે છૂટક છૂટક પણ ફેરફારો થયા કરે છે અને આપણી જીવંતતાનો એ જ ખરો પુરાવો છે

આથી અલબત્ત એક ગેરફાયદો થાય છે સામાન્ય માણસ માટે પ્રધાનમંડળના બધા જ પ્રધાનોના નામ યાદ રાખવાનું મુશ્કેલ બની જાય છે ખાસ કરીને 'સામાન્ય જ્ઞાન'ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ! પણ એ વાત જવા દઈએ તો આવો ફેરફાર આવકારદાયક છે એથી આપણને નવા ભાણેો નવા તુક્કાઓ, નવા તરંગો—અને અલબત્ત સાથે સાથે નવા અને ક્યારેક લાભદાયી પગલાંઓનો પણ અનુભવ થતો રહે છે

પરિવર્તન પરંપરાનો આનંદ અદ્ભુત છે જવાહરલાલ ક્યારેક ક્યારેક પ્રધાનો બદલ્યા કરે છે પ્રધાનો વિચારો બદલ્યા કરે છે, દર્દીઓ ડૉક્ટરો બદલ્યા કરે છે ડૉક્ટરો દવાઓ બદલ્યા કરે છે, સ્ત્રીઓ સાડીઓ બદલ્યા કરે છે પુરુષો બ્લેડ બદલ્યા કરે છે હોલીવુડની નટીઓ આણનાથો બદલ્યા કરે છે કુદરત હવામાન બદલ્યા કરે છે, રેડિયોવાળા કાર્યક્રમો બદલ્યા કરે છે, યુવતીઓ

પ્રફુલ ત્રિપાઠી

નવીનતા

નવીનતાના આગ્રહી દરેક હોય છે પણ જૂનું એટલું નકામું–સડેલું એમ માની લેવાની જરૂર છે ખરી? નવીનતાને વધાવવાનો આપણો એક માત્ર આશય હોઈ શકે તો તેને આપણે વધાવવી કે કેમ એ આપણને આ જાણીતા નિબંધકાર અહીં સમજાવે છે જે દરેકને દરેક રીતે ગળે ઊતરે.

સંસાર પરિવર્તનશીલ છે, 'Change is the law of nature,' 'જે જાયુ તે જાય' વગેરે સુવાક્યો દ્વારા જીવનની અને સંસારની પરિવર્તનશીલતા પર અનેક ચિંતકોએ આપણું ધ્યાન દોર્યું છે કુદરતનો નિયમ જ છે કે બધુ બદલાયા કરે, કુદરતના ઘણા નિયમો આપણને ગમતા નથી, હવામા ફેરફાર થાય અને શરદી થાય એ આપણને ગમતુ નથી તડકો એકદમ અદૃશ્ય થઈ જાય, વરસાદ તૂટી પડે અને આપણને ભીંજવી નાખે એ આપણને નથી ગમતુ અને એવી જ રીતે ઘેરાયેલા વાદળા જોઈને છત્રી લઈને નીકળ્યા હોઈએ ત્યારે બેચાર છાંટાયે ન પડે અને તડકો નીકળી આવે એ આપણને નથી ગમતું

કુદરતમા જ નહીં બીજા ક્ષેત્રોમાય દેખીતી રીતે આપણને સ્થિરતા ગમે છે પરતુ જરા ઊંડો વિચાર કરીશુ તો તરત જણાશે કે જ્યા સ્થિરતા નથી એ જ આપણને સૌથી વધુ ગમે છે! ફેરફાર એટલે જ ગતિ અને ગતિ એટલે જ ચેતન આથી ફેરફાર દેખીતો અળખામણો છતા હકીકતમા આપણને ઘણુખરુ પ્રિય હોય છે

જવાહરલાલ નેહરુ આ વાત સમજે છે એટલે તો મે હમણા જ સમાચાર વાચ્યા તેમ મધ્યસ્થ સરકારના પ્રધાનમડળમા પાછી પુનર્રચના થવાના ભણકારા વાગી રહ્યા છે પાર્લામેન્ટની લગભગ- દરેક બેઠકની સમાપ્તિ વખતે મધ્યસ્થ પ્રધાનમડળમા ફેરફાર થવાની આગાહીઓ થાય છે

ઇંગ્લેંડમાં પ્રધાનમડળમા આટલા ઝડપી ફેરફારો નથી થતા જ્યારે ફ્રાન્સમા દર છાશવારે પ્રધાનમડળ બદલાય છે એનુ કારણ એ જ છે કે ઇંગ્લેંડના લોકો અરસિક છે! જીવનની ખરી મજા શેમા છે એ તેઓ જાણતા જ નથી! અને એથી લાબા વખત સુધી એમના એક માણસોથી એમને ચાલે છે જ્યારે ફ્રેંચોની વાત જુદી છે 'પેરીસ'નુ નામ સાભળતાં જ આપણા મનમા રગીલાપણાની યાદ ઉભરાય છે એવા રસિક દેશમા મહિનાઓ કે વર્ષો સુધી એનુ એક પ્રધાનમડળ હોય એ કેમ ચાલે? એટલે એ લોકો ખૂબ પત્તા ચીપ્યા કરે છે, પ્રધાનો બદલ્યા કરે છે

આપણે ભારતવાસીઓ સુવર્ણ મધ્યવાદીઓ છીએ ફ્રાન્સની રસિકતા, રગીનાપણુ, નવીનતાનો શોખ અને ઇંગ્લેંડની જડતા એ બનેનો સમન્વય આપણા રાજકારણમા આપણે અપનાવ્યો છે જવાહરલાલ સ્થિર, મોરારજીભાઈ સ્થિર, ને બીજા બેચાર હતા ત્યા ના ત્યા પરતુ બાકીના સહુનો બદલાયા કરે— અલબત્ત, ફ્રાન્સ જેટલી ચમત્કારિક રીતે નહીં—પણ તોય ધીરે ધીરે છૂટક છૂટક પણ ફેરફારો થયા કરે છે અને આપણી જીવતતાનો એ જ ખરો પુરાવો છે

આથી અલબત્ત એક ગેરફાયદો થાય છે સામાન્ય માણસ માટે પ્રધાનમડળના બધા જ પ્રધાનોના નામ યાદ રાખવાનુ મુશ્કેલ બની જાય છે ખાસ કરીને 'સામાન્ય જ્ઞાન'ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને! પણ એ વાત જવા દઈએ તો આવો ફેરફાર આવકારદાયક છે એથી આપણને નવાં ભાષણો, નવા તુક્કાઓ, નવા તરગો—અને અલબત્ત સાથે સાથે નવા અને ક્યારેક લાભદાયી પગલાઓનો પણ અનુભવ થતો રહે છે

પરિવર્તન પરપરાનો આનદ અદ્ભુત છે જવાહરલાલ ક્યારેક ક્યારેક પ્રધાનો બદલ્યા કરે છે, પ્રધાનો વિચારો બદલ્યા કરે છે, દર્દીઓ ડૉક્ટરો બદલ્યા કરે છે, ડૉક્ટરો દવાઓ બદલ્યા કરે છે, સ્ત્રીઓ સાડીઓ બદલ્યા કરે છે, પુરુષો બ્લેડ બદલ્યા કરે છે, હોલીવુડની નટીઓ પ્રાણનાથો બદલ્યા કરે છે, કુદરત હવામાન બદલ્યા કરે છે, રેડિયોવાળા કાર્યક્રમો બદલ્યા કરે છે, યુવતીઓ

'સેવકરામ'

ખેડૂતોને કોણ ન્યાય અપાવશે ?

'સેવકરામ ! આનું તો કંઈક કરો નહિ તો ખેડૂતો પાયમાલ થઈ જશે '

'શેનું કરવાનું છે ?'

'શેનું તે આ ચોરી જ તો તમે તો છાપામાં વાચતા હશો હવે તો હદ થાય છે આ તે રાજ્ય છે કશો કડપ જ ન મળે '

'ચોરી એ કંઈ આજનું અનિષ્ટ છે આ બાજુ ચોરી થાય એ કંઈ નવી વાત નથી

'પણ હવે તો નવું થવા માંડ્યું છે ગઈ માવ રાતના અમારા ગામના ત્રણ જણ સ્ટેશનથી ગામમાં આવતા હતા વચ્ચે વાઙ (નાની નદી) આવે છે ત્યાં બે હરામખોરો તલવાર અને ધારિયા સાથે સંતાઈ રહ્યા હતા આ લોકને તલવારની અણીએ લૂટી લીધા પાસે કંઈ ન મળ્યું તે એ લોકના લૂગડાં ઉતારી લીધા નાગા કરી લૂગડા લઈ બદમાશો ભાગી ગયા '

'લૂગડાં લઈ ભાગી ગયા ?'

'તો હવે તમે જ કહો એ લોક ગામમાં કઈ રીતે આવે ! એક તો આબરૂ જાય ને પાછા મૂર્ખ બનીએ આ બદમાશો પર ચોકી પહેરો ખરો કે નહિ ?'

ચોરી કરવાની આ રીત ભયંકર હતી થોડા દિવસ પહેલા એક બે ભાઈઓ ખેતરમાંથી લૂંટી એક જણીના કાને સોનાની વાળીઓ હતી તે બદમાશો છરાથી કાન કાપીને નાસી ગયા એક જગ્યાએ રાતના ચોરી કરવા ગયેલા ચોરે ઊંઘતી બાઈની કાનની વાળીઓ ઝાટકો મારી ખેંચી લીધેલી ને કાન તૂટી ગયેલો એ તો દાગીના જાય અને ઉપરથી શારીરિક ઈજા થાય આ સમાચારથી હું પણ ત્રાસી ગયો હતો પણ આમાં શું થાય ! ગામેગામ પોલીસ મૂકી શકે ? ચોરોનો ઉપદ્રવ કંઈ એક ગામનો નહોતો

ખેતી અને ગામડું એ હિંદનો સાચો પ્રાણ છે છતાં એ જ આપણા ઉપેક્ષિત બને છે ત્યારે ! ગ્રામ્ય સમાજને આપણે સમજતા થઈએ એ માટે લખતા શ્રી સેવકરામના આ લખાણો ખૂબ ઉપયોગી છે

ગામેગામથી બૂમો આવતી હતી ક્યારેક તો અરેરાટી થાય એવા પ્રસંગો બનતા હતા લોકો તંગ આવી ગયા હતા અને તેમની અકળામણ પોલીસ સામે ઠાલવતા હતા આ ભાઈ પણ આવી મારી આગળ રોષ કાઢી રહ્યા હતા

'સેવકરામ ! તમારા જેવાને કંઈ ન થાને, પછી અમારે કોની સલાહ લેવી ! પોલીસખાતાને તો લખી લખીને થાક્યા ફરિયાદો નોંધી જાય છે પણ એકે ચોર પકડાતો નથી ચોર પકડાય છે તો મુદ્દામાલ પકડાતો નથી આજ સુધી કોઈને ચોરી માટે સજા થઈ નથી એટલે ચોરી અટકે જ કઈ રીતે ?'

'ચોરી અટકે જ કઈ રીતે ?' આ સવાલ મને પણ મૂંઝવી રહ્યો હતો

અગાઉ આ બાબતમાં જિલ્લાના પોલીસના અધિકારી ડી એસ પી સાહેબને પણ રૂબરૂમાં વાત કરી હતી તેમણે પણ આ જ સવાલ કર્યો હતો

'તમે જ કહો સેવકરામ કઈ રીતે ચોરી અટકે ?'

ને તેમની તકલીફોનું બયાન કરતા તેમણે જણાવેલું

'સરકારનું તંત્ર તો કાયદા પ્રમાણે ચાલે ચોરને અમે માનો કે શક પરથી પકડીએ તેને મારઝૂડ તો થાય નહિ ઘણુંયે પૂછીએ પણ ચોરી કબૂલે નહિ મુદ્દામાલ બતાવે નહિ મુદ્દામાલ પકડાય નહિ ત્યાં સુધી કઈ રીતે સાબિત કરવું કે એ જ ચોર છે એટલે કોર્ટમાં અમારો કેસ ઢીલો પડે છે

'પાછા આ ચોરના વકીલો મળી રહે છે ખુદ કોંગ્રેસ કાર્યકરો જ ચોરોના વકીલ થઈ કોર્ટમાં હાજર રહે છે એ જ સવાલ કરે છે એણે ચોરી કરી છે તેનો તમારી પાસે કયો પૂરાવો છે !

'તમે જ કહો સેવકરામ ! અમે કયો પૂરાવો રજૂ કરીએ ? આમાં પૂરાવો તો રજૂ જ ન થઈ

વાનું વચન આપી એ ભાઈને વિદાય કર્યો .

*

આઝાદી પછી ગામડામા મને બે વસ્તુઓ ખાસ જોવા મળી છે એક તો લોકો ફરિયાદ કરતા થયા છે ગમે તે ગામમા પગ મૂકો લોકો બૂમાબૂમ કરી મૂકશે 'મરી ગયા, મરી ગયા અમારુ તો કોઈ સાભળતું નથી '

આને લોકજાગૃતિ કહેવી કે લોકોના રોદણા કહેવા ?

બીજી વસ્તુ એ જોવા મળી કે ગામમા કુસપ વધ્યો છે પહેલા રાગ હશે કે એક સપ હશે એવુ નહિ હોય પણ મતભેદ આવા તીવ્ર બનતા નહોતા પચાયતની ચૂટણી આવતા સપ થવાને બદલે ગામડામા કુસપ વધ્યો છે સરપચ કોણ થાય ?— એની તો ભારે ખેચતાણ થાય છે

આમ છતા ગામડાના વિકાસના કામો પણ થાય છે એ સતોષનો વિષય છે

લોકો પોતાના હક્ક માટે જાગૃત બને અન્યાયનો પ્રતિકાર કરે એ વસ્તુ તો કોને ન ગમે ? પણ અમારા ગામ થઈ એસ ટી કેમ ન જાય ? અમને ઓઇલનો લાભ કેમ ન મળે ? અમારા ગામનો રસ્તો કેમ ન બને ? આ બધામા લેવાનો મેળવવાનો સવાલ છે જાણે સરકાર કુબેર ભડારીની પેઠે તિજોરી ખોલીને બેઠી છે અને પૈસા વહેંચે છે લુટાય એટલા લુટવા સૌ પડાપડી કરે છે પણ એટલુ સમજતા નથી કે સરકાર એ કોઈ વ્યક્તિ નથી એ જે મદદ આપે છે તે અતે તો પ્રજાના પૈસા છે સરકાર પૈસાની મદદ ન કરે સાધન આપે તમે રસ્તો બનાવો તો સરકાર રસ્તો બનાવવાનુ મશીન પૂરુ પાડે અતે ગામનુ કામ તો ગામે જ કરવુ જોઈએ

આજ સુધી એસ ટી નહોતી તો ચાલતું હતું તો હવે ત્રણ ચાર ફર્લાંગ દૂર નહિ ચલાય ? એટલા માટે એસ ટીને ખોટુ ચક્કર મારવુ પડે ભાડુ વધે બીજા મુસાફરોને ખોટી રીતે સહન કરવુ પડે પણ આજે પોતાના સ્વાર્થ આગળ આવુ કોઈ વિચારતુ નથી લોકોને પોતાનો લાભ જોઈએ છે એમા

અસતોષ પણ છે એથી કામ થાય તેના કરતા વધુ તો ફરિયાદો શરૂ થઈ છે એ સાચી લોકજાગૃતિ નથી એવા બૂમ બરાડાથી પ્રજાનુ તેજ ન પ્રગટે કશુ નવનિર્માણનુ કામ ન થાય ! એમા ન્યાય પણ નથી કેવળ સ્વાર્થ છે ગામે કઈ કરવુ નથી કેવળ તૈયાર ભાણા પર બેસી જવુ છે આવી પામર મનોવૃત્તિ ગામડામા વધતી જાય છે

પણ હમણા મને લોકજાગૃતિનુ પણ દર્શન થયુ અનમત્ત એમા ફરિયાદ હતી પણ એ ફરિયાદ સમગ્ર ખેડૂતવર્ગની હતી તેમ તે સાચી પણ હતી

હમણા કેટલા ત્રણેક વર્ષમા જિલ્લામા માર્કેટયાર્ડ નીકળ્યા છે જે હતા તે વ્યવસ્થિત થયા છે જરૂર માર્કેટયાર્ડ થતા ખેડૂતોને ફાયદો થયો છે એક જ જગ્યાએ માલ વેચવાનો હરાજી બોલાય એટલે વધુમા વધુ ભાવ મળે માલના નાણા તુરત મળે તોલવામા ઘાલમેલ નહિ આ બધા લાભ છે તેનો લાભ ખેડૂતો લઈ પણ રહ્યા છે

પણ જે સ્થળે માર્કેટયાર્ડ હોય તેની સુધરાઈ ખેડૂતના માલ પર કરવેરો લે છે કોઈક જગ્યાએ મણે આનો કે દોઢ આનો કર છે ખેડૂત સો મણ માલ લઈને આવે તો તેને માલ વેચે કે ન વેચે તે સુધરાઈની હદમા આવ્યો એટલે તેને તો સવા છ રૂપિયા કરના આપવા જ પડે

ખેડૂતને આ કરવેરાનો કશો જ લાભ મળતો નથી કરવેરો તો તેના પર પડે કે તેની પાસેથી લેવો જોઈએ કે જેઓ સુધરાઈની સવલતોનો લાભ લેતા હોય ! ખેડૂતોના કરવેરામાથી તે તે સુધરાઈની આવકમા દસથી પદર હજારનો વધારો થયો છે સવાલ એ છે કે સુધરાઈ ખેડૂત પર આવો કરવેરો નાખી શકે ખરી ? અને ખેડૂતોએ શા માટે આ કરવેરો ભરવો જોઈએ ? ખેડૂતો ક્યા કહેવા ગયા હતા કે સુધરાઈની હદમા માર્કેટયાર્ડ રાખો એ તો બીજે યાર્ડ બનાવ્યો હોત તો ત્યા માલ લઈ જાત સુધરાઈનો લાભ ગામડાવાળાને મળે નહિ અને તેના પર કર નખાય તે યોગ્ય નથી જ

આ વિશે ફરિયાદ કરતા બે ચાર ખેડૂતો આવ્યા તેમણે કહ્યું

'સેવકરામ! અમે તમારી દોરવણી લેવા આવ્યા છીએ' તેમણે વિગતે આ માર્કેટયાર્ડની વાત કરી

'તમે જ કહો, સેવકરામ, અમે ખેડૂતો આ કરવેરા શાનો ભરીએ! માર્કેટયાર્ડવાળા કરવેરા લે છે તે બરાબર છે પણ સુધરાઈ શાનો કર લે? અમે આ બાબતમાં સરકારને લખવા માગીએ છીએ તમે આગેવાની લઈ આ બાબતમાં ન્યાય અપાવો તો સારું'

અમે માર્કેટયાર્ડના પ્રમુખશ્રીને મળ્યા તેમણે ગોળગોળ વાત કરી કરવેરો ખાસ મોટો નથી, બંને જ લેવાય છે વગેરે પણ કરવેરો ખોટો છે એમ ન કહ્યું

અમે આ બાબતમાં યોગ્ય તપાસ કરવા સરકારને લખ્યું છે ખેડૂતોની ઇચ્છા છે કે પ્રધાનશ્રીને પણ આ બાબતમાં લખવું તે માટે પણ તેમણે લખ્યું છે જોઈએ શું પરિણામ આવે છે

*

'સેવકરામ! કૂવો કરાવવો છે'

'હા, તે કરાવો ને!'

'પણ લોન વગર તો કઈ રીતે કૂવો કરાવું?'

'સરકાર પાસે લોન માગો ને! કૂવા માટે તો આપે છે'

'અરજી કરી, પણ નામંજૂર થઈને આવી'

'નામંજૂર થઈને આવી! કેમ નામંજૂર કરે?'

'કહે છે કે તગાવી આપવા જેટલી તમારી પાસે જમીન નથી લ્યો જુઓ આ શેરો'

મેં એ ભાઈની અરજી જોઈ તેના પરનો જવાબ જોયો સરકારી કાયદા કાનૂન જોઈ તો ન્યાય થયો

તગાવી (લોન) જમીન સામે મળે છે આ ખેડૂત માત્ર પાંચ વીઘાનો ખાતેદાર હતો તેના ખેતરની બાજુમાં બીજા પાંચેક વીઘાના ખેતરો વાવતો હતો તેને એમ કે જો કૂવો કરાવે તો ગિયાળામાં પાનની ખેતી કરી શકે પણ તગાવી તો તેની જમીનની કિંમતની અડધી રકમ જેટલી મળે તેની જમીન તારણમાં આપે ત્યારે તેને કૂવા જેટલી તો રકમ મળતી નહોતી ગણોતધારા પ્રમાણે જમીનની કિંમત નક્કી કરી છે તે કિંમત પ્રમાણે તેના પાંચ વીઘા તારણમાં લીધા એમાંથી અડધી રકમ આપવાની એટલી રકમમાં એ કૂવો કઈ રીતે કરી શકે? એટલે એ ખેડૂત ફરિયાદ કરતો મારી પાસે આવ્યો હતો

'સેવકરામ! જે આવે છે તે કહે છે આ તો ગરીબો માટે રાજ્ય છે તગાવી કાઢી છે તે મારા જેવા ગરીબ ખેડૂત માટે કે પછી પહોંચવાળા માટે? જો મારા જેવાને તગાવી ન મળે તો પછી ખેતીના સાધન કઈ રીતે ઊભા કરવા? મદદ તે ગરીબને કરવાની હોય કે ધનવાનને?'

આ ભાઈનું કહેવું ખોટું પણ નહોતું જે ખેડૂતો સુખી હતા, જે ખેતી અને વેપાર પણ કરતા હતા, તેમને પોતાની જમીનના તારણમાં તગાવી મળતી હતી એ પહોંચવાળા તો સરકારની બધી યોજનાઓનો લાભ લેતા હતા સગવડ પણ લેતા હતા હું જોતો હતો કે એ રીતે કેટલાક કૂવા ખોદાવ્યા હતા કેટલાક 'બોર' કરાવી મશીન પણ મૂક્યા હતા સરકારની મદદથી મશીન લાવી બીજા ખેડૂતોને પાણી આપી પૈસા કમાતા હતા એમને જ બે પૈસે સુખી હતા ને વધુ સુખી થતા હતા તેઓ ગરીબો પાસેથી કમાણી કરતા હતા સરકાર પણ એમને આજે લોન લેતા હતા અને પોતાની કમાણી વેપારમાં રોકતા હતા આવો ખોટો લાભ લેનારો વર્ગ વધી ગયો છે આવા લોકો ઉપર કરી સરકારની મદદ તુરત થઈ આવે છે ને જેને સાચી જરૂર છે તેને ધક્કા ખાવા પડે છે ત્રણચાર મહિને અનેક ધક્કા પછી તેને આવો જવાબ મળે છે

મને તો સવાલ થાય છે તગાવી તે ગરીબને આપવાની હોય કે સદ્ધરને! આ બાબતમાં કોઈ જોગો તપાસ કરશે કે જરૂરી કાયદેસર નાવમાં ખગ?

ચુનીલાલ મડિયા

સાહિત્યસાધક શ્રી દલાલ

ગુજરાતના જાણીતા વાર્તાકાર અને નાટ્યકાર શ્રી જયન્તિ દલાલને મોડું મોડું પણ ગુજરાત સાહિત્યસભાના ૧૯૫૯ના રણજિતરામ સુવર્ણચન્દ્રક-વિજેતા તરીકેનું બહુમાન મળે છે એ પ્રસંગે તેમની સાહિત્યસાધનાનો પરિચય આ લેખ ઉચિત છે

ત્રણેક દાયકા પહેલાં ગુજરાત કૉલેજમાં વિખ્યાત પ્રિન્સીપાલ શીરાઝના શાસનકાળ વેળા આજે જેને નાટકના અવેતન પ્રયોગો કહેવામાં આવે છે એવા ત્રણ તરુણો ક્લાસમાં છેલ્લી પાટલીએ બેસીને નાટકો લખવાનો પ્રયત્ન કરતા એકબીજાએ રચેલા અધૂરાં નાટકો પૂરાં કરી આપતા અને કૉલેજના વાર્ષિકોત્સવ વેળા એ ભજવતા પણ ખરા એ મિત્ર ત્રિપુટીનાં નામ યશવન્ત પંડ્યા દિલીપ કોઠારી અને જયન્તિ દલાલ આમાંના યશવન્ત પંડ્યાએ ગુજરાતી સાહિત્યમાં એકાંકી નાટ્યલેખનનો યશસ્વી આરંભ કર્યો દિલીપ કોઠારી, જેમને એ જમાનાની ગુજરાત કૉલેજના નાટ્યપ્રયોગોમાં સ્ત્રીપાત્રની ભૂમિકાઓ ભજવી હતી એમણે આગળ જતાં એક કાબેલ નાટ્યનિર્માતા તરીકે નામ કાઢેલું (ભાવનગરમાં એમણે શ્રીધરાણીકૃત 'મોરનાં ઈંડાં' ઈત્યાદિમાંથી ભજવેલું મુંબઈમાં પ્રેમરંગનો યાદગાર પ્રયોગ રજૂ કરેલો) એ ત્રિપુટીમાંના ત્રીજા જયન્તિ દલાલે આગળ જતાં નાટ્યલેખન અને વાર્તાલેખનનું વધારે વ્યવસ્થિત ખેડાણ કર્યું, અને ઉત્તમ નાટ્યલેખન તથા ઉત્તમ વાર્તાલેખન બદલ ગુજરાત સાહિત્યસભા તરફથી ૧૯૫૯ના રણજિતરામ સુવર્ણચન્દ્રકના યશસ્વી વિજેતા બન્યા છે

શ્રી જયન્તિ દલાલ

દલાલને નાટક અને રંગભૂમિના સંસ્કાર ગળથૂથીમાંથી જ સાંપડ્યા છે, એમ કહીએ ત્યારે એ ઉક્તિ આલંકારિક જ નહિ, વાચ્યાર્થમાં પણ સાચી બની રહે છે પિતા ઘેલાભાઈ દલાલ દેશી નાટક સમાજનું સંચાલન કરતા અને તેથી જયન્તિ દલાલનો ઉછેર જ નાટકના નેપથ્યમાં થયેલો પરિણામે નાટક માટે લઘુતમ આવશ્યક સામગ્રીઓ, તખ્તાના બે પાટિયાં અને જુસ્સો તો આ લેખકને વારસામાં જ મળેલો અને છતાં આ જૂની રંગભૂમિના જૂની રસમોથી તેઓ મુક્ત રહી શક્યા છે એ આશ્ચર્ય સાથે આનંદની વાત બની એટલા ખાતર નોંધવી પડે છે કે આજે કેટલાક હિતધારક નાટ્યકારો જૂની ધંધાદારી રંગભૂમિના હાડપિંજરોની હાટડી માંડી બેઠા છે અને દર વર્ષોણ્ણારે જૂના તખ્તાના કોઈક કહેવાતા સુવર્ણયુગની ગાથાઓ ફરી ફરીને સાચી રંગભૂમિના વિકાસને ગૂંગળાવી રહ્યા છે ગુજરાતના ઉત્તમોત્તમ નાટ્ય તરીકે અમૃત કેશવ નાયક કે અશરફખાનની જાહેરાત થાય ત્યારે આ 'જૂની'ના મેરખાંઓ સાંસ્કારિક મંચોમાં કેવી ભેળસેળ આચરી રહ્યા છે એનો ખ્યાલ આવે છે આપણા સદ્ભાગ્યે દલાલે જૂની રંગભૂમિના પ્રત્યક્ષ પરિચયનો ઉપયોગ ખોરાક તરીકે નહિ પણ ખાતર તરીકે જ કર્યો, અને પરિણામે નવી રંગભૂમિ માટે સાચાં સાહિત્યિક નાટકો એમની કલમમાંથી નીપજી શક્યાં

બધાયે ભાષણમાં તો ગરીબને સુખી કરવાની વાતો તો કરે છે પણ ગરીબો સુખી થાય છે ખરા ? નથી થતા તો શું કારણ છે ! આ વિશે આપણા નેતાઓ અને પ્રધાનો ઊંડો વિચાર કરે તો સારું આ કેસ તો ગુજરાત રાજ્યના પ્રધાનશ્રીને પહોંચાડવા જેવું વિચાર્યું છે ૪

*

'સાચા નાટકો' શબ્દપ્રયોગ અહીં સભાનપણે કર્યો છે કરવો પડ્યો છે નાટકો સાચા અને ખોટા બન્ને હોઈ શકે ? હોવા તો ન જોઈએ, પણ ગુજરાતી સાહિત્યમા કમનસીબે એ બન્ને પ્રકારોનુ અસ્તિત્વ સ્વીકારવુ પડે એવી સ્થિતિ છે આજે અનેક સવાદો પણ 'નાટક' જેવા ભારેખમ નામનો દાવો કરી રહ્યા છે ત્યારે સાચા નાટક અને બનાવટી નાટકનો ભેદ પાડવો અનિવાર્ય બને છે

૧૯૪૦ મા પ્રગટ થયેલા દલાલના એકાંકીસગ્રહ 'જવનિકા'મા આરભિક પ્રયોગશીલતા દેખાતી હતી, પણ એના અનુગામી સગ્રહ 'પ્રવેશ બીજો' મા એ પ્રયોગશીલતા સિદ્ધિમા પરિણમી ચૂકી હતી પછી તો એમણે બીજા ત્રણ પ્રવેશો આપ્યા અને એમા 'માની દીકરી', 'દ્રૌપદીનો સહકાર,' 'મોયનુ નાકુ', 'સ્વર્ગકમ્પ' જેવી રચનાઓએ એ ગમી સાહિત્યના નવતના શિખરો સર કર્યાં ટૂકી વાર્તાને ક્ષેત્રે દલાલનુ અર્પણ નાનુ સુનુ નથી (જો કે, ગુજરાતી સાહિત્યના આજકાલ જે નવા સર્જનાત્મક ઇતિહાસો લખાઈ રહ્યા છે એમા દલાલ નામના કોઈ વાર્તાકારનુ અસ્તિત્વ જ જોવા નથી મળતુ) ધૂમકેતુ-દ્વિરેફ પછી, ગુજરાતી ટૂકી વાર્તાને વાસ્તવલક્ષી વળાંક આપવામા દલાલની કલમે એક આગવી કામગીરી બજાવી છે એમના વાર્તાને ખાનમા 'રેખા' માસિકનુ સપાદન એક મુખ્ય નિમિત્ત હતુ પશ્ચિમના 'સ્ટિલ રિવ્યૂ' સામયિકોની યાદ આપતા એ માસિકે વાર્તાક્ષેત્રે ઘણી નવી કલમો વમળતી કરેલી તેમા અસખ્યાબધ 'ઉપનામો' તળે દલાલની જ કલમ કામ કરી રહી હતી એ હકીકત તત્કાળ તો બહુ ઓછા વાચકોના ધ્યાનમા આવેલી પણ 'ઉત્તરા' વાર્તાસગ્રહ પ્રગટ થયો ત્યારે ન્યાયસ્થ અને માતબરના દલાલ જ સુભગ ગણાય એવા એક આગવા ધરાનાની પ્રતીતિ થયેલી (જો કે, ગુજરાતમા વારવાર બને છે એમ, આ સગ્રહના પ્રકાશન બાદ પ્રગટ થયેલ 'આપણી શ્રેષ્ઠ નવલિકાઓ'મા દલાલની જ વાર્તા ગેરહાજર હતી) 'પીના પીના દસ આપ્યા,' 'મૂડી ચોપ્યા,' 'અધીરાઈ ગઈ' આદિ દલાલની નમૂનેદાર વાર્તાઓ આ પ્રથમ સગ્રહમા ગ્રથસ્થ થયેલી 'ઉનગ' સગ્રહ ઉપર બીજા વિશ્વયુદ્ધની અને બેતાળીસની લડતની છાયા હતી, તો 'જૂજવા' અને 'કથરોટમા ગગા'ની વાર્તાઓમા સ્વાતત્ર્યપ્રાપ્તિ પછીના જીવનનુ સરવૈયુ હતુ પણ સઘળી કૃતિઓમા એક સૂક્ષ્મ સવેદનશીલ અને સજાગ કલાકારની હાજરી તો અવશ્ય દેખાતી જ

દલાલ સ્વભાવે પત્રકાર છે કોઈક ને કોઈક સામયિકના પ્રકાશન વિના એમને ચેન ન પડે અભિવ્યક્તિ માટેની એ એમની આતરિક જરૂરિયાત હશે 'રેખા' માસિક અને 'ગતિ' ગ્રથમાળા સાથે થોડો સમય 'ગતિ' સાપ્તાહિકનુ પણ સપાદન કરેલુ એ બાદ 'રગમ'ના બે વાર્ષિકો પ્રગટ કરેલા એ તો આગવિક પ્રકાશનને ક્ષેત્રે યાદગાર થઈ ગયા છે

ગુજરાતી વાર્તા-નવલકથાને ક્ષેત્રે 'ધાનો ગામડે'નો નારો ઊઠ્યો ત્યારે જ, જાણે કે આ વલણની સમતુલા સાચવવા દલાલે શહેરી જીવનનુ આલેખન શરૂ કરેલુ આ ઘટના નર્યો અકસ્માત હોય તોયે આશ્ચર્ય ગણાય 'શહેરની શેરી'ના જીવનચિત્રો પેટલીકરના 'ગ્રામ ચિત્રો'ની સમતુલા જાળવતા લાગે છે નગર જીવનની ઉપરટપકે દેખાતી સામાન્યતામા રહેલી સામાન્યતાની શોધ અને એની પાછળની સવેદના એ માત્ર 'શહેરની શેરી' નુ જ નહિ, દલાલની ઘણીખરી કૃતિઓનુ જાણીતુ લક્ષણ છે દલાલના લેખનનુ એવુ જ બીજુ જાણીતુ લક્ષણ તે વ્યગોક્તિ અને વક્રકથન આ વ્યગ વ્યગ ખાતર જ ભાગ્યે જ યોજાતો હોય એ તો એમના વ્યક્તિત્વનો જ એક સ્વાભાવિક આવિષ્કાર જણાય છે અને આ દલાલને માત્ર વક્રદર્શી કહેવામા 'ઝાડ, ડાળ ને માળો' કે 'આ ઘેર પેલે ઘેર' જેવી સખ્યાબધ ગભીર ગુણવાન કૃતિઓને અન્યાય થાય એમ લાગે છે

દલાલના પુસ્તકોની આખી યાદી વાચનારને એમા મૌલિક જેટલા જ અનુદિત પુસ્તકોની નામાવલિ નજરે ચડશે આ અનુવાદપ્રવૃત્તિનો આરભ આજથી અઢી દાયકા પૂર્વે 'બળવાખોર પિતાની તસવીર'થી થયેલો અને

એ પ્રવૃત્તિનુ તાજામાં તાજુ સુફળ નોર્વેજીઅન લેખક નટ હેમ્સનકૃત 'હંગર'નો અનુવાદ છે આ બે કૃતિઓના અનુવાદના વચલા ગાળામાં તો એમણે નવલોમાં નગાધિરાજ ગણાતી તોલ્સ્તોયકૃત 'યુદ્ધ અને શાંતિ'નો શબ્દશઃ અનુવાદ આપીને ગુજરાતી ભાષાને મહામૂલુ ઘરેણું અર્પ્યું છે 'મેઘપથ,' 'ખભે પછેડી ને દીઠો ચાદ' વગેરે નવનકથાઓ પણ દલાલની અનુવાદ પ્રવૃત્તિની જ નીપજ છે

એમણે મૌલિક નવનકથાઓ બે જ આપી છે 'ધીમુ અને વિભા' તથા 'પાદરના તીરથ' પણ શહેરની શેરીના સૂક્ષ્મતમ સંવેદનોને ટૂંકા જીવનચિત્રોમા સમર્થ રીતે વાચા આપી શકનાર કલમમાથી હજુ વધારે લાંબી રચનાઓ કેમ નીપજતી નથી એવો પ્રશ્ન પૂછવાનો દલાલના વાચકોને અધિકાર છે

અને એવી જ ફરિયાદ એમની નાટ્યપ્રવૃત્તિ બાબતમા પણ કરી શકાય સ્વ આનંદશંકર ધ્રુવ માટે કહેવાયુ છે કે તેઓ જેટલી જાણકારી ધરાવતા હતા એટલુ લખી શક્યા નહોતા દલાને પણ નાટ્યલેખનની જાણકારીના પ્રમાણમા હજી આપણને પૂરતી રચનાઓ નથી આપી લાંબા ત્રિઅંકી નાટકો તો હજી એમણે આરંભ્યાં જ નથી કોઈ પણ સર્જકની ઉત્તમોત્તમ રચના તો ભાવિના ગર્ભમા જ હોય અને દલાલને તો એમના જ શબ્દોમા 'લાકડાની કાયા ને લૂગડાની માયા'નુ વળગણ વારસામા જ મળ્યુ છે એમની સર્જક પ્રતિભા માટે ઉત્તમોત્તમ, તાસીરને અનુકૂળ માધ્યમ પણ નાટક જ છે આપણે ઇચ્છીએ કે ગુણજ્ઞ ગુજરાત સાહિત્ય સભાએ રણજિતરામ સુવર્ણચન્દ્રક વડે આ પ્રતિભાનુ જે બહુમાન કર્યુ છે એ એના વિજેતાની પેલી ભાવિના ગર્ભમાની ઉત્તમોત્તમ નાટ્યરચનાઓના અવતરણમા નિમિત્તરૂપ બની રહો

★

તાજેતરમા સોવિયેત વૈજ્ઞાનિક ડૉ યુરી રાલે એક રસિક પ્રશ્નની ચર્ચા કરી હતી પ્રશ્ન હતો બીજા ગ્રહો ઉપર વસતા માનવીઓ કેવા હશે? આ અંગે સાહસકથાના લેખકોએ જે અનેક અદ્ભુત કાલ્પનિક તર્કો કર્યા છે એમને ડૉ રાલે રદિયો આપ્યો છે તેઓ કહે છે કે બીજા ગ્રહોના માનવીઓનો આકાર આપણા જેવો નહીં હોય પણ તોય અમુક બાબતોમા તો આપણી સાથે મળતાપણુ તો હશે જ દાખલા તરીકે એમનામા એક યા બીજા રૂપે નીચેના અંગો હોવાં જ જોઈએ

(૧) એમને મગજ હશે આખા શરીરમા ફેલાયેલી જ્ઞાનતંતુની જાળ હશે અને મગજનુ રક્ષણ કરવા માટે એની આસપાસ હાડકાની ખોપરી હશે

(૨) ગ્રહો ઉપર ગુરુત્વાકર્ષણ હોય એટલે શરીરના કોઈ એવા ભાગમા મગજ આવેલુ હશે કે જેથી એના ઉપર વધારે પડતુ દબાણ ન આવે

(૩) માનવીને ફરવા તો જોઈએ જ. એટલે એમને પગ જેવુ તો કંઈક હોવુ જોઈએ અને એને માટે કેટલીક ઇન્દ્રિયો પણ હોવી જોઈએ

(૪) એમને એક અથવા એકથી વધુ આંખો હોય એ સંભવિત છે.

લેખક માને છે કે શરીરશાસ્ત્રની પાયાની પ્રક્રિયાઓ બધા પ્રાણીઓમા સરખી હોય છે. એના ઉપરથી એમ લાગે છે કે બીજા ગ્રહોના માનવીઓ અનેક બાબતોમાં આપણને મળતા આવતા હશે પણ જુદા પ્રકારના સંજોગોને પરિણામે, એમનો આકાર આપણા આકાર કરતાં અનેક રીતે જુદો પડે એ શક્ય છે

'ઊર્મિ-નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામા સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવું ક્યારેય ભૂલશો નહિ.

વિજયકુમાર ત્રિવેદી

સરલા

ઉત્તર ગુજરાતના જાણીતા જાહેર-સામાજિક કાર્યકર અને બાહોશ ધારાશાસ્ત્રીએ લખેલી આ સત્યકથા નારી જાતિનું ગરવું પ્રતીક રજૂ કરે છે. કલ્પના કરતા સત્ય હંમેશા ચડે છે એટલે જ આ સત્યકથાનું આગવું મહત્વ મનાય. ઉર્મિના વાચકોને હવે તો જાણીતા થયેલા શ્રી વિજયકુમાર ત્રિવેદી આવી બીજી કથાઓ આપશે જ...

આ વીસ વર્ષની ઉમ્મરની સરલાનો પતિ સુરેશ જ્યારે ગુજરી ગયો ત્યારે સૂરત શહેરના એ નાના મહોલ્લામા ભારે કલ્પાંત થયું. સુરેશ માંદો તો કેટલાય વખતથી હતો પરંતુ તે આમ અચાનક ગુજરી જશે તેમ કોઈ માનતું નહોતું. જો કે સુરેશની જિંદગીનો અંત આવ્યો તેની સાથે તેની મિલકતનો પણ અંત આવ્યો હતો અને તેના ઘરમા ફૂટી બદામ કઢી શકાય તેવું કંઈ જ સુરેશના મરણ વખતે નહોતું. જો તે થોડું વધુ જીવ્યો હોત તો શું થાત તે કહેવું પણ મુશ્કેલ હતું. મધ્યમ વર્ગના ટી. બી. માં કે બીજા રોગમાં સપડાએલા માનવીની આ જ દશા હોય છે અને લોકો કહે છે 'મરતો ગયો અને પાછળ નાને મારતો ગયો'—એ સાવ સાચું છે. આવા લોકોની જે કંઈ મિલકત હોય તે મંદવાડમા ખલાસ થઈ જાય છે ને તેના આશ્રિતોના નસીબમા આંસુ સિવાય કંઈ જ શિલક રહેતું નથી.

જે કંઈ થોડો ઘણો સામાન પોતાની પાસે હતો તે વેચી મારીને અને પાંચ પચાસ રૂપિયાનું દેવું કરીને સરલા જ્યારે ગામની ગાડીમા પાછી આવી ત્યારે સૌ જ તેની દયા ખાવા માડ્યું.

'બિચારી સરલા! તેને માથે આભ તૂટી પડ્યું. હવે શું કરશે?'—નાતની ડોશીઓ અને આધેડ વયની સ્ત્રીઓ સરલાને જોઈને કહેવા લાગી. શેરીઓ ને એવું બન્યું એટલા પ્રમાણમાં ચાલ્યું કે સરલાની સરખી ઉમ્મરની બેનપણીઓમાથી કોઈની તેની પાસે આવવાની પણ હિંમત ચાલી નહિ. એમને રોતા આવડતું નહોતું અને સરલા પાસે જાય અને રોવે નહિ તો ડોશીઓની ટીકાને પાત્ર થવું પડે, જે થવાની તેમની હિંમત નહોતી.

આમ તો સરલાના આખું મંગળાગવરી નાની જ ઉમ્મરમા વિધવા થયાં હતાં. તેમના એમના એક દીકરા સુરેશને તેમણે પોતાનું રાચરચીલું વેચી ભણાવ્યો હતો અને છેલ્લા પાંચ વર્ષથી તે મુંબાઈમા એક મીલમાં કારકુનની નોકરી કરતો હતો. પરંતુ મધ્યમ વર્ગના મુંબાઈમા ધંધો શોધવા ગયેલા લોકોનું થાય છે તેમ તે ન મુંબાઈમા ઓરડી રાખી શક્યો કે ન સરલાને કે માતાને પોતાની પાસે લાવી શક્યો. ભોજનના રોટલા અને ગમે ત્યા પડી રહેવાનું એટલે ટી. બી. જેવા રોગ આવા લોકો માટે સામાન્ય છે.

મહોલ્લામા નાની નાની ટોળીઓ વળતી અને બધા સરલાની જ વાત કરતા. 'મંગળાએ તો રડાપો વિતાવી સુરેશને મોટો કર્યો પણ સરલાનું શું?' કુટુંબ દેવાના દાવેલા તેને ત્રણ દીકરા હતા પણ તેમને ખાવાના જ સાંસા હતા તો ભણવાની તો વાત જ શી? અને સરલા સાસરામાં દુઃખી હતી તો પિયરમાં પણ ક્યા સુખી હતી? તેની માતાની તે ભલે એકની એક દીકરી હોય પણ માતા પાસે માંડ પોતાનું પેટ ભરે તેટલો અવેજ હતો. પછી દીકરી ભાણેજોઆનો ત્યા તો સમાવેશ થાય જ ક્યાથી?

સરલાની સહુ દયા ખાતું પણ કોઈ તેને રસ્તો બતાવતું નહિ. ઉલટું બધા એમ જ કહેતા 'ગમેતેમ તો પણ વાણિયા બ્રાહ્મણથી કંઈ મજૂરી થાય છે કે નોકરી થાય છે? અને ગૃહસ્થી પેઠે રહેવું તો પડે જ. ઈશ્વરે અવતાર ઉચ્ચ કોમમા આપ્યો એટલે તેમા પણ કંઈ છૂટકો છે!' હજી આજ પણ કેટલાય એમ માને છે કે ગમેતેવી સ્થિતિ હોય તો પણ ગૃહસ્થી જેમ રહેવું જ પડે અને મજૂરી કરવાનો ઈજારો તો બીજી કોમનો જ. પછી આવા મધ્યમ વર્ગની સહુ દયા ખાય છે અને કહે છે કે મધ્યમ વર્ગ કચડાઈ રહ્યો છે. તેની પડી છે કોઈને? પણ આવો મધ્યમ વર્ગ ન કચડાય તો તેનું થાય પણ શું?

સરલા ભણવામાં ખૂબ જ હોશિયાર હતી ગુજરાતી ૭ ચોપડી ભણી પણ નિશાળમાં કાયમ પહેલો નંબર રાખતી લગ્ન થયા પછી તેનું વાંચવાનું અને ચાર વર્ષના લગ્નજીવનમાના ત્રણ બાળકના મૃત્યુએ તેની મોટા ભાગની શક્તિ હરી લીધી હતી પતિની જૂજ આવક ઉપર આ ૭ જીવ રોગના ભેગા થતા પરંતુ હવે તો માત્ર ઉપર આભ અને નીચે ધરતી જ હતુ

સરલાની મૂંઝવણનો પાર નહોતો મગળાગવર્ગીની પણ અમૂંઝામણ અકથ્ય હતી પરંતુ કોઈ માર્ગ દેખાતો નહિ મરણના સમાચાર સાંભળ્યા ત્યારની સરલા વિચારમાં ઊંડી ઊતરી ગઈ હતી

ખૂબ ખૂબ મૂંઝવણ અને વિચારને અંતે સરલાએ નિશ્ચય કર્યો સુરેશના મરણના બારમે દિવસે જ્યારે તેણે મુંડન કરાવવાની ના પાડી ત્યારે આખી નાત તેના વિરુદ્ધ થઈ ગઈ જે લોકો બિચારી સરલા કહેતા તે હવે તેના ઉપર ગાળોનો વરસાદ વરસાવવા માંડ્યા આમાંથી ખુદ મગળાગવરી પણ બાકી ન રહ્યા સરલાની મા કંચનને પણ લાગતું કે સરલા આ સારું કરતી નથી પણ તેનામાં કંઈ કહેવાની હિંમત નહોતી

પરંતુ સુરેશના મરણના ચૌદમે દિવસે સરલાએ જ્યારે સુવાસિની બંગડી ફોડી ત્યારે તો તેની આખી નાત ઊંચીનીચી થઈ ગઈ સુરેશના મરણનો કોઈને આઘાત નહોતો લાગ્યો અને મધ્યમ વર્ગના એ હિમાયતીઓને લાગ્યું કે આપણો ધર્મ અને સંસ્કૃતિ રસાતાળ જઈ રહ્યા છે

જે લોકો 'બિચારી સરલા' કહી વાત કરતા હતા તે હવે સરલાની સાત પેઢી ઉકેલવા માંડ્યા સરલા તો હવે વેશ્યા થઈ જશે ત્યાંથી માંડીને જાત જાતની વાતો સરલા માટે કરવા માંડ્યા અને કંચન અને મગળાગવરીની મૂંઝવણ વધારવા માંડ્યા એટલું સારું થયું કે તેમની આ ટીકા સાંભળવા સરલા હાજર નહોતી. નહિ તો તેને આપઘાત કરવો પડત

સરલા સીધી, જે દવાખાનામાં સુરેશને રાખ્યો હતો તે દવાખાનાની મેટ્રન પાસે ગઈ મેટ્રન એક શ્યામ ભરી બાઈ હતી તેણે સરલાને સુરેશના મદદમાં થોડી હિંમત આપી હતી પરંતુ હવે તો તે સરલાને પોતાને ઘેર જ લઈ ગઈ તેની દશા પણ સરલા જેવી જ હતી પરંતુ આજે તો તે ૨૫૦ રૂપિયાની અમલદાર હતી અને તેના છોકરા કૉલેજમાં શિક્ષણ લેતા હતા.

મેટ્રને સરલાને પોતાના ઘરે જ રાખી દવાખાનામાં ક્રીમેન વૉર્ડમાં થોડું કામ અપાવ્યું સરલાનું અંગ્રેજી જ્ઞાન થોડું હતું મેટ્રને રાતે રાતે સરલાને અંગ્રેજી શીખવવા માંડ્યું અને નવું સત્ર શરૂ થયું ત્યારે સરલાને નર્સીંગ ટ્રેઈનીંગ ક્લાસમાં દાખલ કરાવી

સરલાએ પોતાની પરિસ્થિતિનો જ્યારે સાસુ તથા માતાને કાગળ લખ્યો ત્યારે માતાએ તો થોડું આશ્વાસન મેળવ્યું જો કે એ પણ જૂના વિચારના અને મધ્યમ વર્ગની વિચારસરણીથી રંગાયેલા હતા એટલે તેમને થતું કે સરલા આના કરતા ઘેર રહી ભૂખે મરતી હોત અને બધાની નજરમાં બિચારી કહેવાતી હોત તો સારું હતું બાકી સાસુની સરલા તરફ સહાનુભૂતિ હતી પરંતુ તેમને તો એમ જ થતું કે જ્યાં સુધી સરલાના માથેથી વાળ ઊતરશે નહિ ત્યાં સુધી સુરેશની સદ્ગતિ થશે નહિ

સરલા તો રાતદિવસ મહેનત કરવા લાગી એના નસીબે છોકરા રાખનાર મા હતી એટલે ચિંતા નહોતી તેને જે માસિક પચાસ રૂપિયા શિષ્યવૃત્તિ મળતી તેમાંથી પણ તે દસ રૂપિયા બચાવી પાંચ માતાને તથા પાંચ સાસુને મોકલતી ને બાર મહિને એકાદ વાર વતનમાં આવીને છોકરાની ખબર કાઢી જતી

સરલાના આખા સમાજમાં આ પહેલો પ્રસંગ હતો કેટલાક પૈસાવાળાની છોકરીઓ ભણી હતી પણ કોઈ છોકરી હજી નર્સ તો થઈ જ નહોતી તેમ કોઈ છોકરી કોઈ પણ પ્રકારની નોકરી પણ કરતી જ નહોતી એટલે સમાજવાળા તો કહેતા કે સરલા તો વટી જ ગઈ છે સરલાને સમાજવાળા શું કહે છે તેની પરવા નહોતી તેને તો પરવા હતી પોતાના છોકરાંને ભણાવવાની અને પોતાને માથે આવેલો બોજો ઊંચકવાની તો

જીવનની ઘણી ઇચ્છા હતી પણ તેને સમાજમા ભિખારી તરીકે નહોતુ જીવવુ

સરલાની બુદ્ધિ—પગ ઉપર ઊભા રહેવાની તમન્ના બધાએ સરલામા નવુ જ બળ રેડ્યુ ત્રણ વર્ષના અંતે તે નર્સની પરીક્ષામા ઊંચે નંબરે પાસ થઈ અને તેને લાગલી જ દોઢસો રૂપિયાની નોકરી પણ મળી ગઈ

સરલા છોકરાને પોતાની પાસે લાવી મુંબઈ રહેવા માટે હવે તેને ઓરડી પણ મળી હતી માતાને આવવાનો ઘણો આગ્રહ કર્યો પરંતુ માતા કહે કે 'મારુ ખોળિયુ નહિ વટલાવુ તુ ભલે સુખી થા મારો જીવ રાજી છે એ ભ્રષ્ટાચારમા મારુ કામ નહિ ' માતા આવવાની ના પાડે પછી સાસુ તો માને જ શાના ? તેમને સરલાની દયા આવતી હતી પણ તેમણે તો સરલાના હાથનુ પાણી પણ ધરમ સાચવવા પીવાનુ બંધ કર્યું હતુ અને તેમા એમનો વાંક નહોતો નાતના ભણેલા ગણેલા માણસો પણ કહેતા કે નર્સનુ જીવન એટલે નર્યો ભ્રષ્ટાચાર હરિજન અને ક્રીશ્ચિયન ભેગુ ખાવાનુ, રહેવાનુ તેમા ધરમ કદી સચવાય નહિ

સરલાને છોકરા સાચવીને નોકરી કરવામા તકલીફ પણ પડતી પરંતુ પાડોશી સારા હતા તે છોકરાની ખબર રાખતા સરલાને રોજ મનમા થતુ કે પતિની હયાતીમા જ ભણીને નર્સ થઈ હોત તો ? પતિને આવકમા ટેકો પણ થાત તેની સેવા ચાકરી પણ સારી થાત અને કદાચ તેને ટી બી થાત પણ નહિ પણ હવે તો આ બધા વિચારો જ હતા

સરલાનુ ગાડુ ઈશ્વરની દયાથી બરાબર ચાલવા માંડ્યુ છોકરા મોટા થયા ભણવા માંડ્યા તે સાસુને તથા માને પણ માસિક પાંચ પાંચ રૂપિયા મોકલી શકતી સાસુ સરલાના હાથનુ પાણી નહોતુ ખપતુ પરંતુ રૂપિયા ખપતા હતા કારણ કે પાણી ખોટુ છે કહેનાર કોઈ સાસુની દયા ખાઈ તેમને રૂપિયા આપતા નહોતા

હવે કોઈ સરલાને ભિખારી કહે છે તો તેને માથાનો ઝાટકો લાગે છે સાચી વાત અને હસમુખી રહેતી સરલા ભિખારી શબ્દ સાંભળે છે અને ઉછળી જાય છે અને ગુસ્સાથી કહે છે 'જુઓ મને કોઈ ભિખારી કહેશો નહિ કોઈ અભાગીએ ભિખારી થવાની જરૂર નથી અભાગી ખોટી દયા ખાઈને અમને ભિખારી બનાવ્યા છે અમે ભિખારા નથી, ભિખારા રહેવુ નથી '

કોઈ મધ્યમ વર્ગની વાત કરે ત્યારે પણ સરલા બહુ ચીડાય છે 'મધ્યમ વર્ગ મધ્યમ વર્ગ કહીને તમે જ આ વર્ગને દુખી કર્યો છે ' તે આ વર્ગની બહેનોમા કાયમ ખૂબ જ રસ લે છે અને દરેકને કોઈ ને કોઈ કામ શીખી જઈ પતિની આવકમા ઉમેરો કરવાનો રસ્તો બતાવે છે અને તેની પ્રેરણાથી આજે કેટલીય બહેનો ભરતા સીવતા, આવક કરતી થતા અને પતિની આવકમા ઉમેરો કરતી થઈ ગઈ છે

વાત લખવા માંડી ત્યારે તો વાતનુ મથાળુ 'ભિખારી સરલા' રાખવાનો વિચાર હતો પરંતુ આ સાચી વાત જ્યારે સમાજ આગળ મૂકુ છુ અને સરલાબહેનના સદા હસતા મુખ અને પરગજુ સ્વભાવનો વિચાર કરુ છુ ત્યારે ભિખારી શબ્દ પાછો ખેંચી લીધા સિવાય રહી શકતો નથી

✻

એક વાર વિખ્યાત ચિત્રકાર વ્હીસ્લરે લંડનમા એક ધનવાન વ્યક્તિને ત્યાં દિવાલ પર પોતાનુ એક ચિત્ર જોયુ આ ચિત્ર એણે ઘણા વર્ષો પહેલા તૈયાર કરેલુ વ્હીસ્લર થોડીક મિનિટો આ ચિત્રને ધારીને જોઈ રહ્યો પછી એને ચિત્ર કાંઈ બરાબર લાગ્યુ નહિ તરત જ એણે પીંછી અને રંગની પ્લેટ મંગાવી અને એણે પીંછી ઉઠાવીને કેનવાસ પર લસરકા મારવા માંડ્યા યજમાન તો આ જોઈ આભો જ બની ગયો ગભરાતા ગભરાતા એણે કહ્યુ : 'આપ શુ કરી રહ્યા છો ? મારા ચિત્રની આ દશા કરવાનો તમને શો હક છે ?' 'તમારુ ચિત્ર ?' વ્હીસ્લરે પૂછ્યુ 'તમે ચિત્રના થોડાક પૈસા આપ્યા એટલે એ ચિત્ર કાંઈ તમારુ થઈ જતુ નથી '

પ્રા. ડૉ. મહેન્દ્ર ન. પરમાર

અણવિકસિત સાહિત્યઅંગ રોજનીશી

રોજનીશી એ સાહિત્યનું અણવિકસિત અંગ છે: એ સાહિત્યઅંગ વધુ ને વધુ વિકસિત થાય તો તેમાંથી જે ઉજ્જ્વળતમ સુંદર વાંચન મળે તે દરેકને સરખું ઉપયોગી થઈ શકે એ અંગને દરેક વધુ ને વધુ વિકસાવે તેવી પ્રેરણા આપતો અભ્યાસી પ્રાધ્યાપકે રચેલો આ અભ્યાસ-લેખ છે.

ગુજરાતી સાહિત્યમાં અનેક સાહિત્યરૂપો ખીલ્યાં છે, ખીલી ગયાં છે, પરન્તુ હજી રોજનીશીનું ખાતામાં આપણે સંશોધન તથા સર્જન કરવાનું અતિઘણું બાકી છે આપણે સ્વભાવે ઐતિહાસિક દૃષ્ટિબિન્દુથી વંચિત રહ્યા છીએ અને તેથી કરીને આ અગત્યના અંગ પ્રત્યે જોઈએ તેથી ઓછું ધ્યાન આપણે આપ્યું છે પરિણામ એ થયું છે કે ગુજરાતી સાહિત્યસૃષ્ટિમાં 'મહાદેવભાઈની ડાયરી', 'નરસિંહરાવની રોજનીશી' જેવાં પુસ્તકો આંગળીને વેઢે ગણાય એટલાં જ છે, એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી

અત્યારે આપણે થોડાં વર્ષોથી એવા સમયમાં જીવન વ્યતીત કરતા આવ્યા છીએ કે લગભગ દરરોજ કોઈ ને કોઈ મહત્ત્વના બનાવ બને છે, રાજકીય, સામાજિક, કૌટુમ્બિક, આર્થિક, સાહિત્યિક ક્ષેત્રોમાં ત્વરિત ગતિએ ફેરફારો થયા કરતા આવ્યા છે અને જો તેની નોંધ આપણે નહિ લઈએ તો સંભવ છે કે તે સર્વે આપણે ભૂલી પણ જઈશું વળી, અત્યારે જે બનાવો બની રહ્યા છે, જે વ્યક્તિઓ ભારતમાં અને પરદેશોમાં આજે જીવી રહી છે, તેની સ્મૃતિ પણ નષ્ટપ્રાય થશે, ભૂંસાઈ જશે, જો કોઈ રોજનીશી તેની પ્રતિદિન નોંધ નહિ રાખે તો! આધુનિક યુગમાં વિજ્ઞાનની અકલ્પનીય પ્રગતિને આભારે નૂતન પ્રયાસો થયા જ કરે છે ચન્દ્રલોક પર ચઢાઈ, અવકાશમાં યાત્રા, ટેલીવીઝન, સુગંધમય ફિલ્મો આ આજની અજાયબી, કાલના વાસીઓને સામાન્ય લાગશે પણ તોયે નોંધવી રહી વળી રોજનીશી દ્વારા આપણે રોજનીશી રાખનારની ઉપરાંત તેમાં જે સ્ત્રી પુરુષોનાં નામોનો સમાવેશ થયો હોય તેમનો જીવનચર્યા પણ આપણે મેળવી શકીશું, તેમનું વ્યક્તિત્વ પારખી શકીશું. તે સમયના નાના મોટા વલણોને, પામી શકીશું, કારણ વૃત્તપત્રો અથવા ઇતિહાસના પુસ્તકો અથવા આ મહત્ત્વ આપણને આ સર્વ માહિતી સંક્ષિપ્ત રીતે જ આપશે—જો તે પણ આપી શકે તો—આત્મલક્ષી રીતે! આપણને માનવજીવનમાં અને માનવસંસ્કૃતિમાં અખંડ રસ છે આપણે પાષાણયુગના માનવી વિશે અભ્યાસ કરીએ છીએ; તેણે દોરેલાં ભીંતચિત્રો, તેણે વાપરેલાં પાષાણ ઓજારો તપાસીએ છીએ, ભેગાં કરીએ છીએ, તે અને અન્ય વસ્તુઓ પરથી તેનું જીવન પુનઃ સ્થાપિત કરવા પ્રયાસ આદરીએ છીએ પણ એ માનવી ફક્ત ભીંતો પર ચિત્રો જ નહોતો ચીતરતો પાષાણયન્ત્રોથી શિકાર જ નહોતો કરતો, તે પણ વિચાર કરતો હતો, સુખ, દુ:ખની લાગણી અનુભવતો હતો, આ વિશે આપણે જાણવા કુતૂહલ ધરાવતા હોવા છતાં, આપણે કેટલું જ્ઞાન સંપાદન કરી શકીએ છીએ? તે સમયના માનવસ્વભાવ, તે સમયની જીવનઘટમાળ આપણે માટે વધુ આકર્ષણ રાખે છે, પણ આપણે અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશને પામી શકતા નથી—કારણ કે તે સમયની લેખિત નોંધ મોજૂદ નથી, હોઈ શકે નહિ

આજે જીવન તે દિવસના જેવું સરળ, એકપંથી નથી રહ્યું સમય પણ એટલો રહ્યો નથી, માટે જ રોજનીશી જરૂરી બનતી જાય છે રોજનીશી, આત્મકથા, જીવનચરિત્ર, ઇતિહાસ, લેખકની અનેક અને અમૂલ્ય કૃતિઓ કરતાં, એક દૃષ્ટિએ વધુ મહત્ત્વની છે કારણ કે રોજનીશીનું સ્થાન કોઈ પણ સાહિત્ય-સ્વરૂપ લઈ શકે તેમ નથી સૌથી આત્મદર્શી, વેધક, આત્મલક્ષી, સત્ય અને આધારભૂત લેખન તે રોજનીશીનું હોઈ શકે આ પુસ્તકના પૃષ્ઠોમાં રોજનીશીકાર કોઈ પણ આડંબર વિના, કોઈ પણ પ્રકારના નિર્ભયતાપૂર્વક,સૌજિક

રીતે કોઈ પણ પ્રકારના દંભ વિના, પ્રશંસાની ઇચ્છા વિના જે હૈયે અને હોઠે હશે તે લેખિની દ્વારા સહજ રીતે ઉતાર્યે જશે. પોતાને સ્ફુરેલા વિચારો, પોતાનામાં ઉદ્ભવેલી લાગણીઓ, આશા-નિરાશાઓ, ભાવનાઓ, પોતે સ્વીકારેલા પૂર્વગ્રહો, આદર્શો, પોતે અનુભવેલા પ્રસંગો, સંશયો, વગેરે તે બધું તાજું હોય તે જ અરસામાં લખતો જતો હોઈ તેમાં આપણને કેટકેટલું જ્ઞાન આપી શકશે! વળી, આત્મકથા લખનાર તો એમ પણ ધારે કે તેની કૃતિ ગમે તે સમયે, કાળે, ગમે તેના હાથમાં જતાં, તેને માટે અનુકૂળ પ્રતિકૂળ અભિપ્રાય પણ બંધાવે, માટે તે આત્મકથાનાં પૃષ્ઠોમાં પોતાનું મન મોકળું કરતા કરતા પણ જરા સંકોચ અનુભવશે, અને ગાંધીજી વગેરે જેવા વિરલ આત્માઓ બાદ કરતાં, કેટલા માનવીઓ પોતાનું જીવન લેશમાત્ર સંતાકૂકડી સિવાય જનતાને ચરણે ધરવાની હિંમત રાખશે? વળી, આત્મકથા સામાન્યતઃ જીવનસંધ્યાએ લખાય છે, જ્યારે લેખકે પોતાનો જીવનસંગ્રામ સમેટી લીધો હોય અને આયુધો પાછા મ્યાનમાં પ્રવેશી રહ્યાં હોય આ સમયે તેને કેટલા પ્રસંગો યાદ રહેશે, રહેલા હશે? કેટલાનો તે પોતાના જીવનવૃત્તાન્તમાં સમાવેશ કરી શકશે? કેટલી માહિતી તે સ્વાનુભવથી મેળવતો હશે? દિનપ્રતિદિન તેનામાં થતા સંઘર્ષો તે સંભારી શકશે? પણ રોજનીશીકારને આ મૂંઝવણ નડતી નથી, અને કારણ કે એની કૃતિ ભાગ્યે જ જનતા સમક્ષ આવવા લખાતી હોય છે, તેથી તેમાં અસત્ય લખવાનું, અથવા ભય રાખવાનું જરૂરી બનતું નથી. વળી, જીવનની નાની મોટી વાતો પણ તે ટાંકી શકે છે અને આત્મપ્રશંસા કરવા યોગ્ય ગણે તો તે પણ એ કરી શકશે—અહં-મમત્વના આરોપને આમંત્ર્યા વિના!

પત્રો કરતા પણ રોજનીશી વધુ વ્યક્તિગત હોઈ શકે છે, કારણ પત્રો પણ આખરે કોઈ પરજનના હાથમાં તો જાય જ ને! નિબંધો પણ આ દિશામાં તદ્દન સંતોષી શકતા નથી. આ કારણે આપણે રોજનીશીને મહત્ત્વ આપવું પડે.

પુરાણા સમયની ફાહિયાન, હ્યુએનત્સંગ, બાબર, વગેરેની નોંધપોથી આપણને તેઓના કર્તા વિષે, તે સમયના વાતાવરણ વિષે આપણને કેટલું કહે છે! આ નોંધપોથી ન હોત, તો આજે આપણે કેટલું ગુમાવ્યું હોત! અંગ્રેજી સાહિત્યમાં પણ લૉર્ડ ટેનીસન, બાયરન, એવેલીન, પીપ્સ, આઈરીશ રોઝર કેસમેન્ટ, ટૅની મોર્ગેન્થોની ડાયરીઓ જાણીતી છે. ફ્રાન્સીસ મીઅર્સની 'પેલેડીસ ટામીઆ' નામની નોંધપોથીમાંથી આપણને શેક્સપીઅરના નાટકોની તારીખો વિષે કેટલું જાણવા મળે છે! પીપ્સ અને એવેલીનની ૧૭ મી સદીની 'રોજનીશી'એ આપણને પીપ્સ અને એવેલીન ઉપરાંત, તે સમયના સાહિત્યપ્રકારો, વિચારો, ત્યાંની મોટી આગ, પ્લેગ, તે દશામાનું લંડન શહેર, જ્યારે ત્યાંના જાહેર રસ્તાઓ પણ ઉજ્જડ બન્યા અને ઘાસ ઊગી નીકળ્યું—લોકોની અવરજવરને અભાવે!—વગેરેનું ચિત્ર આપ્યું છે. અન્યથા સ્વાનુભવ પરથી આપણે તેવી બે-ત્રણ ડાયરીઓને ગુજરાતીમાં પામી શક્યા છીએ. નરસિંહરાવે રાખેલી ૧૮૯૨-૧૯૩૫ સુધીની નોંધપોથી, મહાદેવભાઈએ લખેલી ૧૯૧૭ થી ૧૯૪૨ સુધીની રોજનીશી 'ગાંધીજીના પત્રવ્યવહારની, તેમના ભાષણોની, વ્યક્તિઓની સાથે થયેલી મહત્ત્વની મુલાકાતોની તથા વાતચીતોની, તેમજ ચાલુ ઘટનાઓ ઉપર તથા વિવિધ વિષયો ઉપર તેમનાં વિચારો ઉપર તેમના વિચારો તથા ઉદ્ગારોની તેઓ નોંધ લેતા' મહાદેવભાઈની ડાયરીઓ

માનવજાતિને પ્રેરણા આપનાર અને મનુષ્ય જીવનને ઘડનાર બહુ ઉપયોગી અને ચિરંજીવી સાહિત્ય તરીકે સ્વતંત્ર મહત્ત્વ પણ ધરાવે છે. ગાંધીજીની જીવનકથા ઉપરાંત, મહાદેવભાઈનો સ્વભાવ, તેમની કર્તવ્યનિષ્ઠા, તેમનું ભક્તિભાવથી તરબોળ હૃદય, અનેક વિષયોમાં તેમનો રસ, એ બધું આ ડાયરીઓમાં પ્રગટ થાય છે. ટૂંકમાં મહાદેવભાઈનો આત્મા અહીં અહર્નિશ ધબકાર કરે છે, અને આપણે તેને અનેક બાજુઓથી બહુ નિકટથી જોઈ શકીએ છીએ.... ગુજરાતી ભાષામાં આ જાતનું સાહિત્ય હું ધારું છું આ પહેલું જ છે દુનિયાના આ જાતના તમામ સાહિત્યમાં,

વસ્તુના ઉદાત્તપણાને લીધે, તેમજ તે રજૂ કરવાની શૈલીની સરસતા તથા ચિત્તાકર્ષકતાને લીધે, મહાદેવભાઈની ડાયરીઓનું સ્થાન બહુ ઊંચું રહેશે એમ સુજ્ઞ વાચક સ્વીકારશે...' (શ્રી નરહરિ પરીખના 'નિવેદન'માંથી—પુસ્તક ૧ લું)

આ 'ડાયરી' જેમાં, જેલ બહાર લખાઈ છે અને ભારતને સ્પર્શતી અનેકાનેક સમસ્યાઓ, વ્યક્તિઓનો, આ પૃષ્ઠોમાં ઉલ્લેખ છે, ભારતનો ઇતિહાસ અને ગાંધીજી, સરદાર પટેલ અને મહાદેવભાઈ વગેરેના કલમચિત્રો પણ છે વાતચીતો અને પત્રવ્યવહારમાં આવતા વિચારોનો પણ સમાવેશ થાય છે 'હૃદયોહૃદય વાત કરતું હોઈ એ વિચારો અને ઉદ્‌ગારો વધારે સીધા અને વધારે ઘનિષ્ટ સંબન્ધમાં આપણને મળ્યા છે' ગાંધીજીની વીરગાથાના પડઘા અત્રે સંભળાય છે એના અનેકાનેક પાસા દૃષ્ટિગોચર થાય છે 'તે કાળની અજબ જાગૃતિ અને ચેતનના વર્ણન' પણ અત્રે છે, સચોટ અને મનનીય.

આ પ્રમાણે 'ડાયરી' એક શબ્દચિત્ર, ભારતનું ઇતિહાસ, દર્શન, ગાંધીજીની મીમાંસા-સમજૂતી રહસ્યમત્રી મહાદેવભાઈની ટૂંકી આત્મકથા થઈ રહે છે

નરસિંહભાઈની રોજનીશી તેમના વ્યક્તિત્વ ઉપર, મિત્રમંડળ, સાહિત્યપ્રેમ, સત્યનિષ્ઠા, આખાબોલો સ્વભાવ, ભાષા પ્રત્યેનો પ્રેમ, કૌટુંબિક વાતાવરણ, વ ઉપર પ્રકાશ નાખતા નાખતા તેમનું માનસ પૂરેપૂરું રજૂ કરે છે. આપણે ભલે એમના કાવ્યો વાંચીએ, એમના નિબન્ધોનો અભ્યાસ કરીએ, એમના વ્યાખ્યાનો સમજીએ, એમની સમીક્ષાનું રસપાન કરીએ—પણ આપણને સાચા નરસિંહરાવનો પરિચય તો સંપૂર્ણપણે નહિ જ થાય કારણ તે સમાયેલા છે તેમની ૪૩ વર્ષ માટેની નિયમિત, સતત રીતે લખાયેલી ખાનગી 'રોજનીશી'માં

સ્વ સૌ કનુબહેન મંજુલાલ દવેની ડાયરી પણ વર્ષો પૂર્વે પ્રસિદ્ધ થઈ હતી (૧૯૩૮)—તે 'નોંધપોથી' ઈ સ ૧૯૧૩-૧૯૨૧ના ગાળાના સમયના બનાવોને આવરી લે છે લેખિકાના ધર્મ, ગંભીર પ્રસંગો, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, કલા વગેરે વિષયોને સ્પર્શતા વિચારો અત્રે મળે છે, જેમાંથી ખ્યાલ થાય છે લેખિકાનું તથા તે વર્ષોનું પ્રતિબિંબ પ્રકાશકના શબ્દોમાં, સર્વ વિષયો પર 'તેમના આત્મસાત્ સંવેદનો એટલાં તો અર્થઘન છે કે ગુજરાત સમસ્તનું તે કાળનું સાક્ષાત્ ચિંતનસ્વરૂપ એમાં પ્રગટ પ્રતિબિમ્બિત થયેલ હોય, એમ સહેજે અનુભવાયા વિના નથી રહેતું'

એ નિસ્સંદેહ છે કે જો આ પ્રકારની વધુ ડાયરીઓ લખાય અથવા સંશોધન દ્વારા પ્રકાશિત થાય તો સાહિત્યને અનુપમ લાભ પ્રાપ્ત થાય! આપણી સ્મરણશક્તિ ટૂંકી છે અને જો ઇ સ ૧૯૪૨-૧૯૫૫ના ગાળાની જ ડાયરીઓ સદ્‌ભાગ્યે આપણને મળે તો એમાં શું શું આપણે નહીં પામી શકીએ! એ વર્ષોમાં કેટલું બન્યું છે કે જે આપણે ભૂલી પણ ગયા છીએ, અથવા ઉંમર નાની હોવાથી, જાણતા પણ નથી!

આપણી માન્યતા છે કે 'લખ્યું બોલે,' અને તેનું તથ્ય ડાયરીના વિષયમાં જરૂર આવશે ડાયરી આબાલવૃદ્ધ, સ્ત્રી, પુરુષો, બધાયે રાખી શકે છે ગંભીર તથા હળવા વિષયોનો તેમાં સુખદ સમાવેશ થઈ શકે છે 'હૈયાની વાતડી' મુક્તકંઠે લખી શકાશે એના સદા આમંત્રણ આપતા શ્વેત પૃષ્ઠો ઉપર મન મોકળું કરવાનો આ એક માર્ગ છે ડાયરી, આ સર્વે કારણો વશાત્ ૩૬૫ પાનાની નિર્જીવ અને નકામી સુની વસ્તુ નથી, એ તો બધું અને સઘળું છે જીવનમાંથી છે, વિશ્રામસ્થાન છે સમકાલીન દર્પણ છે વ્યક્તિત્વનું પ્રતિબિમ્બ છે જીવનચરિત્ર માટેનું અમૂલ્ય સાધન છે

આપણે તેને યોગ્ય એવું ગૌરવ આપીએ અને તેના પ્રત્યેનું આપણું ઋણ અદા કરીએ, કારણ કે સમજુ, વિવેકશીલ, અભ્યાસ અને સંશોધનશીલ, કુતૂહલાંકિત વ્યક્તિ એના પૃષ્ઠોમાંથી અતિ ઘણું મેળવી આપણને કેટલીક ગેરસમજુતીથી વંચિત કરશે, આપણને સત્ય દર્શન કરાવશે, માનવનું વ્યક્તિત્વ આપણી આંખ સામે ખીલતું દેખાડશે—જે પરિવર્તન આપણને અશક્ય

મેટિલ્ડા સેરાઓ

પતિ-પત્ની

સુપ્રસિદ્ધ અને સિદ્ધહસ્ત ઈટાલિયન લેખિકા મેટિલ્ડા સેરાઓની કૃતિનો અંગ્રેજી પરથી અનુવાદ કરનાર છે શ્રી 'ઊર્મિલ' દાંપત્યપ્રેમમાં પડેલા ગાબડાને પૂરવામાં શુદ્ધ વકીલ કેવો સુંદર ભાગ ભજવે છે એ માંગલ્યભરી આ વાતનો ધ્વનિ દરેક વાચકને સ્પર્શશે જ...... .

ગાયદો બહુ જ સુખી લાગતો હતો. એને જોઈ કોઈ એમ ન ધારે કે આ માણસને કશી ફિકર ચિંતા હશે તે એક રાજનૈતિક ભોજન સમારંભમાં ભાગ લઈને પાછો ફરતો હતો. ત્યાં તેણે એક ભાષણ આપ્યું હતું. એનું એ ભાષણ સમારંભની સુંદર વાનગીઓ જેટલું જ વખણાયું હતું. એથી પણ તે બહુ આનંદમાં હતો. આગામી પ્રતિનિધિ ચૂંટણીમાં એ વિજયી થશે એ માટે એને સંદેહ ન હતો. રાતના એક નૃત્યોત્સવમાં તેને નિમંત્રણ હતું ત્યાં એગ્નેસ ગ્રિટેનીઆ સાથે એકાંતમાં પ્રેમગોષ્ઠિ કરવાની તક પણ મળે એમ હતું. તેથી એકાદ કલાક આરામ કરવાની ઈચ્છાએ એ ઘેર આવતો હતો.

ઘોડાગાડીમાંથી ઊતરી રસોડા પાસેથી પસાર થઈ એ પોતાના શયનગૃહ તરફ જતો હતો, ત્યાં એના જૂના નોકર જુસેપ્પેએ આગળ આવી તેને સલામ કરી. ગાયદોએ પૂછ્યું "શું છે જુસેપ્પે?"

"ભાઈસાહેબ, કૃપા કરીને માફ કરજો તો મારે એક વાત કહેવી છે."

"આજે કયો દિવસ છે? શું આપને એ યાદ નથી?"

"શું આજે કોઈ તહેવારનો દિવસ છે?"

"હા આજ તો આ આપનો જન્મદિવસ છે."

ગાયદોનો ચહેરો વિષાદથી ગંભીર થઈ ગયો. એ બોલ્યો:

"એમ! મને તો એનો જરાયે ખ્યાલ નહોતો."

જુસેપ્પેએ કહ્યું: "પહેલાં તો આ દિવસે આખું મકાન ફૂલોથી શણગારવામાં આવતું."

ગાયદો બોલ્યો "એ તો બધી હવે ગયા જમાનાની વાત થઈ ગઈ. હવે તો એ દુનિયા અને ફૂલો ખોવા જ રહ્યાં છે"

જુસેપ્પે બોલ્યો. "ના જી, એવું ન થાય" કહી તેણે ટેબલ પર મૂકેલ એક મોટી ફૂલની પરનું આવરણ દૂર કરી તે તેણે પોતાના ભાઈસાહેબને આપી. ગાયદોએ કહ્યું "ધન્યવાદ! તારા આ ઉપહારથી મને ઘણો આનંદ થયો"

ગાયદોએ આ રીતે બોલીને આનંદ દર્શાવ્યો, પણ એનું અંતર તો દુખિત બની રહ્યું. પહેલાં આ દિવસે ઘરમાં તો આનંદનું જાણે સામ્રાજ્ય છવાઈ જતું અને આજે કેવળ ઘરના એક જૂના નોકર સિવાય કોઈને આજનો દિવસ યાદ પણ ન આવ્યો. ગાયદો મનોમન દુઃખની લાગણી અનુભવી રહ્યો પણ એનું કશું ચિહ્ન એણે મુખ પર પ્રગટ થવા ન દીધું. પોતાના ખંડ તરફ વધતા તેણે કહ્યું. "મને આઠ વાગે જગાડજે હું જરા સૂઈ જાઉં છું."

અથવા અકલ્પ્ય લાગતું હતું અથવા વિરોધી અથવા ધાર્યું લગીન ભાસતું હતું તેનાં સાચા કારણો આ પૃષ્ઠોમાંથી શોધી, ને કેટલું સહજ હતું તે જાણવી, આપણી માનસિક ગૂંચવણનો તોડ લાવશે અને વ્યક્તિ અને આપણી વચ્ચે તાદાત્મ્ય રચી, સમભાવ સ્થાપી, જ્ઞાનની આપલે, ભાવિનીનો વિનિમય કરી, શુષ્ક અથવા નિર્જીવ અથવા દૂર લાગતા વ્યક્તિત્વને સભર, જીવંત અને નિકટ બનાવશે. માટે આપણે હવે 'ડાયરી'ને તેનું મૂલ્ય આપી, આત્મકથા, નિબંધ, ઊર્મિગીતો વગેરેની હરોળમાં મૂકીએ અને આપણી દેખીતી અવગણનાને તોડીએ. સરકાર પણ આ અંગનું અગત્ય સ્વીકારી વાર્ષિક પારિતોષિક જાહેર કરે છે આપણા સાહિત્યકારો આનો લાભ, આ તક ઝડપી લે, તો આ સાહિત્યસ્વરૂપ વધુ ખીલે!

✻

જુસેપ્પેએ તરત જ કહ્યુ ' હમણા ન સૂવો તો સારુ "

"કેમ ? શુ છે ?"

"સાંજના અમે કોઈ ઘેર ન હતા એકલો જિરોનેમો હતો એ વખતે એક ભદ્ર મહિલા આપને મળવા આવ્યા હતા તમે ઘેર નથી એ જાણી, એ કહી ગયા છે કે પોતે સાત વાગે ફરીથી આવશે એમને ખૂબ જરૂરી કામ છે તેથી એ આપની રાહ જોવાનુ કહી ગયાં છે '

ગાયદોએ પૂછ્યુ ' એમનુ નામ શુ હતુ ?"

"એમણે પોતાનુ નામ જિરોનેમોને કહ્યુ નથી

"ઘણી નવાઈની વાત છે ' ગાયદો બોલ્યો ' જિરોનેમોએ એના દેખાવ વિશે કશુ કહ્યુ છે ?'

"હા ! કહેતો હતો કે જરા ઊંચા હતા એમના વાળ અને આંખો કાળા હતા એમણે પોશાક પણ ઘણો સરસ પહેર્યો હતો '

' આશ્ચર્ય અને કુતૂહલ વધે એવી જ વાત છે આ તો તને લાગે છે કે મારે એમના માટે જાગવું જોઈએ ?

"જી હા ન સૂવુ એ જ ઠીક છે સાત થવાની તૈયારી છે એ કદાચ વખતસર આવશે તો તમારે મોડી રાતે ઊઠવુ પડશે

"સારુ તો નહી સૂઉં તુ વર્તમાનપત્ર લઈ આવ એ આવે ત્યાંસુધી એ વાંચીને સમય પસાર કરીશ "

જુસેપ્પેના બહાર ગયા પછી એ મનમા બોલ્યો "કાળા વાળ અને કાળી આંખો ! કોણ હશે એ ? સ્ટિફેનીઆ તો નહી જ હોય એના વાળ તો સોનેરી છે, તેમ આંખો ભૂરી છે પેર એના કહેવામા કદાચ ફરક હશે

ગાયદોની વાત વાંચી પાઠકને કદાચ લાગશે કે તે પ્રેમની બાબતમા ઉસ્તાદ હશે પણ વાસ્તવમા એવુ નથી એને તો જીવનમા ગાઢ નિરાશા અને ખૂબ દુ:ખ સહન કરવા પડ્યા છે એણે તો કેવળ એક જ સ્ત્રીને પોતાના સાચા હૃદયથી ચાહી હતી એ એની પત્ની હતી પણ પોતાની એ પત્નીને એ બહુ જ આકસ્મિક રીતે ખોઈ બેઠો હતો એનો પ્રેમ ભારેલા અગ્નિની જેમ હજી પણ એના હૃદયને નિરંતર જલાવી રહ્યો હતો પાછલા બે વર્ષોથી ગાયદો એને ભૂલી જવા ખૂબ પ્રયત્નો કરી રહ્યો છે વિવિધ પ્રકારના વિલાસમા તેમ પ્રમોદમા તેણે પોતાની જાતને વહાવવા માંડી હતી

વર્તમાનપત્ર લઈને એ વાંચવા લાગ્યો થોડી વારમા જ જુસેપ્પેએ આવીને ખબર આપી "પેલા સન્નારી આવ્યા છે બહારના રૂમમા બેઠા છે '

ગાયદોએ એને પૂછ્યુ "તુ એમને ઓળખે છે ?'

જુસેપ્પે સહેજ ગભરાતા બોલ્યો "જી જી, ના જી"

ગાયદો ઝડપથી એ ખંડમા પ્રવેશ્યો આવેલી સ્ત્રી બીજી બાજુ ફરીને ઊભી ઊભી ચિત્રના આલ્બમના પાના ફેરવી રહી હતી ગાયદોએ તીક્ષ્ણ નજરે એના તરફ જોયુ યુવતીની ઊંચાઈ અને એનુ રૂપ અછતા રહી શક્યા નહી એનો પોશાક પણ ઘણો સુંદર અને ભભકાભર્યો હતો

એની નજર જતા ગાયદો જરા સંકોચાયો એટલામા તે યુવતી પાછી ફરી ને એને નમસ્તે કરી ખુરશી પર બેઠી અને બોલી "આ સમયે આવીને હુ આપને ત્રાસરૂપ તો થઈ પડી નથી ને ?'

"કોણ છો તમે ?

"હા ! મારે આપનુ કામ પડ્યુ છે '

' ભલે આવ્યા કહો, તમારા માટે હુ શુ કરી શકુ એમ છુ ?'

યુવતી બોલી ' આપ કદાચ તમે શિષ્ટાચારની ખાતર કહેતા હશો પણ ખરેખર જ તમારે મારા માટે ઘણા કામ કરવા પડે એવુ છે તેથી તમારી વાતને હુ હૃદયની વાત માની લઉં છુ '

ગાયદો હસીને બોલ્યો ' સારુ એમ જ માની લો હું તમારા માટે બનતુ બધુ જ કરીશ પણ તમારે મારી પાસે શુ કામ કરાવવુ છે એ મને કહો તો જરા સુખી થાઉ '

યુવતી જરા મૂંઝવવા લાગી કઈ રીતે પોતાની વાત મૂકવી એ જાણે એને સમજાતુ નહોતુ આ તકે

ગાયદોએ એને સારી રીતે નીહાળી લીધી હા, પ્રથમની જેમ એ સુંદર તો છે જ. એનું રૂપ કદાચ વધુ ખીલી ઊઠેલું પણ કહેવાય ગાયદોએ જ્યારે પહેલા જોઈ હતી ત્યારે તો એ એમા કેટલી મનોહર હતી! એની દૃષ્ટિ પરથી હવે તો એમ પણ પ્રતીત થાય છે કે દુઃખ અને કષ્ટ શી વસ્તુ છે એ એ સમજી શકી છે એથી તો એના સૌંદર્યમા ગભીરતા પણ ભળેલી જણાય છે

ક્ષણભર એ સ્થિતિમા રહી પછી એમાએ પૂછ્યું. "તમે કદી અભિનય કર્યો છે?"

"અભિનય? એક રીતે જોઈએ તો મારુ આખું જીવન જ અભિનય છે"

"એમ? ત્યારે તો તમને વાધો નહીં આવે. જેવો અત્યાર સુધી અભિનય કરી રહ્યા છો તેવો જ કરતા રહેજો. પણ હવે જરા કઠણ ભાગ ભજવવો પડે એમ છે કોણ જાણે સફળ થવાશે કે નહી."

"સફળતા-નિષ્ફળતા તો મારી સાથે અન્ય કોણ અભિનય કરશે અને એના દર્શકો કોણ હશે એના પર નિર્ભર છે"

એમા તરત બોલી ઊઠી "સાથે તો હુ જ રહેવાની છુ"

ગાયદોએ કહ્યું "ઓહ! ત્યારે તો પછી શો વાંધો છે? જરૂર પડે તમે સરસ અભિનય કરી શકો છો એનો તો મને પ્રત્યક્ષ અનુભવ છે"

એમાએ વાત બદલી નાખતા કહ્યુ "હજીયે તમે તો મારા પિતાને નિયમિત પત્રો લખો છો ખરૂ ને?"

"હા! પણ છેલ્લા ત્રણ અઠવાડિયાથી એમણે મારા પત્રનો જવાબ આપ્યો નથી." ગાયદોએ કહ્યુ

એમા બોલી "ગઈ કાલે પિતાજીનો પત્ર આવ્યો છે આવતી કાલે સવારે જ તેઓ અહીં આવે છે"

ગાયદો વિસ્મિત ભાવથી એમા તરફ જોઈ રહ્યો પછી બોલ્યો "પણ તમારા પિતા તો ઘર છોડીને કદીય બહાર જતા ન હતા"

"ન છૂટકે જ એમને એક જગાએ જવુ પડ્યું હતું. હવે નેપલ્સ પાછા જઈ રહ્યા છે. આપણી ખબર જોવા અર્થે જ તેઓ આ રસ્તે આવે છે"

ગાયદોએ પૂછ્યું "ત્યારે હવે શું કરીશું?"

એમાએ એક મખમલજડિત સ્ટૂલ પર પગ લંબાવી કહ્યુ "આપણા બન્ને માટેની આ પરિસ્થિતિ ઘણી જ સુદર છે!"

ગાયદોએ પૂછ્યું "શું કહ્યુ? આવી પરિસ્થિતિને તમે સુંદર કહો છો?"

એમા બોલી "આ વિષયમાં ચર્ચા કર્યે કશો લાભ નથી અત્યારે તો આ મુશ્કેલીમાંથી બચવાનો કોઈ ઉપાય વિચારો"

"મને તો કશો ઉપાય સૂઝતો નથી" ગાયદોએ કહ્યુ એ સાભળી જરા આવેશમા આવી જઈ એમા બોલી

"એટલુય કરી શકતા નથી તો પછી તમારી વખણાતી બુદ્ધિ અને દિમાગથી ફાયદો શો! મોટી મોટી રાજનૈતિક રમતો રમી શકો છો, આવી વાતો કરી શકો છો અને આવી એક મામૂલી વાતનો ઉપાય શોધી શકતા નથી?"

ગાયદોએ કહ્યુ "જો આ રીતે બોલવાનું શરૂ કરશો તો મારામા જે થોડી ઘણી બુદ્ધિ છે તેય અદૃશ્ય થઈ જશે"

એમા બોલી "મને એક ઉપાય સૂઝે છે."

ગાયદોએ કહ્યુ "એ તો હુ સમજી જ ગયો છુ."

"એમ કે?" એમાએ કંઈક વ્યગમા કહ્યું: "તમારી અક્કલની પ્રશસા તો કરીએ એટલી ઓછી ખેર, પિતાજીને હું કોઈ પણ હિસાબે સાચી વાત જણાવા દેવા માગતી નથી."

ગાયદો બોલ્યો. "મને બહુ જ ભયાનક છે!"

એમાએ કહ્યું: "વિશેષ મુ જોવાથી કશો લાભ નથી મારા પિતા સાચી વાત જાણીને ખૂબ જ દુઃખી બની રહેશે મારાથી એ સહન નહી થાય એમને દુઃખી કરવાનું તો તમને પણ નહી ગમે આપણાના અપરાધ માટે માબાપને સજા કરવી એ ઉચિત નથી આપણે તેમને આટલા દિવસો સુધી તો દુઃખથી

બચાવી શકશા છીએ, કેમ કે તેઓ બહુ દૂર રહે છે, અને તમે મારા આ કામમાં ખૂબ મદદ પણ કરી છે જ. પરંતુ કાલે તો આપણો બધો જૂઠો વ્યવહાર પ્રગટ થઈ જશે પછી શું થશે એની કલ્પનાયે હું કરી શકતી નથી. કોઈ પણ હિસાબે પિતાજી કશું ના જાણે એમ મારે કરવું છે. તમારે તેમાં મદદ કરવી જ રહી. તેઓ આવીને આપણ બન્નેને એક સાથે જ જુએ એમ હું ઇચ્છું છું. વાતચીત અને વ્યવહારમાં સાચી પરિસ્થિતિ શી છે એ કોઈ પણ રીતે પ્રગટ ન થવું જોઈએ "

ગાયદો ચૂપચાપ એમાની વાત સાભળી રહ્યો. એમા બોલી રહી તોય તે કશું બોલ્યો નહીં. એમા અધીરતાથી પુન બોલી "આ તો કેવળ અભિનય જ કરવાનો છે. અને તેય પણ થોડા વખત માટે. એમા આટલા બધા ચિન્તિત થવાની શી જરૂર છે?"

ગાયદો અંતે બોલ્યો: "ભલે. હું તમારી વાતમા સંમત છુ પણ મને તો કદાચ કશી ગરબડ થઈ જતાં વાત ખુલી થઈ જવાની બીક લાગે છે "

"પણ ગરબડ થાય શાથી?"

"નોકરચાકરથી કદાચ ભૂલ થઈ જાય "

"તમારા નવા નોકરને કાલનો દિવસ રજા આપી દો અને જુસેપ્પે તો ડાહ્યો છે એને તો હુ સમજાવી દઈશ "

"પણ ધારો કે એકાએક કોઈ મિત્ર કે આપણો પરિચિત આવી ચડે તો?"

"એ બાબતમા જુસેપ્પેને કહી દઈશું. જે કોઈ આવશે તેને એ કહેશે કે તમે ઘરમા નથી "

વળી ગાયદોએ કહ્યું. "પિતાજીને લેવાં આપણે સ્ટેશને તો જવુ જ પડશે આપણને સાથે જોઈ લોકો શું કહેશે?"

એમા બોલી "આપણે કોઈની નજરે જ નહીં પડીએ. આપણે એક બંધ ઘોડાગાડીમા જઈશું."

ગાયદોએ જોયું કે એમા દૃઢ છે છતા એણે કહ્યું "પિતાજી આખો દિવસ અહીં રહેશે. ઘર એક અપરિણીત પુરુષના ઘર જેવું અસ્તવ્યસ્ત થઈ ગયુ છે તેઓ શું એ બધું નહીં જોઈ શકે?"

એમાએ જરા હસીને કહ્યું: "અભિનય માટે તેનો સાજસામાન પણ જોઈએ જ. મારું વાજું, સીવવાનું મશીન, બે ચાર જોડ કપડાં—એ બધું હું લઈ આવીશ ઓરડાઓમાં કશો ફેરફાર થયો છે?"

ગાયદો બોલ્યો: "ના, તું જેમ છોડીને ચાલી ગઈ હતી તેમ ને તેમ જ બધું છે."

એમા બોલી. "ત્યારે તો ઘણું સારું. હવે બીજી કશી અડચણ તો તમને નહીં હોય."

ગાયદોએ કહ્યું: "અડચણ તો બીજી શી હોય! પરંતુ છેવટ સુધી તમારા પિતા સાથે એવી પ્રતારણા કરી શકીશું?"

એમા કંઈક વ્યંગભાવથી બોલી: "કેમ નહીં કરી શકીએ? આપણાથી એક પ્રેમી યુગલનો અભિનય સફળ રીતે શું નહીં થાય? આપણા લગ્નના શરૂઆતના દિવસો યાદ કરીને એ મુજબ અભિનય કરવાથી કામ સફળ બની જશે."

ગાયદો ઝટ બોલી ઊઠ્યો: "હું તો એ બધું લગભગ ભૂલી ગયો છું."

બન્નેએ એક વાર પરસ્પરના સામે ઊંડી નજરે જોઈ લીધું. જાણે એક બીજાની શક્તિની પરીક્ષા ન કરતા હોય!

એમા બોલી: "આજે તમારે ક્યાંક જવાનું તો નહોતું ને! આ રીતે તમારો સમય નષ્ટ કરું છું એમાં મારી સ્વાર્થવૃત્તિ સ્પષ્ટ જણાઈ આવે છે "

"કોઈ ખાસ કામે તો જવાનું નહોતું. અને કદાચ જવાનું હોત તો ય હું ન જાત."

"હું ફરી ફરી તમારો આભાર માનું છું. ખેર, અત્યારથી જ કામે લાગી જવું પડશે."

"શું શરૂ કરીશું?"

એમા બોલી "પ્રથમ તો બધી વસ્તુઓ લાવી ઘરમાં ઠીકઠાક કરી લઉં. તમે ઘરમા હાજર નહીં રહો તો પણ ચાલશે. કાલના દસ વાગ્યા સુધી તમારે કશું

કરવાનું નથી. તમારે ક્યાંક બહાર જવું હોય તોપણ વિનાસંકોચે જઈ શકો છો."

ગાયદો બોલ્યો : "એક નૃત્યસમારંભમાં જવાનું નિમંત્રણ હતું. પણ તમને જરૂર હોય તો હું નહીં જાઉં."

એમા બોલી ઊઠી : "ના, ના. મારે કશી જરૂર નથી. અહીં રહેવાથી તો આપણે એક બીજાની સાથે વાત કરવી પડશે. અને હવે તો આપણી પાસે એકબીજાને કહેવા જેવું કશું જ નથી."

ગાયદો બોલ્યો : "બસ, કશું જ નથી? તમારી પાસે કદાચ કશું નહીં હોય પણ મારી પાસે તો કહેવા જેવું ઘણુંયે છે. પણ ખેર, મારી જરૂર ન જ હોય તો જઈને કપડાં પહેરું."

"હા. જઈ શકો છો."

ગાયદો ખંડની બહાર ચાલ્યો ગયો. એના ચહેરા પર જો કે માનસિક સંગ્રામનું કોઈ ખાસ ચિહ્ન નહોતું, પણ વાસ્તવમાં તો તે મનોમન ખૂબ જ અશાન્તિ અનુભવી રહ્યો હતો.

નૃત્યસમારંભમાં જઈને પણ તે બહુ અન્યમનસ્ક જ રહ્યો. પેલી બેરોનેસ સ્ટિફેનીઆ તો સમજી જ ન શકી કે તેને શું થયું છે. કેટલાક સમય પછી કોઈને ખબર ન પડે એમ ગાયદો ત્યાંથી સરકી જઈને ઘેર પાછો આવતો રહ્યો. આવીને એણે ચકિત થઈને જોયું તો આખા મકાનના દ્વાર ફરી ગયા છે! મોટું દિવાનખાનું જે અદ્યાપિ પર્યંત બંધ જ રહેતું હતું તે આજ ખુલ્લું છે અને એના બધા દીવા સળગે છે. કપડાં રાખવાના કબાટો, ભોજન રાખવાનાં પાંજરાં વગેરે બધું ખુલ્લું છે અને આખું મકાન ફૂલોની સુગંધથી મહેકી રહ્યું છે. એમાનો પિયાનો આવી ગયો છે અને તેના પર ગીન-સફેદ ખુલ્લો પડ્યો છે. સરસામાનને વ્યવસ્થિત રીતે ગોઠવ્યો છે. ફૂલદાનીઓમાં ફૂલોની કલગીઓ મૂકવામાં આવી છે. એમા પણ સરસ પોશાક પહેરીને આખા ઘરમાં ફરી રહી છે.

ગાયદોને લાગ્યું કે પોતે જાણે સ્વપ્ન જ જોઈ રહ્યો છે. એમા શું ખરેખર ઘેર પાછી આવી છે? બે વર્ષનો ભયાનક વિયોગ! પતિપત્નીનો ઝઘડો—એ બધું શું કલ્પના માત્ર હતું?

ગાયદોએ ખંડમાંથી પસાર થતાં કહ્યું: "ગુડ નાઈટ!"

એમાએ મોં ફેરવ્યા વગર જ જવાબમાં કહ્યું : "ગુડનાઈટ!"

*

લગ્ન પછી શરૂઆતમાં તો ગાયદો અને એમા પરસ્પરના પ્રેમમાં જાણે પાગલ બની ગયાં હતાં. એમાની પાછળ પાછળ ગાયદો આખા ઈટાલીમાં ફર્યો હતો. લગ્ન પહેલાં બન્નેએ પરસ્પર માટે ખૂબ તાપ કલેશ સહ્યો હતો. આઠ દશ પાનાં ભરીને પત્ર લખવાનો તો એમાનો જાણે રોજનો કાર્યક્રમ થઈ ગયો હતો. લગ્ન પછીનાં તેમનાં ત્રણ વર્ષ ખૂબ સુખ સંતોષમાં વ્યતીત થયાં હતાં. એમા જરા બાળપણથી જ મોંફાટી અને ઈર્ષાળુ હોવાથી કોઈ કોઈ વખત જરા ખટપટ થઈ જતી, પણ ગાયદો ખૂબ નમ્ર સ્વભાવનો હોવાથી સમાધાન થઈ જતાં વાર ન લાગતી. લગ્નના ઘણા વખત પહેલાં ગાયદો પડોશની એક છોકરી માટે જરા માયા રાખતો હતો. એમા સાથેના લગ્ન પછી એક દિવસ એકાએક એ યુવતી બનેલી છોકરી સાથે એને મુલાકાત થઈ હતી. ઈર્ષાળુ એમા આ વાત જાણી ખૂબ નારાજ થઈ અને "આ વાત તમે મારાથી જાણી જોઈને છુપાવી છે." એમ કહી ઝઘડો લઈ બેઠી. તિરસ્કારભર્યા ઘણા કટુ શબ્દો તેણે ગાયદોને સંભળાવ્યા. પોતા તરફનો પત્નીનો અવિશ્વાસ જોઈ ગાયદો ખૂબ નારાજ થયો છતાં તેણે નમ્રતાથી આવી મામુલી વાતને ઝઘડાનું કારણ ન બનાવવાનું પત્નીને સૂચવ્યું. પણ એમા તો ન જ સમજી. એનો બધો પ્રેમ ઘૃણા અને દ્વેષમાં પલટાઈ ગયો. ખૂબ જ અભિમાની એવી એ સ્ત્રી પતિની બીજી સ્ત્રી સાથેના પ્રેમની વાત સહન કરી શકી નહીં. એણે તો એમ જ માની લીધું કે ગાયદો હજીયે પેલી સ્ત્રીને ચાહે છે.

પતિ પાસે જઈને એણે તો જણાવી દીધું કે હવે સાથે રહેવું જો અસહ્ય બની ગયું હોય તો કદી પણ દેખાવ કર્યા સિવાય અલગ થઈ જવું એ જ વધુ સારું છે

ગાયદો પર જાણે વજ્રપાત થયો એકદમ તો એણે આ વાતનો ઇન્કાર કર્યો અને આખી વાતને મજાકમાં ઉડાવી દઈ પત્નીને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ એમાએ તો એનો એવો કોર અને નિરર્થક ભર્યો જવાબ આપ્યો કે બિચારા ગાયદોને અંતે ચૂપ થઈ જવું પડ્યું. કશું જ સમજવા ન ઇચ્છતી પત્નીને પછી તો વધુ કહેવું એ એને પોતાને જ આત્મસન્માનથી વિરુદ્ધ લાગ્યું ગંભીરભાવે એમની બધી જ શરતો કબૂલ કરીને એણે આખરે એ સુપત્નીને અને ઘમંડી પત્નીને જવા દીધાં

એ પછી તો એણે અંતરનું દુઃખ ભૂલવા માટે રાજનૈતિક ક્ષેત્રમાં ઝંપલાવ્યું તેમ સામાજિક આયોજનોમાં ભાગ લેવા માંડ્યો આ સ્થિતિમાં પોતે ઘણો જ સુખી છે એમ તે બહાર પ્રગટ કરતો હતો પણ એમનમાં તો તે જીવનની સુખશાંતિ જાણે સદાને માટે ચાલી ગઈ છે એમ જ અનુભવતો

સામાજિક ઉત્સવોમાં ક્યારેક ક્યારેક એમાનો ભેગો થઈ જતો ત્યારે બન્ને પરસ્પર બોલ્યાચાલ્યા વિના ફક્ત મૌન અભિવાદન કરીને જ દૂર થઈ જતાં ગાયદો સાથે બેઠાં થઈ જાય એવું એમાં ઇચ્છતી જ ન હતી એટલે વાણીપૂર્વક તે બહાર જ ઓછી નીકળતી

જુદાં પડતાં પહેલાં બન્નેએ પરસ્પર વચન લઈને નક્કી કર્યું હતું કે એમાના વૃદ્ધ પ્રેમાળ પિતાને આ બાબતની કશી ખબર પડવા દેવી નહીં, અને પ્રથમની જેમ બન્નેએ એમની સાથેનો પત્રવ્યવહાર ચાલુ રાખવો આ કારણે એમાના પિતા મોર બન્નેને કશી ખબર ન હતી તેમણે શાંતિ જળવાઈ રહી હતી પણ હવે તેમના મિલાન આવવાના સમાચારે મુશ્કેલી ઊભી થઈ

પોતાના ગર્વિષ્ઠ સ્વભાવથી ઉદાસ થઈને એમાને એના પતિ પાસે જવું પડ્યું જે ઘરનો ઊંચું માથું રાખીને એણે ત્યાગ કર્યો હતો તેમાં પુનઃપ્રવેશ કરતાં એને સંકોચ થઈ રહ્યો હતો પણ એ મનોમન કહી રહી "આ બધું તો કેવળ મારા પિતાને માટે જ હું કરું છું ને!"

ગાયદોની કોર સજ્જનતાથી એને શક્તિ મળી એની સાથેની વાતચીત સંતોષજનક થઈ પાછલી વાતોનો કોઈએ ઉલ્લેખ ન કર્યો, તેમ ભવિષ્યની પણ કોઈએ ચર્ચા ન કરી બન્નેએ નમ્ર, સ્થિર અને મિત્ર વ્યક્તિઓ જેવો વર્તાવ રાખ્યો પણ આવતી કાલ કેવી જશે? વૃદ્ધને સ્ટેશનથી લઈ આવ્યા પછી કેવી રીતે જૂઠી વાતો એમને કહેવી પડશે કેટલોયે મિથ્યાચાર કરવો પડશે પછી? પછી બન્ને અભિનેતાઓ પરસ્પરને બહુ જ શિષ્ટતાથી અભિવાદન કરશે અને પોતપોતાના રસ્તે પડશે કોઈને૨ પોતાના ઝઘડાનું સમાધાન કરવાની ઇચ્છા ન હતી કદાચ ઇચ્છા હો તો પણ ગાયદો કદીય પહેલ નહીં કરે અને એમા કદીય દયા નહીં કરે પતિપત્ની બન્નેને મનમાં લાગતું હતું કે વર્તમાન હાલતમાં જ તેઓ સુખી છે પરિવર્તનની કશી જ આવશ્યકતા નથી

*

સાન્ધ્ય ભોજન હમણાં જ પૂરું થયું હતું એમના પિતા ખુરશીને ટેકો દઈ આનંદથી હસી રહ્યા હતા એમનું મન સુખથી ભરપૂર હતું પુત્રી અને જમાઈએ એમની ખૂબ આગ્રહથી અભ્યર્થના કરી હતી સત્કારમાં કશી જ ત્રુટિ રહેવા દીધી નહોતી બન્ને અભિનેતાઓ પણ એ વૃદ્ધના હાસ્યમાં પોતાનું હાસ્ય મેળવી રહ્યા હતા, પણ મનમાં તો તેઓ ખૂબ જ મુશ્કેલી અનુભવતા હતા ગઈ કાલે જે માત્ર સહજ લાગતું હતું તે આજ એવું નહોતું લાગતું સ્ટેશનથી જ મુશ્કેલી શરૂ થઈ ગઈ હતી ટ્રેનમાંથી ઊતરતા જ એમના પિતાએ એક હાથથી પુત્રીને અને બીજા હાથથી જમાઈને આલિંગન કરી ચુંબન કર્યું ગાયદો અને એમાને ન છૂટકે પરસ્પરને સંબોધવા પડ્યાં અને પરસ્પરનું પ્રસન્ન દામ્પત્ય દર્શાવવું પડ્યું બન્નેના વર્તન પગે પગે ઉત્સાહવેગથી ભાન ભાન થઈ જતા તેઓ કેવળ અભિ

નય જ કરી ગયા હતા પણ બનેને પાછળના સુખના દિવસો ખુબ યાદ આવતા હતા એ દિવસોમા પરસ્પર પ્રત્યેના જે મનોભાવો હતા તે વારવાર મનમા જાગૃત થઈ રહ્યા હતા એ સિવાય એમને વારવાર શકિત રહેવુ પડતું હતુ કે રખેને બેદરકારીથી વૃદ્ધ પડીતને બધી વાતની ખબર ન પડી જાય બને વારવાર બહુ જ વિચલિત થઈ ઊઠતા હતા, કોણ જાણે કેમ, પણ એમને વારવાર એમ લાગતુ હતુ કે આ અભિનયથી એમના જીવનમા એક ભારે પરિવર્તન આવી પડવાનુ છે

જમ્યા પછી વૃદ્ધ ઉપર ચડ્યા, એમા અને ગાયદો એમની પાછળ પાછળ જઈ રહ્યા હતા એમાએ મન ભરી દૃષ્ટિથી ગાયદો સામે જોયુ ગાયદો એના મનની વાત સમજી ગયો એમા એવુ જ વિચારી રહી હતી કે આજ આખો દિવસ આપણે શી રીતે આવો અભિનય કરતા રહીશુ ? ગાયદોએ પણ મતલબભરી દૃષ્ટિથી જાણે જવાબ આપ્યો "આપણે યથાશક્તિ જે થાય એ કરી છૂટીએ પછી તો જેવી પરમાત્માની ઇચ્છા"

એ પછી તો અભિનય કરવો કઠણ થઈ પડ્યા એમાના પિતા મોડે જઈ ખુરશી પર બેઠા અને એમને જુદા જુદા કૌટુંબિક પ્રશ્નો પૂછવા લાગ્યા એ પ્રશ્નોના જવાબો આપતા આપતા તો પતિપત્ની બને ખૂબ પરેશાન થઈ ગયા

વૃદ્ધે ડોકી પીતા પીતા કહ્યુ "તમારુ પ્રેમ ને દામ્પત્ય જોઈ હુ ખૂબ સુખી થયો છુ તમારા બંનેના પત્રો મને મળતા હતા જ પણ આજે તમને નજરે જોઈને મને જે આનંદ થાય છે એની તો તુલના જ થઈ શકે એમ નથી એમા ! તુ તો પહેલા કરતાય વધુ સુદર થઈ ગઈ છે ખરુ ને ગાયદો ?"

ગાયદો હસીને બોલ્યો "હા જી, આપ સાચુ જ કહો છો"

"અને એમા" વળી વૃદ્ધે કહ્યુ: "તુ ભાગ્યશાળી છે તને એક આદર્શ પતિ મળ્યો છે ગાયદો એના પત્રોમા તારી વાત સિવાય બીજુ કશુ લખતો જ નથી એક કાગળ એવો નથી, જેમા તારા ખૂબ ખૂબ વખાણ એણે ન કર્યા હોય એના ઉપર તે તો જાણે જાદુ જ કરી દીધો છે !"

એમા શાત સ્વરે બોલી "હા ! એ ખરેખર આદર્શ પતિ છે"

એ પછી તો જાણે થોડોક વખત ચૂપ રહ્યા માથુ નીચુ કરી ગાયદો કોણ જાણે શુયે વિચારતો રહ્યો પછી વૃદ્ધે કહ્યુ "એમા ! તારી માસીની દીકરી રાજેનિયાએ તારી ખબર પૂછાવી છે એ બિચારીને ઘણુ સહેવુ પડે છે"

એમાએ આશ્ચર્યભાવથી પૂછ્યુ "એણે તો એના પિયારો સાથે લગ્ન કર્યું હતુ ને ?"

વૃદ્ધ બોલ્યા "હા ! એને જ એ પરણી હતી શરૂઆતમા બને પરસ્પરને ખૂબ ચાહતા હતા પણ પછી એક બીજાને ન બન્યુ ઝઘડીને આખર રેજેનિયા ઘેર આવતી રહી હતી"

એમા બોલી ઊઠી "એણે એ સારુ કર્યું"

વૃદ્ધે કહ્યુ "ના બેટા ! એવુ ના બોલ પતિને છોડીને ચાલ્યા જવુ એ પત્ની માટે કદી પણ ઉચિત નથી બેટા, મારા સમજાવવાથી હવે સુમેળ થઈ ગયો છે હવે રેજેનિયા એના પતિના ઘેર પાછી ગઈ છે"

એમા બોલી "આખરે તમેજ સુમેળ કરાવી દીધો પિતાજી ?"

વૃદ્ધે કહ્યુ "હા બેટા ! એ માટે હુ ગર્વ લઉ છુ તારી સ્વર્ગીય માતા પણ એવુ જ ઇચ્છતા એ બહુ જ ક્ષમાશીલ હતી એ તો સદા કહેતી કે જે અધિક પ્રેમ કરે છે તે ક્ષમા પણ જલદી કરે છે"

થોડીવાર બધા ચૂપ રહ્યા પછી વૃદ્ધે કહ્યુ "ચાલો બેટા, તમારુ ઘર બધુ ફરી ફરીને જોઈ લઉ ચારે તરફ રેશમ અને મખમલ જ દેખાય છે"

ગાયદોએ કહ્યુ "ચાલો મોટા ઓરડાથી જ પહેલા શરૂ કરીએ"

વૃદ્ધે તે ઓરડામા પ્રવેશીને કહ્યુ "બહુ સુદર ઓરડો

છે મોટી પાર્ટી માટે સરસ ઉપયોગી થઈ પડે તમે લોકો શું બહુ પાર્ટીઓ આપો છો ?"

ગાયદોએ ઝટ ઉત્તર આપ્યો "પહેલા તો બહુ જ આપતા હતા"

વૃદ્ધ બોલ્યા, "હા, તે તો હશે જ ને હવે તો ગંભીર નૈતિક કાર્યોમાં ઘણો વખત જતો હશે આ શું સ્ત્રીઓને બેસવાનો ખંડ છે કે ? કેટલો સુંદર છે ! આ બધો સામાન એમાની પસંદગીનો જ લાગે છે"

એમા બોલી "ના, ગાયદો જ બધું લાવ્યા છે"

વૃદ્ધ હસીને બોલ્યા "એમ ? ગાયદોની પસંદગીની પ્રશંસા કરવી જોઈએ એમા પોતાનો બધો વખત અહીં જ ગાળતી હોય એમ લાગે છે"

પછી શયનગૃહમાં પ્રવેશ કરીને એ બોલ્યા "આ ઓરડાનો રંગ સરસ છે પણ એમા, એક ચીજ તો અહીં જ હોવી જોઈએ '

એમાએ ગભરાઈને પૂછ્યું શું "પિતાજી ? '

"તારી માતાનો ફોટો તું તારી સાથે લાવી હતી ને ? એ તો આ ખંડમાં જ રાખવો જોઈએ"

એમાને ગભરાતી જોઈ ગાયદો બોલ્યો 'અમે લોકો કેટલાક દિવસથી બહાર ગયા હતા હજુ બધો સામાન આવ્યો નથી'

વૃદ્ધે કહ્યું 'એ ફોટો મૂકતા આટલા એ વિલંબ કર્યું નથી ખેર, એમા એની માને કદી ભૂલે એમ નથી ગાયદો ! તમે તમારા એ સાસુને મળી શક્યા નથી એ ખૂબ અફસોસની વાત છે એણે મરતી વખતે મારી પાસે પ્રતિજ્ઞા કરાવી હતી કે એમાના સુખ માટે મારે સર્વ કાંઈ કરી છૂટવા તૈયાર રહેવું, તેથી એમા જ્યારે તમને ચાહવા લાગી ત્યારે તેની વાતોનું સ્મરણ કરી મે એમા સંમતિ આપી હતી એમા ! અંગ્રેજ રજવાડાના બગીચે નૃત્ય થયું હતું તે તને યાદ છે ? ત્યાં આપણે ગાયદોને સાથે તેડી ગયા હતાં '

એમા ધ્રૂજતા બોલી 'હા !'

વૃદ્ધ હસીને બોલ્યા 'તમારી સગાઈ થઈ છે એ વાત ત્યાં બધા કહ્યા વગર જ તમારા મુખ પરથી જ સમજી ગયા હતા'

ગાયદોએ સ્મિત કરી કહ્યું 'હા બધા એ સમજી ગયા હતા' એમાના પિતા બોલ્યા 'તમારો બન્નેનો પ્રેમ એવો જ અખંડ બની રહો એવી પ્રભુ પાસે મારી પ્રાર્થના છે'

ગાયદોએ નમ્રતાથી કહ્યું 'આપની શુભેચ્છા અમે માથે ચડાવીએ છીએ'

વૃદ્ધ ચાલતા ચાલતા એક ઓરડા તરફ જતા બોલ્યા 'આ ખંડમાં શું છે ? એ બંધ શાથી રાખવામાં આવ્યો છે ?'

એ ઓરડામાં ગાયદો આજ-કાલ સૂતો હતો એમા તેમાં ગઈ જ નહોતી વૃદ્ધ આમ ફરી ફરીને બધા ઓરડા જોશે એની એમાને કે ગાયદોને કલ્પનાય ક્યાંથી આવી હોય !

ગાયદો શું બોલે ? શું કહેવું એ જ તેને સૂઝ્યું નહીં એમાએ ઝટ કહી દીધું 'એ તો એક વધારાનો શયનખંડ છે'

વૃદ્ધ બોલ્યા : 'એમ કે ? હું જો આજની રાત રહેત તો મને તમે આ ખંડ જ આપત કે ? પણ દિલગીર છું કે હું રાત રોકાઈ શકું એમ નથી '

ગાયદો બોલ્યો : 'આપ પૂરો એક દિવસ પણ રોકાતા નથી એથી અમને ખૂબ દુઃખ થાય છે'

વૃદ્ધ બોલ્યા : 'ફરી વળી કોઈ દિવસ આવીશ તો વધુ રોકાઈશ આજ તો ખંડ જોઈને જ મન મનાવી લઉં એને ઉઘાડો તો'

એમા બોલી 'પણ પિતાજી '

વૃદ્ધ બોલ્યા 'ઓરડો સાફ-સૂફ નથી એમ કહેવું છે ને ? એમાં શું વાંધો છે ?'

ગાયદોએ જોયું કે વૃદ્ધને રોકવા વ્યર્થ છે સાહસ કરી એણે ઓરડો ઉઘાડી નાખ્યો

વૃદ્ધે અંદર પ્રવેશી કહ્યું 'આ તો ઘણો જ સરસ ખંડ છે સારો છે તેમ વ્યવસ્થિત પણ છે ઓહો ! એમાનો ફોટો પણ છે ને ! મને ખુશ કરવા જ ગાય

દોગે એ અહીં લગ્ગો લાગે છે શાબાશ આ વાત પણ તમે ભૂલ્યા નથી, એથી હું બહુ ખુશ છું'

પછી તેઓ દિવાનખાનામાં જઈને બેઠાં પતિ પત્ની બન્ને જરા ગુમસુમ બની ગયાં હતાં એમાના પિતા હતા એના સરસ સીધા ન હોત તો જરૂર તેઓ એ જોઈ મ દેહ કરત પણ એ બાજુ એમની નજર જ ન હતી બેગીને તેઓ બોલ્યા. 'આવું સુંદર મકાન મૂકી વારવાર તમારે બહાર જવું પડશે એ બહુ દુખતી વાત છે'

એમાએ ચકિત થઈને પૂછ્યું 'શું પિતાજી?'

એના પિતાએ કહ્યું 'ગાયદો જો પ્રતિનિધિ તરીકે ચૂંટાશે, તો વર્ષમાં છ માસ એણે રોમમાં જઈને રહેવું પડશે ત્યારે શું તને એ મિનાનમાં એકલી મૂકી જશે? તમારે બે મ ાન રાખવાં પડશે સહેજ ત ગીફ પણ ભોગવવી પડશે પરંતુ મને તો જરા ફાયદો થશે જ્યારે તમે રોમમાં રહેશો ત્યારે તો હું તમને વારંવાર જોઈ શકીશ કેમકે નેપ સ તો રોમની પાસે જ છે'

પિતને ટ્રેનમાં બેસાડીને પતિ-પત્ની પ છા આવી વિ ટોરિયામાં બેઠાં બન્નેએ જાણે છૂટકારો અનુભવ્યો અભિનય સમાપ્ત થઈ ગયો છે હવે તેઓ પોતાના સાધારણ જીવનપથે વળી શકશે એમા બારીમાંથી બહાર જોઈ રહી હતી એકાએક ગાયદોથી પત્નીના શરીરને અજાણતા સ્પર્શ થઈ ગયો

ગાયદો બો યો 'અરે! કશું ખોટું ન લગાડશો હો'

એમા ગંભીરભાવે બોલી 'ના, ના એમાં ખોટું શું કરવા લગાડું?'

તેઓ જાણે એકબીજાથી દૂર દૂરના માનવી હતા પરંતુ બન્નેના હૃદયમાં આખા દિવસની ઘટનાઓ ઘૂમરાઈ રહી હતી એક બીજાને તેઓએ શું કહ્યું હતું વગેરે વાતો પર તેઓ મનોમન શોચી રહ્યા હતા સડકના ચાર રસ્તા આવતાં ગાયદોએ પૂછ્યું 'તમે સીધા તમારે ઘેર જવા ઇચ્છો છો?'

એમા બોલી 'ના તમારે ઘેર આવીને મારો બધો સામાન ભેગો કરી લઉં નોકરડીથી એકલીથી બધું નહીં બને સામાન ભેગો કરીને ચાલી જઈશ'

ગાયદો બો યો 'ભલે એમ રાખો'

ઘેર પહોંચીને એમા પોતાની નાની ઓરડીમાં ચાલી ગઈ ગાયદો દિવાનખાનામાં જઈને વર્તમાનપત્ર વાંચવા લાગ્યો વાંચવાનો તો તે ઢોંગ જ કરતો હતો એનું ધ્યાન તો હતું પાસેની ઓરડીમાં એ વખતે એમા દ્વાર પાસેથી આવજા કરતી હતી ગાયદો એ જોઈ રહ્યો

એકવાર એણે એમાને બોલાવી પૂછ્યું 'તમને થાક લાગ્યો નથી?'

એમા બોલી 'ના મારું કામ પણ હવે પૂરું થઈ ગયું છે

થોડીવાર પછી એમા ઓરડામાં આવી એક ખુરશી પર બેસીને બોલી 'શું હજીયે વરસાદ વરસે છે?'

એ કલાન્ત દેખાતી હતી ગાયદોએ બારું નીચું કરીને કહ્યું 'હા હજી વરસાદ વરસે છે

એમાએ પૂછ્યું 'મારી ગાડી પણ હજી નથી જ આવી?' ગાયદો બો યો 'શી ખબર? હું જઈને જોઈ આવું?

'ના રે શા માટે હેરાન થવું? હમણાં આવશે'

'તમારે ઘર સુધી મૂકવા આવું?

'ના કશી જરૂર નથી

સમય જાણે વ્યતીત થતો નહોતો નોકરે જ્યારે આવીને ખબર આપી કે ગાડી આવી છે, ત્યારે એમા ઝટપટ ટોપી પહેરવા લાગી, એના આગળા તે વખતે ધ્રૂજતા હોવાનું સ્પષ્ટ પ્રતીત થતું હતું

ટોપી પહેરી લીધા પછી હાથમોજાં પહેરી એ તૈયાર થઈ આયના સામે ઊભી રહી પોતાના પોશાકને પણ તેણે બરાબર કરી લીધો પછી વિદાય લેવા તે ગાયદોની સામે ફરી ઊભી રહી ગાયદો મ્લાન વદને ઊઠી ઊભો થયો એમાએ ધીમા સ્વરે કહ્યું 'તસ્દી માફ કરજો તમારી રજા લઉં છું'

ગાયદો કશું જ ન બોલ્યો એમા ઓરડામાંથી બહાર

ડૉ. એમ. ડી. દેસાઈ,

ઓપરેશન થીએટરના અનુભવો

અમદાવાદની જાણીતી વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલના મેડિકલ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે કામગીરી બજાવતા એક હોંશિયાર સર્જન આ લેખમાં જે અનુભવવાણી રજૂ કરે છે તે દરેકનો વાચનરસ જાળવશે જ એવા આ પ્રસંગો છે.

એ દિવસે ઓપરેશનોનું લીસ્ટ ખડું નાણું હતું. એક ઓપરેશન પૂરું કરી બીજા દરદીની રાહ જોતો થીએટરમાં ઊભો હતો.

અચાનક થીએટરની બહાર કોલાહલ સંભળાયો. બારણું ઉઘાડી જોયું તો દરદી એક ૧૦–૧૨ વરસની નાની દેખાતી છોકરી સ્ટ્રેચર ઉપર બેઠી થઈ જઈ બૂમાબૂમ કરતી હતી: મારે આપરેશન નથી કરાવવું, ઓપરેશન નથી કરાવવું. ઓ બા, મને ઘેર લઈ જા, હું મરી જઈશ રે. એના સગાંવહાલાંઓએ તેને માંડ માંડ નાસી છૂટતી અટકાવી રાખી હતી. હૉસ્પિટલમાં સામાન્ય નિયમ એવો હોય છે કે સગાંવહાલાંઓને ઓપરેશન થીએટરમાં દાખલ કરવામાં આવતાં નથી. ફક્ત ઈશારે રીતે જેમતેમ મા–બાપથી છૂટી પાડી અંદર લેવામાં આવી અને થીએટરનું બારણું બંધ કર્યું.

અંદરનું વાતાવરણ છોકરી માટે નવું હતું. એક મોટા ઓરડામાં માત્ર ચાર માણસો અને તે પણ સફેદ લાંબા ઝભ્ભામાં. એમને ભર બપોરે લાઈટના પ્રકાશમાં ઓગાઓ જેવા લાગે. મોં, માથા ઉપરના પહેરવેશને લઈને ન તો કોઈનું મોં દેખાય, ન કોઈ સ્ત્રી કે પુરુષ છે તેની ઓળખાણ પડે. આવું વાતાવરણ ભલભલાને ભયભીત કરી દે ત્યાં આ બિચારી નાજુક નાની માંદી છોકરી હતી. એને સાંભળ્યું હતું કે ઓપરેશન વખતે તો દવા સુંઘાડીને બેશુદ્ધ બનાવી નાખે છે. એણે સાંભળ્યું હતું કે અંદર તો મોટા મોટા ચીપીઆ, ચપ્પુ ને કાતર વડે પેટ ચીરવામાં આવે છે. એણે એમ પણ સાંભળ્યું હશે કે ઓપરેશનમાં તો ઘણા ઘણા મરી પણ જાય છે.

એને અંદર આવતાંની સાથે એ છોકરીએ તો ભારે તોફાન મચાવી ચીસાચીસ કરવા માંડી અને ટેબલ ઉપર નહિ સૂઈ જવાની હઠ લઈ બેઠી.

મારે આવા પ્રસંગો નવા ન હતા. મોટી ઉંમરના માણસોને પણ થીએટરના ટેબલ ઉપરથી કૂદી નાસી જતાં જોયા છે. શાંત ધીમનવાન દેખાતા દરદીઓને પણ છેક છેલ્લી ઘડીએ દવા સુંઘતી વખતે ઓપરેશન કરાવવાનો વિચાર પડતો મૂકતા જોયા છે. ઓપરેશન એમને મૃત્યુની ભેટ અને ખબર પાછા ફરતાં નીકળી

ચાલી ગઈ. એના ચહેરામાં દેખાતું હતું 'જાણે પોતે જરાય ડરી નથી' એમ એ બતાવવા માગતી હતી. એક વાર પાછું ફરીને પણ એણે જોયું નહિ. પણ ગાયદો એની પાછળ પાછળ આવી રહ્યો છે એ તે સારી રીતે સમજી રહી હતી.

દ્વાર પાસે જ એક મખમલનો પડદો લટકતો હતો. તેને ઉઘાડવા એમાએ હાથ લંબાવ્યો ત્યાં જ ગાયદોએ ઝડપથી પડદો પકડી લીધો. એનો હાથ એમાના હાથને સ્પર્શી ગયો.

ગાયદોએ કહ્યું: 'એમા! તેં મને ક્ષમા આપી છે તે કેટલાનું તું ભૂલી ગઈ છે.' તેનો સ્વર ગંભીર અને વેદનાસભર હતો.

એમાએ ઝડપથી પતિના સામે જોયું અને તે જ ક્ષણે તેની વિશાળ છાતીમાં તેણે પોતાનું મોં છુપાવી દીધું. પુરાણા પ્રેમમાં પૂર આવતાં તે જાણે એમાં તણાઈ રહી. ગાયદોએ પત્નીને પ્રગાઢ આલિંગનપાશમાં બદ્ધ કરી લઈ પૂછ્યું: 'એમા! વહાલી! હવે ફરી મને છોડીને તું ચાલી તો નહીં જાય ને?'

એમા એના ખભે માન મૂકી બોલી: 'ના, ગાયદો! મારી માતાની તસ્વીર અહીં જ લઈ આવીશ.'

✱

કે કેમ ! સાક્ષાત મૃત્યુને સ્વીકારતાં કોણ ગભરાયુ નથી ? આ છોકરીને પણ મૃત્યુનો ભય પેઠો હતો એટલે તોફાને ચડી હતી એને બળજબરીથી, બધાએ મળી, ઊંચકીને ટેબલ ઉપર સુવાડી, હાથપગ દબાવી શાંત કરી દીધી અને દવા સુંઘાડવાની શરૂઆત કરી એકાએક છોકરીએ જોરથી માગણી કરી, 'મારે દાક્તરને મળવુ છે કોણ મને કાપવાનું છે ?'

હુ પાસે ગયો છોકરીને છૂટી કરવાનું કહ્યુ એ એકદમ ટેબલ ઉપર બેઠી થઈ ગઈ અને ગભરાતે ચહેરે આમતેમ જોવા લાગી

'શુ છે બહેન ?' મે પૂછ્યુ, અને એના વાસા ઉપર હાથ ફેરવ્યો 'તમે મને મારી તો નહિ નાખો ને ? હું મરી તો નહિ જાઉ ને ? મને દુખશે તો નહિ ને ?' એણે પૂછ્યુ. હજી એ એટલી જ બેબાકળી હતી એના સાદમા પણ બીક ભરી હતી

મેં એને આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો પણ એની બહુ અસર થતી દેખાઈ નહિ એ મારું કહેવુ સાંભળતી હતી કે કેમ એની પણ શકા હતી જરા થોડીવાર પછી બોલી ઊઠી 'તમારે ઓપરેશન કરવું જ છે ને ? ઊભા રહો મને પ્રાર્થના કરી લેવા દો'

આટલું કહેતાં તો તેણે બેઉ આંખો બંધ કરી દીધી, બે હાથ જોડ્યા અને ગણગણવા લાગી માડ અડધી મિનિટ થઈ હશે ત્યા તેણે આખ ઉઘાડી એના કોમળ મુખ ઉપર સ્મિત ફરકવા લાગ્યા, આખ શાત હતી એ સ્વસ્થ થઈ ગઈ હતી

'હાશ હવે હું છુ અને મારો પરમેશ્વર, તમારે જે કરવુ હોય તે કરો' કહી ટેબલ ઉપર સૂતી થઈ ગઈ અને શાત ચિત્તે જેમ કહીએ તેમ કરવા લાગી એને હવે ઓપરેશનનો ડર રહ્યો ન હતો એ હવે મૃત્યુથી ગભરાતી ન હતી એને એના પરમેશ્વરનો સથવારો મળી ગયો હતો એ હવે બેબાકળી રહી ન હતી પણ પ્રસન્નચિત્ત હતી

અમે બધા પણ થોડી વાર તો જોઈ રહ્યા માંડ અડધી મિનિટની પ્રાર્થનામાં આ છોકરીએ જે માનસિક બળ મેળવી લીધુ હતું તે અમારે માટે પણ આશ્ચર્યજનક હતું.

આ વાતને તો ઘણા વર્ષો વીતી ગયા મે એને મારા મનમા એટલા માટે સંઘરી રાખી છે કે આ છોકરીએ મને શ્રદ્ધાના બળનો પ્રત્યક્ષ પાઠ શીખવ્યો હતો કહો કે મારામા પરમેશ્વર વિષેની શ્રદ્ધા જન્માવી હતી આજે પણ જ્યારે દાક્તરી વિદ્યાને બૂઠી નીવડતી જોઉ છુ ત્યારે આ શ્રદ્ધાનો આશરો કોઈ નવી જ શક્તિનો સચાર કરે છે એમ અનુભવુ છું

આવી જ રીતે એક બીજો પ્રસગ પણ હુ હમેશ યાદ રાખવા પ્રયત્ન કરુ છુ

ઓપરેશનનો દિવસ હતો ઓપરેશન થીએટરમા આજે સર્જનને પણ આઘા-પાછા થવાની જગ્યા રહી ન હતી કારણ જે ને તે ઓપરેશન જોવા ભેગા થયા હતા હૃદયનુ ઓપરેશન હતુ આવુ ઓપરેશન આ હૉસ્પિટલમા પહેલવહેલુ જ થતુ હતુ આખુ થીએટર દાક્તર-નર્સોથી ચીકાર હતુ છતા વાતાવરણમા ગજબની શાંતિ હતી પાસે ઊભેલાનો શ્વાસ પણ સાભળી શકાતો પણ બધાનો જીવ ઊંચે હતો શુ થશે ? ટેબલ ઉપર જ, દરદીનુ મૃત્યુ તો હાર્ટ-ફેઈલથી નહિ થાય ને ? ઊંડે ઊંડે આ ડર બધાને હતો

ઓપરેશન ચાલતુ ગયુ તેમ તેમ વાતાવરણ વધુ અને વધુ ક્ષુબ્ધ થવા લાગ્યુ એક કલાક, બે કલાક, ત્રીજો કલાક પૂરો થવા આવ્યો વચ્ચે વચ્ચે નિયમિત અતરે, દરદીની નાડી અને બ્લડપ્રેશરના સમાચાર અપાતા જતા હતા તે સિવાય બીજો અવાજ ભાગ્યે જ સાભળવા મળતો હતો આખરે સર્જનનો 'હાશ, Thank God' નો અવાજ આવ્યો ઓપરેશન હેમખેમ પાર પડ્યુ હતું. દરદીની સ્થિતિ સારી હતી થીએટરનુ વાતાવરણ જે અત્યાર સુધી તગ હતુ તેમાં એકદમ ઉજાસ આવ્યો. શાંતિ તો બાજુએ રહી, લગભગ ઘોંઘાટ મચી રહ્યો

સર્જન ટુ હતો એક અઘરુ ઓપરેશન પાર પાડવાનો

પણ મને મળવાનો હતો એવે વખતે આનંદ થાય એ સ્વાભાવિક છે આનંદ સાથે આવું ઑપરેશન આ વિભાગમાં મેં જ પહેલ વહેલું કર્યું—તેનો ગર્વ પણ હતો આનંદ સંતોષ–ગર્વની સ્થિતિમાં હું બહાર નીકળ્યો ઑપરેશનમાં મોડું થઈ ગયું હતું એટલે જ બીજે પહોંચવાની ઉતાવળ હતી લીફ્ટ દૂર હતી રસ્તામાં કોઈ બહેને કંઈ પૂછ્યું એવું લાગ્યું પરંતુ જવાબ આપવાની જરૂર નહિ લાગી એવામાં થીએટરની પાસે પડેલા એક બાંકડા પાસે સંખ્યાબંધ બીડીના ઠૂંઠા વેરાયેલા જોયા પાસે જ કચરો નાખવાનો ડબ્બો હતો છતાં તેમાં નહિ નાખતાં રસ્તામાં ગમે તેમ ઠૂંઠા ફેંકી હૉસ્પિટલ જેવી હૉસ્પિટલને ગંદી કરી મૂકનાર ઉપર ક્રોધ આવ્યો અને હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ તરીકેની ફરજ મારી યાદ આવી હું ભૂલી ગયો કે મારે બીજે જલદી જવાનું હતું હું ઊભો રહ્યો જેણે બીડી પીધી હતી તેને ખખડાવ્યો તેની પાસે ઠૂંઠા ઉપડાવી ડબ્બામાં નખાવ્યા અને હૉસ્પિટલમાં સ્વચ્છતાની જરૂરિયાત ઉપર ભાષણ દીધું, સુપરિન્ટેન્ડન્ટ તરીકે મારી ફરજ અદા કર્યાં બદલ આત્મસંતોષ અનુભવ્યો

લીફ્ટમાં પહોંચતા જ એક મિત્ર મળ્યા એમણે આ બધું જોયું–સાંભળ્યું હતું મારી પાસેથી ઑપરેશન કેવું અઘરું હતું, કેવું સરસ પાર પડ્યું કેટલા બધાં જોવા આવ્યા હતા વગેરે સાંભળ્યા પછી લીફ્ટની બહાર નીકળી મને ઊભો રાખી કહેવા લાગ્યા

'ડાક્તર, આવું અઘરું ઑપરેશન આટલી સુંદર રીતે પાર પાડવા માટે અભિનંદન ખૂબ ખૂબ અભિનંદન પણ તમે સરજન લોકો ઇન્સાનને ભૂલી જાઓ છો એ સમજાતું નથી આટલું કહી એ અવાક થઈ ગયા એના મોં ઉપરનો ખેદ વાંચી શકાતો હતો

મને એનું કારણ નહિ સમજાયું એ મિત્ર મારા હિતેચ્છુ હતા વિશેષમાં બુઝર્ગ હતા એને માટે મને માન હતું મેં ખુલાસો કરવા વિનંતી કરી એમની વાત એમના જ શબ્દોમાં કહું —

'હું સામે આવેલો ઑપરેશન થીએટર બહાર બાંકડા પાસે ઊભો હતો બાંકડા ઉપર એક ભાઈ અને એક બહેન બેઠા હતા આધેડ વયના હશે ગામડાના લાગતા હતા થોડી વાર થાય એટલે અંદર અંદર ઘુસપુસ કરે અને પાછા શાંત થઈ જાય મોં ઉપર ગભરાટ દેખાતો હતો એમને મેં પૂછપરછ કરી તેમણે જણાવ્યું કે અત્યારે એમના એકના એક દીકરાનું ઑપરેશન ચાલે છે અને ઘણો વખત થઈ ગયો પણ કંઈ સમજાતું નથી એટલે અધીરા થયા છીએ મેં 'હૉસ્પિટલ સારી છે ડાક્તર હોશિયાર છે, બધાં સારાં વાનાં થશે' કહી આશ્વાસન આપવા પ્રયત્ન કર્યો ત્યાં તો બાઈએ રડવા માંડ્યું ભાઈ પણ રડવા જેવા થઈ રહ્યા પણ આંસુ છુપાવવા, ગજવામાંથી બીડી કાઢી સળગાવી હું ખબર કાઢી લાવવા—ઑપરેશન ચાલતું હતું ત્યાં ગયો ઑપરેશન લાંબું ચાલશે એવા સમાચાર મળ્યા એમને એના સમાચાર પેલાં મા–બાપને આપી ધીરજ રાખવા કહી, હું મારે કામે ગયો

'અહીં તો એક કલાક, બે કલાક એમ કલાક વીત્યા અંદર શું ચાલે છે તેની ખબર નહિ પડે દીકરો મરે છે કે જીવે છે તેની પણ શંકા પડવા લાગી બાઈએ પતિને પરાણે ખબર લાવવા મોકલ્યો તો દરવાજા પાસેથી નર્સની ગાળો અને નોકરોના ધક્કા ખાઈ પાછો આવ્યો કોઈએ એમ પણ નહિ કહ્યું કે તારો દીકરો જીવે છે બાકી તો આગળ મારીને અને બીજી કમીને વખત કાઢ્યો પણ માનો જીવ અને તેમાં પાછો એકનો એક દીકરો ત્રણ કલાક થવા આવ્યા એમને એનાથી નહિ રહેવાયું એ થીએટર તરફ દોડી એ જ વખતે તમે બહાર નીકળ્યા તમને એના લાડકવાયાના સમાચાર પૂછ્યા પણ તમને ક્યાં એના તરફ નજર નાખવાની પણ ફુરસદ હતી? ઊલટું તમે તો એના લાડકવાયાના બાપને બીડીના ઠૂંઠા માટે ધમકાવવા લાગ્યા એ બિચારા પાસે એ ઠૂંઠા ઊંચકાવ્યા અને ચાલી નીકળ્યા

'જે મા–બાપ તમને પરમેશ્વરતુલ્ય ગણી એકનો એક દીકરો શ્રદ્ધાપૂર્વક મારા હાથમાં સોંપી દે તેની

એસ ટી હૈદર

ઇચ્છાનું પુનરાગમન

સુરતગઢનાં યંત્રોથી ખેડાતા રાજ્ય-ખેતર અંગેની રાજસ્થાનની એક દંતકથા આ લેખમાં રજૂ કરી છે. માનવીની જીવનજ્યોતના પ્રતીક રૂપ એ દંતકથા આજે કેવો વિશિષ્ટ અર્થ ધારણ કરે છે?—એની સુંદર કહાણી અહીં આપી છે

રાતે લગભગ ચારેક વાગ્યે હું સુરતગઢ ગેનરતુ આરામઘર છોડીને નીકળ્યો. હઈશ મારે સરદારગઢ જવું હતું ત્યાં વધારાની ત્રણ હજાર એકર જમીનને સિંચાઈ પૂરી પાડવા પાણી લઈ જવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે

વાદળિયા રોશનીના મૃદુ પ્રકાશમાં ફોટાઓ લેવાનું અનુકૂળ હતું વળી, મારે ફોટા લેવાની મનપસંદ જગ્યા નક્કી કરવાની હતી એટલે મને લઈ જતા જીપવાળાને મેં પગાણે વિદાય આપી અને હું એકલો પગપાળો નીકળી પડ્યો

હું કેટલોયે વખત બિનખેડ સૂકી જમીન પર ફરતો રહ્યો એકાએક પવનનું જોર વધવા લાગ્યું મેં પશ્ચિમ ભણી જોયું તો ભારે આંધી ચડી આવતી હતી થોડા સમયમાં તો હું આંધીમાં ઘેરાઈ ગયો તેની પૂરી ઝીંક ન ખમવી પડે એટલા માટે હું એક ઝાંખરા પાછળ ભરાયો આંખો બંધ કરી હતી પણ શ્વાસમાં હવાને બદલે રેતી આવતી હતી

એમાં એક મને ક્યાંકથી અવાજ આવતા સંભળાયા દૂર ઝાંખું અજવાળું દેખાયું

એ અજવાળા પાસે પહોંચવા માટે હું ફરી એક પછી બીજા ઝાંખરાની ઓથે ચાલવા લાગ્યો

હું એ અજવાળાના સ્થળ—ખેડૂતોના અધકાચા ઘરો આગળ પહોંચ્યો એ વખતનો આનંદ કદી ભૂલી શકીશ નહીં માટીની એક ઝૂંપડીમાં જૂના હરિકેન ફાનસના પીળા અજવાળામાં ખેડૂતોનું એક જૂથ બેઠું હતું રાજસ્થાની દાઢી અને થોભિયાવાળા એક મોટી ઉંમરના માણસે મને આવકાર્યો અને આંધીમાં ફરવા બદલ મીઠો ઠપકો આપ્યો

એણે મને મોઢું લૂછવા કપડાનો એક ટુકડો આપ્યો હું એનો આભાર માનીને ત્યાં બેઠો એણે મને મારે કેમ આવવાનું થયું છે, હું શું કામ કરું છું, ક્યાંનો છું વગેરે પૂછ્યું મેં સામે પાક વિષે, ખેતરમાં કામની હાલત અને કામની રીતો વિષે પૂછ્યું

ખબર પડે તે પહેલા તો અમે મોટા પાયાની યાંત્રિક

પાસેથી એક બે આશ્વાસનના શબ્દોની પણ આશા નહિ રખાય, એ તે કેવું? તમે ફક્ત બે જ શબ્દો ચાલતા ચાલતા પણ બોલ્યા હોત કે 'બહેન તમારો દીકરો સારો છે તું ગભરાઈશ નહિ,' તો મને ખાતરી છે કે એ બન્ને મા ને બાપ તમારા પગમાં પડ્યા હોત! ખેર, જેવું તમારું ભણતર તમે આથીયે મોટા ઓપરેશન કરતા રહો અને જશ કમાતા રહો મારાથી નહિ રહેવાયું એટલે બોલાઈ ગયું માફ કરજો'

ફરી એ મિત્ર ચાલી નીકળ્યા

આજે પણ જ્યારે હું એ દિવસનો વિચાર કરું છું ત્યારે પસ્તાવો થાય છે તોબા અમારા ભણતરને દોષ દે છે પણ નવું કે જૂનું કયું ભણતર એવું શીખવે છે કે ડાક્તરે દયા, પ્રેમ, હમદર્દી, માણસાઈને પાસે નહિ આવવા દેવા!

આ પ્રસંગ પછી, હું નથી ભૂલી જઈ શકતો કે ઓપરેશન થીએટરમાં દરદી ઉપર જેમ ઓપરેશન ચાલી રહ્યું છે તેમ બહાર પણ સગાવહાલાં ઉપર બીજું ઓપરેશન થઈ રહ્યું છે બંનેને કાળજીની જરૂર છે, બંનેને સહાનુભૂતિ જોઈએ છે એમાંયે બહારનાંને વિશેષ જરૂર છે કારણ કે તેમને દરદીની માફક બેભાન બનાવવામાં નથી આવતાં!

[આકાશવાણીના સૌજન્યથી]

★

ખેતીના ગુણ અવગુણની ચર્ચામા ઊતરી પડ્યા હતા વર્ષોના અનુભવથી સંપાદન કરેલા વિશ્વાસથી રણકતા અવાજે પેલો વૃદ્ધ માણસ કહેતો હતો

'આવા પ્રદેશમા કુદરતની મહેરબાની જોતા આપણી પાસે નવા યંત્રો અને ખેતીની નવી પદ્ધતિઓ હોવી જોઈએ કેમ કે '

એ અચાનક અટકી ગયો એણે પોતાની ધોળી ભમ્મર ઊંચી કરી અને બહાર ચીંધી કહ્યુ 'સાભળો, એ તેને બોલાવે છે!' મે પૂછ્યુ 'કોણ કોને બોલાવે છે?' 'કેમ તમને ખબર નથી? ચમન પોતાની પ્રિયતમાને—વદનાને બોલાવે છે' એણે ઉત્તર આપ્યો

મે કાન માંડ્યા અને હવાનો તીણો સીસોટી જેવો અવાજ સભળાયો એનો છેલ્લો ભાગ 'દ ના' જેવો સભળાતો હતો

વૃદ્ધ પુરુષે જોયુ કે, એના ટૂકા ઉત્તરથી મારી જિજ્ઞાસા સતોષાઈ ન હતી એણે ભારે લાગણી સાથે મને નીચેની વાર્તા કહી સભળાવી

*

જમાનાઓ પહેલા આ સ્થળ આજે લાગે છે તેવુ ઉજ્જડ ન હતુ આખો વિસ્તાર બે છલકાતી નદીઓથી હરિયાળો હતો અને સમૃદ્ધ ખેતરોની લીલી અને સોનેરી ભાત વચ્ચે ગામડાઓ છવાયેલા હતા એમાના એક ગામડામા ચમન નામનો એક દેખાવડો યુવાન રહેતો હતો એ મહેનતુ પ્રામાણિક સત્યશીલ અને સમજદાર યુવાન હતો ગામના બધા લોકોને એના માટે ખાસ લાગણી હતી વિશેષ તો એટલા માટે કે એ નાનો હતો ત્યારે જ એણે પોતાના પિતા ગુમાવ્યા હતા એની માતાએ એને ઉછેરીને મોટો કર્યો હતો અને આજે હવે એ વૃદ્ધ થયા હતા ત્યારે માતૃપ્રેમની દૃષ્ટાંત રૂપ ભાવનાથી એ તેમની બધી સગવડો સભાળતો હતો એની માતા ખૂબ સુખી હતી અને પોતના નસીબ પ્રત્યે સતુષ્ટ હતી પરન્તુ એના દિલમા એક દુઃખ હતુ એનો પુત્ર છોકરીઓ તરફ પૂરતુ ધ્યાન આપતો ન હતો અને એ વાત આવા દેખાવડા અને સદ્ગુણી યુવાન માટે કૈંક નવાઈની હતી એણે ઘણીવાર પોતાના પુત્રને સમજાવવા પ્રયાસ કર્યો પરન્તુ જ્યારે એ કોઈ કન્યાની કે લગ્નની વાત માંડતી ત્યારે એ એક યા બીજા બહાને વાત બદલી ઘરમાથી ચાલ્યો જતો

એક દિવસ એણે ઘેર આવી પોતાની માને એકાએક પૂછ્યુ 'મા, તુ પડખેના ગામની વદનાને ઓળખે છે?'

'હા ગામના મુખીની છોકરી ને?'

પરન્તુ એ જવાબ આપવાને બદલે ઘરની બહાર નીકળી ગયો અને મા સમજી ગઈ થોડા દિવસમા તો બેય ગામના લોકોને જાણ થઈ ગઈ કે, આ બે જણા વારવાર મળે છે બધાને એ બેય જણા ગમતા હતા અને બેય એક બીજાને ચાહતા હતા તે સૌને સારી વાત લાગતી હતી

પરન્તુ નસીબજોગે એ વર્ષે દુકાળ પડ્યો બીજે અને ત્રીજે વરસે પણ જરાય વરસાદ ન પડ્યો લોકોએ પહેલા કદી જોયો ન હતો એવો ભયકર દુકાળ પડ્યો હતો ધરતીમાતા સુકાઈ ગઈ હતી એમા ફાટો પડી ગઈ હતી અને પાણી ઝખતા ખેતરો આકાશ સામે મીટ માંડી રહ્યા હતા ખેડૂતો ભાગતા દિલે ચિંતાતુર અને બે બાકળા-બની ખેતરો સામે જોયા કરતા પાણી પાતાળે ગયુ હતુ કૂવા સુકાઈ ગયા હતા ઢોર મરતા હતા અને લોકો પાણી અને ખોરાકની શોધમાં અજાણી દિશાઓમા નીકળી પડ્યા હતાં

ચમન અને વદના રોજ રાતે મળતા એ એકમીજા પાસે પોતાના દુઃખોની વાત કરતાં વધુ સારા ભાવિની આશા રાખતા તથા જૂના દિવસોનુ સ્વપ્ન સેવતાં! એક બીજની રાતે ચમને આવીને જોયુ તો વદના રડતી હતી એને નવાઈ લાગી કેમ કે સામાન્ય રીતે પોતે જ એ મિલનસ્થાને વહેલો પહોંચતો એને કાઈક આફતની વાત હશે વદનાનુ આખુ શરીર ડૂસકાથી કપી રહ્યુ હતુ શુ હશે?

ચમને નીચા નમી મૃદુતાથી પૂછ્યુ 'શુ છે વહાલી?' આસુ અને ડૂસકાં વચ્ચે વદનાએ એને કહ્યુ કે, એના

ગામનાં માણસો બીજે દિવસે હિજરત કરવાનાં છે. એ ક્યાં જઈને રહેશે એ ખબર નથી અને તું અને હું ફરી મળશું કે નહીં, એમ થાય છે.'

ચંબલ કિંમૂઢ થઈ ગયો. એને શું બોલવું કે કરવું તે સૂઝયું નહીં, એણે માત્ર વંદનાને પાસે લઈ પ્રેમ કર્યો.

એકાએક ચંબલે વંદનાનું મોઢું ઊંચું કરી કહ્યું : 'તું ચિંતા કરતી નહીં. હું હમણાં જ રંગમહેલે જાઉં છું અને હું ઉપાડી શકું તેટલા દાણા લઈ સવાર પડે તે પહેલાં પાછો આવી જઈશ. આપણાં કુટુંબોને પેટ પૂરતું મળી રહેશે તો એ પોતાના વડવાઓનાં વતનને છોડીને ક્યાંય જશે નહીં.'

વંદના હસી. એના મોઢા પર આશા ઝબકી ઊઠી, પણ એના પર પાછી વાદળી ઊતરી. તેણે પૂછ્યું : 'તું ખોટું જોખમ નથી ખેડતો ને? તારો જાન તો સલામત રહેશે ને?'

ચંબલે એને ફરી ખાતરી આપી અને તેની વિદાય લીધી. એ તો રડ્યા જ કરતી હતી, પરંતુ ચંબલને જવું જ પડે તેમ હતું.

થોડાં ડગલાં આગળ વધી એણે પાછળ જોયું. પ્રેમની આંખો મળી, આંસુ વહેતાં હતાં અને તરસી ધરતીમાં તુરત શોષાઈ જતાં હતાં.

વંદના એની અંધકારમાં લુપ્ત થતી આકૃતિને જોઈ રહી હતી. એ ભારે દિલે એ હેમખેમ પાછો આવે એ માટે પ્રભુને પ્રાર્થના કરતી હતી. એકાદ કલાકમાં તો ભયંકર વાવાઝોડું ફરી વળ્યું. એણે પાંદડાં વગરનાં ઝાડવાં તથા ખેડૂતોની ઝૂંપડીઓ ધરાશાયી કરી. સવાર પડી ત્યાં સુધી ચારે બાજુ રેતી, ધૂળ અને અંધારા સિવાય કાંઈ ન હતું.

વંદનાએ ચંબલ હેમખેમ પાછો આવે માટે આખી રાત પ્રાર્થના કરી હતી. સવાર પડતાં એણે ગામની બહાર આવીને ચંબલ આવ્યો છે કે નહીં તેની તલાશ કરી. પણ ચંબલ ક્યાંયે નજરે પડતો ન હતો.

એના કુટુમ્બી અને ગામવાસીઓ ઉચાળા ભરવા તૈયાર થઈ ગયાં હતાં. વંદનાને બોલાવી સાથે લઈ, એ નીકળી પડ્યાં. એ લોકો ક્યાં જઈને વસ્યાં કે દુકાળમાં કોઈ બચ્યાં કે નહીં એ કોઈ જાણતું નથી.

કોઈએ ચંબલને પણ જોયો નથી. પરંતુ આ ઋતુમાં જ્યારે આંધી ચડે છે ત્યારે અમને એનો 'વંદના' કહીને બોલાવતો અવાજ સંભળાય છે. લોકો કહે છે કે, એ પોતાની પ્રિયતમાને રાહ જોવાનું કહેવા બૂમ પાડતો હતો.

*

મેં જોયું કે પેલા વૃદ્ધ કહાણીકારના મોઢા પર ભારે વેદના છવાયેલી હતી. એના દિલમાં લોકોને મદદ કરવાની ઇચ્છા છે, એ પણ દેખાતું હતું.

છેવટ મૌનનો ભંગ કરતાં એક યુવાન બોલ્યો : 'આંધી ઊતરી ગઈ છે.' વૃદ્ધ પુરુષે એ યુવાનને મને વળાવવા મોકલ્યો.

એ લાકડી લઈને નીકળ્યો. અમે મૂંગા મૂંગા ચાલ્યા કર્યું. છેવટ અમે ઝાંખી ભૂરી રાતમાં ખેતરના ઘઉંના પકેલા સોનેરી ખોલનો સળવળાટ સાંભળ્યો. અને મને થયું :

આ શું ચંબલ પાછો નથી ફર્યો? કદાચ એ સદેહે પાછો ફર્યો ન હોય તો પણ, શું એની ઇચ્છા પાછી નથી ફરી? એ છે, પોતાનાં પ્રિયજનોને જિન્દગીની જરૂરિયાતો પૂરી પાડવાની માનવીની ઇચ્છા. અને તે સવિશેષ નિશ્ચય સાથે અને વધુ સારી રીતે સજ્જ થઈને પાછી ફરી છે.

*

વેલ્સની સ્ટીલ કંપનીએ પોતાના કારખાનામાં પા. ૨૦,૦૦૦ની કિંમતની એક ટેલીવિઝન પદ્ધતિ ગોઠવી છે, આ પદ્ધતિનું સંચાલન કરતો નિયામક ૪૦૦ વાર જેટલા સલામત અન્તર પરથી લાલચોળ ભઠ્ઠીની અંદર ચાલતી ક્રિયા બરાબર નિહાળી શકે છે. એક કેમેરાને પોલાદની ૨૦ ટન વજનની લાદીની નીચે રાખવામાં આવે છે. અને આ લાદીની ગરમી સામાન્ય રીતે ૧૭૦૦° જેટલી તો હોય છે જ. આ કેમેરા વિના લાદીના તળીઆની બાજુએ થતી પ્રક્રિયા નિહાળવાનું કોઇપણ રીતે શક્ય હોતું નથી.

[૧૯મા પાનાથી ચાલુ]

મુદ્રાઓ ઉપર કોતરેલી એક શૃંગી (શિંગડાવાળા) પ્રાણી અને દેવોની આકૃતિઓ તેમની કલાકુશળતાની શાખ પૂરે છે. હરપ્પાના લોકોને ઘણું તરફથી આક્રમણ થયા સિવાય લાંબા સમય સુધી જે આબાદી જાળવી હતી તેને બદલે સ્વાભાવિક રીતે જ તેમનામાં શિથિલતા આવી અને ઓચિંતી રીતે આવેલ તે સામે ટકી શક્યા નહિ. સિંધુ ખીણમાં આવું બન્યું હતું અને લોથલ ખાતે પણ બન્યું. લોથલ ખાતે તો છેક બીજી અને ત્રીજી વખત પૂરના વિનાશ (પછી) લોકોને પાછો આવી હતી. લગભગ ઈ. સ. પૂર્વે ૧૫૦૦માં અભૂતપૂર્વ પૂર આવી અને તેને લીધે સિન્ધુ-ખીણ અને સાબરમતીની ખીણમાંની બધી હરપ્પીય વસાહતોનો નાશ થયો.

ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં તાજેતરમાં કરવામાં આવેલા સંશોધન ઉપરથી એ જાણી શકાયું છે કે પરિણામે સિન્ધુ-ખીણ છોડી જનારા હરપ્પીય લોકોના સ્થળાંતર પછીના પરિણામ સંબંધમાં એક નવો પ્રકાશ પડ્યો છે કે જેઓ સિન્ધુના મુખ્ય આગળના વિભાગમાં રહેતા હતા તેઓ તેમની અગાઉ લોથલ, રંગપુર વગેરે સ્થળોએ હરી ઠામ થયેલા તેમના બાંધવોની સાથે જોડાવા માટે કાઠિયાવાડ જવા ઊપડ્યા. તેમણે કિનારા ઉપર ગામ વસાવી વસ્યા હતા, જેમ કે જામનગર નજીક આમરા અને લાખાબાવળમાં, પોરબંદર નજીક કિન્નરખેડામાં, કોડીનાર નજીક કણજેતરમાં અને ભરૂચ નજીક મેઘમમાં. એ જ પ્રમાણે સિન્ધુ ખીણના ઉત્તર ભાગ અને મધ્ય વિસ્તારોમાંથી એક પક્ષે સરસ્વતી દૃષદ્વતી અને યમુનાની ખીણોમાં અને બીજે પક્ષે સતલજની ખીણમાં તેઓએ વસવાટ કર્યો. આના પ્રમાણો અંબાલા જિલ્લામાં રૂપડ ખાતે, ગંગાનગર જિલ્લામાં સોથી ખાતે અને મિરત જિલ્લામાં આલમગીરપુર ખાતેથી મળી આવ્યા છે.

જો કે હરપ્પીય માટીની વસ્તુઓના બધા પ્રકારો આ સ્થળોમાંથી મળી આવ્યા છે તો પણ સંસ્કૃતિની એકંદરે અવનતિ થઈ હતી એ હકીકત દર્શાવે છે. રંગીન મૂકેલા માટીના પાત્રો હરપ્પાનાં ખાસ ઓજારો, આભૂષણો ઘણા વગરનો ખૂબ જ મર્યાદિત ઉપયોગ અને નાગરિક સગવડોના અભાવ ઉપરથી સ્પષ્ટ થાય છે. પ્યાલા અને કુંભ જેવા પ્રકારના માટીના વાસણોના આકારમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને રંગીન આકૃતિના ચિત્રો (મોટીફ) ચોક્કસ ઢબના બની ગયા હતા.

થોડા અરસામાં ઓગરાની હડપ્પા નગરની રચના, હરપ્પીય તેમજ ઇતર શૈલીના પાત્રો ઉપરનું ચિત્રકામ સિવાય રંગકામ અને ચિત્રકામ એ બન્ને ઘણું ખરું રેખાબદ્ધ શૈલીયુક્ત આકૃતિઓ વાળી મુદ્રાઓ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે હરપ્પીય લોકો અને સિંધુ ખીણના લોકો ઘણા વખત સુધી એક સાથે રહ્યા હતા અને તેમણે નવી સંસ્કૃતિ વિકસાવી હતી. તેમણે નવી કલ્પનાઓ પણ અપનાવી હતી.

રંગપુરમાં તેમજ ગુજરાત અને કાઠિયાવાડમાં બીજા અનેક સ્થળે કરવામાં આવેલા અન્વેષણો ઉપરથી જણાયું છે કે ચમકતા રાતા રંગે રંગેલા વાસણો વડે ખ્યાતિ પામેલી એવી એક નવી સંસ્કૃતિ પ્રગટી અને કાઠિયાવાડમાં તે સારા પ્રમાણમાં ફેલાઈ હતી. હરપ્પીય નિવાસીઓ કિનારા ઉપરથી કાઠિયાવાડના અંદરના ભાગમાં અને મુખ્ય ભાગમાં પ્રસર્યા એટલે તેમની સંસ્કૃતિમાં વિશેષ ફેરફાર થયો. 'કાળા અને લાલ (બ્લેક એન્ડ રેડ)' નામે પ્રસિદ્ધ એવો એક માટીના વાસણનો પ્રકાર પણ પ્રચલિત બન્યો. આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે સિન્ધુ-ખીણ સંસ્કૃતિ સિન્ધુ-ખીણ પૂરતી જ મર્યાદિત રહી ન હતી પરન્તુ ઘણે દૂર સુધી એક પક્ષે પંજાબ, સતલજ અને યમુનાની ખીણો સુધી અને બીજે પક્ષે કાઠિયાવાડ અને દક્ષિણ ગુજરાત સુધી ફેલાઈ હતી.

[આકાશવાણીના સૌજન્યથી]

*

જયન્તિકા પરમાર 'સુમંગલા'

ગૃહમંગલ

જીવનનો આનંદ ટકાવી રાખવા શું કરવું જોઈએ ? હરખ, શોક, સુખ, દુખ, નિરાશા, આશા એ બધાં જ કાટલાં છે. જીવનરૂપી ત્રાજવાના કયા પલ્લામાં કોણ બેસી જાય છે અને કયુ પલ્લું નમે છે તે જ જોવાનું છે. કયારેક જ જીવનનો આનંદ ટકાવી રાખનાર પલ્લું નીચે નમે છે. ઘણુંખરું તો મનને મૂંઝવી નાખે તેવી નિરાશા, શોક, દુઃખ વગેરેનું પલ્લું નમી પડે છે. એવું આજના ચાલુ જમાનામાં દેખાઈ રહ્યું છે. જે ઉલ્લાસ અને આનંદ મોં ઉપર ફરકવો જોઈએ તે જાણે કોઈ એક ખૂણામાં સંતાઈને બેઠો હોય તેવું ભાસે છે. એટલે આમ ત્રાજવામા જોખીને મૂકવા જતાં આપણે સાચું માપ નથી કાઢી શકવાનાં. પરંતુ 'એક જ રસ્તો બળવાન છે જે આપણને—જીવનને સમતોલ રાખવાનો પાઠ' શીખવી જાય છે. બન્ને બાજુ સરખું વજન રાખીએ અને એકેય બાજુના નમતા પલ્લાથી ઊભરાઈ ન જઈએ તો જીવનનો આનંદ જાળવી રાખી શકાય છે.

આ બધું પલ્લામાં મૂકવાની શી જરૂર પડે છે ? આવી પડેલી પરિસ્થિતિને સમતોલ બનાવવાની આપણામાં તાકાત હોય તો બીજી કોઈ જરૂરત ઊભી થતી નથી. પણ આ બધું ઊભું કરનાર આપણો સ્વભાવ છે. એના ઉપર કાબૂ રાખી શકાય અને સ્વભાવની સમતુલા જાળવી રખાય તો એના જેવુ શ્રેષ્ઠ દુનિયામાં બીજું કંઈ નથી. પરંતુ એ સમતુલા જાળવી રાખવી તે ખરેખર અઘરુ છે, કપરું છે. મનુષ્યસ્વભાવનો એક ખાસ ગુણ તે જ અસ્થિરતા છે. મનુષ્યમાં ક્રોધ થઈ આવવો એ સ્વભાવનું એક લક્ષણ છે. કયારેક વિનોદ પણ દુઃખી બનાવે છે. વધુ પડતો વિનોદ જ્યારે થાય છે ત્યારે બીજાની મશ્કરી કરે છે તેમ લાગવાથી તેને માટે દુઃખદ થઈ પડે છે. વિનોદ કરનારને આનંદ આપે પણ સામી વ્યક્તિને તે નથી ગમતું હોતું. ક્રોધ તો ઘણો ભયંકર છે. એ તો વળી જરાય સહન થઈ શકતો નથી. અને તેનું પરિણામ ખતરનાક નીવડે છે. એટલે જ જીવનમાં સમતુલા જાળવતાં શીખવું જોઈએ. જીવનનો સાચો આનંદ માણવો હોય તો બંને પક્ષે સયમ રાખી, મનદુઃખ લગાડયા સિવાય સ્વભાવનું પલ્લું સમતુલા જાળવશે તો સાચો આનંદ માણી શકાશે. તેને માટે ધીરજ, શાંતિ અને ખાસ કરીને સહનશીલતાની ખૂબ જ જરૂર છે

આનંદની પ્રાપ્તિ

નવીનભાઈ સ્વભાવે ખૂબ ક્રોધી. નાનામાં નાની બાબતમાં પણ તે ગુસ્સે થઈ જાય. એમનાં પત્ની પુષ્પાબેનને એમની ખૂબ બીક રહે. તેમનો ગુસ્સો એવો કે પછી તે વખત પણ જુએ નહિ ઘણીવાર કોઈની હાજરીમાં પણ તે ઊકળી પડે. બિચારાં પુષ્પાબેન એક અક્ષર પણ બોલ્યા વગર સીધું કરીને પાછાં કામે ચડી જાય નવીનભાઈ ચોક્કસ ખૂબ. એમની કોઈ વસ્તુ તે આડીઅવળી ન મૂકે. હમેશાં વ્યવસ્થિત રાખે. અને ઘેર આવે ત્યારે જો નાના બાળાએ પણ તે વસ્તુ ફેરવી હોય તો તેમનું મગજ તપી જાય અને પુષ્પાબેન ઉપર રોષ નીકળે કે 'તું બરાબર ધ્યાન નથી આપતી, તને જ વ્યવસ્થિત રાખવાની ટેવ નથી.' બહારથી આવે ત્યારે કે કોઈ અગત્યની વાત કરવાની હોય તો પણ પુષ્પાબેન ગભરાય. બહાર કામે ગયાં હોય, થોડું મોડું થઈ જાય અને જો નવીનભાઈ ઘેર આવી પહોંચ્યા તો તેમના બિચારાના બાર વાગી જાય. કોઈકવાર પુષ્પાબેન પણ તડ ને ફડ કરવા જાય પણ એમની દલીલો ચાલે નહિ, વજૂદ વગરની નીકળે. દિવસમાં બે ત્રણવાર તો સાંભળવાનું હોય જ. ભાગ્યે જ કોઈ દિવસ ખાલી ગયો હશે. પુષ્પાબેન મનમાં ને મનમાં મુંઝાય. આ સ્વભાવ સુધરવાનો કોઈ ઉકેલ દેખાતો નહોતો, ત્યારે એકલાં બેઠાં બેઠાં રડી લેતાં.

એક વખત મારે ઘેર નિરાંત લઈને આવ્યાં. તેમનું મન એટલું બધું ભરાઈ ગયેલું હતું કે થોડી જ વારમાં બધો ઊભરો નીકળ્યો અને તે ખૂબ રડયાં. નવીનભાઈનો ક્રોધ ભભૂકે પછી શાન્ત જ ન થાય. પછી ઘરનું વાતાવરણ વિચિત્ર થઈ જાય—મૂડ વગરનાં બધાં જ લાગે. બાળકો ઉપર પણ આ સ્વભાવની ઠીક ઠીક અસર થવા માંડી. વારંવાર અપમાન સહન ન થવાથી પોતાનું પોતાના ઘરમાં પણ સ્થાન નથી તેમ પુષ્પાબેનને લાગવા માંડયું. મને લાગ્યું કે પુષ્પાબેનના શરીર ઉપર પણ આની ઠીક ઠીક અસર થઈ રહી છે. મેં એમને સાંત્વન આપ્યું. એમને 'ન ગમતી વસ્તુઓ ન બનવા દેવી અને વધુ ચેતતા રહેવું. ત્યારે પુષ્પાબેને કહ્યું કે 'જેમ વધુ ધ્યાન આપવા જાઉં છું તેમ વધુ મુશ્કેલીમાં મુકાઉં છું. સ્વભાવ સુધારવાનો કોઈ રસ્તો જ નહિ હોય? કોઈકવાર એકલાં વાતો કરતાં બેઠાં હોઈએ ત્યારે વાત કાઢીને ખુલાસો કરું છું. એમની ભૂલ થઈ હોય ત્યારે કબૂલ કરે છે અને પસ્તાય છે પણ ખરા. પરંતુ બીજે દિવસે પાછી એ જ હાલત રહે છે. ટેવ જ પડી ગઈ છે. પણ મને તો આની ખૂબ અસર થાય છે'

સાચી વાત છે. એક વખત તેનો પડઘો પડે એટલે અસર તો થાય જ પરંતુ એ સ્વભાવ ઉપર નિયંત્રણ કોણ લાવી શકે? પડેલી ટેવ જો ધારે તો મનુષ્ય જરૂર સુધારી શકે છે. જો નવીનભાઈ મનથી ઇચ્છે, ઘરની વ્યક્તિનો ખ્યાલ કરે તો જરૂર તે ભૂલી શકે. એનાથી પણ વિશેષ જીવનનો સાચો આનંદ માણવો હોય, કુટુંબને આનંદી, સુખી બનાવવું હોય તો, પણ સ્વભાવની સમતુલા મુશ્કેલીથી પણ જાળવવી રહી. આજે જે અઘરું લાગે તે પછી

સહેલું બની જાય છે. અને પરિણામ એવું સુંદર આવશે કે સાચો આનંદ પ્રાપ્ત કરી જીવનનું સુખ પામી શકાશે.

સમાનતા !

અરવિંદભાઈ એક સારા જાહેર કાર્યકર ગણાતા. સ્વભાવે શાંત અને દયાળુ બહારથી જોતાં તો લાગતા હતા. શહેરના કાર્યકરોની હરોળમાં એમનું પણ નામ બોલાતું. તેઓ પૈસે ટકે સુખી હતા. ઘેર રસોઈયો, નોકર પણ હતા. દીકરાઓ ધંધે વળગી ગયા હતા તો પણ તેમનું કામ તો ચાલુ જ હતું. તે ઉપરાંત સામાજિક કાર્ય કરતા તે જુદું.

આવા સુંદર કાર્યકરભાઈના ઘેર એક વખત જમવા જવાનો પ્રસંગ પડ્યો. એમનાં પત્ની સાથે રસોડામાં વાત કરતાં બેઠી હતી. ત્યાં મારી નજર બે જાતના બાંધેલા લોટ તરફ પડી. મારાથી પૂછ્યા સિવાય રહેવાયું નહિ. ત્યારે ખબર પડી કે બીજો લોટ હતો તે નોકરો માટેનો અલગ હતો. ખરેખર, એક મિનિટ માટે તો હું સ્તબ્ધ થઈ ગઈ. મનમાં પ્રશ્ન ઊઠ્યો કે નોકર માટે જુદી રસોઈ શા માટે ! મારા આ આશ્ચર્યના ભાવનો કોઈને ખ્યાલ આવ્યો નહિ એટલે વાતવાતમાં લગભગ બધી જ રસોઈ જુદી બનાવે છે તેની મને જાણ થઈ.

મને પોતાને વધુ નવાઈ તો એ જ લાગી કે અરવિંદભાઈ જેવા કાર્યકરના ઘરમાં પણ આવું જુદાપણું ! આપણે માણસ છીએ, માટે સારું સારુ ખાવાનું જોઈએ ત્યારે શું નોકરો— ઘરનું બધું કામ કરનાર માણસો પોતે માણસ નથી ? કામ કરીને તેઓ તેમના હકથી ખાવાનું માગે છે પછી આવું વર્તન શા માટે ?

ધીમે ધીમે તો મેં આવું ઘણાં ઘરોમાં જોયું. જેને ઘેર વધુ પૈસો તેને ઘેર જ ખાવાપીવાની વધુ મુશ્કેલી ! પરિણામે ઘરના નોકરો વિશ્વાસુ બનવાને બદલે ચોરીછૂપીથી ખાનાર થઈ જતા. રસોઈયો તો રસોઈ કરનાર પોતે એટલે કઈ વખતે શાક વાડકો ભરીને સંતાડી દે કે રોટલીના લોટમાં અલગ ઘીનું મોણ નાખીને પોતાની રોટલી જુદી કરીને નીચે રહેવા દે એ જ કોઈને ખબર ન પડે !

'ખાળે ડૂચા ને દરવાજા મોકળા' જેવો પ્રસંગ ઊભો થાય. રસોડામાં આખો વખત કોણ ધ્યાન આપવાનું હતું? એટલે તેને તો ફાવતું મળે.

આવી રીતે રોજની રસોઈમાં પણ ઘરમાં કામ કરનાર માણસને સંતોષ ન મળે તે વ્યાજબી નથી. તેનું પરિણામ ખતરનાક આવે છે. અને એ છૂપો અસંતોષ જ બધું કરાવે છે.

દરેક વ્યક્તિને સરખી ગણવા ઘેર ઘેર ઢંઢેરો પીટાવનાર કાર્યકરના ઘરમાં જ આવી જુદાઈ જોઈશું તો સામાજિક એકતા કેવી રીતે લાવી શકીશું ?

સુધરેલું જીવતર

કાશીના લગ્ન થયે ઠીક ઠીક વર્ષો પસાર થઈ ગયાં. બાળકબુદ્ધિમાં કે અણસમજમાં લગ્ન નહોતાં થયાં. લગ્ન થઈ ગયા પછી સાસરે ન જાય ત્યાં સુધી તો નવી દુનિયાનાં સ્વપ્નાં સેવવાનાં હોય છે. બિલકુલ અજાણી એવી કાશી પણ તે જ રીતે પતિગૃહનાં બંધનોમાં

નવરચના

ક્યારેક અટવાઈ જતી અને નવવધૂના કોડમાં ને કોડમાં દિવસો વિતાવતી. ગામડાની કુમારિકાઓને સાસરુ શું અને કેવું હોય છે તે સમજાવવાની જરૂર રહેતી નથી. ઘર ઘરના ઓટલા તેમણે સંભાળ્યા હોય છે, અને દુનિયામાં ચાલી રહેલા સંસારચક્રના સમાચાર નજરે નિહાળ્યા હોય છે. છતાં પોતાનો વારો આવે છે ત્યારે તો નવું નવું કરવાનો મોટો મહેલ રચ્યો હોય છે. પણ સ્વપ્નસાગરમાં ડૂબી નવવધૂ પતિગૃહે જાય છે ત્યારે જ દુનિયાની એ સંસારકેડી ચડવી કેટલી કઠણ છે તે પરાણે સમજે છે. એ અબૂધ બાળા તે સમયે તો અબૂધ જ રહે છે.

અને કાશીને પણ એક દિવસ પતિગૃહે જવાનો વારો આવ્યો કાશીના આનંદની સીમા નથી. તે સાસરે પહોંચી. સાસરે નવી વહુના તો ખૂબ માન હોય. કાશી તો એક જ દિવસમાં તેના પ્રત્યેની વર્તણુંક, ઘરની રીતભાત અને સાસુનો રૂઆબ જોઈ ભાભી બની ગઈ. વહુ એટલે પતિની ગુલામ અને ઘરનું વેતરુ કરનારી આ વ્યાખ્યા આડે પતિ કે સાસુને બીજું વિચારવાનો વખત પણ ક્યાંથી મળે અને જરૂર પણ શી હોય!

કાશીનો પતિ રમણ ભણેલો હતો. મેટ્રિક પાસ થઈ ગયો હતો અને આગળ કોલેજમાં અભ્યાસ કરતો હતો અભ્યાસની સાથે સાથે તે નોકરી પણ કરતો હતો. તેના વિવાહ નાનપણમાં થયેલા અને કાશી તો બિલકુલ નિરક્ષર હતી. ખુદ એની પોતાની સહી કરતાંય તેને નહોતી આવડતી રમણે લગ્ન કરવાની જ ના પાડી હતી પણ એની બાના અતિ આગ્રહને વશ થઈ તેનું કંઈ જ ચાલી શક્યું નહિ. કાશી ઘેર આવી ત્યારે રમણને રજાઓ હતી અને થોડા દિવસ માને મળવા આવેલો પણ કાશી સાથે તો તે બિલકુલ બોલે જ નહિ. ઘરમાં રહે પણ કાશીને ખૂબ દુઃખ થયું. તેના સ્વપ્નાનો ચણેલો મહેલ જાણે કડડભૂસ કરતો પડી ગયો. તેને તો શરૂ શરૂમાં આ બધું કંઈ સમજાયું જ નહિ અને સાસુના મહેણાં ટોણાં તો તેના નસીબે લખાયેલાં હતાં જ. આખો દિવસ વૈતરું કરે તો પણ કોઈક ને કોઈક બહાનાસર એને સાંભળવાનું હોય જ.

એક દિવસ એની નાની નણંદ સાથે તે વાતો કરતી હતી ત્યારે વાતવાતમાં તેને ખબર પડી કે પોતે અભણ છે એ જ રમણને ગમતું નથી. તેને તો ભણેલી વહુ જોઈએ છે તેની નણંદ સ્વભાવે સારી હતી અને એને તો ભાભી સાથે ખૂબ બનતું હતું. તે ભાભીના દુઃખમાં ભાગીદાર હતી પણ એટલેથી ઓછો સંતોષ થાય છે?

આમ વર્ષો વહી ગયાં. રમણે તો શહેરમાં રહેવા માંડ્યું અને કાશીએ સાસુ પાસે. ક્યારેક પિયર જતી. પણ ત્યાંય બીજું તો તે શું કરે? પતિના અબોલા તેને હવે ભારે પડવા માંડ્યાં. હવે આ દુઃખ સહ્યું જતું નહોતું. પતિ પરદેશ રહે અને પોતે એકલી અહીં વૈતરું કર્યા કરે, ક્યારેક રજાઓમાં માને મળવા આવે એક વખત કાશીએ રમણને કહ્યું: 'મને તમારી સાથે લઈ જાઓ ને!'

પતિએ ચોખ્ખી ના પાડી. 'તું અભણ, શહેરમાં આવીને શું કરવાની?'

'અને કાશીને હાડોહાડ લાગી આવ્યું. એણે એ જ દિવસથી મનમાં નિશ્ચય કર્યો કે 'ગમે-તેમ કરીને મારે ભણવું અને પછી બતાવી આપું કે મારી માફક મને પણ કોઈએ ભણાવી હોત તો આજે મારી આ દશા ન થાત.'

કાશી મહિયર ગઈ અને શહેરમા રહેતા તેના સબધી મારફત જાણ્યું કે એક સન્થામા આવી પ્રૌઢ બેનોને ભણાવે છે, રાખે છે અને તેમના કેસની પતાવટ પણ કરી આપે છે. કાશી તરત જ તૈયાર થઈ ગઈ અને પિયરથી સીધી સંસ્થામા પહોચી

ધીમે ધીમે કાશીને સન્થામાં ગોઠી ગયું. એનો અભ્યાસ તો શરૂ થઈ જ ગયો હતો. અને કાશી મહેનત પણ ખૂબ કરતી હતી. ચાર વર્ષમાં તો અભણ કાશી શાળાંતની પરીક્ષા પસાર કરી ગઈ દરમિયાનમાં રમણને સંસ્થાએ બોલાવેલો શરૂઆતમાં તો કાશી ભણી શકશે તે જ તેના માન્યામાં નહોતું આવતું. તેની સાથેની વાતચીત દરમ્યાન તેણે કબૂલ્યું કે તું ભણશે તો જરૂર હુ તને મારી સાથે રાખીશ આ રીતે સમજાવટથી માર્ગ કાઢવામાં કાશીનુ જીવન સુધરી ગયું.

આજે કાશી પગભર થઈ છે અને તેના ગ્રેજ્યુએટ પતિનું શહેરનું ઘર આનંદથી, સુખથી સંભાળે છે.

★

આભાર પ્રાપ્તિ-સ્વીકાર

કેતકી અને કાંટા લે પ્ર ઓમપ્રકાશ ખન્ના પાના ૨૨૦ રૂ ૪/૫૦ નવતાડની પોળ, ઘીકાંટા, અમદાવાદ **શિવાનંદ યોગત્રયી:** સ્વામી શિવાનંદ સરસ્વતી અનુ સ્વામી મનુવર્યજી પાના ૨૧૦ રૂ ૨/— શ્રી શિવાનંદ સાહિત્ય પ્રચાર સમિતિ ગુજરાત વિભાગ, જમાલપુર, અમદાવાદ **સીરતે મુહમ્મદી:** સૈયદ સુલેમાન નદવી અનુ 'શબનમ' પાના ૧૨૦ રૂ ૩/૨૦ **સીરતે આઈશા:** સૈયદ સુલેમાન નદવી અનુ 'શબનમ' પાના ૩૬૪ રૂ ૬/— —બન્નેના પ્રકાશક અબ્દુર્રઝાક ઉસમાન, રુસ્તમ સ્ટ્રીટ, ભાગી **ગુ. સા. સભા કાર્યવહી ૧૯૫૬** ઉપેન્દ્ર પંડ્યા પાના ૧૫૭ રૂ ૩/— ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ **વા મો શાહનો જીવનસંદેશ:** ત્રિભુવન પી હેમાણી પાના ૨૧૬ રૂ ૪/— દેવચંદજી પ્રકાશન મંદિર, લીંબડી. **મનોજગત:** ચુનીલાલ વ શાહ પાના ૨૦૦ રૂ ૫/— ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત, **મૅકાલે કે ગાંધીજી?:** મગનભાઈ પ્ર૦ દેસાઈ પાના ૧૧૭ રૂ ૧/૫૦ **અંગ્રેજી:** ચુનીલાલ પુ બારોટ પાના ૧૩૫ રૂ ૨/— **દેડ ઓગ દયા:** વિક્ટર હ્યુગો અનુ નિર્મળા પટ્ટણીકર પાના ૪૨ —/૫૦ ન પૈ —બંનેના પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૪ **પ્રેમાનંદનાં ત્રણ આખ્યાન** સ કે કા શાસ્ત્રી, ચૈતન્યબાળા દિવેટિયા પાના ૨૮૦, રૂ ૩/— ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ **અનંતમૂ:** 'યોગેશ્વર' પાના ૧૪૨ રૂ ૨/૭૫ વિક્રેતા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

★

ભાઈબીજની ભેટ

[લે અમુભાઈ પંડ્યા, પ્ર ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તા, અમદાવાદ ૧ રૂ ૧/૨૫]

હાયરકૂલના વિદ્યાર્થીઓ ('કિશોર-કિશોરી' શબ્દ ન સૂઝવાથી લેખક જેમને 'બાળકો' કહે છે) ભજવી શકે—પ્રેમના-પ્રેમનીમાં પડ્યા વિના—એવા નાટકોની ગુજરાતી સાહિત્યમાં વર્તાતી ખોટ ટાળવાની આશાએ લેખકે 'ભાઈબીજની ભેટ' લખ્યું છે એ નાટક અમદાવાદની એક શાળામાં સફળરીતે ભજવાયું છે ને રંજન કાર્યક્રમની જવાબદારી 'સનિષ્ઠાથી બજાવ્યાના આત્મ સંતોષ થાય તેની અને તેની પ્રતિષ્ઠા' લેખક નાટક પ્રસિદ્ધ કરતા પહેલાં જ મેળવી ચૂક્યા છે એમ એ જાતે જ 'બે બોલ'માં બોલે છે

નાટકનો આદર્શ ઊંચો હોવા છતાં વેરનો છે, વાર્તાલાપો નબળા છે ને પ્રસંગો ગૂંથવાની લેખકની શક્તિ મર્યાદિત હોવાથી રસ જામતા પહેલાં જ ઢળી જાય છે

હાયસ્કૂલના વિદ્યાર્થી દીપકનું પાત્રાલેખન એની પ્રકૃતિ આલેખવામાં સાવ નિષ્ફળ નીવડે છે એ અસંતોષી છે, પરંતુ એનો અસંતોષ રચનાત્મક નથી હેમચંદ મારવાડીને એ કસકસાવીને બાંધે છે ને પછી મારવાનું માંડી વાળે છે સોળ વર્ષની ઉંમરે પણ એ બીજા લોકોને પોતે ઇન્સ્પેક્ટર છે એમ કહી ભગાડી મૂકી શકે એવું એનું સામર્થ્ય (જે લેખકની કલ્પનામાં જ શક્ય બને) છે પોતાની માનેલી બહેનની સળગેલી સાડી ઓલવવા જતાં એ એવો તો દાઝી જાય કે અંતે મૃત્યુને વરે એ કલ્પના વધારે પડતી છે, વળી જ્યોતિ કે એનાં માબાપ દીપકની મૃત્યુ સુધી સંભાળ પણ ન લે ને ભાઈબીજ નિમિત્તે દીપકને જમવા નોતરવા આવે એ કેવું વિચિત્ર? રામુભાઈ માસ્તર જાણતા હતા કે દીપક દાક્તરી સારવાર વિના મૃત્યુ પામશે તો એ જ્યોતિના પિતા પાસે પહેલાં શા માટે ન ગયા? સમાજમાં માનવતાની લાગણી એકના શિક્ષકોમાં જ છે, દાક્તરો, શ્રીમંતો ને મારવાડીઓમાં નથી, એવો પ્રચાર તો લેખક નથી કરવા માગતા ને?

હેમચંદ મારવાડીની સ્વગત ઉક્તિ અત્યંત વિચિત્ર લાગે છે કોઈ લેણદાર પોતાના દેવાદાર વિષે આ રીતે સ્પષ્ટ આખડામાં બોલે એ સંભવિત છે ખરું? વળી પોતાને કસકસાવીને બાંધ્યા પછી મારવાનું માંડી વાળનાર દીપક વિષે હેમચંદ પોલીસમાં ફરિયાદ કર્યા વિના રહે ખરો? આખુંય નાટક અનેક પ્રશ્નો જગાવે છે ને એમાં છૂપાયેલી અવાસ્તવિકતા વિષે વાચકને બેચેન કરે છે

કિશોર-કિશોરીઓને પ્રેરણા આપે એવા નાટકોની જરૂર અનિવાર્ય છે, ભાઈ-બહેનની નિર્મળ પ્રેમભાવના જગાવે એવા નાટકોની પણ જરૂર છે પરંતુ પ્રેક્ષકો એ ભાવના તો જ પચાવી શકે જો એવાં નાટકો વાસ્તવિકતાની ભૂમિકા ઉપર રચાયેલાં હોય

પુસ્તકના પૂઠા ઉપર ભાઈબહેનના નિર્મળ પ્રેમની ભાવના વ્યક્ત કરવાના હેતુથી એક ચિત્ર આપ્યું છે દીપકની ગરીબાઈ રંગમેરંગી થીગડાવાળા ખમીસથી વ્યક્ત કરી છે ને જ્યોતિની શ્રીમંતાઈ આધુનિક કિશોરી પહેરે છે એ કરતાં અનેકગણાં વધુ આભૂષણો વડે વ્યક્ત કરી છે દૂર દૂર પ્રેમના પ્રતીક સમો ચાંદ ઊગેલો છે ને સ્થળ સાવ એકાંત છે સામાન્ય રીતે

ાઈ 'બહેન' 'ભાઈ'ને રક્ષા ચાદની રાતે એ તેમા બાધતી નથી ટૂકમા એ ચિત્ર લેખકની ભાવનાને જરાય મૂર્તિમંત કરતુ નથી

લેખકે નાટક લખ્યુ જ છે તો ભજવવુ ખોટુ નથી સભર છે કે જેમ આ નાટક વધુ ભજવાશે એમ એની મર્યાદાઓ લેખકને વધુ સમજાશે ને નવુ નાટક લખતા વેળાએ અમુક ક્ષતિઓ ટાળવાની પ્રેરણા આપશે

મંગળની સફરે

[ને ગિરીશ ગણાત્રા, પ્રાપ્તિસ્થાન આર આર શેઠની કંપની મુંબઈ, ૨ ૩ ૧/૫૦]

કિશોર કિશોરીઓના હાથમા બેધડક મૂકવા જેવુ આ પુસ્તક ભલે લખાયુ હોય કિશોરો માટે પણ મોટા ઓને પણ એના વાર્તારસમા ખેંચી જાય તો નવાઈ નહી આપણે ત્યા સાહસિક સાહિત્યની અછત તો છે જ અને એમાય વૈજ્ઞાનિક માહિતીના આધારે લખાયેલી સાહસકથાઓ ઓછી છે ત્યારે ભાઈશ્રી ગણાત્રાનુ આ પુસ્તક આવકારને પાત્ર છે જ

૧૧૯ પાનાના આ નાનકડા પુસ્તકમા વાચ ને એકી બેઠકે રસપૂર્વક પુસ્તક પૂરુ કરવાની ફરજ પાડે એવી વાર્તાની જમાવટ ને પકડ છે મગળની સફરે નવ સાહસિક વિજ્ઞાનીઓ જાય છે તે પહેલાની એમની તૈયારીનુ રસપ્રદ માહિતીપૂર્ણ વર્ણન, એ વિજ્ઞાનિકો માથી એકની ડાયરી તથા મગળગ્રહ સુધી પહોચવામા એમને નડેલી મુશ્કેલીઓનુ ધ્યાન સામાન્ય માનવીને અવકાશના લક્ષણો વિશે જ્ઞાત જરૂર કરશે આ સાહસકથામા વાર્તાતત્ત્વ વધુ મજબૂત છે એટલે વિજ્ઞાન અંગેનુ વર્ણન ભારેખમ નહી બનતા સામાન્ય માનવી પચાવી શકે એવુ રહ્યુ છે એ લેખકની વિશિષ્ટતા કહેવાય લેખક પાસેથી આપણે આવી અનેક સાહસ કથાઓની અપેક્ષા રાખીએ

જાતીય મુશ્કેલીઓ ભાગ ૧, ૨

શિશુની સભાળ

[ને ડૉ નવનીતલાલ પટેલ શાંતિલાલ શાહ (સતમ) પ્ર ડૉ નવનીતલાલ પટેલ, પાચપટ્ટો કાળુપુર, અમદાવાદ મૂલ્ય દરેકના ૬૨ ન પૈ]

પરિચય પુસ્તિકાની જેમ આ દંપતી શ્રેણીનો પણ આરભ થયો છે અને એમા વૈજ્ઞાનિક રીતે જાતીય જ્ઞાન આપવાનો તથા સાચુ દાંપત્ય સુખ પ્રાપ્ત થાય એ દૃષ્ટિને લક્ષમા રાખીને આ પુસ્તિકાઓનો પ્રારભ થયો છે સુખેં એવુ કહેવુ ઘટે ? સપાદકો જો પૂરતી કાળજી અને ચોકસાઈ નહી રાખે તો કશુ નક્કર પરિણામ નહી આવી શકે પ્રથમ બે પુસ્તિકાઓ પ્રશ્નોત્તરના રૂપમા છે એમા ડૉક્ટરે તે તે વ્યક્તિઓના પ્રશ્નો સમજવાનો ને ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે પણ દરેક ચોથા યા પાચમા પ્રશ્નના જવાબમા એમણે પોતે લખેલા પુસ્તકો વાચવાની ભલામણ કર્યા સિવાય ખાસ માર્ગદર્શન નથી આપ્યુ આથી પુસ્તિકા વાચનારને એવો આભાસ થવાનો સભવ ખરો કે આ પુસ્તિકાઓ પોતાના પુસ્તકોની સસ્તી જાહેરાત માટે તો શરૂ નથી કરાઈ ને ?

વધુમા પ્રશ્નોના જવાબ આપવાની લેખકની રીત જરાક વધારે લાગણીવાળી અને ગાભીર્યયુક્ત હોત તો શિષ્ટ લેખાત જો કે પ્રશ્ન પૂછનાર વાચકવર્ગે પ્રશ્નો પૂછવામા સારી એવી નિખાલસતા દર્શાવી છે એટલો એમનો લેખકમા મૂકેલો વિશ્વાસ કહેવાય આ જાતની પુસ્તિકાઓ માટે ઘણુ વિશાળ ક્ષેત્ર પડેલુ છે માત્ર એની યોજના વિચારપૂર્વક થવી ઘટે અને સપાદકો ભાષાશુદ્ધિ અને ભાષાનુ ઊંચુ ધોરણ જાળવી રાખે એ જ અપેક્ષા

દંપતીશ્રેણીની ત્રીજી પુસ્તિકા બાળઉછેર અંગે સારી એવી માહિતી આપી જાય છે પણ વાક્યરચના ક્યાંક ક્યાંક ખોટી બને છે અને એક પરિચ્છેદ અને બીજા વચ્ચે જોઈએ તેવી સળગસૂત્રતા નથી જળવાતી એ એની ખામી કહેવાય ખામી આપણે ત્યા જ્યા લોકોને બરાબર જીવતા જ નથી આવડતુ ત્યા બાળકોના ઉછેર માટે સારુ એવુ માર્ગદર્શન આ પુસ્તિકામાથી સાંપડશે બાળકના શારીરિક તેમજ માનસિક વિકાસ માટેના ચનાત્મક સૂચનો જરૂર ઉપયોગી નીવડશે

વિશિષ્ટતા ગણાય. કવિતાનો આ વિદેશી પ્રકાર આપણા સાહિત્યમાં પણ જે સર્જનાથી વ્યાપી ગયો છે તેના સદ્અસદ્ અંશો સમજાવતો આ પ્રવેશક પણ મહત્ત્વનો છે.

સાધકવૃત્તિના આપણા સમન્વય દૃષ્ટિવાળા કવિશ્રી પૂજાલાલનો આ સંગ્રહ ગુજરાતને લગતાં કાવ્યો, ગુજરાતીઓને લગતાં કાવ્યોનો વિશેષકર હોવાથી સંગ્રહને યથોચિત નામાભિધાન સાર્થ ઠરે છે. તેમ ગુજરાતથી દૂર દૂર પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં રહીને સાધક જીવન ગાળતા આ ગુજરાતી કવિ ગુજરાની કવિતાને, ગુજરાતને, ગુજરાતના સપૂતોને નથી ભૂલ્યા તેની પ્રતીતિ કરાવતા સોનેટો પણ આ સંગ્રહનું મહત્ત્વ ગણાય. ગુજરાતનું નવું અને જુદું રાજ્ય થતાં તો ગુજરાતને ગૌરવ આપે તેવા સાહિત્યમાં આ સંગ્રહનો ઉમેરો યથાસમય પણ ગણાવી શકાય.

કાવ્યરસિકોને, કાવ્ય અને સાહિત્યના અભ્યાસીઓ અને વિદ્યાર્થીઓને, અધ્યાપકોને અને કવિ–સાહિત્યકારોને વસાવવા જેવા આ સંગ્રહના પ્રકાશન માટે ગુજરાતની જાણીતી પ્રકાશન સંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય પણ અભિનંદનની અધિકારી ગણાય.

★

સોવિયેત સંઘની કિયેવની એક ઇસ્પિતાલમાં બ્લડ પ્રેશરનો એક નવતર ઇલાજ શોધી કાઢવામાં આવ્યો છે.
આ ઉપાય જેટલો નાવીન્યભર્યો છે એટલો જ સરળ છે. ઇલાજ તો માત્ર એટલો જ કે દરદીને એક ખાસ બંધ કેબિનમા રાખવામાં આવે છે. આસપાસના વાતાવરણ સાથે એ કેબિનના બધી જાતના સબંધો કાપી નાખવામા આવે છે: કહોને કે સર્વપ્રકારી રીતે એને સીલબંધ કરી દેવામાં આવે છે.
એ કેબિનમાં અમુક ઉષ્ણતામાન, અમુક કક્ષાનું હવાનું દબાણ, અમુક પ્રમાણમાં પ્રાણવાયુ, વગેરે અનેક વસ્તુઓ ઝીણવટથી દરદીની તબીબી જરૂરિયાત અનુસાર નક્કી કરીને, યોજવામાં આવે છે પછી એ બધામાં જરાય ફેરફાર ન થાય એની જોગવાઈ ઇલેક્ટ્રોનિક સાધનોથી યોજવામાં આવે છે.
આ કેબિનનુ નામ 'બાયોટ્રોન' એવું રાખવામાં આવ્યું છે.
બ્લડપ્રેશરના દર્દીને આ કેબિનમા રાખવામાં આવે છે દરરોજ એકવાર આવીને દાકતર એમને તપાસી જાય છે દાકતરનો એક મદદનીશ સતત દરદીઓ જોડે રહે છે બાકીનું દેખરેખનું કામ દાકતરો એ કેબિનની બહારથી ટેલિવિઝનની મદદથી કરે છે
આ કેબિનનો અખતરો અત્યારલગી ૩૦૦ જેટલા બ્લડપ્રેશરના દરદીઓ ઉપર કરવામાં આવેલ છે અને પરિણામે મોટા ભાગના દરદીઓ બ્લડપ્રેશરથી મુક્ત થયા છે.

*

જાણીતા માનસશાસ્ત્રી ડૉ. આલ્ફ્રેડ એડલરે એક સભામાં ભાષણ કરતા કહ્યું: 'માનવી પોતાની કોઈ ખાસ ઊણપને કારણે પોતાના જીવનને કોઈ ખાસ લક્ષ તરફ વાળી લે છે. દાખલા તરીકે આપણે એમ કહી શકીએ કે નબળી આંખોવાળો માણસ ચિત્રકાર બનવાનું વધુ પસંદ કરે છે.'
ડૉ. આલ્ફ્રેડ આગળ ભાષણ કરે એ પહેલાં પાછળ બેઠેલા એક શ્રોતાએ ઊભા થઈને પૂછ્યું, 'ડૉ. સાહેબ શું તમારા કહેવાનો એવો અર્થ થાય છે કે કમજોર મગજવાળી વ્યક્તિ માનસશાસ્ત્રી બને છે?'

*

પશ્ચિમ જર્મનીમાં મોટરગાડી ખરીદવી એના કરતાં વિમાન ખરીદવુ વધુ સસ્તુ પડે છે એક સ્પોર્ટકાર ૩૨,૫૦૦ ડૂશ માર્કમાં મળે છે જ્યારે એ બેઠકોના વિમાનની કિંમત ફક્ત ૩૦,૦૦૦ ડૂશ માર્ક છે. આનુ પરિણામ એ આવ્યું છે કે આજે પશ્ચિમ જર્મનીમાં ૬ હજાર લોકો ધંધા અને આનંદ માટે પોતાનાં ખાનગી વિમાનો ધરાવે છે. ખાનગી વિમાનોના માલિકોના ઉપયોગ માટે પશ્ચિમ જર્મનીમાં એકંદરે ૧૦૪ એરોડ્રોમ છે.

ઊર્મિ નવરચના

-સંપાદક-
જયમલ્લ પરમાર

સળંગ અંક ૩૬૬ સપ્ટેમ્બર ૧૯૬૯

શ્રી ઈશ્વરલાલ મો દવે | સંપાદક. જયન્ત પરમાર

આરામ

- દિવાળીને ટાંકણે સમૃદ્ધ રસથાળ લઈને ૧૫મી ઑક્ટોબરે ઇન્ડ આહકને રવાના થશે
- ઑક્ટોબરથી નવા ગ્રાહક થનારને પણ આ દળદાર અંક ભેટ તરીકે મળશે
- દિવાળી અંકને સમૃદ્ધ બનાવનારામાંથી થોડાંક કલમનવેશોના નામ આ રહ્યા —



શ્રી ધૂમકેતુ
શ્રી ચુનીલાલ વ શાહ
શ્રી મનાલાલ પટેલ
શ્રી ઈશ્વર પેટલીકર
શ્રી રવિશંકર મ. રાવળ
શ્રી સુન્દરમ્
શ્રી ધનસુખલાલ મહેતા
મિન્સીપાલ અનંતરાય રાવળ
ડૉ સુમન્ત મહેતા
શ્રી 'મીનપિયાસી'
શ્રી ચુનીલાલ મડિયા
શ્રી પીતામ્બર પટેલ
ડૉ શિવપ્રસાદ ત્રિવેદી
શ્રી ચન્દ્રભાઈ કા ભટ્ટ
શ્રી 'ઉશનસ્'
પ્રો ડૉ નરસિંહ મૂ શાહ
શ્રી જયન્તિકા પરમાર
શ્રી જિતુભાઈ પ્ર મહેતા
શ્રી બકુલ ત્રિપાઠી
પ્રો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
શ્રી પ્રભુદાસ પટવારી
શ્રી પુષ્પાબેન મહેતા

શ્રી ગુલાબદાસ બ્રોકર
શ્રી દિલખુશ દિવાનજી
શ્રી બેહુભાઈ સુથાર
શ્રી છોટાલાલ મા કામદાર
શ્રી ઈશ્વરભાઈ પટેલ
શ્રી મુકુંદરાય વિ પારાશર્ય
શ્રી શિવકુમાર જોષી
શ્રી નાથાલાલ દવે સી
શ્રી રામુ પંડિત
શ્રી હરિહર પંડિત
શ્રી શશિકાન્ત શ્રી. જરીવાલા
શ્રી રતિલાલ–અનિલ
શ્રી પ્રૈ. કસ્તિ ખૂચ
શ્રી 'સુનામ'
શ્રી સત્યવતીકુમાર હ શર્મા
શ્રી વિશ્વમિત્ર
શ્રી રમણલાલ એ જનિયર
શ્રી પદ્મકાન્ત ર. શાહ
શ્રી પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ
શ્રી નવનીત સેવક
શ્રી દેવજી રા મોઢા
શ્રી 'રાજહંસ'

★

વાર્ષિક લવાજમ : રૂ. ૭/૫૦ : વિદેશમાં શિ ૧૫
[આ ખાસ અંકની છૂટક કિંમત રૂ. ૨/૫૦]

આ ખાસ અંકમાં જાહેરખબરો લેવાનું મર્યાદિત રાખ્યું હોવાથી જાહેરખબર મોકલનારે પોતાની જગ્યા અગાઉથી નક્કી કરી લેવા અને આ અંકના ખાસ ભાવતા મેળવવા વહેલાસર સંપર્ક સાધવો —

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ
૬૪, ગાંધીરોડ
પ્રતાંપ-ટીઝ ૧૪૫
અમદાવાદ, ૧

લવાજમ ભરી ખાસ લાભ મેળવો.

એકી સાથે બે લવાજમ મોકલનારને મનીઑર્ડર ખર્ચ મજરે અપાશે.
પાંચ લવાજમ ઉપર 'હિંદના જવાહર' પુસ્તક ભેટ મળશે.
અમારે ત્યાં હિંદભરનાં તથા પરદેશના સામયિકોનાં લવાજમ પ્રકાશકના દરે જ સ્વીકારાય છે.

— વિસ્તૃત સૂચિપત્ર મફત મંગાવવા પત્ર લખો —

ઊર્મિ-નવરચના	૭-૫૦	આરામ	૬-૦૦	— અંગ્રેજી —	
નવચેતન	૭-૫૦	ક્ષિતિજ	૧૦-૦૦	લાઇફ (૨૯અંક)	૨૪-૫૦
રસરંજન	૮-૫૦	બીજ	૬-૦૦	ટાઇમ (૭૮ અંક)	૫૫-૦૦
ભાવસંદેશ	૬-૫૦	ચિત્રલેખા	૧૫-૦૦	કેરીઅર્સ ઍન્ડ કોર્સીસ	૯-૦૦
બાલજીવન	૪-૦૦	જી	૮-૦૦	સાયન્સ ઍન્ડ કલ્ચર	૧૦-૦૦
બાલમાધુરી	૫-૦૦	સંસાર	૫-૦૦	રીડર્સ ડાયજેસ્ટ	૧૮-૦૦
વિશ્વભારત	૬-૦૦	ચાંદામામા	૬-૦૦	મોડર્ન રિવ્યૂ	૧૫-૦૦
સ્ત્રીજીવન	૭-૦૦	ચાંદની	૬-૦૦	સનશાઇન	૫-૦૦
જીવનમાધુરી	૭-૫૦	— હિંદી —		ઇલસ્ટ્રેટેડ વીકલી	૪૧-૦૦
તંદુરસ્તી	૫-૫૦	યુવક પ્રેમિસ	૩-૦૦	સ્પોર્ટ્સ ઍન્ડ પેસ્ટાઇમ	૧૯-૭૬
રમકડું	૯-૦૦	નવનીત	૧૦-૦૦	ઇકોનોમિક રિવ્યૂ	૮-૦૦
પ્યારા બાપુ	૬-૦૦	ધર્મયુગ	૨૮-૦૦	શંકર્સ વીકલી	૨૫-૦૦
સોવિયેત દેશ	૫-૦૦	કહાની	૬-૦૦	કોમર્સ	૧૫-૦૦
નારોગી	૫-૦૦	બાલક	૪-૫૦	લીન્ક	૨૫-૦૦
અખંડઆનંદ	૮-૫૦	ચુન્નમુન્ન	૪-૦૦	ફેમિના	૧૪-૬૦
વિશ્વવાત્સલ્ય	૬-૦૦	હિંદી સાનંદત	૪-૮૦	ફિલ્મફેર	૧૪-૫૦
નવાં માનવી	૩-૦૦	વિજ્ઞાન લોક	૯-૦૦	કરન્ટ સાયન્સ	૧૨-૦૦
નિવાપ	૯-૦૦	આપકા સ્વાસ્થ્ય	૬-૦૦		
શ્રીરંગ	૮-૦૦	હિંદી શિક્ષક	૫-૦૦		
		આરોગ્ય	૫-૦૦		

મહાગુજરાતની અગ્રગણ્ય સત્તાવાર મેગેઝીન લવાજમ એજન્સી :

સૌરભ પુસ્તક ભંડાર ૬૧૫ પાદશાહની પોળ સામે, રિલીફરોડ, અમદાવાદ

સંચાલક : જયંતકાન્ત ઠાકર

પચાસ ટકા કન્સેશન મેળવો

લાઇફ-ટાઇમ — ઇન્ટરનેશનલ

(સચિત્ર અમેરિકન લોકપ્રિય મેગેઝીનો)

લાઇફ → { રૂ. ૪૮-૭૫ ને બદલે રૂ. ૨૪-૫૦ માં ૨૯ અંક મેળવો
રૂ. ૨૩-૭૫ ને બદલે રૂ. ૧૨ ૦૦ માં ૧૨ અંક મેળવો

ટાઇમ → { રૂ. ૧૧૭-૦૦ ને બદલે રૂ. ૫૫-૦૦ માં ૭૮ અંક મેળવો
રૂ. ૬૯-૦૦ ને બદલે રૂ. ૩૦-૦૦ માં ૪૮ અંક મેળવો

ઉપરાંત ભેટ-યોજના તા. ૩૦-૯-૬૦

(૧) નહેરુ ચાચાની આર્ટ પેપર ઉપર છપાયેલી ૯૦ તસવીરોની પુસ્તિકા. (૨) નિત્યમનન (ગાંધીજી કૃત) મનન કરવા યોગ્ય સુવિચાર સંગ્રહ (૩ કુમાર કથાઓ-૩૫ સચિત્ર વાર્તાઓનો સંગ્રહ.

અમારે ત્યાં લવાજમ ભરનારાઓ ઉપરના ત્રણમાંથી પસંદગીનું એક પુસ્તક ભેટમાં મળશે ★ વિશેષ માહિતી માટે મળો યા લખો:

હિંદભરનાં તથા પરદેશનાં મેગેઝીનોના લવાજમ સ્વીકારનાર
મહાગુજરાતની અગ્રગણ્ય સત્તાવાર મેગેઝીન લવાજમ એજન્સી :
આપનું લવાજમ રૂબરૂ યા મનીઑર્ડરથી તાકીદે મોકલી આપો.

સૌરભ પુસ્તક ભંડાર પાદશાહની પોળ સામે, મેડા ઉપર ૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ.

હિંદભરનાં તથા પરદેશનાં ૫૦૦ ઉપરાંત મેગેઝીનોના યાદી માટે પચીસ નવા પૈસાની ટિકિટ મોકલવી

બે નવાં પ્રકાશનો

માનસર

બરકત વીરાણી 'બેફામ'ના પ્રથમ ગઝલ-મુક્તક-નઝમ સંગ્રહ—અભિનવ રૂપરંગમાં
—મૂલ્ય રૂપિયા છ.

એકલતાના કિનારા

ચંદ્રકાન્ત બક્ષીની નવી નવલકથા
કિંમત રૂ. ૪-૫૦

★

અમારાં બીજાં પ્રકાશનો

શિવકુમાર જોષી

- કંચુકીબંધ — નવલકથા રૂ. ૬-૦૦
- અનંગરાગ — નવલકથા રૂ. ૯-૫૦
- રજનીગન્ધા — નવલિકાસંગ્રહ રૂ. ૪-૦૦
- રહસ્યનગરી — નવલિકાસંગ્રહ રૂ. ૪-૦૦
- ઘટા ઘીરી ઘીરી આઈ — ત્રિઅંકી નાટક રૂ. ૨-૫૦
- દેવદાસ — નાટક રૂ. ૨-૫૦
- એકને ટકોરે — નાટક રૂ. ૨-૦૦

ચન્દ્રકાન્ત બક્ષી

- પડઘા ડૂબી ગયા…… — નવલકથા રૂ. ૪-૦૦
- રોમા — નવલકથા રૂ. ૩-૭૫
- પ્યાર — નવલિકાસંગ્રહ રૂ. ૪-૦૦

★

ધીરેન્દ્ર દોશી

- નીલા — નવલકથા રૂ. ૨-૨૫

★ સ્વાતિ પ્રકાશન ★
૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ
મુંબઈ, ૩

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશ્યલ નં. ૧ (રજીસ્ટર્ડ)

આયુર્વેદિક દવા

રામતીર્થ બ્રાહ્મી તેલ સ્પેશ્યલ નં. ૧ કિંમતી અનેક વનસ્પતિઓમાંથી તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે રામતીર્થ બ્રાહ્મી તેલના નિયમિત ઉપયોગથી મગજના જ્ઞાનતંતુ તથા શરીરના સ્નાયુતંતુ બળવાન બનાવવામાં, માથાનો દુઃખાવો મટાડવામાં, આંખોની ગરમી ઓછી કરવામાં તેમજ દૃષ્ટિ અને યાદશક્તિ વધારવામાં, ગાઢ નિદ્રા લાવવામાં, ખરતા વાળ અટકાવવામાં, વાળ લાંબા કાળા અને તેજસ્વી બનાવવામાં, શરીર પર માલીસ કરવાથી ચામડીને તાજગી આપવામાં તથા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામાં દરેક રીતે અનુકૂળ છે દરેક ઋતુમાં દરેકને અનુકૂળ છે

મોટી બાટલી રૂ ૪=૦૦ * **નાની બાટલી** રૂ. ૨=૦૦ બધે મળે છે

ટપાલથી મંગાવનાર માટે દેશ-પરદેશનું પોસ્ટેજ તેમજ પેકીંગ ચાર્જ અલગ છે

ઉમેશ યોગદર્શન

પ્રથમ ખંડ

લેખક :- શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

આ ગ્રંથમાં રોગી તથા નીરોગી સ્ત્રી-પુરુષોની તંદુરસ્તી સારી રાખવા માટે ૭ પ્રકારના મલ-શોધન કર્મ આસનો, માનસિક ઇલાજ, જલોપચાર સૂર્યકિરણ ચિકિત્સા, આહાર ચિકિત્સા વગેરે અનેક શક્તિવર્ધક તથા રોગનિવારક ઘરમાં થઈ શકે તેવા સુગમ સાધન ઇલાજો બતાવેલ છે આ ગ્રંથમાં ૧૦૦ થી વધુ પેજ આર્ટ પેપર ઉપર આકર્ષક અને અત્યંત ઉપયોગી મલશોધન કર્મ તથા આસનોના ફોટાઓ છે યોગવિદ્યાનો અદ્વિતીય ગ્રંથ છે દરેક ઘરમાં, વાચનાલયમાં, સ્કૂલ, કૉલેજો, અને હૉસ્પિટાલમાં રાખવા યોગ્ય છે ફોટાઓ જોતા તથા લેખો વાંચતા સુખ અને શાંતિનો અનુભવ થતો જશે ગુજરાતી-હિન્દી-મરાઠી-અંગ્રેજી ભાષામાં મળશે પ્રત્યેક નકલની કિંમત રૂ. ૧૫-૦૦ પોસ્ટેજ ખર્ચ રૂ ૨-૦૦ પૈસા મનીઑર્ડરથી મોકલશો વી પી પી કરતા નથી

રામતીર્થ

હિન્દી માસિક

સંપાદક શ્રી યોગીરાજ ઉમેશચંદ્રજી

શ્રી રામતીર્થ યોગાશ્રમ મુંબઈ ૧૪ તરફથી "રામતીર્થ" (માસિક) હિન્દી ભાષામાં દર મહિનાના પહેલા અઠવાડિયામાં પ્રગટ થાય છે

આ માસિકમાં તન, મન, આત્મવિકાસ, યોગ, વેદાંત, ભક્તિ, ગીતા, કુદરતી ઇલાજો, યોગચિકિત્સા, માનસિક ચિકિત્સા, સારા થયેલા દરદીઓના અનુભવો, બહેનોને જીવનને ખાસ ઉત્કૃષ્ટ અને અનુકૂળ થાય તેવા વિષયો રહે છે. પાનાની સંખ્યા ૧૩૦ થી વધુ હોય છે વાર્ષિક લવાજમ રૂ. ૪-૦૦ * છૂટક નકલ ૪૦ નવા પૈસા વાર્ષિક લવાજમ મોકલી તમે તમારી નકલ નિયમિત મેળવો.

શ્રી રામતીર્થ યોગાશ્રમ દાદર (સેન્ટ્રલ રેલ્વે) મુંબઈ ૧૪ (ભારત)

ટેલીફોન ૬૨૮૯૯ ☆ ટેલીગ્રામ 'PRANAYAM'—BOMBAY-14.

Coly RYM

ચેતનનાં પ્રકાશનો

કિંચિત : સુરેશ જોષી ૪-૫૦

કાવ્યતત્ત્વ-મીમાંસા : અનુ. સુરેશ જોષી ૨-૫૦

વિવેચન-સંચય : પ્રા ભાઈલાલ પ્ર. કોઠારી ૫-૦૦

ગે.ડી ની શ્રેષ્ઠ નવલિકાઓ ·
અનુ 'સ્વપ્નસ્થ' : સુરેશ જોષી ૫-૨૫

ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ અનુ પ્રા. જયંત
પાઠક-રમણ પાઠક (ઉમાશંકર પ્રવેશક સાથે) ૫-૨૫

વિદ્ધસ્ત આકાશ . (નોબેલ ઇનામ વિજેતા
પાસ્તરનાક કૃત 'ડૉ ઝિવાગો' નવલકથાનો
પરિચય) લે. ભોગીલાલ ગાંધી ૨-૬૫

બીજી થોડીક : શ્રી સુરેશ જોષીનો
'ગૃહ પ્રવેશ' પછીનો નવો વાર્તાસંગ્રહ ૨-૭૫

મુંબઈ રાજ્યનું પારિતોષક જીતનાર નવલિકાસંગ્રહ

પ્રેમ ઘટા ઝુક આઈ : (શ્રી ગુલાબદાસ
બ્રોકરની પ્રસ્તાવના સાથે) લે સરોજ પાઠક ૪-૦૦

વિશ્વમાનવ સ્વાધ્યાય ગ્રંથ શ્રેણી

[રૂા. ૧૫ માં ૪ ગ્રંથ પોસ્ટેજ ફ્રી]

ગુજરાત દર્શન

ગુજરાતી પ્રજા, ભાષા, સંસ્કાર, શિલ્પકળા, નાટ્ય સાહિત્ય, ઇતિહાસ, સંસાર, ઉદ્યોગ, વિજ્ઞાન, આદિ ક્ષેત્રોના નિષ્ણાતોના આધારભૂત ૨૫ લેખોનો સંપુટ.
પૃ. ૬૪૨ (૩૨ આર્ટ પ્લેટ) રૂ. ૯-૦૦

નેહરુ : અણુયુગનો સમન્વયક
લે ભોગીલાલ ગાંધી

નેહરુના સમસ્ત વિકાસ અને ચિંતનનું મૂલ્યાંકન કરતો ગ્રંથ. (પંડિત સુખલાલજીના પ્રવેશક સાથે)
પાન ૨૦૦ રૂ ૩-૦૦

માનવ અને પરમાણુ

સંપાદકો :-ડૉ. મધુકર શાહ . સુભદ્રા ગાંધી
પરમાણુનું સ્વરૂપ ' વિનાશક અને મહાયુદ્ધોની ભીષણતા, ભાવિ યુદ્ધની વિનાશકતા; ભવ્ય સર્જક શક્તિની ભરપૂર માહિતી સાથે.
પા. ૪૬૦ રૂ. ૫-૫૦

સર્વોદય વિજ્ઞાન

સર્વોદયનાં વિવિધ પાસાંઓ, આદિતીઓ અને દૃષ્ટિ રજૂ કરતો એકમાત્ર વિવેચન-ગ્રંથ.
પા. ૩૩૬ રૂ. ૩-૧૦

નવસર્જનનાં પ્રકાશનો

નવસર્જન શિશુ શ્રેણી

મુંબઈ રાજ્યમાં બાળ સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો તરીકે રૂ. ૧૦૦૦) પારિતોષિક પ્રાપ્ત કરનાર
લેખક. રમણલાલ સોની ચિત્રકાર. રવિશંકર પંડિત

કની કથા : (પાને પાને ચિત્ર : જોડકણાં) ૦-૭૫

ગાંધીજીનાં ઉખાણાં : ગાંધીજીની સુંદર
તસ્વીરો સાથે ૦-૫૦

ભારતભરમાં બાળ સાહિત્યનાં શ્રેષ્ઠ પુસ્તકોમાં પારિતોષિક પ્રાપ્ત કરનાર

પશુનો કક્કો . ૦-૭૫

એક હતો ઉંદર : (૧ થી ૧૫ સંખ્યા પરિચય) ૦-૫૦

દશ હતા ઉંદર : (બારાખડી સચિત્ર પરિચય) ૦-૫૦

ચગોડીનો પીપુડીવાળો : (સચિત્ર વાર્તા) ૦-૫૦

૧૫ પૈસામાં ભારત યાત્રા : ભારતનાં નવાં
(જૂના પુણ્યતીર્થો તથા વિભૂતિઓનાં ચિત્રો સાથે) ૦-૫૦

મુંબઈ સરકારનું પારિતોષિક પ્રાપ્ત કરનાર

કાશીનો પંડિત : (બાળકાવ્યો) ૧-૭૫

વિજ્ઞાન-વિકાસ શ્રેણી

૧ ઘરની મુસાફરી : (૩૩ ચિત્રો) ૧-૨૫

૨ રસોડાની મુસાફરી : (૨૧ ચિત્રો) ૧-૨૫

૩ કેટલા વાગ્યા : (૧૧ ચિત્રો) ૧-૨૫

૪ હોડીમાંથી આગબોટ : (૨૦ ચિત્રો) ૧-૫૦

૫ ગાડામાંથી મોટર : (૨૦ ચિત્રો) ૧-૦૦

૬ યમ સામે લડાઈ : (આરોગ્ય વૈદક) ૧-૫૦

૭ શયતાનના સામ્રાજ્યમાં : (૪૧ ચિત્રો) ૨-૫૦

૮ વિજ્ઞાનયાત્રા : (વિજ્ઞાનનો વિકાસ) ૨-૫૦

૯ પહેલું સુખ તે જાતે નર્યા : (ડૉ. હિરપ્રસાદ) ૧-૫૦

૧૦ પૂંછડાં અને પાંખો : (૫૦ ચિત્રો સાથે) ૩-૦૦

—: પ્રાપ્તિસ્થાન :—

ચેતન પ્રકાશન ગૃહ (પ્રાયવેટ) લિ૦

રામજી મંદિર પોળ, વડોદરા


કોહીનુર
અગરબત્તી અને દશાંગ ધૂપ
વાપરો
ટે.નં.૫૫૮૦૨ ગ્રામ 'લોમા'
કે.સી.એચ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ-૧

અંક ૬ : સપ્ટે૦ '૬૦ | 'ઊર્મિ' : વર્ષ ૩૧
સળંગ અંક : ૩૬૬ | 'નવરચના' : વર્ષ ૨૫
સમાજમાં સંસ્કાર અને સાહિત્ય પ્રેરતું સામયિક

ક્રમ

લેખક	લેખ	પાનું
જ્ઞ	માટીની મહત્તા	૭
પ્રભાત	થાક	૮
પ્રબોધ	સૂતા જગ જાગો	૮
'પ્રવાત'	શાશ્વતી શાન્તિ	૯
હરિપ્રસાદ ભ૦ ભટ્ટ	શિક્ષણ અમારું	૯
'રાજહંસ'	સમયના ક્ષીર-નીર	૧૦
દ૦ બા૦ કાલેલકર	સેવાની રીત	૧૫
ઈશ્વર પેટલીકર	સરકાર સીંચનારું પર્વ	૧૭
પન્નાલાલ પટેલ	પગરખાંની પાંખે	૨૦
'અલગારી'	લખી લો લોહીના અક્ષરે	૨૭
નાનુભાઈ દવે	ભરોસો	૩૦
'સેવકરામ'	દેખાડો કરવાની પ્રવૃત્તિ બંધ થવી જોઈએ	૩૮
ડૉ હુમાયુન કબીર	તેર વર્ષનું તારણ	૪૧
પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ	ગાંડ કદમ	૪૪
કૃષ્ણ ચંદ્ર	ગોરસ્તાનો દીવો	૪૭
જનરલ કરીઅપ્પા	આપણા યુવાનો	૫૧
ડૉ શિવપ્રસાદ ત્રિવેદી	પહેલું સંતતિનિયમન કેન્દ્ર	૫૪
—	સાભાર પ્રાપ્તિ-સ્વીકાર	૫૬
ઈ૦ રુવેલ્લાનોવા	પછી ઘરકામ કરશે કોણ?	૫૭
છોટાલાલ મા૦ કામદાર	કાશ્મીરનાં લોકગીતો	૫૯
જયન્તિકા પરમાર 'સુરંગમા'	ગ્રહણ ગ્રંથ	૬૦
	ધોળું એટલું દૂધ નહિ!	૬૧
	સાચો મિત્ર વાર્તા	૬૨
	સુધાનો નિર્ણય	૬૩
પ્રો. ઇન્દ્રવદન કા. દવે	ગ્રંથસમીક્ષા	૬૫
—	અર્ધવાર્ષિક અનુક્રમણિકા	૬૯

★

સૂચના

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા વિદેશમાં દશ રૂપિયા (શિ ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે.
* વરસમાં એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે
* વી પી થી લવાજમ વસૂલ કરવામાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે લવાજમ પૂરું થયાની નોટિસ મળે ત્યારે ગ્રા નં. અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૫ નયા પૈસાની ટિકિટો બીડવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા નં લખવો ખાસ જરૂરી છે.
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જોઈતી ટિકિટો બીડવી જરૂરી છે એ સિવાયનાં અસ્વીકૃત લખાણો પંદર દિવસ પછી રદ કરાય છે
* જાહેરખબર માટે, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું –

'ઊર્મિ–નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ.,
૬૪, ગાંધીરોડ : ફર્નાન્ડીઝ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક : ઈશ્વરલાલ મો૦ દવે, ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ., ૬૪, ગાંધીરોડ, ફર્નાન્ડીઝ બ્રિજ, અમદાવાદ, ૧
મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પરીખ, મંગલ મુદ્રણાલય, ફતેહભાઈની હવેલી, રતનપોળ, અમદાવાદ.

માફીની મહત્તા

માફીની ભાવના માણસમાં હોવી એ સહજ નથી. તેમાંય માફી માગવા કરતાં માફી આપવાની ભાવનાને માણસ જલદીથી કેળવી પણ ન શકે—જો કુદરતી રીતે જ એ આવી ભાવનાથી નવાજાયેલ ન હોય તો. માણસની દૃષ્ટિ, વર્તન, પરિવર્તન બધામાં માફી માગવાની અને માફી આપવાની ભાવના વણાયેલી હોય તો ? તો તેની હેરાની-પરેશાની બહુવાર ટકતી નથી હોતી. પણ આ જ તેનામાં હોવું કે આવવું ખૂબ મુશ્કેલ હોય છે. એને સહજ બનાવતાં એ શીખે તો કેટલું બધું તે પામી શકે ! વેમનસ્ય અને વેરની સાથે સાથે માફીની ભાવના કેળવાય તો બધાં કેવાં શાંતિથી રહી શકે ! પણ ક્ષમાપના—માફીની ભાવના ભાગ્યે જ જોવા મળે છે. જોઈએ ત્યારેય એ પૂર્ણપણે વિકસેલી નથી હોતી, વિકસેલી હોય ત્યારેય તેને આચરણમાં મૂકી શકાતી નથી હોતી. આચરણ કરાય છે ત્યારેય એમાં દંભ, દેખાવ અને ઢોંગ જ ઘૂસેલા હોય છે. માફ કરવાની, માફી આપવાની આ દૃષ્ટિ ક્ષમાપનાનું સાચું અને સારું સ્વરૂપ તો ન જ ગણાય. અને એટલે જ કુદરતી રીતે આવી વસેલી ક્ષમાપનાની ભાવના જ સાચી ક્ષમાપના ગણાય. ક્ષમાપના કોઈના પર ઠોકી બેસાડાતી નથી, કોઈના પર બળજબરીથી લાદી શકાતી નથી, કોઈને તે સમજાવીને ઠસાવી શકાતી નથી. શ્રદ્ધા, વિશ્વાસ, આસ્થા અને ભક્તિનો ભાવ જ્યારે કેળવાય ત્યારે તેની સાથે ક્ષમાપના પણ આવી વસે જે આવવી જ દુર્લભ હોય છે. માનરમત માફ કરતાં અને માફી માગતા શીખે એ જ એની મોટાઈ છે. બીજી બધી માત્રીની મહત્તાની આ એક મોટાઈ પાસે કશી વિસાત નથી. મહત્તા મેળવવા, મોટા દેખાવા માણસ ક્ષમાપના મેળવવા મથે ત્યારે એને નથી મળતી ક્ષમાપના કે નથી મળતી મોટાઈ. કાંઈ પણ મેળવવા માટે માણસે પહેલાં તે બનવું પડે છે. પછી મેળવવાનું હોય તે આપોઆપ તેનામાં ઊગી નીકળે છે માફીની મહત્તા મેળવતાં પહેલાં મહાન જ બનવું જોઈએ એવું નથી, પણ માફી માગનાર અને માફી આપનાર તો અવશ્ય બનવું જોઈએ જ. તો જ માફીની મહત્તા મળી શકે. તો જ એ મહત્તાનું કંઈક મૂલ્યાંકનેય અ કાય

★

પ્રવાત

થાક

ચાહવું ને દાઝવું
વિયોગે સેહવા
કાળને વૃથા ગણી
શું કાળમાંહી તણાવવું ?

માનવીનો પ્રેમ આ
આશ-નિરાશા મહીં
આથડે સર્વે સમે
એ માનવી નવ જાણનાં ?

જાણતાં, શીદ ચાહતાં ?
પ્રેમમાં કયમ ડૂબતા ?
ડૂબવામાં તારવાની
પ્રેમશક્તિ જાણતાં ?

માનવીના પ્રેમમાં
કૈંક ઊણપ આવતી
ઈશની ઈચ્છેલ એવી
પ્રેમઊણપ સાલતી ?

પ્રેમ કાજે તલસતાં
પ્રેમ માંહી ડૂબતાં
દેહની સૌ ખાખમાં
એ માનવો ભર રંગ ના ?

ભસ્મની વૃથા બધી
એ જિંદગી જો જાણતા
પ્રેમી નચિંતે લેશ એ
પ્રેમુકતા ના એકલી ?

પ્રેમ સાથે આ બધા
શીદને કરવા રહ્યા
પ્રપંચ એ દુનિયા ભરી
પ્રેમીજનોને અર્પવા ?

અર્પણો ઊણાં રહે
પ્રેમમાંહી સર્વદા
પ્રેમની પાંખે ચડી
દુષ્પ્રાપ્ય ગગને ઊડવું ?

ઉડ્ડયન એ આખરે
એકદા થાકે પડે
એ થાક ખાવા ઊડવા
ના હોશ ત્યારેયે જરા ?

*

પ્રબોધ

સૂતાં જલ જાગો

જાગો, સૂતાં રે ! જલ જાગો.
બહુ દિન ગાઢ રહ્યો ઉર છાઈ
ઘેર તિમિરનો માળો
ગગન-ખીણથી તેજ-સળી લઈ
ચલ-સંચાર જગાવો. —જાગો૦

અન્ધકારદલ ભીષણ ભેદી
તેજ-તરંગ નચાવો.
સત્ય શિવ ને સુંદરતાનો
પુણ્યપ્રવાહ વહાવો. —જાગો૦

સ્વવિહીન ચેતનહીન લગે
સ્વપ્નવિહીન કિનારો
સ્વપ્ન અને સંગીત સુમંજુલ
કલરવ એ અવતારો. —જાગો૦

અરુણોદયની ઉદિત પ્રભામાં
ઉર-સૌન્દર્ય ખીલાવો
હૃદય-પદ્મની બધ પાંદડી
પૂર્ણ પ્રફુલ્લ બનાવો. —જાગો૦

શ્રાન્ત શરીર, તિમિર નિપીડિત
પાંથ રહ્યો હું આવો
સ્નેહ-સૂકી મમ અન્તર-ગાગર
અમીજલથી છલકાવો. —જાગો૦

*

'प्रवात'

શાશ્વતી શાન્તિ

કયાં છે જીવન-ઝંખિત શાન્તિ ?
ગગનચુંબી મહેલે રાચે, રસબસ થઈને મ્હાલે,
નિવૃત્તિમાંહી નિહાળે : શાન્તિ જીવન-વહાલે;
તેના જીવનની ઉત્ક્રાન્તિ
તેની શાશ્વતની વિશ્રાન્તિ.

વિશ્વતણી એ સાચી શાન્તિ ?
જીવનમૂલ્ય રહ્યાં શું સાચાં એવા રક્તાંકિત મહેલે ?
જીવનસાફલ્યો ઢંકાયાં એ શેઠી ચૂંટાતી સહેલે
દેખાતી ઉપરની શાન્તિ
એ તો છે જીવનની ભ્રાન્તિ.

ત્યારે કયાં છે જીવન-ક્રાન્તિ ?
પરસેવાને ટીપે ટીપે જીવન જ્યારે શ્રમથી જીવે,
માનવસેવા કાજે જ્યારે જીવનથી કોઈ ના બીવે;
એના જીવનમાં નહિ ક્લાન્તિ
એને જીવન સાચી ક્રાન્તિ.

ભામે એ જ ખરી વિશ્રાન્તિ ?
જીવન પળપળ પ્રવૃત્તિમાં જ્યારે વીતે થાકવિહોણું,
એ જીવનની મધુરિમાએ જીવન થઈ જાતું શું સોણું,
આવા જીવનની એ શ્રાન્તિ
એમાં રહી સાચી વિશ્રાન્તિ

સાચી ઉત્ક્રાન્તિમાં શાન્તિ :
જીવનની પળમાંથી જ્યારે માનવ સર્જે જીવન નવવાં,
જીવન-ઝંઝાવાતોમાંથી જ્યારે માનવ ખોજે ધરવાં.
એ જ્હી શુભ સુન્દર ક્રાન્તિ,
એ જ્હી સાચ્ચ જીવન શાન્તિ,
એમાં છે જ શાશ્વતી શાન્તિ.

★

ડૉ૦ હરિપ્રસાદ ભ૦ ભટ્ટ

ભિક્ષાન્ન અમારું

મ્હેલોથી છપ્પરની ટોચે,
નીચેથી ઉપર તું જોજે,
શું ફૂલોમાં કે કાંટામાં,
ઘોર તિમિરમાં કે તારામાં,
આ દુનિયામાં શું છે તારું ?
સર્વ તમારું, સર્વ તમારું,
માત્ર એક ભિક્ષાન્ન અમારું.

આ ભવના સાથી કે સંગી,
વસુધા જેને વ્હાલી લાગી,
તેની સ્મૃતિ પણ સાફ થવાની,
અન્તે શૂન્ય વિષે મળવાની,
મોહવાન કહે છે 'આ મારું.'
સર્વ તમારું, સર્વ તમારું,
માત્ર એક ભિક્ષાન્ન અમારું.

ખાલી આવ્યા ખાલી જાશું,
જેવા છીએ, તેવા થાશું,
જ્યારે જ્યારે પાછો આવું,
ભવસાગરમાં ગોથાં ખાઉં,
એક વાત તો યાદ જ રાખું.
સર્વ તમારું, સર્વ તમારું,
માત્ર એક ભિક્ષાન્ન અમારું.

જે આપે છે તે જ લહે છે,
અહીંથી લઈને બીજે દે છે,
જેમ હોય તેમજ સહુ રે' છે,
પૂર્ણપણે એ પૂર્ણ વસે છે,
ત્યારે કહેવાનું શું મારે ?
સર્વ તમારું, સર્વ તમારું,
માત્ર એક ભિક્ષાન્ન અમારું.

★

'રાજહંસ'

સમયનાં ક્ષીર-નીર

જનતા નોકરો સામે થશે તો?

ક્યારેક આખું રાષ્ટ્ર જાગી ઊઠે છે ચીને જ્યારે દેશની સરહદ તોડી ત્યારે રોષની લાગણી ફેલાઈ એમાંથી એકતાને પોષણ મળ્યું પછી સરકારી નોકરોની હડતાળ પડી ત્યારે વળી પાછો જન શક્તિનો પરચો દેખાયો એ શક્તિ આગળ સરકારને પણ ટટ્ટાર થવું પડ્યું પહેલી વખત એમણે પડકાર ઝીલ્યો ને મક્કમતાથી સામનો કરવા માંડ્યો

એ હડતાળ દબાઈ ગઈ ફરીથી એ ઊઠશે કે નહિ? ભાવવધારાનો આધાર લઈ હડતાળે હિંમત કરી હતી, એ ભાવવધારો જોર પકડે તો સરકારી નોકરોની બીજી હડતાળ વાજબી ઠરે કે નહિ? આ વખતે તો આપણે ધાર્યું કે હડતાળ પ્રજાની સામે હતી બાકીના ૮૯ ટકા સામે હતી એટલે એ અળખામણી થઈ પરંતુ ભાવ ઊંચા ચડતા રહે ત્યારે શું ગણવું!

કોઈ હડતાળ નિષ્ફળ ગઈ એમ ગણે છે કોઈ એને આવતી અરાજકતાનું પહેલું રિહર્સલ માને છે હવે એવી હડતાળો ના પડે તેથી એમને ગેરકાયદેસર ઠેરવી લીધી પણ કાયદો તો નાની ગુનેગારીને પહોંચી શકે, મોટી ગુનેગારી માટે કોરટો કે કાયદાઓ શા કામના! મુસ્લીમ લીગે 'સીધાં પગલાં' ભર્યાં અને ઘણી ખુનામરકી ચાલી તે પછી લીગ તો રાજગાદીએ જ આવી ને!

આ વખતે સામ્યવાદી નેતાઓ હડતાળ શરૂ થઈ કે તરત જ પકડાયા, પણ હાર પહેરીને જેલમાં ગયા ને હાર પહેરી પાછા ફર્યા એમના ઉપર કશું કામ ના ચાલ્યું એમણે તો એમના પક્ષની બાજી બરોબર આગળ ચલાવી અને આ તંત્રના ઉપર અડગ ખરચનો બોજો નાખવો તે નખાયો નવા ૪૪ કરોડનું પગારખર્ચ હિંદ સરકારે ઉપાડવાનું આવ્યું કોને કહે?

સામ્યવાદીઓ ચીનનું લશ્કર સરહદે આવે ત્યારે દેશમાં આવાં વ્યાપક પગલાં ભરે એમાં નવાઈ નથી બીજા દેશોમાં એમણે એવું જ કર્યું છે

લોકશાહીમાં એમને એવી છૂટ મળે છે કાયદાઓ ટૂંકા માલૂમ પડે છે એમના વિનાની બીજી નેતાગીરી એમને શિથિલ જણાય છે ભાવવધારો એ હડતાળ માટે નિમિત્ત હતું હેતુ તો તંત્રને ખોરવી નાખી અરાજકતા ફેલાવવાનો હતો ચીનની દબી વાતોથી નેહરુ શરૂમાં ભોળવાયા ખરા, પણ હવે તો દેશ જાગી ગયો છે અને નેહરુ દેશને વિમાસે પાડે એમ નથી એમણે પણ મક્કમ વલણ રાખ્યું છે

સરકારી નોકરોએ જોઈ લીધું કે એમની જગ્યાઓ ઓછા પગારવાળી નથી ત્યાં ઘણી ઘણી સગવડો અપાય છે એ ઉપરાંત કાવતરાંઓની જમાવટને લીધે ઘણું બીજું મેળવી શકાય છે એવી એક જગ્યા મેળવવા માટે બીજા હજારો તત્પર ઊભા છે અને એ ચોક્ખું ગયા કે આખરે તો તેઓ નોકરો છે શેઠ તો જનતા છે જનતાની ઇચ્છા સર્વોપરિ છે એ જનતાને વધારે વેઠવું પડ્યું તો એનેય મોં ફેરવીને વાત કરતા આવડી જશે એમના નોકરો જ કનડી શકે ને જનતાને જ સહન કરવું પડે એ દિવસો આ હડતાળ પછી પૂરા થયા

દોષ કોનો—ભાવવધારાનો કે ખર્ચાળ જીવનનો?

જીવવું મુશ્કેલ બને એટલી હદે ભાવ વધ્યા છે એમ

આપણે વારંવાર સાંભળ્યું, અનુભવીએ તો છીએ જ. અને તેમ છતાં હજુ ભાવ વધશે એમાં શંકા નથી. થોડા વખત કોઈ ગાળો એવો આવે કે ભાવ નરમ થાય પણ એકંદરે એમનો મિજાજ તેજ રહેવાનો. રૂપિયાનું મૂલ્ય ઘટતું રહેવાનું. પાછલી સોંઘવારી ફરી દેખાવાની નથી.

એમ સમજી લીધું હોય કે બીજાં કારણો હોય પણ લોકોએ ગજા ઉપરાંતનું ખરચ કરવા માંડ્યું છે. એમની ઘણી ટેવો બદલાઈ ગઈ છે. પહેલાં ચાલી શકાય એવું અંતર પગે ચાલી નાખતા, હવે બસ ફાવી ગઈ છે. પહેલાં ઊંચકી શકાય એટલો બોજો ઊઠાવી લેતા, વહુને માથે પણ ચડાવતા; હવે એની શરમ લાગે છે. પહેલાં ભૂખ લાગી હોય તોયે ઘેર જઈને ભાણું માંડતા; હવે નજદીકની હોટેલ કે દુકાન આકર્ષે છે. પહેલાં કોઈની સાથે સંદેશો મોકલી શકાય તો એવી તક શોધતા, હવે ટપાલ લખવી જોઈએ છે. આમ મુસાફરી વધી છે, પહેરવેશનો ખરચ ખૂબ વધ્યો છે, દવાનું ધતીંગ પુષ્કળ ઘૂસી ગયું છે, સિનેમાની પકડ વધી છે. થીંગડું દીધેલ કપડું પહેરેલા જવલ્લે જ કોઈ જડે છે. એ શું બનાવે છે ? આપણે ખરચ કરતાં શીખ્યા છીએ. પહેલાંની જેમ પરોણીનું છાપું પાંચ જણા વાંચે એવું રહ્યું નથી.

આ ખરચાળ પદ્ધતિમાં કેટલીક ટેવો સારી છે તો બૂરીયે છે; બૂરી ટેવો વધારે છે અને જીવનને પાંગળું, અશક્ત, અવિચારી, ચંચળ, વ્યગ્ર—બનાવી મૂકે એવી છે. જરા જરામાં મન સહેલાણી થવા માગે છે અને એના ઉપર અંકુશ રાખતાં આવડતું નથી.

એટલે જીવનનાં મૂલ્યો હલકાં થવા માંડ્યાં છે. 'આમ તો ના જ થાય' કે 'આવું તો મારાથી નહિ જ બને' એમ કહી શકવાની તાકાત જાણે ઘટતી જાય છે. નવાનવા શોખ પૂરા કરવા જે ખરચ કરવાં પડે છે તેનો ખાડો પૂરવા નીતિનું ધોરણ નીચે ઊતારવું પડે છે. અને આર્થિક ગોટાળા કરતાં પાવરધા થવું પડે છે. એક વાર પોતે પોતાનું પતન કરી લીધું, પછી એની છોછ રહેતી નથી. અને બીજા પણ એવા જ છે એમ માની એમનો વિશ્વાસ પણ ઊડી જાય છે.

આ વૃત્તિમાંથી ભેળસેળ સૂઝે છે—ખોરાકમાં, દૂધમાં, ઘીમાં, દવામાં, છોકરાંની ખાટીમીઠીમાં—એમ જ્યાં બની શકે ત્યાં હલકું આપી સારાનો ભાવ લેવાય છે. એમાંથી કજીયા સૂઝે છે—પગારોના, ભથ્થાના, જગ્યાના, કરારના—કે મંજૂર રહેવા દેવું ગમતું નથી. એમાંથી અઢળક નફાખોરી સૂઝે છે ને કૃત્રિમ અછત ફેલાવતાં શીખાય છે. જીવનને વધારે ભભકવાળું, મોટાઈની છાપવાળું, પ્રમાદી, ઉડાઉ, શોખીન, અભિમાની ને સ્વચ્છંદી બનાવવા જાણે દેશમાં મોટી સ્પર્ધા ચાલી છે.

લાગવગ—જમાનાનું મહા લક્ષણ

આ દેશમાં આવી સ્પર્ધા કોણે શરૂ કરી ? અહીં તો ત્યાગ અને વૈરાગ્યનો મહિમા ગવાયો છે. અહીં તો સાધુસંતો રામેશ્વરથી બદ્રીનાથ સુધી ફરતા જ રહે છે અને એ જ વાતનું સહુને ભાન કરાવતા જાય છે. અહીં તો પ્રજાને બલિદાનની ભૂમિકા ઉપર હજુ હમણાં જ કસવામાં આવી છે. ત્યાં વૈભવની સ્પર્ધા ક્યાંથી ફાલી નીકળી ! અહીંના ગરીબો જીવનની કઠણાઈને સંતોષથી નિભાવી લેતા, સ્ત્રીઓ ઘણું સહન કરી શકતી—ઓછાને વિપુલમાં ખપાવી શકતી—જે મળ્યું તેથી ઈશ્વરનો આભાર માની લેતી. હવે કેમ બધું બદલાયું ? કોણે આ દેશના પરમધન જેવા પરિતોષનો ઉચ્છેદ કર્યો !

એના અપયશના અધિકારી છે—સત્તાવડે ધનની ઊથલપાથલ મચાવનાર આગેવાનો. એ વર્ગમાં ઘણાં ગાંધીભક્તો છે—સરળ હૃદયના, નિષ્કામ કર્મયોગી જેવા. પણ એમનાં સંતાનોમાં જે સુપુત્રો ને સુપુત્રીઓ છે તેમની વલણ એમનાથી જુદી છે. બીજા ઘણાને જમાનો આભડી ગયો છે—'આજનો લ્હાવો લીજીએ જી, કાલ કોણે દીઠી છે !' તક મળી ને તેય જવા દેવી ત્યારે તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ને કપાળ

ધોળા જેવું—એવું જ બને ને !

એમણે એક વિષચક્ર શરૂ કર્યું તેમાં પાવરધા હતા તે બરોબર ગોઠવાઈ ગયા લાગવગ ધરાવનારો એક આખો વર્ગ હયાતીમાં આવી ગયો એમને ટિકિટ જોઈતી હોય તો તરત મળે, લાયસન્સ જોઈતું હોય તો એનો રસ્તો આવડે, મુદત પડાવી કેસ ઠેરવો હોય તો ફાવે દાક્તરનું સર્ટિફિકેટ જોઈતું હોય તો મળી રહે, એમના ફળિયા કને લાયબ્રેરી ઉઘાડવી હોય તો કરી શકે, હોય એ નિશાળ ખસેડવી હોય તો નવી બંધાવવાની જોગવાઈ કરી શકે એમની શક્તિનો પાર નથી બધું હસતા હસતા પાર પાડી શકે એવી લાગવગ રાખવી એ આ જમાનાનું મહા લક્ષણ ગણી શકાય

સંસ્કૃતિ સાથે સિદ્ધિઓનો મેળ

આ અપલક્ષણની હદ તો શરૂઆત છે યાંત્રિક સંસ્કૃતિ એટલે સગવડોની વિપુલતા અને હાથપગનો ઘટી જતો ઉપયોગ એમાંથી મોકળું જીવન પ્રગટે, પ્રમાદ વધે અને બીજાનું મેળવેલું કે હક્કનું હોય તે પડાવી લેવાની દાનત રહે હજી આપણે નિષ્ણાતોનું વર્ચસ અનુભવ્યું નથી સત્તાધીશોની જેમ નિષ્ણાતો પણ મહામાનવ થઈ આપણને આંજવા મથશે આપણા ઉપર ત્રણ ચલાવશે એશિયાળા ને ક્ષુદ્ર બનાવશે

એમાંથી ઉગારો નથી સો વર્ષ પાછા જવાની હાકલો પડતી આવી છે તે હજુ પડયા કરશે પણ એ રોગ છે અસલી જીવન કે મૂળ સંસ્કૃતિ તરફ વળવા માનવીને જે મન થાય છે તે નિષ્ક્રિયતાથી, થાકથી બીજું નહિ સૂઝવાથી frustrationને લીધે બને છે સંતસાધુઓ ને આધ્યાત્મિક અભીપ્સુઓ એવી રમણામાં રહી સંસારથી વિખુટા પડતા જાય છે અને પોતાના દર્શનને, લભ જગતને આપવા પમ ગીરા મનની પાંગરવા નાગરીઆ સત્તમાં ચચૂર બનેલા જાડી ચામડીવાળા મહામાનવોની ઓથ શોધે છે

એમનો અવાજ ગમે તેવો બુલંદ હોય—આગળ ચાલવાનો નથી જવાબ શોધાયો હોય તેમણે સમન્વય તરફ જોવું જોઈશે. વિજ્ઞાનની સિદ્ધિઓ એ આપણા સંસારની સિદ્ધિઓ જ છે, એને માનવસ્વભાવ સાથે મેળ બેસાડી આપે તેનું દર્શન યોગ્ય ગણાશે ચક્કીઓ બેસાડી પાણીની વિપુલતા કરી આપ્યા પછી એનો ઢોળ કેમ ઘટાડવો એ સવાલ છે ઉડાઉપણું ને વેડફી નાખવાની વૃત્તિ ઉપર નિયંત્રણો કેવી રીતે મૂકવા તે શીખવાનું ને શીખવવાનું છે

હજાર વર્ષ પહેલા કે પાંચ હજાર વર્ષ પહેલા જે સંસ્કૃતિ હતી તેની મોહકતા હવે ઘરવી જોઈએ હવે હવા બદલાઈ છે અને એને આપણા જીવન સાથે સુસંગત બનાવ્યે જ છૂટકો જે દૂષણો જ્યાં જન્મે છે તેમને રોકવા જ રહ્યા એનું સંશોધન અત્યારથી આપણે ચાલુ કરીશું તો નવી સંસ્કૃતિ આકરી નહિ લાગે અને ભારતે દુનિયાને નવી દેણગી આપ્યાનો સંતોષ પણ લઈ શકીશું

આકરી સજાઓ ક્ષિતિજ ઉપર

આપણે અત્યારસુધી આકરી સજાનો પક્ષ કર્યો નથી નેહરુએ કાળાબજાર કરનારાને ઝાડ ઉપર લટકાવી ફાંસી દેવાની વાત એક વાર કરેલી પણ તે તો વાણીનું જોશ હતું એમનું હૃદય એવી ઉમના રાખી શકતું નથી કોઈકવાર એવાદ કિસ્સો પવનના સપાટામાં ખુલ્લો થઈ જાય છે અને લોકસભામાં પણ ચર્ચાય છે ત્યારેય એનું પરિણામ આકરી સજામાં નથી આવતું જેમ કાસીમ રઝવીને અહીંથી સરકવા દીધો એમ ઘણાને ભાગી જવાની તક મળી છે લોકશાહીમાં આકરી સજાનો મેળ કેમ ખાતો નથી ! કારણ કે એક વાર શરૂ કર્યા પછી આકરી સજાઓ કેને નહિ છોડે અને ચાપડી ભેગી કેટલી ઈંધણો બફાઈ જશે તેની આગાહી કરવી મુશ્કેલ છે

અને તોયે સમય વીતતો જાય છે એમ આપણેય લશ્કરી ધાકવાળી આકરી સજાઓને નિમંત્રણ આપવું પડશે એમ જણાય છે હિન્દુસ્તાનની ચારે તરફ એની અજમાયશ થઈ ચૂકી છે અને લોકોમાં એનો

પ્રભાવ પડ્યો છે ધારાસભામાં કાયદાઓ લોકભાષામાં ઘડાય અને એનો અમલ લોકની પદ્ધતિએ ચાલે એવું હાલના સંજોગોમાં કોઈ નહિ ઇચ્છે ।

એકવાર સરકારે ચેતવણી આપી હતી કે જેને જવાનું હોય તે નીકળી જજો, લગ્ન આવે છે એમ સરકારે એન્તના અને ઉદ્યોગપતિઓના તમેના એકવાર સાફ કરી નાખવા કડક ચેતવણી આપવા જેવી છે તે સિવાય એ રામ નફાખોરી તેમજ લાગવગીઆને આધારે શાની રૂસ્વતખોરી અટકવાની નથી આવું કોઈ પગલું લેવાશે તો જનતાનો એમની ગયેલો વિશ્વાસ પુન જોર પકડશે, આપણી પંચવર્ષીય યોજના ઓમાં પણ લોકઉત્સાહ દેખાશે

આવું નહિ જ બને તો સમજવાનું કે નેહરુ એમના પક્ષ કે પછી એમની જાતની સૌજન્યભીરુતાના બંદીવાન બન્યા છે એમની વાણી કે વિચારની દૃઢતામાંથી કાંઈ નીપજતું નથી

લોકમાનસને અધીરાઈ આવી છે કે છ બાર મહિના માટે પણ એકવાર નાટકમાં દેખાવા માગે છે એવો
• સપાટો વાગી જાય ને તાગ ધિન્ના કરતા બહુરૂપીઓ એકવાર પૂછડી દબાવી નાસી છૂટે તો જ આ દેશનો ઉગારો થાય નહિ તો આગ બાહોશ મેવાભાઈ ઉદ્યમી લાડીના નેતાઓ હોવા છતાં રૂપીઆનું મત્ય ઘટી જવાનું, અંધાધુંધી ફેલાવાની ને સામ્યવાદ દેખાવાનો

મધ્યવર્તી તંત્ર ભુલાય કેમ ?

દેશનું તંત્ર અખંડ અને વગરહિત બનાવવું હોય તો એક સરસ સૂચન જાહેર થયું છે તે મુજબ, કોઈ પણ પ્રદેશની નોકરીના ઉચ્ચ કક્ષાના અમલદારો ૪૦ ટકાથી વધુ કોઈ પણ એક જ રાજ્યના અમલદારોના જોઈએ મદ્રાસી કે દક્ષિણી અમલદારો બાહોશ હોય તો પણ એની સંખ્યા એક રાજ્યમાં ૪૦ ટકાથી વધવી ના જોઈએ. ગુજરાતમાં ગુજરાતી અમલદારો પણ ૪૦ ટકા જ હોય આમ બને તો પક્ષપાત નહીં જાય એટલું જ નહિ, પણ આખા દેશનું તંત્ર સુધરે, એકતા આવે ને વિશ્વાસ પ્રગટે.

આવું તંત્ર મેળવવું હોય તો એકલી ગુજરાતીનો આગ્રહ ઢીલો કરવો પડે, એકલી હિંદીનો આગ્રહ પણ છોડવો પડે આ ભાષાઓ આપણી છે એને વધારવી છે એ કાર્યક્ષમ પણ એકલી જ છે એવું નહિ કહી શકાય એનું સ્થાન જ્યાં શોભે ત્યાં જ ઠીક છે નહીંતર જોરે નવું સ્થાન આપવા જઈશું તો ભાષા વિકૃત થશે, તરજુમાયા બની જાવશે, ક્લિષ્ટ, અસ્પષ્ટ અર્થવાળી અને બહુ શબ્દોના વપરાશવાળી બનશે આપણે જે જોઈએ છે તે ભાષાનું પોષાણ, એનો સ્વાભાવિક વિકાસ એની યોગ્ય ખીલવણીનું કામ ચાલતું હોય ત્યારે, એવી સગવડ ન આપી હોય ત્યારે સત્તાની વિગભિનના હુકમનામા વડે એને સમૃદ્ધ કરવાના ફાંફા અજુગતા છે એથી તો ભાષાના બેહ બગડશે ભાષા ભોગ આપવાની પણ ટૂંકા પગલાંની ફરતી થવાની, તંત્રની સરળતા જોખમાવાની, દેશની અખંડતામાં તડ પડવાની

ગુજરાતીઓને ગુજરાતીનો આગ્રહ ગમે એની ના નથી? કોઈ હિંદી વધારવાનું કહે પણ હિંદી ભાષામાં એવું ખેડાણ હજુ થયું નથી અંગ્રેજી હતું ને હજુય છે એનો દ્વેષ હોય તો એમ કે એ પરદેશી છે દોઢસો વર્ષ પછી આપણું થયું નથી કે પછી ગમ્યું નથી? એની સૂઝ રહી ગઈ છે એ સૂઝ દેશનું મધ્યવર્તી તંત્ર જાળવશે

જે દેશોને પ્રગતિ કરવાની ઉતાવળ છે, જેમને સારું તંત્ર રાખવું છે, જેમને વિજ્ઞાન સાથે દોસ્તી બાંધવી છે એમણે હોય એવું અર્વાચીન ભાષાનું ધન ફગાવી દેવાનું કારણ નથી આપણી ભાષાનો ઉપયોગ કરવાની ધગશ તક છે, ત્યાં એ ભલે ધીરે પણ ઊંચી કક્ષાએ અને ખાસ કરીને મધ્યવર્તી બાબતોમાં આપણે અંગ્રેજીની ઉપેક્ષા ના જ કરવી જોઈએ જો એ બાબતમાં અંતરા કે ઢીલા થયા તો એક વાર ભાગલાનું જે કરપીણ સ્વરૂપ આપણે જોયું છે તે ફરીથી વધારે ઉગ્ર રૂપમાં જોવું પડશે આખું દક્ષિણ ભારત જુદું પડશે, પૂર્વ ભારત હાથમાં નહિ રહે અને હજાર વર્ષ પહેલાંની અસ્કૃતિથી આપણે રીબાવું પડશે.

વિચારનું સામર્થ્ય

આવી મોટી ચેતરણી આ નાનકડા માસિકનાં એમી પાનાં વચ્ચે મૂકવાનો શો અર્થ, આવો સવાલ કેટલાકને જરૂર થવાનો. પણ વિચાર એનું પોતાનું બળ ધરાવે છે. કર્તાનું તપ હોય તો વહેલો ફળે, નહિ તો એનો ફેલાવો તો થવાનો જ. ગુજરાતમાં વિચારો ઊગ્યા છે એથી આપણે જરૂર હરખાઈએ એમાંથી કયો વિચાર આગળ વધશે, કયો જોર પકડશે, કયો ફળશે એ વાત આપણા કોઈના હાથમાં નથી

આવો બીજો દાખલો ગુજરાતના પાટનગરનો છે. છેક ફરીને અમદાવાદ કને રાજધાની લઈ જવાનું જાહેર થયું ત્યારે ઘણાને એ વાત ડંખી હતી. મોગલ વખતના ઉદ્યોગનગરને અડીને પાટનગર થાય એટલે મગજ ઉપર અસર તો એનો જ નડે. નવું જ બાંધવું હોય તો નગર આવી ભરચક વસ્તીવાળા શહેરથી દૂર હોવું ઘટે. ત્યારે તો એ વાત દબાઈ ગઈ પણ તેની શક્યતા ક્યારથી ક્ષિતિજ ઉપર આવી પહોંચી છે, ને ઈશ્વરને કરવું હશે તો એમ પાટનગર ત્યાંથી ખસશે. ઘણા જણના સરખા વિચારમાંથી પરિણામ જન્માઈ આવે. કુદરતે વિચારમાં એવું સામર્થ્ય મૂક્યું છે

આ સાથે ભૂદાનનો વિચાર પણ ફરી લઈએ જ્યાં સુધી દાનનો વિચાર હતો ત્યાં સુધી એ ફર્યો એની પછીનું નથી વિચારાયું તે એ થંભ્યો ભૂદાન સાથે ખેતીનું કેમ ના વિચારાયું એ વિચિત્ર છે શોચનીય પણ છે જમીન અને ખેતીનું ઉત્પાદન એ બન્ને સાથે સંકળાયેલાં છે ભૂદાન પછી ખેતી સુધરશે એવું સ્વપ્ન આકાર નથી લેતું, અને એથી ભૂદાન પણ વેરાન થાય તો કોને દોષ દેવો!

સર્વોદય લાંબેનું વિચારે છે એટલું નજદીકનું કેમ ના વિચારે? આપણે તો હાથ જોડીને વિનતિ જ કરી લઈએ

✶



શસ્ત્ર સૈન્યો માટેના ૬ નવા ચન્દકો અને તેમની પટ્ટી વગેરેની ડિઝાઈનો પહેલી હાર: વિશિષ્ટ સેવા ચન્દક (સવળી અને પાછલી બાજુ), સૈન્ય સેવા ચન્દક (સવળી અને પાછલી બાજુ), વિદેશ સેવા ચન્દક (સવળી અને પાછલી બાજુ) બીજી હાર સેના ચન્દક (સવળી અને પાછલી બાજુ), નૌસેના ચન્દક (સવળી અને પાછલી બાજુ) અને વાયુ સેના ચન્દક (સવળી અને પાછલી બાજુ).

દ. બા. કાલેલકર

સેવાની રીત

માણસની માનવતાના જે લક્ષણો દરેકમાં હોવાં જોઈએ તેને આવકારતી આપણી સંસ્કૃતિ છે. બૂરા સાથે પણ ભલા થવાનું એ જ સંસ્કૃતિએ આપણને શીખવ્યું છે. કાકાસાહેબે, આ ટૂંકા છતાં મહત્ત્વના લેખમાં એ બધું વણી લીધું છે. ટૂંકે જ હિંદી 'મંગલ પ્રભાત'માંથી અનુવાદ કરીને અહીં મૂક્યો છે.

अमृतं च विषं याति सदैवामृतभावनात् । शत्रुर् मित्रत्वमायाति मित्रसंवित्तिवेदनात् ॥

[આ અમૃત છે એવી અમૃતભાવના હંમેશાં રાખવાથી ઝેર પણ અમૃત બની જાય છે. એવી જ રીતે કોઈને (વ્યક્તિ કે દેશ) માટે આપણે મૈત્રીની ભાવના રાખીએ તો દુશ્મન પણ મિત્ર થઈ જાય છે]

યોગવસિષ્ઠનું આ વચન છે. સંત તુકારામે પણ કહ્યું છે —

चित्त शुद्ध तरी शत्रु मित्र होती । व्याघ्र हे न खाती सर्प तया ॥
विष ते अमृत आघात ते हित । अकर्तव्य नीत होय त्यासी ॥
दुःख ते देईल सर्वसुखफळ । होतील शीतळ अग्निज्वाळा ॥

[જો શુદ્ધ મન હોય તો શત્રુ પણ મિત્ર થાય છે. સાપ કે વાઘ પણ તેને ન મારે. ઝેરનું અમૃત થઈ જાય છે. કોઈ આઘાત પહોંચાડે તો હિતમાં ફેરવાઈ જાય છે. ન કરવાનું કરે તો ય એને માટે તે નીતિમાન ગણાઈ જાય છે. એને દુઃખ પડે તો એ પણ સુખનાં જ ફળ ચખાડે છે. અગ્નિની જ્વાળાઓ પણ એને ઠંડક આપે છે]

આવા માણસ દરેક જીવને પોતાના પ્રાણથી પણ પ્યારા લાગે.

આ સંતો અને ઋષિમુનિઓની કેટલી બધી ભોળી શ્રદ્ધા! આપણે સાચા અને નીતિવાળા હોઈએ તો કોઈ આપણું બૂરું નથી કરી શકતું.

સંતોની આવી ભોળી શ્રદ્ધાની અસરને લીધે સામાન્ય માણસો પણ રોજબરોજના વ્યવહારમાં કહે છે—'આપ ભલા તો જગ ભલા.' પણ અનુભવ શું કહે છે? મહાત્મા ગાંધીએ શ્રી ઝીણાની સાથે ભલાઈ રાખવામાં કાંઈ કચાશ રાખેલી? અને ચીન વિષે? આપણે તો 'હિંદી-ચીની ભાઈ-ભાઈ' એટલા બુલંદ અવાજે ગાયે રાખ્યું કે જો સ્વર્ગ હોત તો ત્યાંય આપણો અવાજ પહોંચી જાત. વ્યવહારની દુનિયા એટલી ભોળી નથી. સંસ્કૃતના જ વચન પ્રમાણે જોઈએ તો એય આપણી સામે છે —

पयःपानं भुजंगानाम् केवलं विषवर्धनम् ।

અને તુકારામ પણ કહે છે —

सर्पासी पाजिले शर्करापीयूष । अंतरींचे विष जाऊँ नेणे ॥

શુદ્ધ વ્યવહાર કહે છે કે ભલાની સાથે ભલા બનો અને બૂરાની સાથે બૂરા.

સંતોની વાતો સાંભળીને વ્યવહારવાદીઓ ગુસ્સે થાય છે. પણ શું વ્યવહારવાદીઓએ દુનિયાને સુધારી છે? સારા દિવસો એમણે દેખાડ્યા છે?

ચીને આપણી ભલાઈનો લાભ ઉઠાવીને આપણને દગો દીધો એમ માની આપણે જરૂર તેમનો સામનો કરીએ. પણ જો ગુસ્સે થઈને આપણે કહેવા લાગીએ કે ચીનાઓ,

તેમનો દેશ અને તેમના નેતાઓ ખરાબ લોકો જ છે તો શું તેમાં આપણે અતિશયોક્તિ નથી કરતા ?

એક વાતે ખરાબ થનારા લોકો બધી વાતે ખરાબ જ હોય છે ? જો આપણે આપણી વાત છોડયા વિના ચીની નેતાઓ સાથે સજ્જનતાથી વાતો કરીએ અને એમને સમજવાની કોશિષ કરીએ તો શું એથી ચીની લોકો અને નેતાઓ વધુ બગડી બેસશે ? સંતોની શ્રદ્ધા કયારેય આપણને આંધળા બનવાનું નથી કહેતી. ખરાબ માણસોની બૂરાઈ આપણે બરોબર સમજતા હોવા છતાંય જો આપણે એમની ભલાઈ પણ જોઈ શકીએ અને એને પ્રોત્સાહન આપતા જઈએ તો શું એમની બૂરાઈઓનો વિરોધ આપણે વધુ સફળતાથી ન કરી શકીએ ? શા માટે આપણે માની લઈએ કે આપણી ભલાઈની અસર ચીન ઉપર થઈ જ નથી ? પાંચ દસ વરસ પહેલાં ચીનના મનમાં આપણા વિષે જે ગેરસમજુતી હતી અને તેઓ આપણને જે ગાળો દેતા હતા એની નોંધ આપણી પાસે નથી. એ હોત તો આપણે સહેલાઈથી જોઈ શકત કે ચીનમાં કેટલો સુધારો થયો છે. જો આપણી નીતિને આપણે વળગી રહીએ તો ચીનનો સ્વભાવ વધુ સુધરશે, છેવટ બગડશે તો નહિ જ. આ લાભ પણ નાનોસૂનો નથી.

કોઈની બૂરાઈ જોતાં જ આપણામાં છૂપાયેલી કે સૂતેલી બૂરાઈને જગાડીએ તો આપણે આપણા દુશ્મનને શરણે ગયા ગણાઈએ. એનો રસ્તો આપણો ગણાય આપણો ધર્મ છોડીને એમનો ધર્મ આપણે અપનાવ્યો કહેવાય. આપણો ગુમાવેલો પ્રદેશ પાછો મેળવાશે ત્યારે મેળવીશું, પણ દુશ્મનની સામે ગુસ્સે થવામાં પહેલાં તો આપણે આપણો મિજાજ ગુમાવી બેસીશું, દુનિયાનો દ્વેષ વધારીશું અને આપણા કેટલાય એવા મિત્રોને ગુમાવી બેસીશું કે જેમની ચીન તરફ સહાનુભૂતિ છે. એટલે છેવટ આપણે એટલો નિશ્ચય તો કરીએ જ કે આપણે આપણી શ્રદ્ધા નહિ ખોઈએ અને વિરોધીઓની દ્વેષ ઉપરની શ્રદ્ધા વધવા નહિ દઈએ.

સંતોએ જે કહ્યું છે એ અનુભવના આધારે જ કહ્યું છે ખાનગીમાં અને દેશના વ્યવહારમાં આપણે આપણી શ્રદ્ધાને ઘસાવા ન દઈએ. દેશનું ભલું કરવાની શક્તિ કોઈ એક જ વ્યક્તિમાં રહેલી હોય છે. પણ આપણા દેશનું નુકસાન કરવાની શક્તિ દરેકમાં હદ ઉપરાંતની હોય છે. આપણે એ રસ્તે શા માટે જવું જોઈએ ? આદર્શવાદ આપણને એમ નથી કહેતો કે આપણે આંધળા થઈ જઈએ આદર્શવાદ તો કહે છે કે ઉઘાડી આંખે બધાના ગુણદોષ જુઓ. અંધાપો એ શક્તિ નથી. પણ દુનિયાના કડવા અનુભવો થાય તો પણ આપણે આપણી છેવટની શ્રદ્ધામાંથી ન ચળીએ. દુનિયાની અને આપણી સેવાની આ રીત છે.

★

ઈશ્વર પેટલીકર

સંસ્કાર સીંચનારું પર્વ

આઝાદી મેળવ્યાને તેર તેર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. આઝાદીની ખુમારીને બદલે નિર્માલ્યતા, અનીતિ, અને સુસ્તી આપણી ઊગતી પ્રજામાં પેસી ગયાં છે અને આપણે દમામથી દર વરસે સ્વાતંત્ર્ય દિન ઉજવીએ છીએ! સંસ્કાર સીંચવા માટેનું એ પર્વ બને તો.

મારા એક મિત્રની દીકરીનો જન્મ ૧૫મી ઓગસ્ટ આજના દિવસે થયો હતો. હું તેને કહું છું કે તું કેવી ભાગ્યશાળી કે તારો જન્મ-દિવસ આખો દેશ ઉજવે છે! આ ૧૫મી તારીખે એને બરાબર તેર વર્ષ પૂરાં થઈ ૧૪મું વર્ષ બેઠું. ગયા રવિવારે એ મારે ત્યાં સાયકલ ઉપર આવી હતી. સાંજ પડતી જોઈ મેં એને કહ્યું: 'તું હવે જા. તારી પાસે બત્તી નથી.'

એણે એની સત્તા ન હોય તેમ રોફથી માનાર્થે જવાબ આપ્યો: 'આપણને રોકનાર કોણ છે?'

હું: 'કેમ તારા બાપુજીનું રાજ છે?'

'સાયકલ ઉપર રોજ નિશાળે જાઉં છું એટલે પોલીસ નાકાવાળા દીકે ઓળખતા હોય છે.'

'ઓળખતા હોય એટલે ગુનો કરવાનો?'

'પોલીસે જ એક વખત અમને બેસવા કહ્યું હતું. અમે બે બહેનપણીઓ રાત્રે સાયકલ ઉપર જતી હતી અને નાકા આગળ પોલીસની નજરે ન ચડી જવાય એટલે ઊતરી ગઈ હતી, પોલીસે જ અમને કહ્યું કે બેસી જાઓ.'

'પણ કોઈ કાયદાપાલનનો આગ્રહી હોય અને રોકે તો?'

'ખોટું નામ લખાવી દેવાનું!'

જાણે એ પોતે કેટલી હોશિયાર હોય તેવા ગૌરવ સાથે એણે જવાબ આપ્યો હતો. પછી તો એ સાયકલ ઉપર વિદાય થઈ ગઈ પણ હું એનો જ વિચાર કરતો રહ્યો. એની પેઠે આપણા દેશમાં સ્વરાજ્યને દિવસે અને તે પછી કેટલાય બાળકો જન્મ્યાં હતાં. સ્વરાજ્યથી ભારતમાં નવો યુગ બેઠો એમ આપણે જો કહીએ તો એ બધા નવા યુગમાં જન્મેલાં થોડાં વર્ષમાં નવજવાનો બનશે અને ભારતનું ભાવિ એમને ઘડવાનું રહેશે. એ પેઢી પોતાની જવાબદારી બરાબર અદા નહિ કરી શકે અને તેમનામાં કાયદાભંગની મનોવૃત્તિ આપણે જોઈશું તો વૃદ્ધાવસ્થાને આરે પહોંચેલા આપણે એમનો દોષ કાઢીશું. આ પ્રશ્ન મારી ન પાકી. આજે પણ આપણે વિદ્યાર્થીઓને, જુવાનોને કાયમ દોષ દેતા હોઈએ છીએ.

પરંતુ આ તેર વર્ષની કિશોરી સાયકલ-માર્ગમાં કાયદાનો ભંગ કરવામાં કંઈ અજુગતું જોતી નથી અને કદાચ પકડાઈ જવાનું બને તો ખોટું નામ લખાવવા જેટલી 'હોશિયાર' થઈ ગઈ છે, એમાં એનો દોષ કરતાં આપણી પેઢીનો દોષ ગણવો જોઈએ. તેર વર્ષમાં જો એને કાયદાભંગ કરતાં શરમ જેવું વાતાવરણ ન મળ્યું હોત અને કાયદો પાળતા શિસ્તબદ્ધ નાગરિકોનું આચરણ જોવા મળ્યું હોત તો એને આવો વિચાર આવત નહિ. એનાં માબાપ મારા મિત્ર છે. છેલ્લાં પંદર વર્ષથી એમને પણ હું ઓળખું છું. આપણા દેશમાં જે પ્રજાજનો કાયદાપાલનના, ફરજ અદા કરવાના વર્ગમાં આવે તેમાં એમનો સમાવેશ થઈ શકે તેવો છે. કેવળ માબાપના આચરણની અસર બાળકો ઉપર થતી હોત તો એ કિશોરીને આ જાતના સંસ્કાર પ્રાપ્ત ન થયા હોત તેમ હું માનું છું. પરંતુ એ રોજ નિશાળે સાયકલ ઉપર જાય છે ત્યારે રસ્તા ઉપર એકને બદલે બે જણાંને બેઠેલા જુએ છે. રાત્રે બત્તી વગર જતા પ્રવાસીઓને પણ એ જુએ છે અને એ વાતાવરણથી ટેવાઈ ગયેલા પોલીસને કાયદાનું પાલન કરી પગે ચાલતી કિશોરીઓની દયા આવે છે એટલે એ કાયદો ભંગ કરવાની એમને સલાહ આપે છે—કાંઈ વાંધો નહિ, બેસીને જાઓ!

મને એવું દૃશ્ય પણ યાદ છે, એક રીક્ષામાં ત્રણ જણ (?) લેખકો બે હતા! અમદાવાદમાં બસ સર્વિસની આમ

તો સારી સગવડ છે પણ અમુક ભાગમાં જવું હોય ત્યારે ટૂંકા રસ્તામાં બસ બેત્રણ બદલવી પડે અને તેથી સમય વધારે જાય. રીક્ષાનું વાહન મળી જાય પણ એ બે જણ હોય ત્યાં સુધી ઉપયોગી. આ અગવડ ન વેઠવાને કારણે પેલા ત્રણ અનિર્દિષ્ટ લેખકો કાયદા-ભંગની ખબર લેવા જાતાં આવ્યા. રીક્ષાવાળાએ ભાડું વધારે મળશે એ લોભે અને પોલીસનાકું કોઈ પસાર કરવાનું ન હતું તે ગણતરીએ તૈયારી બતાવી. પોલીસે એમને ન જોયા અને હેમખેમ એ પહોંચી ગયા. પરંતુ એ રીક્ષામાં બેસીને જતા હશે ત્યારે બીજા ગદ્યકારી-ઓએ અને બાળકોએ એમને જોયા હશે તેમને શું સંસ્કાર મગજમાં પડ્યા હશે?

ચારેક દિવસ ઉપર એક 'ટેમ્પો' ગાડીને બતાવતા એક જવાબદાર સ્નેહીએ મને કહ્યું 'લાગવગની બલિ-હારી તો જુઓ! ચાર પૈસાની ભાડાની ટેક્ષીમા ત્રણ ઉતારુઓને બેસવાની છૂટ છે અને આ ત્રણ પૈસાની 'ટેમ્પો'મા ચાર જણને બેસવાની પરવાનગી સરકારે આપી છે!'

આમ સરકારી તંત્ર, જેને કાયદાપાલનનો આગ્રહ રાખવાનો છે તે આવું વર્તન કરે, લેખકો જે સમા-જને માર્ગદર્શન આપે તેવી આશા રાખવામાં આવે તે થોડી અગવડ વેઠવાની આવે ત્યારે કાયદાભંગમા ખેંચાઈ જાય, અને એવું જ સામાન્ય બીજા નાગરિકો પણ કરતા હોય ત્યારે એ વાતાવરણમા ઉછરનાર નવી પેઢી એ વારસો પ્રાપ્ત કરે તેમાં દોષ એ નવી પેઢીનો કે એને વારસો આપનારનો?

વાહનવ્યવહારનો આ કાયદો પળાવવા પાછળનો હેતુ શો છે? અકસ્માતો ન થાય અને પ્રવાસીઓના જાનનું રક્ષણ થાય. સાયકલ જેવા વાહનમાં બે જણ સ્વારી કરે અને હાંકનાર કાબૂ ગુમાવે તો સાયકલ ગબડી પડે અને જો તે વખતે કોઈ વાહન ત્યાં થઈને જતું હોય તો અકસ્માત થાય. આમ સમાજના રક્ષણ માટે ઘડેલા કાયદા જો પ્રજા ન પાળે તો એને જ એનો ભોગ થવું પડે, એને એટલે જે ભંગ કરે એ જ વ્યક્તિને એવું નહિ, પણ એ સમાજની બીજી વ્યક્તિ પણ એનો ભોગ બને છે. જેમ સાયકલ વખતે બોર્ડ નામ લખવાની મનોવૃત્તિ છે, તેમ મોટરથી અકસ્માત થાય છે ત્યારે જો એ સ્થળ નિર્જન હોય તો મોટર-ડ્રાયવર પૂર ઝડપે ચાલ્યો જાય છે ટ્રકના ડ્રાયવરો બેજવાબદારીથી હાંકે છે તેમ લોકો તરફથી ફરિયાદ ઊઠતી હોય છે, તેમા તથ્ય પણ હશે. પરંતુ એ કાયદા-ભંગની બેજવાબદારી એમનામાં આવી ક્યાંથી? આપણે ટ્રક-ડ્રાયવરો ન હોઈએ એટલે તે રીતે અમે હોઈએ તો ન વર્તીએ એમ કહી શકીએ, પરંતુ આપણે સાયકલ હાંકતા હોઈએ છીએ ત્યારે બે જવાબ-દારીથી વર્તીએ છીએ તેનું શું? સાથે નીકળનારા મિત્રો આખો રસ્તો રોકીને ચાલે છે કે નહિ? પોતાની કારમાં જનાર પગે ચાલનારાઓનો વિચાર કરે છે? ગયે અઠવાડિયે, સાંજના અમે બે મિત્રો ફરવા જતા હતા ૭-૨૫ થઈ હતી. વાડજ આગળ મોટરવાન આવી અને વરસાદને લીધે અમને છાંટા ન ઊડે તે માટે વાનને મિત્રે હાથથી નિશાની કરી. પણ એને અમારી કંઈ ન પડી હોય તેમ ધરાર હાંકી અને એણે જે કાદવવાળા છાંટા ઉડાડ્યા તેથી મારાં કપડાં ધૂળેટી ખેલ્યા જેવાં થઈ ગયાં! અને એ જ રીતે પગે ચાલનાર રાહદારીઓ પણ એટલી જ બેજવાબદારીથી રસ્તા વચ્ચે ચાલતા હોય છે. જાણે પોતાને અકસ્માત ન થાય તે જોવાની જવાબદારીથી કેવળ વાહન હાંક-નારને જ માથે હોય! આમ વાહનવ્યવહારના કાયદા-ભંગની રીતે આપણે વર્તતા હોઈએ છીએ ત્યારે આપણે આપણા હિતનો વિચાર નથી કરતા ત્યાં સમાજના હિતનો કેટલો વિચાર કરવાને લાયક ગણાઈએ?

આપણી આઝાદીને આ ઑગસ્ટની ૧૫ મી તારીખે તેર વર્ષ પૂરાં થઈ, ચૌદમું વર્ષ બેઠું. એ ગાળામાં આર્થિક વિકાસની દૃષ્ટિએ મોટી મોટી યોજનાઓ થઈ છે તેને અમુક પ્રમાણમાં સિદ્ધિ ગણાવી શકાય. ત્રીજી પંચવર્ષીય યોજના બીજી કરતાંય થોડી મોટી હોવાનો

અંદાજ પ્રગટ થયો છે. એ રીતે આવતાં પાંચ વર્ષમાં આર્થિક વિકાસ વધશે પણ ખરો. પણ એથી આપણી લોકશાહીની ભાવના વિકસી રહી છે તેમ ન કહી શકાય. પરદેશી સરકાર કે રાજાઓ લોકોના પૈસાનો જે બગાડો પોતાની મોજમજામાં કરતા હતા, તે બગાડો આપણી સરકારે ઓછો કર્યો છે? વહીવટી ખર્ચનો બોજો પ્રજા પર દિવસે દિવસે વધે છે કે ઘટે છે? પ્રધાનો અને અમલદારો પ્રજાના પૈસાનો દુરુપયોગ ન થાય તેમ માની કરકસરભર્યો વહીવટ કરે છે? લાંચ-રુશ્વત ઓછી થઈ છે? લોકોનું કામ ઝડપથી સરકારી તંત્રમાં થાય છે? પ્રજા પણ આ પોતાની સરકાર છે એટલે કાયદેસર નીકળતી કરવેરાની રકમ ભરવા ઘડાઈ છે? જો સરકારને પ્રજાજન વ્યાજબી કરવેરા ન ભરે તો એનો લાભ સમાજને મળે શી રીતે?

મારો એક મુરબ્બી એક સાધુ-મહારાજ સાથે પગપાળા જાત્રા કરવા પ્રવાસે નીકળ્યા હતા. સુખી ઘરના હતા અને વાહનમાં ફરવા ટેવાઈ ગયેલા હતા. શરીરે પણ સ્થૂળ એટલે એમને માટે ચાલવું અઘરું ગણાય. એવા સુખી-શ્રદ્ધાળુ યાત્રી પોતાના સંઘમાં હોય એને પોતાની પ્રતિષ્ઠા માની મહારાજ ગૌરવ લેતા હતા. પરંતુ એ મુરબ્બી બીજી બાજુ ઇન્કમટેક્ષમાં જેટલી ચોરી થઈ શકે તેટલી કરતા હતા.

જૈનોમાં ઉપવાસ વગેરે આચારોનું ઘણું મહત્ત્વ છે. પરંતુ એ પહેલાં વ્યક્તિમાં કયા ગુણો હોવા જોઈએ અને તે ન હોય તો ઉપવાસનાં વ્રત-નિયમો ઉપયોગી નથી તેનો બોધ આપતાં જયશેખરસૂરિએ ઉપદેશ ચિન્તામણિમાં કહ્યું છે, જેણે દુઃખ માત્રના કારણભૂત લુચ્ચાઈ, લોભ, ક્રોધ, માન આદિ કષાયનો ત્યાગ નથી કર્યો, તેવા જડ લોકો બાપડા નિરપરાધ શરીરને તપકાયો-ત્સર્ગ વનવાસ આદિ કષ્ટક્રિયાથી શું કામ પીડતા હશે?

મતલબ કે, માણસે આત્માના વિકાસ માટે મથતો કરતાં પહેલાં જે સમાજમાં એ રહે છે તે સમાજના ધારણ માટેના જે નિયમો—આચારો ઘડાયા હોય તે પ્રથમ પાળવા જોઈએ. પણ જો એ પ્રાથમિક આચારો પણ એ પાળવા તૈયાર ન હોય તો આત્માની ઊંચી ભૂમિકાએ પહોંચવાની એની લાયકાત શી રીતે ગણાય? જે પ્રાથમિક શિક્ષણમાં પસાર થવાની કક્ષા પ્રાપ્ત ન કરે તે ઉચ્ચ શિક્ષણ શી રીતે લઈ શકે? જ્યાં આપણે જોઈએ છીએ કે પ્રજાનો મોટો વર્ગ પોતાની જાતને ધર્મનિષ્ઠ માની વ્રતો ક્રિયાઓમાં ભક્તિ ધરાવતો હોય છે અને બીજી બાજુ સમાજના હિતના કાયદા પાળવામાં એટલી જ ઉપેક્ષા કરતો હોય છે એટલું જ નહિ, પણ એની જરૂર સ્વીકારતો પણ નથી!

છેલ્લાં તેર વર્ષમાં, આઝાદીનો યુગ શરૂ થયા પછી પ્રજામાં સમાજના હિતમાં જ પોતાનું હિત છે, એ ભાવના પ્રબળ થવી જોઈએ તે થઈ નથી. અને થઈ શકે તેવા સંસ્કાર વડીલો તરફથી આચરણદ્વારા ઊગતી પ્રજાને મળતા નથી. આમ આપણે આઝાદીને લાયક પ્રજા વર્તે તેવાં બી વાવી રહ્યા નથી અને પછી તેનાં જે ફળ આવશે તે સારાં ન પાક્યાં તેનો દોષ નવી પેઢીને દઈશું તો એ બરાબર નહિ ગણાય. ૧૫ મી ઑગસ્ટના તહેવારને આપણે રાષ્ટ્રિય તહેવાર તરીકે ગણીએ અને તે દિવસે એના પ્રતીક તરીકે ધ્વજ ફરકાવીએ તે પૂરતું નથી. રાષ્ટ્રની આઝાદી એટલે પ્રજાની આબાદી એ અર્થમાં પ્રજાનો સદાચાર ઘડાય તે તરફ પૂરતું લક્ષ આપવું જોઈએ.

ભૌતિક સુખ તરફ પશ્ચિમ વધુ ને વધુ ઢળતું ગયું છે, એનું અનુકરણ કરી આપણે ઉદ્યોગો વધારીએ, ઉત્પાદન વધારીએ એની ના નથી, પરંતુ સાચા સુખ માટે કેવળ ભૌતિક સુખ પૂરતું નથી. તેમાં સદાચારનું સુખ મળે ત્યારે જ એ પૂર્ણ બને છે. પરંતુ આજે તો સદાચારને વેદિયાવેડામાં ગણવા જેવો પ્રત્યાઘાતી પ્રવાહ જોર કરી રહ્યો છે. અને એ રીતે જો એનું જોર વધ્યા કરશે તો દેશમાં ભૌતિક સમૃદ્ધિ વધશે તો પણ પ્રજા સાચા અર્થમાં સુખી સંસ્કારી અને નાગરિક ભાવનાવાળી નહિ હોય. આઝાદીનું રાષ્ટ્રીયપર્વ આ સંસ્કાર પ્રજામાં સીંચનારું બને તેમ આપણે ઇચ્છીએ.

*

પન્નાલાલ પટેલ

પગરખાંની પાંખે

આપણા જાણીતા વાર્તાકાર હવે બાળવાર્તાઓ પણ લખતા થયા છે. તેમની બાળવાર્તાઓનો સચિત્ર પ્રથમ સંગ્રહ 'વિધાતાનું વાવેતર' નામથી ભારતી સાહિત્ય સંઘ પ્રગટ કરે છે તેમાંથી આ વાર્તા અહીં મૂકી છે જે બાળકો અને મોટેરાંઓને એક સરખો રસ ચખાડશે...

'જાઓ 'લ્યાં છોકરાં. આપણું ઘોડું શોધી લાવો. તળાવની પચોરમાં હશે.' ગામના દુકાનદારે કહ્યું.

પણ કબડ્ડી રમતાં છોકરાંએ કંઈ ખાસ ધ્યાન ન આપ્યું. શેઠે ઉમેર્યું: 'જાઓ, જે લાવશે એને પાશેર ખજૂર.'

ને ખજૂરના નામે એ આઠ-દસ છોકરાંનાં મોંમાં પાણી પાણી થઈ ગયું.

પણ પાશેર ખજૂર ખાવું એટલે પાશેર લોહી ખોવું! તળાવના એ નીચલા ભાગમાં બાવળ હતા. પછી કાંટા તો જ્યાં ત્યાં હોય જ ને? ને શેઠનું ઘોડું કંઈ ભણેલું ન હતું કે શેઠ બોલાવે છે એમ સાંભળી આગળ થઈ જાય! ઊલટાનું 'ગણેલું' હતું. છોકરાંને જોતાં જ સમજી જતું ને અવળી દિશાએ ચાલવા માંડતું.

આ બધાં ખેડૂતોનાં છોકરાંમાં એક તલાટીનો છોકરો પણ હતો. એક એની જ પાસે જોડીઓ હતી. એને એક બીજા છોકરાએ કહ્યું: 'હેંડ ચંપક, લઈ લે તારી જોડીઓ. હેંડ, હમણાં શોધી લાવીએ.'

બીજાની આ અક્કલ જોઈ ત્રીજાને એની ઈર્ષા આવી. કહ્યું, 'એ ચંપક, જો જતો આ ચમનિયો તો લુચ્ચો છે. કાંટામાં એ દોડશે નહિ ને ઠાલો ઠાલો ખજૂરમાં ભાગ પચાવશે'

પણ ચંપક કંઈ કાચો ન હતો. એ જાણતો હતો કે ઘોડાના વાંકે પોતાનાથી દોડાવાનું નથી-ને જોડીઓ એકલી ઘોડું કંઈ પકડી લાવવાની નથી.

ચીમને પણ એને એ જ વાત કરી—ગળામાં હાથ નાખી એક પા લઈ જતાં કહ્યું: 'જો, તારી જોડીઓ ને મારા પગ, ઘોડું હું શોધી લાવીશ. પછી અડધું ખજૂર તારું ને અડધું મારું. અરે, એક ગાંઠિયો તને વધારે, પછી તો બસ ને?'

ચંપકને વહેમ હતો. એક છોકરાએ પોતાની જોડીઓ હોવા છતાંય ચોથો ભાગ જ આપ્યો હતો, પોતે વધારે માગવા ગયો ત્યારે કે' છે: 'મૂરખા, જોડીઓનો ભાગ જોડીઓ જેવો! દોડી દોડીને આંટો મારો નીકળી ગયો એ કાંઈ નઈ કે?' એટલે ચીનમની વાત ન માનતો હોય તેમ કહ્યું: 'જોજે હોં! પછી પાછળથી ફરી જઈશ તો નહિ બને.'

'પણ તું ભાગ પાડજે, પછી તો ખરું ને!'

ચંપકને શી ખબર કે ચીમનને જેટલો જોડીઓ પહેરવાનો રસ છે એની પા પાંખડીય ખજૂર ખાવાનો રસ નથી? અરે એવું હોત તો ચીમન ચોથો ભાગ લેવાય, કબૂલ થઈ જાત.

પણ ચંપકને તો જોડીઓના બદલામાં અડધો ભાગ મળે એ જ ઘણો હતો. ને કબૂલ થઈ ગયો, 'તો હેંડ ભલે!'

બેઉ જણે પીઠ ફેરવી. ચંપકના ઘેરથી જોડીઓ

લીધી. તળાવ તરફ ચલતી પકડી. ફરી વટાવતાં દોટ મૂકી....

ઘડીકમાં તો તળાવની પાળ ઉપર જઈ ઊભા. ચીમને નીચેના ભાગ ઉપર નજર દોડાવી. જોયું તો બાવળનાં છૂટાંછવાયાં ઝાડવાંમાં ચાર પાંચ ગધેડાં ને ત્રણેક ઘોડાં ચરતાં હતાં. ચંપક પહેલાં ચીમન બોલી ઊઠયો :- 'પેલું ચરે...! પેલું અબળખ છે એ જ, ચંપક. જોયું ને ?'

ચંપકે ડોકું હલાવી હા ભણી.

'બોલ, જાય છે કે જઉં ?' ચીમને, જાણે પોતાની પહેરી હોય એ રીતે ચડ્ડી ચડાવતાં પૂછ્યું.

'જા તું.' ચંપકે કહ્યું.

'કાઢ જોડીઓ.' કહી ચીમને, પગ જાણે પેંગડે ઘાલવાનો હોય એ રીતે આગળ કર્યો. જોડીઓ પહેરતાં કહ્યું : 'જા, તું પેલું નાકું સાચવ. પછી તો નેળિયે ચડી જશે.'

પગમાં જોડીઓ પહેરતાં જ હર્ષઘેલા ચીમનને ઊંડું ઊંડું થઈ રહ્યું. ને એમાં વળી પાળનો ઊતરતો ઢાળ !

અરે, પાળ ઊતર્યા પછીય એને દોડતો જોઈ ચંપકને થવા લાગ્યું : એ જાણે ઊડી જ રહ્યો છે.

ને પછી તો ચંપકને એ ઝાડવાંવાળી પચોરમાં ચીમન અને ટટ્ટુ કોઈ વાર જાણે સંતાકૂકડી રમતાં હતાં તો વળી બેન ઘેનં.ને ડાહીનો ઘોડો પણ રમતાં લાગતાં.

જોઈ જોઈને થાકચા પછી ચંપકે બૂમ પાડવી શરૂ કરી : 'અલે, આ પા વાળ....આવવા દે....આગળ ન ફર, પાછું વળી જશે'....ને સાચે જ ઘોડું જ્યારે પાછું વળી ગયું ત્યારે તો એ ચીમન ઉપર ખિડાઈ જ ઊઠચો : 'શે તારા બાપને ! જા વાળી લાવ પાછું !'

બિચારો ચંપક ! એ શું જાણે કે ચીમન ઊડવા શીખેલા પક્ષીની જેમ રમણે ચડચો હતો ? એને તો હજુય આ પહેરેલી જોડીએ, નફકરા બની બાંટાં કૂદવાં હતાં તો છુટ્ટા પગે કાંટા જાણે ખૂંદવા હતા ! તો ઘોડાનેય ભેગી ખબર પાડવી હતી...

સાચે જ ચીમનને, આ દસ-બાર વર્ષની *ઉમ્મરમાં આજના જેવો આનંદ કશામાં* નો'તો આવ્યો—તળાવની પાળે ને જાંબુની ડાળે, પેલો હીંચકો હીંચવામાંય નહિ.

ઘોડું નેળિયે ચડાવ્યા પછીય એની ઇચ્છા જોડીઓ કાઢી દેવાની ન હતી. ચંપકને એ માગવી પડી : 'લાવ જોડીઓ, મારા બાપા જાણશે તો મારશે મને.'

દોડવાનું બંધ થતાં ચીમનને ખબર પડી કે પગે એ ડસતી હતી. પણ એને તો એવું લાગતું હતું : જોડીઓ પગે જાણે ચૂમીઓ ન ચોડતી હોય !....

ખજૂર ખાતાં ખાતાં એને વિચાર આવ્યો : ઘેર જઈને મા આગળ બસ રઢ જ લેવી : 'ચંપક જેવી મારે જોડીઓ સિવડાવ.'

પણ બીજી બાજુ એનો અંતરાત્મા કહી રહ્યો હતો કે નથી મા સાંભળવાની કે નથી બાપા કાંઈ કાને ધરવાના. ને પોતે જ પોતાનું મન મનાવવા લાગ્યો : 'ચંપકના બાપા તો તલાટી છે. એમને કાંઈ ધના ચમારને પૈસા ઓછા

આપેવા પંડે છે !'—

ને છતાંય એ ઘેર ગયા પછી મા આગળ ધમપછાડ કરવા લાગ્યો : 'બસ, આજ ને આજ ચંપકના જેવી જોડીઓ મિવડાવ.'

માને હતું કે છોકરું છે તે સાંભર્યું એ વખતે માગે, પછી ભૂલી જશે.

પણ ચીમન તો—મા એને ખેતરે મોકલે તો—કે', 'લાવ જોડીઓ, તો જઉં.' મા રેંટડું બાંધવાનું કે' તો ય, 'જોડીઓ આલે તો બાંધું.' અરે, લોટો ભરવાનું કે' તોપણ, 'જોડીઓ આલે તો જ ઊઠું' આમ જ કર્યા કરતો હતો. એક-બે દિવસ તો નિશાળે પણ ન ગયો.

એની આ રઢથી થાકી બાપાએ તો એક દિવસ તમાચો પણ ચોડી ઘાલ્યો. દમ પણ ભરાવ્યો : 'તારે ભાણુ ભણી જવું છે, પણ ખબર રાખ, પગરખાં તો એક પા રે'શે ને પરોણો પડશે તો પગ જ કાં તો ભાગી જશે. તારાથી નાનાં આ ત્રણ ભાયડાં ખરાં કે ખોલકા જેવો તું મોટો ખરો ?'

આ પછી થાક ખાઈ બેઠેલા ચીમનની જબાન જોડીઓ માગતી બંધ પડી ગઈ.

પણ માએ જોયું તો એનાં આંખોમાં જોડીઓનું જ એક રટણ હતું. અરે ઘરમાં પડતું એનું પગલે પગલું જાણે જોડીઓ જોડીઓ ઝંખી રહ્યું હતું !

પણ માય બિચારી શું કરે ! છોકરાંના અંગ ઢાંકવાં મુસ્કેલ હતાં. પછી પગ શણગારવાનો તો એ વિચાર પણ કેમ કરી શકે ?

ત્યાં તો માના પ્રેમે મગજમાં જાણે જ્ઞાન પ્રગટાવ્યું—ચીમનને પટાવતાં પટાવતાં સૂઝી આવ્યું, કહ્યું : 'જોડીઓ પે'રવી હોય તો એમ કર, બેટા, મોડા વે'લું કરીને ખેતરોમાંથી મગફળીઓ ઘધોડી (ખોળી) લાવ.'

ચીમનની જોડીઓ માટે જ ન હોય તેમ કેટલાકોએ મગફળીઓનું વાવેતર ગામમાં પહેલી વાર કરી જોયું હતું.

માની આ વાત સાંભળી ચીમન તો એવો રાજી થઈ ઊઠ્યો—જોડીઓ જાણે હાથ વેંતમાં જ ન હોય ! અરે નિશાળમાં જવાનો સમય થવા આવ્યો હતો છતાંય એણે, જમીન ખોતરવા દાતરડું લીધું, મગફળી વીણવા સૂંડલી સંભાળી ને 'એટલી વારમાં જે ચાર સીંગો હાથ આવી એ !' આમ કરી, ઊપડી ગયો ઘર પાછળ આવેલા મગફળીના વાવેતર વાળા ખેતર ઉપર.

પણ એમ તે કોણ જમીનમાં મગફળી રહેવા દેતું હશે ? અડધો કલાક મથ્યો ત્યારે માંડ દસ સીંગ મળી !

પણ ચીમન એમ હિંમત હારે એવો ન હતો. રજાના દિવસે તો એ નદીપાર આવેલાં બહોળાં વાવેતરવાળાં ખેતરોમાં ઊતરી પડતો. દાતરડાની ચાંચે ચાંચે બેડને ખોતરતો. આંગળીઓ વડે ગાટીને ફંફોળતો. ને એમ કરતાં એના અંગૂઠા જેવી મગફળીને પટ કરતીકને પકડી પાડતો. બપોર થતાં એક એક કરતાં એકાદ શેર તો થઈ જ જતી. આંગળીઓનાં નવેળાં (નખ આસપાસની ચામડી) ઊખડી ગયાં હતાં. પણ એવા દુખાવાને ગણકારે તો તો ચીમન જ નહિ ને ?....

પાંચ શેર થતાં ઊપડયા હરિજનવાસમાં. ધનાકાકા એના ઘરાક હતા. જઈને કહ્યું : 'ધનાકાકા, મારી જોડીઓનું પરમાણું લઈ લ્યો !'

ધનાકાકા મશ્કરીમાં હસ્યા. કહ્યું : 'લાવ, કેટલા પૈસા લાવ્યો છે ?'

ચીમને માથું ખંજવાળતાં કહ્યું : 'પૈસા તો— પાંચ શેર મગફળી થઈ છે ને બીજી પાંચ શેર આ રજાઓમાં થઈ જશે.'

ધનાકાકાને કંઈક પતિયાર પડયો. હાથના આંગળ ભરી માપ લેતાં કહ્યું : 'જા, પૈસા લઈને આવજે હવે !'....

ને દસમે દિવસે તો ધનાકાકાએ ચીમનના પગમાં ચમચમતી જોડીઓ પહેરાવી દીધી. ચીમનના રૂપાળા લાગતા પગ સામે જોઈ બોલ્યા : 'છે ને હાથણી જેવી ?'

જોકે જોડીઓ જરાક નાની તો પડતી હતી. પણ કયારેય પહેર્યા વગર ચીમનને શી ગમ ! એને થયું : 'આવી કાઠી હોય તો જ પગમાં પકડાઈ રે' ને ?'

ધનાકાકાનેય, જરા કડક જોઈ કે'વું પડયું : 'જા તેલ ચોપડીશ એટલે બરાબર આવી રે'શે.'

ને જોડીઓ પહેરી ચીમન, જાણે મલકાતી ચાલે ચૈડ ચૈડ બોલાવતો ઊભે ગામથી પસાર થયો—ભાઈબંધોને ભાળતો તો મોટેરાંનું ધ્યાન ખેંચતો.

પણ જ્યાં ઘેર પહોંચ્યો ત્યાં તો એનાથી બે વરસે નાનો ભાઈ જોડીઓનો જાણે માલિક જ થઈ બેઠો. 'પે'રવા દે ! પે'રવા દે !.... થોડી વાર પછી કાઢી આપીશ. જરા આપણી આ ફળીમાં ફરી આવું'....આમ કરી કરીને પહેરેલી જોડીઓ એ કાઢતો જ ન હતો.

તો એનાથી નાનાએય વગર સમજ્યે રડારોળ કરી મૂકી : 'મારે પે'રવી....મને આલ....' એમાં વળી ચીમને પેલા પાસેથી ધણીઓ મારી જોડીઓ ઝૂંટવી લીધી. ને આખાય ઘરમાં જોડીઓએ રડારોળ મચાવી મૂકી.

થાકયા પાકયા બાપા ઊઠી ગયા ને તે બધાંયને ટપલી ટપલી પરસાદી પીરસી કાઢી. ચીમનને થોડીક વધારે—મોટો હતો ને ! કહ્યું : 'પગરખાંની પાંખે તું ચડયો છે તે ખાતો જા, લે.'

આ જોઈ પતિ ઉપર વળી મા ચિડાઈ.

ને ઘડી ભર માટે આખાય ઘરમાં હાલક હુલક મચી રહી.

શાંતિ છવાઈ ત્યારે ગુસપુસ તો ચાલુ જ હતી. નાનો ભાઈ ચીમનને કહેતો હતો : 'ખબર રાખ. જો જોડીઓ કૂવામાં ન નાખી દઉં તો !'

'પણ તારા હાથમાં હું આવવા દઈશ તો ને !' ને સાચે જ જોડીઓને એ એવી જગ્યાએ સંતાડતો કે ખુદ માનેય ન જડી શકે.

પહેરતો પણ કોઈક જ વાર. કારણ નાના ભાઈની જેવી બીક હતી એવી એક બીજી બીક ફાટી જવાની હતી. એટલે જ તો ઉનાળામાંય એ ભાગ્યે જ પહેરતો હતો. અરે પેલું ખજૂર ખાવામાંય એ બનતાં સુધી તો ચંપકનો જ ભાગ રાખતો હતો : 'તારી જોડીઓ ને મારા પગ.'

જ્યારે ચોમાસામાં તો એણે માળા ઉપર જ ચડાવી દીધી—ને તે પણ 'અંતરમંતરમાં' !

તો શિયાળાંમાંય શી એની જરૂર હતી ? 'અમથી જૂની થાય ને ફાટી જાય.' એટલે મહિને જતી સાફસૂફ કરીને હતી ત્યાં પાછી મૂકી દેતો હતો. નાનાની દાઝ ને દાટી હજુ અકબંધ હતી તો ચીમનનો પડકારેય અડીખમ ઊભો હતો : 'તને જડશે તો ને પણ !'
એક દિવસ આ બેને અમ ઝઘડતા જોઈ માએ, આ મોસમમાં વળી નાનાને સલાહ આપી : 'તો તુંય બેટા પોર ભાઈ લાવ્યો એમ ઘ ઘોડી લાવને મગફળીઓ !' મોટાને પણ ભલામણ કરી : 'તુંય જાને એની ભેગો બેટા. એને જોડીઓ આવશે તો તનેય સખે પે'રવા મળશે !' આ વાત ચીમનને ગળે ઊતરી.

ને વળી પાછો ચીમનનો દિવસ, નાના ભાઈની સાથમાં નદી પારનાં ખેતરે ઊગવા લાગ્યો ને રજાનો દિવસ તો આથમતો પણ ત્યાં જ હતો. પણ આ વખતે બે ભાઈ હોવા છતાંય વખત તો એટલો જ લાગ્યો. કારણ ચીમનની જોડીઓએ આખા ગામનાં છોકરાને પાણીમાં લાવી દીધાં હતાં : 'હેંડો 'ટ્યા, ચીમનની પેઠે આપણેય મગફળીઓ ઘ ઘોડી જોડીઓ પે'રીએ.' એટલે પડાપડી જેવું હતું.

ગમે તેમ પણ ચીમને નાના ભાઈના પગમાંય ધનાકાકાની સીવેલી જોડીઓ પંદર દિવસમાં પહેરાવી દીધી.

ને ઘેર આવતાં જ પોતાની જોડીઓ ઉતારવા હર્ષભેર એ માળે ચઢ્યો. હાસ્તો, જોડીઓ લાવ્યાને બાર માસ થવા છતાંય બેફિકર થઈને પહેરી શકે એવો દિવસ તો આજે જ આવ્યો હતો ને ? તેમાંય ચોમાસા પછી તો એણે પગમાં પણ નહોતી ઘાલી.

ને જોડીઓ સાફ કરતાં સૂઝી આવેલા એક બીજા વિચારે તો આ હર્ષનો જાણે ફુવારો જ ઊડતો કર્યો : જોડીઓ પહેરી નાના ભાઈ સાથે શેઠનું ઘોડું દોરી લાવવું ને અડધો શેર ખજૂર આગલું આજે પડાવવું.

અડધા શેર ખજૂરની વાતેય સાચી હતી. શેઠના ભેગું એમનું ઘોડુંય ઘરાકોની મગફળીઓ ખાઈને રાતું માતું થયું હતું. ને માટે જ એને પકડવાના મહેનતાણામાં શેઠે સો ટકાનો વધારો સ્વેચ્છાએ જાહેર કરી દીધો હતો.

પણ હાય ! હર્ષમાં ને ઉલ્લાસમાં જોડીઓ સાફ કરી ચીમન જ્યાં પહેરવા જાય છે ત્યાં જ એને ખબર પડી—અરે પંજો જ પૂરો નહોતો પેસતો પછી પાની આવવાની તો વાત જ ક્યાં રહી !

ને, જોર કરી કરીને, તો જોડીઓને પાણીએ પલાળીને થાકેલો ચીમન એવી તો પોક મૂકી બેઠો કે—

રોટલા ઘડતી ઘડતી મા પણ ફાળ ભરી દોડી આવી : 'શું થયું, બેટા ?' ને ઢંઢોળતાં પૂછવા લાગી : 'મને કે' તો ખરો ?.. છાતી ફાટ તું રૂવે છે શું કામ ?'

જ્યારે પાડોશણ બાઈ એ તો માની અક્કલની કિંમત જ કરી નાખી : 'તમેય શું, સારી બાઈ ! છોરાનો પગ તો જુઓ ? વીંછી ખીં'છીએ ડંખ દીધો છે એટલે તો એ પે'રતાં પે'રતાં—'

ને જોડીમાંથી વીંછી ન નીકળવા છતાંય એ જ એક કારણ કલ્પી લેતાં બાપે તો—ઉપરથી એક મારવાની જ કમર રાખી : 'પગરખાંને બચ્ચો (બોકીઓ) કરતા 'તા તે ઊડો હવે પાંખે !'

પણ ઘડી પછી જ્યારે અસલ વાત જાણી ત્યારે તો એ બધાં એવાં ખડખડાટ હસી રહ્યાં !

પણ એમને શી ખબર કે એમનું આ હસવું ચીમનને કાળજે કાતાનું કામ કરી રહ્યું છે ! હાસ્તો ! એના વાદે વાદે અડધા ગામનાં છોકરાં ભલે જોડીઓ પહેરતાં થયાં હતાં બાકી એને તો આજે, પચોરમાં ઊંડનાં એ છોકરાંને જોવાનું, બળવાનું ને તળાવની પાળે સૂનમૂન થઈ બેસી રહેવાનું જ આવ્યું હતું ને ?

પણ ત્યાં તો પેલાં બધાંના વિખરાઈ ગયા પછી એકલા પડેલા ચીમનનો માણુ જાણે હણહણી ઊઠ્યો—તળાવની પચોરમાં ઘોડું હણહણે એમસ્તો. ચપ દેતોકને એ ઊભો થઈ ગયો. જોડીઓને ઘરમાં મૂકી આવ્યો ને નાના ભાઈને પણ સાથે લીધો, 'હેંડ મારી હારે.' અત્યાર લગી ડઘાઈ રહેલો નાનો ભાઈ પણ મોટા ભાઈને પાછો ઉત્સાહભર્યો જોઈ ખુશ થઈ ઊઠ્યો. પૂછ્યું: 'ક્યાં જઈશું ?'

'તું હેંડ તો ખરો.'—

ને ઉમંગભરી ચાલે ચાલતા બેઉ ભાઈ, ઘડીકમાં તો ગામ બહાર રહેતા ધનાકાકાના નેવાં આગળ જઈ ઊભા.

જેને લીધે આટલી બધી એણુ ઘરાકી ઊઘડી હતી એવા આ છોકરા ઉપર ધનાકાકા ખુશ હતા. એને જોતાં જ થઈ ગયું: 'વળી કોક ઘરાક લાવ્યો.' પણ જુએ છે તો સાથમાં એનો ભાઈ જ હતો.

ત્યાં તો ચીમને ઓટલી ઉપર પોતાનો જ પગ ગોઠવી દીધો, 'લ્યો ધનાકાકા, મારી જોડીઓનું માપ લો હેંડો.'

'પણ તારી જોડીઓ તો હજી પોર મેં સીવી—'

નાનો બોલી ઊઠ્યો: 'એ તો નાની પડી. પગનો પૂરો પંજોય નથી આવતો.'

ધનાકાકાનું મોં સહેજ પડી ગયું. સંભવ છે કે તે વખતે કઠની હતી એનો એમને ખ્યાલ આવ્યો હોય ! ને મૂગા મૂંગા માપ એ લેવા લાગ્યા.

'પણ પૈસા ધનાકાકા, મહિના પછી મગફ-ળીઓ ફોલીને જોડી આપીશ હોં.' ચીમને પહેલેથી ગાઈ બજાવ્યું.

પણ ધનાકાકા તો ઊલટાના રાજી થયા, 'અરે, પોર આલજે ને?'

'ના રે, મગફળીઓ ફોલાવી શરૂ થઈ કે પાંચ શેરનો એક આનો! કસ દનમાં તો અઢી રૂપિયા આમ ખડિંગ ખખડાવ્યાં સમજે ને.'

ને ધનાકાકા, રૂપિયો ખખડાવવાનો અભિનય કરતા ચીમનનાં આંગળાં તરફ એવી નજરે તાકી રહ્યા, જાણે કહેતા ન હોય: 'આંગળીઓને ટેરવે પૈસા નચાવે એવા જ તારા હાથેય છે ત્યારે!'

ને પછી પાંચ દિવસનો વાયદો કરી ચીમનને વિદાય કરતાં કહી રહ્યા: 'દેખ ત્યારે તું'ય આ વખત ધનાકાકાનો હાથ, ચીમન. ખેતરવા પર તું જતો હોય ને લોક ન કે' કે 'ચીમન હેંડંયો!' તો પછી ચેડ મેલીય ધનાકાકાની કામ શું લાગી?'

ને એ જ રીતે પેલા પાંચમા દિવસે જોડીઓ પહેરી ઊભે ગામ જઈ રહેલા ચીમનના પગમાં એવું મઝાનું, 'ચૈ....ડ ચૂં..ચૈ...ડ ચૂં....' થઈ રહ્યું કે—જોડીઓ પહેરેલું છોકરાનું વીંટળાઈને ચાલતું ટોળું તો એના પગ તરફ જ તાકી રહ્યું હતું—અરે પેલા, મઝેદાર અવાજને જાણે પી રહ્યું હતું: ચૈ..ડ ચૂં! ચૈ....ડ ચૂં....!'

*

બ્રિટનના અણુશક્તિ તંત્રે ગમે તેવા ચાલાક ચોરને પણ હંફાવે તેવું ઈલેક્ટ્રોનિક તાળું બનાવ્યું છે. આ તાળું બેસાડેલા બેંક કે તિજોરીના બારણા પર બહારની બાજુએ ફક્ત ૧૨ બટનો નજરે પડે છે અને એકી સાથે ચાર બટનોની બે જોડી દાબતાં જ બારણું હળવેથી ઊઘડી જાય છે. પરંતુ કયાં ચાર બટનોની બે જોડી તે જ મુખ્ય પ્રશ્ન છે. ૪૩, ૫૬ પ્રયાસોમાંથી ફક્ત એક જ પ્રયાસ સફળ નીવડે તો પણ સમયનું એલાર્મ મૂકેલું હોવાથી તે વાત જ બાજવા માંડે છે. કોઈ બુદ્ધિમાન ચોર ઓક્સીએસીટીલીન સાધન વડે ખોલવાનો પ્રયાસ કરે તો પણ એલાર્મ વાગવું શરૂ થઈ જાય છે અને ચોર પકડાઈ જાય છે.

આ ક્રાન્તિકારી ઈલેક્ટ્રોનિક તાળાને લીધે તાળાં ખોલવા માટે ગુંચવણભર્યા ગુપ્ત આંકડાઓ યાદ રાખવાની ઉપાધિમાંથી મુક્ત થવાય છે.

*

ચીનની મુસાફરી કરીને એક જાપાનીસ પત્રકાર પાછો ફર્યો એને પૂછવામાં આવ્યું, ચીનાઓ કહે છે તે પ્રમાણે ખરેખર સુખી છે? ત્યાંનો ખેડૂત સગવડભર્યા ઘરમાં રહે છે? ત્યાં દરેક ઘરમાં બધી સગવડો અને સમૃદ્ધિઓ હોય છે? ખેતીમાં આધુનિક શસ્ત્રોનો ઉપયોગ છે?

'હા,' પત્રકારે કહ્યું: 'આ બધું જ મેં મારી આંખોએ જોયું છે.'

'અરે હા. પણ તમારો બીજો પત્રકાર મિત્ર કેમ દેખાતો નથી? તમારી સાથે જ એ ચકિંગ ગયો હતો. તે પાછો આવેલો દેખાતો નથી!'

પત્રકારે નિસાસો નાખતાં કહ્યું, 'કમભાગે ત્યાં એને કેદીઓની છાવણીમાં રાખવામાં આવ્યો છે, એનું કારણ એ છે કે ત્યાં મેં જે સિદ્ધિઓ જોઈ તે એ જોઈ શક્યો નહોતો!'

'ઊર્મિ–નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામાં સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવું ક્યારેય ભૂલશો નહિ.

'અલગારી'

લખી લો લોહીના અક્ષરે

ગુજરાતના એક જાણીતા કલમનવેશ, ઉપનામનો અંચળો ઓઢીને રાજકારણ, સમાજ અને સાહિત્યને તેમના કટાક્ષચિત્રોમાં રજૂ કરશે. તેમનો પહેલો લેખ ઊર્મિમાં વાચકો માટે આ અંકે રજૂ થાય છે. દરેકને રસ પડે તેવા રોજિંદા પ્રશ્નો પણ છણાશે...

ભૂધરભાઈ એમની લાક્ષણિક રીતે બગડી ઊઠ્યા : 'અલગારીભા...ઈ ? સાંભળો ?...સાંભળ્યું ને ? આ તમારા પ્રોફેસર અનાજના ભાવ વધારવાનું કે' છે એ...? કોંગ્રેસની સામે લડનારી ઘણી પાર્ટીઓ છે પણ એ કોઈ એ—સ્વરાજ આવ્યાનેય બાર વરસ થયાં પણ 'અનાજના ભાવ વધારો ' એમ કે'નાર નીકળ્યો છે કોઈ બાર માથાળો ! માપી લો અક્કલ હવે.'

પ્રોફેસરે ખુમારી સાથે કહ્યું : 'માપી લો નહિ, લખી લો કે જ્યાં સુધી ખેડૂતોને રોકડિયા પાકની સરખામણીમાં અનાજના ભાવો વધારે નહિ મળે ત્યાં લગી કાયદા કરો કે સહકારી કરો પણ અનાજમાં તમે સ્વાલંબી કોઈ કાળે નથી થવાના. ને ભૂધરભાઈ સામે એમનાં જૂનાં ઉકાળનાં ઉમેર્યું: 'લખી લો લોહીના અક્ષરે.'

'આ લ્યો ! છે કાંઈ સમજણ ? આમાં ક્યાં લોહીથી લખવાનું આવ્યું ભાઈ ? !'

ભૂધરભાઈના મો ઉપર પડેલી કરચલીઓ અને કંટાળો જોઈ મારાથી હસી પડાયું. કહ્યું. 'અરે એ તો—ભાષાના પ્રોફેસર છે એટલે સાહિત્યિક રીતે બોલે છે. લોહીના અક્ષરે લખી લો એટલે કે કાળજામાં કોતરી લો એમ કહે છે.'

'પણ આમાં કોતરવા જેવું છે શું અલગારીભાઈ. ધાનના ભાવ વધારવાનું તો પેલા લાલ ઝંડાવાળાય નથી કહેતા...'

'તમે જાણો કે અનાજના ભાવ વધશે તો ભુસાનાય વધી જશે પણ.'

ત્યાં તો સમસમી રહેલા પ્રોફેસર, ભૂધરભાઈને જવાબ આપતાં વચ્ચે બોલી ઊઠ્યા. 'ભાવવધારાની વાત જો લાલ ઝંડાવાળા કહે ને તો તો પેલાં મજૂર-યુનિયનો એ લાલ ઝંડાના ડંડે ડંડે એમની એવી ખબર લે કે લોહીનું જ એમને લાલ ફૂલ બની રહે !. છે કંઈ ખબર ?'

'તો આ નિષ્ણાત કમિટિનો રીપોર્ટ વાંચો. એય ખોટી ? વાંચો આ ચાર ભાગ !'

બાબત એમ હતી કે એક તો, ગુજરાત વેપારી સમેલને ગુજરાતની પંચવર્ષીય યોજના અંગે નીમેલી નિષ્ણાત સમિતિનો છાપામાં અહેવાલ હતો, બીજું જમીનની ટોચ મર્યાદાના પ્રશ્નને છાપાવાળાઓએ મોટાં મોટાં હેડીંગ કરીને ઘોડે ચડાવ્યો હતો. એટલે સ્વાભાવિક રીતે જ અનાજનો પ્રશ્ન, સોમાયટીના કંપાઉન્ડમાં બેઠે બેઠે અમારી વચ્ચે ચર્ચાઈ રહ્યો હતો.

પણ—કોઈને થશે ભૂધરભાઈ રહ્યા ભૂસાના વેપારી ને પ્રોફેસર રહ્યા ભાષાના ભગુરી પછી એમના પેટમાં શું બળી આવ્યું કે અનાજની બાબતમાં એકબીજાથી જોરશોરથી બાખડી રહ્યા છે ?

પણ અનાજની બાબત તો પેટધારી માનવીની મૂળભૂત બાબત છે ને ?

એમા વળી પ્રોફેસર પોતે અસલ ખેડૂત હતા એટલે કે ઘેર એમના ભાઈઓ વગેરે ખેડૂત હતા ને ખેતી ઉપર જ એમનો ગુજારો નભતો હતો.

નિષ્ણાત સમિતિની વાત સાંભળી મોં કટાણું કરવાનો હવે પ્રોફેસરનો વારો આવ્યો. મારી સામે કહ્યું: 'આય ! ન તો પૂરું વાંચે કે ન કંઈ વિચારે ને—'

'તો સમજાવો એમને' મેં હસતાં હસતાં કહ્યું. સાચે જ આ બેની લડાઈમાં મને મઝા આવતી હતી.

'અરે શું સમજાવે ! લાગતાવળગતાઓને ઠેકાણે પાડવામાં આપણી સરકાર એવી નિષ્ણાત થઈ ગઈ છે કે જે સમિતિમાં એ જેને નીમે એ નિષ્ણાત ! એ જ ચીલે ચીલે આ વેપારી સંમેલનેય હવે નિષ્ણાતો નીપજાવવા માંડ્યા છે કદાચ—' કહેતાં પ્રોફેસરે છાપાનું

પાનુ ભૂધરભાઈ સામે ધર્યું 'જુઓ તમારા આ નિષ્ણાતોય કહી ઓગસ્ટના આ છાપામા શુ કહે છે? ને પછી 'સાચા ભાવ વિના આરો નથી' એ મથાળાનુ આખુય લખાણ વાચી મજાગીરના કહ્યુ 'આ લોકનુ વેપારી માનસ હોવા છતાય અનાજના સારા ભાવ આપવાનુ કહ્યા વગર એમનો છુટકો નથી થયો—'

'જોયુ ને અનગારીભાઈ! આ પ્રોફેસરભાઈની દાનત જ એવી છે કે જશ જ કોઈને ન આપવો! આ બાપી સમિતિએ અનાજના ભાવ સારા આપવાનુ લખ્યુ છે તો પણ—'

'પણ અંતમા પાછો તમે કે'તા તા એ સાર તો જુઓ ભરમાવુસ છે ક્યાય ભાવધારાનુ સૂચન? બનકે આ લેખ પૂરો કરતા તો એવી છાપ પડે છે કે જમીનની ટોચમર્યાદા મરવા દો ને વાવેતરેય ખેડૂતોની મરજી ઉપર છોડી દો'

મને પણ આ વિષયમા ઠીક ઠીક એવો રસ હતો, પૂછ્યુ 'તો એમા ખોટુ પણ શુ છે?

'ખોટુ એ કે અહી આ સારમા 'અનાજના ભાવો વધારે આપો' એ વાત ઉપર વજન ઓછાડી પછી 'મરજી મુજબ વાવેતરની વાત છેડી છે હવે તમે જ કો' મરજી મુજબ વાવેતરમા તો રોકડીઓ પાક મગફળી ને કપાસ એવુ જ કરે ને? એમ છે ત્યારે!'

મે છાપુ લઈને જોયુ તો સારમા ક્યાય અનાજના ભાવો વધારે આપવાની વાત જ ન હતી ને એ હિસાબે પ્રોફેસરના કહેવા મુજબ નિષ્ણાતોની આ સમિતિનો અહેવાલ સ્વાર્થમા પરિણમતો હતો કારણ મોટી જમીનો પૈસાદાર વર્ગ પાસે હોવાની ઝાઝી સભાવના હતી તો મરજી મુજબના વાવેતરમા પણ બજારના વેપારને અનુરૂપ રોકડિયો પાક—'

ત્યા તો ભૂધરભાઈ મારા ઉપર છેડાઈ પડ્યા 'પણ તમે કેમ કશી પેલી વાત નથી કરતા? સરકાર બાપી બાર બાર વરસથી ધાન ધાન કરીને ધાન ની રહી છે પણ કોઈ તો આ વાતનો નિચોડ—'

હુ બે લા ગયો 'વિનોબાજી—'

ત્યા તો પ્રોફેસર જાણે સળગી ઊઠ્યા 'મહેરબાની કરીને વિનોબાની વાત તો તમે કરશો જ નહિ. એય શહેરના આ પક્કા ને લુચ્ચા માણસોને છોડી પેલા ભોળા મજૂર ને અજ્ઞાન લોકોનો જ લાભ લેવા નીકળ્યા છે ને સરકારેય—ખરુ કહુ છુ અનગારી ભાઈ મોરારજીનો તમે આંક જુઓ એ આંકમા અનાજના ટકા જુદા પાડો ને પછી કો' કે જે અનાજ ઉપર માણસનુ જીવન નિર્ભર છે એનો કેટલા ટકા ખર્ચ છે ને બાકીનો જે સ્વાદ અને શોખનો જ માત્ર ભાગ છે એના ટકા કેટલા છે?'

ભૂધરભાઈ પણ—પ્રોફેસરની વાતમા કઈક વજૂદ લાગવાથી કે ગમેતેમ ચૂપ થઈને સાભળી રહ્યા હતા, હુ પણ વિચારમા તો પડી જ ગયો હતો ને આ જોઈ પ્રોફેસરને જાણે પાનો ચડ્યો બોલવા લાગ્યા 'એ તો ઠીક છે કે ભારતનો ખેડૂત વેરણછેરણ પડ્યો છે એનામા નથી કોઈ સગઠનની સૂઝ કે નથી ભણવાની બૂઝ' આ સાથે જ એમણે અજાણપણે દાત પીસ્યા 'પણ થોડા વર્ષ એને કેળવાવા દો સગઠનનો મત્ર જરા ભણવા દો ને જુઓ પછી કેવાક આ શિખઉ કસાઈઓ જેમ ફાવતુ તેમ એના જીવન ઉપર ઘસરકા કર્યા કરે છે જો! સરકાર કે' 'છ રૂપિયે મણ ઘઉ!' તો વહેપારી લે ચાર રૂપિયે મણ! પણ એમાના કોઈનેય ખબર છે કે ઘઉ વાવવા માટે સાત સાત તો એને ખેડ કરવી પડે છે ને પકવવા માટે પપ્પાચ વાર એને પાણી પાવા પડે છે'

પ્રોફેસર સાથે જ એટલા બધા ઊકળી ઊઠ્યા હતા કે એમની આખમા એક આસુ આવવા જ લાગ્યુ હતુ ને એ વાતને જરા હળવી પાડવા માટે હસીને કહ્યુ 'અરે પણ—તમે જ કો', અનાજ શા માટે છે?'

'ખાવા માટે'

'તો બસ પછી, આ લોકને ઘઉ ખાતા તો આવડે છે ને?'

'તો આય પકવીને?'

'પણ પકવીને નહિ તો—(મરજી મુજબ—વગર કશી

ગણતરીએ ભાવ બાંધીને ને વગર કોઈ અનુભવે કાયદા કરી) ચકરીનેય ખાય છે ને ?'

પણ આથી તો પ્રોફેસરને ઊલટાનું દુઃખ થયું સાચે જ એમનો અવાજ ગળગળો થઈ ગયો હતો. બોલ્યા તે પણ સ્વગતની જેમ 'સાચી વાત છે! નથી તો એના ખેડૂતોના કામના કલાક કોઈ ગણતું, નથી એના ટાઢ તડકા ને વરસાદની કોઈ નોંધ લેતું નથી એના બૈરાં છોકરાંની રાત-દિવસની મજૂરીનો હિસાબ ગણતું, નથી કોઈ એ અનાજનું પડતર મૂલ્ય ગણી ન્યાયસરનો એને ભાવ આપતું! ને વેપારીથી માંડીને તે સરકાર સુધી બધા જ એની એવી દયા ખાવા નીકળી પડ્યા છે કે—સાચું કહું છું અણગારીભાઈ, ભારતના ખેડૂતની આજકાલ જે ક્રૂર મશ્કરી થઈ રહી છે એવી બીજી આ જગતમાં કોઈનીય થતી હશે કે કેમ એ મારે મન એક ઘણો મોટો સવાલ છે!' ને ઊઠીને એ ચાલતા થયા.

ભૂધરભાઈ પણ, 'વાત તો મારી બેટી ખરી લાગે છે અણગારીભાઈ,' આમ કહીને ઊભા થયા, ઉમેર્યું 'ઘઉંને માટે સાત સાત ખેડ કરવી પડતી હશે ને એટલી બધી વાર પાણી પાવું પડતું હશે એ તો મેં આજે જાણ્યું!' ને એમણેય પગ ઉપાડ્યો.

પણ હું તો—ખુરશીમાં જાણે જડાઈ ગયો હતો આવા વિચારે સરકારને હડતાલ નિષ્ફળ જવા છતાંય આ નોકરિયાત વર્ગ માટે કેટલી બધી છૂટછાટ મૂકવી પડી છે! કારણ? એ લોકોના સંગઠન અને પ્રતિકારને લીધે જ ને! પરદેશમાંથી અનાજ આવે છે એ અહીંના ભાવે તો નહિ જ પડતું હોય ને? જ્યારે એના કરતાં આપણા ખેડૂતને એ જો સારા ભાવ આપે ને શહેરની એની વસ્તીને સસ્તું અનાજ આપી એ પોતે ખોટ ભોગવી લે તો—બીજું કંઈ નહિ તો અમેરિકાના ઉંબરે આપણા પ્રધાનોને પગ ઘસવાનો ને દુનિયામાં ભીખ માટે રાવ કરવાની તો એટલી ઓછી થાય ને? પણ ના! અમાર અહીં રોટી સસ્તી છે એ ભ્રમ પડી ભાંગી જાય ને? તો સેવાભાવી આપણા માનમનેય મેવા કરવા કો'ક ને કો'ક તો જોઈએ જ ને?

પણ ઊંડો વિચાર કરતાં મને લાગ્યું કે આ બધા કરતાંય ખાસ તો મૂંગાને મારવો એ જ જાણે અત્યારે રાજકર્તા વર્ગની નીતિ લાગે છે!

પણ અહીં—કમનસીબ ખેડૂતને મારા ઊંડાણની વાત જાણે જોઈ ઊભો થયો હું મનોમન પ્રાર્થી રહ્યો 'ભગવાન! ભારતના આ ખેડૂતને—મરતે એ મૂંગા માનવીને વહેલી તકે તું વાચા આપ!'

લાગતો! માગ્યા વિના તો માય નથી પીરસતી પછી—ગમે તેવી લોકશાહી પણ આખર તો સત્તા ને?!

✻

લંડનમાં સવાર તથા સાંજના સમયે કામ પર જતા આવતા લોકોની પુષ્કળ ભીડને પહોંચી વળવા અવનવા ઉપાયો કામે લગાડવામાં આવે છે. ભૂગર્ભ રેલ્વે દ્વારા પ્રવાસ કરનાર લોકોની સંખ્યા પણ લાખોની હોવાથી તેમને પ્લેટફોર્મ પરથી રસ્તાની સપાટી સુધી લઈ જવા લાવવા એક સ્ટેશન પર આપમેળે ચાલતા પટ્ટા જેવા ગરતાની ગોઠવણ કરવામાં આવી છે. ઉતારૂઓ આ પટ્ટા પર ઊભા રહેતાં જ પ્લેટફોર્મ પરથી રસ્તાની સપાટી અથવા તો રસ્તાની સપાટીથી પ્લેટફોર્મ સુધી આસાનીથી પહોંચી જઈ શકશે. પગથિયાં ચઢવા ઊતરવાની કડાકૂટ માથાકૂટ જ નહિ, આકસ્મી ચાલવાની લિફ્ટ જ લઈ લ્યો. પરિણામે ઉતારૂઓ ૧૫ કે ૨૦ મિનિટને બદલે ફક્ત પાંચ મિનિટમાં ઉપર-નીચે જઈ શકશે.

> 'ઊર્મિ–નવરચના'નો ઓક્ટોબર માસનો અંક પહેલી તારીખને બદલે ૧૫મી ઓક્ટોબરે ખાસ દળદાર દિવાળી અંક તરીકે પ્રગટ થશે તેથી તેની દરેક ગ્રાહકો નોંધ લે. આવતો અંક ૧લી ને બદલે ૧૫મી તારીખે રવાના થશે.
>
> —વ્યવસ્થાપક : 'ઊર્મિ–નવરચના'

નાનુભાઈ દવે

ભરોસો

સ્ત્રી જ્યારે પુરુષના મનને સાબૂત, લગામેરાજુ અને કાબૂમા જુએ છે ત્યારે એ પુરુષ ઉપર વારી જાય છે ત્યા કુળ કોમ કે કર્મ આડે આવતાં નથી એવાં એક સાબૂત મનવાળા જવાંમર્દ પુરુષની આ કહાણી એટલે જ દરેકના મન હરી જાય છે—એકલી સ્ત્રીઓના જ નહિ સાથે સાથે પુરુષના પણ

'સાહિબને કહો કે ગાડી દરવાજે લાવે અને આ સામાન અંદર ગોઠવી મને ખબર કરો ' હેનિએ નોકરને સૂચના આપી અને એણે બહાર જવાના કપડા પહેરવા માડયા

મોહનલાલ શેઠની સહુથી મોટી દીકરી તે હેનિ એનો જન્મ થયો ત્યારે ધોધમાર વરસાદ તૂટી પડયો હતો અને રસ્તાઓ પાણીમા ડૂબી ગયા હતા ટેલિફોન ચાલતા ન હતા અને કેટલી જગ્યાએ વીજળી પણ અટકી ગઈ હતી છતા હેનિ સુખરૂપ આવી હતી ને બધાને ગમી ગઈ હતી 'અલિ હે' એમ બોલાવતા એનુ નામ હેનિ પડયુ ને ચીટકી ગયુ કોલેજમાં એ વર્ષ ગાળી હવે ચિત્રકામ શીખતી હતી બપોરે શેઠની મોટર ઑફિસેથી પાછી આવે એટલે હેનિ એનો સરંજામ લઈ કોઈ સ્થળે પહોચી જતી અને ચિત્રો દોરતી એના ઓળખીતા કુટુબોમા એના ચિત્રો ભેટ આપતી અને તેઓ ખુશ થઈ ઘરમા ધ્યાન ખેંચે એવી જગ્યાએ લટકાવતા

સાહિબસિંઘ, એમનો શિખ ડ્રાઈવર હેનિને ગમે એવા સ્થળે ગાડી લઈ જતો એનો સરંજામ ગોઠવવામા મદદ કરતો બપોરે થરમોસમાથી કૉફી કાઢી આપતો પણ એ સિવાય કઈ બોલતો નહિ, એની ગાડીમા બેસી પંજાબી ભાષાની ચોપડી વાચ્યા કરતો, અથવા ગાડીની ચાકરી કરતો

કોઈ વાર કામ બંધ કરતી વેળા હેનિ સાહિબને ચિત્ર બતાવતી 'તને કેવુ લાગ્યુ ?' એમ એનો અભિપ્રાય પૂછતી પણ સાહિબ મૂગો મૂગો સામાન ઉઠાવી ગાડી ભેગો થઈ જતો વિવેક ખાતર પણ જવાબ દેવાનુ એ ટાળતો સાહિબનો આ સ્વભાવ શેઠને ગમી ગયો હતો ગાડીમા ઘણીવાર ધંધાની વાતો ચાલતી પણ સાહિબનો કાન એ તરફ સરવો થતો નહિ અને છતાં શેઠની એક પણ આજ્ઞા એ ચૂકતો નહિ

હેનિએ ચિત્ર દોરવાનુ શરૂ કર્યું એટલામાં બીજી ગાડી ત્યા આવી ને એમાથી એક યુવક ઊતર્યો. એ કોઈ અમેરિકન ટુરીસ્ટ જેવો દેખાતો હતો છાપાના કટીંગો બતાવતુ બુશશર્ટ એણે પહેર્યું હતુ અને હિનીપના અડાથી વાળવડે કપાળ ઢાક્યુ હતુ. ખભે કૅમેરા લટકતો હતો તો બીજા હાથમા સિગરેટ સળગતી હતી 'હલો હેનિ—' કહી એણે દૂરથી હાથ હલા વ્યો

એણે ચિત્ર જોયુ, ખૂબ ખૂબ વખાણ્યુ. વસ્તુ સંયોજન એને મન અદ્ભુત હતુ એક કળાકારની નજર જ આ શોધી શકે અને પછી એણે કૅમેરા આગળ કર્યો

'તુ તારે કામ ચાલુ રાખ જોઉ છુ મને કોઈ સારો પોઝ જડે છે—' કહી એણે હેનિની ચારે પાસ ઘૂમવા માડયુ એ ઘડીકમા ભોંયે બેસી જતો, લેટી જતો તો વળી કોઈ પથ્થર પર ચડી ઊંચાય એટલા ઊંચેથી કૅમેરામાં મીટ માડતો એ બધો વખત એનો રેડિયો ચાલુ રહેતો અમેરિકાની વાતો કહેતા એ થાકતો નહિ. પોતે એ બધુ જાણી શક્યો છે એમા જ એ ધન્ય બન્યો હતો

હેનિ સાથે કૉફી પી એ છૂટો પડયો બીજે દિવસે ફોટા બનાવવા ત્યા જ મળવાનુ એણે જણાવ્યુ ત્યારે હેનિ આભારવશ બની ઊભી થઈ

'મમ્મરદભાઈ, એટલા માટે આટલે દૂર—'

'એટલા માટે જ નહિ. પણ સારા ના આવ્યા તો બીજા પોઝ લઈ શકુ ને સારા આવ્યા હોય તો તો વધારે લેવાનુ કેમ ચૂકાય !' એ બને કાન સુધી મો ખેંચીને હસ્યો ને પછી દાદા કરતો મોટર હકારી

ગયો એના ગયા પછી હેનિનું 'ધ્યાન' કામમાં લાગ્યું નહિ એટને એ પણ પાછી ઘેર ફરી ફોગ તો મારા આવ્યા હતા છતાં મકર દે એની ભૂલો બતાવી પોતાના ઉપર રોષ કર્યો અને ફરીવાર કેમેરા તૈયાર કર્યો આ વખતે એણે હેલિને જરા આમ, જરા તેમ કરીને ફેરવી એની પાસે જઈને એનું 'મો એના વાળ એની સાડી એના હાથ ગોઠવતો ગયો, વખાણતો ગયો

'આ વખતે તો એવો પોઝ ઝડપી લેવો છે કે પરદેશના પ્રદર્શનમાં ઈનામ જાય નહિ' અને એ પ્રદર્શનોની વાતે ચડી જતો હેનિ કોઈ સવાલ પૂછતી તો એ ખુશ ખુશ થઈ જતો 'હાઉ સ્માર્ટ આર યુ!'

'આ ચિત્ર જે પ્રદર્શનમાં તું મૂકે ત્યાંથી મારે જ ખરીદવું બીજાના હાથમાં એ જવા જ નહિ દઉં'

'પણ મે તો મારા મનથી એક જણને આપવા નક્કી કર્યું છે' હેનિએ ચિંતા બતાવી

'તેને બીજું ચીતરી આપજે એ શું જાણવાનો હતો? મને આની 'સેન્ટીમેન્ટ વેલ્યુ' છે એટલી બીજા કોઈને ક્યાંથી હોય?'

'સારું ત્યારે તમને આપ્યું!' કહી હેનિ હસી પડી અને મકર દે અમેરિકન ઢબે એના ઉપર લાખ લાખ થેંક્સ ખડકી દીધા છે ને સરજામ પૅક કરવામાં મકર દે જ હાથ આપ્યો ને ત્યાંથી ઉપાડી પણ લીધો બંને સાથે ચાલવા માંડ્યા

'એમના 'લૅન્ડસ્કેપ' કરો જો કે—અહીં રહેતા લોકો, એમના રહેઠાણ, એમની ઘરવખરી—એવું કાંઈ ચીતરો ને, હેનિબહેન, તો અમેરિકનો એવું જોવા ખૂબ જ ઈંતેજાર હોય છે આવો બતાવું તમને' એમ કહીને એ નજીકની ઝૂંપડી તરફ વળ્યો અંદર બાઈની સાથે વાત કરી અને હેનિને માનપૂર્વક અંદર લઈ ગયો

'જોયું ને અહીં ચિત્ર માટે કેટલી બધી સામગ્રી પડી છે ફક્ત તમારે 'મૂડ' લાવી આપવાનો' મકર દે નાની ખાટલી ઉપર હેનિ સાથે બેસતાં કહ્યું નાગનો જ એણે કૅમેરા સંભાર્યો ને માદી બીને એનું બાળક ચૂસ્યા કરતું હતું તેનો ફોટો ખેંચી લીધો

ત્યાંથી એ બંને મોટરો જ્યાં આવ્યાં સાહિબે સરજામ ગોઠવવા માંડ્યો ત્યારે મકર દે સિગરેટ ચેતવતાં પૂછ્યું 'આ તમારો વિશ્વાસુ છે ને! બાકી એવો તો નથી ને!'

અને જવાબમાં બાકીના જેવું શું બન્યું હતું તે હેનિ મનમાં ખોળવા લાગી પણ કશું જડ્યું નહિ એ સાહિબની જોડે આગલી સીટમાં બેઠી અને એટનેથી જ બતાવ્યું કે ચિંતાની જરૂર નથી એમ જુદા જુદા સ્થળે તેઓ મળતા રહ્યા ક્યારેક મકરંદ નાનકડી પીકનીક જેવું ગોઠવતો તો કદીક એકાદ ઝાડની છાયામાં બેઈ ચોપાનિયું ઉથલાવતો અમેરિકનોની જિંદગી માણવાની જાતજાતની રીતો એ પ્રશંસાપૂર્વક કહેતો

'એવું તે વળી હોય!' કહી હેનિ વિસ્મયપૂર્વક મકરંદ તરફ જોઈ રહેતી ને એની ખાતરી કરાવવા એ ઊઠીને એની પાસે જતો, એના ખભા પકડી હલાવતો, એની ચિબુક પકડી ઊંચે જોવડાવતો 'નથી મનાતું એમ? આથી આગળ કહું? પછી જોજે રહેતી કે—'

બીજે દિવસે ચિત્રસરજામ કાઢતા સાહિબને હેનિએ રોક્યો 'જોઉં છું, 'મૂડ' આવશે તો સામાન મગાવીશ' એમ કહી એ વૃક્ષોની ઝાડીમાં જતી રહી મકરંદ એની રાહ જોતો હતો એક પડી ગયેલા ઝાડના થડ ઉપર બંને બેઠાં મકરંદ પાસે સરક્યો એણે શું શું કહ્યું તે હેનિને યાદ ના રહ્યું પણ એનો નશો ચડી ગયો

પાછા ફરતાં ચૂપચાપ ગાડી હાંકતા સાહિબને હેનિએ કહ્યું 'સાહિબ, મને તારા ઉપર યકીન છે એટલે કે બીજા કોઈને કાંઈ જણાવતો નહિ'

અને જવાબમાં સાહિબે એનો વિશાળ પંજો માથા સરખો ઊંચો લઈ હેનિ સામે ધર્યો વિશ્વાસ મૂકજો છે તે જળવાશે, ફિકર કરશો નહિ એ અક્ષર બોલ્યો નહિ જાણે હતો જાય

એમ બંનેની સતનમો ચાની, ગુફતગુ વધી, મુનાકાતોમા મસ્તી ઉમેરાતી ગઈ પહેલા એકાત શોધતા, તેનીય હવે જરૂર ના રહી કૈક ગાણા કાઢ્યા, કૈક વચનો અપાયા, કૈક તરગો ઘડાયા અને ગરમીનો પારો ઝડપીથી ચડ્યો એમ ઊતરવા લાગ્યો એક દિવસ એણે સાહિબ આગળ વરાળ કાઢવા માડી પણ ધ્યાનથી સાભળ્યા પછી સાહિબે માત્ર એટલુ જ પૂછ્યુ

'એને કહ્યુ ?'

'કહ્યુ ત્યારે તો એ ખીજાયો છે એ કહે છે લગ્નની ઉતાવળ કરે એ છોકરી એને પછાત, અન-અમેરિકન લાગે છે એને હવે મળવા પણ નથી આવતો'

'શેઠને કહો'

'તો તો થઈ જ રહ્યુ ને મરી જાઉ તો ભને પણ—' અને હેનિ ગભરાઈ ગઈ હોય એમ બોલતા અચકાઈ

પણ આવી વાતો છાની ઢકાતી નથી સમય એકવો જ ચાડી ખાવા પૂરતો હોય છે મૌન મો અને ઘૂરકાટભરી આખો જોઈ હેનિ સમજી ગઈ કે શેઠ બધુ જાણી ગયા છે શુ સાહિબે દગો દીધો ? શેઠનો વટાનો થવા એણે બધુ ઓકી કાઢ્યુ ? બીજુ કોણ હોઈ શકે ?

ત્યા તો એને શેઠ સાહિબને ધમકાવતા હતા તે સભળાયુ, ને બધ બારણાની આગળ એ થભી ગઈ

નાલાયક, પાજી, તને કશુ ના સૂઝ્યુ તે મારા જ ઘરમા ધાપ મારી ? અહી નોકરી માટે આવ્યો ત્યારે તારા શા હાલ હતા અને ક્યાં સુધી મે તને જાળવ્યો તે બધુ ભૂલી ગયો ? આખરે મારુ જ નાક કાપવા તૈયાર થયો ? રીસ તો એવી ચડે છે કે હમણા પોલીસને બોલાવી સોપી દઉ પણ જા, તારુ મો કાળુ કર, ને આ શહેર છોડી ચોવીસ કલાકમા જતો રહે જિંદગીમા ફરી આ તરફ ફરકીશ નહિ જા જતો રહે'

આટલુ કહેતા શેઠ ધ્રૂજ્યા ટેબલ ઉપર મુક્કીઓ પછાડી, આગળિયા ફેકી દીધા, અને મો ઢાકી ખુરશીમા પડ્યા સાહિબસિઘ કાઈ ના બોલ્યો, ના કર્યો ખુલાસો કે ના કર્યો બચાવ, એના મો ઉપર અપાર મૂઝવણ ફરી વળી એક મિનિટ ચૂપચાપ ઊભો રહ્યો ને પછી શેઠને સલામ કરી બારણુ ઉઘાડી બહાર નીકળ્યો

એને જોઈને હેનિનુ મો પડી ગયુ એણે બહાર રહી બધુ સાભળ્યુ હતુ તે વાત સાહિબે જાણી હતી એ નિરપરાધ હતો તેય હેનિ જાણતી હતી અને છતા હેનિને આપેલા ભરોસા ખાતર એ કૈ બોલતો ન હતો, અપમાન અને સજા બંને વેઠી લેતો હતો એની કારકીર્દિની આ કરુણતા હતી જેને લીધે આ સ્થિતિ આવી હતી તે ઘરની માલિક જેવી સહુની લાડકવાયી એની સામે ઊભી હતી એક ક્ષણ ખચકાઈને સાહિબ ત્યા ઊભો, હેનિ તરફ જોયુ, બેફિકરની વડારે ખરુ બોલવાની નાહિંમત પારખી અને એ દીવાનખાનુ વીંધી સ્વસ્થપણે ચાલ્યો ગયો પાછુ ફરીને એકવાર પણ જોયુ નહિ.

હેનિને ઘણુયે લાગી આવ્યુ બૂમ મારી એને રોકવા એણે ઘણોયે યત્ન કર્યો પણ એનુ કાઈ ના ચાલ્યુ જીભ જ ના ઊપડી એ મૂઢ બની જોઈ રહી એની કાયરતા એને ડખી, એ લથડાઈ પણ એ બધુ ગળે ઉતારી ત્યાથી ખસીને એ પોતાના રૂમમા ગઈ બારણુ દઈ દીધુ

'અગર સાહિબે નથી કહ્યુ તો વાત ક્યાથી ફૂટી ? બીજુ કોણ કોણ જાણતુ હશે ? ક્યારથી આવી ગધ ફેલાઈ હશે ?' અને એને તરત યાદ આવ્યુ કે થોડા દિવસ પહેલા સવારે સવારે એને ઊલટીઓ થતી હતી ત્યારે મા કશુ બબડતી હતી દિવસમા એણે ચાળા તોફાન કર્યા ત્યારે મા હસી નહોતી વિચારમા પડી હતી દાક્તરકાકા મળવા આવ્યા ત્યારે એના તરફ ધારી ધારીને જોતા હતા શુ એને મહિના રહ્યા ? ને એની જાણ આ બધાને પડી ?

એ વિચારે એનુ ભગજ ધમધમી ઊઠ્યુ, પેટમા ફાળ પડી હવે ? શુ એને ઓસડ પાશે ? શુ એને પરગામ મોકલી દેશે ? એમની આખ સામે આખ કેમ મડાશે ?

શી રીતે આ ઘરમાં રહેવાશે ?
પૈસો મકરંદ તો ના પાડત. પછી ગહેરમાં પણ કયાં હતો ? એ તો ભાગી જ છૂટયો હતો. અને હોત તો પણ એ શી મદદ કરત ? ત્યારે શું એનું નામ દેવું ? જે એને સાથ દેવાનો નથી તેનું નામ લીધું તોયે શું. એથી કલંક કયાં મટવાનું હતું ?
ને લાગતું જ એનું ધ્યાન આદિલસિંહ તરફ વળ્યું. આ માણસ હતી એની આંખે ચઢ્યો નહોતો, વાત કરવા માગી તોયે બે અક્ષરથી વધારે બોલ્યો નહોતો માત્ર એકવાર ભરોસો લીધા બાદ આટલું મદદ કરી લે—રંગ છે ને એને ! એણે મારી એમ દાઢવા શું ના કહ્યું ? અને શું ના કરે ?
હા એ એક જ વ્યક્તિ છે, જે એને હજુય સમજે ને મદદ કરે પણ એ હવે કયાં છે ? એ તો જતો રહ્યો ને ! એણે બારી ખોલીને બગલાના કમ્પાઉન્ડમાં જોયું. સાહિબની ઓરડી ખુલ્લી હતી બાળી એમાં જ કુ હેન્રી સાફ કરતો હતો. ગાડી પોર્ચમાં હતી, સાહિબ આશ્રમ ગયો હતો.
હવે ? એ ખાટલામાં જઈ પડી, ઓરડીની ચારેય બાજુનો જાણે એના ઉપર ધસી આવતી હતી, હમણાં જાણે એ ભીંસાઈ મરશે એને ગુંગળામણ થઈ અને એકદમ ભાન થયું કે દુનિયામાં હવે એનું કોઈ નથી. સહુ એને લાનસૂનેલી, મરણ, દેવિત, પાપી ગણે છે, હવે કોઈ ભરોસો નથી, કોઈ હવીન નથી જાણે પગ નીચેથી ધરતી જ ખસી ગઈ છે અને ઊંડાણો આવ્યો, એનું મો લાલચોળ થઈ ગયું—
એણે ગાડીનો ઘરઘરાટ સાંભળ્યો બારીએથી જોયું તો રોડ ટેક્સી કરી આવ્યા હતા થયું, હવે સાહિબ આવી રહ્યો, એના વિના કામ ચાલવા લાગ્યું ને સાહિબનું કામ પણ બીજો કોઈ જ્યાંએ ચાલશે બધાનું જ ચાલશે, એક એનું જ અટકી પડ્યું છે તે હવે ઠપ થઈને રહેશે.
અસ્વસ્થ બનીને એ બારીએથી પાછી ફરી, બારણા પાસે ગઈ, રોજ પગે ઊભી રહી ખાનું ખોલ્યું ને લાગ્યું, હું ગજના પણી ધીમેથી એણે બારણું ખોલ્યું, દીવાનખાના ભણી જોયું, કોઈ નહોતું. ઝટ લઈને પર્સ ઊપાડી એ બહાર નીકળી ગઈ અને ત્રે પડેલી ટેક્સી ભણી એમાં ઘૂસી ગઈ. 'કયાં જવું છે ?' એણે 'સીધા આગળ' એવા સિવાડ જવાબ દીધા ને ધીમેથી ગાડીના પાછલા કાચમાં જોયું. પાછળ કોઈ જોતું કે આવતું નહોતું. પછી એ નિરાંતે વિચાર કરવા બેઠી. 'જરા આસ્તે—' એણે ગાડીવાળાને કહ્યું.
સામેથી બીજી ગાડીઓ પસાર થતી હતી કેટલીક સ્ટેન્ડ ઉપર ઊભી પણ હતી એમાંથી એક ઉપર નજરે પડતા એણે ગાડી થોભાવી, આદિલસિંહનો પત્તો માગ્યો એમાંથી એના કાકાનો પત્તો જડયો, એનું ઘર મળ્યું અને છેવટે આદિલ પણ મળ્યો,
'આપ અહીં ?' આદિલ સફાળો ઊભો થયો.
'ત્યારે કરું શું ? હવે કોઈ કરતાં મારું કોઈ નથી ભાગ વાકે તનેય આકરી સજા વેઠવી પડે છે. નોકરી તો અમસ્તા પણ કચક માથે લેવું—'
'આપ ફિકર ના કરે.'
'ત્યારે બીજું શું કરું, સાહિબ ! બધાને નવી રીતે ગોઠવાઈ જતા હાશને, ઢેર તો એક મારે જ લેવાનું છે ને !' રેનિનો અવાજ ધ્રૂજ્યો, એને ડુમ્મો આવ્યું, આંખ ભીની થઈ
'એમ નહિ, નહિ, નહિ, કદી નહિ '
'ત્યારે બીજુ શું ? એ ઘરમાં હવે મારાથી રો ઝવાય, કોની સામે જોવાય ?'
'હુકમ કીજીયે—' અને આદિલ નિશ્ચય કરતો હોય એમ ટટ્ટાર થયો. 'એને પકડી લાવું ?'
અને રેનિનું મો ઊતરી ગયું. એને બળજબરીથી ખેંચી લાવે તોયે શું એના જોડે એકવાર ભૂલ થઈ, કાઈ ભરોસો થાય ? ભરોસો તો થાય—અને એની નજર સાહિબ ભણી ગઈ.
'સાહિબ મને અહીંથી લઈ જા. ગમે ત્યાં લઈ જા જીવતી રાખવી હોય તો આટલું કર. એક માત્ર

તારે જ જાગવો નો છે '

'બસ, બસ એટલું કહ્યું તે ઘણું છે ' આદિએ છાતી ઉપ હાથ દાબ્યા

અને એ બંને ત્યાંથી જ્યારે અલગ્યા તેની કોઈને ખબર ના પડી નાદિય જાણતો હતો કે હેનિને ભગાડી જવાનો આરોપ હવે જરૂર એને માથે ચોંટવાનો પણ જોખમોથી ડર તો એ આદિય શાનો! નહિ કપડાં નહિ દાગીના—કંઈ જ લીધા વિના હેનિ એની સાથે ગઈ એક ગામથી બીજે ગામ ફરતા ફરતા અને ઘરથી દૂર પહોંચી ગયા ત્યાં ખબર પાડ્યા કોઈ ભાગાભાગ ચાલી, પોલીસનું ચોકી નીકળ્યું કે શું થયું—રામ જાણે

જૂની વાતમાં મોર્ડન ખમાન આદિએ ઘર માંડ્યું હેનિએ માથા પર પડદો ઉપ ફૂંકી નાખ્યો અને નામ પણ બદલ્યું—સ્નાર ને કુતી થઈ ગયા

કુતી મૃગ રાવળપાડી તરફની પહાડી સગાથી વિખૂટી પડી ગયેલા ત્યાં આ કરતાર મળી ગયો સ્નારે નવું લાવણ્ય ઉગ્યો કેવો બાંડે ફેરવવા નીકી વર્ષના સવારે સ્નાર ચાલ્યા જાય ને બપોરે જમવા પાછા ઘેર આવે તો આવે કુતી રાઈ રહે તે જોતી રંગને ચારપાઈ પર ફૂલ ઉપર મૂકતા ચાલતો જાય કુતીની ખાતર એ ભારે ફેના ધરાવતા ને ચમને પૈસા બચાવવા માંડ્યા

એ ચાર મહિને આ પોલીસે શોધ્યો ગામથી થાણે લીધી ત્યાં એનું લાવણ્ય નહીં લીધું ન પૂછપરછ કરી ત્યારે નક્કી કર્યો મરવાનું જ હતું એક અમર પણ આડા અવળા થવા દીધો બીજે દિવસે એને ફરી આવવાનું કીધું ત્યારે જવા દીધો પણ ત્યાંથી નીકળીને એણે કુતીને તૈયાર કરી ટકાનો હિસાબ પતાવી એ રાતે જ ત્યાંથી નીકળી ગયો ને બંને જણ વખતના ભાગ્યા ભટક્યા તે આમ ઠેઠ માંડ્યા

હેનિએ આ પ્રદેશ એકવાર જોયો તો ખરો પણ સહેલાણીઓ પ્રદેશને કેવું જુએ-સમજે! આજે પરિસ્થિતિ જુદી હતી આ મુલકમાં હવે ગોઝે પૈસા ખરચે કે વાના નડાના કમાવવા હતા કેમ નીચોડે મેળ રાખી એને ચાલવાનું હતું

કરતાર નીમનાના એવ ગામની નીલવાન એક મોટી લીલી ને માનતામાનની ટેકરી ધરાવતી કપનીમાં એ કામે ચડી ગયો કોઈ ખબર લઈને ગામમાંથી માવળ જતો કોઈ ઠેકેદાર બંગી સજ્જનના બગીચામાં ભાડી માત્ર રાખતા લાવતો એ સફરોમાં જ્યારે ઘેર પાછો ફરતો ત્યારે કુતી માટે કંઈ અજૂગ લઈ આવતો એ ભરવાનું ન આવી આપ્યું હતું તે એ એનું માપ નહીં ભાવ્યા મેળ એમ જોયું ત્યારે કરતાર ચૂપિયું ઊંચકી નાખ્યું

'મેર નિકો નહિ હિં જ્યારે નિકો બનાઓ '

કુતી હસી પડી પણ કરતાર ના હસ્યો એને તો બીજે ઈતેજામ કરવાની લગની હતી આખ ઉઘાડીને એ કુતી ભણી જોતો નહિ તો એ શરમ હે તો પણ દારુ ઉપર પગ દેતી એ કહેતો આમ કેમના ઘરમાં નાની અમૃતસર આવી ને કરતારે પાગલમાં મીઠાઈ રડુચી જેમ હેનિનો સઘાન મીઠાઈ નો હતો એમ એની દીકરી અમૃતને પણ એણે લાડથી ઉછેરવા માંડી ને એ હવે તો જોત જોતામાં વધી ગયા

એ ગામમાં કરતાર એક દાણી તીની છે અને તે સફરજન વેચે છે એ તો ગાજુ નથી બેસી રહેતા પણ કુતીહાર એની નાનકી અમૃત લઈને ત્યાં બેસે છે દુકાને લાવનાર ઘણા નથી મફર છે ખગાન માન દુકાને રખાતો નથી એથી દુકાન જામવા લાગી છે સહેલાણીઓ પાછા ફરતા એમના સફરજનની પેટીઓ ઘેર લેતા જાય છે અને અમેરિકામાં કુતી જોઈ ટોળાપા પાસે ઊભે છે તખ્તીઆના ગને ઉપર રેશમના ફૂલ ભરતી કુતી અમોબ બગીચાઓની વાત કરે છે અને નિર્ભય જીવનમાં એ મગ્ન મનકે છે ત્યારે ચોતરફ સફરજનોના મેળો રચાઈ રહે છે

સહિએ ઘણી વાર વાત માંડી હેનિને સમજાવ્યું કે એ એને વતન એના સગાંને મળી આવે ત્યારે હેનિએ

હજાર જણુને કહેતુ તે કહી બતાવતી મારુ વતન તો રાવળપીંડી તરફ. મુન ના બટવારામા મારા સગા ક્યાના ક્યા થઈ ગયા એમાના એક કરતાર મળી ગયો અને અમને મનેને ગોઠી ગયુ એમ કહીને એ કરતારના હાથમા અમૃતને સોપતી, વળી ટોળમા ઉમે રતી, 'આપકો શાયદ માલુમ નહિ હોગા, મગર મેની લોગ જાનતે હૈ કે મૈ રેતા કી રગવાની હુ ' અને કરતાર નાની અમૃતને લઈ ટોહો કરતો નાસી જતો

કેટલીય વાર રૂતી અને બજારમા જ મનપસંદ ખાવાનુ લઈ બેસતા હોટી, જોઈએ તે વેર વાટી પીરસવાનુ સ્ફૂરતી પણ કરતારને એમ રુચતુ નહિ હેનિને હવે પગ્યુ ના લાગે એટના માટે એણે કેશ ઉતરાવવાની વાત કાઢી ત્યારે હેનિએ કહ્યુ–'મારે ખાતર ઉતરાવવા હોય તો આપણે બને ઉતરાવીએ ' એમ કહીને નામની રેણુ જેવો એનો લાંબો ચોટનો ઝોડી એ ટોળામા બેસતી સ્ત્રીઓમા એના લાંબા ને સુંવાળા વાળ વખણાતા હતા ? જો કોઈ શુભ પ્રસંગ ઊજવવા આવે ત્યારે કુતી દુપટ્ટો સરખો ઓઢી લઈ એની લાજ રાખતી ને એનુ રૂપ ઔર ખીલી ઊઠતુ પણ કરતારને એ જોવાની ક્યા ફુરસદ હતી ? કોઈ અસાધારણ ક્ષણે એ આવી ચડતો હેનિ એનુ રૂપ ઢાંકતી નહિ ત્યારે એ વરની રોટીઓ અગીથી તડી ખસેડવા માડતો પાણીમા ચરો જ્યાથી એમ કહી દાગી નાખતો ને બીજુ ભરવા લાગી જતો

'હવે વધુ તપ થયુ ' હેનિ કહેતી પણ સાહિબ બારી ઉપરથી કાગડો ઉડાડવા ઊભો થઈ જતો ને એમ દિવસો વહ્યા જતા હતા, ત્યા સહરજાતની હોટલીએ એક વાર બેચાર ગુજરાતીઓ આવી ચડ્યા એમાના એકે મેને ઓળખી એ હતો મકરંદ પંજાબી સલવાર કમીઝ ને દુપટ્ટામા હેનિ એને વધારે સુંદર લાગી અમૃતના આવ્યા પછી એનુ બદન પણ ભરાયુ હતુ રોજ હાથે કામ કરવાની ટેવ પડેલી હોવાથી સ્ફૂર્તિ પણ રહી હતી અને એ સુનકના સ્નાપાણુોની તો વાત જ શી ! મકરંદ એને જોઈ જ રહ્યો

કુતીનુ એના ભણી ધ્યાન નહોતુ એ નજદીક આવીને ઊભો ત્યારે એક ઘરાક જોડે એ વાત કરતી હતી સ્વરમા અધીરાઈ પણ આવી હતી ત્યા એને કાને અવાજ આવ્યો, 'હેનિ !'

એણે ચોંકીને પાછળ જોયુ ને મકરંદને ઓળખ્યો આટલે વખતેય એને જોઈને એની આખમા અગ્નિ ભભૂક્યો હમણા જ એને ખખડાવી નાખે એવા વેણ કહેવાને જીભ સળવળી પણ એ ગમ ખાઈ ગઈ અને પંજાબી અદાથી દુપટ્ટો સરખો કરતા કહ્યુ 'અજી, આપ કહા ચાહિયે ? અભી દુકાન બંદ હોનેકા ટાઈમ હુઆ હૈ '

મકરંદને ટાળીને એ ઝડપથી આડીઅવળી ગલીઓમા થઈ મેડી ઉપર આવી પહોંચી એને છાતીમા કંઈક બળતુ હોય એવી વેદના થવા લાગી મકરંદની સાથે જ મા તો ખીજ્ન પણ હશે વખત છે અને એના બા-બાપુજી એની સામે આવી ચડે તો ? શુ એ લોકો મહિનને પડાવી દેશે અને પોતાને બળજબરીથી ઘેર લઈ જશે ? શુ કરવા લઈ જશે ?

અને એ સાહિબના ઘરમા વગર લગ્ને રહેતી હતી તેનુ શુ ? કોણ માનશે કે સાહિબે નજર નથી કરી ! અને અમૃત તો હતી જ ને એને થયુ કે સાહિબ આજે વહેલો ઘેર આવી જાય તો સારુ દાચ એ જ કહેશે કે શીમના છોડીને ચાલો ઊપડી જઈએ મદુરા કે કોચીન, કોને ખબર !

એને આ અસ્થિર જીવન ગમવા માડ્યુ હતુ તેમાય લારી ઉપરના અનુભવે હિંમત પણ આવી હતી એ ના સુખવાળુ જીવન શા કામનુ, જહાંગીર પણ જોઈએ એ વિના હામ ને ઉપાઉકાત ક્યાથી આવે ?

સાંજ પડી દીવા પ્રગટ્યા એણે રસોઈ કરવા માંડી હર પળે સાહિબ આવી પહોંચશે એ આશામા એણે ઝડપ પણ કરી આજ ઠંડી પણ વિશેષ હતી એણે એણે બારી બંધ કરી ને સગડીમા કોલસા વધારે નાખ્યા કમીઝ ઉપર લાંબો ગરમ કોટ પણ પહેરી લીધો અમૃતને દૂધ પીવડાવી સુવાડી દીધી અને એ સાહિબના નામની માળા જપતી બેઠી આજે એને કેમ

મોડું થયું હશે.

આખરે સાહિત્ય આવ્યો ઝટપટ હાથ મો ધોઈ એ જમવા બેઠો ને જમતા જમતા એણે વાત માંડી 'હેનિ સાચું કહેજે મારે કે તારે માથે કોઈ ખતરો ના હોય તો દેશમા પાછા જવું છે ને?'

હેનિને વળી ધ્રાસ્કો પડ્યો દુકાન ઉપર એ ઓળખાઈ ગઈ એવું સાહિત્યે પણ જાણી લીધું શું? ને એણે એમ ધાર્યું કે ઘરના ખેચાણ સામે એ હવે ઝઝૂમી નહિ શકે? આખરે ઘર છોડવાનું કારણ તો નાનો ભય જ હતો ને! ભય ટળી ગયો હોય તો પછી?

'તમે એક વાર જમી લો પછી આપણ લટાર મારવા બહાર જઈએ' કહી હેનિએ વાત ટાળી અને બહાર નીકળતી વખતે ગરમ કરી રાખેલો સાહિત્યનો મોટો કોટ પહેરાવ્યો રાત અંધારી હતી બન્નેએ સાથે ચાલવા માંડ્યું શાંતિ ધારણ કરતા હોય એમ પગથિયા ચઢી બન્ને મોલ ઉપર આવ્યા ને ત્યાંથી સેસિનને રસ્તે વળ્યા ટાઢીમા ઝડપથી ચાલવાની મજા હતી

રસ્તે એણે મકરંદ દેખાયાની વાત કરી તો સાહિત્યે ઊમેર્યું કે એ લોકો સસિનમાં ઊતર્યાં છે અને અત્યારે આપણે મળીશું એમ મેં કહ્યું પણ છે તું મહેનામાં રહેનારી કલાકાર, બહેની હવે તારું સ્થાન ત્યાં જ છે ખતરો દૂર થયો છે એમ જ સમજી લે કે ઓચિંતો એક વાર તને લઈ ગયો હતો એમ ઓચિંતો તને મૂકવા આવું છું

ઓચિંતી રસ્તા વચ્ચે ઊભી થઈ ગઈ એણે સાહિત્યની બાંય પકડી રાખી બોલી 'તું કેવી વાત કરે છે સાહિત્ય આટલું સાથે અથડાયા કુટાયા પણ મને આટલી જ ઓળખી? હું તારો વિશ્વાસ કરી શકું ને તું મારો વિશ્વાસ નથી કરતો?'

રસ્તાની ધારે બત્તીની નજદીક મૂકેલા એક બાંક ઉપર બન્ને બેઠા સાહિત્યે એને ઘણું સમજાવી 'હેનિ બન્ને તારા ભાઈની સરકાર પણ કરે, પણ એને અપવાદ નથી રહેતી હવે સત્તામાં નથી છે ... ગયા? પછી આ રખડપટ્ટીની જરૂર શી? ...

બન્ના ખોળે હેનિએ નિશ્વાસ નાખ્યો

'એમ કહે ને સાહિત્ય કે તું હવે મારાથી થાક્યો છે! અને એમાં તારોય શો વાંક? મારે નીચે તે કે કેવું વેઠ્યું છે તે હું નથી જાણતી! મેં હજુ સંસાર માંડ્યો નથી અને સોના સરખા આ વરસો તનતોડ મજૂરી કરવામાં વીતે છે તે ... નહિ સમજું તો કોણ બીજું માનવાનું છે? પણ મારે હવે તારાથી છૂટા પડવાનું હોય તો હું મારો રસ્તો કે આશ્રમ તરફ ચાલી જઈશ મોય આથડતા દેશ જીવન જીવવાની તાકાત કેમ મેળવવી તે તેં શીખવ્યું છે, તો હવે એ શીખેલું ફોગટ થવા નહિ દઈશ શો / સાથે ના રહી શકીએ તો ... એ નભાવી લઈશ વરસમાં એકાદ વખત આવી મળજે તો તારો અહેસાન માનીશ વધારે તો શું કહું!'

'પણ આ તો—'

'ના સાહિત્ય બીજું કે નહિ પાછું દેશ મારે મોત સમાન થઈ પડ્યું હતું એ છૂટી ગયું હું બચી ગઈ ઈતબાર રહે એવો સાથીદાર મળી ગયો ઈશ્વરની એથી દયા ઓછી નથી હવે એની મરજી જુદી હશે તો સાહિત્ય શું કરવાનો હતો?' એમ કહી હેનિ ઊભી થઈ ગઈ એણે મોં ફેરવી લીધું

'હેનિ મારો એક આખરી સવાલ છે જવાબ આપ!' કહેતા સાહિત્ય ઊભો થઈ ગયો 'તેં શું મારી જ સાથે રહેવાનો નિર્ણય કરી લીધો છે?' એણે હેનિની આંખોમાં જોયું અને એવું ગોરી જ મક્કમતાથી જવાબ વાળ્યો

'તારી સાથે બને તો ઠીક છે નહિ તો બીજા કોઈની સાથે તો નહિ જ એ રીતે નિશ્ચય તો તારે કરવો છે એક ઓરતનું મોં કેમ ખેલાવે છે?' એમ કહીને હેનિ ફરી આડું જોઈ ગઈ એનાથી રડી દેવાશે એમ લાગવાથી એણે મોંમાં ડૂમો દાબ્યો આંખ પણ લૂછી નાખી' કહી સાહિત્યે એને બન્ને હાથ મૂક્યા બાહુમાં તે એવું ન તે જોયું કે બસ—'

એના ... સ્પર્શે હેનિ એના ખભા ઉપર ઢળી પડી 'ઓરત શું જુએ છે આંખોમાં? એના

'સેવકરામ'

દેખાડો કરવાની પ્રવૃત્તિ બંધ થવી જોઈએ

દંભ અને દેખાવને જ મહત્ત્વના માનનાર કોઈને દાખલ બેસાડી શકે? આપણી એ નબળાઈ કાઢીએ તો?

'સેવકરામ! આપણે વૃક્ષારોપણ દિન ઉજવવાનો છે એ માટે લોકોને તૈયાર કરવાના છે' એક અમલદારે આવી મને વાત કરી

'તૈયાર કરવાના છે એટલે શું કરવાનું છે?'

'લોકો વૃક્ષો રોપવા બહાર આવે જે દિવસ નક્કી કર્યો હોય તે દિવસે દરેક જણ એક એક વૃક્ષ રોપે આપણું ગામ બધા ગામોમાં મોખરે રહે છે આ કાર્યમાં પણ તે પહેલો નંબર લે એમ ઇચ્છું છું'

'બધા છોડ તો રોપશે છોડ ઉછેરશે કોણ? છોડ રોપવા એ મહત્ત્વનો સવાલ નથી છોડ ઉછેરવા એ જરૂરી કાર્ય છે લોકોને એ માટે તૈયાર કરવા જોઈએ'

'એ ખરી વાત છે પણ અત્યારે તો વૃક્ષારોપણ દિન ઉજવી લઈએ એકવાર મોટો આંકડો આવે તો તાલુકામાં અને જિલ્લામાં પણ આપણને ઇનામ મળે ઘેરઘેરથી દરેક જણ એક એક વૃક્ષ રોપે એવું કરી આપો'

હું આ અમલદારની વાણી સાંભળી રહ્યો બધે આ મનોવૃત્તિ કામ કરે છે સરકાર વર્ષમાં કેટલા બધા 'દિન' જાહેર કરે છે બચત દિન, વૃક્ષારોપણ દિન, મેલેરિયા શોધક દિન, આરોગ્ય દિન, આઝાદી દિન, શ્રમ દિન આવા તો કેટલા બધા દિનની હારમાળા છે સરકાર ફરમાન કરે એટલે અમલદારો તો એ દિન ઉજવે જ ઉજવે છે એવો દેખાવ કરે જિલ્લો કે એવી નોંધ લેવાય એના પત્રકો ભરાય જો આંકડા આપે તો તો એમ જ લાગે કે ગામડામાં, ગુજરાતમાં ભારે લોકજાગૃતિ આવી ગઈ છે

આ વૃક્ષારોપણ દિનનું પણ એવું જ છે ગામેગામ આ રીતે વૃક્ષો રોપાયાના દેખાવો થાય છે ઘેર ઘેરથી માણસો નીકળે, વૃક્ષો રોપે એથી ભલે અમલદારના પત્રક પર મોટો આંકડો ચડતો હોય, ભલે એ ગામને ઇનામ મળતું હોય પણ એથી ગામમાં વૃક્ષો વધે છે ખરાં? છેલ્લાં કેટલાંક વર્ષોથી વૃક્ષારોપણનો દિન ઉજવાય છે અત્યાર સુધીમાં તો ઘણાં વૃક્ષો તૈયાર થવાં જોઈતાં હતાં પણ ગામની ભાગોળ જુઓ, તળાવનો કિનારો જુઓ, ગામનો ખળાવાડ જુઓ, સીમ જુઓ ... વૃક્ષો ઓછાં થયેલાં દેખાશે

વૃક્ષો એ તો ગામની શોભા છે ઘટાદાર પીપળો વડ, લીમડો, આંબો, રાયણ હોય તો તેની છાયામાં ઢોર બેસે, છોકરાં રમે, પક્ષીઓ ડાળીઓ પર કિલ્લોલ કરે

અને પ્રકૃતિની રમણીયતા પણ આપણને સારે ઉપરાંત વૃક્ષો મેઘને ખેંચી લાવે છે ગુજરાતમાં જંગલો ઓછાં છે એટલે સીમમાં, ગામમાં અને જ્યાં પડતર જમીન હોય ત્યાં વૃક્ષો ઉગાડવાં જોઈએ ઉગાડવાં જોઈએ અને ઉછેરવાં જોઈએ જે માણસ વૃક્ષ રોપે તે જ તેના ઉછેરની જવાબદારી લે દરેક જણ એક જ વૃક્ષ ઉછેરે, ભલે તેની પાછળ ચારપાંચ વર્ષ કામ આપવું પડે, પણ જો તેની કાળજી લેવાય તો જરૂર વૃક્ષો તૈયાર થાય

ગામમાં આવી સાચી દિશામાં પ્રયત્નો થવા જોઈએ કેવળ દેખાવ કરવાની વૃત્તિથી ગામડાં ક્યારે ઊંચાં નહિ આવે એથી સરકાર પણ ભ્રમમાં રહે છે ગામનું, દેશનું ઉત્થાન કરવું છે સૌએ સાથે મળીને કરવું છે પણ કેવળ દેખાવ કરવાની વૃત્તિથી એ કામ નહિ થાય અમલદારોએ પણ હવે આવી બનાવટ બંધ કરવી જોઈએ ગામેગામ ઝાડ ઊછરે અને લહેરાય એ જોવા ઉત્સુક રહીએ અને પ્રયત્નશીલ બનીએ

'સેવકરામ! અમે તો આઝાદીમાં જીવીએ છીએ કે

ગુનામીમા ?'

'કેમ ?'

'રાજકીય રીતે આઝાદી મળી હશે પણ સામાજિક ગુલામી તો એવી ને એવી નથી કે જ્ઞાતિનો ત્રાસ, પંચોની જોહુકમી તો ગઈ સદી જેવા જ છે '

એક દુભાયેલો યુવાન બળાપો કરી રહ્યો હતો

'શું થયું, એની વાત કરે તો ખબર પડે ને '

'મેનકરામ ! લાચારીની અને કમજોરીની વાત કરતાં મને શરમ થાય છે આવા બંધનમાં ક્યાં સુધી છૂટવું પડશે એ જ સમજાતું નથી ' કહી તેણે વિગતે વાત કરી

તેના મોટાભાઈનું લગ્ન સાટાપેટે થયેલ ત્યારે સામાવાળાને કન્યાની જરૂર નહોતી એટલે કશો આગ્રહ રાખેલો નહિ પણ દીકરો થયો તેને પરણાવવો તો જોઈએ એટલે જૂનું દેવું વસૂલ કરવા દબાણ શરૂ અમારું—માગતું 'પેટું' આપો, તો માથા સાટે માથાનો વ્યવહાર થાય છે પછી તમે લગ્નને સંસ્કાર ગણો, ધર્મનું બંધન કહો કે ભારતીય સંસ્કૃતિનો વારસો ગણો એમાંથી ઝઘડો વધ્યો સામાવાળાએ પંચ મેળાવડો પંચે હુકમ કર્યો કે પંદર દિવસમાં જ આ લોકોએ સામાના દીકરાને પરણાવી આપવો તે માટે મા તે પોતાની દીકરી આપે કે બીજી વ્યવસ્થા કરે ગમે તેમ કરે, પણ પંદર દિવસમાં છોકરાને પરણાવી આપે '

'એમનો છોકરો કેટલી ઉંમરનો છે ?'

'હશે દસેક વરસનો '

'એવડાના લગ્ન એ તો બાળલગ્ન કહેવાય એ તો કાયદા વિરુદ્ધ છે '

'અહીં વળી એ કાયદો ક્યાં પળાય છે ? મારી પાંચ વર્ષની બહેન છે કહે છે કે બસ એને પરણાવી દો આ કેવી જાતનું ફરમાન ! આવી ગુલામીમાં જીવવાનું ?'

'તમે બાળલગ્નનો વિરોધ કરો તો ?'

'તો પંચ અમને નાત બહાર મૂકે '

'તો મૂકવા દો ? પણ કંઈ અન્યાયને શરણે થવાય ?'

'મેનકરામ ! એકલા અમને દંડતા હોય તો યે બરાબર છે પણ આ તો અમારા આખા કુટુંબને બહાર મૂકવાની ધમકી આપે છે '

'એમને શા માટે નાત બહાર મૂકે ?'

'મારું પણ એ જ કહેવું છે ને ! કે હું ગુનો કરું તો મને સજા કરે તે વ્યાજબી કહેવાય પણ ગુનો હું કરું તેની સજા આખા કુટુંબને શા માટે કરવામાં આવે છે ' મારા ઘરને ભલે નાત બહાર મૂકે આ તો અમારા કુટુંબના પદરે ઘરનો બહાર મૂકવા તૈયાર થયા છે એટલે પેલા લોકો અમારા પર દબાણ કરે છે એમને બહાર મૂકે તો એમના છોકરા પરણે ક્યાં ? નાત બહાર તો કોઈ પરણાવે નહિ એટલે લાચારીથી મોમાં તરણું લેવા વખત આવ્યો છે '

'તમે શું કરવા માગો છો ?'

'મારે તો આ પંચના આદેશનો સામે જ્ઞાતિ નામ નિવારણ કાયદાના અન્વયે કેસ કરવો છે પંચ બાળલગ્ન કરવાનું દબાણ કઈ રીતે કરી શકે ? પણ મારા માબાપ અને કુટુંબીઓ વિરોધ કરે છે એ કહે છે કે કેસ થશે તો એ લોકો કાનપટ્ટીએ બંધ કરાવશે ગામમાં રહેવું મુશ્કેલ પડશે જ્ઞાતિ તો માબાપ છે તેનાથી કાંઈ મોટું નથી એની સામે આંખ પણ કેમ ઊંચી થાય ?'

આ યુવાનની અકળામણ હું સમજી શકું છું ગામડામાં અને અમુક કોમોમાં હજી જ્ઞાતિપંચોનું જોર ઘણું ભારે છે તેમના નિર્ણય સામે 'ચેલેન્જ' પણ થઈ શકતી નથી પંચનો હુકમ મૂંગા મોએ માથે ચડાવવો જ પડે છે એ લોકોનો ન્યાય પણ એવો જ હોય છે કે બીજાને અંદર સંડોવે એટલે પેલા લોકો દબાણ કરી પંચના ચુકાદાનો ફરજિયાત અમલ કરાવે નહિ તો તેમને એ શિક્ષા સહેવી પડે

આ યુવાન ભણેલો હતો તેનાથી આ અન્યાય સહ્યો જતો નહોતો એ મારી પાસે આવ્યો જ્ઞાતિના પંચના નિર્ણય સામે શું સલાહ આપું ? એક આગેવાનને અગાઉ મળેલો ત્યારે તેમણે કહેલું.

"એ... ન ... આમાં તમારું કામ નહિ!" એવી ... એકડો જ ... નામેનો

... આ... ... આવી લઈ બેઠેલી આપણી ... સમાજમાં પણ સમાનતા લાવવા માગે છે ... તો જ્ઞાતિઓને નાબૂદ ... વર્ષોથી ... છે એ તો ... જ્ઞાતિ ... રચના ... માગે ... અનુરોધ કરે ... વગર ... પણ ન શકે પણ જ્ઞાતિઓનો ત્રાસ એવો ને એવો છે તે ... તેવા ... માન ... છે ... તરફ ... છે ... જ્ઞાતિઓ નાબૂદ ... થાય ત્યાં સુધી આમાંથી ... થવાતો નથી

એ ... જ્ઞાતિરચના ... પ્રતિકાર કરવા માગતો ... એ ... માગતો હતો મે ... સક્રિય સહકાર આપવાની ખાતરી આપી પણ ... હતો કે આમાં એ નહિ ફાવે ... કે એ તૈયાર ... તેનું ઘર તૈયાર હોય તો પણ ... તો એ ... નહિ ... દે

ને ... જ બન્યું ... ઘરમાં પૂરી પેરી ... લગ્ન કરી લીધું

... સામાજિક મર્યાદાને અર્પણ ... સમા... ... છે સમાજ... ... સુધાર ... કરે છ એ ... સમાજનું ... કરવાના છે? તેમને ... આ ... સમાજ તો આ ... એવી ... કો ... કે તો ... ખ્યાલ કરશે ખરું!

*

... દિવસે સવારે ... રાખ્યું હતું ત્યારે કામ પ્રસંગે બીજે ગામ જવાનું થયું ... રાત પડે ત્યાં રાતવાસો એ ગામમાં ... આગળ ...

... ભાઈએ ... રાખ્યું હતું તેમને ... ... પહેરીને આવ્યા હતા લોકો પણ આવ્યા હતા ... ફરવાની સગવડ ... અને ... ની ...

હેતો આ ... કરવાની અને ... વધારવાની વાતે ... લોકોએ ... આપી ... જોઈએ ... પણ ...

આમ તો એમના ... લાગે જ ... કહેવા જેવું છે પણ એમની સાથે લોકો ... છે તેનો ... ન ... તેમ કેમ બને! એ તો ... જમીન ... તેમને માટે ... કે એ ... માટે જ ... હતા ... એ કેમ પણ ... પણ આમ ... એમનું ... એ જમીન એમની ... ગઈ ... ગામની મહાદેવની જમીન પણ તેમણે ... ફરતી ... ગામમાં તેમની દુકાન હતી ... સહકારી મંડળી ન થવા દીધી ... જ ... ક્યાં ... દાબી દીધી અને ... ... તેમનું ... રહી ... કરી ... વેચાણ થવા ન દીધું

તેમના ખેતરમાં થઈ રસ્તો જતો હતો એથી જમીન કપાતી હતી એમને નુકશાન ન થાય તે ... રસ્તાને ... બીજાના ... લેવડાવ્યો

બીજા ... માટે સીમેન્ટ માટે ... થઈ ... પણ મૂકતા ... આવતા ત્યારે આ ... ... સીમેન્ટના ... એમની ... હતા એ તો ... માન ... આવતા ... બીજાની ...

... ગામનો રસ્તો કરવા પંચાયત ... સીમેન્ટ ... લઈ આવેલ ... રસ્તો ... ! ખરો પણ તેમાં ... પેટી ... હશે ... એ ... થઈ ગઈ ... જાણ્યું નહિ ... ... પણ બીજું ... કે ... મકાનનું ... બધું ભાગી ગયું હતું

ડૉ. હુમાયુન કબીર

તેર વર્ષનું તારણ

આપણા દેશના મધ્યસ્થ પ્રધાન મંડળમાં શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન ખાતુ સંભાળતા આપણા માનનીય વિદ્વાન પ્રધાને આ લેખમાં જે મહત્વના વિધાનો રજૂ કર્યા છે તે ખરેખર વિચારણીય છે આપણા દેશની પ્રગતિને લક્ષમાં રાખવામાં આ વિચારો અતિ ઉપયોગી થઈ પડે તેવા પણ છે

૧૫મી ઑગસ્ટ ૧૯૬૦ના દિને આપણે સ્વાતંત્ર્યના ૧૩ વર્ષ પૂરા કર્યાં છે આથી આપણી કેટલીક સિદ્ધિઓ તેમજ નિષ્ફળતાની આકારણી કરવાનો અને ભવિષ્ય માટેનું માર્ગદર્શન મળી શકે એ માટેનું સરવૈયું કાઢવાનો આ સુયોગ્ય પ્રસંગ છે

સિદ્ધિને પક્ષે એવી અનેક બાબતો છે જેને માટે દેશ સકારણ ગૌરવ લઈ શકે કોઈ પણ દેશની પ્રગતિ અને સમૃદ્ધિનું માપ, મહદ્ અંશે શિક્ષણ અને અક્ષરજ્ઞાનનો પ્રસાર, ઉદ્યોગોના ખાસ કરીને લોખંડ અને પોલાદ ઉત્પાદનના—વિકાસ, જીવનધોરણમાં સુધારણા અને અન્નપુરવઠા પરથી નીકળે છે

હવે શિક્ષણ અને અક્ષરજ્ઞાનના ક્ષેત્રે આઝાદી પછી રાષ્ટ્રે સાધેલી સિદ્ધિ આશ્ચર્યજનક લેખી શકાય એવી છે પહેલા પ્રાથમિક શાળાએ જતા બાળકોની સંખ્યા લગભગ ૧૦૫ કરોડ હતી આજે એ વધીને લગભગ ૩૦૫ કરોડ પર પહોંચી છે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણગણી થઈ છે અને વિદ્યાપીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ લગભગ ચારગણું થયું છે ટેકનીકલ અને ઇજનેરી શિક્ષણના ક્ષેત્રની પ્રગતિ તો આથીય વધુ નોંધપાત્ર છે અને ૧૯૬૧ની વસતી ગણતરી, સમગ્ર દેશે શિક્ષણ-પ્રસારના ક્ષેત્રે હનુમાન કૂદકો માર્યો હોવાનું દર્શાવનારી નીવડશે એમ લાગે છે

ઉદ્યોગના ક્ષેત્રે દેશમાં પહેલી જ વાર, અનેક નવા અને પાયાના ઉદ્યોગો નખાઈ રહ્યા છે પોલાદના ઉત્પાદનને દેશની ઔદ્યોગિક પ્રગતિનું લગભગ અચૂક ચિહ્ન લેખવામાં આવે છે ભારતનું પોલાદનું ઉત્પાદન છેલ્લા ૧૩ વર્ષમાં ત્રણગણું વધ્યું છે અને ૧૯૬૨ સુધીમાં, ૧૯૪૭માં હતું એથી પાંચગણું થવાની અપેક્ષા છે કદાચ ૧૯૨૦ થી ૧૯૪૦ સુધીના ગાળામાં, પોલાદ ઉત્પાદનના ક્ષેત્રે એક જાપાને સાધેલી પ્રગતિ સિવાય બીજા કોઈ દેશે આટલી ઝડપી પ્રગતિ સાધી નહિ હોય

જીવનધોરણ સુધારણાના ક્ષેત્રે જોઈએ તો, આરોગ્ય સેવાઓ સુધરવાને પરિણામે મૃત્યુ-પ્રમાણમાં ધરખમ ઘટાડો થયો છે ત્રીજી યોજનાની રૂપરેખા સૂચવે છે કે, વસતીવધારાના આપણા સર્વ અંદાજો અને ગણતરીઓ વસતીવધારો અપેક્ષાતીત થતાં ખોટા પડી ગયા છે

આ મહાશયની તાલુકા વિકાસ મંડળમાં નિયુક્તી થયેલી આ તેમનો વિકાસ કરશે કે ગામનો કે તાલુકાનો ?

આ બાબતમાં હું જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રીને મળેલો તેમને વાત કરેલી

'કોંગ્રેસ આવા માણસોના કારણે વગોવાય છે એમને મેવાની પડી નથી લોકોનીયે પડી નથી તેમને પડી છે કેવળ અંગત સ્વાર્થની તમે તેને આવા સ્થાને મૂકો એટલે તેની પ્રતિષ્ઠા બધાય અમલદારોમાં ઓળખાણો થાય. તેનો એ લાભ લે આમાં પ્રજા પડી પડે છે, વિકાસ બાજુએ રહી જાય છે અને આવા તત્ત્વો ફાલેફૂલે છે કોંગ્રેસના મૂળભૂત સિદ્ધાંતની આ વિરુદ્ધ છે આવા તત્ત્વોને ઉત્તેજન ન આપવું જોઈએ '

પણ આ મેવકરામનું કોણ સાંભળે છે! કોંગ્રેસવાળા લોકોનું સાંભળતા હોત તો ગ્રેસની, દેશની અને કોંગ્રેસની પણ આ દશા હોત ! ૫૬મી ઑગ... કાર્યકરોને કઈ નોંધવાનો મહિમા આપી જશે ?

★

અનાજ અને વપરાશી માલના ભાવોમાં થયેલો વધારો પણ એવું સૂચવી જાય છે કે, દેશની ખરીદશક્તિ વધી છે છેલ્લાં ૧૫ વર્ષમાં અનાજના ઉત્પાદનમાં લગભગ ૫૦ ટકાનો વધારો થયો છે, ખાણનું ઉત્પાદન તો બમણું થયું છે અનાજની આયાત નોંધપાત્ર પ્રમાણમાં ઘટી નથી એથી સ્પષ્ટ થાય છે કે, ૧૯૪૭માં હતું એથી વધુ માથાદીઠ અનાજ આજે પ્રજાને મળી શકે છે જો અનાજ અને ખાદ્ય ભાવ હજી ઊંચા રહેતા હોય તો એનો એક સંભવિત ખુલાસો એ છે કે, પહેલાં કરતાં વધુ સંખ્યાના લોક, વધેલો પુરવઠો ખરીદવા માટે અને વાપરવા માટે તૈયાર બન્યા છે

આ બધું અને બીજું પણ ઘણું આપણા જમા પક્ષે છે પરન્તુ એની ઉધાર બાજુ પણ છે એ આપણે ભૂલવું ન જોઈએ આમાં પહેલી જ વાત જે સૂઝે છે તે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતામાં આવેલી ઊણપની આઝાદી પહેલાં બ્રિટિશરો સામેના જંગમાં પ્રજા સંગઠિત હતી આઝાદી હાંસલ કરવાનું ધ્યેય જાતે જ એક મહાન સંગઠક પરિબળ હતું આજે, આઝાદી હાંસલ થતાં અને બ્રિટિશરો જતાં એ મુખ્ય પરિબળ અસ્તિત્વમાં નથી વળી અંગ્રેજી ભાષા પણ જુદા જુદા વિસ્તારોના લોકોને એકત્રિત રાખનાર બળરૂપ હતી આજે અંગ્રેજીનું સ્થાન નબળું બન્યું છે પરંતુ એના ... એના જ અનુરૂપ એકતાકારક બંધન તરીકેનું સ્થાન હિંદીએ હજી પ્રાપ્ત કર્યું નથી

સામાજિક ન્યાયની ભાવના અને દેશની વિધેયાત્મક સેવા, નવાં સંગઠક પરિબળ બની શક્યાં હોત કમનસીબે, લગભગ તમામ કક્ષાએ પ્રામાણિકતા અને આદર્શનાં તત્ત્વોમાં ઓટ આવી છે જેમણે ભૂતકાળમાં ધ્યેય કે આદર્શ ખાતર સહન કર્યું હતું એવા લોક આજે અંગત લાભ માટે પોતાનો ભોગ વટાવવા માગે છે વાસ્તવમાં તો સ્વાર્થવૃત્તિ વધતી જતી જ લાગે છે વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂરો કરે તે પહેલાં જ ગાડીવાડી નોકરીનો વિચાર કરતા થઈ ગયા છે દરેક જણ પોતાના જ લાભનો—બીજાને એની શી અસર થશે એની પરવા કર્યા વિના—વિચાર કરતા લાગે છે આઝાદીએ વિધેયાત્મક કાર્યો માટેની શક્તિ પેદા કરી દેવી જોઈતી હતી પરન્તુ કમનસીબે આજે એ શક્તિ અંદર અંદરની અથડામણોમાં વેડફાઈ જતી લાગે છે

આ વિખવાદી વૃત્તિ વધે એ એક એવો ભય છે જે આપણે આપણા ભોગે જ ઓછો આંકી શકીએ મારું કે આજે આપણે આપણી જાતને દેશની સાથે એકરૂપ માનતા નથી, માટે ઉશ્કેરણીનું નાનું સરખું પણ નિમિત્ત મળી જતાં, રાષ્ટ્રીય મિલકતનો નાશ કરાતો આપણે જોઈએ છીએ કોઈ એક વ્યક્તિના, અમુક કાર્ય સાથે આપણે સહમત થતા નથી માટે આપણે, આપણી જાતને નુકસાન પહોંચાડી રહ્યા છીએ અને રાષ્ટ્રના જીવનને જોખમમાં મૂકી રહ્યા છીએ એ સમજ્યા સિવાય, ટૂંકમાં બાળીએ છીએ કે દેશહિતને નુકસાન પહોંચાડીએ છીએ સર્વત્ર વધનારી સંકુચિત બનતી જતી હોય એમ લાગે છે વિશાળ આદર્શો કે રાષ્ટ્રવાદની દૃષ્ટિએ વિચાર કરવાને બદલે ઘણા લોકો માત્ર જાતિ, ભાષા કે જૂથની દૃષ્ટિએ વિચારવામાં જ કૃતકૃત્યતા સમજે છે આ સ્થિતિ માટે બધી જ બાબતોનો હંમેશાં ગુણદોષની દૃષ્ટિએ જ નિર્ણય થતો નથી પરન્તુ બીજી ગણતરી પણ લક્ષમાં લેવાય છે એવી લાગણી પણ, અગત્યનું કારણભૂત છે આથી પ્રત્યેક જૂથ, પોતાની જ જરૂરને બંધબેસતી થાય એવી વિચારણા કે વાત પર જ ભાર દે છે

વળી એક એવી પણ વ્યાપક માન્યતા પ્રવર્તતી લાગે છે કે જો યોગ્ય વ્યક્તિને પકડવામાં આવે તો તમે ધારો તે કરાવી શકો ઘણા લોકો લાગવગને—નહિ કે પુરુષાર્થને—સફળતાની ચાવીરૂપ માને છે રુશ્વતખોરીના જે સંદિગ્ધ આક્ષેપો વારંવાર કરવામાં આવે છે તે પણ ખાનગી તેમજ જાહેર જીવનમાં પ્રમાણિકતામાંની શ્રદ્ધાના અભાવનું જે સામાન્ય વાતાવરણ પ્રવર્તે છે તેના સૂચક છે આમાંના ઘણા આક્ષેપો પાયા વગરના હોય છે અને બીજા ઘણા અતિશયોક્તિભર્યા હોય છે એ કહી શકાય નથી પરન્તુ આક્ષેપો કરવામાં આવે

અને તે સરળતાપૂર્વ માચા માનવામા આવે છે એ હકીકત જ બતાવે છે કે આપણા રાજકારણીય દેહમા મળભૂત રીતે કઈક ખરાબી છે ન્યાયાધીશ ન્યાયી જ હોવા જોઈએ એટલુ જ નહિ ન્યાયી છે એમ લાગવા પણ જોઈએ એ કહેવત જાહેર તથા ખાનગી જીવનના પ્રત્યેક ક્ષેત્રને લાગુ પડે છે

બીજુ એક અસ્વસ્થ કરનારુ તત્ત્વ તે અનિષ્ટને મૂક સમતિ આપવાની વૃત્તિ છે યુગોથી આ આપણી એક રાષ્ટ્રિય નિર્બળતા રહી છે મહાભારતમા, ભીષ્મ પિતામહ અને ગુરુ દ્રોણ કૌરવોના કૃત્યોને ન્યાયી માનતા નથી પરન્તુ જ્યારે ભર્યા દરબારમા દ્રૌપદીના ચીર ખેચાય છે ત્યારે એ અત્યાચાર અટકાવવા એમાથી કોઈ બહાર પડતા નથી એનો આપણો લગભગ રોજ-બરોજનો અનુભવ છે કે જ્યારે આપણે કોઈ અનિષ્ટ જોઈએ છીએ ત્યારે એ સામે આખમીચામણા કરીએ છીએ અને જો એને વખોડી કાઢીએ તો પણ એ અનિષ્ટ નાબૂદ કરવા માટે કોઈ સક્રિય કદમ ઉઠાવવા સામાન્ય રીતે તત્પર હોતા નથી છેલ્લા ૨૦ વર્ષમા દેશના જુદા જુદા ભાગોમા જે કમનસીબ ઘટનાઓ બની છે તેમા તોફાની તત્ત્વો તો કુલ વસતીના એક કે બે ટકા જેટલા પણ ભાગ્યે જ હશે પ્રજાના વિશાળ બહુમતીને એમના કૃત્યો ગમ્યા નથી અને એ માન્ય પણ નથી છતા, એ અટકાવવાના પગલા પણ એણે ભર્યા નથી

આપણે આઝાદી હાસિલ કરી શક્યા કારણ કે આ રાષ્ટ્રિય દૂષણ અમુક અંશે દૂર કરી શક્યા હતા આપણે ઇતિહાસના સૌથી શક્તિશાળી સામ્રાજ્ય સામે ખડા થઈ ગયા અને અનિષ્ટમા સાથ આપવાનો ઇન્કાર કર્યો અંગ્રેજ સરકાર આપણી ધોરણાઓ યોગ્ય ન હતી પરંતુ મૂક શરણાગતિ કરતા જોરદાર વિરોધ વધુ સારો જ છે ગાંધીજી કહેતા અનિષ્ટનો અહિંસક પ્રતિકાર તો શ્રેષ્ઠ છે જ પરન્તુ કાયરની શરણાગતિ કરતા તો હિંસા પણ સારી આજે, ગભરામણ રીતે થવાની શક્તિ મર્યાદો જોવા મળે છે મતાધિકારો ગમે તે સવાદ નથી આપતા પરન્તુ કઈ સવાદ ગમે તેના રૂપે એ જ જણે છે કિન્તુ સામા પક્ષની સત્તાનો પ્રતિકાર કરનાર લોક પણ આ જાહેર હિતના અનેક પ્રશ્નો વિષે સ્પષ્ટપણે બોલવા તૈયાર હોય એમ લાગે છે

આ વસ્તુસ્થિતિ વધુ આશ્ચર્યજનક તો એટલા માટે છે કે, આજે આપણે એક એવા રાષ્ટ્રિય નેતા ધરાવીએ છીએ કે જેણે હમેશા બીજા બધા ગુણો કરતા હિંમતને ઉચ્ચ સ્થાન આપ્યુ છે જવાહરલાલ નેહરુ વારવાર કહે છે કે તમામ અનિષ્ટોનુ મૂળ ભય છે જગતના દેશો ભયને કારણે જ અમુક રીતે વર્તે છે વ્યક્તિઓ, પોતાની સુધબુધમા હોય ત્યારે કરતા શરમાય એવા કૃત્યો, ભયને કારણે જ કરે છે આપણે ભયને ફગાવી દઈને આઝાદ બન્યા અને છતાય આજે એ જ ભય બીજા અનેક સ્વરૂપે આપણા રાષ્ટ્રિય જીવનમા પુનઃ પ્રવેશી રહ્યો છે અને તેને કોરી ખાઈ રહ્યો છે

સ્વતંત્રતા સતત સાવધાની માગી લે છે પ્રજાની મહત્તાનો આધાર તેની હિંમત અને ઉદારતા પર રહેલો છે ૧૯૪૭ પછીની ભારતની સ્થૂળ સિદ્ધિઓ સાબિત કરે છે કે, ભારતીયોમા શક્તિની કે ખંતની ખોટ નથી આમ છતા નીતિમત્તાની શિથિલતા એ એક અસ્વસ્થ કરી મૂકનારુ તત્ત્વ છે ભારતીયોએ ભૂતકાળમા પુરવાર કરી બતાવ્યુ છે કે, તેઓ આ ત્યાગની સર્વોચ્ચ કક્ષા સુધી ઊંચા ઊઠી શકે છે આઝાદીએ પ્રત્યેક ભારતીય માટે અસીમ તકો આણી છે અને તેની સાથે અસ્વીકાર કરી ન શકાય એવી નવી જવાબદારીઓ પણ

★

બ્રિટનના રાષ્ટ્રીય અંધજન મંડળે 'અન્ધજનો માટે બ્રેઈલ લિપિ પછીથી અદ્યાપિ મહત્ત્વની શોધ તરીકે દાવો કરવામા આવે છે તે વિષે જાહેરાત કરી છે આ શોધ એટલે અન્ધજનોને પુસ્તકો 'વગાડી સભળાવવા' માટેનુ નવુ ટેપ રેકોર્ડર યંત્ર

મંડળના એક મુખીએ કહ્યુ છે કે મંડળ ભારત તથા પાકિસ્તાનની અંધજન કલ્યાણ સંસ્થાઓ સાથે સંપર્ક ધરાવતુ હોઈ જરૂર પડયે તેમને પણ નવથી બાર મહિના સુધીમા આ યન્ત્રો પૂરા પાડી શકશે. મંડળ બ્રિટેન ખાતે આવા ૫૦૦૦ થી ૬૦૦૦ યન્ત્રો પૂરા પાડવાની અપેક્ષા રાખે છે

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ

ગરૂડ કુટુંબ

પક્ષીરાજ કહેવાય એવા ગરૂડ કુટુંબનો શરૂ થતો વિગતવાર પરિચય આપણા જાણીતા પંખી-પ્રાણી-વિશારદ અહીં આપે છે પક્ષીઓમાં રસ ધરાવતા વાચકોને તો આ લખાણો ગમે જ છે, ઉપરાંત સામાન્ય વાચકો પણ આ લેખો હોંશે હોંશે વાંચે છે એટલું બધું મહત્ત્વ આ લેખોનું છે

સાંસા ગરજ

સમળીથી મોટા કદની સસાગરજ પુખ્ત વયે બરાબર બગલાના રંગને મળતી આવે છે પણ તેના ધડ, કંઠ અને પગ ઉપરથી તરત જ વરતાઈ આવે છે તેની પીઠ ઉપર કથ્થાઈ રંગ રહે છે જેમાં આછા રાખોડી રંગની ઝાંય પડે છે તથા કેટલાક સફેદ પીંછા રહે છે અને સફેદ ડાઘો પીઠ ઉપર આવે છે છાતી અને પેગડા એવા ધોળા રંગના પણ છાતી ઉપર કથ્થાઈ બાબા ડાઘા રહે છે ગરૂડ કુટુંબમાં ચાંચ મજબૂત વળેલી અને શીંગડિયા રંગની હોય છે અને પગ પૂરા મોજાકસ હોય છે જેની નહોરો મજબૂત અને વાળેલી રહે છે નખો મોટા અને અણીદાર હોય છે આંખનો રંગ સોનેરી પીળો રહે છે જ્યારે નાની ઉંમરની સસાગરજનો રંગ તદ્દન જુદો જ હોય છે પીઠ ચોખ્ખા કથ્થાઈ રંગની અને પેગડા પણ આછા કથ્થાઈ રંગનું હોય છે જેમાં રતાશ દેખાય છે આંખનો રંગ કથ્થાઈ રહે છે બે ઉંમર વચ્ચે આવતા ગરૂડનો રંગ મિશ્રણવાળો જોવામાં આવે છે પણ આંખ તો કથ્થાઈ જ દેખાય છે નર માદા રંગમાં સરખા પણ નર નાનો વરતાય છે

સસાગરજ તેના બીજા સગા કરતા કદમાં મોટી નથી પણ સ્વભાવે ખૂબ તીખી અને ચંચળ રહે છે તેનો વસવાટ ખુલ્લી અથવા વનરાઈવાળી ડુંગરમાળમાં છે કે જ્યાંથી તેને શિકાર માટે સપાટ મેદાનમાં પહોંચવું સહેલું પડે સામાન્ય રીતે તો તેઓ જોડીમાં વિચરવાનું વધારે પસંદ કરે છે છતાં એકલી નથી જ દેખાતી એવું નથી તેનો અવાજ ગડુડિયાના ભસવા જેવો લાગે છે અને ક્યારેક ઝીણી સીટી પણ દે છે જ્યારે સસાગરજ ઊડતી હોય ત્યારે તેને તેના બીજા ઘેરા રંગના સગામાંથી જુદી તારવવા માટે તેની પાંખ નીચેનો સફેદ રંગ અને છાતી પણ સફેદ દેખાતી હોય છે

સસાગરજની પૂંછડી બીજા ગરૂડો કરતા કંઈક લાંબી જણાય છે એ ઉપરાંત તેની પાંખો અણીવાળી હોવાથી બીડેલી હોય ત્યારે બીજા શીવાચરમ જેવી દેખાય છે તેની પાંખ ધમવાની ગતિ ઉતાવળી હોય છે આ સસાગરજને ખરગોશ, લોંકડી, ચીંકારા અને બીજા હરણ પકડવા માટે કેળવી શકાય છે

સસાગરજનો વસવાટ યુરોપથી માંડી ભારત અને તેમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં છે અને તેની ખાસિયત એ જ જગ્યા ઉપર વસવાની છે એને ત્યાં હમેશા જોવામાં આવે છે

નવેમ્બરથી એપ્રિલ માસ સુધી સસાગરજના માળા દેખાય છે પણ વધારે જોઈએ તો જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં ઈંડા મેળવી જોવામાં આવે છે એક વખત સસાગરજે પોતાનો માળો બાંધવા માટે જગ્યા પસંદ કરી લીધા પછી તે જગ્યામાં તે જોડી ઘણા વરસો સુધી રહી એ જ માળામાં નવી સામગ્રી જેવી કે સાંઠીકડા પાંદડા ડાળી વગેરે ભરી બચ્ચા ઉછેરે કે આથી તેના માળો સાંઠીકડાનો મોટો જથ્થો હોય એવો જણાય છે અને તેમાં વૃક્ષ ઉપરના માળા તો ખાસ જગ્યા જોવામાં આવે છે આ પંખી ડુંગરની પથ્થર અને વૃક્ષ બંને ઠેકાણે માળો બાંધવાની પસંદગી ઉતારે છે પણ જે જોડી વૃક્ષ ઉપર માળો બનાવે તે જ માળો કાયમ માટે રાખે છે અને પડથાળ પસંદ કરી હોય તે જ માળો વાપરે છે સસાગરજ પોતાનો માળો બાંધવા માટે એવી જગ્યા પસંદ કરે છે કે જ્યાંથી તેઓ પોતાના બચ્ચાનું પેટ ભરવા સહેલાઈથી શિકાર મેળવી શકે બનતા સુધી બે ઈંડા મૂકે છે જેનો રંગ સફેદ હોય છે પણ અંદર બારીક રતાશ પડતા છાંટણા જોવામાં આવે છે બચ્ચાને ઉછેર કરવા માબાપ તનતોડ મહેનત કરે છે અને બચ્ચા ધરાય

તેના કરતાં વધારે શિકાર લાવી માળામાં મૂકી રાખે છે.

પોતાનો ખોરાક દરેક પ્રકારના જળચર તેમજ થળચર પંખી ખરગોશ નોળીયા, ઉંદર ઉપરાન્ત ઘોને પણ મારી ખાય છે. આ શિકાર પકડવા માટે તેઓ જોડીમાં નીકળે છે જેમાંનું એક નીચા ઝાપટું એટલે પાંખ મારતું અને એક ઊંચે ગોતા મારતું હોય છે. જ્યારે શિકાર ચમકીને નીચામાંથી ભાગે કે તરત જ ઉપર ગોતા મારતું પંખી તેના ઉપર હુમલો કરે છે અને એ હુમલામાં બીજું પણ જોડાઈ જાય છે. એમ શિકારને હારણ કરીને મારી લે છે. તેનો એવો પણ સ્વભાવ છે કે બીજાં પંખી જેવાં કે સમળી કે બાજ જેવાં પંખી શિકાર મારી જતાં હોય તો તેની પાસેથી તેની ઉપર હુમલો કરી પડાવી લેવાની છે. આ પ્રકારની ખાસીયત તમામ ગરૂડોમાં જોવા મળે છે. પણ સાંસા-ગરજ બનતાં સુધી પોતાનું પેટ પોતે શિકાર મારી ભરે છે. તેથી આ ગરૂડ બહુ હિંમતવાળું અને દમામ-દાર છે. તેને શિકાર ઉપર ત્રાટકતાં જોવામાં એક પ્રકારનો આનંદ આવે છે.

સાંસીગરજને અંગ્રેજીમાં The Bonellis Eagle કહેવાય છે અને વિજ્ઞાનિક રીતે ઓળખવા માટે Hieraætus F. Fasciatus (Viellot) કહેવું જોઈએ.

પરદેશી સાંસાગરજ

લગભગ સાંસાગરજના કદથી કંઈક નાની જણાતી આ પરદેશી સાંસાગરજ પુખ્ત વયની હોય ત્યારે પેટાળ લગભગ સફેદ હોય છે. પણ છાતી ઉપર રંગોલ રહે છે. તેમાં કથ્થાઈ રંગની બારીક લકીરોનું ચિત્રામણ પણ જણાય છે. તેની પીઠ ઉપર પીળો કથ્થાઈ રંગ રહે છે અને ઓડ અને ગરદન ઉપર રતાશપડતો રંગ હોય છે. કેડમાં સફેદ પીળો ડાઘો રહે છે. પાંખ નીચે સફેદ રંગ દેખાય છે. પગ મોજાંસ પીળા કથ્થાઈ રંગના અને આંખો પણ કથ્થાઈ રંગની હોય છે. બીજે વરસે પેટાળ સફેદ અને રતાશપડતું થાય છે અને તેમાં આડી લકીરો કાળા રંગની હોય છે. મુકામાં આ રંગ વધારે ઘાટો રહે છે. તેનો સામાન્ય રંગ સમળી જેવો હોય છે.

જ્યારે પરદેશી સાંસાગરજ ઊડતાં જોઈએ ત્યારે સંકર-શીકરાની માફક પાંખ ધમતી જણાય છે અને હવામાં ચડતી હોય ત્યારે પાનપટાઈ જેવી જણાય છે. પણ તેની ગરદનની બાજુમાં રહેલા સફેદ ડાઘા પ્રકાશમાં ચોખ્ખા વરતાઈ આવે એવા હોવાથી તે જુદી રીતે તરી આવે છે. શિકાર મારવા માટે પાછળ પડી જતી હોય તો સાંસાગરજને ઘણી મળતી જણાય છે. આ ગરૂડ આપણે ત્યાં પ્રવાસી છે એટલે શિયાળામાં જ દેખાય છે.

દક્ષિણ યૂરોપમાં કેટલેક ઠેકાણે ઉત્તર આફ્રિકા, એશિયા અને ઉત્તર ભારતમાં તેઓ બચ્ચાં ઉછેરે છે. જ્યાંથી તેઓ શિયાળો વીતાવવા માટે દક્ષિણ બાજુ ચાલ્યાં આવે છે અને મલાયાના દ્વિપકલ્પ સુધી મુસાફરી કરે છે. ઘણી થોડી સંખ્યામાં તેઓ સૌરાષ્ટ્ર કચ્છ, અને ગુજરાતમાં અવશ્ય રોકાય છે.

દરેક પ્રકારનાં પંખી નાના કર્ણશીલ અને સરીસૃપ વંશના પ્રાણીઓ ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે.

અંગ્રેજીમાં પરદેશી સાંસાગરજને The Booted Eagle કહેવામાં આવે છે. અને વિજ્ઞાનિક નામ માટે Hieraætus Pennatus (Gmelin) કહેવું જોઈએ.

શાહી ઝુમસ

સમળી કરતાં મોટા કદનો શાહીઝુમસ રંગે ઘણો ઘેરો ગરૂડ છે. જેની પીઠ કાળાશપડતી કથ્થાઈ અને પેટાળ એ જ રંગનું પણ તેમાં આડી પીળી અર્ધગોળ લીટીઓ હોય છે. તાલકું અને ઓડ ઉપર પીળાશ પડતો રંગ રહે છે. પુખ્ત વયના શાહી ગરૂડના ખભા ઉપર નાનો સફેદ ડાઘ પણ જણાય છે. પૂંછડીમાં આડા પટ્ટા જણાય છે. પગ મોજાંસ પીળા રંગના રહે છે. આપણે ત્યાં આવતા ગરૂડોમાં આ શાહી ગરૂડ સૌથી મોટા કદનું અને સાથે શરમાળ પણ રહે

છે જે આપણને જોતાવેત ઊડી નીજે છે તેનો વસવાટ દરીઆકાંઠો તથા સરોવરકાંઠો છે જ્યાંથી તેઓ જમીન ઉપર મેદાનમાં, શિકારની શોધ કરવા નીજે છે યુવાનીમાં આ ગરૂડના રંગ ઘણી વખત તદ્દન વનરાજો માલુમ પડે છે જ્યારે સામાન્ય રંગ કાળાશ પડતો કથ્થાઈ અને પેગળ ઉપર સાફ જણાતા લીંગનો રંગ પીળાશપડતો હોય છે અને માથું આછા રંગનું અને લીંગીઓ સાગુ રહે છે જ્યારે વચ્ચેની ઉમ્મરમાં આવતા ગરૂડનો રંગ ઘેરો કથ્થાઈ અને માથા ઉપર વધતા ઓછા પ્રમાણમાં પીળાશપડતા સફેદ પીછા તાનકા ઉપર જણાય છે નરમાદામાં જરા પણ તફાવત જણાતો નથી

શાહી ઝુમસને ખારા કે મીઠા પાણીમાંઠો પસંદ છે તેમાં રેમડીઓ દરીઆમાંઠો તો વળી ખાસ પસંદગીની જગ્યા છે ઘણી વખત તેઓ તારના થાંભના સૂકા વૃક્ષના ઠૂંઠા એવી ખુલ્લી જગ્યામાં પણ બેઠેલા જણાય છે તેની ઊડવાની રીત શાહી અને આકર્ષક છે તેની સાથે તે ભારે અને પોતાની પહોળી પાંખને ધીમી ગતિએ ધમે છે પોતાનું માથું આગળ રાખતો હોવાથી તેની મજબૂત વળેલી ચાંચ ચોખ્ખી જોવામાં આવે છે આ ગરૂડ ઘણું શક્તિશાળી અને કંઈક હિંમતમાં ઓછું હોવાથી નાના પંખી અને નાના પ્રાણીઓનો શિકાર કરી ખાય છે અને પોતાના કુટુંબની ખાસીયત પ્રમાણે બીજા ગરૂડ કે સમળી જેવા પંખી પાસેથી ખાજ પડાવી લેવા હમેશા તત્પર રહે છે

દક્ષિણ યુરોપ, મધ્ય એશિયાથી મોન્ગોલીઆ અને ઉત્તર અને પશ્ચિમ ભારતમાં તેઓ પોતાનાં બચ્ચાં ઉછેરે છે જોવામાં જરાય મુશ્કેલ નથી આથી શિયાળામાં તેઓની સંખ્યા સારા પ્રમાણમાં આપણે ત્યાં જોવામાં આવે છે

દરીઆકાંઠે આ ગરૂડ લેપગી માછલી, દરીઆઈ સર્પો, ગરોળી અને બીજા દરીઆકાંઠે વસતા જળચરો મારી પોતાનું પેટ ભરે છે અને સરોવર કાંઠે વસતા ગરૂડ જળકાગડાની વસાહત ઉપર હુમલો કરી તેમાંથી જે ઝીંને ભાગે તેની પાછળ પડી પાણીમાં તે પડે તે પહેલા તેને પોતાનો શિકાર બનાવી દે છે એ ઉપરાંત દસાડી અથવા આનો પણ શિકાર કરી લે છે કુંજને પણ મારી લેતા અચકાતા નથી.

અંગ્રેજીમાં શાહી ઝુમસને The Imperial Eagle કહેવાય છે જ્યારે Aquila h heliaca (Savigny) એ એનું વૈજ્ઞાનિક નામ છે

પરદેશી ઝુમસ

સમળી કરતા મોટા કદના પરદેશી ઝુમસની પીઠ ઉપરનો રંગ રતાશપડતો બોઘરીઓ કથ્થાઈ અને પેગળ તથા છાતી જરા ઝાંખા રંગના રહે છે તેના ખભા ઉપર પીળો ઘેરો પટો જોવામાં આવે છે પટો નાની ઉમ્મરના ગરૂડમાં ખાસ જોવામાં આવે છે લાંબા પગ મોજાંમાં અને નાક ઉપરની ચામડી મોઢીઆ પીળા રંગની રહે છે જ્યારે આગળ ચળકતા પીળા રંગના અને નખો કાળા હોય છે નાની ઉમ્મરમાં પૂંછડીમાં પટા દેખાય છે આ મોટા કથ્થાઈ રંગની રહે છે નાની ઉમ્મરના પરદેશી ઝુમસની છાતી તનખાવાળી રહે છે આ ગરૂડ અથવા ઝુમસને ભૂમિ ઉપર બેસવાની ખાસ ખાસીયત છે અને ગગનમાં ઊંડા પણ ઘણો લાંબો વખત મારે છે તેની પાંખનો વિસ્તાર વિશાળ અને ઉડાન ભારે ખરી પણ આકર્ષક જરૂર છે આગળ જોઈ ગયા તે શાહી ઝુમસ કરતા સ્વભાવે ઘણો હિંમતવાળો એટલે આપણને જોતા ઊડી નથી નીકળતો જ્યારે ભૂમિ ઉપરથી ઊડે છે ત્યારે તેની જાતને હવામાં ઊંચકવા માટે તેને જરા મહેનત કરવી પડે છે અને ઘણે સુધી જમીન સરસો ઊડીને પછી અધ્ધર ચડે છે આ પંખીને વેરાન પ્રદેશ વસવાટ માટે વધારે ગમે છે માદાનું કદ નર કરતા મોટું માલૂમ પડે છે પણ રંગમાં જરાય તફાવત નથી.

પરદેશી ઝુમસ આપણે ત્યાં શિયાળામાં ચાલી આવે છે અને ચાર છ પંખી નજીક નજીક બેઠેલા પણ જોવામાં આવે છે આ ગરૂડ અથવા તો કહો કે ઉધરસ ગરૂડ મરેલા જાનવરનું માંસ ખાવા ઊતરી પડે છે

કૃષ્ણ ચંદ્ર

ચોરસ્તાનો કૂવો

ખ્યાતનામ ઉર્દૂ વાર્તાકારની આ એક કટાક્ષકથા ગુજરાતીમાં ઉતારતાં ઉપરથી જ આપણે કહી શકીએ કે કૃષ્ણ ચંદરની કલમ એટલે ઊંડા સૌંદર્યથી ઉતરી જતી સીધી હૃદયવેધિતા. શૈલીની તેજીલી પ્રવાહિતા. કટાક્ષની કાવ્યમય કવિતા એ વસ્તુ-પ્રૌઢ ગુજરાતી વાચકોને ગમે તેવી નિરાંત પણ હોય છે...

મારો પુત્ર બિમાર હતો, મારું માનવું હતું કે તે મૃત્યુપથારીએ છે. લોકોએ કહ્યું :

'આને ચારમાર્ગી રસ્તા પર આવેલા કૂવાનું પાણી પા, તારો છોકરો અવશ્ય બચી જશે.'

મેં પૂછ્યું, 'ચારમાર્ગ પરનો કૂવો ક્યાં છે ?'

તેમણે કહ્યું, 'એ 'ક્યાંય નથી' ગામમાં છે !'

''ક્યાંય નથી' ગામ ક્યાં આવ્યું ?' મેં પૂછ્યું.

ગામના સૌથી વયોવૃદ્ધ વૈદ્યે કહ્યું :

'તું અહીંથી ત્યાં જા, ત્યાંથી ત્યાં જા, જ્યાંથી ત્યાં જા; અને ત્યાં પહોંચ્યા પછી ક્યાં તરફ વળી જજે. બરાબર સામે તને 'ક્યાંય નથી' ગામ દેખાશે. તેના મધ્યમાં આ કૂવો આવેલો છે.'

મેં વૈદ્યનો આભાર માન્યો. પુત્રને ખભે લઈ ગામની બહાર આવી ગયો.

હું અહીંથી ત્યાં ગયો, ત્યાંથી જ્યાં ગયો, જ્યાંથી ત્યાં ગયો. ત્યાં પહોંચ્યા પછી જ્યારે હું ક્યાં તરફ વળ્યો, ત્યારે મારી સામે ચાર સડક આવી ગઈ હતી.

એક સડક લાલ હતી, એક નીલી હતી, એક કાળી હતી અને એક સફેદ હતી; અને આ ચાર સડકોને સ્પર્શતું વર્તુળાકાર 'ક્યાંય નથી' ગામ આવેલું હતું. તેની મધ્યમાં ચારમાર્ગનો કૂવો હતો.

ચારમાર્ગના એ કૂવા ઉપર ભારે જનમેદની એકઠી થઈ ગઈ હતી. તેમાં પુરુષો હતા, સ્ત્રીઓ હતી, બાળકો હતાં અને વૃદ્ધો પણ હતા. જાણે કોઈ મેળો ભરાયો હતો ! આ બધામાં એક ઊંચો ભરાવદાર, લાંબા સફેદ વાળવાળો વૃદ્ધ આમતેમ દોડધામ કર્યા કરતો હતો—તે ખૂબ જ સુંદર અને રોફદાર લાગતો હતો. પ્રત્યેક વ્યક્તિ તેને આદર આપતી હતી. એ વૃદ્ધ પોતાના ચાવડાના અંદાઝમાં બધાનો આદર સ્વીકારતો હતો.

વૃદ્ધે મને પૂછ્યું. 'આ ગામમાં તું અજાણ્યો છે ?'

મેં આદર મસ્તક ઝૂકાવી દીધું.

બીડફાંમાં વસવાટ કરી ઘણી વખત રાતવાસો પણ ઓાંય ઉપર કરે છે. અને સૂર્ય પૂરો પ્રકાશે પછી જ પોતાની એકાદ ઊંચી ગેલ મારવા નીકળે છે. એ ગેલ મારતાં શિકાર અથવા કોઈએ કરેલા શિકારની તપાસ રાખે છે.

શિકાર નજરે પડ્યા પછી પથ્થર માફક મંદગતિથી તેના ઉપર તૂટી પડે છે અને શિકારના દેહમાં પોતાના કાતીલ ન્હોરો પરોવી દે છે. અને તરત જ ફાડી ખાય. ખુશીમાં કે ગીઝમાં પોતાનાં માથાં ઉપરનાં પીંછાં ઊભાં કરી દે છે. જે ખાદ્યિપન લગભગ બધાં ગરુડ કુટુંબમાં જોવા મળે છે. બીજી એક ખાસીયત એ જોવા મળે છે કે ગરુડ કુટુંબ ભૂખ ખૂબ સહન કરી શકે છે. પણ ખાવાનો નિશ્ચય કર્યા પછી ગમે તેની ઉપર તૂટતાં અચકાતો નથી અથવા શિકાર ઝૂંટવી લેવા પ્રેરાય છે.

એશિયા અને ભારતના ઘણા ભાગોમાં તે દેખાય છે એટલે સૌરાષ્ટ્ર ગુજરાત પણ તેનાથી વંચિત નથી. આપણે ત્યાં બચ્ચાં ઉછેરતાં જોવામાં આવ્યો નથી.

દરેક જાતના કર્તનશીલ પંખીઓ, સરીસૃપ વંશનાં પ્રાણીઓ એ પોતાનો ખોરાક છે. આથી પોતાનું પેટ સહેલાઈથી ભરાય એવી જગ્યા વસવાટ માટે પસંદ કરે છે. ખરગોશ તો ગરુડ કુટુંબને તેના ઉપર તૂટતાં તેના પાંખના સુસવાટથી સજ્જડ બેસી જાય છે આથી સહેલાઈથી ગરુડ તેને મારી લે છે.

પરદેશી ગુમશો અંગ્રેજીમાં The Steppe Eagle કહે છે અને Aquila nipalensis (Hodgson) એ એનું વૈજ્ઞાનિક નામ છે.

★

વૃધ્ધે પૂછ્યું 'તું કયા ગામથી આવ્યો છે?'

મેં કહ્યું, 'હું 'અહીં ક્યાંક' ગામથી આવ્યો છું. મારો પુત્ર માંદો છે વૈદ્યજીએ કીધું હતું કે જો હું તેને આ કૂવાનું બે ટીપાં પાણી પણ પીવડાવી દઉં તો તે બચી જશે'

વૃધ્ધે તદ્દન હતાશાભર્યા સ્વરે કહ્યું, 'પાણીથી શું થશે?'

'પાણીમાં ઘણી શક્તિ છે, બાબા!'

'આગમાંય ઘણી શક્તિ છે, બેટા!'

'પાણી અને આગ એ બન્ને મહાન શક્તિઓ છે, બાબા! આગ જે માનવીના હૃદયમાં છે, પાણી જે તેની આંખોમાં છે જે કાર્ય આગ કરી શકતી નથી' તેને પાણી પાર ઉતારી દે છે—એવું વૈદ્યજીએ કહ્યું હતું'

વૃદ્ધ મારી વાત સાંભળી મુસ્કરાયો મારા ખભે હાથ મૂકી બોલ્યો

'તમારા ગામનો વૈદ્ય શાણો લાગે છે, પણ અફસોસ, અત્યારે તને આ કૂવાનું એક ટીપુંય પાણી મળી શકે તેમ નથી'

'કેમ?'

'જોતો નથી, અમે કૂવો ગાળી રહ્યા છીએ'

સહસા એ જ વખતે કૂવો ગાળનારે બહાર આવી જાળ ઊંધી કરી દીધી કાદવ નીકળ્યા, ઘણા લોકો તેની ઉપર તૂટી પડ્યા અને તેને ચૂંથવા લાગ્યા તેઓ તેમાંથી કંઈક શોધી રહ્યા હોય તેમ લાગતું હતું, પણ એ કીચડમાંથી તેમને કંઈયે મળ્યું નહીં

કૂવો ગાળનાર વળી કૂવામાં ડૂબકી લગાવી ગયો

મેં વૃદ્ધને પૂછ્યું, 'આ કૂવો ગાળનાર શું ગોતી રહ્યો છે?'

'કશુંય નથી ગોતતો એ કૂવાનો ગંદો કાદવ બહાર ફેંકી રહ્યો છે, જ્યારે બધો કાદવ બહાર નીકળી જશે ત્યારે કૂવાનું પાણી ચોખ્ખું થઈ જશે પછી તું તારા બચ્ચાને પીવડાવી શકીશ' વૃધ્ધે કહ્યું

હું મારા પુત્રને લઈ એક તરફ ઊભો રહી ગયો કૂવો ગાળનાર જાળ લઈ પાછો બહાર નીકળી આવ્યો તેણે જાળમાંનો કાદવ બહાર જમીન પર ફેંકી દીધો તેમાંથી એક કાસકો નીકળ્યો

કૂવો ગાળનારે પૂછ્યું, 'આ કાસકો કોનો છે?'

એક નવવિવાહિતા યુવતીએ શરમાઈ જઈ કૂવો ગાળનારના હાથમાંથી કાસકો લઈ લીધો અને વળી પોતાના પતિના ખભા પર ઝૂકી ગઈ તે યુવતીના વાળ લાંબા અને સોનેરી હતા ચહેરો ઘઉંવર્ણો અને આંખો મોટી મોટી અને ભૂરી, ક્યારેક ક્યારેક તેમાં આંસુ આવી જતા ત્યારે તે પ્રાતઃકાલીન નીંનિમાની જેમ ચમકી ઊઠતી

'યાદ છે?' તેણે હળવેથી પોતાના પતિને કહ્યું અને તેની અંગુલિઓ કાસકા પર ફરવા લાગી જાણે કાસકાનો પ્રત્યેક દાંતો એ સમયની એક મધુર ક્ષણ હતી—સમય કે જે હવે પાછો નહોતો આવવાનો

'યાદ છે!' તેના પતિએ કહ્યું અને તે સપનામાં ખોવાઈ ગયો આ કૂવાની પાળ ઉપર તેણે પોતાની લજ્જામણીને પહેલી વખત જોઈ હતી ત્યારે તે નહાવાની પૂર્વે પોતાના સોનેરી વાળ ઓળી રહી હતી. અને તે તરસ્યો હતે તેણે પોતાનો ઘોડો અહીં થોભાવી તેની પાસેથી પાણી માગ્યું હતું

પાણી!

પાણીમાં એક મહાન શક્તિ છે!

પાણીમાં મહોબ્બત છે!

યુવાન પતિએ પોતાની નવવિવાહિતા પત્ની પાસેથી કાસકો લઈ ચૂમ્યો અને પછી પોતાના ખિસ્સામાં સેરવી દીધો તે યુવતીએ તેને પાણી પીવડાવતા પહેલાં કાસકો કૂવાની પાળ ઉપર મૂકી હતી, અને તેના સોનેરી વાળ તેના ખભા પર રેલાઈ ગયા હતા અને જ્યારે પાણી પીવડાવીને તે પાછી ફરી હતી ત્યારે યુવકે તેનો હાથ પકડી લીધો હતો અને આ બેચેનાણુમાં કાસકો કૂવામાં જઈ પડ્યો હતો

'યાદ છે?'

કોને યાદ નહીં હોય, કોઈના હાથનો એ પ્રથમ

સ્પર્શ ! જ્યારે ડાંસકો કૂવામાં જઈ પડ્યો અને નિગાહ દિલમાં ઊતરી ગઈ હતી અને વાળ સૂર્યનાં કિરણો બની ગયાં હતાં ! કોને યાદ નહીં હોય ?

કૂવો ગાળનાર વેળી બહાર નીકળી આવ્યો. તેણે કાદવ ઠાલવી દીધો. તેમાંથી આ વખતે એક લાંબો એવો છરો નીકળ્યો.

રૂપેરી વાળવાળા એ વૃદ્ધે છરો હાથમાં લઈ પૂછ્યું, 'આ છરો કોનો છે ?'

થોડીક ક્ષણો માટે એ ભીડ શાંત થઈ ગઈ. કોઈ કશુંય ના બોલ્યું. બધાય જાણતા હતા એ છરાને ! એ છરાની મૂઠ હાથીદાંતની હતી અને ખૂબ જ સુંદર હતી. જે નવયુવકનો એ છરો હતો તે પણ આ જનસમૂહમાં ઊભો હતો. બધા તેની તરફ જોઈ રહ્યા હતા, કારણ કે બધાને ખબર હતી તેણે ગામના એ અત્યાચારી થાનેદારને ખતમ કરી દીધો હતો. એ થાનેદાર ગામની વહુ-દીકરીઓની ઇજ્જત લૂંટતો હતો. પણ નવયુવકની સામે ઐક્ય પૂરાવો મળ્યો નહોતો અને તે નિર્દોષ છૂટી ગયો હતો અને ગામની વહુ-દીકરીઓની ઇજ્જત લૂંટનારથી પૃથ્વી મુક્ત થઈ ગઈ હતી. પાણીની લહેરોએ એ છરાને એવી રીતે છૂપાવી લીધો હતો કે જેવી રીતે માતા પોતાના અપરાધી પુત્રને પોતાના પાલવમાં સંતાડી દે છે.

પાણીમાં મહાન શક્તિ છે.

પાણી જ પ્રતિશોધ છે !

તે નવયુવકની આંખો લાલ થઈ આવી. સહસા તેણે આગળ આવી તે છરો લઈ લીધો અને પોતાના કમરબંદમાં ખોસી દીધો અને ગર્વથી તેની માએ તેનો હાથ પકડી લીધો.

પનડુબ્બો (કૂવો ગાળનાર) ફરીથી બહાર આવ્યો. આ વખતે કાળા મેલા કાદવમાં હાથીદાંતની ઘણી બધી ચૂડીઓ હતી.

ગામની સૌથી યુવાન વિધવા સિસકવા લાગી—ધીમે ધીમે રડવા લાગી. કેમકે શાદીની રાત્રે તેના વરરાજાએ ઝેર લીધું હતું. તેને કોઈ બીજી છોકરી સાથે પ્રેમ હતો—છોકરી—કે જે તેની કદીયે ના થઈ શકી. સુહાગરાતે પોતાના પતિની લાશ જોઈ તે નવવિવાહિતા ચીસ પાડી ઊઠી હતી અને કૂવાની પાળ પર આવી તેણે બધી ચૂડીઓ ઊતારીને કૂવામાં ફેંકી દીધી હતી.

વૃદ્ધ ચૂપચાપ ઊભો હતો !

તે યુવાન વિધવા ધીમે ધીમે આગળ આવી. ઝૂકી જઈને તેણે ચૂડીઓ વીણવા માંડી અને એકે એક ચૂડીઓ સંભાળથી પોતાના પાલવમાં સમેટવા લાગી.— જાણે એ ચૂડીઓ નહોતી, પણ તે પોતાની વણદેખી કામનાઓ ગણી રહી હતી. બધી ચૂડીઓ પાલવમાં સમેટી લઈ તે જતી રહી. તેના ગયા બાદ પણ ક્યાંય સુધી લોકો શાંત જ ઊભા હતા.

વૃદ્ધે કહ્યું, 'આ અમારો પૂર્વજોનો કૂવો છે. તે અમને જીવન પણ અર્પે છે અને મૃત્યુ પણ ! આ કૂવાથી કોઈ પણ છટકી શકતું નથી.'

સહસા પનડુબ્બો ફરીથી બહાર નીકળી આવ્યો. આ વખતે તેનો ચહેરો સ્યામ પડી ગયો હતો; અને તેની છાતી જોર જોરથી ધડકી રહી હતી. લાગતું હતું કે તે ઊંડે ઊંડે અતાગ પાણીમાં ડૂબકી મારીને આવ્યો હતો; કંઈક શોધીને લાવ્યો હતો.

પનડુબ્બાએ સાવધાનીથી કાદવ બહાર કાઢ્યો. પણ આ વખતે કીચડ ઓછો હતો અને રેતી વધારે હતી. આ રેતીમાં એક નાના બાળકનું શબ હતું.

બધાં બે ડગ પાછળ હટી ગયાં, અને ધ્યાનથી એ શબને જોવા લાગ્યાં. બધાંની આંખો જાણે આશ્ચર્યથી ફાટી ગઈ હતી; ઉજ્જ્વળ કાંતિવાળા પેલા વૃદ્ધે બાળકના શબને પોતાના બન્ને હાથવડે ઊંચક્યું અને પૂછ્યું,

'આ બાળક કોનું છે ?'

કોઈ બોલ્યું નહીં.

કોઈ આગળ વધ્યું નહીં.

પુરુષોના ચહેરા પીળા પડી ગયા હતા. વિવાહિતાઓએ ઘૂમટો ખેંચી લીધો હતો. કુમારિકાઓની નિગાહો ઝૂકી ગઈ હતી.

'આ બાળક કોનું છે ?' વૃદ્ધે કઠોર સ્વરે પૂછ્યું.

બધાંય ચૂપચાપ, સુન્ન બની કૂવાની આસપાસ ઘેરો ઘાલી ઊભા હતાં પણ કોઈએ બાળકને પોતાનું કહ્યું નહીં

વૃધ્ધે બાળકના શબને પવનુભ્બાના હવાલે કરતા અફસોસથી કહ્યું

'ભાઈ ! આ બાળકને ફરીથી કૂવામાં નાખી દે '

પછી તે મારી તરફ ખેદ અને દુ ખભરી આંખે જોતા બોલ્યો

'અતિથિ ! મને અત્યધિક ખેદ છે કે હવે આ કૂવો ગાળી શકાશે નહી તુ તારા બાળકને આ કૂવાનુ પાણી પીવડાવી તેને નવુ જીવન નહી અર્પી શકે '

પનુભ્બાએ એ શબને કૂવામા નાખી દીધુ

સહસા મારા ખોળામાંથી ઊછળીને મારા બાળકે કૂવા તરફ દોટ મૂકી દીધી

'ઊભા રહો, ઊભા રહો, હુ આ બાળક જોડે રમીશ !'

અને હુ આગળ વધી તેને પકડુ તે પહેલા તેણે કૂવામાં છલાંગ લગાવી દીધી

'મારો પુત્ર ! મારો દીકરો !' કહેતો કહેતો હુ કૂવા તરફ દોડ્યો, પણ લોકોએ મને પકડી લીધો

'જોતા નથી ?' મે ખીજવાઈ જઈ કહ્યુ

'મારુ બાળક આ કૂવામા પડી ગયુ છે !'

'તે પેલા બીજા બાળક સાથે રમી રહ્યુ છે !' પેલા જ ત્યાગ મૂર્તિ વૃધ્ધે એકદમ ધીમેથી કહ્યુ

મ કૂવામા ડોકાઈને કહ્યુ

'બેટા ! બેટા, પાછો આવતો રહે '

કૂવામાથી એક ઝીણા હાસ્યનો પડઘો પડ્યો. જાણે કૂવામા પાણી નહોતુ, કિન્તુ હાસ્ય હતુ, જે એ કૂવામા ઊછળી ઊછળીને આખા સસારમા, ખીણોમા અને મેદાનોમા ફેલાઈ રહ્યુ છે

લોકો મને ખેંચીને દૂર લઈ ગયા મે ઘૂટણીએ પડી પેલા વૃદ્ધના ઝભ્ભાને પકડી લીધો અને કાકલૂદી કરતા કહ્યુ

'મારુ બાળક ! આ ! મને મારુ બાળક પાછુ આપી દો હુ સામે ચાલીને તમારી પાસે આવ્યો છુ મારુ બાળક મને પાછુ મેળવી દો '

'મળી જશે ' બાબા સીધા ટટ્ટાર થઈને ઊભા રહી ગયા તેની આંખમાં વિલક્ષણ એવુ પ્રકાશનુ કિરણ ચમકી ઊઠ્યુ ધીમે ધીમે, પણ એકદમ દૃઢતાથી તેણે કહ્યુ

'તારુ બાળક તને પાછુ મળી જશે, પણ ત્યારે જ, કે જ્યારે કોઈ કુમારિકા આ કૂવા પર આવશે અને તેની પાળ પર ઝૂકીને એ બીજા બાળકને સાદ દેશે અને તેને પોતાનુ બાળક કહી બોલાવશે, તત્ક્ષણ તને તારુ બાળક પાછુ મળી જશે '

હુ ત્યાંથી ઊભો થઈ ગામની સ્ત્રીઓ તરફ દોડ્યો

'મારુ બાળક મને પાછુ આપી દો '

વિવાહિતાઓએ પોતાના ઘૂમટા વધુ તાણી લીધા અને મારી ભણી પીઠ કરી ઊભી રહી ગઈ

'મારુ બાળક મને પાછુ આપો '

કુમારિકાઓએ મો ફેરવી લીધા તેમના હોઠ ફિક્કા પડી ગયા હતા અને પાંપણો આંસુઓથી થરથરતી હતી

'મારુ બાળક મને પાછુ આપી દો '

વૃદ્ધાઓ ઘૃણાથી અટ્ટહાસ્ય કરી ઊઠી તેઓ ઘૃણાથી હસી શકતી હતી કારણ કે તેમની કૂખ હવે વાંઝણી થઈ ચૂકી હતી

લોકો મારા ગાલ પર સરી જતા મારા આંસુ ન જોઈ શકે એટલા માટે મે મારા મુખને બન્ને હાથે ઢાંકી દીધુ

થોડા વખત પછી જ્યારે મે હાથ ખસેડી લીધા ત્યારે ત્યા કોઈ નહોતુ મે જોયુ કે એ ગામમા હુ એકલો જ ઊભો છુ—ગામ કે જે ક્યાય નથી હુ એ કૂવાની પાસે ઊભો છુ કે જે દરેક ચારમાર્ગ પર આવેલો છે અને એ કુમારિકાની પ્રતીક્ષા કરી રહ્યો છુ કે જે એક દિવસ એ કૂવા પર આવી મારા બાળકને જીવતદાન આપશે

*

જનરલ કરીઅપ્પા

આપણા યુવાનો

આપણા ભૂતપૂર્વ સરસેનાપતિ અહીં આજની એક ઘેરી સમસ્યાની છણાવટ કરે છે. આજે તો તે સમયોચિત પણ ગણાય એવું અશિસ્તનું વાતાવરણ દેશભરના વિદ્યાર્થીઓ યુવાનોમાં પ્રવર્તે છે. સહુ કોઈને માર્ગદર્શન મળે તેવો આ લેખ છે.

આપણા યુવાનોને ચારે બાજુએથી આપણે વગોવી રહ્યા છીએ. હું ઇચ્છું છું કે આ વગોવણીનો હવે કાયમ માટે અંત આવવો જોઈએ. આ 'કરુણ નાટક'ના ચાર મુખ્ય પાત્રો જો હૃદયપૂર્વકનો વ્યવહાર અને વિશ્વાસપૂર્ણ સહકાર સાધે તો જ એ પ્રમાણે બની શકે. નાટકના ચાર પાત્રો આ રહ્યાં:

(૧) માતાપિતા

(૨) સ્વાર્થસાધુ રાજપુરુષો

(૩) રાજ્ય સરકાર—કેન્દ્ર સરકાર અને

(૪) વિદ્યાર્થીઓ પોતે

વિદ્યાર્થીઓની ગેરશિસ્ત એ કાંઈ આખાય દેશમાં ફેલાયેલ નથી એમ એકના ભારત પૂરતો પણ એ પ્રશ્ન નથી કે જેની આપણી રાષ્ટ્રીય દૃષ્ટિએ વધુ પડતી ચિંતા કરવી જોઈએ. હું જાણું છું તે મુજબ ઘણા જ થોડા ગુનાહિત બનાવો બન્યા હતા અને કેટલાક સાવ બેહુદા હતા પરંતુ બધા જ શું એકતરફી છે? શું એમાં સ્વાર્થસાધુ રાજપુરુષો, અસંતોષી શિક્ષકો અને વધુમાં તો અસ્પષ્ટ અને અપૂર્ણ એવી સરકારની શિક્ષણનીતિ પણ મોટા ભાગના બનાવો માટે જવાબદાર નથી? અને એવું પણ નથી કે આપણા દેશના દરેક ગામોમાં આ જાતનો રોગચાળો ફેલાયો હોય છતાંય જો રોગચાળાને સત્વરે ફેલાતો અટકાવીશું નહિ તો આખાય દેશ માટે તે આફત લાવશે?

માતાપિતાએ તેમના બાળકોને શિસ્તબદ્ધ અને સાચા માર્ગ પર નીરોગી અને વ્યવસ્થિત એવા ઘરના વાતાવરણમાં ઉછેરવા જોઈએ. એમણે બાળકોને એમના વિચારોમાં, શબ્દોમાં અને કાર્યમાં સ્વચ્છ અને સુઘડ રહેવાનું શીખવવું જોઈએ. એમણે એમના વડીલો અને શિક્ષકોની આજ્ઞામાં રહેવાનું પણ શીખવાડવું જોઈએ અને તે પ્રમાણે વર્તવું જોઈએ. તેમના પ્રત્યે વધુપડતી સખતાઈ પણ ન રાખો અને તેમના ગેરકૃત્યો માફ પણ ન કરો પરંતુ તેમને સાચા માર્ગે દોરવા નમ્ર અને વિવેકપૂર્ણ માર્ગ લો. મોન્ટેસરી પદ્ધતિ અત્યન્ત ઘણી જ સુંદર છે પરંતુ સાથે સાથે તોફાની ફરી તોફાન કરવા ન પ્રેરાય તે માટે ક્વચિત સોટીનો ઉપયોગ પણ જરૂરી છે. મારા માતાપિતાએ મારે માટે સોટીનો ઉપયોગ કર્યો હતો અને સાચી રીતે તો મારા પિતાએ પ્રેમ, વિવેક અને નમ્રતાયુક્ત મિશ્રિત સખતાઈ અને અડગતાથી મને ઉછેર્યો તે બદલ હું એમનો આભારી છું. હું માતાપિતાને આટલું જ કહીશ કે એમને (બાળકોને) તેમની ભૂલો પકડાય નહિ તેમ સંતાડવાને બદલે તેમની કબૂલાત કરતા શીખવાડો.

તેમના મન પર ફરજ માટેની તત્પરતા, સમયની કિંમત અને શ્રમનો મહિમા એ સર્વેની મહત્તા ઠસાવો. ઘરમાં ગમે તેટલા નોકર-ચાકર હોય તો પણ તેમના ઓરડા તેમને જ સ્વચ્છ અને સુઘડ રાખવા દો. તેમના જોડાને પોલીશ કરવાનું વગેરે કામ પણ તેમને જ કરવા દો. તેમના મન પર એવું ઠસાવો કે જો તેઓ હુકમ પાળવાનું નહિ શીખે તો તેઓ કદીય હુકમ કરી શકશે નહિ અને આજ્ઞાપાલક સેવક નહિ હોય ત્યાંસુધી કદીય તેઓ આજ્ઞા પ્રવર્તાવનાર માલિક બની શકશે નહિ. તેમને માતાપિતા તથા વડીલોને માન આપવાનું શિક્ષણ આપો. શિક્ષકોને પણ માન આપે અને ભગવાનને પણ માન આપે એવું એમને શીખવો. હું અત્યારની કેટલીક સુધરેલી માતાઓને અરજ કરું છું કે તેઓ તેમના બાળકોને માટે થોડો વધુ સમય આપે પાર્ટી, સિનેમા અને કહેવાતા સમાજકલ્યાણના કાર્યમાં થોડો ઓછો વખત ગાળે. માતાઓ જ બાળકોના ઘડતર અને ચારિત્ર્યની ધાત્રી છે.

બાળકોના ચારિત્ર્યને ઘડવાની તેમજ તેને શિસ્તબદ્ધ બનાવવાની જવાબદારી માબાપને શિરે છે આ માટેની શરૂઆત એમના નાનપણના દિવસથી જ કરો જેથી પાછળના વર્ષમાં તેઓ ક્યારેય ખોટા માર્ગે નહિ જાય

મહેરબાની કરીને વિદ્યાર્થીઓને એકલા જ છોડી દો તમારા રાજકીય હેતુ માટે તેમને હથિયાર ન બનાવો શાળા કે કોલેજ માટેના તેમના દિવસોની પ્રત્યેક ક્ષણ તેમને ભણવા પાછળ રાષ્ટ્રના સારા નાગરિક બનવા માટેના જ્ઞાન મેળવવા માટે કરવા દો વિદ્યાર્થીઓના કાર્યમાં દખલ ન નાખવાનો શિરસ્તો દરેક રાજપુરુષે પાળવો જોઈશે—પછી ભલેને તે કોઈપણ રાજદ્વારી પક્ષનો હોય વધુમાં બધા રાજદ્વારી પક્ષોનું એક સંમિશ્ર મંડળ હોવું જોઈએ જે રાજકીય હેતુઓ માટે વિદ્યાર્થીઓને શિસ્તભંગ કરવા પ્રોત્સાહન આપવાના ભયંકર રાષ્ટ્રીય ગુના માટે સખત હાથે કામ લે

મહેરબાની કરીને શિક્ષણમાં પડેલા સત્તાધારીઓ તેમના શિક્ષણ આપવાના અને કેળવણી આપવાના કાર્યમાં દખલ ન કરો મહેરબાની કરીને શિક્ષણક્ષેત્રમાં રાજકારણને ન લાવો

મહેરબાની કરીને શિક્ષણનીતિ બાબતમાં તમે એકનિશ્ચયી થાવ, અને એકવાર અમુક નીતિ ઘડી કે પછી ઓછામાં ઓછું દશ વર્ષ માટે તેને બળપૂર્વક વળગી

આપણા કેટલાક નેતાઓ, જેમણે આપણી શિક્ષણપદ્ધતિ પર ઘણી ખરાબ ટીકા કરી હતી તેઓને અરજ કરું છું કે જાહેરમાં આવી નિંદા કરવાને બદલે વસ્તુઓને સુયોગ પર મૂકવા પ્રયાસ કરો કારણ કે નહિ તો તેઓ આથી કેવળ વિદ્યાર્થીઓને અસંતોષી અને યોગ્ય રીતે જ વિરોધ કરતા બનાવી રહ્યા છે મહેરબાની કરીને તમારા શિક્ષકો અને પ્રાધ્યાપકો, હેડમાસ્તરો અને પ્રિન્સિપાલોની યોગ્ય વરણી કરો અને ત્યાર પછી તેમને સારું મહેનતાણું આપો

જેઓને તે શિક્ષણ આપી રહ્યા હોય તેમનામાં અંગત રસ લે તે માટે ભારપૂર્વક પ્રયાસ કરો એ લોકો ને વિદ્યાર્થીઓની સાથે જ રમતગમતમાં, પર્યટનોમાં વગર પ્રવૃત્તિઓમાં ભાગ લેતા કરો શાળા અને કોલેજો—પછી તે નાની હોય કે મોટી, તે દરેક માટે આટલું તો મહેરબાની કરીને આપો

રમતગમત માટેના પૂરતા ક્રીડાંગણો, શોખ વિકસાવવા શોખકેન્દ્રો, સારા અને સુસજ્જ વર્ગખંડો, પુસ્તકાલયો, મનોરંજન માટેના ઓરડા વસતિગૃહો વગેરે વગેરે

અત્યારની મુશ્કેલી એ છે કે પૂરતા રમતગમતના મેદાનો અને અન્ય સાધનસામગ્રી શાળા-કોલેજો પાસે હોતી નથી આથી શાળાના સમય બાદ માત્ર ઘણા જૂજ પ્રમાણમાં વિદ્યાર્થીઓ રમી શકે છે, જ્યારે મોટા ભાગના વિદ્યાર્થીઓને બજારમાં રખડવા, સિનેમાની મુલાકાતે કે બીજી કોઈ રીતે સમય પસાર કરવા છૂટી દેવામાં આવે છે વળી વિદ્યાર્થીઓએ રમતમાં મેળવેલી સિદ્ધિને કાંઈ જ પ્રાધાન્ય અપાતું નથી આથી ક્રીડાંગણો પર વધુ સમય ગાળવાની વૃત્તિ રહેતી નથી

ઇચ્છું છું કે એન સી સી અને એ સી સી ની તાલીમ દરેક શાળા અને કોલેજોમાં ફરજિયાત કરવી જોઈએ આ પ્રવૃત્તિ કાંઈ એવી ખર્ચાળ નથી જેટલી તેને હાલ બનાવી મૂકવામાં આવી છે આશ્ચર્યભરી વસ્તુ તો એ છે કે જેવા તે લશ્કરી ગણવેશ ધારણ કરે છે કે તરત જ તેનામાં શિસ્તની ભાવના આપમેળે પ્રસરી જાય છે હું ભારપૂર્વક એમ માનું છું કે આ વસ્તુ વિદ્યાર્થીઓમાંની અવ્યવસ્થા દૂર કરવા માટે અતિ મદદરૂપ થશે

મહેરબાની કરીને હેડમાસ્તર અને પ્રિન્સિપાલને વિદ્યાર્થીઓમાં શિસ્ત લાવવા જે કાંઈ પગલાં લે તેમાં ટેકો આપો મહેરબાની કરી એમને કાર્ય કરવાની સ્વતંત્રતા આપો પરંતુ જો તેમની સત્તાનો દુરુપયોગ થતો દેખાય તો તેમને બરતરફ કરો રાજપુરુષો અને અન્યની પીઠ પાછળની ફરિયાદો સાંભળી તેમની સત્તાની કે તેઓ જે હોદ્દો સંભાળી રહ્યા છે તે હોદ્દાની અવગણના ન કરો શિક્ષકો અને પ્રાધ્યાપકોની સારી રીતે વરણી થવી જોઈએ અને તેમને સારી રીતે પગાર આપવો જોઈએ

શિક્ષણપ્રધાનો અને વડા અધિકારીઓએ વારવાર શાળા-કૉલેજોની મુલાકાત લેવી જોઈએ છેલ્લે સર કારને હું એક વધુ અરજ કરું છું કે—

શિક્ષણખાતું શું કેન્દ્રના હસ્તક ન રાખી શકાય ? કારણ આજે ભાષાવાર પ્રાંતો રચવાને કારણે આપણો દેશ વિભાજિત થઈ ગયો છે આપણા વિદ્યાર્થીઓને સમગ્ર ભારતને લક્ષમાં રાખીને વિચારતા શીખવવામાં આવવું જોઈએ—જે હાલ થતું નથી

મને દેશના યુવાનોમાં શ્રદ્ધા છે તેઓ આપણા મહાન દેશના અને જગતના મહાન નાગરિકો બનશે આપણા દેશમાં હજારોની સંખ્યામાં હું એમને મળ્યો છું તેમની સાથે પ્રેમથી છતાં ચોખ્ખવટથી અને અંગત પૂર્ણ રીતે હું બોલ્યો છું મારા મન પર તેઓએ સારી છાપ પાડી છે મને તેઓએ આશા આપી છે ખરેખર, મૂળભૂત રીતે એમનામાં કંઈ જ દોષ નથી પરંતુ તેમના જૂથમાં કેટલાક ખરેખર ખરાબ તત્ત્વો છે જે તેમને ખોટે રસ્તે દોરી ઉશ્કેરી મૂકે છે—ઘણો જ નુકસાનકારક અને પેટા જુસ્સો ઉત્પન્ન કરે છે જો કે કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવા અને તે પ્રમાણે વર્તવા માટે તેઓ તેમના શાણપણના દિવસોમાં ખૂબ પસ્તાય છે અને શરમ અનુભવે છે આવા કેટલાને તો રાજકીય તત્ત્વો તરફથી સહાય મળતી હોય છે તમારી શાળાઓ અને કૉલેજો કેમ ચલાવવી જોઈએ એ બાબત એમણે નક્કી કરવાની નથી પ્રશ્નપત્રો કેટલા સહેલા કે અઘરા રાખવા કે અમુક સહાધ્યાયીને કરેલી શિક્ષા યોગ્ય છે કે અયોગ્ય એ બધું એમણે નક્કી કરવાનું નથી વિદ્યાર્થીઓ કોઈ રમતના મેદાનના રમકડાં નથી કે તેઓએ હડતાળ પાડવી જોઈએ મોટા થયે રાષ્ટ્રીય ઉત્થાનના કાર્યમાં યોગ્ય ફાળો આપી શકાય એ માટે તેઓએ ઘણું ઘણું શીખવાનું છે

તેમને જો કોઈ રજૂઆત કરવાની હોય તો તેમણે બંધારણીય રીતે કરવી જોઈએ વિદ્યાર્થીઓને તેમની શિક્ષણમાંથી મળેલી નવરાશને નીરોગી મનોરંજન, ક્રીડાંગણ કે પર્યટનો પાછળ ગાળવા દો તેઓ હજુ જીવનના ઉંબરામાં છે અને રાજનીતિ તો એમના માટે ઘણી દૂર છે માતૃભૂમિની સેવા કરવાની અને તેને દુનિયાની શાનની બનાવવાની ઘણી જ તકો તેમની પાસે છે આપણે મહાન સંસ્કૃતિ અને સંસ્કારિતાના વારસ છીએ આપણો જૂનો ઇતિહાસ વાંચો અને તેમની ભૂલોમાંથી બોધપાઠ મેળવો દેશની એકતા અને બળ માટે અવિરત કાર્ય કરો જેથી આપણે ફરીવાર પરદેશી ધૂંસરી હેઠળ ન આવીએ

તેમને હાલમાં સક્રિય રાજકારણમાં ભાગ ના લેવડાવો પરંતુ રાજકારણના સિદ્ધાન્તોનો અભ્યાસ કરવા દો હાલનું તેમનું મુખ્ય કાર્ય તો શિક્ષણ મેળવવાનું જ છે શારીરિક રીતે યોગ્ય બનવાનું પણ તેમણે શીખવું જોઈએ, તેમ માનસિક રીતે સજાગ અને નૈતિક રીતે સાચા પણ બનવું જોઈએ

મારા યુવાન મિત્રો ! ભારત તમારી સેવાઓ માગી રહ્યું છે ! તમે જ તેના સિપાઈઓ છો અને તમે જ અમારી આવતી કાલની આશાઓ છો અમને નીચા ન પાડશો

☆

એકબીજામાં અર્પણ થઈ જવું એનું નામ લગ્ન, એવી મારી સમજ છે. લોઢાના બે કટકાને તપાવીએ ને ટીપીએ અને પછી તેમને જોઈએ ત્યારે એમાં સાંધો રહેતો નથી સાંધો રહે નહિ એનું નામ લગ્ન લગ્ન કરારથી નહીં, વિધિથી નહિ પ્રેમથી જ સફળ થાય બંનેને ભેગાં જીવવામાં રસ પડે, બંને એકબીજાને મદદ કરે, એકબીજાને સુખી કરવાના યત્ન કરે ત્યારે લગ્ન સફળ થાય એ જ લગ્નની ભાવના, એ હૃદયની વસ્તુ છે, એમાં હૃદયની એકતાનો સંબંધ છે, એ બહારથી દેખાતી વસ્તુ નથી રૂઢિઓ, મર્યાદાઓ, રૂઢિઓ એ તો બધો ઉપરનો મેલ છે અંદરની વસ્તુ તો જુદી જ છે પેલો બહારનો મેલ દૂર કર્યા પછી તરત દેખાય છે એટલે સંબંધને શુદ્ધ બનાવવાથી સંસાર પણ સફળ થશે

રવિશંકર મહારાજ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પહેલું સંતતિનિયમન કેન્દ્ર

સંતતિનિયમન ચળવળના પ્રણેતા અને દુનિયા ભરના નેતા માર્ગરેટ સેન્ગર ઇન્ટરનેશનલ પ્લાન્ડ પેરન્ટહુડ ફેડરેશન (આન્તરરાષ્ટ્રીય સંયોજિત માતૃપિતૃત્વ સંઘ)ના સ્થાપક અને પ્રમુખ છે વળી ન્યૂ યોર્કમાં માર્ગરેટ સેન્ગર રિસર્ચબ્યુરો (સંશોધન સંસ્થા) પણ સ્થાપેલું છે સ્ત્રી માત્રનો માતૃત્વ માટે મરજિયાત હક્ક સ્થાપવા માટે તેમણે આખી જિંદગી લડત ચલાવી છે બ્રુકલિન, અમેરિકામાં સૌ પ્રથમ સંતતિ નિરોધ કેન્દ્ર સ્થાપનાનો એક પ્રસંગ અહીં ઉતારવામાં આવ્યો છે

૧૬મી ઑક્ટોબર ૧૯૧૬ની સવારે બ્રુકલિન, અમેરિકામાં સૌ પ્રથમ સંતતિનિરોધ કેન્દ્રના બારણાં ખુલ્લાં મુકાયાં અમેરિકી સ્ત્રીઓના સામાજિક દરજ્જાને સ્થાપનો આ ચિરસ્થાયી બનાવ હતો

ત્રણ વરસ અગાઉ માર્ગરેટ સેન્ગર ન્યૂ યોર્ક શહેરના એક ભાગમાં એક ડાક્તર સાથે ધંધાદારી નર્સ તરીકે ગયાં હતાં. ત્યાં એક મરણાસન્ન સ્ત્રી હાથે કરી ગર્ભપાત કરવાના કારણે મરવા પડી હતી ડાક્તરે તેને સંતતિ નિરોધની માહિતી આપવા ના પાડેલી આથી છેવટે તેને ગર્ભપાતનો આકરો આશરો લેવો પડ્યો હતો આવી રીતે સબડતી સ્ત્રીઓમાંની આ એક બાઈ હતી દર વરસે હજારો સ્ત્રીઓ આ માર્ગ ગ્રહણ કરતી હશે આ વિચારે માર્ગરેટ સેન્ગરને એકલા નર્સીંગ કરવાના ધંધા ઉપર કંટાળો આવ્યો

શ્રીમતી માર્ગરેટ સેન્ગર હોલેન્ડમાં ભણેલાં ત્યાં નર્સીંગ ઉપરાંત સંતતિનિરોધન અંગેનું જ્ઞાન પણ મેળવ્યું હતું એમનાં બેન પણ આ કામમાં મદદગાર નીવડે એમ હતાં

પણ ન્યૂ યોર્કનો કાયદો માત્ર ડાક્તરોને સંતતિનિરોધની માહિતી આપવા માટે અધિકારી ઠેરવતો હતો

અત્યારે સંતતિનિયમન અને કુટુંબનિયોજન વિષે આખી દુનિયા જાગૃતી થઈ છે પણ ચાલીસ વર્ષ પહેલાં અમેરિકામાં પહેલવહેલું કેન્દ્ર શ્રીમતી માર્ગરેટ સેન્ગરે ચલાવ્યું એની વીતક વાત અંગ્રેજી પરથી ઉતારેલા આ લેખમાં છે

કોઈ રોગીને વહેમ ભગાડવા માટે જ સંતતિનિરોધનો આશરો લેવાની છૂટ હતી પણ માર્ગરેટ સેન્ગર તો આ કાયદાને વિસ્તૃત બનાવી વધારે છુટાપણાથી આવી પડતી બાળકોથી સ્ત્રીઓને રક્ષવા માગતા હતા સ્ત્રીઓને તેમના ભાગ્યને કાબૂમાં રાખવાનો હક્ક અપાવવાની બાબત અગત્યની હતી

શ્રીમતી માર્ગરેટ સેન્ગર ડાક્તર ન હોવાથી તે સંતતિ નિરોધની માહિતીનો ફેલાવો કરે તે કાયદેસર ન હતું પણ તે મરજિયાત માતૃત્વનો હક્ક મેળવવા માટે કાયદો ભંગ કરવામાં પાછા પડે એમ ન હતા

બ્રુકલિન શહેરના બ્રાઉન્સવિલેના એમ્બોય બાજામાં સંતતિનિરોધ કેન્દ્રનું સ્થાન પસંદ કરવામાં આવ્યું ગંદો અને મલીન એ લત્તો હતો મજૂર લોકોથી વસેલો હતો ગરીબાઈના કારણે તેમને સંતતિનિરોધની માહિતી આપવી ઘણી જરૂરી હતી શિકાગોથી એક ઉત્સાહી નવયુવાન આ કામમાં મદદ કરવા આવી મળ્યો પાંચ હજાર માહિતીપત્રો છપાવ્યા તેમાં આ પ્રમાણે લખેલું હતું

માતાઓ !

બહોળું કુટુમ્બ તમે નિભાવી શકશો ખરા ? તમારે વધારે બાળકની જરૂર છે ખરી ? જો ના હોય તો તે કેમ થવા દો છો ?

મારી ના નાખશો ખૂન ના કરશો

પણ તેને જન્મતું અટકાવો

એમ્બોય સ્ટ્રીટની ૪૬મી ઓરડીમાં કેળવાયેલી નર્સ દ્વારા તમને આ બાબતની સહીસલામત અને નિર્દોષ માહિતી પ્રાપ્ત થશે

તમારા મિત્રો અને પાડોશીને આ વાત કહો

માતાઓને આમંત્રણ

માર્ગરેટ સેન્ગર અને સાથીદાર માહિતીપત્રનો થોકડો

'તમે કદી માર્ગરેટ સેન્ગરને જોયા હતા?'
'હા, ક્લીનીકમાં'
'તમે ત્યાં કેમ ગયા હતા?'
'બાળકો આવતાં અટકાવવાની રીત જાણવા'
'તમને માહિતી મળી ખરી?'
'હા'

દિવસો સુધી કાયદાની દલીલો ચાલી

છેવટે ન્યાયાધીશે કહ્યું 'આપણે કાયદાથી બંધાયેલા છીએ આ બાઈ તેને માન આપવાની કબૂલાત કરે છે ખરી?' તેમણે માર્ગરેટ સેન્ગર સામે જોઈ કહ્યું 'તમારો જવાબ શો છે? હા કે ના?'

લોકોના શ્વાસ થંભી ગયા માર્ગરેટ સેન્ગરે ભારપૂર્વક કહ્યું

'જે કાયદાને હું માન ના આપું તેને પાળવાનું વચન હું ના આપી શકું'

સભાજનોની મનની ખેંચ દૂર થઈ સ્ત્રીઓએ તાળીઓ પાડી બૂમો પાડી ન્યાયાધીશે ન્યાયનું ઉચ્ચારણ કર્યું

'તમને ત્રીસ દિવસની સજા છે'

ખૂણામાંથી એક સ્ત્રીએ 'શરમ' ની બૂમ પાડી

માર્ગરેટ સેન્ગરને લોંગ આયલેન્ડના ત્રિક્ષાગૃહમાં લઈ જવામાં આવ્યા કેદીઓમાં વેશ્યાઓ, ખિસ્સાકાતરુઓ, ચોરો હતા તેમણે માર્ગરેટ સેન્ગર વિષે સાંભળેલું હતું એક જણે માર્ગરેટ સેન્ગરને જાતીય ચોખ્ખાઈ વિષે પૂછ્યું આ કહેવા માર્ગરેટ સેન્ગરે મેટ્રન પાસે પરવાનગી માગી તે કહે 'તેઓ આ વિષે ઘણી ખરાબ રીતે જાણે છે'

પણ માર્ગરેટ સેન્ગરે માગણી જારી રાખી ફતેહ મળી. એમણે કેટલીક છોકરીઓને વાચના લખના શીખવ્યું સંતતિનિરોધ માટે પણ એમણે લખ્યું યોજનાઓ ઘડી.

માર્ચની છઠ્ઠીએ છૂટકારો થયો આ જેલ જેવો ત્રાસદાયક અનુભવ એમને જિંદગીમાં કદી થયો નથી જેલના બારણે વકીલ, મિત્રો, સાથી કાર્યકરો તેમને વધાવી લેવા ઊભા હતા પાછળ રક્ષાગૃહના તાજા મિત્રો પણ એમની મુલાકાતો માટે ગીતો લલકારતા હતા

બ્રાઉન્સ વિલે સંતતિનિરોધ કેસનો ચુકાદો જાન્યુઆરી ૧૯૧૮ના રોજ જાહેર થયો

ન્યૂયોર્કની હાઈકોર્ટે ગુનો સાબિત રાખ્યો ન્યાયાધીશની મર્યાદાની ઉદાર સમજુતીને લીધે આરોગ્ય ખાતર પરિણીત વ્યક્તિઓને સંતતિનિરોધની માહિતી આપવાની છૂટ આપવામાં આવી. વ્યાધિ શબ્દનો વિશાળ અર્થ લેવામાં આવ્યો આવી માહિતી આપવા માટે દાક્તરોના લાયસન્સ ખોવાની બીક દૂર થઈ ગઈ અમેરિકામાં દરેક ઠેકાણે સ્ત્રીઓને *સંતતિનિરોધની સલાહ આપવા માટે ક્લીનીકો અને દાક્તરોના દવાખાના ખુલ્લા થયા

*

સાભાર પ્રાપ્તિ–સ્વીકાર

જન્મભૂમિ પંચાંગ સં ૨૦૧૭ સ અમૃતલાલ લક્ષ્મીચંદ શાહ પાના ૨૦૦ રૂ ૧/૭૫ જન્મભૂમિ પ્રકાશન મંદિર, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ, ૧ **સરસ્વતીચન્દ્ર** (બૃહત્ સંક્ષેપ) ઉપેન્દ્ર ૭ પંડ્યા પાના ૫૦૪ રૂ ૫/૨૫ **સ્નેહમુદ્રા** ગો મા ત્રિપાઠી સંપા અનંતરાય મ રાવળ પાના ૩૧૨ રૂ. ૪/૫૦—ગ્રન્થોના પ્રકા એન એમ ત્રિપાઠી, મુંબઈ, ૨ **પાનવ કિનારી** અનંતરાય ૫ ઠક્કર (શાહબાઝ) પાના ૪૮ રૂ ૧/– યશવંત દોશી ૯૧ જવાહરનગર, મુંબઈ ૬૨ **રામાયણી ગંગા** હિંદુભાઈ જોશી પાના ૧૯૨ રૂ ૧/– ગ્રામણ કાર્યાલય, અમદાવાદ **લાગણીના દીવા** ઈશ્વર હ પરેલ પાના ૧૧૦ રૂ ૨/૫૦ ધરતી કાર્યાલય દરિયાપુર, અમદાવાદ ગઢ **ગિરનારી** સવિતાલક્ષ્મી બૂચ પાના ૫૪ રૂ ૧/– હરિરાય ભ બૂચ, જ્યુબિલીબાગ પાછળ વડોદરા **ગ્રામોદ્યોગ** ગાંધીજી પાના ૩૯ –/૨૫ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૪ **તોલમાપમાં મેટ્રિક પદ્ધતિ** ડી એચ ભાયાણી પાના ૪૦ રૂ ૨/– ભાયાણી બુક ડીપો, મુંબઈ, ૨ **ખુદાનો ખજાનો:** પ્રમોદ બેન્કરાવ પાના ૫૭ રૂ –/૭૫ ફૂલવાડી પ્રકાશન, મુંબઈ ૪

ઈ. ચ્વેતલાનોવા

પછી ઘરકામ કરશે કોણ ?

વિજ્ઞાને દરેક કામ એટલું બધું યંત્રમય બનાવી દીધું છે કે ઘરના દરેક કામમાં તે મદદરૂપ થઈ પડે તેમ છે વિશ્વના દરેક પ્રગતિશીલ દેશો આજે વિજ્ઞાનમય છે તેમાં સોવિયેત સંઘ મોખરે છે તેની આ લેખમાં રસપ્રદ માહિતી છે...

એન્તોનિના કે. નામનાં બહેન, તંત્રીઓ પર એક પત્રમાં લખે છે કે, 'મારા પતિના આગ્રહ છતાં પણ મારે હવે વધુ બાળકો નથી જોઈતાં.

'મારા પતિ અને હું—અમે બન્ને બાળકોને ખૂબ ચાહીએ છીએ. પરંતુ મને બીતિ છે કે મને જો હવે ત્રીજું બાળક અવતરે તો મારે માટે કુટુંબની સંભાળ રાખવાનું ઘણું મુશ્કેલ બની જાય. હું કારખાનામાં મારું કામ છોડી દેવા માગતી નથી.'

સોવિયેત સંઘમાં હજારો સ્ત્રીઓ કારખાનાંઓમાં કામ કરે છે અને પોતાના મોટા કુટુંબની સંભાળ પણ રાખે છે. એ કહેવાની જરૂર નથી કે આ કામ સહેલું નથી. એન્તોનિનાનો કાગળ એક ઘણા જ અટપટા પ્રશ્નને છેડે છે. સવાલ એ છે કે સોવિયેત સંઘમાં સ્ત્રીઓ, માતા અને પત્નીની ફરજો બજાવતાં બજાવતાં સામાજિક જીવનમાં, કેવી રીતે ઉપયોગી થઈ શકે અને દેશની ભૌતિક સમૃદ્ધિ વધારી શકે? ઘર અને કારખાના વચ્ચે તે તેનું સમાન લક્ષ આપી શકે તેમ છે ?

અત્યારે તો એવી સ્થિતિ પ્રવર્તે છે કે, કામ પરથી છૂટ્યા પછી માતા અનાજની દુકાને જાય છે. ત્યાંથી કીંડર ગાર્ડન અથવા ઘોડિયા-ઘરમાં તેના બાળકને લેવા જાય છે, અને પછી તે બાળક સાથે આવે—થોડીવાર હિતાવળે ગિતાવળે બાળકો સાથે વાતચીત કરે છે—અને પછી ઝટઝટ રાંધવાનું પતાવે છે. બાળકોને નવરાવી, સાફસૂફ કરીને પથારીમાં નાખે છે. ત્યાં જ રાત પડી જાય છે. વાંચવાનો કે નાટક જોવાનો સમય રહેતો નથી અને એ એટલી થાકી ગયેલી હોય છે કે તેમ કરવાની તેનામાં ત્રેવડ પણ રહી હોતી નથી. પતિ સાથે હસીખુશીથી વાત કરવા જેટલીય નિરાંત હોતી નથી. હજુ કેટલું બધું કામ બાકી છે! કપડાં સાંધવાનાં અને ધોવાનાં છે, મોટા છોકરાનું ગૃહપેપર તપાસવાનું છે—અને એવાં તો બીજાં અનેક કામ એમ જ પડ્યાં છે.

અને છતાં તેના ધણી સાથે નાટક-સિનેમામાં જવાની તેની ઇચ્છાને પણ શી રીતે અવગણી શકાય ? દરેક પતિ ઇચ્છતો હોય છે કે તેની સ્ત્રી ખુશમિજાજ હોય, સુંદર લાગે અને સુઘડ વસ્ત્રો પહેરીને તેની સાથે કોઈ કુટુંબને મળવા આવે અથવા નાટક-સિનેમા જોવા આવે.

વળી મુદ્દાની વાત એ છે કે સ્ત્રીઓ સિવાય ઘરકામ સારું કરે કોણ ?

હું ઘણીવાર ઘણા લોકોને એમ કહેતાં સાંભળું છું કે આપણા સમાનતાના જમાનામાં, માત્ર સ્ત્રીઓ માટેનાં વિવિધ ક્લબો અને મંડળો હોય તે વિચિત્ર લાગે છે. વળી તેમને માટે 'રાબોત્નિત્સા' નામનું સ્ત્રીઓનું સામયિક પણ છે. તેઓ સવાલ કરે છે કે 'સોવિયેત પ્રજાજનોમાં પુરુષો અને સ્ત્રીઓના પ્રશ્નો એક સરખા નથી શું ?'

આવા ટીકાકારો મને અંશે ખોટા છે. જો કે તેમની કેટલીક ટીકાઓ સાથે હું સંમત થાઉં છું.

સ્ત્રીઓનાં મંડળો, ક્લબો અને સામયિકોનો વિરોધ કરીને તેઓ કેટલાક ચોક્કસ સવાલોને અવગણે છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાન હક્કો અને સ્ત્રીઓ વચ્ચેની સમાનતા એ જુદી વસ્તુઓ છે. આ બન્ને ખ્યાલ જુદા છે અને તેનો તાત્વિક ફરક ન સમજતાં ગેરસમજૂતીઓ થવા પામે છે. સોવિયેત સંઘમાં સ્ત્રીઓ અને પુરુષો સમાન હક્કો ભોગવે છે. આમ છતાં એક વાત તો ચોક્કસ છે કે એક બાબતમાં તેમની વચ્ચે પૂરી સમાનતા શક્ય નથી અને તે ઘર અને કુટુંબની દેખભાળમાં. આનો અર્થ એ છે કે દરરોજ સ્ત્રીઓના 'ખાસ' અને 'ચોક્કસ' સવાલો રહેવાના જ.

તો પછી આદર્શ માતૃત્વ અને ઉત્તમ બાળ-સંભાળના આદર્શ વચ્ચે અને સમાજજીવનમાં ઉપયોગી અને ભૌતિક સમૃદ્ધિ વધારવાના કાર્ય વચ્ચે મેળ કેમ બેસે ?

જે દેશોએ સામ્યવાદના સપના સેવ્યા અને ભાવિના એ ભવ્ય સમાજની કલ્પના કરી તે દેશોએ, સ્ત્રીઓ પુરુષોની વિરુદ્ધ નહીં, પરંતુ પુરુષની સાથે અને તેના સહકારમાં કામ કરે અને સાચી અને સંપૂર્ણ સમાનતાની સમાન લડતમાં અને સામાજિક દૃષ્ટિએ ઉપયોગી અને ઘરની સંભાળના કાર્ય વચ્ચે સુમેળભર્યો મેળ ઊભો કરવા માટે મથે એ રીતે તેમણે 'સ્ત્રીઓના પ્રશ્ન'નું નિરાકરણ શોધ્યું

એ સમય હવે આવી પહોંચ્યો છે આ કાર્યક્રમનો અમલ શરૂ થઈ ગયો છે અમારા દેશનો જે રીતે વિકાસ થયો તેથી આ ભૂમિકા તૈયાર થઈ છે

સોવિયેત સંઘના સામ્યવાદી પક્ષના ૨૦કીસમા અધિવેશનમાં, એન એસ ખ્રુશ્ચોવે એમના અહેવાલમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણા દેશમાં, રહેવા-ભણવા માટેની નિશાળો, બાળમંદિરો અને ઉપાહાર ગૃહોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જ જાય છે બીજી જાહેર સેવાઓ અને ઉપાહારગૃહોની સગવડ પણ વધારવામાં આવે છે તેમના હક્કોનો, જ્ઞાનનો અને સામાજિક દૃષ્ટિએ ઉપયોગી કામ કરવાની તેમની શક્તિનો બહોળા પ્રમાણમાં સ્ત્રીઓ લાભ લઈ શકે તેવી પરિસ્થિતિ સર્જવી આવશ્યક છે સોવિયેત નારીના જીવનની આ બન્ને બાજુઓનું નિરાકરણ હવે આપણા—સોવિયેત મહિલાઓના હાથમાં છે

બીજી ઘણી સ્ત્રીઓની જેમ, એન્તોનિના કે ની ખ્વાહેશ દેશની ભૂભૌતિક સમૃદ્ધિ વધારવા માટે એક નમૂનેદાર કાર્યકર બનવાની અને એક સાચી માતા બનવાની છે તે તેનો સમય, શક્તિ અને જ્ઞાન આ કાર્યમાં પ્રાણપણે વાપરવા ચાહે છે—પણ આ થઈ શી રીતે શકે ?

સોવિયેત નારીની આ બેવડી જવાબદારીને કંઈક અંગે હળવી કરવાના જે ઉપાયો લેવાયા છે તેમાંનું એક પગલું ઘટાડેલા કામના કલાકોનો નવો કાર્યદિન છે સાત કલાકના કાર્યદિનનો અમલ થતાં, મહિલાઓનો ઘણો ફાયદો થયો છે ઘરકામ કરવા માટે વધેલી આ ફુરસદ એક મોટી અગત્યની છે તે અગત્યની દુકાનોમાં ખરીદી કરવા માટે વેડફી નાખવી જોઈએ નહીં આ સમયનો સદુપયોગ કરવા માટે 'મહિલા આંદોલન' જગાવવાનું અહીં વિશાળ ક્ષેત્ર છે .

તાજેતરમાં જીવડેના, સ્ત્રીઓ અને કુમારિકાઓના મંડળો અને વર્તુળોમાંના ઘણાંખરાની તાકીદની આવશ્યકતા નથી—એવા આક્ષેપમાં ઘેણું વજૂદ છે આ મંડળોના મોટા ભાગના કાર્યક્રમોમાં કંઈ સામાજિક હિત હોતું નથી—પણ કેવળ સંકુચિત હિત હોય છે અમુક રસોઈ કેવી રીતે બને ? કઈ વેશભૂષા સારી ? તમારા પતિના પહેરણના કોલરને કેવી રીતે કડક બનાવવા ? આ બધા ચૂંથણાંઓનું મહત્ત્વ ઘણું ગૌણ છે શું આ મંડળોનો આટલો જ ઉદ્દેશ છે ?

આનો અર્થ એ પણ નથી કે સ્ત્રી-સમિતિઓ આ સિવાય બીજું કંઈ કામ જ નથી કરતી તેઓ કારખાનાઓ અને કચેરીઓમાં સામૂહિક ખેતરોમાં અને રહેઠાણ મકાનોમાં પ્રવૃત્તિ કરે છે શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં તેઓ સંસ્કાર સંવર્ધનનું ઘણું મોટું કામ કરે છે અને સ્ત્રીઓને ઘર અને કુટુંબની સંભાળ રાખવામાં મદદ કરે છે આમ તેઓ બહુ-ઉપયોગી કાર્ય કરે છે

આમ છતાં સ્ત્રી-સમિતિઓ, જો જાહેર સેવાઓની સગવડો સારા પ્રમાણમાં વધારવા તરફ તેના પ્રયત્નો કેન્દ્રિત કરે તો, તેમને નાના ઘરકામ કરવાના બોજામાંથી મુક્તિ મળે

સ્ત્રી-સમિતિ જે કાર્યો હાથ ધરી શકે તેના ઉદાહરણ લઈએ કોઈ શહેરના બાળકોના કપડાં તૈયાર કરતું કારખાનું માલ બરાબર તૈયાર ન કરતું હોય અથવા 'રાંધેલો ખોરાક' વેચતા ઉપાહારગૃહો તેમની રસોઈ સારી ન બનાવતા હોય તો, સ્ત્રી સમિતિ સ્ત્રીઓને

સાથે કેમ સારાં કપડાં શીવવાં કે કેમ સારી રસોઈ કરવી તે શીખવે છે. પરંતુ તેના કરતાં એ સંસ્થાઓ જ તેમના માલની ગુણવત્તા સુધારે તેવાં પગલાં ભરે તો તે વધુ બહેતર ન ગણાય.

આજે સોવિયેત સંઘમાં રાજ્યની કેટલીક જવાબદારીઓ ક્રમશઃ નાગરિક સંસ્થાઓને સોંપાઈ રહી છે ત્યારે કેમ સારી રસોઈ કરવી અને કેવી રીતે ઈસ્ત્રીથી કપડાં કડક બનાવવાં—તેવાં ક્ષુલ્લક કામોમાં તેનો સમય બરબાદ કરવાનું સ્ત્રી સમિતિઓ માટે લાજમ છે શું? આ કામ તો બેકરીવાળાઓનું અને લોન્ડ્રીવાળાઓનું છે. સ્ત્રી સમિતિઓએ તો આથી પણ વિશાળ અને મોટી અગત્યતા ધરાવતા સવાલોના ઉકેલ હાથ ધરવો જોઈએ.

સ્ત્રી સમિતિઓએ દરેક નવા ઘરમાં, સંપૂર્ણ સગવડ ધરાવતું જાહેર રસોડું અને ધુલાઈ–કેન્દ્ર હોવું જોઈએ. તેવી માગણી કરવી જોઈએ. નિયત સમયે, ભાણું ઘેર પહોંચાડે તેવા ઉપાહારગૃહોની કાર્યક્ષમ વ્યવસ્થા શું ઊભી ન કરી શકાય? જે સ્થળોએ સ્ત્રીઓ કામ કરતી હોય તે કારખાનાં કે કચેરીઓમાં જ, છૂટતી વખતે તેને 'અર્ધો રાંધેલો' ખોરાક વેચવાની વ્યવસ્થા ન થઈ શકે શું? ઘરકામના બોજને હળવો કરે તેવાં વિવિધ સાધનોના ઉત્પાદન પર સ્ત્રીસમિતિઓ બરોબર દેખરેખ રાખી શકે.

સ્ત્રી સમિતિઓ બાળગૃહો અને બાળમંદિરોની વ્યવસ્થા પણ વિસ્તારી શકે એટલું જ નહીં પરંતુ તેના સમયમાં પણ વધારો કરી શકે જેથી જે માતાઓ એમના બાળકોને ત્યાં મૂકી જતી હોય તે માતાઓ, કોઈ વ્યાખ્યાન સાંભળવા, નાટક જોવા કે કોઈની મુલાકાત લેવા જવું હોય તો નિઃસંકોચ જઈ શકે.

જો સ્ત્રી સમિતિઓનું યોગ્ય સંગઠન કરવામાં આવે તો દેશના જાહેર જીવનમાં તે ઘણો જ સક્રિય ફાળો આપી શકે અને આ રીતે સામ્યવાદી સમાજના ચણતરમાં તેનો જમણો હાથ બની શકે.

*

કાશ્મીરી લોકગીતો

હે મનુષ્ય, તું ક્યાં સુધી દૈવી અંશનો દેવાદાર રહીશ?
ગુલાબ બદલામાં તેના સ્રષ્ટાને સુગંધ આપે છે, તારાઓ તેમના સર્જકને બદલામાં તેજ આપે છે, પૃથ્વી તેના ઉત્પાદકને લીલા ઘાસની શેતરંજ ઊભા રહેવા માટે ટેકા તરીકે આપે છે. આ રીતે તેઓ બધા ઈશ્વરના આભારનું દેવું વાળે છે.
હે મનુષ્ય, તું ક્યાં સુધી દૈવી અંશનો દેવાદાર રહીશ?

*

એક દિવસ પ્રભુએ, પૃથ્વી પર રહેનાર મનુષ્યને પોતાના દિવાનખાનામાં આવવાનો ફિરસ્તાને હુકમ કર્યો.
ફિરસ્તો હુકમ માનીને સ્વર્ગમાંથી ચાલી નીકળ્યો.
પૃથ્વી પર પહોંચીને તેણે મનુષ્યને ઈશ્વરનો હુકમ સંભળાવ્યો.
મનુષ્યે તે હુકમ માનવાની સત્વર હા પાડી.
પાલખીમાં બેસીને, વરઘોડાની આગળ ફિરસ્તાને રાખીને મનુષ્ય સ્વર્ગમાં ગયો. ત્યાં પહોંચ્યા પછી તરત જ પ્રભુએ તેને મળવા બોલાવ્યો.
મનુષ્યે પ્રભુને નમન કર્યું. પ્રભુએ બદલામાં માથું સહેજ નમાવ્યું. પણ સાથોસાથ તેણે મનુષ્યને દરેક દિશામાં નમન કરવાનો હુકમ કર્યો અને કહ્યું કે 'હું સર્વત્ર છું.'

ઊદાલાલ માનસિંગ કામદાર

જયન્તિકા પરમાર 'સુમંગલા'

'ભૂલ તો માણસ માત્રની થાય ' એ કહેતી સાચી જ છે માણસ છીએ એટલે જ ભૂલ થાય, પશ્ચાત્તાપ થાય અને માફી પણ મળે પરંતુ એ કબૂલ કરવાની તાકાત જોઈએ, પોતાની ભૂલને શોધી ફરીથી એમ ન થાય તેના પ્રયત્નમાં રહેવું એ ગુણુ ગ્રાહકતામાં મોટો છે

પરંતુ મનુષ્ય જાત જ એવી છે કે પોતે ભૂલ કરે તે તેને દેખાય છતાં ખ્યાલ બહાર કરી શકે છે અને બીજાની ભૂલ હોય, દોષ હોય તો તેને વીણી વીણીને ગાય છે. કેટલીયે વ્યક્તિ એવી હોય છે જે બીજી વ્યક્તિની ખરાબ બાજુ શોધી શોધીને પોતાના અહમને પોષવા પેટ ભરીને વાતો કરે છે. કંઈક સહેજ બાતમી મળે તો ખુશ થઈને એમાં રસ લે છે અને હાજીહા પૂરાવે છે પરંતુ પોતે શું છે, કેટલામાં છે તે જોવા પ્રયત્ન કરતી નથી અને ક્યારેક તે જ વ્યક્તિ બીજાના લાગમાં આવી જાય છે ત્યારે એક જ તોડ નીકળે છે: 'જેવુ માણસ પોતે હોય તેવુ બીજાને માટે તેને દેખાય.' અથવા તો પોતાને એવી તક મળી હોય નહિ. પોતે જ 'કંઈક છે' એ અહમને સંતોષવા 'એ તો આવી છે,' 'એનામા શું દમ છે,' 'ઠીક હવે જોયાં એમને' એમ કહી કોઈ જ સારું દેખાતું નથી હોતું. માત્ર પોતે જ દુનિયામા સારાં છે એવું અભિમાન કેટલો સમય ટકવાનું હતું! દરેક વ્યક્તિને અહમ્ હોય છે અને તેને પોષવાની રીત પણ જુદી જુદી હોય છે. બીજાનું ગાતા પહેલા હું કોણ છું, કેટલામાં છું, એની ભૂલ દેખાઈ તેવી મારામાં ક્યાં છુપાઈ છે તે શોધવાની વધુ જરૂર છે. પોરકાના દોષ જોઈ-શોધીને તેમથી કશું જ શીખવા નહિ મળે. માત્ર નિંદા કુથલી જ કરી શકીશું. તેથી જીવનનો પરમ આનંદ પણ નહિ પામી શકીએ. હા, માત્ર ક્ષુદ્રક, ગાની લીપેલો આનંદ પામીશું. એટલે જો સાચે જ આનંદ મેળવવો હોય, આ જીવનમા કંઈક સાર્થક કરવું હોય તો પારકાના ગુણુ શોધી તેમાંથી કંઈક મેળવવા પ્રયત્ન કરવો અને આપણા દોષ વીણી વીણીને શોધી કાઢી તેને નીવારવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. મોટાઓ પણ કહી ગયા છે કે નાનામાં નાની લાગતી વ્યક્તિ પાસેથી પણ ઘણું શીખવાનું મળે છે તેને તુચ્છકારવાની જરૂર નથી દરેકની પાસેથી કંઈ ને કંઈ શીખવાનું મળે છે જ

ધોળું એટલું દૂધ નહિ !

ગીતાના લગ્ન પહેલાં એના સાસરીયાં સાથે કબૂલાત થયા મુજબ દાયજાની બાકી રકમ લગ્ન પછી એને લઈ જવાની નહોતી. લક્ષ્મીશંકર પોતે એક અચ્છા લેખક હતા. ગીતાને તેમણે ભણાવી ગણાવીને તૈયાર કરી હતી. પરંતુ તેમની પાસે એવી મૂડી નહોતી કે જ્ઞાતિના રિવાજ મુજબ દીકરીને સાથે મોટો દાયજો આપી શકે. એટલે પહેલેથી જ એ કબૂલાત સાથે તેનાં લગ્ન થયાં હતાં.

ગીતા પરણીને સાસરે ગઈ. સાસુ, સસરા, નણંદ, દિયર વગેરેથી ભર્યું ભર્યું કુટુંબ હતું. ગીતા કામમાં તો એક્કો હતી એટલે એને કંઈ કહેવાપણું નહોતું. એકાદ વર્ષ સુખચેનથી પસાર થયું. દિયરના વિવાહ થયા અને દિયરના લગ્ન પણ લેવાયા.

દિયરનું સાસરું પૈસાપાત્ર હતું એટલે વહુ તો સારો એવો દાયજો લઈને આવી. ઘરમાં નાની વહુના માન વધ્યાં. મોટી વહુને ઘેર લગ્ન પછી ઠીક ઠીક સમય થયા છતાં પારણું બંધાયું નહોતું ત્યાં નાની વહુએ દીકરાને જન્મ આપ્યો. હવે તો ગીતાનું આવી બન્યું. બાપને ઘેરથી કંઈ નથી લાવી એ મહેણું તો હતું જ ત્યાં 'વાંઝણી'નું મહેણું સાંભળવાનું રહ્યું.

ગીતાના હૃદયમાં કારમો ઘા પડ્યો. પિતા પાસે અંતે પોતાનું દુઃખ વર્ણવ્યું. લક્ષ્મીશંકરની છેલ્લી ચોપડીઓ પ્રગટ થયેલી તેના પૈસા આવેલા તે બધા જ દીકરીને આપવાનું નક્કી કર્યું. એમની આ એકની એક દીકરી હતી તેનું દુઃખ જોયું જાય તેમ નહોતું.

ગીતાને પાંચ હજાર રૂપિયા આપી સસરે મોકલી પણ નાની વહુને તોલે તે ન આવી. રૂપિયા તો એના ગયા જ પણ મહેણાં ઓછાં ન થયાં. ગીતાના પતિ કપિલરાય સ્વભાવે ક્રોધી અને પત્ની તરફ ખૂબ બેદરકાર હતા. નાની નાની ભૂલ શોધીને તેને મારતા પણ ખરા. અંતે જાણે ગીતાના ભાગ્ય ખૂલ્યાં હોય તેમ તેને ઘેર પારણું બંધાયું. ગીતા પ્રસૂતિ કરવા પિયર ગઈ. અને દીકરો અવતર્યો. ગીતા તો ખુશખુશ થઈ ગઈ. પિતાની ખુશાલી પણ ખૂબ હતી. ગીતાને આણું કરીને સાસરે વળાવી.

ગીતા સાસરે આવી પણ કોઈને એની ખુશાલી ન થઈ. કોઈ જ તેની સાથે આનંદથી વાત કરે નહિ. ગીતા ડઘાઈ જ ગઈ. કારણ સમજી શકી નહિ

પહેલેથી બધું જ જોઈ વિચારીને કરવા છતાં ગીતા ઘરમાં કોઈને ગમતી નહિ. ઘરકામ અને બાબાને સંભાળતી. ન છૂટકે બે અક્ષર એની સાથે ખપપૂરતી વાત કરતાં.

કંઈક કારણવશાત કપિલરાયનું કબાટ એણે ખોલ્યું. અંદરથી થોડા પત્રો તેણે જોયા. કોના છે તે જોવાની જિજ્ઞાસા થઈ તો ખલાસ. કપિલરાય ઉપરના તે પ્રેમપત્રો હતા !

ગીતાનું મન અસ્થિર થઈ ગયું. તેને ચેન પડ્યું નહિ. થોડા જ સમયમાં તો તે ગાંડી થઈ ગઈ. રસ્તે ભટકવા લાગી અને લોકોને કહેવા લાગી કે ઊજળા ગોં અને નાગ જોઈને કોઈ દીકરીને પરણાવશો નહિ.

સાચી મિત્ર માતા

દરેક માને પોતાનાં બાળકો લાડકવાયાં હોય છે. પરંતુ બાળક સાથે મિત્રતા કેળવી શકે, તેની દરેક વાતને સંતોષી શકે તેવી માતા ભાગ્યે જ જોવામાં આવે છે.

મેધા એની માતાની ખૂબ લાડકવાયી દીકરી હતી. તે નાની બે વર્ષની હતી ત્યારથી તે પ્રશ્નો પૂછતી હતી. અને તેની માતા તેને ખૂબ સરસ જવાબ આપતી હતી. જેમ જેમ તે મોટી થવા માંડી તેમ તેમ આ દુન્યવી જાળના અવનવા વાતાવરણમાં તેની જિજ્ઞાસા વધવા લાગી અને તેથી પ્રશ્નો પણ વધ્યા. તેની જિજ્ઞાસાને સંતોષવા માતા પણ આતુર રહેતાં એટલે બધા પ્રશ્નોને નિરાંતે બેસીને તેને સમજાવતાં.

કુદરતી કરામતો સમજાવતાં શિક્ષકની માફક પાઠ આપવા બેસવું પડે છે એટલું જ નહિ પણ બાળકના ગળે તે ઊતર્યું છે કે નહિ તે પણ ધ્યાન રાખવું પડે છે. એકમથી અનેક સવાલ ઉત્પન્ન થાય છે અને તેનો સંતોષકારક જવાબ આપવો પડે છે. પણ મેધાની માતા તો સમજાવતાં જાય અને મેધાનો સંતોષ અને નવું જાણ્યાનો આનંદ જોઈને ખુશ ખુશ થઈ જતાં.

જીવનમાં તેમને બીજું ઘણું અગત્યનું કામ કરવાનું રહે છે. પોતાનું ઘર સંભાળવાનું—વ્યવસ્થિત રાખવાનું, ઉપરાંત બાહ્ય પ્રવૃત્તિમાં પણ ઠીક ઠીક સમય આપતાં. ગમે તેવી ઉતાવળમાં હોય, કામમાં હોય પણ મેધાના કે બીજાં બાળકોના સવાલને તેમણે તોડી પાડ્યો હોય કે ગુસ્સે થતાં હોય તેવું મારા ધ્યાનમાં નથી. તેવે સમયે તેઓ ખૂબ જ સમજાવટથી કામ લેતાં. અને પછી જે ટાઈમ આપતાં તે સમયે તેમને બોલાવીને જ સુંદર રીતે સમજાવતાં.

દશેક વર્ષની મેધા થઈ ત્યારે એક પ્રશ્ન એના મગજમાં ઘૂમ્યા કરતો. માસીની નાની બેબીને જોઈ એ ઉપરાંત બીજાં તરતનાં જન્મેલાં બાળકોની વાત પણ તેની પાસે આવતી. અને તે બધાં હૉસ્પિટલમાંથી ઘેર આવે છે એવી પણ કંઈક તેને ખબર—એક વખત તેણે માતને પૂછ્યું : 'મમ્મી, માસીની આ બેબી ક્યાંથી આવી ? હૉસ્પિટલમાંથી આવી ?'

'ના બેટા, જો અહીં બેસ, નિરાંતે હું તને સમજાવું. તને એમ પણ થતું હશે કે, તું ક્યાંથી આવી, ખરું ને ?'

'હા. મમ્મી, પણ હું તો મોટી થઈ ગઈ. માસીની તો આવડી નાની બેબી આવી ક્યાંથી ?'

'જો, તું પહેલાં મારા પેટમાં હતી. ધીમે ધીમે કરીને નવ મહિના સુધી તું મારા પેટમાં રહી પછી તું બહાર આવી એટલે મારી બેબી થઈ ગઈ એમ જ માસીના પેટમાંથી આ બેબી જન્મી એટલે તે માસીની બેબી થઈ.'

આટલી સમજાવટ પછી પણ મેધાના મનમાં કંઈક પ્રશ્નો અટવાયલા હતા એક વખત ટાઉન હૉલમાં પ્રદર્શન ભરાયું હતું. તેમાં બાળકના જન્મ પહેલાંની અવસ્થાના જુદા જુદા પ્રકારો કાચની બરણીમાં જાળવી રાખેલા મૂક્યા હતા. તે પ્રદર્શનમાં મેધાને લઈને તેની માતા ગયાં અને બાળક માના પેટમાં કેવી રીતે

રહેલું હોય તે બતાવીને સમજાવ્યુ. મેધાને કુદરતની આ કરામત ઉપર ખૂબ નવાઈ લાગી પણ આ બધું તેણે નજરે જોયુ એટલે ફરી વાર એકનો એક પ્રશ્ન કરવાનો એને રહ્યો નહિ.

મેધા આજે પણ માતાની એટલી નીકટ છે કે ગમે તેવા મુંઝવતા પ્રશ્નો પૂછતા તે શરમાતી નથી, યોગ્ય ખુલાસો મેળવે છે. માતા જ તેની પ્રિય સખી હોય તેમ કોઈ વાત પણ તેનાથી છૂપાવતી નથી. અને માતા પણ તેની મુંઝવણનો ઉકેલ શોધી આપે છે. આમ બંને મા-દીકરી સખીઓની માફક પણ રહી જાણે છે.

બાળક જન્મે ત્યારથી તેનામાં જિજ્ઞાસાવૃત્તિ હોય છે. એ જિજ્ઞાસાવૃત્તિ સતેજ થાય છે અને જે જુદા જુદા પ્રશ્નો પૂછે છે તેને જો સંતોષી ન શકાય તો જિજ્ઞાસાને પોષવા ગમે ત્યાંથી બાળક ખરુ ખોટું જાણી લેવા પ્રયત્ન શીલ રહેશે. પરંતુ તેને પહેલેથી જ તેના વડીલો સંતોષતાં હોય તો આખરે ઊભી થતી મુંઝવણ બાળકના મનમાંથી દૂર થશે અને વડીલોને 'વડીલો' જ સમજી તેમનાથી દૂર રહેવા પ્રયત્ન નહિ કરે.

સુધાનો નિર્ણય

બાળાબહેનના પિતા એન્જિનિયર હતા. પૈસો સારો હતો અને એક દીકરી અને દીકરો જ હતાં. જૂની ઘરેડમાં ચાલતા કાન્તિભાઈને દીકરીને બહુ ભણાવવાની જરૂર ન લાગી. પોતાનો પૈસો અને પાછો વર પણ એવો પૈસાપાત્ર ગોત્યો એટલે દીકરી સુધાને આખી ચિંતા નહિ એમ તેઓ માનતા હતા. 'છોકરીઓને લખતાં વાંચતાં આવડયું એટલે બસ, કયાં તેને નોકરી કરવા જવાનું છે તે વધુ ભણવું જોઈએ !'

કાન્તિભાઈ પોતે આટલું ભણીને ગામમાં સારા ગણાતા એન્જિનિયરમાંના એક હતા છતાં તેમનું મન જૂની ઘરેડમાં તણાતું હતું. તેના કરતાં વધુ તો તેમની સુધા માટે ડોકટરનું ભણતો મૂરતિયો મળી આવ્યો હતો એટલે બન્ને પક્ષે પૈસાની બાબતમાં ચિંતા હતી નહિ એટલે જોયો એનો વિવાહ નક્કી થયો કે ઉઠાડી મૂકી. પિતાને પોતાની મિલ્કતમાંથી દીકરી માટે ઘર બંધાવી આપવાની ખૂબ ઇચ્છા હતી. એટલે લગ્ન પહેલાં જ એ કામ પતાવવા માંડયું. સાસરીયા પક્ષે જાણ્યું ત્યારે તેઓ ખુશ થઈ ગયા. હિતેન્દ્ર ડોકટર થઈ જશે એટલે એના સસરા સારી મદદ કરશે અને ઘરના બંગલામાં રહેવા મળશે

જ્યારે આ બાજુ હિતેન્દ્ર મોજમઝામાં પડી ગયો હતો તેને લગ્નની પડી નહોતી પરંતુ સાસરાના પૈસાની પડી હતી. કાન્તિભાઈને તો જમાઈની બીજી બાજુની કશી જ ખબર નહોતી લગ્ન નક્કી થયાં અને મુહૂર્ત પ્રમાણે લેવાઈ ગયાં.

હિતેન્દ્ર હવે ડોકટર થઈ ગયો હતો. બીજા પ્રદેશના એક ગામમાં દવાખાનું ખોલ્યું જ્યાં પોતે રહીને ભણ્યો હતો. કાન્તિભાઈએ ઠીક પ્રમાણમાં મદદ કરી. માન્યું કે દીકરી અને જમાઈ હવે આનંદથી રહેશે. પરંતુ લગ્ન પછી બે મહિના, ત્રણ મહિના, છ મહિના થયા તો પણ સુધાને સાસરે ન બોલાવી. કાન્તિભાઈ વિચારમાં પડયા પણ રિવાજ

મુજબ શરૂઆતમાં નહિ બોલાવે એમ માનેલું. કાન્તિભાઈએ ક્ષેમકુશળતાનો પત્ર લખ્યો અને હિતેન્દ્રને ભાન થયું કે સુધાને બોલાવવી જોઈએ. પોતાનાં બા-બાપુજીને લખ્યું કે તેને તેડાવવાનો પત્ર લખજો. અને સુધા સાસરે આવી સાસુ પાસે થોડા દિવસ રહી પતિને ગામ ગઈ. હિતેન્દ્રને ખૂબ જ કામ હોય તેમ વર્તે. રાત્રે પણ બાર બાર વાગે ઘેર આવે, બન્ને સાથે જમે, ઠીક ઠીક વાતો પણ કરે. ખૂબ મોડું થવાના કારણમાં પોતાનો ધંધો આગળ ધરે ડૉકટરને તો રાત દિવસ જોવાનાં જ હોય નહિ જ્યારે દરદીની હાક પડે ત્યારે ગમે તેવું કામ પડતું મૂકીને જવું પડે અને સાચે જ ડાકટરનું જીવન તો એવું જ હોય. સુધા બિચારી કાંઈ ન સમજી શકી. પરંતુ રોજ રોજ આમ મોડું થવા માંડ્યું એટલે તે વહેમાઈ. પણ તેનામાં કંઈ પણ પૂછવાની બિલકુલ હિંમત નહોતી.

થોડો સમય તો આમ કંઈક સારું ચાલ્યું. પરંતુ ધીમે ધીમે ડૉકટર તો દારૂ પીને આવવા માંડ્યો. અને સાથે એક સ્ત્રી પણ આવવા લાગી સુધા તો કંપી જ ગઈ. આ શું..? પરંતુ સુધાનું કંઈ જ ચાલે તેમ નહોતું. તે નાહિંમત હતી. હિતેન્દ્ર ઑર્ડર કરે તેમ ચા નાસ્તો વગેરે કમને પણ તૈયાર કરીને તેની રૂમમાં આપી આવવા પડતાં. સુધાને ઘણીવાર મન થતું કે ચોખ્ખી ના પાડી દઉં. પરંતુ ડૉકટર-વરની બીક ખૂબ લાગતી. કંઈક હુંસાતુંસી કરવાથી ઝેર આપી મારી નાખે તો ખબરેય ન પડે. એટલે ડૉકટરના બધા જ હુકમનું તે પાલન કરતી. ધીમે ધીમે પેલી સ્ત્રી તેને ઘેર જ રહેવા લાગી. આ સમયે સુધાને પાંચ મહિના થયા હતા. સાતમે મહિને તો પોતે કોઈ પણ સંજોગોમાં પિયર ચાલી જશે એમ મન મનાવી બધું જ કર્યા કરતી હતી.

સુધા પિયર આવી અને હાશ ખેંચી બાબાને જન્મ આપ્યો. બાબો ત્રણેક મહિનાનો થયો ત્યારે સાસરે મોકલવાની વાત આવી. સુધાએ જણાવી દીધું કે પોતે હવે સાસરે નહિ જાય. એની બા તો એનું દુ:ખ સાંભળીને થીજી જ ગઈ. 'અત્યાર સુધી તેં અમને જણાવ્યું પણ નહિ?'

અને સુધાએ પિતાને ઘેર રહી પગભર થવાનું નક્કી કર્યું. ગમે તેટલો પૈસો પિતાને ત્યાં હોય તો પણ શા માટે ઓશિયાળાં થઈ ભાઈને આશરે ભવિષ્યમાં જીવવું! પોતાની પાસે કંઈ કામ હોય તો આનંદથી જીવન તો વિતાવી શકાય!

★

બ્રિટનમાં માન્ચેસ્ટર વિશ્વવિદ્યાલય દ્વારા તૈયાર કરવામાં આવતું એટલાસ નામનું ક્રાન્તિકારી ગણતરીયંત્ર પ્રકાશની ઝડપથી કામ કરવાને શક્તિમાન બનશે. આમ તે જતે દિવસે પ્રકાશનો અવરોધ ભેદવાને પણ શક્તિમાન બને તે ઉદ્દેશથી માન્ચેસ્ટર વિશ્વવિદ્યાલય તથા ફેરેન્ટી એન્જિનેરી પેઢી સહકાર કરી જતા તારોને અને તેટલા ક્રમ રાખવા ઈચ્છે છે એટલાસ તૈયાર કરવા પાછળ પા ૧૦ થી ૩૦ લાખ જેટલો ખર્ચ આવવાનો અંદાજ છે આ નવું એટલાસ યંત્ર ફેરેન્ટી પેઢીએ હજી તો ૧૦ જ વર્ષ પહેલાં તૈયાર કરેલા ગણતરીયંત્ર કરતા ૧૦૦૦ ગણું વધારે ઝડપી હશે, અને હજી તો બ્રિટનનો ગણતરીયંત્ર ઉદ્યોગ બાલ્યાવસ્થામાં છે

પ્રો. ઈન્દ્રવદન કા. દવે

ગ્રંથસમીક્ષા

વા. મો. શાહની તત્ત્વકથાઓ (પ્રથમ ખંડ): [લે. સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ. સંપાદક–ત્રિભુવન વીરજીભાઈ હેમાણી. પ્રકા. દેવચંદજી પ્રકાશન મંદિર, લીંબડી. મૂલ્ય–રૂ. ત્રણ.]

તેમના સુધારક ઉગ્ર વિચારો, ધર્મસમાજનાં તત્ત્વદર્શી ચિંતન અને ઉત્કટ વેધક લેખનશૈલીથી વીસમી સદીની પ્રથમ ત્રીસીના ગાળામાં જાણીતા બનેલા અને બ. ક. ઠાકોર, રમણભાઈ નીલકંઠ, વિજયરાય, મેઘાણી આદિ સાક્ષરો વડે ચિંતનગદ્યના એક સમર્થ લેખક તરીકે બિરદાવાયેલા વા. મો. શાહની ચર્ચાપ્રધાન, વિચારગર્ભ ૧૨ કથાઓ અને એક સંવાદનો આ પુસ્તકમાં સંગ્રહ છે. એમાં કથાતત્ત્વ નામનું છે. અને લેખકને એ અભિપ્રેત પણ નથી. ધર્મ, સમાજ, તત્ત્વજ્ઞાન, ચારિત્ર્યશુદ્ધિ, જીવનનાં ઉચ્ચ મૂલ્યો વગેરે વિષયો ઉપર વાર્તા અને કાલ્પનિક સંવાદના રૂપમાં પોતાનું ચિંતન રજૂ કરવાનો હેતુ તેમણે રાખ્યો છે. રૂપકો દૃષ્ટાંતો અને સામાજિક જીવનરીતિવ્યવહારનાં ચિત્રો દ્વારા પોતાનું વિચારમનન આકર્ષક સરલ અને હૃદય તથા બુદ્ધિને અપીલ કરે તેવું વેધક બને એટલો જ હેતુ કથાસ્વરૂપમાં આલંબન લેવામાં તેમનો છે. ઉંદર અને ઉધઈનાં રૂપકો, સ્વપ્નમાં જોયેલાં દૃશ્યો, જેલ અને ખૂનનો પ્રસંગ, પતિપત્નીના ચારિત્ર રક્ષણની કસોટી, નટની મંડળી, હોડીવાળો, ફકીર, આર્ય પત્ની અને બંગાળનો નવાબ સુરાજ–ઉદ્–દૌલા, ભમરો, સગાળશા અને કેલૈયાના પ્રતીકો—આ સર્વ પ્રસંગો, પાત્રો કે આયોજનોમાં લેખકની વૈવિધ્યવંતી તરંગલીલા અવલોકન–અનુભવની વિશાળતા તથા વર્ણનશક્તિ પ્રગટ થાય છે. એ શક્તિ વડે તેઓ પોતાના મૌલિક વિચારો દૃષ્ટિ અને વક્તવ્યને સુવાચ્ય રસિક અને સર્વગમ્ય બનાવે છે. સ્વાભાવિક છે કે આવા પ્રકારની કથાઓમાં ઊંચી કલાની અપેક્ષા ન રખાય. પણ અંતર્ગત પણ વિચારોની સંગીનતા, ગહનતા અને સર્વદેશિતા તપાસાય અને એમાં તો લેખકની સિદ્ધિ મણિલાલ ન. દ્વિવેદી જેવી છે. કથાઓમાંથી વા. મો. શાહની વિચારધારાનો સર્વાંગી પરિચય મળી રહે છે. તેમણે ધર્મ અને જીવનવિકાસમાં સ્વાનુભવને અગત્યનું સ્થાન આપ્યું છે. સ્વાનુભવ વડે આત્મવિશ્વાસ કેળવવો, ભય, ચિંતા વિકારો દૂર કરવાં અને મન તથા આત્માને નીરોગી, શાંત બનાવી નિજાનંદ પ્રાપ્ત કરવો; જીવનયુદ્ધોથી ગભરાવું નહિ, એમાં ઝંપલાવવું, યુદ્ધની કલામાં કૌશલ પ્રાપ્ત કરવું; અખંડ બ્રહ્મચર્યને શ્રેષ્ઠતા અર્પવી પણ તે ન પળાય તો યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ વિચારપૂર્વક સુપાત્ર શોધી પરણવું, વિધવા સ્ત્રીઓ સમાજસેવિકા ન બની શકે તો તેમને ફરી પરણાવવી, આપણાં પ્રાચીન શાસ્ત્રોને નવા વિચારોના પ્રકાશમાં ઉકેલી તે અનુસાર જીવનવ્યવહાર કરવો, રૂઢિ દંભ પરંપરાનો મોહ—ગાડરિયો પ્રવાહ—અજ્ઞાન—અંધશ્રદ્ધા—ખોટી મોટાઈ—બાહ્ય પ્રદર્શનો, પ્રમાદ અને વિલાસિતા દૂર કરવાં એવી ઘણી સોનેરી વાતો લેખકે માર્મિકતાથી કહી છે. તેમની વિચારણામાં ઉગ્રતા છે પણ સમતુલા ને સ્વસ્થતાનો અભાવ નથી. એમાં તેમના હૃદયની ઊંડી આગ છે. અને અભ્યાસ અને ચિંતનનું બળ છે. ખરી માણસાઈ અને સાચું જૈનપણું શામાં છે, જરા સરખી નિર્બળતા કાયરતા અને સત્ય સાથેની બાંધછોડ આપણને કેવી અધમ દિશા તરફ ખેંચી જાય છે અને જૈનોનો ખરો શુભેચ્છક

કોણ તેનું ઊંડું દિગ્દર્શન લેખકે પોતાના વિષયનિરૂપણમાં કર્યું છે. લેખકની વિચારણા સર્વદેશીય ઉન્નતગામી અને કોઈ પણ જાતની માનસિક ગુલામીથી મુક્ત રહી છે. વાસ્તવ ઉપરથી નજર ખસેડ્યા વિના તે ઊંચા નિશાન તેમા તાકી શકી છે. વર્તમાન પ્રજાજીવનની નકલી સૂરત પલટાવવાનું તેમાં ઘણું બળ માલૂમ પડે છે. 'શિક્ષણનો સહેલો પાઠ,' 'આપણી આસપાસ ચાલતું નાટક' અને 'નટના દોરડા પરથી સર્વજ્ઞના સિંહાસન પર' એ કૃતિઓ લેખકના ચિંતનવિહારની દૃષ્ટિએ નોંધપાત્ર છે ધર્મ અને સમાજસુધારાનો ઉત્સાહ લેખકમા ઘણો છે. તેમનું ગદ્ય ધારદાર ઊર્મિની ઉષ્માવાળું આવેગવાળા વાક્યોનાં લયવાળું, અર્થદ્યોતક અને તત્ત્વતેજની ટશરોથી ઝળહળતું છે

વા. મો શાહનો જીવનસંદેશ .

[લેખક, સંપાદક અને પ્રકાશક · ઉપર મુજબ મૂલ્ય ૩ ત્રણ.]

આગલા પુસ્તકમાં ધ્યેયલક્ષી વાર્તાઓ તો આ પુસ્તકમાં જીવન, અધ્યાત્મ, નીતિ–ચારિત્ર્ય, આરોગ્ય, લેખક–વાચક, ગુપ્ત મરદો વગેરે નાના મોટા વિષયો ઉપર વા. મો. શાહના લેખો, દૃષ્ટાંતકથાઓ અને તેમના દીર્ઘ પુસ્તકોમાનાં પ્રકરણો પ્રગટ થાય છે પુસ્તકમા સર્વત્ર લેખકનુ મનનશીલ, સુધારક, ચારિત્ર્યપ્રેમી, સિદ્ધાંતવાદી અને આદર્શ વિચારકનુ વ્યક્તિત્વ ઝગારા મારે છે. ક્યાક કટાક્ષોથી તો ક્યાક બીજા ભળતી ચાબખા રીતથી આપણા જીવનના દૂષણો તેમણે ખુલ્લા કર્યાં છે અને તીખી ભાષામા સાધુ સમાજની દુર્બળતા ઉપર પ્રકાશ ફેંક્યો છે. નર્મદથી શરૂ થયેલા સુધારાનુ સંગીન સ્વરૂપ આપણને વા. મો શાહમાં પૂર્ણપણે જોવા મળે છે. વા મો. શાહ જૈન ધર્મના જ માત્ર નહિ, સમસ્ત હિંદુ સસારના, ભારતીય સમાજના નવીન યુગના 'લ્યુથર' છે. જે કાર્ય આર્ય સસારમા સ્વામી દયાનંદ સરસ્વતીએ કર્યું તેવું જ મિશન વા. મો શાહનું પણ હતું એમ તેમના લેખો વાચતાં જણાય છે. એમનાં ઉદ્બોધનો નૈતિક બોધ, ધર્મના સ્વરૂપની

પીછાન, આત્મોદ્ધાર, શરીરવિકાસ અને સમાજોદ્ધારના બનાવેના માર્ગો આજ પણ મનનીય છે. ધર્મના બાહ્ય આચાર અને દંભી પ્રરૂપણાના કટ્ટર વિરોધી, ભયપ્રેરિત નીતિપાલનને કુસંસ્કાર ગણનારા; ખાનપાન, આરોગ્ય, લેખન-વાચન, આચાર વ્યવહારથી માંડીને જીવનનું પ્રત્યેક કાર્ય જાગ્રત બુદ્ધિથી, ઊંચી હૃદયપ્રેરણાથી કરવાના માર્ગો બનાવનારી, ધર્મ સ્વભાવ બની જાય– જ્ઞાનતંતુઓ સહજપણે એની ક્રિયા કરતા થઈ જાય એને જ સાચો જીવનવિકાસ કહેનારા વા. મો. શાહ ગુજરાતના ચિંતનસાહિત્યમાં અનોખી શૈલીના સ્વામી છે. એમની લેખનશૈલી ટૂંકાં, ચમકારક, અર્થગર્ભ અને આંજી નાખે તેવી વિચારતાનોથી ભરપૂર છે. 'વાચક–લેખકના સંગ મોટે ભાગે વ્યભિચાર સમા હોય છે.' (પૃ ૫) 'છાપાં અને પેમ્ફ્લેટોનો આ જમાનો છે! અક્કલની નકલનો જમાનો છે! હૃદયના ઊંડા કૂવામાંથી નીકળતા સંદેશાને સ્થાને સપાટી પરના ફૂદકાની ચીસોનો આ જમાનો છે' (પૃ. ૧૭) 'જેમ જીવ ઊંચી શ્રેણીનો, તેમ કુદરત તેને ઓછી ને વધારે ઓછી સહાય કરે છે.' (પૃ. ૧૨૪) એમના ગદ્યમાં પત્રકારી લખાણોમા હોય છે તેવો આવેશ છે, પણ તેમાં હોય છે તેવા શબ્દોના ખાલી ખણખણાટ નથી કે ભાષાની ઓઠી ચમક નથી. જો કે ક્યારેક એમાં આવેશની અતિશયતા થવાથી વક્તવ્યની પુનરુક્તિઓ ઘૂસી જવા પામે છે ક્વચિત્ 'પાનેયાઓ માટે કાંઈ આ પ્રવૃત્તિ નથી,' કે 'સત્યસુંદરીને નગ્ન કરી નિહાળવાની મને કેટલુંય થયા લત લાગી હતી અને તેથી હું ઘણાં 'અટકચાળા' કરતો' જેવાં વાક્યોમાં રુચિભંગનો દોષ આવે છે, તો પણ એકંદરે એક સનિષ્ઠ, સ્વતંત્ર, તત્ત્વવિચારક, સુધારક, પ્રજાવત્સલ આત્માની આ પ્રામાણિક, વેધક, અસ્ખલિત પણ જોશબંધ વહેતી પૌરુષભરી વાણીના ધોધમાં સ્નાન કરવું એમા તણાવું આપણને ગમે તેવુ છે. એમાંથી જીવનક્રાંતિ અને ઉન્નતિની ઝંખના સેવનાર સર્વજનોને તેમના મનોરથો માટે પૌષ્ટિક ભાથું મળી રહેશે એમાં કોઈ શંકા નથી ઉપરનાં બન્ને

ગ્રન્થોનું સંપાદન કરીને શ્રી ત્રિભુવન હેમાણીએ માત્ર લેખની જ નહિ, સમસ્ત ગુજરાતી ચિંતનવાઙ્મયની સંગીન સેવા બજાવી છે.

સાધના અને સિદ્ધિ

[લે. મદુભાઈ બ્રહ્મભટ્ટ, પ્ર. ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ મૂલ્ય રૂ. ૭/૫૦]

આ એક પરિચિત લેખકની હેતુપ્રધાન નવલકથા છે. ગામડાંનો ઉદ્ધાર શહેરમાં રહી મોટા મોટા ભાષણો કરવાથી કે વર્તમાનપત્રોમાં લેખો લખવાથી થશે નહિ, પણ ગામડામાં જ રહીને, તેના પ્રશ્નો સમજી, તેની પ્રજા સાથે હૃદયથી એકરૂપ બની, સમતા, ત્યાગ, સહનશીલતા, શ્રમ, સમાજસુધાર અને સેવાવડે ગ્રામજનતાના માનસનો પલટો કરાવી, થઈ શકે એ લેખકનો વિચાર કથાના બીજરૂપ છે. ગામડામાં નવું જીવન લાવવા આદર્શવાદી યુવાન સતીશ મુંબઈની વકીલાતની ધીકતી કમાણી છોડી પોતાના ગામમાં જનસેવા કરવા ધૂણી ધખાવી બેસી જાય છે. એની સાથે એ જ ગામના મુખ્ય આગેવાનની દીકરી સુનભા શાસ્ત્રીની પરીક્ષા આપી સ્નાતિકા બની ગામમાં પ્રવેશે છે. પણ બંનેની દૃષ્ટિ ભિન્ન છે. સતીશ ગામડાની ધૂળમાં ખેલવા માગતો હતો, સુનભા ગ્રામજનોને તેના પિતા ઉપર ઉપકાર કરવા ગામડામાં આવી હતી. સતીશની સામે ચારિત્ર્યહીનતા, નાસ્તિકતા અને પ્રજાને ખોટી રીતે ઉશ્કેરનાર ધાંધલિયા તરીકેના આક્ષેપો મુકાય છે. ગામના શેઠ, વહેમ, જડતા, અજ્ઞાન, દંભ, દારૂ વગેરે બળો તેની સામે ઊભાં થાય છે પણ સતીશ તેના ઉપર પ્રેમથી, અહિંસક હૃદયથી અને ત્યાગ-સેવાના કાર્યોથી વિજય મેળવે છે. ગ્રામજીવનના અનેક પ્રશ્નો ગામડાના આર્થિક શોષણનો, શાહુકારોની લુચ્ચાઈ અને વ્યાજખોરીનો, સ્ત્રી-સ્વાતંત્ર્યનો, આગેવાનોની નાગચૂડનો, અસ્પૃશ્યતાનો એમ અનેક પ્રશ્નોનો સતીશ ઉકેલ લાવે છે, સુનભાના વિચારો પલટાવે છે, ગામડાના અબુધ સ્વાર્થી બળોનો માનસપલટો કરાવે છે. સમદૃષ્ટિનો નવો પ્રયોગ ગ્રામ જનતા પાસે કરાવે છે. પણ એ બધું કરાવવા જતાં તેને પોતાના હેતુનું બલિદાન આપવું પડે છે એ આપણા જમાનાની સમાજની મોટી કરુણતા છે.

વાર્તાનો હેતુ (Motif) ઘણો સારો છે. વર્તમાન સમયમાં આવા હેતુલક્ષી વાર્તાની જરૂર પણ છે. અત્યારે જ્યારે માત્ર પ્રણયરસિક અને મનોભાવોની સંવેદના કે વિકૃતિ બતાવતી જ વાર્તાઓ વધારે લખાય છે ત્યારે જીવનના આદર્શો અને વાસ્તવિક પ્રશ્નોનું ચિત્રણ કરી વાચકોને તે દિશા તરફ પ્રેરતી નવલ થાય એ આવકારદાયક છે. લેખકનો આ પ્રયાસ તેથી સ્તુત્ય છે. પ્રચારાત્મકતાનો દોષ વહોરીને સમાજને સ્પર્શતા પ્રશ્નો અને પરિવર્તનના મૂલ્યોનું માર્ગદર્શન કરાવતી કૃતિઓ ભલે લખાય, પરંતુ એક વાત નોંધવાની જરૂર છે કે વાર્તારસના ભોગે જો આ પ્રશ્નોની ચર્ચા કે માર્ગદર્શનનો ઉત્સાહ વાર્તામાં દાખલ કરવા જશે તો બાનાના ભેદ સમજો નહિ રહે એ કૃતિ કલાત્મક નવલકથા કે નહિ થાય. વાચકના મનપ્ર ચિત્ત ઉપર તેમાંની ભાવનાઓ કે મૂલ્યપરિવર્તનની વિચારણાની સચોટ અસર હેતુપ્રધાન નવલકથાઓ લખનારે આપણા ઉત્તમ લેખક સ્વ. રમણલાલ દેસાઈને આદર્શ સ્થાને રાખવાની જરૂર છે. 'ગ્રામલક્ષ્મી', 'દિવ્યચક્ષુ', 'પૂર્ણિમા' વગેરે નવલોમાં રમણલાલે વાર્તાના અને સમકાલીન જીવનના પ્રવાહો-પ્રશ્નો અને બદલાતા મૂલ્યોની રજૂઆત—બંનેની સમાન માવજત કરી છે. આ નવલકથાનો ઉપાડ સુરેખ સુરેખ બની રહે છે. લેખકનું ધ્યાન અને શક્તિ જેટલા ગામડાના પ્રશ્નો અને સુધારાની ચર્ચા આલેખવા તરફ છે તેટલા નવલકથાના કલાશિલ્પની માવજત કરવા તરફ નથી. વાર્તાતત્ત્વના કરતાં અહીં ચર્ચાતત્ત્વ અને બોધતત્ત્વનું પ્રમાણ વધી પડે છે. વિચાર અને આદર્શ ખાસ મૂર્તતા પામ્યા નથી. એના વસ્તુ પ્રસંગોમાં કુતૂહલ પ્રેરે તેવા તત્ત્વો નથી કે ક્રિયાની ત્વરિતતા નથી. રસક્ષમ પ્રસંગો લેખક અલ્પ ઉપજાવી શક્યા છે અને જ્યાં સર્જ્યા છે ત્યાં તે બહેલાવી શક્યા નથી. લેખકની

કથનશૈલીમા એક સરખી રસિકતા કે પ્રૌઢી નથી કે તેમની વાર્તાલાપની રીતિમા આકર્ષકતાય ઓછી છે[1] લેખક ગામના પ્રતિનિધિ રૂપ પાત્રો વ્યાજખાઉ, દંભી, લપર, અધા બાપાજી સરલ હૃદયનો પણ દાક્તર, અણુધ જનૂની નાનો લુચ્ચો જડ, મિનાપોર ડ્રાયવર, તભો ભટ વાત્સલ્યમૂર્તિ ઉનાફોઈ અને ઉમનચાચા ભાવનાશાળી યુવાનોના પ્રતિનિધિ રૂપ મનોજ, સુલભા, રમેશ વગેરે મનોવિજ્ઞાનના પ્રતીક રૂપ ડૉ પીયૂષ, નિર્મળા વગેરે, ગામની શોષિત વિધવા સવિતા—તથા ગામગના ભુવા, ખેડૂતો અને અન્ય ભોળા જનોનુ ચિત્રણ યથાર્થપણે કર્યુ છે સતીશના પાત્રમા તો બીજે જાણે રમણલાલનો અશ્વિન જ જોઈ લો! પાત્રચિત્રણમા આદર્શ અને સંમતના તત્ત્વોનુ મિશ્રણ કરી લેખક પોતાના હેતુનુ કાર્ય સાધ્યુ છે પાત્રોએ અને પાત્રોના પોતાના આગવા વ્યક્તિત્વનુ નિરૂપણ વિશેષ થઈ શક્યુ હોત તો હેતુસિદ્ધિમા વધારો થાત તેમ છતા વાર્તામા પાત્ર વિકાસ, જે ધ્યેયલક્ષી વાર્તાનુ વિશિષ્ટ અગ છે, ઠીક ઠીક બતાવ્યો છે સુલભા, બાપાજી, રમેશ વગેરે પાત્રો અને નરરગપુરા ગામની સ્ત્રીઓ, જુવાનો અને વૃદ્ધોના માનસમા પલટો કેવી રીતે આવ્યો તેના અકોડા લેખકે યોગ્ય રીતે વાર્તામા મેળવી આપ્યા છે સતીશ, સુલભા, માલતી, ડૉ પીયૂષ વગેરે પાત્રોના પ્રણયતત્ત્વનુ નિરૂપણ પણ વચમા તક મેળવી તેમણે કરી લીધુ છે એકદરે ચર્ચાના રગવાળી સુધારાના ઉત્સાહવાળી નવીન ભારતના ગામડાની સમસ્યાઓ રજૂ કરતી, એના ઉદ્ધારની દિશાઓની શક્યતા સૂચવતી અને ભાવનાશાળી કાર્યરત ભણેલા યુવાનોને માર્ગદર્શન આપતી આ સામાન્ય નવલકથા એના લેખકના ઉત્સાહ અને ધ્યેયની દૃષ્ટિએ સફળ છે

1 નવલકથામા નાની નાની સરતચૂકો કેટલીક છે દા ત પૃ ૬૬ મે સુલભા દાનાને પોતાની દાક્તરી પેટી લઈને આવવાનુ કહે છે, પણ બીજે પાને હસનના મુખમા લેખકે શબ્દો મૂક્યા છે 'આ ગાડીમા બેન આવવાના છે દાક્તરનુ ભણી રહ્યા હવે રજાઓ પડી છે એટલે બાપાજીને મળવા આવે છે' આગળ એ જ પાને કહે છે 'પાસ તો થશે જ ને?' જો સુલભા એમ બી એસ થઇ ન હોય તો દાક્તરી પ્રેક્ટીસ કરતી હોય તેવો દમામ પેટી વગેરેનો પોતાની પાસે તૈયાર કેવી રીતે રાખે? એમ જ વળી સતીશ અને સુલભાના પરસ્પરના સબોધનોમા 'તુ તમે' વચ્ચેની નિશ્ચિતતા જળવાઈ નથી ક્ષણમા સુલભા સતીશને તુકારો કરે છે તો ક્ષણમા માન દઈ બોલાવે છે કોઈ જાતના પ્રથમ પરિચય વિના સુલભા શિક્ષિત યુવાન સાથે પ્રથમથી તુકારાથી વાતચીત કરે તે અજુગતુ લાગે છે વળી જે સતીશ સુલભાની પેટી ટ્રેનમાથી ઉતારી આપે છે તેને પોતાની ગાડીમા બેસાડવા તે સમતિ આપતી નથી તે સુલભા જેવી શિક્ષિત પાછળથી મહાન બનતી નારીના પાત્રમા અસગતિ રૂપ છે તેડી અને ગુમાની તરુણી પ્રથમ પરિચયમા તો વિવેક બતાવતી જ હોય ત્યારે સુલભામા તો હૃદય ગુણો બતાવ્યા છે જે હૃદય ગુણો પાછળથી વિકસ્યા તે બીજમા હોવા જોઈએ ને! પુસ્તકમા છાપભૂલોય ઠેરઠેર છે

રાજગજેન્દ્ર

[લેખક—જેઠાલાલ ત્રિવેદી પ્રકાશક—કાંતિલાલ મ. ત્રિવેદી જામનગર મૂલ્ય રૂપિયા પાચ]

'અનકા' અને 'પાખડી' ના કવિ તથા પાનેક ઐતિહાસિક અને બે સામાજિક નવલકથાઓના લેખક શ્રી જેઠાલાલ ત્રિવેદીની આ નવી ૨૮૦ પાનાની નવલ કુમારપાળના રાજ્યારભના સમયના પાટણના રાજકારણને કેન્દ્રમા રાખી રાજાએ પોતાના બુદ્ધિ અને પરાક્રમથી સાભરના અભિમાની રાજા અર્ણો રાજને કેવો પરાજય આપ્યો અને દારાસમુદ્રના ઉગ્લાદ રાજા બલ્લાલને કેવો નામે કર્યો તેની ગૌરવગાથા આલેખે છે કથામા મહાઅમાત્યપદ માટેના મત્રીઓના દાવપેચ, ગુપ્તચરોની બાહોશી, અઘોરી બાવા જાસૂસો અને સ્મશાનના ભેદી તત્ત્વો, પાટણના વૈભવના સેનાવ્યૂહ અને વિજયના વર્ણનો પ્રપંચી વ્યૂહો અને યુદ્ધનુ વાતાવરણ તથા રણવીર કુમારપાળ ઉપરાંત પિયર અને પાટણની ભક્ત, સ્વમાની, મેધાવિની નીર ગુજરાતની ટેકવાળી ધૈર્યનિષ્ઠ વીરાગના પ્રતાપી

અર્ધવાર્ષિક નવરચના અનુક્રમણિકા

વર્ષ ૩૧ : અંક ૧ થી ૬ : એપ્રિલ '૬૦ થી સપ્ટેમ્બર '૬૦ સળંગ અંક ૩૬૧ થી ૩૬૬.

[લેખકના નામનો પહેલો અક્ષર કક્કાવારી પ્રમાણે છે પહેલો આંકડો સળંગ અંક ન અને બીજો પાનું દર્શાવે છે]

'અનગારી' લખી લો લોહીના અક્ષરે ૩૬૬–૨૭

આલ્બર્ટ સ્વાઈટ્ઝર ડૉ પાદરી–દાક્તર

શા માટે બન્યો ? (અનુ જયન્ત પરમાર) ૩૬૨–૨૩

ઇન્દ્રવદન કા દવે, પ્રો ગ્રંથ–સમીક્ષા

૩૬૪–૬૦, ૩૬૬–૬૫

રાજરાજેન્દ્ર ૩૬૬–૬૮

વા મો શાહની તત્ત્વકથાઓ ૩૬૬–૬૫

વા મો શાહનો જીવનસ દેશ ૩૬૬–૬૬

સાધના અને સિદ્ધિ ૩૬૬–૬૭

ખરતા તારા ૩૬૪–૬૦

મૂગા પડછાયા ૩૬૪–૬૨

રાજરાજેન્દ્ર ૩૬૬–૬૭

સાચા જીવતર ૩૬૪–૬૪

ઈશ્વર પેટલીકર આ ભણતર તે કેવું ! ૩૬૪–૧૬

પ્રતિમા ૩૬૨–૨૫

મનના સાધો ૩૬૩–૭૧

લગ્નનું ખર્ચ ૩૬૧–૨૮

વિજયનું સુખ ૩૬૫–૨૧

સરકાર સીચતાનું પર્વ ૩૬૬–૧૭

ઈશ્વરભાઈ પટેલ પતિયાનો પિતા [૨] ૩૬૧–૭૯

માન્યામાં નહી આવે ૩૬૩–૫૧

માન્યામાં નહી આવે [૨] ૩૬૪–૨૪

'ઉશનસ' તુ આવ શરણે ૩૬૫–૮

પ્રતિધ્રુતિ ૩૬૧–૯

મધુવન ૩૬૩–૯

ઈ સ્વેત્લાનોના પછી ઘરકામ કરશે કોણ ? ૩૬૬–૫૭

એમ ડી દેસાઈ, ડૉ ઓપરેશન

થીએટરના અનુભવો ૩૬૫–૫૬

એનિઝાબેથ બર્ડ દુકાળ ટૈયા

(અનુ ભૂપેન્દ્ર ત્રિવેદી) ૩૬૪–૪૨

એલેક્ઝાંડર એલ્યુખેર આસમાનના રહસ્યો ૩૬૪–૧૪

એમ આર રાવ, ડૉ. સિન્ધુખીણ સસ્કૃતિ ૩૬૫–૧૦

એસ ટી હૈદર કચ્છનુ પુનરાગમન ૩૬૫–૫૮

કરીઅપ્પા, જનરલ આપણા યુવાનો ૩૬૬–૫૨

કાન્તિ વડોદરીઆ બેન ૩૬૫–૯

કૃષ્ણચંદ્ર ચોરસ્તાનો કૂવો

(અનુ ઓમપ્રકાશ ખન્ના) ૩૬૬–૪૭

ગોવિંદભાઈ પટેલ, પ્રો ગોકુળ આવો તો ૩૬૫–૯

પતિપરાયણ કાચનદેવી તથા ચતુરસુજાણ કાર્યકુશળ લીલાદેવીના પાત્રો વાર્તારસિયાઓને રીઝવી શકે તેમ છે વાર્તાના આદિથી અંત સુધી વાચકોનો કૌતુકરસ જળવાઈ રહે તેવા રોમાંચક પ્રસંગોની ગૂંથણી તેમાં છે વાર્તાની શરૂઆત વર્ણનાત્મક રીતિની હોવાથી અને કેટલાક રસક્ષમ પ્રસંગોને લેખક ખીલવી શક્યા નહિ હોવાને લીધે મુનશી–ધૂમકેતુ કે ચુનીલાલ શાહની આવા પ્રકારની કથાઓના જેવું સતત આકર્ષણ તેમાં નથી, તેમજ બે–ત્રણ પાત્રો સિવાય અન્ય પાત્રોના વ્યક્તિત્વ પૂર્ણપણે મહોરી ઊઠતા નહિ હોવાથી તથા હકીકતોની એકવિધતા ને પુનરુક્તિ જેવા દોષો કાળની ક્યારેયથી કથા મુક્ત નથી તો પણ આપણા ધ્યાન નામ નવનકારોની મોગલયુગની કથાઓમાં આ કથા તેની સુવાચ્યતાથી, એમાંની કૌતુકપોષક ઘટનાઓના વેગથી અને ઈતિહાસના યથાર્થ વાતાવરણ-આલેખ નથી એક ધ્યાન ખેંચે તેવો ઉમેરો કરે છે

★

મધ્યાહ્ન ૩૬૨–૭૦
મનનો માનેલો ૩૬૧–૬૮
મગજની સફરે ૩૬૫–૬૮
માગસ્વદષ્ટા મહાકવિ ૩૬૧–૭૧
મેંદીના પાન ૩૬૩–૭૦
શાકાહારનો નૈતિક આધાર ૩૬૨–૬૮
શિશુની સભાળ ૩૬૫–૫૮
સ્વ. દિનેશના સ્મરણમાં ૩૬૫–૭૦
સાહિત્યવિમર્શ ૩૬૭–૭૧
સંતતિનિયમનનો સાચો માર્ગ ૩૭૨–૬૮
સંયમ અને સંતતિનિયમન ૩૬૨–૭૧
સંસારના વમળ ૩૬૧–૭૦
હીરાની ચમક ૩૬૩–૭૧
રીચાર્ડ બી ગ્રેગ — દંતકથાઓનું મહત્ત્વ ૩૬૪–૫૩
લીલા ટી ધારપુરે — તોફાન અને પ્રેમ ૩૬૨–૫૮
વાડીલાલ મો શાહ — અરવિંદ ઘોષનું
નગ્નસત્ય (અનુ. ત્રિભુવન વી હેમાણી) ૩૬૧–૨૧
વિનયકુમાર ત્રિવેદી — જીવનની ભનામણ ૩૬૧–૪૮
સરના ૩૬૫ ૪૧
વિજયશંકર કામદાર — આત્મમંજરી ૩૬૩–૮
શશિકાન્ત ચી જરદોસ — ઉર્દૂ કવિ
પંડિત હરિચંદ 'અખ્તર' ૩૬૪–૪૬
શિવકુમાર જોશી — 'વયતસ્યા વેપાત્!!' ૩૬૪–૨૧
શિવપ્રસાદ ત્રિવેદી, ડૉ — ઈજનેર
પાગલ અને કેદી ૩૬૨–૫૬
પહેલું સંતતિનિયમન કેન્દ્ર ૩૬૬–૫૮
સ્ત્રીઓની શારીરિક કરુણતા ૩૬૨–૪૮
સરલા જગમોહન — ધ ાણુ
કેણે મોકલ્યું રે! ૩૬૧–૩૧
'સાનિક' પોપટિયા — મધુરસનું નિમંત્રણ ૩૬૧–૮
સાર્ત્ર જીન પોલ — કુપળ અને કળી
(અનુ. જયન્ત પરમાર) ૩૬૧–૧૪
'સિદ્ધાર્થ' — દિનેશ દરવેશ ૩૬૩–૩૬
સી એસ શાહ, ડૉ — બનારસી
ઔષધિઓના અનિષ્ટો ૩૬૧–૩૫
'સુધાંશુ' — આષાઢ ઘા ઝૂલતો રે ૩૬૪–૮
'સેવકરામ' — આ છે આપણું લોકજીવન ૩૬૨–૩૧
ખેડૂતોને કોણ ન્યાય અપાવશે? ૩૬૫–૨૪
દેખાડો કરવાની પ્રવૃત્તિ બંધ થવી જોઈએ ૩૬૬–૩૮
પત્નીનાનો રોગો ૩૬૪–૩૮
હરિપ્રસાદ ભ ભટ્ટ — શિક્ષાનું અમરું ૩૬૬–૮
હરીશ વ્યાસ — આ જીવતું નાટક જોતા જા ૩૬૩–૬૦
હસિત બૂચ — મુસાફર ૩૬૩–૮
હુમાયુન કબીર — તેર વર્ષનું તારણ ૩૬૬–૪૧
ક્ષ — દિશા અને દષ્ટિ ૩૬૧–૭
દષ્ટિભેદ ૩૬૩–૭
માફીની મહત્તા ૩૬૬–૭
માગલ્ય ૩૬૨–૭
વાણીનો સંયમ ૩૬૫–૭
સ્વાર્થ ૩૬૪–૭

*

મચ્છરને દૂર રાખવા માટે હવે તો તુલસી સુપ્રસિદ્ધ છે. તુલસીની એક જાતનું અંગ્રેજી નામ જ 'મોસ્કિવટો પ્લેન્ટ' રાખવામાં આવ્યું છે. મુંબઈમાં વિક્ટોરિયા ગાર્ડન્સ અને આલ્બર્ટ મ્યુઝિયમ રચવામાં ત્યારે કામ ઉપર રોકેલા મજૂરો મચ્છરના ત્રાસથી હેરાન થતાં અને ઘણા તો મેલેરિયાથી પાયમાલ થતા. બાગની જગ્યા ખૂબ મેલેરિયલ હતી. એ વખતે હિન્દુ કારભારીના સૂચનથી ત્યાં તુલસીની જેટલી મળી એટલી જાતો ઉછેરવામાં આવી. એ વખતે 'મેલેરિયા મોસ્કિવટો'ની થીયરી પણ અજાણી હતી. તુલસીની જાતોને ઉછેર્યા પછી આશ્ચર્યજનક રીતે મચ્છરો ત્યાંથી દૂર થઈ ગયા હતા.

આપણા આંગણામાં વિષ્ણુ અર્થાત્ અમૃતમયી તુલસીને સ્થાન આપીએ તો આપણે મેલેરિયા જેવા રોગોથી અવશ્ય બચી જઈએ.

ભારતી સંઘનાં નવાં પ્રકાશનો

મહાભારતની કથાઓ	ધૂમકેતુ	૪/—
પેટલીકરની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
પથામૃત	ઈશ્વર પેટલીકર	૧/૨૫
આભના રંગ	,,	૧/—
આખ વિના અજવાળાં	,,	૧/૨૫
જુગાય એ શે કહી !	,,	૧/૨૫
સુવર્ણ-પ્રતિમા	ચુનીલાલ વ. શાહ	૫/—
નવ દીકરાની મા	,,	૧/૨૫
અણોજો (નવી આ.)	,,	૧/—
કડદો	પનાલાલ પટેલ	૧/૫૦
વિશ્વાસનું વાવેતર	,,	—/૭૫
છો અને મો (આઠ ભાગ)	જીવરામ જોષી	૧૩/૫૦
અજપો	ગોપાલદાસ આણંદવાલા	૨/૨૫
ઠોકર	'ઉમાકાન્ત'	૬/૨૫
સુરુમગ્ના (નવી આ.)	,,	૭/૭૫
મગળ જ્યોત	,,	૬/૭૫
અંકુર	ડાહ્યાભાઈ પટેલ	૩/૫૦
પુનર્મિલન	,,	૪/૭૫
નવા કલેવર ધરો હંસલા	,,	૫/—
આત્મવચના	'વિશ્વમિત્ર'	૫/૫૦
અમર દીપ	ભૂપત વડોદરિયા	૫/—
સાથ વિનાના સગાથી	,,	૫/—
મૂગા પડછાયા	બળવંત નાયક	७/૫૦
અંજળપાણી	'સત્યમ્'	૫/૨૫
ભવની પારે	,,	૫/૭૫
ધરતીનું ઋણ	દેવશંકર મહેતા	૬/—
ધરતીની આરતી	,,	૮/૭૫
પ્રેરણામૂર્તિઓ	ઈશ્વરભાઈ પટેલ	૧/૦૦
માનવતાનો સાદ	,,	૩/૭૫
જનતા કાજે જીવનારા	,,	૧/૫૦
ગામડાની કેડીએ	પીતાંબર પટેલ	૧/૨૫
ધરમ તારો સંભાળ રે...	,,	૧/૫૦
નૂતન ભારતના તીરથ (પાંચ ભાગ)	,,	૩/—
પીતાંબર પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/૫૦
સાહસની શોધમાં	નવનીત સેવક	૨/૫૦
ધરતીનાં અમી	મણિભાઈ પટેલ	૪—
સાહિત્યનિકષ	અનંતરાય મ. રાવળ	૪/૨૫
સાહિત્યવિહાર (નવી આવૃત્તિ)	,,	૪/૫૦
દ્વિરેફનું વાર્તામધુ (ન. આ.)	રા. વિ. પાઠક	૧/૫૦
ધર્મકથાઓ ૧થી૫ (,,)	,,	७/—
સંસાર (નવી આ.)	ઝવેરચંદ મેઘાણી	૧/૨૫
રેલગાડીની સૃષ્ટિ (નવી આ.)	,,	૧/૨૫
પાનખર અને વસંત	સાને ગુરુજી	૫/૭૫
સંધ્યા (નવી આવૃત્તિ)	,,	૧/૨૫
કરુણાદેવી	,,	૧/૨૫
શ્યામની મા	,,	૧/—
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ		૪/—
તીર અને તુક્કા	રંભાબેન ગાંધી	૩/૫૦
જીવન-જંઝાવાત	,,	૨/—
રાખમાં જલે છે અંગારા	રમણિક પટેલ	૩/૫૦
સાધના અને સિદ્ધિ	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	७/૫૦
સાચાં જીવતર	શનાભાઈ પટેલ	૩/૫૦
છેલ્લી રાત	દી. પી. સૂચક	૩/૫૦
કુળહત્યા	મનુભાઈ જોધાણી	૧/૨૫
શૌર્યકથાઓ	,,	૧/૨૫
અમૃતપાત્ર	ચંદુલાલ સેલારકા	૪/૫૦
ખરતા તારા	જિતુભાઈ પ્ર. મહેતા	૪/૫૦
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
અંતિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ભારતયાત્રા	રામનારાયણ ના. પાઠક	७/—
વ્રતની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
છેલ્લાં આંસુ	,,	૫/—
વદના	સોમાભાઈ ભાવસાર	૧/૫૦
ચાંદા ચાંદા પોળી	સં. વસંત જોધાણી	૦/૭૫
સૂની પડી રે સીતાર	ધનશ્યામ ઠાકર	૨/૫૦

— ઉપરનાં નવાં પ્રકાશનો ઉપરાંત અમારાં બધાં પ્રકાશનોનું નવું સૂચિપત્ર મંગાવો :—

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ ૬૪, ગાંધીરોડ ફર્નાન્ડીઝ બ્રિજ **અમદાવાદ, ૧**